# યોગ-માર્ગોનો સમન્વય

"જીવન સમગ્ર, યોગ છે."

## શ્રી અરવિંદ

ગ્રંથ : ૧

[ભૂમિકા, ખંડ પહેલો તથા ખંડ બીજો]

શ્રી અરવિંદ આશ્રમ
પોંડિચેરી ૬૦૫ ૦૦૨
૧૯૭૮

Yoga-margono Samanvay : Granth Pahelo
Synthesis of Yoga : Vol. I
[Translation in Gujarati]

પ્રથમ આવૃત્તિ : ૧૯૭૮

બંને ગ્રંથની સંયુક્ત કિંમત : રૂા. ૬૦-૦૦

મુખ્ય વિક્રેતા :
શ્રી અરવિંદ બૂક્સ ડીસ્ટ્રીબ્યુશન એજન્સી,
પોંડિચેરી – ૬૦૫ ૦૦૨

(c) કૉપીરાઈટ : શ્રી અરવિંદ આશ્રમ ટ્રસ્ટ, ૧૯૭૮

પ્રકાશક :
શ્રી અરવિંદ આશ્રમ,
પબ્લિકેશન ડિપાર્ટમેન્ટ,
પોંડિચેરી-૬૦૫ ૦૦૨, ભારત

મુદ્રક :
નીતિન શાંતિલાલ પારેખ
શ્રી સરસ્વતી પ્રિન્ટિંગ પ્રેસ,
દાણાપીઠ, ભાવનગર-૩૬૪ ૦૦૧, ભારત

# પ્રકાશકની નોંધ

"યોગ-માર્ગોનો સમન્વય" (Synthesis of Yoga) એ મૂળ "આર્ય" માસિકમાં ઈ. ૧૯૧૪થી ૧૯૨૧ના ગાળામાં હપ્તેહપ્તે છપાએલું. તે પછી, તેમાંનાં કર્મયોગ અંગેનાં પ્રકરણો છેક ઈ. ૧૯૪૮માં પહેલી જ વાર પુસ્તકાકારે છપાયાં. આ વખતે શ્રી અરવિંદે તેમાં ઘણાં જ સુધારાવધારા કરેલા. બધાં જ પ્રકરણોનો સમાવેશ કરતો આખો જ ગ્રંથ તો ઈ. ૧૯૫૫માં જ સહુ પ્રથમ પ્રગટ થયો. એક એ વાત પણ અહીં નોંધવી ઘટે કે આ ગ્રંથમાં, અગાઉ છપાએલાં બધાં જ પ્રકરણોનો સમાવેશ કરેલો હોવા છતાં, શ્રી અરવિંદે પોતે જે કાંઈ સુધારા અને ઉમેરા કરવા ધારેલા તે તેઓ કરી શક્યા નહોતા.

જ્યારે "આર્ય"માં તેનાં પ્રકરણો છપાતાં હતાં ત્યારે શ્રી અરવિંદની પરવાનગી મેળવીને શ્રી અંબુભાઈ પુરાણીએ તેનો ગુજરાતીમાં અનુવાદ કરવા માંડેલો અને અંગ્રેજીમાં (કે બીજી કોઈ પણ ભાષામાં) તે પુસ્તકાકારે બહાર પડે તે પહેલાં, છેક ઈ. ૧૯૨૩થી માંડી ઈ. ૧૯૩૨ સુધીમાં, "આર્ય"માં છપાએલાં બધાં જ પ્રકરણોને જુદા જુદા પાંચ ગ્રંથમાં પ્રસિદ્ધ કરેલાં. આ પછી શ્રી અરવિંદે તેમાં ઘણા જ સુધારા અને કેટલાક ઉમેરા પણ કરેલા હોવાથી જ્યારે શ્રી અરવિંદ જન્મ-શતાબ્દી પ્રસંગે આખો જ ગ્રંથ ફરી છપાવવાની ફરજ ઊભી થઈ ત્યારે નવેસરથી અનુવાદ કરવા અંગેનો પ્રશ્ન શ્રી માતાજી સમક્ષ મૂકવામાં આવ્યો. તેમની સંમતિ તથા આશીર્વાદથી શ્રી અરવિંદ આશ્રમના એક સાધક-ભાઈએ નવેસરથી અનુવાદ કર્યો, જે આજે પ્રસિદ્ધ થાય છે. કહેવાની ભાગ્યે જ જરૂર છે કે અનુવાદની ત્રુટિઓ માટે એ સાધક-ભાઈ પોતે જ જવાબદાર છે.

# અનુક્રમ

## ભૂમિકા
## સમન્વય માટેની શરતો


| પ્રકરણ | પાનું |
|---|---|
| ૧. જીવન અને યોગ | ૩ |
| ૨. પ્રકૃતિનાં ત્રણ પગલાં | ૯ |
| ૩. ત્રિવિધ જીવન | ૨૨ |
| ૪. યોગની પ્રણાલિઓ | ૩૬ |
| ૫. સમન્વય | ૪૭ |


## ખંડ પહેલો
## દિવ્ય કર્મોનો યોગ


| | |
|---|---|
| ૧. ચાર સહાય | ૬૧ |
| ૨. આત્મ-સમર્પણ | ૭૯ |
| ૩. કર્મ દ્વારા સમર્પણ – ગીતાની નજરે | ૧૦૨ |
| ૪ યજ્ઞ, ત્રિમાર્ગ અને યજ્ઞનો અધિષ્ઠાતા | ૧૨૧ |
| ૫. યજ્ઞનો ઊર્ધ્વ પથ (૧) | ૧૫૫ |
| ૬. યજ્ઞનો ઊર્ધ્વ પથ (૨) | ૧૮૩ |
| ૭. વ્યવહારનાં ધોરણો અને આધ્યાત્મિક સ્વતંત્રતા | ૨૧૮ |
| ૮. સર્વોપરિ સંકલ્પશક્તિ | ૨૪૧ |
| ૯. સમતા; અને અહમ્‌નું વિસર્જન | ૨૫૬ |
| ૧૦. પ્રકૃતિના ત્રણ ગુણ | ૨૬૯ |
| ૧૧. કર્મનો સ્વામી | ૨૮૧ |
| ૧૨. દિવ્ય કર્મ | ૩૦૫ |
| ૧૩. અતિમનસ અને કર્મયોગ | ૩૧૯ |


## ખંડ બીજો
## પૂર્ણ-જ્ઞાનનો યોગ


| | |
|---|---|
| ૧. જ્ઞેય, જ્ઞાનનો ઉદ્દેશ | ૩૨૯ |
| ૨. જ્ઞાનાવસ્થા | ૩૪૪ |
| ૩. વિશુદ્ધ બુદ્ધિ | ૩૫૩ |
| ૪. એકાગ્રતા | ૩૬૩ |

| પ્રકરણ | પાનું |
|---|---|
| ૫. ત્યાગ | ૩૭૩ |
| ૬. જ્ઞાન માટેની સાધનાઓનો સમન્વય | ૩૮૩ |
| ૭. શરીરના બંધનમાંથી મુક્તિ | ૩૯૩ |
| ૮. હૃદય અને મનમાંથી મુક્તિ | ૪૦૧ |
| ૯. અહમ્‌માંથી મુક્તિ | ૪૦૮ |
| ૧૦. વિરાટનો સાક્ષાત્કાર | ૪૨૧ |
| ૧૧. પરમાત્માનાં વિવિધ પાસાંઓ | ૪૨૮ |
| ૧૨. સચ્ચિદાનંદનો સાક્ષાત્કાર | ૪૩૯ |
| ૧૩. મનોમય માનવની મુશ્કેલીઓ | ૪૪૯ |
| ૧૪. નિષ્ક્રિય અને સક્રિય બ્રહ્મ | ૪૫૯ |
| ૧૫. વિશ્વવ્યાપી ચૈતન્ય | ૪૬૮ |
| ૧૬. એકતા | ૪૭૮ |
| ૧૭. પુરુષ અને પ્રકૃતિ | ૪૮૬ |
| ૧૮. પુરુષ અને તેની મુક્તિ | ૪૯૬ |
| ૧૯. આપણા અસ્તિત્વના સ્તર | ૫૦૭ |
| ૨૦. નિમ્ન ત્રિવિધ પુરુષ | ૫૨૦ |
| ૨૧. આત્મ-અતિક્રમણનાં સોપાન | ૫૩૦ |
| ૨૨. વિ-જ્ઞાન | ૫૪૨ |
| ૨૩. વિજ્ઞાનને પહોંચવાની શરતો | ૫૫૬ |
| ૨૪. વિજ્ઞાન અને આનંદ | ૫૬૭ |
| ૨૫. ઊર્ધ્વ જ્ઞાન અને નિમ્ન જ્ઞાન | ૫૮૨ |
| ૨૬. સમાધિ | ૫૯૧ |
| ૨૭. હઠયોગ | ૬૦૦ |
| ૨૮. રાજયોગ | ૬૦૯ |



શ્રી અરવિન્દ
૧૯૧૮-૨૦

# ભૂમિકા

## સમન્વય માટેની શરતો

પ્રકરણ : ૧

# જીવન અને યોગ

માણસજાતની સામાન્ય પ્રવૃત્તિઓનાં તેમ જ આપણે જેને મહાન કે દિવ્ય કહીએ તેવી પ્રવૃત્તિઓનાં પણ રૂઢ સ્વરૂપોની પાછળ કુદરતનો હાથ હમેશાં હોય છે. કુદરત આ પ્રમાણે કરે છે તેની પાછળ તેની બે જરૂરિયાતો જણાઈ આવે છે. પ્રથમ તો, માનવપ્રવૃત્તિનું વલણ હમેશાં, એક જાતનો અટપટો છતાં મેળવાળો અને સમગ્રતાવાળો આકાર – એટલે કે રૂઢ સ્વરૂપ– લેવાનું હોય છે. આ રૂઢ સ્વરૂપ કેટલાક વખત પછી તૂટવા માંડે છે અને વિશિષ્ટ પ્રયત્નો અને વલણોમાં વહેંચાઈ જાય છે; આ બધાં, ફરી પાછાં, એક વધારે મોટા અને વધારે સમર્થ સ્વરૂપમાં સમન્વય પામે છે. બીજી જરૂરિયાત એ કે જો કોઈ પણ આવિર્ભાવને અસરકારક બનાવવો હોય તો તેને માટેની પ્રવૃત્તિઓએ સ્પષ્ટ આકાર લેવો જ જોઈએ – એટલે કે રૂઢ બનવું જ જોઈએ. પણ બને છે એવું કે કોઈ પણ સત્ય કે આચાર, જ્યારે અતિ રૂઢ થઈ જાય છે ત્યારે તે જૂનું થઈ જાય છે અને પોતાનું, બધું નહિ તોપણ મોટા ભાગનું સત્ત્વ તો ગુમાવી જ બેસે છે. આમ થતાં એ મરી ગયા જેવું થઈ જાય છે: અને જો તેને ફરીથી જીવતું કરવું હોય તો તેમાં આત્મતત્ત્વનો નવપ્રવાહ સતત દાખલ કરતા જ રહેવું પડે. ભૌતિક બાબતો સતત પુનર્જન્મ પામે તો જ અમર રહી શકે.

અત્યારનો આપણો યુગ છે પ્રસૂતિકાળની વેદનાનો. આચાર અને વિચારની રૂઢિઓ પૈકી જે ઉપયોગી થઈ શકે તેવી છે અથવા જેમાં જેમાં ટકી રહે તેવું કાંઈ તત્ત્વ છે તે બધીને એક પરમ કસોટીએ ચઢાવવામાં આવી રહી છે અને તેમ કરીને તેમને પુનર્જન્મ પામવાની એક તક આપવામાં આવી રહી છે. આજની દુનિયા મિડિયાના[1] ઊકળતા તામડા જેવી થઈ ગઈ

---

[1] મિડિયા એક ગ્રીક રાજકુમારી હતી. ભારે જાદુગરણી. ડોસાઓને જુવાન કરવાનો કિમિયો જાણે. તેમના અંગ કાપી કાપીને ઊકળતા તામડામાં નાખે. પરિણામે કાં તો ડોસો જુવાન બનીને બહાર નીકળે, અને કાં તો કાયમનો જાય.
– અનુવાદક

છે. બધી વસ્તુઓને તેમાં નાંખવામાં આવે છે, તોડીફોડીને છૂટી છૂટી કરી નાંખવામાં આવે છે. તેમની ઉપર અખતરાઓ કરવામાં આવે છે, પાછી જોડવામાં આવે છે, ફરી ફરીને જોડવામાં આવે છે. આને પરિણામે કાં તો એ બધી નાશ પામે છે અને બીજી નવીન રચનાઓ માટે મસાલો પૂરો પાડે છે અથવા તો એ પોતે જ કાયાકલ્પ પામીને નવજીવનનો અધિકાર પ્રાપ્ત કરે છે. ભારતીય યોગવિદ્યા એ પોતે, મૂળમાં તો, પ્રકૃતિની અમુક મહાન શક્તિઓનું કાર્ય અને કૃતિ છે; આજ સુધીમાં તેણે વિશિષ્ટ અને વિવિધ સ્વરૂપો લીધેલાં છે. માનવજાતના ભાવિ જીવન માટેનું શક્તિથી ભરેલું એ એક ગતિશીલ તત્ત્વ છે. યોગ તો અનંત યુગનું બાળક છે; અને તેનામાં પ્રાણ અને સત્ય હોવાને લીધે આજ સુધી ટકી રહેલ છે. આજ સુધી ભલે તેણે ગુપ્ત સંપ્રદાયો અને સંન્યાસીઓની ગુફાઓમાં નિવાસ કર્યો હોય પણ હવે તે ત્યાંથી બહાર નીકળી રહ્યો છે અને માણસજાતના સમગ્ર જીવનમાં ઉપયોગી થવાને પોતાનું સ્થાન મેળવી રહ્યો છે. પણ તે પહેલાં તેણે પોતાની જાતને નવેસરથી તપાસી લેવી પડશે. ભારતીય યોગ પ્રકૃતિનો પ્રતિનિધિ છે; પ્રકૃતિ પોતે એક સત્ય પર ઊભેલી છે અને એક હેતુ સિદ્ધ કરવા સતત કાર્ય કરી રહી છે. આ સત્ય અને આ હેતુમાં ભારતીય યોગનું એક ખૂબ ઊંડું સ્થાન છે. આ સ્થાનને તેના ઊંડાણમાંથી બહાર લાવવાનું છે, અને આ પ્રમાણે નવેસરથી આત્મજ્ઞાન પામીને અને પોતાનું સાચું મહત્ત્વ સમજીને તેણે એક નવો અને વિશાળ સમન્વય શોધી કાઢવાનો છે. યોગનો દાવો છે કે એ માણસને તેના જીવનનાં ગૂઢમાં ગૂઢ રહસ્યો અને ઉચ્ચમાં ઉચ્ચ શિખરો પ્રત્યે દોરે છે. આજે માનવજીવન નવી જ રીતે રચાઈ રહ્યું છે. એટલે યોગ પોતે પણ જો નવા સ્વરૂપે બહાર આવે તો માણસજાતને દોરવાનું કાર્ય વધારે સરળતાથી અને સફળતાથી કરી શકે.

જો સાચા દૃષ્ટિબિંદુથી જીવન અને યોગ બંનેને જોઈએ તો સમગ્ર જીવન એ એક યોગ જ છે; કેટલીક વાર એ સમજપૂર્વકનો યોગ હોય છે તો કેટલીક વાર અજાણ્યે થતો યોગ હોય છે. તો પછી યોગ એટલે શું ? યોગ એટલે પોતાની પૂર્ણતા પ્રાપ્ત કરવાનો વ્યવસ્થિત યત્ન; અને આ પૂર્ણતા કેવી રીતે પ્રાપ્ત કરાય ? એ કરાય બેવડી રીતે : એક તો આપણી જાતમાં છુપાઈ રહેલી શકયતાઓને બહાર આણીને અને બીજું વ્યક્તિ તરીકેની આપણી જાતને વિશ્વરૂપ અને વિશ્વથી પણ પર એવા પરમ તત્ત્વ સાથે એકરૂપ કરીને. આ પરાત્પર પરમ તત્ત્વ જ વિશ્વમાં અને માણસમાં મર્યાદિત રીતે વ્યક્ત થયેલું છે. જો આપણે ઉપરછલ્લી દૃષ્ટિ છોડીને જીવનને

યથાર્થ રીતે જોઈએ તો જણાશે કે સમગ્ર જીવન એ પ્રકૃતિનો એક વિશાળ યોગ છે: પ્રકૃતિ પોતાની છૂપી શક્તિઓને સતત રીતે બહાર લાવીને પોતાની પૂર્ણતા સિદ્ધ કરવાનો, અને પોતાના દિવ્ય સત્ય સાથે એકતા સાધવાનો યત્ન કરી રહી છે. કુદરતે પૃથ્વી પર પહેલી જ વાર માણસનું – ચિંતનપ્રધાન માણસનું – સર્જન કર્યું છે; તે એટલા માટે કે, પોતાની જાતના ભાનવાળા માણસનો ઉપયોગ કરીને અને તેની પાસે રીતસરની, ઇચ્છિત પ્રવૃત્તિઓ કરાવીને તે પોતાના એ મહાન હેતુને જલદી અને સારી રીતે પાર પાડી શકે. સ્વામી વિવેકાનંદે કહ્યું છે તે પ્રમાણે તો યોગ એ એક એવું સાધન છે કે જેની મદદ વડે આપણે આપણા આત્માની ઉન્નતિ આપણા આ એક જ જીવનમાં કે એ જીવનનાં થોડાંક જ વર્ષોમાં, અરે થોડાએક મહિનાઓમાં, કૂદકે અને ભૂસકે સાધી લઈ શકીએ. આજે પ્રકૃતિ શું કરી રહી છે? ઉત્ક્રાંતિનું વિશાળ કાર્ય પાર પાડવા એ ખૂબ મોટા પાયા પર કામ કરી રહી છે અને એમ કરવામાં અમુક પદ્ધતિઓ અજમાવી રહી છે, પણ એ બધું એ ઢીલાશથી, નિરાંતથી અને વસ્તુઓ તેમ જ શક્તિનો દેખીતો અતિ વ્યય કરીને કરે છે. બધા યોગમાર્ગો કાર્ય તો આ જ કરે છે પણ મર્યાદિત રીતે: આ જ પદ્ધતિઓ અજમાવે છે પણ પસંદગી કરીને; અને તેમને અજમાવે છે પૂરી તાકાતથી અને ખૂબ જ અસરકારક રીતે. યોગ માટેનો આ એક જ ખ્યાલ એવો છે કે જે યોગમાર્ગોના સુદૃઢ અને બુદ્ધિગ્રાહ્ય સમન્વય માટે પાયા તરીકે કામ લાગી શકે. આજે યોગ એ કોઈ ગુહ્ય અને અ-સ્વાભાવિક વસ્તુ ગણાય છે. વિશ્વમાં જે શક્તિ આત્મલક્ષી તેમ જ પરલક્ષી પરિપૂર્ણતાનું કાર્ય કરી રહી છે તેના હેતુ કે તેની પ્રવૃત્તિઓ સાથે જાણે કે યોગને કાંઈ સંબંધ નથી એમ મનાય છે. પણ જો આપણે યોગ વિશે, ઉપર કહ્યો તે ખ્યાલ સ્વીકારીએ તો, યોગનું સ્વરૂપ ઊલટી જ રીતે બહાર આવે છે; તો એમ લાગે છે કે વિશ્વશક્તિએ પોતાની જે શક્તિઓને અત્યાર સુધીમાં પૂરેપૂરી રમતી મૂકી દીધેલી છે, અથવા તો પોતાનાં વિશિષ્ટ કાર્યોમાં જે શક્તિઓને તે ક્રમપૂર્વક વિકસાવી રહી છે તે જ બધી શક્તિઓનો ઉપયોગ યોગ એકાગ્ર અને અસાધારણ રીતે કરે છે.

આપણે આપણા સામાન્ય જીવનમાં વીજળી કે વરાળ વડે સ્વાભાવિક રીતે બનતી બાબતો જોઈએ છીએ. ભૌતિકશાસ્ત્રીઓ વીજળી અને વરાળની એ જ સ્વાભાવિક શક્તિઓને નાથે છે અને વાપરે છે. આ બંનેને સંબંધ છે અને છતાં તેમાં બહુ મોટો ફેર પણ છે. આવો જ સંબંધ અને તફાવત છે આપણી અંદર સ્વાભાવિક રીતે જે બની રહેતું હોય છે તેની વચ્ચે અને

યોગમાર્ગો જે કરે છે તેની વચ્ચે. ભૌતિકશાસ્ત્રીઓની માફક યોગીઓએ પણ રીતસરના પ્રયોગો, ક્રિયાત્મક પૃથક્કરણ અને સતત અભ્યાસને પરિણામે જ્ઞાન મેળવેલું છે અને વિકસાવેલું છે, તથા એ જ્ઞાનના પાયા પર તેમણે તેમની ક્રિયા-પ્રક્રિયાઓને પદ્ધતિસર રચેલી છે. દાખલા તરીકે રાજયોગ લો. એ શું કરે છે? અવલોકન અને અનુભવના આધારે તે કહે છે કે આપણી અંદર જુદાં જુદાં આંતરિક તત્ત્વો છે, તેનાં મિશ્રણો છે; તેઓ કાર્ય કરે છે અને તેમાં શક્તિ પણ છે; આ બધાંને નક્કી કરેલી આંતરિક ક્રિયાઓ દ્વારા છૂટાં પાડી શકાય છે અને તેમનો લય પણ કરી શકાય છે; તેમને નવી રીતે ભેગાં કરી શકાય છે અને તેના વડે નવાં અને અશક્ય લાગે તેવાં કાર્યો પણ કરી શકાય છે; અથવા તેમનું રૂપાંતર કરી શકાય છે અને તેમનો, એક નવીન રીતે સમન્વય પણ કરી શકાય છે. આ જ પ્રમાણે હઠયોગ પણ અવલોકન અને અનુભવને આધારે કહે છે કે સામાન્ય સંજોગોમાં આપણું જીવન પ્રાણની શક્તિઓ અને કાર્યોને વશ હોય છે અને એ પ્રાણનાં કાર્યો અફર અને અનિવાર્ય લાગતાં હોય છે છતાં એ પ્રાણશક્તિને સંપૂર્ણ કાબૂમાં લાવી શકાય છે અને તેનાં કાર્યો બદલીને કે રોકીને અસંભવિત લાગે એવાં પરિણામો લાવી શકાય છે; જેઓ આ બાબતનાં કાર્યકારણોને ના સમજતા હોય તેમને તો આ પરિણામો ચમત્કારિક પણ લાગે. બીજા એવા પણ યોગ-માર્ગો છે કે જેમાં યોગની આ ખાસિયત ઓછી વરતાઈ આવે છે, કારણકે તે માર્ગોની ક્રિયાઓ યંત્રવત્ ઓછી છે અને સહજ-સ્ફુરણાવાળી વધારે છે (દાખલા તરીકે ભક્તિયોગ કે જેમાં ચરમ ભાવાવેશ મુખ્ય બાબત છે અથવા જ્ઞાનયોગ કે જેમાં ચેતના અને સત્તાની પરમ અનંતતા મુખ્ય બાબત છે). છતાં આ માર્ગો પણ આપણી કોઈ એક મુખ્ય કાર્યશક્તિને કામે લગાડીને પોતાના માર્ગની શરૂઆત કરે છે. આપણાં દૈનિક જીવનનાં સહજ કાર્યોમાં આ કાર્યશક્તિઓનો જે હેતુથી અને જે રીતે ઉપયોગ થતો હોય છે તેના કરતાં ક્યાંય જુદા હેતુ માટે અને જુદી રીતે આ માર્ગોમાં તેમનો ઉપયોગ કરવામાં આવે છે. ટૂંકમાં, બધા જ યોગમાર્ગો પ્રકૃતિના કોઈ એક નિશ્ચિત સત્યના પાયા પર રચાએલ ખાસ મનોવૈજ્ઞાનિક પ્રક્રિયાઓ જ છે. પ્રકૃતિમાં ઘણી શક્તિઓ અને તે દ્વારા આવતાં પરિણામો છૂપાં પડેલાં હોય છે. પણ તે તેની સામાન્ય ક્રિયાઓમાં સહજ રીતે કે હમેશાં બહાર નથી આવતાં હોતાં. યોગમાર્ગો આ શક્તિઓને અને તેનાં પરિણામોને બહાર આણે છે અને તેમનો વિકાસ કરી આપે છે.

ભૌતિકશાસ્ત્રોની શોધખોળો વધતી ને વધતી જ જાય તો તેથી

કેટલાક ગેરલાભ પણ થાય; આપણે યંત્રો ઉપર યંત્રો ઊભાં કરતા જ જઈએ તો તેથી આપણા કુદરતી જીવન ઉપર કૃત્રિમતા જ વિજય પામતી જાય; આપણે કેટલીક સ્વતંત્રતા અને પ્રભુત્વ તો કમાઈ શકીએ પણ તેની કિંમત તરીકે આપણે તેનું દાસત્વ સ્વીકારવું પડે એ શક્ય છે. એ જ પ્રમાણે યોગની પ્રક્રિયાઓ અને તેના વડે મળતાં અસાધારણ પરિણામોમાં જ ગળાબૂડ થઈ જઈએ તો તેથી પણ નુકસાન થવા સંભવ છે. યોગી લોકોની બાબતમાં એ શક્ય છે કે તેઓ દુનિયાથી વિમુખ થઈ જાય અને દુન્યવી જીવન પરનો કાબૂ ગુમાવી બેસે; આધ્યાત્મિક રિદ્ધિસિદ્ધિઓથી શ્રીમંત બને પણ માનવીય કાર્યોમાં રહે ભિખારી; આંતરિક મુક્તિ કમાય પણ તેની કિંમત હોય બાહ્ય મૃત્યુ. જો તેને નફો થાય ભગવાનનો તો ખોટ મળી હોય જિંદગીમાં, અને જો એ જિંદગીને જીતવા જાય તો ભગવાનને ગુમાવવાનો ભય ઊભો થાય. આથી જ ભારતમાં દુન્યવી જીવન અને આત્મોન્નતિ અને પૂર્ણતા વચ્ચે એક તીવ્ર ભેદ હંમેશાં રહેલો દેખાય છે; હા, અંતરના અવાજ અને દુન્યવી ફરજો વચ્ચે સમતોલપણું સ્થાપવાનો આદર્શ છે ખરો પણ તેનાં ઉદાહરણો તો ભાગ્યે જ દેખાય છે. હકીકતમાં તો જેવો કોઈ માણસ પોતાની દૃષ્ટિ અને શક્તિ અંદરની બાજુએ વાળીને યોગનો રસ્તો લે એટલે એમ સમજી જ લેવાય છે કે હવે એ, નક્કી, આપણા સમાજના આ જબર-જસ્ત પ્રવાહમાંથી અને માણસજાતના કાર્યમાંથી જ્ઞાતિ–બહાર થઈ જ ગયો! આ ખ્યાલ એટલો તો પ્રચલિત થઈ ગયો છે અને અત્યારના ધર્મો અને તત્ત્વચિંતકોએ તેની ઉપર એવો તો ભાર મૂક્યો છે કે જીવનમાંથી નાસી જવું એ એકમાત્ર જરૂરી શરત જ નહિ પણ યોગનો જાણે કે અંતિમ હેતુ જ ગણાઈ ગયો છે! તો, આ સંજોગોમાં યોગમાર્ગોનો સંતોષકારક સમન્વય કેવો હોઈ શકે? પૂર્ણયોગ તો એ જ હોઈ શકે જે એક બાજુએ, પોતાના ધ્યેય તરીકે, માણસજાતના મુક્ત અને પરિપૂર્ણ જીવનમાં ઈશ્વર અને પ્રકૃતિને ફરીથી એક કરી આપે; અને, બીજી બાજુએ, પોતાના એ ધ્યેયને સિદ્ધ કરવા માટેની તેની પદ્ધતિ પણ એવી જ હશે; એ માત્ર છૂટ આપશે એટલું જ નહિ પણ આગ્રહ રાખશે કે આપણી આંતરિક અને બાહ્ય પ્રવૃત્તિઓ અને અનુભૂતિઓની વચ્ચે એક એવો સુમેળ સ્થાપીએ કે જેમાં એ બંને, દિવ્ય રીતે કૃતાર્થ થાય. કારણકે, બહુ સ્પષ્ટ રીતે જોતાં માણસ એ આ દુનિયા ઉપર ઊતરેલ, ઉચ્ચ અસ્તિત્વનો જાણે કે એક એવો પ્રતિનિધિ છે કે જેમાં નીચેની પ્રકૃતિ રૂપાંતર પામીને વધારે ને વધારે ઊંચી પ્રકૃતિને પોતાની અંદર સ્વીકારી શકશે અને એ ઊંચી

પ્રકૃતિ આ નીચેનાં સ્વરૂપોમાં પોતાની જાતને વધારે ને વધારે વ્યક્ત કરી શકશે. આ શક્યતાને સાચી ઠરાવવાને માટે માણસને જિંદગી આપવામાં આવી છે. એટલે આ જિંદગીથી દૂર નાસવું એ તેના પરમ પુરુષાર્થની કે તેની કૃતાર્થતાના બળવાન સાધનની ન તો અનિવાર્ય શરત હોઈ શકે, ન તો અંતિમ હેતુ હોઈ શકે, – કદી પણ નહિ. હા, એમ બને કે કેટલીક વાર કોઈ કોઈ વ્યક્તિને, ખાસ સંજોગોમાં અને તે પણ કામચલાઉ જરૂરિયાત તરીકે આમ કરવું પડે, પણ તે એટલા જ માટે કે જેથી કરીને આખી માણસજાતને માટે પ્રગતિની વધુ શક્યતા ખુલ્લી થઈ જાય. યોગનો, પૂર્ણ-યોગનો સાચો અને સંપૂર્ણ હેતુ અને ઉપયોગ ત્યારે જ સિદ્ધ થાય કે જ્યારે પ્રકૃતિના આંધળા યોગની માફક માણસનો જાગૃત યોગ બહારથી સમગ્ર જીવનને આવરી લે, અને જ્યારે સાધના અને સિદ્ધિ એ બંનેની તરફ જોઈને ફરીથી એક વાર વધારે પૂર્ણ અને વધારે દ્યોતક અર્થમાં આપણે કહી શકીએ કે " જીવન સમગ્ર યોગ છે. "

પ્રકરણ : ૨

# પ્રકૃતિનાં ત્રણ પગલાં

આમ, યોગના આજ સુધીના વિકાસ ઉપર નજર નાખી જોવાથી આપણને જણાય છે કે તેમાં ખાસ ખાસ હેતુથી અલગ અલગ રસ્તા લેવાનું વલણ રહેલું હતું. વળી આપણે એ પણ જોયું કે પ્રકૃતિનાં અન્ય કાર્યોની માફક આ વલણ પણ યોગ્ય હતું, અનિવાર્ય હતું, અને ખુદ ઉપયોગી પણ હતું. આ વલણના પરિણામે જુદા જુદા હેતુવાળા અને જુદી જુદી સાધના-પદ્ધતિવાળા જે યોગ-સંપ્રદાયો ચાલુ થયા એ બધાનો સમન્વય કરવો એ આપણો ઉદ્દેશ છે. આ કામ જો ડહાપણપૂર્વક પાર પાડવું હોય તો આપણે બે બાબતો બરાબર જાણી લેવી પડશે : એક, જુદા જુદા માર્ગોમાં ફંટાવાનું આ જે વલણ યોગમાં આવ્યું તેની પાછળની વૃત્તિ, અને બીજું, તેમણે જે પદ્ધતિઓ અપનાવી તે દરેકની ઉપયોગિતા. પહેલી બાબત જાણવા માટે આપણે પ્રકૃતિનાં, વિશ્વમાં થઈ રહેલાં કાર્યો બરાબર તપાસવાં પડશે. અને એમ કરતાં પહેલાં આપણે એમ સ્વીકારીશું કે પ્રકૃતિ એ કાંઈ કોઈ એવી "માયા" નથી કે જે બધી વસ્તુઓને વિકૃત કરી નાખે છે અને ભ્રમ ઊભો કરે છે, પણ એ તો આખા વિશ્વમાં કાર્ય કરી રહેલી જગત-નિયંતા પ્રભુની પોતાની શક્તિ છે; વિશાળ અને અનંત, છતાં અણુએ અણુમાં ડહાપણપૂર્વક કાર્ય કરી રહેલી "પ્રજ્ઞા" છે; ગીતામાં કહ્યું છે, "प्रज्ञा प्रसृता पुराणी", આદિકાળથી, શાશ્વતીમાંથી વિસ્તરેલી એ પ્રજ્ઞા છે, ડહાપણ છે. યોગમાર્ગોની પદ્ધતિઓ કેટલી ઉપયોગી છે એ બીજી બાબત જાણવા માટે આપણે દરેક પદ્ધતિની વેધક દૃષ્ટિથી તપાસ કરવી પડશે અને તેમની અનેકાનેક વિગતોમાંથી બે બાબતો તારવવી પડશે : એક તો, તેનો કેન્દ્રસ્થ ખ્યાલ શો છે, અને બીજું, તેની અસરકારક પ્રક્રિયાઓના મૂળમાં કઈ વિશિષ્ટ શક્તિ છે. આમ કરવાથી આપણે આગળ ઉપર એ સરળતાથી જાણી શકીશું કે એવો કયો સર્વસામાન્ય સિદ્ધાંત અને સર્વસામાન્ય શક્તિ છે કે જેમાંથી બધા જ યોગમાર્ગો અસ્તિત્વમાં આવ્યા અને પોતપોતાનું વિશિષ્ટ વલણ ધારણ કર્યું હોય, કે જેની તરફ અર્ધ જાગ્રત રીતે પણ

તેઓ આગળ વધી રહ્યા છે, અને તેથી, જેમાં આપણે જાગ્રત રીતે તેમને એક કરી શકીએ તેમ છીએ.

માણસજાત સુધી પહોંચેલી પ્રકૃતિ ધીમે ધીમે પોતાની જાતને પ્રગટ કરી રહી છે. આપણે તેને "ઉત્ક્રાંતિ" કહીએ છીએ. ભાવિ ઉત્ક્રાંતિ ત્રણ ક્રમિક પગલાંઓ ઉપર આધાર રાખે છે: જે આજ સુધીમાં ઉત્ક્રાંત થઈ ગએલું છે; જે જાગ્રત રીતે અત્યારે ઉત્ક્રાંત થઈ રહ્યું છે, અને જે હવે ઉત્ક્રાંત થવાનું છે. એમ પણ બને કે જે હજી હવે ઉત્ક્રાંત થવાનું છે તેણે સતત નહિ તો અવારનવાર પણ દેખા દઈ દીધી હોય, કદાચ નિયમિત રીતે ડોકિયાં કરતું હોય, અથવા એમ પણ બને કે બહુ જ પ્રાથમિક સ્વરૂપમાં કે વધારે વિકસિત સ્વરૂપોમાં, અથવા, ભલેને કોઈક જ વાર છતાં પૂર્ણ વિકસિત સ્વરૂપમાં રજૂ થઈ ગયું હોય, અને એમ કરીને આપણી અત્યારની માનવજાતે જે ઊંચામાં ઊંચું સ્વરૂપ સિદ્ધ કરવાનું છે તેનું દર્શન આપણને કરાવી પણ દીધું હોય. કારણકે પ્રકૃતિની પ્રગતિ એ કાંઈ કોઈ નિયમિત અને યંત્રવત્ કવાયતી આગેકૂચ નથી. એ તો સતત પોતાની મર્યાદાઓની બહાર નીકળતી જ જાય છે અને તેમ કરવા જતાં શોકજનક પીછે-હઠ કરવી પડે તો તેની પણ પરવા કરતી નથી. તે ધસારાઓ કરે છે; ભવ્ય અને જબરજસ્ત ઉછાળાઓ મારે છે; તે વિશાળ વિશાળ સિદ્ધિઓ મેળવે છે. સ્વર્ગનું રાજ્ય બળજબરીથી પડાવી લેવા તે કેટલીક વાર તીવ્ર વીજળીવેગે આક્રમણ કરે છે. તેની પોતાની અંદર શું ભરેલું છે તેનાં એ બાહ્ય ચિહ્નો છે. તેને દિવ્ય ગણો કે આસુરી ગણો પણ પોતાના ધ્યેયને પહોંચવાના એ તેના જબરજસ્ત ધસારા છે.

પ્રકૃતિએ આજ સુધીમાં ઊભું કરીને સાબૂત પાયા પર જે મૂકી આપ્યું છે એ છે જીવતું શરીર. પૃથ્વી ઉપર માણસે કામ કરવું હોય, પ્રગતિ કરવી હોય તો તેને માટે સહુથી પહેલાં જેની જરૂર પડે એવાં, છતાં નીચલી કક્ષાનાં, બે તત્ત્વોને ભેગાં કરીને તેણે તેમને મેળથી કામ કરતાં કરી દીધાં છે. એ છે, એક તો પદાર્થ અથવા જડ તત્ત્વ (વધારે પડતા આધ્યાત્મવાદી લોકો આ પદાર્થ-તત્ત્વને ભલે વખોડી કાઢતા હોય પણ તો ય એ આપણો પાયો છે અને આપણી સર્વે શક્તિઓ અને સાક્ષાત્કારો માટે એ સૌથી પહેલી જરૂરિયાત છે). અને બીજું તે, જીવન, પ્રાણતત્ત્વ. આ પ્રાણ એટલે કે જીવન-શક્તિ વડે તો આપણે આ શરીરમાં રહી શકીએ છીએ, જીવી શકીએ છીએ. વળી, આપણી માનસિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓ માટે એ ત્યાં આપણો આધાર છે. પ્રકૃતિએ આ બે તત્ત્વોને એટલે સુધી

વિકસાવ્યાં છે કે જેથી કરીને તેણે પોતાના પાર્થિવ કામકાજ માટે અમુક અંશે કાયમી સ્થિરતા સ્થાપી દીધી છે; આ સ્થિરતા પૂરતી સ્થાપિત અને કાયમી છે તો સાથે સાથે, જરૂરી ફેરફાર કરી શકાય તેવી પણ છે; આના વડે, માનવદેહમાં રહીને તથા તેનો ઉપયોગ કરીને દેવો પોતાનો ધીમે ધીમે આવિર્ભાવ કરી શકે એવું કરણ તૈયાર થયું છે. (ઐતરેય ઉપનિષદમાં એક આખ્યાયિકા છે : દિવ્ય પુરુષે જ્યારે દેવો સમક્ષ એક પછી એક પશુ–ખોળિયાં રજૂ કર્યાં ત્યારે તેમણે તેમનો અસ્વીકાર કર્યો; પણ જેવું માનવ–ખોળિયું રજૂ થયું કે તરત જ તેઓ પોકારી ઊઠ્યા : "અરે, આ તો ઉત્તમ છે," અને તેમાં પ્રવેશવાની હા પાડી દીધી.) વળી, પ્રકૃતિએ જડ પદાર્થ–તત્ત્વ અને ચંચળ પ્રાણની વચ્ચે એક કામચલાઉ સમાધાન પણ સ્થાપી દીધું છે: આથી પ્રાણતત્ત્વ પદાર્થ–તત્ત્વમાં રહે છે અને તેનો, જાણે કે આહાર કરીને પોતાનું જીવન ટકાવે છે; એટલું જ નહિ પણ મનતત્ત્વના પૂર્ણ વિકાસનો રસ્તો તેણે ખોલી આપ્યો છે. આમ પ્રકૃતિએ, માનવમાં એક સમતુલાની માંડણી કરી આપી છે. આ જ વાતને યોગના શબ્દોમાં આમ કહેવાય : માણસનો સ્થૂળ દેહ અન્નમય કોષ અને પ્રાણમય કોષનો બનેલો છે.

હવે, જો, આ પ્રમાણે, આ પ્રાથમિક સમતુલા એ મહાશક્તિનાં ઉચ્ચ કાર્યો માટેનો પાયો અને સાધન હોય, જો એ, પૃથ્વી ઉપર પ્રભુના આવિર્ભાવ માટેનું વાહન હોય, અને शरीरमाद्यं खलु धर्मसाधनम् (ખરેખર, શરીર એ ધર્મ બજાવવાનું સાધન છે) એ વાત જો સાચી હોય તો શારીરિક જીવનને અવગણવું એ તો પ્રભુના અગાધ ડહાપણનો તિરસ્કાર કરવા જેવું અને પાર્થિવ આવિર્ભાવના તેના હેતુનો ત્યાગ કરવા જેવું છે. હા, પોતાના અંગત વિકાસના કોઈ ગુપ્તધર્મને લીધે શારીરિક જીવનનો આવો અસ્વીકાર કોઈ કોઈ વ્યક્તિઓ માટે યોગ્ય હોઈ શકે, પણ સમસ્ત માણસજાતનું ધ્યેય તો એ કદાપિ ના હોઈ શકે. એટલે જે યોગ શરીરની અવગણના કરે અથવા આદર્શ આધ્યાત્મિકતા મેળવવા શરીરનો નાશ કરવાનું અથવા તેનો અસ્વીકાર કરવાનું કહે, એ પૂર્ણયોગ ના બની શકે. ઊલટાનું, આદર્શ શરીર એ તો આત્માનો એક આખરી વિજય ગણાવો જોઈએ; અને શારીરિક જીવનને દિવ્ય બનાવવું એ તો પ્રભુનાં આ વિશ્વમાં થતાં કાર્ય પર તેની મહોર ગણાવી જોઈએ. "આધ્યાત્મિકતાના માર્ગે જતાં શરીરને લીધે મુશ્કેલીઓ ઊભી થાય છે" એમ કહેવું એ કાંઈ વાજબી દલીલ નથી, કારણકે પ્રભુની અકળ લીલામાં આપણી મોટી મોટી મુશ્કેલીઓથી તો આપણને સારામાં સારી તક મળી રહે છે. જ્યારે આપણને અતિશય મોટી મુશ્કેલી નડે છે

ત્યારે આપણે જે મહાન વિજય મેળવવાનો છે અને જે આખરી ઉકેલ લાવવાનો છે તેની કુદરત તરફથી આપણને સૂચના થતી હોય છે; "આ તો એક ન છૂટાય તેવી જંજાળ છે માટે તેનાથી દૂર જ રહો" અથવા તો, "આ દુશ્મન કદી જિતાવાનો નથી માટે તેનાથી નાસી છૂટો" એવી એ કોઈ ચેતવણી નથી.

એ જ પ્રમાણે આપણામાં પ્રાણની જે શક્તિઓ છે તે પણ બહુ ઉપયોગી છે. તેઓ એમ પોકારે છે કે જો છેવટે તમે કૃતાર્થ થવાના છો, તો અમને પણ તેમાં સાથે રાખો અને અમારી અંદર રહેલ શક્યતાઓને દિવ્ય સાક્ષાત્કાર પામવા દો. આ વિશ્વની યોજનામાં તેમને માટે પણ એક મહાન કાર્ય નિર્માણ થએલું છે. વિશાળ ડહાપણવાળાં ઉપનિષદ આ વાત ભારપૂર્વક રજૂ કરે છે: "પૈડાંની નાભિમાં જેમ આરાઓ તેમ પ્રાણમાં બધું પ્રતિષ્ઠિત થએલું છે: ત્રિવિધ જ્ઞાન અને યજ્ઞ અને શક્તિશાળીઓનું બળ અને જ્ઞાનીઓની પવિત્રતા. આ બધું જે ત્રણેય સ્વર્ગમાં પ્રતિષ્ઠિત થએલું છે તે પ્રાણના વશમાં છે."[૨] એટલે જે યોગ આ પ્રાણશક્તિઓને મારી નાખે છે અથવા તેમને બળજબરીથી નિર્બળ કરી સુવાડી દે છે, કે પછી તેમને સર્વ અનર્થનું મૂળ ગણી નિર્મૂળ કરી નાખે છે તે પૂર્ણયોગ ના હોઈ શકે. તેમની શુદ્ધિ, નાશ નહિ, તેમનું રૂપાંતર, નિયમન અને ઉપયોગ એ જ એમની સાર્થકતા છે. એ જ હેતુથી તેમને આપણી અંદર સ્થાપવામાં અને વિકસાવવામાં આવી છે.

પ્રકૃતિએ પહેલા પગલાં તરીકે જીવતું શરીર બરાબર સ્થાપી દીધું છે, તેને પાયારૂપ બનાવ્યું છે અને પોતાનાં સૌથી પહેલા સાધન તરીકે વાપરે છે. હવે, બીજા પગલાં તરીકે, એ આપણા માનસિક જીવનને વિકસાવી રહી છે; તેને એ પોતાનું વધારે કિંમતી સાધન બનાવવા માગે છે. તે જે ઉર્ધ્વીકરણનું કાર્ય લઈ બેઠી છે તેમાં હવે આ બાબતે તેના મનનો કબજો લઈ લીધો છે. તે કોઈ કોઈ વાર થાકી જાય છે ત્યારે શ્વાસ ખાવા અને શક્તિ ભેગી કરવા જરા તમસમાં સરી પડે છે એ સાચું, પણ, એ સિવાય તો તે સતત રીતે એવો પ્રયત્ન કર્યા જ કરે છે કે જેથી કરીને પ્રાણ અને શરીરમાં જે વસ્તુઓ તેણે પ્રાથમિક રીતે સિદ્ધ કરી નાખી છે તેનાથી આગળની બાબતો સર કરી શકાય. કારણકે, અહીં, માણસમાં આપણને એક એવી વિશિષ્ટતા દેખાય છે કે જે ખૂબ અગત્યની છે. માણસમાં એક જ જાતનું મન નથી પણ બે કે ત્રણ જાતનું છે : પ્રથમ તો સ્થૂળ અને પ્રાણમય મન, બીજું

૨. પ્રશ્નોપનિષદ્, પ્રશ્ન ૨, શ્લોક ૬ અને ૧૩.

ચોખ્ખું બુદ્ધિપ્રધાન મન, કે જે શરીર અને પ્રાણના ભ્રામક આભાસોમાંથી મુક્ત રહે છે અને ત્રીજું, બુદ્ધિપ્રધાન મનથી ઉપરનું દિવ્ય મન, કે જે પણ નીચેનાં, એટલે કે તાર્કિક ભેદવાળી અને કલ્પનાશીલ તર્કશક્તિનાં અપૂર્ણ ચોકઠાંઓમાંથી મુક્ત છે. માણસનું સામાન્ય મન તેના પ્રાણ અને શરીરમાં ગૂંચવાઈ ગયેલું છે. વનસ્પતિમાં તો તે છેક જ દટાયેલું, અવ્યક્ત છે; અને પશુઓમાં તો છે હંમેશાં જકડાઈ ગયેલું. એ એમ સ્વીકારી લે છે કે જો તેણે કામકાજ કરવું હોય તો જીવવું એ માત્ર પહેલી નહિ પણ એકમાત્ર શરત છે; અને જાણે એ આપણા અસ્તિત્વનો અંતિમ હેતુ હોય તેમ એ તેની જરૂરિયાતો પૂરી પાડે છે. પણ આ સ્થૂળ, શારીરિક જીવન એ તો આપણા અસ્તિત્વનો માત્ર આરંભ છે, ધ્યેય નહિ; એ અસ્તિત્વની પ્રાથમિક શરત છે, અંતિમ માર્ગદર્શક નહિ. પ્રાચીન જ્ઞાનીઓએ યથાર્થ રીતે જ માણસને વિચારક, મનુ, मनोमयः प्राण-शरीरनेता[3], એટલે કે પ્રાણ અને શરીરને દોરનાર મનોમય વ્યક્તિ કહ્યો છે; પ્રાણ અને શરીર વડે દોરાતો પશુ કહ્યો નથી. એટલે સાચું મનુષ્યજીવન જીવવાની શરૂઆત કરવી હોય તો તેને માટે ત્રણ બાબતો થવી જોઈએ : બુદ્ધિએ સ્થૂળતામાંથી, ભૌતિકતામાંથી બહાર નીકળી આવવું જોઈએ, પ્રાણ અને શરીરના દાસત્વમાંથી મુક્ત બનેલા મનમાં જીવવાની આપણે વધારે ને વધારે શરૂઆત કરવી જોઈએ અને જેમ જેમ મુક્ત થતા જઈએ તેમ તેમ પ્રાણ અને શરીરનો વધારે સાચી રીતે સ્વીકાર અને ઉપયોગ કરવો જોઈએ. મુક્ત થઈએ તો જ કાબૂ મેળવી શકાય, બુદ્ધિપૂર્વક તાબે થઈએ તેને કાંઈ " પ્રભુત્વ " ના કહેવાય. ભૌતિક જીવન આપણી ઉપર શરતો મૂકે તે બરાબર છે, પણ તે વિશાળ અને ઉચ્ચ હોવી જોઈએ, અને આપણે તેનો સ્વેચ્છાએ સ્વીકાર કરીએ ( ના–છૂટકે નહિ ) એ જ મનુષ્ય–જીવનનો ઉચ્ચ આદર્શ ગણાય.

અત્યારે આ પ્રમાણે માનસિક જીવન ઉત્ક્રાંત થઈ રહ્યું છે; પણ હજી એ કાંઈ એક સર્વસામાન્ય વસ્તુ બની નથી; દેખાવ પરથી તો એમ જ લાગે છે કે માનસિક જીવન પૂર્ણ રીતે તો ગણી–ગાંઠી વ્યક્તિઓમાં જ ખીલેલું છે, અને હજી માણસજાતનો મોટો ભાગ, ઘણો મોટો ભાગ, તો એવો છે કે જેમની પ્રકૃતિમાં મનતત્ત્વ બહુ ઓછું ખીલ્યું છે ( અને તે પણ અસ્તવ્યસ્ત ), અને કાં તો ખીલ્યા વિનાનું સુષુપ્ત અને માંડ કામે લગાડી શકાય એવી સ્થિતિમાં પડેલું છે. એ વાત તો સાચી છે કે પ્રકૃતિએ માનસિક જીવનને પૂરેપૂરું વિકસાવી લીધું નથી; માનવ–પ્રાણીમાં હજી સુધી એ

---

૩ મુણ્ડકોપનિષદ્ ૨; ૭.

પાકે પાયે બેઠું નથી. અને એ દેખાઈ પણ આવે છે. આજે એવી ઘણી કોમ કે જાતિઓ છે કે જે વિચાર કરવાની તસ્દી લેતી નથી, માનસિક ઉપાધિઓમાં પડતી નથી કે મંથનો અનુભવતી નથી, અને જો વિચારો કરે છે તો તે માત્ર સ્થૂળ રીતે. આવી જાતના લોકોના શરીરમાં જીવન-શક્તિનો મેળ બહુ સારો હોય છે, તેઓ લાંબું જીવનારા હોય છે. જ્યારે બીજી બાજુએ સુધરેલા લોકો જુઓ. તેમના ચંચળ મનને તેમના શરીર સાથે હજી મેળમાં બેસાડવાનું બાકી છે; હજી એ એક સામાન્ય બિના નથી બની; વળી એ વાત પણ સાચી છે કે જેમ જેમ માનસિક જીવનને વધારે ને વધારે ઘનિષ્ઠ કરવાના પ્રયત્નો કરવામાં આવે છે તેમ તેમ માણસના બંધારણમાંથી મોટે ભાગે સમતુલા ઓછી થતી લાગે છે. આથી જ આગળ પડતા વૈજ્ઞાનિકોને એમ માનવાનું કારણ મળે છે કે પ્રતિભા ( અં. જિનિયસ ) એ ગાંડપણનો એક પ્રકાર છે, અવનતિનું એ એક પરિણામ છે, પ્રકૃતિની એક રોગિષ્ટ દશા છે. આ અતિશયોક્તિને વાજબી ઠરાવતી બિનાઓને, અલગ રીતે નહિ પણ તેની સાથે સંબંધ ધરાવતી બીજી બધી જ બાબતોને ધ્યાનમાં રાખીને તપાસવામાં આવે તો, કાંઈક બીજું જ સત્ય દેખા દે છે. પ્રતિભા એ તો સમગ્ર વિશ્વમાં કાર્ય કરી રહેલી શક્તિનો એક એવો પ્રયત્ન છે કે જેથી આપણું બુદ્ધિબળ એવું તો પ્રબળ અને ઝડપી બને કે જેને પરિણામે બુદ્ધિથી પણ ઉપર આવેલ દિવ્ય મનની લીલાના ઘટક જેવી મહાસમર્થ, સત્યદર્શી અને અતિ-ત્વરિત શક્તિઓને ઝીલવાને માટે એ તૈયાર બને. પ્રતિભા એ કાંઈ તરંગી કે સમજમાં ન આવે એવી કોઈ બિના નથી, પણ પ્રકૃતિના વિકાસમાં હવે પછીના જીવનની સાચી દિશામાં લેવાયેલું કેવળ સ્વાભાવિક પગલું છે. પ્રકૃતિએ શારીરિક જીવનને સ્થૂળ મન સાથે મેળમાં બેસાડી દીધું છે; પછી તેણે બૌદ્ધિક મનને રમતું મૂકી દીધું છે. અને હવે એ બંનેનો એ મેળ બેસાડી રહી છે. આમ કરવા જતાં આપણા પ્રાણની છલબલતી શક્તિમાં થોડી ઓટ આવવાનો સંભવ જરૂર રહે છે, પણ તેથી તેના કાર્યમાં કોઈ ચિંતાજનક ખલેલ થાય જ અથવા થવી જ જોઈએ એવું નથી. અને પ્રકૃતિ તો તેનાથીય ઉપરના સ્તરમાં પહોંચવા માટે રોકેટની જેમ હજી ય ઊંચે ધસી રહી છે. વળી તેના આવા કાર્યથી જે ખલેલ પડતી દેખાય છે તે કહેવાય છે એટલી ગંભીર નથી હોતી; તેમાંની કેટલીક તો નવા આવિર્ભાવની કઢંગી શરૂઆત હોય છે, તો વળી બીજી કેટલીક, વિસર્જનની એવી ક્રિયાઓ હોય છે કે જેમને સહેલાઈથી સુધારી લેવાય

છે. આવાં વિસર્જન ઘણી વાર નવસર્જન કરી આપે છે અને એમ ના બને તોપણ એનો અર્થ હોય છે; દૂરના ભવિષ્યમાં જે વસ્તુઓ ઊભી કરવાની છે તેને માટે અત્યારે અપાતી નાની શી કિંમત હોય છે.

જો આપણે બધા જ સંજોગોને ધ્યાનમાં રાખીને વિચાર કરીએ તો કદાચ એવા નિર્ણય પર આવીએ કે મનોમય જીવન હમણાં હમણાંનું જ માણસજાતમાં વિકસવા માંડ્યું છે એ માન્યતા સાચી નથી. ઊલટાનું એમ જણાય કે પહેલાં એક વાર પ્રકૃતિએ આ બાબત પાર પાડેલી, પછી તેણે એમાંથી શોકજનક પીછે–હઠ કરેલી અને હવે ફરીથી પાછી એ ઝડપથી એનું પુનરાવર્તન કરી રહી છે. અત્યારની બધી સુધરેલી પ્રજાઓ અસલ તો જંગલી દશામાં જ હતી એમ બનવાનો જેટલો સંભવ છે તેના કરતાં વધારે સંભવ તો એ છે કે પહેલાં એક ઉચ્ચ સંસ્કૃતિ હયાતીમાં હતી અને તેમાંથી અધોગતિ પામતાં જંગલી પ્રજાઓ હયાતીમાં આવી. અત્યારે આખી દુનિયા ઉપર બધે જ બૌદ્ધિક વિકાસ એકસરખો નથી થયેલો એ વાત સાચી છે, પણ તેને માટેની શકયતા તો બધે જ એકસરખી પડેલી છે. મધ્ય–આફ્રિકાના હબસી લોકો તેમની જૂની પુરાણી જંગાલિયતમાંથી હજી તો બહાર આવી રહ્યા છે. અને, સંસ્કૃતિના ધોરણે, તેમને છેક નીચેની કક્ષાના ગણવામાં આવે છે. આવા લોકો સુધરેલા લોકો સાથે લગ્ન–સંબંધ બાંધે તો તેમના વંશજો ભવિષ્યમાં સુધરે એ તો બને જ; પણ એમ જાણી શકાયું છે કે એવા વ્યક્તિગત દાખલાઓ છે કે જેમાં તેઓ, તેમની ઉપર અધિકાર ભોગવતા યુરોપિયન લોકોના જેવી બૌદ્ધિક સિદ્ધિઓ ભલે હાંસલ ના કરી શકયા હોય છતાં પણ તેમની બૌદ્ધિક સંસ્કૃતિ તો ગ્રહણ કરી શકયા જ છે. આ તો વ્યક્તિગત દાખલા છે, પણ જો આમજનતાનો વિચાર કરીએ તોપણ, જો તેમને અનુકૂળ સંજોગો આપવામાં આવે તો થોડીક જ પેઢીઓમાં તેઓ એટલો બધો વિકાસ કરી નાખે તેમ છે કે જે કરવા માટે, ખરી રીતે તો, હજારો વર્ષ જવાં જોઈએ. આનો અર્થ તો એ થયો કે કાં તો માણસ મનોમય વ્યક્તિ હોવાને લીધે ઉત્ક્રાંતિના રગશિયા નિયમોના ભારે બોજામાંથી મુક્ત છે; અથવા તો, તેનામાં બૌદ્ધિક પ્રવૃત્તિઓ માટેની ભૌતિક શકયતા પડેલી જ છે, અને જો અનુકૂળ સંજોગો અને પ્રોત્સાહક વાતાવરણ મળે તો તે એ શકયતાને વ્યક્ત સ્વરૂપે પણ બહાર લાવી શકે તેમ છે. લોકો જંગલી હોય છે તેનું કારણ એ નથી કે તેમનામાં માનસિક શક્તિઓ નથી; જરૂરી તકોની અવગણના અથવા અભાવ અને જાગ્રત થવાની વૃત્તિની ગેરહાજરી આ બે કારણને લીધે જ તેઓ જંગલી

બની રહેલા છે. જંગાલિયત એ વચગાળાની ઊંઘ છે, આદિ કાળનો અંધકાર નથી.

વળી માણસજાતના અત્યારના વિચારો અને પ્રયત્નોનું પણ જે વલણ છે તે બરાબર તપાસીએ તો જણાશે કે આ વલણ એ તો પ્રકૃતિનો એક એવો સજાગ પ્રયત્ન છે કે જેથી કરીને બૌદ્ધિક બંધારણ, ગ્રહણશક્તિ અને ભવિષ્યની શકયતાઓ એક સર્વસામાન્ય સપાટી પર આવે. આમ કરવાને માટે, માનસિક વિકાસ કરવાની જે તકો સુધરેલા લોકો પાસે અત્યારે છે તે બધા જ લોકોને મળે તેવા પ્રયત્નો થઈ રહ્યા છે. આ વલણના નેતા જેવા આજકાલના પશ્ચિમી માનસમાં ભૌતિક વિકાસ અને જીવનની બાહ્યતા ઉપર જે ખૂબ ઝોક છે તે પણ આ પ્રયત્નનો જ એક જરૂરી ભાગ છે. તેનો ઇરાદો એ છે કે માણસની માનસિક શકયતાઓ પૂરેપૂરી ખીલે તેને માટે માણસના શરીરમાં, પ્રાણમાં અને તેના ભૌતિક સંજોગોમાં પૂરતો આધાર તૈયાર કરવો. અત્યારે ચારે બાજુ થઈ રહેલો કેળવણીનો પ્રચાર, પછાત જાતિઓની ઉન્નતિ, દલિત વર્ગોનો ઉદ્ધાર, શ્રમ બચાવતાં સાધનોની વિપુલતા, આદર્શ સામાજિક અને આર્થિક પરિસ્થિતિ માટેની હિલચાલ, સુધરેલી જાતિઓમાં સ્વાસ્થ્ય, દીર્ઘાયુષ અને સશક્ત શરીર માટેની ભૌતિકશાસ્ત્રોની મથામણ, આ બધું જોતાં પ્રકૃતિની આ વિશાળ ચળવળનો જે અર્થ છે અને તે જે દિશામાં જઈ રહી છે તે બહુ સહેલાઈથી સમજાઈ જાય છે. આ બધાને માટે જે રસ્તાઓ લેવામાં આવે છે તે કદાચ તદ્દન સાચા કે આખરી ના પણ હોય, પણ અત્યાર પૂરતું જે ધ્યેય સ્વીકારવામાં આવ્યું છે તે તો સાચું જ છે. આ ધ્યેય છે, એક તો, વ્યક્તિગત રીતે અને સામાજિક રીતે શરીર મજબૂત કરવાં, બીજું, મનની ભૌતિક રીતની વાજબી જરૂરિયાતો અને માગણીઓ સંતોષવી, અને ત્રીજું, સમગ્ર માનવજાતને (પહેલાંની માફક અમુક આગળ પડતી જ જાતિ, વર્ગ કે વ્યક્તિને નહિ પણ સમગ્ર માનવજાતને) પોતાની લાગણીઓનો અને બૌદ્ધિક શક્તિઓનો વધારેમાં વધારે વિકાસ થઈ શકે એટલા માટે પૂરતો આરામ, નવરાશ અને સર્વસામાન્ય તકો આપવી. અત્યારે ભલે માત્ર ભૌતિક અને આર્થિક હેતુ જ આગળ પડતા હોય, પણ તેની પાછળ વધારે ઉચ્ચ અને વિશાળ પ્રેરણા હમેશાં કાર્ય કરતી જ હોય છે; અને કાર્ય કરતી ના હોય તોપણ અનુકૂળ મોકા માટે શાંતિથી વાટ જોઈ રહી હોય છે.

અને જ્યારે આ પ્રાથમિક શરતો પૂરી પડશે અને એ મહાન કાર્યને માટે પાયો તૈયાર થઈ જશે ત્યારે બૌદ્ધિક જીવનને ભાગે શું કરવાનું આવશે?

ત્યારે કયું ભાવિ ખૂલવા માંડશે ? એની રૂપરેખા કેવી હશે ! જો મન એ જ, ખરેખર, પ્રકૃતિનું આખરી પગલું હોય તો તો આ વિચારનો અને કલ્પનાશીલબુદ્ધિનો પૂર્ણ વિકાસ થાય તથા ઊર્મિઓ અને લાગણીઓને સુમેળવાળો સંતોષ મળે એટલું જ બસ થઈ જવું જોઈએ. પણ શું માણસ એ બુદ્ધિવાળું અને લાગણીવાળું એક પ્રાણી માત્ર જ છે ? શું જે જે વસ્તુઓ વિકસી રહી છે તેના સિવાયની, તેનાથી ઉપરની, બીજી કોઈ નવી વસ્તુઓ વિકસવાની નથી ! જો એમ ના હોય તો આ માનસિક જીવનની પરિપૂર્ણતા, બુદ્ધિની આ મુલાયમતા, નમનીયતા અને વિશાળ ગ્રાહકતા, ઊર્મિઓ અને લાગણીઓની આ સુંદર સભરતા, એ માત્ર એક સીડી જેવું જ હોવું જોઈએ; અને એ સીડીનો ઉપયોગ કરીને પહોંચાય એવા વધારે ઉચ્ચ જીવન અને ખૂબ સમર્થ એવી શક્તિઓનો એક પ્રદેશ હોવો જ જોઈએ. એક સમય એવો હતો કે જ્યારે પૃથ્વી પર મન–તત્ત્વનો આવિર્ભાવ ન હોતો થયો અને શારીરિક જીવન એકલું જ હયાત હતું અને માત્ર પોતાના જ સંતોષ ખાતર જીવતું હતું. પણ પછી જ્યારે મન–તત્ત્વે વ્યક્ત થઈને શારીરિક જીવનનો કબજો લીધો ત્યારે એ જ શારીરિક જીવન માનસિક જીવનનો પાયો બન્યું. અને તેની પ્રવૃત્તિઓ માટે વાહન બન્યું. એ જ પ્રમાણે એક વધારે ઉચ્ચ જીવન અને ખૂબ સમર્થ એવી શક્તિઓએ હજી ય આવિર્ભાવ પામવો જ જોઈએ અને અત્યારના જીવનનો કબજો લઈ તેનો પોતાના સાધન તરીકે ઉપયોગ કરવો જ જોઈએ.

મનોમય જીવનના કરતાં વધારે ઉચ્ચ જીવનનો સ્વીકાર અને રજૂઆત, એની ઉપર તો સમગ્ર ભારતીય તત્ત્વજ્ઞાન રચાએલું છે. અને તે મેળવવું અને સુયોજિત કરવું એ જ તો યોગમાર્ગોનો ખરેખરો હેતુ છે. મન એ કાંઈ છેવટનું પગલું કે આખરી ધ્યેય નથી; શરીરની માફક એ તો માત્ર એક સાધન જ છે. યોગમાર્ગોમાં તેથી જ તેને અંતઃકરણ એટલે કે અંદરનું સાધન એવું નામ આપેલું છે. ભારતીય પરંપરાએ એમ જાહેર કરેલું જ છે કે જે ઉચ્ચ જીવન હવે અભિવ્યક્ત થવાનું છે એ કાંઈ તદ્દન નવું જ, એટલે કે પહેલાં કદી ય નહિ અનુભવાએલું એવું નથી. પણ અગાઉ એક વાર તે ઊગી આવેલું અને તેણે માનવજીવન ઉપર અમુક અમુક સમયે શાસન પણ કરેલું છે. તે ગમે તેમ હો, પણ જો આપણને તેની જાણ થયેલી જ છે તો એક વાર, અને અમુક અંશે, તે વિકાસ પામેલું હોવું જ જોઈએ. પણ તો, સવાલ એ ઊભો થાય છે કે તો પછી પ્રકૃતિ એ સિદ્ધિમાંથી કેમ પાછી હઠી ગઈ ? અને તેના કારણરૂપે એ જણાઈ આવે છે કે એ વખતે કાંઈ

જગ્યાએ ક્યાંક મેળ ઓછો હતો, એ વખતે તેને માટે ભૌતિક અને બૌદ્ધિક રીતે પાયો પૂરતો તૈયાર ન હોતો થએલો, નીચેના ઓછા વિકસિત આધાર માટે ઉપરની રચના વધુ પડતી ભારે હતી. અને તેથી જ આજે ભૌતિક અને બૌદ્ધિક આધારનો વધારે વિકાસ કરવા માટે પ્રકૃતિ ફરીથી કાર્ય કરી રહી છે.

પણ તો આ આપણો વિકાસ જ્યાં પહોંચવાનો છે તે ઉચ્ચ વસ્તુ કેવી છે, શેની બનેલી છે? એનો જવાબ આપવા જતાં એવી એવી પરમ અનુભૂતિઓની અને એવા એવા અસાધારણ ખ્યાલોની વાત કરવી પડશે કે જે બરાબર સમજાવવા હોય તો પુરાણી સંસ્કૃત ભાષાના શબ્દોનો આશરો લીધા વિના છૂટકો નથી, કારણકે એ જ એકમાત્ર એવી ભાષા છે કે જેમાં એ બધી બાબતોને કેટલેક અંશે પદ્ધતિસર રજૂ કરવામાં આવી છે. યોગની ભાષામાં કહીએ તો આપણો સ્થૂળ દેહ અન્નમય કોષ અને પ્રાણમય કોષનો બનેલો છે; આપણા મનોમય કોષથી જે બનેલો છે તેને સૂક્ષ્મ દેહ કહે છે. પણ આ બે જાતના દેહ ઉપરાંત કારણદેહની પણ વાત કરેલી છે. આપણી જાતનો આ પરમ અને દિવ્ય ભાગ તે વિજ્ઞાનમય કોષ અને આનંદમય કોષ નામના ચોથા અને પાંચમા કોષનો બનેલો છે. વિજ્ઞાનમય કોષ એ જ્ઞાનનું તત્ત્વ છે, પણ એ જ્ઞાન એ મનના પ્રશ્નો અને તર્કો વડે મળેલું કોઈ યોજના–બદ્ધ પરિણામ નથી, કે નથી વધારેમાં વધારે શક્ય શું છે તે દેખાડતી, નિર્ણયો અને મતોની કોઈ કામચલાઉ યોજના. પણ એ તો છે એક શુદ્ધ, સ્વયંભૂ, સ્વયંપ્રકાશિત સત્ય. અને આનંદમય કોષ જે આનંદનો બનેલો છે એ આનંદ પણ કાંઈ દુઃખ અને શોકના પડછાયાવાળું, હૃદય અને ઇન્દ્રિયોને થતું કોઈ પરમસુખ નથી; એ પણ છે એક સ્વયંભૂ આનંદ, વસ્તુઓ અને તેનાથી થતા અનુભવોથી પર રહેલો આત્માનંદ, પરાત્પર અને અનંતની જાણે કે જે પ્રકૃતિ છે, તત્ત્વ છે તે સ્વયં આનંદ.

આ બધી જેની વાત કરી તેવાં, જેને મનોવૈજ્ઞાનિક કહી શકાય તેવાં તત્ત્વો, ખરેખર, હયાત છે ખરાં? બધા જ યોગ–માર્ગો કહે છે કે એ તો તેમનો અંતિમ અનુભવ અને પરમ ધ્યેય છે; આપણી ચેતનાની ઉચ્ચોચ્ચ દશા અને આપણા અસ્તિત્વના વિશાળમાં વિશાળ પ્રદેશો તેમના જ શાસન નીચે છે. વિશ્વમાં, અને વિશ્વથી પણ પર, જે કાંઈ હયાત છે તે સર્વમાં એક સત્ય રહેલું છે. આ સત્યનું પ્રત્યક્ષ દર્શન કરતું, અથવા, વધારે સાચી રીતે તો એ સત્યમાં જ વસી રહેલું, તેને સાકાર કરતું અને તેને એક જ્યોતિર્મય ગતિ આપતું એક સંવાદી તત્ત્વ છે. એ સંવાદી તત્ત્વ જે પરમ કાર્ય-

શક્તિઓનું બનેલું છે એ કાર્યશક્તિઓ, માનસશાસ્ત્રમાં જેને સત્ય-દૃષ્ટિ, પ્રેરણા અને અંતઃસ્ફુરણા કહે છે તેને કાંઈક મળતી આવે છે. પણ છતાં તે, સ્ફુરણાત્મક બુદ્ધિ કે દિવ્ય મનમાં રહીને નહિ પણ તેનાથી ય ઉપર, ઉપર જણાવ્યા પ્રમાણે, વિશ્વગત અને વિશ્વાતીત સત્યમાં રહીને કાર્ય કરે છે. આ કાર્યશક્તિઓ એ પ્રકાશ છે; જે સચેતન છે, જે અહંપ્રધાન ચેતના પર છે, જે સમગ્ર વિશ્વમાં વ્યાપી રહેલ છે અને તેનાથી પણ ઉપર હયાત છે, અને જેની પ્રકૃતિ આનંદ છે એવા અસ્તિત્વનો એ પ્રકાશ છે. આ કાર્યશક્તિઓ ચેતનાની અને કાર્યની દિવ્ય વ્યવસ્થાઓ છે; અને માણસનું હાલનું બંધારણ જોતાં તે અવસ્થાઓ માણસની ચેતનાથી પર છે. જેને અજ્ઞેય એટલે કે જાણી ન શકાય તેવું તત્ત્વ કહેવામાં આવે છે તેને ભલે આપણે એક અવ્યક્ત પુરુષ તરીકે ગણીએ કે વિદ્યાનો આવિર્ભાવ કરનાર વિશ્વમય પુરુષ તરીકે ગણીએ પણ તે, જ્યારે આપણી અંદર જ્ઞાન જાગ્રત થાય ત્યારે, પરમાત્મા તરીકે રજૂ થાય છે; તત્ત્વજ્ઞાનમાં આ પરમાત્માનું, પરાત્પર સત્, ચિત્ અને આનંદ તરીકે, એટલે કે સચ્ચિદાનંદ તરીકે વર્ણન કરવામાં આવે છે. પણ યોગમાં તો આ સત્, ચિત્ અને આનંદને આપણી પોતાની ચેતનાની એક અવસ્થા તરીકે પણ સ્વીકારવામાં આવે છે. સામાન્ય રીતે તે આપણી જાગ્રત ચેતનાની બહાર હોય છે એ સાચું છે, પણ છતાં ય તે આપણી અંદર જ અતિ-ચેતનાના પ્રદેશમાં નિવાસ કરે છે અને તેથી આપણે ગમે ત્યારે આરોહણ કરી ત્યાં પહોંચી શકીએ છીએ.

અન્નમય, પ્રાણમય અને મનોમય કોષના બનેલા સ્થૂળ અને સૂક્ષ્મ તે કરણદેહ છે, એટલે કે સાધનરૂપ છે, જ્યારે ઉપર જેની વાત કરી તે વિજ્ઞાનમય કોષના બનેલા દેહને કારણ-દેહ કહેવામાં આવ્યો છે. આ વિજ્ઞાનમય કોષ ઉત્ક્રાંતિની રીતે સર્વોચ્ચ અભિવ્યક્તિ છે. પણ ઉત્ક્રાંતિનું કારણ, એટલે કે તેનું મૂળ અને તેને આગળ ધપાવનાર શક્તિ, પણ એ જ છે. આપણી માનસિક પ્રવૃત્તિઓ ખરેખર તો દિવ્ય જ્ઞાનમાંથી જ આવેલી છે અને દિવ્ય જ્ઞાને પોતે જ તેને પસંદ કરેલી છે. તો ય તેઓ એ દિવ્ય જ્ઞાનની વિકૃતિ છે, અને જ્યાં સુધી તેમના પોતાના ગુપ્ત કારણરૂપ સત્યથી તેઓ વિમુખ છે ત્યાં સુધી વિકૃતિ જ રહેશે. એ જ પ્રમાણે આપણાં સંવેદનો, લાગણીઓ અને ઊર્મિઓનો દિવ્ય આનંદ સાથેનો સંબંધ, તેમ જ આપણા પ્રાણની શક્તિઓ અને કાર્યોનો દિવ્ય-શક્તિ સાથેનો, અને આપણા દેહનો એ દિવ્ય તત્ત્વ સાથેનો સંબંધ પણ એવો જ છે. જે ઉત્ક્રાંતિનો આપણે અભ્યાસ કરેલો છે અને પૃથ્વી ઉપરના જેના શિખરરૂપ આપણે છીએ તેને એક રીતે તો

"ઊલટો આવિર્ભાવ" કહી શકાય. એક બાજુથી, જો પૂર્ણતા નહિ પામેલ પદાર્થ, પ્રાણ અને મન પ્રવૃત્તિ કરી રહ્યાં છે તો, બીજી બાજુથી, ઉપર કહી તે શક્તિઓ ભેગી મળીને, અને છૂટી છૂટી પણ, તેમની આ પ્રવૃત્તિઓને હાથમાં લઈને, તેમને વિકસાવી રહી છે, અને એવી રીતે પૂર્ણ બનાવી રહી છે કે જેથી કરીને તેઓ ધીમે ધીમે, દિવ્ય અને સનાતન સંવાદને વધારે ને વધારે વ્યક્ત કરતાં જાય. અને આ દિવ્ય સંવાદ તો તેમનું મૂળ કારણ છે. વિશ્વના અસ્તિત્વ વિશેની આ વાત જો સાચી હોય તો એનો અર્થ એ થયો કે વિશ્વનું જે ધ્યેય છે તે જ તો એનું મૂળ કારણ છે; એટલે કે એ ધ્યેય તો એનાં તત્ત્વોમાં છુપાઈ રહ્યું છે અને ધીમે ધીમે તેમાંથી બહાર આવી રહ્યું છે, મુક્ત થઈ રહ્યું છે. પણ જો એ મુક્ત થઈને દૂર જ નાસી જાય અને જેમાંથી મુક્ત થયું છે તેની ઉપર કાર્ય કરીને તેનું ઊર્ધ્વીકરણ અને રૂપાંતર ના કરે તો તે મુક્તિ પણ અપૂર્ણ જ ગણાય; જો આ પ્રમાણે રૂપાંતર ના થવાનું હોય તો આદિ કારણે તેનાં આ કારણોમાં આવીને છુપાઈ રહેવાની પણ શી જરૂર હતી? એટલે, પ્રકૃતિ જે આ અબજો વર્ષોથી આટઆટલી મહેનત કરી રહી છે તેને ત્યારે જ સંપૂર્ણ ન્યાય મળે અને ઉત્ક્રાંતિનો ગૂઢ અર્થ ત્યારે જ બહાર આવે કે જ્યારે માનવીનું મન દિવ્ય પ્રકાશની ભવ્યતાને ગ્રહણ કરી શકે; જ્યારે માનવની ઊર્મિઓ અને સંવેદનો પરમ આનંદના પાત્રમાં રૂપાંતર પામે અને તેની માત્ર અને આંદોલનોને ધારણ કરી શકે; જ્યારે માનવીનાં કાર્યો દિવ્ય અને અહંકાર-રહિત શક્તિની ગતિનાં પ્રતિનિધિ બને અને અનુભવે કે તે પોતે એ જ છે; જ્યારે આપણા દેહનો આ જડ પદાર્થ પરમ સત્ત્વની શુદ્ધતામાં સારી રીતે સામેલ થાય અને આ સર્વોચ્ચ અનુભૂતિઓ અને શક્તિઓનો આધાર બની તેમને ટકાવી રાખી શકે એટલા માટે મુલાયમ પણ બને અને, સાથે સાથે કદી પણ ના ચસકે એટલો દૃઢ બને.

આ પરમ અવસ્થાની એક ઝાંખી માત્ર પણ એટલી તો આંજી નાખનારી અને એકરૂપ બનાવી દે તેવું આકર્ષણ કરનારી છે કે તેને એક વાર પણ જોયા પછી, તેને ખાતર, જો કોઈ માણસ, અન્ય સર્વસ્વને ન્યોચ્છાવર કરી દે તો એમાં એનો જરા પણ દોષ ના ગણાય. ઘણા લોકો મનને જ સર્વસ્વ માનવાની અને માનસિક જીવનને એકમાત્ર આદર્શ જીવન ગણવાની અતિશયતા કરે છે. પણ જો આ દિવ્ય અનુભૂતિ જરા પણ થાય તો તેનાથી વિરુદ્ધની એવી અતિશયતા થઈ જાય કે જાણે મન એ તો એક તુચ્છ વિકૃતિ છે, એક અતિ મોટો અંતરાય છે, માયાનું મૂળ છે, સત્યનો ઇન્કાર છે, અને તેથી, મુક્તિના સાધકે જાણે કે તેનો પૂરો અસ્વીકાર કરવો અને તેનાં કાર્યો અને

પરિણામોને ધરમૂળથી ફેંકી દેવાં. પણ આવી માન્યતા પણ માત્ર અર્ધ-સત્ય જ છે, કારણકે એ, મનની મર્યાદાઓ માત્ર જુએ છે અને તેના દિવ્ય હેતુને વીસરી જાય છે. પૂર્ણ સત્ય તો એ જ છે કે જે, જેવી રીતે વિશ્વથી પર, તેવી જ રીતે વિશ્વમાં પણ ઈશ્વરને નિહાળે છે અને સ્વીકારે છે. અને પૂર્ણયોગ એ જ છે જે પરાત્પરને પામ્યા પછી વિશ્વમાં પાછો આવીને તેનો પોતાનામાં સમાવેશ કરી શકે અને અસ્તિત્વની આ મહાન સીડી ઉપર ઇચ્છા મુજબ ચઢઊતર કરવાની શક્તિ જાળવી રાખી શકે. કારણકે જો વિશ્વના સર્જન પાછળ પુરાણી પ્રજ્ઞા ખરેખર કામ કરતી જ હોય તો મન-શક્તિનો કોઈ ઉચ્ચ ઉપયોગ કે નિર્માણ હોવો જ જોઈએ. તેનો ઉપયોગ હોય આપણે ઉપર જવાનાં અને પ્રભુને નીચે આવવાનાં પગથિયાં તરીકે અને તેનું નિર્માણ હોય કૃતાર્થતા અને રૂપાંતર; ઉચ્છેદ અને નાશ નહિ.

તો, પ્રકૃતિનાં ત્રણ પગલાં આપણે આમ જોઈએ છીએ : એક, શરીરસ્થ જીવન, કે જે અહીં આ ભૌતિક જગતમાં આપણા અસ્તિત્વનો પાયો છે; બે, મનોમય જીવન કે જેમાં આપણે પ્રવેશ કરીએ છીએ અને જેના વડે આપણે શારીરિક જીવનને, વધારે ઉચ્ચ ઉપયોગ માટે ઊંચે ઉઠાવીએ છીએ અને વધારે મોટી પરિપૂર્ણતા માટે વિશાળ બનાવીએ છીએ; ત્રણ, એક દિવ્ય અસ્તિત્વ કે જે પહેલા બેનું લક્ષ્ય પણ છે અને જે તેમને તેમની ઊંચામાં ઊંચી શક્યતાઓમાં મુક્ત કરી આપવા માટે તેમનામાં અવતરણ પણ કરે છે. આમાંના એક પણ પગલાને ન તો આપણે અપ્રાપ્ય ગણીએ છીએ, ન તો તુચ્છ; અંતિમ સિદ્ધિ માટે આમાંના એકેયનો નાશ કરવો આપણે જરૂરી નથી માનતા. આવી મુક્તિ અને આવી કૃતાર્થતાનો આપણે યોગના હેતુ તરીકે સ્વીકાર કરીએ છીએ,—વિશેષ નહિ તો તેના એક ભાગ તરીકે, વિશાળ અને અગત્યના ભાગ તરીકે તો ખરો જ.

## પ્રકરણ : ૩

# ત્રિવિધ જીવન

તો, પ્રકૃતિ એ ઉત્ક્રાંતિ હોવાથી, એટલે કે એની દ્વારા એક સનાતન અને છૂપું સત્ય પોતાની જાતને ક્રમે ક્રમે બહાર લાવી રહ્યું હોવાથી એ સત્યનાં એક પછી એક બહાર આવતાં ત્રણ સ્વરૂપો એ પ્રકૃતિનાં આરોહણનાં ત્રણ પગલાં છે; આમ હોવાથી આપણાં બધાં કાર્યોનો આધાર, ત્રણ શક્યતાઓ ઉપર છે. આ ત્રણ શક્યતાઓ પણ પરસ્પર આધાર રાખનારી છે. એ છે, શારીરિક જીવન, માનસિક હયાતિ, અને ગુપ્ત આધ્યાત્મિક સત્ય. આ સત્ય એ, ઉપરથી નીચે જોતાં, પહેલાં બેનું કારણ છે અને નીચેથી ઉપર જોતાં, એટલે કે ઉત્ક્રાંતિની દૃષ્ટિએ, તેમનું પરિણામ છે. એક બાજુએ શરીરને જાળવવું અને પૂર્ણ કરવું તથા મનને કૃતાર્થ કરવું અને બીજી બાજુએ પૂર્ણ બનેલ એ શરીર અને મનમાં આત્મતત્ત્વની પરાત્પર પ્રવૃત્તિઓને બહાર લાવવી એ પ્રકૃતિનું ધ્યેય છે—આપણું પણ એ જ હોવું જોઈએ. જેમ માનસિક જીવન શારીરિક જીવનને છોડી દેતું નથી પણ તેને ઊંચે લઈ જવાનો અને તેનો વધારે સારો ઉપયોગ કરવાનો યત્ન કરે છે તે જ પ્રમાણે આધ્યાત્મિક જીવને પણ આપણી બૌદ્ધિક, ઊર્મિ–પ્રધાન સૌંદર્યલક્ષી અને પ્રાણમય પ્રવૃત્તિઓને તરછોડવાને બદલે તેમનું રૂપાંતર કરવું જોઈએ.

માણસ એ પાર્થિવ પ્રકૃતિના મસ્તક જેવો છે. આ દુનિયા ઉપર એ જ એક એવું ખોળિયું છે કે જેમાં પ્રકૃતિનો પૂર્ણ વિકાસ શક્ય છે. આ માણસનો જન્મ ત્રિવિધ જન્મ છે. સૌથી પહેલાં, તેને આ જીવતું ખોળિયું મળ્યું છે કે જેમાં શરીર એ એક આધાર છે, અને પ્રાણશક્તિ એ દિવ્ય આવિર્ભાવ માટેનું તરવરતું સાધન છે. બીજું છે, તેનું પ્રગતિશીલ મન, કે જે તેની પ્રવૃત્તિઓનું કેન્દ્ર છે અને જે પોતાને, તથા પોતાના રહેઠાણરૂપ શરીરને અને સાધનરૂપ પ્રાણને પૂર્ણ બનાવવા ઇચ્છે છે. વળી આત્મ-સાક્ષાત્કારના માર્ગે આગળ વધતાં વધતાં પોતાની અસલ પ્રકૃતિ પ્રત્યે એ જાગ્રત થઈ શકે એમ છે; અને તેની અસલિયત છે આત્મ–સ્વરૂપ; તે અસલ

સ્વરૂપે જે હતો તે જ અંતમાં થઈ રહે છે. અને એ અસલ સ્વરૂપ તે પ્રકાશ અને આનંદરૂપ આત્મા. એ આત્માએ અત્યાર સુધી છુપાવી રાખેલી પોતાની ભવ્યતાનાં આંદોલનો વડે જ પ્રાણ અને મનને છેવટે ભરી દેવાનાં છે.

માણસજાતમાં કાર્ય કરી રહેલ દિવ્ય મહાશક્તિની યોજના આવી જાતની હોવાથી આપણા જીવનનું ધ્યેય અને જીવન ગાળવાની આપણી પદ્ધતિ એ બંનેનો આધાર આ ત્રણ તત્ત્વોના એકબીજાની ઉપર થતા કાર્ય ઉપર જ હોઈ શકે. પ્રકૃતિએ આ ત્રણ તત્ત્વોને અલગ અલગ આકાર આપેલો હોવાથી માણસે આ ત્રણ જાતની જિંદગીમાંથી પોતાની પસંદગી કરવાની છે: સામાન્ય ભૌતિક હયાતિ, અથવા માનસિક કાર્યોવાળું જીવન, કે પછી, કદી વિકાર નહિ પામતો આત્માનો આનંદ. પણ માણસ વધારે આગળ વધીને આ ત્રણેયને એકત્રિત કરી શકે છે; તેમની વચ્ચે આજે જે બેસૂરતા છે તેને પલટીને તેમને એકરાગ બનાવી શકે છે અને એમ કરીને પોતાની જાતમાં દેવનું, સંપૂર્ણ માનવનું સર્જન કરી શકે છે.

સામાન્ય પ્રકૃતિમાં આ દરેકને પોતપોતાની ખાસિયત છે અને નિર્માણ તરફ ધકેલતી પોતપોતાની વિશિષ્ટ શક્તિ છે.

શારીરિક જીવનમાં પ્રકૃતિની જે શક્તિ કાર્ય કરે છે તેની વિશિષ્ટતા એ છે કે એ પ્રગતિ કરવા કરતાં મંડ્યા રહેવાનું, વળગી રહેવાનું વધારે પસંદ કરે છે, અને દરેક યોનિનો પોતાનો વિકાસ કરી આપવાને બદલે પુનરાવર્તન કર્યા કરવાનું વધારે પસંદ કરે છે. અલબત્ત એક પ્રકારમાંથી બીજા પ્રકારનું જીવન વિકાસ પામે છે, દા. ત. વનસ્પતિમાંથી પ્રાણી અને પ્રાણીમાંથી માનવ. પણ એકવાર એક યોનિ અલગ રીતે હયાતિમાં આવી જાય પછી સતત પુનરુત્પાદનનો આશરો લઈને તેને ટકાવી રાખવામાં જ પ્રકૃતિ મશગૂલ થઈ જતી જણાય છે.

જીવન હમેશાં અમરતા ઝંખે છે. પણ દરેક વ્યક્તિગત સર્જન નાશવંત છે, અને સર્જનહારના મનમાંના તેને માટેના ખ્યાલ એ જ માત્ર નિત્ય છે (કારણકે ત્યાં તેનો કદી ય નાશ થતો નથી), એટલે સ્થૂળ અમરતા સાચવવા માટે આવા સતત પુનરુત્પાદન સિવાય બીજો ઉપાય નથી. સ્થૂળ યોનિઓમાં જાતનું સંરક્ષણ, પુનરુત્પાદન, અને વંશવૃદ્ધિની સહજ-વૃત્તિઓ એટલે જ આગળ પડતી રહેલી છે.

શુદ્ધ મન નામના તત્ત્વમાં જે શક્તિ કાર્ય કરી રહેલી છે તેની ખાસિયત છે ફેરફાર. અને મન જેમ જેમ વધારે ઉન્નત અને વધારે વ્યવસ્થિત થતું જાય છે તેમ તેમ તેનો આ ધર્મ કેટલીક વિશિષ્ટતાઓ રૂપે વધારે ને વધારે

સ્પષ્ટ થતો જાય છે. એ સતત વિસ્તાર કરતું રહે છે, સુધારાઓ કરતું રહે છે, જે કાંઈ મળે છે તેને વધારે ને વધારે સારી રીતે ગોઠવતું જાય છે અને એ રીતે વસ્તુઓને પૂર્ણ બનાવતું જાય છે; શરૂઆતમાં પૂર્ણતા નાની અને સાદી હોય છે. તેને સતત વિકસાવવાને એ મોટી અને અટપટી બનાવ્યે જ જાય છે. શારીરિક જીવન બહુ મર્યાદિત છે. પણ મનનું ક્ષેત્ર તો અનંત છે, તેનો વિસ્તાર વધાર્યો વધી શકે તેવો છે, અને તેણે ઘડેલા ઘાટ સહેલાઈથી બદલી શકાય તેવા હોય છે. એટલે મનની સહજ-વૃત્તિઓ છે ફેરફાર, જાતનો વિસ્તાર અને જાતની સુધારણા. તે શ્રદ્ધા રાખે છે પૂર્ણતામાં. તેનો મુદ્રાલેખ છે પ્રગતિ.

આત્માનો વિશિષ્ટ ધર્મ છે સ્વયંસિદ્ધ પૂર્ણતા અને અવિકારી અનંતતા. અમરતા એ જીવનનું ધ્યેય છે; પૂર્ણતા એ મનનું લક્ષ્ય છે; પણ આ અમરતા અને પૂર્ણતા એ બંને તો આત્મામાં કાયમ માટે વસી રહેલાં છે,—એ તો તેના પોતાના નિજી ગુણધર્મ છે. આથી જ જે સનાતન છે, જે નિત્ય છે (એટલે કે જે વસ્તુમાત્રમાં, અને વસ્તુઓથી પર, એકસરખો રહેલો છે), જે અવિકારી છે (એટલે કે જે નામ-રૂપના આશ્રયે રહેલ છતાં તેમની અપૂર્ણતાઓ કે મર્યાદાઓથી બંધાએલો નથી) તેને મેળવવો, તેનો સાક્ષાત્કાર કરવો એ છે આધ્યાત્મિક જીવનનો મહિમા.

આ ત્રણેય પ્રકારનાં જીવનમાં પ્રકૃતિ વ્યક્તિગત રીતે તેમ જ સામુદાયિક રીતે કામ કરે છે. કારણકે અનંત પુરુષ વ્યક્તિ તેમ જ સમષ્ટિમાં સરખી રીતે વિલસે છે; વિરાટ રૂપે તે કુટુંબ, સમાજ, દેશ કે સમગ્ર માનવજાતિમાં પણ એકસરખો જ વિલસી રહ્યો છે. માણસ પણ આ બધામાંથી ગમે તે એક (અગર બધા જ) પ્રકારનું જીવન પસંદ કરીને પોતાનું શ્રેય જરૂર સાધી શકે; અથવા તેમની સાથે એકરૂપ થઈને તેમને ખાતર જીવી શકે; અથવા તો આ વિરાટ વિશ્વનું સાચું દર્શન પામીને અંગત સાક્ષાત્કારો અને સામુદાયિક ધ્યેય એ બંનેનો મેળ પણ મેળવી શકે. આત્મા જ્યાં સુધી આ વિશ્વમાં હોય ત્યાં સુધી પરમાત્મા સાથે તેનો સાચો સંબંધ કેવો હોય? તે 'હું તો અલગ અને સ્વતંત્ર છું' એવો અહંકાર ના કરી શકે કે ન તો એ પોતાની જાતનો અવ્યક્ત ભગવાનમાં લોપ કરી શકે. ઊલટાનો, તે પોતાની, વિશ્વની અને પરમાત્માની એકતાનો સાક્ષાત્કાર કરે અને એ ત્રણેયને એકરૂપ બનાવે. એ જ પ્રમાણે માણસનો, એક વ્યક્તિ તરીકે, સમુદાય સાથે સાચો સંબંધ કેવો હોય? પોતાના જાતિ-બંધુઓનો વિચાર કર્યા વિના, અહંતાપૂર્વક પોતાની અંગત ભૌતિક કે માનસિક પ્રગતિ

માટે, અથવા આધ્યાત્મિક મોક્ષ માટે, મચ્યા રહેવું એ સાચો સંબંધ નથી. સમાજને ખાતર પોતાના અંગત વિકાસને રૂંધી રાખવો કે જતો કરવો એ પણ સાચો સંબંધ નથી, પણ પોતાની ઉત્તમ અને પૂરેપૂરી શકયતાઓને પોતામાં સિદ્ધ કરવી અને તેમને પોતાની આજુબાજુ તન, મન અને અન્ય સર્વ રીતે વહેવડાવવી કે જેથી કરીને, સમગ્ર માનવજાતિ પોતાની પરમ પ્રતિભાઓને પ્રાપ્ત કરવાના માર્ગે આગળ વધી શકે, એ જ સાચો સંબંધ છે.

પ્રકૃતિએ પ્રાણશક્તિને માટે જે લક્ષ્ય રાખેલું છે તેને ગમે તેમ કરીને પાર પાડવું એ જ આપણા સામાન્ય ભૌતિક જીવનનો આશય હોય એ સ્વાભાવિક છે. જીવવું, ગમે તેમ કરીને જીવવું, જિંદગીભર જે કાંઈ એશ-આરામ અને મોજમજાહ મળી રહે તે ભોગવી લેવાં, અને જીવ્યે જવું એ છે સ્થૂળ માનવના જીવનનો આશય. તે તેનો આ આશય જરા જતો કરે ખરો, પણ તે ક્યારે કે જ્યારે પ્રજોત્પત્તિ અને કુટુંબ, જાતિ કે સમાજના સંરક્ષણની સહજ-વૃત્તિઓ પ્રકૃતિ તેની અંદર આગળ પડતી કરે. પોતાની જાત અને ઘરને સંભાળવાં, તથા સમાજ અને દેશની રૂઢિઓ સાચવવી એ છે ભૌતિક જીવનનું બંધારણ. આથી પ્રકૃતિને જે ભારે લાભ થાય છે તે તો દેખીતો જ છે; અને તેથી જ માણસ કે જે પ્રકૃતિનો પ્રતિનિધિ છે તેની આટલી બધી અગત્ય છે; પ્રકૃતિએ જે ઇમારત ઊભી કરી છે તેને તે સલામત રાખે છે અને તેણે જે સિદ્ધિઓ સ્થાપી આપી છે તેને તે બરાબર સાચવે છે, ચાલુ રાખે છે.

પણ આ ઉપયોગિતાને લીધે જ આવા માણસો અને તેમનું જીવન ક્ષુલ્લક થઈ જાય છે! તેઓ સાંકડા મનના, રૂઢિચુસ્ત અને ભૌતિકતાના ગુલામ થઈ જાય છે. ચાલુ આવતું જીવન, જૂના રીતરિવાજો, બાપદાદાના વખતના વિચારો અને ટેવો – આ બધું થઈ પડે છે તેમના શ્વાસ અને પ્રાણ. ભૂતકાળમાં તેમની ઉપર ઠોકી બેસાડવામાં આવેલા પ્રગતિશીલ વિચારનો તેઓ સ્વીકાર કરે છે અને તેમનો જોરદાર બચાવ પણ કરે છે. પણ એવા જ પ્રગતિશીલ વિચારો અત્યારે રજૂ થાય તો તેની સામે તેઓ એવા જ જોરશોરથી મોરચા માંડે છે! કારણકે ભૌતિક માણસના હિસાબે આજના પ્રગતિશીલ વિચારકો એટલે હવાઈ કિલ્લા બાંધનારા શેખચલ્લી અને પાગલ! એવા ઘણા દાખલાઓ નોંધાએલા છે કે જેમાં જીવતા સાધુસંતોને પથરા મારીને મારી નાખનાર લોકો તેમના મૃત્યુ પછી તેમને પૂજવા મંડ્યા હોય. આવા લોકો પ્રકૃતિના આ સહજ અને બુદ્ધિવિહીન તત્ત્વની જીવતીજાગતી મૂર્તિ હોય છે. જૂના સમયમાં ભારતમાં સામાન્ય માણસ અને દ્વિજ (એટલે કે

બે વાર જન્મેલ) વચ્ચે ભેદ કરવામાં આવતો. તેમાંના સામાન્ય માણુસો આવા હોય છે. તેઓ પ્રકૃતિનાં ઉચ્ચ કાર્યો માટે નીચેનો પાયો સાબૂત કરી રાખે છે. પણુ દ્વિજત્વમાં જે ભવ્યતા છે તેનાં બારણાં તેમના માટે સહેલાઈથી ખૂલતાં નથી.

છતાં, આવા લોકો ય આધ્યાત્મિકતાનો સ્વીકાર કરે છે, પણુ એ તો, ભૂતકાળના કોઈ મહાન ધાર્મિક જુવાળને લીધે તેમના ચીલાચાલુ માનસને પરાણે સ્વીકારવો પડ્યો હોય તેટલો જ. તેઓ પોતાની સમાજ વ્યવસ્થામાં પૂજારીઓ અને ધાર્મિક પંડિતોને આદરપાત્ર સ્થાન આપે છે, (પણુ એ સ્થાન કાંઈ હમેશાં અસરકારક નથી હોતું.) પણુ એ એટલા જ માટે કે તે પૂજારીઓ અને ધાર્મિક પંડિતો તેમને, ભારે ના પડે એવું સામાન્ય આધ્યાત્મિક ભાથું બંધાવી આપે! પણુ જો કોઈ માણુસ આધ્યાત્મિકતા અનુભવવા માટેનો કે આધ્યાત્મિક જીવન ગાળવા માટેનો પોતાનો હક્ક આગળ કરે તો તેઓ તેનો સ્વીકાર નહિ કરે—અને કરશે તો પણુ તેને—કોઈ પૂજારી જેવું સ્થાન નહિ આપે. પણુ તેને સંન્યાસીનાં ભગવાં કપડાં પહેરાવી દેશે કે જેથી તે સમાજની બહાર જઈ પોતાની ભયંકર સ્વતંત્રતા ભોગવી શકે! – અને એ એક સેવા એ કરી શકે કે વીજળીનો તાર બનીને સમાજના મહિમાવાન મહેલને આધ્યાત્મિક વીજળીનો ભોગ થતો અટકાવે!

છતાં, ભૌતિક માણુસોમાં ય જડ જેવું મન હોય છે, એ મન પર પ્રગતિ માટેની પ્રણાલી, જાગ્રત રીતે ફેરફાર કરવાની ટેવ અને જીવનના ધર્મ તરીકે ક્રમિક પ્રગતિનો રૂઢ ખ્યાલ હસાવીને તેમનાં જીવન ઠીક ઠીક પ્રગતિશીલ કરી શકાય છે. આવા પ્રયત્નોથી યુરોપમાં પ્રગતિશીલ સમાજ ઊભા કરવામાં આવ્યો છે. અને એ, મનતત્ત્વે જડ તત્ત્વ પર કરેલો એક મહાન વિજય છે. પણુ જડ પ્રકૃતિ તેનું વેર વાળ્યા વિના નથી રહેતી; કારણકે આ પ્રમાણે જે પ્રગતિ થાય છે તેનું વલણુ સ્થૂળતા અને બાહ્યતા તરફ જ રહે છે; અને વધારે ઉચ્ચ કે વધારે ઝડપી ગતિ માટેના જે પ્રયત્નો કરવામાં આવે છે તેના પરિણામે તે જલદી અને ખૂબ થાકી જાય છે અને ભડકાવે તેવા પ્રત્યાઘાતો ઊભા કરે છે.

વળી બીજી એક રીતે પણુ ભૌતિક માણુસો અને તેમના જીવનને આધ્યાત્મિકતાનો પાસ આપી શકાય છે; જીવનનાં બધાં જ અંગો અને તેની રૂઢ પ્રવૃત્તિઓને ધાર્મિક ગણુવાની ટેવ પાડવામાં આવે તો એ શક્ય બને. આવા, આધ્યાત્મિકતાના પાસવાળા સમાજો એશિયામાં ઊભા કરી શકાયા છે; અને એ છે આત્મતત્ત્વનો જડ તત્ત્વ પરનો એક મહાન વિજય. છતાં, અહીં પણુ

એક ખામી તો રહેલી જ છે; કારણકે આથી, મોટે ભાગે, માત્ર ધાર્મિક મનોવૃત્તિ જ ઘડાય છે; અને એ તો છે આધ્યાત્મિકતાનું તદ્દન બાહ્ય સ્વરૂપ. તેનાં વધારે ઉચ્ચ સ્વરૂપો (ખુદ અદ્ભુત અને સમર્થ સ્વરૂપો પણ) જો પ્રગટ થાય તો તેથી ઘણા બધા આત્માઓનાં ચિત્ત સમાજ–જીવનમાંથી ચલિત થઈ જાય છે, (એને તેથી સમાજનું પોતાનું સત્ત્વ ઓછું થાય છે); અથવા તો એવા ઓચિંતા ઉચ્ચ આંદોલનને પરિણામે સમાજ કેટલીક વખત અસ્થિર થઈ જાય છે. સાચી વાત તો એમ છે કે પાર્થિવ પ્રકૃતિના અસાધારણ વિરોધની સામે વિજયી થવા માટે માનસિક પ્રયત્નો કે આધ્યાત્મિક આવેગો, સ્વતંત્ર રીતે, પૂરતા નથી. એમ લાગે છે કે જાણે પાર્થિવ પ્રકૃતિ આ બે તત્ત્વોને પરસ્પર સહકારથી કામ કરવા માટે આગ્રહ કરી રહી છે; એમ થાય તો જ એ પોતાની હાર કબૂલ કરે અને માનવજીવનમાં સંપૂર્ણ પલટો આવે. પણ બને છે એવું કે પ્રભુના આ બે મહાન કાર્યકર્તાઓ એકબીજાને જરૂરી છૂટછાટ આપવા માટે, સામાન્ય રીતે, તૈયાર નથી હોતા.

માનસિક જીવન સૌંદર્યલક્ષી, નૈતિક અને બૌદ્ધિક પ્રવૃત્તિઓને કેન્દ્રમાં રાખે છે. મનતત્ત્વ પોતે આદર્શપ્રિય છે અને સંપૂર્ણતાને સિદ્ધ કરવા ઇચ્છે છે. સૂક્ષ્મ પુરુષ એટલે કે તેજસ્વી અંતરાત્મા એ તો કાયમનો સ્વપ્નસેવી છે.[૪] પૂર્ણ સૌંદર્ય, પૂર્ણ વ્યવહાર અને પૂર્ણ સત્ય માટેનું સ્વપ્ન, સનાતન પુરુષને માટે નવાં સ્વરૂપોની શોધ યા જૂનાંનું પુનર્જીવન, આ છે શુદ્ધ મનઃતત્ત્વનું કેન્દ્ર. પણ જડતત્ત્વના વિરોધનો સામનો કેવી રીતે કરવો એ તે નથી જાણતું અહીંયાં જ એ ગોથું ખાઈ જાય છે અને પાછું પડે છે, અહીં એ કઢંગા અખતરાઓ અજમાવે છે અને છેવટે, કાં તો તેને સંગ્રામમાંથી પીછેહઠ કરવી પડે છે અથવા તો વ્યાવહારિક પરિસ્થિતિની સામે શિર ઝુકાવવું પડે છે. હા, એ ભૌતિક જીવનની ઝીણવટભરી તપાસ કરીને અને સંગ્રામ માટેની જરૂરી શરતોનો સ્વીકાર કરીને કદાચ, સફળતા મેળવી શકે પણ એ સફળતા હશે કોઈ કૃત્રિમ યોજનાને થોડા સમય માટે લાદવામાં જ. અનંત પ્રકૃતિ આ યોજનાને કાં તો તોડીફોડીને ફેંકી દે છે, અથવા સ્વીકારી ના શકાય એવી વિકૃત કરી નાખે છે, અથવા તો પોતાની અસંમતિ દ્વારા તેને મરેલા આદર્શના મડદા જેવી સ્થિતિમાં પડતી મૂકે છે. માણસમાં રહેલ આ સ્વપ્નસેવીનાં ભાગ્યે જ કોઈ એવાં સ્વપ્નાં સિદ્ધ થયાં છે કે જેનો દુનિયાએ રાજીખુશીથી સ્વીકાર કર્યો હોય, પછીથી જેને આનંદપૂર્વક યાદ કરતી હોય, અને માણતી હોય.

---

૪. જે છે સ્વપ્નસ્થ, અંતરમાં જાગ્રત, અમૂર્તનો ભોક્તા, અને તેજસ્વી. (માણ્ડૂક્ય ઉપનિષદ્ : ૪)

જ્યારે વ્યવહારની દુનિયા અને ચિંતકના માનસની વચ્ચે બહુ મોટો ભેદ થઈ પડે છે ત્યારે, પરિણામે મન જીવનમાંથી, એક રીતે, પાછું હટી જઈને પોતે પોતાનાં ક્ષેત્રમાં વધારે મુક્ત રીતે કામ કરવા માંડે છે. પોતાનાં તેજસ્વી દર્શનોમાં રાચતા કવિ, પોતાની કલામાં મસ્ત રહેતા કલાકારો, પોતાની એકાંત કોટડીમાં બૌદ્ધિક પ્રશ્નો ઉકેલતા ચિંતકો, માત્ર પોતાના જ અભ્યાસ અને અખતરાઓની ચિંતા કરનારા અભ્યાસીઓ અને વૈજ્ઞાનિકો અગાઉ ઘણા થઈ ગયા છે અને આજે પણ કાંઈ બહુ ઓછા નહિ હોય. આ બધા છે બુદ્ધિક્ષેત્રના સંન્યાસીઓ. આ લોકોએ માનવજાતની ઘણી સેવા કરી છે. ઇતિહાસ તેનો સાક્ષી છે.

કોઈ વિશિષ્ટ પ્રવૃત્તિ માટે આવો એકાંતવાસ સ્વીકારવામાં આવ્યો હોય તો જ એ વાજબી કરે છે. બાકી તો મન જ્યારે જીવનના પ્રશ્નોમાં રસ લે છે અને તેની શકયતાઓ તેમ જ વિરોધો, એ બંનેનો સમતાપૂર્વક સ્વીકાર કરી પોતાની એક વધારે મોટી પૂર્ણતા ખાતર એનો ઉપયોગ કરે છે ત્યારે જ તેની પોતાની શક્તિ પૂરેપૂરી ખીલે છે અને તેને પોતાનું સાચું કાર્ય લાધે છે. ભૌતિક દુનિયા જે મુશ્કેલીઓ ઊભી કરે છે તેની સામે સંગ્રામ ખેડવાથી વ્યક્તિનો નૈતિક વિકાસ બરાબર પાકો થાય છે અને આચાર-વિચારના મહાન સંપ્રદાયો સ્થપાય છે; જીવનની હકીકતો સાથેના સંપર્કથી કળામાં પ્રાણ આવે છે; ચિંતકના ખ્યાલો હવાઈ મટી વિશ્વાસપાત્ર બને છે, વિજ્ઞાનીઓના સિદ્ધાંતો પ્રયોગો અને અનુભવોના પાયા પર સ્થિર થાય છે.

છતાં એમ પણ બને કે માત્ર અંગત, અને તે પણ વિકાસને ખાતર જ દુનિયા સાથેનો આવો સંપર્ક રાખવામાં આવે અને ભૌતિક જીવનના વિકાસની કે માનવજાતના ઉદ્ધારની સંપૂર્ણ અવગણના કરવામાં આવે. આવી અવગણનાની પરાકાષ્ઠા જોવા મળે છે એપિક્યુરિયન[૫] માર્ગમાં; અને સ્ટોઈક[૬] માર્ગ પણ એમાંથી કાંઈ પૂરો મુક્ત નથી; અને ખુદ પરોપકારમાં માનનારા લોકો પણ, ઘણી વાર તો, જે દુનિયાનું પોતે ભલું કરવા માગે છે તેને માટે નહિ પણ ખુદ પોતાના જ સંતોષ માટે ભલાઈનાં કામ કરતા હોય છે. આમાં રહેલી કૃતાર્થતા પણ મર્યાદિત જ હોય છે. પ્રગતિશીલ મન પૂરેપૂરું ઉમદા તો ત્યારે જ હોય છે, જ્યારે તે સમગ્ર માનવજાતને પોતાની કક્ષા સુધી

---

૫. જિંદગી માત્ર મોજમજાહ માણવા માટે જ છે એવું માનનાર એપિક્યુરિયન નામના ગ્રીક ચિંતકનો સંપ્રદાય. – અનુવાદક

૬. તિતિક્ષા અને લાગણીવિહીનતામાં માનનારો બીજો એક ગ્રીક સંપ્રદાય, કે જે એપિક્યુરિયન માર્ગથી બિલકુલ વિરોધમાં હતો. – અનુવાદક

ઊંચે લાવવાનો પ્રયત્ન કરતું હોય છે. આ કામ તે બે રીતે કરી શકે: પોતાના વિચાર અને આદર્શને છૂટા હાથે વેરીને અથવા માનવજાતના ભૌતિક જીવનને નવાં ધાર્મિક, બૌદ્ધિક, સામાજિક કે રાજકીય સ્વરૂપોમાં પલટી નાખીને. આ નવાં સ્વરૂપો એવાં હોય કે જે સત્ય, સૌંદર્ય, ન્યાય અને નીતિના, આદર્શને (અને આ આદર્શ વડે તો માનવનો આત્મા ઝળહળતો હોય છે) વધારે સાચી રીતે રજૂ કરતાં હોય. આવા પ્રયત્નોમાં નિષ્ફળતા મળે તોપણ કાંઈ વાંધો નહિ, કારણકે આવા ખાલી પ્રત્યનો પણ શક્તિ અને સર્જકતાથી ભરેલા હોય છે. જીવનને ઊંચે લઈ જવાનો જે જંગ મનતત્ત્વ ખેલે છે તેથી ખાતરી થાય છે કે મનતત્ત્વથી પણ વધારે ઊર્ધ્વ તત્ત્વનો જીવન પર વિજય થવાનો છે,–અને એ તેની શરત પણ છે.

એ ઊંચામાં ઊંચું તત્ત્વ, એટલે કે આધ્યાત્મિક સત્ય, સનાતન છે પણ તેથી કાંઈ, એ આ ક્ષણભંગુર જીવન પ્રત્યે સાવ ઉદાસીન નથી. માણસનું મન એક અણિશુદ્ધ સૌંદર્યનું સ્વપ્ન સેવે છે; પણ આધ્યાત્મિક માણસ માટે એ એક સ્વપ્ન નહિ પણ સાક્ષાત્કાર હોય છે, એક એવા પ્રેમ, સૌંદર્ય અને આનંદનો સાક્ષાત્કાર કે જે સનાતન છે, નિરપેક્ષ છે, અને જે સર્વ બાહ્ય પદાર્થોની પાછળ એકસરખો વિરાજે છે. મનનું સ્વપ્ન છે પૂર્ણ સત્ય; આધ્યાત્મિક માણસ માટે એ એક સાક્ષાત્કાર છે, એક એવો પરમ, સ્વયંભૂ, સ્વયંપ્રકાશિત, સનાતન સત્યનો સાક્ષાત્કાર કે જે પોતે નિર્વિકાર છે અને સર્વ વિકારોનો બોધ અને રહસ્ય છે, જે સર્વ પ્રગતિનું લક્ષ્ય છે. મનનું સ્વપ્ન છે આદર્શ વર્તન; આધ્યાત્મિક માણસને માટે એ એક સાક્ષાત્કાર છે, એક એવા સર્વ–શક્તિમાન અને સ્વયંપ્રેરિત ધર્મનો સાક્ષાત્કાર કે જે પદાર્થ માત્રમાં હમેશાં માટે અંતર્ગત છે અને જે આ વિશ્વમાં તાલ બનીને ધબકી રહ્યો છે. તેજસ્વી આત્મામાં જે ક્ષણિક સ્વપ્ન કે સર્જનનો સતત યત્ન છે તે, જ્ઞાતા અને ઈશ્વર એવા પરમાત્મામાં સનાતન સત્ય છે.[૭]

માનસિક જીવનને આ ભૌતિક જીવન સાથે પોતાનો મેળ મેળવવો ઘણી વાર મુશ્કેલ લાગે છે તેનું કારણ એ છે કે ભૌતિક જીવન જડ રીતે વિરોધ કર્યા જ કરે છે. તો પછી આધ્યાત્મિક તત્ત્વને તો આ દુનિયામાં જીવ્યે રાખવું કેટલું બધું મુશ્કેલ લાગે? તેને આ દુનિયા સત્યથી નહિ પણ

૭. જેમાં સચેતન જ્ઞાન ઘન–સ્વરૂપે વસે છે, જે આનંદ-મય છે અને આનંદ-ભોક્તા પણ છે, જે પ્રજ્ઞા–પૂર્ણ છે એવું, સર્વસ્વનું એ પરમ એક–ભૂત સ્વરૂપ, એ જ સર્વસ્વનો સ્વામી છે, સર્વજ્ઞ છે, અને અંતઃસ્થ પરમ ગુરુ છે. –(માણ્ડૂક્ય ઉપનિષદ્ : ૫, ૬.)

દરેક જાતનાં જુઠ્ઠાણાં અને ભ્રમથી ભરેલી લાગે છે; પ્રેમ અને સૌંદર્યથી નહિ પણ ચારે બાજુ વિસંવાદ અને કુરૂપતાથી ભરેલી લાગે છે. સાચા નીતિધર્મથી નહિ પણ હમેશાં સફળ થતા વિજયી સ્વાર્થ અને પાપથી ભરેલી લાગે છે. સંતો અને સંન્યાસીઓનું આધ્યાત્મિક જીવન જુઓ, તે સહજ રીતે જ ભૌતિક જીવનમાંથી ખસી જવાનું વલણ દેખાડે છે અને તેને કાં તો આખેઆખું અને સ્થૂળ રીતે ત્યજી દે છે અથવા તેની પાછળના તત્ત્વને વખોડી કાઢે છે. તેને લાગે છે કે આ દુનિયા તો દુષ્ટતા અને અજ્ઞાનના સામ્રાજ્ય જેવી છે અને સનાતન અને દિવ્ય તત્ત્વ એ તો ક્યાંક કોઈ દૂર દૂરના સ્વર્ગમાં જ રહેલું છે; અને એમ ના હોય તોપણ તે આ દુનિયા અને આ જીવનથી તો પર જ છે. આ અપવિત્રતાથી એ વેગળું થઈ જાય છે અને આધ્યાત્મિક સત્યને એક નિર્મળ એકાંતમાં તે ઊભું કરે છે. આ પીછેહઠથી ભૌતિક જીવનને પોતાને પણ એક અમૂલ્ય લાભ થાય છે. કારણકે તેથી, પોતાના ક્ષુદ્ર આદર્શો, હલકી કામનાઓ અને અહંતાભર્યા આત્મ-સંતોષથી તદ્દન વિરુદ્ધની એવી કોઈ બાબત જોવાની અને તેની સામે માથું ઝુકાવવાની તેને ફરજ પડે છે.

પણ આધ્યાત્મિકતા જેવી એક પરમ શક્તિનું દુનિયા માટેનું કામ આટલું બધું મર્યાદિત ના હોઈ શકે. આધ્યાત્મિક જીવન પણ ભૌતિક જીવનમાં જરૂર નીચે ઊતરી આવી શકે એટલું જ નહિ પણ પોતાની મહાન પૂર્ણતાને સિદ્ધ કરવાને માટે તેનો ઉપયોગ પણ કરી શકે. પરસ્પરવિરોધી દ્વંદ્વો અને બાહ્ય આભાસોથી પોતાની દૃષ્ટિ ગુમાવવાને બદલે એ દરેકેદરેક આભાસોમાં એક જ પ્રભુનું, એક જ સનાતન સત્ય, સૌંદર્ય, પ્રેમ અને આનંદનું દર્શન પામી શકે છે. સર્વમાં આત્મા, આત્મામાં સર્વ, અને સર્વ કાંઈ આત્માનું જ આવિષ્કરણ એ છે વેદાંત-સૂત્ર. અને એ જ છે આ ભર્યા ભર્યા અને સર્વ કાંઈનો સમાવેશ કરતા યોગની ચાવી.

માનસિક જીવનમાં કેટલીક વાર એવું બને છે કે વ્યક્તિ દુનિયા સાથે પોતાનો સંબંધ રાખે છે, પણ તે માત્ર પોતાના જ ભલા માટે, અને પોતે જેનો ઉપયોગ કરી રહ્યો છે તે દુનિયાના સામુદાયિક ઉદ્ધારની જરા પણ પરવા કર્યા વિના. આધ્યાત્મિક જીવનની બાબતમાં પણ આવું બને એ શક્ય છે. 'સર્વમાં સનાતન તત્ત્વ એકસરખું જ છે અને સનાતન તત્ત્વને માટે સર્વ કાંઈ એકસરખું જ છે, અને પોતાના અંગત સાક્ષાત્કારની સરખામણીમાં બાહ્ય કાર્ય અને તેનાં પરિણામોની કાંઈ જ કિંમત નથી, તેથી, બાહ્ય દુનિયા તરફ ઉદાસીન રહીને, આધ્યાત્મિકતાને ખાતર, કોઈ પણ સંજોગોનો અને કોઈ

પણ કાર્યનો સ્વીકાર કરવો અને પોતાનો પરમ સાક્ષાત્કાર સિદ્ધ થતાં દુનિયામાંથી નિવૃત્ત થઈ જવાની તૈયારી રાખવી' એવો આદર્શ ગીતામાં રજૂ કરવામાં આવ્યો છે એમ ઘણા લોકો સમજ્યા છે અથવા એમ પણ માનવામાં આવે છે કે 'સત્કર્મો, સેવા અને કરુણા દ્વારા આંતરિક પ્રેમ અને આનંદ તેમ જ જ્ઞાનદાન દ્વારા આંતરિક સત્ય બાહ્ય દુનિયામાં ભલે વહે, પણ એ દુનિયા તો તેની અસાધ્ય પ્રકૃતિને લીધે પાપ અને પુણ્ય, સત્ય અને અસત્ય, સુખ અને દુઃખનાં દ્વંદ્વોનું સંગ્રામ–સ્થાન જ રહેવાની છે; અને તેથી, તેના રૂપાંતર માટે પ્રયત્ન કરવાનો રહેતો નથી.

પણ પ્રગતિ એ પણ જો દુનિયાના અસ્તિત્વમાં એક મુખ્ય બાબત હોય અને ભગવાનની ક્રમિક અભિવ્યક્તિ એ પ્રકૃતિનો સાચો અર્થ હોય તો આવો મર્યાદિત ખ્યાલ પણ ભૂલ ભરેલો ઠરે છે. ભૌતિક જીવનને તેના સાચા સ્વરૂપમાં એટલે કે દિવ્ય સ્વરૂપમાં બદલી નાખવું એ આધ્યાત્મિક જીવન માટે શક્ય છે, અને એ તેનું સાચું કર્તવ્ય છે. અને તેથી જ અંગત મોક્ષ શોધનાર અને સિદ્ધ કરનાર મહાન એકાંતવાસીઓ ઉપરાંત એવા પણ ગુરુઓ દુનિયાને મળ્યા છે કે જેમણે બીજાઓને પણ મોક્ષ અપાવ્યો છે; અને સૌથી મોટી વાત તો એ છે કે આ દુનિયા ઉપર એવા તો શક્તિથી ભર્યાં ભર્યાં આત્માઓ એકસામટા ઊતરી આવે છે કે જેમને ખાતરી હોય છે કે દુનિયાની બધી જ ભૌતિક શક્તિઓને હરાવી દે તેવું પ્રબળ આત્મબળ તેમનામાં છે. તેઓ પ્રેમભરી ઝપાઝપી કરી આ દુનિયાને પકડમાં લે છે અને તે પોતે જ પોતાના રૂપાંતર માટે હા પાડે એવા પ્રયત્નો કરે છે. સામાન્ય રીતે તો, આવા પ્રયત્નો, માનવજાતિમાં માનસિક અને નૈતિક ફેરફાર કરવા ઉપર જ એકાગ્ર થયેલા હોય છે પણ તેમને વધારે વિશાળ કરી શકાય અને જીવનની રહેણીકરણી તથા સમાજ–વ્યવસ્થામાં પણ એવા ફેરફાર કરી શકાય કે જેથી કરીને તેમનાં પણ સ્વરૂપો બદલાઈ જાય અને રેલાયે જતા આત્મતત્ત્વને ઝીલવા માટે તેઓ વધારે લાયક બને. આવા પ્રયત્નો એ તો માનવ ઇતિહાસના એવા મહાન તબક્કા છે કે જે આપણને દેખાડે છે કે માનવજાતે, તેના આદર્શોમાં અને દિવ્યતા માટે તૈયાર થવાના તેના પ્રયત્નોમાં, ક્યારે ક્યારે અને કેટલી પ્રગતિ કરી છે. તેનાં બાહ્ય પરિણામો ભલે ગમે તે આવ્યાં હોય પણ આવા દરેક પ્રયત્ને પૃથ્વીને સ્વર્ગ માટે વધારે લાયક બનાવી છે અને પ્રકૃતિ જે યોગ કરી રહી છે તેમાં કીડી–વેગે ગતિ કરતી દુનિયાની ઝડપ એકદમ વધારી આપી છે.

ભારતવર્ષમાં હજાર કરતાં પણ વધારે વર્ષોથી આધ્યાત્મિક અને ભૌતિક

જીવન એકબીજાની સાથે ને સાથે રહ્યાં છે. પણ તેમણે પ્રગતિ-સાધક મનને જીવનના વિકાસ માટે તક નથી આપી. સમગ્ર જીવનની પ્રગતિ પ્રત્યે ધ્યાન આપવાને બદલે માત્ર આધ્યાત્મિક વિકાસને લક્ષમાં રાખીને સમાજના જડ તત્ત્વ સાથે જાણે કે એક જાતનો સોદો કરવામાં આવ્યો છે. અને પરિણામે, જે લોકો સંન્યાસીનાં ભગવાં કપડાં કે એવું કાંઈ બીજું ચિહ્‌ન ધારણ કરે તેમના આધ્યાત્મિક વિકાસમાં સમાજે વાંધો ના લીધો; વળી, એવું જીવન એ માણસનું અંતિમ લક્ષ્ય છે એમ પણ મનાવા લાગ્યું અને એવા લોકો આદરપાત્ર ગણાવા લાગ્યા. તે સાથે સમાજમાં એવી રીતે ધાર્મિકતા દાખલ કરવામાં આવી કે જેથી કરીને લોકોને હાલતાંચાલતાં યાદ આવ્યા કરે કે આધ્યાત્મિક જીવન એ જ સાચું જીવન છે અને એ જ જીવનનો અંતિમ હેતુ હોવો જોઈએ. પણ બીજી બાજુએ સમાજ પોતે તમોગુણી રહે અને પ્રગતિ કર્યા વિના જેમ ચાલે છે તેમ જ ચાલ્યા કરે તેમાં કાંઈ વાંધા ભરેલું ના ગણાયું. આને જ લીધે, આધ્યાત્મિકતા અને ભૌતિક જીવન વચ્ચેનો આ સોદો લગભગ અર્થહીન બની ગયો. સમાજમાં ધાર્મિકતા તો રહી પણ એ માત્ર એક ચોકઠા જેવી જ હોવાથી આધ્યાત્મિક આદર્શનું સ્મરણ તો માત્ર એક વિધિ જેવું અને ઘરેડિયું થઈ જવા લાગ્યું; તેમાંથી તેનો જીવંત ભાગ ઘસાતો ચાલ્યો. નવા ધર્મો અને સંપ્રદાયો નિયમિત આવતા રહ્યા ખરા અને તેઓ બાંધેલાં ચોકઠાંઓમાં ફેરફાર અજમાવતા રહ્યા એ પણ સાચું પણ તેનાં પરિણામે કાં તો નવી ઘરેડો આવી કે જૂની ઘરેડોમાં થોડા ફેરફારો થયા. પોતાની બુદ્ધિ વાપરીને નવી વસ્તુ સમજવાની અને તેને આચારમાં મૂકવાની ટેવ જો પાડવામાં આવી હોત તો સમાજને આ આપત્તિમાંથી બચાવી શકાત. પણ મનતત્ત્વને તો પહેલેથી જ દેશવટો અપાઈ ચૂકેલો હતો અને ભૌતિક જીવનને તો અજ્ઞાનમય અંધકારમાં પડ્યા રહેવાની છૂટ અપાઈ ગયેલી હતી, એટલે પરિણામે આધ્યાત્મિકતા અને જડતાની આ અંત વિનાની અને અર્થહીન બેવડી રાજ્યસત્તા ભારરૂપ અને દુઃખદાયક ધૂંસરી બની ગઈ. ઉપાય એક જ રહ્યો,—એમાંથી નાસી છૂટવું.

ભારતીય યોગ-માર્ગો આમાંથી કંઈક સમાધાન કાઢવા લાગ્યા. તેમણે વ્યક્તિની પૂર્ણતા અથવા મોક્ષને ધ્યેય બનાવ્યું; સામાન્ય વ્યવહારમાંથી કોઈ પણ રીતે બહાર નીકળી જવું તેને બનાવી શરત અને અંતિમ શિખર તરીકે સ્વીકાર્યો જીવનનો ત્યાગ. ગુરુઓ પોતાની વિદ્યા નાના સરખા શિષ્ય-મંડળને જ આપવા લાગ્યા; વધારે વ્યાપક પ્રયત્નો કરવા લાગ્યા તોપણ ધ્યેય તરીકે તો વ્યક્તિગત આત્માનો મોક્ષ જ રહ્યો. ગતિહીન સમાજ સાથેનો કરાર તો

લગભગ અકબંધ જ રહ્યો !

આ સમાધાન કાંઈ સાવ અર્થહીન નહોતું. એ સમયના સમાજને ધ્યાનમાં રાખતાં તે પણ ઉપયોગી હતું. તેને લીધે ભારતમાં એક એવો સમાજ બરાબર સ્થપાઈ ગયો કે જે આધ્યાત્મિકતાની સાચવણી અને આરાધનામાં બરાબર લાગી રહ્યો; ભારત એ એક એવા કિલ્લા જેવો દેશ બની ગયો કે જેમાં ઊંચામાં ઊંચો આધ્યાત્મિક–આદર્શ તેના શુદ્ધમાં શુદ્ધ સ્વરૂપે અને બાહ્ય પરિબળોના હુમલાથી જરા પણ ડગ્યા વિના, સલામત રીતે જળવાઈ રહ્યો. પણ આ તો માત્ર એક સંધિ જ થઈ, ચોખ્ખો અને બિનશરતી વિજય નહિ. ભૌતિક જીવન હારી બેઠું દિવ્ય પ્રેરણા કે જે તેના વિકાસ માટે ઉપયોગી થાત. આધ્યાત્મિક જીવને પોતાની ઉદાત્તતા અને શુદ્ધિ જાળવી રાખ્યાં ખરાં પણ એકાંતમાં ચાલ્યા જઈને; પરિણામે, દુનિયાને ઉપયોગી એવાં તેનાં પૂર્ણ સામર્થ્ય અને સેવાનો તેણે ભોગ આપ્યો. યોગીઓ અને સંન્યાસીઓના આદેશે આજ સુધી પ્રગતિશીલ તત્ત્વ, મનને તરછોડી કાઢ્યું હતું. આથી જ આજે જગતનિયંતાએ તેને કડક હુકમ કરીને ફરજ પાડી છે કે તેણે એ જ મનતત્ત્વ સાથે સંપર્ક સાધવો. આ ફરજ એટલા જ માટે પાડવામાં આવી છે કે આજ સુધી તેને જે વસ્તુની ખોટ રહી છે તે હવે ભરપાઈ થઈ જાય.

ફરીથી એકવાર આપણે એ સ્વીકારવું જ પડશે કે વ્યક્તિ એ માત્ર એક વ્યક્તિ જ નથી પણ સમગ્ર સમાજનો એક ભાગ છે, અને માત્ર વ્યક્તિગત રીતે માણસને પૂર્ણ કરવા કે મોક્ષ અપાવવા ઈશ્વરે કાંઈ આ દુનિયા સર્જી નથી. આપણે પૂરેપૂરા મુક્ત તો ત્યારે જ થઈ શકીએ જ્યારે આપણે બીજાઓને (અને આખી માનવજાતને) મુક્ત કરવા આપણી મુક્તિનો મુક્ત રીતે ઉપયોગ કરીએ. આપણી પૂર્ણતાનો પૂર્ણ ઉપયોગ એ છે કે આપણી અંદર રહેલ દિવ્ય અંશને સિદ્ધ કર્યા પછી આપણે તેને બીજાઓમાં પણ જગાડીએ, જગાડતા જઈને આખા જગતમાં તેને ફેલાવી દઈએ.

આપણે પ્રકૃતિની કાર્ય કરવાની રીત અને ઉત્ક્રાંતિનાં તેનાં ત્રણે પગલાં તપાસ્યાં હતાં. અહીં આપણે માનવજીવનમાં રહેલી ત્રિવિધ શક્યતા તપાસી. એ બંને તપાસમાં, આપણને છેવટનું અનુમાન તો એક જ મળ્યું છે. વળી, તેમાંથી આપણને યોગમાર્ગોનો સમન્વય કરવાનો હેતુ પણ પૂરેપૂરો સ્પષ્ટ થવા માંડ્યો છે.

જગતનું શિખર છે આત્મતત્ત્વ, પાયો છે પદાર્થતત્ત્વ, તેમને જોડતી કડી તે મનતત્ત્વ. આત્મતત્ત્વ સનાતન છે; મનતત્ત્વ અને પદાર્થતત્ત્વ એની

ક્રિયાઓ છે. આત્મતત્ત્વ છુપાઈને રહેલું છે; તેને છતું કરવાનું છે; મન અને શરીર તે માટેનાં સાધનો છે, આત્મા એ યોગના અધિષ્ઠાતા પ્રભુનું સ્વરૂપ છે; પોતાના એ સ્વરૂપને નામ અને રૂપવાળા આ વિશ્વમાં ફરી પ્રગટ કરવા માટે તેણે આપેલાં સાધનો છે મન અને શરીર. છૂપાં સત્યને ક્રમે ક્રમે છતાં કરતા જવાનો, દિવ્ય સ્વરૂપને સફળતાથી પ્રગટ કરતા જવાનો પ્રયાસ તે પ્રકૃતિ.

પ્રકૃતિ જે કરવા માગે છે તે યોગ કરી બતાવે છે; પ્રકૃતિ બધાને માટે કરે છે, યોગ વ્યક્તિને માટે કરે છે; પ્રકૃતિ ધીમી ઉત્ક્રાંતિ દ્વારા કરે છે, યોગ ઝડપી ક્રાંતિ દ્વારા કરે છે. પ્રકૃતિની બધી જ શક્તિઓને વેગવાળી બનાવીને, તેની બધી જ આવડતોને ઉમદા બનાવીને યોગ કાર્ય કરે છે. પ્રકૃતિ આધ્યાત્મિક જીવનનો વિકાસ કરે છે પણ મહામુશ્કેલીથી; અને તેમ કરવા જતાં વારંવાર નીચે ઊતરી પડીને તેને નીચેનાં કામ પાકાં કરતાં જવાં પડે છે; જ્યારે યોગ પોતાના ઉમદા સામર્થ્ય અને એકાગ્ર પદ્ધતિ વડે તે એકદમ સિદ્ધ જ કરી આપે છે, અને તેની સાથે સાથે તે મનને પણ પૂર્ણ કરી શકે છે એટલું જ નહિ પણ, જો પ્રકૃતિની ઇચ્છા હોય તો શરીરને પણ પૂર્ણ બનાવી શકે છે. પ્રકૃતિ પ્રભુને સ્થાપવા માગે છે પણ તે માત્ર પોતાનાં સર્જનોમાં જ; યોગ પ્રકૃતિથી ઉપર પ્રકૃતિના સ્વામી પાસે પહોંચી જાય છે, વિશ્વને ઓળંગીને પરાત્પરને પ્રાપ્ત કરે છે; અને પછી, એ પરાત્પરના પ્રકાશ અને શક્તિ લઈને, સર્વ-શક્તિમાનનો આદેશ મેળવીને તે પાછો નીચે આવી શકે છે.

પણ એ બંનેનો અંતિમ હેતુ તો એક જ છે, પ્રકૃતિ યોગને ઘેર ઘેર પહોંચતો કરશે. તેણે આજ સુધી જે ઢીલ અને ઢાંક-પિછોડા કર્યા છે તેને ભરપાઈ કરીને આ રીતે પ્રકૃતિ પોતે પોતાની જ ઉપર આખરી વિજય સ્થાપિત કરશે. આજ સુધી પ્રગતિશીલ મનને ભૌતિકશાસ્ત્રોમાં કામે લગાડીને તે આખી માનવજાતને પૂર્ણ માનસિક જીવન માટે તૈયાર કરી રહી છે. એ જ પ્રમાણે, યોગનો આશરો લઈ ને, સમગ્ર માનવજાતને તેણે ઉત્ક્રાંતિનાં આગલાં પગલાં માટે, વિજ્ઞાનમય કોષમાં "દ્વિજ" થવા માટે, આધ્યાત્મિક જીવન માટે તૈયાર કરવી જ પડશે. આજે માનસિક જીવન, ભૌતિક જીવનનો પોતાના કાર્ય માટે ઉપયોગ કરે છે અને સાથે સાથે તેને, ભૌતિક જીવનને, વધારે વિકસાવે પણ છે. તે જ પ્રમાણે આધ્યાત્મિક જીવન, માનસિક તથા ભૌતિક બંને જીવનનો ઉપયોગ કરશે અને સાથે સાથે તેમને પૂર્ણ પણ કરશે, તેમને ભગવાનને પ્રગટ કરવાનાં કારણો બનાવશે. જ્યારે આ સિદ્ધ થશે ત્યારે જ પૃથ્વી પર બની રહેશે પુરાણોએ કહેલો સત્યયુગ, કૃતયુગ,[૮] – સત્યનો યુગ,

૮. કૃત=કરેલું; સિદ્ધ.

સિદ્ધિનો યુગ. અને ત્યારે જ પ્રકૃતિ પોતાના શ્રમનો સફળ અંત જોઈ, પ્રકાશ, સુખ અને પરમાનંદમાં લીન બનશે.

આ છે વિશ્વજનની પ્રકૃતિનું સાચું રહસ્ય અવળી સમજ, અવગણના અને હલકો દુરુપયોગ-છોડીને તેને સમજવું, સ્વીકારવું અને તેનાં ઉત્તમોત્તમ કરણોનો ઉપયોગ કરી ઉત્તમોત્તમ આદર્શ સિદ્ધિ કરવા અભિપ્સા રાખવી એ રહે છે માનવીનું કાર્ય.

## પ્રકરણ : ૪

# યોગની પ્રણાલિઓ

પ્રકૃતિની ઉત્ક્રાંતિને આપણે ટૂંકામાં જોઈ; તેમાં આપણને માનવની ચેતનાના જુદા જુદા ભાગોનો સંબંધ જાણવા મળ્યો; વળી તેના આધારે કરવામાં આવતા જુદા જુદા પ્રયત્નો, તેની પાછળના હેતુઓ અને તેથી થતા લાભાલાભ પણ જોયા. યોગની જુદી જુદી પ્રણાલિઓના પાયાના સિદ્ધાંતો અને તેમની પદ્ધતિઓમાં એ જ બાબતો આપણને વારંવાર જોવા મળશે; આ બધા યોગ–માર્ગો જે જે ખાસ પદ્ધતિથી કામ કરે છે અને તેમના જે જે મુખ્ય હેતુઓ છે એ બધાને ભેગા કરીને જો આપણે તેમને મેળમાં મૂકવા માગતા હોઈએ તો, પ્રકૃતિએ જે પાયો ઊભો કર્યો છે તે જ પાયો તેમના સમન્વય માટે તદ્દન સ્વાભાવિક જણાશે; અને આપણે એ સ્વીકારવો પણ પડશે જ.

પ્રકૃતિ આખા વિશ્વમાં કાર્ય કરી રહી છે. પણ એક બાબત એવી છે કે જેમાં યોગ તેનાથી પણ આગળ નીકળી જાય છે, તેને વટાવીને તેનાથી પર થઈ જાય છે. વિશ્વજનની પ્રકૃતિનું ધ્યેય છે ઈશ્વરનું મિલન, પોતાની લીલામાં અને સર્જનમાં ઈશ્વર સાથે ઓતપ્રોત થઈ જવું, ત્યાં તેને સાક્ષાત કરવો. પણ જ્યારે યોગ તેને પોતાની પાંખે બેસાડીને ઊડવા માંડે છે ત્યારે તે પ્રકૃતિ ખુદ પોતાને જ વટાવી જાય છે અને વિશ્વથી વધારે વિશાળ અને વિશ્વલીલાથી અલિપ્ત ઊભેલા ઈશ્વરનો સાક્ષાત્કાર કરે છે. આથી જ કેટલાક લોકો એમ કહે છે કે આ, યોગનું ઊંચામાં ઊંચું જ નહિ પણ એકમાત્ર સાચું અને સ્વીકાર્ય ધ્યેય છે.

પ્રકૃતિ, આ પ્રમાણે, પોતાની ઉત્ક્રાંતિને વટાવી જાય છે એ સાચું, પણ ઉત્ક્રાંતિ દરમિયાન પોતે ઊભી કરેલી કોઈ એક વસ્તુ દ્વારા જ એ એ પ્રમાણે કરે છે. પરાત્પર આનંદ કે અવર્ણનીય નિર્વાણનો અનુભવ છેવટે તો વ્યક્તિનું હૃદય જ કરે છે, અને તે પણ પોતાના ઉચ્ચતમ અને શુદ્ધતમ ભાવોને ઊંચે ઉઠાવીને. એ જ પ્રમાણે એ પણ કોઈ વ્યક્તિનું મન જ હોય છે કે જે પોતાની સામાન્ય ક્રિયાઓને, મનથી પરના જ્ઞાનમાં પલટાવે છે,

પોતાને એ અવર્ણનીય પુરુષ તરીકે ઓળખે છે, અને એ પરાત્પર એકતામાં પોતાની જાતનો લય કરે છે. અને એ પણ હમેશાં એક વ્યક્તિ, પ્રકૃતિ વડે મર્યાદિત અને બંધાએલી વ્યક્તિ જ હોય છે કે જે અમર્યાદિત, મુક્ત અને પરાત્પર પ્રભુનો સાક્ષાત્કાર કરે છે.

યોગ કરવો જ હોય તો ત્રણ બાબતો સ્વીકારવી જ પડશે; જાણે કે ત્રણ પક્ષોની સંમતિ મેળવવી અનિવાર્ય છે. એ ત્રણ બાબતો છે : પ્રભુ, પ્રકૃતિ અને માનવ–આત્મા, અથવા, દાર્શનિક ભાષામાં, વિશ્વાતીત, વિશ્વ અને વ્યક્તિ. જો વ્યક્તિ અને પ્રકૃતિને માત્ર પોતાના જ પ્રયત્નોમાં મર્યાદિત રાખવામાં આવે તો બંને એકબીજાથી બંધાએલાં જ રહે અને પ્રકૃતિની ધીમી પ્રગતિમાં કાંઈ નોંધપાત્ર વધારો ના થઈ શકે. તેમનાથી પર, અતીત, એવા તથા પ્રકૃતિથી મુક્ત અને તેના કરતાં વધારે મહાન એવા કોઈ તત્ત્વની જરૂર રહે જ છે. આ તત્ત્વ એવું હોય કે જે પ્રકૃતિ અને આપણી ઉપર કાર્ય કરી શકે, આપણને તેની પોતાની તરફ ઉપર ખેંચી શકે અને જે વ્યક્તિના ઊર્ધ્વારોહણ માટે પ્રકૃતિની સંમતિ રાજીખુશીથી કે બળજબરીથી, મેળવી શકે.

હકીકત આ પ્રમાણે હોવાથી જ યોગના દરેકેદરેક તત્ત્વજ્ઞાનમાં ઈશ્વરનો સ્વીકાર કરવો જ પડે છે. પ્રભુ, પરમાત્મા કે ગમે તે નામે ઓળખાતો એ આ પરમ–પુરુષ, ઈશ્વર જ છે કે જેને મેળવવા માટે સાધના કરવામાં આવે છે અને જેનો પ્રકાશમય સ્પર્શ અને શક્તિ આપણને સિદ્ધિ અપાવે છે. વળી ભક્તિયોગમાં ઘણી વાર જેની ઉપર ખાસ ભાર મૂકવામાં આવે છે તેવો એક પૂરક ખ્યાલ પણ એટલો જ સાચો છે. એ પૂરક ખ્યાલ એ છે કે વ્યક્તિ જેની શોધ કરે છે એવા એક વિશ્વાતીતની એક વ્યક્તિને જેમ જરૂર છે તે જ પ્રમાણે, એ વિશ્વાતીતને પણ એક વ્યક્તિની, એક રીતે તો જરૂર છે જ,—તેના વડે શોધાવા માટે. જો ભક્ત ભગવાનને શોધે છે અને ઝંખે છે તો ભગવાન પણ ભક્તને શોધે છે અને ઝંખે છે. જ્ઞાન શોધતો માનવ, તે જેનું જ્ઞાન મેળવવા માગે છે તે, એટલે કે જ્ઞેય અને વિશ્વમાં કાર્ય કરી રહેલી જ્ઞાન–શક્તિઓનો માનવ દ્વારા થતો દિવ્ય ઉપયોગ : આ ત્રણેય બાબતો ના હોય તો જ્ઞાનયોગ ના સંભવે. પ્રભુપ્રેમી માનવ, પ્રેમ અને આનંદના પરમ પાત્ર શો પ્રભુ, અને આધ્યાત્મિક, ભાવાત્મક અને રસાત્મક આનંદ માણવા માટેની વિશ્વમાં કાર્ય કરતી શક્તિઓનો વ્યક્તિ દ્વારા થતો દિવ્ય ઉપયોગ; આ ત્રણ ના હોય તો ભક્તિયોગ ના સંભવે. અને ના સંભવે કર્મયોગ જો ના હોય કર્મ–શીલ માનવ, સર્વ કર્મો અને યજ્ઞોનો સ્વીકાર કરનાર પરમ ઈશ્વરેચ્છા અને સામર્થ્ય અને કર્મની, વિશ્વમાં કાર્ય કરતી, શક્તિઓનો વ્યક્તિ દ્વારા થતો ઉપયોગ. ઊંચામાં ઊંચાં સત્યો અંગેનો

આપણો બૌદ્ધિક ખ્યાલ ભલે ગમે તેટલો અદ્વૈતવાદી હોય પણ સાધના ખાતર તો આપણે આ "ત્રય"નો સ્વીકાર કરવો જ પડે.

કારણકે વ્યક્તિગત માનવની ચેતના અને દિવ્ય ચેતના એ બેનું મિલન એ જ તો છે યોગનું હાર્દ. યોગ એટલે, પોતાની જ અસલ જાત, પોતાનાં જ નિગમ સ્થાન અને પોતાની જ વિશ્વ-વ્યાપકતા (કે જેનો આ વિશ્વની લીલામાં વિયોગ થએલો છે) તેની સાથે આપણો પોતાનો મિલાપ. આ મિલાપ થાય આપણી જાતના કોઈ પણ ભાગમાં, (અને "આપણી જાત" એટલે સંકુલ અને અટપટી રીતે તંત્રિત થએલી ચેતના). આ મિલાપ જડ તત્ત્વમાં થાય, પ્રાણમાં થાય, અથવા મનમાં થાય. જો જડ તત્ત્વમાં થાય તો શરીર દ્વારા થાય; પ્રાણમાં થાય તો નાડીતંત્રનું નિયંત્રણ કરતાં કાર્યોની અસર દ્વારા થાય; અને મનમાં થાય તો એ રીતે થાય: કાં તો ઊર્મિશીલ હૃદય, ક્રિયાશીલ ઇચ્છાતત્ત્વ અથવા સમજશીલ મનનો ઉપયોગ કરીને થાય અથવા, આખી જ માનસિક ચેતના અને તેનાં બધાં જ કાર્યોનું પરિવર્તન સાધતી એક વિશાળ રીતે થાય. એ જ પ્રમાણે માનસિક અહંકારને પલટી નાખીને વિશ્વમય કે વિશ્વાતીત સત્ય પ્રત્યે સીધેસીધા જ જાગ્રત થવાથી પણ એ મિલાપ થાય. આ પૈકી જે ભાગમાં આપણે આ મિલન કરવાનું પસંદ કરીએ તેની ઉપરથી આપણે કયા પ્રકારનો યોગ કરીએ છીએ તે નક્કી થાય.

ભારતમાં હજી આજે પણ જે જે મુખ્ય યોગ-માર્ગો હયાત છે તેના મુખ્ય મુખ્ય સિદ્ધાંતોને તપાસીએ (અને તે દરેકની ક્રિયાઓની અટપટી વિગતોમાં ના ઊતરીએ) તો આપણને જણાશે કે તે બધા જાણે કે એક સીડીનાં પગથિયાંની જેમ, ઉપર ચડતા જતા ક્રમમાં ગોઠવાએલા છે: સૌથી નીચે શરીરથી શરૂઆત કરીને, છેક ઉપર, આત્મા સીધેસીધો જ પરાત્પર અને પરમાત્માનો મિલાપ કરે એ કક્ષા સુધી, એ માર્ગો ગોઠવાએલા છે. હઠયોગ, શરીરને અને પ્રાણની ક્રિયાઓને પૂર્ણતા અને સાક્ષાત્કારનાં સાધનો તરીકે પસંદ કરે છે; તે સ્થૂળ શરીર સાથે નિસ્બત રાખે છે. રાજયોગ પોતાનાં સાધન તરીકે મનતત્ત્વ અને તેનાં વિવિધ અંગોને પસંદ કરે છે; તે સૂક્ષ્મ શરીર પર કેન્દ્રિત થએલો છે. કર્મયોગ, ભક્તિયોગ અને જ્ઞાનયોગના ત્રણ માર્ગો શરૂઆત કરે છે મનતત્ત્વના એક એક ભાગથી – સંકલ્પશક્તિ, હૃદય કે બુદ્ધિથી—; અને તે તે ભાગને સાચા રસ્તે વાળીને મુક્તિદાયક સચ્ચિદાનંદ (કે જે આધ્યાત્મિક જીવનની પ્રકૃતિ છે તેને) પ્રાપ્ત કરવા મથે છે. દરેક શરીરમાં અલગ અલગ વસતો આત્મા અને સર્વ શરીરમાં એક સાથે નિવાસ કરતો, અને છતાં નામ-રૂપથી પર એવો પરમાત્મા એ બે

વચ્ચે સીધો જ સંબંધ એ આ ત્રિમાર્ગની સાધના-પદ્ધતિ છે.

હઠયોગનું ધ્યેય છે પ્રાણ અને શરીર ઉપર વિજય. આપણું સ્થૂળ શરીર અન્નમય કોષ અને પ્રાણમય કોષનું બનેલું છે અને તેમાં પૂરતો મેળ સ્થપાઈ ગયો હોવાથી આપણી અંદરનાં બધાં કાર્યો માટે પ્રકૃતિએ તેને પાયો બનાવ્યો છે એ આપણે અગાઉ જોઈ ગયા. પ્રકૃતિએ ત્યાં જે મેળ અને સમતુલા સ્થાપી દીધી છે એ સામાન્ય, અહંપ્રધાન જીવન માટે પૂરતી છે. સામાન્ય માણસના આયુષ્ય દરમિયાન શરીરયંત્રને ચલાવવા માટે જેટલી શક્તિની જરૂર પડે તેટલી એ પૂરી પાડી શકે અને તેમાં રહેનાર વ્યક્તિને જે કાંઈ કાર્ય કરવાં હોય તથા સંજોગોને લીધે જે કાંઈ કરવાં પડે તે બધાં એ ઠીક ઠીક રીતે પાર પાડી શકે એટલી માત્રામાં જ એમાં સમતુલા મૂકવામાં આવેલી છે. હઠયોગી માટે આ માત્રા પૂરતી નથી. પ્રકૃતિએ પ્રાણ અને શરીરની સમતુલા રચવા જે બાબત ધ્યાનમાં રાખી છે તે છે વ્યક્તિગત મર્યાદા; વ્યક્તિગત મર્યાદામાં જેટલી શક્તિની જરૂર પડે તેના કરતાં વધારે શક્તિને જો આ યંત્રમાં દાખલ કરવામાં આવે તો તે સહન ના કરી શકે, વાપરી ના શકે અને કાબૂમાં પણ રાખી ના શકે. જ્યારે હઠયોગ તો આ વ્યક્તિગત મર્યાદાનું બારણું ઉઘાડી નાખી આખી વૈશ્વિક પ્રાણશક્તિને શરીરમાં દાખલ કરવા માગે છે. તેથી હઠયોગ, પ્રકૃતિએ કરેલી વ્યવસ્થામાં સુધારો કરી, એક એવી સમતુલા સ્થાપવા માગે છે કે જેથી શરીર અમર્યાદિત વૈશ્વિક પ્રાણશક્તિનાં પૂરને સહન કરી શકે, પોતામાં સમાવી શકે, અને તેને કાબૂમાં રાખીને અમર્યાદિત કાર્ય કરી શકે.

હઠયોગનાં મુખ્ય સાધનો છે આસનો અને પ્રાણાયામ. હઠયોગ દ્વારા આપણા શરીરને વૈશ્વિક પ્રાણશક્તિના સમુદ્રમાંથી શક્તિના પ્રવાહો આપવામાં આવે છે. પણ આપણું પ્રકૃત શરીર આ પ્રવાહોને સંગ્રહી શકતું નથી; તે એને બાહ્ય પ્રવૃત્તિઓમાં વેડફી નાખે છે. તેની આ નિર્બળતાની નિશાની છે તેનામાં રહેલી ચંચળતા. એટલે હઠયોગ તેનાં સંખ્યાબંધ આસનો દ્વારા સહુથી પહેલાં તો શરીરની આ ચંચળતા દૂર કરે છે. વળી તે તેને અસાધારણ આરોગ્ય, શક્તિ અને નમનીયતા આપે છે. શરીરને સામાન્ય ભૌતિક પ્રકૃતિનું દાસ બની રહેવાની ટેવ પડી ગએલી છે, અને તેના સામાન્ય વ્યવહારોની સાંકડી મર્યાદાઓમાં તે બંધાઈ રહેલું છે. હઠયોગનાં આસનો તેને આમાંથી મુક્ત બનાવી દે છે. હઠયોગની પુરાણી પ્રણાલિઓમાં હમેશાં એમ માનવામાં આવ્યું છે કે હઠયોગની આ સિદ્ધિઓ ગુરુત્વાકર્ષણને પણ, ઘણા અંશે, જીતી શકે છે. આ પછી હઠયોગી બીજી કેટલીક સહાયક છતાં અટપટી ક્રિયાઓનો

આશરો લઈને શરીરને વિશુદ્ધ અને નાડીતંત્રને નિર્મળ કરે છે. આથી, સહુથી વધારે અગત્યના પ્રાણાયામના અભ્યાસ માટે એ તૈયાર બને છે. પ્રાણાયામ એટલે શ્વાસોચ્છ્વાસનું નિયમન કરતી અથવા પ્રાણ-શક્તિને કાબૂમાં રાખતી, કસરતો; (શ્વાસોચ્છ્વાસ એ પ્રાણ-શક્તિઓનું મુખ્ય શારીરિક કાર્ય છે). પ્રાણાયામ હઠયોગીને બેવડો લાભ કરે છે. પ્રથમ તો એ શરીરની પૂર્ણતાને પાર પાડે છે અને ભૌતિક પ્રકૃતિની ઘણી બધી સામાન્ય જરૂરિયાતોમાંથી પ્રાણ-શક્તિને મુક્ત બનાવે છે તથા પ્રચંડ તંદુરસ્તી, ચિર-યૌવન અને ઘણી વાર અતિદીર્ઘ આયુષ્યને સિદ્ધ કરી આપે છે. બીજું, પ્રાણમય કુંડલિનીને એટલે કે પ્રાણકોષમાં ગૂંચળું વળીને સુષુપ્ત પડેલી પ્રાણશક્તિને, જાગૃત કરી આપે છે અને સામાન્ય માનવીને માટે જેનાં દ્વાર બંધ છે તેવાં ચેતનાનાં ક્ષેત્રો, અનુભૂતિઓની હારમાળાઓ, અને અસામાન્ય કાર્ય-શક્તિઓ હઠયોગીની સમક્ષ ખોલી આપે છે; સાથે સાથે યોગીની પાસે જે કાંઈ સામાન્ય સામર્થ્ય અને કાર્યશક્તિઓ હોય તેને અતિ-પ્રબળ બનાવી આપે છે. વળી, આ સર્વ સિદ્ધિઓને, હઠયોગની હજી પણ આગળની બીજી સહાયક પ્રક્રિયાઓ દ્વારા, આનાથી પણ વધારે બળવાન અને પ્રસ્થાપિત કરી શકાય છે.

આ પ્રમાણે હઠયોગથી આવતાં આકર્ષક પરિણામો તરત જ નજરે ચડે તેવાં છે; અને સામાન્ય માણસોને તો તે આંજી નાખે તેવાં હોય છે. છતાં, છેવટે આપણને એ પ્રશ્ન પણ થાય કે આ આટલા પ્રચંડ પરિશ્રમને અંતે આપણે શું મેળવ્યું ? પ્રકૃતિનું પોતાનું ધ્યેય એટલે કે ભૌતિક જીવનનું સંરક્ષણ, તેની વધારેમાં વધારે પૂર્ણતા, અને, અમુક અર્થમાં, ભૌતિક જીવનને વધારે સારી રીતે માણવાની શક્તિ આ બાબતોને એક અસાધારણ માત્રામાં આપણે સિદ્ધ કરી. પણ હઠયોગની નિર્બળતા એ છે કે તેની શ્રમવાળી અને મુશ્કેલ પ્રક્રિયાઓને પાર પાડવા માટે સમય અને શક્તિ એટલાં બધાં ખર્ચવાં પડે છે અને સામાન્ય માનવોના જીવનમાંથી પોતાની જાતને એટલી બધી અલગ કરી નાખવી પડે છે કે જેથી કરીને, તેના પરિણામે મળતા લાભ સામાન્ય માણસોને ના મળી શકે; અને મળે તોપણ બહુ જ મર્યાદિત રીતે મળી શકે. જો આ બધી મહેનતના બદલામાં આપણને આપણી અંદર એક બીજું જ, માનસિક અને શક્તિથી ભરપૂર, જીવન પ્રાપ્ત થાય છે તો રાજયોગ કે તંત્ર જેવા બીજા માર્ગો દ્વારા આ જ પરિણામો ઘણા ઘણા ઓછા શ્રમથી મેળવી શકાય છે. વળી, બીજી બાજુએ, જબરજસ્ત પ્રાણશક્તિ, દીર્ઘયૌવન, આરોગ્ય, દીર્ઘાયુષ્ય વગેરે ભૌતિક સિદ્ધિઓને જો આપણે દુનિયાની સમગ્ર પ્રવૃત્તિઓ માટે વાપરી ના શકતા હોઈએ, તેમાં તેને દાખલ ના કરી

શકતા હોઈએ અને સામાન્ય-જીવનમાંથી એક બાજુએ ખસી જઈને આ સિદ્ધિઓને, એ સિદ્ધિઓને જ ખાતર, એક કંજૂસની માફક અંગત રીતે જાળવી રાખવાની હોય તો તેનો કાંઈ બહુ અર્થ નથી. હઠયોગની સિદ્ધિઓ વિશાળ છે પણ તેની કિંમત બહુ મોટી છે અને ઉપયોગ બહુ ઓછો છે.

રાજયોગનું ઉડ્ડયન આના કરતાં વધારે ઊંચું છે. તેનું લક્ષ્ય છે : શરીરની નહિ, પણ મનની મુક્તિ અને પૂર્ણતા; ઊર્મિમય અને સંવેદનશીલ જીવનનો નિગ્રહ; ચિંતન અને ચેતનાનાં સમગ્ર સાધન પર પ્રભુત્વ. આ બધા વ્યાપાર જેમાંથી ઉદ્‌ભવે છે તે માનસિક ચેતનાની મૂળ વસ્તુ, એટલે કે ચિત્ત, તેની ઉપર તે એકાગ્ર થાય છે અને હઠયોગ જેમ શરીરને શુદ્ધ અને શાંત કરવાનો પ્રયત્ન કરે છે તે જ પ્રમાણે તે આ ચિત્તને શુદ્ધ અને શાંત કરવા ઇચ્છે છે. માણસની સામાન્ય હાલત જુઓ તો તેનામાં વ્યગ્રતા અને અવ્યવસ્થા પ્રવર્તે છે; તેનું રાજ્ય જાણે કે પોતાની જાત સાથે જ યુદ્ધે ચડેલું છે અથવા તો કુ-રાજ્ય થઈ પડેલું છે; કારણકે તેનો રાજા એટલે કે પુરુષ એ તેના પ્રધાનોનો એટલે કે તેની કાર્યશક્તિઓનો દાસ બની ગએલો છે; સંવેદન માટેનાં તથા કર્મો, ઊર્મિઓ અને ઉપભોગ માટેનાં કરણો કે જે તેનાં દાસ છે તે બધાંનો એ પોતે દાસ બની ગએલો છે. આ ગુલામીની જગ્યાએ સ્વરાજ્ય, "સ્વ-રાજ્ય" સ્થાપવું જ જોઈએ. તેથી, પ્રથમ તો, અવ્યવસ્થા ફેલાવનાર બળોને હરાવવા માટે, વ્યવસ્થા સ્થાપનાર બળોને મદદ કરવી જોઈએ. રાજયોગની ભૂમિકા છે એક કાળજીભર્યું આત્મ-નિયંત્રણ કે જેના વડે નિમ્ન મનને ઢસડી જતી અનિયંત્રિત પ્રવૃત્તિઓને દૂર કરીને તેમની જગાએ મનની સારી ટેવોને સ્થાપવામાં આવે છે. સદાચાર વડે, અહં-પ્રધાન પ્રવૃત્તિઓના ત્યાગ વડે, અહિંસા, પવિત્રતા અને સતત ધ્યાન વડે, તેમ જ મનોરાજ્યના સાચા સ્વામીરૂપ દિવ્ય પુરુષ તરફ વળતા જઈને મન અને હૃદયમાં પવિત્રતા, પ્રસન્નતા અને સ્વચ્છતા સ્થાપવામાં આવે છે.

આ તો માત્ર પહેલું પગથિયું છે. એટલે તેની પછી મન અને ઇન્દ્રિયોની સામાન્ય પ્રવૃત્તિઓને સંપૂર્ણપણે શાંત કરવી જ પડે કે જેથી ચેતનાના ઊર્ધ્વ સ્તરોમાં આરોહણ કરવા માટે આત્મા સ્વતંત્ર બને અને સંપૂર્ણ મુક્તિ અને પ્રભુત્વ માટેનો પાયો મળી રહે. વળી એ વાત રાજયોગના ખ્યાલ બહાર નથી રહી ગએલી કે સામાન્ય મનની નિર્બળતાઓ મોટે ભાગે આવે છે નાડીતંત્ર અને શરીર પરના તેના દાસત્વમાંથી. આથી તે હઠયોગમાંથી આસન અને પ્રાણાયામનાં સાધનોનો સ્વીકાર કરે છે; પણ તે દરેકના અનેકવિધ

અને અટપટા પ્રકારોને એવા સાદા અને સીધેસીધા અસરકારક બનાવે છે કે જેથી પોતાના તાત્કાલિક ઉદ્દેશને માટે તે પૂરતા થઈ રહે. આ પ્રમાણે તે હઠયોગની સંકુલતા અને અતિશયતામાંથી મુક્ત રહે છે અને છતાં, શરીર અને પ્રાણ પર કાબૂ મેળવવા માટે અને યોગમાં જેને કુંડલિની કહેવામાં આવે છે તે સુષુપ્ત, છતાં અસાધારણ, આંતરિક શક્તિ-ભંડારને જાગ્રત કરવા માટે તેનાં ત્વરિત અને સમર્થ સાધનોનો ઉપયોગ કરે છે. આટલું કર્યા પછી રાજયોગ સતત વ્યગ્ર રહેતા મનને સંપૂર્ણ શાંત કરવા તરફ તેની શક્તિઓને એકાગ્ર કરીને વધારે ઊંચા સ્તર પર લઈ જવા તરફ વળે છે, જેથી ક્રમે ક્રમે સમાધિ સુધી પહોંચી શકાય.

સમાધિમાં મન, પોતાની મર્યાદિત રીતે જાગ્રત રહેતી અવસ્થામાંથી પાછું હઠીને ચેતનાના વધારે મુક્ત અને વધારે ઉચ્ચ પ્રદેશોમાં જવાની શક્તિ મેળવે છે. આ સમાધિનો રાજયોગમાં બેવડો ઉપયોગ છે. પહેલાં એ બાહ્ય ચેતનાના ગૂંચવાડાઓમાંથી માનસિક વ્યાપારોને અલગ કરી નાખીને યોગીને ઊર્ધ્વમાં અતિમાનસિક સ્તરોમાં લઈ જાય છે; ત્યાં વ્યક્તિનો આત્મા પોતાની સાચી આધ્યાત્મિક અવસ્થા પ્રાપ્ત કરે છે. સાથે સાથે એ એક બીજો લાભ એ કરી આપે છે કે આ દુનિયા ઉપર પ્રભુની આદ્યશક્તિ જે કાર્ય કરી રહી છે અને તે જે રીતે થઈ રહ્યું છે તેની ઉપર પણ પોતાની ચેતનાને એકાગ્ર કરવાની શક્તિ યોગીને આપે છે. આથી, યોગી એક બાજુએ સમાધિ અવસ્થામાં પહોંચીને ઊંચામાં ઊંચું, વિશ્વથી પણ પરનું, જ્ઞાન તો મેળવે જ છે પણ, બીજી બાજુએ, પોતાની જાગ્રત અવસ્થામાં, આ દુનિયામાં તેને જે કાર્ય કરવાનું છે તેને માટે જે કાંઈ જાણવાનું જરૂરી હોય તે બધું પણ સીધે-સીધું જાણી શકે છે અને તે કરવાને માટેની સમર્થ શક્તિ પણ મેળવી શકે છે, કારણકે રાજયોગની આ સ્થાપિત પ્રણાલિનું ધ્યેય માત્ર સ્વરાજ્ય નથી; એના ધ્યેયમાં સામ્રાજ્યને પણ સ્થાન છે; માત્ર સ્વરાજ્ય (એટલે કે આપણી ચેતનાનો તેના પોતાના વિસ્તારમાંની સર્વ સ્થિતિઓ અને પ્રવૃત્તિઓ ઉપર સંપૂર્ણ કાબૂ) મેળવવાનું જ નહિ પણ સામ્રાજ્ય (એટલે કે આપણી એ ચેતનાનું બાહ્ય પ્રવૃત્તિઓ અને પરિસ્થિતિ ઉપર પર નિયંત્રણ) મેળવવાનું ધ્યેય તેણે રાખેલું છે.

હઠયોગ જો કે કામ કરે છે શરીર અને પ્રાણનાં ક્ષેત્રોમાં; અને ધ્યેય રાખે છે શારીરિક જીવન અને તેની શક્તિઓનો અસાધારણ વિકાસ કરી આપવાનું; છતાં, તે તેને વટાવી જઈને માનસિક જીવનના ક્ષેત્રમાં જઈ પહોંચે છે. એ જ પ્રમાણે રાજયોગ મનના ક્ષેત્રમાં કાર્ય કરે છે અને માનસિક

જીવનનો અસાધારણ વિકાસ અને પૂર્ણતા કરવાનું ધ્યેય રાખે છે, છતાં, તેને વટાવી જઈને છેક આધ્યાત્મિકતાના પ્રદેશમાં પહોંચી જાય છે. પણ તે સમાધિની અસામાન્ય અવસ્થા ઉપર વધારે પડતો આધાર રાખે છે; આ તેની ખામી છે. સમાધિમાં જવા માટે ભૌતિક જીવનથી અમુક અંશે વેગળા જવું પડે છે; પણ ભૌતિક જીવન તો આપણો પાયો છે; વળી એ ભૌતિક જીવનમાં જ આપણે આપણી માનસિક અને આધ્યાત્મિક સિદ્ધિઓને કામે લગાડવાની છે. વળી રાજયોગમાં, ખાસ કરીને તો આધ્યાત્મિક જીવનને સમાધિની અવસ્થા સાથે અતિશય જોડી દેવામાં આવ્યું છે. આ આધ્યાત્મિક જીવન અને તેની અનુભૂતિઓને આપણે તો જાગ્રત અવસ્થામાં અને આપણાં સામાન્ય કાર્યોમાં પૂરેપૂરાં કામે લગાડીને તેનો ઉપયોગ કરવા માગીએ છીએ. પણ રાજયોગમાં તે બધું સર્વત્ર ઊતરવા અને કબજો લેવાને બદલે આપણા સામાન્ય અનુભવોની પાછળની એક ભૂમિકા તરીકેનું ગૌણ સ્થાન લેવાનું વલણ ધરાવે છે.

રાજયોગે જે બાબત છોડી દીધી છે તેને ભક્તિ, જ્ઞાન અને કર્મનો ત્રિમાર્ગ હાથમાં લે છે. રાજયોગ પૂર્ણતા પ્રાપ્ત કરવા માટે મનના સમગ્ર તંત્રને અટપટી રીતે તૈયાર કરે છે; પણ ત્રિમાર્ગ તો માત્ર હૃદય, બુદ્ધિ અને સંકલ્પશક્તિ એ મુખ્ય અંગોને જ હાથમાં લે છે. તેમને તેમની સામાન્ય અને બાહ્ય પ્રવૃત્તિઓમાંથી વાળી લઈને તથા ભગવાન ઉપર તેમને એકાગ્ર કરીને તેમના સામાન્ય ધર્મોને બદલી નાખવાનો પ્રયાસ કરે છે. એક બીજી રીતે પણ એ રાજયોગથી જુદો પડે છે. ત્રિમાર્ગ શરીર અને મનની પૂર્ણતા તરફ ઉદાસીન રહે છે, (પૂર્ણયોગની દૃષ્ટિથી આ એક ખામી ગણાય), અને ભગવાનની પ્રાપ્તિ માટે માત્ર પવિત્રતાને જ પૂરતી ગણે છે. વળી, આ ત્રણ માર્ગોનું જે રીતે અનુસરણ થઈ રહ્યું છે તે જોતાં તેમની બીજી એક ખામી એ છે કે ભગવાનના પૂર્ણ સાક્ષાત્કારમાં બુદ્ધિ, હૃદય અને સંકલ્પશક્તિ એ ત્રણેયનો મેળ સાધવાને બદલે તેઓ માત્ર પોતાના જ એક માર્ગનો સ્વીકાર કરે છે અને બાકીના બેથી દૂર રહે છે એટલું જ નહિ પણ તેમનો લગભગ વિરોધ કરે છે.

જ્ઞાનયોગનું લક્ષ્ય છે એક અને અદ્વિતીય એવા પરમાત્માનો સાક્ષાત્કાર. તે શરૂઆત કરે છે બૌદ્ધિક ચિંતન, એટલે કે "વિચાર"થી અને આગળ વધે છે સત્યાસત્યના ભેદ, એટલે કે "વિવેક" થી. તે આંતર-અવલોકન કરે છે અને આપણાં આભાસાત્મક વિવિધ અંગોને અલગ અલગ કરીને જુએ છે. તેમાંના કોઈ પણ અંગનો પોતાની સાચી જાત તરીકે સ્વીકાર કરવાની ના

પાડે છે, અને એ સર્વને પ્રકૃતિનાં અંગો, નામરૂપાત્મક ચેતનાનાં એટલે કે "માયા"નાં સર્જનો ગણીને તેમનાથી અલગ થઈ જાય છે, તેમનો ત્યાગ કરે છે. આથી તે પોતાનું સાચું સ્વરૂપ પ્રાપ્ત કરે છે અને એ શુદ્ધ, અદ્વિતીય, અવ્યય, અક્ષર આત્મા સાથે તાદાત્મ્ય સાધે છે. આટલે આવ્યા પછી સામાન્ય રીતે એવું બને છે કે આ માર્ગનું અનુસરણ કરનાર લોકો, મોટે ભાગે, આ નામરૂપાત્મક સંસારને, માયા ગણીને, પોતાની ચેતનામાંથી દૂર કરી નાખે છે અને આત્માને કાયમ માટે પરમાત્મામાં સમાવી દે છે.

પણ પ્રકૃતિથી પર થઈ પરમાત્મા સાથે એક થવું એ જ્ઞાનયોગનું કાંઈ એક જ કે અનિવાર્ય પરિણામ નથી. કારણકે આપણે આપણો હેતુ જો જરા વધારે વિશાળ અને ઓછો અંગત રાખીને આ માર્ગ લઈએ તો આપણે વિશ્વાતીત તો થઈ જ શકીએ પણ તે વડે આ વિશ્વ પર ભગવાનનો સક્રિય વિજય પણ સ્થાપી શકીએ. આમ કરવાને માટે એ જરૂરી છે કે માત્ર આપણી પોતાની જ અંદર નહિ પણ અન્ય સહુ કોઈમાં પણ આપણને પરમાત્માનો સાક્ષાત્કાર થવો જોઈએ અને, છેવટે, એ સાક્ષાત્કાર પણ થવો જોઈએ કે આ નામરૂપાત્મક જગત એ દિવ્ય ચેતનાની પ્રકૃતિ માટે કોઈ પરાયી વસ્તુ નથી પણ તેની પોતાની જ લીલા છે. વળી, આ સાક્ષાત્કારના પાયા ઉપર હજી એક વધારે વિશાળ કાર્ય શક્ય છે. એ છે : જ્ઞાનના સર્વ પ્રકારોનું રૂપાંતર : આજે આપણી પાસે જે કાંઈ જ્ઞાન છે તે ભલેને ગમે તેટલું દુન્યવી કે સામાન્ય હોય છતાં તેને દિવ્ય ચેતનાની પ્રવૃત્તિમાં પલટી શકાય છે, અને તેનો સીધેસીધો જ ઉપયોગ કરીને, અથવા આ નામ અને રૂપની લીલા દ્વારા, એમ બંને રીતે પરમાત્માનું, એ પરમ જ્ઞેયનું દર્શન કરી શકાય છે. વળી, આવો માર્ગ સ્વીકારવામાં આવે તો, માણસજાતની બુદ્ધિ અને સમજનો જે આખો ય પ્રદેશ છે તેને દિવ્ય કક્ષા સુધી ઊંચે ઉઠાવી શકાય, તેનું આધ્યાત્મિક રૂપાંતર કરી શકાય, અને એ રીતે, વિશ્વશક્તિ આજે માણસજાતમાં જ્ઞાન માટે જે કષ્ટ ઉઠાવી રહી છે તેને સાર્થક કરી શકાય.

ભક્તિયોગનું લક્ષ્ય છે પરમ-પ્રેમ અને પરમ-આનંદનો લહાવો; અને એમ કરવા માટે એ, સાકાર પરમેશ્વર એ વિશ્વનો નાથ અને દિવ્ય પ્રેમી છે એવા ખ્યાલનો આશરો લે છે. પરિણામે એને સાક્ષાત્કાર થાય છે કે આ જગત એ પ્રભુની લીલા છે અને એમાં આપણું માનવજીવન એ એક એવી છેલ્લી ભૂમિકા છે કે જેમાં આપણે સંતાકૂકડીની રમત રમી રહ્યા છીએ. માનવજીવનના આપણા સંબંધોમાં ભાવાવેશવાળા જે કાંઈ સંબંધો હોય તે સર્વને જગતના નશ્વર સંબંધોમાંથી અલગ કરીને પ્રેમમય, સૌંદર્યમય,

આનંદમય પ્રભુ પ્રત્યે વાળવા એ છે ભક્તિયોગનો સિદ્ધાંત. ભક્તિયોગ પૂજા અને ધ્યાનનો ઉપયોગ કરે છે, પણ તે દિવ્ય સંબંધની શરૂઆત માટે અને પછીથી તેને ગાઢ બનાવવા માટે. વળી આ માર્ગ ભાવોની બાબતમાં સર્વગ્રાહી છે, તે એટલે સુધી કે ઈશ્વર સાથેના વેર કે વિરોધની પણ તે છૂટ આપે છે, આ વેર કે વિરોધના ભાવને પણ તે પ્રેમનું જ એક સ્વરૂપ,– ઉગ્ર અને વિકૃત સ્વરૂપ ગણે છે, અને તેમની દ્વારા પણ સાક્ષાત્કાર અને મોક્ષ શક્ય છે એમ માને છે. સામાન્ય રીતે ભક્તિયોગ જે રીતે અનુસરવામાં આવે છે તેના પરિણામે તે ભક્તને આ દુનિયાથી દૂર લઈ જાય છે અને જ્ઞાનવાદીના કરતાં જુદી રીતે, છતાં એ જ વિશ્વથી પર કોઈ અતીતના આનંદમાં મગ્ન કરી દે છે.

પણ, જ્ઞાનયોગની માફક અહીં ભક્તિયોગમાં પણ, આ પરિણામ કાંઈ અનિવાર્ય નથી, ભક્તિયોગની આ અપૂર્ણતા સુધારી લેવાની પહેલી ચાવી તો એના પોતાના જ સિદ્ધાંતમાંથી મળી રહે છે. તે આ રીતે : ભક્તિયોગ એમ તો કહે જ છે કે આત્મા અને પરમાત્માની વચ્ચે દિવ્યપ્રેમની લીલા ચાલી રહેલી છે. પણ સાથે સાથે એ એમ પણ સ્વીકારે છે કે પરમ પ્રેમ અને પરમઆનંદનો સાક્ષાત્કાર કરવા ભેગા થએલા ભક્તોમાં, પરસ્પર પ્રેમ અને સન્માનના જે ભાવ જાગે છે તેમાં પણ એ જ લીલા રહેલી છે. વળી ભક્તિયોગની એ અપૂર્ણતા સુધારવાની બીજી ચાવી એ છે કે ભક્તિયોગ દિવ્યપ્રેમનો સાક્ષાત્કાર માત્ર માનવ પૂરતો જ મર્યાદિત ના રાખતાં જો ભૂતમાત્ર સુધી તેને લંબાવે જ છે તો તેને હજી ય આગળ વધારીને દરેકેદરેક વસ્તુ સુધી સહેલાઈથી લંબાવી શકાય. આમ આપણે જોઈ શકીએ છીએ કે ભક્તિમાર્ગના ક્ષેત્રને વધારે વ્યાપક બનાવીને તેનો ઉપયોગ માનવીના ભાવો, સંવેદનો અને આનંદમય સ્પંદનોના સમગ્ર પ્રદેશને દિવ્ય કક્ષા સુધી ઊંચે ઉઠાવવામાં કરી શકાય, તેનું આધ્યાત્મિક રૂપાંતર કરી શકાય. અને, તો, માનવજાતિમાં પ્રેમ અને આનંદ માટે વિશ્વશક્તિ જે શ્રમ લઈ રહી છે તે સાર્થક થાય.

કર્મયોગનું લક્ષ્ય છે માનવીની દરેક પ્રવૃત્તિનું ઈશ્વરેચ્છાને સમર્પણ. તેની શરૂઆત થાય છે આપણાં કાર્યોની પાછળ રહેલ અહંપ્રધાન હેતુનો ત્યાગ કરીને, અંગત હેતુ ખાતર અથવા કોઈ દુન્યવી પરિણામને ખાતર, કર્મોનો આશ્રય લેવાનું બંધ કરીને. આવા ત્યાગથી આપણું મન અને સંકલ્પશક્તિ એવાં શુદ્ધ થાય છે કે જેથી કરીને આપણને ચોખ્ખેચોખ્ખું દેખાય છે કે આપણાં સઘળાં કામની સાચી કરનારી તો એ વિશ્વશક્તિ જ છે. અને આપણે એ પણ સ્પષ્ટ જોઈ શકીએ છીએ કે એ વિશ્વશક્તિનો સ્વામી, પ્રભુ, એ પોતે જ

આપણાં સર્વ કર્મોનો અધિષ્ઠાતા અને નિયંતા છે. આપણે એ પણ જોઈ શકીએ છીએ કે આપણું વ્યક્તિત્વ એ તો માત્ર એક બાહ્ય આવરણ, એક નિમિત્ત, એક સાધન, અથવા વધારે સાચી રીતે, કર્મ કરવા માટેનું અને સાંસારિક સંબંધ સાચવવાનું એક જાગ્રત કેન્દ્ર માત્ર છે. અને પછી, આપણાં કર્મોની પસંદગી, અને રીતિ વધારે ને વધારે જાગ્રત રીતે આ પરમ–સંકલ્પ–સ્વરૂપ પ્રભુ અને આ વિશ્વજનનીને સોંપાતી જાય છે. અને અંતે, આપણાં સર્વ કાર્યો તેમ જ તેનાં પરિણામો તેના જ હાથમાં છોડી દેવામાં આવે છે. આ સર્વની પાછળનું ધ્યેય છે માયાનાં, અને કર્મની પરંપરાનાં બંધનમાંથી આત્માની મુક્તિ. અન્ય માર્ગોની માફક આ માર્ગનો આશ્રય પણ એટલા માટે લેવામાં આવે છે કે જેથી મળે સંસારમાંથી મોક્ષ અને ઈશ્વરમાં નિર્વાણ. પણ અહીં પણ દુનિયામાંથી દૂર થવાનું આ પરિણામ કાંઈ અનિવાર્ય નથી. સર્વે શક્તિઓમાં, સર્વે બનાવોમાં, સર્વે પ્રવૃત્તિઓમાં પ્રભુનું દર્શન, અને વિશ્વમાં થઈ રહેલ કાર્યમાં આત્માનો મુક્ત અને અહંતા વિનાનો વિહાર એ પણ કર્મયોગનાં અંતિમ પરિણામો જરૂર હોઈ શકે. જો આ રીતે માર્ગનું અનુસરણ કરવામાં આવે તો માનવની સર્વ સંકલ્પ–શક્તિ અને પ્રકૃતિને દિવ્ય કક્ષા સુધી ઊંચે ઉઠાવી શકાય, તેનું આધ્યાત્મિક રૂપાંતર કરી શકાય અને તેથી માનવમાં મુક્તિ, શક્તિ અને પૂર્ણતા માટે વિશ્વશક્તિ જે શ્રમ લઈ રહી છે તે સાર્થક થાય.

સમન્વયની દૃષ્ટિથી જોતાં આ ત્રણેય માર્ગો છેવટે તો એક જ જણાશે. દિવ્ય પ્રેમ, સહજ રીતે તો, પૂર્ણ પરિચય દ્વારા આપણને આપણા પ્રિયતમના પૂર્ણ જ્ઞાન તરફ દોરી જાય અને એ રીતે એ જ્ઞાનયોગ બની રહે; અને આપણને પ્રભુની સેવા તરફ દોરી જઈને કર્મયોગ પણ બની રહે. એ જ પ્રમાણે પૂર્ણ જ્ઞાન આપણને પૂર્ણ પ્રેમ અને આનંદ તરફ તેમ જ જેને આપણે જાણ્યો છે તેનાં કાર્યોના પૂર્ણ સ્વીકાર તરફ દોરી જાય; સમર્પિત કર્મો આપણને, આપણા યજ્ઞના માલિકના પૂર્ણ પ્રેમ તરફ અને તેનાં કાર્યો અને તેના સ્વરૂપના ગુહ્યતમ જ્ઞાન સુધી દોરી જાય. આ ત્રિમાર્ગ એવો છે કે જેના અનુસરણથી, ભૂતમાત્રમાં અને સચરાચરમાં સર્વત્ર વ્યક્ત થતા એ એક અને અદ્વિતીય પ્રભુનાં જ્ઞાન, પ્રેમ અને સેવા આપણે સહજ રીતે પામી શકીએ.

## પ્રકરણ : ૫

# સમન્વય

આપણી જાતમાં છૂપી પડેલી શક્તિઓનો, શક્ય તેટલો વધારે વિકાસ કરી આપવાનું કાર્ય યોગ કરે છે. અને આપણા મુખ્ય મુખ્ય યોગમાર્ગોએ આપણી આખી ય સંકુલ જાતના કોઈ એક યા બીજા ભાગને ખાસ ધ્યાનમાં લઈને પોતાની ક્રિયાઓ તેની ઉપર કેન્દ્રિત કરેલી છે. આથી એમ લાગે છે કે જો બધા જ માર્ગોનો વિશાળ રીતે ખ્યાલ કરવામાં આવે અને તેમની ક્રિયાઓનો સમગ્ર રીતે અમલ કરવામાં આવે તો તેમનો સમન્વય થઈ જાય અને આપણને પૂર્ણ યોગની પ્રાપ્તિ થાય ખરી. પણ આ બધા યોગમાર્ગોનાં વલણ એવાં તો જુદાં ફંટાયેલાં છે, તેમની ક્રિયાઓ એવી તો વિશિષ્ટ અને અટપટી થઈ ગએલી છે અને તેમના ખ્યાલ અને પદ્ધતિઓનો એટલી બધી સદીઓથી પરસ્પર વિરોધ થતો રહ્યો છે કે તે બધાને સાચી રીતે મેળમાં લાવવાનું કામ સહેલું નથી જણાતું.

બધા યોગમાર્ગોને, જેવા છે તેવા ને તેવા જ ભેગા કરીએ તો એ સમન્વય નહિ પણ ખીચડો જ થઈ જાય. બધા જ યોગમાર્ગોને એક પછી એક એટલે કે વારાફરતી અજમાવવાનું સૂચવી શકાય. પણ આપણી ટૂંકી જિંદગી અને મર્યાદિત શક્તિઓનો ખ્યાલ કરતાં એ વાત સહેલી ના ગણાય અને તેમ કરવા જતાં શક્તિનો દુર્વ્યય થાય એ તો વધારામાં. અલબત્ત, કદીક હઠયોગ અને રાજયોગનો આ પ્રમાણે વારાફરતી અભ્યાસ કરવામાં આવે છે ખરો. વળી આધુનિક યુગમાં આપણને એક અજોડ દાખલો જોવા મળ્યો છે. એ છે સ્વામી રામકૃષ્ણ પરમહંસનું, પ્રચંડ આધ્યાત્મિક સામર્થ્યવાળું જીવન. તેમણે સહુથી પહેલાં તો સીધી જ દિવ્ય સાક્ષાત્કાર તરફ દોટ મૂકી અને જાણે કે બળાત્કારથી સ્વર્ગનું રાજ્ય ઝૂંટવી લીધું. તેમણે, તે પછી, યોગમાર્ગોને વારાફરતી અજમાવવા માંડ્યા, અને અસાધારણ ઝડપથી તે દરેકનો સાર મેળવી લીધો. પરિણામે તેમણે જોયું કે ગમે તે માર્ગ લો પણ રહસ્ય તો છેવટ એક જ છે. એ છે, પ્રભુનો સાક્ષાત્કાર, પ્રભુપદની પ્રાપ્તિ અને એ બને ત્રિવિધ રીતે : પ્રેમના બળ વડે, આપણી

અંદર મૂળથી જ આવી વસેલ આધ્યાત્મિકતાને વિવિધ અનુભૂતિઓમાં વિકસાવીને અને આંતરજ્ઞાનને સહજ રીતે વહેવા દઈ ને. પણ બધા જ કાંઈ શ્રી રામકૃષ્ણ પરમહંસ ના થઈ શકે. વળી તેમના જીવનનો એક ખાસ, અને વેળાસરનો, ઉદ્દેશ હતો. એ સમયે, અને અત્યારે પણ આખી દુનિયામાં સંપ્રદાયોના દુઃખદાયક ઝગડાઓ ચાલ્યા કરે છે. આવા સમયે એ એક મહાન આત્માએ પોતાની પ્રબળ અને નિર્ણયાત્મક અનુભૂતિ દ્વારા દુનિયાને એ સત્ય દેખાડી આપ્યું કે આ બધા સંપ્રદાયો એ તો એકમાત્ર સત્યના અંશ અને બાહ્ય સ્વરૂપો છે અને બધી જ સાધનાઓ, છેવટે તો, એક જ પરમ અનુભૂતિ તરફ દોરી જતા જુદા જુદા માર્ગો છે. ભગવાનને જાણવો, ભગવાન થવું અને ભગવાનમય બની જવું એ જ માત્ર એક જરૂરી બાબત છે; બીજું બધું જ એમાં આવી જાય છે અને એમાંથી મળી રહે છે. આ જ એક લક્ષ્ય તરફ આપણે હંકાર્યે જવાનું છે અને એની પ્રાપ્તિ થતાં જે કાંઈ ઈશ્વરેચ્છા હશે, જે કાંઈ વસ્તુઓ આકાર પામવાની હશે કે અભિવ્યક્ત થવાની હશે તે આપોઆપ આવી રહેશે.

એટલે, બધા માર્ગોને એકત્રિત કરવાથી કે વારાફરતી તેમનો અભ્યાસ કરવાથી તેમનો સમન્વય નહિ થાય. સમન્વય માટે તો સાધનાનાં બાહ્ય સ્વરૂપો જતાં કરવાં પડશે અને કોઈ એક એવો સર્વસામાન્ય સિદ્ધાંત પકડવો પડશે કે જેમાં તેમના અન્ય સર્વે સિદ્ધાંતોનો સમાવેશ થતો હોય અને યોગ્ય સ્થાને અને યોગ્ય માત્રામાં તેમનો ઉપયોગ થતો હોય. વળી એક એવી કેન્દ્રીય અને ગતિશીલ શક્તિનો આશરો લેવો પડશે કે જે તેમની પદ્ધતિઓનું સર્વસામાન્ય રહસ્ય હોય, અને, તેથી જ, જેનામાં એવું સામર્થ્ય હોય કે જે વડે તે દરેકેદરેક માર્ગની વિવિધ ખૂબીઓ અને જરૂરિયાતોને સહજ રીતે સ્વસ્થાને ગોઠવી શકે. શરૂઆતમાં, જ્યારે આપણે પ્રકૃતિની અને યોગની કાર્યપદ્ધતિઓનો તુલનાત્મક અભ્યાસ શરૂ કર્યો ત્યારે આપણું આ જ લક્ષ્ય હતું. હવે આપણે ફરીથી એ જ વાત પર આવી ગયા છીએ અને સાથે સાથે કોઈક ચોક્કસ ઉકેલની શક્યતા પણ આપણને દેખાય છે. જોખમ ખેડવાનું રહ્યું.

સૌથી પહેલાં તો આપણે એ વાત નોંધવી ઘટે કે હજી આજે પણ ભારતમાં એક એવી જાણવા જેવી પદ્ધતિ હયાત છે કે જે પોતાની શરૂઆત કરે છે પ્રકૃતિની એક મહાન અને કેન્દ્રીય સિદ્ધાંતમાંથી, પ્રકૃતિની એક મહાન અને ગતિશીલ શક્તિમાંથી. તેનો પ્રકાર સમન્વયના જેવો છે, પણ તેણે બધા યોગ-માર્ગોનો સમન્વય નથી કર્યો; એ પોતે એક સ્વતંત્ર યોગમાર્ગ જ રહ્યો છે. એ

છે તંત્રની સાધના. આ સાધનાના વિકાસમાં કેટલીક બાબતો એવી બની કે જેને લીધે બિન–તાંત્રિક લોકોમાં એ વગોવાઈ – ખાસ કરીને તો તેના વામ-માર્ગને લીધે. આ વામમાર્ગે પાપ અને પુણ્યથી પર થઈ જવામાં સંતોષ ના માન્યો; અને એ દ્વંદ્વની જગ્યાએ સહજ ધર્મવાળાં કર્મને સ્થાપવાને બદલે ભોગ ભોગવવાને, સંયમ વિના સામાજિક અનીતિ આચરવાને જાણે કે પોતાનો માર્ગ બનાવ્યો. એ ગમે તેમ, પણ મૂળમાં તો તંત્રમાર્ગ એક મહાન અને સમર્થ માર્ગ હતો જ. અને તેના મૂળભૂત સિદ્ધાંતો મોટે ભાગે ખરા હતા. તેના દક્ષિણ અને વામમાર્ગના ફાંટાની શરૂઆત પણ એક સત્ય પર જ થએલી છે. દક્ષિણ અને વામ શબ્દોનો મૂળ અર્થ જોતાં તેમનો ભેદ જ્ઞાન અને આનંદના પાયા પર રચાયો હતો. આપણી પ્રકૃતિમાં જે શક્તિઓ, તત્ત્વો અને છૂપી શક્યતાઓ પડેલી છે તેના સામર્થ્યમાં અને તેને અજમાવવામાં જો વિવેક-બુદ્ધિનો ઉપયોગ કરીને માણસની પ્રકૃતિ મુક્ત બને તો તે દક્ષિણ માર્ગ અને જો તેનો આનંદપૂર્વક સ્વીકાર કરીને મુક્ત બને તો તે વામમાર્ગ. પણ છેવટે આ બંને માર્ગોના સિદ્ધાંતો લુપ્ત થઈ ગયા, વિધિઓ વિકૃત થઈ ગઈ અને તેમનાં પોતાનાં પતન થયાં.

જો આપણે ક્રિયાઓની વાત બાજુ પર મૂકીને મુખ્ય સિદ્ધાંતની દૃષ્ટિએ જ જોઈએ તો જણાશે કે તંત્રમાર્ગ વૈદિક યોગપદ્ધતિઓથી સ્પષ્ટ રીતે જુદો પડે છે. અત્યાર સુધી આપણે જે યોગમાર્ગોની વાત કરી તે બધાના જ મૂળ સિદ્ધાંતો, એક રીતે તો વેદાન્તની ઉપર રચાએલા છે. તેમની શક્તિ જ્ઞાનમય છે. તેમની પદ્ધતિ પણ જ્ઞાનપ્રધાન છે, (જો કે એ જ્ઞાન કાંઈ હમેશાં બુદ્ધિ-પ્રધાન નથી હોતું. પણ પ્રેમ અને શ્રદ્ધામાં વ્યક્ત થતું હૃદયનું જ્ઞાન પણ હોય અથવા કર્મદ્વારા સાકાર થતું સંકલ્પશક્તિનું જ્ઞાન પણ હોય.) એ બધા જ માર્ગોમાં યોગના અધિષ્ઠાતા તરીકે તો પુરુષને જ સ્વીકારવામાં આવે છે. આ પુરુષ છે ચૈતન્યમય આત્મા કે જે જ્ઞાતા છે, સાક્ષી છે, જે મોહન છે, જે સત્તાધીશ છે. પણ તંત્રમાં અધિષ્ઠાત્રી છે—પ્રકૃતિ, શક્તિ, સમર્થ સંકલ્પ–શક્તિ, વિશ્વની નિયંતા. આ સમર્થ સંકલ્પ–શક્તિનાં ગહન રહસ્યો, તેની પદ્ધતિ, તેનું તંત્ર એ સર્વ જાણીને, તેનો પ્રયોગ કરીને તાંત્રિક સાધકો પ્રભુત્વ, પૂર્ણતા, મુક્તિ અને પરમાનંદના પોતાના ધ્યેયની સાધના કરતા. આવિર્ભાવ પામેલી પ્રકૃતિ અને તેની તરફથી આવતી મુશ્કેલીઓથી પાછા હઠવાને બદલે તેઓ તેનો સામનો કરતા, તેને પકડમાં લેતા અને તેની પર વિજય મેળવતા. પણ પ્રકૃતિનું વલણ છે તંત્રોમાં અટવાઈ જઈને મૂળ સિદ્ધાંતને ભૂલી જવાનું. તંત્રમાર્ગનું પણ એવું જ બન્યું; તંત્ર રહ્યું, સિદ્ધાંત વીસરાઈ ગયો; વિધિ

અને ગુહ્ય કર્મકાંડ બાકી રહ્યાં. આ વસ્તુઓનો યોગ્ય રીતે અભ્યાસ કરવામાં આવે તો હજી આજે પણ તે બધાં ખૂબ અસરકારક છે. પણ તેના મૂળ ધ્યેયમાં જે વિપદતા હતી તે આજે નથી રહી.

તંત્રના આ મુખ્ય સિદ્ધાંતમાં આપણને સત્યની એક બાજુ જાણવા મળે છે. એ છે, સર્વસિદ્ધાંતોનું એકમાત્ર સાધન : શક્તિ, શક્તિની આરાધના. બરાબર તેને સામેને છેડે છે વેદાન્તનો સિદ્ધાંત, તે કહે છે : શક્તિ તો માયામયી છે; અને સક્રિય પ્રકૃતિએ સર્જેલ માયામાંથી મુક્તિ મેળવવાનો માર્ગ છે નીરવ, નિશ્ચલ પુરુષની શોધ. પણ સમન્વયની નજરે જોતાં પુરુષ (જે ચૈતન્યમય આત્મા છે) એ ઈશ્વર છે અને પ્રકૃતિ (કે જે પોતે પણ આત્મસ્વરૂપ છે) એ પુરુષની ક્રિયાત્મક શક્તિ છે; પુરુષ એ અનંત, શુદ્ધ, સ્વયંભૂ સત્ છે, પ્રકૃતિ એ ચિત્ છે, પુરુષની સચેતન સત્તાની શક્તિ છે, એ પણ શુદ્ધ અને અનંત. બંને વચ્ચે સંબંધ છે નિવૃત્તિ અને પ્રવૃત્તિના બે સામસામા છેડા જેવો, શક્તિ જ્યારે સચેતન સ્વયંભૂના પરમાનંદમાં મગ્ન હોય છે ત્યારે એ નિવૃત્તિ કહેવાય છે; પુરુષ જ્યારે પોતાની શક્તિના કાર્યમાં પોતાની જાતને વહેતી મૂકે છે ત્યારે એ કહેવાય છે પ્રવૃત્તિ, સર્જન , સૃષ્ટિ. અને આવિર્ભાવનો આનંદ પણ એ જ છે. આનંદ જ વિશ્વનો, બહુત્વનો સર્જક અને આદિકારણ છે એ સાચું પણ તેની પદ્ધતિ કેવી છે? તપસ્ (એટલે કે પુરુષના ચૈતન્યની શક્તિ) પોતાનામાં જ રહેલ અનંત શક્યતાઓની ઉપર નજર નાખે છે અને એ શક્યતામાંથી વિજ્ઞાનનું સર્જન કરે છે, (વિજ્ઞાન એટલે વસ્તુઓ આવિર્ભાવ પામે તે પહેલાંનાં તેમનાં મૂળ અને સત્ય સ્વરૂપો). આ વિજ્ઞાનનો ઉદ્‌ભવ એક સર્વજ્ઞ, સર્વશક્તિમાન અને સ્વયંભૂ સત્‌માંથી થએલો હોવાથી તેને ખાતરી હોય છે કે તેનાં સત્યો સાકાર થવાનાં જ છે; અને મન, પ્રાણ અને શરીરરૂપે તેઓ જે આવિર્ભાવ પામવાનાં છે તેના સ્વભાવ અને ધર્મ પણ તેની પોતાની અંદર મૂળથી જ આવી રહેલા હોય છે. તપસ્‌માં મૂળથી જ રહેલ સર્વ શક્તિમાનપણું અને વિજ્ઞાનમાં રહેલ અનિવાર્ય કૃતાર્થતા એ જ તો છે બધા યોગમાર્ગોનો ખરેખરો પાયો. માણસમાં પણ આ બે વસ્તુઓ આવી રહેલી છે. તેમને આપણે સંકલ્પશક્તિ અને શ્રદ્ધાના નામે ઓળખીએ છીએ. સંકલ્પશક્તિ એ, આખરી વિજય પામનારી વસ્તુ છે કારણકે તેનું મૂળતત્ત્વ છે જ્ઞાન; અને શ્રદ્ધા એ છે કે સત્યનો, આવિર્ભાવ પામતાં પહેલાંના મૂળ સ્વરૂપનો, નિમ્ન પ્રકૃતિમાં પડતો પડઘો. ગીતામાં કહ્યું છે : यो यच्छ्रद्धः स एव सः । એટલે કે માણસ પોતાના વિષે જેવી શ્રદ્ધા રાખે છે, ખાતરી રાખે છે, તેવો જ તે થાય છે. આ કથનનો અર્થ પણ એ જ છે.

આપણે શરૂઆત કરીએ છીએ પ્રકૃતિથી. માનસશાસ્ત્રની દૃષ્ટિએ (અને યોગ એ પ્રયોગાત્મક એટલે કે વ્યવહારુ માનસશાસ્ત્રના સિવાય બીજું છે પણ શું ?) પ્રકૃતિ એટલે શું એ આપણે જોયું. પ્રકૃતિ એટલે પુરુષની પોતાની શક્તિ વડે તેની પોતાની જ કૃતાર્થતા. પણ પ્રકૃતિની ગતિ બે પ્રકારની છે; ઉચ્ચ અને નિમ્ન, પરા અને અપરા અથવા તો, આપણે દિવ્ય અને અદિવ્ય એવાં નામ પણ આપી શકીએ. પણ આ ભેદ, ખરેખર તો, આપણી સગવડને ખાતર જ છે, કારણકે સાચું જોતાં કોઈ પણ વસ્તુ અદિવ્ય નથી. અને જરા વધારે વિશાળ રીતે વિચાર કરીએ તો સ્વાભાવિક અને સ્વાભાવિકતાથી પર (એટલે કે ચમત્કારિક) જેવા ભેદ પણ અર્થહીન છે, માત્ર શાબ્દિક જ છે, કારણકે કોઈ પણ વસ્તુ "છે" એનો અર્થ એ કે એ સ્વાભાવિક છે. બધું જ પ્રકૃતિમાં છે અને બધું જ પ્રભુમાં છે. તોપણ વ્યાવહારિક સગવડને ખાતર તેમાં સાચો ભેદ છે જ. નિમ્ન પ્રકૃતિ (એટલે કે આજ સુધી આપણે જેનાથી પરિચિત છીએ, જેનાથી બનેલા છીએ અને, જ્યાં સુધી આપણી શ્રદ્ધામાં કાંઈ પલટો ના આવે ત્યાં સુધી જે કાંઈ રહેવાના છીએ તે પ્રકૃતિ) વસ્તુઓને મર્યાદિત રીતે જોઈને અને તેમાં ભેદ પાડીને કાર્ય કરે છે; તે અજ્ઞાનમય છે અને તેની પરાકાષ્ઠા તે અહંતામય, "હું" ના ભાનવાળું જીવન, પણ આપણે જે ઝંખી રહ્યા છીએ તે ઊર્ધ્વ પ્રકૃતિ તો મર્યાદાઓથી પર થઈને, એકતા અનુભવીને કાર્ય કરે છે; જ્ઞાન એ તેને માટે સ્વાભાવિક છે અને તેની પરાકાષ્ઠા છે દિવ્ય જીવન, ભગવાનમય જીવન. નિમ્ન પ્રકૃતિમાંથી ઊર્ધ્વ પ્રકૃતિમાં જવું તે યોગનું લક્ષ્ય છે. આમ ઉત્ક્રાન્ત થવાનો એક માર્ગ એ કે નિમ્નને છોડીને ઊર્ધ્વમાં ચાલ્યા જવું. આ સામાન્ય અને પ્રચલિત માર્ગ છે. બીજો માર્ગ છે નિમ્નનું રૂપાંતર અને તેનું ઊર્ધ્વીકરણ. પૂર્ણયોગનું લક્ષ્ય તો આ જ હોઈ શકે.

આ બેમાંથી ગમે તે લક્ષ્ય સ્વીકારીએ પણ તેને પ્રાપ્ત કરવા માટેની શરૂઆત તો નિમ્નમાંથી જ કોઈક જગ્યાએ કરવી પડે. અને દરેક યોગમાર્ગ એ જ કરે છે; તે દરેક પોતપોતાનું પ્રસ્થાન બિંદુ, કે બહાર નીકળવાનું બારણું, પસંદ કરે છે, નિમ્ન પ્રકૃતિની કોઈ અમુક ખાસ વૃત્તિઓ પસંદ કરે છે, અને પછી તેમને પ્રભુ પ્રત્યે વાળે છે, પણ આપણી અંદર પ્રકૃતિનું જે કાર્ય થઈ રહ્યું છે તે તો એક સર્વાંગી ગતિ છે; તેમાં આપણી આખી જ સંકુલ જાતનાં બધાં જ તત્ત્વો ઉપર પરિસ્થિતિની અસર થાય છે (અને પરિસ્થિતિ ઉપર તેની અસર પણ થાય છે જ). આપણું પૂરેપૂરું જીવન એ પ્રકૃતિનો યોગ છે. આપણે જે યોગ કરવા માગીએ છીએ તે પણ પ્રકૃતિનું

એક સર્વાંગી કાર્ય હોવું જ જોઈએ. તો પછી યોગી અને સામાન્ય માણસ વચ્ચે તફાવત શો ? તફાવત એટલો જ કે સામાન્ય માણસમાં જે નિમ્ન પ્રકૃતિ કાર્ય કરતી હોય છે, તે અહમ્‌માં રહીને, અને તેના વડે, કાર્ય કરતી હોય છે અને દ્વૈતનો આશરો લેતી હોય છે, પણ કાર્ય તો સર્વાંગી જ હોય છે. યોગીમાં પણ કાર્ય તો સર્વાંગી જ રહેશે અને તે પણ પ્રકૃતિનું, પણ ઊર્ધ્વ પ્રકૃતિનું, અને પ્રભુની ચેતનામાં રહીને અને તેના વડે થતું તથા અદ્વૈતનો આશરો લઈને થતું. જો દુનિયામાંથી નાસીને પ્રભુને પહોંચવું એ જ માત્ર આપણું ધ્યેય હોય તો તો, ખરેખર, સમન્વય કરવાની કાંઈ જ જરૂર નથી અને સમન્વય કરવો એ તો સમયનો દુર્વ્યય જ ગણાય. કારણકે તો પછી ઈશ્વરને પહોંચવાના જે અનેક રસ્તા છે તેમાંથી કોઈ એકાદ ટૂંકામાં ટૂંકો રસ્તો શોધી કાઢવો એ જ ડહાપણભર્યું ગણાય; અને એક જ ધ્યેય પર પહોંચાડતા અનેક રસ્તાઓને અજમાવવામાં કે તપાસવામાં વખત શા માટે બગાડવો ? પણ જો આપણી સમગ્ર જાતનું રૂપાંતર કરીને તેને પ્રભુમય બનાવવાનું આપણું ધ્યેય હોય તો સમન્વય કરવાનું જરૂરી થઈ પડે છે.

અને, તે સંજોગોમાં, આપણે જે પદ્ધતિ અખત્યાર કરવી પડશે તે આવી રહેશે : આપણી આખી જ સચેતન જાતનો પ્રભુ સાથે સંબંધ જોડવો, જોડાણ કરવું અને આપણી સમગ્ર જાતનું તે તેનામાં રૂપાંતર કરી નાખે તેટલા માટે તેને સાદ કરવો; આથી એક રીતે તો પ્રભુ પોતે જ, આપણું જ સાચું સ્વરૂપ, આપણી સાધનાનો સાધક અને આપણા યોગનો અધિષ્ઠાતા બની રહે; આ નિમ્ન વ્યક્તિત્વનો એ ઉપયોગ કરે, તેને દિવ્ય રૂપાંતર માટેનું એક કેન્દ્ર તથા તેની પોતાની જ પૂર્ણતા માટેનું એક સાધન બનાવે. હકીકતમાં તો, આપણી અંદર રહેલ તપસ્ (એટલે કે દિવ્ય પ્રકૃતિના મૂળ સ્વરૂપમાં વસી રહેલું ચેતનાનું સામર્થ્ય) આપણી સમગ્ર જાત પર દબાણ લાવે છે અને તેના પોતાના જ સાક્ષાત્કારને આકાર આપે છે. જે દિવ્ય છે, સર્વજ્ઞ છે, સર્વસ્વનો કર્તાહર્તા છે તે, જે મર્યાદિત છે, તમોમય છે તેમાં અવતરણ કરે છે, સમગ્ર નિમ્ન પ્રકૃતિને ક્રમે ક્રમે પ્રકાશિત કરે છે, સમર્થ બનાવે છે અને ક્ષુદ્ર માનુષી જ્ઞાન અને ક્ષણિક પ્રવૃત્તિની જગ્યાએ પોતાની ગતિને સ્થાપિત કરે છે.

આ પદ્ધતિનો, મનોવિજ્ઞાનની રીતે અર્થ એ થયો કે આપણો અહમ્ ક્રમે ક્રમે પોતાની જાત, પોતાનાં સમગ્ર ક્ષેત્ર અને તંત્રની સાથે અહમ્‌ના અતિક્રમને જે અહમ્‌થી પર છે તેવા પ્રભુને, અને તેના વિશાળ અને અગણિત, છતાં હમેશાં અનિવાર્ય, એવા સંચારને આધીન કરે છે. એટલું તો નક્કી જ છે કે આ કોઈ ટૂંકો માર્ગ નથી, કે નથી કોઈ સહેલી સાધના.

તેમાં તો એક અડગ શ્રદ્ધા, જબરજસ્ત હિંમત અને તેથી ય વધારે તો અતૂટ ધીરજની જરૂર પડે છે. કારણકે આ સાધનાની જે ત્રણ ભૂમિકા છે તેમાંની માત્ર છેલ્લી જ પૂરેપૂરી આનંદપૂર્ણ અને ઝડપી બની શકે છે. અહમ્‌ની પ્રભુ સાથે સંબંધ બાંધવાની મથામણ એ છે પહેલી ભૂમિકા. બીજી ભૂમિકા એ છે કે જેમાં પ્રભુ આખી જ નિમ્ન પ્રકૃતિને એવી વિશાળ અને પૂર્ણ રીતે (અને એટલે જ કષ્ટ-ભરી રીતે) તૈયાર કરે છે કે જેથી એ ઊર્ધ્વ પ્રકૃતિને ગ્રહણ કરી શકે અને તેજોમય બની જઈ શકે. ત્રીજી ભૂમિકા છે આખરી રૂપાંતર. હા, એટલું ખરું કે ભલે હમેશાં દેખાતી ના હોય અને પડદા પાછળ હોય છતાં પ્રભુની દિવ્યશક્તિ દરેક ભૂમિકામાં આપણી નિર્બળતાને સ્થાને આવી બેસતી હોય છે અને જ્યારે જ્યારે આપણી શ્રદ્ધા, હિંમત અને ધીરજ ખૂટી પડતી હોય છે ત્યારે ત્યારે આપણને ટેકો આપતી હોય છે. "મૂંગાને બોલતો કરનારી અને લંગડાને પહાડ ચડાવી દેનારી" એ જ છે. બુદ્ધિ સ્વગત થઈને જુએ છે કે એક ધર્મ તેને લાભ-ભરી ધારણા આપે છે અને એક સહાય તેને ટકાવી રાખે છે; હૃદય પોકારે છે સર્વ સ્ખલનોમાં સલામતી આપનાર સર્વસ્વના સ્વામી અને મનુષ્યના મિત્રનું કે વિશ્વજનનીનું નામ. એટલે આ માર્ગ કલ્પી ના શકાય તેવો અઘરામાં અઘરો અને છતાં, તેનાં ધ્યેય અને કાર્યના હિસાબે, સહેલામાં સહેલો અને સૌથી વધારે ખાતરીવાળો છે.

ઊર્ધ્વ પ્રકૃતિ જ્યારે નિમ્ન પ્રકૃતિ ઉપર સમગ્ર રીતે કાર્ય કરે છે ત્યારે ખાસ ધ્યાન ખેંચે એવી તેની ત્રણ વિશિષ્ટતાઓ નજરે પડે છે. પ્રથમ તો, અન્ય વિશિષ્ટ માર્ગોની માફક એ કોઈ એક જ નિશ્ચિત પદ્ધતિ કે ક્રમ પ્રમાણે કામ નથી કરતી. પણ જે જે વ્યક્તિમાં એ કામ કરે છે તે દરેકના બંધારણને, તેની પ્રકૃતિમાંથી મળી રહેતી સહાયક વસ્તુઓને, તથા શુદ્ધિ અને પૂર્ણતાના કાર્યમાં બાધારૂપ થતાં તત્ત્વોને ધ્યાનમાં લે છે અને જાણે કે છૂટા હાથે અને છૂટથી કામ કરે છે અને છતાં ધીમે ધીમે તેને વધારે ને વધારે પ્રબળ અને હેતુલક્ષી બનાવ્યે જાય છે. એટલે, જાણે કે, દરેક જણને પોતાને રસ્તે પોતાની અલગ સાધના હોય છે. છતાં પણ દરેક જણને માટે સર્વસામાન્ય એવી રૂપરેખા પણ જોઈ શકાય છે; આથી, એક નિશ્ચિત પદ્ધતિ તો નહિ જ, પણ પૂર્ણયોગનું જાણે કે શાસ્ત્ર, "સાયન્સ" રચી શકાય છે.

ઊર્ધ્વ પ્રકૃતિની કાર્ય-પદ્ધતિ સર્વગ્રાહી છે. તેની બીજી વિશિષ્ટતા એ છે કે ભૂતકાળના આપણા વિકાસને પરિણામે આપણી પ્રકૃતિ જેવી રચાએલી છે તેવી તે સ્વીકારી લે છે અને તેમાંથી કોઈ પણ અગત્યની બાબતને ફેંકી દીધા વિના તે દરેકને દિવ્ય પલટો સ્વીકારવાની ફરજ પાડે છે. આપણી અંદરની

દરેક વસ્તુને એક સર્વશક્તિમાન કિમિયાગર પકડમાં લે છે અને અત્યારના એના ગોટાળિયા સ્વરૂપને તેના અસલ અને સ્પષ્ટ સ્વરૂપમાં બદલી નાખે છે. આપણી અંદર સતત વિકાસ પામ્યે જતી એ અનુભૂતિને પરિણામે આપણે આ નિમ્ન સૃષ્ટિને સમજવા માંડીએ છીએ અને જોઈ શકીએ છીએ કે તેમાંની દરેકેદરેક વસ્તુ, ભલે ગમે તેટલી વિકૃત, મામૂલી કે હલકી કોટિની દેખાતી હોય છતાં તે દિવ્ય પ્રકૃતિના સુમેળમાં સ્થાન પામેલ કોઈક તત્ત્વ અગર કાર્યનું ઓછુંવત્તું ચૂંથાઈ ગએલું કે અપૂર્ણ રહી ગએલું સ્વરૂપ છે. વેદના એક મંત્રમાં કહ્યું છે : "જેમ લુહાર કાચા લોઢાને ઘડી ઘડીને તેમાંથી ધાર્યા આકાર બનાવે છે તેમ આપણા પૂર્વજો દેવતાઓ ઘડતા." આ વાત આપણને સમજાવા માંડે છે.

ત્રીજી વિશિષ્ટતા એ કે આપણી અંદર રહેલ દિવ્યશક્તિ યોગને પૂર્ણ બનાવવા સમગ્ર જીવનનો ઉપયોગ કરે છે. દરેક અનુભવ અને બાહ્ય દુનિયા સાથેનો દરેક સંપર્ક, ગમે તેટલો મામૂલી હોય કે ગમે તેટલો ખતરનાક હોય છતાં પણ, તેને તે કામમાં લે છે; દરેક આંતરિક અનુભૂતિ પછી એ ભયંકરમાં ભયંકર યાતના હોય કે હીનમાં હીન પતન હોય છતાં તેને તે પૂર્ણતાના પંથ પરનું એક પગથિયું બનાવે છે. અને ખોલી આપેલાં આપણાં નયનથી આપણે આપણી અંદર જોઈ શકીએ છીએ પ્રભુની પૃથ્વી પરની કાર્ય-પદ્ધતિ; તે અંધકારમાં પ્રકાશ, નિર્બળ અને પતિતની અંદર શક્તિ, શોક અને દુઃખની પાછળ આનંદ શા માટે મૂકે છે તે આપણી આગળ છતું થઈ જાય છે. આપણે જોઈ શકીએ છીએ કે નિમ્ન પ્રકૃતિમાં પ્રભુની જે કાર્ય-પદ્ધતિ છે એ જ ઊર્ધ્વમાં છે. ફરક માત્ર એટલો કે એકમાં પ્રકૃતિની અવચેતના દ્વારા રગશિયું અને તામસિક કાર્ય થાય છે જ્યારે બીજામાં તે ઝડપી અને જાગ્રત રીતે થાય છે તથા સાધન પોતે પ્રભુનો હાથ પિછાને છે અને કબૂલ રાખે છે. સમગ્ર જીવન એ પોતાની અંદર પ્રભુને છતો કરવાનો પ્રકૃતિનો યોગ છે. જે ભૂમિકાએ પ્રકૃતિનો આ પ્રયત્ન વ્યક્તિમાં સજાગ રીતે; અને તેથી યથાર્થ પરિપૂર્ણતાને માર્ગે, થવા માંડે છે તે જ છે યોગની શરૂઆત; નિમ્ન ઉત્ક્રાંતિમાં વેરવિખેર અને ઢીલીપોચી થતી હલચલ એકત્રિત અને એકાગ્ર થઈ ગતિ કરે એ જ છે યોગની શરૂઆત.

જેવી પૂર્ણ પદ્ધતિ તેવી જ પૂર્ણ સિદ્ધિ. પ્રથમ તો પ્રભુનો, દિવ્ય પુરુષનો પૂર્ણ સાક્ષાત્કાર; એ એક અને અદ્વૈતનો માત્ર તેના એકમેવ અદ્વૈતમાં જ નહિ પણ તેના બહુત્વમાં, અનેકવિધ સ્વરૂપોમાં પણ ખરો જ, કારણકે સાપેક્ષ ચેતનાને જો પૂર્ણ જ્ઞાન આપવાનું હોય તો તે પણ જરૂરી છે; માત્ર આત્મ-તત્ત્વમાં જ એકત્વ નહિ પણ સમગ્ર સૃષ્ટિમાં પ્રાણીઓ અને પ્રવૃત્તિઓની જે

અનંત બહુવિધતા છે તેમાં પણ એકત્વનો સાક્ષાત્કાર ખરો જ.

અને તેથી મુક્તિ પણ પૂર્ણ જ. માત્ર સાયુજ્ય મુક્તિ (એટલે કે વ્યક્તિનો, તેના સર્વ ભાગમાં અને સતત રીતે પ્રભુ સાથે જે સંબંધ રહે તેના પરિણામે મળતી મુક્તિ કે જે મળવાથી વ્યક્તિને પ્રભુ સાથે દ્વૈતનો, વિખૂટા હોવાનો, અનુભવ હોવા છતાં તે મુક્ત રહે છે તે) જ નહિ; વળી માત્ર સાલોક્ય મુક્તિ (કે જેના પરિણામે આખી જ સચેતન જાત પ્રભુપદમાં એટલે કે સચ્ચિદાનંદમાં નિવાસ કરે છે તે) જ નહિ પણ સાધર્મ્ય મુક્તિ પણ મળે જ છે (કે જે મળવાથી આ નિમ્ન જાત રૂપાંતર પામીને પ્રભુનું માનવ-સ્વરૂપ બને છે અને દિવ્ય પ્રકૃતિ પ્રાપ્ત થાય છે). વળી એનાથી ય આગળ વધીને એક બીજી પૂર્ણ અને અંતિમ મુક્તિ તો એ મળે છે કે જેમાં અહમ્‌ના નાશવંત ઢાળામાંથી ચેતના મુક્ત બને છે અને એક અને અદ્વિતીય પુરુષ કે જે વિશ્વ અને વ્યક્તિ બંનેમાં વ્યાપી ગએલ છે અને જે વિશ્વ અને વિશ્વોથી પણ પર પરાત્પરમાં પણ એક જ છે તેની સાથે તાદાત્મ્ય અનુભવે છે.

આ પૂર્ણ સાક્ષાત્કાર અને પૂર્ણ મુક્તિને લીધે જ્ઞાન, ભક્તિ અને કર્મનાં પરિણામોનો પણ સંપૂર્ણ સમન્વય થાય છે, કારણકે અહમ્‌માંથી સંપૂર્ણ મુક્તિ અને સર્વમાં અને સર્વથી પર, પરાત્પરમાં રહેલ એ એક અદ્વિતીયની સાથેનું તાદાત્મ્ય સિદ્ધ થએલું હોય છે. વળી, જે ચેતના આ સિદ્ધિ મેળવે છે તે કાંઈ પોતાની સિદ્ધિમાં મર્યાદિત નથી હોતી તેથી પરમ આનંદ સાથે પણ એકતા આવી મળે છે અને સર્વ ભેદોમાં પ્રેમનો સુમેળ અનુભવાય છે. આમ આપણી ઉચ્ચ ચેતનામાં એ પરમ પ્રેમી સાથે તાદાત્મ્ય રહેવા છતાં વિશ્વની લીલામાં ભાગ લઈ શકીએ છીએ. એ જ પ્રમાણે, આપણો આત્મા એવો મુક્ત બન્યો હોય છે કે જેથી દુન્યવી જીવન છોડવાની ફરજ નથી પડતી. તેથી આપણાં કાર્યોમાં તેનો પણ સમાવેશ કરી શકીએ છીએ અને અહંકાર, આસક્તિ કે કર્મના બંધનમાં પડ્યા વિના આપણાં મન અને શરીર દ્વારા દુનિયા ઉપર પ્રભુના કાર્યને મુક્ત રીતે વહેવા દઈ શકીએ છીએ.

દિવ્ય અસ્તિત્વ સ્વભાવથી જ મુક્ત છે એ સાચું પણ સાથે સાથે એ શુદ્ધ, આનંદમય અને પરિપૂર્ણ પણ છે જ. જો પૂર્ણ મુક્તિ જોઈતી હોય તો પૂર્ણ શુદ્ધિ અનિવાર્ય છે. એ પૂર્ણ શુદ્ધિ બે કામ કરે : એક તો, તેનાથી આપણે પ્રભુનું પૂર્ણ પ્રતિબિંબ આપણી અંદર ઝીલી શકીએ અને બીજું, તે જ પ્રભુનાં સત્ય અને ધર્મ આપણા સમગ્ર જીવનપાત્રને છલકાવી દે અને આપણી બાહ્ય જાતનાં અટપટાં કરણો પોતાનાં સાચાં વર્તન દ્વારા તેને બહાર વહેવડાવી શકે. અને એ પૂર્ણ શુદ્ધિનું પરિણામ એટલે પરમ આનંદની પૂર્ણતા. આ

પૂર્ણતામાં એક સાથે બેવડા આનંદની શક્યતા સમાએલી છે. એક તો આ વિશ્વમાં જે કાંઈ હયાત છે તે સર્વને પ્રભુનાં પ્રતીક તરીકે જોવાનો આનંદ અને બીજો પરાત્પરનો આનંદ. વળી આથી માનવજાતને સર્વાંગી પૂર્ણતા મળે તેને માટેની તૈયારી પણ થઈ જાય છે. આ પૂર્ણતા પ્રભુના પોતાના સ્વરૂપ પર રચાએલી હશે અને માનવ-આવિર્ભાવ માટેની શરતોના આધારે તે આકાર લેશે. આ પૂર્ણતાનો પાયો એવો હશે કે જેથી અસ્તિત્વ પોતે, તેમ જ પ્રેમ અને આનંદ, વળી જ્ઞાન, તપસ્ અને અહંકાર-રહિત કાર્ય માટેની સંકલ્પશક્તિ સમગ્ર માનવજાતમાં પ્રસરવા માટે જાણે કે સ્વતંત્રતાથી વિહાર કરશે. પૂર્ણયોગ દ્વારા આ પૂર્ણતા પણ સિદ્ધ થઈ શકે.

પૂર્ણતા એટલે મન, પ્રાણ અને શરીરની પૂર્ણતા પણ ખરી જ. એટલે માણસજાતે જે પૂર્ણયોગ છેવટે ગ્રહણ કરવાનો છે તેની વિશાળ વ્યાખ્યા પ્રમાણે તો તેમાં રાજયોગ અને હઠયોગની સિદ્ધિઓનો પણ સમાવેશ થવો જોઈએ. વધારે નહિ તો જુદા જુદા યોગ-માર્ગોને પરિણામે શરીર, પ્રાણ અને મનની સામાન્ય શક્તિઓનો જે પૂર્ણ વિકાસ અને જે જે અનુભૂતિઓ માનવજાતમાં થઈ શકે તેમ છે તે બધાં તો પૂર્ણયોગની પૂર્ણ પદ્ધતિથી, જરૂર, માનવ-જાતમાં સિદ્ધ થવાં જ જોઈએ. અને જો એ બધાંનો સમાવેશ પૂર્ણ માનસિક અને શારીરિક જીવનમાં ના થવાનો હોય તો તેમની હયાતિનો અર્થ પણ શો છે? હકીકતમાં તો આવું પૂર્ણ માનસિક અને શારીરિક જીવન એ બીજુ કાંઈ નહિ પણ આધ્યાત્મિકતાનો, માનસિક અને શારીરિક ગુણોમાં સ્વાભાવિક રીતે લેવાતો આકાર છે. આમ પ્રકૃતિનાં ત્રણ પગલાં અને તેણે વિકસાવેલી માનવજીવનની ત્રિવિધતા, એનો સમન્વય પણ આપણને મળી જ રહેશે. એટલે મુક્ત માનવ અને તેના પૂર્ણ જીવનમાં આજના આપણા પાયારૂપ ભૌતિક જીવન અને વચગાળાના કારણરૂપ માનસિક જીવનનો પણ સમાવેશ કરીશું જ.

અને જે પૂર્ણતાને માટે આપણે અભીપ્સા સેવી રહ્યા છીએ તે જો માત્ર વ્યક્તિમાં જ સિદ્ધ કરવાની હોય તો તે પૂર્ણતા સાચી તો ના જ બને પણ શક્ય પણ ના બને. દિવ્ય પૂર્ણતામાં આપણે આપણી જાતનો જે જીવન-વ્યાપી અને પ્રેમમય સાક્ષાત્કાર કરવા માગીએ છીએ તે માત્ર આપણી જ જાત દ્વારા નહિ પણ બીજા સહુની દ્વારા પણ કરવા માગીએ છીએ તે આપણે જોયું. આથી આપણી મુક્તિ અને તેનાં પરિણામોને બીજાઓમાં ફેલાવવાં એ એક અનિવાર્ય પરિણામ ગણાવું જોઈએ અને તો જ આપણી મુક્તિ અને પૂર્ણતા પૂરેપૂરી કામે લાગી ગણાય. આવા પ્રચારને માટે સતત અને ચીવટભર્યા પ્રયત્ન કરવાથી એ વધી વધીને છેવટે સમગ્ર માનવજાતને

માટે સર્વસામાન્ય થઈ જાય.

આજે આપણે ભૌતિક જીવન જીવી રહ્યા છીએ અને વ્યક્તિના તેમ જ સમાજના માનસિક અને નૈતિક વિકાસ માટે ખૂબ પ્રયત્ન કરી રહ્યા છીએ. જો તેમનો, વિશાળ અને પૂર્ણ આધ્યાત્મિકતા સાથે સમન્વય કરીને તેમને દિવ્ય બનાવી શકાય તો તે વ્યક્તિ તેમ જ માનવજાતને માટે સર્વોચ્ચ કાર્ય થયું ગણાય, એટલું જ નહિ પણ દુનિયાના બધા ધર્મોએ, આજ સુધીમાં, જુદી જુદી રીતે જે એક મહાન સ્વપ્ન સેવ્યું છે, કે અંતરમાં સ્વર્ગને સિદ્ધ કરવું અને બાહ્ય જગતમાં તે સ્વર્ગને સ્થાપવું, એ સ્વપ્ન પણ સિદ્ધ થાય.

માણસની બુદ્ધિ પરિપૂર્ણતાનો જે વિશાળમાં વિશાળ સમન્વય કરી શકે તે આ છે. અને જેમની દૃષ્ટિ જોઈ શકતી હોય કે માનવતામાં પ્રભુ છુપાઈ બેઠો છે તેવા લોકોને એ ખ્યાલ, એકાગ્ર પ્રયત્ન કરવા માટે સાદ કરી રહ્યો છે.

# ખંડ ૧લો

## દિવ્ય કર્મોનો યોગ

## પ્રકરણ : ૪

# ચાર સહાય

**યો**ગ–સિદ્ધિ એટલે યોગસાધનાના પરિણામે મળતી પરિપૂર્ણતા. એવાં ચાર મહાન સાધન છે કે જે, ભેગાં મળીને જો સહાય કરે તો યોગ-સિદ્ધિ સારામાં સારી રીતે મળે. પહેલી સહાય છે શાસ્ત્ર : એટલે કે સાક્ષાત્કાર માટે જરૂરી સત્યો, સિદ્ધાંતો, શક્તિઓ અને ક્રિયાઓનું જ્ઞાન. બીજી સહાય ઉત્સાહ : એટલે કે જ્ઞાનના આધારે, ધીરજ અને ખંતથી કરવાનું કાર્ય, આપણો પુરુષાર્થ. અને પછી છે : આપણા જ્ઞાન અને પુરુષાર્થને ઉઠાવીને આધ્યાત્મિક અનુભૂતિઓમાં દોરી જનાર ગુરુનો બોધ કે ઉપદેશ, દૃષ્ટાંત કે આચરણ, અને પ્રેરણા કે પ્રભાવ. અને છેલ્લે છે : કાલ, સમય – કારણકે, દરેક બાબત પોતપોતાની ચક્રાકાર–ગતિથી અને પ્રભુએ નક્કી કરેલા સમય પ્રમાણે આગળ વધે છે.

* * *

પૂર્ણયોગનું પરમશાસ્ત્ર એ છે, બુદ્ધિવાળી અને જીવંત એવી દરેક વ્યક્તિના હૃદયમાં છુપાઈ રહેલા સનાતન વેદ. સનાતન જ્ઞાન અને સનાતન પરિપૂર્ણતાનું કમળ આપણી અંદર એક બંધ કળીરૂપે બિડાઈ બેઠેલું છે. એક વાર માણસનું મન અનંત તરફ વળવા માંડે, એક વાર તેનું હૃદય નાશવંત વસ્તુઓના મોહના ભારમાંથી અને ઘેરામાંથી બહાર નીકળે અને તેને પ્રભુની થોડીઘણી પણ લગની લાગે એટલે આ કમળ ધીમે ધીમે, કે એકદમ, પોતાના સાક્ષાત્કારોની પાંખડીઓ એક પછી એક ખોલવા માંડે છે. અને તે પછી બધું જ જીવન, બધા જ વિચારો, બધી જ શક્તિઓનો વિકાસ, નિવૃત્તિમાં કે પ્રવૃત્તિમાં થતી અનુભૂતિઓ, એ બધાં જ આત્મા પરનાં આવરણોને હઠાવવાનું કામ કરે છે અને તેને પૂર્ણપણે જે ખીલવાનું જ છે તેમાં આવતી બાધાઓને ધક્કેલીને દૂર કરે છે. જે અનંતને પસંદ કરે તેને અનંતે પોતે પસંદ કરેલો છે. સ્પર્શ વિના આત્મા જાગતો નથી, ખીલતો, ફૂલતો નથી તે દિવ્ય સ્પર્શ તેને મળી ચૂક્યો છે. એક વાર એ સ્પર્શ મળી ગયો એટલે સાક્ષાત્કાર નક્કી થઈ જ ચૂક્યો. પછી ભલે એ માત્ર એક જ જિંદગીમાં સિદ્ધ થઈ

જાય યા તો જગતની લખચોરાશીમાં ધીરજપૂર્વક ચક્કર મારતાં મારતાં, ધીમે ધીમે મેળવવો પડે.

માણસના ખીલ્યે જતા આત્મામાં જે વસ્તુ છૂપા જ્ઞાનરૂપે પડેલી ના હોય તે તેના મનને કદી પણ શીખવી શકાતી નથી. એ જ પ્રમાણે સર્વ બાહ્ય પૂર્ણતા (કે જે આપણે માટે શક્ય છે) તે બીજું કાંઈ નહિ પણ આપણી અંદર વસતા પરમ–આત્માનો સાક્ષાત્કાર જ છે. આપણે ભગવાનને જાણી શકીએ છીએ અને ભગવાન–રૂપ બની શકીએ છીએ તેનું કારણ એ જ છે કે આપણે આપણા છૂપા સ્વરૂપે ભગવાન જ છીએ. છૂપામાંથી છતું થાય તેનું જ નામ નવનિર્માણ. આત્મપ્રાપ્તિ એ રહસ્ય છે; આત્મજ્ઞાન અને ચેતનાનો વિકાસ એ સાધન અને સાધના છે.

છૂપાને આમ છતું કરવા માટેનું સામાન્ય સાધન છે શબ્દ, "શ્રુત" એટલે કે, જે સાંભળવામાં આવેલું છે તે. આ શબ્દ આપણને અંતરમાંથી આવી મળે અથવા બહારથી પણ મળી આવે. તે ગમે તે રીતે આવે છતાં એ બીજું કાંઈ નહિ પણ આપણા છૂપા જ્ઞાન–ભંડારને, જ્ઞાન–શક્તિને વહેતો મૂકવાનું એક બહાનું માત્ર હોય છે. એ શબ્દ જો અંતરમાંથી આવે તો પ્રભુ પ્રત્યે હમેશ જાગ્રત એવા આપણા અંતરતમ આત્મામાંથી ઊઠતો હોય, અથવા સર્વ કોઈના હૃદયમાં વસતા ગુપ્ત જગદ્ગુરુનો પણ હોય. એવા કેટલાક અપવાદ હોય છે કે જેમાં આ અંતરના અવાજ સિવાય બીજા કોઈ શબ્દની જરૂર ના પડે. તેવા લોકોનો બાકીનો સર્વ યોગ–માર્ગ આ સતત સ્પર્શ અને માર્ગદર્શનથી ખુલ્લો થતો જ જાય છે; હૃદયકમળમાં વસતા પ્રભુમાંથી ફેલાતા પરમતેજની શક્તિથી જ્ઞાન–કમળ તેમના અંતરમાં આપોઆપ ખીલી ઊઠે છે. એવા મહાન પુરુષો તો બહુ જ થોડા હોય છે કે જેમને માટે આવું આંતર–જ્ઞાન પૂરતું થઈ પડે અને જેમને કોઈ લેખિત ગ્રંથ કે જીવંત ગુરુની સબળ છત્રછાયાની જરૂર ના પડે.

સામાન્ય રીતે તો, જ્ઞાન અંદરથી આપોઆપ ઊગે તેમાં સહાય કરવા પ્રભુના પ્રતિનિધિરૂપ બહારના શબ્દની જરૂર પડે જ છે. આ શબ્દ ભૂતકાળનો હોય યા તો કોઈ જીવંત ગુરુનો વધારે શક્તિશાળી શબ્દ એટલે કે ઉપદેશ પણ હોય. કેટલીક વાર એવું પણ બને છે કે આવો બહારનો શબ્દ એ, અંતરની શક્તિને જાગ્રત, અને વ્યક્ત કરવા માટે માત્ર એક નિમિત્ત હોય, – કેમ જાણે કે પ્રકૃતિના પ્રચલિત નિયમોને માન આપવા ખાતર સર્વજ્ઞ અને સર્વશક્તિમાન પ્રભુ તેનો સ્વીકાર કરતા ના હોય! ઉપનિષદમાં કહ્યું જ છે કે શ્રીકૃષ્ણ ભગવાને ઘોર ઋષિ પાસેથી બોધ લઈને આત્મજ્ઞાન મેળવ્યું! અને

શ્રીરામકૃષ્ણ પરમહંસે પણ પોતાના જ પ્રયત્નથી સાક્ષાત્કાર કર્યા પછી જુદા જુદા યોગ–માર્ગો માટે જુદા જુદા ગુરુ કર્યા ખરા, પણ તેમણે જે રીતે અને જે વેગથી એ બધા પાર કર્યા તે જોતાં તો એમ જ લાગે છે કે શિષ્યે ગુરુ કરીને જ જ્ઞાન મેળવવું જોઈએ એ પ્રચલિત નિયમને માન આપવા ખાતર જ જાણે કે એમ કર્યું હતું.

પણ, સામાન્ય રીતે તો, આવા પ્રતિનિધિરૂપ શબ્દોનું સાધકના જીવનમાં વધારે મોટું સ્થાન છે. શાસ્ત્ર, એટલે કે ભૂતકાળના યોગીઓની અનુભૂતિઓને રજૂ કરતા ગ્રંથોના આધારે જો સાધના કરવાની હોય તો તે સાધકના, માત્ર પોતાના જ, પ્રયત્નથી પણ થઈ શકે અથવા તો, સાથે સાથે, ગુરુની સહાય લઈને પણ થઈ શકે. પછી, આ પ્રમાણે શીખવા મળેલા સત્ય ઉપર મનન અને નિદિધ્યાસન કરીને આધ્યાત્મિક જ્ઞાન મેળવવામાં આવે છે અને પોતાની અનુભૂતિમાં તેનો સાક્ષાત્કાર કરીને તેને જીવંત અને જાગ્રત બનાવવામાં આવે છે, શાસ્ત્રો કે પ્રણાલિમાં જણાવેલ માર્ગે સાધના આગળ વધે છે અને ગુરુના બોધથી તેને પ્રસ્થાપિત અને પ્રકાશિત કરવામાં આવે છે. આવી સાધના સાંકડી કે સંકુચિત હોવા છતાં સલામત અને અસરકારક હોય છે, કારણકે એ એક સુપરિચિત ધ્યેય પર પહોંચાડતા પાકા ધોરી માર્ગ જેવી હોય છે.

પૂર્ણયોગના સાધકે એ વાત ખાસ ધ્યાનમાં રાખવી જોઈએ કે કોઈ પણ શાસ્ત્ર, તે ગમે તેટલું આધારભૂત હોય કે તેનો આશય ગમે તેટલો વિશાળ હોય છતાં તે, સનાતન જ્ઞાનને, અપૂર્ણ રીતે જ રજૂ કરતું હોય છે. મોટામાં મોટાં શાસ્ત્રોનો એ ભલે ઉપયોગ કરે પણ એ તેનાથી બંધાઈ નહિ જાય. જો કોઈ શાસ્ત્ર ખૂબ ઊંડાણવાળું, વિશાળ, સર્વગ્રાહી હોય તો તે તેને ખૂબ જ લાભકારક અને ખૂબ ખૂબ ઉપયોગી જરૂર થઈ શકે છે. વળી જ્યારે પોતે ઉચ્ચતમ સત્યો અને સાક્ષાત્કારો પ્રત્યે જાગ્રત થાય ત્યારે પોતાની અનુભૂતિઓને એ તે શાસ્ત્રો સાથે સરખાવી પણ શકે. તેની સાધના હિંદુ પ્રણાલી સાથે બંધ બેસતી બની વેદ, ઉપનિષદ કે ગીતા જેવાં એક કે વધારે શાસ્ત્રોના આધારે ઘણા લાંબા સમય સુધી આગળ વધી શકે. અથવા જુદાં જુદાં શાસ્ત્રોનાં અવનવાં અને કિંમતી સત્યોનો પોતાની સાધનામાં સમાવેશ કરીને તે પોતાના વિકાસમાં તેનો ઉમેરો કરી શકે અને ભૂતકાળની ઉત્તમ વસ્તુઓથી પોતાના ભાવિને સમૃદ્ધ કરી શકે. પણ છેવટે તો, (અને વધારે સારું તો એ છે કે, જો બને તો, પહેલેથી જ) તેણે પોતાના જ આત્મા ઉપર ઊભા રહીને જીવવાનું છે, બધાં જ શાસ્ત્રોક્ત સત્યોને છોડી દેવાનાં છે –

શબ્દ બ્રહ્માતિવર્તતે –, અને જે કાંઈ સાંભળેલું છે અને હવે પછી જે કાંઈ સાંભળવાનું છે– શ્રોતવ્યસ્ય શ્રુતસ્ય ચ – તે સર્વથી પર થઈ જવાનું છે; કારણકે તે એક કે અનેક ગ્રંથોનો નહિ, પણ અનંતપ્રભુનો પોતાનો સાધક છે.

શાસ્ત્રનો એક બીજો પ્રકાર પણ છે : સિદ્ધાંતો નહિ પણ પદ્ધતિ; સાધકે પસંદ કરેલા માર્ગના અનુસરણ માટેના અસરકારક નિયમો, એટલે કે સાધના-પદ્ધતિ. દરેક યોગ-માર્ગમાં આવું શાસ્ત્ર હોય છે, પછી તે લેખિત હોય કે ગુરુ-પરંપરાથી મૌખિક રીતે ચાલી આવતી પ્રણાલિકા હોય. આવાં લેખિત શાસ્ત્રો કે મૌખિક પ્રણાલિકાઓને આપણા દેશમાં, સામાન્ય રીતે, ખૂબ પ્રમાણભૂત ગણવામાં આવે છે અને તેનું ખૂબ માન રાખવામાં આવે છે. દરેક યોગ-માર્ગની સાધના-પદ્ધતિ નિશ્ચિત રૂપની જ માનવામાં આવે છે અને પોતાના ગુરુ દ્વારા મેળવેલ અને અનુભૂતિ દ્વારા સાક્ષાત કરેલ, એ પ્રણાલિના પરંપરાગત માર્ગ પર ગુરુ પોતાના શિષ્યને દોરે છે. જો કોઈ નવી રીત, નવો ઉપદેશ કે જૂની વિધિનું નવું સ્વરૂપ રજૂ કરે તો ઘણી વાર તેની સામે એ વાંધો ઉઠાવવામાં આવે છે કે એ શાસ્ત્રોક્ત નથી. પણ તાત્વિક રીતે જોતાં, કે યોગીઓએ આજ સુધી જે કાંઈ કરેલું છે તે જોતાં, નવા સિદ્ધાંતો, નવી રજૂઆતો કે વધારે વિશાળ અનુભૂતિઓ સામે કોઈ લોખંડી બારણાં સજ્જડ બંધ કરી શકાતાં નથી. લેખિત કે પરંપરાગત પ્રણાલિઓમાં અનેક સૈકાઓનો, પદ્ધતિસર ગોઠવાએલો, જ્ઞાન અને અનુભવનો સંગ્રહ રજૂ કરવામાં આવ્યો હોય છે કે જેથી શિખાઉ સાધકને તે કામ લાગે; એટલે તેનું મહત્ત્વ અને ઉપયોગિતા ઘણાં જ છે. છતાં તેમાં ઘણી છૂટછાટ, વિવિધતા અને ઉમેરા કરી શકાય છે. રાજયોગ જેવી ખૂબ જ શાસ્ત્રીય પ્રણાલિનો પણ પાંતજલિની વ્યવસ્થિત પદ્ધતિ સિવાય બીજી રીતે અભ્યાસ કરી શકાય છે. જ્ઞાનયોગ, ભક્તિયોગ અને કર્મયોગના ત્રણ માર્ગો પણ અનેક ફાંટાઓમાં વહેંચાઈ ગએલા છે અને છતાં એક જ ધ્યેય પર પહોંચાડતા રહ્યા છે. એ ખરું છે કે યોગાભ્યાસના સામાન્ય સિદ્ધાંતો નિશ્ચિત હોય છે; પણ તેનો ક્રમ, ગોઠવણી, ક્રિયાઓ અને વિધિઓમાં છૂટછાટ હોવી જ જોઈએ; કારણકે સામાન્ય સિદ્ધાંતો ભલે નિશ્ચિત અને કાયમી રહે પણ દરેક સાધકની વ્યક્તિગત પ્રકૃતિની માગ અને જરૂરિયાતોને તો સંતોષવી જ પડે.

પણ ખાસ કરીને તો પૂર્ણ અને સમન્વિત યોગના અભ્યાસને કોઈ લેખિત કે પ્રણાલિગત શાસ્ત્રથી બાંધી લેવાની જરૂર નથી; કારણકે એ ભૂતકાળનાં સર્વ જ્ઞાનનો સ્વીકાર કરે છે એ સાચું, પણ એ તો તેને આજની અને ભવિષ્યની જરૂરિયાત માટે નવેસરથી યોજવા માગે છે. અનુભૂતિ માટેની

અને જ્ઞાનને નવા પ્રકારે નવા શબ્દોમાં રજૂ કરવાની પૂર્ણ સ્વતંત્રતા હોય તો જ એ પોતે નવો આકાર લઈ શકે. એ તો સમગ્ર જીવનને પોતાનામાં સમાવવા માગે છે; એટલે તેની સ્થિતિ ધોરી રસ્તે ચાલ્યા જતા કોઈ યાંત્રિક જેવી નથી. તેણે અણખેડ્યા, અજાણ્યા જંગલમાંથી ઝાડીઓ કાપી કાપીને નવો રસ્તો બનાવતા જવાનું કામ તો ઓછામાં ઓછું કરવાનું જ છે. કારણકે ઘણા ઘણા સમયથી યોગ જીવનથી દૂર રહ્યા કર્યો છે. વેદ સમયના ઋષિઓએ સામાન્ય સમાજજીવનનો સ્વીકાર કર્યો હતો; પણ હવે આજે એ વાત બહુ જ જૂની થઈ ગઈ છે; તેણે વાપરેલા શબ્દો અને રૂપકો આજે વ્યવહારમાં રહ્યાં નથી; તેણે સ્થાપેલી વિધિઓ આજે અજમાવી શકાય તેવી રહી નથી. અનંત કાળના પ્રવાહમાં માણસજાત આજે બહુ આગળ નીકળી ગઈ છે; અને સનાતન પ્રશ્નને આજે નવી નજરે તપાસવાનો રહે છે.

આ યોગમાં આપણે અનંત પ્રભુને માત્ર પહોંચવા માગતા નથી, પણ તેને અહીં, આ માનવજીવનમાં ખુલ્લા થવા, સાકાર થવા, સાદ કરીએ છીએ. એટલે આપણા યોગના શાસ્ત્રમાં, ગ્રહણશીલ માનવઆત્માને અનંત સ્વતંત્રતા પણ આપવી જ પડશે. માનવામાં પૂર્ણ આધ્યાત્મિક જીવનની સ્થાપના કરવા માટે એ જ માત્ર એક સાચી શરત રહેશે કે દરેક વ્યક્તિ પોતાની અંગત ભૂખનો પ્રકાર અને રીત ધ્યાનમાં રાખીને એક સંપૂર્ણ સ્વતંત્ર એવી મુલાયમતાથી પરમાત્મા અને પરાત્પરને પોતાનામાં સ્વીકાર કરે. બધા ધર્મોમાં એકતા સ્થાપવી હોય તો ધર્મનાં સ્વરૂપોમાં ખૂબ ખૂબ વિવિધતા લાવવી જ પડે એ વિષય પર વાત કરતાં એક વાર સ્વામી વિવેકાનંદે કહેલું કે જ્યારે દરેક માણસને તેનો પોતાનો વ્યક્તિગત ધર્મ હશે, જ્યારે તે કોઈ પણ સંપ્રદાય કે પરંપરાગત પ્રણાલિનાં બંધન સ્વીકાર્યા વિના પરમાત્માની સાથે પોતાની પ્રકૃતિને મુક્ત રીતે અનુકૂળ બનાવશે ત્યારે જ ધર્મોની સાચી એકતા તેના પૂર્ણ સ્વરૂપે સિદ્ધ થશે. એ જ પ્રમાણે કહી શકાય કે: દરેક માણસની પોતાની પ્રકૃતિમાં, પ્રકૃતિથી પર થઈ જવાની એક પ્રેરણા હોય છે; તેનો આશરો લઈને જ્યારે તે પોતાની પ્રકૃતિનો વિકાસ કર્યે જશે અને એ પ્રમાણે પોતે પોતાના સ્વતંત્ર યોગ-માર્ગનું અનુસરણ કરી શકશે ત્યારે જ પૂર્ણ-યોગ સંપૂર્ણ બનશે. કારણકે સ્વતંત્રતા એ સર્વોપરી સિદ્ધાંત અને આખરી સિદ્ધિ છે.

દરેક સાધકને, આ પ્રમાણે, પોતપોતાનો સ્વતંત્ર માર્ગ મળે ત્યાં સુધી પોતાના વિચારો અને અભ્યાસમાં મદદરૂપ થઈ પડે એવી કેટલીક સામાન્ય રૂપરેખાની જરૂર પડે જ. પણ આ રૂપરેખા એ, કોઈ એક વિધિ તરીકે

સ્વીકારવાની નિશ્ચિત પદ્ધતિ નહિ પણ સામાન્ય સત્યોની કે સામાન્ય સિદ્ધાંતોની રજૂઆત અને પોતાના પ્રયત્નો અને વિકાસને માટે અતિશય જરૂરી એવી સૂચનાઓની આછીપાતળી રૂપરેખા જ હશે. કોઈ પણ શાસ્ત્ર એ, છેવટે તો, માત્ર ભૂતકાળના અનુભવોની એવી નોંધ હોય છે કે જે ભવિષ્યના અનુભવોમાં મદદરૂપ થાય. એ માત્ર એક સહાય અને અપૂર્ણ માર્ગદર્શન હોય છે. તે, જાણે કે, અગાઉ ખાતરી થઈ ગએલ દિશાઓનાં અને ધોરી માર્ગોનાં નામ બતાવતાં પાટિયાં જેવાં હોય છે; આથી લાભ માત્ર એટલો જ કે વટેમાર્ગુને ખબર પડે કે એ કઈ દિશામાં અને કયે માર્ગે સફર કરી રહ્યો છે.

બાકીનાનો આધાર છે પોતાના પ્રયત્ન અને અનુભવ ઉપર, અને આપણા "એ" માર્ગદર્શકના સામર્થ્ય ઉપર.

* * *

અનુભૂતિઓનો વિકાસ કેટલો જલદી, કેટલો વિશાળ, કેટલો નક્કર અને તીવ્ર થશે અને તેનાં પરિણામ કેટલાં જોરદાર હશે તેનો આધાર, ખાસ કરીને તો શરૂઆતમાં (અને પછી પણ ઘણા લાંબા સમય સુધી), સાધકની અભીપ્સા અને સ્વ-પ્રયત્ન ઉપર રહે છે. માણસનો આત્મા, સામાન્ય રીતે, અહંતામય ચેતનામાં રહેતો હોય છે અને બાહ્ય આભાસો અને આકર્ષણોમાં ડૂબેલો હોય છે; તે તેમાંથી એક એવી ઊર્ધ્વ ચેતના તરફ વળે કે જ્યાંથી પરાત્પર અને પરમાત્મા પોતાની ચેતનાને તેના આ ઢાળામાં રેડવા માંડે અને તેનું રૂપાંતર કરી નાખે તે થઈ યોગની પ્રક્રિયા. એટલે સિદ્ધિનો આધાર, સૌથી પહેલાં તો, એ બીજી ચેતના તરફ વળવાની આપણી તીવ્રતા ઉપર, આત્માને અંતરમુખ કરનાર આપણી શક્તિ ઉપર આધાર રાખે છે. હૃદયમાં ઊઠતી અભીપ્સાનું બળ, સંકલ્પશક્તિ, મનની એકાગ્રતા, ખંત અને મક્કમતાથી થતો શક્તિનો ઉપયોગ એ બધાં ઉપરથી આપણી તીવ્રતા કેટલી છે એ જાણી શકાય છે. બાઈબલમાં એક જગાએ કહ્યું છે: "પ્રભુની આ તાલાવેલી તો મને ખાઈ ગઈ છે." જે સાધક આમ કહી શકે તે જ આદર્શ સાધક. ભગવાનને માટેનો આ ઉત્સાહ, સમગ્ર પ્રકૃતિની પ્રભુ માટેની વ્યાકુળતા, હૃદયમાં પ્રભુ માટેની તાલાવેલી એ, સાધકના અહમ્‌ને નિઃશેષ ખાઈ જાય છે. મહાનમાં મહાન અને ઉત્તમમાં ઉત્તમ પુરુષ કે પ્રકૃતિને પણ મર્યાદાઓ હોય છે; પરમાત્માને નથી; અને પરાત્પર તો એ બધી જ મર્યાદાઓથી પર છે; સાધક એની ઝંખના કરે તો એની તાલાવેલી એના અહમ્‌નાં તુચ્છ અને સાંકડાં માળખાંઓની મર્યાદાઓ તોડી નાખીને એ પરમાત્મા અને પરાત્પરનો

સ્વીકાર કરવાની શક્તિ તેને આપે છે.

જે શક્તિ પૂર્ણતાનું કાર્ય કરી રહી છે તેની આ એક જ બાજુ થઈ. પૂર્ણયોગની સાધનામાં ત્રણ ભૂમિકા છે. આ ત્રણ ભૂમિકાઓ કાંઈ સ્પષ્ટ રીતે જુદી પડતી નથી કે અલગ અલગ પણ નથી, છતાં પણ કેટલેક અંશે ક્રમિક ખરી. સૌથી પહેલાં, આપણે આપણી જાતને વટાવીને ભગવાનનો સંપર્ક સાધવાની શરૂઆત કરી શકીએ એટલા પૂરતો તો સ્વ–પ્રયત્ન હોવો જ જોઈએ. તે પછી જે આપણી જાતથી ઉપર છે અને જેની સાથે આપણે વ્યવહાર શરૂ કરી શક્યા છીએ તેનો આપણી અંદર સ્વીકાર કરવો પડે કે જેથી આપણી સમગ્ર સચેતન જાતનું રૂપાંતર થાય. અને છેવટે, આપણી રૂપાંતર થએલ જાતનો દુનિયામાં પ્રભુના કેન્દ્ર તરીકે ઉપયોગ થવા દેવો તે થઈ ત્રીજી ભૂમિકા. જ્યાં સુધી પ્રભુ સાથે ઠીક ઠીક સંપર્ક સાધી શકાયો ન હોય, જ્યાં સુધી પૂરતા પ્રમાણમાં સાયુજ્ય એટલે કે પ્રભુ સાથેની સતત એકતા સ્થાપી શકાઈ ના હોય ત્યાં સુધી, સામાન્ય રીતે, સ્વ–પ્રયત્ન આગળ પડતો રહેવો જ જોઈએ. પણ જેમ જેમ આ સંપર્ક સાધકની અંદર સ્થપાતો જાય તેમ તેમ તેણે જાગ્રત થતા જવું જોઈએ કે પોતાની નહિ એવી, પોતાના અહમ્–પ્રધાન પ્રયત્ન અને શક્તિથી ઉપરની એવી, એક શક્તિ પોતાની અંદર કાર્ય કરી રહી છે. તે પછી, ધીમે ધીમે, એ આ શક્તિનું શરણ સ્વીકારતો જાય છે અને પોતાની સાધનાનો હવાલો તેને સોંપતો જાય છે. છેવટે એની પોતાની સંકલ્પશક્તિ અને સામર્થ્ય ઊર્ધ્વ શક્તિની સાથે એક થઈ જાય છે, ઈશ્વરેચ્છા અને એની પરાત્પર તથા વૈશ્વિક શક્તિમાં તેમનો લય કરી દે છે. અને એ પછી તે જોઈ શકે છે કે પોતાનાં મન, પ્રાણ અને શરીરના જરૂરી રૂપાંતરનું કાર્ય તે શક્તિએ પોતાના હાથમાં લઈ લીધું છે તથા પૂર્ણ પ્રજ્ઞા વડે ધાર્યું પરિણામ લાવી રહી છે. આ બધું કાંઈ તેના અહમ્‌ની આતુરતા અને ધગશથી બની ના શકત. જ્યારે મહાશક્તિ સાથેની આ એકરૂપતા અને તેમાં પોતાની જાતનો લય સંપૂર્ણ બને છે ત્યારે જ પૃથ્વી ઉપરનું પ્રભુનું કેન્દ્ર તૈયાર થાય છે. આમ, શુદ્ધ, મુક્ત, મુલાયમ, જ્યોતિર્મય, બનીને તે એ પરમ શક્તિના કાર્યમાં એક કરણ તરીકે કામ લાગી શકે છે. પરમ શક્તિનું એ કાર્ય છે એક વિશાળ યોગ; – માનવતાનો અગર, કહોને કે, અતિમાનવતાનો – દુનિયાની આધ્યાત્મિક ઉત્ક્રાંતિનો, તેના રૂપાંતરનો.

સાચી વાત તો એ જ છે કે હમેશાં ઊર્ધ્વ શક્તિ જ બધું કાર્ય કરે છે. આપણા અંગત પ્રયત્ન અને અભીપ્સાનું આપણને જે ભાન છે તેનું કારણ એ છે કે આપણું અહંપ્રધાન મન, દિવ્ય શક્તિનાં કાર્યો સાથે પોતાને

ખોટી અને કથેરી રીતે એકરૂપ સમજવાનો પ્રયત્ન કરે છે. એ મન પોતાના સામાન્ય, દુન્યવી અનુભવોને જે સામાન્ય, માનસિક ધોરણો લાગુ પાડે છે એ જ ધોરણો તે ઊર્ધ્વ અનુભૂતિઓને પણ લાગુ પાડવાનો આગ્રહ કર્યા જ કરે છે. આપણે અહમ્‌ના ભાનથી જ દુનિયામાં કામ કરીએ છીએ; આપણી અંદર વિશ્વશક્તિ કાર્ય કરે છે તેને આપણે આપણી ગણી બેસીએ છીએ; મન, પ્રાણ અને શરીરના આ માળખામાં પરાત્પર શક્તિનું પસંદગી કરવાનું, આકાર આપવાનું અને વિકાસ સાધવાનું જે કાર્ય થઈ રહ્યું હોય છે તેને આપણે આપણી અંગત સંકલ્પશક્તિ, ડહાપણ, તાકાત અને સદ્‌ગુણોનું પરિણામ ગણીએ છીએ ! આપણામાં જ્યારે જ્ઞાનોદય થાય છે ત્યારે ખબર પડે છે કે અહમ્ એ તો માત્ર એક નિમિત્ત છે; ત્યારે સમજાય છે કે જે બાબતોને આપણે આપણી ગણીએ છીએ એ ખરેખર આપણી એટલા માટે છે કે આપણી પરમ અને પૂર્ણ જાત, કે જે પરાત્પર સાથે એકરૂપ છે, તે જાતનો તેઓ એક ભાગ છે,—અને નહિ કે આપણા અંગત અહમ્‌નો. આપણો ફાળો એટલો કે આપણે તેને મર્યાદિત અને વિકૃત કરી નાખીએ છીએ !—જ્યારે એમાં જે સાચું કાર્ય થાય છે તે હોય છે પ્રભુનું. જ્યારે માણસના અહમ્‌ની આંખો ઊઘડે અને તેને દેખાય કે તેની સંકલ્પશક્તિ એ તો માત્ર એક પ્યાદું છે, તેનું ડહાપણ એ અજ્ઞાન અને બાલિશતા છે, તેની શક્તિ એ બાળકનાં ફાંફાં છે, તેના સદ્‌ગુણ એ દંભભરી અશુદ્ધિ છે, અને જ્યારે પોતાનાથી ઉપર જે છે તેને તે પોતાની જાત સોંપતાં શીખે છે ત્યારે જ તેનો ઉદ્ધાર થાય છે. આપણને આપણી સ્વતંત્રતા અને અંગત ઇચ્છા–શક્તિનું જે ભાન અને ભાસ છે અને જેને આપણે આટલા બધા આસક્ત છીએ તેની નીચે, ખરેખર તો, હજારો સૂચનો, આવેગો, પરિબળોની દયાપાત્ર ગુલામી જ છુપાએલી છે. આપણે આપણી જાતને ખૂબ સાંકડી રાખીને એ બધાંને બહારનાં બનાવી દીધાં છે એટલે બીજું થાય પણ શું ? સ્વતંત્રતાનું અભિમાન કરતો આપણો અહમ્ એ પગલે પગલે, પ્રકૃતિનાં અગણિત અંગો, બળો, પરિબળો, અસરોનો માત્ર એક ગુલામ છે, રમકડું છે, તેના હાથમાં નાચતું પૂતળું માત્ર છે. પ્રભુના હાથમાં પોતાનું વિસર્જન એ છે અહમ્‌ની આત્મકૃતાર્થતા; જે પોતાનાથી પર છે તેની શરણાગતિ એ છે સર્વબંધનોમાંથી અને મર્યાદાઓમાંથી એની મુક્તિ અને એની સંપૂર્ણ સ્વતંત્રતા.

અને છતાં, વ્યવહારમાં, આ ત્રણેય ભૂમિકાઓ જરૂરી અને ઉપયોગી છે. તેથી તેમને તેમનું યોગ્ય સ્થાન મળવું જ જોઈએ. દાખલા તરીકે આપણે સીધા જ છેલ્લી અને ઊંચામાં ઊંચી ભૂમિકાથી શરૂઆત ના કરી શકીએ.

એથી કાંઈ ધાર્યું પરિણામ ના આવે,–અને તે સલામત પણ નથી. એ જ પ્રમાણે એક ભૂમિકામાં હજી કાચા હોઈએ અને છતાં બીજીમાં કૂદી પડીએ તો એ પણ બરાબર નથી. કારણકે ભલેને શરૂઆતથી જ આપણું મન અને હૃદય પ્રભુનો સ્વીકાર કરે છતાં પણ આપણી પ્રકૃતિમાં એવાં બીજાં ઘણાં તત્ત્વો પડ્યાં હોય છે કે જે, ક્યાંય સુધી, એ માન્યતાનો સાક્ષાત્કાર નથી થવા દેતાં. અને જ્યાં સુધી સાક્ષાત્કાર ના થાય ત્યાં સુધી મનની માન્યતાઓ શક્તિ–સભર સત્ય નથી બનતી; એ એક માહિતી રહે છે, જીવંત સત્ય નહિ; એક ખ્યાલ રહે છે, શક્તિ નહિ. અને સાક્ષાત્કારની શરૂઆત થઈ ગઈ હોય તોપણ, એવી કલ્પના કરવી કે માની લેવું કે ભગવાને આપણને તેના હાથમાં પૂરેપૂરા લઈ લીધા છે કે આપણે ભગવાનનાં કરણ તરીકે જ કામ કરીએ છીએ, એ જોખમકારક છે; એ વધારે પડતો સ્વીકાર છે અને તેને પરિણામે કોઈ ભયંકર જૂઠાણામાં ફસાઈ જવું પણ પડે; એથી તામસિક લાચારીમાં સરી પડાય અથવા આપણું અભિમાન આકાશ સુધી ઊંચે ચડી જઈ પોતાને ભગવાનનું લેબલ લગાવી દે; એથી કદાચ આખી જ સાધના ભયંકર રીતે વિકૃત થઈ જાય અને કદાચ સમૂળગી ભાંગી પડે પણ ખરી. એક એવો ગાળો પણ આવે જ છે (અને એ ઠીક ઠીક લાંબો પણ હોઈ શકે) કે જ્યારે અંગત પ્રયત્ન, અને સખત મથામણ કરીને, પોતાની સંકલ્પ–શક્તિ વડે નિમ્ન પ્રકૃતિનાં જૂઠાણાં અને વિકૃતિઓને ફેંકી દેવાં પડે અને એ નિમ્ન પ્રકૃતિને મક્કમતાથી કે ઉગ્રતાથી ઉઠાવીને પ્રભુના પ્રકાશમાં મૂકવી પડે. માનસિક શક્તિઓ, હૃદયની ઊર્મિઓ અને આવેગો, પ્રાણની ઇચ્છાઓ અને વાસનાઓ, અને ખુદ શરીરને પણ પરાણે સાચી દિશામાં ધકેલવાં પડે છે અથવા તેમને સત્યનો સ્વીકાર કરતાં અને તેનો પ્રત્યુત્તર આપતાં શીખવવું પડે છે. અને જ્યારે આ પાર પડે – અને ખરેખર પાર પડે –, ત્યારે જ, માત્ર ત્યારે જ, નિમ્ન પ્રકૃતિ ઊર્ધ્વને શરણે આવે છે કારણકે ત્યારે જ આપણા યજ્ઞના બલિનો સ્વીકાર થાય છે.

સાધકે પોતાની સંકલ્પશક્તિની મદદથી, સહુથી પહેલાં તો, અહમ્‌ની શક્તિઓને પકડમાં લેવાની છે અને તેમને સત્ય અને પ્રકાશ તરફ વાળવાની છે. અને એક વાર વળી જાય તે પછી પણ, તેઓ તેનો સ્વીકાર કરે, હમેશાં સ્વીકાર કર્યા કરે અને હમેશાં તેનું અનુસરણ કર્યા કરે એવી તાલીમ તેણે તેમને આપવી જ પડે છે. આગળ જતાં, એમને ઊર્ધ્વ શક્તિઓની પ્રતિનિધિ તરીકે વાપરતાં અને તેમના સૂચન પ્રમાણે જાગ્રત રીતે કામ કરાવતાં સાધક શીખે છે; પણ આ બધું પણ પોતાની જ સંકલ્પ–શક્તિથી, પોતના જ

પ્રયત્નથી અને પોતાના જ બળથી. સાધક આનાથી પણ વધારે આગળ જાય ત્યારે તેની સંકલ્પશક્તિ, પ્રયત્ન અને બળ એનાં પોતાનાં અંગત અને સ્વતંત્ર નથી રહેતાં, પણ પોતાની અંદર કામ કરી રહેલ એ ઊર્ધ્વ શક્તિની પ્રવૃત્તિઓ બની જાય છે. છતાં હજી ય, પ્રભુએ કરેલી શરૂઆત અને સાધકમાં થતું તેનું વહેણ એ બેની વચ્ચે એક બહુ જ મોટી ખાઈ રહે છે અને તેને પસાર કરી જવા માટે એક અંધ-ક્રિયા જરૂરી થઈ પડે છે, એવી કે જે હમેશાં કોઈ ચોક્કસ રૂપની નથી હોતી, એટલું જ નહિ પણ કદીક તો તદ્દન ઢંગ-ધડા વગરની હોય છે. અને જ્યારે આ ખાઈ પણ પસાર થઈ જાય છે ત્યારે, પ્રગતિ-પંથના અંતે, અહમ્, અશુદ્ધિ અને અજ્ઞાનનો ક્રમે ક્રમે નાશ થયા પછી જ વ્યક્તિની અંદર જે કાંઈ થાય છે તે પ્રભુનું કાર્ય બને છે.

* * *

જેમ પૂર્ણયોગનું પરમ શાસ્ત્ર એ દરેક મનુષ્યના હૃદયમાં ગુપ્ત રીતે વસતો વેદ છે તે જ પ્રમાણે તેનો પરમ માર્ગ-દર્શક, પરમ ગુરુ એ પણ બીજું કોઈ નહિ પણ આપણી અંદર છુપાઈ બેઠેલો જગદ્-ગુરુ જ છે. એ એ જ છે કે જે એના જ્ઞાનના ઝળહળતા પ્રકાશ વડે આપણા અંધકારનો નાશ કરે છે; અને આપણી અંદર તેનો પ્રકાશ, તેના પોતાના ઉદયની સાથે સાથે પોતાના જ મહિમાને વધારતો જાય છે. તે ધીમે ધીમે મુક્તિ, આનંદ, પ્રેમ, શક્તિ, અને અમરતાની પોતાની પ્રકૃતિ આપણી અંદર છતી કર્યે જાય છે. તેનું ઊર્ધ્વ સ્વરૂપ આપણી આગળ એક જીવંત આદર્શ તરીકે ખડું થાય છે અને તે, તેની દૃષ્ટિમાં આપણને જેવા સ્વરૂપે જુએ છે તેવા બનાવવા આપણા હલકા સ્વરૂપનું રૂપાંતર કરે છે. આપણી અંદર પોતાનો પ્રભાવ અને પોતાની જાત વહેવડાવીને તે આપણને, એક વ્યક્તિને; પરામાત્મા અને પરાત્પર સાથેની એકરૂપતા સિદ્ધ કરવાની શક્તિ આપે છે.

એવા ગુરુની પદ્ધતિ કઈ? અને તેની રીત કઈ? તેની કોઈ જ પદ્ધતિ નથી અને દરેક પદ્ધતિ તેની જ છે. અને તેની રીત છે, આપણી પ્રકૃતિ જે કાંઈ ઉત્તમ ક્રિયા કે ગતિ કે પ્રવૃત્તિ કરવાને શક્તિમાન છે તેને સહજ રીતે વ્યવસ્થિત કર્યે જવાની. તે તેની આ પદ્ધતિ અને આ રીત નાનામાં નાની વિગતને અને તુચ્છમાં તુચ્છ લાગતા કાર્ય ઉપર અજમાવે છે; વળી, એટલી જ સંભાળ અને પૂર્ણતાથી મહાનમાં મહાન કાર્ય ઉપર પણ એને અજમાવે છે અને, છેવટે, એ સહુને પ્રકાશમાં મૂકી આપે છે અને તેમનું રૂપાંતર કરી નાખે છે. કારણકે તેના યોગમાં કોઈ વસ્તુ એટલી નાની નથી કે જેને કામમાં ના લઈ શકાય, કોઈ બાબત એટલી મહાન નથી કે જે

અજમાવી ના શકાય. જે કોઈ આવા માલિકનો દાસ કે શિષ્ય બને તે ન તો ગર્વ કરી શકે ન અહંકાર, કારણકે તેનું બધું જ કામ ઉપરથી થતું આવે છે; અને તેથી, પોતાની અંગત નાલાયકી કે પ્રકૃતિની હીણપત જોઈને શોક પણ ના કરી શકે. કારણકે તેની અંદર જે સામર્થ્ય કામ કરે છે તે કોઈ વ્યક્તિનું નથી, તે વ્યક્તિત્વથી પર છે અને અનંત છે.

પરિપૂર્ણ પૂર્ણતાની આ સાધનામાં આ ગુરુનો, અંતરમાં બેઠેલ આ ભોમિયાનો, યોગના માલિકનો, સર્વ યત્ન અને યજ્ઞના અધિષ્ઠાતા, પ્રકાશ, ભોક્તા અને ધ્યેયનો પૂર્ણપણે સ્વીકાર કરવો એ અતિ અતિ અતિ અગત્યનું છે. એ આપણને સૌથી પહેલાં કેવી રીતે દેખા દે છે એ જરા ય અગત્યનું નથી; એ, સૌથી પહેલાં, સર્વ વસ્તુઓની પાછળ રહેલ એક બિનઅંગત પ્રજ્ઞા, પ્રેમ કે શક્તિ તરીકે દેખાય, કે આ સાપેક્ષ દુનિયામાં પ્રગટ થતા અને તેને આકર્ષી રહેતા નિરપેક્ષ તરીકે, કે આપણા પોતાના અને સર્વના ઉચ્ચતમ આત્મા તરીકે, કે આપણી અંદર કે દુનિયામાં (કે તેનાં નામ–રૂપનાં આ જગતમાં કોઈ પણ એક નામ–રૂપમાં) એક દિવ્ય પુરુષ તરીકે, કે પછી મનની કલ્પનાના કોઈ આદર્શ તરીકે પણ ભલે દેખાય. પણ છેવટે તો આપણે જોઈશું જ કે આ સર્વ કાંઈ એ છે, અને એ સર્વેના સરવાળા કરતાં પણ કાંઈક વિશેષ છે. તેના મહેલમાં આપણું મન કયા ખ્યાલરૂપ દ્વારથી દાખલ થશે તેનો આધાર રહે છે આપણા ભૂતકાળના વિકાસ અને અત્યારની પ્રકૃતિ ઉપર.

મોટે ભાગે તો આ, આપણા અંતરમાં બેઠેલો ભોમિયો, શરૂઆતમાં; પડદા પાછળ જ હોય છે. વચ્ચે, પડદા તરીકે હોય છે ખુદ આપણા પ્રયત્નોના ઢગલા અને આપણા અહમ્‌ના પોતાની જાત અને પોતાના ધ્યેયને માટેના વલોપાત. જેમ જેમ આપણી દૃષ્ટિ સ્પષ્ટ થતી જાય, આપણા અહમ્‌ના ધમપછાડા શાંત થઈને, શાંત આંતર અવલોકનને તક આપતા જાય તેમ તેમ આપણને આપણા અંતરમાં થતો પ્રકાશનો ઉદય દેખાતો જાય છે. આપણે જ્યારે આપણા ભૂતકાળ પર નજર નાખીએ છીએ ત્યારે આપણને જણાય છે કે આપણને આજે જે સારાં પરિણામો દેખાય છે, બરાબર તે જ પરિણામો લાવવા માટે આપણી આંધળી અને અથડામણવાળી દોડધામો ગોઠવાઈ રહી હતી; આપણે યોગમાર્ગ સ્વીકાર્યો તેની ય પહેલાંથી આપણા જીવનનો વિકાસ ઇરાદાપૂર્વક જ યોગ તરફ દોરાઈ રહ્યો હતો. કારણકે, હવે જ આપણને આપણી મથામણો અને પ્રયત્નો, આપણી સફળતાઓ અને નિષ્ફળતાઓનો અર્થ સમજાવા માંડે છે. આપણી કસોટીઓ અને યાતનાઓનો અર્થ છેવટે આપણે પકડી શકીએ છીએ; અને આપણને થએલી ઇજાઓ અને વિરોધોએ

આપણને જે મદદ કરી છે અને આપણી પછડાટો અને પતન જે કામમાં લાગ્યાં છે તેની આપણે કદર કરી શકીએ છીએ. પણ પછી એવો સમય પણ આવે છે કે જ્યારે આપણને પ્રભુની આ મદદ પાછળથી નહિ પણ તરત જ દેખાય છે; એક પરાત્પર દ્રષ્ટા આપણા વિચારોને ઘડી રહ્યો છે, એક સર્વગ્રાહી શક્તિ આપણી સંકલ્પ-શક્તિને અને કાર્યોને, અને સહુ કોઈને કામણ કરનારો અને સર્વને પોતામય કરી નાખતો એક આનંદ અને પ્રેમ આપણા ઊર્મિતંત્રને યોગ્ય ઘાટ આપી રહ્યો છે તે આપણને એ જ વખતે સમજાતું જાય છે. આપણને પહેલેથી જ જે સ્પર્શ કરે છે, અને છેવટે જે આપણને પકડમાં લે છે તેનો પણ આપણે સ્વીકાર કરી શકીએ છીએ અને તે પણ ખૂબ જ અંગત નિકટતાથી; આપણે એક પરમ માલિક, મિત્ર, પ્રેમી, ગુરુની સનાતન હાજરી અનુભવીએ છીએ. એ પોતે જેમ જેમ પોતાનો વિકાસ કરીને એક મહાન અને વિશાળ સત્તાના જેવું અને તેની સાથે એકરૂપ થએલું સ્વરૂપ ધારણ કરે છે તેમ તેમ આપણે તેને આપણી જાતના અસલ તત્ત્વ તરીકે પિછાનતા જઈએ છીએ; કારણકે આપણે જોઈ શકીએ છીએ કે આપણી અંદર જે આ ચમત્કારિક ફેરફાર થઈ રહ્યો છે એ કાંઈ આપણા પોતાના પ્રયત્નનું પરિણામ નથી; એક સનાતન પરિપૂર્ણતા આપણને પોતાના જેવી ઘડી રહી છે. જેને યોગિક તત્ત્વવેત્તાઓએ અધિષ્ઠાતા કે ઈશ્વર, ચૈત્ય ગુરુ કે અંતર્યામી કહ્યો છે, ચિંતકોએ જેને કેવલ બ્રહ્મ, અને અજ્ઞેયવાદીઓએ જેને અજ્ઞેય કહ્યો છે તેમ જ ભૌતિકવાદીઓ જેને વિશ્વ-વ્યાપી શક્તિ કહે છે, એ જ એ પરમ આત્મા અને પરમ શક્તિ, કે જેને ધર્મોએ અનેક નામે ઓળખાવેલો અને કલ્પેલો હોવા છતાં હકીકતમાં જે એક જ છે એવો એ "એ" એ જ છે આપણા યોગનો અધિષ્ઠાતા, માલિક.

આ "એ" અને "એક"ને જોવો, જાણવો; તેનામય થઈ જવું અને તેના વડે આપણા અંતરને અને બાહ્ય પ્રકૃતિને કૃતાર્થ કરવી એ જ આજ સુધી આપણું છૂપું પરમ ધ્યેય હતું; અને હવે, આપણા આ ભૌતિક જીવનનું ખુલ્લેખુલ્લું લક્ષ્ય પણ એ જ બની રહે છે. આપણી જાતના દરેક ભાગમાં, અને આપણું ભાગલા-પ્રિય મન જેને આપણા સિવાયનું ગણે છે તે બધામાં ય સમાન રીતે, તેને જોવો, અનુભવવો એ જ છે આ વ્યક્તિગત ચેતનાની પરમ કૃતાર્થતા. આપણી અંદર અને સર્વત્ર તેના થઈ જવું અને તેને આપણો કરી દેવો એ જ છે પ્રભુત્વ અને સામ્રાજ્યનો અર્થ. નિષ્ક્રિય રહીને કે સક્રિય બનીને, શાંતિમાં કે શક્તિમાં, એકતામાં કે ભેદમાં, તેને જ માણવો એ જ છે પરમ સુખ કે જેને મેળવવા આપણો જીવ, પૃથ્વી પર આવેલો આ વ્યક્તિગત

આત્મા, આંધળિયાં ફાંફાં મારી રહ્યો છે. પૂર્ણયોગના ધ્યેયની પૂર્ણ વ્યાખ્યા આ જ છે : વિશ્વવ્યાપી પ્રકૃતિએ જે સત્યને પોતાની અંદર સંતાડી રાખ્યું છે અને જેને બહાર લાવવા તે તનતોડ મહેનત કરી રહી છે તેનો આપણે અંગત રીતે અનુભવ કરવો. એ જ છે માનવઆત્માનો દિવ્ય આત્મામાં અને પ્રાકૃત જીવનનો દિવ્ય જીવનમાં પલટો.

* * *

આ પૂર્ણ કૃતાર્થતા મેળવવાનો સૌથી વધારે ખાતરીભર્યો માર્ગ એ છે કે આપણા અંતરમાં વસતા એ રહસ્યમય માલિકને શોધી કાઢવો; દિવ્ય શક્તિ, કે જે દિવ્ય પ્રજ્ઞા અને પ્રેમ પણ છે તેની સમક્ષ આપણી જાતને સતત ખુલ્લી કરતા જવી અને આપણું પરિવર્તન કરવાનું કામ તેને સોંપી દેવું. પણ આપણી અહમ્-ભરી ચેતના એવી છે કે આ કામ કરવાનું શરૂઆતમાં તો એને ગજબનું ભારે થઈ પડે છે. અને જો શરૂઆત થાય તોપણ તેને સારામાં સારી રીતે કરવું અને પ્રકૃતિની રગેરગમાં ફેલાવી દેવું એ પણ એવું જ ભારે રહે છે. શરૂઆતમાં આપણને જે મુશ્કેલીઓ પડે છે તેનું કારણ એ છે કે વિચારો, સંસ્પર્શો, લાગણીઓ વગેરે માટેની આપણી અહમ્–ભરી ટેવો આપણા દૃષ્ટિ–માર્ગની વચ્ચે આવે છે અને જેને જોવાનું છે તેને ઢાંકી દે છે. અને પછીથી જે મુશ્કેલી પડે છે તેનું કારણ એ છે કે સાધનામાં જે ખૂબ જરૂરી છે તે શ્રદ્ધા, શરણાગતિ, હિંમત એ બધું, આપણો અહમ્–છાયો આત્મા સહેલાઈથી મેળવી શકતો નથી. પ્રભુની કાર્યપદ્ધતિ આપણા અહમ્-ભર્યા મનને પસંદ નથી, મંજૂર પણ નથી, કારણકે પ્રભુ તો ભૂલો કરાવીને સત્ય આપે છે, સહન કરાવીને સુખ આપે છે, પૂર્ણતાનો રસ્તો અપૂર્ણતામાંથી લઈ જાય છે. અહમને સમજાતું નથી કે તેને ક્યાં દોરી જવામાં આવે છે; તે દોરાવાનો ઇન્કાર કરે છે, બળવો કરે છે, વિશ્વાસ ગુમાવી બેસે છે, હિંમત હારી જાય છે. પણ તેનો કાંઈ વાંધો નહિ. કારણકે આપણા અંતરમાં બેઠેલો ગુરુ આપણા બળવાથી ખિન્ન થતો નથી, આપણી અશ્રદ્ધાથી ડગતો નથી, આપણી નિર્બળતાથી કંટાળતો નથી; તેનામાં તો માનો પૂર્ણ પ્રેમ અને ગુરુની પૂર્ણ ધીરજ છે. પણ તેની રાહબરીને આપણે જ્યારે નામંજૂર કરીએ છીએ ત્યારે તેનાથી મળતો લાભ આપણને દેખાતો બંધ થાય છે, – જો કે લાભ તો મળતો જ રહે છે, અને મળતો રહેવાની શક્યતા તો કદી જ બંધ થતી નથી. અને આપણી નામંજૂરીનું કારણ એ હોય છે કે આપણે નથી જાણતા આપણી ઊર્ધ્વ જાત અને આપણી નિમ્ન જાતની વચ્ચેનો ભેદ; અને એ પણ નથી જાણતા કે આપણી આ નિમ્ન જાતમાંથી જ એ પોતાનાં

દર્શન માટેનું દ્વાર બનાવી રહ્યો છે. આપણને દુનિયામાં, કે આપણી જાતમાં, પ્રભુનાં દર્શન નથી થતાં તેનું કારણ છે તેની કાર્યપદ્ધતિ. એ આપણી અંદર કાર્ય કરે છે આપણી પ્રકૃતિ દ્વારા અને નહિ કે મનગમતા ચમત્કારોની હારમાળા દેખાડીને. માણસ કહે છે, "ચમત્કાર દેખાડો તો શ્રદ્ધા બેસે." પણ એનો અર્થ એ કે આંખો અંજાઈ જાય તો જ આપણે જોઈએ. પણ જો આંખો જ અંજાઈ જાય તો પછી દેખાશે શું ? આપણી આ અધીરપ અને અજ્ઞાનને પરિણામે જો આપણે પ્રભુના માર્ગે જવાનો સાફ ઇન્કાર કરી દઈએ અને ચમત્કારો દેખાડી આપણને સંતોષ આપનાર કોઈ વિકૃત શક્તિને બોલાવીએ અને, તેને ભગવાનનું નામ આપી, આપણને દોરવાનું કહીએ તો તેનાં પરિણામ મહાભયંકર આવે એવો પૂરો સંભવ છે.

આપણી અંદર હોય અને છતાં આપણને દેખાતી ના હોય એવી કોઈ વસ્તુમાં માનવું આપણે માટે મુશ્કેલ છે એ વાત સાચી છે. વળી પોતાની બહાર, અને મૂર્તિમંત, હોય એમાં માનવાનું તો સહેલું જ છે. આધ્યાત્મિક વિકાસ માટે મોટા ભાગના માણસોને બાહ્ય આધારની, જેની ઉપર શ્રદ્ધા મૂકી શકાય એવી કોઈ બહારની વસ્તુની જરૂર પડે જ છે. તેને ભગવાનની મૂર્તિની અથવા તો ભગવાનના પ્રતિનિધિ જેવા કોઈ પુરુષની, કોઈ અવતારની; કોઈ દેવદૂતની, કોઈ ગુરુની જરૂર પડે છે અથવા તો એ, એવી મૂર્તિ અને એવા પુરુષ એમ બંનેની માગણી કરે છે અને તેને એ મળે પણ છે. ભગવાન જુએ છે કે માણસના આત્માને શેની જરૂર છે. અને એ જરૂર પ્રમાણે તે કોઈ દેવતા, કે આધ્યાત્મિક પુરુષ તરીકે તેની સામે રજૂ થાય છે; પોતાના ભગવાન-સ્વરૂપને પૂરેપૂરું ઢાંકી દેતો કોઈક અંચળો ઓઢીને એક સામાન્ય માણસ-રૂપે રજૂ થઈને પણ એ પોતાની દોરવણી આપી શકે છે.

આત્માની આ જરૂરને ખ્યાલમાં રાખીને જ હિંદુઓએ પોતાની આધ્યાત્મિક સાધનામાં ઇષ્ટદેવતા, અવતાર અને ગુરુનો સ્વીકાર કરેલો છે. ઇષ્ટદેવતાનો અર્થ કોઈ નીચલી કક્ષાના દેવ નહિ પણ પરાત્પર અને પરમાત્માનું જ કોઈ નામ અને રૂપ. લગભગ બધા જ ધર્મોએ ભગવાનનાં આવાં કોઈ નામ-રૂપને પોતાના ધર્મના મૂળમાં રાખેલો છે અથવા તો તેનો ઉપયોગ કરેલો છે. માનવઆત્માને તેની જરૂર છે એ તો દેખીતું જ છે. પ્રભુ સર્વ કાંઈ છે અને સર્વ કાંઈથી વિશેષ પણ છે. પણ સર્વ કાંઈથી જે એ વિશેષ છે તેનો ખ્યાલ માણસને કેવી રીતે મળવાનો હતો ? અરે, એ "સર્વ કાંઈ"નો ખ્યાલ મેળવવો એ પણ શરૂઆતમાં એને મુશ્કેલ પડે છે, કારણકે એ પોતે જ મર્યાદિત છે, તેની સક્રિય ચેતનાનો વિસ્તાર અમુક હદ સુધીનો જ

છે; અને પોતાની આ મર્યાદિત ચેતના સાથે જે બંધ-બેસતું હોય તેને જ એ સમજી શકે છે, સ્વીકારી શકે છે. એ "સર્વ"માં તો એવી વસ્તુઓ પણ છે કે જે તેની સમજશક્તિમાં ઊતરી નથી શકતી અને જે તેની તેજીલી ઊર્મિઓ અને બીજુ સંવેદનોને અતિ ભયંકર લાગે છે. વળી જે બાબતો એના અજ્ઞાનભર્યા અને સાંકડા ખ્યાલની મર્યાદાઓથી ખૂબ ખૂબ દૂર હોય તેને તે જોઈ શકતો નથી. સ્વીકારી શકતો નથી, તેને તે દિવ્ય માની શકતો નથી. આથી એને ઈશ્વરનો ખ્યાલ એવો જ બનાવવો પડે છે કે જે તેની કલ્પનાને સંતોષે, જે ભલે પોતાનાથી અતિ વિશાળ હોય છતાં પોતાની ઊંચામાં ઊંચી વૃત્તિઓ સાથે બંધ-બેસતો હોય, પોતાની લાગણીઓ અને સમજ જ્યાં સુધી પહોંચી શકતાં હોય. જો ઈશ્વરનો આવો કંઈક ખ્યાલ રજૂ કરવામાં ના આવે તો તેનો સંપર્ક સાધવાનું અને તેની સાથે વ્યવહાર કરવાનું તેને મુશ્કેલ પડે છે.

વળી એનો સ્વભાવ એવો છે કે, તેને કોઈક કડીની પણ જરૂર પડે છે, માનવ-સ્વરૂપની કડી, કે જેથી તેને, ભગવાન માણસજાતની બહુ પાસે લાગે, માણસ તરીકે તેને વર્તતો અનુભવી શકે. આ જરૂરને સંતોષવા માટે ભગવાન માનવસ્વરૂપ સ્વીકારે છે, અવતાર લે છે, કૃષ્ણ, ક્રાઈસ્ટ કે બુદ્ધ થઈને આવે છે. અને જો આનો સ્વીકાર થવો પણ મુશ્કેલ લાગે તો તેના કરતાં પણ હળવા સ્વરૂપની કડી બનીને, પયગંબર કે જગદ્‌ગુરુ થઈને આવે છે, કારણકે એવા ઘણા માણસો હોય છે કે જેઓ માણસના રૂપમાં ભગવાન આવે એ કલ્પી જ નથી શકતા અથવા તો એમ માનવા તૈયાર નથી હોતા, પણ કોઈક ઉત્તમ પુરુષને ભગવાનના પ્રતિનિધિરૂપ, "આચાર્ય" કે "ગુરુ" જેવાં નામ આપીને ("અવતાર" નહિ) તેમનો સ્વીકાર કરવા તૈયાર હોય છે.

પણ આ ય પૂરતું નથી થતું. કોઈક જીવંત પ્રભાવની, એકાદ જીવંત દૃષ્ટાંતની અને કાંઈક પ્રત્યક્ષ ઉપદેશની પણ તેને જરૂર પડે છે. કારણકે એવા તો બહુ જ ઓછા માણસો હોય છે કે જેમને પહેલાંના પયગંબર અને તેમના સંદેશમાંથી, અગાઉના અવતાર અને તેમના દૃષ્ટાંત તથા પ્રભાવમાંથી પોતાના જીવનનું ભાથું મળે. આથી જ હિંદુ પ્રણાલિએ ગુરુશિષ્યનો સંબંધ યોજ્યો છે. આ ગુરુ કદીક અવતાર પોતે કે જગદ્‌ગુરુ પણ હોય; પણ એમ ના હોય છતાં જો એ ગુરુ, શિષ્ય સમક્ષ, દિવ્ય જ્ઞાનને રજૂ કરતા હોય, દિવ્ય આદર્શનો અંશ પણ આપતા હોય, અથવા તો, શિષ્યને તેનામાં આત્મા અને પરમાત્માનો સંબંધ સાક્ષાત્ થતો હોય તો તે પણ પૂરતું થઈ પડે છે.

પૂર્ણયોગનો સાધક, પોતાની પ્રકૃતિની જરૂરિયાત ધ્યાનમાં રાખીને,

આમાંથી ગમે તે સહાયનો આશરો જરૂર લેશે. પણ એ ખૂબ જરૂરી છે કે એ તેમની મર્યાદાઓથી દૂર રહે અને અહમ્-પ્રધાન મનમાં "આ જ મારો ભગવાન", "આ જ મારા ઇષ્ટ-દેવતા", "આ જ મારા પયગંબર", "આ જ મારા બધા ગુરુ" એમ પોકારી ઊઠવાનું તથા એ પોકારને બીજા બધા સાક્ષાત્કારોની સામે સાંપ્રદાયિક રીતે કે ધર્માંધતાથી વિરોધમાં ખડો કરી દેવાનું જે એક-પંથિયું વલણ હોય છે તેને પોતાનામાંથી ઉખેડીને ફેંકી દે. દરેક જાતના સાંપ્રદાયિક કે અંધ વિરોધથી તે દૂર રહે જ રહે; કારણકે પ્રભુના પૂર્ણ સાક્ષાત્કારની સાથે એ બંધ-બેસતો નથી.

ઊલટાનું, જ્યાં સુધી વિવિધ નામ અને સ્વરૂપના સર્વે દેવતાઓનો એ પોતાના દેવતામાં સમાવેશ થયેલો ના જુએ, પોતાના ઇષ્ટદેવતાને બીજા સર્વ ઇષ્ટદેવતાઓમાં ના જુએ, જે સર્વ અવતારોમાં અવતરણ કરે છે એવી એકતામાં, સર્વ અવતારોને એક થએલા ના જુએ, સનાતન પ્રજ્ઞામાં સર્વ ઉપદેશોના સત્યને એકરસ થએલું ના જુએ, ત્યાં સુધી પૂર્ણયોગના સાધકને સંતોષ નહિ થાય.

વળી, આ બધી બાહ્ય સહાયનું ધ્યેય તો આપણા આત્માને અંદર બેઠેલા પ્રભુ પ્રત્યે જાગ્રત કરવાનું છે એ વાત પણ ભૂલવાની નથી. જો એ સિદ્ધ ના થાય તો કાંઈ જ સિદ્ધ થયું ના ગણાય. કૃષ્ણ, ક્રાઇસ્ટ કે બુદ્ધની પૂજા કરવા છતાં જો આપણા અંતરમાં એ જ બુદ્ધ, એ જ ક્રાઇસ્ટ કે એ જ કૃષ્ણ જાગ્રત અને સાકાર ના થાય તો એ પૂજા અધૂરી જ ગણાય. એ જ પ્રમાણે, બીજી સર્વ સહાયોનો પણ એવો જ હેતુ છે; એ દરેક, બીજું કાંઈ નહિ પણ, માનવની અવગત દશા અને તેના અંતરમાં બેઠેલા પ્રભુના પ્રાગટ્યની વચ્ચે એક સેતુ માત્ર છે.

* * *

પૂર્ણયોગનો ગુરુ, શક્ય હોય ત્યાં સુધી અંતરમાં બેઠેલા ગુરુની રીતે જ, કાર્ય કરશે. એ, શિષ્યને શિષ્યની પ્રકૃતિ દ્વારા જ દોરશે. ઉપદેશ, દૃષ્ટાંત, અને પ્રભાવ એ ત્રણ છે ગુરુનાં સાધનો. પણ સાચો ગુરુ, શાંતિથી સ્વીકાર કરી રહેલ ગ્રહણશીલ મન ઉપર પોતાની જ વાત કે મત ઠોકી બેસાડવાનો પ્રયત્ન નહિ કરે; એ તો, એવાં ફળદ્રુપ બીજ મૂકી આપશે કે જે ભગવાનની સંભાળથી ખાતરીબંધ ઊગી જ નીકળે. તે ઉપદેશ આપવાનું કાર્ય કરશે એના કરતાં અનેક ગણું તો ઉગાડવાનું કરશે; તે પોતાની આંખ આગળ ધ્યેય રાખશે તેના શિષ્યની શક્તિઓ અને અનુભૂતિઓને, સહજ ક્રિયાઓ વડે અને મુક્ત વિસ્તાર આપીને વિકસાવવાનું. તે કોઈ સાધન-વિધિ આપશે

ખરો, પણ તે માત્ર એક સહાય તરીકે, કામચલાઉ યુક્તિ તરીકે, — કોઈ અબાધ્ય મંત્ર કે યંત્રવત્ વિધિ તરીકે નહિ. અને એ બરાબર ધ્યાનમાં રાખશે કે કોઈ પણ સાધન પોતે જ વાડ ના બની જાય, કોઈ વિધિ યંત્રવત્ ના બની જાય. ગુરુનું કાર્ય માત્ર એક જ છે, દિવ્ય પ્રકાશને જાગ્રત કરવો અને દિવ્ય શક્તિને કામ કરતી કરી આપવી; એ પોતે તો એને માટેનું એકમાત્ર નિમિત્ત અને સહાય છે, એક દેહ કે વાહન છે.

ઉપદેશ નહિ પણ આચરણ, પોતાનું દૃષ્ટાંત એ જ વધારે અસરકારક છે, સમર્થ છે; પણ બાહ્ય આચરણ કે અંગત ચારિત્ર્ય એ કાંઈ અગત્યનાં નથી. એમનું પણ સ્થાન અને ઉપયોગ તો છે જ; પણ બીજાઓની અભીપ્સાને પૂરી પ્રેરણા તો પોતાના સમગ્ર જીવનને, સમગ્ર ચેતનાને અને બધાં જ કાર્યોને દોરનાર એકમાત્ર પ્રભુના જીવતાજાગતા સાક્ષાત્કારથી જ મળે છે. આ જ છે અબાધિત વાત અને સારનો સાર; બીજું બધું વ્યક્તિ–વ્યક્તિએ અને સંજોગો પ્રમાણે જુદું જુદું હોઈ શકે. આ પ્રખર સાક્ષાત્કાર એ જ એક એવી વસ્તુ છે કે જે સાધકે અનુભવવાની છે અને પોતાની પ્રકૃતિને અનુરૂપ રીતે પોતાનામાં પ્રકટાવવાની છે; તેણે બાહ્ય બાબતોનું અનુકરણ કરવાનો પ્રયત્ન કરવાની જરૂર નથી કારણકે એથી તો જે યથાર્થ ફળ મળવાં જોઈએ તે સુકાઈ જવાનો સંભવ છે.

પ્રભાવ, અસર એ આચરણ અને દૃષ્ટાંતના કરતાં પણ વધારે અગત્યની બાબત છે. પ્રભાવ એટલે ગુરુની શિષ્ય ઉપર બાહ્ય સત્તા નહિ, પણ તેના સંપર્કની, તેની હાજરીની સત્તા; પોતે જે કાંઈ છે, પોતાની પાસે જે કાંઈ છે તેને વગર બોલ્યે પોતાના સાન્નિધ્યમાં, પોતાની આજુબાજુ, પોતાના આત્મામાંથી બીજાઓના આત્મામાં ફેલાવતી સત્તા. આ જ છે ગુરુનું પરમ લક્ષણ. કારણકે મોટામાં મોટો ગુરુ એટલે ઓછામાં ઓછો ઉપદેશક અને વધારેમાં વધારે સાન્નિધ્ય, હાજરી, કે જે પોતાની આજુબાજુ જે કોઈ ગ્રહણશીલ વ્યક્તિઓ હોય તેનામાં દિવ્ય ચેતના, અને તેના જ ભાગરૂપ, પ્રકાશ, શક્તિ, શુદ્ધિ, અને આનંદ રેડ્યે જ જાય.

અને પૂર્ણયોગના ગુરુનું એક લક્ષણ એ પણ ખરું જ કે એ પોતે એક મિથ્યાભિમાની માનવીની માફક કે પોતાની મહાનતાના ખ્યાલથી દોરાઈને ગુરુપદ ઓઢી નહિ લે. જો એને કાંઈ પણ કાર્ય કરવાનું હોય તો તે છે માત્ર, "ઉપરના"નું ટ્રસ્ટીપણું; એ પોતે છે માત્ર એક વાહન, એક આધાર, એક પ્રતિનિધિ. એ છે પોતાના ભાઈઓને મદદ કરતો માત્ર એક માણસ, બાળકોને દોરતો બાળક, જ્યોતિઓ પ્રગટાવતો પ્રકાશ, આત્માઓને જગાડતો, જાગેલો

આત્મા અને બહુ બહુ તો પ્રભુની શક્તિઓને સાદ કરતી પ્રભુની શક્તિ અને સાન્નિધ્ય.

* * *

જે સાધકને આ સર્વ સહાય મળી રહે તે તેના ધ્યેયને ચોક્કસ પહોંચવાનો જ. તેનું પતન પણ તેના ઉદ્દેશ્યનું જ સાધન બનશે અને મૃત્યુ પણ બનશે તેની સિદ્ધિની સીડી. એક વાર તેણે એ માર્ગ પકડ્યો એટલે જન્મ અને મરણ બની રહે છે જાતના વિકાસ માટેની ક્રિયાઓ અને સફરની વિવિધ ભૂમિકાઓ.

કાળ બની રહે છે સાધનાની છેલ્લી સહાય, ક્રિયાઓને પાર પડતી છેલ્લી જરૂરિયાત. માણસના પ્રયત્નોને માટે કાળ એ ભલે શત્રુ હોય કે મિત્ર, —વિરોધ હોય, વાહન હોય કે સાધન; પણ આત્માને માટે તો, ખરેખર, એ છે માત્ર એક સાધન.

પરિસ્થિતિ અને પરિબળો ભેગાં મળે અને ચઢાણોની જે રચના કરે તેનો વિસ્તાર, અને તેના રસ્તાનું માપ, તે કાળ. અહમ્‌ની સામે છે એ એક જુલમગાર અને વિરોધી; ભગવાનની પાસે છે એ એક સાધન. એટલે જ જ્યાં સુધી આપણા પ્રયત્નો આપણા પોતાના અંગત પ્રયત્નો રહે ત્યાં સુધી કાળ એ એક વિરોધ ભાસે છે કારણકે એ, આપણી શક્તિઓનો વિરોધ કરતી શક્તિઓને આપણા માર્ગમાં મુશ્કેલીરૂપે નાખે છે. જ્યારે પ્રભુની લીલા અને આપણા પ્રયત્નો આપણી ચેતનામાં ભેગાં થાય છે ત્યારે કાળ એ એક માર્ગ અને શરત લાગે છે. અને જ્યારે એ બે, પ્રભુની લીલા અને આપણા પ્રયત્નો, એકરૂપ થઈ જાય છે ત્યારે એ એક સેવક અને સાધન તરીકે દેખાય છે.

કાળ પ્રત્યે સાધકનું આદર્શ વલણ તો એ હોય કે પોતાના ધ્યેયની સિદ્ધિને માટે, કેમ જાણે, સમગ્ર અનંતતા પાથરી પડી હોય એવી અંત વિનાની ધીરજ ધારણ કરે અને છતાં સાક્ષાત્કાર કરાવનારી એવી શક્તિ વિકસાવે કે જેથી કરીને સંજોગો પરનો કાબૂ અને પ્રગતિની ઝડપ સતત વધ્યે જ જાય અને તે પણ એટલી હદ સુધી કે પરમ દિવ્ય રૂપાંતર ચમત્કારિક રીતે અબઘડી જ સિદ્ધ થાય.

પ્રકરણ : ૨

# આત્મ – સમર્પણ

યોગ એટલે જ પુનર્જન્મ; આપણે જે બુદ્ધિપ્રધાન ભૌતિક જીવન જીવી રહ્યા છીએ તેમાંથી એક ઉચ્ચ, આધ્યાત્મિક ચેતનામાં જવું અને એક વધારે વિશાળ અને દિવ્ય વ્યક્તિ બનવું એ છે એ નવો જન્મ. જ્યાં સુધી, "આ વિશાળ આધ્યાત્મિક પ્રદેશમાં પહોંચ્યા વિના છૂટકો જ નથી" એવું તીવ્ર ભાન ના થાય ત્યાં સુધી યોગને બરાબર રીતે શરૂ કરવો કે પાર પાડવો એ શક્ય નથી. આ ગહન અને વિશાળ પરિવર્તન માટે જે આત્માઓને આવો સાદ થાય છે તેમની યાત્રાનો આરંભ વિવિધ રીતે થાય છે. પોતાનો જે સ્વાભાવિક વિકાસ થઈ રહ્યો છે તે જ કોઈકને, ખબર પણ ના પડે તેમ, આ આત્મજાગૃતિ પ્રત્યે દોરી જતો હોય છે; તો કોઈક, કોઈ ધાર્મિક અસરથી, તો કોઈક કોઈ તત્ત્વજ્ઞાનના આકર્ષણથી ખેંચાઈ આવે છે; તો વળી, કોઈક ધીમે ધીમે, જ્ઞાનનો પ્રકાશ મેળવતાં મેળવતાં, તો કોઈક કોઈ આકસ્મિક સ્પર્શ કે આઘાતથી કૂદી પડીને; કોઈક બાહ્ય સંજોગોનો, તો કોઈક અંદરથી ઊગતી જરૂરિયાતનો, ધક્કો કે દોરવણી મેળવીને; કોઈક એકમાત્ર શબ્દ સાંભળતાં મનનાં બંધન તોડીને, કોઈક લાંબી લાંબી તરંગમાળાને અંતે; કોઈક કોઈ સિદ્ધ પુરુષનો દૂર દૂરનો દાખલો જોઈને, તો કોઈક વળી નિત્યના સંપર્ક અને પ્રભાવથી, એમ વિવિધ રીતે તેઓ પોતાની યાત્રાનો આરંભ કરે છે. દરેકને પોતાના સ્વભાવ અને સંજોગાનુસાર સાદ સંભળાય છે.

એ સાદ ભલે ગમે તે રીતે આવે પણ સાધકે સમજપૂર્વક એક મક્કમ નિર્ણય તો લેવો જ પડે છે અને તેના પરિણામરૂપ એક પૂરું અને કાર્યસાધક આત્મસમર્પણ કરવું જ પડે છે. માણસ કોઈ એક શુભ પળે એવું પગલું ભરી લે કે જેમાં એક નવી આધ્યાત્મિક સમજ અને શક્તિનો સ્વીકાર કરી લેવાયો હોય, જાતને એક ઊર્ધ્વ જીવનના પંથ પર ચડાવી દેવાઈ હોય, જાતમાં પ્રકાશ ઝળહળી ઊઠ્યો હોય, જીવનપલટાનો સંકલ્પ થઈ ગયો હોય અને હૃદયમાં અભીપ્સાએ નવો વળાંક લઈ લીધો હોય તો યોગથી જે કંઈ ફળ મળે છે તે સર્વનું બીજ રોપાઈ ચૂક્યું સમજવું.

આપણું મન ભલેને ગમે તેટલા જોરથી કોઈક વિચાર, ખ્યાલ કે બૌદ્ધિક શોધનો સ્વીકાર કરે પણ જો આપણું હૃદય એકમાત્ર તેની જ ઝંખના ના કરે અને આપણી સંકલ્પશક્તિ એકમાત્ર તેની જ પાછળ ના પડે તો તેનું કાંઈ જ પરિણામ નથી આવતું, કારણકે આધ્યાત્મિક સત્ય એ માત્ર એક વિચારવાની વસ્તુ નથી પણ "જીવવાની" વસ્તુ છે; અને તેને "જીવવી" હોય તો જરૂર પડે છે સમગ્ર જાતની એક્તા અને એકાગ્રતાની; યોગથી જે પરિવર્તન લાવવાનું છે તે દચુપચુ સંકલ્પશક્તિ વડે કે શક્તિની થોડીઘણી આજમાયશથી, કે હા–ના કરતાં મનથી મળી શકે નહિ. જેને ભગવાન જોઈએ છે તેણે પોતાની સમગ્ર જાત ભગવાનને, અને એકમાત્ર ભગવાનને, સમર્પણ કરવી જ પડે!

જો કોઈ એક અતિ પ્રબળ પ્રભાવના પરિણામે અચાનક અને પૂરી મક્કમતાથી જીવન પલટાઈ જાય તો પછી કોઈ મોટી કે કાયમી મુશ્કેલી રહેતી નથી. એવે વખતે, એ પલટો ખ્યાલમાં આવ્યો ના આવ્યો ત્યાં તો તેનો સ્વીકાર થઈ જ જાય છે; અને સ્વીકાર થયો એટલે સમર્પણ પણ થયું જ સમજવું. ત્યારે યોગ-માર્ગ પર પગ બરાબર મંડાઈ જ ગયો છે,–પછી ભલેને, શરૂ શરૂમાં પગલાં આડાઅવળાં પડતાં લાગે અથવા ભલેને, માર્ગ બરાબર ના દેખાતો હોય. અંતર્યામી, અંદર બેઠેલો ગુરુ, કામે લાગી ગએલો જ હોય છે,– પછી, ભલેને એ પોતાનું મોઢું હજી છુપાવ્યા કરતો હોય અને બહારથી પણ કોઈ ગુરુ તરીકે આવી મળ્યો ના હોય. ભલે ગમે તે મુશ્કેલીઓ આવે કે ગમે તેટલી દ્વિધા ઊભી થાય પણ એક વાર જે અનુભૂતિએ આવીને જીવનનો પ્રવાહ પલટી આપ્યો છે તેની સામે કાયમ માટે કોઈ ઊભું રહી શકશે નહિ. એક વાર સાદ મળી ચૂક્યો તે ખસવાનો નથી; જે જન્મી ગયું છે તેને કોઈ ગૂંગળાવી શકવાનું નથી. ભલે સંજોગોનો મારો થાય અને પહેલેથી જ નિયમિત સાધના કે પૂર્ણ સમર્પણ ના થવા દે પણ અંતરમાં જે પલટો આવી ગયો છે તે ટકવાનો જ અને પોતાના એ નવા માર્ગ પર ફરી ફરીને, અને નિત્ય–નૂતન જુસ્સાથી મંડ્યો જ રહેવાનો. અંદર એક અજેય ખંત ખોડાઈ ગઈ છે; તેની સામે સંજોગોને, અંતે તો, લાચારી દેખાડવી જ પડશે; અને પ્રકૃતિની એક પણ નિર્બળતા કાયમ માટે તેનો અવરોધ કરી શકશે નહિ.

પણ આવો પાકો પલટો હમેશાં કાંઈ પહેલેથી જ આવતો નથી. ઘણી વાર, સાધકને ધીમે ધીમે દોરવામાં આવે છે અને મનમાં થએલ પરિવર્તન, અને એ પરિવર્તનની દિશામાં પ્રકૃતિનો પૂર્ણ સાથ, એ એની વચ્ચે બહુ લાંબો ગાળો પસાર કરવો પડે છે. શરૂઆતમાં, તેજસ્વી બુદ્ધિને માત્ર એક

રસ જ જાગ્યો હોય, કોઈ ખ્યાલ માટે અને યોગાભ્યાસની કોઈ અપૂર્ણ પદ્ધતિ માટે ખૂબ જ આકર્ષણ જાગી ગયું હોય એમ પણ બને. અથવા એમ પણ બને કે કોઈક અતિ બુદ્ધિશાળી વ્યક્તિના પ્રભાવથી કે પ્રભુના ભક્ત બની ગએલ અને તેને જીવન સમર્પણ કરી દીધેલ કોઈક સ્વજન પ્રત્યેના પ્રેમ અને માનથી પ્રેરાઈને કાંઈક વલણ થયું હોય, અથવા તો નિર્ણય પણ લેવાયો હોય, પણ આખી જ પ્રકૃતિ એવા પ્રયત્નને હજી પૂરતો સાથ ના આપતી હોય. આવા દાખલાઓમાં, અંદરની તૈયારીમાં ઘણો લાંબો ગાળો પસાર કર્યા પછી કાયમી સમર્પણ-ભાવ જાગે એમ બને; તો વળી કોઈક દાખલામાં એમ પણ બને કે છેવટ સુધી એ કાયમી ભાવ ના જાગે. એમ પણ બને કે કેટલીક પ્રગતિ થાય, સખત પ્રયત્ન પણ હોય અને ઠીક ઠીક શુદ્ધિ અને કેટલીક અનુભૂતિઓ પણ થાય (જો કે મુખ્ય કે સૌથી મોટી અનુભૂતિ ના જ થઈ હોય) અને છતાં ય આખી જ જિંદગી માત્ર તૈયારીમાં જ પસાર થઈ જાય, અને જો મનને પૂરતો જોરદાર ધક્કો ના વાગ્યો હોય તો અમુક હદે પહોંચ્યા પછી સંતોષ માનીને અટકી જવું પણ પડે. એનાથી આગળ વધીને, કોઈક દાખલામાં, અધોગતિ પણ થાય. આવા માણસને "યોગભ્રષ્ટ થયો" કહે છે. આવા પતનનું કારણ એ હોય છે કે પ્રકૃતિના કેન્દ્રમાં જ કાંઈક ખામી રહી ગઈ હોય છે; બુદ્ધિને રસ પડવા માંડયો હોય, હૃદયમાં આકર્ષણ થયું હોય, સંકલ્પશક્તિ પણ કામે લાગી ગઈ હોય, છતાં ય સમગ્ર પ્રકૃતિ હજી પ્રભુના પાશમાં પકડાઈ નથી હોતી, તેણે એ રસ, આકર્ષણ કે યત્નમાં, માત્ર હા પાડી હોય છે એટલું જ. પ્રકૃતિએ એ એક અખતરો,– અને કદીક આતુરતા-પૂર્વક અખતરો કર્યો હોય છે પણ, આત્માની આજ્ઞા તરીકે કે કોઈ દૃઢ આદર્શ તરીકે તેણે તેનો સ્વીકાર કર્યો નહિ હોવાથી પૂરું સમર્પણ કર્યું નથી હોતું. અને છતાં પણ આવા આ બધા દાખલાઓમાં થએલો અપૂર્ણ યોગ કાંઈ સાવ નકામો જતો નથી. કારણકે ઉન્નતિનો એક પણ યત્ન વ્યર્થ જતો નથી. હમણાં ભલે પતન થાય, અથવા માત્ર થોડી તૈયારી કરીને કે પ્રાથમિક સાક્ષાત્કાર કરીને અટકી જવાય છતાં પણ, જે કાંઈ થયું છે તેનાથી આત્માનું ભાવિ તો નિર્માણ થઈ જ ચૂકયુ સમજવું.

પણ આ જિંદગીમાં મળેલી તકનો સંપૂર્ણ લાભ લેવો હોય, અને થોડી-ઘણી પ્રગતિ કરી અટકી ના જતાં આત્માના સાદને પૂરો સાંભળવો હોય અને જે ધ્યેયની ઝાંખી થઈ છે તેને સિદ્ધ કરવું જ હોય તો નિઃશેષ આત્મ-સમર્પણ કર્યે જ છૂટકો છે. યોગસાધનામાં સફળ થવાનું રહસ્ય એ છે કે યોગને જિંદગીનાં ઘણાં લક્ષ્યમાંના એક તરીકે નહિ પણ સમસ્ત જિંદગીના

એકમાત્ર લક્ષ્ય તરીકે સ્વીકારવો.

* * *

અને યોગનો સાચો અર્થ છે: મોટા ભાગના માણસો જે પાશવી, પરિમિત જીવન જીવી રહ્યા છે અથવા જે થોડા, આગળ વધેલા મનુષ્યો માનસિક, છતાં ય મર્યાદિત, જીવન જીવી રહ્યા છે તેમાંથી પલટો લઈ વિશાળ આધ્યાત્મિક જીવન, દિવ્ય જીવન તરફ પ્રયાણ. એટલે, જો, શક્તિનો એક પણ કણ એ નિમ્ન જીવનમાં નિમ્ન રીતે વાપરીએ તો એ થશે આપણા લક્ષ્યનો, આપણા આત્મ-સમર્પણનો વિરોધ. અને એથી ઊલટું, આપણી શક્તિનો જે કોઈ અંશ, જે કોઈ પ્રવૃત્તિ આ નિમ્ન જીવનની પકડમાંથી ખૂંચવીને ઊર્ધ્વની સેવામાં સમર્પીશું એ થશે આપણા લક્ષ્યની દિશામાં લાભ, આપણી પ્રગતિનો વિરોધ કરનાર શક્તિઓને ફટકો. આ પૂર્ણ પલટામાં જેટલી ખામી તેટલી જ ઠોકરો ખાવાની શક્યતા. કારણકે આપણા સમગ્ર સ્વભાવ અને સઘળા સંયોગોમાં, આપણી આખી જ અંગત અને આખી ય વૈશ્વિક જાતમાં એવી તો કુટેવો અને સૂક્ષ્મ બાબતો ભરેલી પડી છે કે જે આપણા આધ્યાત્મિક પુનર્જન્મની દુશ્મનો છે અને આપણા એકાગ્ર પ્રયત્નને તોડી પાડવા હમેશાં મથી રહી છે. એક રીતે તો આપણે માનસિક, પ્રાણ-મય, અને શારીરિક ટેવોના એક અટપટા જથ્થા જેવા છીએ. આ જથ્થાને થોડાએક વિચારો, ઇચ્છાઓ અને સંબંધો વડે ભેગો કરી રાખવામાં આવ્યો છે. એટલે કે આપણે આંધળિયાં પુનરાવર્તન કરનારા નાના નાના શક્તિ-ઘટકોનો એક એવો સમૂહ છીએ કે જેમાં કેટલાંક મોટાં આંદોલનો કામ કરી રહ્યાં છે. આજ સુધીમાં ભૌતિક અને બૌદ્ધિક માણસરૂપ જે આ એક બંધારણ થઈ ગયું છે તેને તોડવું અને એક નવી જ દૃષ્ટિવાળું કેન્દ્ર અને સર્વ પ્રવૃત્તિઓ માટે એક નવું જ ક્ષેત્ર આપણી અંદર રચવું એટલું તો આપણે યોગસાધના વડે કરવા માગીએ જ છીએ. આ જ થશે એક દિવ્ય માનવજાતિ, અથવા તો, અતિમાનવ પ્રકૃતિ.

આજે આપણા મનમાં, કેન્દ્રસ્થાને એક એવી શ્રદ્ધા અને દૃષ્ટિ બેસી ગઈ છે કે જે મનને તેના પોતાના જ વિકાસમાં અને સંતોષમાં એકાગ્ર, અને બાહ્ય દુનિયામાં જ રચ્યુંપચ્યું રાખે છે. એટલે સૌથી પહેલી જરૂરિયાત એ છે કે શ્રદ્ધા અને દૃષ્ટિની આ ઉપરછલ્લી, પણ બંધાઈ ગએલી, ગાંઠ છોડી નાખવી અને તેને બદલે પ્રભુને જ ધ્યાનમાં રાખતી અને પ્રભુને જ ઝંખતી ગહન શ્રદ્ધા અને દૃષ્ટિ સ્થાપવી. આપણી સમગ્ર નિમ્ન જાત આ નવી શ્રદ્ધા અને વિશાળ દૃષ્ટિનો સ્વીકાર કરે એવી તેની ઉપર ફરજ પાડવી એ છે બીજી

જરૂરિયાત. આપણી સમગ્ર પ્રકૃતિએ પૂરેપૂરી શરણાગતિ સ્વીકારવી જ પડશે. આપણી પ્રકૃતિ પાસે ઇન્દ્રિયોથી દોરાતું અશુદ્ધ મન છે. તે આ દુનિયાને અને તેની વસ્તુઓને સાચી માને છે. જ્યારે ઊર્ધ્વની વસ્તુઓ તેને ઓછી સાચી લાગે છે. પણ આ વસ્તુઓ જે ઓછી સાચી લાગે છે તેને જ આપણી પ્રકૃતિએ પોતાના દરેકેદરેક ભાગમાં અને તેની દરેક ગતિમાં સ્વીકારવી પડશે. આપણી સમગ્ર જાત, આપણો આત્મા, મન, ઇન્દ્રિયો, હૃદય, સંકલ્પશક્તિ, પ્રાણ, શરીર એ સર્વેએ પોતાની પૂરેપૂરી શક્તિઓને એટલી તો સમગ્રતાથી અને એવી તો રીતે શરણે કરવી પડશે કે જેથી સમગ્ર જાત પ્રભુનું યોગ્ય વાહન બની રહે. આ કાંઈ સહેલું કામ નથી, કારણકે દુનિયાની દરેક વસ્તુ પોતાની બંધાઈ ગએલી ટેવોને પોતાનો ધર્મ માનીને તેનું અનુસરણ કર્યા જ કરે છે; અને ધરમૂળના ફેરફારનો તો સામનો જ કરે છે. અને પૂર્ણયોગ જે ક્રાંતિ કરવા માગે છે તેના કરતાં વધારે ધરમૂળનો ફેરફાર બીજો કયો હોઈ શકે ! આપણી અંદર જે કાંઈ છે તે સર્વેને સતત પાછાં ખેંચીને આ કેન્દ્રવર્તી શ્રદ્ધા, સંકલ્પ અને દૃષ્ટિની સાથે તેમને જોડેલાં રાખવાનાં છે. દરેક વિચારને, દરેક કામનાને સતત યાદ દેવડાવવું પડે છે કે : “એ જ બ્રહ્મ છે; એને તું ઓળખ; લોકો જેને પૂજે છે તે એ નથી”[૧] પ્રાણના તંતુએ તંતુને સમજાવવો પડે છે કે આજ સુધી તેં જેને તારી પોતાની જ જાત માની છે તેને છોડી દે, છોડી દે. મને મન મટી જવાનું છે અને જે મનથી પર છે તેના વડે ઝળહળવાનું છે. પ્રાણે એવા તો વિશાળ, અને પ્રશાંત, અને ગહન, અને સમર્થ થવાનું છે કે જેથી કરીને પોતે પોતાની જ એ જૂની અંધ, અશાંત, સાંકડી જાતને અને એ જૂની ક્ષુલ્લક કામનાઓ અને વાસનાઓને ઓળખી પણ ના શકે. ખુદ શરીરે પણ એક પરિવર્તનનો સ્વીકાર કરવાનો છે, જેથી તે ન તો રહે બૂમાબૂમ કરતું પશુ કે અટવાયા કરતું ઠેકું પણ તેને બદલે બની જાય આત્માનો એક સચેતન સેવક, તેનું ચમકદાર કરણ અને જીવંત અને સાકાર સ્વરૂપ.

આ કામ એવું તો મુશ્કેલ છે કે સહેલા અને સાંકડા ઉકેલની શોધ સહજ બની છે. એટલે જ ધર્મ અને યોગના સંપ્રદાયોમાં સાંસારિક જીવન અને આંતરજીવનને અલગ અલગ કરી નાખવાની વૃત્તિ જન્મી, અને પછી રૂઢ બની ગઈ. એમને એમ લાગ્યું કે આ દુનિયામાં કામ કરતી શક્તિઓ અને તેમનાં કાર્ય એ કાં તો ઇશ્વરનાં છે જ નહિ અથવા તો ગમે તે કારણથી

---

૧. तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते।

(કેનોપનિષદ્ ૧; ૫.)

(અને કારણો પણ સમજમાં ના ઊતરે તેવાં અથવા તો સમજને મૂંઝવી નાખે તેવાં છે) એક માયા ઊભી થઈ ગઈ છે, દિવ્ય સત્યનો એક કાળો વિરોધ માત્ર રચાઈ પડ્યો છે. એ દિવ્ય સત્ય અને તેનાં આદર્શ આંદોલનો જુઓ તો તેઓ ચેતનાના એક જુદા જ પ્રદેશમાં છે; એ, આ દુનિયા અને તેનાં જીવન જેની ઉપર રચાયાં છે તેવો અંધ, અજ્ઞાન અને વિકૃત વાસનાઓ અને આસુરી શક્તિઓનો પ્રદેશ નથી. ઈશ્વરનું પ્રકાશમય અને પવિત્ર સ્વર્ગ અને શયતાનની અંધકારમય અને દુષ્ટ દુનિયા, એક સાથે, એકબીજાનો વિરોધ કરતાં ઊભાં છે. ઈશ્વરની ઉચ્ચ આધ્યાત્મિક ચેતનાના વિરોધમાં, આ દુનિયા પરનો આપણો જન્મ અને જીવન એક ક્રીડા જેવાં લાગે છે; આપણને તરત જ ખાતરી થઈ જાય છે કે શુદ્ધ બ્રહ્મમાં એકાગ્ર થઈ રાચતો આત્મા અને માયાની ગુલામીવાળું આ જીવન એ બેનો મેળ મળે જ નહિ. એટલે સહેલામાં સહેલો રસ્તો તો એ છે કે આ દુનિયામાં જે કાંઈ છે તેનાથી વિમુખ થઈ, દુનિયાનું જે કાંઈ આપણને વળગેલું છે તે બધું જ ફેંકી દઈ, ઉઘાડા થઈ પૂરઝડપે ઊર્ધ્વની બીજી જ દુનિયામાં ચડી જવું. એટલે જ યોગમાર્ગો સમાધિની જે વાત કરે છે તે આકર્ષક તો છે જ, પણ જરૂરી પણ લાગે છે; કારણકે એથી, આ દુનિયાનો સંપૂર્ણ ત્યાગ કરીને, આપણે જેની ઉપર એકાગ્ર થવા માગીએ છીએ તે "એ"ને આપણું પૂર્ણ આત્મસમર્પણ કરી શકીએ છીએ. આપણી નિમ્ન જાત અને તેની વૃત્તિ–પ્રવૃત્તિઓની પાસે નવા, ઊર્ધ્વ, આધ્યાત્મિક જીવનનો સ્વીકાર કરવાની ફરજ પાડવાનું અને તેમને તેમની કારભારી કે કાર્યવાહક શક્તિઓ તરીકે તાલીમ આપવાનું મહા-મુશ્કેલ કાર્ય આપણે માટે ફરજિયાત રહેતું નથી. તેમને મારી નાખ્યાં કે શાંત કરી દીધાં એટલે કામ થઈ ગયું; હા, બહુ બહુ તો એટલી શક્તિ બાકી રાખવી કે જેથી કરીને એક બાજુ શરીર ટકી રહે, અને બીજી બાજુ ઈશ્વર સાથેનો વ્યવહાર ચાલુ રહે.

પણ આપણા પૂર્ણયોગનું ધ્યેય અને મૂળ ખ્યાલ જ એવાં છે કે એ આવી સાદી, તંગદિલ અને ઊર્ધ્વપક્ષી રીત અપનાવવાની આપણને ના પાડે છે. આપણને તો આશા છે પૂર્ણ રૂપાંતરની; એટલે વિઘ્નદોડનાં વિઘ્નોને અંતરાયરૂપ માનીને તેમને હઠાવી દેવાની કે ટૂંકે રસ્તે દોડવાની આપણને મનાઈ છે. આપણે તો ઊપડ્યા છીએ ઈશ્વરનો વિજય સ્થાપવાને—આપણી આખી જાત ઉપર અને દુનિયા ઉપર; આપણે કાંઈ, કોઈ દૂરના સ્વર્ગમાં કોઈક ખૂણે છુપાઈ બેઠેલા ભગવાનને આપણા ધોએલા અને ઉઘાડા આત્માને, ખાલી હાથમાં લઈને, ભેટ ધરવા નથી નીકળ્યા; કે નથી નીકળ્યા કોઈ અચલિત,

કેવલ બ્રહ્મને આપણી જાતની માત્ર ભસ્મનો બલિ ધરવા; પણ આપણો તો નિર્ધાર છે આપણું સમગ્ર અસ્તિત્વ તેમ જ આપણો આવિર્ભાવ તેનો બનાવી દેવાનો. જે ઇશ્વરની આપણે આરાધના કરીએ છીએ એ માત્ર વિશ્વથી પર જ નથી, પણ, હજી અર્ધા ઢંકાએલ આવિર્ભાવ તરીકે આ વિશ્વમાં આપણી પાસે અને અત્યારે પણ એ મોજૂદ છે જ. આ દુનિયા પરનું જીવન એ પણ ઇશ્વરના આવિર્ભાવ માટેનું મેદાન છે, પણ હજી એ આવિર્ભાવ પૂર્ણ નથી થયો એટલું જ; ઉપનિષદ આગ્રહપૂર્વક કહે છે "इहैव" અહીંયાં જ, આ જીવનમાં જ, પૃથ્વી પર, આ શરીરમાં આપણે ઇશ્વરને છતો કરવાનો છે; તેના પરાત્પરના મહિમાને, પ્રકાશને, માધુર્યને અહીંયાં આપણી ચેતનામાં પ્રત્યક્ષ કરવાનાં છે, અહીંયાં જ તેને પકડવાનાં છે અને શક્ય તેટલાં વ્યક્ત કરવાનાં છે. એટલે આપણા યોગમાં જીવનનો સ્વીકાર કરવાનો જ છે, પણ તે માત્ર તેના રૂપાંતર માટે; આ સ્વીકારથી આપણા સંગ્રામમાં મુશ્કેલીઓનો વધારો થશે; તો, ભલે થાય, – એ મુશ્કેલીઓ ટાળવાની મનાઈ છે. આ માર્ગ વધારે વિકટ હશે, આ યત્ન વધારે અટપટો અને મૂંઝવણભર્યો અને મહેનતનો હશે, પણ તેના બદલામાં આપણને લાભ પણ એવો જ જબ્બર મળવાનો છે. કારણકે એવો સમય પણ આવે જ છે કે જ્યારે નવી દૃષ્ટિ આપણા મનમાં ઠીક ઠીક સ્થિર થઈ જાય છે અને આપણી સંકલ્પ–શક્તિ આ એક માર્ગનો સારો એવો સ્વીકાર કરી લે છે તે પછી આ જીવન પોતે જ એક મદદગાર બની રહે છે. નિર્ણયમાં મક્કમ રહીને, ચારે બાજુ નજર ફરતી રાખીને, પૂરેપૂરા જાગ્રત રહીને જીવનનું દરેક અંગ, તેની દરેક વિગત, તેની દરેક ગતિ, તેનો દરેક બનાવ એ બધાંની આપણે આપણી અંદરના યજ્ઞમાં બલિ તરીકે આહુતિ આપી શકીએ છીએ. સંગ્રામમાં વિજય મેળવીને પૃથ્વી પર પણ એવું દબાણ લાવી શકાય કે જેથી આપણે ઝંખેલી પૂર્ણતામાં એ પણ સાથ આપે; અને એમ, વિરોધ કરનાર આસુરી શક્તિઓના પંજામાંથી તેને ઝૂંટવી લઈને આપણા સાક્ષાત્કારને સમૃદ્ધ કરી શકાય.

* * *

અન્ય યોગમાર્ગોની સાધનામાં બીજી પણ એક એવી બાબત છે કે જેમાં તેઓ વસ્તુસ્થિતિને જરા સરળ કરી નાખે છે; તેથી સાધનામાં મદદ જરૂર થાય છે પણ તે સંકુચિત પણ થઈ જાય છે. પૂર્ણયોગનો સાધક તે સ્વીકારી નહિ શકે. યોગસાધનામાં સાધકે પોતાની જાતને બરાબર જોવી જ પડે છે, – અને એ છે અતિ અતિ ગૂંચવાડા ભરેલી અનેક પાસાંઓવાળા આપણા વ્યક્તિત્વમાં પ્રકૃતિની વિશાળ અને ગૂંચવાએલી જાહોજલાલી જોઈને ચમક

આવે છે પણ ચમકી પણ પડાય છે. સામાન્ય માણસ પોતાની બાહ્ય સપાટી પર જ જીવે છે; પોતાની જાતનાં ઊંડાણ અને વિસ્તારો ઢંકાએલાં હોઈ તે તેનાથી અજાણ છે; તેથી, તેને માટે પોતાની આંતરિક જાત સારી પેઠે સરળ હોય છે. એ અંદરની જાતને તપાસીએ તો જોવા મળે : ઇચ્છાઓ અને વાસનાઓની એક નાની સરખી પણ ઘૂમરાણ કરતી ટોળકી; થોડીક બૌદ્ધિક અને સૌન્દર્ય ઝંખતી ભૂખ; થોડીક સુરુચિઓ; ક્ષુદ્ર, અસંબદ્ધ ( કે કુસંબદ્ધ ) વિચારોના વિશાળ પ્રવાહમાં થોડા, નેતા જેવા, ખ્યાલો; સંતોષવી પડે એવી, પ્રાણની ઘણી જરૂરિયાતો; સુદ અને વદ જેવી તંદુરસ્તી અને બિમારી; ઢંગ-ધડા વિના વેરાએલાં સુખ અને દુઃખ; શરીર અને મનમાં અને પરિણામે સમગ્ર પ્રકૃતિમાં, ઊભરાતા નાના નાના ઉપદ્રવો અને ફેરફારો તથા કદીક આવી ચડતાં આંતર અવલોકનો અને ઉછાળાઓ; કદીક વિચારીને અને સંકલ્પ કરીને તો કદીક એમ ને એમ, ( કે વળી એનાથી વિરુદ્ધ પણ જઈ ને ) ઉપરની વસ્તુઓની, જરા કામ લાગે એવી, અને છતાં ચલાવી લેવાય એવી ગોટાળાવાળી વ્યવસ્થા : આ છે સામાન્ય માણસની જાતનો મસાલો. આદિ-કાળના જંગલી માણસનું બાહ્ય જીવન જેવું કથોરું અને અણવિકસિત હતું તેવું જ છે આજના સામાન્ય માણસનું આંતર–જીવન. યોગ એટલે આપણા ઊંડાણમાં છૂપી રહેલ અસંખ્ય આંતરિક બાબતોમાં ડૂબકી પોતાનો બાહ્ય વિકાસ કરવા જતાં માણસ અતિ ચિત્ર–વિચિત્ર દુનિયાથી પોતાને ઘેરાએલો જુએ છે. યોગથી માણસ જ્યારે પોતાની અંદર ડૂબકી મારે છે ત્યારે ત્યાં પણ તે પોતાની જાતને આવી જ એક અતિ ચિત્ર–વિચિત્ર દુનિયાથી ઘેરાએલો જુએ છે. બાહ્ય દુનિયાની માફક આ દુનિયાને પણ જાણવાની છે, અને જીતવાની પણ છે.

અહીં જે સૌથી વધારે સતાવે તેવી બાબત જાણવાની મળે છે તે એ છે કે આપણા બધા જ ભાગ,–બુદ્ધિ, સંકલ્પશક્તિ, મન, પ્રાણ, હૃદય, શરીર એ બધાં જ જાણે કે એક એક અલગ અટપટી વ્યક્તિ છે, જાણે કે એકબીજાથી સ્વતંત્ર એવી પ્રકૃતિની રચનાઓ છે. એ દરેક ન તો ખુદ પોતાની અંદર મેળમાં છે ન તો બીજાઓની સાથે; અને, આપણી કોઈ કેન્દ્રસ્થ જાત ( કે જે સર્વેને કેન્દ્રમાં જોડાએલાં રાખવા માગે છે ) તેના પ્રતિનિધિરૂપ અને આપણા બાહ્ય અજ્ઞાનપટ પર પડતા તેના પડછાયારૂપ અહમ્‌ની સાથે પણ તેઓ મેળમાં નથી. આપણે જોઈએ છીએ કે આપણે એક નહિ પણ અનેક વ્યક્તિઓના બનેલા છીએ, અને તે દરેકને પોતપોતાની માગણીઓ છે અને પોતપોતાની જુદી જુદી પ્રકૃતિ છે. આપણી જાત એક ઢંગધડા વગર ઘડાએલ અંધાધૂંધી છે અને

આપણે તેમાં દિવ્ય વ્યવસ્થાના તત્ત્વને દાખલ કરવાનું છે. વળી આપણને એમ પણ દેખાય છે કે બહારની દુનિયામાં જેમ આપણે એકલા નથી તેમ અંદર પણ એકલા નથી; આપણને જે બહુ જ સ્પષ્ટ અલગપણાનું ભાન થતું હતું તે તો માત્ર આપણા અહમ્‌ની જ રચના અને આભાસ હતાં; આપણી સ્વતંત્ર હયાતી જ નથી. આપણે, ખરેખર તો, આપણી અંદર કોઈ અલગ એકાંતમાં એકલા નથી જીવતા. આપણું મન એક એવું યંત્ર છે કે જેમાં ક્ષણે ક્ષણે ઉપરથી, નીચેથી, બહારથી, એક વણથંભ્યો પરાયો પ્રવાહ, અંદર અંદરના સંબંધ વિનાનો વહ્યે આવતો એક જથ્થો, સતત પસાર થયે જ જાય છે અને આપણું મન તેમને યંત્રવત્ અંદર લે છે, વિકસાવે છે અને તેમાં સુધારાવધારા કરે છે. આપણા અર્ધા કરતાં ય વધારે વિચારો અને લાગણીઓ આપણાં પોતાનાં એ રીતે નથી કે તેઓ આપણી બહાર શરૂ થાય છે; ભાગ્યે જ એવી કોઈ વસ્તુ હશે કે જે મૂળથી જ આપણી પ્રકૃતિની પોતાની કહી શકાય; બહુ મોટો ભાગ તો બીજાઓ પાસેથી કે વાતાવરણમાંથી આપણી અંદર, કાં તો કાચા મસાલા જેવો, કે તૈયાર માલ જેવો, આયાત થાય છે; અને એનાથી ય વધારે મોટો ભાગ તો આવે છે આપણી દુનિયાની કે બીજી દુનિયાની કે બીજા પ્રદેશોની પ્રકૃતિમાંથી કે તેમની વ્યક્તિઓ, શક્તિઓ કે અસરોમાંથી. અને એનું કારણ એ છે કે આપણી ઉપર, અને આજુબાજુ પણ, મન, પ્રાણ અને સૂક્ષ્મ ભૌતિક પ્રદેશના એવા સ્તરો આવેલા છે કે જેમાંથી આપણાં જીવન અને કાર્યોને તેમનો ખોરાક મળી રહે છે અથવા જેઓ પોતે તેમને ખાય છે, ધમકાવે છે, દાદાગીરી કરે છે અને પોતાની વ્યક્તિઓ અને શક્તિઓનો આવિર્ભાવ કરવા તેમને કામમાં લે છે. આમ આ અંદરની દુનિયા ખૂબ જ અટપટી છે અને આપણી જાત વહ્યે આવતી એ વૈશ્વિક શક્તિઓની સમક્ષ ખુલ્લી પડી છે એટલું જ નહીં પણ તેમની ગુલામીમાં પણ પડેલી છે. એટલે જ અંગત રીતે મોક્ષ મેળવવામાં મુશ્કેલીઓનો જબરજસ્ત વધારો થઈ જાય છે. આપણે આ બધી જ બાબતો ખ્યાલમાં રાખવાની છે, તેમની સાથે કામ પાડવાનું છે, વળી આપણી પ્રકૃતિનાં અંગો અને તેની ગતિઓ જાણવાની છે; આપણી પ્રકૃતિ જેની બનેલી છે તે મૂળ ગુપ્ત વસ્તુ પણ જાણવાની છે અને એ બધાંની અંદર એક દિવ્ય કેન્દ્ર, એક સાચો મેળ તથા જ્યોતિર્મય વ્યવસ્થા સર્જવાનાં છે.

ઉપર જણાવેલ, અથડામણવાળાં તત્ત્વોની સાથે કામ પાડવાની, પ્રચલિત યોગમાર્ગોની રીત સીધી અને સાદી છે. આપણી ચેતનાની મુખ્ય શક્તિઓમાંની એક યા બીજીને પસંદ કરીને તેની દ્વારા તેઓ પ્રભુપ્રાપ્તિ કરે છે;

અન્ય સર્વ શક્તિઓને તેઓ તમસ્‌માં ઉતારી શાંત કરી નાખે છે અથવા તો તેમની પોતાની જ સંકુચિતતામાં તેમને ભૂખે પડી રહેવા દે છે. ભક્ત પોતાની લાગણીઓનાં બળનો, હૃદયની તીવ્ર ઝંખનાનો આશરો લઈને પ્રભુપ્રેમમાં એકાગ્ર થઈ મસ્ત બની રહે છે, – જાણે કે એક-જિહ્‌વાવાળી અગ્નિશિખા. વિચારમાળા તરફ એ ઉદાસીન રહે છે, તર્કના તરંગોની ઝંઝટને એ હટાવી દે છે, મનની જ્ઞાન-ભૂખની એને જરાય ચિંતા નથી. તેને તો જે જ્ઞાન જોઈએ છે એ છે, માત્ર, પ્રભુ-પાશથી હૃદયમાં ઊભરાતી શ્રદ્ધા, અને પ્રેરણા. જે કાર્યને પોતાના પ્રિયતમ પ્રભુની પૂજા કે મંદિરની સેવા સાથે સીધો સંબંધ ના હોય તેવા કાર્ય માટે તેને સંકલ્પ સરખો પણ કરવાનો નથી. તો વળી જ્ઞાની વિચાર, વિવેક વગેરે બુદ્ધિની શક્તિઓનો આશરો લઈને તથા મનને અંતરમુખ કરીને તેની ક્રિયાઓ દ્વારા મુક્તિ મેળવવાનું પસંદ કરે છે. તે આત્મા ઉપર વિચારોને એકાગ્ર કરે છે, અને સૂક્ષ્મ ભેદ દ્વારા, પ્રકૃતિનાં કાર્યોની પાછળ પુરુષની શાંત હાજરી પકડી પાડે છે; અને દાર્શનિક બુદ્ધિ દ્વારા આધ્યાત્મિક અનુભૂતિનો સાક્ષાત્કાર કરે છે. તે ઊર્મિના ઊભરાઓ પ્રત્યે ઉદાસીન થઈ જાય છે; ભાવનાની ભૂખને તે ગણકારતો નથી; પ્રાણની પ્રવૃત્તિઓનાં દ્વાર બંધ કરી દે છે; આ બધું જેમ વહેલું ખરી પડે તેમ વધારે સારું કે જેથી તેને શાંત અને નિશ્ચલ રહેવાની તક મળી જાય અને કાર્યો કરવાની ઝંઝટ કાયમ માટે છૂટી જાય. શરીર તેને ઠોકર ખવડાવે છે અને પ્રાણ તેનો શત્રુ બની જાય છે; તેમનું દબાણ જેમ ઓછું તેમ એ વધારે સદ્‌ભાગી. આજુબાજુની દુનિયા અસંખ્ય મુશ્કેલીઓનો મારો ચલાવે છે, તો તે પોતાના રક્ષણ માટે, બાહ્ય રીતે ભૌતિક એકાંત અને અંતરમાં આધ્યાત્મિક એકાંત ઊભું કરે છે. એકાંતના એ કિલ્લા પાછળ સલામત થઈ શાંતિ મેળવે છે, અવિચલિત થઈ જાય છે; દુનિયા કે દુનિયાના લોકો તેને સ્પર્શ પણ કરી શકતા નથી. આવા યોગમાર્ગોનું વલણ હોય છે : પોતાના અંતરમાં એકલા રહેવું અથવા તો પ્રભુની સાથે એકલા રહેવું અને પ્રભુ અને પ્રભુભક્તોનો સંગાથ રાખવો; બુદ્ધિને સાધન બનાવી અંતરની ખોજમાં કે હૃદયમાં પ્રભુપ્રેમભરી તેની મસ્તીમાં આપણે આપણી જાતને અલગ કરવી અને રાખવી. મુશ્કેલીઓમાંથી ઉકેલ મેળવવાનો રસ્તો એ કે આપણા ધ્યેયમાં આપણને સહાય કરે એવી એક મુશ્કેલીને, બીજી બધીમાંથી કાપીને અલગ કરી નાખવી, ઉપાડવી અને કેન્દ્રમાં લઈ સાધનરૂપ બનાવવી; પ્રકૃતિની બહુમુખી ખેંચતાણમાંથી ગમે તે એકની ઉપર એકાગ્ર થવું એ જ માત્ર ગુરુ-ચાવી જણાય છે.

પણ પૂર્ણયોગનો સાધક તો આવા આંતરિક કે બાહ્ય એકાંતનો આશરો સાધનાના એક જરૂરી અને ટૂંકા ગાળા તરીકે જ લેશે. એ તો સમગ્ર જીવનનો સ્વીકાર કરે છે. એટલે તેણે પોતાનો સારી પેઠે ભારે બોજ તો ઉઠાવવાનો જ છે પણ તેમાં વધારો કરતો, અને તેના જ ભાગરૂપ, દુનિયાના બોજાનો પણ સારો એવો ભાગ ઉઠાવવાનો છે. બીજા યોગમાર્ગોની સરખામણીમાં તો એણે અહીં એક લડાઈ જ લડવાની છે,— અને તે પણ એક દ્વંદ્વ નહિ પણ એક વિશાળ પ્રદેશ સામે, કહોને કે દેશ સામે, જાહેર કરેલ મહાયુદ્ધ. તેણે અહમ્-પ્રધાન અસત્ય અને અંધાધૂંધીને પોતાની જાતમાં જીતવાનાં છે એ સાચું પણ સાથે સાથે આખા વિશ્વમાં ફેલાએલ અનંત આસુરી શક્તિઓના પ્રતિનિધિ તરીકે તેમને જીતવાનાં છે. એ પ્રતિનિધિ, કે દૂત જેવાં છે એટલે જ એમનો પ્રતિકાર મચક આપતો નથી; જાણે કે હલ્લા ઉપર હલ્લા, અનંત હલ્લા, કર્યા કરવાનો તેમનો પરવાનો છે. ઘણી વાર તેને લાગે છે કે બરાબર મંડ્યા રહીને તેણે પોતાની જાતમાં એક વિજય બરાબર સ્થાપી દીધો છે; અને છતાં તે જુએ છે કે હજી તો એણે, એની એ લડાઈ, જાણે કે અંત વિના, લડ્યા જ કરવી પડશે. એનું કારણ એ છે કે તેની આંતર-ચેતનાને એટલી તો વિશાળ કરી દેવામાં આવી છે કે જેથી તેમાં માત્ર પોતાની જ જાત અને તેની મર્યાદિત જરૂરિયાતો અને અનુભૂતિઓનો જ સમાવેશ નથી થતો પણ બીજા સહુ કોઈની સાથે એક જ મોરચો માંડીને તે ઊભો છે; તેની જાતમાં સમગ્ર વિશ્વનો સમાવેશ થએલો છે.

વળી, પૂર્ણ સિદ્ધિની સાધના કરતો સાધક માત્ર પોતાના પૂરતી જ સાધના કરવા ઇચ્છે તોપણ તે કોઈ અપૂર્ણ ઉકેલથી પોતાની અંદર અંદરનો કલહ શાંત નહિ કરી શકે. તેણે તો ચિંતન દ્વારા મેળવેલ જ્ઞાનને, શંકાની છાયા વગરની શ્રદ્ધા સાથે મેળમાં મૂકવાનું છે; તેણે તો પ્રેમના મૃદુ આત્માને પ્રચણ્ડ શક્તિ સાથે રાગમાં લાવવાનો છે; પરાત્પરની પ્રશાંતતામાં નિષ્ક્રિય બની રાચતા આત્માને, ઝૂમી રહેલા દિવ્ય કાર્યકર્તા અને દિવ્ય યોદ્ધા સાથે એકાકાર કરી દેવાનો છે. આધ્યાત્મિકતાના સર્વ સાધકોની માફક તેણે પણ બુદ્ધિના વિરોધો, ઇન્દ્રિયોની નાગચૂડ, હૃદયના ઉત્પાતો, વાસનાઓનાં જાળાંઓ, શરીરના હઠાગ્રહો એ સર્વેને ઉકેલવા જ પડે છે. પણ તેમના એ પરસ્પર અને આંતરિક ઝગડાઓ અને તેથી સાધનામાં આવતી મુશ્કેલીઓને તેણે બીજી જ રીતે ઉકેલવાનાં છે; કારણકે આ સર્વ બળવાખોરોને સીધા કરીને તેણે તો પૂર્ણતા સ્થાપવાની છે; અને એ કામ તો કલ્પી ના શકાય એટલું મુશ્કેલ છે. તેણે તો, એ બધાંનો દિવ્ય સાક્ષાત્કાર અને દિવ્ય આવિર્ભાવ

માટેનાં સાધનો તરીકે સ્વીકાર કરીને તેમની બેસૂરતામાં રાગ બેસાડવાનો છે, તેમના અંધકારભર્યા થરમાં પ્રકાશ પાથરવાનો છે, તેમનું અલગ અલગ અને એકત્ર રીતે રૂપાંતર કરવાનું છે, તેમની અંદર અલગ અલગ સમગ્ર રીતે સુમેળ સ્થાપવાનો છે; આ બધું પણ પૂરેપૂરું, — એક પણ ટુકડો, તંતુ કે આંદોલન છોડવાનું નથી, ક્યાંય અપૂર્ણતાનો કણ પણ રાખવાનું નથી. સર્વ તજીને એક જ બાબત પર, અથવા તો વારાફરતી જ એક એક બાબત પર, એકાગ્ર થવું હોય તોપણ પોતાના આ જટિલ કાર્યની એક કામચલાઉ સગવડ તરીકે જ એમ કરી શકાય; જેવી એની જરૂર પૂરી થઈ કે તરત જ એ રીત છોડી જ દેવાની. તેણે મથી મથીને જે સિદ્ધ કરવાનું છે એ તો છે અતિ મુશ્કેલ એવી સર્વગ્રાહી એકાગ્રતા.

*　　*　　*

યોગનો કોઈ પણ માર્ગ લો પણ તેમાં સૌથી પહેલી જરૂર પડવાની એકાગ્રતાની. પણ પૂર્ણયોગ એવો છે કે એમાં એ એકાગ્રતા સર્વગ્રાહી બનાવવી પડે છે. હા, એટલું ખરું કે અહીંયાં પણ વિચાર, લાગણીઓ કે સંકલ્પશક્તિને અલગ અલગ રીતે કોઈ એક ખ્યાલ, વસ્તુ, મનોદશા, આંતરિક ગતિ, અથવા સિદ્ધાંત પર એકાગ્ર કરવાની અવારનવાર જરૂર પડે, પણ એ માત્ર એક ગૌણ મદદ તરીકે. આ યોગની મુખ્ય ક્રિયા તો છે આપણી સમગ્ર જાતને તથા તેના દરેક અંગને એ અદ્વિતીય "એક" કે જે "સર્વ" છે તેની પ્રત્યે પૂરેપૂરી ખોલી નાખવી અને એ જ સમગ્ર જાત અને તેનાં સર્વે અંગોને મેળમાં મૂકી તેની ઉપર એકાગ્ર કરવી. આ સિવાય આ યોગનું લક્ષ્ય સિદ્ધ થઈ શકે તેમ નથી. કારણકે આપણી અભીપ્સા તો છે : એ જ ચેતના કે જે "એક"માં વસે છે અને "સર્વ"માં કાર્ય કરી રહી છે, તેને પ્રાપ્ત કરવી; અને એ જ ચેતનાને આપણી જાતનાં દરેકેદરેક તત્ત્વ ઉપર અને આપણી પ્રકૃતિની દરેકેદરેક ગતિ ઉપર ઠસાવવી. આ જ વિશાળ અને એકાગ્ર પૂર્ણતા એ છે આ સાધનાની સારરૂપ ખાસિયત; અને યોગાભ્યાસનો આધાર હોય છે સાધનાની ખાસિયત પર.

સમગ્ર જાતને પ્રભુ પર એકાગ્ર કરવી એ આ યોગની ખાસિયત છે જ; પણ આપણી જાત એટલી તો અટપટી છે કે તેને એક સામટી ઉપાડવી અને સાધનામાં જોડવી એ તો આખી દુનિયાને બે હાથે ઉપાડીને આખી ને આખી જ ક્યાંક ગોઠવી આપવા જેવું મુશ્કેલ છે. પોતાની જાત જે કાંઈ છે તેનાથી કાંઈક અધિક તેને બનાવવા માટે આપણી પ્રકૃતિરૂપ આ અટપટા યંત્રમાં ક્યાંક એકાદ કળ કે એકાદ મજબૂત ઉચ્ચાલન સામાન્ય રીતે શોધી

કાઢવું પડે છે; આ ખાસ પસંદ કરેલ કળ કે ઉચ્ચાલન દબાવીને યંત્ર પાસેથી ધાર્યું કામ લેવું પડે છે. સાધનામાં કઈ કળ કે ઉચ્ચાલનનો ઉપયોગ કરવો એ આપણે પ્રકૃતિની પોતાની પાસેથી જ જાણી શકીએ છીએ. પણ એ સૂચન પ્રકૃતિના નીચામાં નીચા કે મર્યાદિત ભાગમાંથી નહિ પણ આપણી અંદર તેનો ઊંચામાં ઊંચો અને ખૂબ વિશાળ ભાગ હોય તેમાંથી મેળવવાનું છે. પ્રાણના નીચલા ભાગોને કામ કરવા માટે પ્રકૃતિનું સૌથી અસરકારક ઉચ્ચાલન છે "ઇચ્છા." પણ માણસની ખાસિયત તો છે એનું મન,– પશુતા-ભર્યો પ્રાણ નહિ. જેમ પોતાના પ્રાણના આવેગોને કાબૂમાં રાખવા માણસ પોતાની બુદ્ધિ અને સંકલ્પશક્તિનો ઉપયોગ કરે છે એ જ પ્રમાણે તે બુદ્ધિના હજી પણ વધારે ઊંચા અને આલોકિત ભાગનો તથા અંતરમાં રહેલ ચૈત્ય પુરુષનો ઉપયોગ કરીને, આ બે મહાન અને શુદ્ધ ઉચ્ચાલનોને કામે લગાડીને, આપણે જેને ઇચ્છા કહીએ છીએ તે પ્રાણ અને ઇન્દ્રિયોની હકૂમતમાંથી તે બહાર નીકળી શકે છે; આમ કરીને તે, એ ઇચ્છા–તત્ત્વની ઉપર પોતાનું પૂર્ણ પ્રભુત્વ સ્થાપી શકે છે અથવા તો તેને સમજાવીને પ્રભુને શરણે લઈ જઈ શકે છે કે જેથી તેનું રૂપાંતર થઈ જાય. આ ઊર્ધ્વ મન અને અંતરમાં રહેલ આ ચૈત્ય પુરુષ એ બે એવાં તત્ત્વો છે કે જેનો પકડ તરીકે ઉપયોગ કરીને ભગવાન મનુષ્યની સમગ્ર પ્રકૃતિને પકડમાં લઈ શકે.

માનવનું ઊર્ધ્વ મન એ તેની તર્કશક્તિ કે વિચાર–પ્રધાન બુદ્ધિના કરતાં વધારે ઉચ્ચ, વધારે શુદ્ધ, વધારે વિશાળ, અને વધારે સમર્થ એવી એક બીજી જ વસ્તુ છે. પશુમાં પ્રાણ અને ઇન્દ્રિય મુખ્ય તત્ત્વો છે; જ્યારે માણસ પશુના કરતાં જુદો એટલા માટે છે કે તેનામાં તર્ક–શક્તિ છે; આપણે એમ કહીએ છીએ ખરા પણ એ વાત ઘણી ટૂંકી, અધૂરી અને ગેરસમજૂત કરનારી છે. કારણકે તર્ક–શક્તિ એ તો માત્ર એક ક્રિયા છે, વિશિષ્ટ છતાં મર્યાદિત કામ માટેની; એક સાધન તરીકે થતી પ્રવૃત્તિ છે; અને તેનું મૂળ છે તેના કરતાં ઘણી મોટી એવી એક બીજી વસ્તુમાં; અને એ વસ્તુ છે એક શક્તિ કે જે એક પ્રકાશમય, વિશાળ અને અનંત અવકાશ-માં આવી રહેલી છે. આપણે જેના વડે અવલોકન કરીએ છીએ, તર્ક કરીએ છીએ, સંશોધન કરીએ છીએ, તુલના કરીએ છીએ, એ બુદ્ધિની, તાત્કાલિક કે વચગાળાની નહિ, પણ સાચી અને કાયમી અગત્ય તો એ છે કે એ માણસમાં એક એવો પાયો તૈયાર કરે છે કે જેથી તે ઉચ્ચ જ્ઞાન ગ્રહણ કરી શકે અને તેનાથી દોરાતું કાર્ય કરી શકે. પશુઓ જે હલકા અને અંધારિયા પ્રકાશ વડે દોરાઈ રહ્યાં છે તે જ પ્રકાશ આજે તેનામાં, મનુષ્યમાં, પથરાઈ

રહેલો છે, પણ, તેની જગ્યાએ તેણે આ ઊર્ધ્વ જ્ઞાનનો પ્રકાશ સ્થાપવાનો છે. પશુઓમાં પણ એક તદ્દન અણુવિકસિત બુદ્ધિ, એક જાતની વિચાર-શક્તિ, એક આત્મા, એક સંકલ્પશક્તિ અને તીવ્ર લાગણીઓ હોય છે; તેનું માનસ માનવના જેવું જ છે, ફેર એટલો જ છે કે તે વિકસેલું નથી. પણ પશુઓની આ બધી વૃત્તિઓ અને પ્રવૃત્તિઓ નીચલા મગજમાંથી યંત્રવત્ થતી રહે છે, તેની જ મર્યાદામાં રહે છે અને લગભગ તેના વડે જ બંધાએલી હોય છે. પશુઓની સર્વ સમજ, સંવેદનો, પ્રવૃત્તિઓ તેના નીચલા મગજ અને પ્રાણની અંધપ્રેરણા, કામના, જરૂરિયાત અને તેમના સંતોષથી જ દોરાતી હોય છે અને એ બધાનું કેન્દ્ર હોય છે પ્રાણના આવેગોમાં અને ઇચ્છાઓમાં. પ્રાણમય પ્રકૃતિની આ યંત્રણાથી માણસ પણ બંધાએલો છે જ પણ જરા ઓછો. વધારામાં, માણસ પોતાના વિકાસ માટે મક્કમ સંકલ્પ-શક્તિ, સ્પષ્ટ વિચારશક્તિ અને પવિત્ર લાગણીઓનો ઉપયોગ કરી શકે છે; અને હલકી ઇચ્છાઓની ઉપર આ વધારે જાગ્રત અને પ્રકાશિત નિયામકોનો કાબૂ સ્થાપી શકે છે. જેટલે અંશે એ આ નીચા જીવન પર કાબૂ મેળવી શકે અને તેને ઉચ્ચ બનાવી શકે એટલે અંશે એ માણસ વધુ અને પશુ ઓછો. અને જ્યારે એ ઇચ્છાઓને પૂરેપૂરી દૂર કરીને તેની જગાએ હજી ય વધારે ઊંચા, અને પ્રભુના સ્પર્શવાળા વિચારો, દૃષ્ટિ અને સંકલ્પશક્તિને ગોઠવવાની શરૂઆત કરે, જ્યારે પોતાના કરતાં વધારે દિવ્ય એવી સંકલ્પ-શક્તિના કાબૂ નીચે ઇચ્છાઓને લાવવા માંડે, જ્યારે વધારે વૈશ્વિક અને પરાત્પર જ્ઞાન સાથે અનુસંધાન કરવા માંડે ત્યારે એ માનવમાંથી અતિમાનવ બનવાનાં પગરણ શરૂ કરે છે; ત્યારે પ્રભુ પ્રત્યેની એની ઊર્ધ્વ યાત્રાનો આરંભ થાય છે.

એટલે, સૌથી પહેલાં તો, જ્ઞાન, પ્રકાશ અને સંકલ્પશક્તિના આ ઊંચામાં ઊંચા મનમાં અથવા તો લાગણીઓ અને ઊર્મિના ઊંડામાં ઊંડા ઊંડાણવાળા હૃદયમાં, અને જો બની શકે તો તે બંનેમાં એક સાથે, આપણે આપણી ચેતનાને એકાગ્ર કરવી પડશે અને આપણી સમગ્ર પ્રકૃતિને પ્રભુ પ્રત્યે ઉઠાવવા માટે તેનો એક ઉચ્ચાલન તરીકે ઉપયોગ કરવો પડશે. પ્રકાશનો સ્પર્શ પામેલ બુદ્ધિ, સંકલ્પશક્તિ અને હૃદયને ભેગાં કરીને તેમને આપણા જ્ઞાનના એક વિશાળ ધ્યેય પર, આપણાં કાર્યોના એક જ્યોતિર્મય અને અનંત મૂળ પર, આપણા ભાવોના એક અમર લક્ષ્ય પર એકાગ્ર કરવાં એ થશે યોગનો આરંભ; અને આપણી સાધનાનું લક્ષ્ય રહેશે આપણી અંદર ઉદય પામતા જ્ઞાનનો સાગર પોતે, આપણાં કર્મોનો સંચાર કરવા આપણે જે શક્તિને સાદ

કરીએ છીએ એ શક્તિનો ખુદ આદ્ય ભંડાર. આપણું એકમાત્ર લક્ષ્ય રહેશે પ્રભુ પોતે જ,—એ જ પ્રભુ કે જેને માટે આપણી ગુપ્ત પ્રકૃતિમાં ક્યાંક કાંઈક નિરંતર ઝંખના, જાણ્યેઅજાણ્યે ચાલી જ રહી છે. આપણે કરવાની છે એક વિશાળ અને બહુમુખી, છતાં માત્ર એક જ, એક જ એકાગ્રતા; અને એ એકાગ્રતા છે આપણા વિચારોની, એકમાત્ર પ્રભુના જ ખ્યાલ ઉપર, તેની જ સમજ અને દૃષ્ટિ ઉપર, જગાડી જતા તેના જ સ્પર્શ ઉપર, આત્માને થતા તેના જ સાક્ષાત્કાર ઉપર; આપણા હૃદયની જ્વાળાઓની એકાગ્રતા, એ અનંત અને સર્વ સ્વરૂપ પ્રભુ ઉપર; અને એ મળી જાય પછી લેવાની છે એ સર્વ-સૌંદર્યના સ્વામીના આલિંગનમાં અને પરમાનંદમાં એક ગહન ગહન ડૂબકી; આપણી સંકલ્પશક્તિની, જરા પણ મચક ના આપે એવી એક દૃઢ એકાગ્રતા, પ્રભુ જે કાંઈ છે તે સર્વની પ્રાપ્ત અને સિદ્ધિ ઉપર; અને પછી, ખોલી નાખવાની છે આપણી એ સંકલ્પશક્તિને મુલાયમ કરીને, અને પૂરેપૂરી, પ્રભુના હાથમાં; જેથી તે જે કાંઈ આપણી અંદર વ્યક્ત કરવા માગે છે તે મુક્ત રીતે થઈ શકે. આ છે આપણા યોગનો ત્રિમાર્ગ.

* * *

પણ આપણે હજી સુધી જેને જાણતા નથી એની ઉપર એકાગ્ર થવાય કેવી રીતે ? તો વળી, જ્યાં સુધી આપણી જાતને આપણે પ્રભુ પર એકાગ્ર ના કરીએ ત્યાં સુધી આપણે તેને જાણી પણ કેવી રીતે શકીએ ? એક એવી એકાગ્રતા કે જે પોતે જ છેવટે જીવંત સાક્ષાત્કાર થઈને ઊભી રહે, અને આપણી જાતમાં, અને આપણે બીજું જે કાંઈ જાણીએ છીએ એ સર્વમાં, પ્રભુની હાજરીની સતત અનુભૂતિ : એ છે યોગમાં થતો "જ્ઞાન" અને "જ્ઞાન"-ની શોધનો અર્થ. શાસ્ત્રો વાંચીને કે ચિંતનભર્યા તર્કનો આશરો લઈને પ્રભુને બૌદ્ધિક રીતે સમજવા મંડ્યા રહેવું એ પૂરતું નથી; એવી અથાગ માનસિક મહેનતને અંતે, આપણે, સનાતન પ્રભુના વિશે જે કાંઈ કહેવાનું હોય તે જાણી શક્યા હોઈએ, અનંત પ્રભુના વિશે જે કાંઈ વિચારી શકાય તે પણ મેળવ્યું હોય, અને છતાં ય તેના વિશે આપણે કાંઈ જ જાણ્યું ના હોય એમ પણ બને. આવું બૌદ્ધિક ખેડાણ એ કોઈ પ્રબળ યોગની પહેલી ભૂમિકા જરૂર બની શકે, પણ એ કાંઈ અનિવાર્ય નથી; એ કોઈ એવી તૈયારી નથી કે જે બધાએ કરવી જ જોઈએ, કે બધાની પાસે કરાવવામાં આવતી જ હોય. અનુમાન કે ચિંતન કરીને મેળવેલ બૌદ્ધિક જ્ઞાન એ જો યોગસાધનાની અનિવાર્ય શરત કે ફરજિયાત ભૂમિકા હોત તો, જૂજ અપવાદ સિવાય, કોઈ જ યોગ ના કરી શકત. ઊર્ધ્વનો પ્રકાશ આપણી અંદર તેનું

કાર્ય કરી શકે એટલા માટે એ એ જ માગણી કરે છે : આત્માનો સાદ અને મનમાં ઠીક ઠીક ધારણ-શક્તિ. મનમાં પ્રભુનું સતત ચિંતન કરીને, ગતિશીલ ભાગોમાં એવી જ એક સંકલ્પ-શક્તિ ભેગી કરીને અને હૃદયમાં એક અભીપ્સા, એક શ્રદ્ધા, એક ભૂખ જાગ્રત કરીને આ ધારણ-શક્તિ મેળવી શકાય. જો ત્રણેય બાબતો એક થઈને કે એક તાલમાં આગળ ના વધે તો એમ પણ બને કે ગમે તે એક દોરવણી આપે, કે આગળ પડતી બને. શરૂઆતમાં, ચિંતન પૂરતું ના હોય -,અને ના જ હોય -, અભીપ્સા પણ નાની અને કાચી હોય, શ્રદ્ધામાં પૂરતો પ્રકાશ ના હોય, અથવા, જ્ઞાનના ખડક પર તેનો પાયો મંડાએલો ના હોઈ વત્તી-ઓછી થતી હોય, આનાકાની કરતી હોય કે સહેલાઈથી ઓસરી જતી પણ હોય; કદીક એ સમૂળગી ઓલવાઈ પણ જાય અને ફૂંકાતા પવનમાં બુઝાઈ ગએલી મશાલની માફક એને મહામુશ્કેલીએ ફરી ફરીને પેટાવવી પડે એમ પણ બને. પણ જો, એક વાર અંતરમાં ઊંડે ઊંડે પણ આત્મસમર્પણનો સંકલ્પ થઈ ગયો હોય, જો આત્માના સાદથી જાગી જવાયું હોય તો એ બધી કાચી કાચી બાબતો પણ પ્રભુને કામ કરવા માટેનાં પૂરતાં સાધનો બની શકે છે. એથી જ શાણા પુરુષો ભગવાનને રસ્તે જનારના માર્ગમાં મર્યાદા મૂકતાં વિચાર કરશે, પ્રવેશ કરવા માટેના એના નાનામાં નાના બારણાને, નીચામાં નીચા અને અંધારિયા બાકોરાને, કે ખુદ ડોકાબારીને પણ બંધ નહિ કરે. જો સમર્પણ-ભાવ હોય તો ગમે તે નામે, ગમે તે રીતે, ગમે તે રૂપે, અને ગમે તે વસ્તુ અર્પણ કરવામાં આવે એટલું પૂરતું છે; કારણકે સાધકના હૃદયમાં બેઠેલો ભગવાન, બધું જ સમજે છે અને બધી જ ભેટ સ્વીકારે છે.

છતાં પણ એકાગ્રતાની પાછળ કામ કરતી વિચાર-શક્તિ જેટલી વધારે જોરદાર અને વિશાળ તેટલો સાધકને વધારે લાભ, તેની સિદ્ધિ તેટલી વધારે પરિપૂર્ણ અને વધારે સમૃદ્ધ. જો આપણો યોગ પૂર્ણયોગ જ હોય તો શરૂઆતથી જ આપણે પ્રભુનો ખુદ ખ્યાલ પણ પૂર્ણ જ રાખવો સારો. આપણા હૃદયમાં એવા વિશાળ સાક્ષાત્કાર માટે અભીપ્સા રાખવી કે જેમાં કોઈ સાંકડી મર્યાદાઓ ના હોય. આપણે દરેક જાતના સાંપ્રદાયિક, ધાર્મિક ખ્યાલોથી તો દૂર રહેવાનું જ છે, પણ એ અવર્ણનીય પ્રભુને કોઈ પણ મર્યાદિત માનસિક વર્ણનો દ્વારા બાંધી દેવાનો પ્રયત્ન કરતા હોય તેવા એકપક્ષી ચિંતનપ્રધાન ખ્યાલોથી પણ દૂર રહેવાનું જ છે. આપણા યોગની સાથે પૂરો બંધ-બેસતો થાય એવો, શક્તિથી ઝળહળતો ખ્યાલ, પ્રેરણા આપતો અર્થ તો સ્વાભાવિક રીતે, એ જ હોય કે જે પ્રભુને સચેતન, સર્વવ્યાપી

અને છતાં સર્વથી પર એવી અનંતતા તરીકે વર્ણવતો હોય. આપણે ઊર્ધ્વમાં, મુક્ત, સર્વ-સમર્થ, સંપૂર્ણ, આનંદપૂર્ણ એ જ "એક" અને "એકતા" ઉપર નજર રાખવાની છે કે જેમાં સર્વ કાંઈ હરે છે, ફરે છે, જીવે છે, અને જેની દ્વારા સર્વ કાંઈ જોડાઈ શકે છે અને એકરૂપ થઈ શકે છે. આ સનાતનતા એક સાથે વ્યક્તિરૂપે અને અવ્યક્ત રૂપે આપણી આગળ છતી થશે અને આપણા આત્માને સ્પર્શ કરશે. એ વ્યક્તિરૂપ એટલા માટે છે કે તે, એ સચેતન પ્રભુ છે, અનંત પુરુષ છે કે જે પોતાની જાતનું ભાંગ્યું-તૂટ્યું બિંબ વિશ્વની આ કોટિ કોટિ, દિવ્ય અને અદિવ્ય, વ્યક્તિઓમાં પાડે છે અને એ અવ્યક્ત એટલા માટે છે કે એ આપણને એક અનંત સત્, ચિત્, આનંદ જણાય છે, વળી, એ સર્વે સત્તા અને સર્વે શક્તિઓનું આદિ મૂળ, પાયો અને ઘટક-તત્ત્વ છે: ખુદ આપણી જાત, આપણું મન, પ્રાણ અને શરીર આપણો આત્મા અને આપણો ભૌતિક પદાર્થ જેનાથી બનેલાં છે એ એ જ છે. વિચારોને એની ઉપર એકાગ્ર કરીને આપણે બૌદ્ધિક રીતે એટલું સમજીએ કે એ હયાત છે, અથવા એનો એક અમૂર્તતા તરીકે કે એક તાર્કિક જરૂરિયાત તરીકે ખ્યાલ મેળવીએ એ પૂરતું નથી; વિચારોને એવા કેળવવાના છે કે જેથી તેઓ તેને જોઈ શકે; અહીં, સર્વ કોઈમાં, તેને પ્રત્યક્ષ કરી શકે; આપણી જાતમાં તેનો સાક્ષાત્કાર કરી શકે; તેની શક્તિ જે કાંઈ કરી રહી છે તેને જોઈ શકે અને પકડી શકે. એ જ એકમાત્ર સત્તા છે; ઘટ ઘટનું ઘટક એ જ છે; એ જ છે એ આદિ આનંદ,-વિશ્વવ્યાપી અને વિશ્વથી પણ પર; સર્વ ચેતનાઓને ઘડનાર અને ચલાવનાર અનંત ચેતના એ જ છે; સર્વ કર્મ અને અનુભવોને ધારણ કરનાર સીમાવિહીન સત્તા એ જ છે; એનો જ સંકલ્પ ઉત્ક્રાંતિને હજી તેના અસિદ્ધ, છતાં અનિવાર્ય, ધ્યેય અને પરિપૂર્ણતા તરફ દોરી રહ્યો છે. એને જ પરમ પ્રિયતમ તરીકે સ્વીકારીને આપણું હૃદય સમર્પણ કરી શકે છે; એ જ એ પ્રેમના અનંત માધુર્યમાં, આનંદના ઊછળતા સમુદ્રમાં એ ધબકી શકે છે, વહી શકે છે. કારણકે સર્વ અનુભવોમાં આત્માને આધાર આપનાર ગુપ્ત આનંદ એ જ છે અને જ્યાં સુધી સર્વે શોક અને યાતનાઓનો અંત ના આવે ત્યાં સુધી સર્વે સંગ્રામો અને અગ્નિપરીક્ષાઓમાં આથડતા ખુદ અહમને પોતાને નિભાવનાર પણ એ જ છે; અનંત અને દિવ્ય, પ્રેમીનો પ્રેમ અને આનંદ એ જ છે; વસ્તુમાત્રને પોતપોતાના માર્ગે દોરી, પોતાની સુખદાયક એકતામાં એક કરનાર એ જ છે. એ જ એ માર્ગદર્શક અને સિદ્ધિદાયક અદૃશ્ય શક્તિને આપણી સંકલ્પશક્તિ ચસક્યા વિના ચોંટી શકે છે; કારણકે તેનાં સર્વ બળનું મૂળ એ જ છે.

એ જ આ કાર્યસાધક શક્તિ છે કે જે અવ્યક્ત બ્રહ્મમાં સ્વયંપ્રકાશિત શક્તિરૂપે વસેલી છે, જેમાં સર્વે સિદ્ધિઓ સમાએલી છે અને જ્યાં સુધી એ સિદ્ધ ના થાય ત્યાં સુધી પ્રશાંતિથી કાર્ય કરે છે; અને એ જ કાર્યસાધક શક્તિ વ્યક્તિઓમાં એક સર્વજ્ઞ, સર્વ-સમર્થ, યોગના અધિષ્ઠાતા તરીકે વસે છે; વ્યક્તિઓને તેમનાં ધ્યેય પર પહોંચાડવાના તેના કાર્યમાંથી તેને રોકી શકવાની કોઈની તાકાત નથી. આ જ એ શ્રદ્ધા છે કે જેનાથી સાધકે પોતાની શોધ અને સાધના શરૂ કરવાની છે. કારણકે માણસોને, માનસિક માનવોને, પોતાના દરેક પ્રયત્નમાં, અને ખાસ કરીને તો, નહિ દેખાતા એ ભગવાનને શોધવામાં તેણે શ્રદ્ધાનો આશરો લીધા વિના છૂટકો નથી. જ્યારે સાક્ષાત્કાર થાય છે ત્યારે શ્રદ્ધા, દિવ્ય રીતે કૃતકૃત્ય થઈને અને સંપૂર્ણ બનીને પોતે જ જ્ઞાનની સનાતન જ્યોતિમાં રૂપાંતર પામી જાય છે.

* * *

આપણે ઉચ્ચ જીવનનો કોઈ પણ પ્રયત્ન કરીએ એટલે, સહજ રીતે જ, સૌથી પહેલાં તો ઇચ્છા-તત્ત્વ તેમાં દાખલ થવાનું જ. પ્રકાશ પામેલી આપણી સંકલ્પશક્તિને જે એક વસ્તુ કરવા જેવી લાગી છે, જે વસ્તુને ઇંદ્રાસન ગણીને જીતી લેવા તે ચાલી નીકળી છે, અને આપણા હૃદયને પણ જે એકમાત્ર આનંદપૂર્ણ વસ્તુ લાગી છે, એ વસ્તુને જીતી આપવા માટે વચ્ચે કૂદી પડનારું એક તત્ત્વ આપણી અંદર છે. અહમ્-ભરી કામનાથી અને અજંપાવાળા આવેશથી વચ્ચે કૂદી પડનારા આ ઇચ્છા-તત્ત્વને ખબર છે કે એ મર્યાદિત છે અને વિરોધી પણ છે,– અને મર્યાદિત છે એટલે જ તો એ આવેશથી ઝંખના અને મથામણ કરે છે. કામના કરનાર આ પ્રાણ-શક્તિને, ઇચ્છા-તત્ત્વને સૌથી પહેલાં સ્વીકારવું જ પડશે; પણ તે એટલા જ માટે કે તેનું રૂપાંતર થાય. શરૂઆતથી જ એને શીખવાડવું પડે છે કે એ બીજી બધી જ ઇચ્છાઓ છોડી દે અને એકમાત્ર પ્રભુપ્રાપ્તિની ઝંખના પર એકાગ્ર થાય. અને એક વાર આ અતિ અગત્યની બાબત પાર પડે એટલે પછી તેને શીખવાડવાનું એ છે કે અલગ પડીને પોતાને ખાતર નહિ પણ દુનિયામાં રહેલા, અને આપણી અંદર પણ રહેલા ભગવાનને ખાતર તે કામનાઓ કરે. એણે કોઈ પણ અંગત લાભ મેળવવાનો નથી,– આધ્યાત્મિક લાભ પણ નહિ–, (જો કે આપણને તો પૂર્ણ શ્રદ્ધા છે જ કે શક્ય તેટલા બધા આધ્યાત્મિક લાભ થવાના જ છે); પણ, આપણી અને બીજાઓની ખાતર જે મહાન કાર્ય પાર પાડવાનું છે તેને જ તેણે વળગી રહેવાનું છે; અને એ મહાન કાર્ય છે: ઊર્ધ્વ આવિર્ભાવ, પૃથ્વી ઉપર પ્રભુની પૂર્ણતા,

પરમ સત્યની શોધ, સત્યમય જીવનની અનંત કાળના સિંહાસન પર સ્થાપના. પણ હજી ય તેને એક વસ્તુ શીખવવાની છે; છેલ્લી, પણ તેને માટે અઘરામાં અઘરી,— સાચી જ વસ્તુની કામના કરવાના કરતાં પણ અઘરી. એ છે: સાચી રીતે કામના કરવી. તેણે એ શીખવું જ પડશે કે તેણે પોતાની અહમભરી રીતે નહિ પણ દિવ્ય રીતે, પ્રભુની રીતે ઇચ્છાઓ કરવાની છે. મજબૂત, છતાં અલગ રહેતી, ઇચ્છાશક્તિ હમેશાં એવો આગ્રહ રાખ્યા કરતી હોય છે કે તે પોતાની જ રીતે કાર્ય પાર પાડે, પોતાની જ રીતે સ્વપ્નાં સિદ્ધ થાય, યોગ્યાયોગ્ય અને ઇષ્ટ–અનિષ્ટના પોતાના જ ખ્યાલ સચવાય; પણ તેણે હવે એ જૂની ટેવ છોડવી જ પડશે; હવે તેણે, એક વિશાળ અને મહાન સંકલ્પશક્તિની રીતે કાર્ય પાર પડે તેવી ઝંખના કરવી પડશે; સ્વાર્થહીન અને અજ્ઞાન–વિહીન માર્ગદર્શનને મંજૂર રાખતાં, તેની આજ્ઞા સાંભળતાં શીખવું પડશે. ઇચ્છાશક્તિને આજ સુધી જંપ નથી, એણે આપણને મુશ્કેલીઓ અને હેરાનગતિઓ જ આપ્યા કરી છે; અને આપણને દરેક જાતની ઠોકરો જ ખવડાવ્યા કરી છે. પણ, આ પ્રમાણેની તાલીમ પામ્યા પછી, એ જ ઇચ્છાશક્તિ એવી તો તૈયાર થઈ જશે કે તેનું તેના દિવ્ય રૂપમાં રૂપાંતર થઈ જશે. ઇચ્છાઓ અને કામનાઓનાં પણ અસલ દિવ્ય રૂપો છે; એ છે: આવેશ અને શોકથી પર એવો, પ્રવાસી આત્માનો શુદ્ધ અને પૂર્ણ ઉલ્લાસ, અને પરમ આનંદથી પરિપૂર્ણ તેમ જ મહિમાવંત આસને બિરાજતી, આનંદપૂર્ણ સંકલ્પશક્તિ.

જ્યારે આપણી ઇચ્છાશક્તિ દિવ્ય ધર્મનું શરણ સ્વીકારે ત્યારે જ, આપણે જેની ઉપર એકાગ્ર થઈએ છીએ એનું આપણી બુદ્ધિ, હૃદય અને સંકલ્પશક્તિ સાથે પૂર્ણ મિલન સ્થપાય છે. પણ એક વાર એ મિલન સ્થપાઈ ગયું એટલે પછી આપણી બદલાઈ ગએલી પ્રકૃતિમાં, મન, પ્રાણ અને શરીરની પૂર્ણતા સિદ્ધ થઈ શકે છે; પણ એ કાંઈ આપણા અંગત અહમને સંતોષવા માટે નહિ, પણ પ્રભુના નિવાસ માટેનું યોગ્ય મંદિર બનાવવા માટે, પ્રભુના કાર્યને માટે, જરા પણ ખામી વિનાનું કરણ બનાવવા માટે. કારણકે પ્રભુનું કાર્ય માત્ર ત્યારે જ થઈ શકે કે જ્યારે કરણ સોંપાઈ જાય, સંપૂર્ણ થાય અને નિઃસ્વાર્થ કામ કરવા માટે લાયક બને. અને એ ત્યારે જ બને કે જ્યારે અંગત ઇચ્છા અને અહમનો,– પણ મુક્ત વ્યક્તિનો નહિ, નાશ થાય. નાના સરખા અહમનો નાશ થાય છતાં સાચો આધ્યાત્મિક પુરુષ, અને તેની અંદર પ્રભુની ઇચ્છા, કાર્ય અને આનંદ બાકી રહે જ છે; અને તેની પૂર્ણતા અને પરિપૂર્ણતાને આધ્યાત્મિક રીતે વાપરવાનું કામ પણ બાકી

રહે છે. એમ થશે ત્યારે આપણાં કામ દિવ્ય થશે એટલું જ નહિ પણ એ દિવ્ય રીતે થશે; ત્યારે, આપણે જેને આપણી અંદર સિદ્ધ કર્યાં છે અને આપણે આપણી દ્વારા જેને સાકાર કરી શકીએ છીએ તે મૂર્તિમંત એકતા, પ્રેમ, મુક્તિ, શક્તિ, સામર્થ્ય, ભવ્યતા, અમર આનંદ (કે જે પૃથ્વી પર પરાક્રમ કરવા નીકળી પડેલ આધ્યાત્મિકતાનું ધ્યેય છે) તેને બીજાઓમાં, અને આખી દુનિયામાં, સિદ્ધ કરવા માટે પ્રભુને સમર્પિત થઈ ગએલાં આપણાં મન, જીવન અને સંકલ્પશક્તિનો ઉપયોગ થશે.

યોગની શરૂઆત આ સર્વગ્રાહી એકાગ્રતા માટેના પ્રયત્નથી કરવી પડશે, —વધારે નહિ તો એને માટેનું મક્કમ વલણ તો લેવું જ પડશે. આપણી પાસે માગણી કરવામાં આવે છે આપણી જાત પરમ પ્રભુને સમર્પણ કરવા માટેના, આપણી સમગ્ર જાત અને આપણી બહુમુખી પ્રકૃતિને એ સનાતન "સર્વ"ના ચરણે ભેટ ધરવા માટેના, સતત અને મક્કમ સંકલ્પની. બીજી બધી બાબતોને જતી કરીને આપણે આપણી એકાગ્રતાને આપણી એકમાત્ર જરૂરિયાત ઉપર કેટલે અંશે તીવ્ર અને અસરકારક બનાવી છે તે જાણવાથી સમજાઈ જશે કે આપણા એકમાત્ર પ્રેમપાત્ર પ્રભુને આપણે આપણી જાત કેટલે અંશે સમર્પણ કરી છે. પણ આ "બીજી બધી બાબતોનો" ત્યાગ એ છેવટે તો શેનો ય ત્યાગ નથી, —સિવાય કે દુનિયાને જોવાની આપણી જૂઠી રીતનો, અને આપણી ઇચ્છાના અજ્ઞાનનો. કારણકે આપણી એકાગ્રતાની સિદ્ધિરૂપે આપણું મન સતત રીતે પ્રભુને જ જોશે, સર્વત્ર પ્રભુ, —પ્રભુમાં પ્રભુ, આપણી અંદર પ્રભુ, પદાર્થ માત્રમાં, ભૂત માત્રમાં અને પ્રસંગ માત્રમાં પણ પ્રભુ જ પ્રભુ; અને ત્યારે આપણા હૃદયના સર્વ ભાવો, સર્વ ઊર્મિઓ એકમાત્ર પ્રભુપ્રેમમાં આવી અટકશે, —સ્વયંભૂ પ્રભુનો પ્રેમ, સ્વયંભૂ પ્રભુને માટે પ્રેમ, વિશ્વમાં રહેલાં એનાં પોતાનાં જ સર્વ સ્વરૂપો, શક્તિઓ અને વ્યક્તિઓમાં પણ પ્રભુપ્રેમ; વળી, ત્યારે આપણી સંકલ્પશક્તિ હમેશાં પ્રભુના જ આવેગો અનુભવશે, ગ્રહણ કરશે અને પોતાનાં સર્વ કાર્યને ચલાવનાર શક્તિ તરીકે તેનો સ્વીકાર કરશે; પણ એનો અર્થ એટલો જ કે આપણે દરેકેદરેક રખડતલ બળવાખોરને પૂરો કરીને, અહમ્-પ્રધાન પ્રકૃતિના દરેકેદરેક ભટકતા આવેગને છોડી દઈને આપણી જાતને વિશ્વ જેટલી વિશાળ કરી દીધી છે અને સર્વત્ર કાર્ય કરી રહેલ એકમાત્ર પ્રભુનો હસતે મુખે અને હમેશાં સ્વીકાર કરી શક્યા છીએ. આ છે પૂર્ણયોગની પહેલી અને પાયાની સિદ્ધિ.

અને એ જ છે ઈશ્વરને આપણા સંપૂર્ણ સમર્પણનો પૂરેપૂરો અને છેવટનો અર્થ. સમર્પણની આ પૂરેપૂરી પૂર્ણતા ત્યારે જ આવે છે જ્યારે

ઇચ્છાતત્ત્વનું ઇચ્છાપૂર્વક અને નિઃશેષ રૂપાંતર કરવામાં આવ્યું હોય અને એ તો છે એક લાંબી અને મુશ્કેલ ક્રિયાનો સતત ચઢાણવાળો માર્ગ. સંપૂર્ણ આત્મસમર્પણનો અર્થ જ થાય છે સંપૂર્ણ શરણાગતિ.

* * *

આ યોગમાં બે જાતની ગતિ, બે ગાળા રહેલા છે અને તેમને જોડતી એક વચગાળાની ભૂમિકા છે. પ્રથમ છે શરણાગતિ અને પછી આવે છે તેના ફળરૂપ તેની સિદ્ધિ. પહેલા ગાળામાં સાધક પોતાની જાતને એવી તૈયાર કરે છે કે જેથી પ્રભુને પોતાના દરેક અંગમાં ગ્રહણ કરી શકાય. આ આખા જ ગાળા દરમિયાન સાધકે પોતાની પ્રકૃતિનાં કરણોનો આશરો લઈને મહેનત કર્યે જ જવી પડે છે, અલબત્ત, ઊર્ધ્વની વધારે ને વધારે સહાય મેળવતા જઈને. તે પછી, જ્યારે આ ગાળાના અંતભાગે વચગાળાની શરૂઆત થવા માંડે છે ત્યારે આપણો અંગત પ્રયત્ન (જે ખાતરીબંધ અજ્ઞાનમય હોય છે તે) વધારે ને વધારે ઢીલો પડતો જાય છે અને એક ઊર્ધ્વ પ્રકૃતિ કાર્ય કરવા માંડે છે; આ નાનકડા નાશવંત ખોળિયામાં સનાતન શક્તિ ઊતરવા માંડે છે, તેને ધીમે ધીમે પોતાનું બનાવતી જાય છે અને છેવટે તેને બદલી નાખે છે. નિમ્ન પ્રકૃતિનું જે કાર્ય પહેલાં અનિવાર્ય હતું, તેની જગ્યાએ, બીજા ગાળામાં માત્ર ઊર્ધ્વ પ્રકૃતિ જ બધું કાર્ય કરતી થઈ જાય છે; પણ જ્યારે આપણે પૂરેપૂરી શરણાગતિ સ્વીકારીએ ત્યારે જ એ પૂરેપૂરું શક્ય બને છે. આપણી અંદર બેઠેલો પેલો અહમ્ માત્ર પોતાના જ બળથી કે સંકલ્પથી કે જ્ઞાનથી, કે બીજા કોઈ પણ ગુણથી પોતાને પલટીને દિવ્ય પ્રકૃતિમાં રૂપાંતર પામી શકતો નથી; તે જે કાંઈ કરી શકે તે એટલું જ કે પોતાની જાતને રૂપાંતર માટે લાયક બનાવી શકે, અને પોતે જે બનવા માગે છે તેનું વધારે ને વધારે શરણ સ્વીકારતો જાય. જ્યાં સુધી આપણી અંદર અહમ્ કાર્ય કરતો હોય ત્યાં સુધી આપણાં બધાં જ અંગત કાર્ય જીવનના નીચલા થરના ભાગરૂપ હોય છે, અને એમ જ હોય. એ બધાં જ તમોમય કે અર્ધ-જાગ્રત હોય છે, તેમનું ક્ષેત્ર મર્યાદિત હોય છે, તેમનામાં પરિણામ લાવનારું બળ બહુ જ ઓછું હોય છે. આપણે જો આપણી પ્રકૃતિમાં થોડા પ્રકાશમય ફેરફારથી અટકી જવા ના માગતા હોઈએ અને તેનું સંપૂર્ણ રૂપાંતર કરવા માગતા જ હોઈએ તો આપણી જાતમાં એ ચમત્કારિક કાર્યને પાર પાડવા માટે એ દિવ્ય શક્તિને સાદ કરવો જ પડશે; કારણકે એ જ એકમાત્ર એવી શક્તિ છે કે જેનામાં જરૂરી સામર્થ્ય, — નિર્ણયાત્મક, પ્રજ્ઞાપૂર્ણ અને સીમાવિહીન સામર્થ્ય – રહેલું છે, પણ માણસના અંગત કાર્યને એકી સપાટે ઉઠાવીને

તેની જગ્યાએ પ્રભુના કાર્યને પૂરેપૂરું ગોઠવી દેવું એ કાંઈ સંપૂર્ણ શકય નથી. ઊર્ધ્વના સત્યભર્યાં કાર્યને જૂઠું બનાવી દે તેવી, નીચેથી આવતી દખલગીરીઓને પ્રથમ તો કાબૂમાં લેવી પડે અથવા તો તેમને નકામી બનાવી દેવી પડે, અને તે પણ રાજીખુશીથી. નિમ્ન પ્રકૃતિમાંથી જે કાંઈ જૂઠાણાં અથવા આવેગો ઉપર આવે તેમને સતત અને ફરી ફરીને ફેંકી દેવાં, તેમ જ સત્ય જેમ જેમ આપણી અંદર આવતું જાય તેમ તેમ તેને ખંતપૂર્વક સ્વીકારતા જવું એ છે આપણી પાસે મૂકવામાં આવેલી માગણી; કારણકે આપણી અંદર ઊગ્યે આવતા પ્રકાશ, પવિત્રતા અને સામર્થ્યને આપણી પ્રકૃતિમાં સ્થિર કરતા જવા માટે, તેઓ અંતિમ પરિપૂર્ણતા પામે એટલા માટે, તેમના વિકાસ અને ધારણા માટે આપણે તેમનો સ્વેચ્છાએ સ્વીકાર કરીએ અને જે કાંઈ તેના વિરોધમાં હોય, તેનાથી હલકું હોય કે તેની સાથે ભળી શકે તેમના હોય તેનો વજ્ર જેવો વિરોધ કરીએ તે ખૂબ જરૂરી છે.

આપણી જાતને તૈયાર કરવાના, અંગત પ્રયત્નના આ પહેલા ગાળામાં આપણે જે પદ્ધતિ અખત્યાર કરવાની છે તે છે: આપણી આખી જાતને, જે ભગવાનને તે ઝંખે છે તેની જ ઉપર એકાગ્ર કરવાની, અને, તેના જ એક ભાગરૂપ, જે કાંઈ ભગવાનનું સાચું સત્ય નથી તેને સતત છોડતા જવાની, ફેંકી દેવાની, શુદ્ધિ-કરણની. આપણા આ ખંતીલા પ્રયત્નને પરિણામે, આપણે જે કાંઈ છીએ, વિચારીએ છીએ, અનુભવીએ છીએ, કરીએ છીએ એ બધું પૂરેપૂરું સમર્પિત થઈ જશે. અને, એ જ પ્રમાણે આ સમર્પણના અંતે આવશે ભગવાનને આપણી જાતની પૂર્ણ ભેટ; કારણકે સમર્પણનો કળશ, તેની પૂર્ણતાની નિશાની, એટલે આપણી સમગ્ર પ્રકૃતિની નિઃશેષ, નિરપેક્ષ શરણાગતિ. યોગની, તે પછીની ભૂમિકામાં (એટલે કે આપણો અંગત પ્રયત્ન અને ભગવાનનું કાર્ય એ બેની વચ્ચે આવતી વચગાળાની ભૂમિકામાં) એક શુદ્ધ થએલી અને બધે બરાબર નજર રાખતી એવી, હમેશાં વધતી જતી, નિષ્ક્રિયતા આપણી સાધનામાં ઉપરથી ઊતરશે; આ જ છે વધતો જતો, પ્રકાશમય અને દિવ્ય એવો, પ્રભુની શક્તિને, આપણો જવાબ, – હા, માત્ર પ્રભુની જ શક્તિને, બીજા કોઈને નહિ; અને તેના પરિણામે ઊર્ધ્વમાંથી એક એવો તો મહાન, સચેતન અને ચમત્કારિક કાર્ય-પ્રવાહ ધસી આવશે કે જે હમેશાં વધ્યે જ જશે. તે પછીના છેવટના ગાળામાં નથી હોતો કોઈ પ્રયત્ન, નહિ કોઈ મુકરર પદ્ધતિ, નહિ કોઈ નિશ્ચિત સાધના; પ્રયત્ન અને તપશ્ચર્યા ચાલ્યાં જાય છે અને તેની જગ્યાએ આવે છે વિશુદ્ધ અને પૂર્ણ એવી પાર્થિવ પ્રકૃતિરૂપ કળીમાંથી સહજ, સરળ, સમર્થ અને સુખી રીતે ખીલ્યે જતું પ્રભુનું પુષ્પ. પૂર્ણયોગમાં જે કાર્ય થાય

છે તેની આ છે સહજ ભૂમિકાઓ.

આ કાર્ય કાંઈ હમેશાં, કે અબાધિત રીતે, એક ભૂમિકા પૂરી થાય પછી જ બીજી શરૂ થાય એ પ્રમાણે નથી થતું. પહેલો ગાળો પૂરો થાય તે પહેલાં બીજું કાર્ય થોડું થોડું તો શરૂ થઈ જ જાય છે. અને બીજું કાર્ય સંપૂર્ણતાએ પહોંચે ત્યાં સુધી પહેલા ગાળાનું કાર્ય ચાલુ રહે છે. છેવટે સીધું જ પ્રભુ દ્વારા થતું કાર્ય પૂરેપૂરું સ્થિર થાય અને પ્રકૃતિને માટે સહજ થઈ જાય તે પહેલાં પણ એ અવારનવાર, કેમ જાણે વચન ના આપતું હોય તેમ જરા જરા દેખાઈ જાય એમ પણ બને. સાધક જ્યારે પ્રયત્ન અને પુરુષાર્થથી આગળ વધતો હોય એ વખતે પણ, હમેશાં, કાંઈક ઊર્ધ્વ અને મહાન માર્ગદર્શન તેને દોરતું જ હોય છે. પડદા પાછળથી મળતા આ માર્ગદર્શનને એ અવારનવાર આખું જ જોઈ જાય અને જોતો જ રહે એમ પણ બને; કદાચ, પોતાની જાતનો કોઈક ભાગ આ માર્ગદર્શન પ્રત્યે કાયમનો જાગ્રત થઈ જાય એમ પણ બને; અને આ બધું, હજી તો એની સમગ્ર પ્રકૃતિ નીચેની ભૂમિકાના નિયંત્રણમાંથી પૂરેપૂરી બહાર ના આવી હોય ત્યારે પણ બને. કદાચ, પહેલેથી જ એ આ પ્રમાણે જાગ્રત થઈ જાય; કદાચ સાધનામાં પગરણ કરતાંની સાથે જ એના કોઈક ભાગ (બીજા કોઈ નહિ તો તેનું મન કે હૃદય) ઊર્ધ્વના, આરપાર ઊતરી આવતા માર્ગદર્શનને સમજી જાય અને શરૂઆતમાં સંપૂર્ણ ગણાય એવો પ્રત્યુત્તર વાળે એમ પણ બને. પણ વચગાળાનું કાર્ય ચાલતું હોય અને પૂરું થવા આવ્યું હોય એ સમયની ખાસિયત છે : એ મહાન, અને સીધેસીધા જ કાર્ય કરતા કપ્તાનનું સતત, સંપૂર્ણ અને એકધાર્યું કાર્ય. આપણી અંગત નહિ એવી, આ દિવ્ય કપ્તાનની જ દોરવણી જ્યારે આગળ તરી આવે ત્યારે સમજવું કે પ્રકૃતિમાં પૂર્ણ, આધ્યાત્મિક રૂપાંતર — માટેની પરિપકવતા વધી રહી છે. આપણા આત્મસમર્પણનો પ્રભુએ માત્ર એક સિદ્ધાંત તરીકે જ સ્વીકાર નથી કર્યો પણ પ્રભુનાં કાર્ય અને શક્તિથી એ કૃતાર્થ પણ થયું છે એની એ અચૂક નિશાની છે; ત્યારે ચોક્કસ સમજી લેવું કે પરમ પ્રભુએ પોતાનો પ્રકાશમય હસ્ત, પોતાના પ્રકાશ, શક્તિ અને આનંદ માટે, તેણે પોતે પસંદ કરેલાં આ માનવ-પાત્ર પર મૂક્યો છે.

પ્રકરણ : ૩

# કર્મ દ્વારા સમર્પણ – ગીતાની નજરે

જીવન, સમગ્ર જીવન, એ પૂર્ણયોગનું ક્ષેત્ર છે;– કોઈ દૂર દૂરનું, શાંત, ઉચ્ચ, સ્વર્ગીય, પારલૌકિક એવું જ માત્ર નહિ પણ આ પાર્થિવ જીવન પણ ખરું જ. તેના ધ્યેયનું એકમાત્ર કેન્દ્ર હોઈ શકે રૂપાંતર;– આપણી જીવવાની, જોવાની, વિચારવાની, અનુભવવાની જે ઉપરછલ્લી, સાંકડી, નાનીશી રીત છે તેનું એક ગહન અને એક વિશાળ આધ્યાત્મિક ચેતનામાં અને, આંતર–બાહ્ય ભેદ વિનાની, એકાકાર થએલી જાતમાં રૂપાંતર; આપણા સામાન્ય મનુષ્ય-જીવનનું એક દિવ્ય જીવનમાં રૂપાંતર. આ પરમ સાધ્યનું સાધન છે આપણી સમગ્ર પ્રકૃતિની પ્રભુચરણે ભેટ. દરેકેદરેક વસ્તુ આપણા અંતર્યામી પ્રભુને, વિશ્વવ્યાપી ઈશ્વરને, અને પરાત્પર પરમતત્ત્વને ભેટ ધરવી જ પડશે. આપણી સંકલ્પશક્તિ, હૃદય અને બુદ્ધિની, એ એક છતાં અનેકરૂપી પ્રભુ પર પૂર્ણ એકાગ્રતા; એકમાત્ર પ્રભુને આપણી સમગ્ર જાતનું નિઃશેષ આત્મસમર્પણ; પોતાના કરતાં અનેક ગણા મહાન એ પ્રભુ પ્રત્યે અહમ્‌ની ગતિ, તેનું આત્મસમર્પણ અને અનિવાર્ય શરણાગતિ; એને જ બનાવવાની છે આપણા જીવનની એકમાત્ર નિર્ધારિત ગતિ.

સામાન્ય રીતે માણસ જે જીવે છે એ એનું જંતુશું જીવન જુઓ. એ છે અર્ધો બંધાએલો અને અર્ધો લોચા જેવો એવો એક જથ્થો; એ છે વિચારો, સમજણો, સંવેદનો, ઊર્મિઓ, ઇચ્છાઓ, ઉપભોગો અને કાર્યોનો, બહુ જ ઓછો નિયંત્રિત એવો ઢગલો; અને પાછાં એ સર્વે છે મોટે ભાગે તો એક રૂઢિ જેવાં અને યંત્રવત્ અને થોડેક જ અંશે પોતાની સ્વતંત્ર ગતિવાળાં અને પ્રગતિશીલ; અને છેક છેવટે તો એ બધાં ય છે એક ઉપરછલ્લા અહમ્‌ની આજુબાજુ પથરાએલાં. આ બધાં જે હિલચાલ કર્યા કરે છે એનો સરવાળો એટલે એક આંતરિક વિકાસ કે જે થોડે અંશે આ જન્મમાં જ જોઈ શકાય છે, અને કામ પણ લાગે છે, અને જે થોડે અંશે આવતા જન્મોમાં કરવાની પ્રગતિનાં બીજ તરીકે રોપાઈ જાય છે. આપણી સળંગ જાતનો આ વિકાસ, આ વિસ્તાર, આ અભિવ્યક્તિ, તેનાં અંગોનો પરસ્પર મેળમાં વધતો રહેતો

વિકાસ એ જ છે માનવજીવનનો પૂરો અર્થ, સંપૂર્ણ સાર. વિચારો, સંકલ્પ-શક્તિ, ભાવનાઓ, ઇચ્છાઓ, કાર્યો, અનુભવો એ બધાં દ્વારા ચેતનાનો આ અર્થપૂર્ણ વિકાસ સાધવા માટે, અને છેવટે પરમ, દિવ્ય જાતને શોધી કાઢવા માટે તો માણસે, માનસિક વ્યક્તિએ, આ પાર્થિવ ખોળિયામાં પ્રવેશ કર્યો છે. એ સિવાયનું અન્ય સર્વ કાં તો સહાયક કે ગૌણ છે, અથવા આકસ્મિક કે અર્થહીન છે; અર્થ માત્ર એટલાનો જ છે કે જે એની પ્રકૃતિને ઉત્ક્રાંત થવામાં અને એની જાત અને એના આત્માના વિકાસમાં, અથવા તો વધારે સાચી રીતે, તેમનાં ક્રમિક આવિષ્કરણ અને શોધમાં, ધારણા અને સહાય આપે છે.

આ લોકના આપણા જીવનનો જે આ પરમ હેતુ તેને ઉતાવળે સિદ્ધ કરવો એ જ તો છે પૂર્ણયોગનું ધ્યેય. ઉત્ક્રાંતિ દ્વારા ધીમો અને ગોટાળિયો વિકાસ કરવાની પ્રકૃતિની જે પદ્ધતિ છે તેને પૂર્ણયોગ કોરાણે મૂકે છે. કારણકે કુદરતી ઉત્ક્રાંતિ દ્વારા જે સારામાં સારું કાર્ય થાય છે એ પણ એક અનિશ્ચિત, અને તે પણ પડદા પાછળ થતો, વિકાસ હોય છે; અને આવો વિકાસ પણ થતો હોય છે કેટલેક અંશે સંજોગોના દબાણને લીધે તો કેટલેક અંશે ફાંફાંભરી કેળવણી દ્વારા, હેતુના ખોટા ભાનવાળા પ્રયત્નોને પરિણામે, તો વળી મળતી તકોનો અર્ધ-જાગૃત અને અર્ધ-યંત્રવત્ ઉપયોગ કરીને, અને તેમાં પણ ભૂલો અને સ્ખલનો ઉપર સ્ખલનો કરીને: વળી તેનો ઘણો મોટો ભાગ અકસ્માતો, સંજોગો અને અણધાર્યાં પરિવર્તનોને પરિણામે થતો જણાય છે,– અલબત્ત, આ બધાં આવરણો હોય છે, અને તે તેમની પાછળ પ્રભુના છૂપા હાથને, છૂપા માર્ગદર્શનને સંતાડતાં હોય છે. આવી આ કઢંગી, અષ્ટાવક્રી જંતુ જેવી ગતિને બદલે યોગમાં એક વેગવાળી જાગ્રત અને અંતરમાંથી ઊગતી ઉત્ક્રાંતિનો આશરો લેવામાં આવે છે; એ એવી રીતે યોજવામાં આવે છે કે જેથી આપણો માર્ગ સીધો જ આપણને આપણા ધ્યેય તરફ, શક્ય તેટલે અંશે એક સીધી રેખામાં, દોરી જાય. એક રીતે તો, અહીં કોઈ ધ્યેયની વાત કરવી એ એક ભૂલ જ ગણાય, કારણકે અહીં તો અંત વિના પ્રગતિ કર્યે જ જવાની છે. છતાં આપણે એક એવા તાત્કાલિક ધ્યેયનો ખ્યાલ કરી શકીએ કે જે આપણા અત્યારના વિકાસની સામેની બાજુએ હોય અને જેને માટે માનવઆત્મા અભીપ્સા કરી શકે તેમ હોય. એક નૂતન જન્મને માટેની સંભાવના તેની સામે ખડી છે જ; એક એવી ઉચ્ચ અને વિશાળ ચેતના મોજૂદ છે જ કે જ્યાં તે આરોહણ કરી શકે અને જે ચેતના પોતે નીચે ઊતરી આવીને આ માનવના

ઘટકોનું રૂપાંતર કરી શકે. એક એવી અતિ વિશાળ અને પ્રકાશમય ચેતના, કે જે તેને મુક્તાત્મા અને સંપૂર્ણ શક્તિશાળી બનાવી શકે તેની સંભાવના છે જ; અને જો તેને માત્ર વ્યક્તિઓમાં જ પૂરી રાખવામાં ના આવે તો એક દિવ્ય માનવજાતિની, એક નવી અતિમાનસિક જાતિની, એટલે કે અતિ-માનવજાતિની રચના પણ શક્ય છે જ. આ જાતનો નૂતન જન્મ એને જ તો પૂર્ણયોગમાં ધ્યેય તરીકે સ્વીકારવામાં આવ્યો છે; પૂર્ણયોગનો અર્થ છે દિવ્ય ચેતનામાં વિકાસ, દિવ્ય ચેતનામાં માત્ર આત્માનું જ નહિ પણ આપણી પ્રકૃતિના દરેકેદરેક અંગનું, પરિવર્તન.

* * *

પૂર્ણયોગનો હેતુ છે : નાના શા, બહિર્મુખ અહમ્‌ને દેશવટો અને પ્રકૃતિના સ્વામી પ્રભુની સમ્રાટ તરીકે સ્થાપના. એનો અર્થ એટલો જ કે ઇચ્છાનું વારસાપદ જપ્ત કરવું અને ઇચ્છાઓના ઉપભોગનો, માણસના ચક્રવર્તી રાજા તરીકેનો હક્ક છીનવી લેવો. આધ્યાત્મિક જીવનના અસ્તિત્વનો આધાર ઇચ્છા પર નહિ પણ જીવનના પોતાના સ્વયંભૂ, વિશુદ્ધ, સ્વાર્થહીન આધ્યાત્મિક આનંદ ઉપર નિર્ભર રહેશે. અને ઇચ્છાની મહોરવાળા માત્ર આપણા પ્રાણનો જ નહિ પણ આપણા મનનો પુનર્જન્મ અને રૂપાંતર થવાં જ જોઈએ. આપણા દ્વૈત-દૃષ્ટિવાળા, અહમ્‌પ્રધાન, મર્યાદિત અને અજ્ઞાની વિચારો અને બુદ્ધિ અદૃશ્ય થવાં જ જોઈએ, અને તેની જગ્યાએ એક, અંધકારનો ઓછાયો પણ ના હોય એવા દિવ્ય પ્રકાશની સર્વગ્રાહી અને સ્ખલનહીન લીલા વહેતી મુકાવી જ જોઈએ; એ લીલાના અંતે વ્યાપી રહેશે એક સહજ, સ્વયંભૂ, ઋત-ચેતના; તેમાં નહિ હોય અંધારિયાં અર્ધ-સત્યો અને ભૂલ ભરેલાં સ્ખલનો. આપણી ગૂંચવાએલી, મૂંઝાએલી, અહમ્-કેન્દ્રિત, નાના નાના હેતુ પર કૂદનારી સંકલ્પશક્તિ અને કાર્યોએ બાજુ પર ખસ્યે જ છૂટકો; અને તેની જગ્યાએ સ્થપાશે વીજળીશી સમર્થ, પ્રકાશશી સહજ, પ્રભુ-પ્રેરિત, પ્રભુ-ચાલિત શક્તિનું પૂર્ણકાર્ય. આપણા દરેકેદરેક કર્મમાં પાયો નાખીને કાર્ય કરશે એક પરમ, બિનઅંગત, મક્કમ, સ્ખલનહીન સંકલ્પશક્તિ કે જે પ્રભુની પોતાની ઇચ્છા સાથે સહજ રીતે અને સ્થિરતાથી એકરૂપ હશે. આપણી, નબળી અહમ્‌ભરી ભાવનાઓના બિનસંતોષકારક, ઉપરછલ્લા ઊભરા ખાલી થવા જ જોઈએ અને તેમની જગ્યાએ અંતરમાંથી તરી આવવું જોઈએ એક ગુપ્ત, ગહન, અને વિશાળ ચૈત્ય-હૃદય, જે, એની ઘડી માટે ક્યારનું ય, તેમની પાછળ, રાહ જોઈ રહ્યું છે; પ્રભુના નિવાસરૂપ આ આંતરહૃદયના પ્રભાવથી આપણી સર્વ લાગણીઓ દિવ્ય પ્રેમ અને અનંત મુખ

આનંદની બેલડીનાં ધીર ગંભીર આંદોલનમાં રૂપાંતર પામશે. આ છે દિવ્ય માનવજાતિ યા માનવજાતિનું અતિ સ્વરૂપ. પૂર્ણયોગથી ઉત્ક્રાંત થવા આપણને જે સાદ કરી રહી છે એ અતિ માનવજાતિ આવી જ હશે, –અને નહિ કે આજની આપણી બુદ્ધિ અને કાર્યોની પાછળ રહેલી માનવશક્તિની અતિશયતા કે ખુદ ઉચ્ચતાવાળી કોઈ નવી માનવજાતિ.

સામાન્ય માનવજીવનમાં બહિર્મુખ કર્મનું પ્રમાણ બહુ મોટું હોય છે,– પોણા ભાગનું તો ખરું જ. એવા તો થોડા અપવાદરૂપ જ સંત પુરુષો, દ્રષ્ટાઓ, કોઈક રડ્યો–ખડ્યો ચિંતક, કવિ કે કલાકાર, હોય છે કે જેઓ આંતરજીવન વધારે જીવતા હોય. આવા લોકો માટે, ખરેખર તો, બાહ્ય કાર્યો નહિ પણ પોતાની અંદર, વિચારો અને લાગણીઓનું ઘડતર એ જ મુખ્ય કાર્ય હોય છે,– ખાસ કરીને તો પોતાની પ્રકૃતિના બહુ જ ઘનિષ્ટ ભાગોનું ઘડતર. પણ, આમ, માત્ર બાહ્ય કે માત્ર આંતરિક જાતનો વિકાસ કર્યે જવાથી પરિપૂર્ણ જીવન ઘડી શકાતું નથી. જીવનના પૂર્ણ ઘડતર માટે તો આ બંનેમાં સુમેળ સ્થાપી, તેમનું એક પૂર્ણ એકમ બનાવી, તેમનાથી ઉપરની વસ્તુ વડે તેમનું આખું સ્વરૂપ જ બદલી નાખવું પડે. એટલે જ પૂર્ણયોગમાં કર્મયોગનું, એટલે કે આપણી સંકલ્પશક્તિ અને કાર્યોમાં (અને માત્ર વિચારો અને લાગણીઓમાં જ નહિ) પ્રભુના યોગનું, મિલનનું, અનિવાર્ય, મહત્ત્વ રહેલું છે. જો આપણાં કર્મો પોતે, અને તેમની પાછળનો આશય, ના બદલાય અને માત્ર વિચારો અને લાગણીઓનું જ પરિવર્તન કરીએ તો એ એક બહુ જ પાંગળી સિદ્ધિ ગણાય.

પણ જો આપણે પૂર્ણ પરિવર્તન કરવા માગતા જ હોઈએ તો આપણી બુદ્ધિ અને ઊર્મિઓની માફક આપણાં સઘળાં કર્મો અને બાહ્ય પ્રવૃત્તિઓને પણ સમર્પણ કરવાં જ પડે. કાર્યો કરવાની આપણી જે કાંઈ શક્તિ છે તેને આપણી પાછળ રહેલી એક મહાન શક્તિના હાથમાં સોંપી દેવાનો આપણે નિર્ણય કરવો પડશે અને તે ક્રમે ક્રમે પાર પાડવું પડશે. વળી આપણે કર્મોના કરનારા છીએ એ ભાન સમૂળગું ચાલ્યું જવું જોઈશે. પ્રભુની ઇચ્છા, પ્રભુની શક્તિ, આપણી કાર્યશક્તિના આવરણ પાછળ સંતાઈને ઊભી છે; તે પોતે જ, સીધેસીધો, ઉપયોગ કરી શકે એટલા માટે સર્વ કાંઈ તેના હાથમાં મૂકી દેવાનું છે; કારણકે, આપણે કર્મો કરી શકીએ છીએ તેનું ખરેખરું કારણ તો એ જ છે કે મહોર મારનારી એ શક્તિ ત્યાં બેઠેલી છે. એ સંતાઈ બેઠેલી શક્તિ જ આપણાં કર્મોની માલિક છે સર્વસત્તાધીશ છે, સર્વ કાંઈ નિહાળનારી છે; આપણો અહમ્ આપણાં કર્મોમાં અજ્ઞાન, વિકાર,

વિકૃતિ ટાલવ્યે રાખે છે પણ એ બધાંની આરપાર તેનો પૂરો અર્થ અને અંતિમ હેતુ જાણનાર એ જ માત્ર છે. આપણાં સાંકડાં અને વિકૃત, અહમ્-પ્રધાન જીવન અને કર્મોનું એક મહાન અને દિવ્ય જીવનના, સંકલ્પના અને શક્તિના વિશાળ અને સીધેસીધા વહેણમાં રૂપાંતર પાર પાડવાનું જ છે; આજે પણ આપણને પડદા પાછળથી ધારણા આપનાર એ જ છે. આજે એ એક લગામધારી શક્તિ તરીકે બેઠી છે, પણ આપણી ચેતનાથી પર; પણ તેને હવે માત્ર એ જ સ્થાને રાખવાની નથી પણ એ મહાશક્તિને અને ઇશ્વરેચ્છાને આપણી અંદર જાગ્રત કરવાની જ છે અને તેને આપણી માલિક બનાવવાની જ છે. આજ સુધી ગુપ્ત રહેલ સર્વજ્ઞ શક્તિ અને સર્વશક્તિમાન જ્ઞાનના પ્રજ્ઞાપૂર્ણ ધ્યેય અને કાર્યના પ્રવાહને, જરા પણ બગાડ્યા વિના, આપણી દ્વારા વહેવડાવવાનું આપણે સિદ્ધ કરવું જ પડશે; એ, આપણી પ્રકૃતિને બદલી નાખીને તેને પોતાનું શુદ્ધ, સીધું, સરળ, ખુશીથી હા પાડતું, અને તેના કાર્યમાં ભાગ લેતું વાહન બનાવશે. આ પૂરું આત્મ-સમર્પણ અને શરણ, અને તેના પરિણામે થતું પૂર્ણ રૂપાંતર, અને મુક્ત સંચાર એ જ થઈ જાય છે પૂર્ણકર્મયોગની પાયાની સાધના અને તેનો અંતિમ હેતુ.

કેટલાક લોકો એવા હોય છે કે જેમનું સહજ વલણ બુદ્ધિ અને જ્ઞાન દ્વારા સમર્પણ સાધીને તેમનું પૂર્ણ રૂપાંતર મેળવવાનું હોય છે, તો વળી કેટલાકનું સહજ વલણ હોય છે હૃદય અને તેના ભાવોનું સમર્પણ કરીને તેમનું પૂરું રૂપાંતર સાધવાનું. પણ આવા લોકોને માટે પણ કર્મોનું સમર્પણ જરૂરી છે જ; નહિતર, તેઓ પરલોકમાં પ્રભુની પ્રાપ્તિ ભલે કરી શકે પણ તેમનું આ જીવન પ્રભુથી પરિપૂર્ણ નહિ થાય; તેમને જીવન અર્થહીન, પ્રભુહીન અને પ્રભુ સાથેના સંબંધ વિનાનું લાગશે. આ પાર્થિવ જીવનના કોયડાની ચાવીરૂપ જે સાચો વિજય તે તેમને નહિ મળે; તેમનો પ્રેમ એવો નિરપેક્ષ નહિ બને કે જેથી તેઓ જાત પર વિજય સ્થાપી શકે; તેમનું જ્ઞાન પૂરેપૂરું ચેતનામય અને સર્વગ્રાહી નહિ બને. અલબત્ત, માત્ર જ્ઞાન કે માત્ર પ્રભુપ્રેમ દ્વારા, અથવા એ બંનેને સાથે રાખીને સાધના શરૂ કરી શકાય અને કર્મ-યોગની સાધના છેવટ ઉપર બાકી રાખી શકાય, પણ એમાં ગેરલાભ એ છે કે આપણામાં માત્ર આંતરિક જીવન જીવવાનું, આંતરિક અનુભૂતિઓમાં જ રાચતા રહેવાનું, આંતરિક એકાંતમાં પુરાઈ રહેવાનું વલણ રૂઢ થઈ જાય; આપણા આત્માની ગુફા ઉપર એવો તો થર જામી જાય કે આપણી જાતને, પછીથી, સફળતાપૂર્વક બહાર વહેતી મૂકવાનું કે આપણી ઊર્ધ્વશક્તિ અને સિદ્ધિઓને જીવનમાં અજમાવવાનું મુશ્કેલ બની જાય. આપણા

આંતરિક રાજ્યમાં જ્યારે આ બાહ્ય રાજ્યને જોડી દેવા જઈશું ત્યારે આપણને લાગશે કે આપણે પૂરેપૂરી આંતરિક પ્રવૃત્તિથી વધારે પડતા ટેવાઈ ગએલા છીએ અને ભૌતિક બાબતોમાં અસરકારક કામ કરી શકતા નથી; બાહ્ય જીવન અને શરીરનું રૂપાંતર કરવાનું અતિ અતિ મુશ્કેલ જણાશે; અથવા તો આપણાં બાહ્ય કર્મો આંતરિક પ્રકાશના મેળમાં નહિ બેસે, એ હજી ય એમના જૂના, જૂઠા અને રૂઢ ચીલે ચાલ્યા કરશે, જૂના, સામાન્ય અને અપૂર્ણ પ્રવાહોમાં જ તણાયા કરશે; અંતરમાં સત્યનો પ્રકાશ અને બાહ્ય પ્રકૃતિનો અજ્ઞાનભર્યો યંત્રવત્ પ્રવાહ એ બેની વચમાં એની એ જ જૂની દુઃખદાયક ખાઈ લંબાયા કરશે. ઘણી વાર આવો અનુભવ થઈ આવે છે તેનું કારણ એ કે આવી સાધનામાં જે જ્ઞાન અને શક્તિ મળે છે તે જાણે પોતે પોતાનામાં જ પૂરતાં હોય એમ લાગે છે, અને જીવનમાં વ્યક્ત થવા માટે કે દુનિયા અને દુન્યવી કાર્યો માટે જે ભૌતિક નીતિરીતિ નક્કી થએલી છે તેનો લાભ લેવા માટે રાજી ના હોય એમ લાગે છે. એવો અનુભવ થાય કે જાણે આપણે કોઈ એક બીજી, વિશાળ અને સૂક્ષ્મ દુનિયામાં જીવીએ છીએ અને આ ભૌતિક અને પાર્થિવ દુનિયા ઉપર આપણો જરા પણ દિવ્ય કાબૂ નથી,– કદાચ કોઈ પણ જાતનો કાબૂ નથી.

પણ તો ય દરેક જણે પોતપોતાની જ પ્રકૃતિને અનુસરવું રહ્યું. અને જો આપણા સહજ માર્ગે જ યોગ કરવાનો હોય તો જે કાંઈ મુશ્કેલીઓ આવવાની હોય તેનો ગમે ત્યારે પણ સામનો કરવો જ પડશે. યોગનું અસલ સ્વરૂપ એ, છેક છેવટે તો, આપણી આંતર ચેતના અને પ્રકૃતિનું પરિવર્તન છે. અને જો આપણા પ્રાકૃતિક ભાગોનું પ્રમાણ જ એવું હોય કે જેથી આપણે એકાંગી જ શરૂઆત કરીને બાકીનું કામ પછીથી કરવાનું રાખવું પડે તો આ ખામીવાળી લાગતી સાધનાનો પણ સ્વીકાર કરવો જ રહ્યો; તોપણ પૂર્ણયોગની આદર્શ સાધના તો એ જ કે જેમાં શરૂઆતથી જ સાધના પૂર્ણાંગી હોય અને પ્રગતિ પૂરેપૂરી અને બહુવિધ હોય. એ બધું ઠીક, પણ આપણે અત્યારે જે યોગ–માર્ગની વાત કરીએ છીએ તેનું ધ્યેય અને સાધના પૂર્ણ હોવા છતાં તે શરૂઆત કરે છે કર્મથી અને આગળ વધે છે ય કર્મથી, –જો કે પગલે પગલે એ જીવંત પ્રભુપ્રેમમાંથી વધુ ને વધુ ગતિ, અને માર્ગદર્શક દિવ્ય જ્ઞાનમાંથી વધુ ને વધુ પ્રકાશ, મેળવતો રહે છે.

* * *

આજ સુધીમાં માણસજાતને આધ્યાત્મિક કર્મોનો મોટામાં મોટો બોધ, કર્મયોગની સારામાં સારી પદ્ધતિ આપનાર છે: ભગવદ્ગીતા. હવે તો

આખા જગતમાં જાણીતા થએલા, મહાભારતના આ દિવ્ય સંવાદમાં કર્મ-યોગની મૂળભૂત અને મહાન રૂપરેખાની જે શાશ્વત રજૂઆત થઈ છે તેની પાછળ છે અદ્વિતીય પ્રભુતા, પૂરો વિશ્વાસપાત્ર અનુભવ અને જરા પણ ભૂલ વગરની દૃષ્ટિ. એ વાત સાચી છે જ કે એમાં માત્ર માર્ગની સાધનાની રજૂઆત છે,—અને તે પણ તે સમયની નજરે; તેની પૂર્ણ સિદ્ધિનું,–એના પરમ રહસ્યનું માત્ર સૂચન થએલું છે,– પૂરું વર્ણન નહિ; એ પરમ રહસ્ય અંગે મૌન સેવવામાં આવ્યું છે. એમ મૌન સેવવા પાછળ સ્પષ્ટ કારણો છે; સિદ્ધિ એ એક અનુભવવાની વસ્તુ છે. વાચાથી એને રજૂ ના કરી શકાય. એનું કોઈ એવી રીતે વર્ણન ના કરી શકાય કે જેથી એ પ્રકાશપૂર્ણ, પરિવર્તનશીલ અનુભૂતિ જેને ના થઈ હોય તેવી બુદ્ધિ અને ખરેખર સમજી શકે; અને જે આત્મા એ ઝળહળતાં દ્વારા ઓળંગીને એ પ્રકાશપુંજમાં નાહી રહ્યો છે તેની સમક્ષ સર્વે બૌદ્ધિક અને શાબ્દિક વર્ણનો જેટલાં નમાલાં છે તેટલાં જ અર્થહીન અને અધૂરાં બડબડાટ જેવાં છે. આપણી ભાષા બુદ્ધિપ્રધાન માણસોના અનુભવોને વ્યક્ત કરવા માટે બનાવવામાં આવી છે; આધ્યાત્મિક અનુભૂતિઓને વ્યક્ત કરવા માટે એ બાલિશ અને ભ્રામક નીવડે છે. છતાં પણ એનો આશરો લીધા વિના છૂટકો નથી. જ્યારે એ અનુભૂતિઓ, આમ, ભાષા દ્વારા વ્યક્ત કરવામાં આવે છે ત્યારે તેને માત્ર એ લોકો જ બરાબર સમજી શકે છે કે જેઓ એને જાણે જ છે, અને, એને વ્યક્ત કરવા માટે આપણી આ બાલિશ, બાહ્ય ભાષાને એક નવો જ, આંતરિક અને ઊંચો અર્થ આપી શકે છે; શરૂઆતમાં વૈદિક ઋષિઓ આગ્રહપૂર્વક કહેતા હતા કે આ પરમ દિવ્ય જ્ઞાનની વાણી તેઓ જ સમજી શકશે કે જેઓ પોતે જ્ઞાની છે. ગીતા પોતાની વાણીને રહસ્યમય રીતે અટકાવી દે છે, એથી એમ લાગી જાય છે કે, આપણે જે ઉકેલ શોધી રહ્યા છીએ ત્યાં આવતાં જ તેણે મૌન ધારણ કરી લીધું, જાણે કે બુદ્ધિની ઊંચામાં ઊંચી આધ્યાત્મિક હદ સુધી આવીને એ અટકી ગઈ. તેનાથી ઉપરના અતિમાનસિક પ્રકાશના પુંજમાં એ પ્રવેશ કરતી નથી. ગીતાના રહસ્યનું કેન્દ્ર છે : અંતરમાં વિરાજતા પ્રભુ સાથે ગતિશીલ – સ્થિર નહિ– તાદાત્મ્ય, અને, પ્રકૃતિમાં આવી વસેલા, અંતરમાંથી માર્ગદર્શન આપતા આપણા અધિષ્ઠાતાનું સંપૂર્ણ શરણ. આ શરણાગતિ એ જ અતિમાનસિક રૂપાંતરનું અનિવાર્ય સાધન છે; વળી, આ અતિમાનસિક રૂપાંતર વડે જ એ ગતિશીલ તાદાત્મ્ય શક્ય બને છે.

તો, ગીતામાં જે કર્મયોગની વાત કરી છે તેની રૂપરેખા કેવી છે?

ગીતાના મુખ્ય સિદ્ધાંતનો, તેની આધ્યાત્મિક પદ્ધતિનો સાર છે : સમતા અને એકતા ( એટલે કે અદ્વૈત ) એ બેનો સંયોગ; આ સમતા અને અદ્વૈત એ બે છે ચેતનાની વિશાળમાં વિશાળ અને ઊંચામાં ઊંચી શક્તિઓ કે સ્થિતિઓ. ગીતાની પદ્ધતિનો મર્મ છે : જેમ આપણા અંતરમાં અને આપણા આત્મામાં તે જ પ્રમાણે આપણા જીવનમાં, પ્રભુનો સંપૂર્ણ સ્વીકાર. અંગત ઇચ્છાનો આંતરિક ત્યાગ કરવાથી મળે છે સમતા, સિદ્ધ થાય છે પ્રભુનું સંપૂર્ણ શરણ અને દ્વૈતમય અહમ્‌માંથી મુક્ત થવામાં મળે છે સહાય; તેનું પરિણામ અદ્વૈત. પણ આ અદ્વૈતમાં હશે એક ગતિશીલ સામર્થ્ય, – માત્ર ગતિહીન શાંતિ નહિ, કાર્યહીન પરમાનંદ નહિ. ગીતા અભય–દાન આપતાં કહે છે : દ્વૈતભાવી અને મર્યાદાશીલ અહમથી જે પર છે તે પ્રભુને શરણે તારી સમગ્ર જાત મૂકી દે, એટલે સર્વ કર્મોની વચમાં હોવા છતાં, પ્રકૃતિનાં બળોથી ઘેરાએલો અને ભરેલો હોવા છતાં તું મુક્તાત્મા બનીશ. તે, શાંત નિષ્ક્રિયતાના પાયા પર પૂર્ણ ગતિશીલ કાર્યો કરવાનું કહે છે; તેનું રહસ્ય છે : અવિચલિત સ્થિરતાના, પાયા પર મક્કમ મંડાએલું વિશાળમાં વિશાળ કર્મ, – અંતરની પરમ શાંતિમાંથી ઉદ્‌ભવતું મુક્ત કાર્ય.

અહીં જે કાંઈ છે તે સર્વ, એ જ એક, અવિભક્ત, સનાતન, પરાત્પર અને વૈશ્વિક બ્રહ્મ છે કે જેણે વસ્તુઓ અને પ્રાણીઓમાં વિભક્ત હોવાનો આભાસ ઊભો કર્યો છે. એ આભાસ જ છે; કારણકે, સાચી રીતે તો, વસ્તુ અને પ્રાણીમાત્રમાં એ એક જ, અને સમાન જ, છે, અને આ વિભક્તતા, આ બહુપણું એ તો માત્ર સપાટી ઉપરનો ખેલ છે, જ્યાં સુધી આપણે આ અજ્ઞાનમય આભાસમાં જીવીએ છીએ ત્યાં સુધી આપણે અહમ્ છીએ, "હું" છીએ, અને પ્રકૃતિના ગુણના ગુલામ છીએ. આભાસના દાસ, દ્વૈતથી બંધાએલ, સારાં અને નરસાં, પાપ અને પુણ્ય, હર્ષ અને શોક, સુખ અને દુઃખ, લાભ અને ગેરલાભ, જય અને પરાજય એ બેલડીઓનાં રમકડાં જેવા આપણે લાચાર થઈને માયાના લોખંડી ( કે સોનાના આભાસ-વાળા લોખંડી ) ચક્ર ઉપર રવડી રહ્યા છીએ. બહુ બહુ તો આપણને નહિવત્ સાપેક્ષ સ્વતંત્રતા છે, – એને જ્ઞાનના અભાવે, આપણે આપણી સ્વતંત્ર ઇચ્છાશક્તિ કહીએ છીએ. પણ અંદરખાને તો એ માત્ર ભ્રમણા છે, કારણકે આપણી સ્વતંત્ર ઇચ્છાશક્તિના ઓઠે માત્ર પ્રકૃતિના ગુણ જ કામ કરી રહ્યા છે; માત્ર પ્રકૃતિનાં બળ જ, આપણને પકડીને, પણ પોતે પકડાયા વિના, આપણી પાસે આપણે શું કરીશું અને કેમ કરીશું એ નક્કી કરાવે છે. આપણા જીવનની ક્ષણે ક્ષણે, સમજપૂર્વકના નિર્ણયથી કે આંધળા આવેગથી

આપણે શું કરીશું એ કોઈ સ્વતંત્ર "હું" નહિ પણ પ્રકૃતિ જ નક્કી કરે છે. પણ એનાથી ઊલટી વાત એ છે કે જો આપણે બ્રહ્મના અવિભક્ત સત્યમાં, જીવીએ તો અહમ્‌થી પર થઈ આપણે પ્રકૃતિને વટાવી જઈએ છીએ; કારણકે એથી આપણે આપણી સાચી જાતને પામીએ છીએ અને આત્મરૂપ બનીએ છીએ; આત્મામાં આપણે પ્રકૃતિની પકડમાંથી મુક્ત છીએ, તેના ગુણ અને શક્તિથી પર છીએ. આપણે જ્યારે આત્મા, બુદ્ધિ અને હૃદયમાં એક પૂર્ણ સમતા પ્રાપ્ત કરીએ છીએ ત્યારે આપણને આપણી સાચી જાતની સાથે એકતા સિદ્ધ થાય છે; એ એકતા છે ભૂતમાત્રની સાથે એકતા, તે સર્વમાં જે વ્યક્ત થાય છે એ પરમ તત્ત્વ સાથે એકતા, અને આપણે જે કાંઈ જોઈએ છીએ, અનુભવીએ છીએ તેની સાથે પણ એકતા. સમતા અને એકતાની આ બેલડી એ તો છે દિવ્ય વ્યક્તિત્વ, દિવ્ય ચેતના અને દિવ્ય કર્મ માટેનો અનિવાર્ય પાયો. જ્યાં સુધી આપણે બધાં સાથે એકરૂપ નથી થયા ત્યાં સુધી આધ્યાત્મિક રીતે આપણે પ્રભુમય નથી થયા. જ્યાં સુધી બધા પદાર્થો, પ્રસંગો અને પ્રાણીઓ સાથે આપણે સમાત્મા નથી થયા ત્યાં સુધી આપણે બધું આત્માની નજરે જોઈ શકીએ, દિવ્ય રીતે જાણી નહિ શકીએ, દિવ્ય રીતે અનુભવી નહિ શકીએ. સનાતન અને અનંત એવી પરમ શક્તિ વસ્તુમાત્રમાં ભૂતમાત્રમાં સમાન છે; અને સમાન છે એટલે જ એ બે જાતનાં સત્યને ધ્યાનમાં લઈને પૂર્ણ પ્રજ્ઞા વડે કાર્ય કરી શકે છે; આ બે સત્ય છે: પોતાનાં કાર્ય તેમ જ શક્તિનું સત્ય; અને પદાર્થમાત્ર અને પ્રાણીમાત્રમાં રહેલું સત્ય.

અને જો માણસ સ્વતંત્રતાની વાત કરતો હોય તો આ જ માત્ર એક અને સાચી સ્વતંત્રતા છે કે જે તે મેળવી શકે તેમ છે; પણ જ્યાં સુધી એ પોતાના માનસિક દ્વૈતભાવમાંથી બહાર ના નીકળે અને પ્રકૃતિમાં વસતા પુરુષ તરીકે જાગ્રત ના થાય ત્યાં સુધી તેને આ મુક્તિ મળતી નથી. જો દુનિયામાં કોઈ પણ સ્વતંત્ર ઇચ્છાશક્તિ હોય તો તે છે એકમાત્ર ઈશ્વરેચ્છા; અને પ્રકૃતિ છે માત્ર તેની કારભારી; ઈશ્વરેચ્છા જ છે બીજી બધી ઇચ્છાશક્તિઓની માલિક અને સર્જક. માણસની સ્વતંત્ર ઇચ્છાશક્તિને સાચી કહી શકાય પણ પ્રકૃતિના ગુણોમાંની સર્વ વસ્તુઓની માફક માત્ર સાપેક્ષ રીતે સાચી. માણસનું મન પ્રકૃતિનાં બળથી ચાલતા ચાકડા ઉપર ચકરાવો લઈ રહ્યું છે; વિવિધ શક્યતાઓની ખેંચતાણમાં એ સમતોલ થઈ જાય છે કે આ બાજુ કે પેલી બાજુ ઢળી જાય છે કે સ્થિર પણ થઈ જાય છે,– અને માને છે કે તેણે એમ કરવાનું પસંદ કર્યું છે; પણ એને દેખાતું નથી, અરે ઝાંખો ઝાંખો પણ ખ્યાલ નથી

કે કઈ શક્તિના પ્રતાપે એ "પસંદગી" થઈ છે. પણ એ ક્યાંથી દેખાય?– કારણકે એ શક્તિ તો એક અને સર્વવ્યાપી છે, અને એની વિશાળતા આપણી દૃષ્ટિમર્યાદાની બહાર છે. આ મહાશક્તિ ખાસ ખાસ નિર્ણયો લે છે; અને એ નિર્ણયોની અટપટી વિવિધતાથી પોતાના અગણિત ઇરાદાઓને પાર પાડે છે. જો આપણું મન સ્પષ્ટતા અને ચોકસાઈથી આ નિર્ણયોને જોવાનો પ્રયત્ન કરે તો તેમાંના થોડાએકને જુદા પાડી શકે ખરું. પણ મન એક અંશ છે, યંત્રના એક અંશમાત્ર ભાગ પર બેઠેલું છે; સમય અને સંજોગોની જે યંત્રણા તેની પોતાની અંદર કામ કરી રહી છે તેના દશ ટકા પણ તે જાણતું નથી; પોતાના ભૂતકાળમાં થએલી તૈયારીઓ કે ભવિષ્યમાં આવનારા તાણની એને ખબર નથી; પણ એ યંત્ર પર બેઠું છે એટલે માને છે કે આખું યંત્ર એ જ ચલાવે છે. પણ તો ય એની કિંમત છે; કારણકે આપણે જેને આપણી "ઇચ્છાશક્તિ" કહીએ છીએ તે છે આપણું સ્પષ્ટ વલણ; અને એ વલણ જ્યારે મક્કમ રીતે સ્થપાઈ જાય છે ત્યારે એ આપણને લાગે છે આપણી "સમજપૂર્વકની પસંદગી"; અને આ ઇચ્છાશક્તિ અને પસંદગી એ તો પ્રકૃતિનાં અનેક સમર્થ સાધનો પૈકીનું એક જ છે,– સાધનો ખરાં, પણ પ્રકૃતિનાં, માણસનાં પોતાનાં આગવાં નહિ. માણસની ઇચ્છાશક્તિથી થતા આ નાના સરખા અને સાધન તરીકેના કર્મની પાછળ એક એવી તો વિશાળ અને સમર્થ અને સનાતન વસ્તુ છે કે જે માણસના વલણને અવગણી શકે છે અને તેની ઇચ્છાશક્તિને બદલવા માટે દબાણ કરી શકે છે. પ્રકૃતિમાં એક પૂર્ણ સત્ય છે,– આપણી અંગત ઇચ્છાશક્તિના કરતાં અનેકગણું મોટું. પ્રકૃતિના આ પૂર્ણ સત્યમાં, અથવા તેનાથી પર કે તેની પાછળ પણ એક એવી વસ્તુ છે કે જેના હાથમાં બધાં જ પરિણામો છે; તેની હાજરી અને તેના ગુપ્ત જ્ઞાનને લીધે જ પ્રકૃતિનાં કાર્યોમાં, સાચા સંબંધોની એક ખૂબ જ શક્તિશાળી અને લગભગ યંત્રવત્ નજર, એકની એક કે બદલાતી જતી જરૂરિયાત, પ્રવૃત્તિના અનિવાર્ય તબક્કા, એ સઘળું સ્થિરતાથી ચાલુ રહ્યા કરે છે. એક સનાતન અને અનંત, સર્વજ્ઞ અને સર્વશક્તિમાન એવી ગુપ્ત ઇશ્વરેચ્છા છે જ; એ જ આખા વિશ્વમાં પોતાનું કાર્ય કરી રહી છે અને જે આ ક્ષણિક અને સાંત, અચેતન કે અર્ધ–ચેતન લાગે છે એવી પણ દરેક બાબતમાં એ કાર્ય કરી જ રહી છે. ગીતામાં કહ્યું છે : "વસ્તુમાત્રના હૃદયમાં બેઠેલો ભગવાન, પ્રાણીમાત્રને, ચાકડા ઉપર ચડાવ્યાં હોય તેમ, પોતાની પ્રકૃતિની માયાથી ગોળ ગોળ ફેરવે છે." તેમાં જે ભગવાન અને તેની શક્તિની વાત કરી છે તે એ જ છે.

આ ઇશ્વરેચ્છા એ કોઈ આપણાથી પરાઈ શક્તિ કે સતતા નથી; તેનો તો આપણી સાથે ગાઢ સંબંધ છે, અરે, આપણે પોતે એના જ અંશ છીએ; કારણકે આપણી ઊર્ધ્વતમ જાત એ જ છે, અને એ જ એને ધારણ કરે છે અને આધાર આપે છે; હા, એટલું ખરું કે આપણે જેને આપણી સમજ-પૂર્વકની ઇચ્છાશક્તિ કહીએ છીએ એ એ નથી; એ ઘણી બધી વાર આપણે જેને સમજપૂર્વક નક્કી કર્યું હોય, તેને ફેંકી દે છે અને આપણે જેનો અસ્વીકાર કર્યો હોય, તેને પાર પાડે છે કારણકે આ છૂપી ઇશ્વરેચ્છા બધે-બધું જાણે છે, નાનામાં નાની વિગત પણ જાણે છે. પણ આપણું મન તો ઉપરછલ્લું છે અને વસ્તુઓનો એક નાનો અંશ જ જાણે છે. આપણી ઇચ્છાશક્તિ મનમાં જ જાગ્રત હોય છે અને એ જે કાંઈ જાણે છે એ વિચારો દ્વારા જ જાણે છે; જ્યારે ઇશ્વરેચ્છા એ તો આપણી યોજનાથી પર છે કારણકે એ તાત્વિક રીતે અતિમાનસિક છે; અને એ સર્વ કાંઈ જાણે છે કારણકે એ પોતે જ "સર્વ કાંઈ" છે. આપણી ઊર્ધ્વતમ જાત આ વિશ્વમયી શક્તિને ધારણ કરે છે અને આધાર આપે છે; પણ આપણો અહમ્ કે આપણી અંગત પ્રકૃતિ એ કાંઈ ઊર્ધ્વ જાત નથી. એ ઊર્ધ્વતમ જાત તો વિશ્વવ્યાપી છે અને વિશ્વથી પણ પર છે અને આ નાના નાના પદાર્થો એ તો એની સપાટી પર વહેતા પરપોટા છે. જો આપણે આપણી જાગ્રત સંકલ્પશક્તિને આ સનાતન સંકલ્પશક્તિને શરણે સોંપી દઈએ તો જ આપણને સાચી સ્વતંત્રતા મળે,– હા, માત્ર તો જ. જો આ દિવ્ય આઝાદીના પ્રદેશમાં જીવવાનું મળે તો પછી આપણે ગુલામ નહિ રહીએ આપણી આજની આ બેડી જેવી "સ્વતંત્ર સંકલ્પશક્તિ"ના ( કે જે છે માત્ર સ્વતંત્રતાના પૂતળા જેવી, અજ્ઞાન, માયાવી, સાપેક્ષ અને પ્રાણની ઇચ્છાઓ અને મનના વિચારોની સંકડામણ અને ભૂલોથી બંધાએલી ).

* * *

એક ભેદ પાડ્યા વિના છૂટકો નથી. એ ભેદ બહુ જ અગત્યનો છે. અને તેને આપણી ચેતનામાં પાકો બેસાડ્યા વિના પણ છૂટકો નથી. એ છે : યંત્રવત્ પ્રકૃતિ અને પ્રકૃતિના નિત્યમુક્ત માલિક વચ્ચેનો ભેદ,– ઇશ્વર ( એટલે કે એકમાત્ર અને જ્યોતિર્મય એવી દિવ્ય સંકલ્પશક્તિ ) અને વિશ્વનો વહી-વટ કરી રહેલાં, અનેક રૂપધારી પરિબળોની વચ્ચેનો ભેદ.

પ્રભુના પરમ સત્યમાં વસતી, સનાતન, સચેતન શક્તિરૂપે નહિ પણ આ અજ્ઞાનના પ્રદેશમાં આપણને જે રૂપે દેખાય છે એ રૂપે, પ્રકૃતિ એ માત્ર એક વહીવટ કરનારી શક્તિ છે; એ યંત્રવત્ ચાલે છે, અને એની સર્વે

ક્રિયાઓમાં એક ચોખ્ખી સમજશક્તિ સહજરૂપે છુપાએલી હોવા છતાં આપણને તો એવો અનુભવ થાય છે કે એ જાણે, જાણીબૂઝીને, બુદ્ધિભર્યાં કામ કરી શકે તેમ નથી. એનામાં પ્રભુત્વ નથી; પણ એની અંદર એક એવી શક્તિ[1] ભારોભાર ભરેલી છે કે જેમાં અંત વિનાનું પ્રભુત્વ છે; અને આ શક્તિ તેને ચલાવી રહી છે એટલે તો એ સર્વસ્વની સામ્રાજ્ઞી બની છે, અને ઈશ્વિરે સોંપેલ સર્વ કાર્ય સાંગોપાંગ પાર પાડી રહી છે. એ કાંઈ પણ ભોગવતી નથી પણ પોતે જ ભોગવાઈ રહી છે અને પોતાની અંદર સર્વ ભોગ-સામગ્રીનો ભાર ઉઠાવી રહી છે. કુદરતરૂપે પ્રકૃતિ એક સક્રિય શક્તિ છે ખરી પણ જડ રીતે, કારણકે તેની ઉપર જે કાંઈ પ્રવૃત્તિ ઠોકી બેસાડવામાં આવે છે તેને તે માત્ર પાર પાડે છે; પણ તેની અંદર "એ" છે કે જે જ્ઞાતા છે, તેની અંદર "કાંઈક" બેઠેલું છે કે જે તેની સર્વ ગતિ અને પ્રવૃત્તિને બરાબર જાણે છે. પુરુષ કે જે પ્રકૃતિની સાથે સાથે રહે છે (અથવા તેની અંદર નિવાસ કરે છે) એ પુરુષનાં જ્ઞાન, પ્રભુત્વ અને આનંદથી પ્રકૃતિ સભર છે; તેના જ વડે એ કાર્ય કરે છે, અને તેમાં ભાગ પણ લે છે પણ એ બધું, તેની અંદર બેઠેલા પુરુષના હુકમથી, તેની ઇચ્છાથી. પુરુષ જ્ઞાતા છે પણ સ્થિર છે, નિષ્ક્રિય છે; પ્રકૃતિનાં સર્વ કર્મોને એ પોતાની ચેતનામાં ધારણ કરે છે, તેમને જાણે છે અને માણે છે. એ પ્રકૃતિનાં કાર્યોને સંમતિ આપે છે; અને તે જેને સંમતિ આપે છે તેને પ્રકૃતિ, તેના આનંદને ખાતર પાર પાડે છે. પુરુષ પોતે કાર્ય પાર પાડતો નથી, પણ પ્રકૃતિને કાર્ય પાર પાડવામાં ધારણા આપે છે, અને પોતે પોતાની જ્ઞાનદૃષ્ટિથી જે જુએ છે તેને શક્તિ, ક્રિયા અને પરિણામ દ્વારા સાકાર કરવાની સંમતિ આપે છે. સાંખ્ય-દર્શનમાં જણાવેલ પુરુષ-પ્રકૃતિનો ભેદ આ પ્રમાણે છે. એ ભેદ કાંઈ પૂરેપૂરો સત્ય નથી, કે નથી પુરુષ કે પ્રકૃતિના વિશે એ ઊંચામાં ઊંચું સત્ય; પણ વિશ્વના આ નીચલા ગોળાર્ધમાં તો એ પૂરું કાર્યસાધક જ્ઞાન છે, સાચું અને અનિવાર્ય.

વ્યક્તિગત આત્મા, એટલે કે સાકાર બનેલ સચેતન તત્ત્વ, એ, આ ભોક્તા પુરુષ કે સક્રિય પ્રકૃતિ એ બેમાંથી ગમે તેની સાથે એકરૂપ થઈ શકે છે. જો એ પ્રકૃતિના સાથે એકરૂપ થાય તો એ માલિક, ભોક્તા કે જ્ઞાતા નથી થઈ શકતો, પણ પ્રકૃતિના ગુણ અને કાર્યનો માત્ર પડઘો પાડ્યા કરે છે; પ્રકૃતિની ખાસિયત-રૂપ દાસત્વ અને યંત્રવત્ કાર્યમાં સામેલ થાય છે. અને જો પ્રકૃતિમાં પૂરેપૂરો ડૂબી જાય તો, આત્મા હોવા છતાં, પથ્થર કે

૧. આ શક્તિ એ છે પ્રભુની દિવ્ય શક્તિ, પરાત્પર અને વિશ્વમયી મા.

ધાતુરૂપે પૂરેપૂરો અચેતન કે અવ–ચેતન બની પ્રકૃતિના ખોળે પૂરેપૂરો નિદ્રાધીન થઈ જાય છે; અથવા વનસ્પતિરૂપે લગભગ નિદ્રાધીન થઈ જાય છે; ત્યારે, એ અચેતન દશામાં, અંધકાર અને જડતાપ્રધાન પ્રકૃતિના તમોગુણથી બંધાઈ જાય છે. ત્યાં રજસ અને સત્ત્વ મોજૂદ તો હોય છે પણ તમસના થેરા થર નીચે દટાઈ ગએલાં. પછી, તમસના આ પ્રદેશમાંથી પોતાના અસલ સચેતન પ્રદેશ તરફ રૂપ–ધારી આત્મા બહાર તો આવતો જાય છે, પણ હજી તમસનું વર્ચસ્વ સારી પેઠે હોવાથી, રજોગુણના બંધનમાં આવી પડે છે; અને રજો-ગુણ એ ઇચ્છા અને આવેગથી ધકેલાતાં કાર્યો અને ઉછાળાઓનો પ્રદેશ છે. આથી એ પ્રાણીરૂપે સાકાર બને છે અને વિકાસ પામે છે; અહીં પ્રકૃતિની ચેતના સાંકડી હોય છે, બુદ્ધિ અણઘડ અને પ્રાણની ટેવો અને આવેગો રાજસિક–તામસિક હોય છે. અચેતનના અંધાર–પ્રદેશમાંથી આધ્યાત્મિક સ્થિતિ તરફની દેહ–ધારી આત્માની આ યાત્રા જ્યારે હજી વધારે આગળ વધે છે ત્યારે તે સત્ત્વગુણને બહાર લાવે છે; આ છે પ્રકાશ–પ્રિય ગુણ; અહીં એને મળે છે કેટલીક મુક્તિ, પ્રભુતા અને જ્ઞાન, અને તેની સાથે આંતરિક સંતોષ અને સુખની સાપેક્ષ અને મર્યાદિત માત્રા. માણસે, એટલે કે ભૌતિક શરીર–ધારી માનસિક– વ્યક્તિએ, આ જાતની પ્રકૃતિવાળા બની રહેવું જોઈ એ, પણ આત્માનો સમાવેશ કરતાં શરીરોના આ ગંજાવર સમુદાયમાંથી એવા તો કેટલાક હશે ? સામાન્ય રીતે તેની અંદર પૃથ્વી–તત્ત્વની અંધ જડતા અને પ્રાણી–સૃષ્ટિની અશાંત અને અજ્ઞાન જીવનશક્તિ એટલી બધી ભરેલી હોય છે કે એ, પ્રકાશપૂર્ણ અને આનંદ–ભર્યો આત્મા નથી થઈ શકતો, અરે, એક સુમેળવાળી સંકલ્પશક્તિ અને જ્ઞાનમય બુદ્ધિ પણ નથી થઈ શકતો. પુરુષના મુક્ત, પ્રભુતાપૂર્ણ જ્ઞાતા અને ભોક્તા એવા સાચા સ્વરૂપને પહોંચ-વાની યાત્રામાં અહીં, માણસ, એક, અડધું, અવરોધ–ભર્યું અને મૂંઝવણ-ભર્યું ચઢાણ ચઢી રહ્યો છે. અહીં માનવમાં અને પાર્થિવ અનુભવમાં પ્રકૃતિના આ ત્રણેય ગુણો એવી રીતે ગોઠવાઈ પડ્યા છે કે જેથી એમાંનો કોઈ પણ પોતાનું પૂરું અને સ્વતંત્ર ફળ નથી આપી શકતો; એ ત્રણેય સેળભેળ થઈ ગયા છે, એટલે એમાંના કોઈ, ક્યાંય, પોતાનું સાચું કાર્ય કરી શકતા નથી. પ્રકૃતિના ત્રાજવામાં આજે માણસજાતની અહમ્પ્રધાન ચેતના અનિશ્ચિત રીતે જે આમતેમ થઈ રહી છે એ આ ત્રિગુણનાં એકમેકમાં ગૂંચવાએલા ડામાડોળ કાર્યને લીધે છે.

દેહધારી આત્મા પ્રકૃતિમાં ડૂબી ગએલો છે તેની નિશાની એ કે ચેતના અહમ્થી મર્યાદિત થઈ ગએલી છે. અને આ મર્યાદિત ચેતનાની સ્પષ્ટ નિશાની

એ કે આપણું મન અને હૃદય સતત અશાંત રહે છે, અને તેમને વધારે કાંઈ પણ અનુભવો થાય ત્યારે તેના જે વિવિધ જવાબો આપે છે તેમાં ગૂંચવાડા, અથડામણ અને કુમેળ હોય છે. માણસના સઘળા પ્રત્યાઘાતો કાં તો આ બાજુ કે કાં તો પેલી બાજુ ઢળેલા હોય છે. આ છે દ્વૈત, અને તેનું કારણ એ છે કે આત્મા હજી પ્રકૃતિના બંધનમાં રહેલો છે, અને ઘણી વાર પ્રભુત્વ અને આનંદ મેળવવા પ્રબળ, છતાં સાંકડી મથામણો કરે છે; આ મથામણો મોટે ભાગે તો ધાર્યાં પરિણામ નથી લાવતી. જય–પરાજય, સુખ–દુઃખ, સારું–નરસું, પાપ–પુણ્ય, હર્ષ–શોક, એ પ્રકૃતિનાં, લલચાવનારાં અને દુઃખ દેનારાં દ્વૈતોમાં આત્મા ચકરાવવા લીધા જ કરે છે. પ્રકૃતિમાં ડૂબેલો આત્મા જ્યારે જાગ્રત થાય અને પ્રભુ અને વિશ્વ સાથે પોતાનું ઐક્ય અનુભવવા માંડે ત્યારે જ એ આ બધી મુશ્કેલીમાંથી બહાર આવી શકે અને આ કાર્યવાહક પ્રકૃતિ સાથે સાચો સંબંધ સ્થાપી શકે. ત્યારે એ તેના ત્રિગુણથી પર થઈ જાય છે. દ્વૈતમાં સમતા ધારણ કરે છે અને પ્રભુત્વ તથા મુક્તિ મેળવી શકે છે; ત્યારે પોતાના સનાતન સત્યના પ્રશાંત, પ્રબળ અને વિશુદ્ધ આનંદથી સભર થઈ એ, પ્રકૃતિના સિંહાસન ઉપર એક જ્ઞાતા અને સાક્ષીરૂપે બિરાજે છે. એ સમયે પણ એ દેહધારી આત્મા પોતાની શક્તિને કાર્યો દ્વારા વ્યક્ત કરવાનું ચાલુ રાખે છે, પણ અજ્ઞાનમાં લપેટાઈને નહિ, કર્મોથી બંધાઈને નહિ; હવે કર્મોના કાંઈ પણ પ્રત્યાઘાત તેની પોતાની ઉપર થતા નથી; થાય છે માત્ર બાહ્ય પ્રકૃતિ ઉપર. પ્રકૃતિના બધા ઉછાળાઓ એ હવે તેને માટે સપાટી ઉપર ચડતાં અને પડતાં મોજાં જેવાં જ બની રહે છે; પોતાના અગાધ ઊંડાણની શાંતિમાં, અતિવિશાળ આનંદમાં, વિશ્વ જેટલી વિશાળ સમતામાં, કે સીમાવિહીન પ્રભુતામાં તેથી કાંઈ જ ફેર પડતો નથી.[2]

* * *

આપણે નીચેની બાબતો ધ્યાનમાં લઈને પુરુષાર્થ કરવાનો છે. વળી એ બાબતો આપણા આદર્શનો પણ ખ્યાલ આપે છે. એ આદર્શ આ

---

૨. કર્મયોગની સાધના માટે ગીતાના તત્ત્વજ્ઞાનને આખું ને આખું સ્વીકારવું જ પડે એવું નથી. એને, યોગસાધનાના પાયા તરીકે જરૂરી એવા, આંતરિક અનુભવોનાં વર્ણન તરીકે સ્વીકારી શકાય; એ રીતે એ પૂરેપૂરાં સાચાં છે અને ઊર્ધ્વ અને વિશાળ અનુભૂતિઓની સાથે પૂરાં બંધબેસતાં છે. એટલા માટે જ અહીં એનો સમાવેશ કરવાનું મને યોગ્ય લાગ્યું છે. એમ કરવામાં મેં શક્ય તેટલે અંશે તેને આધુનિક વિચારોને યોગ્ય એવી ભાષામાં રજૂ કર્યાં છે અને માનસશાસ્ત્રીય ના હોતાં તાત્ત્વિક ચિંતનમય હોય એવી બાબતો શક્ય તેટલે અંશે ઓછી કરી છે. — શ્રી અરવિંદ

શબ્દોમાં અથવા આના જેવી કોઈ ભાષામાં પણ રજૂ કરી શકાય.

ઈશ્વરમાં જીવન ધારણ કરવું અને નહિ કે અહમ્‌માં, એક વિશાળ પાયા પર સ્થિર થઈ સર્વાત્મા અને પરાત્પરની ચેતનામાં જીવવું અને નહિ કે નાની શી અહમ્-પ્રધાન ચેતનામાં.

ગમે તેવા પ્રસંગો કે વ્યક્તિઓની વચમાં પણ સમતા જાળવવી અને એ સર્વે પોતાની જાત સાથે અને ભગવાન સાથે એકરૂપ છે એમ સમજવું અને અનુભવવું; સર્વ કોઈ અને સર્વ કાંઈ આપણી અંદર છે અને ભગવાનની પણ અંદર છે એમ અનુભવવું; ભગવાન બધાંની અંદર છે અને આપણી જાત પણ બધાંની અંદર છે એમ અનુભવવું.

પ્રભુમય થઈને કર્મો કરવાં, નહિ કે અહમ્‌માં રહીને. આમાં ત્રણ તબક્કા: એક: આપણી અંગત જરૂરિયાત કે અંગત ધોરણને ધ્યાનમાં રાખીને નહિ પણ આપણી ઉપર આવી રહેલા જીવંત અને ઉચ્ચતમ સત્યના આદેશ અનુસાર કર્મો પસંદ કરવાં. બે: આપણે આધ્યાત્મિક ચેતનામાં ઠીક ઠીક સ્થિર થઈ જઈએ એટલે તરત જ આપણી ભેદભાવવાળી સંકલ્પશક્તિ અને વૃત્તિથી કર્મો કરવાનું બંધ કરવું અને તેને બદલે આપણાથી પર એવી ઈશ્વરેચ્છા, પ્રભુની સંકલ્પશક્તિની પ્રેરણા અને માર્ગદર્શનથી કાર્યો થવા દેવાં અને આગળ વધવા દેવાં. અને ત્રણ (વળી, આ છે પરમ સિદ્ધિ): જ્ઞાન, શક્તિ, ચેતના, કર્મ, સ્વયંભૂ આનંદ, એ સર્વમાં ભગવાનની શક્તિ સાથે એકરૂપતાની ઉચ્ચ દશામાં પહોંચી જવું; એક એવું શક્તિસભર આંદોલન અનુભવવું કે જે ક્ષણિક ઇચ્છા, પ્રાણના ઊછાળા કે આવેગ, અથવા મનની ભ્રમણાભરી સ્વતંત્ર ઇચ્છાશક્તિથી સંચાલિત નહિ પણ પ્રકાશ-પ્રેરિત હોય તથા અમર આત્માનંદ અને અનંત આત્મજ્ઞાન વડે આગળ વધતું હોય. કારણકે આ જ એ કર્મ છે કે જે, પ્રાકૃત માનવ જ્યારે દિવ્ય પુરુષનું સ્વેચ્છાએ શરણ સ્વીકારે છે અને પોતાને તેનામાં સમાવી દે છે ત્યારે જ શરૂ થાય છે; તે પછી આત્મતત્ત્વ, હમેશ માટે વિશ્વની પ્રકૃતિથી પર થઈ જાય છે અને તેને દોર્યે જાય છે

* * *

પણ આવી સિદ્ધિ માટે કેવી સાધના કરવી? કેવાં સક્રિય પગલાં લેવાં?

આપણે મેળવવાની સિદ્ધિની ચાવી બહુ સ્પષ્ટ છે; એ છે: અહમ્‌પ્રધાન કાર્યો અને તેના પાયારૂપ અહમ્-ભરી ચેતનાનો ત્યાગ. અને કર્મયોગમાં સૌથી પહેલાં તો કર્મરૂપી ગાંઠ છોડવાની હોવાથી તેને જે કેન્દ્રમાં બાંધવામાં આવી છે ત્યાંથી, એટલે કે ઇચ્છા અને અહમ્‌માંથી ઢીલી કરવાનો આપણે

યત્ન કરવો જોઈએ. જો આ ના થાય તો થોડી આડાઅવળી છૂટછાટ થશે ખરી પણ આપણું સાચું બંધન અકબંધ રહેશે. આપણને અજ્ઞાનભરી અને ભેદભાવવાળી પ્રકૃતિ સાથે બાંધી રાખનારી બેડીઓ આ બે છે: ઇચ્છા અને અહમ્-ભાવ. આમાંની ઇચ્છાનું જન્મસિદ્ધ થાણું છે ઊર્મિઓ, સંવેદનો, આવેગો; એ થાણામાં બેસી એ સર કરે છે વિચારો અને સંકલ્પો. અહમ્ભાવ પણ ત્યાં રહે છે ખરો પણ તેણે પોતાનાં વધારે ઊંડાં મૂળ છેક બુદ્ધિશાળી મન અને તેની સંકલ્પશક્તિ સુધી પહોંચાડેલાં છે; અને ત્યાં જ તેને પોતાનું પૂરું ભાન થાય છે. આખા વિશ્વ ઉપર અજ્ઞાનના થર ચડાવનાર તામસિક શક્તિઓની બેડલી આ જ છે અને એને જ આપણે પ્રકાશમાં આણવાની છે અને ઓળખવાની છે.

કર્મ કરવાની વાત આવે છે એટલે ઇચ્છા બહુરૂપી બની જાય છે. તેનાં એ અનેક રૂપોમાં સૌથી વધારે જોર કરનારું છે, આપણે કરેલા કામના પરિણામ માટેની પ્રાણની કામના કે ઝંખના. એવું બને કે આપણા કર્મના બદલામાં આપણે કોઈક આંતરિક સુખની આશા સેવતા હોઈએ. આ સુખ મળે આપણો કોઈક મનગમતો ખ્યાલ કે પ્રિય સંકલ્પ પાર પડવાથી કે કોઈક અંગત ઊર્મિના સંતોષથી, અથવા આપણી કોઈક મોટી આશા કે મહત્ત્વાકાંક્ષાની અભિમાનભરી સફળતાથી. અથવા આપણે કોઈક પૂરો ભૌતિક એવો બાહ્ય બદલો પણ ઝંખતા હોઈએ; એ હોય પૈસો, પદવી, પ્રતિષ્ઠા, સફળતા, સદ્ભાગ્ય કે આવી જ કોઈ ભૌતિક કે પ્રાણની ઇચ્છાની કૃતાર્થતા. આ બધી જ છે માત્ર અહમ્‌ની જાળ, – આપણને ફસાએલા જ રાખવાની. આ બધાં આપણને સંતોષ આપીને એવી ભ્રમણા ઊભી કરે છે કે જાણે આપણામાં તાકાત છે; આપણે સ્વતંત્ર છીએ; પણ હકીકતમાં તો આખી દુનિયાને હાંકનાર પેલા ઇચ્છાતત્ત્વનું જ કોઈક સૂક્ષ્મ કે સ્થૂળ, ઉમદા કે નીચ સ્વરૂપ જ આપણને જોતરીને હંકારતું હોય છે. એટલે જ ગીતાએ કર્મ માટે સૌથી પહેલો નિયમ એ મૂકી દીધો છે કે ફળની જરા પણ કામના વિના એટલે કે "નિષ્કામ કર્મ" કર.

લાગે છે તો સાવ સાદો નિયમ: "નિષ્કામ કર્મ કર"; પણ દિલની પૂરી સચ્ચાઈથી અને આપણને મુક્ત બનાવી દે એટલી વિશાળતાથી તેને પાર પાડવો એટલે?! અતિ મુશ્કેલ. આપણાં મોટા ભાગનાં કર્મોમાં આ નિયમ આપણે પાળતા જ નથી, – પાળીએ તોપણ નામનો જ, અને તે પણ એટલા માટે કે આપણે ઇચ્છાઓને સંતોષવાનાં જે કાર્યો કરતા હોઈએ છીએ તેની સામે જરા સમતોલ થવાય અને એ જુલ્મગારના ઉગ્ર

પ્રતાપમાંથી જરા રાહત મળે. આપણી નૈતિક લાગણીઓને ખાસ નુકસાન ના થાય એટલી હદ સુધી આપણે આપણા અહમને શાંત કરી શકીએ અને કાબૂમાં રાખી શકીએ તો આપણને સંતોષ થાય છે કે આપણે ઉત્તમ કામ કર્યું. અને આપણે આપણા અધૂરા સંયમને સારાં નામ આપી સારી રીતે ઘટાવીએ છીએ; ફરજનું ભાન, સિદ્ધાંતનું ચુસ્ત પાલન, સુખદુઃખ સામે સહન-શીલતા, અથવા ધાર્મિક રીતે કે શાંતિથી કે લાગણીવશ થઈને "ઈશ્વરેચ્છા બળવાન છે" એમ માની લેવું વગેરેથી આપણે ટેવાઈ જઈએ છીએ. આ બધી બાબતો પોતપોતાની રીતે, જરૂર, ઉપયોગી છે; પણ એ કાંઈ ગીતાનો બોધ નથી. ગીતા તો એક એવી વાત કરે છે કે જે સો ટચનું સોનું છે, જેમાં બાંધછોડ નથી, સમાધાન નથી; એ છે એક એવું વલણ, એક એવી નિષ્ઠા કે જેમાં આત્માનો આખો ઉઠાવ જ બદલાઈ જાય છે. પ્રાણના આવેગોને મન વડે કાબૂમાં રાખવાની એ વાત નથી; સ્થિર, સુસ્થિર બનાવવાની વાત છે.

અને એની કસોટી એ કે આપણાં મન અને હૃદયમાં સર્વ પરિણામો, પ્રત્યાઘાતો અને પ્રસંગો પ્રત્યે સો ટકા સમતા સ્થપાઈ જવી જોઈએ. લાભ કે ગેરલાભ, માન કે અપમાન, સ્તુતિ કે નિંદા, જીત કે હાર, હર્ષમય પ્રસંગ કે શોકજનક બિના આપણને જરા પણ હલાવી ના મૂકે એટલું જ નહિ પણ સ્પર્શ સુદ્ધાંત ના કરી શકે, જો એ સર્વની વચ્ચે પણ આપણી ઊર્મિઓ, આપણી ઇન્દ્રિયો, આપણું મન બિલકુલ છૂટું રહી શકે, આપણી પ્રકૃતિમાં કોઈ પણ જગ્યાએ જરા પણ ક્ષોભ કે નાનું સરખું પણ આંદોલન ના થાય તો જ,—અને માત્ર તો જ,—ગીતાએ કહેલી પૂર્ણ મુક્તિ આપણને મળી કહેવાય. એક હળવુંશું પણ આંદોલન થાય તો સમજવું કે હજી આપણી શિસ્ત અપૂર્ણ છે, હજી આપણો કોઈક ભાગ અજ્ઞાનને અને બંધનને વળગી રહ્યો છે; તેને પાકો નિયમ માની જૂની પ્રકૃતિને ચોંટી રહ્યો છે; હજી આપણને અધૂરો વિજય મળ્યો છે, હજી આપણી પ્રકૃતિના કોઈક એક પ્રદેશમાં, કોઈક એક ભાગમાં, કોઈ એક નાનાશા બિંદુ પર હજી એ પાકો અને સાચો નથી થયો. અને કચાશની એ નાનીશી કાંકરી આપણી યોગ-સિદ્ધિની આખી ને આખી ઇમારતને ભોંયભેગી પણ કરી દે!

ગીતામાં જેનો બોધ છે એ ગહન અને વિશાળ અને આધ્યાત્મિક સમતાને મળતી બીજી કેટલીક આભાસાત્મક સમતાઓ પણ છે; એમાં ગોટાળો નથી કરી નાખવાનો. નિરાશ થઈને છૂટી પડવાની એક સમતા છે, તો અભિમાની થઈને, કઠોર થઈને, કે ઉદાસ થઈને પણ સમતા સ્વીકારી

શકાય છે, પણ આ બધા પ્રકારો અહમ્‌માંથી જ જન્મે છે. સાધનાના માર્ગમાં એ બધી આવવાની જ; પણ એ બધીનો અસ્વીકાર કરવાનો છે અથવા તો તેમને સાચી સમતામાં બદલી નાખવાની છે. વળી જરા વધારે ઊંચા સ્તર પરથી પણ ખોટી સમતાઓ આવે છે: સહનમાર્ગીની સમતા, પવિત્ર પુરુષની ત્યાગભરી સમતા, અથવા સંત–પુરુષની અનાસક્તિ ભરી કે દુનિયાથી દૂર ચાલ્યા જવાની કે તેના બનાવો તરફ બે–ધ્યાન રહેવાની સમતા. આ બધી સમતાઓ પણ અધૂરી છે; તેનાથી શરૂઆત કરી શકાય; તેઓ, બહુ બહુ તો, આપણે જે સાચી, સંપૂર્ણ અને સ્વયંભૂ એવી આત્માની વિશાળ અને સમતોલ એકરૂપતા મેળવવાની છે તેને માટે જરૂરી એવા આત્મવિકાસના શરૂઆતના તબક્કા કે માનસિક તૈયારીના ગાળાઓ હોઈ શકે.

કારણકે એ વાત તો સાચી જ છે કે આવી મહાન સિદ્ધિ કાંઈ એક જ સપાટે કે કોઈ પણ જાતની ભૂમિકાઓ વિના ના જ મળી શકે. સૌથી પહેલાં તો આપણે એ શીખવાનું છે કે દુનિયાદારીના આઘાતો આવી પડે ત્યારે ભલે આપણાં બાહ્ય મન, હૃદય અને પ્રાણ એકદમ ધ્રૂજી ઊઠે પણ આપણી જાતનું કેન્દ્ર તો તેનાથી તદ્દન અસ્પૃષ્ટ અને શાંત જ રહે. આપણા જીવનના પાયારૂપ ખડક ઉપર એમ એક વાર સ્થિર રહેતાં શીખ્યા પછી આપણે આપણા આત્માને, પ્રકૃતિની આ બાહ્ય પ્રવૃત્તિઓમાંથી અલગ કરી નાખીને પાછળ ઊભા રહીને જોતાં કે અંદર ઊંડાણમાં અસ્પૃષ્ટ રહેતાં શીખવાનું છે. તે પછીની ભૂમિકામાં, અલગ પાડેલ આત્માની આ શાંતિ અને સ્થિરતાને તેનાં કરણો સુધી ફેલાવી શકાશે અને પ્રકાશમય કેન્દ્રમાંથી, શાંતિને, ધીમે ધીમે, છેક બહારની અંધારી સપાટી સુધી પ્રસારી શકાશે. આ ભૂમિકાની સાધના દરમિયાન બીજી કેટલીક નાની નાની બાબતોની સહાય લઈ શકાય; એક જાતની સહન-શીલતા, કોઈ શાંત તત્ત્વચિંતન કે કોઈ જાતનો ધાર્મિક ઉચ્ચ–આનંદ આપણને જરા આગળ વધવામાં મદદરૂપ થઈ શકે; અથવા તેનાથી જરા નબળી અને નીચી, છતાં ય ઉપયોગી, એવી આપણી માનસિક શક્તિઓને પણ કામે લગાડી શકાય. પણ છેક છેવટે તો એ બધાંને છોડી જ દેવાનાં છે, અથવા તો તેમનું રૂપાંતર કરવાનું છે, અને તેમને બદલે મેળવવાની છે એક પૂર્ણ સમતા, એક સંપૂર્ણ અને સ્વયંભૂ આંતરિક શાંતિ અને, જો બને તો, આપણાં સર્વ અંગોમાં એક એવો સહજ અને આત્મસ્થિત આનંદ કે જેને કોઈ કદી ય ખલેલ પહોંચાડી ના શકે.

પણ તો પછી કર્મો થાય જ કેવી રીતે? કારણકે, સામાન્ય રીતે,

આપણે કોઈ પણ કામ કરી શકીએ છીએ એનું કારણ એ કે આપણને કાંઈક ઇચ્છા થાય છે, અથવા તો મન, પ્રાણ કે શરીરને કાંઈક જોઈતું હોય છે, તેમને કાંઈક જરૂર હોય છે. આપણી પાસે કામ કરાવનાર છે શરીરની જરૂરિયાતો; કે પૈસા કે સંપત્તિ, માન કે કીર્તિ માટેની લાલસા; મનમાં કે હૃદયમાં અંગત સંતોષ માટે ઊઠતી ઝંખના, કે સત્તા કે સુખ માટેની આકાંક્ષા. અથવા તો, કોઈક નૈતિક ફરજનો કે પોતાના ખ્યાલ, આદર્શ કે સિદ્ધાંતોનો કે કોઈ સંકલ્પનો,–અથવા પોતાના પક્ષ, દેશ, કે છેવટે, પોતાના ધર્મ કે ઇષ્ટ દેવનો દુનિયામાં પ્રચાર કરવાની ધગશ આપણો કબજો લે છે અને કાર્યો કરવા ધકેલે છે. જો આમાંની કોઈક ઇચ્છાનો, કે બીજી કોઈ પણ ઇચ્છાનો આપણને ધક્કો ના મળે તો પછી આપણને પ્રેરણા કેવી રીતે મળે? કામમાં ઉત્સાહ કેવી રીતે રહે? અને છેવટે કામકાજ બંધ જ થઈ જાય ને? અહીં જ આપણને ગીતામાંથી દિવ્ય જીવન માટેનું ત્રીજું અને મહાન રહસ્ય મળી રહે છે. બધાં જ કર્મો ધીમે ધીમે વધારે ને વધારે પ્રભુ માટે, પ્રભુને પહોંચવા માટે કરતા જવાનાં છે, અને છેવટે, પ્રભુમય થઈને કરવાનાં છે; આપણાં કર્મો યજ્ઞરૂપે પ્રભુને અર્પણ કરવાનાં છે; અને આપણી સમગ્ર જાત, મન, સંકલ્પશક્તિ, હૃદય, ઇન્દ્રિયો, પ્રાણ અને શરીર પ્રભુને શરણે લઈ જઈ, પ્રભુપ્રેમ અને પ્રભુસેવાને આપણો એકમાત્ર હેતુ બનાવવાનો છે. ગીતાનો મહાન બોધ તો ખરેખર, આ જ છે: કામનો હેતુ બદલી નાખવો અને ખુદ કામના હાર્દનું રૂપાંતર કરી નાખવું. કર્મયોગ, ભક્તિયોગ અને જ્ઞાનયોગના અજોડ સમન્વયનો, આ પ્રમાણે, એ આપણને પાયો રચી આપે છે. અંતમાં, ઇચ્છા નહિ પણ સનાતન પ્રભુનો, ક્ષણે ક્ષણે, જાગ્રત રીતે અનુભવાતો સંકલ્પ એ જ એકમાત્ર આપણી પાસે કર્મો કરાવશે એટલું જ નહિ એકમાત્ર એમાંથી જ આપણને પ્રેરણા મળશે, એમાંથી જ આપણાં કર્મોનો આરંભ થશે.

સમતા, કર્મોનાં ફળની ઇચ્છાનો ત્યાગ, અને આપણી તેમ જ સર્વેની પ્રકૃતિના સ્વામી પરમ-પ્રભુને માટે, યજ્ઞરૂપે થતાં કર્મો આ છે, ગીતાના કર્મયોગ અનુસાર, પ્રભુને પહોંચવાનાં પહેલાં ત્રણ સાધનો.

## પ્રકરણ : ૪

# યજ્ઞ, ત્રિમાર્ગ, અને યજ્ઞનો અધિષ્ઠાતા

યજ્ઞ કરવો એટલે કે બલિદાન આપવું એ ભાવના એ તો ભગવાને આખી સૃષ્ટિને કાર્ય દ્વારા કરેલી ભેટ છે; આ સૃષ્ટિની ઉત્પત્તિના સમયે જ "આ વિશ્વમાં એક નક્કર એકતા રહેલી છે" તેના પ્રતીક તરીકે એણે એ ભેટ ધરી છે. સૃષ્ટિનું રક્ષણ કરનારી અને તેને દિવ્યતા તરફ લઈ જતી શક્તિએ આ ભાવનાથી આકર્ષાઈને જ દુનિયામાં અવતરણ કર્યું છે; તેનો આશય છે, આ અહમ્‌પ્રધાન દુનિયામાં ભરેલી ભૂલોને મર્યાદામાં રાખવાનો, સુધારવાનો અને, ધીમે ધીમે કરતાં, સમૂળગી દૂર કરવાનો. દિવ્યાત્મા પરમ-પુરુષે આ અવતરણ એટલા માટે કર્યું છે, એટલે કે શક્તિ અને જડ તત્ત્વમાં આશ્રય એટલા માટે લીધો છે કે જેથી કરીને તેમને જ્ઞાનનો પ્રકાશ મળે. અને એ જ છે અજ્ઞાન અને અચેતન સૃષ્ટિના ઉદ્ધારનું બીજ. ગીતામાં કહ્યું છે કે પ્રજાપતિએ આ સર્વ લોકોનું સર્જન કર્યું ત્યારે યજ્ઞને તેમનો સાથીદાર બનાવ્યો. યજ્ઞની આ ભાવનાનો સ્વીકાર કરવાને લીધે જ અહમ્‌ને પોતાનાં કાર્યો દ્વારા એમ કબૂલ કરવું પડે છે કે આ દુનિયામાં એ જ એકમાત્ર હયાત નથી, કે નથી એ આ દુનિયાનો નાયક. એની દ્વારા એનાથી કબૂલ કરાઈ જ જાય છે કે એના પોતાનાથી પર અને એના પોતાના વ્યક્તિગત સ્વરૂપ સિવાયનું જે કાંઈ છે તેની પાછળ કાંઈક વિશાળ અને મહાન તત્ત્વ, એક દિવ્ય પૂર્ણતા છે જ, અને એ દિવ્યતા એને કહી રહી છે કે તાબે થા, સેવામાં હાજર થા. અલબત્ત, દુનિયામાં રહેલી સર્વ–વ્યાપી શક્તિ પોતે જ યજ્ઞની માગણી કરે છે અને જરૂર જણાયે ફરજ પણ પાડે છે; જે લોકો યજ્ઞની ભાવનાનો જાણીબૂઝીને સ્વીકાર નથી કરતા તેમની પાસે પણ એ યજ્ઞ કરાવે જ છે, કારણકે એ વસ્તુઓના સ્વભાવમાં વણાઈ ગએલી બાબત છે. આપણને ખબર ના હોય અથવા અહમ્‌ને લીધે જીવન વિશે આપણને ખોટો ખ્યાલ હોય, તેથી કાંઈ, પ્રકૃતિના પાયામાં રહેલ આ નક્કર સત્યમાં કાંઈ ફેર પડતો નથી. કારણકે પ્રકૃતિમાં એક એ સત્ય તો પડેલું છે જ કે આ અહમ્ ભલે પોતાને એકલો અને આઝાદ માને અને પોતે પોતાને જ ખાતર

જીવે છે એમ પણ ભલે માને પણ એ એકલો કે આઝાદ છે નહિ, કે હોઈ શકે નહિ, તેની ગમે તેટલી ઇચ્છા હોય તોપણ એ સ્વતંત્ર રીતે જીવી શકે જ નહિ; ઊલટાનું એક એવી એકતા છુપાઈ બેઠી છે કે બધાને જોડાએલા રહેવું જ પડે છે, જે કાંઈ હયાત છે તેણે ફરજિયાત રીતે પોતાની પાસેથી કાંઈ ને કાંઈ આપ્યા જ કરવું પડે છે; પોતે જડ પદાર્થનો કે પ્રાણની શક્તિનો જે કાંઈ જથ્થો રાખ્યો છે કે પોતાનો બનાવી દીધો છે, અથવા માનસિક રીતે તેણે જે કાંઈ મેળવેલું છે તેમાંથી કાંઈક અને કાંઈક પોતાની આજુ-બાજુ વહે જ જાય છે. વળી, પોતે આમ, ફરજિયાત કે મરજિયાત રીતે જે કાંઈ ભેટ ધરે છે તેના બદલામાં કાંઈક ને કાંઈક હમેશાં મેળવ્યા જ કરે છે. કારણકે આવી આપલેને લીધે જ એનો પોતાનો વિકાસ થાય છે તેમ જ, તેથી સામુદાયિક વિકાસ પણ વધતો જાય છે. આમ થતાં થતાં, જો કે શરૂઆતમાં બહુ ધીમે ધીમે અને થોડું થોડું પણ છેવટે તો પાકે પાયે આપણે જાણીબૂઝીને ભોગ આપતાં શીખી જઈએ છીએ; એટલું જ નહિ પણ છેવટે તો એ ભોગ આપવામાં આનંદ પણ આવે છે; આપણે "કોઈક"ને ખાતર આપણી વસ્તુઓ પ્રેમપૂર્વક અને ભાવથી જતી કરીએ છીએ; અને જેને ખાતર જતી કરીએ છીએ તેને કાંઈ આપણે એ વખતે આપણા અંગરૂપ નથી માનતા હોતા; વળી, એ વાત પણ સાચી જ છે કે તે આપણા આ મર્યાદિત વ્યક્તિત્વની તો બહાર જ હોય છે. આ છે આપણો યજ્ઞ; અને ત્યારે એ યજ્ઞ, તથા તેના પ્રત્યુત્તર તરીકે "કોઈક" તરફથી મળતો બદલો, એ આપણા પૂર્ણ વિકાસ માટેની છેલ્લી અને રાજીખુશીથી સ્વીકારેલી સાધના બની રહે છે; કારણકે આપણા સનાતન ધ્યેયની પ્રાપ્તિ માટેના માર્ગ તરીકે એનો સ્વીકાર થઈ ગયો હોય છે.

પણ આ યજ્ઞ મોટે ભાગે તો અજાણતાં અને હુંપદના ભાનથી થતો હોય છે; આખા વિશ્વમાં ચાલી રહેલ એ એક યજ્ઞ-વિધિ છે એનું ન તો આપણને ભાન હોય છે કે ન તો આપણે તેને એ રીતે સ્વીકારવા તૈયાર હોઈએ છીએ. આ દુનિયા ઉપરનાં મોટા ભાગનાં, ઘણા મોટા ભાગનાં, પ્રાણીઓ આ જ રીતે યજ્ઞ કરતાં હોય છે; એટલે કુદરતી રીતે એ યજ્ઞનું જે ફળ મળવું જ જોઈએ તેનો ઓછામાં ઓછો હિસ્સો, અને તે પણ યંત્ર-વત્, તેમને મળતો હોય છે; વળી તેમની પ્રગતિ પણ તેમના નાનાશા અને રિબાતા અહમ્‌ના પરિણામે ખૂબ ઓછી, ધીમી અને દુઃખભરી હોય છે. જ્યારે આ દિવ્ય યજ્ઞની ભાવનામાં પ્રેમ, સંકલ્પ અને સમજનો સાથ મળવા માંડે અને એ રીતે તેનો અમલ થવા માંડે ત્યારે જ એમાંથી ઊંડો

આનંદ પ્રગટવા માંડે છે અને ત્યારે જ એ પૂરો ફળદાયક બને છે. જ્યારે બુદ્ધિની સમજ અને હૃદયનો આનંદ એ ભાવનામાં ભળે ત્યારે જ આપણને ભાન થાય છે કે આપણે જે કાંઈ ભોગ આપીએ છીએ તે ખુદ આપણી જ જાતને, આપણા જ આત્માને અને સર્વ કોઈની એકમાત્ર જાત અને એકમાત્ર આત્માને અર્પણ કરીએ છીએ; જ્યારે આપણે પરમ પ્રભુને, ખાતર નહિ. પણ આપણા જાતભાઈઓને કે બીજા કોઈ દેવદેવીઓને ખાતર બલિદાન દેતા હોઈએ છીએ ત્યારે પણ બનતું તો આમ જ હોય છે; પણ આપણને તેનું ભાન નથી હોતું એટલું જ. યાજ્ઞવલ્કયે કહ્યું છે: આપણને પત્ની પ્રિય હોય છે તે તેને પોતાને ખાતર નહિ પણ આત્માને ખાતર પ્રિય હોય છે.[1] આત્મા એટલે કે આપણી વ્યક્તિગત જાત એવો જે સામાન્ય અર્થ છે તે રીતે જોતાં આપણા અહમ્પ્રધાન, આંધળા અને વાસનામય પ્રેમ–સંબંધોમાં આ વાત સાવ સાચી છે જ પણ આત્માને ઉચ્ચ અર્થમાં વિચારીએ તો ત્યાં જે અહમ્પ્રધાન નહિ પણ દિવ્ય પ્રેમ છે તેની બાબતમાં પણ આ વાત સાચી છે. સાચો પ્રેમ અને સ્વાર્પણ એ બંને મૂળથી જ અહમ્ભાવનો અને તેથી થતી ભેદભાવની ભૂલનો સ્વાભાવિક રીતે જ વિરોધ કરે છે. આ વિરોધની પાછળ, દુનિયાના મૂળમાં જે ભેદભાવ ભરેલો છે તેમાંથી ફરીથી એકતા પ્રત્યે પ્રયાણ કરવાનો પ્રકૃતિનો પ્રયત્ન રહેલો છે. પ્રાણી માત્રમાં રહેલો ઐક્ય માટેનો આ ભાવ એ તાત્ત્વિક રીતે તો બીજું કાંઈ નહિ પણ પોતાની જાતની જ શોધ છે, આપણે જેનાથી વિખૂટા પડ્યા છીએ તેની સાથે એક થવાનો યત્ન છે, બીજાઓમાં પોતાની જાતને પામવાનો પ્રયત્ન છે.

માણસ પાસે જે પ્રેમ અને એકતા છે તે કાંઈક શોધવા અંધકારમાં યત્ન કરી રહ્યાં છે. પણ તે કાંઈકનો પૂર્ણ પ્રકાશમાં કબજો લેવાનું તેમના હાથમાં નથી; એ છે માત્ર દિવ્ય પ્રેમ અને એકતાના હાથમાં. શારીરિક કોષો જીવવા માટે જેવી રીતે એકઠા થાય છે તેવી રીતે કોઈક સર્વસામાન્ય હેતુને ખાતર ભેગા થવું કે જોડાવું એ કાંઈ એકતા નથી. ઊર્મિભરી સમજ, સહાનુભૂતિ, સંપ કે સામીપ્ય એ પણ એકતા નથી. પ્રકૃતિએ જે ભાગલા પાડીને આપણને અલગ અલગ કર્યા છે એ ભાગલાને જ્યારે દૂર કરીએ અને જેઓ "આપણે" નથી તેમનામાં જ આપણે આપણી જાતને જોઈ શકીએ ત્યારે જ માત્ર સાચું ઐક્ય આવે છે. એકઠા થવું કે જોડાવું એ પ્રાણની અને શરીરની એકતા છે; તેમાં પરસ્પરને સહાય કરવી અને છૂટછાટ મૂકવી

૧. બૃહદારણ્યક ઉપનિષદ્, બ્રાહ્મણ ૪, સૂત્ર ૪.

એટલું બલિદાનનું, યજ્ઞનું તત્ત્વ છે, સહાનુભૂતિ, સંપ અને સામીપ્ય એ માનસિક, નૈતિક કે ઊર્મિભરી એકતા છે; તેમાં, પરસ્પરને સાથ આપવો, આનંદ આપવો એ છે યજ્ઞનું તત્ત્વ. પણ સાચી એકતા તો છે આધ્યાત્મિક; અને તેમાંનો યજ્ઞ છે જાતની પરસ્પર સોંપણી, આંતર-તત્ત્વની પરસ્પર ભેળવણી. પ્રકૃતિના પ્રવાસે નીકળેલો યજ્ઞ છેવટે આ પૂર્ણ અને નિઃશેષ આત્મસમર્પણમાં આવી પહોંચે છે; એ યજ્ઞ આપણી અંદર એ ભાન જગાડી જાય છે કે આહુતિ આપનાર અને લેનાર એ બે જણ વચ્ચે એક જ સહિયારી જાત છે. માનવપ્રેમ અને ભક્તિ જ્યારે દિવ્ય પ્રેમ અને દિવ્ય ભક્તિ બનવાનો પ્રયત્ન કરે છે ત્યારે તેઓ જે ઊંચામાં ઊંચી દશા પામે છે એ પણ યજ્ઞની આ જ અંતિમ કક્ષા છે. કારણકે એવે પ્રસંગે પ્રેમનું શિખર પરસ્પરના પૂર્ણ આત્મસમર્પણરૂપી સ્વર્ગને પહોંચી જાય છે; બે આત્માનું એક જાતમાં આનંદભર્યું એકીકરણ એ તેની પરાકાષ્ઠા છે.

ગીતામાં કર્મયોગની જે વાત કરી છે તેના રહસ્યરૂપ વિશ્વવ્યાપી યજ્ઞ-ભાવનાનો ઊંડો અર્થ આ જ છે; આહુતિ દ્વારા પરમ પ્રભુ સાથે આધ્યાત્મિક એકરૂપતા, સનાતન સ્વામીને સંપૂર્ણ આત્મસમર્પણ એ જ છે એના સિદ્ધાંતનું હાર્દ. યજ્ઞનો બીજો હલકો અર્થ પણ છે; એ છે કઠોર થઈને, યાતનાઓ સહન કરી કરીને આત્મહત્યા કરવાનો, મૃતઃપ્રાય કે શૂન્ય જેવા બની જવાનો; આવા યજ્ઞ છેક અંગ-છેદન કે જાત પર નર્યા બળાત્કારની હદ સુધી પણ પહોંચી જાય છે. પોતાની પ્રકૃતિ પર પૂરેપૂરો કાબૂ મેળવવાના સખત પ્રયત્નના ભાગરૂપે આવી ક્રિયાઓનો કામચલાઉ આશરો જરૂર લઈ શકાય; જો સાધકની પ્રકૃતિમાં ઉગ્ર અને હઠીલો અહંકાર ભર્યો હોય તો તેની સામે એવાં જ મક્કમ આંતરિક દમન અને ઉગ્રતાનો આશરો કોઈક વાર લેવો પણ પડે. પણ પોતાની જાત પ્રત્યે વધારે પડતા ઘાતકી થવાની ગીતામાં જરા પણ સલાહ નથી, કારણકે આપણી અંદર વિકાસ પામતો જીવ એ ખરેખર તો દેવસ્વરૂપ છે, કૃષ્ણ છે, પ્રભુ છે; દાનવો તો કરે પણ આપણે તેમની માફક તેની ઉપર અત્યાચાર કરવાનો નથી, પણ તેને સંભાળથી ઉછેરતા જવાનો છે, તેને દિવ્ય પ્રકાશ, શક્તિ, આનંદ અને વિશાળતા પ્રત્યે ખુલ્લો કરવાનો છે. આપણી જાતને નહિ પણ આપણી અંદર રહેલ, આત્માના શત્રુદળને હઠાવવાનું છે, હાંકી કાઢવાનું છે; આધ્યાત્મિક વિકાસની વેદી પર તેમને વધેરવાના છે; જેમનો નિર્દય રીતે સંહાર કરવાનો છે એ તો છે કામ, ક્રોધ, લોભ, પક્ષપાતી વલણ, બાહ્ય સુખ અને દુઃખ પ્રત્યે આસક્તિ અને એવા જ બીજા રાક્ષસોનું દળ જે આત્માને ભૂલ અને યાતનાનો ભોગ

બનાવે છે. એમને આપણા અંગરૂપ ગણવાના નથી; એ તો છે આપણા આત્માની સાચી અને દિવ્ય પ્રકૃતિને વિકૃત કરનારા ઘૂસણખોરો; અને યજ્ઞમાં તો આ જ રાક્ષસોને હોમી દેવાના છે — પછી ભલેને જતાં જતાં તેઓ ગમે તેટલા ઉત્પાત મચાવે અને સાધકની ચેતના પર યાતનાઓ ઠાલવે.

યજ્ઞનું રહસ્ય આત્મ-બલિદાન નથી પણ જાતની ભેટ છે; તેનો હેતુ જાતનું વિસર્જન નહિ પણ જાતની કૃતાર્થતા છે. તેની પદ્ધતિ જાતને જીવન વિનાની કરવાની નહિ પણ જીવનથી સમૃદ્ધ કરવાની છે; પ્રાકૃત ભાગોને અપંગ કરવાની નહિ પણ દિવ્ય અંગોમાં તેનું રૂપાંતર કરવાની છે; જાત પર જુલમ નહિ પણ તેને આછા સંતોષમાંથી વિશાળ આનંદમાં લઈ જવાની છે. આપણી ઉપરછલ્લી પ્રકૃતિના અણઘડ અને અસ્વચ્છ ભાગોને જેનાથી દુઃખ થાય એવી માત્ર એક જ બાબત છે; એ છે એક અનિવાર્ય નિયંત્રણા, શિસ્ત, અધૂરા અહમના વિસર્જન માટેનો જરૂરી આગ્રહ; પણ, એ દુઃખનો બદલો બહુ જલદી અને બહુ મોટો મળે છે; એ દુઃખના બદલામાં આપણને મળે છે આપણી સાચી અને વિશાળ જાત, આપણી જાતની બીજાઓમાં — અને વસ્તુમાત્રમાં — વિશ્વ જેટલી વિશાળ એકતા, વિશ્વથી પણ પર એવા આત્મતત્ત્વની મુક્તિ, અને ભગવાનના સ્પર્શનો અલૌકિક આનંદ. આપણા યજ્ઞનો હમેશાં સ્વીકાર થાય છે જ અને તેનો બદલો પણ મળે જ છે; એક બાજુએ આપણો દેહધારી પુરુષ અને સચેતન પ્રકૃતિ અને બીજી બાજુએ સનાતન પુરુષોત્તમ એ બેની વચ્ચે થતી આપલે એ જ છે આપણો યજ્ઞ. આપણે કાંઈ જ માગણી નથી કરતા અને છતાં પણ આપણા અંતરમાં એક સહજ જ્ઞાન પડેલું જ હોય છે કે એક અલૌકિક ભેટ મળવાની જ છે. આપણા આત્માને ખાતરી હોય છે કે પરમાત્માને ધરેલી ભેટ કદી પણ નિષ્ફળ નથી જતી; એ કાંઈ જ માગતો નથી, પણ વગર માગ્યે મેળવે છે ભગવાનની શક્તિ અને સન્નિધિ.

છેલ્લો સવાલ છે, યજ્ઞ કોને માટે કરવો અને કેવી રીતે કરવો ? યજ્ઞનો બલિ ગમે તેને ધરી શકાય, દેવદેવીઓને, પરમાત્માને, કે પરાત્પર પુરુષને; અને બલિ તરીકે ગમે તે ધરી શકાય, પત્ર કે પુષ્પની, જલ, અક્ષત કે અન્નની અંજલિ ધરી શકાય, કે આપણી પાસે જે કાંઈ હોય તે બધું ય અર્પણ કરી શકાય અને આપણી આખી ય જાત પણ સમર્પણ કરી શકાય. ગમે તેને આહુતિ આપો, ગમે તે આહુતિ આપો તે સર્વે પહોંચે છે પરમ પ્રભુને, ચરાચરમાં વસતા સનાતન બ્રહ્મને; જેને આહુતિ આપી હોય તે ભલે તેનો અસ્વીકાર કરે કે અવગણે પણ પરમ પ્રભુ તો તેનો સ્વીકાર કરે જ છે. કારણકે એ પરમ પ્રભુ

ભલે વિશ્વથી પણ પર હોય છતાં તે અહીં, ગમે તેવા ગાઢ પડદાની ઓથે હોય છતાં અહીં આપણી અંદર, આ વિશ્વની અંદર અને વિશ્વની દરેક ઘટનાની અંદર આવી વસેલો છે; એ અહીં આપણાં દરેકેદરેક કર્મને જાણનાર અને જોનાર તરીકે, તેનો સ્વીકાર કરનાર તરીકે અને તેના ગુપ્ત માલિકરૂપે હાજરાહજૂર છે. આપણાં દરેકેદરેક કાર્યને, યત્નને, અરે, આપણાં પાપ અને પતનને, આપણી યાતનાઓ અને સંગ્રામોને, અજ્ઞાનમાં કે સજ્ઞાનમાં દોરનારો એ જ એક છે, — ભલે તેને જાણીએ કે ના જાણીએ અને ભલે એ દેખાય કે અંચળો ઓઢે. એ સર્વવ્યાપીનાં અનંત સ્વરૂપો છે; ગમે તે સ્વરૂપને આહુતિ આપો, પહોંચે છે એકમાત્ર એને જ. એને જે રીતે કે જે ભાવનાથી આહુતિ આપો એ જ રીતે અને એ જ ભાવનાથી એ એનો સ્વીકાર કરે છે.

યજ્ઞરૂપે કરેલાં કર્મનાં ફળનો આધાર કર્મની, કર્મની પાછળના હેતુની અને હેતુની પાછળની ભાવનાની ઉપર રહે છે. બધા જ સામાન્ય યજ્ઞો — ભલેને એ પ્રભુની જ શક્તિઓ કે સ્વરૂપોને અર્પણ થએલા હોય છતાં, સાંકડા, સ્વાર્થી, અસ્વચ્છ, ક્ષણિક અને અધૂરા હોય છે, અને તેનાં પરિણામ પણ એવાં જ નાનાં, મર્યાદિત, ક્ષણિક અને સેળભેળ હોય છે; તેમની અસર પણ થોડીક જ અને વચગાળાની હોય છે. જો કોઈ એક યજ્ઞનો પૂરેપૂરો સ્વીકાર થતો હોય તો તે છે માત્ર આત્મસમર્પણનો, — આત્મસમર્પણ સંપૂર્ણ, ઉત્તમ અને નિઃશેષ; અને એ છે, સામે મોંએ, ભક્તિભાવથી, પૂરા ભાનથી, રાજીખુશીથી અને કાંઈ પણ બાકી રાખ્યા વિના કરેલી, સંપૂર્ણ શરણાગતિ. શરણાગતિ કોને? એને, કે જે એકીસાથે આપણો અંતરાત્મા છે, ઘટ ઘટમાં બેઠેલો છે, સર્વવ્યાપી છે, આ કે આવાં, અને બીજાં સર્વ વિશ્વોથી પર, પર-બ્રહ્મ છે, અને આ સર્વ હોવા છતાં જે ગુપ્ત રીતે અણુએ અણુમાં છુપાઈ બેઠેલ પરાત્પર છે. જે કોઈ આત્મા પોતાની જાત પૂરેપૂરી આવા પ્રભુને ભેટ ધરે છે તેને, પ્રભુ પણ પોતાની જાત પૂરેપૂરી ભેટ આપે છે. જે કોઈ પોતાની પૂરેપૂરી પ્રકૃતિ ભેટ ધરે છે તે જ, માત્ર તે જ, પરમાત્માને પામે છે. જેઓ સર્વ કાંઈ ન્યોચ્છાવર કરી શકે છે તેઓ જ પરમ પ્રભુને સર્વત્ર ભોગવી શકે છે. પરમ આત્મત્યાગથી જ પરમ પદ મળે છે. આપણી સમગ્ર જાતને યજ્ઞ દ્વારા ઊર્ધ્વ પંથે લઈ જઈને આપણે પુરુષોત્તમને આપણી અંદર સ્થાપી શકીએ અને એ પરાત્પર પ્રભુને અહીં અંતરતમ ચેતનામાં જીવંત કરી શકીએ.

* * *

ટૂંકામાં, આપણી પાસે એટલી જ માગણી કરવામાં આવે છે કે

આપણે આપણા આખા જ જીવનને એક સભાન યજ્ઞ બનાવી દઈએ. આપણા જીવનની દરેક પળ,– હા, દરેકેદરેક પળ–, સનાતન પ્રભુને સતત અને ભક્તિભાવથી આત્મ–સમર્પણ કરવામાં વિતાવવાની છે. આપણાં બધાં જ કર્મો,– મોટામાં મોટાં, અસાધારણ અને ઉત્તમ કર્મો તો ખરાં જ પણ નાનામાં નાનાં, તદ્દન સામાન્ય અને ક્ષુલ્લક કર્મો પણ – સમર્પિત કર્મો તરીકે જ કરવાનાં છે. આપણે ફાળે આવેલ પ્રકૃતિની આંતરિક અને બાહ્ય સર્વ ગતિઓને સમર્પણ–ભાવમાં ધારણ કરીને જીવવાનું છે; અને આપણાથી પર, અને આપણા અહમ્‌ના કરતાં તો ઘણું ઘણું મહાન, જે "કાંઈક" છે તેને માટેનો સમર્પણ–ભાવ જાગ્રત કરવાનો છે, ગમે તે ભેટ કરીએ, ગમે તેને ભેટ ધરીએ પણ એમ કરવામાં આપણને ભાન હોવું જોઈએ કે આપણે, સર્વ કોઈમાં વિરાજતા એ એકમાત્ર દિવ્ય પુરુષને જ એ અર્પણ કરી રહ્યા છીએ. આપણાં સામાન્યમાં સામાન્ય અને પૂરેપૂરાં ભૌતિક અને સ્થૂળ કર્મો પણ આ ઉચ્ચ પ્રકારે થવાં જોઈએ: જ્યારે આપણે જમીએ ત્યારે આપણને ભાન હોવું જોઈએ કે આપણે આપણી અંદર રહેલ પ્રભુને અન્ન આપી રહ્યા છીએ; મંદિરમાં પવિત્ર ભેટ ધરી રહ્યા છીએ; અને આપણી માત્ર શારીરિક જરૂરિયાત પૂરી પાડીએ છીએ, કે જાતનું સંવર્ધન કરી રહ્યા છીએ એ ભાન ચાલ્યું જવું જોઈએ. આપણે કોઈક મહામહેનતનું કામ, કોઈક કડક કાર્ય, સાધના કે કોઈક મુશ્કેલીવાળું કે ઊંચી જાતનું સાહસ હાથ ધરીએ તે ભલે માત્ર આપણી જાત, અન્ય લોકો માટે હોય કે આખી જ માનવજાતિ માટે હોય છતાં પણ એ કામમાં આપણી જાત, અન્ય લોકો કે માનવજાતિ આગળ અટકી પડવું એ તો પછી આપણે માટે શક્ય જ ના રહેવું જોઈએ. આપણે જે કાંઈ કરીએ તે એક શ્રમયજ્ઞ થઈ જવો જોઈએ પણ એ યજ્ઞ લોકો માટે નહિ પણ લોકો દ્વારા, કે સીધેસીધો જ, એકમાત્ર ભગવાનને માટે જ કરવો જોઈએ; એ સર્વમાં રહેતો અને એ સર્વેએ સંતાડી રાખેલો એ ભગવાન હવે આપણે માટે છૂપો ના રહેવો જોઈએ પણ આપણા આત્મા સમક્ષ, આપણી બુદ્ધિ સમક્ષ, અરે, આપણી ઇન્દ્રિયો સમક્ષ એ સતત પ્રત્યક્ષ થવો જોઈએ. આપણાં કર્મોનું સંચાલન અને પરિણામ એ એકમાત્ર ભગવાનના હાથમાં મૂકી દેવું પડશે, અને તે પણ એ સૂક્ષ્મ અનુભવથી કે આપણે જે કાંઈ અભીપ્સાઓ સેવી શકીએ છીએ કે શ્રમ–કાર્ય કરી શકીએ છીએ એ એ જ માત્ર હાજરાહજૂર, અનંત અને ઊર્ધ્વતમ ભગવાનને લીધે જ થાય છે. કારણકે જે કાંઈ બને છે તે તેના જ સ્વરૂપમાં બની રહ્યું છે, કારણકે આપણી અંદરથી અભીપ્સા અને શ્રમને બહાર લાવીને

પ્રકૃતિ તેમને તેની જ વેદી પર ભેટ ધરી રહી છે. જ્યારે, બહુ જ સ્પષ્ટ રીતે, પ્રકૃતિ પોતે જ કાર્ય કરી રહી હોય અને આપણે તો માત્ર તેના સાક્ષી અને તેને આપણી અંદર ધારણ કરનારા અને તેને આધાર આપનારા હોઈએ ત્યારે પણ આપણને એ જ પરમ પ્રભુ અને તેના જ એ કાર્યની સતત યાદ, અને મક્કમ ભાન, રહેવાં જોઈએ. ખુદ આપણા શ્વાસોચ્છ્વાસ અને આપણા હૃદયના ધબકારા એ પણ સમગ્ર વિશ્વમાં ચાલી રહેલ યજ્ઞના જ જીવંત તાલ છે એવું ભાન આપણને થઈ શકે, અને થવું જ જોઈએ.

એ તો બિલકુલ સમજાય તેવું છે કે યજ્ઞના આવા ખ્યાલ અને તેના પાકા અભ્યાસમાં, આપણા આધ્યાત્મિક આદર્શના હૃદયથી ત્રણ બાબતો પરિણામરૂપે સમાએલી છે. એમાંની પહેલી તો એ કે ભલે આપણે આવી સાધના ભક્તિભાવથી શરૂ ના કરી હોય છતાં, એ આપણને સીધી જ, અને અનિવાર્ય રીતે ઊંચામાં ઊંચા ભક્તિભાવમાં દોરી જવાની, કારણકે, ઊંડે ઊતરતાં, તદ્દન સહજ રીતે, એ પોતે જ એક પરિપૂર્ણ પૂજા અને ગહનતમ પ્રભુપ્રેમ બની જ જવી જોઈએ. વળી તેની સાથે આ બાબતો પણ આપોઆપ ખેંચાઈ જ આવે છે: વસ્તુમાત્રમાં પ્રભુની હાજરીનો વધતો જતો અનુભવ, આપણા બધા જ વિચારો, સંકલ્પો અને કાર્યો તેમ જ આપણા જીવનની પળે પળે પ્રભુ સાથે વધારે ને વધારે ગાઢ થતો જતો સંપર્ક, અને આપણી આખી ને આખી જાતનું પ્રભુ તરફ વધતું રહેતું આત્મ-સમર્પણ. પણ આ બધાં જે પરિણામો કર્મયોગથી મળે છે એ તો પૂરી સાચી ભક્તિનો જાણે કે મર્મ છે. જે સાધક પોતાના જીવનમાં આ બાબતોનો અભ્યાસ કર્યે જાય છે તેના જીવનમાં ભક્તિનો મર્મ સતત, સક્રિય અને સફળ રીતે હમેશ માટે આવીને ઊભો રહે છે; અને આ રીતે તે જેની સેવા કરે છે તેની આરાધના માટે તલ્લીનતા પ્રગટી નીકળ્યા વિના રહે જ નહિ. સમર્પિત કર્મો દ્વારા સાધના કરનાર સાધક પ્રભુની હાજરી તો અનુભવતો જ જાય છે અને તેનો તેની સાથેનો સંપર્ક પણ ગાઢ થતો જ જાય છે પણ, સાથે સાથે, તેનામાં એ પ્રભુ પરનો પ્રેમ રગેરગમાં વ્યાપતો જાય છે; અને તેમાંથી એક બીજી બાબત પણ બને છે,–ના, એ તેની અંદર જ હોય છે,– એ છે: પ્રભુના નિવાસસ્થાનરૂપ સમગ્ર જીવસૃષ્ટિ પર, પ્રાણીમાત્ર પર અમર્યાદિત પ્રેમ: આ પ્રેમ નથી હોતો પેલો ક્ષણિક, ધમપછાડિયો, પંજા પ્રસારતો, અને દ્વૈતભાવી ઊર્મિનો ઉછાળો, પણ એ તો હોય છે એકાત્મભાવનાં ઊંડાં આંદોલનોવાળો, સુસ્થાપિત; સ્વાર્થહીન, સાચો પ્રેમ. સાધક જેની સેવા અને આરાધના કરી રહ્યો છે તે પોતે જ સાધકનાં અંગ અંગમાં મિલનનો

આરંભ કરી દે છે. આમ કર્મયોગનો આ પ્રકાર, યજ્ઞના માર્ગે, ભક્તિયોગ સાથે ભળી જાય છે; કહો ને કે એ પોતે જ એક એવો ભક્તિયોગ બની જાય છે કે જેનાથી વધારે પૂર્ણ, વધારે વ્યાપક વધારે એકરૂપ ન તો આપણા હૃદયે માગ્યો હોત, ન તો આપણી બુદ્ધિએ કલ્પ્યો હોત.

બીજી બાબત. મુક્તિ અપાવનારું કેન્દ્રવર્તી જ્ઞાન આપણે મેળવવાનું છે એનું, આ યોગમાં આપણે આપણા અંતરમાં સતત સ્મરણ રાખવું પડે છે (અને એ જ્ઞાનને જો આપણે આપણાં કર્મો દ્વારા સતત વ્યક્ત કરતા જઈએ તો તેથી એ સ્મરણને દૃઢ કરવામાં આપણને સહાય પણ થાય છે). સર્વમાં એક જ પરમાત્મા છે, અને એક જ પ્રભુ સર્વસ્વ છે: સર્વે પ્રભુમાં છે અને સર્વે પ્રભુ જ છે અને વિશ્વમાં પ્રભુ સિવાય બીજું કાંઈ નથી: આ ભાવના એ જ કર્મયોગના સાધકની ચેતનાનું સમગ્ર દ્રવ્ય ના બની રહે ત્યાં સુધી તેને એક માન્યતા તરીકે કે એક શ્રદ્ધા તરીકે તેણે સતત સ્મરણમાં રાખવી પડે છે. આવું સ્મરણ અને આવું, આપ મેળે જ આગળ વધ્યે જતું ધ્યાન છેવટે તો એ જ પ્રભુનું એક વણઅટક્યું અને ગહન દર્શન તથા એની જ એક સુસ્પષ્ટ અને વિશાળ ચેતના થઈ જવી જોઈએ (અને થઈ જ જાય છે)—એ જ પ્રભુનું દર્શન અને ચેતના કે જેનું આપણે આવું તો સતત ધ્યાન ધરી રહ્યા હોઈએ છીએ. કારણકે એ સ્મરણ અને ધ્યાનના પરિણામે આપણે હર ઘડી યાદ કરતા હોઈએ છીએ આપણી સમગ્ર જાત, સંકલ્પ અને કર્મોનાં એ આદિમૂળને; અને આ સર્વ નાનાવિધ ઘાટ અને ઘટનામાં વ્યાપી જઈને અને તેમને વટાવી જઈને આપણે એ સર્વના કારણરૂપને અને ધારણ કરનારને પોતાને જ પહોંચી જઈએ છીએ. આ રસ્તે આગળ વધતાં આખરે આપણને સર્વત્ર દેખાવાનો પરમાત્માનો જ હાથ, સ્પષ્ટ અને જીવંત, ભૌતિક આંખથી દેખાય તેવો જ વાસ્તવિક. અને આ માર્ગ છેવટે જે શિખર પર પહોંચાડે છે તે છે: અતિમાનસિક અને પરાત્પર ચેતનાના સાન્નિધ્યમાં સતત જીવન, ચિંતન, સંકલ્પ અને કાર્ય. આપણે જે કાંઈ જોઈએ અને સાંભળીએ, જેનો સ્પર્શ કરીએ જે કાંઈ અનુભવીએ એ સર્વે, આપણે જેની સેવા-પૂજા કરીએ છીએ એના-મય જ લાગવું જોઈએ, એ બધું જ પ્રભુનું સ્વરૂપ બની જવું જોઈએ, પ્રભુના જ નિવાસ-રૂપ અને એ સનાતન વિશ્વવ્યાપી પ્રભુમાં જ સમાઈ ગએલું દેખાવું જોઈએ. છેક છેવટે અને કદાચ તે પહેલાં ઘણા વખતથી, આ કર્મમાર્ગના પરિણામે પ્રભુની ચેતના, સંકલ્પ અને શક્તિ સાથે જે વ્યવહાર સ્થપાઈ જાય છે તેને લીધે એ એક એવો જ્ઞાનમાર્ગ બની રહે છે કે જેના જેવો પૂર્ણ અને સંપૂર્ણ જ્ઞાનમાર્ગ ન તો માનવપ્રાણીની તર્કશક્તિ

ઊભો કરી શકત, ન તો બુદ્ધિ શોધી શકત.

છેલ્લી બાબત. યજ્ઞના આ યોગમાર્ગમાં, અહંકારે ઊભા કરેલા સર્વ આધારોને છોડવા જ પડે છે; આપણાં મન, સંકલ્પ અને કર્મોમાંથી તેમને ફેંકી જ દેવા પડે છે; અરે, તેનું બીજ તેની સૂક્ષ્મ હાજરી, કે તેની હળવી અસરને પણ આપણી પ્રકૃતિમાંથી દૂર કરવી જ પડે છે. સર્વ કાંઈ પ્રભુને જ ખાતર કરવું પડે છે; સર્વ કાંઈ પ્રભુને અનુલક્ષીને જ કરવું પડે છે. આપણી જાતને અલગ ગણીને તેને ખાતર કાંઈક કરવાનો વિચાર સરખો પણ કરવાનો નથી; બીજાઓને ખાતર પણ,– ભલેને તે પડોશી હો, મિત્ર હો, કુટુંબ હો, દેશ હો, કે સમગ્ર માનવજાતિ હો, કે પ્રાણીમાત્ર હો તોપણ તેમને આપણા અંગત જીવન, સિદ્ધાંત કે લાગણીઓ સાથે સંબંધ છે એટલા ખાતર જ, અથવા તો તેમના કલ્યાણમાં આપણો અહમ્ ખાસ રસ લે છે એટલા ખાતર જ કાંઈ કરવાનું નથી. આ રીતે જોવાથી અને આમ કરવાથી આપણાં બધાં જ કર્મો અને આપણું જીવન બની જાય છે પ્રભુના વિશાળ વિશ્વમય સ્વરૂપરૂપી આ અમર્યાદિત મંદિરમાં એ પ્રભુની પોતાની સતત અને જીવંત સેવા અને પૂજા; એથી ધીમે ધીમે જીવન પોતે જ એક યજ્ઞ બનતો જાય છે; એ યજ્ઞ છે વ્યક્તિમાં વસતા સનાતન પ્રભુનો પોતાનો; એ યજ્ઞ સતત અર્પણ કરવામાં આવે છે એ જ સનાતન પ્રભુના પરાત્પર સ્વરૂપને; એ યજ્ઞની ભૂમિ અને વેદી છે પરમાત્માનું સનાતન વિશ્વ; અને એ યજ્ઞ કરનાર શક્તિ છે, સનાતન શક્તિ પોતે, હાજરાહજૂર. એટલે, કર્મ અને કર્મની પાછળ રહેલા ભાવ અને જ્ઞાન દ્વારા થતો યોગ અને સંયોગનો આ માર્ગ એવો તો પૂર્ણ અને સંપૂર્ણ કર્મમાર્ગ બની રહે છે કે જેની ન તો આપણી પ્રભુલક્ષી સંકલ્પશક્તિએ આશા રાખી હોત કે જેવો ન તો આપણા આત્મબળથી પાર પાડી શકાયો હોત.

આવા યજ્ઞમાં એક પૂર્ણ અને નિરપેક્ષ કર્મમાર્ગનું તો બધું સામર્થ્ય હોય છે જ, પણ એ યજ્ઞ પાછળની ભાવનાને લીધે, અને તેમાં કરવામાં આવતા, પરમાત્મા અને પરમ પ્રભુને આત્મસમર્પણને લીધે, તેની એક બાજુએ ભક્તિમાર્ગનું પૂરું સામર્થ્ય તો બીજી બાજુએ જ્ઞાનમાર્ગનું પણ પૂરું સામર્થ્ય સાથમાં હોય જ છે. છેક છેવટે તો આ ત્રણેય દિવ્ય શક્તિઓ ભેગી જ કાર્ય કરે છે, એકમેકમાં ભળી જાય છે, એકરૂપ થઈ જાય છે, સંપૂર્ણ બની જાય છે અને એકબીજાને સંપૂર્ણ બનાવી દે છે.

* * *

કર્મો દ્વારા થતા આપણા યોગનો સ્વામી છે હરહંમેશ હાજર એવો

સનાતન પ્રભુ પોતે; અને એ પ્રભુની સાથે આપણી આખી જ જાતમાં, આપણી સમગ્ર ચેતનામાં અને તેને વ્યક્ત કરતાં બધાં જ કરણોમાં, એક થઈ જવું એ છે આ યજ્ઞનો હેતુ. એટલે આ કર્મયજ્ઞ કેટલો આગળ વધ્યો એ માપવું હોય તો સૌથી પહેલાં તો એ જાણવું રહ્યું કે દિવ્ય પ્રકૃતિની પાસે પહોંચાડનાર કોઈક વસ્તુ આપણી પ્રકૃતિમાં કેટલી વિકાસ પામી; પણ તે પછી એ પણ જાણવું જ પડે કે ભગવાનનો, તેની હાજરીનો, આપણી અંદર તેના ઉદયનો આપણને કેટલો અનુભવ થયો, આપણે એ હાજરીની પાસે કેટલા પહોંચ્યા, કેટલા તેની સાથે એક થયા. પણ એ ભગવાન તો એક તત્ત્વ તરીકે અનંત છે અને એવાં જ અનંત છે આ લખચોર્યાશીનાં એનાં સ્વરૂપો. વાત એમ છે એટલે જ આપણી જાત અને આપણી પ્રકૃતિની પૂર્ણ પરિપૂર્ણતા કોઈ પણ એક જ જાતના સાક્ષાત્કારથી થાય તે સંભવિત નથી લાગતું; ભગવાનના અનુભવનાં અનેક પાસાંઓ એમાં ભેગાં કરવાં જ પડે. ભગવાન સાથેની એકરૂપતા માટેનો ગમે તે એક જ માર્ગ લીધો હોય અને જો તેને તેની નિરપેક્ષતા સુધી ઊંચે ઉઠાવ્યો ના હોય તો એથી આપણને એ પૂર્ણ પરિપૂર્ણતા ના મળી શકે; એ માટે તો અનંત પ્રભુનાં અનેક સ્વરૂપોનો સુમેળ સાધવો જ પડે. આપણી પ્રકૃતિનું પૂરેપૂરું રૂપાંતર કરવું હોય તો સાતત્ય-ભરી ચેતના અને વૈવિધ્ય-ભરી તેમ જ શક્તિ-સભર અનુભૂતિ એ બેનો સમાવેશ કરવો જ પડે.

એક એવી મૂળભૂત દૃષ્ટિ છે કે જે આ અનંત પ્રભુનું સુમેળવાળું સંપૂર્ણ જ્ઞાન મેળવવા માટે, કે તેની બહુરૂપી અનુભૂતિ કરવા માટે અનિવાર્ય છે; અને એ છે : ભગવાનનું શુદ્ધ અને સત્ય એવું એ સ્વરૂપ કે જેમાં આ નામ અને રૂપવાળા જગતથી કોઈ વિકાર નથી થએલો. જો આ દૃષ્ટિ ના મળે તો એવું પણ બને કે આપણે આ દૃશ્ય જગતની જાળમાં જ પકડાએલા રહીએ, અથવા આ વિશ્વની ગૂંચવાડા જેવી લખચોર્યાશીમાં કે તેના જ કોઈક ભાગમાં ભમતા રહીએ; અને, જો એ ગૂંચવાડાથી બચી જઈએ તો તેના બદલામાં આપણે કોઈક બૌદ્ધિક સિદ્ધાંતથી બંધાઈ જઈએ કે પછી કોઈ નાની સરખી અંગત અનુભૂતિમાં પુરાઈ રહીએ એમ પણ બને. એક સત્ય છે, સો ટકા સલામત અને સોએ સો વાતનું સમાધાન કરી આપતું, અને પાછું એ છે આખા વિશ્વનો પાયો; એ છે : જિંદગી એ એક સ્વયંભૂ પુરુષ અને આત્મતત્ત્વનું પ્રગટીકરણ છે, અને જો જિંદગીના છૂપા રહસ્યને શોધી કાઢવું હોય તો આ આત્મતત્ત્વને તેની સૃષ્ટિ સાથે જોડેલું રાખીને તેનો સાક્ષાત્કાર કરવો. આ જીવતાજાગતા જગતની પાછળ એક સનાતન

પુરુષ બેઠેલો છે અને પોતાનાં જ આ કોટિ કોટિ પ્રાગટ્યોને નીરખી રહ્યો છે; સમયથી પર એવા એક સનાતન પુરુષનું સમયના આશરે પ્રગટ થયેલું વ્યક્તિત્વ આ જગતની આજુબાજુ વીંટાઈ વળેલું છે અને તેની અંદર ખૂણે ખૂણે પ્રસરી ગએલું છે. પણ આ જ્ઞાન જો માત્ર એક બૌદ્ધિક ખ્યાલ કે તાત્ત્વિક સિદ્ધાંત જ હોય અને તેની પાછળ એક જિવાતું જીવન ના હોય તો યોગને માટે તેની કાંઈ જ કિંમત નથી; માત્ર બૌદ્ધિક ઉકેલથી સાધકને સંતોષ ના થાય; માત્ર બૌદ્ધિક સિદ્ધાંત કે માનસિક સત્ય એ જ કાંઈ યોગસાધનાની શોધ નથી; એને તો જોઈએ છે આધ્યાત્મિક અનુભૂતિનું એક જીવંત અને પ્રત્યક્ષ સત્ય. એને તો જોઈએ છે આપણી અંદર એક જાગ્રતિ, એક સભાનતા, એક સનાતન અને સર્વવ્યાપી સત્યનું સતત સાન્નિધ્ય, તેનું સ્પષ્ટ દર્શન, તેનો ગાઢ અનુભવ અને તેની સાથે વ્યવહાર, તેનો નક્કર સ્પર્શ અને સંપર્ક. આ સાન્નિધ્ય તો એક એવી જીવંત અને સર્વ-વ્યાપી વાસ્તવિકતા તરીકે હરહમેશ આપણી સાથે રહેવું જોઈએ કે જેમાં આપણે પોતે અને સર્વ કાંઈ જીવે છે, હરેફરે છે, કામકાજ કરે છે; આપણે જ્યારે જ્યારે અને જ્યાં જ્યાં નજર નાખીએ ત્યારે ત્યારે અને ત્યાં ત્યાં દરેકેદરેક વસ્તુમાં આપણને તેનો નક્કર અને પ્રત્યક્ષ અનુભવ થવો જોઈએ, વસ્તુમાત્રના સાચા સત્ય તરીકે તે આપણને ખુલ્લેખુલ્લું દેખાવું જોઈએ, તેના નાશહીન તત્ત્વ તરીકે પ્રત્યક્ષ થવું જોઈએ, તેના કેન્દ્રમાં વસતા આત્મ-તત્ત્વ તરીકે તેનો ગાઢ સંપર્ક થવો જોઈએ. આ પુરુષ અને આત્મતત્ત્વનો કોઈ ખ્યાલ નહિ પણ દરેક વસ્તુમાં અને દરેક રીતે તેનું દર્શન, તેનો સ્પર્શ, તેનો અનુભવ, અને, એ જ પ્રમાણે, આ પુરુષમાં અને આત્મતત્ત્વમાં દરેકે-દરેક વસ્તુનો એવો જ સ્પષ્ટ અનુભવ, એ જ છે આપણે મેળવવાની, બધાં જ જ્ઞાનને આવરી લેતી મૂળભૂત અનુભૂતિ.

વસ્તુમાત્રમાં વસતો આ અનંત અને સનાતન પુરુષ એ એક સર્વવ્યાપી સત્ય છે, વાસ્તવિકતા છે, બધે જ હાજર એવી એક સત્તા છે; એ બધી જ વસ્તુને સંયુક્ત બનાવી દેતી એક અતૂટ હાજરી છે,– દરેક વસ્તુમાં કે દરેક પ્રાણીમાં અલગ રીતે વસતી એ ભિન્ન ભિન્ન હાજરી નથી; વિશ્વના દરેક આત્મામાં કે દરેક વસ્તુમાં એને આખી ને આખી જ જોઈ શકાય છે, મેળવી શકાય છે કે અનુભવી શકાય છે; કારણકે એની જે અનંતતા છે એ સ્થળની રીતે એક મર્યાદાવિહીનતા કે કાળની દૃષ્ટિએ અંતવિહીનતા જ નથી પણ એ એક આધ્યાત્મિક અને તાત્ત્વિક અનંતતા છે; જેટલી ખાતરીથી એની અનંતતાનો અનુભવ કરોડોનાં કરોડો વર્ષના યુગમાં કે નિહારિકાઓની વચ્ચેના

કલ્પી ના શકાય તેવા વિસ્તારમાં કરી શકાય છે તેટલી જ ખાતરીથી તે એક નાનામાં નાની પળ જેટલા સમયમાં કે સૂક્ષ્માતિસૂક્ષ્મ પરમાણુમાં પણ અનુભવી શકાય છે. એનું જ્ઞાન કે અનુભવ મેળવવાની શરૂઆત ગમે ત્યાંથી કરી શકાય છે; અને એ ગમે તે વસ્તુમાંથી બહાર આવી છે; કારણકે ભગવાન બધે જ છે અને બધું જ ભગવાન છે.

છતાં પણ આ પાયારૂપ અનુભૂતિની શરૂઆત વ્યક્તિએ વ્યક્તિએ, તેમની પ્રકૃતિ અનુસાર જુદી જુદી રીતે થશે અને તેના અસંખ્ય પ્રકારોમાં જે પરમ સત્ય છુપાએલું છે તે પૂરેપૂરું પ્રત્યક્ષ થતાં ઘણો લાંબો સમય લાગશે. કદાચ, આ સનાતન તત્ત્વની હાજરી, મને સૌથી પહેલાં તો મારી પોતાની જ જાતમાં, કે મારી પોતાની જાત તરીકે દેખાય કે અનુભવાય અને તે પછી જ મારી વિશાળ જાતનું આ દર્શન કે અનુભવ બીજાં સર્વ પ્રાણીઓ સુધી હું લંબાવી શકું, એમ પણ બને. તે પછી આખું જગત મને મારી અંદર કે મારી સાથે એકરૂપ દેખાય. આખું વિશ્વ મને મારી અંદર એક દૃશ્ય તરીકે દેખાય; અને તેમાં ચાલી રહેલ લીલા મને મારા વિશ્વ-રૂપ આત્મામાં ચાલી રહેલ, સ્વરૂપો, આત્માઓ, અને શક્તિઓની પ્રવૃત્તિરૂપે દેખાય; સર્વત્ર મને બીજું કોઈ નહિ પણ મારી પોતાની જ જાત મળ્યા કરે, પણ, ખાસ ધ્યાન રાખવાની વાત તો એ કે એ કોઈ અસુરની માફક નહિ. અસુર ભૂલ એ કરે છે કે પોતાના પડછાયાને અતિ પ્રચણ્ડ બનાવીને તેમાં તે રાચે છે, અહમને જ પોતાનો આત્મા માની બેસે છે, અને પોતાની એક ટુકડા જેટલી જાતને અતિ પ્રતિભાશાળી માનીને ચારે બાજુ દોર જમાવ્યે જાય છે. મને તો સાચું જ્ઞાન મળી ચૂક્યું હોઈ એ સત્ય સમજાઈ ગએલું હોય કે મારી સાચી જાત તો અહમ્ સિવાયની જ છે; એટલે મને હમેશાં મારી વિશાળ જાત કાં તો એક બિન-અંગત વિશાળતા તરીકે દેખાઈ હોય અથવા તો એક એવા તત્ત્વરૂપ પુરુષ તરીકે દેખાઈ હોય કે જે બધાં જ પુરુષ-રૂપોને પોતાની અંદર સમાવવા છતાં એ બધાંથી પર હોય,— અથવા એમ પણ બને કે આ બંને રીતે એકસાથે મને તેનો અનુભવ થતો હોય. ભલે મને આ બિન-અંગત રીતે, કે સીમાવિહીન પુરુષ-સ્વરૂપે, કે બંને રીતે એકસાથે અનુભવ થાય પણ મારો એ અનુભવ અહમથી પર એવા અનંત પ્રભુનો જ અનુભવ હશે. મને જો એ અનુભવ સૌથી પહેલાં બીજાઓમાં નહિ પણ જેને હું મારી જાત કહું છું તેવા તેના જ સ્વરૂપમાં થયો હોય તો તેનું કારણ માત્ર એટલું જ કે મારે માટે એ બહુ સરળ હતું; અને એ રીતે તેને શોધવો, જાણવો અને તેનો સાક્ષાત્કાર

કરવો એ મારે માટે સહેલું હોવાનું કારણ એ કે મારી ચેતના મારી પોતાની જાત તરફ વળેલી હતી. પણ જો એ પરમ-આત્માનો અનુભવ થતાંની સાથે જ મારો નાનો સરખો અને નિમિત્તરૂપ અહમ્ પોતાને તેમાં પલટી નાખવાનું શરૂ ના કરી દે, જો આપણા મને ઊભો કરેલો ટચૂકડો "હું" પેલા વિશાળ, કાયમી અને સ્વયંભૂ આધ્યાત્મિક "હું"માં અદૃશ્ય થઈ જવાની ના પાડે તો સમજી લેવાનું કે મારો સાક્ષાત્કાર ખોટો છે, અથવા તો ખરેખર કાચો છે; મારી અંદર ક્યાંક એક અહમ્પ્રધાન નડતર છે; મારી પ્રકૃતિનો કોઈક ભાગ આત્માના સર્વગ્રાહી સત્યનો વિરોધ કરવા પોતાના જ ખ્યાલ અને મતલબને ચોંટી રહેતી કોઈક વસ્તુને વચમાં મૂકયા કરે છે.

એમ પણ બને કે, કેટલાક લોકોની માફક મને પણ, આનાથી ઊલટી જ રીત સહેલી લાગે; મને, મારી જાતમાં નહિ પણ બીજાઓમાં, બહારની દુનિયામાં, દિવ્ય તત્ત્વ પહેલાં જોવાનું મળે. બધાયમાં વસતો, છતાં બધાયને પોતાની અંદર સમાવતો, અને બધાં જ પાત્ર, પ્રાણી અને પરિબળોને પોતાની સપાટી પર ધારણ કરવા છતાં તેમનાથી પૂરેપૂરા મુક્ત એવા સ્વરૂપે એ સનાતન પ્રભુ પહેલેથી જ મને ત્યાં મળે એમ પણ બને. અથવા તો એમ પણ બને કે એ મને, આ બધી શક્તિ અને સત્તાને સમાવી લેતો શુદ્ધ, અદ્વૈત પરમપુરુષ અને પરમાત્મા-સ્વરૂપે દેખાય, અનુભવાય અને મારી આજુબાજુ સર્વત્ર ફેલાએલ એ શાંત સર્વવ્યાપીમાં મારો અહમ્ભાવ ખોવાઈ જાય. તે પછી એ જ આ "આ" મારી આ કરણરૂપ જાતમાં પ્રસરવા માંડે અને તેનો કબજો લેવા માંડે અને એમ પણ જણાઈ આવે કે કાર્ય કરવાની મારી સર્વ પ્રેરણાઓ, મારી વાચા અને બુદ્ધિના સર્વ ચમકારાઓ, મારી ચેતનાનાં બધાં જ સ્વરૂપો અને આ એકમાત્ર વિશ્વવ્યાપી સત્તાના આત્મ-દેહો સાથેના તેના સંબંધો અને વ્યવહારો એમાંથી જ પ્રગટી રહ્યા છે. હવે, એક નાની સરખી અંગત વ્યક્તિ તરીકે હું ક્યારનો ય અદૃશ્ય થઈ ગયો છું અને જે છે તે તો છે માત્ર "તે" અને "તે"નો બહાર પડેલો એક અંશ કે જે આ દુનિયામાં તેનું કામ કરવા તેણે જ પસંદ કરેલો એક ઘાટ ધારણ કરી રહ્યો છે.

બીજો પણ એક મૂળભૂત સાક્ષાત્કાર છે; છે તો છેક છેવાડાનો પણ તો ય કેટલીક વાર, પ્રભુ પ્રત્યે કાયમ માટે ખુલ્લો કરી આપનારો એ સૌથી પહેલો, અથવા યોગમાં ચોક્કસ વલણ સ્થાપી આપનાર એ શરૂઆતનો સાક્ષાત્કાર બની રહે છે. એ છે એક અજ્ઞેયનું ભાન,– એક અજ્ઞેય કે જે છે અક્ષર, ઊર્ધ્વ, પરાત્પર, જે મારી ઉપર અને આખા વિશ્વની ઉપર આવી

રહેલ છે, અને જેમાં હું હરતોફરતો લાગું છું; એ એક એવી, કાળ અને સ્થળથી પર સ્થિતિ છે કે જે, સાથે સાથે, મને સ્પષ્ટ દેખાડી આપે છે કે મારામાં એક તાત્વિક ચેતના છે; પોતાનો સ્વીકાર કરવાની એ મને ફરજ પાડે છે,– અને, એ એટલી સાચી લાગે છે કે તેનો અસ્વીકાર કરી જ ના શકાય. સામાન્ય રીતે આ સાક્ષાત્કારની સાથે સાથે જ એક બીજો એવો જ જોરદાર અનુભવ પણ થાય છે; એમાં મને અહીંની બધી જ વસ્તુઓ સ્વપ્નવત્ કે પડછાયા જેવી ભ્રામક લાગે છે અથવા તો ક્ષણિક સત્યમાંથી ઊતરી આવેલી, અને અર્ધસત્ય લાગે છે; વધારે નહિ તો થોડોક સમય તો મને બધું જ મારી આજુબાજુ સિનેમાના છાયાચિત્ર જેવું કે પડદા પરના ચિતરામણ જેવું લાગે છે; હું જે કાંઈ કરી રહ્યો છું તે જાણે કે કોઈક ઉપરના કે બહારના અણજાણ (અને કદાચ અગ્રાહ્ય) અદ્‌ભુત સ્થળેથી વહી આવી, જેવોતેવો આકાર લઈ રહ્યું છે. આ ચેતનામાં જ સ્થિર થઈ જવું, કે આ આરંભને પાર પાડવો, કે સાચી વસ્તુસ્થિતિનું જે આ સુચન થયું તેનું અનુસરણ કર્યે જવું એ જ છે, આપણી જાતનો અને દુનિયાનો ત્યાગ કરીને અજ્ઞેયને પ્રાપ્ત કરવાના ધ્યેયનો, એટલે કે મોક્ષનો, નિર્વાણનો, માર્ગ. પણ આ કાંઈ એકમાત્ર માર્ગ નથી. ઊલટાનું, એમ પણ થઈ શકે કે હું રાહ જોઉં અને કાલથી પર અને શૂન્યવત્ મોક્ષનો આ બિલકુલ શાંત ગાળો પસાર થવા દઈને મારી જાત અને મારાં કર્મોનાં એ અણજાણ અદ્‌ભુત મૂળસ્થાન સામે આવીને ઊભો રહું; અને તે પછી આ શૂન્યતા ભરાવા માંડે અને તેમાંથી પ્રભુનું અનેક પાસાંઓવાળું સત્ય, શક્તિસભર અનંત પ્રભુનાં બધાં જ સ્વરૂપો, આવિર્ભાવો, અને તેના ઘણા બધા ઊર્ધ્વ સ્તરો આકાર લેવા માંડે કે એકદમ દોડી આવે. આ અનુભવ, સહુથી પહેલાં તો મન ઉપર, અને પછી આપણી સમગ્ર જાત ઉપર, એક નિરપેક્ષ, અમાપ, લગભગ અતાગ, શાંતિ અને મૌનનું સામ્રાજ્ય સ્થાપી દે છે. મન સામનો નથી કરી શકતું, હાર કબૂલ કરી લે છે, નિશ્ચલ થઈ જાય છે, પોતાનાં જ બંધન-માંથી મુક્ત બની જાય છે અને એ પરમ શાંતિને પોતાના પરમ પ્રભુ તરીકે સ્વીકારી લે છે. પણ પછી સાધક જોઈ શકે છે એ શાંતિમાં તેને માટે બધી જ વસ્તુઓ અકબંધ, કે નવેસરથી બનાવીને, રાખેલી છે, અથવા તો એક મહાન અને ગુપ્ત એવા કોઈ અતીત અસ્તિત્વમાંથી એ બધી એ શાંતિમાં નીચે આવી રહી છે. કારણકે, આ અતીત, નિરપેક્ષ અસ્તિત્વ એ કોઈ ખાલી શૂન્યની શાંતિ નથી; એમાં તો એની પોતાની અનંત સમૃદ્ધિ ભરી પડી છે; આપણી પોતાની કિંમતી વસ્તુઓ એ પણ એનું જ વિકૃત અને મર્યાદિત

સ્વરૂપ છે. જો વસ્તુમાત્રનું આ આદિમૂળ અસ્તિત્વમાં ના હોત તો વિશ્વ પણ ના હોત,– બધી જ શક્તિઓ, કાર્યો અને પ્રવૃત્તિઓ એ માત્ર એક ભ્રમણા જ હોત, સર્વે સર્જન અને સાકારતા અશક્ય હોત.

આ ત્રણ સાક્ષાત્કારો એવા તો અગત્યના અને પાયારૂપ છે કે જ્ઞાન-યોગીને તો એ અંતિમ અને સ્વયં પર્યાપ્ત લાગે, બીજા બધા સાક્ષાત્કારોનાં શિખરરૂપ લાગે, એ મળતાં બીજા બધા સાક્ષાત્કારો છોડી દેવાના છે એમ જ લાગે. પૂર્ણયોગના સાધકને ભલે કૃપાભર્યા ચમત્કારથી એ શરૂઆતમાં જ તથા ઓચિંતાના અને સહેલાઈથી આવી મળે, અથવા તો ખૂબ ખૂબ મથામણને અંતે ઘણા લાંબા સમયે અને મહામુશ્કેલીએ સિદ્ધ થાય, છતાં પણ તેને માટે એ કાંઈ એકમાત્ર સત્ય નથી, કે નથી સનાતન અને પૂર્ણસત્યની પૂરી અને એકમાત્ર ચાવી; એને માટે તો એ છે એક મહાન દિવ્ય જ્ઞાનની વણ-ભરેલી શરૂઆત, તેનો માત્ર વિશાળ પાયો; હજી બીજા એવા સાક્ષાત્કારો છે કે જે મેળવવાના જ છે, અને જેની શક્યતાઓની દૂર દૂરની હદ સુધી પણ ફરી વળવાનું છે. પહેલી નજરે એમ પણ લાગે કે એમાંના કેટલાક સાક્ષાત્કારો ભલે વિશ્વની પ્રવૃત્તિ માટેનાં નિમિત્તરૂપ દિવ્ય સ્વરૂપો હોય પણ તેના મૂળ સ્વરૂપમાં તેની અગત્ય નથી, તેમને સ્થાન નથી. પણ જો આ વિશ્વગત પ્રવૃત્તિઓથી માંડીને છેક તેના આદિમૂળ સુધી આ સાક્ષાત્કારોનો અનુભવ લેવામાં આવે તો ભગવાનનું એક એવું સ્વરૂપ છતું થઈ જાય કે જેના વિના વસ્તુઓની પાછળના સત્યનું આપણું જ્ઞાન વેરાન જેવું અને અપૂર્ણ રહી જાત. જે "નિમિત્તમાત્ર" લાગે છે એ તો, હકીકતમાં એક એવા રહસ્યની ચાવી છે કે જેના વિના પેલા પાયાના સાક્ષાત્કારોનો પોતાનો પણ ભેદ ખૂલી જતો નથી. પૂર્ણયોગની વિશાળ જાળમાં ભગવાનનાં પોતાનાં તો ખરાં જ પણ તેનાં લીલારૂપ સ્વરૂપોને પણ પકડવાનાં જ છે.

* * *

આ દુનિયા અને તેમાંની પ્રવૃત્તિઓને છોડી દેવી અને એક મહાનિર્વાણ-માં સ્થિર થવું એને જ જો સાધકે પોતાનું ધ્યેય બનાવ્યું હોય તો પોતાના આધ્યાત્મિક જીવન માટે પહેલા ત્રણ સાક્ષાત્કારો પૂરતા છે; તો તો માત્ર એમાં જ એકાગ્ર થઈને બાકીનાં બધાં જ દિવ્ય અને દુન્યવી જ્ઞાનને જતાં કરવામાં કાંઈ નુકસાન નથી,– એ બોજામાંથી છૂટીને સાધક અનંત શાંતિમાં મગ્ન થઈ શકે છે. પણ દુનિયા અને દુન્યવી પ્રવૃત્તિઓને એ એમ હડસેલી દઈ શકતો; નથી; એણે તેમની પાછળ કેવુંક દિવ્ય સત્ય હોઈ શકે એ જાણવું જ પડે છે; અને મોટા ભાગની આધ્યાત્મિક અનુભૂતિઓ જેમાંથી શરૂ થાય

છે તે આ જગત અને પેલા પરમ દિવ્ય સત્ય એ બેની વચ્ચે દેખાતા વિરોધનું સમાધાન કરવું જ પડે છે. એ ભલે ગમે તે રીતે શરૂઆત કરે પણ તેણે એક સનાતન દ્વૈતનો સામનો કરવો પડે છે; સત્તાનાં પરસ્પરવિરોધી બે પાસાંઓની વચ્ચેની ખાઈ તેની સામે આવીને ઊભી રહે છે, અને એમ લાગે છે કે આ વિશ્વના કોયડાનું મૂળ તે આ ખાઈ પોતે જ છે. પણ પછીથી તેને સમજાવું જોઈએ,– અને સમજાય પણ છે જ– કે આ બે પાસાંઓ એ તો એક જ પરમ સત્તાના બે છેડાઓ છે અને તેમની વચ્ચે તો શક્તિના એક-સાથે વહેતા એવા બે પ્રવાહોનું જોડાણ છે કે જે એકબીજાની નજરે ઊલટા-સૂલટા લાગે છે; એ પરમ સત્તામાં જે છુપાએલું છે તેને છતું કરવા માટે શક્તિના આ બે પ્રવાહો એકબીજા પર કાર્ય કરે એ અનિવાર્ય છે એ પણ સમજાય છે; અને એ પણ સમજાય છે કે આ બેનું પુનર્મિલન એ જ તો છે જીવનની બે-સૂરતાને સૂરતામાં લાવવાનો, અને પોતે જેનો સાધક છે એ પૂર્ણસત્યની શોધનો, નિશ્ચિત ઉપાય.

કારણકે સાધક જોઈ શકે છે કે આ સર્વવ્યાપી પરમાત્મા, આ અનંત આધ્યાત્મિક તત્ત્વ, આ બ્રહ્મન્, આ સનાતન સ્વયંભૂ પુરુષ એ જ અહીં આ ઇન્દ્રિયગમ્ય, માયારૂપ વિશ્વમાં સમયને આધીન બનીને વ્યાપી રહ્યો છે અને એ જ સમયથી અતીત થઈને વિશ્વથી પર વસી રહેલો છે. એક અતિસમર્થ અનુભૂતિ એનો કબજો લે છે અને એને પરમાત્મા એવા સ્વરૂપે દેખાય છે કે જે નથી આપણો નાનોશો અહમ્ કે નથી આપણું મન, પ્રાણ કે શરીર, જે વિશ્વમાં વ્યાપી રહેલો છે પણ બાહ્ય આકારોનો બનેલો નથી અને છતાં પોતાના આત્મા વડે સાધક તેને આ બાહ્ય આકાર કે કાર્યોના કરતાં પણ વધારે નક્કર રીતે અનુભવે છે; એ આ વિશ્વ જેટલો વિશાળ છે છતાં વિશ્વની કોઈ પણ વસ્તુ કે ખુદ સમગ્ર વિશ્વના પણ આધાર વિના હયાતી ધરાવે છે; સમગ્ર વિશ્વ ચાલ્યું જાય તોપણ તે જે આ સનાતન પ્રભુનો ગાઢ અને નિસ્ખલિત અનુભવ કરી રહ્યો છે તેને કશી પણ આંચ આવનાર નથી. પોતાની જાત, અને વસ્તુ-માત્રના સારરૂપ એ અવર્ણનીય સ્વયંભૂ સત્તા માટે એને હવે કોઈ જ શંકા રહી નથી; એક એવી આત્મસ્વરૂપ ચેતનાનો એને ગાઢ સંપર્ક થઈ ગયો છે કે જેનાં આંશિક અને આછાંપાતળાં સ્વરૂપ એ જ આપણી બુદ્ધિ, પ્રાણમય ચેતના અને અન્નમય ચેતના છે; એ એક એવી ચેતના છે કે જેનામાં નિઃસીમ મહાશક્તિ ભરેલી છે; તેની એ જ શક્તિમાંથી જગતની બીજી સર્વ શક્તિઓ પ્રગટેલી છે, છતાં એમાંની કોઈ પણ એક કે બધી જ શક્તિઓનો સંયુક્ત જથ્થો, કે તેમની તાકાત કે તેમનો પ્રકાર ન તો એ મહાશક્તિનો

ખ્યાલ આપી શકે છે, ન તો તેનું કારણ સમજાવી શકે છે. કોઈને કહી કે દઈ ના શકાય એવા સ્વયંભૂ આનંદનો સાધકને અનુભવ થાય છે, એમાં એ જીવન ધારણ કરે છે; એ આનંદ એ કાંઈ આપણી નાનકડી ક્ષણભંગુર ખુશાલી, કે મઝા કે કહેવાતું સુખ નથી. સુસ્થિર થએલ આ અનુભૂતિઓની ચાર ખાસિયતો છે : એક એવી અનંતતા કે જેમાં કદી કાંઈ વિક્ષેપ નથી થતો કે જેનો કદી નાશ નથી કરી શકાતો; એક એવી શાશ્વતી, નિત્યતા, કે જે સમયથી પર છે; એક એવી આત્મ-જાગ્રતિ કે જે આપણી ગ્રહણશીલ અને અનુસરણ કરનારી કે જાણવા મથતી, માનસિક ચેતના નથી પણ જે એ માનસિક ચેતનાની પાછળ અને ઉપર, અને તેની નીચે, જેને આપણે અચિત્ એટલે કે ચેતન-હીનતા કહીએ ત્યાં સુધી પણ આવી રહેલી છે; અને એક એવી એકતા કે જ્યાં એના સિવાય બીજા શેનીય હયાતી કે હયાતીની સંભાવના પણ નથી. છતાં સાધક અનુભવે છે કે આ શાશ્વત આત્મપુરુષ, સ્વયં-સત્તા એ પોતે, આ સઘળા કાર્ય-પ્રવાહનું વહન કરી રહેલ એક સચેતન કાલ-પુરુષ પણ છે, અને વસ્તુમાત્ર તથા પ્રાણીમાત્રને પોતાનામાં સમાવી રાખનાર, પોતાના જ સ્વરૂપને ફેલાવી બેસનાર આત્મ-અવકાશ પણ છે; વળી, આ આત્મ-હીન, ક્ષણભંગુર અને મર્યાદિત લાગતી વસ્તુઓના જડ તત્ત્વ અને તેમના ઘાટ બનનાર આત્મપદાર્થ એ પણ એ પોતે જ છે. કારણકે, જે કાંઈ ક્ષણભંગુર, સ્થળ અને કાળથી મર્યાદિત, અને સીમિત છે તેને પણ એ તત્ત્વરૂપે, અને વ્યક્ત તથા અવ્યક્ત શક્તિરૂપે, બીજું કાંઈ નહિ પણ એ જ એક અદ્વિતીય, અનંત અને શાશ્વત પ્રભુરૂપે જુએ છે.

અને છતાં સાધકની અંદર, કે તેની સામે, માત્ર આ સનાતન, સ્વયં જાગ્રત સત્તા, આ આધ્યાત્મિક પરમ ચેતના, આ સ્વયં પ્રકાશિત મહાશક્તિની અનંતતા, આ કાલાતીત, અનંત આનંદ એ જ, માત્ર કાંઈ હયાત હોતાં નથી; તેની અનુભૂતિમાં આ સીમિત સ્થળ-કાળવાળું વિશ્વ,– ભલે તેને કોઈ વાડ ના હોય છતાં સીમિત એવું વિશ્વ, સતત મોજૂદ હોય છે જ, અને તેમાં જે કાંઈ હોય છે તે બધું જ ક્ષણભંગુર, સાંકડું, ટુકડા જેવું, અનેક ટુકડાઓનું બનેલું, અજ્ઞાન, બેસૂરતા અને દુઃખના ભોગરૂપ, કોઈક સાક્ષાત નહિ થએલી (છતાં અંતરમાં આવી વસેલી) એકસૂરતાને ઝંખતું, ચેતના વિનાનું કે થોડીઘણી ચેતનાવાળું અને જો પૂરી ચેતના પામ્યું હોય તોપણ અસલ અજ્ઞાન અને અચેતનતાથી બંધાએલું એવું જ હોય છે. સાધક કાંઈ હમેશાં શાંતિમય કે આનંદમય સમાધિમાં જ રહેતો હોતો નથી; અને જો એમ

રહે તોપણ કાંઈ પ્રશ્ન ઊકલતો નથી; કારણકે તેને બરાબર ખબર હોય છે કે તેની બહાર, અને છતાં તેની પોતાની જ વિશાળ જાતમાં, આ બધું સતત આમ જ ચાલ્યા કરતું હોય છે. તેના આત્માની આ બે અવસ્થાઓ કદીક, પોતાની ચેતનાની અવસ્થાને અનુલક્ષીને, વારાફરતી પસાર થતી લાગે છે, તો વળી કોઈક વાર એ પોતાની જાતના જાણે કે બે સ્વતંત્ર, અને મેળ માગતા, ભાગ, જાણે કે પોતાની જાતનાં બે અડધિયાં,– ઉપરનું અને નીચેનું કે અંદરનું અને બહારનું – બની રહે છે. તેને એ તરત સમજાઈ જાય છે કે તેની ચેતનામાં રહેલ આ ભાગલામાં તો એક ગજબનું મુક્તિદાયક સામર્થ્ય રહેલું છે, કારણકે તેના પરિણામે તો પેલાં અસલ અજ્ઞાન અને અચિત્ સાથેનાં બંધન હવે રહ્યાં નથી, એ કાંઈ હવે તેને પોતાની, અને વસ્તુમાત્રની, અસલ પ્રકૃતિ લાગતી નથી પણ લાગે છે એક દૂર કરી શકાય એવો ભ્રમ, એક ક્ષણિક, ખોટો અનુભવ, માયા. તે માત્ર ભગવાનનો એક વિરોધ હોય, એક ન સમજાય તેવી રહસ્ય–લીલા હોય કે અનંત પ્રભુનું એક બેહૂદું મહોરું માત્ર જ હોય એમ માનવાનું મન થઈ જાય છે અને કદીક તો, પોતાની અનુભૂતિના હિસાબે જાણે કે એક બાજુએ પ્રકાશથી ઝળહળતું બ્રહ્મનું સત્ય છે તો બીજી બાજુએ અંધકારમય માયાનો ભ્રમ છે એમ માન્યા વિના છૂટકો જ નથી એમ લાગી જાય છે. પણ સાધકની અંદરથી કોઈક મનાઈ કરે છે કે આ સમગ્ર સત્તાના એમ કાયમી બે ભાગલા ના પાડી શકાય, અને જરા વિગતથી જોતાં તેને જણાય પણ છે કે આ અર્ધપ્રકાશ કે અંધકારમાં પણ એ જ સનાતન પ્રભુ છે, એ જ બ્રહ્મ અહીં માયાનું મહોરું પહેરીને ઊભો છે.

આ તો શરૂઆત છે; આ આધ્યાત્મિક અનુભૂતિ વિકાસ પામતી જાય છે અને સાધકને દેખાડતી જાય છે કે તેને આજ સુધી જે ના સમજાય તેવી અંધકારમય માયા લાગતી હતી તે ત્યારે પણ સનાતન પ્રભુની સચેતન શક્તિ, ચિદ્–શક્તિ સિવાય બીજું કાંઈ જ નહોતી; વિશ્વથી પરની હયાતીમાં એ સ્થળ અને સમયની મર્યાદાની બહાર હતી જ્યારે વિશ્વની અંદર, મન, પ્રાણ અને શરીરના પ્રદેશમાં પ્રભુને ધીમે ધીમે વ્યક્ત કરવાનો ચમત્કાર કરવા માટે અહીં, એ, પ્રકાશ અને અંધકારનો અચંબો ઓઢીને ફેલાઈ પડી છે. એ કાલાતીત પુરુષ, કાલની લીલામાં ભાગ લેવા જોર કરી રહ્યો છે અને કાલમાં આવી વસેલો એ, કાલાતીત પુરુષની આજુબાજુ રમી–ભમી રહ્યો છે. જો જગતથી અલગ બ્રહ્મના અનુભવમાં મુક્તિ ભરી હતી તો તેમના આ સંયુક્ત અનુભવમાં ભરી છે શક્તિ અને સફળતા. કારણકે હવે સાધકને પોતાનો માત્ર આત્મા જ પરમાત્માનો અંશ નથી લાગતો, માત્ર પોતાનું

આત્મ-તત્ત્વ જ પરમાત્મા સાથે એકરૂપ નથી લાગતું પણ પોતાની પ્રવૃત્તિશીલ પ્રકૃતિ પણ પ્રભુની સર્વજ્ઞ અને સર્વશક્તિમાન સચેતન-શક્તિનું એક સાધન લાગે છે. એ શક્તિની લીલા સાધકની પોતાની અંદર અત્યારે ભલે ગમે તેટલી મર્યાદિત કે સાપેક્ષ હોય પણ તેની ચેતના અને શક્તિના હજી ય વિશાળ અને તેનાથી ય વિશાળ પ્રદેશમાં સાધક પહોંચી શકે છે; અને એ પ્રદેશોની પોતાની વિશાળતાને તો કોઈ મર્યાદામાં બાંધી શકાય તેમ છે નહિ; એટલું જ નહિ પણ એ ચિદ્-શક્તિનો એક આધ્યાત્મિક અને અતિમાનસિક સ્તર એવો પણ છે કે જે પોતે સાધકથી ઉપર દેખા દેવાનું શરૂ કરે છે, અને જ્યાં કોઈ બેડી-બંધન નથી એવા પ્રદેશમાં સાધકનો સંપર્ક મેળવવા નીચે ઝૂકી આવે છે; તેના શક્તિ-પ્રવાહો આ કાલ-લીલામાં ભાગ લેવા જાણે કે દબાણ કરે છે, વધારે ને વધારે નીચે આવવાનું તથા સનાતન પ્રભુને ધીમે ધીમે કરતાં ખુલ્લંખુલ્લો વ્યક્ત કરવાનું વચન આપે છે. બ્રહ્મ અને માયા એક વાર પરસ્પરવિરોધી ભાસતાં હતાં તે હવે એક બ્રહ્મ-માયા તરીકે, એટલે કે આત્માઓના પણ આત્મા એવા પરમાત્માના પરમ શક્તિશાળી સ્વરૂપ તરીકે, એક દ્વિમૂર્તિ બનીને વિશ્વયજ્ઞના તેમ જ સાધકના પોતાના પણ યજ્ઞના અધિષ્ઠાતા તરીકે તેની સામે પ્રગટ થાય છે.

બીજી એક રીતે પણ આ સનાતન દ્વૈત સાધક સમક્ષ ખડું થાય છે. એક બાજુ, એ એક એવા ચૈતન્યનો અનુભવ કરે છે કે જે સર્વ કાંઈ અનુભવે છે, સ્વીકારે છે, જુએ છે એટલે કે જે સાક્ષીરૂપ છે, જે કોઈ પણ પ્રવૃત્તિ નથી કરતું પણ જેને ખાતર આપણી અંદર અને બહાર સર્વ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે અને ચાલુ રાખવામાં આવે છે. જ્યારે બીજી બાજુ, અને છતાં એની સાથે સાથે જ, એક કાર્ય-શક્તિ કે જે દરેકેદરેક પ્રવૃત્તિ ઊભી કરે છે, ચલાવે છે, દોરે છે અને જે દૃશ્ય અને અદૃશ્ય એવાં લાખો સ્વરૂપો સર્જે છે અને તેમને પોતાના આ સતત વહે જતા, કાર્યના અને સર્જનના પ્રવાહને સલામત રાખવા તથા નિભાવવા કામે લગાડે છે તેને પણ એ અનુભવે છે. જ્યારે એ પેલા સાક્ષીરૂપ ચૈતન્યમાં જ લીન થાય છે ત્યારે સાધક શાંત, સ્થિર, અવિચલિત થઈ જાય છે; ત્યારે એ જુએ છે કે આજ સુધી તેણે પ્રકૃતિની ક્રિયાઓને નિષ્ક્રિય રીતે નિહાળી છે અને સ્વીકારી છે અને તેના જ પરિણામે એ ક્રિયાઓને પોતાના સાક્ષીરૂપ આત્મામાંથી આધ્યાત્મિક તથ્ય અને અર્થ મળ્યાં છે. પણ હવે તેણે પોતાના એ સંબંધ અને કાર્યમાંથી પોતાની જાતને પાછી ખેંચી લઈને પોતે સાક્ષીરૂપે શાંત થઈ ગયો છે, હવે પોતાની આજુબાજુ થતી ક્રિયાઓ સાથે એને

કાંઈ નિસ્બત નથી અને તેથી હવે તેમાં ખાસ તથ્ય પણ નથી રહ્યું; હવે તે યંત્રવત્ ભાસે છે, તેનાથી અલગ થઈ શકાય છે કે તેને અટકાવી પણ શકાય છે. પણ જો હવે સાધક એ સાક્ષીરૂપ ચેતનામાંથી નીકળી પેલી કાર્યશીલ શક્તિની ચેતનામાં દાખલ થાય છે તો તેને જુદા જ અનુભવ થાય છે; તો તેને પોતાને પોતાની જાત પ્રવૃત્તિઓનો મેળો લાગે છે, શક્તિઓનાં સર્જન અને પરિણામોનો જ જથ્થો લાગે; એ બધાંની વચ્ચે કોઈ સક્રિય ચેતના કે શક્તિ–કેન્દ્ર હોય એમ કદાચ બને, પણ તેમાં ક્યાંય પણ એક સ્વતંત્ર આત્મા નથી. ચેતનાની આ બે અલગ અલગ અને વિરોધી અવસ્થાઓ તેની અંદર વારાફરતી આવે છે અથવા તો એકસાથે સામસામે આવી ઊભી રહે છે; એક છે શાંત, જે અંદરના ખંડમાંથી જુએ છે પણ જરા ય હાલતી નથી અને ભાગ પણ નથી લેતી; તો બીજી છે સક્રિય, જે બહારના કે ઉપરછલ્લા પ્રદેશમાં રહીને પોતાની ચાલ્યે આવતી હિલચાલ કર્યા કરે છે. સાધકનો આ અનુભવ એ જ છે આત્મા અને પ્રકૃતિને અલગ અલગ નિહાળતું જાણીતું પુરુષ અને પ્રકૃતિનું દ્વૈત.

પણ જ્યારે ચેતના વધારે ઊંડાણમાં જાય છે ત્યારે સાધકને દેખાય છે કે આ દ્વૈત એ તો માત્ર શરૂઆતનો ઉપરછલ્લો આભાસ જ છે. કારણકે, તેને સમજાય છે કે તેની જાત ઉપર આટલી નિકટતાથી કે ચીવટથી આ કાર્યસાધક શક્તિ કાર્ય કરી શકે છે તેનું કારણ એ જ છે કે સાક્ષીરૂપ આત્મા તેને મૂંગો ટેકો કે અનુમતિ કે સંમતિ આપે છે; જો આત્મા પોતાની સંમતિ પાછી ખેંચી લે તો પોતાની ઉપર કે અંદર પ્રકૃતિ જે કાર્ય કરે છે તેની ક્રિયાઓ માત્ર યંત્રની માફક જ વારંવાર થયા કરે; શરૂઆતમાં તે કદાચ વધારે ઉગ્ર પણ બને (કેમ જાણે તેને પોતાની ચૂડ હજી જરા ય ઢીલી કરવી ના હોય), પણ પછી ધીમે ધીમે તે ઓછી ને ઓછી જોરદાર અને વધારે ને વધારે અર્થહીન થતી જાય છે. સંમતિ આપવાની કે ના પાડવાની: પોતાની શક્તિનો જેમ જેમ વધારે ઉપયોગ પોતે કરે તેમ તેમ તે જોઈ શકે છે કે શરૂઆતમાં ધીમે ધીમે, અને જરાતરા, પણ પછીથી વધારે અસરકારક રીતે તે પ્રકૃતિની ક્રિયાઓને બદલી શકે છે. છેવટે તેને એ પણ દેખાય છે કે આ સાક્ષીરૂપ પુરુષની અંદર, કે તેની પાછળ, એક જ્ઞાતા, અને પ્રકૃતિના માલિકરૂપ એક સંકલ્પ, મોજૂદ છે, અને પ્રકૃતિના સ્વામીરૂપ આ પુરુષ જે કાંઈ જાણે છે અને સીધો જ પોતે જે કાંઈ સંકલ્પ કરે છે અથવા નિષ્ક્રિય ભાવે જેને સંમતિ આપે છે તેને જ પોતાની પ્રવૃત્તિઓ દ્વારા પ્રકૃતિ આકાર આપે છે તે પણ તેને ધીમે ધીમે દેખાતું જાય છે. પ્રકૃતિ હજી ય યંત્રવત્ લાગે છે ખરી પણ એ

તો માત્ર તેના કાળજીથી ગોઠવેલા કાર્યના અમલમાં જ, પણ હકીકતરૂપે તો એ પોતાની અંદર આત્માને ધારણ કરતી એક સચેતન શક્તિ તરીકે દેખાય છે. તેની હિલચાલમાં એક સચેતન અર્થ દેખાય છે, તેના કાર્યના વિકાસ અને રીતમાં એક છૂપો સંકલ્પ અને જ્ઞાન છતાં થતાં દેખાય છે. આ દ્વૈતનું સ્વરૂપ અલગતવાળું લાગે છે ખરું પણ છે તો એકરૂપ જ. જ્યાં જ્યાં પ્રકૃતિ છે ત્યાં ત્યાં પુરુષ છે; જ્યાં જ્યાં પુરુષ છે ત્યાં ત્યાં પ્રકૃતિ છે. પુરુષ જ્યારે નિષ્ક્રિય હોય છે ત્યારે પણ એ પોતાની અંદર પ્રકૃતિની બધી જ તાકાતને, જરૂર જણાયે વહેતી મૂકવા, સંઘરી બેઠો હોય છે; પ્રકૃતિ જ્યારે પોતાનાં કાર્યોને ઘોડાવેગે પાર પાડતી હોય છે ત્યારે પણ એ પુરુષની સાક્ષીરૂપ અને આજ્ઞારૂપ ચેતનાને પોતાના સર્જનાત્મક હેતુના એકમાત્ર આધાર અને અર્થ તરીકે ઉઠાવી ચાલતી હોય છે. અહીં પણ સાધકને ફરીથી એક વાર એ અનુભૂતિ થાય છે કે આ બે તત્ત્વો એ એક જ સત્તાના બે છેડા માત્ર છે, અને એ સત્તાની અંદર જે છુપાએલું છે તેને બહાર છતું કરવા માટે પરસ્પર-વિરોધી જણાતા બે શક્તિપ્રવાહો એકસાથે કાર્ય કરી રહ્યા છે. વળી, સાધક અહીં ફરીથી એક વાર એ પણ અનુભવે છે કે અલગ થઈ જવાના અનુભવથી મુક્તિ અનુભવાય છે (કારણકે એથી અજ્ઞાનમય પ્રકૃતિની અપૂર્ણ પ્રવૃત્તિઓમાં એકરૂપ થઈ જવાના પરિણામે આવી પડતાં બંધનમાંથી મુક્ત થવાય છે) તો વળી, તેમનો સંયુક્ત અનુભવ છે શક્તિદાયક અને પરિણામ-સાધક, કારણકે તેથી પ્રભુતા અને પૂર્ણતા મેળવવાનું શક્ય બને છે; તેથી, એક બાજુ, પોતાની પ્રકૃતિમાં જે કાંઈ ઓછું દિવ્ય હોય કે જેમાં જરા પણ દિવ્યતા નથી એવું લાગતું હોય તેને એ દૂર કરી શકે છે જ્યારે બીજી બાજુએ એક વધારે ઊંચી જાતની માંડણી ઉપર અને એક વધારે ઊંચા તત્ત્વના નિયમો અને સંવાદિતાને ધ્યાનમાં રાખીને પ્રકૃતિને નવા ઘાટ અને નવા રસ્તા આપી શકે છે. આગળ જતાં, આધ્યાત્મિકતા અને અતિમાનસિકતાનો એક એવો પ્રદેશ આવે છે કે જ્યાં દ્વૈતનાં બે તત્ત્વો પૂરેપૂરાં એકરૂપ બની જાય છે, જ્યાં પરમ-પુરુષ પોતાનામાં મહાશક્તિને અને તેની સર્વ શક્યતાઓને ધારણ કરીને સર્વ અંતરાયોને ફેંકી દે છે અને તેમની વચ્ચે કાંઈ પણ મર્યાદા રહેવા દેતો નથી. આમ એક વાર જે પુરુષ અને પ્રકૃતિનું દ્વૈત લાગતું હતું તે હવે એક દ્વય બનીને તેની સામે પૂરેપૂરા સાચા સ્વરૂપે ઊભું રહે છે અને એ જુએ છે કે, પૂર્ણ પુરુષોત્તમ અને જગત-નિયંતા એવા યજ્ઞના સ્વામીનું એ બીજું, કરણરૂપ અને કાર્યસાધક સ્વરૂપ છે.

વળી એક બીજે રસ્તે, આને જ મળતું એક બીજું દ્વૈત સાધક સામે ખડું

થાય છે, આ દ્વૈતનું સ્વરૂપ એવું સ્પષ્ટ છે કે તેમાં તેમની એકરૂપતા તરત જ જણાઈ આવે છે. આ છે શક્તિથી ઊભરાતું, ઈશ્વર અને શક્તિનું દ્વૈત. એક બાજુએ એ ભૂતમાત્રમાં અનંત સ્વયંભૂ ભગવાનને જુએ છે; તેમાં તેને દેખાય છે : સર્જનની અસંખ્ય શકયતાઓ; આત્માઓનો આત્મા; પુરુષોનો પુરુષ; સર્વ પદાર્થોનો આધ્યાત્મિક પદાર્થ; એક પરમ સત્તા, નિરાકાર અને અવર્ણનીય અને છતાં એક સીમાતીત પુરુષ કે જે અહીં અસંખ્ય પુરુષોમાં પોતે પોતાના પ્રતિનિધિ તરીકે આવી વસેલો છે; જ્ઞાનનો અધિષ્ઠાતા; શક્તિમય પ્રભુ; પ્રેમ, આનંદ અને સૌંદર્યનો સ્વામી; વિશ્વોનાં મૂળરૂપ આદિ પુરુષ; પોતાની જાતને વ્યક્ત કરનાર, પોતાનો જ સર્જક; એક વિશ્વાત્મા, વિશ્વમય મન, વિશ્વવ્યાપી જીવન, અને આપણે જેને અચેતન અને જડ પદાર્થ તરીકે જોઈએ છીએ તે આભાસને ધારણ કરતું સચેતન અને જીવંત સત્ય. તો બીજી બાજુએ એ જ ભગવાન તેને બીજા સ્વરૂપે દેખાય છે : એક સ્વયં-સચેતન શક્તિ-સ્વરૂપે કે જેને એક કાર્યસાધક ચેતના અને સામર્થ્ય તરીકે રમતી મૂકવામાં આવી છે અને જે પોતાની અંદર સર્વ કાંઈનો સમાવેશ કરીને, તે સર્વ કાંઈને વિશ્વના સ્થળ અને કાળમાં વ્યક્ત કરવાના કાર્યને પાર પાડવા નીકળી પડેલી છે. સાધક સ્પષ્ટ રીતે જોઈ શકે છે કે તો એક જ પરમ, અનંત સત્તા પણ તે આપણી સમક્ષ પોતાનાં જ બે પડખાં, પોતાની જ સવળી અને અવળી કે આગળપાછળની બે બાજુ તરીકે રજૂ થએલી છે. સર્વ કાંઈ, સત્ય-સ્વરૂપ ભગવાનમાં તૈયાર થએલું કે પડેલું છે અને તેમાંથી જ અને તેના જ સંકલ્પ અને હાજરીથી બહાર આવી રહેલું છે; સર્વ કાંઈ, શક્તિ-સ્વરૂપ ભગવાન વડે બહાર આણવામાં આવ્યું છે અને ગતિમાં મૂકવામાં આવ્યું છે; સર્વ કાંઈ એ શક્તિ વડે જ અને એ શક્તિમાં જ બને છે, કાર્ય કરે છે અને પોતાના અંગત કે વૈશ્વિક હેતુને વિકસાવ્યે જાય છે. અને અભિવ્યક્તિ માટે આ દ્વૈત પણ જરૂરી છે; એથી, દુનિયાના ઘડતર-કાર્યમાં જે હમેશાં જરૂરી જણાય છે તે બેવડિયો શક્તિપ્રવાહ ઉત્પન્ન કરવા માટે અને તેને કામ કરતો કરવા માટે એ જરૂરી છે; એ બે છે એક જ પરમ સત્તાના બે સામસામા છેડા; પણ આ બે છેડામાં એકબીજા સાથેનો વધારે નિકટનો સંબંધ છે અને બહુ જ સ્પષ્ટ રીતે તેઓ એકબીજાના તત્ત્વરૂપ તેમ જ વહેણ તરીકેના સામર્થ્યને પોતાની અંદર હમેશાં ધારણ કરી રાખે છે. દિવ્ય રહસ્યનાં બે મહાન તત્ત્વશાં આ સગુણ અને નિર્ગુણ સ્વરૂપો આ દ્વૈતમાં એકબીજાની અંદર ભળી ગએલાં છે; આથી દિવ્ય પરાત્પરતા અને આ વિશ્વરૂપ આવિર્ભાવમાં જે ગાઢ અને અંતિમ રહસ્ય રહેલું છે એ રહસ્ય બીજી કોઈ પણ અનુભૂતિના કરતાં આ

ઈશ્વર-શક્તિના દ્વૈતમાં, પૂર્ણ સત્યનો સાધક વધારે નિકટતાથી અનુભવે છે.

કારણકે આ જે ઈશ્વરી શક્તિ એટલે કે દિવ્ય સચેતન શક્તિ, વિશ્વમાતા, જગદંબા છે તે એકમાત્ર સનાતન પ્રભુ અને સર્જન પામેલ અનેક-રૂપધારી આવિર્ભાવની વચ્ચે એક કડી તરીકે કે એક સમાધાની તરીકે કામ કરે છે; એક બાજુએ, એકરૂપ પ્રભુમાંથી એ જે શક્તિ લાવી છે તેને રમતી મૂકીને વિશ્વમાં પ્રભુનાં જ અનેક સ્વરૂપોને બહાર લાવે છે અને પોતાની પાસે સાકાર કરવાનો જે પદાર્થ છે તેનાથી વિશ્વનાં અનંત દૃશ્યરૂપોને ભરે છે અને તેમને ઉત્ક્રાંત કરે છે; બીજી બાજુએ, શક્તિના ઊંચે ચડતા જતા એક પ્રવાહનો આશરો લઈને એ સર્વ કાંઈને, તે, તેઓ જેમાંથી બહાર આવ્યાં છે એ પ્રભુ તરફ તેમને પાછાં ઉપર દોરી જાય છે કે જેથી કરીને ઉત્ક્રાંત થતા જગતમાં આવેલો આત્મા કાં તો ધીમે ધીમે કરતાં ઊર્ધ્વમાં પ્રભુતા પ્રત્યે પ્રગતિ કરે અથવા અહીંયાં જ પોતાનું પ્રભુરૂપ પ્રગટ કરે. જો કે આખા વિશ્વની એક યંત્રરૂપ યોજના એ કરે છે ખરી પણ અચેતન યંત્રવત્ કામ કર્યે જવું એ તેની ખાસિયત નથી,- જો કે એ ખાસિયત આપણને પ્રકૃતિના બાહ્યરૂપમાં પહેલી નજરે જોવાની મળે છે ખરી-; એ જ પ્રમાણે "માયા"-ને પહેલી નજરે જોતાં આપણે જે એક અસત્ય ભ્રાંતિ કે અર્ધ-ભ્રાંતિનું સર્જન કરવાની ખાસિયતનું તેનામાં આરોપણ કરીએ છીએ તે પણ આ ચિદ્-શક્તિમાં હોતી નથી. જ્યારે સાધકને આ ઈશ્વરી શક્તિની અનુભૂતિ થાય છે ત્યારે એને તરત જ સ્પષ્ટ થઈ જાય છે કે એ શક્તિ જેમાંથી આવી છે તે પરમ પ્રભુમાં જે પદાર્થ અને પ્રકૃતિ છે તેની જ સચેતન શક્તિ તેનામાં ભરેલી છે. જો કે આપણને એમ લાગે છે ખરું કે એણે, આપણે નથી જાણતા એવી કોઈક યોજનાનુસાર આપણને અચેતનતા અને અજ્ઞાનમાં ડુબાડેલા છે; અને એમ પણ લાગે છે કે આ વિશ્વમાં દેખાતી ગૂંચવાડા ભરેલી શક્તિઓ એ જ માત્ર તેની શક્તિઓ છે; તોપણ તરત જ એ સ્પષ્ટ થઈ જાય છે કે આપણી અંદર દિવ્ય ચેતનાનો વિકાસ કરવા માટે જ એ મહેનત કરી રહી છે અને ઊર્ધ્વમાં ઊભી રહીને એ પોતાના વધારે ઊંચા સ્વરૂપ પ્રત્યે આપણને દોરી રહી છે અને દિવ્ય જ્ઞાન, સંકલ્પ અને આનંદનું શુદ્ધ સ્વરૂપ ધીમે ધીમે આપણી આગળ છતું કરી રહી છે. સાધક જ્યારે અજ્ઞાનના પ્રદેશમાં ફરી રહ્યો હોય છે ત્યારે પણ તેનો આત્મા એ શક્તિના સચેતન માર્ગદર્શનને જાણી શકે છે; તે જુએ છે કે તેનાં પગલાંમાં તે જોર મૂકી રહી છે અને તેમને દોરી રહી છે; ધીમે ધીમે કે ખૂબ વેગથી, તદ્દન સીધે જ રસ્તે કે આડાઅવળા ફેરવીને તે એને અંધકારમાંથી વિશાળ ચેતનના

એવા પ્રકાશમાં, મૃત્યુમાંથી એવી અમરતામાં, અશુભ અને યાતનામાંથી એવાં ઊર્ધ્વ શુભ અને સુખમાં દોરી રહી છે કે જેનો તેના માનવ-મનને બહુ બહુ તો ઝાંખો ખ્યાલ જ આવી શકે તેમ છે. આમ, એ શક્તિમાં એક-સાથે મુક્તિનું સામર્થ્ય પણ છે,– જે છે એનું જ નહિ પણ જે થવાનું છે તેનું પણ સર્જન સાધવાનું સામર્થ્ય તેનામાં છે; કારણકે તે સામર્થ્ય, સાધક જે અજ્ઞાનમય પદાર્થનો બનેલો છે તે હલકી ચેતનાની વાંકીચૂંકી અને ગૂંચવાએલી વૃત્તિઓને દૂર કરે છે અને તેના આત્મા અને પ્રકૃતિની ઊર્ધ્વ, દિવ્ય પ્રકૃતિના પદાર્થ અને શક્તિમાં નવ-રચના કરે છે.

આ દ્વૈતમાં પણ ભાગલા પાડવાની અનુભૂતિની શક્યતા છે. આ દ્વૈતને એક છેડે જતાં સાધક જુએ છે કે સર્વ સત્તાનો એકમાત્ર અધિષ્ઠાતા પ્રભુ પોતાની ઉપર તેના જ્ઞાન, સંકલ્પ અને આનંદની શક્તિને વરસાવી રહ્યો છે કે જેથી તે મુક્ત બને, દિવ્ય બને; ત્યારે ચિદ્-શક્તિ એ એને પ્રભુના આ કાર્યને વ્યક્ત કરતી એક નિર્ગુણ શક્તિ કે ઈશ્વરનો એક ગુણમાત્ર લાગે. તો વળી બીજે છેડે જતાં સાધક પોતાના આધ્યાત્મિક પદાર્થમાંથી દેવો અને દુનિયાઓ, અને વસ્તુઓ અને સત્તાઓને બહાર આણતી વિશ્વજનની જગદંબાની સામે આવીને ઊભો રહે. અને જો કદાચ એ આ બંને સ્વરૂપોનાં એકસાથે દર્શન કરે તોપણ એ બંનેને અલગ અલગ અને અસમાન રીતે, એકને મુખ્ય તો બીજાને ગૌણ ગણીને જોશે; ઈશ્વરને પ્રાપ્ત કરવાના એક સાધન તરીકે શક્તિને ગણશે. પરિણામે એક એકપક્ષી વલણ, અથવા સમ-તુલાનો એક અભાવ, પૂરેપૂરું સાબૂત નહિ એવું એક કાર્યસાધક સામર્થ્ય, કે પૂરેપૂરું પ્રગતિશીલ નહિ એવું એક દર્શન સાધકને પ્રાપ્ત થાય છે. દ્વૈતનાં આ બંને પાસાંઓ જ્યારે પૂરેપૂરાં એકરૂપ દેખાય અને ચેતનાનો સંપૂર્ણ કબજો લઈ લે ત્યારે જ સાધક એક પૂર્ણશક્તિના પ્રવાહને મેળવવાની શરૂઆત કરે છે; અહીંયાં વિચાર અને સામર્થ્ય વચ્ચે જે એક ગોટાળાભરી અથડામણ ચાલી રહી છે તેમાંથી આ પૂર્ણશક્તિ તેને પૂરેપૂરો બહાર કાઢીને એક ઊર્ધ્વ અને પરમ સત્યમાં મૂકી આપશે અને તે સત્યનું અવતરણ શક્ય બનાવશે કે જેથી કરીને તે આ અજ્ઞાનમય દુનિયાને પ્રકાશ અને મુક્તિ આપે અને તેની ઉપર પોતાનું પૂર્ણસામ્રાજ્ય સ્થાપે. આટલે પહોંચ્યા પછી એ પૂર્ણરહસ્ય સાધકને હાથ લાગવા માંડે છે કે જે પૂરેપૂરું તો ત્યારે જ પકડી શકાય છે કે જ્યારે, શુદ્ધ જ્ઞાન અને મૂળ અજ્ઞાન એ બે એકબીજામાં પૂરેપૂરાં સેળભેળ થઈ આ જે પ્રદેશ પર રાજ્ય કરે છે તેમાંથી એ બહાર નીકળી જાય અને એવા પ્રદેશની સરહદમાં આવી જાય કે જ્યાં આધ્યાત્મિક

મન અદૃશ્ય થઈ જઈને દેખાય છે માત્ર અતિમાનસિક વિ-જ્ઞાન. જ્યારે એકમાત્ર પ્રભુની આ ત્રીજી, અને પરમ સમર્થ, બેવડી એકતાને સાધક પ્રાપ્ત કરે છે ત્યારે જ યજ્ઞના સ્વામીના છૂપામાં છૂપા રહસ્યમય સ્વરૂપને પૂરેપૂરી પૂર્ણ રીતે પામવાની તે શરૂઆત કરે છે.

અચેતનતામાંથી ચેતનાના, જડમાંથી જીવના અને પાશવી પદાર્થમાંથી આત્માના પ્રાગટ્યના જેવું જ રહસ્ય છે વ્યક્તિત્વ વિનાના લાગતા વિશ્વની અંદર અસ્તિત્વ ધરાવતું વ્યક્તિત્વ; આ રહસ્યની પાછળ છુપાએલો છે સતતાના કોયડાનો ઉકેલ. અહીં એક બીજું, જોરદાર પ્રવાહવાળું દ્વૈત છે, પહેલી નજર જણાય તેના કરતાં તે વધારે વ્યાપક છે અને ધીમે ધીમે પ્રગટ થતી જતી શક્તિની લીલા માટેની એની જરૂરિયાત પણ એવી જ ઊંડી છે. એ શક્ય છે કે આ દ્વૈતના એક છેડે ઊભા રહેવાની અનુભૂતિ મેળવતો સાધક, પોતાના મનનું અનુસરણ કરે અને જુએ કે બધે જ એક મૂળભૂત અવ્યક્તિત્વ વ્યાપી રહેલું છે. પાર્થિવ જગતમાં વિકાસ સાધતો આત્મા પોતાના એ વિકાસની શરૂઆત કરે છે એક વિશાળ અને વ્યક્તિત્વ વિનાના અચિત્‌માંથી; પણ એમાંય છુપાઈ બેઠેલું એક અનંત આત્મતત્ત્વ આપણી આંતરદૃષ્ટિને દેખાય છે. એ આત્મતત્ત્વ સૌથી પહેલાં તો એક પરાધીન ચેતના અને વ્યક્તિત્વ તરીકે ફૂટવા માંડે છે અને તે પણ, બહુ બહુ તો, એક આડ-કથાના જેવું; પણ એ આડ-કથા સતત પુનરાવર્તન કર્યે જ જાય છે. પછી એ ' જીવન 'નો અનુભવ મેળવીને અને ' મન 'માંથી પસાર થઈને એક એવી અનંત, વ્યક્તિ-ત્વહીન અને નિરપેક્ષ અતિચેતનામાં પહોંચી જાય છે કે જ્યાં વ્યક્તિત્વ, માન-સિક ચેતના, પ્રાણ-ચેતના એ બધું જ એક મુક્તિદાયક વિસર્જનમાં, નિર્વાણમાં, ભળી જાય છે. સર્વગ્રાહી મુક્તિ અપાવતી એક સમર્થ શક્તિ તરીકે આ મૂળભૂત વ્યક્તિહીનતાનો તેને એક નીચલી કક્ષાએ પણ અનુભવ થાય છે; તે તેના જ્ઞાનને વ્યક્તિગત મનની સાંકડી મર્યાદાઓમાંથી, સંકલ્પશક્તિને અંગત ઇચ્છાઓની પકડમાંથી, તેના હૃદયને નાની, ક્ષણિક ઊર્મિઓનાં બંધનમાંથી, તેના પ્રાણને નાનાશા અંગત ચીલામાંથી, તેના આત્માને અહમ્‌માંથી મુક્ત કરી આપે છે અને તેમને પ્રશાંતતા, સમતા, વિશાળતા, વિશ્વમયતા અને અનંતતામાં ભળી જવા દે છે. કર્મયોગમાં તો તેના કેન્દ્રસ્થાને, લગભગ તેના મૂળાધાર તરીકે વ્યક્તિત્વની જરૂર પડે જ એમ લાગે ખરું, પણ, અહીં પણ વ્યક્તિહીનતા એ જ સીધામાં સીધી મુક્તિદાયક શક્તિ તરીકે જણાઈ આવે છે; એક વિશાળ અને અહમ્ વિનાની વ્યક્તિહીનતાનો આશરો લઈને જ એક મુક્ત કર્તા અને દિવ્ય સ્રષ્ટા થઈ શકાય છે. આ દ્વૈતના આ વ્યક્તિહીનતારૂપ

છેડાના અનુભવનો ધસારો એવો તો જોરદાર હોય છે કે ઋષિ-મુનિઓએ આ સાધનાને એકમાત્ર સાચી સાધના તરીકે અને અવ્યક્ત અતિચેતનાને સનાતન પ્રભુના એકમાત્ર સત્ય તરીકે જાહેર કર્યું હોય તો તેમાં જરાય નવાઈ પામવા જેવું નથી.

બીજે છેડે જતાં સાધકને જે અનુભૂતિ થાય છે તેનાથી, આપણા અંતરમાં ઊંડે ઊંડેથી ઊઠતી અને ખુદ આપણી પ્રાણશક્તિમાં આવી વસેલી અંતઃસ્ફુરણાની એ વાત પણ સાચી લાગે છે કે ચેતના, પ્રાણ અને આત્માની માફક વ્યક્તિત્વ એ પણ, આ વ્યક્તિહીન અનંતતામાં આવી ચડેલ કોઈ અલ્પ-જીવી મુસાફર નથી, પણ તેમાં તો સમગ્ર હયાતીનો અર્થ ભરેલો છે; એ વિશ્વ-શક્તિનું એક સુંદર પુષ્પ છે અને તેની અંદર તેના ધ્યેયની આગાહી, અને આ વિશ્વ જે શ્રમ લઈ રહ્યું છે તેની પાછળના તેના આશયનું સૂચન ભરેલું છે. સાધકમાં ગુહ્ય દૃષ્ટિ ખૂલતી જાય છે તેમ તેમ તેને જે છૂપી દુનિયાઓ દેખાતી જાય છે તેમાં ચેતના અને વ્યક્તિત્વનું બહુ મોટું સ્થાન હોય છે અને તેની કિંમત પણ સૌથી ઊંચી હોય છે; આ ગુહ્ય દૃષ્ટિથી જોતાં દેખાય છે કે ખુદ આ ભૌતિક જગતના જડ પદાર્થમાં રહેલી અચેતનતામાં એક છૂપી, સર્વવ્યાપી ચેતના ભરેલી છે, તેની નિર્જીવતા એક તરવરતા જીવનને સાચવી બેઠેલી છે, તેની યંત્રશી રચના એ તેમાં આવી વસેલી બુદ્ધિએ ઊભું કરેલું તંત્ર છે, પ્રભુ અને આત્મા સર્વત્ર વ્યાપી રહેલ છે. બધાની ઉપર એક અનંત સચેતન પરમપુરુષ ઊભેલ છે અને તેણે જ આ બધી દુનિયામાં વિવિધ રીતે પોતાની જાતને વ્યક્ત કરેલી છે; અવ્યક્તિતા એ તો તેને માટેનું માત્ર એક પહેલું સાધન જ છે. તત્ત્વો અને શક્તિઓનું એ એક ક્રીડાંગણ છે, આવિર્ભાવ માટેની એ એક સમતલ ભૂમિકા છે; પણ આ શક્તિઓ પુરુષમય સત્તાઓનો આશરો લઈને જ પોતાને પ્રગટ કરે છે, સચેતન આત્માઓ જ તેમને દોરે છે, અને તેમના આદિકારણરૂપ સચેતન પરમપુરુષની એ કિરણાવલિઓ જ છે. એકમાત્ર પરમપુરુષને વ્યક્ત કરતું એક અનેક-મુખી, અસંખ્ય, વ્યક્તિત્વ એ જ છે આ જગતનો સાચો અર્થ અને એકમાત્ર મુખ્ય હેતુ; અને જો અત્યારે આ વ્યક્તિત્વ બહુ જ સાંકડું, ટુકડા જેવું અને મર્યાદિત લાગે છે તો એનું કારણ એ જ કે હજી તે પોતાના આદિકારણ પ્રત્યે ખૂલ્યું નથી કે વિશ્વવ્યાપક અને અનંત પ્રભુને પોતાની અંદર ભરીને હજી તેણે દિવ્ય સત્ય અને સભરતાને ખીલવ્યાં નથી. હવે આ જગત નથી રહ્યું એક માયા, એક આકસ્મિક યંત્રણા, નહિ કરવા ધારેલો એક ખેલ, એક અર્થહીન પ્રવાહ, એ તો છે સચેતન, સજીવ, સનાતન પુરુષનું ગાઢ પ્રગતિ-પૂર.

એક જ સત્યને સામસામેના બે છેડેથી જોતાં આવા પ્રબળ વિરોધવાળા બે અનુભવો થાય છે એ સાચું, પણ તેથી કરીને પૂર્ણયોગના સાધકને કોઈ મૂળગામી મુશ્કેલી નહિ નડે, કારણકે તેની સમગ્ર અનુભૂતિએ તો તેને એમ જ દેખાડયું છે કે આ દ્વૈત અને તેના સામસામે વહેતા શક્તિપ્રવાહો એ, આ એકમાત્ર સત્યની, સત્તાની અંદર જે ભરેલું પડેલું છે તેને પ્રગટ કરવા માટે જરૂરી છે. વ્યક્તિત્વ અને અવ્યક્તિત્વ એ બે, એને માટે તો, આધ્યાત્મિક ઉડ્ડયન માટેની બે પાંખો જ છે અને તેને તો પહેલેથી જ દર્શન થઈ ગએલું છે કે એ પોતે એટલે સુધી ઊંચે ચડવાનો છે કે જ્યાં એ બેના સંયુક્ત કાર્યથી તેમની શક્તિઓ એકબીજામાં એકરૂપ થઈ જશે; સત્યને, પૂર્ણસત્યને એ તેની આગળ ખુલ્લું કરી આપશે અને પરમ પ્રભુની આદિ શક્તિને કાર્યધારામાં વહેતી મૂકી આપશે. એ દ્વૈતનું બેવડું સત્ય અને પરસ્પરને પૂર્ણ કરી આપતું કાર્ય તેણે તેમના મૂળ છેડાઓમાં જ માત્ર નહિ પણ તેના સમગ્ર કાર્ય–પ્રવાહમાં પણ અનુભવેલું છે. એક અવ્યક્ત પરમ સત્તા ઊર્ધ્વમાંથી તેની ઉપર ઝૂમી રહેલી છે કે તેની પ્રકૃતિમાં જોર–પૂર્વક ઊતરી આવીને તેનાં મનને, પ્રાણને અને તેના શરીરના ખુદ કોષોને ભરી દીધા છે, તેમને જ્ઞાનથી પ્રકાશિત કર્યા છે, તેની પોતાની સમક્ષ તેના પોતાના જ બધા ભાગને, છેક નીચેના ભાગને, પૂરેપૂરી છુપાએલી અને નહિ કલ્પેલી વૃત્તિઓને છતી કરી આપી છે, અને જે કાંઈ મૂળ અજ્ઞાનના કબજામાં હતું તેને ખુલ્લું કર્યું છે, વિશુદ્ધ કર્યું છે, તેને તોડી નાખ્યું છે કે તેનું પ્રકાશપૂર્ણ રૂપાંતર કરી નાખ્યું છે; એક પરમ શક્તિનો પ્રવાહ તેની અંદર વહી આવ્યો છે કે એક સમુદ્રની માફક તેની અંદર બધે જ ધસી જઈને તેની આખી જાતને, તેના બધા જ ભાગને ઓગાળી નાખીને, બદલીને, નવા ઘાટ આપીને, નવી રચના કરીને, તેમનું રૂપાંતર કરી નાખ્યું છે; એક પરમ આનંદે તેના ઉપર છાપો માર્યો છે અને તેને દેખાડી આપ્યું છે કે તે શોક અને યાતનાને અશક્ય બનાવી શકે છે અને દુઃખને પોતાને દિવ્ય સુખમાં પલટાવી શકે છે; એક પરમ પ્રેમે, નિઃસીમ પ્રેમે આવીને તેને સમગ્ર સૃષ્ટિ સાથે એક કરી દીધો છે, એક ગાઢ એકરૂપતા અને અવર્ણનીય મધુરતાની આખી દુનિયા તેની આગળ ખુલ્લી મૂકી દીધી છે અને ખુદ આ પાર્થિવ દુનિયાની અરાજકતાની વચ્ચે પણ પોતાનો પૂર્ણતા અને પરમાનંદનો કાયદો પરાણે પણ સ્થાપવાની શરૂઆત કરી દીધી છે; આધ્યાત્મિકતાના એક પરમ સત્ય અને પરમ અધિકારે આ અપૂર્ણતા કે જૂઠાણાંની દુનિયાનાં શુભ અને અશુભને સજા ફરમાવી દીધી છે અને એક પરમ શુભને ખુલ્લું

કરી આપ્યું છે, સૂક્ષ્મ સંવાદિતાની ચાવી શોધી આપી છે અને કર્મ, લાગણી અને જ્ઞાનનો ઊર્ધ્વ રાહ શરૂ કરી દીધો છે; પણ આ બધાં તત્ત્વોની પાછળ અને તેની અંદર પણ સાધકે એ પ્રભુને પણ જોયો જ છે કે જે પોતે આ બધું જ છે, જે પ્રકાશનો પાથરનાર છે, જે માર્ગ દેખાડનાર અને સર્વ કાંઈ જાણનાર છે, જે શક્તિનો સ્વામી અને પરમ સુખનો દાતા, જે મિત્ર અને મદદનીશ, જે પિતા અને માતા, સંસાર-રમતનો સાથી, સમગ્ર જાતનો એકમાત્ર માલિક, અને આત્માનો પ્રિયતમ પ્રેમી છે. માણસ એક વ્યક્તિ તરીકે જે કાંઈ સંબંધો જાણે છે એ બધા પ્રભુ સાથે આત્માના સંપર્કમાં મોજૂદ છે જ પણ તે ત્યાંથી ઊંચા ચડીને અતિમાનવતાની કક્ષા સુધી પહોંચવા માંડે છે અને સાધકને દિવ્ય પ્રકૃતિ તરફ ધકેલે છે.

સાધના તો છે પૂર્ણજ્ઞાનની, પૂર્ણશક્તિની, જે કાંઈ હયાત છે તેની પાછળ રહેલ સર્વ-સ્વરૂપ, અનંતના પૂરેપૂરા મિલનની, પૂર્ણયોગની. પૂર્ણ-યોગનો સાધક તો કોઈ પણ એક અનુભૂતિને કે પ્રભુના કોઈ પણ એક સ્વરૂપને એ સનાતન પ્રભુનું એકમાત્ર સત્ય ગણી ના શકે,– પછી માનવ-બુદ્ધિને માટે એ ગમે તેટલું ઊભરાવી દે તેવું, કે તેની ગ્રહણશક્તિ માટે પૂરતું, કે એકમાત્ર અંતિમ સત્ય તરીકે સહેલાઈથી સ્વીકારી શકાય તેવું, ભલેને હોય,– જો દિવ્ય “એકતા”ને પૂરેપૂરી, દૂર દૂરના સીમાડા સુધી અને પૂરેપૂરી તાકાતથી બાથમાં લેવી હોય, વધારે સમગ્રતાથી માપવી હોય તો દિવ્ય “અનેકતા”ની અનુ-ભૂતિને છેક છેવટ સુધી, પૂરેપૂરી પાર કરવી જ પડે. તેની સાધનામાં તો એકેશ્વરવાદ અને અનેકેશ્વરવાદ બંનેનો સમાવેશ થાય છે, પણ માનવ-બુદ્ધિ તેનો જે ઉપરછલ્લો અર્થ કરે છે તેને વટાવીને જઈને તે ઈશ્વરના ગુહ્ય સત્યને પકડે છે. ઝગડતા સંપ્રદાયો અને ઘોંઘાટ કરતાં તત્ત્વચિંતનો જેને શોધે છે તે તે જુએ છે અને સત્યના દરેક પાસાનો તેના સ્વ-સ્થાને સ્વીકાર કરે છે; પણ તેમની સંકુચિતતાનો અને ખામીઓનો અસ્વીકાર કરે છે અને જ્યાં સુધી તે બધાંનો સમન્વય કરતું એકમાત્ર પરમ સત્ય ના મળે ત્યાં સુધી અટકતો નથી. ભગવાનને માણસના જેવો જ કલ્પતા લોકોને કે માણસને ભગવાન ગણી તેમની પૂજા કરતા લોકોને ભલે બધા નીંદે પણ પૂર્ણયોગનો સાધક તેથી ડરશે નહિ કારણકે તેને ખબર છે કે એ બધા નીંદકો તો અજ્ઞાન અને ઉદ્ધત એવી તર્કવાદી બુદ્ધિના, પોતાના સાંકડા વાડામાં પોતાની જ આજુબાજુ ફર્યા કરતી, સત્યને છોલ્યા કરતી બુદ્ધિના, પૂર્વગ્રહો માત્ર છે. માણસો હાલમાં જે સંબંધો કેળવે છે તે બધા સાંકડા, વિકૃત અને અજ્ઞાન-ભર્યા છે એ સાચું, પણ છતાં એ બધા ભગવાનના જ કોઈ ને કોઈ

ભાગના વાંકાચૂકા પડછાયા છે; અને જ્યારે એ સંબંધોને તે ભગવાન તરફ વાળે છે ત્યારે સમજાય છે કે એ શેના પડછાયા છે અને જીવનમાં શેના આવિર્ભાવ માટે તેમને નીચે લાવવામાં આવ્યા છે. માણસ પોતે પોતાની જ જાતને વટાવી જાય અને પોતાની જાતને એક પરમ સભરતા પ્રત્યે ખુલ્લી કરી નાખે એ જ પ્રભુએ પોતાની જાતને અહીં પ્રગટ કરવાનો નક્કી કરેલો માર્ગ છે, કારણકે આધ્યાત્મિક ઉત્ક્રાંતિનો રસ્તો અને પ્રક્રિયા માત્ર એ જ રીતે આગળ વધી શકે તેમ છે; તેથી, દેવતાએ મનુષ્ય-શરીર ધારણ કર્યું હોય (मानुषीम् तनुम् आश्रितम्) તેટલા જ માટે સાધક તેને ધિક્કારશે નહિ, કે અવગણશે નહિ. માણસે ભગવાનને નાનો સરખો કલ્પેલો છે; સાધક એ કલ્પનાથી પર થઈ જઈને એકમાત્ર સનાતન પ્રભુને પહોંચશે પણ સાથે સાથે એ, દેવોમાં, એટલે કે પ્રભુની લીલામાં ટેકારૂપ પ્રભુનાં જ સ્વરૂપોમાં, પણ તેનાં જ દર્શન કરશે; વિભૂતિઓ, એટલે કે દેહધારી વિશ્વશક્તિઓ કે માનવજાતના નેતાઓમાં ઢંકાએલા પ્રભુને પકડી પાડશે; ગુરુમાં પણ એ તેને જ માન આપશે અને તેને જ આધીન થશે; અવતારમાં પણ તેને જ પૂજશે. સાધક જેની શોધ કરી રહ્યો છે તે વસ્તુ જેણે મેળવેલી હોય અથવા એ વસ્તુ સાથે જે એકરૂપ થઈ રહેલ હોય એવી કોઈ વ્યક્તિ જો સાધકને મળી જાય અને જો સાધક પોતે પોતાની જાતને તેના તરફ ખુલ્લી કરીને આવિર્ભાવ માટેના એક પાત્ર જેવી પોતાની જાતમાં તેને પ્રાપ્ત કરી શકે તો એ સાધકનું બહુ જ મોટું સદ્‌ભાગ્ય ગણાય. કારણકે પોતે કૃતાર્થ થઈ રહ્યો છે તેની એ બહુ જ સ્પષ્ટ નિશાની છે; જડ તત્ત્વમાં પ્રભુ ધીમે ધીમે અવતરણ કરી રહ્યો છે એ એક ગહન સત્ય છે, જડ સૃષ્ટિનો એ જ છૂપો અર્થ છે, પાર્થિવ જગતની એમાં જ સાર્થકતા છે, અને એ ગહન સત્ય પામીને સાધક કૃતાર્થ થઈ રહ્યો છે તેનો એ સ્પષ્ટ સંકેત છે.

યજ્ઞ જેમ આગળ વધે તેમ યજ્ઞનો સ્વામી પોતાનું સ્વરૂપ, આ પ્રમાણે, સાધક આગળ છતું કરતો જાય છે. કર્મનો એ સ્વામી, એ કુશળ કારીગર ગમે ત્યાંથી તેની શરૂઆત કરે અને ગમે તે સ્વરૂપ દ્વારા સાધકની અંદર કરવાનું કામ પોતાના હાથમાં લઈ લે છે તથા પોતાની હાજરી પ્રગટ કરવા માટે સાધકની ઉપર વધારે ને વધારે દબાણ કરતો જાય છે. તેનાં સર્વે સ્વરૂપો યોગ્ય સમયે પ્રગટ થાય છે, અલગ થાય છે, જોડાય છે, ભળી જાય છે, એકરૂપ થઈ જાય છે. અને છેવટે પ્રકાશી રહે છે એવું એ પરમ, સંપૂર્ણ સત્ય કે જે અજ્ઞાનનાં અંગરૂપ મન માટે અજ્ઞેય હોવા છતાં પણ જે અધ્યાત્મ-ચેતના અને અતિમાનસિક પરમ જ્ઞાનના પ્રકાશમાં સ્વયં-સચેતન

હોઈ જ્ઞેય છે.

* * *

ઉપર જણાવેલ એક સર્વોચ્ચ સત્ય કે એક સર્વોચ્ચ સત્તા, ચેતના, શક્તિ, આનંદ, પ્રેમ, એને બહાર લાવવું, પ્રગટ કરવું એ યજ્ઞનો સૌથી પહેલો હેતુ છે અને તેની અંતિમ સિદ્ધિની શરત પણ એ જ છે; આ સર્વોચ્ચ સત્ય એકસાથે વ્યક્તિરૂપ અને વ્યક્તિત્વ-હીન છે અને તેથી જ એ આપણી જાતનાં બંને પાસાંને આવરી લે છે, (આપણી જાતમાં પણ વ્યક્તિત્વ અને વ્યક્તિત્વહીન તત્ત્વો અને શક્તિઓનો એક ગૂંચવાડો જ રચાએલો છે ને ?). યજ્ઞની સિદ્ધિ એક જાતનું મિલન બની રહે છે, મિલન આપણી જાતનું અને જે આપણી દૃષ્ટિ સમક્ષ અને આપણી અનુભૂતિમાં સ્પષ્ટ થઈ ગયું છે એ "એ"નું. આ મિલનની ત્રણ વિશિષ્ટતા છે : વસ્તુમાત્રના, સારરૂપ, આધ્યાત્મિક તત્ત્વમાં તદ્રૂપ થવાથી થતું મિલન; સર્વોચ્ચ સત્તા અને ચેતનામાં આપણા આત્માના નિવાસરૂપ મિલન; અને એ "એ" અને આ આપણી કરણરૂપ જાત એ બેની વચ્ચે, પ્રકૃતિનાં સામ્ય કે એકરૂપતાનું, સતત વધતું રહેલું મિલન. આમાંનું પહેલું મિલન એટલે અજ્ઞાનમાંથી મુક્તિ અને સનાતન બ્રહ્મ સાથે તદ્રૂપતા, મોક્ષ, સાયુજ્ય મુક્તિ; આ છે જ્ઞાનયોગનું વિશિષ્ટ લક્ષ્ય. બીજું મિલન, એટલે કે આત્માનો પ્રભુ પાસે કે પ્રભુમાં નિવાસ એ છે સામિપ્ય, સાલોક્ય મુક્તિ,- બધા જ ભક્તિમાર્ગોની પ્રબળ ઝંખના. ત્રીજું મિલન, એટલે કે પ્રકૃતિની એકરૂપતા, પ્રભુ સાથે સામ્ય, "એ"ની પૂર્ણતા જેટલી જ પૂર્ણતાની પ્રાપ્તિ એ છે સાધર્મ્ય મુક્તિ,- શક્તિ અને સંપૂર્ણતાના યોગમાર્ગોનું, દિવ્ય કર્મ અને સેવાના માર્ગોનું ઉચ્ચ ધ્યેય. પોતાને પ્રગટ કરી રહેલ પ્રભુ સાથેની અનેકમુખી એકતાના પાયા પર રચાએલ, ત્રણે ય મિલનની સંયુક્ત સંપૂર્ણતા એ છે પૂર્ણયોગની પૂર્ણસિદ્ધિ, તેના ત્રિમાર્ગનું લક્ષ્ય અને તેના ત્રિમુખી યજ્ઞનું ફળ.

તદ્રૂપતાથી થતા મિલનને પરિણામે, આપણી જાતના ઘટકરૂપ પદાર્થ પેલા પરમ આત્મ-પદાર્થમાં, આપણી ચેતના પરમ દિવ્ય ચેતનામાં, અને આપણી આત્મસ્થિતિ આધ્યાત્મિક પરમાનંદની મસ્તીમાં કે સત્યના શાંત, સનાતન સુખમાં મુક્ત બની જાય, પલટો પામી જાય; વળી પ્રભુના એ ઝળહળતા ધામમાં આપણો નિવાસ એવો તો પાકો થઈ જાય કે ન તો એમાંથી આપણે કદી દેશનિકાલ થઈએ કે ન તો કદીય આ અંધકાર અને અજ્ઞાનભરી ચેતનામાં પાછા પટકાઈ પડીએ; અને આપણો આત્મા, પોતાની એ પ્રકાશ અને આનંદ અને સ્વતંત્રતા અને એકતાની દુનિયામાં મક્કમતાથી

મુક્તવિહાર કર્યા કરે. અને આ બધું કાંઈ કોઈ પારલૌકિક દુનિયામાં જ સિદ્ધ કરવાનું નથી પણ આ ઐહિક દુનિયામાં પણ શોધીને હાથ કરવાનું છે; એટલે આ બધું માત્ર એક અવતરણ દ્વારા, દિવ્ય સત્યને નીચે લાવી આપીને, આત્માની નીજી દુનિયારૂપ પ્રકાશ, આનંદ, મુક્તિ અને એકતાને અહીં, નીચે, સ્થાપી આપવાથી શક્ય બનવાનું છે. માત્ર આપણા આત્માને જ નહિ પણ કરણરૂપ આપણી આ જાતનું પણ મિલન સિદ્ધ કરીને આપણી આ અપૂર્ણ પ્રકૃતિને દિવ્ય પ્રકૃતિના જ આબેહૂબ સ્વરૂપમાં પલટી નાખવાની છે; કરણરૂપ આપણી જાતે અજ્ઞાનની આ અંધ, વિકૃત, અપંગ, બેસૂર, ગતિઓને દેશવટો દઈને પ્રકાશ, શાંતિ, આનંદ, સંવાદ, વિશ્વરૂપતા, પ્રભુતા, પવિત્રતા, પૂર્ણતાના વારસાને હાથ કરવાનો જ છે; એણે પલટો લઈને દિવ્ય જ્ઞાનને ધારણ કરતું પાત્ર બનવાનું છે, દિવ્ય સંકલ્પશક્તિ અને સામર્થ્યનું કરણ બનવાનું છે, દિવ્ય પ્રેમ, આનંદ અને સૌંદર્યનું વાહન બનવાનું છે,– બનવાનું જ છે. એ છે આ જ રૂપાંતર, આપણે જે કાંઈ છીએ કે જણાઈએ છીએ તેનું પૂર્ણ રૂપાંતર, કાળના રાજ્યમાં વસતી આ સાંત જાતના સનાતન અને અનંત સાથેના મિલન દ્વારા,– યોગ દ્વારા – પાર પાડવાનું પૂર્ણ રૂપાંતર.

આ બધી એક અતિ મુશ્કેલ સિદ્ધિ છે અને તે એક જબરજસ્ત પલટા વિના, આપણી ચેતનાને પૂરેપૂરી ઊલટાવ્યા વિના, પ્રકૃતિની એક અતિ-અસામાન્ય અને સંપૂર્ણ નવરચના કર્યા વિના શક્ય ના જ બને. આખી જ જાતને ઊંચે ચડાવવાનું અનિવાર્ય છે. અહીં બંધાએલા, પોતાનાં જ સાધનો અને સંજોગોની બેડીથી જકડાએલા આત્માને ઊંચે, મુક્ત અને નર્યા આત્મ-પ્રદેશમાં ચડાવવાનું, પુરુષને કોઈ આનંદમય અતિપુરુષ પ્રત્યે ચડાવવાનું, મનને કોઈ એક અતિમનસ પ્રત્યે, પ્રાણને કોઈ અતિવિશાળ અતિપ્રાણ પ્રત્યે, અને ખુદ આપણી આ શારીરિકતાને કોઈ શુદ્ધ, મુલાયમ આત્મપદાર્થનાં તેનાં મૂળ સાથે મેળવી આપવાને ઊંચે ચડાવવાનું અનિવાર્ય છે. અને આ ચઢાણ એટલે એક-સપાટાની કોઈ ચીલઝડપ નહિ પણ વેદમાં જણાવેલ યત્નની ઊર્ધ્વ-ગતિ છે. તેમાં તો એક પછી એક શિખર સર કરતાં જવાનાં છે; દરેક શિખર સર કર્યા પછી હજી ચડવાનાં હજી ય વધારે કપરાં શિખર એક પછી એક દેખાયે જ જાય છે. પણ ચઢાણની સાથે સાથે ઊતરાણ પણ કરવાનું જ છે; ઊંચે ચડી જે કાંઈ મેળવીએ તેને નીચે સ્થાપતા જવાનું છે; દરેક શિખર સર કર્યા પછી ત્યાંની શક્તિ અને પ્રકાશને નીચી અને નાશવંત ગતિઓમાં ઊતારવા રોકાવાનું છે; ઊર્ધ્વમાં, કાયમ ઝળહળતા પરમ પ્રકાશની શોધ અને નીચે, દરેક અંગમાં, (અવચેતન પ્રકૃતિની ઊંડામાં ઊંડી ગુફાઓમાં પણ)

એ જ પરમ પ્રકાશને, ત્યાં તેના છૂપા નિવાસમાંથી છૂટો કરી આપવાનું કામ એ બંને સાથે સાથે કરવાનાં છે. ઊર્ધ્વમાં આરોહણની આ યાત્રા અને નીચે આવી રૂપાંતર માટે કરવાની આ મથામણ એ તો ખસૂસ એક યુદ્ધ જ છે કે જેમાં આપણે આપણી જ જાત સામે અને વિરોધ કરનારી શક્તિઓ સામે લડયે જ જવાનું છે. અને લડતાં લડતાં એમ પણ લાગે કે આ યુદ્ધ કદીય પૂરું જ નહિ થાય કે શું ! કારણકે આપણો જૂનો સમગ્ર સ્વભાવ, એ અંધ અને અજ્ઞાન સ્વભાવ, આ રૂપાંતર કરનાર સ્પર્શનો વારંવાર અને જીદ કરીને વિરોધ કર્યા જ કરશે; અને તેની આ ઢીલાશ અને ના-મરજીમાં કે તેના ઉગ્ર વિરોધમાં તેને આજુબાજુની વિશ્વવ્યાપી પ્રકૃતિમાં ઘર કરી બેઠેલી, મોટા ભાગની શક્તિઓ સાથ આપ્યા કરવાની; નર્યા અજ્ઞાનનાં રાજકર્તાઓ જેવાં બળો અને તત્ત્વો કાંઈ પોતાનું સામ્રાજ્ય એમ સહેલાઈથી નહિ છોડે.

શરૂઆતમાં એક ઘણો લાંબો, અને તે પણ કંટાળા ભરેલો અને ત્રાસદાયક ગાળો પસાર કરવો પડે પણ ખરો. આ ગાળો આપણી સમગ્ર જાતને એટલે સુધી પાકી અને પવિત્ર કરવાનો હોય કે તે વિશાળ સત્ય અને પ્રકાશ પ્રત્યે કે પ્રભુના સાન્નિધ્ય કે સ્પર્શ પ્રત્યે ખુલ્લી થવા માટે તૈયાર થાય, લાયક બને. આપણી જાતનું કેન્દ્ર તૈયાર થાય, લાયક બને કે ખુલ્લું પણ થઈ જાય છતાં ય આપણાં મન, પ્રાણ અને શરીરની સર્વ ઝરણીઓ, આપણા વ્યક્તિત્વનાં અનેકવિધ અને ઝગડતાં અંગો, અને તત્ત્વો સહમત થાય અને સહમત થયા પછી પણ રૂપાંતરની કઠણ અને પ્રખર પ્રક્રિયાને સહન કરવાની શક્તિ કેળવે તેમાં ઘણો લાંબો ગાળો પસાર થાય છે. અને આપણી અંદર બધું જ રાજીખુશીથી તૈયાર થાય તે પછી પણ એક સહુથી વધારે મુશ્કેલ સંગ્રામ ખેડવાનો બાકી રહી રહે છે; તે છે, અત્યારના આ હાલમડોલ જગત સાથે જડાએલ વિશ્વવ્યાપી શક્તિઓ સામેનો સંગ્રામ. આ શક્તિઓ એક જાતના, ઝળહળતા અજ્ઞાનને માટે કદાચ જલદી સંમતિ આપે; પણ પ્રભુના પરમ સત્યની સંપૂર્ણ સભરતાપૂર્વક આપણી અંદર સ્થાપના કરવા માટે આપણે જ્યારે આખરી અતિ માનસિક પલટાનું અને ચેતનાની અવળામાંથી સવળી ગતિનું કાર્ય શરૂ કરીએ ત્યારે તો આ સંગ્રામ શરૂ થાય છે જ.

અને તેથી જ જે આપણાથી પર છે એ "અ"ને શરણે જવાની અને તેને સોંપણી કરી દેવાની જરૂર અનિવાર્ય છે; તેમ કરવાથી જ તેની પરમ શક્તિ પોતાનું કાર્ય પૂરેપૂરું અને વિના અટકાયતે કરી શકે. આ સોંપણી જેમ વધતી જાય તેમ યજ્ઞનું કાર્ય સરળ અને સબળ થતું જાય

છે; અને વિરોધી બળોની અટકાયતો શક્તિહીન, આવેગહીન અને સત્ત્વહીન થતી જાય છે. જે બાબત આજે આપણને મુશ્કેલ કે અસાધ્ય લાગે છે તેને માત્ર શક્ય જ નહિ પણ ખાતરીબંધ સાબૂત કરી નાખવામાં બે આંતરિક ફેરફારો ખૂબ જ મદદરૂપ થઈ પડે છે. મનની ચંચળતા, પ્રાણના આવેગોની ડામાડોળતા અને શારીરિક ચેતનાની અંધકારમયતા આ ત્રણ બાબતોનાં ગોટાળિયાં મિશ્રણને આપણે "આપણી જાત" કહીએ છીએ; પણ એ જેને ઢાંકી બેઠેલાં છે તેવો એક અતિગુહ્ય અંતરાત્મા અંદરથી આગળ આવવા માંડે એ છે પહેલી મદદ. અને બીજી મદદ આના જ પરિણામરૂપ છે; એ છે: પ્રભુના સાન્નિધ્યનો તેમ જ તેના મુક્તિદાયક પ્રકાશ અને કાર્યસાધક શક્તિનો આપણા કેન્દ્રમાં વધારે સરળતાથી થતો વિકાસ અને ત્યાંથી, આપણી પ્રકૃતિના સચેતન અને અવચેતન એવા સર્વ ભાગોમાં થતું તેનું પ્રસારણ. આપણો પલટો પાર પડી રહ્યો છે અને આપણી પરમ શોધને આપણે વરી ચૂક્યા છીએ તેની, અને આપણા યજ્ઞનો પ્રભુએ કાયમ માટે સ્વીકાર કરી લીધો છે તેની, એમ બે બાબતોની, આ બે નિશાનીઓ છે.

પ્રકરણ : ૫

# યજ્ઞનો ઊર્ધ્વ પથ (૧)

## જ્ઞાન માટેનાં કર્મો અને ચૈત્ય પુરુષ

આમ, આપણે જેને માટે યજ્ઞ કરીએ છીએ એ પરમ અને અનંત પ્રભુમાં પૂર્ણજ્ઞાનનાં મૂળતત્ત્વો આપણે જોયાં; અને કર્મની આહુતિવાળા તેમ જ પ્રેમ અને ભક્તિની આહુતિવાળા એમ એ ત્રણ પાસાંવાળા યજ્ઞનું સ્વરૂપ પણ આપણે જોયું. પાસાં ત્રણ, પણ યજ્ઞ એક જ છે; કારણકે આપણે જ્યારે કર્મની આહુતિની વાત કરીએ છીએ ત્યારે કાંઈ માત્ર બાહ્ય કર્મ જ નહિ પણ આપણી અંદર જે કાંઈ સક્રિય છે, જે કાંઈ પ્રવૃત્તિશીલ છે તે બધું જ અર્પણ કરવાની વાત કરીએ છીએ; યજ્ઞની વેદીમાં જો બાહ્યકર્મો હોમવાનાં છે તો આપણી આંતરિક પ્રવૃત્તિઓ પણ કાંઈ બાકી રાખવાની નથી. યજ્ઞરૂપે કરેલાં કર્મનું હાર્દ છે: આપણી જાતને નિયંત્રિત અને પૂર્ણ કરવાની મહેનત, કે જેને પરિણામે, આપણાં મન, હૃદય, સંકલ્પશક્તિ, ઇન્દ્રિયો, પ્રાણ, શરીર એ બધાંની સર્વ ગતિઓમાં જે એક પરમ પ્રકાશ ઊર્ધ્વમાંથી રેડાઈ રહ્યો છે તેના પ્રત્યે જાગ્રત થવાની અને તેનાથી પ્રકાશિત થવાની આશા બંધાય. દિવ્ય ચેતનાનો એ પ્રકાશ વધતાં વધતાં છેવટે આપણને આપણી ખૂબ ઊંડી જાતમાં, અને આપણાં આધ્યાત્મિક સત્ત્વમાં, વિશ્વ-યજ્ઞના સ્વામી, પરમ પ્રભુનું સાન્નિધ્ય આપે છે અને તેનામય બનાવી દે છે (અને વેદાન્તે આને જ જીવનનું ઉચ્ચતમ ધ્યેય ગણેલું છે); પણ, એનાથીય આગળ વધીને, વેદના ઋષિઓએ પોતાની સાંકેતિક ભાષામાં યજ્ઞના પ્રતીકનો જે ગૂઢ અર્થ કરેલો છે તે પ્રમાણે, આપણી પ્રકૃતિને પ્રભુ જેવી બનાવીને આપણી બાહ્ય જાતને પણ તેની સાથે એકરૂપ બનાવી દે છે.

પણ, પૂર્ણયોગ માનસિકમાંથી આધ્યાત્મિક જાતની જે ઝડપી ઉત્ક્રાંતિ કરવાનો ઇરાદો રાખે છે તે ઉત્ક્રાંતિનો પ્રકાર જો આવો જ હોય તો પછી, બહુ જ મૂંઝવતો છતાં ખૂબ જ અગત્યનો એક સવાલ ઊભો થાય છે: આપણો માનવ-સ્વભાવ હજી સુધી તો બદલાએલો નથી; તેથી આપણે પ્રવૃત્તિઓ પણ તેના જ મેળમાં કરીએ છીએ; તો, એ સંજોગોમાં આપણું

જીવન અને કર્મો કેવાં હોય? યોગનાં ધ્યેય તરીકે આપણે એક ઊર્ધ્વ વિશાળ ચેતનામાં આરોહણ કરવાનું અને તેની શક્તિ વડે આપણાં મન, પ્રાણ અને શરીરને ભરી દેવાનું મોટું ધ્યેય તો સ્વીકાર્યું છે; સાથે સાથે આપણે બીજા કોઈ પારલૌકિક નહિ પણ આ ઐહિક જીવનનો જ આત્માની કર્મધારા માટે સ્વીકાર કર્યો છે; આપણાં બાહ્ય કરણો અને પ્રકૃતિનો ત્યાગ કે નાશ નહિ પણ તેમનાં રૂપાંતરનો સ્વીકાર કર્યો છે; તો પછી, આપણી જે હાલની આ પ્રવૃત્તિઓ,-જ્ઞાન મેળવવાની અને તેને વ્યક્ત કરવાની માનસિક પ્રવૃત્તિઓ, ઊર્મિઓથી ભરેલી અને ઇન્દ્રિયો દ્વારા થતી પ્રવૃત્તિઓ, બાહ્ય આચરણની, સર્જનની, ઉત્પાદનની પ્રવૃત્તિઓ, મનુષ્યો, વસ્તુઓ, દુનિયા, પ્રવૃત્તિ અને પ્રાકૃતિક બળો એ બધાં પર પ્રભુત્વ મેળવવાની સંકલ્પભરી પ્રવૃત્તિઓ, એ બધાંનું શું? શું એ બધી ફેંકી દેવાની છે અને તેમની જગ્યાએ એવી બીજી પ્રવૃત્તિઓ હાથ ધરવાની છે કે જેમાં આધ્યાત્મિક બનેલી ચેતના સાચી રીતે વ્યક્ત થાય? કે પછી બાહ્ય રીતે તો તેમને તે જ પ્રમાણે ચાલુ રાખવાની છે પણ અંદરથી, આત્માના, કાર્ય વડે તેમનું રૂપાંતર કરવાનું છે? કે પછી પશુમાંથી માણસ જ્યારે ઉત્ક્રાંત થયો ત્યારે એણે જેમ પ્રાણીઓની પ્રવૃત્તિઓમાં તર્ક, માનસિક સંકલ્પ, વિશુદ્ધ ઊર્મિઓ, યોજનાબદ્ધ બુદ્ધિ વગેરે દાખલ કરીને તેમને મનોમય બનાવવા, વધારે વ્યાપક કરવા તથા નવા આકાર આપવા માટે સ્વીકારી તેમ તેમનો સ્વીકાર કરીને, તેમાં નવી ચેતના દાખલ કરીને, તેમને વધારે વ્યાપક કરવા છે અને તેમને નવા આકારમાં મૂકી આપવાની છે? કે પછી તેમાંની કેટલીક છોડી દઈને, જે આધ્યાત્મિક પલટાને સહન કરી શકે તેવી હોય તેમને સ્વીકારવાની છે અને બાકીની પ્રવૃત્તિઓ માટે તો, એક એવી નવી જિંદગી ઊભી કરવાની છે કે જે પોતાની પ્રેરણા અને વેગ તો અંદરથી, મુક્તાત્માની એકતા, વિશાળતા, શાંતિ, આનંદ, સંવાદ એ બધાંમાંથી મેળવે જ, પણ બાહ્ય રીતે પણ તેમને જ વ્યક્ત કરે? યોગસાધનાની લાંબી મજલ દરમિયાન જેમણે જેમણે, માનવજીવનમાંથી દિવ્ય જીવનના માર્ગો શોધી કાઢવા પ્રયત્ન કર્યો છે તે બધાને આ જ પ્રશ્ન ઉપર સૌથી વધારે માથાકૂટ કરવી પડી છે.

પરિણામે, કોઈએ જીવન અને કર્મોનો સંપૂર્ણ ત્યાગ કરવાની અને છૂટકો ના હોય તેટલું જ સ્વીકારવાની વાત કરી છે, તો કોઈએ વળી જેવું છે તેવું બધું જ જીવન સ્વીકારવાની, પણ તેનાં બધાં કાર્યોની પાછળ, તેમને ચેતનવંત બનાવતી અને ઊંચે લઈ જતી નવી ભાવના દાખલ કરવાની, અને તેથી બાહ્ય રીતે તેમને તેવાં ને તેવાં જ રાખવા છતાં તેની પાછળની

ભાવના અને તેની આંતરિક કિંમત બદલી નાખવાની વાત કરી છે. અને આ બેની વચ્ચે દરેક જાતના અંતરિયાળ ઉકેલ પણ રજૂ થયા છે. દુનિયાદારીથી દૂર રહેતા સંન્યાસીઓએ કે અંતરમુખ બનેલા આનંદપ્રિય અને અંતરમાં જ ડૂલ થઈ જનારા ગૂઢપંથીઓએ સ્વીકારેલો છેલ્લા પાટલાનો રસ્તો એવો છે કે તેનો પૂર્ણયોગના ધ્યેય સાથે સ્વાભાવિક રીતે જ મેળ મળી ના શકે; કારણકે જો આપણે ભગવાનને આ દુનિયામાં જ સાક્ષાત કરવો હોય તો દુન્યવી કર્મોનો અને કર્મમાત્રનો સમૂળો ત્યાગ કરવાથી એમ ના જ થઈ શકે. જૂના વખતના ધાર્મિક ચિંતકોએ જરા સમાધાનભરી એ વાત કરી કે જે કર્મો પોતે જ પ્રભુ–પ્રાપ્તિ અને પ્રભુસેવા માટેનાં હોય અગર પોતાના પંથના ભાગ તરીકે હોય કે તેની સાથે સંકળાએલાં હોય તે કર્મો કરવાં; વધારામાં, સામાન્ય જીવન અંગેનાં જે કર્મો કર્યા સિવાય છૂટકો જ ના હોય તે કરવાં ખરાં પણ તે ધાર્મિક ભાવનાથી અને ધાર્મિક રૂઢિ કે શાસ્ત્રોની આજ્ઞા પ્રમાણે કરવાં. પણ જો કર્મોને સાચી ભાવનાથી પૂરેપૂરાં ભરવાનો હેતુ હોય તો આ નિયમ વધારે પડતો બંધાઈ ગએલો જણાય છે; વળી, આવા સંપ્રદાયોનું અંતિમ ધ્યેય તો એકમાત્ર પારલૌકિક જીવન જ રહેલું છે એટલે આ ઐહિક જીવનનો ગાળો પસાર કરવાના એક કામચલાઉ ઉકેલ તરીકે જ તેમણે આ નિયમ જાહેર કરેલો છે. પૂર્ણયોગ તો, તેના કરતાં, ગીતાએ જણાવેલ વધારે વ્યાપક એવો એ નિયમ સ્વીકારે કે ખુદ મુક્તાત્માઓએ, પરમ સત્યમાં નિવાસ પ્રાપ્ત કર્યો હોય છતાં પણ જીવનનાં કર્મો કર્યે જ જવાં જોઈએ કે જેથી કરીને પ્રભુના છૂપા સંચાલન નીચે ચાલી રહેલ વિશ્વવિકાસની યોજના ઢીલી ના પડે કે તેને આંચ ના આવે. પણ જો, અત્યારે અજ્ઞાનના સામ્રાજ્યમાં જે જાતનાં કર્મો જે રસ્તે થઈ રહ્યાં છે તે જાતનાં કર્મો તે જ રસ્તે આપણે કરવાનાં હોય તો આપણને માત્ર આંતરિક લાભ થશે, જ્યારે આપણું જીવન તો એવું ડામાડોળ અને ગૂંચવાએલ થઈ જવાનો ભય રહેશે કે જેમાં અંતરમાં પ્રકાશ અને બહાર અર્ધ–પ્રકાશ જેવું બની રહેશે, જેમાં પરિપૂર્ણ આત્માને, પોતાની દિવ્ય પ્રકૃતિમાં જેનું સ્થાન જ નથી એવા અપૂર્ણ ઢાળાઓમાં વ્યક્ત થવું પડશે. જો આ પરિસ્થિતિ ટાળી શકાય તેમ ના હોય (અને બહુ જ લાંબા, વચગાળાના, સમયમાં આવું બને જ છે) તો જ્યાં સુધી પરિસ્થિતિ સુધરે નહિ અને શારીરિક જીવન અને બહારની દુનિયા ઉપર પોતાની જ રીત-રસમ લાદી શકાય એટલો સમર્થ આત્મા પોતે બને નહિ ત્યાં સુધી, જરૂર, આમ જ બન્યા કરે; પણ એ માત્ર એક વચગાળા તરીકે, અને નહિ કે

આત્માના આદર્શ તરીકે કે યાત્રાના અંતિમ ધ્યેય તરીકે.

અને, આ જ કારણથી, નૈતિક ઉકેલ પણ અધૂરો જ રહે છે; કારણકે નૈતિક નિયમથી પ્રકૃતિના જંગલી ઘોડાના મોઢામાં, જરૂર ચોકઠું ચડાવી શકાય છે અને મહામુશ્કેલીએ તેને થોડોઘણો કાબૂમાં પણ રાખી શકાય છે; પણ તેનામાં પ્રકૃતિનું એવું રૂપાંતર કરવાનું સામર્થ્ય નથી કે જેથી કરીને દિવ્ય આત્મજ્ઞાનમાંથી મળતી સહજ પ્રેરણાઓને પાર પાડવા એ પૂરેપૂરી આઝાદીથી આગળ ધપ્યા કરે. નૈતિક પદ્ધતિ એવી છે કે એથી બહુ બહુ તો મર્યાદાઓ બાંધી શકાય છે, શયતાનનું દમન કરી શકાય છે, સલામતીને ખાતર આપણી આજુબાજુ કામચલાઉ અને ઢીલીપોચી દીવાલ બાંધી શકાય છે. સામાન્ય જીવનમાં, અને યોગમાં પણ, પોતાના સંરક્ષણ માટે આ કે આવી જ જાતની કોઈ બીજી સલામતીની કોઈક વાર જરૂર પડે પણ ખરી, પણ આવી જરૂર એ યોગમાં તો એક વચગાળાની નિશાની જ ગણાય. આપણી આંખ આગળ ધ્યેય તરીકે છે પાયા સુધી પહોંચેલું એક રૂપાંતર, આધ્યાત્મિક જીવનની એક શુદ્ધ વિશાળતા; અને જો આપણે આ ધ્યેય પાર પાડવું જ હોય તો આપણે એક વધારે ઊંડો ઉકેલ, નીતિથી પર એવું એક પ્રબળ પરમતત્ત્વ, શોધવું જ રહ્યું. ધાર્મિક રીતનો સામાન્ય ઉકેલ છે : અંતરમાં આધ્યાત્મિકતા, બાહ્ય જીવનમાં નૈતિકતા. પણ આ તો એક બાંધછોડ છે. પણ આપણી સાધનાનું સાધ્ય છે : અંદરની જાત અને બહારનું જીવન એ બંનેનું અધ્યાત્મીકરણ, અને નહિ કે જીવન અને આત્મા વચ્ચે કોઈ બાંધછોડ. માણસજાત વસ્તુઓની કિંમત આંકવામાં ગોટાળો કરી મૂકે છે; આધ્યાત્મિકતા અને નૈતિકતાની વચ્ચેનો ભેદ ભૂંસી નાખે છે એટલું જ નહિ પણ એમ પણ બેધડક કહે છે કે નીતિ એ જ આપણી પ્રકૃતિમાંનું એકમાત્ર સાચું આધ્યાત્મિક તત્ત્વ છે; પણ આમ માનવાથી કાંઈ લાભ નથી; કારણકે નીતિ એ એક જાતનો માનસિક સંયમ છે, અને ભૂલનો ભોગ બનતું મર્યાદિત મન એ, સદા-સર્વદા પ્રકાશમય અને નિઃસીમ એવો આત્મા નથી જ, અને ના જ હોઈ શકે. જે મત જીવવું એને જ એકમાત્ર ધ્યેય ગણીને તેનાં, જેવાં અને તેવાં અંગોનો સ્વીકાર કરે છે અને ભાંગી-તૂટી કે ભૂલ ભરેલી આધ્યાત્મિકતાના પ્રકાશથી તેને ઢાંસવાનું કે શણગારવાનું કરે છે એ મતનો પણ સ્વીકાર ના જ થઈ શકે. ઘણી ય વાર પ્રાણ અને આત્મતત્ત્વનું કજોડું કરવાના પણ પ્રયત્ન થાય છે; અંતરમાં કોઈ ગૂઢ અનુભૂતિ હોય અને બહાર, કાં તો, એવી રસતરબોળ બુદ્ધિવાળી, ઇન્દ્રિય-પ્રધાન અપવિત્રતા હોય કે, એવી ઉચ્ચ સુખ-પ્રિયતા હોય કે જે પેલી ગૂઢ

અનુભૂતિનો આધાર લઈને એવો ઝળકતો સંતોષ માનતી હોય કે તેને એનો ટેકો છે. આવાં કજોડાં પણ ના ચલાવી લેવાય. કારણકે એ ખતરનાક હોય છે અને કદીય સફળ સમાધાન સાધી નથી શકતાં; વળી, પેલાં પવિત્ર-પંથી સમાધાનોની માફક આ સમાધાનો પણ પ્રભુનાં પરમ સત્ય, અને તેની પૂર્ણતાથી ઘણાં ઘણાં દૂર હોય છે. ભૂલને પાત્ર માણસજાતનું મન એક બાજુ ઊંચા, આધ્યાત્મિક શિખરો અને બીજી બાજુ સામાન્ય મન અને પ્રાણના તળેટીશા પ્રદેશો એ બે વચ્ચે સંબંધ બાંધવાનાં ફાંફાં મારે છે, તેમાં એ જે ઠોકરો ખાય છે તેનાં પરિણામે એ આવા આવા ઊકેલો રજૂ કરે છે. એ બધામાં જે થોડુંઘણું પણ સત્ય છુપાઈ બેઠું હોય તેનો સ્વીકાર તો ત્યારે જ થઈ શકે કે જ્યારે એને આધ્યાત્મિકતાના પ્રદેશ સુધી ઊંચે ચડાવી શકાય, ઉચ્ચોચ્ચ ઋતુ–ચેતનાની કસોટીમાંથી પસાર કરી શકાય અને અસલ–અજ્ઞાનની માટી અને અશુદ્ધિમાંથી બહાર કાઢી શકાય.

એટલે કે, ટૂંકમાં એમ જરૂર કહી શકાય કે જ્યાં સુધી વસ્તુઓના બાહ્ય દેખાવોને પોતપોતાના સ્થાને ગોઠવી આપનાર તેમ જ તેમના આંતરિક સત્ત્વને અને તેમાં જે કાંઈ સીધું જ આધ્યાત્મિક સત્ત્વમાંથી ઊતરી આવેલું છે તેને, છતું કરી આપનાર અતિમાનસિક ઋત–ચેતના પ્રાપ્ત ના થાય ત્યાં સુધી બધા ઉકેલ માત્ર કામચલાઉ જ રહેવાના. તે દરમિયાન, એટલે કે જ્યાં સુધી આ પરમ ઋત–ચેતનાને આપણી ઉપર સીધેસીધો જ પ્રાપ્ત ના કરી શકીએ અથવા તે આપણી અંદર જન્મ ના પામે ત્યાં સુધી સલામત રસ્તો માત્ર એ જ કે આપણે આધ્યાત્મિક અનુભૂતિરૂપ માર્ગદર્શક ધર્મ શોધી કાઢવો અથવા તો, આપણને દોરવાની જેનામાં શક્તિ છે તે અંતરના પ્રકાશને અંદરથી મુક્ત કરવો. કારણકે આપણી અંદર જે કાંઈ બહિર્મુખ છે, જે કાંઈ આધ્યાત્મિક સમજ કે દૃષ્ટિ સિવાયનું છે એટલે કે બુદ્ધિના બાંધેલા નિયમો, મતો, નિર્ણયો, પ્રાણશક્તિનાં સૂચનો કે ચઢ-વણીઓ, શરીરની સ્પષ્ટ જરૂરિયાતો એ બધું કેટલીક વાર એવું ખોટા પ્રકાશ જેવું હોય છે કે જે બહુ બહુ તો આપણને થોડી વાર કે થોડા રસ્તે દોરી શકે છે અને પછી આપણને રોકી રાખે છે કે ગૂંચવી નાખે છે. આપણને દોરનાર ધર્મ એટલે કે આધ્યાત્મિક અનુભૂતિરૂપ એક જાતનો કાયદો, આપણને માત્ર ત્યારે જ મળી શકે કે જ્યારે માનવચેતના પ્રભુની પરમ ચેતના પ્રત્યે ખુલ્લી થાય; પ્રભુની દિવ્ય શક્તિની અતિ પ્રબળ હાજરી અને તેનું કાર્ય અને તેની આજ્ઞાઓને ધારણ કરવા જેટલી આપણામાં તાકાત હોવી જોઈએ અને તેના કબજામાં આપણી જાતને સોંપી દેવાની તૈયારી હોવી જોઈએ;

માર્ગદર્શન મેળવી આપનાર છે આ સોંપણી અને આ કબજો. પણ જ્યાં સુધી ભ્રામક અનુભવોના હાથમાં આપણને ફસાવી પણ દે તેવી બૌદ્ધિક ગ્રંથિઓ અને પ્રાણના આવેગો અને અહમ્‌ની અટવણીઓના ઘેરામાં જ આપણે પડેલા હોઈએ ત્યાં સુધી આપણી સોંપણી પાકે પાયે નથી હોતી અને માર્ગદર્શનની ખાતરી પણ સો ટકા નથી હોતી. ફસાઈ જવાના આ જોખમનો સામનો કરવાનો એક જ ઉપાય છે; આપણી અંદર ખૂબ ઊંડે જે અંતરાત્મા, ચૈત્ય પુરુષ (જે સામાન્ય રીતે, સક્રિય થવા વિના અને પાછો, પોતાના નેવુ ટકા ભાગ તો છુપાવીને જ બેઠેલો છે) તેને ખુલ્લો કરવો; આપણે જેને મુક્ત કરવાનો છે એ એ જ છે, અંતરનો પ્રકાશ. કારણકે જ્યાં સુધી અસલ અજ્ઞાનથી જ ઘેરાએલા પ્રદેશમાં આપણે સફર કરી રહ્યા છીએ અને જ્યાં સુધી પરમ ઋત–ચેતનાએ આપણા પ્રભુ પ્રત્યેના પ્રવાસનો સંપૂર્ણ કબજો નથી લીધો ત્યાં સુધી આ અંતરાત્માનો પ્રકાશ એ જ એકમાત્ર આપણો દીપક છે. આપણાં કર્મો માટેનો, સતત વિકસ્યે જતો ધર્મ રચનાર છે બે તત્ત્વોનું સંયુક્ત કાર્ય; એ છે: એક તો, વચગાળાની શરતો પ્રમાણે કાર્ય કરતી દિવ્ય મહાશક્તિનું કાર્ય અને, બે ઊર્ધ્વ આવેગને ખુલ્લી આંખે, પૂરા ભાન સાથે આધીન થવા માટે આપણને સતત દોર્યે જનાર, અને, અજ્ઞાની બળોની આજ્ઞાઓ અને આવેગોમાંથી આપણને બચાવનાર, ચૈત્ય પુરુષનો પ્રકાશ; અને જ્યાં સુધી આપણી પ્રકૃતિમાં આધ્યાત્મિક અને અતિમાનસિક તત્ત્વો પૂરાં સ્થપાઈ ના શકે ત્યાં સુધી તેઓ આ કાર્ય કર્યા જ કરે છે. વચગાળામાં એવો પણ તબક્કો આવે કે જ્યારે આપણે સમગ્ર જીવન અને કાર્યોનો સ્વીકાર કરીએ અને તેમને શુદ્ધ કરવા, બદલવા, કે તેમની અંદર રહેલ સત્યને મુક્ત કરવા પ્રભુને તેમને હવાલે કરીએ; વળી એવો પણ તબક્કો આવે કે જ્યારે આપણે પાછા હઠી જઈએ અને આપણી આજુબાજુ એક આધ્યાત્મિક દીવાલ બાંધી તેનાં બારણાંમાંથી માત્ર એવી જ પ્રવૃત્તિઓને દાખલ કરીએ કે જે આધ્યાત્મિક રૂપાંતરના ધર્મમાંથી પસાર થવા સંમત હોય; તો વળી એવો પણ તબક્કો આવે કે જ્યારે કોઈ પણ જાતના બાધ વિના ગમે તે જાતનું કર્મ સ્વીકારવાનું આપણે માટે શક્ય બને,– પણ આ વખતે આત્માના શુદ્ધ સત્યને અનુરૂપ અને અનુકૂળ એવી નવી રીતે. આ બધી વાત સાચી, પણ તે અંગેનો નિર્ણય કોઈ બૌદ્ધિક નિયમથી નહિ લેવાય; તે લેવાશે આપણા અંતરાત્માના પ્રકાશથી, અને, છૂપી રીતે કે ખુલ્લંખુલ્લા, આપણને શરૂઆતમાં ફરજ પાડનાર, પછી નિયંત્રણ કરનાર અને છેવટે આપણા યોગનો સમગ્ર બોજ ઉઠાવી લેનાર દિવ્ય મહાશક્તિના

સતત વધ્યે જતા માર્ગદર્શનથી

યજ્ઞની ત્રિમુખી ખાસિયત ધ્યાનમાં રાખીને આપણે કર્મોને ત્રણ વિભાગમાં વહેંચી શકીએ: જ્ઞાનનાં કર્મો, પ્રેમનાં કર્મો અને જીવનમાં રહેલ સંકલ્પશક્તિનાં કર્મો; અને આપણે એ પણ તપાસી જોવું જોઈએ કે આપણો આ સર્વગ્રાહી આધ્યાત્મિક નિયમ તે દરેકને કેવી રીતે લાગુ પડે છે અને તેમને નીચામાંથી ઉચ્ચ પ્રદેશમાં ચડાવવામાં તે કેવોક અસરકારક છે.

* * *

જ્ઞાન મેળવવા માટે માણસનું મન જે કાંઈ પ્રવૃત્તિઓ કરે છે તેને યોગની દૃષ્ટિએ, સ્વાભાવિક રીતે જ બે વિભાગમાં વહેંચી શકાય. એક તો, ઊંચામાં ઊંચું, બુદ્ધિથી પણ ઉપરનું જ્ઞાન કે જે, એક અને અનંત એવા પરમ તત્ત્વના પરાત્પર સ્વરૂપની શોધ ઉપર એકાગ્ર કાર્ય કરે છે અથવા તો અંતઃસ્ફુરણા, ધ્યાન, સીધો જ આંતરિક સંબંધ વગેરે દ્વારા પ્રકૃતિનાં બાહ્ય સ્વરૂપોને ભેદીને તેમની પાછળ રહેલ અંતિમ સત્યને પામવાનો પ્રયત્ન કરે છે. બીજો વિભાગ તે તેનાથી નીચેનાં શાસ્ત્રોનો. આ શાસ્ત્રોમાં, રૂપાત્મક સત્તાનો એટલે કે પેલું એક અને અનંત તત્ત્વ આપણને આ ચારે બાજુના સર્જનમાં બાહ્ય રીતે, અને તેની દ્વારા, જેવું દેખાય છે તેનો વ્યાપક અભ્યાસ કરવામાં આવે છે. આ બે વિભાગનો જે ખ્યાલ અજ્ઞાનની મર્યાદામાં રહીને માણસજાતે ઊભો કર્યો છે તે પ્રમાણે તેમને ઉપરનો ગોળાર્ધ અને નીચેનો ગોળાર્ધ એવાં નામ આપી શકાય. વળી આ બધું જ્ઞાન જેમ જેમ વિકાસ પામતું ગયું તેમ તેમ સારી એવી સ્પષ્ટતાથી વિવિધ શાખાઓમાં વહેંચાતું ગયું... તત્ત્વજ્ઞાન: આ શાખાનું જ્ઞાન કદીક આધ્યાત્મિક (કાંઈ નહિ તો અંતઃસ્ફુરણાત્મક તો ખરું જ) કદીક તાત્ત્વિક અને બૌદ્ધિક, તો વળી કદીક આધ્યાત્મિક અનુભૂતિનું બૌદ્ધિકરણ અથવા આત્માની શોધોના તાર્કિક ટેકારૂપ રહ્યું છે; પણ તેના ક્ષેત્ર તરીકે તો તેણે હમેશાં "અંતિમ સત્ય"ને જ રાખવાનો દાવો કર્યો છે. પણ એમ આધિભૌતિકતાના એ ઊંચા અને આછા પ્રદેશમાં જ દૂર ચાલ્યા ના જતાં એણે કદીક વ્યવહારુ દુનિયાના જ્ઞાન કે ક્ષણભંગુર પદાર્થોના અભ્યાસ સાથેનો સંબંધ સાચવેલો છે. પણ એ બધુ બૌદ્ધિક તત્ત્વચિંતન હોવાને લીધે અને તેની ટેવ અમૂર્ત વિચારો કરવાની હોવાને લીધે જીવનનાં બળ તરીકે કામ લાગે તેવું ભાગ્યે જ બન્યું છે. હા, એ કદીક ઉચ્ચ અનુમાનો માટે, બીજા કોઈ બાહ્ય હેતુ કે ઉપયોગ વિના માત્ર બૌદ્ધિક સત્યની શોધ માટે, તો કદીક શબ્દો અને વિચારોના ધુમ્મસ જેવા પ્રકારના, હવાઈ પ્રદેશમાં બૌદ્ધિક કસરતો તરીકે સમર્થ બન્યું છે

પણ જીવનનાં વધારે "નક્કર" સત્યોના પ્રદેશથી તો એ ખૂબ દૂર ચાલ્યું ગયું છે. યુરોપમાં પ્રાચીન કાળનું તત્ત્વજ્ઞાન શક્તિશાળી હતું પણ એ થોડા લોકો માટે જ; ભારતમાં એનો પ્રકાર વધારે આધ્યાત્મિક હોવાથી તેણે લોકજીવન પર અસર કરી પણ તેને બદલી નાખવામાં તે સફળ ના થયું... હવે ધર્મ: ધર્મે, તત્ત્વજ્ઞાનની માફક માત્ર ઉચ્ચ શિખરો પર જ જીવવાનું ના રાખ્યું; લોકોની બુદ્ધિના કરતાં તો વધારે લોકોના જીવનને પકડમાં લઈને પ્રભુ પ્રત્યે વાળવાનો તેનો હેતુ હતો; આધ્યાત્મિક સત્ય અને ભૌતિક જીવન વચ્ચે પુલ બાંધી આપવાની તેણે જાહેરાત કરી. તેણે મથામણ કરી નિમ્ન જીવનને ઉચ્ચ જીવનના હાથ નીચે લાવી સુલેહ સ્થાપવાની, જીવનને પ્રભુની સેવામાં હાજર કરવાની, પૃથ્વીને સ્વર્ગનું આજ્ઞાધારક બનાવવાની. એ પ્રયત્ન હતો તો જરૂરી, પણ કબૂલ કરવું જ પડશે કે તેનું પરિણામ ઘણી બધી વાર ઊલટું જ આવ્યું : ઇચ્છાઓ પાર્થિવ અને સંમતિ સ્વર્ગની; ધાર્મિકતાના બહાના હેઠળ પેસતી રહી માણસના અહમ્‌ની સેવાપૂજા. ધર્મે જીવન સાથે જે બાંધછોડ કરવા માંડી તે એવી ગૂંચવાડા ભરેલી અને એટલી વ્યાપક થવા માંડી કે પોતાનો, આધ્યાત્મિક અનુભૂતિનો ચમકતો નાનોશો અંગારો છોડીને એણે એ અંધકારના ઢગલામાં જ ભરાઈ રહેવું પડ્યું ; તેણે ચિંતનશીલ મનને સંતોષવા પ્રયત્ન કર્યો, પણ તે સફળ થયો ધાર્મિક સિદ્ધાંતોની હારમાળાથી તેને ગૂંગળાવવામાં કે બાંધી લેવામાં; તેણે ઊર્મિભર્યા દિલને ઊંચે ઉઠાવવા પ્રયત્ન કર્યો પણ તેમાં તો તે પોતે જ ભક્તિભાવના અને સંવેદનોના ઊભરાઓમાં નીચે આવી પડ્યો; તેણે પ્રાણ ઉપર પોતાનો પ્રભાવ પાડવા તેને પોતાના પડખામાં લીધો પણ પ્રાણ તો અજ્ઞાનને જ ઓળખે, એટલે ધર્મ પોતે જ અશુદ્ધ થવા માંડ્યો અને શિકાર થઈ બેઠો ધર્માંધતાનો, માનવ-હત્યાના ઉછાળાઓનો, જંગલી કે નિર્દય જાલિમતાનો, વધતાં જતાં જૂઠાણાંઓનો, અજ્ઞાનની હઠીલી આસક્તિનો; તેણે માણસની શારીરિક પ્રવૃત્તિઓને ભગવાન પ્રત્યે વાળવા મનસૂબો કર્યો તો તે પોતે જ છેતરાયો અને પોલી પૂજા, યાંત્રિક વિધિ અને જડ કર્મકાંડમાં બંધાઈ ગયો. પ્રાણ એવો તો પ્રભાવશાળી છે કે નરસામાંથી સારું ઊભું કરી શકે પણ તેની વિચિત્ર રસાયણ-શક્તિએ સારામાંથી નરસું સર્જી આપ્યું, ઉત્તમ વસ્તુને બગાડીને સર્જ્યો નરાતાળ સડો. આ પાર્થિવ ગુરુત્વાકર્ષણમાંથી બચ્યા સિવાય છૂટકો નહોતો તેથી ધર્મને કાપકૂપ કરવી પડી; સમગ્ર અસ્તિત્વ-જ્ઞાન, કળા, કર્મો; ખુદ જીવન એ બધાંના તેણે બે ટુકડા કરી આપ્યા : આધ્યાત્મિક અને ભૌતિક; ધાર્મિક અને લૌકિક; પવિત્ર અને પાર્થિવ. આ ભાગલા

કર્યાં તો સંરક્ષણ માટે પણ એ ભાગલા પોતે જ એક પરંપરા થઈ પડ્યા, કૃત્રિમ બની ગયા અને જે રોગને મટાડવા યોજાયા હતા તે જ રોગને વધારી આપ્યો...... જ્ઞાન માટેનાં ત્રીજી જાતનાં કર્મો તે ભૌતિક વિદ્યાઓ, કળાઓ અને જીવત અંગેનાં શાસ્ત્રો. તેમણે ધર્મના આશરે, કે તેને પોષવામાં, પોતાની કારકિર્દી શરૂ તો કરી પણ છેવટે તેનાથી અલગ પડી ગયાં; પરાયાં, અને છેવટે, વિરોધી પણ બની ગયાં; આધિભૌતિક તત્ત્વજ્ઞાન અને ધર્મે જેની અભીપ્સા રાખી તેને ફિક્કી, નકામી, અને અતિ દૂરની કે સત્ત્વહીન અને અને સત્યહીન નરી અવાસ્તવિકતા ગણીને, તેને ઉવેખીને, તેની ઘૃણા કરીને કે તેનો ઇન્કાર કરીને તેનાથી ઊલટી જ દિશામાં નાસવા માંડ્યાં. માણસની અસહિષ્ણુતાની હદ કહેવાય એટલે સુધી વાત પહોંચી જતાં એક ગાળો એવો પણ આવ્યો કે ઊંચી જાતનાં અને આધ્યાત્મિક એવાં દરેકેદરેક જ્ઞાનને તેઓ સમૂળગાં સળગાવી મૂકશે કે શું એવી ધાસ્તી પણ લાગવા માંડી. છતાં ય, માત્ર ધરતી જોડે જ જોડાએલા આવા જીવનમાં પણ એક ખૂબ ઉપયોગી વસ્તુ તરીકે ઉચ્ચ જ્ઞાનની જરૂર હમેશાં રહેલી જ છે; આ ભૌતિકશાસ્ત્રો અને તેનું અનુસરણ ભલે ગમે તેટલું લાભદાયક, સમૃદ્ધ, સ્વતંત્ર હોય અને તેનાં પરિણામોનો ઢગલો ભલે ગમે તેટલો છક કરી નાખે તેવો હોય છતાં પણ પેલા ઉચ્ચ જ્ઞાન વિનાનો એ યજ્ઞ વિપરીત થઈ જવાનો, વિકૃત દેવોને સમર્પણ થવાનો; એથી માણસનું દિલ વિકૃત થવાનું, છેવટે પથ્થર જેવું થવાનું, વિચારો સાંકડા થઈ જવાના, અને પરિણામે, તેઓ કાં તો એક ભૌતિક, પથ્થરિયા કેદખાનામાં પુરાઈ જવાના કે એક મૂંઝવણભરી અંતિમ અશ્રદ્ધામાં પહોંચી, પોતે છેતરાયા છે તે સમજવાના; કારણકે અર્ધજ્ઞાનના ક્ષણિક ભૂતભડકા જેવો એ ઝળહળાટ હજી પણ અસલ અજ્ઞાન જ છે અને તેથી છેવટે તો આવી મળશે એક ફળહીન અજ્ઞેયવાદ.

જે યોગ પરમ પ્રભુનો સર્વગ્રાહી સાક્ષાત્કાર કરવા નીકળ્યો છે તે પરમ-આત્માનાં ક્યાં કામ, કે સ્વપ્નને ય, (જો એ સ્વપ્ન પરમ-આત્માનું હોય તો), અવગણી શકે ?– કે, માનવ-જંતુમાં સંતાએલા પોતાના જ સ્વરૂપને સોંપેલા, વીરને શોભે તેવા, શ્રમ કે બહુમુખી વિજયમાંથી એ પરમ-આત્મા કેવી રીતે પાછો હઠી શકે ? પણ આવી મોટી બાથ ભરવાની શરત એ કે આપણાં આ દુન્યવી કર્મો પણ યજ્ઞરૂપે જ થવાં જોઈએ, ભગવાનને જ–બીજા કોઈને નહિ–, ભાગવત શક્તિને જ–બીજી કોઈ પણ શક્તિને નહિ–, સમર્પણ કરવાં જોઈએ; સાચી નિષ્ઠાથી અને સાચી સમજથી, હિપ્નોટીઝમથી અંધ થએલા, ભૌતિક પ્રકૃતિના ગુલામ તરીકે નહિ પણ મુક્ત આત્મા તરીકે

કરવાનાં છે. કર્મોના વિભાગ કરવાના જ હોય તો તે છે હૃદયની પવિત્ર જ્યોતિને અડોઅડનાં કર્મો અને તેના જરા પણ સ્પર્શ કે પ્રકાશ વિનાનાં, એટલે કે તેનાથી ખૂબ દૂરનાં કર્મો; અથવા તો એવાં બળતણ જેવાં કર્મો કે જે ભડભડાટ સળગે છે, અને એવાં, ભીનાં અને ભારે લાકડાં જેવાં કર્મો કે જે યજ્ઞની વેદી પર ખડકાઈ તેના અગ્નિને મંદ પણ કરી નાખે. આના સિવાય બીજી કોઈ રીતે ભેદ ના પાડી શકાય; કારણકે પરમ સત્યને શોધતી અને વ્યક્ત કરતી બધી જ જ્ઞાન-પ્રવૃત્તિઓ પોતે તો પૂર્ણ આહુતિ માટે યોગ્ય બલિ જ છે; દિવ્ય જીવનના વિશાળ ક્ષેત્રમાં, કોઈ પણ પ્રવૃત્તિ છોડવાનું ફરજિયાત નથી. માનસશાસ્ત્ર અને ભૌતિકશાસ્ત્રો એટલે કે પદાર્થના ગુણ-ધર્મને શોધતાં શાસ્ત્રો, મનુષ્ય અને પ્રાણીઓનાં જીવન-વિષયક શાસ્ત્રો, સમાજ, રાજકારણ, ભાષા, ઇતિહાસ આદિનાં શાસ્ત્રો, દુનિયા પર પ્રભુત્વ મેળવી તેનો ઉપયોગ કરતી માનવની મથામણો અને પ્રવૃત્તિઓનો અભ્યાસ અને નિયંત્રણ કરતાં શાસ્ત્રો, ઉમદા અને સૌંદર્ય-સભર, કળાઓ કે જે એક સાથે કર્મ અને જ્ઞાન છે (કારણકે સુરચિત અને સૂચક એવી દરેક કવિતા, ચિત્ર, શિલ્પ કે સ્થાપત્ય એ સર્જક જ્ઞાનની જ પ્રવૃત્તિ છે, ચેતનાની જીવંત શોધ છે, સત્યનું સ્વરૂપ છે, માનસિક કે પ્રાણની વ્યક્તિગત કે વૈશ્વિક અભિ-વ્યક્તિનો વિકસતો દેહ છે), આ બધું તથા જે કાંઈ ઝંખે છે, જે કાંઈ પામે છે, જે કાંઈ વ્યક્ત કરે છે, જે કાંઈ સાકાર બને છે તે બધું જ અનંત પ્રભુની લીલાના કોઈક અંશનો સાક્ષાત્કાર છે અને એટલે જ પ્રભુના સાક્ષાત્કારનું કે દિવ્ય-સર્જનનું એ એટલે અંશે સાધન બની શકે છે. પણ યોગીઓએ ધ્યાનમાં તો એ જ રાખવાનું કે એને અજ્ઞાનમય માનસિક જીવનના અંગરૂપે હાથ નથી ધરવાનું અને જો ધ્યાન, સ્મરણ કે આંતરિક સ્મરણ દ્વારા તેને આધ્યાત્મિક ચેતનાના આંદોલનમાં પલટાવી શકાય, અને વિશાળ જ્યોતિ-દાયક જ્ઞાનના વર્તુળમાં, એક ભાગ તરીકે તેને સમાવી શકાય તો જ તેનો સ્વીકાર કરવાનો છે.

કારણકે બધું જ એક યજ્ઞરૂપે કરવાનું છે; પ્રવૃત્તિ માત્રનો એકમાત્ર હેતુ અને તેના અર્થનું એકમાત્ર રહસ્ય હોવું જોઈએ, એ જ, એકમાત્ર ભગવાન. યોગી જ્ઞાનદાયક શાસ્ત્રોનો અભ્યાસ કરશે દિવ્ય ચેતના-શક્તિની લીલા માણસમાં, જીવજંતુઓમાં, વસ્તુઓમાં અને શક્તિઓમાં શોધી કાઢવા; તેનાં સર્જનનો અર્થ, તેનાં રહસ્યોની ગતિ જાણવા; તેના લીલા-વિસ્તારમાં તે જે પ્રતીકો ગોઠવે છે તેને પકડી પાડવા. યોગી કર્મપ્રધાન શાસ્ત્રો, માનસિક અને ભૌતિક, કે ગૂઢ અને ચૈત્યસિક-હાથ ધરશે તે ભગવાનનાં કાર્યો અને

કાર્યપ્રવાહોમાં દાખલ થવા, આપણને સોંપાએલાં કાર્ય માટે જરૂરી વસ્તુઓ અને સાધનો જાણવા અને જાણીને આત્માનાં પ્રભુત્વ, આનંદ અને સાર્થકતાને સચેતન અને સર્વાંગ સુંદર રીતે વ્યક્ત કરવાં. યોગી કળાઓનો આશરો લેશે તે માત્ર રસદૃષ્ટિ, મન કે પ્રાણને પોષવા નહિ પણ ભગવાનને સર્વત્ર જોઈને, તેની કૃતિઓના અર્થ શોધી તેની દ્વારા તેની પૂજા કરીને એ જ એક પરમ પ્રભુને, દેવો અને માનવો અને પશુઓ અને પદાર્થોમાં અભિવ્યક્ત કરવા. એક એવો પણ સિદ્ધાંત છે કે જે એમ માને છે કે ધાર્મિક અભીપ્સાઓ અને સાચી અને મહાન કળાઓને ગાઢ સંબંધ છે; આ સિદ્ધાંત તાત્ત્વિક રીતે તો સાચો જ છે; પણ જરા અશુદ્ધ અને અસ્પષ્ટ એવા ધાર્મિક હેતુની જગ્યાએ એક આધ્યાત્મિક અભીપ્સા, દૃષ્ટિ, અર્થદ્યોતક અનુભૂતિને આપણે સ્થાપવી પડશે; કારણકે દૃષ્ટિ જેમ વધારે વિશાળ અને વ્યાપક તેમ તે, માણસો અને પદાર્થોમાં સંતાઈ બેઠેલા ભગવાનનું વધારે વ્યાપક દર્શન કરી શકે છે અને ઉપરછલ્લી ધાર્મિકતાથી પર આધ્યાત્મિક જીવનમાં પહોંચી જઈને વધારે ઉચ્ચ હેતુવાળી એ કળાને વધારે પ્રકાશિત, મુલાયમ, ગહન અને સમર્થ બનાવે છે. યોગી અને સામાન્ય માણસમાં ફેર એટલો કે યોગી સામાન્ય માણસના કરતાં વધારે વિશાળ એવી આધ્યાત્મિક ચેતનામાં રહી જીવે છે; તેથી, તેનાં સર્વ કર્મો – જ્ઞાનનાં કે સર્જનનાં –, ત્યાંથી જ થવાં જોઈએ – મનમાંથી નહિ, કારણકે તેણે તો મનપ્રધાન માણસના કરતાં વધારે મહાન સત્યો અને દર્શનો વ્યક્ત કરવાનાં છે (અથવા તો, તેઓ જ તેની દ્વારા વ્યક્ત થવા જોરદાર માગણી કરી રહ્યાં છે), અને પોતાના અંગત સંતોષને ખાતર નહિ પણ એક દિવ્ય હેતુને બર લાવવા માટે તે કાર્યોને આકાર આપવાનો છે.

તો વળી, બ્રહ્મજ્ઞાની યોગીને આ પ્રવૃત્તિઓ કરવાની નથી કોઈ અનિવાર્ય જરૂર કે બંધન; કારણકે તેને માટે એ નથી કોઈ ફરજ કે નથી મન માટેનો કોઈ જરૂરી વ્યવસાય કે નથી કોઈ ઉમદા મનોરંજન કે નથી કોઈ ઉચ્ચોચ્ચ માનવ-ધ્યેયનું તેને દબાણ. ન તો એને કોઈ આસક્તિ છે, ન તો બંધન, કે નથી શેનીય મર્યાદા; તે નથી ઝંખતો લોકપ્રિયતા, ન તો મહત્તા કે નથી તેને આ કર્મો વડે કોઈ અંગત સંતોષની ઇચ્છા. પોતાની અંદર બેઠેલા પ્રભુની ઇચ્છા પ્રમાણે એ કોઈ પણ કર્મને છોડી દઈ શકે છે કે ચાલુ રાખી શકે છે; પણ, તે સિવાય, કોઈ ઉચ્ચ કે પૂર્ણ જ્ઞાનને માટે તેને એ છોડવાની જરૂર નથી. જેવી રીતે પરમ શક્તિ કાર્ય કે સર્જન કરે છે તેવી જ રીતે તે પણ સર્જન અને અભિવ્યક્તિના કોઈ એક આનંદને ખાતર કે પ્રભુની સૃષ્ટિને

સંગઠિત, કે વ્યવસ્થિત રાખવાને કે તેને દોરવાના કામમાં સહાયભૂત થવા માટે બધાં કર્મો કરે છે. ગીતા કહે છે કે જે લોકોમાં હજી આધ્યાત્મિક ચેતના નથી જાગી તેવા લોકોમાં, માત્ર પવિત્ર, ધાર્મિક કે સાત્ત્વિક ગણાતાં જ નહિ પણ દરેકેદરેક જાતનાં કર્મો માટેનો પ્રેમ અને ટેવ જ્ઞાની માણસે પોતાનાં આચરણ વડે જાગ્રત કરવાનાં છે;[1] તેણે પોતાના ઉદાહરણ દ્વારા લોકોને દુનિયાનાં કર્મોમાંથી દૂર ખેંચવાના નથી, કારણકે દુનિયાએ પોતાની ઊર્ધ્વ યાત્રામાં આગળ વધવાનું જ છે; મનુષ્યો અને દેશોને અજ્ઞાનમય પ્રવૃત્તિઓમાંથી દૂર ખેંચીને તેનાથીય નીચા, જડ-નિવૃત્તિના અજ્ઞાન તરફ પતનના માર્ગે, દોરી જવાના નથી; જ્યારે લોકો ઉપર અંધાધૂંધી અને ભૂલોથી કે થાક અને જડતાથી ભરેલો તમોગુણ સવાર થઈ બેસે છે ત્યારે તેઓ યાતનાભર્યા, ભેદ અને વિસર્જનના માર્ગે ઢસડાય છે; લોકોને આ દશામાં પણ ડૂબવા દેવાના નથી. ગીતામાં શ્રીકૃષ્ણ કહે છે: "એવું કંઈ જ નથી કે જે મારી પાસે નથી અને જે હજી મારે મેળવવાનું બાકી હોય; એટલે મારે તો કોઈ જ કર્મ કરવાનું રહેતું નથી, છતાં પણ હું દુનિયામાં રહી કર્મો કરું છું; કારણકે જો હું કર્મો ના કરું તો ધર્મનો નાશ થઈ જાય, દુનિયામાં અરાજકતા વ્યાપી જાય અને હું પોતે જ લોકોના વિનાશનું કારણ બની જાઉં."[2] આધ્યાત્મિક જીવનને શુદ્ધ સ્વરૂપે જાળવવા માટે અવર્ણનીય ઈશ્વર સિવાય બીજી બધી બાબતોમાંથી જિજ્ઞાસાનો નાશ કરવાની કે ભૌતિકશાસ્ત્રો, કળાઓ અને જીવનને મૂળમાંથી કાપી નાખવાની જરૂર નથી. એટલે જો પૂર્ણ આધ્યાત્મિક જ્ઞાન અને કર્મનો તેમની ઉપર પ્રયોગ કરવામાં આવે તો તેનું એક પરિણામ એ પણ આવે કે તેઓ તેમની મર્યાદાઓમાંથી મુક્ત બને; તેમનામાં આપણું મન જે અજ્ઞાન-ભરી, અધૂરી, ફિક્કી અને ક્ષણિક મજા માણે છે તેની જગ્યાએ તેનામાં તેમનામાંથી સાચો આનંદ મેળવવા માટેની એક મુક્ત, ગહન અને ઊર્ધ્વ ઝંખના જાગે; અને તેમનામાં જ્ઞાન માટેનો જે એક નિરપેક્ષ પ્રકાશ રહેલો છે, તેમના પદાર્થમાં, સ્વરૂપમાં અને વ્યવહારમાં જેનો આપણે ખ્યાલ સરખો પણ નથી એવી જે શક્યતાઓ અને પ્રચંડ વેગવાળી શક્તિ છૂપી પડેલી છે તેમને સર્જનશીલ આધ્યાત્મિક શક્તિ અને પ્રકાશનું એક નવું ઝરણું મળી રહે. જે એકમાત્ર જરૂરી કાર્ય હોય તે જ સૌથી પહેલાં, અને હમેશાં, કરવું પડે; પણ તેનાં પરિણામે બીજી બધી બાબતો બનતી જ રહેવાની; અને, સાચી રીતે તો, તે બધી બાબતો જાણે કે આપણામાં

૧. ગીતા : અધ્યાય ૩, શ્લોક ૨૬
૨. ગીતા : અધ્યાય ૩, શ્લોક ૨૨ થી ૨૪

નવી ઊભેરવાની નથી પણ એ આધ્યાત્મિકતાના સ્વયંપ્રકાશમાં તેમને ફરી તપાસવાની છે અને જાતે જ વ્યક્ત થતી શક્તિના એક ભાગ તરીકે તેમની નવરચના કરવાની છે.

* * *

એટલે, પવિત્ર વિષયો અને સાંસારિક વિષયો એવા બે અલગ ભાગ પાડવા એ કાંઈ દિવ્ય જ્ઞાન અને માનુષી જ્ઞાન વચ્ચેનો ભેદ સમજવાની સાચી રીત નથી; સાચો ભેદ તો છે તેમની પાછળ કાર્ય કરતી ચેતનાનો. સામાન્ય રીતે તો માનસિક ચેતના વસ્તુઓનાં બાહ્ય કે ઉપરછલ્લાં સ્વરૂપોમાં, તેમની ક્રિયાઓમાં, તેમની રીતમાં રસ લેતી હોય છે અને તે પણ માત્ર એમની માહિતી ખાતર, અથવા તો બાહ્ય રીતે તેમને કાંઈક કામમાં લેવા માટે કે પછી ઇચ્છાઓના કે બુદ્ધિના સંતોષને માટે; આ રીતે મેળવેલું જ્ઞાન તે માનુષી જ્ઞાન. તો વળી, આધ્યાત્મિક ચેતના (કે આધ્યાત્મિક બનતી જતી ચેતના) પણ ઉપર જણાવેલી જ પ્રવૃત્તિઓ હાથ ધરી શકે છે પણ તે એટલા માટે કે તે, તેમને તપાસીને કે તેમની આરપાર નીકળી જઈને, અંદર રહેલ કાળથી પર સનાતન તત્ત્વને અને કાળમાં સાકાર થતાં એ સનાતન તત્ત્વની નીતિ-રીતિને શોધી શકે કે પામી શકે. આ રીતે થતી જ્ઞાન માટેની પ્રવૃત્તિ યોગનો ભાગ બની જાય છે. અજ્ઞાનમય પ્રદેશમાંથી બહાર નીકળી આવવા માટે એક એકાગ્રતાની ખરેખરી જરૂરી પડે જ; તેથી એ સમજી શકાય તેવું છે કે સાધકને પોતાની બધી જ શક્તિને ભેગી કરવાની અને તેમને, બહાર નીકળી આવવા માટે જે કાંઈ જરૂરી હોય તેની જ ઉપર એકાગ્ર કરવાની જરૂર પડે; અને આ કામમાં જે સીધેસીધું સહાયરૂપ થાય તેમ ના હોય તેને કાં તો જતું કરવાની કે ગૌણ સ્થાન આપવાની પણ જરૂર પડે. વળી સાધકને એમ પણ જણાય કે પોતે આજ સુધી જે ઉપરછલ્લી, માનસિક રીતે જ્ઞાન મેળવવાથી ટેવાએલો હતો તે પૈકીની અમુક અમુક ટેવો તેને કાં તો ઊંડાણમાંથી સપાટી ઉપર કે ઊંચેથી નીચે કે નીચેની બાજુએ ખેંચી જાય છે. તો, આવી પ્રવૃત્તિઓ કાં તો બંધ જ કરી દેવી પડે અથવા તો, જ્યાં સુધી પોતે ઊર્ધ્વ ચેતનામાં પૂરો સ્થિર થઈને એ ચેતનાને માનસિક પ્રદેશમાં સક્રિય ના કરી શકે ત્યાં સુધી તેમને મુલતવી રાખવી પડે; તે પછી એ ઊર્ધ્વ પ્રકાશની અસરથી (અથવા તેમાં જ તેમનો સમાવેશ કરીને) રૂપાંતર પામેલી ચેતના તેમને આધ્યાત્મિક અને દિવ્ય ચેતનાના પ્રદેશમાં પલટી નાખશે. જે કાંઈ, આ પ્રમાણે, રૂપાંતર પામી શકે તેમ ના હોય, અથવા દિવ્ય ચેતનાનો ભાગ થવાની ચોખ્ખી ના પાડે તેમને, જરા પ

ખચકાયા વિના, સાધક જરૂર છોડી દેશે, પણ પહેલેથી જ તેમને નકામાં માની લઈને કે નવાં, આંતરિક જીવનમાં તે ભળી શકે જ નહિ એમ સ્વીકારી લઈ ને નહિ. આ બાબતોમાં કોઈ નિશ્ચિત માનસિક કસોટી કે સિદ્ધાંત શક્ય નથી; તેથી તે કોઈ અચલ નિયમને નહિ અનુસરે,– પણ પોતાની લાગણી, આંતરદૃષ્ટિ કે અનુભવને ધ્યાનમાં લઈને માનસિક પ્રવૃત્તિઓનો સ્વીકાર કે અસ્વીકાર કરશે. અને જ્યાં સુધી પેલી પ્રબળ શક્તિ અને પ્રકાશ પોતાના નિત્ય-સત્ય નિર્ણયને નીચેના સમગ્ર પ્રદેશોમાં લાગુ પાડવાનું અને, માનવ–ઉત્ક્રાંતિએ પ્રભુના કાર્ય માટે જે કાંઈ તૈયાર કરેલું છે તેમાંથી પસંદગી કરવાનું કે તેમને ફેંકી દેવાનું શરૂ ના કરે ત્યાં સુધી તે આ જ પ્રમાણે ચાલુ રાખશે.

આ જાતની પ્રગતિ અને પલટો ચોક્કસ કઈ રીતે કે કયા તબક્કાઓથી થશે તેનો આધાર તો દરેક વ્યક્તિની પ્રકૃતિના પ્રકાર, જરૂર અને શક્તિ ઉપર જ રહેશે. આધ્યાત્મિકતાના પ્રદેશમાં મૂળ વસ્તુ પોતે તો એક જ છે, પણ તેની વિવિધતા અનંત છે; એટલે કોઈ એક ચુસ્ત અને ચોક્કસ માનસિક નિયમનું કડક પાલન ભાગ્યે જ કરી શકાય,– આ પૂર્ણયોગમાં તો એમ જ છે –; કારણકે બે જુદી જુદી પ્રકૃતિ ભલે એક જ દિશામાં જતી હોય છતાં તેઓ બરાબર એક જ રસ્તે, એક જ જાતનાં પગલે કે બરાબર એકસરખા તબક્કાઓમાંથી પસાર નહિ થાય. અને છતાં પણ તેઓ જે જાતની અવસ્થાઓમાંથી પસાર થશે તેનો ક્રમ, સમજની દૃષ્ટિએ, મોટે ભાગે આવો રહેશે : સૌથી પહેલાં તો સાધકની વ્યક્તિગત પ્રકૃતિને અનુરૂપ બધી જ માનસિક પ્રવૃત્તિઓને પકડમાં લઈને કે એક ઊર્ધ્વ દૃષ્ટિબિંદુ સમક્ષ રજૂ કરીને આપણો અંતરાત્મા, ચૈત્ય પુરુષ, આપણા યજ્ઞનો એ પુરોહીત તેમને પ્રભુની સેવામાં સમર્પણ કરે છે. તે પછી સાધકની જાત ઊંચે ચડવાનો પ્રયત્ન કરે છે અને પ્રાપ્ત થએલા ચેતનાના તે ઊંચે સ્થાને જે કાંઈ પરમ પ્રકાશ અને શક્તિ આવેલાં હોય તેમને જ્ઞાનના સર્વ પ્રવૃત્તિ–પ્રદેશમાં નીચે લાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. આ વખતે આપણી સમગ્ર ચેતનાને અંદર કેન્દ્રમાં લઈ જઈ એકાગ્ર કરવા માટેનું અને બધી જ બહિર્મુખ માનસિક પ્રવૃત્તિઓને છોડી દેવાનું કે કોઈ નાની કે ગૌણ જગ્યામાં પૂરી રાખવાનું જબરજસ્ત વલણ આવે પણ ખરું. આગળ, જુદી જુદી ભૂમિકામાંથી પસાર થતાં આ નવી આંતરિક, ચૈત્યસિક કે આધ્યાત્મિક ચેતના તેમની અંદર કેટલુંક કાર્ય કરી શકે તેમ છે તે તપાસવા માટે આ બધી જ બહિર્મુખ માનસિક પ્રવૃત્તિઓને કે તેમના કોઈ ભાગને ફરીથી અવારનવાર

હાથમાં લેવાના પ્રયત્ન કરવામાં આવે એમ પણ બને; પણ આપણી માનવ-પ્રકૃતિ કે મનોવૃત્તિમાં આ કે બીજી એમ કોઈ પણ પ્રવૃત્તિ ફરજિયાત ક્યાં કરવાનું જે દબાણ હોય છે અને જેના વિના જાણે કે જીવવાનું અશક્ય હોય છે તે તો ઓછું થઈ જ જાય છે અને, છેવટે, તેમને માટે કોઈ પણ જાતની નથી રહેતી આસક્તિ કે કોઈ જગ્યાએ નથી રહેતું નીચેથી આવતું દબાણ કે ધક્કો, રહેશે એકમાત્ર ભગવાન; રહેશે, સમગ્ર જાતની, એક જ માગણી : એકમાત્ર ભગવાન; પ્રવૃત્તિ માટે કોઈ પણ જાતનું દબાણ થશે જ તોપણ તે, ઘર કરી બેઠેલી કોઈ ઇચ્છામાંથી કે પ્રકૃતિના કોઈ ધક્કામાંથી નહિ હોય; પણ તે હશે પેલી વિરાટ અને પરમ ચેતના–શક્તિ – કે જે હવે આપણી સમગ્ર જાતનું એકમાત્ર સંચાલક–બળ બની રહ્યું છે તેના પ્રકાશપૂર્ણ સંચારથી. તો વળી બીજી બાજુએ, આ આંતરિક આધ્યાત્મિક પ્રગતિનાં પરિણામે એમ પણ બને કે પ્રવૃત્તિઓનો પ્રદેશ સાંકડો થવાને બદલે વધતો જવાની અનુભૂતિ થાય; યોગશક્તિના ચમત્કારિક સ્પર્શથી માનસિક સર્જનની નવી જ શક્યતાઓ અને જ્ઞાનના નવા જ પ્રદેશો ખુલ્લા થતા જાય; સૌંદર્ય માટેની સંવેદનશક્તિ, કોઈ એક, કે એકસાથે બધાં જ ક્ષેત્રોમાં કલા–સર્જનની શક્તિ, સાહિત્ય–સર્જનની શક્તિ કે પ્રતિભા, આધિભૌતિક ચિંતન કરવાની શક્તિ, આંખની કે કાનની કે હાથની કે મનની કોઈ એક શક્તિ, આમાનું કાંઈ પણ–ભલેને પહેલાં ના દેખાતું હોય છતાં હવે જાગી ઊઠે. આપણા અંતરમાં, અંદર, ગુપ્તપણે સંઘરાએલી આ બધી સંપત્તિઓને, આપણી અંદર બેઠેલો ભગવાન બહાર લાવવા માંડે અથવા ઊર્ધ્વમાં રહેલી એક મહાશક્તિ પોતાના શક્તિ-પ્રવાહો નીચે વરસાવવા માંડે કે જેથી કરીને, આ કરણરૂપી પ્રકૃતિ જે કોઈ પ્રવૃત્તિનું વાહન કે સર્જનનું સર્જક થવા નિર્માણ થએલ હોય તેને માટે તે સજ્જ બને. આપણા યોગનો છૂપો માલિક પેલો પ્રભુ ગમે તે રીત કે ગમે તે વિકાસ–ક્રમ આપણે માટે પસંદ કરે પણ આ તબક્કાની છેલ્લી ભૂમિકા તો એ જ આવવાની કે જ્યારે આપણે સભાન થતા જવાના કે ઊર્ધ્વમાં બેઠેલો એ જ છે આપણા મનની સર્વ ગતિઓ અને જ્ઞાન માટેની સર્વ પ્રવૃત્તિઓનો સંચાલક, નિર્ણાયક, અને વિધાયક.

જ્ઞાનની પ્રવૃત્તિ કરતું સાધકનું મન, અને જ્ઞાન માટેની તેની પ્રવૃત્તિઓ, શરૂઆતમાં તો પેલા અસલ અજ્ઞાનની રીતે જ કામ કરતાં હોય છે; આ રીતનું, પહેલાં થોડાક અંશે, અને છેવટે સંપૂર્ણપણે, આત્માના પ્રકાશમાં કામ કરતી મુક્ત ચેતનાની રીતમાં રૂપાંતર થાય છે. આ રૂપાંતરનાં બે લક્ષણો છે. પહેલાં તો, ચેતનાના કેન્દ્રમાં પરિવર્તન થાય છે અને તેથી,

પરમ પ્રભુના વિરાટ અસ્તિત્વના વસ્તુમાત્રમાં વસતા ભગવાનનાં અને સ્વયં ભગવાનનાં પોતાનાં પણ દર્શન અને અનુભૂતિ વધતાં જાય છે; એકમાત્ર આ વાતમાં જ રચ્યાપચ્યા રહેવાનું મનનું વલણ વધતું જાય છે અને તેને સમજાય છે કે, એકમાત્ર મૂળ જ્ઞાનને વ્યક્ત કરવા માટેના ઝળહળતા સાધન તરીકે તે ઊંચે ચડી રહ્યું છે અને વિસ્તાર પામી રહ્યું છે. તો વળી, બીજી બાજુએ, પેલી, કેન્દ્રમાં રહેલી ચેતના પણ જ્ઞાન માટેની આ બાહ્ય પ્રવૃત્તિઓને વધારે ને વધારે પોતાના હાથમાં લેતી જાય છે અને તેને પોતાનાં જ અંગરૂપ, કે એક જોડાએલા અંગરૂપ, બનાવી દે છે; તે તેમની અંદર પોતાના વધારે સત્તાવાર કાર્યને ભેળવતી જાય છે અને વધારે ને વધારે આધ્યાત્મિક અને પ્રકાશમય બનતા જતા મનને આ સપાટી પરના ક્ષેત્રમાં, નવા જિતાયે જતા ક્ષેત્રમાં અને ખુદ પોતાના આંતરિક આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ પોતાનું સાધન બનાવતી જાય છે, અને બીજું લક્ષણ, એક જાતની પૂર્ણતાનું અને પરિપૂર્ણતાનું લક્ષણ, આ છે: એ એ છે કે ભગવાન પોતે જ આપણી અંદર - જ્ઞાતા બની બેઠા છે, અને એક વાર જે ચોખ્ખેચોખ્ખું માનવમનનું કાર્ય લાગતું હતું તે તથા તેની સાથેની તમામ આંતરિક પ્રવૃત્તિઓ પ્રભુના જ જ્ઞાનપ્રદેશ બની રહ્યા છે. વ્યક્તિગત નિર્ણય, મત, પસંદગી ધીમે ધીમે ઘટતાં જાય છે. બૌદ્ધિક કાર્ય, માનસિક ખટખટ, મગજનું વૈતરું ઘટતાં જાય છે; જે કાંઈ જોવાનું હોય છે તે અંતરમાં રહેલ એક પરમ પ્રકાશ જોતો જાય છે; જે કાંઈ જાણવાનું છે, વધારવાનું છે, રચવાનું છે, ગોઠવવાનું છે તે એ જ કર્યે જાય છે. અંતરમાં બેઠેલો એ પરમ જ્ઞાતા, મુક્ત અને વિશ્વવ્યાપી બનેલા વ્યક્તિગત મનમાં સર્વગ્રાહી જ્ઞાનનાં સર્વ કાર્યનો કરનારો, અંતરમાં બેઠેલો એ પરમ જ્ઞાતા પોતે જ બની રહે છે.

આ બે ફેરફારો એ શરૂઆતની નિશાનીઓ છે, અને તે દેખાડે છે કે માનસિક પ્રકૃતિનાં કાર્યોને ઊંચે ઉઠાવવાનું, આધ્યાત્મિક બનાવવાનું, વિશાળ કરવાનું, વિશ્વવ્યાપી કરવાનું, મુક્ત કરવાનું અને કાળથી બંધાએલા આ વિશ્વમાં પ્રભુ પોતાના આવિર્ભાવનું જે સર્જન અને વિકાસ કરી રહ્યો છે તેમાં એક કરણ બનવાનાં તેનાં સાચાં ધ્યેયરૂપ ચેતનામાં તેને દોરી જવાનું શરૂ થઈ ગયું છે; પણ રૂપાંતરનું કાર્ય કાંઈ આવડું નાનું ના હોઈ શકે. પૂર્ણયોગનો સાધક પોતાના આરોહણને આટલેથી અટકાવી ના શકે કે પોતાની પ્રકૃતિને વિશાળ કરવાના કાર્યને આટલી સીમામાં બાંધી ના શકે. કારણકે, જો આમ જ કરવામાં આવે તો જ્ઞાન એ હજી પણ માત્ર એક મનની જ પ્રવૃત્તિ બની રહે,– એ મન ભલે મુક્ત, વિશ્વ-વ્યાપી, અને

આધ્યાત્મિક બની ગયું હોય છતાં પોતાની કાર્યશીલતાના કેન્દ્રમાં તો એ હજી પણ પ્રમાણમાં મર્યાદિત, સાપેક્ષ, અને ત્રુટિવાળું જ રહેવાનું; પરમ સત્યની મહાન રચનાઓનું ઝળહળતું પ્રતિબિંબ એ રજૂ કરી શકશે એ સાચું પણ એ પોતે એવા પ્રદેશમાં નહિ જઈ શકે કે જ્યાં એ પરમ સત્ય પોતે સ્વાયત્ત, સીધેસીધું, સર્વોચ્ચ અને સહજ રીતે વિલસે છે. આટલે ઊંચે ચઢ્યા પછી પણ હજી એક એવું આરોહણ કરવાનું રહે છે કે જ્યાં આધ્યાત્મિકતાથી રંગાએલું મન પોતાની જાતને વટાવી જઈને જ્ઞાનની અતિમાનસિક શક્તિરૂપ એક નવું પદ ધારણ કરશે. તેને આધ્યાત્મિક બનાવવાનું તો શરૂ થઈ ગએલું જ છે એટલે માનવબુદ્ધિની ઝળકતી દરિદ્રતામાંથી બહાર નીકળી જવાનું તેણે શરૂ કરી દીધેલું હશે જ; તો હવે એ એક ઊર્ધ્વ મનના શુદ્ધ વિશાળ પ્રદેશોને એક પછી એક સર કરતું જશે અને ઊર્ધ્વના એક પરમ પ્રકાશથી આલોકિત થએલ, એક વધારે મહાન અને મુક્ત બુદ્ધિના ઝળકતા સ્તરોમાં આરોહણ કરશે. આટલે આવતાં સ્ફુરણાત્મક જ્ઞાનનાં પ્રકાશપૂર્ણ પગરણને તે વધારે હળવાશથી પારખી શકશે અને વધારે શુદ્ધ રીતે તેનો સ્વીકાર કરી શકશે; આ સ્ફુરણાત્મક જ્ઞાન એ કોઈ પ્રકાશિત નહિ પણ સ્વયં પ્રકાશપૂર્ણ વસ્તુ છે, સ્વયં સત્ય છે; એ કાંઈ પૂરેપૂરી માનસિક વસ્તુ નથી અને તેથી ભૂલનો વિપુલ ધસારો તેને કાંઈ કરી શકતો નથી. પણ, આ પણ કાંઈ યાત્રાનો અંત નથી, કારણકે આ પ્રદેશને વટાવી જઈને તેણે હજી ય ઊંચે ચડવાનું છે અને જ્યાં સ્ફુરણાત્મક જ્ઞાન સાંગોપાંગ છે એવા તેના પોતાના જ પ્રદેશમાં દાખલ થવાનું છે. આ સ્ફુરણાત્મક જ્ઞાન એ તો છે સત્ય સ્વરૂપ પરમપુરુષના નિજી જ્ઞાનમાંથી સીધેસીધા આવતા પ્રકાશની શરૂઆત. એટલે હજી ય આગળ વધીને આ પ્રકાશના મૂળને પોતાને પકડવાનું છે. કારણકે મનની પાછળ એક અધિમનસ છે કે જે એક વધારે અસલ અને વધારે ગતિ-સભર શક્તિ છે, જે મનને ધારણ કરે છે, જે તેને, પોતામાંથી જ પ્રસરેલ એક લઘુ સ્વરૂપ તરીકે જુએ છે, જે પોતાના અધો-પ્રવાસમાં તેને એક અંતરિયાળ વાહક સ્તર તરીકે કે અજ્ઞાનના સર્જન માટેના પોતાના સાધન તરીકે વાપરે છે. ઊર્ધ્વ યાત્રાનું છેલ્લું આરોહણ તો ત્યારે થાય છે કે જ્યારે આ ખુદ અધિમનસ પોતે પણ પોતાને વટાવી જાય, પોતે પોતાના જ અસલ ઉગમ-સ્થાન એટલે કે એ દિવ્ય વિજ્ઞાન,- વિ-જ્ઞાન ( Gnosis )ના અતિમાનસિક પ્રકાશ તરફ પાછું ફરે કે તેમાં રૂપાંતર પામે. કારણકે આ અતિમાનસિક પ્રકાશમાં જ એ દિવ્ય ઋત-ચેતનાનું અસલ સ્થાન છે કે જે એકલીમાં જ (અને તેની નીચેની બીજી કોઈ પણ

ચેતનામાં નહિ ) એક એવી સ્વકીય શક્તિ છે કે જે વડે વિશ્વવ્યાપી અચિત્ કે અજ્ઞાનનો ઓછાયો સરખો પણ જેને અભડાવી ના શકે એવાં, પરમ સત્યનાં, કાર્યનું સંચાલન કરવાની શક્તિ છે. આ સ્થાને પહોંચવું અને ત્યાં પહોંચીને, ત્યાં રહેલી, ખુદ અસલ અજ્ઞાનતાનું પણ રૂપાંતર કરી નાખી શકે તેવી, અતિમાનસિક કાર્ય-શક્તિને નીચે ઉતારી લાવવી એ જ છે પૂર્ણયોગનું પરમ ધ્યેય,– ભલે દૂરનું પણ નિશ્ચયાત્મક.

માણસની જ્ઞાન માટેની પ્રવૃત્તિઓને આ ઊર્ધ્વ શક્તિઓનો પ્રકાશ જેમ જેમ મળતો જાય છે તેમ તેમ પવિત્ર અને અપવિત્ર, દુન્યવી અને દિવ્ય એવા સર્વ ભેદભાવ ભૂંસાતા જાય છે અને છેવટે એ સમૂળગા નકામા બની જાય છે. કારણકે દિવ્ય વિ-જ્ઞાન જેને જેને સ્પર્શ કરે છે અને જેમાં જેમાં પૂરેપૂરું ઓતપ્રોત થઈ જાય છે તે દરેકની કાયાપલટ થઇ જાય છે, અને તે તેના જ પ્રકાશ અને શક્તિનાં આંદોલન થઈ જાય છે, નિમ્ન બુદ્ધિની મલિનતા અને અપૂર્ણતાઓમાંથી મુક્ત બની જાય છે. અમુક પ્રવૃત્તિઓ છોડી દેવી એ નહિ પણ આપણને દોરતી ચેતનાને બદલી નાખવી અને તેના વડે એ બધી જ પ્રવૃત્તિઓનું રૂપાંતર કરી નાખવું, જ્ઞાન-યજ્ઞને વધુ ને વધુ પ્રકાશ અને શક્તિ તરફ ઊંચે ને ઊંચે ચડાવતા જવો એ જ મુક્તિ મેળવવાનો માર્ગ છે. મન અને બુદ્ધિનાં બધાં જ કર્મોને પહેલાં તો, ઉચ્ચ અને વિશાળ કરવાનાં છે; પછી તેમને પ્રકાશિત કરવાનાં, એક ઊર્ધ્વ બુદ્ધિના પ્રદેશમાં ચડાવવાનાં છે; ત્યાર બાદ તેમને એક ઉચ્ચતર, અ-માનસિક સ્ફુરણાનાં કાર્યરૂપ બનાવી દેવાનાં છે; અને હજી ય આગળ વધીને તેમનું અધિમનસના પ્રકાશપૂર્ણ, વીજળિક વહેણમાં રૂપાંતર કરી નાખવાનું છે; અને એ સર્વને, છેવટે, અતિમાનસિક વિ-જ્ઞાનના પૂર્ણપ્રકાશ અને પરમ સત્તાના પદમાં પલટી નાખવાનાં છે. એ આ જ છે કે જેને દુનિયામાં આવી વસેલી ચેતનાની ઉત્ક્રાંતિ પહેલેથી જ, છતાં નિગૂઢ રીતે પોતાના ગર્ભમાં ધારણ કરી રહી છે અને પોતે અતિપરિશ્રમવાળી જે પ્રકૃતિમાંથી પસાર થઈ રહી છે તેના હેતુમાં પણ આ જ ધ્યેયને તે આગળ વધારી રહી છે; અને જ્યાં સુધી આત્મતત્ત્વના, આજના જેવા અપૂર્ણ નહિ પણ પરિપૂર્ણ આવિર્ભાવ માટેનાં કરણોને ઉત્ક્રાંત કરશે નહિ ત્યાં સુધી આ પ્રક્રિયા, આ ઉત્ક્રાંતિ અટકશે પણ નહિ.

* * *

જો એક બાજુ જ્ઞાન એ ચેતનાની સૌથી વધારે વિશાળ શક્તિ છે અને એનું કામ મુક્તિ અને પ્રકાશ આપવાનું છે તો બીજી બાજુએ પ્રેમ એ

ઊંડામાં ઊંડી અને સૌથી વધારે તીવ્ર શક્તિ છે; દિવ્ય રહસ્યના ઊંડામાં ઊંડા છૂપા ઓરડાઓ ખોલી આપવાની ચાવી તેને સોંપાએલી છે. માણસ એ એક બુદ્ધિપ્રધાન જાતિ છે અને તેથી તેનું વલણ ચિંતનશીલ મન તથા તેની તર્ક અને સંકલ્પ–શક્તિને તથા, પરમ સત્યને મેળવવાની અને બહાર લાવવાની તેની જ રીતને સૌથી વધારે અગત્ય આપવાનું છે; અને તે પણ એટલે સુધી કે તેના સિવાય બીજી કોઈ પણ રીતનો તે ઇન્કાર કરવા પણ તૈયાર છે. બુદ્ધિની નજરમાં તો હૃદય અને તેની, ગણતરીથી પર એવી પ્રવૃત્તિઓ એ એક એવી તો આંધળી, અનિશ્ચિત અને ઘણી વાર તો ખતરનાક અને ખોટે રસ્તે દોરી જનારી શક્તિ છે કે જેને તર્ક, માનસિક સંકલ્પ અને બુદ્ધિ વડે કાબૂમાં રાખવી જરૂરી લાગે છે. અને છતાં હૃદયમાં, કે તેની પાછળ, એક એવો ઊંડો ગુહ્ય પ્રકાશ રહેલો છે કે જેને ભલે આપણે સ્ફુરણાત્મક જ્ઞાન ના કહીએ ( કારણ કે સ્ફુરણાત્મક જ્ઞાન એ એક માનસિક તો નહિ પણ મન દ્વારા નીચે ઊતરી આવતી વસ્તુ છે ) છતાં પણ તેને પરમ સત્ય સાથે સીધો જ સંપર્ક છે અને જ્ઞાનના ગર્વવાળી બુદ્ધિના કરતાં એ પ્રભુની વધારે પાસે છે. પુરાતન શાસ્ત્રો કહે છે કે અંતઃસ્થ પ્રભુનું અંતરમાં છુપાઈ બેઠેલા આત્માનું સિંહાસન ગુહ્ય હૃદયમાં છે; ઉપનિષદના શબ્દોમાં : हृदये गुहायाम, એટલે કે "હૃદયની ગુફામાં" છે, અને ઘણા યોગીઓની અનુભૂતિ છે કે અંતરાત્માનો અવાજ કે ઉચ્છ્વાસ તેના જ ઊંડાણમાંથી આવે છે.

એક બાજુ અગાધતા તો બીજી બાજુ અંધતાનો આ ગૂંચવાડો, આ વિરોધાભાસ થવાનું કારણ છે માણસની આ ભાવમય સત્તાનું બેવડુ બંધારણ કારણકે માણસની ભીતરમાં આગળના ભાગે છે પ્રાણમય ભાવોનું હૃદય; એ છે પ્રાણીઓનાં હૃદય જેવું જ પણ વિવિધ રીતે વિકસેલું. તેના ભાવોનું સંચાલન થાય છે અહમ્-ભર્યા આવેગો, અંધ અને સહજ આસક્તિઓ અને અપૂર્ણતાઓ, વિકૃતિઓ તથા નીચા હલકટતાઓથી ભરેલ પ્રાણની વૃત્તિઓની ખેલકૂદથી. અંધ અને પતિત પ્રાણશક્તિની વાસનાઓ, ઇચ્છાઓ, ગુસ્સાઓ, તીવ્ર કે ભયંકર માગણીઓ અથવા સંકુચિત લોભ અને હલકી ક્ષુલ્લકતાઓથી આ હૃદય ઘેરાએલું છે, તેમને કબજે થઈ પડેલું છે, અને આવી ચડતી આ કે તે વાસનાની ગુલામી કરી કરીને નીચલી કોટિમાં જઈ પડેલું છે. ભાવમય હૃદય અને ઇંદ્રિયોનાં સુખની ભૂખવાળો પ્રાણ એ બેના આ મિશ્રણને પરિણામે માણસમાં કામનાઓની એક જૂઠી સત્તા રચાઈ ગએલી છે. આપણી તર્કપ્રધાન બુદ્ધિ જેને અવિશ્વાસપાત્ર ગણે છે ( અને તે વાજબી

જ છે) અને જેની ઉપર પોતાનો કાબૂ રાખવાની જરૂર સમજે છે તે અણ-ઘડ અને ખતરનાક તત્ત્વ આ જ છે (અલબત્ત આ અપરિપક્વ અને હઠીલી પ્રાણપ્રકૃતિ ઉપર એ ખરેખર જે નિયંત્રણ અથવા તો સાણસા-પકડ સ્થાપવામાં સફળ થાય છે તે હમેશાં ઢીલી અને ભ્રામક જ હોય છે). પણ માણસનો સાચો આત્મા કાંઈ આ ભાગમાં વસેલો નથી; એ તો છે સાચા, ન દેખાતા હૃદયમાં, અને ત્યાં પણ પ્રકૃતિની કોઈ એક પ્રકાશોજ્જ્વલ ગુફામાં સંતાએલો; જ્યાં દિવ્ય પ્રકાશ ચળાઈ આવે છે એવા એ પ્રદેશમાં તે છાનો-માનો એવો તો ઊંડે રહે છે કે ભાગ્યે જ કોઈને તેની હાજરી પણ વરતાય છે; કારણકે આત્મા તો ભલે બધાયને હોય તોપણ ભાગ્યે જ કોઈ પોતાના સાચા આત્મા વિશે જાગ્રત હોય છે અથવા તેનો સીધો ધબકાર અનુભવતા હોય છે. ત્યાં જ પ્રભુનો નાનોશો અંશ નિવાસ કરે છે અને આપણી પ્રકૃતિના આ અંધારિયા પદાર્થના જથ્થાને ટેકવી રાખે છે; તેની જ આજુબાજુ ચૈત્ય પુરુષ, આપણી અંદરનો સાચો માનવી, સાકાર થએલો આપણો આત્મા, વિકાસ પામતો જાય છે. આપણો આ ચૈત્ય પુરુષ જેમ જેમ વિકાસ પામતો જાય છે અને જેમ જેમ આપણું હૃદય તેના ભાવિ-ભણકારાના અને ધબ-કારાના પડઘા પાડતું જાય છે તેમ તેમ આપણે આપણા આત્મા પ્રત્યે વધારે ને વધારે જાગ્રત થતા જઈએ છીએ; 'ઊંચી જાતનાં પશુ' મટતા જઈએ છીએ અને આપણી અંદરના દેવતાની ઝાંખી પામતા જઈએ છીએ; તે આપણને જે એક અગાધ જીવન અને ચેતનાનાં; અને દિવ્ય સંપત્તિ માટેની જે એક ભૂખનાં આંદોલનો મોકલે છે તેનો વધારે ને વધારે સ્વીકાર કરતા જઈએ છીએ. આ ચૈત્ય પુરુષ, મુક્ત બનીને, પડદા પાછળનો નિવાસ ત્યજીને, આગળના ભાગમાં આવીને પોતાના ભાવિ-ભણકારા, દર્શનો અને આવેગોનાં પૂરને આપણાં મન, પ્રાણ અને શરીર ઉપર પૂરબહારમાં રેડી શકે, અને પાર્થિવ પ્રકૃતિમાં દિવ્યતાના બાંધકામની તૈયારી કરી શકે એ પૂર્ણયોગની નિર્ણયાત્મક ઘડીઓમાંની એક છે.

જ્ઞાન માટેની આપણી માનસિક પ્રવૃત્તિઓમાં આપણે શરૂ શરૂમાં જેમ એ ભેદ પાડવા જ પડે છે તેમ હૃદયની પ્રવૃત્તિઓમાં પણ કરવું જ પડે છે. તે બે ભેદ છે: એક તો આપણા સાચા આત્મા દ્વારા જ શરૂ થતી હોય તેવી અથવા તો, જે તેને મુક્ત કરીને પ્રકૃતિ ઉપર તેનો કબજો સ્થાપવામાં મદદરૂપ થતી હોય તેવી, અને બીજી, મલિન પ્રાણ-પ્રકૃતિના ઉપ-ભોગોને ખાતર થતી હોય તેવી. પણ સામાન્ય રીતે પાડવામાં આવતા આવી જાતના આ ભેદ, યોગના ઊંડા અને આધ્યાત્મિક હેતુને ખાતર, નિરર્થક

છે. ધાર્મિક ભાવો અને દુનિયાના લાગણી-સંબંધો વચ્ચે ભેદ પાડી શકાય અને આધ્યાત્મિક જીવનના નિયમ તરીકે એમ પણ કહી શકાય કે માત્ર ધાર્મિક ભાવો જ ખીલવવા જોઈએ અને બધી જ દુન્યવી લાગણીઓ અને આસક્તિઓ તજવી જોઈએ, અને તેમને આપણી જાતમાંથી ખેરવી નાખવી જ જોઈએ. આ નિયમનો અમલ કરવો એનો અર્થ એટલો જ કે કોઈ સંત કે ભક્તની માફક એક એવું ધાર્મિક જીવન ગાળવું કે જેમાં માત્ર ભગવાન સાથે જ કે અન્ય પ્રભુપ્રેમીઓ સાથે જ સંબંધ રાખવામાં આવતો હોય, અથવા, બહુ બહુ તો, પવિત્ર, ધાર્મિક કે દયાળુ પ્રેમનાં ઝરણાં દુનિયાના લોકો પર રેલાવવામાં આવતાં હોય. પણ ધાર્મિક ભાવની પોતાની ઉપર તો પ્રાણનાં આંધળાં અને ગૂંચવાએલાં આંદોલનો અતિ ઉપરાઉપરી હલ્લો કર્યા કરતાં હોય છે; વળી આ ધાર્મિક ભાવ ઘણી બધી વાર કાં તો અણઘડ કે સાંકડો કે ધર્માંધ હોય છે અથવા એવી લાગણીઓમાં ભેળસેળ થઈ ગએલો હોય છે કે જેમાં આધ્યાત્મિક પરિપૂર્ણતાનાં કાંઈ નિશાન ના હોય. વળી એ વાત ચોખ્ખી છે કે સંતપદ બહુ જ ઊંચી કોટિનું હોઈ ભલે એકદમ તીવ્ર સ્વરૂપનું હોય છતાં જડ ક્રમિકતામાં બંધાઈ ગએલું હોય તો પૂર્ણયોગના વિશાળ આદર્શના કરતાં એ તદ્દન જુદું જ હોવાનું. તેના કરતાં વધારે વિશાળ એવો ચૈત્યસિક અને ભાવાત્મક સંબંધ ભગવાન અને દુનિયા સાથે હોય, તે વધારે ઊંડા અને મુલાયમ સત્ત્વવાળો હોય, તે વધારે વ્યાપક અને ગ્રહણશીલ રીતે કાર્ય કરતો હોય અને પોતાના પ્રવાહમાં સમગ્ર જીવનને ખેંચી જઈ શકે એવો જોરદાર હોય એ અનિવાર્ય છે.

બિનસાંપ્રદાયિક વિચારવાળા માણસો નીતિની ભાવના ઉપર રચાએલો જે ઉકેલ રજૂ કરે છે તે, ધાર્મિક ઉકેલના કરતાં વધારે વિશાળ છે; કારણકે તેઓ નીતિની ભાવના ઉપર રચાએલા ભાવ-સંબંધો અને અહમ્‌પ્રધાન, સ્વાર્થી અને દુન્યવી મતલબના સંબંધો એવો ભેદ સ્વીકારે છે. આદર્શ તરીકે તેઓ પરહિતનાં, જનસેવાનાં, દયા-ભાવનાં, પરોપકારનાં, માનવતાનાં, સેવાવૃત્તિનાં, સર્વજન અને પ્રાણીમાત્રના ભલા ખાતર પરસેવો પાડવાનાં કાર્યોને રજૂ કરે છે. તેઓ માને છે કે અભિમાન રાખ્યા વિના બીજાઓને માટે કે સારી માનવજાતને માટે જ પૂરેપૂરું કે મોટા ભાગનું જીવન જીવીને સ્વાર્થ-ત્યાગી પુરુષ તરીકેનો વિકાસ સાધવો એ જ આપણો આંતર-વિકાસ સાધવાનો માર્ગ છે. પણ આવો માનવતાવાદ સ્વીકારવા જતાં જો એ વધારે પડતો માનસિક અને અતિ અસાંપ્રદાયિક લાગે (કારણકે આપણી જાતમાં, જરા વધારે ઊંડાણમાં ઊઠતી ધર્મ-ભાવના અને આધ્યાત્મિકતાને ધ્યાન

બહાર રાખવાથી એ મત આપણી સમગ્ર જાતને સંતોષી ના શકે. ) તો ધર્મ અને નીતિના સંયુક્ત પાયાનો પણ સ્વીકાર કરી શકાય ( અને, ખરી રીતે તો, માનવતાવાદ આમાંથી જ ઊગેલો છે ). હૃદયમાં ભક્તિ ભરીને ભગવાનની આંતરિક આરાધના કરવાની સાથે કે સર્વોચ્ચ જ્ઞાનની ઉપાસના દ્વારા અનિર્વચનીય બ્રહ્મની શોધ કરવાની સાથે પરહિતનાં કાર્યો દ્વારા થતી આરાધનાનો કે, પ્રેમનાં, પરહિતનાં, સમાજસેવાનાં કાર્યો દ્વારા થતી પૂર્વ તૈયારીનો સમાવેશ પણ કરી શકાય; સર્વજન માટેની શુભેચ્છા, વિશ્વવ્યાપી કરુણા, કે પ્રેમ અને સેવાના ધર્મનો વેદાન્તિક, બૌદ્ધ, કે ખ્રિસ્તી આદર્શ, ખરેખર તો, આ ધર્મ-નીતિની સંયુક્ત ભાવનામાંથી જ સર્જાએલો છે. આમાં જ્યારે એક જાતની બિનસાંપ્રદાયિક્તાનું ઠંડું તત્ત્વ ભળ્યું અને તેણે તેમાંના ધાર્મિક તત્ત્વની ગરમીને થીજવી દીધી ત્યારે જ તેમાંથી માનવતાવાદનો આદર્શ અલગ થઈ ગયો અને બૌદ્ધિક તથા નૈતિક એવા બિન-સાંપ્રદાયિક મતના સર્વોચ્ચ સ્થાને બેસી ગયો. ધાર્મિક પદ્ધતિમાં આવાં કર્મોને એ નિયમ એ માત્ર એક આનુષંગિક બાબત કે એક સાધન માત્ર છે, એટલે તેનો હેતુ સિદ્ધ થઈ જતાં એ નિયમ નકામો થઈ પડે છે; એ નિયમ એમના ઈશ્વર-આરાધનાના માર્ગનો એક ભાગ માત્ર છે, અથવા તો નિર્વાણ પામવા માટે પોતાની જાતને શૂન્ય કરી દેવાનું છેલ્લું પગથિયું છે; જ્યારે બિનસાંપ્રદાયિકતાના આદર્શમાં એને પોતાને જ ધ્યેયનું સ્થાન મળી જાય છે, એ પોતે જ માણસની નૈતિક પૂર્ણતાની નિશાનીરૂપ બની જાય છે અથવા તો દુનિયામાં માણસની વધારે સુખી હાલતનો, એક વધારે સારા સમાજનો, માણસજાતના વધારે ઐક્યવાળા જીવનનો આધાર બની જાય છે. પણ પૂર્ણયોગ આપણી સમક્ષ આત્માની જે માગ રજૂ કરે છે તે આમાંની એક પણ બાબતથી સંતોષાય તેમ નથી.

પરહિતવાદ, જનપ્રેમવાદ, માનવતાવાદ, સમાજસેવા એ બધાં જ માનસિક ચેતનાનો પરિપાક છે અને બહુ બહુ તો, વિશ્વવ્યાપી દિવ્ય પ્રેમની જે આધ્યાત્મિક જ્યોત છે તેના આપણા મને કરેલાં ફિક્કાં, ઠંડાં, અનુકરણો છે. તે બધાં આપણા અહમ્‌ભાવમાંથી આપણને ખરેખર મુક્ત કરતાં નથી પણ બહુ બહુ તો તેને વધારે વ્યાપક બનાવે છે અને તેને ઊંચી જાતનો અને ખૂબ મોટો સંતોષ આપે છે; તેઓ આપણા પ્રાણિક જીવન અને પ્રકૃતિને બદલી નાખવાના કામ માટે નકામાં છે; તેઓ તેમની પ્રવૃત્તિઓમાં જરાતરા ફેરફાર કરે છે તથા તેમને મોળી પાડે છે અને, તેમના અહમ્‌પ્રધાન મૂળ તત્ત્વને બદલ્યા વિના, તેમની ઉપર જરાતરા રંગ-

રોગાન કરે છે. હા, આપણી સંકલ્પશક્તિને પૂરેપૂરી સચ્ચાઈ-ભરી કરીને તેમનું પાકું અનુસરણ કરી શકાય પણ તો ય એ આપણી પ્રકૃતિના માત્ર એક ભાગને, અને તે ય વધુ પડતો, ફુલાવીને જ કરી શકાય. આપણે તો આપણી આ વ્યક્તિગત જાતનો, વિશ્વ-વ્યાપી અને પરાત્પર એવા સનાતન તત્ત્વ પ્રત્યે, સર્વાંગી સંપૂર્ણ અને આદર્શ વિકાસ કરવો છે; તેનો કોઈ ઉકેલ આ ફુગાવામાંથી મળી શકે તેમ નથી. આ ઉકેલ માટે ધર્મ-નીતિનો સંયુક્ત આદર્શ પણ કાંઈ પૂરતું માર્ગ-દર્શન આપી શકે તેમ નથી કારણકે પરસ્પર સહકાર માટેનું આ એક એવું સમાધાન અથવા બાંધ-છોડવાળું જોડાણ છે કે જેમાં એક બાજુ, સામાન્ય માનવપ્રકૃતિના ઊર્ધ્વ વલણને પોતાના હાથમાં લઈને ધાર્મિક વૃત્તિ પૃથ્વી પરની પોતાની પકડને વધારે મજબૂત કરવા મથે છે તો બીજી બાજુએ નૈતિક વૃત્તિ ધાર્મિક ધગશના સ્પર્શથી પોતાનામાં રહેલ માનસિક જડતા અને શુષ્કતા-માંથી ઊંચે ચડવા માગે છે. આ જોડાણથી ધર્મ માનસિક સ્તર સુધી નીચે ઊતરે છે અને મનની મૂળ-ગત અપૂર્ણતાઓ, અને, જીવનને પલટીને તેનું રૂપાંતર કરવાની તેની અશક્તિને એક વારસા તરીકે સ્વીકારે છે. મન એ તો વિવિધ દ્વંદ્વોનું ઘર છે, અને જે રીતે નિરપેક્ષ સત્યની સિદ્ધિ એને માટે અશક્ય છે (શક્ય છે માત્ર, ભૂલ-ભેળવેલાં સાપેક્ષ સત્યો) એ જ રીતે તેને માટે નિરપેક્ષ કલ્યાણની, શુભની સિદ્ધિ પણ અશક્ય છે. કારણકે એ નૈતિક શુભની હયાતી અશુભના વિરોધી તરીકે અને તેના સુધારક તરીકે છે એટલે શુભની સાથે અશુભ હમેશાં એક પડછાયા તરીકે, પૂરક તરીકે લગભગ તેના કારણ તરીકે, જોડાએલું રહે જ છે. પણ આધ્યાત્મિક ચેતના એ મનથી ઉપરના સ્તરની વસ્તુ છે; ત્યાં બધાં દ્વંદ્વોનો અંત આવે છે. કારણકે આજ સુધી જે જૂઠાણું સત્યનો સામનો કરતું હતું અને જે એ સત્યનું જ અસત્યીકરણ કરીને તેનો જ લાભ ઉઠાવતું હતું, વળી, આજ સુધી જે અશુભ શુભની સામે ખડું હતું અને જે તેની જ વિકૃતિ કે ભયંકર અવેજીરૂપ હતું તેમણે હવે પોષણના અભાવે નાશ પામવું જ પડે છે, તેમની હયાતી અશક્ય બની જાય છે. પૂર્ણયોગ માનસિક અને નૈતિક આદર્શોના તકલાદી માલનો ટેકો લેવાની ના પાડે છે. તે આ બાબતમાં પૂરેપૂરો ઝોક મૂકે છે ત્રણ, કેન્દ્રવર્તી, ક્રિયા-શીલ પ્રક્રિયાઓ પર: એક, સાચા આત્માનો, એટલે કે ચૈત્ય પુરુષનો વિકાસ સાધીને કામનાના જૂઠા આત્માના સ્થાને તેની સ્થાપના; બે માનવપ્રેમનું ભાગવત પ્રેમમાં ઊર્ધ્વીકરણ; અને ત્રણ, ચેતનાનું માનસિક સ્તર પરથી

આધ્યાત્મિકતાના અને અતિમાનસિકતાના એ સ્તર પર અતિક્રમણ કે માત્ર જેમના સામર્થ્ય વડે જ આત્મા અને પ્રાણ-શક્તિને અસલ અજ્ઞાનનાં આવરણો અને સત્યની સામેની તેની નાસભાગથી સંપૂર્ણપણે મુક્ત કરી શકાય તેમ છે.

જેમ સૂર્ય તરફ પોતાનું મુખ રાખવું એ સૂર્યમુખીના ફૂલ માટે સ્વાભાવિક છે તેમ પરમ, દિવ્ય સત્ય તરફ અભિમુખ રહેવું એ અંતરાત્મા કે ચૈત્ય પુરુષની પોતાની પ્રકૃતિ છે; જે કાંઈ દિવ્ય છે કે દિવ્યતા તરફ આગળ વધી રહ્યું છે તેનો તે સ્વીકાર કરે છે અને તેને વળગી રહે છે, અને જે કાંઈ તેની વિકૃતિ છે કે તેનો ઇન્કાર કરે છે, જે કાંઈ અસત્ય કે અદિવ્ય છે તેમાંથી તે પાછો હઠી જાય છે. છતાં પણ એ અંતરાત્મા શરૂઆતમાં તો પ્રભુના એક એવા નાનાશા તણખા જેવો (અને પછીથી નાનકડી જ્યોતિ જેટલો) હોય છે કે જે અંધકારના એક મોટા ઢગલા વચ્ચે ચમકી રહ્યો હોય છે: મોટે ભાગે તો એ આપણા હૃદય-મંદિરમાં પડદા પાછળ છુપાએલો રહે છે અને બહાર આવવા માટે તેણે મન, પ્રાણશક્તિ અને શારીરિક ચેતનાને સાદ કરવો પડે છે અને તેઓ તેમનાં બધાં જ બળથી તેને વ્યક્ત કરે તેને માટે તેમને સમજાવવાં પડે છે; તે, સામાન્ય રીતે, બહુ બહુ તો તેમના બાહ્ય બંધારણમાં પોતાનો આંતરિક પ્રકાશ જરાતરા ભેળવવામાં અને તેમના ગાઢ અંધકાર અને કઢંગા ખીચડામાં પોતાની વિશુદ્ધિકારક મુલાયમતા ભેળવીને તેમને જરાતરા હળવાં બનાવવામાં સફળ થાય છે. આપણા જીવનમાં પોતાને સીધેસીધો વ્યક્ત કરી શકે એટલી હદે જ્યારે તે એક ચૈત્ય પુરુષ તરીકે આકાર લે છે ત્યારે પણ, મોટે ભાગે, આપણી આખી જાતના પ્રમાણમાં તે બહુ જ નાનો (અસલના ઋષિઓએ કહ્યું છે તે પ્રમાણે “ એક અંગૂઠા જેવડો ” હોય છે; અને શારીરિક ચેતનાનાં તમસ અને અજ્ઞાનભરી સંકુચિતતા તેમ જ મનના ખાતરીપૂર્વકના (છતાં ભ્રામક) દાવા, કે પ્રાણની ઉદ્ધતાઈ કે ઝાંઝ એ બધાંની સામે એ પોતાનું ધાર્યું હંમેશાં કરાવી શકતો નથી. આ અંતરાત્માને જેવી છે તેવી માણસની આ માનસિક, ઊર્મિલ, સંવેદનશીલ જિંદગીનો, તેના સંબંધોનો, તેની પ્રવૃત્તિઓનો, અને તેની માનીતી રીત-રસમોનો સ્વીકાર કરી જ લેવો પડે છે; સતત અસત્યના થર પાથરતી ભૂલોમાં ભળી ગએલ આ સાપેક્ષ સત્યમાં, પાશવી શરીરના ઉપયોગ માટે કે પ્રાણના અહમના ઉપભોગ માટે કામે લાગેલ આ પ્રેમમાં, અને, કદીક ઝડપાઈ જતી પ્રભુની ફિક્કી ઝાંખીઓવાળી તથા પશુ અને પિશાચની કાળી ભયંકરતાઓના તોપમારા ખાતી આ સરેરાશ

માનવીની જિંદગીમાં પડેલ દિવ્ય તત્ત્વને છૂટું પાડવાની અને વધારતા જવાની મહેનત તેને કરવાની રહે છે. તેના પોતાના સંકલ્પો તો સહજ રીતે જ ભૂલથી પર હોય છે, પણ તેનાં કરણો એવાં છે કે તેણે કેટલીક બાબતોમાં નમતું જોખ્યા વિના છૂટકો નથી થતો; તેણે કામમાં ભૂલોનો, લાગણીઓના અસ્થાને પ્રવાહનો તથા ખોટી વ્યક્તિની પસંદગીનો સ્વીકાર કરવો પડે છે; તથા સંકલ્પોને સ્પષ્ટ આકાર આપવા જતાં અને, પોતાના, ભૂલથી પર, આંતરિક આદર્શોને વ્યક્ત કરવા જતાં ય ભૂલોનો સ્વીકાર કરવો જ પડે છે. છતાં ય તેનામાં સત્યનું પૂર્વ-દર્શન હોય છે જ; અને તેને જ લીધે તે બુદ્ધિ કે ખુદ ઉચ્ચતમ ઇચ્છાના કરતાં પણ વધારે વિશ્વાસ-પાત્ર માર્ગ-દર્શક બની રહે છે, અને, દેખીતી ભૂલો કે સ્ખલનોને ભેદીને તેનો અવાજ ચોકસાઈવાળી બુદ્ધિ અને વિવેકશીલ માનસિક નિર્ણયોના કરતાં પણ વધારે સારી રીતે આપણને દોરી જઈ શકે છે. અંતરાત્માનો આ અવાજ એ કાંઈ આપણે જેને અંગ્રેજીમાં 'કોન્શીઅન્સ' (અંતરનો અવાજ કે વિવેક-શક્તિ) કહીએ છીએ તે નથી, કારણકે એ 'કોન્શીઅન્સ' તો એક માન-સિક અને, ઘણી વાર તો રૂઢી-પ્રધાન, ભૂલનો ભોગ થતી, અંતરાત્માના અવાજની અવેજી છે; અંતરાત્માનો અવાજ તો તેના કરતાં વધારે ઊંડો, અને ઓછો (કહો ને કે જવલ્લે જ) સંભળાતો, સાદ છે; છતાં ય જ્યારે એ સંભળાય ત્યારે એને જ અનુસરવું એ પૂરું ડહાપણ ભરેલું છે. એટલે સુધી કે, અંતરાત્માનો અવાજ સાંભળીને અથડાવું-કુટાવું એ, બુદ્ધિ-ના અને બાહ્ય નૈતિકતાના, માર્ગદર્શન નીચે સીધા દેખાતા રસ્તે ચાલવાના કરતાં વધારે સારું છે, પણ જ્યારે આપણી જિંદગી પોતે જ, પ્રભુને રસ્તે વળે ત્યારે જ અંતરાત્મા ખરેખર આગળ આવે છે અને પોતાની સત્તા બાહ્ય અંગો પર સ્થાપે છે, કારણકે એ તો પ્રભુના પોતાનામાંથી આવેલો એક તણખો હોવાથી પ્રભુ પ્રત્યે ચડતી જ્યોતિ તરીકે વિકાસ પામવું એ જ એની સાચી જિંદગી છે, એટલા માટે જ એની હયાતી છે.

યોગમાં આગળ વધતાં જ્યારે મન ઠીક ઠીક શાંતિ પકડે અને ડગલે ને પગલે, પોતાની માનસિક ખાતરીઓના જોરે પોતાનો બચાવ કરવાનું છોડી દે, જ્યારે પ્રાણ સુસ્થિર અને સંયમિત બને અને પોતાના ઉધમા-તિયા સંકલ્પો, માગણીઓ અને ઇચ્છાઓ માટેનો સતત આગ્રહ કરવાનું છોડી દે, અને જ્યારે દેહ પોતાની બહિર્મુખતા, અંધતા કે જડતા નીચે અંતરની જ્યોતને પૂરેપૂરી ગૂંગળાવી ન દેવાનું ઠીક ઠીક પ્રમાણમાં શીખી જાય ત્યારે અંતરમાં છુપાઈ બેઠેલી અને જવલ્લે જ પોતાના કોઈક સ્પંદન

દ્વારા અનુભવાતી એક ગૂઢતમ સત્તા બહાર આવવા, સર્વ ભાગોને આલોકિત કરવા અને સાધનાની લગામ હાથમાં લેવા શક્તિમાન થાય છે. એની ખાસિયત એ છે કે ભગવાનને, પરમ પ્રભુને ધ્રુવતારક બનાવી એકમાત્ર તેના તરફ બધી જ એકાગ્રતા કરે છે; આ હોય છે તો એકાગ્રતા છતાં કાર્યમાં, અને આગળ વધવામાં રહે છે બિલકુલ સાનુકૂળ; તે, એકમાર્ગી બુદ્ધિની માફક, કે રાજરૂઆબી અને ધર્માંધ સિદ્ધાંતની માફક કે એક જ રસ્તે ધક્કો મારતી પ્રાણશક્તિની માફક જડ રીતે દિશા પકડતી નથી, તે ક્ષણે ક્ષણે, અને એક જાતની મુલાયમ મક્કમતાથી આપણને પરમ સત્યનો માર્ગ દેખાડે છે, તદ્દન સહજ રીતે સાચાં અને ખોટાં પગલાં વચ્ચેનો ભેદ દેખાડે છે. આપણને ચોટેલા અદિવ્ય ગૂંચવાડામાંથી દિવ્ય અને પ્રભુપ્રતિની ગતિને અલગ દેખાડી આપે છે. એનાં કર્મો એક 'સર્ચલાઈટ' જેવાં હોય છે,– પ્રકૃતિમાં જે કાંઈ બદલી નાખવા જેવું છે તે બધું જ દેખાડી આપે છે; તેનામાં એક જ્યોતિર્મય સંકલ્પ છે,–તે પરિપૂર્ણતા માટે અને આપણી આંતર-બાહ્ય જાતના એક રાસાયણિક રૂપાંતર માટે દબાણ કર્યા જ કરે છે. તે સર્વ દિવ્યતાનાં દર્શન કરે છે, તો એની સાથે સાથે, દિવ્યતાનાં માત્ર મહોરાં અને તેને છુપાવતા આભાસોનો ઇન્કાર કરે છે. તે પરમ સત્યનો, સંકલ્પ, શક્તિ અને પ્રભુત્વનો, પરમ આનંદનો, પરમ પ્રેમનો, પરમ સૌંદર્યનો આગ્રહ કરે છે; પણ સત્ય એટલે જ્ઞાનના નિવાસ-રૂપ સત્ય, અજ્ઞાનના વ્યવહારુ અને ક્ષણિક સત્યથી ઉપરનું સત્ય; આનંદ એટલે એક આંતરિક આનંદ, માત્ર પ્રાણની મઝાઓ નહિ (કારણકે એ અધોગામી સુખોના કરતાં તો વિશુદ્ધિકારક યાતના અને દુઃખોને એ વધારે પસંદ કરે છે); પ્રેમ, પણ ઊર્ધ્વગામી પ્રેમ, સ્વાર્થી કામનાઓનાં બંધનવાળો કે કાદવમાં ખૂંપેલો પ્રેમ નહિ; સૌંદર્ય, પણ સનાતન સ્વામીના પૂજારી-પદે પહોંચેલું સૌંદર્ય; શક્તિ, સંકલ્પ અને પ્રભુત્વ પણ પરમ–આત્માનાં કરણરૂપ,–અહમ્‌નાં નહિ. તેનો સંકલ્પ છે જીવનને દિવ્ય બનાવવાનો, તેની દ્વારા ઊર્ધ્વ સત્યને વ્યક્ત કરવાનો, તેને પરમ પ્રભુનાં, સનાતન સ્વામીનાં, ચરણોમાં સમર્પિત કરવાનો.

પણ ચૈત્ય પુરુષની ખરેખરી વિશિષ્ટતા તો છે એક પવિત્ર પ્રેમ, આનંદ અને તદ્રૂપતા દ્વારા પ્રભુપથનો આગ્રહ. તેની મોટામાં મોટી ઝંખના છે પ્રભુનો પરમ પ્રેમ, પ્રભુ પ્રત્યેનો પ્રેમ એ જ છે એના વેગનું કારણ, એ જ છે એનું ધ્યેય; આપણી અંદર જાગતા જતા દેવની પ્રકાશોજ્જ્વલ ગુફા પરનો કે નવ-જાત દેવ-શિશુના હજી અંધાર-ઢાંક્યા પારણા પરનો એનો સત્ય-તારક. એના, બાલ્યકાળ જેવા, અને વિકાસ માટેના, પહેલા અને લાંબા

ગાળામાં એણે દુન્યવી પ્રેમ, વહાલ, કુમળા ભાવ, શુભેચ્છા, કરુણા અને કલ્યાણ-વાંછનાનો, સર્વે સૌંદર્ય અને મધુરતા અને લાલિત્યનો, અને પ્રકાશ અને શક્તિ અને હિંમતનો, અને જે કાંઈ માનવપ્રકૃતિની કુરૂપતા અને લઘુતાને સુઘડ અને શુદ્ધ કરવામાં મદદરૂપ થઈ શકે તેવું હોય તે બધાંયનો એક ચાલણ-ગાડી તરીકે સ્વીકાર કરેલો છે; પણ તે બરાબર જાણે છે કે આ બધા માનવીય વ્યાપારો, ઊંચામાં ઊંચા સ્તર પર હોય તોપણ કેવા અહમ્‌ના ઓછાયામાં, પોતાની જાતને જ છેતરતા લાગણીવશ જૂઠાણામાં અને અંતરાત્માના જેવા બનાવટી વ્યાપારો કરી તેનો લાભ ઉઠાવતી નિમ્ન જાતમાં ભળી ગએલા હોય છે, અને જો નીચામાં નીચા સ્તર પર હોય તો કેવા એ બધાંથી પતિત થએલા અને તેમની જ મહોરવાળા હોય છે. આ બધાંમાંથી એકીસપાટે બહાર આવીને, બધાં જ જૂનાં બંધનો અને અપૂર્ણ, ઊર્મિપ્રધાન વ્યાપારોને તોડી પાડવાને અને પ્રેમ અને એકરૂપતાના મહાન આધ્યાત્મિક સત્યને, તેમની જગાએ મૂકી આપવા માટે એ તૈયાર હોય છે,-અને ઉત્સુક પણ; અને છતાં ય તે આ માનવીય રીતો અને વ્યાપારોનો સ્વીકાર કરે છે, પણ તે એ શરતે કે એ બધાં ય એકમાત્ર "એક"ની તરફ વળતાં હોય. મદદરૂપ થતાં હોય તેવાં, આવાં જ બંધનો તે સ્વીકારે છે: પરમ ગુરુ પ્રત્યેનો હૃદયનો પૂજ્ય ભાવ, પ્રભુ-પ્રેમીઓનું મિલન, અજ્ઞાનભરી માનવીય અને પાશવી દુનિયા અને તેના લોકો માટે આધ્યાત્મિક કરુણા, પ્રભુનાં સર્વત્ર દર્શનમાં જે સૌંદર્ય અનુભવાય તેથી મળતો આનંદ, સુખ અને સંતોષ. હૃદયના ગુપ્ત કેન્દ્રમાં વસતા અંતર્યામી પ્રભુના મિલન તરફ તે આપણી પ્રકૃતિને ડુબકી મરાવે છે અને જ્યારે એ એલાન હોય છે ત્યારે અંદર બેઠેલા માલિકની મોહિની માટેની પવિત્ર ઝંખના અને અનુસરણમાંથી તેને છેતરવાની કે આડે રસ્તે દોરવાની કોઈની તાકાત નથી: નહિ અહંકારમાંથી આવતી કોઈ ટીકા કે નિંદાની કે નહિ પરોપકાર કે ફરજ કે જગકલ્યાણ કે સમાજસેવા માટેના બહારથી આવતા કોઈ સાદની. તે એક પરાત્પર પરમસુખ પ્રત્યે જાતને ઉઠાવે છે અને ઊંચામાં ઊંચે બિરાજતા એ "એક"ના મિલન માટેના ઉડ્ડયનને ખાતર, પોતાની પાંખ પરના બધા જ પાર્થિવ બોજને ફેંકી દેવા તૈયાર હોય છે; પણ બીજી બાજુએ, વેર-ઝેર, ઝગડા, ભાગલા, અંધકાર અને વિગ્રહભર્યા અજ્ઞાનવાળી દુનિયાને મુક્ત કરવા માટે અને તેનું રૂપાંતર કરવા માટે, તે પરાત્પર પ્રેમ અને પરમ-આનંદને, નીચે ઊતરવાનો, સાદ પણ કરે છે. તે એક વિશ્વવ્યાપી દિવ્ય પ્રેમ તરફ, સર્વજનના કલ્યાણ માટેની એક વિશાળ કરુણા, એક તીવ્ર અને જબ્બર

સંકલ્પ તરફ પોતાની જાતને ખુલ્લી કરે છે; તે એટલા માટે કે, વિશ્વવ્યાપી અજ્ઞાનમાંથી દુનિયાનો ઉદ્ધાર કરવા માટે જે દિવ્ય પ્રેમાવેશે આ અંધકારભરી રાત્રિમાં ડૂબકી મારેલી છે તેને, એ પ્રેમાવેશને પોતાનાં બાળકોને ખાતર ભેગો કરતી અને તેમને વીંટાળતી આ પૃથ્વીમાતાનું પોતાને ગાઢ આલિંગન મળે. આ જગતમાં ઊંડે ઊંડે જે મહાન સત્ય મૂળ નાખી બેઠેલું છે તેનાં કોઈ માનસિક અનુકરણો કે પ્રાણે કરેલા કોઈ દુરુપયોગથી તે ખેંચાઈ જતો નથી કે ખોટે રસ્તે દોરવાઈ જતો નથી; આ બનાવટો કે દુરુપયોગોને તે પોતાની સર્ચલાઈટ વડે ખુલ્લાં પાડી દે છે અને આ કુરૂપતાઓને રૂઝવી આપવા માટે, માનસિક, પ્રાણિક કે શારીરિક પ્રેમને તેમની અધૂરપ અને વિકૃતિઓમાંથી મુક્ત કરવા માટે, તથા એક આત્મીયતામાં, એકરૂપતામાં, આરોહણના આનંદમાં અને અવતરણની મુદામાં એમનો જે અતિ વિશાળ હિસ્સો છે તે તેમને દેખાડી આપવા માટે દિવ્ય પ્રેમનાં પૂર્ણ સત્યને સાદ કરે છે.

પ્રેમનાં બધાં જ સાચાં સત્યો અને કર્મોનો ચૈત્ય પુરુષ તેમનાં ઘટતાં સ્થાને સ્વીકાર કરે છે, છતાં ય તેની જ્યોત તો હમેશાં ઊંચે જ ચડતી રહે છે, અને નીચી કક્ષાનાં સત્યોમાંથી વધારે ઊંચી કક્ષાનાં સત્યો તરફનાં એ આરોહણને ખૂબ વેગ આપવા તે હમેશાં ઉત્સુક હોય છે; કારણકે તે જાણે છે કે સૌથી ઊંચા પરમ સત્યને પહોંચવું અને તે પરમ સત્યને નીચે લાવવું એ જ, પ્રેમને વધસ્તંભ[૧] પરથી બચાવી સિંહાસન પર સ્થાપન કરવાનો ઉપાય છે. કારણકે વધસ્તંભ તો પ્રભુના એ અવતરણનું પ્રતીક છે કે જે અવતરણને વિશ્વવ્યાપી વિકૃતિની આડ-રેખાએ (જિંદગીને યાતના અને દુર્ભાગ્યનો ભોગ બનાવનાર આડ-રેખાએ) અટકાયત અને હાની કરી હતી. આદિ સત્યમાં આરોહણ પામીને જ વિકૃતિને મિટાવી શકાય અને પ્રેમનાં,— તેમ જ જ્ઞાનનાં અને જીવનનાં – કર્મો ત્યારે જ દિવ્ય સાર્થકતા ફરી પામી શકે, અને એક પૂર્ણ આધ્યાત્મિક અસ્તિત્વનું અંગ બની શકે.

× × ×

---

૧. વાચકને ખબર હશે જ કે પ્રેમમૂર્તિ ઈશુ ખ્રિસ્તનો જે વધસ્તંભ 'ક્રોસ', પર વધ કરવામાં આવ્યો હતો તેનો આકાર † આવો, વત્તાની નિશાની જેવો, હતો.
— અનુવાદક

પ્રકરણ : ૬

# યજ્ઞનો ઊર્ધ્વ પથ (૨)

## કર્મો : પ્રેમનાં અને જીવનનાં

એટલે ચૈત્ય પુરુષને આગળ કરીને, પુરોહિત બનાવીને પ્રેમ, કર્મ અને જ્ઞાનનો યજ્ઞ કરવામાં આવે તો ખુદ જિંદગીનું જ રૂપાંતર કરીને તેને તેનું સાચું આધ્યાત્મિક સ્વરૂપ આપી શકાય. જો સાચી રીતે કરેલો જ્ઞાન-યજ્ઞ એ આપણી આધ્યાત્મિક પરિપૂર્ણતા પ્રાપ્ત કરવા પરમાત્માને કરેલી વિશાળમાં વિશાળ અને વિશુદ્ધમાં વિશુદ્ધ સહજ ભેટ છે તો વળી, પ્રેમયજ્ઞ પણ કાંઈ ઓછો જરૂરી નથી, એની એકલાની જ ગણતરી કરીએ તોપણ તે તીવ્રતા અને સમૃદ્ધિમાં આગળ નીકળી જાય છે; અને વિશાળતા અને વિશુદ્ધિમાં પણ એને એટલો જ આગળ લાવી શકાય છે. પ્રેમયજ્ઞની તીવ્રતામાં આ વિશુદ્ધિ અને વિશાળતા લાવવા માટે આપણી બધી જ પ્રવૃત્તિઓમાં એક દિવ્ય અનંત આનંદનો ભાવ અને શક્તિ રેડવાં પડે અને આપણા જીવનના સમગ્ર વાતાવરણને, અનેક-રૂપ બનેલ એ એકમાત્ર પરમાત્માની એકમાત્ર ઉપાસનાથી ભરી દેવું પડે. કારણકે પ્રેમયજ્ઞ પૂરેપૂરો પરિપૂર્ણ માત્ર ત્યારે જ બની શકે જ્યારે સર્વ-સ્વરૂપ દિવ્ય પુરુષને સમર્પિત થઈને તે સર્વાંગ, સર્વ-ગ્રાહી અને સીમા-વિહીન બને તથા પરમાત્મા સુધી ઊંચે ચડીને, આપણે જેને પ્રેમ કહીએ છીએ તે નિર્બળ, ઉપરછલ્લા અને ક્ષણિક ભાવમાંથી મુક્ત બને. અને એક પવિત્ર અને વિશાળ અને ગહન, એકતાસાધક આનંદ બની રહે.

આપણી જાતને આધ્યાત્મિક બનાવી દેવા માટે માત્ર વિશ્વરૂપ પરમ પ્રભુ ઉપર જ દિવ્ય પ્રેમ રાખવો પડે એ વાત સાચી, પણ એનો અર્થ એ નહિ કે આ જગતમાંના દરેક જાતના વ્યક્તિગત પ્રેમનો, કે આત્માઓને એકત્ર રાખતાં સર્વ જોડાણોનો, સંપૂર્ણ ત્યાગ અનિવાર્ય છે. અનિવાર્ય છે ચેતનાનો પલટો, અજ્ઞાનનાં આવરણોનો ત્યાગ; જૂની, હલકી ચેતનાને ટકાવી રાખતી અહમ્-ભરી માનસિક, પ્રાણિક અને શારીરિક પ્રવૃત્તિઓનું વિશુદ્ધિકરણ, પ્રેમનાં સર્વ કર્મો આધ્યાત્મિક બનીને, માનસિક ગમા-અણગમાઓ કે

પ્રાણના આવેગો, કે શારીરિક ઝંખનાઓ પર નહિ પણ આત્માએ આત્માને આપેલી અનુમતિ પર આધાર રાખે; પ્રેમ તેના અસલ, આધ્યાત્મિક અને ચૈત્યસિક પાયા પર પુનઃસ્થાપિત બને અને મન, પ્રાણ અને શરીર એક ઉચ્ચ એકતાને માટેનાં તેનાં કરણો અને ઘટકો બની રહે. આવો પલટો થતાં વ્યક્તિગત પ્રેમ પણ, એક સ્વાભાવિક ઉચ્ચતા પ્રાપ્ત કરીને, એક એવો દિવ્ય પ્રેમ બની જશે કે જે, પ્રાણીમાત્રનાં મન, પ્રાણ અને શરીરમાં અંતર્યામી બનીને નિવાસ કરતા એ સર્વ-સ્વરૂપ ભગવાન માટેનો પ્રેમ હશે.

ઉપાસનારૂપે થતા પ્રત્યેક પ્રેમની પાછળ આધ્યાત્મિક શક્તિ હોય છે જ; એ ઉપાસના ભલે સચેતન રીતે ના થતી હોય અને બહુ જ નાના પાત્રને થતી હોય છતાં તેની દરિદ્ર વિધિઓ અને નાની નાની ક્રિયાઓ દ્વારા પણ એ જ ભવ્યતા વ્યક્ત થતી હોય છે. કારણકે પૂજારૂપે થતો પ્રેમ એ અભીપ્સા પણ હોય છે અને પૂર્વ-તૈયારી પણ હોય છે; તેની અજ્ઞાની, સાંકડી મર્યાદાઓમાં પણ એક અદ્દભુત સાક્ષાત્કારની ઝલક ઝબકતી હોય છે. – ભલે ને એ ઝલક હજી વધારે-ઓછી તમોમય અને સાંકડી હોય; કારણકે એ વખતે આપણી અંદર પ્રેમી અને પ્રેમ-પાત્ર તરીકે એ જ "એ" હોય છે,– આપણે નહિ; અને આ પરમ પ્રેમ અને પ્રેમીની એક નાની સરખી પણ ઝલક વડે તો એક માનવીય અનુરાગ પણ ઊંચે ચડીને ભવ્ય બની જઈ શકે છે. એટલા જ માટે દેવ-પૂજાનો, મૂર્તિ, ગુરુજન કે આદર્શ પુરુષની પૂજાનો, તિરસ્કાર ના કરાય; કારણકે આ બધાં તો અનંત પ્રભુના આનંદોલ્લાસ અને પરમાનંદ તરફ માનવજાતને દોરી જતાં પગથિયાં છે; એ પગથિયાં અનંત પ્રભુને મર્યાદિત કરે છે એ સાચું છતાં, પ્રકૃતિએ આપણે માટે તૈયાર કરેલ રસ્તે આગળ વધવા જતાં, એ જ બધાં, અનંત પ્રભુનાં પ્રતિનિધિ બને છે અને આપણી ઊર્ધ્વ યાત્રાના મજલાઓ ખોલી આપે છે. આપણા ભાવોના વિકાસ માટે કેટલીક મૂર્તિ-પૂજા અનિવાર્ય છે, અને જ્યાં સુધી સત્યના પ્રતિનિધિરૂપ મૂર્તિની જગ્યાએ સત્યને પોતાને, પૂજકના દિલમાં સ્થાપી ના શકાય ત્યાં સુધી કોઈ પણ સુજ્ઞ પુરુષ એ મૂર્તિના ટુકડા કરી નાખવાની ઉતાવળ નહિ કરે. વળી એ બધામાં આવું સામર્થ્ય હોવાનું કારણ એ છે કે એ બધામાં તેમની વિધિઓથી પર એવી કોઈક વસ્તુ હમેશાં મોજૂદ હોય છે જ અને આપણે જ્યારે પરમ પૂજાને પહોંચીએ ત્યારે પણ એ મોજૂદ રહે છે, તેનો જ વિસ્તાર બની જાય છે અથવા તેની સર્વગ્રાહી એકતાનો એક ભાગ બની જાય છે. આપણે ભલે સર્વે સાકાર સ્વરૂપોથી પર નિરાકારને પહોંચી ગયા હોઈએ છતાં જે જીવજંતુઓ, પદાર્થો, માણસો અને માનવજાત,

પશુઓ, વૃક્ષો, પુષ્પો, આપણાં જ સર્જનો, અને પ્રાકૃત–શક્તિ (હવે આપણને એ કોઈ યંત્રવત્ અંધ શક્તિ નહિ પણ જગજ્જનનીનું જ મુખારવિંદ અને શક્તિરૂપ જ લાગતી હોય છતાં) એ બધામાં જો આપણે ભગવાનને ના ભાળતા હોઈએ તો આપણું જ્ઞાન અપૂર્ણ અને પ્રેમ અધૂરો જ સમજવો; કારણકે આ બધામાં પણ સનાતન પ્રભુ હાજરાહજૂર છે જ.

આપણે ભલે પરાત્પરની, પરમપુરુષની, પરમભાવની પૂજા કરતા હોઈએ પણ જો, સાથે સાથે, દેહધારી મનુષ્યમાં,[1] કે વસ્તુઓમાં, કે જીવજંતુઓમાં કે જ્યાં જ્યાં પણ એ વ્યક્ત થતો હોય કે પોતાનું દેવ–મુખ છુપાવીને બેઠો હોય, ત્યાં ત્યાં પણ જો તેની પૂજા ના કરીએ તો આપણી એ પૂજા ઊંચામાં ઊંચી અને અકથનીય હોવા છતાં અધૂરી જ રહેવાની. અને તેનું કારણ પણ છે જ. હૃદયને બાંધી રાખનારા, ભાવોને વિકૃત કરનારા અને તેમની પૂજાના રહસ્યને અદૃશ્ય કરી નાખનારા પેલા અસલ અજ્ઞાનનો નિવાસ તેમાં હોય છે જ; કોઈ માનસિક કે ભૌતિક મૂર્તિનો આશરો લેતા સર્વે ધર્મો અને બધી જ મર્યાદિત પૂજાઓની ઇચ્છા એવી હોય છે કે તેમનામાં રહેલ સત્ય ગુપ્ત રહે અને સચવાય; એટલા જ માટે તેઓ અજ્ઞાનના કોઈ એક આવરણનો આશ્રય લે છે; પણ પરિણામે તો, તેમાંનું સત્ય જ ધીમે રહીને સરકી જાય છે. તો વળી, સામી બાજુએ, અમૂર્ત જ્ઞાનનો ગર્વ એ પણ એક મર્યાદા અને વિઘ્ન છે, કારણકે વ્યક્તિગત પ્રેમ ભલે માનવીય અજ્ઞાનથી અંધ બનેલો હોય છતાં તેની પાછળ પણ એક એવું રહસ્ય છુપાએલું છે કે જે માણસની બુદ્ધિ પકડી પાડી શકે તેમ નથી; એ રહસ્ય છે ભગવાનનો દેહ, અનંતની ગુહ્ય સાકારતા. આ રહસ્ય પામવાની ચાવી છે હૃદયના પરમ ઉલ્લાસમાં, અને વિશુદ્ધ અને ઊર્ધ્વ–ગામી બનેલ ઇન્દ્રિયોના આવેગમાં; એનું આકર્ષણ એ જ છે બંસીધર ભગવાનનો સાદ, સૌંદર્ય–સ્વામીનું, રોકયું રોકાય નહિ તેવું આકર્ષણ; એને આલિંગવાનું અને એનું આલિંગન પામવાનું બળ છે એકમાત્ર ગુહ્ય પ્રેમ અને ઝંખનામાં; તેના જ પરિણામે સાકાર અને નિરાકાર એક બની જાય છે, આત્મા અને દેહ એકરૂપ બની જાય છે. અહીં, આ અજ્ઞાનના અંધકાર–છાયા સામ્રાજ્યમાં પરમ પ્રેમમાંથી આત્મા જે શોધી રહ્યો છે એ એ જ છે અને એ પણ એ જ છે કે જે એને ત્યારે મળે છે કે જ્યારે વ્યક્તિગત માનવ–પ્રેમ, આ ભૌતિક વિશ્વમાં છુપાઈ બેઠેલા જીવતા-જાગતા ભગવાનના પ્રેમમાં પલટાઈ જાય છે.

---

૧. मानुषीम् तनुम् आश्रितम्

જેવી વ્યક્તિગત પ્રેમની વાત તેવી જ જગત-વ્યાપી પ્રેમની; સહાનુભૂતિ; શુભેચ્છા, પરોપકાર, દયા, માણસજાત અને પ્રાણીમાત્ર માટે પ્રેમ, આપણી આજુબાજુની સર્વ વસ્તુઓ અને સ્વરૂપોમાં રસ, એ બધાંનો આશરો લઈને આપણે આપણી જાતને વિશાળ કરીએ છીએ તે, સમજપૂર્વક અને ભાવથી, અહમના વાડામાંથી બહાર નીકળવાની શરૂઆત હોય છે, એટલે વિશ્વવ્યાપી પ્રભુ પ્રત્યેનો દિવ્ય પ્રેમ (કે જે એકતા સાધી આપે છે) તેમાં એ બધાંનો સ્વીકાર કરવાનો છે. ઉપાસના પ્રેમમાં કૃતાર્થ બને છે, પ્રેમ પરમાનંદમાં. અને એ પરમાનંદ જ છે સર્વ મર્યાદાઓ વટાવી જતો પ્રેમ, ભક્તિમાર્ગને અંતે મળતો પરાત્પર માટેની પરાત્પર મુદાનો સ્વયંપર્યાપ્ત આનંદ. આ જ પ્રેમ અને પરમાનંદની હજી ય મોટી સિદ્ધિ છે: ભૂતમાત્ર માટેના સર્વવ્યાપી પ્રેમની તથા, જે કાંઈ " છે " તેમાં રહેલા પરમ-આનંદના તત્ત્વની પ્રાપ્તિ. ત્યારે દરેક મહોરાની ઓથે દર્શન થાય છે પ્રભુનાં, અને સર્વે સ્વરૂપોમાં મળે છે સૌંદર્ય-સ્વામીનું આધ્યાત્મિક આલિંગન; એક વિશ્વવ્યાપી આનંદ, તેના અનંત આવિર્ભાવો સાથે આપણી અંદર-બહાર વહેવા માંડે છે; તેના ધસારામાં તે સર્વ સ્વરૂપોને અને સર્વ તરંગોને એ ઉઠાવી જાય છે, પણ નથી શેનાથી ય એ બંધાતો, નથી ક્યાંય અટકતો, અને વધ્યે જ જાય છે વિશાળમાંથી વધુ વિશાળ અને સંપૂર્ણમાંથી વધુ સંપૂર્ણ અભિવ્યક્તિઓ તરફ. આ વિશ્વવ્યાપી પ્રેમ આપે છે મુક્તિ અને શક્તિ, રૂપાંતર માટે; કારણકે જે હૃદયે નામરૂપની પાછળના પરમ સત્યની અનુભૂતિ કરી લીધી છે, અને તેનો સંપૂર્ણ અર્થ સમજી લીધો છે તેને વિસંવાદો સ્પર્શ કરી શકતા નથી. સ્વાર્થ-હીન કર્તા અને જ્ઞાતાના આત્માની સમદૃષ્ટિ સમતાને દિવ્ય પ્રેમનો જાદુઈ સ્પર્શ થતાં તે એક સર્વઆશ્લી પરમોલ્લાસમાં અને લખ લખ દેહધારી પરમાનંદમાં રૂપાંતર પામે છે; વસ્તુમાત્ર બની જાય છે અનંત સુખ-ધામમાં વિહરતા દિવ્ય પ્રેમીના દેહો, અને ગતિમાત્ર તેની લીલા. ખુદ દુઃખ પણ પલટાઈ જાય છે, અને દુઃખદાયક બાબતોના પ્રત્યાઘાતો, અને તેમનું આંતરિક સત્ય પણ, બદલાઈ જાય છે; દુઃખના સર્વે પ્રકારો વિસર્જન પામે છે અને સર્જાય છે તેમની જગ્યાએ પરમ-આનંદનાં સ્વરૂપો.

આ જ તો છે, તાત્ત્વિક રીતે, ચેતનાના પલટાનું સ્વરૂપ; એના વડે સૃષ્ટિ પોતે જ પ્રભુના દિવ્ય પ્રેમ અને આનંદના એક ભવ્ય ક્રીડાંગણમાં બદલાઈ જાય છે. સાધક સામાન્ય ચેતનાને છોડીને આધ્યાત્મિકતાના સ્તર પર ચાલ્યો જાય અને એક પ્રકાશોજ્જવલ દૃષ્ટિ તથા સંવેદન પામેલ એક

નૂતન હૃદય વડે દુનિયાને, અને જાતને, અને સર્વને જોવાનું શરૂ કરે એ છે તેની શરૂઆત. અને આધ્યાત્મિક સ્તર જ્યારે અતિમાનસિક સ્તર પણ બની જાય અને ત્યાં માત્ર એક તત્ત્વ તરીકે તેની અનુભૂતિ થાય એટલું જ નહિ પણ સમગ્ર આંતરિક જીવન અને સમગ્ર બાહ્ય બંધારણનું રૂપાંતર સાધી આપનાર મહાશક્તિના સક્રિય સ્વરૂપ તરીકે પણ તેનો સાક્ષાત્કાર થાય એ છે તેનું શિખર.

* * *

પ્રેમની ભાવના અને તેના સ્વરૂપ પર આજે સાચી–ખોટી અને સાંકડી માનવ–ઊર્મિઓની છાપ વાગી ગએલી છે. તેમાંથી તેનું એક પરમ, સર્વગ્રાહી, દિવ્ય ઝંખનામાં રૂપાંતર કરવાનું છે. આ રૂપાંતરને માટેનો સંકલ્પ કરવો એ, દુનિયાદારીનાં અનેક બંધનોને લીધે આપણને ભલે મુશ્કેલ લાગે પણ તેની બૌદ્ધિક સમજ મેળવવાનું કાંઈ સાવ મુશ્કેલ નથી પણ જ્યાં પ્રેમનાં કર્મોની વાત આવે ત્યાં જરા ગૂંચવાડો થવાનો સંભવ છે. જ્ઞાનયોગનાં અતિ ચુસ્ત સ્વરૂપોમાં જેમ થતું હતું તેમ અહીં પણ આ ગૂંચના બે કકડા કરી નાખવાનું અને પ્રેમની ભાવનાને દુનિયાદારીનાં કઢંગાં કર્મો સાથે જોડવાની મુશ્કેલીથી બચવા માટે તેનાથી દૂર ભાગવાનું શક્ય છે; બાહ્ય જીવન અને કર્મોમાંથી પૂરેપૂરા નિવૃત્ત થઈને હૃદયના શાંત એકાંતમાં બેસી પ્રભુની પૂજામાં મગ્ન થઈ જવાનું શક્ય છે. તો વળી એ પણ શક્ય છે કે પ્રાર્થના, સ્તુતિ, પૂજાવિધિ અને એવાં બીજાં સીધેસીધાં પ્રભુપૂજાનાં કર્મો અથવા તેની ભાવનામાં ભળે તેવાં કે તેની સાથે સંકળાએલાં બીજાં કર્મોનો સ્વીકાર કરવો અને તે સિવાયનાં સર્વ કર્મોનો ત્યાગ કરવો; એથી, આત્મા પોતાની આંતરિક ઝંખનાને સંતોષવા, કોઈ સંત કે ભક્તની માફક, માત્ર પ્રભુપૂજામાં મગ્ન થએલું જીવન જીવવા દૂર ચાલ્યો જવાનો. તો વળી, દુનિયાદારીનાં બારણાં જરા વધારે ખોલીને, આપણા સમાજ કે માનવજાતની સેવાનાં કાર્યો કરવામાં પ્રભુ–પ્રેમને વાળવો એ પણ શક્ય છે; જનકલ્યાણનાં, શુભ ભાવનાનાં, દયા–દાનનાં, માનવ અને પ્રાણીઓ અને જીવજંતુઓને સહાયનાં, વગેરે કાર્યો પણ સ્વીકારી શકાય, આધ્યાત્મિક ઝંખનાથી તેમને નવજીવન આપી શકાય, અને, વધુ નહિ તો, તેમની નૈતિક બાહ્યતામાં આધ્યાત્મિકતાની વધારે સમર્થ શક્તિ ઉમેરી શકાય. અને આ જ છે આજના મોટા ભાગના ધાર્મિક ચિંતકોએ આગળ કરેલો ઉકેલ; અને, દિવ્ય પ્રેમ અને દિવ્ય જ્ઞાનના પાયા પર પોતાનું જીવન સ્થાપતા કે પ્રભુને ઝંખતા મનુષ્યો માટે આ જ સાચું જીવન–કાર્ય છે એમ ચારે બાજુ જોરશોરથી સંભળાય છે. પણ પ્રભુ

અને દુનિયા એ બેની પૂર્ણ એકતાનો પીછો પકડતા પૂર્ણયોગને તો આવા નાના પ્રદેશમાં પુરાઈ રહેવાનું કે જનસેવા અને પરોપકારના નૈતિક નિયમો જેવા સાંકડા ખ્યાલમાં તેમની એકતાને મર્યાદિત કરવાનું પાલવે નહિ. આવો પૂર્ણયોગ તો માત્ર પ્રેમ અને જનસેવાનાં કાર્યોનો જ નહિ પણ આપણાં બધાં જ કર્મોનો, આપણી જ્ઞાન માટેની પ્રવૃત્તિઓનો, આપણાં શક્તિભર્યાં, ઉત્પાદક અને સર્જનાત્મક કર્મોનો, આનંદ અને સૌંદર્ય અને આત્માનાં સુખ માટેનાં કર્મોનો, અને સંકલ્પો, પ્રયત્નો અને સામર્થ્યનાં કર્મોનો પણ પ્રભુમય જીવનમાં સમાવેશ કરે જ કરે. આ બધાં કર્મો કરવાની તેની રીત બાહ્ય કે માનસિક નહિ હોય પણ તે હશે આંતરિક અને આધ્યાત્મિક; અને આ હેતુને ખાતર બધાં જ કર્મોમાં – ગમે તે કર્મોમાં – એ દાખલ કરશે દિવ્ય પ્રેમની ભાવના, ઉપાસના અને આરાધનાની ભાવના, ભાગવત સુખની અને ભાગવત સૌંદર્યની ભાવના કે જેથી કરીને સમસ્ત જીવન, આત્મામાં જાગેલા પ્રભુ માટેના પ્રેમ વડે થતાં કર્મોનો એક યજ્ઞ બની જાય, તેની સમસ્ત હયાતીના માલિક, એ પ્રભુનો પ્રેમપંથ બની જાય.

એટલે કે સમસ્ત માનવજીવનને એક એવું પૂજા-કર્મ બનાવી શકાય છે કે જેમાં આત્મા, કર્મો વડે પરમાત્માની પૂજા કરતો હોય. ગીતામાં શ્રીકૃષ્ણ કહે છે: "ભક્તિ–ભાવથી મને જે કાંઈ અર્પણ કરવામાં આવે છે,– પત્ર, પુષ્પ, ફળ કે અંજલિ તે સર્વનો હું પ્રેમથી સ્વીકાર કરું છું;"[૨] અને માત્ર બાહ્ય પદાર્થો જ ભક્તિ અને પ્રેમથી ભેટ કરી શકાય છે એવું કાંઈ નથી; આપણા વિચારો, ભાવો, સંવેદનો, સર્વ બાહ્ય પ્રવૃત્તિઓ તેની વિધિઓ અને પદાર્થો એમ સર્વકાંઈ સનાતન પ્રભુને ભેટ ધરી શકાય છે. એ વાત તો સાચી જ છે કે કર્મોની પોતાની અને તેમની રીતિઓની પણ કિંમત છે જ, બહુ કિંમત છે; પણ એ કર્મોની પાછળ રહેલી ભાવના એ તો ખરેખરી કિંમતી છે; કર્મ પોતે કઈ ભાવનાનો સંકેત છે, કઈ ભાવનાને આકાર આપી રહ્યું છે તેની જ ઉપર કર્મની સમગ્ર કિંમત છે, તેને સાર્થક કરતો અર્થ છે. અથવા તો એમ પણ કહી શકાય કે પ્રભુપ્રેમ અને પૂજાનાં કોઈ પણ પૂરા કર્મમાં, તેના ભાગરૂપ, ત્રણ બાબતો હોય છે, એક સમગ્ર વસ્તુની ત્રણ અભિવ્યક્તિઓ હોય છે: એક તો, કર્મ દ્વારા થતી પ્રભુની પૂજા-વિધિ; બે, એ વિધિ પાછળ રહેલો સંકેત કે જે કોઈક ખ્યાલ, કોઈક ઝંખના કે પ્રભુ સાથેના કોઈક સંબંધને વ્યક્ત કરતો હોય છે; અને ત્રણ, હૃદયમાં,

---

૨. पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति ।
तदहं भक्त्युपहृतमश्नामि प्रयतात्मनः ॥ ગીતા ૯/૨૬

ચેત્ય પુરુષમાં અને આત્મામાં પ્રભુ સાથેની એક્તા માટે ઊઠતી આંતરિક ઝંખના કે આરાધના. એટલે સમગ્ર જીવનને પણ પૂજારૂપ બનાવવું હોય તો જરૂર પડે, (૧) તેની પાછળ પરાત્પર અને વિશ્વવ્યાપી પ્રેમની ભાવના, એક-રૂપ થવાની ઝંખના અને એકરૂપ થવાનો ભાવ મૂકવાની; (૨) દરેક કર્મને પ્રભુ પ્રત્યેની ઊર્મિ, કે પ્રભુ સાથેના સંબંધને વ્યક્ત કરતો સંકેત બનાવવાની; તથા (૩) આપણે જે કાંઈ કરીએ તે દરેકને એક પૂજા–કર્મ બનાવી દેવાની; આત્માના અનુસંધાનનું, મનની સમજણશક્તિનું, પ્રાણની આજ્ઞા–ધારકતાનું હૃદયની સમર્પણતાનું એક કર્મ બનાવી દેવાની.

કોઈ પણ સંપ્રદાયમાં થતી સાંકેતિક પૂજા–વિધિ કે બાહ્ય કર્મો એ કાંઈ માત્ર ઊર્મિઓને સંતોષતી અને રસવૃત્તિને સભર કરતી બાબતો નથી હોતી પણ એ તો એવાં ભૌતિક સહાયકો હોય છે કે જે વડે માણસ પોતાના હૃદયના ભાવો અને અભીપ્સાઓને બાહ્ય રીતે સાકાર કરવાની તથા હૃદયને સુસ્થાપિત અને સક્રિય કરવાની શરૂઆત કરે છે. એ તો સાચું જ છે કે જો આધ્યાત્મિક અભીપ્સા ના હોય તો પૂજા–વિધિ અર્થહીન અને નક્કામી છે; તો વળી એ પણ એટલું જ સાચું છે કે જો કાંઈ કર્મ કે વિધિ ના હોય તો અભીપ્સા હવાઈ રહે છે અને જીવનની ઉપર એ પૂરેપૂરી અસર નથી કરી શકતી. કમનસીબી તો એ છે કે આપણા જીવનની બધી જ રીત-રસમો છેવટે તો જડ અને અંધ થઈ જાય છે, માત્ર કર્મકાંડ, અને તેથી, પૂરેપૂરી નિર્વીર્ય થઈ જાય છે; એ સાચું છે કે સંપ્રદાય છે અને તેની વિધિઓનો અર્થ જાણનાર વ્યક્તિઓ તો એમાં કાયમ માટે જળવાતી શક્તિનો લાભ લઈ શકે છે પણ જનસમુદાય તો એ વિધિઓને માત્ર યાંત્રિક કર્મકાંડ તરીકે કરતો થઈ જાય છે અને તેના સંકેતોને નિર્જીવ પ્રતીકો તરીકે ધારણ કર્યે જાય છે; આથી, ધર્મમાંથી તેના આત્માનો નાશ થઈ જાય છે; એટલે છેવટે તેની વિધિઓ અને કર્મકાંડોને બદલી નાખવાં પડે છે, યા તો તેમને સમૂળગાં ફેંકી દેવાં પડે છે. એવા પણ લોકો હોય છે કે જેઓ, આ જ કારણથી, કોઈ પણ વિધિ કે કર્મકાંડનું નામ પડતાં જ શંકા-શીલ થઈ જાય છે કે છંછેડાઈ પડે છે; પણ બાહ્ય સંકેત–વિધિઓના ટેકાને સમૂળગો છોડી દેવાનું તો કોઈ ના કરી શકે; વળી માણસની પ્રકૃતિમાં એક એવું દિવ્ય તત્ત્વ છે કે જે પોતાના આધ્યાત્મિક સંતોષને સંપૂર્ણ કરવા તેમનો આગ્રહ રાખે છે. કોઈ પણ સંકેત–વિધિ જેટલે અંશે સાચી, સહૃદયી, સુંદર અને આનંદપૂર્ણ હોય તેટલે અંશે તે હમેશાં વાજબી જ ગણાય; અને, આગળ વધીને એમ પણ કહી શકાય કે જો આધ્યાત્મિક ચેતનામાં કાંઈ

રસિક કે ઊર્મિલ બાબતો ભરી ના હોય તો સમગ્ર રીતે એ આધ્યાત્મિક ના કહેવાય,– પૂર્ણાંગી તો નહિ જ. આધ્યાત્મિક જીવનમાં કર્મોનો પાયો મંડાશે એક એવી કાયમી અને નિત્ય–નવીન આધ્યાત્મિક ચેતના પર કે જે હમેશાં નવાં નવાં સ્વરૂપે પોતાને વ્યક્ત કર્યે જશે, કે રૂઢીઓમાં રહેલ સત્યને આત્માના પ્રવાહથી હમેશાં નવજીવન આપવા જેટલો સમર્થ હશે; પોતાને આમ વ્યક્ત કર્યે જવું તથા દરેક કર્મને, આત્માના કોઈક સત્યના જીવંત પ્રતીકરૂપ બનાવ્યે જવું એ જ તો છે એની સર્જક દૃષ્ટિની અને શક્તિની પ્રકૃતિ. આધ્યાત્મિકતા ઝંખતા સાધકે જીવન સાથે આ રીતે જ કામ લેવાનું છે, તેની રૂઢિઓનું આ પ્રમાણે રૂપાંતર કરવાનું છે, અને, તેની ભીતરમાં રહેલ તેના સત્ત્વ પર તેને મહિમાવંતું બનાવવાનું છે.

પરમ દિવ્ય પ્રેમ એ તો એક સર્જનશીલ શક્તિ છે; એ પોતાની મેળે શાંત અને સ્થિર રૂપે રહી શકે છે એ સાચું; તોપણ એને બાહ્ય સ્વરૂપો ધારણ કરવામાં અને પોતાની જાતને વ્યક્ત કરવામાં મઝા પડે છે; વળી એક વાણીહીન, વિદેહી દેવ તરીકે જ જીવવાની એને કાંઈ સજા ફરમાવવામાં આવી નથી. એમ પણ કહેવાય છે કે આ સારી સૃષ્ટિ એ પ્રેમની જ કારવાહી છે, અથવા તો એ એક એવું ક્ષેત્ર છે કે જેમાં દિવ્ય પ્રેમ પોતાના સંકેતો રચી શકે, અને પરસ્પરના યોગ અને સ્વાર્પણ દ્વારા પોતાની કૃતાર્થતા સાધી શકે; આવી કોઈ બાબત સૃષ્ટિના મૂળમાં રહેલી ના હોય તોપણ એ એનું અંતિમ ધ્યેય, અને ધ્યેય માટેનું પ્રેરક બળ, તો જરૂર થઈ શકે છે. અત્યારે એવું લાગતું નથી, કારણકે પ્રાણીમાત્રની ઉત્ક્રાંતિને આધાર આપતો એક દિવ્ય પ્રેમ આ સૃષ્ટિમાં મોજૂદ હોય તોપણ જીવન અને તેનાં કર્મો જે પદાર્થનાં બનેલાં છે એ એક અહમ્પ્રધાન સ્વરૂપનાં છે; એક જીવનહીન, ચેતનહીન જડ પદાર્થની બેપરવા, દયાહીન, કે ખુદ આક્રમક દુનિયામાં જીવન અને ચેતન પોતાની હયાતી માટે, પોતાના સંરક્ષણ માટે સંગ્રામ ખેલી રહ્યાં છે; આ સંગ્રામ અને વિભાજનમાંથી આજનું જીવન અને તેનાં કર્મો આકાર પામે છે. આ સંગ્રામને પરિણામે જે અંધાધૂંધી ચાલી રહી છે તેમાં દરેકને બીજાં બધાંની સાથે મોરચો માંડવો પડે છે અને માત્ર પોતાની જ હયાતીનો પ્રશ્ન બધાંની ઉપર લાદવાનું નક્કી કરવું પડે છે; બીજાઓના સાથમાં જીવવાનું ગૌણ બની જાય છે અને બીજાઓને ખાતર જીવવાને તો અતિ અલ્પ સ્થાન રહે છે. એટલે માણસની પરોપકારવૃત્તિ પણ અહમ્માંથી જ ઊગે છે અને જ્યાં સુધી માણસને દિવ્ય એકતાનું રહસ્ય હાથ ના લાગે ત્યાં સુધી એમ જ રહેવાનું. આ દિવ્ય એકતાને, તેના ઉગમસ્થાને જઈ પકડી પાડવી,

તેને ભીતરમાંથી બહાર લઈ આવવી અને જીવનના તદ્દન બાહ્ય ખૂણા-ખાંચરા સુધી ફેલાવા દેવી એને માટે તો યોગ કામે લાગેલો છે. સર્વ કર્મોને, સમગ્ર સૃષ્ટિને એક સંપ્રદાયનો, એક આરાધનાનો, એક યજ્ઞનો આકાર આપી દેવાનો છે, સંકેત બનાવી દેવાનો છે. તેમાં એક એવી વસ્તુ મૂકી આપવાની છે કે જેથી તેની અંદર એક સ્વાર્પણની, દિવ્ય ચેતનાનાં સ્વાગત અને પ્રસારણની પરમ પ્રેમીની સેવાની, એક આત્મસમર્પણની, એક શરણાગતિની મહોર લાગી જાય. કર્મોનાં બાહ્ય સ્વરૂપ અને બંધારણમાં જ્યાં જ્યાં શક્ય હોય ત્યાં ત્યાં આ વસ્તુ કરવાની છે. આ વસ્તુ હંમેશાં અંતરની ઊર્મિઓથી, અને એવી સઘનતાથી કરવાની છે કે જેથી કરીને તે આત્મામાંથી સનાતન પરમાત્મા પ્રત્યે ઊભરાતું વહેણ છે તે સાફ વરતાઈ આવે.

કર્મો દ્વારા થતી આરાધના એ પોતે એક યજ્ઞ છે: મહાન, સંપૂર્ણ અને સમર્થ; તેનું વલણ છે અનેકગણી વૃદ્ધિ પામવાનું અને "એક"-સ્વરૂપ પરમાત્માની શોધને પાર પાડવાનું, તથા તે પ્રભુનું પ્રસારણ શક્ય બનાવવાનું, કારણકે ભક્તિ જ્યારે કર્મો દ્વારા સાકાર બને છે ત્યારે તે પોતાનો માર્ગ તો વિશાળ, પરિપૂર્ણ અને શક્તિ-સભર બનાવે જ છે પણ, સાથે સાથે, દુનિયાદારીનાં કર્મોના કઠિન માર્ગ પર પણ આનંદ અને પ્રેમના દિવ્ય આવેગપૂર્ણ તત્ત્વને, લઈ આવે છે; શરૂઆતમાં તો, કપરું ચઢાણ ચડવાનું કાર્ય થતું હોય છે. આપણા આધ્યાત્મિક સંકલ્પની તનતોડ મહેનતને લીધે, આપણી જાતને ઊંચે ઉઠાવવાની ખેંચતાણના તેના સંગ્રામને લીધે; વળી હૃદય પણ હજી સુષુપ્ત કે ચૂપ હોય છે; તેથી આ પ્રેમ અને આનંદનું તત્ત્વ, ઘણી વાર કામે લાગેલું નથી હોતું. જો દિવ્ય પ્રેમની ભાવના કામે લાગે તો માર્ગની કઠણાઈઓ ઓછી થઈ જાય છે, ખેંચતાણ ઢીલી પડે છે, અને મુશ્કેલીઓ તથા સંગ્રામની વચ્ચે પણ પ્રસન્નતા અને આનંદ અનુભવાય છે. આપણી સંકલ્પશક્તિ, કર્મો અને પ્રવૃત્તિઓનું સમર્પણ જ્યારે પ્રેમપૂર્વકનું હોય ત્યારે જ તે સાચી રીતે પૂર્ણ, અને પૂર્ણપણે અસરકારક, બને છે. પ્રભુ પરમ પ્રભુરૂપે જે વિલસી રહેલો છે તો સૃષ્ટિ અને સૃષ્ટિનાં જીવજંતુઓ-રૂપી અંચળો ઓઢીને વ્યક્ત પણ થઈ રહેલો છે; એ પ્રભુને સર્વત્ર જોઈને તથા અનુભવીને તેના પ્રત્યેના પ્રેમથી સમગ્ર જીવન અને સર્વ કર્મો થતાં થાય ત્યારે, અને તેનાં જ પરિણામે, તે પૂર્ણયોગનાં અંગરૂપ બની જાય છે.

હૃદયમાં ઊઠતી આરાધનાને આંતરિક રીતે ભેટ ધરવી, વિધિઓમાં તેને મર્મસ્થાને સાચવવી તથા કર્મોમાં તેની ભાવના જાળવવી એ જ છે યજ્ઞને જીવંત રાખવાનું રહસ્ય. જો ભેટને સંપૂર્ણ અને સર્વાંગી બનાવવી

હોય તો આપણી બધી જ ઊર્મિઓને પરમ પ્રભુ તરફ વાળવાનું અનિવાર્ય છે. આ જ છે માનવહૃદયને વિશુદ્ધ કરવાનો તીવ્રતમ માર્ગ; નીતિ કે રસાર્દ્રતાથી વિશુદ્ધિ થઈ શકે છે, પણ તેમાંની અડધીપડધી શક્તિ કે ઉપર-છલ્લાં દબાણને ગમે તેટલાં કામે લગાડો તો ય તે આ માર્ગ જેટલાં સમર્થ નથી થઈ શકતાં. હૃદયમાં એક ચૈત્યસિક અગ્નિ પ્રગટાવવાનો છે અને પ્રભુની મહોર મારી બધું જ તેમાં હોમવાનું છે. એ અગ્નિમાં હોમાતાં બધી ઊર્મિ-ઓમાંથી અશુદ્ધિઓ નિઃસંદેહ બળી જાય છે, તેમાંની અદિવ્ય વિકૃતિઓ બળીને ખાખ થઈ જાય છે, અને બીજી સર્વેને પોતપોતાની અધૂરપ છોડવી જ પડે છે; અને છેવટે યજ્ઞની પાવકજ્વાળામાંથી પ્રગટે છે પ્રેમની અતિ વિશાળ ભાવના અને સો ટકા શુદ્ધ દિવ્ય આનંદ. આમ પ્રગટતા એ દિવ્ય પ્રેમને જો આંતરિક ભાવથી, મનુષ્ય અને જીવજંતુઓમાં રહેલ પરમ પ્રભુ પ્રત્યે, સક્રિય અને સર્વવ્યાપી સમતાપૂર્વક પ્રસારવામાં આવે તો, ભ્રાતૃભાવના પાંગળા માનસિક આદર્શના કરતાં વધારે સાચાં કરણ તરીકે અને વધારે સમર્થ રીતે તે જીવનને પરિપૂર્ણ બનાવવાનું કામ કરી શકે. જ્યારે આ પ્રેમને કાર્યરૂપે વહેતો મૂકવામાં આવશે ત્યારે જ, અને માત્ર ત્યારે જ, દુનિયામાં સુમેળ સ્થાપી શકાશે અને સર્વ જીવોમાં સાચી એકતા સર્જી શકાશે; જ્યાં સુધી પાર્થિવ પ્રકૃતિમાંની આ સૃષ્ટિ મુક્ત ના બને અને તેના હૃદયરૂપે રહેલો દિવ્ય પ્રેમ ખુલ્લંખુલ્લો દેખા ના દે ત્યાં સુધી સુમેળ અને એકતા માટેના બધા જ પ્રયત્નો વ્યર્થ ફાંફાં જ રહેવાનાં.

છુપાઈ બેઠેલો ચૈત્ય પુરુષ એક આગેવાન તરીકે, યજ્ઞના પુરોહિત તરીકે, બહાર આવે એ બરાબર આ જ તબક્કે અતિશય જરૂરનું છે; કારણકે કર્મોમાં જે સાચી ભાવના રહેલી છે અને વિધિઓમાં તેનો જે આત્મા છે તેમના પૂરેપૂરા સામર્થ્યને બહાર લાવવાનું કામ એકલો આ અંતરતમ પુરુષ જ કરી શકે તેમ છે. આધ્યાત્મિક ચેતના હજી અર્ધ-વિકસિત જ હોય તે વખતે પણ વિધિઓની નિત્ય-નવીન તાજગી અને સૌંદર્યને સાબૂત રાખ-વાને અને તેમને જડ કર્મકાંડ કે વિકૃત થએલ કે વિકૃત કરનાર મલિન વિદ્યા બની જતાં અટકાવવાને પણ માત્ર એ જ શક્તિમાન છે; કર્મોમાં રહેલ શક્તિ અને અર્થને સાચવવાની શક્તિ પણ માત્ર તેનામાં જ છે. આપણી જાતનાં બીજાં અંગો, મન, પ્રાણશક્તિ, શારીરિક ચેતના, એ બધાં અજ્ઞાનને અતિશય વશ છે; તેથી તેઓ વિશ્વાસપાત્ર કરણો બની શકે તેમ નથી, અને માર્ગદર્શક તરીકે કે ભૂલરહિત આવેગોના મૂળ તરીકે તો કદી પણ કામ લાગે તેમ નથી. આ બધામાંથી મળતા આવેગ કે કર્મોનો ઘણો મોટો ભાગ રૂઢ નિયમો,

ભ્રામક શબ્દો કે પ્રકૃતિની હલકી, છતાં પ્રિય, ટેવોને વળગી રહેલો હોય છે; અને આપણી મર્યાદાઓ વટાવી જઈને, એક મહાન વ્યક્તિત્વ અને વિશાળ પ્રકૃતિમાં આપણી જાતનું રૂપાંતર કરવા માટે આપણને જે શક્તિઓ સાદ, અને આગ્રહ કરી રહી હોય છે તેમને તેઓ નાપસંદ કરે છે, તેમનાથી ભડકે છે, તેમની સામે બંડ પોકારે છે, કે તમોગુણી અંતરાયો ઊભા કરે છે; વિરોધ અથવા ભાંગીતૂટી કે કામચલાઉ સંમતિ એ જ હોય છે તેમનો જવાબ. કારણકે તેઓ સાદને અનુસરે તોપણ, જાણીજોઈને નહિ તો સાહજિક ટેવથી, આધ્યાત્મિક કર્મોમાં પોતાની નિર્બળતાઓ અને ભૂલોને ભેળવી દેવાનું તેમનું વલણ હોય છે. ચૈત્યસિક કે આધ્યાત્મિક પરિબળોને પોતાના અહમ્‌ને ખાતર કામે લગાડવા તેઓ પ્રતિ પળે કૂદી પડે છે; આ પરિબળો જે શક્તિ, આનંદ કે પ્રકાશને ઉતારી લાવે તેમનો નિમ્ન જીવનને પોષવા માટે તેઓ લાભ લેતાં દેખાઈ આવે છે. આગળ જતાં એટલે કે પરાત્પર, વૈશ્વિક કે અંતર્ગત દિવ્ય પ્રેમને પ્રાપ્ત કરીને તેમને જીવનમાં ઉતારવાનો સાધક જ્યારે પ્રયત્ન કરે છે ત્યારે પણ પ્રકૃતિનાં આ બળોના વિરોધ અને વિકૃતિઓનો તેને સામનો કરવો પડે છે. હમેશાં તેઓ તેમને પતનને માર્ગે ઢસડે છે, તેમની નક્કરતામાં પોતાની મેળાશ ઉમેરવા માંડે છે, અવતરતી ઊર્ધ્વ શક્તિને પોતાના કબજામાં લઈને પોતાની ઇચ્છા અને અહમ્‌ને પોષવા માટેનું એક ખૂબ મોટું, માનસિક, પ્રાણિક કે શારીરિક હથિયાર બનાવવાની પેરવી કરે છે. પરમ સત્ય અને પરમ પ્રકાશનાં એક નવા સ્વર્ગ અને નવી પૃથ્વીના સર્જક તરીકે તેને સ્વીકારવાને બદલે તેઓ આ દિવ્ય પ્રેમને એક અદ્‌ભુત આયોજક અને જબરજસ્ત કામ કરનાર મહાન ગુલામ તરીકે કામે લગાડી તેમની પાસે જૂની દુનિયાના સડેલા કાદવને લીંપવા–ગૂંપાવવા તથા પ્રાણની ઊર્મિપ્રધાન કલ્પનાઓ તથા મનનાં આદર્શવાદી હવાઈ સ્વપ્નાંઓના જૂના, કલુષિત, આભાસી આકાશોમાં ગુલાબી અને સોનેરી સાથિયા પુરાવવાની ઇચ્છા રાખે છે. જો સાધક તેમની આ અસત્ય–પોષક ઇચ્છાઓને સંમતિ આપે તો એ ઊર્ધ્વ પ્રકાશ અને શક્તિ અને આનંદ પાછાં ફરી જાય છે અને સાધક નિમ્ન દશામાં પાછો આવી પડે છે; અથવા તો, તેનો સાક્ષાત્કાર અર્ધે રસ્તે, અર્ધ-સલામત કે ભેળસેળ દશામાં બંધાઈ જાય છે, અથવા તો એક હલકા ઉલ્લાસથી, –સાચા પરમાનંદમાં નહિ,– ઢંકાઈ જાય છે કે ડૂબી જાય છે. આ જ કારણથી, સૃષ્ટિના હૃદયમાં રહેલો અને ઉત્તમમાં ઉત્તમ સર્જક અને ઉદ્ધારક એવો સર્વ–સમર્થ દિવ્ય પ્રેમ આ દુન્યવી જીવનમાં હજી સુધી ઓછામાં ઓછો બહાર આવ્યો છે, ઉદ્ધારક તરીકે ઓછામાં ઓછા સફળ થયો છે અને તેણે ઓછામાં

ઓછું સર્જન-કાર્ય કરેલું છે. સર્વ દિવ્ય શક્તિઓમાં એ જ સૌથી વધારે સમર્થ, શુદ્ધ, દુષ્પ્રાપ્ય અને નક્કર છે અને તેથી જ માનવ-પ્રકૃતિ તેના શુદ્ધ સ્વરૂપને સહન કરવા અસમર્થ છે; તેનો જે થોડોક અંશ તે પામી શક્યો છે તે તરત જ દૂષિત થઈને પ્રાણની ભાવુક ધગશમાં, કે અરક્ષિત ધાર્મિક કે નૈતિક લાગણીવશતામાં, કે ગુલાબી મનમાંથી કે રતિપ્રધાન મલિન પ્રાણાવેગમાંથી ઊઠતા ઇન્દ્રીયગમ્ય કે ઇન્દ્રીયભોગ્ય પ્રેમપ્રધાન ગૂઢવાદમાં પલટાઈ ગયો છે; અને આ બધી ભ્રામક બનાવટોના બદલામાં માનવપ્રકૃતિને મળી છે છેતરામણ,– પોતાની યજ્ઞજ્વાલાઓથી દુનિયાનું નવસર્જન કરી શકનાર એ ગૂઢ જ્યોતિને ધારણ કરવામાં નિષ્ફળતા. આ બધી ભુલભુલામણી અને ખાઈ-ખાડામાંથી બચાવી લઈને, યજ્ઞ-જ્વાલાની યાત્રાને આગળ લઈ જવા માટે શક્તિમાન છે એકમાત્ર ચૈત્ય પુરુષ, પોતાના ગૂઢ આંતર-નિવાસમાંથી છતો થઈને અને સર્વ સામર્થ્યપૂર્વક બહાર આવીને દોરનાર ચૈત્ય પુરુષ; એ, પ્રતિપળે, મન અને પ્રાણનાં અસત્યોને પકડી પાડે છે, ખુલ્લાં કરી દે છે, અને હઠાવી દે છે; દિવ્ય પ્રેમ અને આનંદનાં સત્યને વળગે છે અને તેને, મનના ધગશિયા ઉશ્કેરાટ કે અવળે રસ્તે દોરનાર પ્રાણના અંધ ઉત્સાહમાંથી અલગ પાડી આપે છે. પણ તે છતાં, અને તેની સાથે સાથે, મન, પ્રાણ અને શરીરમાં જે કાંઈ ઊંડે ઊંડે પણ સાચું છે તે દરેકને તે અલગ તારવી કાઢીને પોતાની સાથે યાત્રામાં સામેલ કરે છે કે જેથી તેઓ છેવટે નવીન આંતર-ભાવના અને ઉચ્ચ બાહ્ય સ્વરૂપ પામી શિખર પર સ્થાન પ્રાપ્ત કરે.

પણ તો ય જ્યાં સુધી આ નિમ્ન પ્રકૃતિના ગૂંચવાડામાંથી ચૈત્ય પુરુષ બહાર નીકળી જઈ ઉચ્ચોચ્ચ આધ્યાત્મિક પ્રદેશોમાં પહોંચી જવા શક્તિમાન ના બને, અને અહીં નીચે આવેલ આ અંગાર અને જ્યોતિ પોતાનાં અસલ ઊગમરૂપ અગ્નિમય આકાશને ફરી પ્રાપ્ત ના કરે ત્યાં સુધી ચૈત્ય પુરુષની દોરવણી પૂરતી નથી થતી. કારણકે, આધ્યાત્મિક ચેતનાનું અપૂર્ણ અને, આ માનવીય મન પ્રાણ અને શરીરના કોષોમાં અડધું લુપ્ત થઈ ગએલું નહિ, પણ તેનું પરિપૂર્ણ, વિશુદ્ધ, મુક્ત અને સઘન વિશાળતાવાળું સ્વરૂપ તો માત્ર ત્યાં જ, અગ્નિમય આકાશમાં જ વસેલું છે. આપણી અંદર જ્ઞાતારૂપે બેઠેલો અને સર્વ જ્ઞાનનો ઉપયોગ કરનારો પેલો સનાતન જ્ઞાતા જેવી રીતે એ પ્રદેશમાં વસેલો છે તેવી જ રીતે, ત્યાં જ સર્વ પૂજનનો સ્વામી, એ સનાતન આનંદ પુરુષ બેઠેલો છે અને આ વિશ્વલીલામાં રમવા નીકળી પડેલાં પોતાનાં જ સ્વરૂપ, અને આનંદના અંશને, પોતાના તરફ આકર્ષી

રહ્યો છે; ત્યાંથી જ એ અનંતપ્રેમી પોતાનાં જ વ્યક્ત સ્વરૂપોની આ સમષ્ટિમાં, એક સુખમય એકતાપૂર્વક, પોતાની જાતને રેડી રહ્યો છે. દુનિયામાંનું સર્વ સૌંદર્ય એ, ત્યાં, પરમ પ્રેમીનું સૌંદર્ય છે, અને સૌંદર્યનાં સર્વ સ્વરૂપોએ એ અનંત સૌંદર્યના પ્રકાશમાં પ્રવેશી અંતરાય-હીન એ દિવ્ય પરિપૂર્ણતાની વિશુદ્ધિકારક અને રૂપાંતર-સાધક શક્તિના હાથમાં પોતાની જાતને સોંપી દેવાની છે. સર્વ આનંદ અને પરમસુખ એ, ત્યાં, પરમ-આનંદમય પુરુષનાં પોતાનાં જ હોય છે અને ઉપભોગ, મઝા અને સુખનાં સર્વ નિમ્ન સ્વરૂપો તેનાં જ પૂર કે પ્રવાહની તીવ્રતાના ઝાટકાઓને આધીન કરવામાં આવેલાં છે; આથી, તેના પૂર્ણ અસરકારક દબાણના પરિણામે, કાં તો કાચા માલ તરીકે તેમના ટુકડેટુકડા થઈ જાય છે, અથવા તો દિવ્ય આનંદનાં સ્વરૂપો તરીકે તેમણે રૂપાંતર સ્વીકારવું પડે છે. આમ વ્યક્તિગત ચેતનામાં એક એવી પરમ શક્તિ અભિવ્યક્ત થાય છે કે જે, તેનામાં રહેલ અસલ અજ્ઞાનની હલકટતાઓ અને વિકૃતિઓને સર્વસત્તાધીશ તરીકે સાફ કરી નાખી શકે છે. છેક છેવટે, આ જીવનમાં પણ, એ સનાતન પ્રભુના પોતાના પ્રેમ અને આનંદને, તેમની અતિ વિશાળ સત્યતા અને સઘન નક્કરતા સાથે, ઉતારી લાવવાની શરૂઆત કરી શકાય છે; વધુ નહિ તો, આપણી આધ્યાત્મિક ચેતના તો, આ માનસિક પ્રદેશમાંથી બહાર નીકળી અતિમાનસિક પ્રકાશ અને શક્તિ અને વિશાળતામાં જરૂર આરોહણ કરી શકશે; ત્યાં એ અતિમાનસિક વિજ્ઞાનના પ્રકાશ અને સામર્થ્યમાં દિવ્ય સ્વયં-અભિવ્યક્તિ અને સ્વયં-નિયંત્રણની શક્તિનો એવો તો પ્રભાવ અને આનંદ રહેલા છે જે નર્યા અજ્ઞાનની દુનિયાને પણ બચાવી લઈ શકે અને આત્મતત્ત્વના પરમ સત્યના એક સ્વરૂપ તરીકે તેનું નવસર્જન કરી શકે.

ત્યાં, એ અતિમાનસિક વિજ્ઞાનમાં આવી રહેલ છે. આંતરિક આરાધનાની સાર્થકતા, ઉચ્ચોચ્ચ શિખર, અને સર્વગ્રાહી વિશાળતા, અતિ ગાઢ અને સંપૂર્ણ મિલન, પરમ જ્ઞાનનાં સામર્થ્ય અને આનંદનાં વાહનરૂપ પરમ પ્રેમની જ્યોતિર્મય પાંખો. કારણકે અતિમાનસિક પ્રેમ તો એક એવો સક્રિય પરમાનંદ લાવી આપે છે કે જે મુક્તિ પામેલા મનના સ્વર્ગશા પ્રદેશમાં રહેલ શૂન્ય, ગતિહીન શાંતિ અને સ્થિરતાને વટાવી જાય છે; વળી તે અતિમાનસિક શાંતિની શરૂઆતથી અગાધ વિશાળ પ્રશાંતતાનો ભંગ કરતો નથી. પ્રેમની એકતા એવી છે કે જેમાં બધા જ ભેદભાવ સમાઈ જવા છતાં, તેમની હાલની મર્યાદાઓ કે દેખાતી બેસૂરતાઓને પરિણામે તે એકતા ન તો ઓછી થાય કે ન તો મોળી; પ્રેમમાં રહેલી આ શક્યતા અતિમાનસિક પ્રદેશમાં

તેની પરાકાષ્ઠાએ પહોંચી જાય છે. કારણકે ત્યાં, આત્મા અને પરમાત્માની પ્રગાઢ એકરૂપતાના પાયા પર રચાએલી એક અતિ ગાઢ એકતા વિવિધ સંબંધોમાં પણ સુમેળ સ્થાપી શકે છે; એ સુમેળમાં સંબંધ-લીલા તો તેમની એકતાને માત્ર વધારે પરિપૂર્ણ અને નિરપેક્ષ બનાવે છે. પ્રેમ અતિમાનસિક બનતાં જ તેની શક્તિ એવી તો બળવાન બને છે કે જરા પણ અચકાયા વિના કે ભય વિના તે સર્વે જીવિત સંબંધોને પોતાની પકડમાં લઈ શકે છે, તેમને તેમના કઢંગા, ભેળસેળ અને સાંકડા માનવ-પ્રદેશમાંથી છોડાવી પ્રભુ પ્રત્યે વાળી શકે છે અને તેમને દિવ્ય જીવન માટેના સૌભાગ્યવંતા તાણાવાણાનું ઉચ્ચ સ્વરૂપ આપી શકે છે. કારણકે અતિમાનસિક અનુભૂતિનું મૂળગત સ્વરૂપ જ એવું છે કે દિવ્ય એકરૂપતા કે અનંત એકતાને જરા પણ છોડયા વિના કે તેને ઓછી કર્યા વિના તે અનેક-રૂપતાની લીલાને કાયમ રાખી શકે છે. ચેતના જ્યારે અતિમાનસિક બને ત્યારે એ માનવો અને દુનિયા સાથેના સર્વ સંબંધો ચાલુ રાખે તથા તેમને એક વિશુદ્ધ, જ્યોતિર્મય શક્તિમાં ખેંચી લઈને અને તેમને એક નવીન અર્થ આપીને પોતાનામાં તેમનો સમાવેશ, જરૂર, કરી શકે છે; કારણકે, ત્યારે, આપણા સર્વ ભાવોના, અને પ્રેમ અને સૌંદર્ય માટેની સર્વ ઝંખનાઓના આરાધ્ય દેવ તરીકે એકમાત્ર સનાતન પરમપુરુષને જ આપણો આત્મા હમેશાં પિછાન્યા કરશે; અને સર્વ આદર્શો અને સર્વ જીવોમાં રહેલ એકમાત્ર પરમાત્માને મળવા અને પામવા માટે વિશાળ અને વિમુક્ત બનેલ એક જીવન-પ્રેરણાનો આધ્યાત્મિક રીતે ઉપયોગ કરી શકશે.

* * *

યજ્ઞ તરીકે થતાં કર્મો પૈકી સીધેસીધાં જ કર્મયોગને ખાતર જે કાંઈ કર્મો થાય તે બધાંને ત્રીજા અને છેલ્લા ભાગમાં મૂકી શકાય; આ જ છે તેનું પરિણામ-સાધક ક્ષેત્ર અને તેનો મુખ્ય પ્રદેશ. તરત જ નજરે ચડતી, જીવનની પ્રવૃત્તિઓનો આખો જ પ્રદેશ આ ભાગમાં સમાએલો છે; જીવવા માટેનો સંકલ્પ કે જે ભૌતિક જીવનનો વધારેમાં વધારે લાભ ઉઠાવવા બાહ્ય પ્રવૃત્તિઓ આદરે છે તે, જીવવા માટેના સંકલ્પની બહુમુખી શક્તિઓ આ વિભાગની જ છે. સંન્યાસીઓએ સ્વીકારેલી પારલૌકિક, આધ્યાત્મિકતાને અહીં જ ખરેખરી મુશ્કેલી નડે છે કારણકે તે જે પરમ સત્યની સાધના કરે છે તેનો અહીં એક અજેય વિરોધ થતો દેખાય છે, અને પરિણામે, આ દુન્યવી જીવનને અસાધ્ય અજ્ઞાનનું એક અંધકારમય ક્રીડાંગણ ગણીને તેનાથી દૂર ચાલ્યા જવાની તેને ફરજ પડે છે. છતાં પણ, બરાબર આ જ પ્રવૃત્તિઓની ઉપર આધ્યાત્મિકતાનો

વિજય સ્થાપવાનો અને તેમનું દિવ્ય રૂપાંતર સાધવાનો પૂર્ણયોગનો દાવો છે. સન્યાસવાદી સાધનાઓ આ દુનિયાનો પૂરેપૂરો ત્યાગ કરે છે, તો બીજી સાધનાઓ તેનો માત્ર ટૂંકી અગ્નિપરીક્ષાના ક્ષેત્ર તરીકે કે છુપાઈ બેઠેલા આત્માની એક ક્ષણિક, બાહ્ય અને મૂંઝવતી લીલા તરીકે સ્વીકાર કરે છેઃ પણ પૂર્ણયોગનો સાધક તો તેનું, સિદ્ધિના ક્ષેત્ર તરીકે, દિવ્ય કર્મોના ક્ષેત્ર તરીકે, અંદર છૂપો નિવાસ કરતા આત્માની પૂર્ણશોધના ક્ષેત્ર તરીકે પૂર્ણ સ્વાગત કરે છે અને તેને પૂરેપૂરી બાથમાં લે છે. પોતાની જાતમાં રહેલ પરમ દિવ્યતાનો સાક્ષાત્કાર એ તેનો પરમ હેતુ છે; પણ, દુનિયાના બંધારણ અને સ્વરૂપમાં ઈશ્વરનો ઇન્કાર દેખાતો હોવા છતાં તેની અંદર પણ પરમ દિવ્યતાનો પૂર્ણ સાક્ષાત્કાર અને, છેવટે, પરાત્પર પરમ સનાતનતાની સક્રિયતાનો પણ એક પૂર્ણ સાક્ષાત્કાર એ ય તેનો હેતુ છે જ; કારણકે આ દિવ્યતા અને સનાતનતાના અવતરણથી આ દુનિયા અને આ જાતને એક એવી શક્તિ મળશે કે જેથી તેઓ તેનાં આ અભેદ્ય આવરણોને ભેદી નાખશે અને, અત્યારે જેમ તેઓ તેના ગુપ્ત અંતરમાં દિવ્ય છે તેમ, તેમનાં બાહ્ય સ્વરૂપોમાં અને અભિવ્યક્ત થતી લીલામાં પણ છેડેચોક દિવ્યરૂપ બની રહેશે.

જેઓ પૂર્ણયોગનો સ્વીકાર કરે છે તેમણે તેનાં આ ધ્યેયનો પણ પૂર્ણ સ્વીકાર કરવાનો જ છે; પણ તેને સિદ્ધ કરવા જતાં જે અતિ વિકટ વિઘ્નો નડવાનાં છે તેની સામે આંખ બંધ રાખીને નહિ. ઊલટાનું, બીજી સાધનાઓ જે કારણથી આવા હેતુને, દુનિયાના સાચા અર્થ તરીકે માની તેને અનિવાર્ય ગણવાનું તો ઘેર ગયું પણ એક સંભવિતતા તરીકે પણ તેનો સ્વીકાર કરતા નથી, એ કારણને પૂરેપૂરું જાણી લેવાનું જ છે. કારણકે પાર્થિવ પ્રકૃતિનાં આ ઐહિક જીવન-કર્મોમાં જ મુશ્કેલી માત્રનું મૂળ છુપાએલું છે; તેને જ લીધે તત્ત્વચિંતને પરમ એકાંતને પ્રિય ગણ્યું છે; અને ચિંતાતુર ધર્મોએ પણ આ ક્ષણભંગુર દેહમાં જન્મવાનાં દુઃખોથી દૂર ભાગી કોઈ દૂર દૂરના સ્વર્ગને, કે નિર્વાણની કોઈ પરમ શાંતિને પ્રિય ગણી છે. શુદ્ધ જ્ઞાનમાર્ગની સાધના પ્રમાણમાં સીધી અને સરળ છે,— જો કે તેમાં પણ આપણી માનવ-મર્યાદાઓ અને અજ્ઞાનની ખાઈઓનો ખતરો તો છે જ; શુદ્ધ ભક્તિમાર્ગમાં પણ અડચણો, યાતનાઓ અને અગ્નિ-પરીક્ષાઓ હોવા છતાં તે નીલ ગગનમાં વિહરતા વિહંગની જેમ સરળતાથી પાર કરવાનું શક્ય છે; કારણકે જ્ઞાન અને ભક્તિ એ પોતે તો, એક તત્ત્વ તરીકે, વિશુદ્ધ જ હોય છે અને જ્યારે તેઓ પ્રાણશક્તિના અટપટા પ્રવાહમાં દાખલ થાય છે અને બાહ્ય જીવનની કઢંગી હિલચાલ અને હઠીલા હલકા હેતુઓમાં ઝડપાઈ જાય છે ત્યારે જ

તેઓ અશુદ્ધ, અટવાએલાં, પતિત અને વિકૃત થઈ જાય છે. આ બધાં તત્ત્વોમાં પ્રાણ, અથવા તો તેમાંની આગળ પડતી જીવન માટેની ઇચ્છા, એ જ એક એવી શક્તિ છે કે જે પોતે જ અશુદ્ધ, દૂષિત કે પતિત હોય એમ લાગે છે. દિવ્ય શક્તિઓ પોતે પણ જ્યારે તેના સંબંધમાં આવે છે અને તેના જડ કોષોમાં પુરાઈ જાય છે કે તેના ગંધાતા કીચડમાં ફસાઈ જાય છે ત્યારે હલકટ અને મલિન બની જાય છે અને વિકૃતિઓમાં એવી તો ખેંચાઈ જાય છે અને અસુરોની ખતરનાક નાગચૂડમાં એવી તો પકડાઈ જાય છે કે તેમાંથી ભાગ્યે જ છટકી શકાય. તેના મૂળમાં રહેલ છે અંધ અને જડ તમોગુણ; શરીર, તેની ભૂખ અને વાસનાઓ, સર્વ કાંઈને એક તુચ્છ મન સાથે, હલકી ઇચ્છાઓ અને ઊર્મિઓ સાથે, તેમ જ, સાંકડાં, ક્ષુલ્લક દેહકર્મો, જરૂરિયાતો, ઉચાટો, ઉપાધિઓ, યાતનાઓ અને મોજ-મજાહો એ બધાંનાં અર્થહીન પુનરાવર્તનો સાથે એવાં તો બાંધી દે છે કે તેમને છોડીને બહાર ક્યાંય જઈ જ ના શકાય. વળી તેમની ઉપર જેનું સીલ લાગેલું છે એ અજ્ઞાન એવું છે કે જેને પોતાને પોતાની જાતની કે પોતાના માર્ગની જરા પણ ખબર નથી. આ તમોગુણી ભૌતિક મન, પોતાના ભૌતિક ભગવાનો સિવાય બીજી કોઈ ભાગવતતાને માનતું નથી; એને અભીપ્સાઓ થતી જ હોય તોપણ એ હશે વધારે ને વધારે આરામની, સગવડની, મોજમજાહની પણ પ્રગતિની કે આધ્યાત્મિક આઝાદીની માગણી તો નહિ જ. તો વળી તેના વચલા પ્રદેશમાં જીવનનો વધુ દૃઢ સંકલ્પ જોવા મળે છે; એ છે તો ખૂબ ઉત્સાહી પણ તેનું ભેજું આંધળું છે, એ વિકૃત છે અને જે તત્ત્વો જે જીવનને માથાકૂટિયું, ગૂંચવાડિયું અને દુઃખભરી ભુલ-ભુલામણી જેવું બનાવે તેમાં તેને અતિશય મઝા પડે છે. એ જાણે કે માન-વીય કે રાક્ષસી ઇચ્છાઓનો આત્મા છે; એ ભડકિયા રંગોને, કઢંગી કવિતા-ઓને, ભયંકર મૃત્યુકથાઓને કે શુભ-અશુભ, હર્ષ-શોક, પ્રકાશ-અંધાર, ધમાધમિયા આનંદ કે ક્રૂર જુલ્મો એ બધાંના શંભુમેળા જેવાં સનસનાટી ભરેલાં નાટકોને ચોંટી પડે છે. આવી વસ્તુઓ પર એને મહોબ્બત હોય છે અને તેમને વધારે ને વધારે ઝંખ્યા કરે છે; તેનાથી તે ત્રાસે કે તેની સામે બૂમરાણ મચાવે તોપણ તેના સિવાય બીજાં શેને ય ન તો તે સ્વીકારે છે, ન તો માણે છે; તે ઉચ્ચ વસ્તુઓને ધિક્કારે છે, તેમનો સામનો કરે છે અને જો કોઈ વધારે દિવ્ય શક્તિ ધૃષ્ટતા કરીને જીવનને શુદ્ધ, સુખી કે ઉજ્જ્વલ બનાવવાનો કે તેણે મોઢે માંડેલા પેલા શંભુમેળિયા, ધમધમતા, ધગધગતા શરાબને છીનવી લેવાનો પ્રયાસ કરે તો તો મહાપ્રચંડ ક્રોધથી તે જાણે કે

તેને કચડી નાખશે; ચીરી નાખશે, વધેરી નાખશે. જીવન-સંકલ્પનો એક એવો પણ ભાગ છે કે જે આદર્શપ્રિય, સુધારક મનને અનુસરવા રાજી હોય છે અને જીવનને જરા સંવાદી, સુંદર, ઉજ્જવલ, ઉમદા અને વ્યવસ્થિત બનાવવાની તેની વાતથી આકર્ષાય છે, પણ આ તો પ્રાણ-પ્રકૃતિનો બહુ નાનો ભાગ હોય છે અને તેની સાથે ધૂંસરાએલા બીજા ઉગ્ર, આંધળા, જડ સાથીદારો પાસે તેનું કાંઈ ચાલે તેમ નથી હોતું; વળી એ મનના કરતાં કોઈ વધારે ઊંચા તત્ત્વની વાત સાંભળવા બહુ તૈયાર નથી હોતો,— સિવાય કે એ ઊંચું તત્ત્વ પોતે, આપણી અંધ પ્રાણ-પ્રકૃતિને ગળે ઊતરે તેવી જ વાત કરવા સુધીની નીચી પાયરીએ ઊતરવા તૈયાર હોય. પણ એમ કરે તો એ ઊંચું તત્ત્વ પોતે જ પોતાનો પરાજય પાકો કરે (અને ધાર્મિકતાને એવું જ થયું છે). આ બધાં તત્ત્વો સાધકને પોતાનામાં, અને પોતાની આજુબાજુ, નજરે ચડે છે: તેમની ચૂડમાંથી છૂટવા માટે તેમ જ, ઘણા સમયથી તેમણે તેની પોતાની ઉપર તેમ જ આજુબાજુના માનવસમાજ ઉપર જે સામ્રાજ્ય જમાવેલું છે તેને શિથલાવી પાડવા માટે તેને ઘોર અને સતત સંગ્રામ ખેલવો પડે છે. આ અતિ વિકટ મુશ્કેલી છે; કારણકે તેમની પકડ એવી તો મજબૂત છે, એવી તો અજેય ભાસે છે કે માનવ-સ્વભાવને કૂતરાની પૂંછડી સાથે સરખાવતા ઉપદેશમાં રહેલું તથ્ય સમજાઈ જાય છે: નીતિ, ધર્મ, તર્ક કે બીજા કોઈ ઉદ્ધારક તત્ત્વનું બળ વાપરીને તેને ગમે તેટલો પાંસરો કરો પણ તો ય છેવટે તો એ પોતાની પ્રાકૃત વક્રતા જ ધારણ કરશે. એ ઉધમાતિયા જીવન-સંકલ્પનું જોશ અને પકડ એવાં તો પ્રબળ છે, એના આવેગો અને ભૂલો એવાં તો ખતરનાક છે, એનો આગ્રહ એવો તો સૂક્ષ્મ અને આક્રમણ એવું તો હઠીલું છે, છેક સ્વર્ગનાં દ્વાર સુધી પણ એના ક્રોધની ઝંઝાઓ કે એનાં વિઘ્નોનાં કંટાળાજનક અંતરાયો એવા તો પીછો પકડી રાખે છે કે ભલભલા સંત કે યોગીને પણ ખાતરી નથી હોતી કે તેમણે છૂટી વહેવા દીધેલી વિશુદ્ધિ, કે ઘડેલો આત્મ-સંયમ, તેના ષડયંત્ર કે પ્રહારની સામે કેટલાં ટકી શકશે. તેની આ સ્વભાવગત વક્રતાને પાંસરી કરવાને પરસેવો પાડતો આપણો સંગ્રામશીલ સંકલ્પ એટલી તો નિષ્ફળતા મેળવે છે કે છેવટે એમ જ લાગે છે કે આ સંગ્રામ છોડીને સુખમય સ્વર્ગમાં કે શાંત નિર્વાણમાં પીછેહઠ કરવી એ જ ડહાપણભર્યું છે; અને એ વાત પણ પાકી થઈ જાય છે કે જન્મમરણની આ લખ-ચોર્યાશી-માંથી મુક્ત બની જવું એ જ સંસારનાં આ જડ બંધનોમાંથી કે આ અર્થ-હીન પાગલપણામાંથી કે તકલાદી સુખ અને સિદ્ધિની ભ્રમણામાંથી બચી

જવાનો એકમાત્ર સાચો ઉપાય છે.

છતાં પણ, આ બગડેલી પ્રાણપ્રકૃતિને સુધારવાનો કોઈક રસ્તો અને તેના રૂપાંતરની કોઈક તક હોવી જ જોઈએ; અને છે. પણ તેને માટે તો, તે કેમ આમ ખોટે રસ્તે ચડી ગઈ છે તે શોધવું પડે અને જીવનના પોતાના કેન્દ્રમાં અને તેના મૂળ તત્ત્વમાં ઇલાજ કરવો પડે. જીવન પણ ભગવાનની જ એક શક્તિ છે; એનો અત્યારનો દેખાવ ભલે ગમે તેવો પ્રકાશહીન કે વિકૃત લાગતો હોય પણ એ નથી કોઈ દુર્દૈવનું કે કોઈ કાળાસુરના આવેગનું સર્જન. જીવનના ઉદ્ધારનું બીજ જિંદગીમાં પોતાનામાં જ છે; તેને માટેનો આધાર પ્રાણ-શક્તિમાંથી જ મેળવવાનો છે. જ્ઞાનમાં સંરક્ષક પ્રકાશ છે, કબૂલ; પ્રેમમાં ઉદ્ધારની અને રૂપાંતરની શક્તિ છે, એ પણ કબૂલ; પણ જ્યાં સુધી તેઓ જીવનની સંમતિ ના મેળવે અને જ્યાં સુધી તેના કેન્દ્રમાં પડેલી કોઈ શક્તિને મુક્ત કરીને તેને ઠોકર, ખાતી આ માનવ-પ્રાણ-શક્તિનો દિવ્ય પ્રાણ-શક્તિમાં ઉદ્ધાર કરવામાં કામે ના લગાડે ત્યાં સુધી તેઓ આ દુનિયામાં કોઈ ફેરફાર નહિ કરી શકે. યજ્ઞાર્થે થતાં કામોના બે ભાગ પાડવાથી પણ મુશ્કેલી ટળશે નહિ; આપણે એમ વિચારી શકીએ કે જીવન તો ઇચ્છા અને અહમ્‌ના ભારોભાર મસાલાનું બનેલું હોવાથી તે વિસંવાદ, ઝગડા અને ગોટાળાનું રણમેદાન રહેવા જ સર્જાએલું છે, અને તેથી આપણે પ્રેમ અને જ્ઞાનનાં જ કર્મો કરીશું પણ જીવનનાં નહિ; પણ એમ કરવાથી તો આપણે છોડવો પડશે જીવનનો ઘણો મોટો ભાગ તથા તેનાં સંકલ્પ અને શક્તિ-ભર્યાં કામો; વળી છોડવાં પડશે પકડ અને પ્રાપ્તિ, સર્જન અને સફળતા, સંગ્રામ અને વિજય અને પ્રભુતા. એટલે, એવા બે ભાગ પાડવાથી મુશ્કેલી નહિ જ ઊકલે. વળી ખરેખર તો, એવા ભાગ પાડવાનું શક્ય જ નથી; છતાં ય જો એવો પ્રયત્ન કરીએ તો, છેવટે તો, એનો પોતાનો જ મૂળ અર્થ માર્યો જવાનો, કારણકે એથી તો આપણે વિશ્વશક્તિના સમૂહ-પ્રવાહમાંથી અલગ પડી જવાના, પૂર્ણપ્રકૃતિના એક અગત્યના ભાગને વિફળ બનાવી દેવાના. વળી, આ ભાગ જ છે સર્જનના હેતુને બર લાવવા માટેની એની એકમાત્ર અનિવાર્ય શક્તિ. પ્રાણશક્તિ એ તો આ દુનિયા પરનું પ્રકૃતિનું અનિવાર્ય વાહન, કાર્ય-સાધક કારણ છે. માનસિક કર્મોને જો ઉજ્જવલ, છતાં અમૂર્ત આંતરિક યોજનાઓ જ ના રાખવાં હોય તો મનને આ પ્રાણશક્તિની જરૂર પડવાની જ; આત્માને પણ પોતાના આવિર્ભાવની શક્યતાઓને બહાર વહેતી મૂકવા અને સાકાર કરવા, તથા પોતાના પૂર્ણ આવિર્ભાવને જડ પદાર્થમાં મૂર્તિમંત કરવા તેની જરૂર

પડવાની જ. જો આત્માની અન્ય પ્રવૃત્તિઓમાં જીવન પોતાની કઠીરૂપ શક્તિઓનો સાથ ના આપે, અથવા તેનો સાથ લેવાની ના પાડવામાં આવે, તો આ દુનિયામાં તેની એ પ્રવૃત્તિઓ બની જવાની માત્ર અચલ એકાંતવાસ કે સોને ભર્યું વંધ્યત્વ; અને જો કદાચ કાંઈક પરિણામ આવે તોપણ એ હશે તેનાં કાર્યનો આંશિક પ્રસાર,– અને તે પણ વધારે તો આત્મ-લક્ષી,– પરલક્ષી નહિ, જીવન પર જરાતરા અસર, પણ તેમાં ફેરફાર કરવાની શક્તિ નહિ. તો વળી બીજી બાજુએ, જો આત્માને જીવનશક્તિની ભેટ તો મળે પણ શુદ્ધ કર્યા વિનાની શક્તિની ભેટ મળે તો પરિણામ તેનાથી ય ખરાબ આવે; કારણકે તેથી તો આત્માનાં પ્રેમ કે જ્ઞાનનાં કર્મોને એ અશુદ્ધ પ્રાણશક્તિ સાંકડા કે પતિત બનાવી દેવાની અથવા તો પોતાનાં હલકટ અને વિકૃત કાર્યોમાં તેમને કામે લગાડવાની. આધ્યાત્મિક સાક્ષાત્કારોને પૂરેપૂરા સર્જનશીલ બનાવવા જીવન અનિવાર્ય છે; પણ એ જીવન હોવું જોઈએ વિશુદ્ધ, નવ-રૂપ તથા ઊર્ધ્વ, અને નહિ કે સામાન્ય માનવ-પશુનું માનસિક જીવન, કે નહિ અસુરનું જીવન કે પિશાચ-જીવન, કે વળી નહિ દિવ્ય અને અદિવ્યનું સંમિશ્રિત જીવન. દુનિયાનો ત્યાગ કે સ્વર્ગનો નિવાસ ઇચ્છતા અન્ય સાધનામાર્ગો ભલે ગમે તે કરતા હોય પણ પૂર્ણયોગે સ્વીકારેલ મુશ્કેલ અને અનિવાર્ય કાર્ય આ જ છે; જીવનનાં બાહ્ય કર્મોનો પ્રશ્ન અણઉકલ્યો રાખવાનું તેને પાલવે તેમ નથી; તેણે, જીવનનાં એ બાહ્ય કર્મોમાં પણ રહેલી મૂળભૂત દિવ્યતાને શોધવાની છે અને તેને પ્રેમ અને જ્ઞાનની દિવ્યતાઓના સાથમાં પાકી અને હમેશને માટે બેસાડી આપવાની છે.

જો આપણે પહેલાં પ્રેમ અને જ્ઞાનને વિકસાવતા જઈએ, અને જ્યારે તે પ્રાણશક્તિ ઉપર પૂરા રૂઆબથી અને સલામતીથી પકડ લઈ તેને સુધારી નાખવા જેટલાં બળવાન થાય ત્યાં સુધી રાહ જોવાનું નક્કી કરીએ તો તેથી પણ કાંઈ પ્રશ્ન ઊકલી શકે તેમ નથી; કારણકે તેમની ઉદ્ધારક શક્તિને અટકાવનાર કે પાંગળી બનાવનાર પ્રાણની વિકૃતિઓમાંથી જો તેમણે બચી જવું હોય તો તેમણે અસાધારણ ઉચ્ચતા પ્રાપ્ત કરવી જ પડે તેમ છે એ આપણે જોઈ ગયા છીએ. જો અતિમાનસિક પ્રકૃતિ સુધી આપણી ચેતના ઊંચે ચડી જાય તો તો જાણે આ મુશ્કેલીઓ ટળી જાય. પણ બે-ધારી મુશ્કેલી અહીંયાં જ છે: જ્યાં સુધી અશુદ્ધ પ્રાણશક્તિનો બોજો ઉઠાવવાનો હોય ત્યાં સુધી અતિમાનસિક પ્રદેશમાં પહોંચવાનું અશક્ય છે; તો વળી જ્યાં સુધી આધ્યાત્મિક અને અતિમાનસિક પ્રદેશના સદા જ્વલંત પ્રકાશ અને અજેય શક્તિને નીચે ના લાવીએ ત્યાં સુધી જીવનની

સંકલ્પશક્તિને મૂળમાંથી સુધારવાનું એટલું જ અશક્ય છે. અતિમાનસિક ચેતના એ કાંઈ માત્ર એક પરમ જ્ઞાન, એક પરમ આનંદ, એક આત્મીય પ્રેમ અને તદ્રૂપતા નથી; એ તો એક પરમ સંકલ્પશક્તિ, એક પરમ સામર્થ્ય અને શક્તિનું મૂળ સત્ત્વ પણ છે જ; જ્યાં સુધી આ સર્જિત પ્રકૃતિમાં રહેલ સંકલ્પ, સામર્થ્ય અને શક્તિનું તત્ત્વ એટલું વિકાસ ન પામે, અને ઉચ્ચ ના બને, કે જેથી એ તેનો સ્વીકાર કરી તેને ઊંચે ઉઠાવી શકે, ત્યાં સુધી એ અવતરણ ના કરી શકે. પણ સંકલ્પ, સામર્થ્ય, શક્તિ એ તો પ્રાણશક્તિનાં મૂળગત તત્ત્વો છે. જીવનને ત્યાજ્ય ગણવાનું અને માત્ર જ્ઞાન અને પ્રેમને જ પરમ તત્ત્વો તરીકે સ્વીકારવાનું જે વાજબી ગણાય છે તે પોતાની અતિશય અવિચારી, હઠીલી અને ખતરનાક ઇચ્છાઓને સંતોષવાના પ્રાણશક્તિના અતિ આગ્રહને લીધે જ; પણ તેની આ જ ખાસિયતથી તે પોતાની, જિગર અને ધગશભરી રીતે પરમ પ્રભુને રસ્તે પણ ધસી જઈ શકે છે. પ્રેમ અને જ્ઞાન એ બે જ કાંઈ પ્રભુનાં પાસાં નથી; તેનું એક પાસું શક્તિ પણ છે. જેમ મન જ્ઞાન માટે પ્રયત્ન કરે છે અને હૃદય પ્રેમની શોધમાં ફરે છે તેમ પ્રાણશક્તિ સત્તા અને સત્તાથી મળતા કાબૂને માટે મથે છે—જો કે રઘવાયાની જેમ ફાંફાં મારીને નૈતિક કે ધાર્મિક બુદ્ધિ સત્તાને સ્વભાવથી જ પતિત અને ખરાબ માનીને વર્જ્ય ગણે છે પણ તે તેમની ભૂલ છે. ઢગલાબંધ દાખલાઓ તપાસતાં તેમની આ માન્યતા ભલે વાજબી લાગે પણ ખરી રીતે તો એ એક અંધ, તર્કહીન પૂર્વગ્રહ જ છે. સામર્થ્ય ભલે ગમે તેટલું પતિત બન્યું હોય કે ખોટે રસ્તે વપરાયું હોય (એમ તો પ્રેમ અને જ્ઞાનને પણ પતિત કરી શકાય છે કે ખોટે રસ્તે વાપરી શકાય છે) છતાંય તે છે તો દિવ્ય જ, અને દિવ્ય કામને માટે જ તેને અહીં મોકલવામાં આવ્યું છે. શક્તિ, સંકલ્પ, સામર્થ્ય એ તો વિશ્વનાં ચાલક–બળ છે; ભલે એ જ્ઞાનશક્તિ હોય, કે પ્રેમશક્તિ કે જીવનશક્તિ, કે કાર્યશક્તિ કે શારીરિક શક્તિ હોય પણ એનું મૂળ હમેશાં આધ્યાત્મિક હોય છે, તેનો સ્વગુણ હમેશાં દિવ્ય હોય છે. અજ્ઞાનને વશ પશુઓ, માણસો કે રાક્ષસો તેનો જે દુરુપયોગ કરે છે તે વર્જ્ય છે; પણ અનંત અને શાશ્વત પ્રભુના મેળમાં રહી કામ કરતી આંતર–ચેતના પણ તેના વડે જ કાર્ય કરે છે; એ કાર્ય આપણને ભલેને વધારે પડતું અસાધારણ લાગતું હોય છતાં તે જ તેનો મહાન અને સ્વાભાવિક ઉપયોગ છે; પેલા દુરુપયોગની જગ્યાએ આ જ ઉપયોગ સ્થાપવાનો છે, પૂર્ણયોગ જીવનનાં કાર્યોને ઉવેખીને માત્ર આંતરિક અનુભૂતિઓથી જ સંતોષ ના માની શકે; તેણે અંતરમાં ઊતરવાનું છે, પણ તે તો બાહ્યને બદલવા માટે,

પ્રાણશક્તિને યોગશક્તિનો ભાગ અને કાર્ય બનાવવા માટે,—યોગશક્તિ કે જેનો દિવ્યતા સાથે યોગ છે અને જેની દોરવણી પણ દિવ્ય છે.

જીવનનાં કર્મોનું આધ્યાત્મિક રીતે નિરાકરણ કરવા જતાં આવતી બધી જ મુશ્કેલીઓનું કારણ એ છે કે જીવનના સંકલ્પે, અજ્ઞાનના પ્રદેશમાં પોતાનું કામ પાર પાડવા, એક જાતનો ખોટો કામનામય પુરુષ રચ્યો છે અને પ્રભુના અંશરૂપ સાચા ચૈત્ય પુરુષની જગ્યાએ તેને બેસાડી દીધો છે. હાલમાં જીવનનાં બધાં જ નહિ તો મોટા ભાગનાં કર્મો તો આ કામનામય પુરુષમાંથી જ શરૂ થતાં, યા તો તેનાથી જ વિકૃત થતાં હોય છે, અથવા તો તેમ લાગે છે; નૈતિક કે ધાર્મિક, કે ખુદ્દ પરોપકાર કે લોકસેવા કે નિઃસ્વાર્થનાં કે જાતના ભોગનો અંચળો ઓઢીને થતાં કામોમાં પણ આ કામનામય પુરુષના જ તાણાવાણા પથરાએલા પડ્યા હોય છે. આ કામનામય પુરુષ એ અહમ્મય પુરુષનો અલગતાવાદી એક ભાગ છે, અને તેનાં બધાં જ સહજ કાર્યો પોતાના જ અલગ પુષ્ટીકરણ માટેનાં હોય છે; એ છડેચોક, કે પછી વધારે કે ઓછાં ફાંકડાં બહાનાં હેઠળ, હમેશાં પોતાના જ વિસ્તાર, સંકલ્પ, ઉપભોગ, સફળતા કે સામ્રાજ્યને આગળ વધારતો હોય છે. જીવન ઉપર રઘવાટ, વિસંવાદ અને વિકૃતિનો જે અભિશાપ ઊતરેલો છે તેને જો હઠાવી દેવો હોય તો સાચા પુરુષને, ચૈત્ય પુરુષને આગેવાન તરીકેનું તેનું સ્થાન સોંપવું જ જોઈએ અને કામના અને અહમ્‌ના પેલા ખોટા પુરુષનું વિસર્જન કરવું જ જોઈએ. પણ આનો અર્થ એ નહિ કે જીવનનું દમન કરી, કૃતાર્થ થવાનો તેનો જન્મસિદ્ધ હક્ક છીનવી લેવો જોઈએ; કારણકે આ બાહ્ય કામનામય પુરુષની પાછળ, આપણી ભીતરમાં એક સાચો અને આંતરિક પ્રાણમય પુરુષ આવેલો છે; તેનું વિસર્જન કરવાનું નથી, પણ તેને બહાર, આગળ પડતા સ્થાને લાવી, દિવ્ય પ્રકૃતિની એક સાચી શક્તિ તરીકે કામે લગાડવાનો છે. પ્રાણશક્તિના હેતુઓને દિવ્ય રીતે કૃતાર્થ કરવાની શરત એ છે કે અંતરતમ ચૈત્ય પુરુષની આગેવાની હેઠળ આ પ્રાણમય પુરુષને બહાર લાવવો. પ્રાણશક્તિઓના હેતુઓ તાત્ત્વિક રીતે તો એના એ જ રહેશે પણ તેની આંતરિક પ્રેરણા અને બાહ્ય સ્વરૂપ પલટાઈ જશે. દિવ્ય પ્રાણશક્તિ પણ વિકાસના જ સંકલ્પવાળી અને પોતાના હક્કને આગળ કરવામાં સામર્થ્યવાળી હશે પણ તે આપણી અંદર રહેલ દિવ્યતાના હક્કને આગળ કરશે, આપણી નાનીશી ક્ષણિક ઉપરછલ્લી જાતના હક્કને નહિ; તે વિકાસ સાધશે પણ એ વિકાસ હશે આપણા સાચા દિવ્ય વ્યક્તિત્વનો, કેન્દ્રસ્થ પુરુષનો, ગુપ્ત, અમર અંતરાત્માનો; અને આ તો ત્યારે જ

અને જ્યારે આપણો અહમ્ પાછો હઠે, વિસર્જન પામે. જીવનના સાચા હેતુ આ જ છે : વિકાસ, પણ પ્રકૃતિમાં પુરુષનો વિકાસ, મન, પ્રાણ અને શરીરમાં આત્માનો આવિર્ભાવ, ઉદય અને વિસ્તાર; સર્જન અને પકડ, પણ વસ્તુમાત્રમાં રહેલ પ્રભુની પ્રભુ વડે પકડ, અહમની, વસ્તુઓને ખાતર વસ્તુઓ ઉપરની ઇચ્છાભરી પકડ નહિ; ઉપભોગ; પણ વિશ્વમાં વ્યાપેલ દિવ્ય આનંદનો ઉપભોગ; સંગ્રામ, વિજય અને સામ્રાજ્ય એ હશે અંધકારના અસુરો સામેનો સફળ સંગ્રામ, આંતરિક અને બાહ્ય પ્રકૃતિ ઉપર પૂર્ણ આધ્યાત્મિક સ્વરાજ્ય અને પ્રભુતા, જ્ઞાન, પ્રેમ અને દિવ્ય સંકલ્પશક્તિ વડે અજ્ઞાનના સામ્રાજ્યનો સમૂળગો નાશ.

ત્રિવિધ યજ્ઞની ત્રીજી અગ્નિ-શિખા છે જીવનનાં કર્મો. તેમાં દિવ્યતા સ્થાપવા તથા તેમનું ક્રમિક રૂપાંતર સાધવા માટેની શરતો આ છે (અને તે જ હોવા જોઈએ તેના હેતુઓ) : યોગનું ધ્યેય જીવનને બુદ્ધિથી દોરવાનું નહિ પણ અતિમાનસિક ઘાટ આપવાનું છે, તેને નૈતિક નહિ પણ આધ્યાત્મિક બનાવવાનું છે; તેનો મુખ્ય હેતુ જીવનની બાહ્યતાઓ કે તેનાં ઉપરછલ્લાં માનસિક પ્રેરક બળો પર કાબૂ મેળવવાનો નથી; પણ એ છે જીવન અને તેનાં કર્મોમાં ગુપ્ત રહેલ દિવ્ય તત્ત્વને શોધી તેની ઉપર તેમની પુનઃસ્થાપના કરવાનો. કારણકે આવી પુનઃસ્થાપના વડે જ ઊર્ધ્વ, ગુપ્ત દિવ્ય-શક્તિનું તેની ઉપર શાસન સ્થાપી શકાશે અને તેનું ભગવાનના ખુલ્લે-ખુલ્લા આવિર્ભાવમાં રૂપાંતર સાધી શકાશે,– જ્યારે હાલમાં તો એ છે પેલા સનાતન નટનો એક છૂપો વેશ અને કુરૂપ મહોરું. અત્યારના સમગ્ર જીવનને એક નવજીવન બનાવવું હોય, તેને તેની અત્યારની યાતનાભરી અને ગૂંચવાયેલી હાલતમાંથી બહાર કાઢવી હોય તો મન અને બુદ્ધિના હાથમાં બાહ્ય ફેરફારોની જે પદ્ધતિ છે તે રીતે તે નહિ થાય; તેને માટેની રીત છે ચેતનાનો આધ્યાત્મિક મૂળભૂત પલટો.

* * *

એટલે, જીવન અત્યારે પ્રકૃતિની, ઉપાધિઓ અને અજ્ઞાનથી ભરેલી, જે પ્રવૃત્તિ છે તેમાંથી તેને પ્રકાશપૂર્ણ અને સુમેળવાળી પ્રવૃત્તિમાં પલટી નાખવા માટે પૂર્ણયોગની રીત છે : જીવનના કેન્દ્રમાંથી જ તેનું રૂપાંતર – અને નહિ કે તેનાં ક્રિયા-કર્મોનું બાહ્ય નિયમન. તેનાં આ આંતરિક, કેન્દ્રીય રૂપાંતર અને નવરચનાને સિદ્ધ કરવા માટે ત્રણ શરતો અનિવાર્ય છે; તેમાંની કોઈ એક એકલી નહિ પણ એ ત્રણેય જો સંયુક્ત થઈને કાર્ય કરે તો જ ઉદ્ધાર અને રૂપાંતરનું આ કાર્ય પાર પડે, સંપૂર્ણ સિદ્ધ થાય. તેમાં

પહેલી વાત એ કે : આપણું અત્યારનું જીવન એ ઇચ્છાતત્ત્વની જ એક પ્રવૃત્તિ છે; એ ઇચ્છાતત્ત્વે પોતાના કેન્દ્રમાં ઇચ્છાતત્ત્વના આત્માની, કામનામય પુરુષની આપણી અંદર રચના કરી છે; આ કામનામય પુરુષ જીવનના સર્વ વ્યાપારોને પોતાની સાથે સાંકળે છે અને તેમનામાં અજ્ઞાની, અર્ધ-પ્રકાશિત અને મૂઢ યત્નનાં પોતાનાં દુઃખ-દર્દ ભેળવે છે. દિવ્ય રીતે જીવવા માટે ઇચ્છાઓને દેશવટો આપવો જ જોઈએ અને તેમની જગ્યાએ એક વધારે વિશુદ્ધ અને દૃઢ ચાલક-શક્તિ સ્થાપવી જોઈએ; યાતનાગ્રસ્ત કામનામય પુરુષનું વિસર્જન અને તેની જગ્યાએ આપણી અંદર ગુપ્ત રહેલ સાચા પ્રાણમય પુરુષની નિશ્ચલતા, શક્તિ અને સુખનું સ્થાપન થવું જ જોઈએ. બીજી વાત : અત્યારના જીવનના ચાલક કે માર્ગદર્શક તરીકે, કેટલેક અંશે છે પ્રાણશક્તિનો આવેગ તો વળી કેટલેક અંશે છે મન; આ મન મોટે ભાગે તો હોય છે અબુધ પ્રાણવેગનો ગુલામ કે હજૂરિયો તો વળી કદીક, કાચી નજર તેમ જ કાચી શક્તિવાળો, ઉત્પાતિયો, ભોમિયો અને ઉપદેશક; દિવ્ય જીવન માટે તો આ મન કે પ્રાણાવેગ માત્ર કરણો જ હોઈ શકે; અને રસ્તાના દોરનાર કે દિવ્ય માર્ગદર્શક તરીકે તો ચૈત્ય પુરુષને જ સ્થાન મળવું જોઈએ. ત્રીજી વાત : અત્યારનું જીવન, માત્ર ભાગલા-વાદી અહમના સુખાર્થે જિવાય છે; આ અહમનું વિસર્જન અનિવાર્ય છે, અને તેની જગ્યાએ સાચા આધ્યાત્મિક પુરુષને, જીવાત્માને સ્થાપવો જોઈએ અને દુનિયા પર આવેલા આ પ્રભુનું જ કાર્ય પાર પાડવા માટે જીવન જિવાવું જોઈએ; જીવનતત્ત્વે પોતાની અંદર પ્રભુની પરમ શક્તિને જાગ્રત થતી અનુભવવી જોઈએ અને તેના હેતુને પાર પાડવા એક આજ્ઞાધારક કરણ બનવું જ જોઈએ.

રૂપાંતર માટેની આ ત્રણ આંતરિક બાબતોમાંની પહેલી વાતમાં કાંઈ જ નવું કે અજાણ્યું નથી. કારણકે બધી જ સાધનાઓમાં મુખ્ય હેતુઓ પૈકીનો એ એક હોય છે. એ વાત સારામાં સારી રીતે તો ગીતાના શ્લોકોમાં સ્પષ્ટ રીતે રજૂ થએલી છે. ત્યાં કહેલું છે કે કોઈ પણ જાતના ફળની ઇચ્છા વિના કરાતું કર્મ, ઇચ્છામાત્રનો સર્વથા ત્યાગ, અને સમત્વની સંપૂર્ણ સ્થાપના એ આધ્યાત્મિક પુરુષનાં સામાન્ય લક્ષણો છે. ઇચ્છાના સંપૂર્ણ ત્યાગનું સાચું અને અચૂક લક્ષણ છે : પૂર્ણ, આધ્યાત્મિક સમતા, એટલે કે સર્વ પરિસ્થિતિમાં સમભાવ, હર્ષ અને શોક, સુખ અને દુઃખ, હાર અને જીત એ બધાંથી અસ્પૃષ્ટ રહેવું, ઉચ્ચ અને નીચ, મિત્ર કે શત્રુ, પાપી કે ધર્મી એ સર્વને સમાન ગણવા, જીવમાત્રમાં એકમાત્ર પરમાત્માનાં વિવિધ રૂપે

દર્શન કરવાં, વસ્તુમાત્રમાં મૂર્તિમંત પરમાત્માની અનેકવિધ લીલા કે તેનો ધીમો, ઢાંકચો વિકાસ નિહાળવો. આ સમતા એ કોઈ માનસિક શાંતિ, એકલતા કે ઉદાસીનતા નથી, કે નથી પ્રાણની કોઈ જડ નિશ્ચલતા, કે, આ ગતિ કે તે ગતિ કે ગતિહીનતાને સ્વીકારી લેતી ભૌતિક ચેતનાની નિષ્ક્રિયતા; આવી કોઈક સ્થિતિને આધ્યાત્મિક સમતા સમજી લેવાની ભલે કોઈ ભૂલ કરતા હોય, પણ જે સમતા મેળવવાની છે એ તો છે પ્રકૃતિની પાછળ સાક્ષીરૂપે વસતા પુરુષની એક વિશાળ, સર્વગ્રાહી, નિશ્ચલ વિશ્વવ્યાપકતા. આપણને દુનિયામાં જે દેખાય છે એ તો છે પ્રકૃતિનાં બળોનું અર્ધું વ્યવસ્થિત તો અર્ધું ગૂંચવાડિયું ગતિમય તંત્ર; પણ એક શાંતિ, મૌન, વિશાળતા તેને પાછળથી ધારણ કરી રહી છે તે પણ અનુભવી શકાય તેમ છે, આ ધારક-તત્ત્વ જડ નથી, શાંત છે, શક્તિ-વિહીન નહિ પણ શક્યતા-સભર સર્વશક્તિમાન છે; તેનામાં સમગ્ર વિશ્વની સર્વ ગતિઓને ધારણ કરવાની એક સંગઠિત, સુસ્થિર, સ્થગિત શક્તિ છે. પાછળ રહેલું આ ધારક-તત્ત્વ વસ્તુમાત્ર પ્રત્યે સમભાવ રાખે છે; તેનામાં રહેલ શક્તિને ગમે તે કાર્ય માટે વહેતી મૂકી શકાય છે પણ સાક્ષીરૂપ પુરુષ કોઈ ઇચ્છાથી દોરાઈને કોઈ પણ કાર્ય પસંદ નહિ કરે; જે કાર્ય થાય છે તે એક પરમ સત્ય કરે છે; આ પરમ સત્ય કાર્ય કે કાર્યનાં બાહ્ય સ્વરૂપ કે આવેગથી પર, અને તેના કરતાં અતિ વિશાળ છે, તેમ જ, પોતાના તાત્કાલિક હેતુને ખાતર કોઈ માનસિક, પ્રાણિક કે ભૌતિક આકાર તે લેતું હોય તોપણ મન, પ્રાણ-શક્તિ કે શરીરથી પણ પર, અને તેમના કરતાં પણ અતિ વિશાળ છે. જ્યારે ચેતનામાંથી ઇચ્છાનો સંપૂર્ણ નાશ થઈ જાય અને તેને બદલે સર્વત્ર આ શાંત, સમભાવી, વિશાળતા વ્યાપે ત્યારે અંદર રહેલો સાચો પ્રાણમય પુરુષ પડદા પાછળથી બહાર આવે છે અને પોતાની શાંત, સમર્થ અને સઘન હાજરી છતી કરે છે. આ જ છે એ પ્રાણમય પુરુષની સાચી પ્રકૃતિ; એ છે દિવ્ય પુરુષનું પ્રાણના પડદા પર પ્રસારણ,– પ્રશાંત, સમર્થ, ઉજ્જ્વલ, બહુમુખી શક્તિધારક, પ્રભુ-ઇચ્છાને આધીન, અહમ્‌રહિત હોવા છતાં,– અથવા તો તેથી જ– કોઈ પણ કાર્ય, સિદ્ધિ કે સાહસ ( અતિ ઉચ્ચ કે અતિ વિશાળ ) માટે કાર્યસાધક. સાચી પ્રાણશક્તિ જ્યારે સન્મુખ બને છે ત્યારે દેખાય છે કે એ કાંઈ આ મૂંઝાતી, હેરાન થતી, વેરણછેરણ અને હવાતિયાં ખાતી ઉપરછલ્લી શક્તિ નથી; એ તો છે એક વિશાળ અને ઝળહળતી દિવ્ય શક્તિ; શાંતિ, સામર્થ્ય અને આનંદથી ભરપૂર: પોતાની પ્રચંડ શક્તિ-શાળી પાંખમાં સમગ્ર વિશ્વને સમાવતી એક, વિશાળ-માર્ગી પ્રાણમયી દેવી.

અને છતાં વિશાળ સામર્થ્ય અને સમતાભર્યું આ રૂપાંતર સાધવું બસ નથી, કારણકે એથી દિવ્ય જીવન માટેનું તંત્ર તૈયાર થાય છે પણ, એ દિવ્ય જીવનનાં શાસન કે સંચાર તેથી મળતાં નથી. એટલે, અહીં જ, મુક્ત બનેલ ચૈત્ય પુરુષ લગામ હાથમાં લે છે. એ પ્રભુનું પરમશાસન હાથમાં લેતો નથી કે તેના વતી હુકમ આપતો નથી (કારણકે એ એનું કાર્ય નથી); પણ અજ્ઞાનમાંથી દિવ્ય જ્ઞાન સુધીના વચગાળાના સમય દરમિયાન, આંતર અને બાહ્ય જીવન તથા કર્મો માટે એ ક્રમિક માર્ગદર્શન આપ્યા કરે છે; આપણે છેવટે એવી દશા સિદ્ધ કરવાની છે કે જ્યારે એક સર્વસત્તાધારી અને સતત ગતિશીલ શાસન, દિવ્યતા પામેલી પ્રાણશક્તિને તેનાં કર્મોની દોરવણી સતત આપ્યા જ કરે; આ દશા સિદ્ધ કરવા માટે જે રીત-રસમ કે રસ્તાની જરૂર પડે તે ક્ષણે ક્ષણે દેખાડ્યા કરવાનું કામ ચૈત્ય પુરુષ કરે છે. આપણી પ્રકૃતિનાં અન્ય અંગોને માર્ગદર્શન આપતી હોય છે તેમની પોતાની જ મૂંઝાએલી અને ફાંફાં મારતી શક્તિઓ; અન્ય માર્ગદર્શનના અભાવે તે અંગો અજ્ઞાનના ચકરાવામાં આથડ્યા કરતાં હોય છે; ચૈત્ય પુરુષ પોતાના પ્રકાશથી તેમની આંખો ખોલી આપે છે. તે બુદ્ધિને વિચારો અને ખ્યાલોનું અંતર્ગત સત્ત્વ દેખાડે છે; પ્રાણને તે એવી અચૂક દૃષ્ટિ આપે છે કે જેથી તે ભૂલી પડેલી કે ભૂલા પાડતી પ્રવૃત્તિ કઈ છે તે વગર ભૂલ્યે જાણી શકે; એક શાંત દેવવાણીની માફક એ અંદરથી આપણી ભૂલોનું કારણ કહી દે છે, ફરીથી ભૂલ કરતાં પહેલાં વેળાસર ચેતવી દે છે, અનુભવ અને અંતઃસ્ફુરણામાંથી એક એવો, જરૂર પ્રમાણે અનુકૂળ થતો, નિયમ તારવી આપે છે કે જે વડે આપણાં કર્મોની સાચી દિશા, સાચાં પગલાં, અને એક ચોક્કસ આવેગની આપણને ખબર પડે. એક એવી સંકલ્પ-શક્તિ જગાડી આપે છે કે જે ચકરાવા અને ભુલભુલામણીમાંથી માર્ગ શોધતી કોઈ ભૂલની સાથે નહિ પણ વિકસી રહેલા પરમ સત્યની સાથે મેળમાં હોય. મનના ઉપર-છલ્લા અને ઉતાવળિયા અભિપ્રાયો અને પ્રાણની બહાવરી પકડને બદલે એક નવી જ દિશામાં મક્કમ પગરણ શરૂ થઈ જાય છે; એ દિશા છે ભાવિના વિશાળ પ્રકાશની, આત્મ-પ્રેરણાની અને વસ્તુ-સ્થિતિને રચતાં તત્ત્વ, તેમની હિલચાલ તથા હેતુને પકડી પાડતી ચૈત્યસિક સૂઝ અને આંતર્દૃષ્ટિની; આ સૂઝ અને આંતર્દૃષ્ટિ ધીમે ધીમે, અને છતાં સતત રીતે, બનતાં જાય છે આધ્યાત્મિક દર્શન, તથા, આંતરિક સંપર્ક, ભેદક દૃષ્ટિ તેમ જ તદ્રૂપતા દ્વારા મળતું જ્ઞાન. જીવનનાં કર્મો પોતે જ પોતાને સુધારી સાચાં બનતાં જાય છે; ગૂંચવાડામાંથી મુક્ત બનતાં જાય છે; તેમની ઉપર બુદ્ધિએ લાદેલી કૃત્રિમ

કે સૈદ્ધાંતિક વ્યવસ્થા અને ઇચ્છાઓના મનસ્વી નિયમને બદલે તેઓ આત્માની આંતરિક સૂઝનું માર્ગદર્શન સ્વીકારતાં જાય છે; અને પરમાત્માની ગહન નીતિ–રીતિના પ્રવાહમાં પ્રવેશ પામતાં જાય છે. સૌથી મોટી વાત તો એ કે ચૈત્ય પુરુષ જીવનની પાસે યજ્ઞના ધર્મનો સ્વીકાર કરાવી તેનાં બધાં જ કર્મો સનાતન ભગવાન પ્રત્યેના સમર્પણ-ભાવથી કરાવે છે. જીવન પોતે એક સાદ બની જાય છે અને જે જીવનથી પર છે તેને બોલાવવા માંડે છે; તેનું નાનામાં નાનું કર્મ પણ અનંતતાના ભાનથી વિશાળતા ધારણ કરવા માંડે છે.

જેમ જેમ આંતરિક સમતા, અને તેની સાથે જ, કરવાનાં મહાન કામની રાહ જોતા સાચા પ્રાણમય પુરુષનો આંતરિક અનુભવ વધતો જાય, અને આપણી પ્રકૃતિનાં બધાં જ અંગોમાં ચૈત્ય પુરુષનો સાદ જેમ જેમ વધારે જાગતો જાય તેમ તેમ એ સાદનો સાંભળનારો "એ" વધારે ને વધારે દેખા દેતો જાય છે, જીવન અને તેની શક્તિને વધારે ને વધારે પકડમાં લેતો જાય છે, અને તેમનામાં પોતાની જાત અને કાર્યની ઉત્તુંગતા, નિકટતા, વિશાળતા વધારે ને વધારે ભરતો જાય છે. બધામાં જ નહિ તોપણ ઘણા ખરા સાધકોમાં તો, સમતા અને ચૈત્ય પુરુષની સ્પષ્ટ ઝંખના અને માર્ગ-દર્શન જાગે તે પહેલાં પણ "એ" પોતાનો એકાદ અંશ રમતો મૂકી દે છે. બાહ્ય અજ્ઞાનના ઢગલા નીચે દબાએલા અને મુક્તિ માટે પોકાર કરતા, અદૃષ્ટ ચૈત્ય તત્ત્વનો સાદ; આતુરતા–ભર્યા ધ્યાનનું અને જ્ઞાન–પિપાસાનું દબાણ; હૃદયની ઝંખના; અબુધ છતાં સચ્ચાઈભરી સંકલ્પશક્તિનો આવેગ; એ બધાંના પરિણામે ઊર્ધ્વ અને નિમ્ન પ્રકૃતિની વચ્ચેનો બંધ તૂટી પડે અને પૂરનો પ્રવાહ છૂટી પડે એમ પણ બને. દિવ્ય પુરુષનો એકાદ અંશ અથવા અનંતનો જરા પ્રકાશ, શક્તિ, આનંદ કે પ્રેમ સન્મુખ આવી જાય એમ પણ બને. તેનું આ દર્શન એક ઝબકાર જેમ કે ક્ષણિક ઝાંખી જેમ થોડી વાર માટે આવીને ચાલ્યું જાય અને પ્રકૃતિની પરિપકવતા સુધી રાહ જુએ એમ પણ બને, પણ ફરી ફરી દેખા દે, વધે અને ટકે એમ પણ બને. અને ત્યારે એક વિશાળ, અતિ વિસ્તરિત, સર્વાંગી કાર્ય શરૂ થઈ ગયું હોય છે; એ કદીક ઝળહળતું કે તીવ્ર હોય તો કદીક ધીમું અને અસ્પષ્ટ. કદીક એક પરમ દિવ્ય સામર્થ્ય સન્મુખ આવીને ઊભું રહે છે, અને દોરે છે. અને ધકેલે છે, તો વળી કાંઈ શીખવે છે અને આંખો ખોલી આપે છે; કદીક વળી એ પાછું હઠી જાય છે અને આપણી પોતાની મર્યાદાઓમાં આપણને છોડી જતું લાગે છે. આપણી જાતમાં જે કાંઈ અબુધ, અસ્પષ્ટ, વિકૃત કે નર્યું અપૂર્ણ અને હલકું છે તે સર્વને ઊંચે ઉઠાવાય છે– કદીક તો તેમની

ટોચ સુધી–હાથમાં લેવાય છે, સુધારાય છે, ખતમ કરાય છે, તેમનાં ભયંકર પરિણામ ખુલ્લાં કરાય છે, પોતાનાં અંત કે રૂપાંતરની પરાણે માગણી કરાવાય છે, અથવા નકામું કે બરબાદ ગણી પ્રકૃતિમાંથી ફેંકી દેવાય છે. આ બધી પ્રક્રિયા કાંઈ એકધારી કે સરળતાથી નથી ચાલતી; તેમાં આવે છે ગાળાઓ રાત અને દિવસ જેવા, તડકા અને છાયાના, શાંતિ અને નવરચનાના તો સંગ્રામ અને બળવાના, વિકસી રહેલી પરમ દિવ્ય ચેતનાની હાજરીના તો તેના વિનાના, ઉચ્ચોચ્ચ આશાના તો નિરાશાની ખીણના, પ્રિયતમાના આલિંગનના તો તેની વિરહ–વેદનાના, વિરોધી શક્તિઓનાં પૂરશાં આક્રમણના, હરાવી જતી છેતરપિંડીના, મહાભયંકર વિરોધના અને સંહારક હાંસીના તો દેવતાઓ અને દિવ્ય દેવદૂતોની સહાયના અને સંતોષના અને સુખદાયક પ્રદાનના. જ્યાં સુધી બધી તૈયારી પાકી ના થાય અને, આપણી જાત અને પ્રકૃતિ, અવતરણ કરી રહેલા પ્રભુનાં પૂર્ણશાસન અને સર્વવ્યાપી હાજરીને માટે પરિપક્વ અને લાયક ના બને ત્યાં સુધી એક સુદીર્ઘ અને મહાન ક્રાંતિ, અને અમૃત તથા વિષની ભેટ ધરતું જીવન–સમુદ્રનું મંથન ભોગવવાનું અનિવાર્ય રહેવાનું. પણ જો સમતા અને ચૈત્યસિક પ્રકાશ અને સંકલ્પ પણ આ ગાળા દરમિયાન હાજર હોય તો આ પ્રક્રિયા, અનિવાર્ય હોવા છતાં, ઘણી હળવી અને સહ્ય બનવાની; તેના અતિ ભયંકર ખતરા ટળવાના; રૂપાંતર માટેની બધી કસોટીઓ અને કષ્ટો દરમિયાન એક આંતરિક અચલતા, આનંદ અને આત્મવિશ્વાસ આપણા પગમાં જોર પૂરશે; અને પ્રકૃતિની પૂર્ણ સંમતિનો લાભ ઉઠાવી, નવોદિત પરમશક્તિ વિરોધી બળોનાં હલ્લાને ખૂબ જલદી હળવા અને નિઃશેષ કરશે. એક અચૂક માર્ગ-દર્શન અને સંરક્ષણ સતત હાજર રહેશે – કદીક હાજરાહજૂર, તો કદીક પડદા પાછળ– અને અંતે મળનાર સામર્થ્ય, સાધનાના આરંભથી માંડી તેના લાંબા વચગાળા દરમિયાન પણ આપણી સાથે જ રહેશે. કારણકે સાધકને પરમ દિવ્ય માર્ગદર્શક તથા સંરક્ષકની હાજરી તથા પરમ માતૃ–શક્તિના કાર્યનું સતત ભાન રહેશે; તે બરાબર જાણતો જ હશે કે જે કાંઈ બની રહ્યું છે તે ઉત્તમ જ છે, પ્રગતિ ચોક્કસ છે, વિજય અનિવાર્ય છે. ગમે તે બને પણ પ્રક્રિયા તો એક જ, અને અનિવાર્ય, રહેવાની. એ છે : સમગ્ર પ્રકૃતિ, સમગ્ર જીવન – આંતરિક અને બાહ્ય–, તેમને પકડમાં લઈ તેમની શક્તિઓને, એક ઊર્ધ્વ દિવ્ય જીવનના દબાણ નીચે ખુલ્લી કરવી, ઢંઢોળવી, પલટી નાખવી. અને જ્યાં સુધી અહીંની આ સર્વ ચીજો વિશાળ અને દિવ્ય શક્તિઓની પકડમાં પૂરેપૂરી ના આવે અને એક આધ્યાત્મિક કાર્ય અને

દિવ્ય હેતુનાં હથિયારરૂપ ના બને ત્યાં સુધી આ પ્રક્રિયા ચાલુ જ રહેવાની.

આ પ્રક્રિયા દરમિયાન, અને તે પણ તેની શરૂઆતમાં, આપણને સાફ સમજાઈ જાય છે કે આપણી જાત, એટલે કે અત્યારે આપણને જેનું ભાન છે તે આપણું અસ્તિત્વ એ તો એક બહુ જ મર્યાદિત વસ્તુ છે; આપણું સમગ્ર અસ્તિત્વ એ તો એક અતિ વિશાળ ભંડાર છે, પણ, સંતાડી રાખેલો, એ વિશાળ જથ્થાના પ્રતિનિધિ જેવી એક રચના, તેની એક ઉપરછલ્લી પ્રવૃત્તિ, તેનું એક પરિવર્તનશીલ પરિણામ એ જ માત્ર આપણી અત્યારની સભાન જાત. આપણે જે જોઈએ છીએ તે આપણી જિંદગી અને તેનાં કર્મો એ અર્થસૂચક ઉદ્‌ગારો સિવાય બીજું કાંઈ જ નથી; પણ તે જેને વ્યક્ત કરવા માગે છે તે પોતે કોઈ બાહ્ય જાત – કે જેને આપણે "આપણી જાત" માનીએ છીએ અને જે આ દુનિયામાં હરફરે છે – તેના કરતાં ઘણું વિશાળ છે. આ બાહ્ય અને સપાટી પરની જાત એ તો મનનાં બંધારણો, પ્રાણની હિલચાલો અને શરીરનાં કાર્યોનો એક સંભુમેળો છે; તેનું સંપૂર્ણ પૃથક્કરણ કરી તેનાં બધાં જ અંગો અને તંત્રોને જાણી લઈએ તોપણ પૂરેપૂરું રહસ્ય હાથ નહિ લાગે; જ્યારે આપણે પાછળના ભાગમાં નીચે અને ઉપર, એમ ત્રિવિધ રીતે, આપણી જાતના ગુપ્ત વિસ્તારોમાં ફરી વળીએ ત્યારે જ એ રહસ્ય હાથ લાગશે; આપણે બાહ્ય જાતની નખશીખ અને બારીક તપાસ ભલે કરીએ અને ભલે તેને ઉપરનીચે કરી નાખીએ પણ તેથી આપણને નહિ મળે જીવન, તેનો હેતુ, તેની પ્રવૃત્તિઓ એ બધાંની સાચી સમજ કે તેની ઉપર પૂરો, કાર્યસાધક કાબૂ; અને તેથી જ તો માણસજાતના જીવનને નાથવાના, મુક્ત કરવાના અને પરિપૂર્ણ કરવાના કામમાં બૌદ્ધિક, નૈતિક અને એવા બીજા સર્વ બાહ્ય ઉપાયો નિષ્ફળ નીવડ્યા છે. કારણકે આપણી તદ્દન અંધકારમય શારીરિક ચેતનાથી પણ નીચે આપણી એક અવચેતન જાત આવેલી છે; ધરતીની જેમ તેમાં પણ દરેક જાતનાં બીજ સંઘરાએલાં અને ઢંકાએલાં પડ્યાં હોય છે અને, આપણને અંધારામાં રાખીને, તેઓ ગમે ત્યારે બહાર ફૂટી નીકળે છે; વળી આપણે, ત્યાં બીજાં બીજ ચાલુ નાખ્યા જ કરતા હોઈએ છીએ, અને તેને પરિણામે આપણો ભૂતકાળ દીર્ઘજીવી બને છે અને ભવિષ્ય પર તેની અસર થાય છે. આ અવચેતન જાત હોય છે અંધકારમય, ક્ષુલ્લક ગતિવાળી, ધૂની, તરંગી અને લગભગ તર્કહીન; પણ પાર્થિવ જીવનમાં તેની અસર અજબ હોય છે. તો વળી, આપણાં મન, પ્રાણ અને સચેતન શરીરની પાછળના પ્રદેશમાં આવેલ છે પ્રચ્છન્ન ચેતના, પડદા પાછળની ચેતના; ત્યાં આવેલ છે આંતર-મનના, આંતર-પ્રાણના અને

આંતર-સૂક્ષ્મ-શરીરના વિસ્તારો; આ બધાંને આધાર આપે છે ચૈત્ય પુરુષ (કે જે બીજા સર્વ ભાગોને પણ જોડી રાખનાર આત્મા છે); આ બધા સંતાડેલા વિસ્તારોમાં પણ પહેલેથી જ હયાત એવાં અનેક વ્યક્તિત્વનો સમુદાય પડેલો છે; અને આપણા વિકસી રહેલા બાહ્ય અસ્તિત્વને જરૂરી પદાર્થો, પ્રેરક બળો અને આવેગો ત્યાંથી જ મળે છે. આપણા દરેકમાં કેન્દ્રીય વ્યક્તિત્વ એક જ હોવા છતાં બીજાં એવાં અનેક ઉપવ્યક્તિત્વો હોય છે કે જે, આ કેન્દ્રીય વ્યક્તિત્વના ભૂતકાળના આવિર્ભાવો વખતે રચાયાં હોય છે અથવા તો તેની આ વખતની આ ભૌતિક વિશ્વમાંની લીલા દરમિયાન તેણે આંતરિક સ્તરો પર જે કાંઈ વ્યક્ત કર્યું હોય તેને પરિણામે પણ તેમની રચના થઈ હોય. આપણા સપાટી પરના જીવનમાં આપણે દુનિયાથી અલગ પડી ગએલા હોઈએ છીએ; દુનિયા સાથેનો આપણો સંપર્ક હોય છે માત્ર બાહ્ય મન અને ઇન્દ્રિયો દ્વારા; તેમની દ્વારા આપણી અને દુનિયા સાથે થતો વિનિમય પણ નહિવત્ જ હોય છે. પણ આ આંતરિક પ્રદેશમાં તો આપણી અને અન્ય અસ્તિત્વની વચ્ચેનો અંતરપટ બહુ જ બારીક, અને તે પણ તકલાદી હોય છે. ત્યાં પરિણામો પરથી અનુમાનો કરીને જ નહિ પણ પ્રત્યક્ષ અનુભૂતિ દ્વારા, વિશ્વ અને વ્યક્તિના અસ્તિત્વને રચતી, વિશ્વ-શક્તિઓનાં, મન-શક્તિઓનાં, પ્રાણ-શક્તિઓનાં, તથા સૂક્ષ્મ-શરીર-શક્તિઓનાં કાર્યનો સીધો જ અનુભવ કરી શકાય છે; અને જો આપણે આપણી જાતને જરૂરી તાલીમ આપીએ તો આપણી ઉપર કે આજુબાજુ, પોતાના પ્રવાહો પાથરતી આ વિશ્વ-શક્તિઓને આપણે હાથમાં લઈ શકીએ છીએ અથવા, આપણી અને બીજાઓની ઉપર થતાં તેનાં કાર્ય, તેની રચનાઓ અને તેની હિલચાલને સારી પેઠે કાબૂમાં તો જરૂર રાખી શકીએ છીએ. તો વળી ત્રીજી બાજુએ, આપણા માનવમનથી ઉપર હજી ય વધારે મોટા એવા વિસ્તારો પડેલા છે કે જે આપણા મનની ચેતનાથી પર છે; આ વિસ્તારોમાંથી ગુપ્ત રીતે એવાં પરિબળો, શક્તિઓ, સંપર્કો નીચે ઊતરી આવે છે કે જેના હાથમાં આપણી અહીંની વસ્તુસ્થિતિનું ઘડતરકાર્ય રહેલું છે; આ બધાંને જો પૂરેપૂરાં નીચે ઉતારી લાવી શકાય તો આ ભૌતિક વિશ્વ પરનાં જીવનનાં આખાં જ બંધારણ અને વ્યવહારનું સમૂળગું પરિવર્તન કરી શકાય. પૂર્ણયોગમાં આપણે જ્યારે આપણી જાત દિવ્ય મહાશક્તિની સમક્ષ ખુલ્લી કરીએ છીએ ત્યારે તે પોતાની ક્રિયા દ્વારા આ બધી ગુપ્ત અનુભૂતિઓ અને જ્ઞાન આપણી સમક્ષ ક્રમે ક્રમે છતાં કરે છે અને આપણી સમગ્ર જાત અને પ્રકૃતિનાં રૂપાંતર માટે તેમનાં પરિણામોને સાધન કે પગથિયાં તરીકે કામમાં લે છે. તે

પછી આપણું જીવન સપાટી ઉપર અફળાતા નાના સરખા મોજા જેવું નથી રહેતું પણ સમગ્ર વિશ્વના જીવનનું, સહભાગી નહિ તોપણ, સહકારી તો જરૂર બની જાય છે. આપણો આત્મા ઊંચે ચડી પરમાત્મા સાથે તદ્રૂપ થાય છે એટલું જ નહિ પણ, વિશ્વ-કાર્ય પ્રત્યે સજાગ રહેવા સાથે તથા તેમાં આગળ પડતો ભાગ લેવા સાથે, પરાત્પરનો પણ સ્પર્શ મેળવવા સુધી ઊંચે ચડે છે.

યોગની દિવ્ય શક્તિ, આ પ્રમાણે, આપણી વિભક્ત જાતમાંથી એક સળંગ એકમ બનાવીને પોતાના ધ્યેયને આગળ ધપાવે છે, કારણકે મુક્તિ, પરિપૂર્ણતા, પ્રભુતા એ બધાંનો આ એકીકરણ પર આધાર છે; સપાટી પરના એક નાના તરંગનો, પોતાની ગતિ ઉપર કાંઈ કાબૂ નથી હોતો, તો પછી તેની આજુબાજુના વિશાળ જીવન-સમુદ્ર પર તો તેનો સાચો કાબૂ કેવી રીતે હોઈ શકે? પરમ શક્તિ, અનંત અને શાશ્વત પ્રભુની શક્તિ આપણી અંદર ઊતરી આવે છે, કાર્ય કરે છે, આપણાં હાલનાં માનસિક ચણતરો તોડી પાડે છે, દરેક દીવાલ ધૂળ ભેગી કરે છે, આપણને વિશાળતા આપે છે, મુક્ત કરે છે; આપણને દર્શન, ખ્યાલ અને સમજની તેમ જ પ્રાણનાં પ્રેરક બળોની નવી વિશાળ શક્તિઓ સતત આપ્યા કરે છે. આપણા આત્મા અને તેનાં કરણોને વિશાળ કરવાનું તથા નવા ઘાટ આપવાનું કાર્ય વધારે ને વધારે કર્યે જાય છે; આપણી દરેક અપૂર્ણતાને પકડમાં લઈ દૂર કરવા આપણી સમક્ષ રજૂ કરે છે; વિશાળ પરિપૂર્ણતાઓના દરવાજા ખોલી આપે છે; ટૂંકા ગાળામાં અનેક જિંદગીઓનું, કે યુગોનું, કાર્ય કરી આપે છે કે જેથી કરીને આપણી અંદર નૂતન જન્મો અને નૂતન પ્રદેશો સતત ખુલતા જ રહે. વિશાળતા એ એનું કાર્ય હોવાથી આપણી ચેતનાને શરીરનાં બંધનમાંથી છૂટી કરી આપે છે; તેથી, સમાધિ, નિદ્રા કે ખુદ જાગ્રત અવસ્થામાં પણ છે બીજી દુનિયાઓ, કે આ જ દુનિયાના અન્ય પ્રદેશોમાં પ્રવાસે જઈ શકે છે અને ત્યાં જઈ કાંઈ કાર્ય કરી શકે છે, કે ત્યાંની અનુભૂતિઓને અહીં પાછી આણી શકે છે. આપણી ચેતના, ફેલાતી જાય છે અને શરીરને પોતાના એક નાનાશા ભાગ તરીકે જ જુએ છે, અને આજ સુધી પોતે જેમાં સમાઈ રહેતી હતી એ શરીરને પોતાનામાં સમાવે છે; તે સમગ્ર વિશ્વની ચેતનાને પ્રાપ્ત કરે છે અને તેના જ જેટલી વિશાળ બને છે. દુનિયામાં વિચરી રહેલાં બળોને તે અંદરથી, અને સીધેસીધાં જ, જાણવાનું શરૂ કરે છે – માત્ર બાહ્ય દૃષ્ટિ અને સંપર્ક દ્વારા જ નહિ–; તેમના પ્રવાહોને પારખે છે, તેમનાં કાર્યોને અલગ તારવી કાઢે છે

અને, કોઈ વૈજ્ઞાનિક જેમ ભૌતિક બળોની ઉપર કાર્ય કરે છે તેમ, તેમની ઉપર સીધું જ કાર્ય કરી શકે છે; તેમનાં કાર્યો અને પરિણામોનો આપણાં મન, પ્રાણ અને શરીરમાં સ્વીકાર કે અસ્વીકાર કરી શકે છે; અને તેમને સુધારી બદલી, નવા ઘાટ આપી પ્રકૃતિનાં જૂનાં, નાનાં કાર્યોની જગ્યાએ નવી પ્રચંડ શક્તિઓ અને પ્રવાહો સર્જી શકે છે. વિશ્વવ્યાપી મનની શક્તિ જે કાર્ય કરી રહી છે તે આપણને દેખાવા માંડે છે અને આપણા વિચારો, તે કાર્યનાં પરિણામે, કેવી રીતે સર્જાય છે તે આપણે જાણી શકીએ છીએ; આપણી સાચી અને ખોટી સમજને આંતરિક રીતે અલગ પાડી શકીએ છીએ; તેને વિસ્તારી શકીએ છીએ, તેની અર્થ–સૂચકતાને વધારે વ્યાપક કે ઉજ્જ્વલ કરી શકીએ છીએ; આપણાં મન અને કાર્ય પર પ્રભુતા મેળવીએ છીએ અને આપણી આજુબાજુની દુનિયાના માનસિક પ્રવાહોને આકાર આપવા શક્તિમાન અને સક્રિય થઈએ છીએ. આપણે વિશ્વવ્યાપી પ્રાણની શક્તિના પ્રવાહો અને તરંગો પકડવા માંડીએ છીએ; આપણી લાગણીઓ, ઊર્મિઓ, સંવેદનો, આવેગોનાં મૂળ અને નિયમો શોધી શકીએ છીએ; તેમનો સ્વીકાર કે અસ્વીકાર કરવા કે તેમની નવરચના કરવા તેમ જ પ્રાણશક્તિનાં વધારે ઊંચાં સ્તરો પર પહોંચવાની સ્વતંત્રતા પ્રાપ્ત કરીએ છીએ. વળી આપણને જડ તત્ત્વના કોયડાની ચાવી પણ હાથ લાગવા માંડે છે; તેની ઉપર મન, પ્રાણ અને ચેતનાના પ્રવાહોનાં થતાં કાર્યો પકડાય છે; તે તેમના એક કરણ તરીકે કાર્ય કરતું હોય છે કે માત્ર તેમની એક અસર જ હોય છે તે સ્પષ્ટ થાય છે; છેવટે એ મૂળ ભેદ પણ ખૂલી જાય છે કે જડ તત્ત્વ એ માત્ર શક્તિનું જ એક સ્વરૂપ નથી પણ તેમાં સુષુપ્ત અને કેદી તરીકે પકડાએલી, કે કાચી-પાકી સ્થપાએલી અને મર્યાદિત, ચેતનાનું પણ એ એક સ્વરૂપ છે; વળી તેની મુક્તિની તેમ જ ઉચ્ચ શક્તિઓને તેના સાનુકૂળ પ્રત્યુત્તરની સંભાવના પણ આપણને દેખાવા માંડે છે; તેનાથી આગળ વધીને, તે આત્મતત્ત્વનું, આજે છે તેવું મોટા ભાગનું અચેતન નહિ પણ, સચેતન મૂર્ત સ્વરૂપ અને અભિવ્યક્તિ બની શકે તેમ છે તે પણ સમજાય છે. આપણી અંધ ચેતનાના વિરોધ અને માથાકૂટની સામે થઈને તથા અર્ધ સચેતન પદાર્થનું પૂર્ણ સચેતન પદાર્થમાં રૂપાંતર કરવા જતાં જે સંગ્રામ ખેલવો પડે તથા પ્રગતિ-અધોગતિ – ફરી પ્રગતિની જે હારમાળા વટાવવી પડે તે સર્વમાંથી પસાર થઈને પણ દિવ્ય શક્તિનું કાર્ય આપણી અંદર વધતું જ જાય છે, તથા વધારે ને વધારે મહાન વિશુદ્ધિ, સત્ય, ઉચ્ચતા અને વિશાળતાઓ તરફ આગળ વધ્યે જ જાય છે; અને તેની સાથે ઉપરની બધી જ અને એનાથી

પણ વધારે પ્રાપ્તિઓ મળવાની શકયતા વધતી જાય છે. અને તેનો બધો આધાર રહે છે આપણી અંદરની ચૈત્યસિક જાગ્રતિ ઉપર તથા મહાશક્તિને મળીતા આપણા પ્રત્યુત્તર ઉપર તેમ જ વધતાં જતાં આપણાં સમર્પણ ઉપર.

આ બધી વાત તો થઈ માત્ર આપણા આંતર-જીવનની અને તેનાથી બાહ્ય કર્મોમાં વધનારી મહાન શકયતાઓની – પૂર્ણ રૂપાંતરની નહિ –; આપણો યજ્ઞ જ્યારે ઊંચામાં ઊંચી ઊંચાઈ સુધી આરોહણ કરે અને દિવ્ય, અતિમાનસિક વિજ્ઞાનનાં સામર્થ્ય, પ્રકાશ અને આનંદને પ્રાપ્ત કરી જીવન ઉપર કાર્ય કરે ત્યારે જ પૂર્ણ રૂપાંતર શકય બને. કારણકે આજે જે શક્તિઓ આપણાં જીવન અને કાર્યો દ્વારા અપૂર્ણ રીતે વ્યક્ત થાય છે તે ત્યારે જ પહોંચી શકે છે તેમની મૂળ એકતા તથા સંવાદને, તેમના એકમાત્ર સત્યને, સાચી નિરપેક્ષતાને તથા પૂરેપૂરા ગૂઢાર્થને. ત્યાં જ્ઞાન અને સંકલ્પ એક હોય છે, પ્રેમ અને શક્તિનો પ્રવાહ એકમેકમાં ભળેલો હોય છે; આપણને અત્યારે સતાવતાં દ્વંદ્વો અને વિરોધો ત્યાં તેમની સંવાદી એકતામાં ભળી જાય છે: શુભ નિરપેક્ષ બની જાય છે અને અશુભ ભૂલોથી મુક્ત બની, પોતાથી જ ઢંકાઈ રહેલાં શુભમાં ભળી જાય છે; પાપ અને પુણ્ય દિવ્ય વિશુદ્ધિમાં અને એક અચૂક સત્ય-પ્રવાહમાં લય પામે છે; ઝાંઝવાનાં જળ જેવું સુખ, સનાતન અને સુખભરી આધ્યાત્મિક નિશ્ચલતાના વહેણ-રૂપ પરમાનંદમાં સમાઈ જાય છે તો, દુઃખને, અચિત્‌ની વિકૃત અને અશક્ત સંકલ્પ–શક્તિને લીધે પરમાનંદનો જે સ્પર્શ નહોતો મળતો તે હવે, પોતાના વિસર્જનથી મળે છે. આજ સુધી આ બધી વસ્તુઓ મનને માટે હવાઈ કિલ્લા જેવી કે ભેદભરી હતી, પણ આપણી ચેતના જેમ જેમ મર્યાદિત, શરીર-બદ્ધ, ભૌતિક મનમાંથી બહાર નીકળી બુદ્ધિથી પરના ઊર્ધ્વ પ્રદેશોની મુક્તિ અને પરિપૂર્ણતામાં ઊંચે ચડે છે તેમ તેમ તેને એ દીવા જેવી સ્પષ્ટ દેખાય છે અને તેની અનુભૂતિ શકય બને છે; પણ તે પૂરેપૂરી સાચી અને સ્થાપિત, તો ત્યારે જ બને કે જ્યારે અતિમનસ પોતે પ્રકૃતિનો ધર્મ બની જાય.

અને તેથી, જ્યારે આ આરોહણ સિદ્ધ થાય અને ઉચ્ચતમ પ્રદેશોના સર્વ પ્રવાહો પૃથ્વીની ચેતનામાં છૂટા મૂકવાનું શકય બને, ત્યારે જ જીવનની સાર્થકતા, તેનો ઉદ્ધાર તથા, બદલાઈ ગએલ પાર્થિવ પ્રકૃતિમાં એક દિવ્ય જીવન તરીકે તેનું રૂપાંતર શકય બનશે.

* * *

જો પૂર્ણયોગનો આપણો ખ્યાલ આવો હોય, તેની શરતો આવી હોય,

તે આવી આધ્યાત્મિક પદ્ધતિથી આગળ વધતો હોય અને પ્રકૃતિના આવા પૂર્ણ રૂપાંતરનો રસ્તો સ્વીકારતો હોય તો જીવનની ચાલુ પ્રવૃત્તિઓ કેવી હોય અને સાધનામાં તેમનું શું સ્થાન હોય તે પ્રશ્નોનો જવાબ, તેમના આધારે, આપોઆપ જ નક્કી થાય છે.

પૂર્ણયોગમાં કર્મો અને જીવનનો સર્વથા ત્યાગ નથી જ, અને ના જ હોઈ શકે – સંન્યાસની રીતે કે ચિંતનની દૃષ્ટિએ કે ખુદ ગુહ્ય રીતે પણ નહિ–; કે નથી તલ્લીનતાભર્યાં ધ્યાન અને નિષ્ક્રિયતાનો કોઈ ઉપદેશ; પ્રાણ-શક્તિ અને તેની પ્રવૃત્તિઓનો કોઈ ત્યાગ કે અવગણના નથી; પાર્થિવ પ્રકૃતિની સૃષ્ટિનો કોઈ પરિત્યાગ ય નહિ. પોતાની જાતમાં પાછા હઠી જવાની કે અંતરમાં ડૂબકી મારવાની અથવા, જ્યાં સુધી અંતરમાં કોઈ એક જરૂરી ફેરફાર સ્થાપિત ના થાય અથવા, જેના વિના જીવન ઉપર અસર-કારક કાર્ય કરવાનું મુશ્કેલ કે અસંભવિત થઈ ગયું હોય એવી કોઈ બાબત સિદ્ધ ના થાય, ત્યાં સુધી અજ્ઞાનભર્યાં જીવનની ધમાલ અને ઘોંઘાટને બહાર ધકેલી દેવાની ગમે ત્યારે પણ સાધકને જરૂર પડે પણ ખરી. પણ આ તો એક વચગાળાની ઉપ-સાધના, એક કામચલાઉ જરૂરિયાત કે પૂર્વ-તૈયારીરૂપ આધ્યાત્મિક વ્યૂહ માત્ર જ હોઈ શકે; તે તેની સાધનાનો મુખ્ય નિયમ કે સિદ્ધાંત તો નહિ જ નહિ.

એ જ પ્રમાણે, માનવીય પ્રવૃત્તિઓના ધાર્મિક, નૈતિક, કે તેમના સંયુક્ત પાયા ઉપર ભાગલા પાડવા અથવા માત્ર પૂજા કે આરાધનાનાં જ કર્મોનો કે માત્ર પરોપકાર કે દયાભાવનાનાં જ કર્મોનો સ્વીકાર કરવો એ પણ પૂર્ણયોગની ભાવનાથી વિરુદ્ધ છે. કોઈ માત્ર માનસિક નિયમ કે માન-સિક પાયા પરનો સ્વીકાર કે અસ્વીકાર એ પણ એની સાધના–પદ્ધતિ કે હેતુ સાથે અસંગત છે. સર્વ કાંઈને આધ્યાત્મિકતા સુધી ઊંચે ચડાવવાનું છે અને તેના જ પાયા પર સ્થાપિત કરવાનું છે; સમગ્ર જીવન ઉપર – તેના અમુક ભાગ માત્ર પર નહિ – અંતરમાં સ્થપાએલ એક આધ્યાત્મિક પરિ-વર્તનને, અને એક બાહ્ય રૂપાંતરને બરાબર લાગુ પાડવાનું જ છે; જે કાંઈ આ પલટામાં મદદરૂપ થઈ પડે કે તેનો સ્વીકાર કરે તે સર્વને આવકારવાનું છે અને રૂપાંતરની આ પ્રક્રિયા માટે જે કાંઈ ના–લાયક કે વિરોધી હોય તે સર્વને છોડી દેવાનું છે. કોઈ પણ જાતની પરિસ્થિતિ કે જીવન માટે કે અમુક વસ્તુઓ કે પ્રવૃત્તિઓ માટે આસક્તિ ના હોવી જોઈએ; જરૂર પડે તો સર્વ કાંઈ છોડી દેવાનું છે, તો, દિવ્ય જીવનના ભાગ તરીકે પ્રભુ જે કાંઈ પસંદ કરે તેને સ્વીકારી લેવાનું છે, પણ આ સ્વીકાર કે અસ્વીકાર નક્કી

કરનાર ના હોઈ શકે મન, કે છૂપી કે છતી પ્રાણની ઇચ્છા, કે નૈતિક ભાન; પણ એ નક્કી થશે ચૈત્ય પુરુષના આગ્રહથી, યોગના દિવ્ય માર્ગદર્શકની આજ્ઞાથી, ઊર્ધ્વમાં રહેલ આત્મા કે પરમાત્માની દૃષ્ટિથી, પ્રભુની પ્રોજ્જ્વલ પ્રેરણાથી. આધ્યાત્મિક રાહ એ કોઈ માનસિક માર્ગ નથી; કોઈ માનસિક નિયમ કે માનસિક ચેતના એ ના હોઈ શકે આધ્યાત્મિકતાનો નિર્ણાયક કે નેતા.

વળી, આધ્યાત્મિક અને માનસિક, કે આધ્યાત્મિક અને પ્રાણની ચેતનાનાં સંમિશ્રણ કે સમાધાન અથવા બહારથી વણબદલ્યા જીવનનું આંતરિક ઊર્ધ્વીકરણ એ પણ પૂર્ણયોગનો સિદ્ધાંત કે હેતુ ના બની શકે. જીવન સમગ્રનો સ્વીકાર ખરો પણ જીવન સમગ્રનું રૂપાંતર તો અનિવાર્ય; સર્વ કાંઈને અતિમાનસિક પ્રકૃતિમાં વસતી આધ્યાત્મિક જાતનો એક ભાગ, એક આકાર, એક સંતોષકારક અભિવ્યક્તિ બનાવવાનાં છે. આ જ છે ભૌતિક જગતમાં આધ્યાત્મિક ઉત્ક્રાંતિની ઉચ્ચ અને શિખરરૂપ પ્રક્રિયા, અને જેમ, પ્રાણમય પશુમાંથી બુદ્ધિશાળી માણસ હયાતીમાં આવતાં જીવન સમૂળગું બદલાઈ ગયું તેની મૂળગત ચેતના, ક્ષેત્ર અને અર્થ બદલાઈ ગયાં તે જ પ્રમાણે મનોમય બનેલ ભૌતિક માણસજાતમાંથી જડ તત્ત્વને કામમાં લેતી પણ તેને આધીન નહિ એવી આધ્યાત્મિક અને અતિમાનસિક જાતિ હયાતીમાં આવતાં જીવનનો તેમાં સ્વીકાર થવો જ જોઈએ અને તેના અત્યારના ખામીવાળા, અધૂરા, મર્યાદિત સ્વરૂપને બદલે બદલાએલી મૂળગત ચેતના, ક્ષેત્ર અને અર્થવાળું એક સમૂળગું નવું સ્વરૂપ હયાતીમાં આવવું જ જોઈએ. હાલનાં જીવનનાં જે જે રૂઢ સ્વરૂપો આ પરિવર્તનને ઝીલવા સમર્થ નહિ બને તેમણે વિદાય લેવી જ પડશે; જે સમર્થ હશે તે ટકશે અને પરમાત્માની પુણ્ય-ભૂમિમાં પ્રવેશ પામશે. એક દિવ્ય મહાશક્તિ કામ કરી રહી છે; શું કરવાનું છે કે શું નથી કરવાનું, શેનો કામચલાઉ અને શેનો કાયમી સ્વીકાર કરવાનો છે, કે શેને જરા બાજુ પર રાખવાનું છે અને શેને કાયમ માટે ફેંકી દેવાનું છે તે, તે પળે પળે નક્કી કરી રહી છે. જો આપણે આપણી ઇચ્છાઓ કે અહમને તેને બદલે, કામે ના લગાડીએ (અને તે માટે આત્માએ સતત જાગ્રત અને તત્પર રહેવાનું છે, દિવ્ય દોરવણીને પ્રત્યુત્તર આપતા રહેવાનો છે અને અંદર કે બહારથી આવતી અવળી દોરવણીનો મક્કમ અસ્વીકાર કરતા રહેવાનો છે), તો આ મહાશક્તિ પૂરતી છે, એકલી હોવા છતાં સર્વશક્તિમાન છે, અને એવાં એવાં સાધનો દ્વારા અને એવા એવા રસ્તેથી આપણને સિદ્ધિના શિખરે પહોંચાડશે કે જેમની વિશાળતા, ઊંડાઈ, અદ્ભુતતા આપણા મનની સમજમાં પણ આવે તેમ નથી (તો પછી એ મન દોરી તો ક્યાંથી જ

શકે ?). રસ્તો છે તો મહેનતનો, મુશ્કેલીઓનો, અને ખતરાઓનો, પણ તેના સિવાય બીજો એક પણ રસ્તો છે જ નહિ.

મુશ્કેલીઓને હળવી કરવા માટે અને ખતરાઓનો સામનો કરવા માટે બે નિયમ પાળવાના છે. અહમ્‌માંથી, પ્રાણની ઇચ્છાઓમાંથી, માત્ર મન અને તેની અસમર્થ તર્ક–શક્તિમાંથી, કે અજ્ઞાનના આ દૂતોને તાબે થનાર બીજા શેમાંયથી જે કાંઈ સૂચનો આવે તેનો આપણે અસ્વીકાર કરવાનો જ છે. અંતરાત્માના અવાજનો, ગુરુની દોરવણીનો, પ્રભુના હુકમનો, દિવ્ય મહાશક્તિનાં કાર્યનો સ્વીકાર અને અનુસરણ કરવાનાં જ છે. દેહની ઇચ્છાઓ અને નિર્બળતાઓને, અજ્ઞાનથી ડહોળાએલા પ્રાણની વાસનાઓ અને કામનાઓને, શાંતિ–હીન અને ઊર્ધ્વ જ્ઞાનના પ્રકાશ વિનાના અંગત મનના હુકમોને જે કોઈ વળગી રહેશે તેને હાથ નહિ લાગે સાચો આંતરિક ધર્મ; અને પોતાની દિવ્ય કૃતાર્થતાના માર્ગમાં તે ઊભા કર્યા કરશે માત્ર અંતરાયો; જે કોઈ અંધકારના આ સાગરીતોને ઓળખી કાઢી તેમનો ત્યાગ કરી શકશે અને અંતરમાં તેમ જ આસપાસ વસતા સાચા માર્ગદર્શકને ખોળી કાઢી તેનું અનુસરણ કરી શકશે તેમને હાથ લાગશે આધ્યાત્મિક ધર્મ; અને તેઓ પ્રાપ્ત કરશે યોગનું પરમ ધ્યેય.

ચેતનાનું એક સમૂળું અને પૂર્ણ પરિવર્તન એ પૂર્ણયોગનો પૂર્ણ અર્થ તો છે જ પણ સાથે સાથે એ છે સદાય વૃદ્ધિ પામતા સામર્થ્યવાળી અને સતત વિકસ્યે જતી તેની સાધના–પદ્ધતિ.

## પ્રકરણ : ૭

# વ્યવહારનાં ધોરણો અને આધ્યાત્મિક સ્વતંત્રતા

યોગ-સાધનામાં સાધકે પોતાનાં બધાં જ કર્મોનો અને પોતાના વિકાસનો પાયો જે જ્ઞાનની ઉપર સ્થાપવાનો છે તે સમસ્ત જ્ઞાનની એક ગુરુ-ચાવી છે; એ છે : દિન-પ્રતિદિન ઘનિષ્ઠ બનતી જતી એકતાની દૃષ્ટિ, એક સર્વવ્યાપી એકતાનું જીવતું-જાગતું દર્શન. સમસ્ત વિશ્વ એક અવિભાજ્ય એકમ છે અને તેમાં વધતી જતી ચેતનાની સાથે સાથે સાધક પોતે પણ આગળ વધી રહ્યો હોય છે; તેનાં અંગત કર્મો અને તેનાં પરિણામો એ કાંઈ, કોઈ એક એકાકી, અને, વ્યક્તિના અહમ્-પ્રધાન સ્વતંત્ર સંકલ્પ માત્રથી નિશ્ચિત થયેલી કોઈ અલગ પ્રવૃત્તિ નથી હોતી, અને એવી લાગતી પણ નથી. આપણાં કર્મો એ એક અવિભાજ્ય વિશ્વવ્યાપી કર્મપ્રવાહનો ભાગ હોય છે; જે એક આખા એકમમાંથી તેમનો ઉદ્ભવ થાય છે તેમાં જ તેમને તેમની સાચી જગાએ ગોઠવી દેવામાં આવતાં હોય છે, અથવા તો, વધારે સાચી રીતે, તેઓ પોતે જ ગોઠવાઈ જતાં હોય છે; અને તેમનું પરિણામ એવાં પરિબળોના હાથમાં હોય છે કે જે આપણી પહોંચની બહાર હોય છે. વિશ્વ-વ્યાપી આખો જ કર્મપ્રવાહ અને તેની ખુદ નાની નાની વિગતો પણ વિશ્વમાં ક્રમે ક્રમે વ્યક્ત થઈ રહેલા પેલા "એકમેવ" પુરુષની એક અવિભાજ્ય હિલ-ચાલ જ હોય છે. માણસ જેમ જેમ પોતાની અંદર અને બહાર રહેલ આ "એકમેવ" પુરુષ અને પ્રકૃતિની ગતિમાં રહેલાં તેના પરિબળોની ગુહ્ય, ચમત્કારિક અને સૂચક પ્રક્રિયાઓ પ્રત્યે જાગ્રત થતો જાય છે તેમ તેમ તે પોતે પણ પોતાનામાં અને પદાર્થોમાં રહેલ સત્યને જાણતો જાય છે. વિશ્વ-વ્યાપી વહેણના જે એક નાનકડા ભાગને જ આપણે આપણી ઉપરછલ્લી ચેતનાથી જાણીએ છીએ એટલામાં જ, આપણી અને આપણી આજુબાજુના લોકોની મર્યાદામાં જ, કાંઈ આખી વિશ્વવ્યાપી કર્મધારા સમાઈ જતી નથી. એની નીચે, એના આધારરૂપ, એક એવું તો અતિ વિશાળ અસ્તિત્વ ફેલાએલું છે કે જે આપણી બુદ્ધિને માટે પડદા પાછળનું કે ચેતનાના પાયાથી પણ નીચેનું જણાય છે; વળી આપણા એ નાનાશા ચેતનભાગને આકર્ષી રહેલ

એક એવું અતિ વિશાળ ઊર્ધ્વ અસ્તિત્વ પણ છે કે જે આપણી પ્રકૃતિ માટે ચેતનાતીત છે. આપણને જેનું ભાન નથી એવી એક વિશ્વમયતામાંથી આપણી જાત ઉદ્ભવી છે; આપણાં કર્મો પણ તેમાંથી જ ઉદ્ભવતાં હોય છે; તેમાં આપણો ફાળો એટલો કે આપણે આપણી મનોવૃત્તિ, અંગત સમજ અને વિચારપૂર્વકના સંકલ્પ કે આવેગ કે ઇચ્છાઓનાં બળથી તેને આકાર આપીએ છીએ; પણ વસ્તુઓનું સાચું સત્ય, કર્મોનો સાચો નિયમ, આ અંગત અને માનવીય આકારોથી પર છે. વિશ્વવ્યાપી કાર્યપ્રવાહની અવિભાજ્ય સમગ્રતાને બાજુ પર રાખી લેવાએલા સઘળા મતો અને માનવીઘડ્યા નિયમો, ભલે બાહ્ય વ્યવહારમાં ગમે તેટલા કામ લાગતા હોય તોપણ આધ્યાત્મિક સત્યની નજરે તો એ બધા અધૂરા અને અજ્ઞાનભર્યા જ હોય છે.

આપણે આ બાબતોનો કાંઈક ખ્યાલ જરૂર મેળવી શકીએ; વળી, તેને એક માનસિક જ્ઞાન તરીકે આપણી ચેતનામાં સ્થિર કરવામાં તથા તેના પરિણામરૂપ આત્મ–નિષ્ઠા સ્થાપવામાં પણ સફળ થઈ શકીએ. છતાં ય આપણાં બાહ્ય–જીવન અને ચંચળ પ્રકૃતિમાં, આ વિશ્વગત દૃષ્ટિ–બિંદુ તથા આપણી અંગત માન્યતાઓ, આપણા અંગત સંકલ્પો, આપણી ઊર્મિઓ અને ઇચ્છાઓ એ એનો મેળ મેળવવાનું મુશ્કેલ થઈ પડે છે. આ વિશ્વવ્યાપી સળંગ પ્રવાહ જાણે કે એક બિન–અંગત પદાર્થનો જથ્થો હોય અને એક વ્યક્તિ તરીકે, એક "હું" તરીકે તેમાંથી આપણે આપણી ઇચ્છા મુજબ અને માનસિક તરંગ પ્રમાણે, તથા આપણી મથામણ અને પ્રયત્નના જોરે, કંઈક કોરી કાઢવાનું હોય એમ જ વર્તવું પડે છે. પરિસ્થિતિની બાબતમાં આ જ હોય છે માણસની સામાન્ય નીતિ. હકીકતમાં તો એ ખોટી જ છે, કારણકે આપણો અહમ્ અને તેની સંકલ્પશક્તિ એ તો વૈશ્વિક શક્તિઓનાં સર્જન અને રમકડાં છે; અને આપણે જ્યારે અહમમાંથી પાછા હઠી જઈ, એ રમકડાંમાં કામ કરી રહેલ સનાતન પુરુષના પરમ જ્ઞાનસંકલ્પની ચેતનામાં પહોંચી જઈએ ત્યારે જ આપણે ઊર્ધ્વના એક જાતના પ્રતિનિધિ તરીકે એ રમકડાંના માલિક બની શકીએ છીએ. છતાં પણ, જ્યાં સુધી માણસ પોતાના વ્યક્તિત્વને વળગી રહ્યો હોય છે અને તેને પૂરેપૂરું વિકસાવી શક્યો નથી હોતો ત્યાં સુધી તો આ અંગતતાવાળી નીતિ યોગ્ય જ છે; કારણકે આ જાતના દૃષ્ટિ-બિંદુ અને પ્રેરક બળ વિના એ પોતાના અહમ્–પ્રદેશમાં આગળ વધી ના શકે, અવચેતન કે અર્ધ–ચેતનવાળા વિશ્વ–અસ્તિત્વના જથ્થામાંથી પોતાની જાતને પૂરતી વિકસાવી ના શકે કે અલગ તારવી ના શકે.

જ્યારે અહમ્‌ની આ અલગતા-પ્રિય, વ્યક્તિત્વ-પ્રધાન અને લડવૈયાશી ભાવનાની, વિકાસના એક સાધન તરીકેની જરૂરિયાત પૂરી થઈ જાય છે, જ્યારે એક બાલાત્મા માટે જરૂરી એવી આ લઘુતામાંથી બહાર નીકળી આપણે એકતા અને વિશ્વવ્યાપકતા તરફ, વૈશ્વિક-ચેતના તરફ અને તેનાથી ય આગળ આપણા પરાત્પર આત્મ-વિસ્તાર તરફ આગળ વધવાનું આવે છે ત્યારે, આપણી સમગ્ર જાતની રહેણી-કરણી પર પથરાએલ આ અહમ્-ભાવનાની પકડને ફેંકી દેવાનું મુશ્કેલ થઈ પડે છે. માત્ર આપણી વિચારસરણીમાં જ નહિ પણ આપણી લાગણીઓ, અનુભવો અને કર્મોની રીતમાં પણ જે વાતનો બહુ જ સ્પષ્ટ સ્વીકાર કરવાનું અનિવાર્ય છે તે એ કે આ પ્રવાહ, આ વિશ્વવ્યાપી કર્મ-પ્રવાહ એ અસ્તિત્વનો કોઈ એક એવો નિરાધાર, સાર્વજનિક તરંગ નથી કે જેમાંથી કોઈ પણ અહમ્ પોતાની તાકાત અને ઠ્યાણના જોરે ધારે તેટલો ભાગ પડાવી લઈ શકે. એ તો છે પોતાના પટાંગણને પૂરું જાણનાર એક વૈશ્વિક પુરુષની પ્રવૃત્તિ, સતત વધ્યે જતી પોતાની કાર્યશક્તિના પૂર્ણ સત્તાધારી પ્રભુની પદ-યાત્રા. જેમ એ કર્મ-પ્રવાહ એક અને અવિભાજ્ય છે તેમ એ કર્મ-પ્રવાહમાં વસી બેઠેલો એ પોતે પણ છે એક, અદ્વિતીય અને અવિભાજ્ય. બધાં જ પરિણામોનો નિર્ણાયક તો એ છે જ, પણ સર્વ કાંઈનાં મૂળ, ગતિ અને પ્રગતિ પણ તેની જ વૈશ્વિક શક્તિના પ્રવાહ પર નિર્ભર છે; પોતાનાં સર્જેલાં રમકડાંનાં હાથમાં તો તે પછીથી આવે છે અને તે પણ માત્ર સાકાર થવા.

પણ તો પછી અંગત કામ કરનારનું, આધ્યાત્મિક દૃષ્ટિએ સ્થાન શું? આ સક્રિય પ્રકૃતિના પ્રદેશમાં પેલા વિશ્વવ્યાપી પુરુષ અને તેના સળંગ કાર્ય-પ્રવાહમાં તેનું સાચું સ્થાન શું? તેનું સ્થાન છે એક કેન્દ્ર તરીકેનું, સળંગ વ્યક્તિ-રૂપ ચેતનામાં ભેદભાવના કેન્દ્ર તરીકેનું, એક સળંગ કાર્યપ્રવાહમાં નિશ્ચિતતાના કેન્દ્ર તરીકેનું; તેની અંગત-તાનું કામ એ કે પેલા વિશ્વવ્યાપી પુરુષનું, પરાત્પરનું, સનાતનનું એક સતત મોજૂદ વ્યક્તિ-સ્વરૂપમાં પ્રતિબિંબ પાડવું. અજ્ઞાનના પ્રદેશમાં આ પ્રતિબિંબ હમેશાં ભાગ્યું-તૂટ્યું અને કુરૂપ થઈ જાય છે કારણકે એક તરંગની કલગીશી આપણી જાગ્રત સચેતન જાત દિવ્ય આત્માના માત્ર એક અધકચરા અને જૂઠા સામ્યનું જ પ્રતિબિંબ દેખાડે છે. આપણા બધા અભિપ્રાયો, ધોરણો, નિયમો, સિદ્ધાંતો એ બીજું કાંઈ નહિ પણ માત્ર યત્નો છે,— પ્રભુ છેક છેવટે પોતાનું જે સ્વરૂપ છતું કરવાનો છે તેને માટેની એક વિશ્વવ્યાપી, અને ક્રમે ક્રમે આગળ વધી રહેલી, સળંગ કર્મ-ધારાના એકાદ ટુકડાને આ ભાંગ્યા-તૂટ્યા અરીસામાં દેખાડવાના,

અને વિકૃત કરવાના યત્નો. આપણું મન એનું જ પ્રતિબિંબ પાડે છે-અને તે પણ સારામાં સારી રીતે-તોપણ એ હોય છે માત્ર એક અડસટ્ટો: આપણા વિચારો જેમ જેમ વિશાળ, ઉજ્જ્વલ અને સમર્થ થતા જાય તેમ તેમ આ અડસટ્ટો સુધરતો જાય છે; પણ તો ય રહે છે તો હમેશાં અડસટ્ટો જ,- એક ટુકડાનું પણ અસલી સ્વરૂપ તો નહિ જ. પ્રભુની પરમ ઇચ્છા યુગોના યુગોથી પોતાનાં દિવ્ય રહસ્ય અને અનંતતાનાં છૂપાં સત્યનો કોઈક અંશ, માત્ર વિશ્વના એકમમાં જ કે જીવંત અને ચિંતક સૃષ્ટિની સમષ્ટિમાં જ નહિ પણ દરેકેદરેક વ્યક્તિના આત્મામાં પણ ક્રમે ક્રમે છતી કરી રહી છે. અને તેથી જ સમગ્ર વિશ્વમાં, સમષ્ટિમાં અને વ્યક્તિમાં ઊંડે ઊંડે રોપાએલાં પડ્યાં છે પોતાની પરિપૂર્ણતા માટેનાં એક સહજ જ્ઞાન કે માન્યતા, પદાર્થ માત્રનાં છૂપાં સત્ય તરફ સતત વધ્યે જતા (અને વધારે પરિપૂર્ણ તથા વધારે સુસંગત થયે જતા) આત્મવિકાસ માટેની એક સતત પ્રેરણા. આ જ યત્ન માણસના રચનાશીલ માનસ આગળ જ્ઞાન, લાગણી, ચારિત્ર્ય, સૌંદર્યભાવના અને કર્મનાં ધોરણો તરીકે રજૂ થાય છે અને માણસ આ નિયમો, આદર્શો, ધોરણો કે કાયદાઓને સર્વ-સામાન્ય ધર્મનું સ્વરૂપ આપવાનો યત્ન કરે છે.

* * *

જો આપણને આધ્યાત્મિક સ્વતંત્રતા જોઈતી હોય, એટલે કે પરમ સત્ય સિવાય બીજા શેનું ય બંધન સ્વીકારવા માગતા ના હોઈએ તો આપણે એ ખ્યાલ તો છોડી જ દેવો પડે કે આપણા માનસિક કે નૈતિક નિયમો અનંત-પ્રભુને પણ બંધનકર્તા છે અથવા તો આપણાં હાલનાં સર્વોચ્ચ નૈતિક ધોરણોમાં કાંઈક અનુલ્લંઘનીય, નિરપેક્ષ કે સનાતન વસ્તુ છે જ. જરૂર જણાય ત્યાં સુધી, વધારે ને વધારે ઊંચાં અને તાત્કાલિક ધોરણો રચતા જવાં એ, જરૂર, પૃથ્વી પર વિકાસ પામતા પ્રભુની સેવા છે, પણ કોઈ કાયમી ધોરણને પાકે પાયે જડી દેવું એ આગળ વધી રહેલી સનાતન નદીના પ્રવાહમાં આડ બાંધવાના પ્રયત્ન જેવું છે. પ્રકૃતિનાં બંધનમાં પડેલા આત્માને એક વાર આ સત્ય મળી જાય એટલે એ શુભ-અશુભનાં દ્વૈતમાંથી મુક્ત બને છે. કારણકે શુભ એટલે તો દિવ્ય પૂર્ણતા પ્રત્યે આગળ વધવામાં વ્યક્તિ અને દુનિયાને જે કાંઈ સહાયરૂપ થાય તે; અને એ વિકસતી પૂર્ણતાને જે કાંઈ રોકે કે તોડે તે અશુભ; પણ પૂર્ણતા તો કાળના પ્રવાહમાં વિકસ્યે જતી વિકાસવાદી વસ્તુ છે; તેથી શુભ અને અશુભ પણ પોતાનાં પ્રમાણ બદલ્યા કરે છે, જમાને જમાને પોતાનો અર્થ અને ઝોક બદલ્યા કરે છે. જે વસ્તુ આજે અશુભ, અને આજનાં સ્વરૂપે વર્જ્ય છે તે એક કાળે વ્યક્તિ અને સમાજને

માટે સહાયરૂપ અને જરૂરી હતી. વળી બીજી કોઈ બાબત આજે આપણને અશુભ લાગતી હોય તે કોઈક નવા સ્વરૂપે અને નવી વ્યવસ્થામાં ભાવિ પૂર્ણતાનો ભાગ પણ બની જાય. અને આધ્યાત્મિક કક્ષાએ તો આપણે આ ભેદને પોતાને જ વટાવી જઈએ છીએ, કારણકે શુભ અને અશુભ કહેવાની આ બાબતોનો હેતુ, અને દિવ્યતામાં તેમનો ઉપયોગ, આપણને ત્યાં જાણવા મળે છે. ત્યારે એ બધામાં રહેલ અ-સત્યને આપણે છોડવું જ પડે છે—અશુભમાં રહેલ વિકૃત, અજ્ઞાનભરી અને અંધ બાબતો તો ખરી જ પણ શુભમાં રહેલી ય. કારણકે ત્યારે આપણે માત્ર સત્ય અને દિવ્ય બાબતો જ સ્વીકારવાની હોય છે; સનાતન કાર્ય-પ્રવાહમાં બીજા કોઈ ભેદ પાડવાના નથી હોતા.

જે લોકો કોઈ એક અનુલ્લંઘનીય ધોરણથી જ વર્તતા હોય, જે લોકોને માત્ર માનવ-સત્યોની જ કિંમત હોય – દિવ્યની નહિ, તેમને તો ઉપરનું સત્ય એક એવો ખતરનાક પરવાનો લાગવાનો કે જે નીતિનો ખુદ પાયો જ ખોદી નાખશે, ચારિત્ર્યને વેરણ-છેરણ કરી નાખશે અને માત્ર અ-તંત્રતા જ ફેલાવી દેશે. અલબત્ત, જો એક સનાતન અને અચલ નીતિ અને નીતિનો સદંતર અભાવ એ બેમાંથી જ એક પસંદ કરવાનું હોય તો તો અજ્ઞાની માનવ-જાતમાં એમ જ થાય. પણ જો માનવજાત માટે પણ આપણે પૂરતા સમજદાર અને મુલાયમ રહીએ અને તેથી સ્વીકારી શકીએ કે આવાં વ્યવહારનાં ધોરણો માત્ર કામચલાઉ ( જો કે એ જમાનામાં જરૂરી ) હોય છે, અને જ્યાં સુધી વધારે સારાં ધોરણ હાથ ના લાગે ત્યાં સુધી જ તેમને વળગી રહેવું જોઈએ તો, એક બાજુ પેલાં ખરાબ પરિણામોથી બચીશું અને, બીજી બાજુ, એક અધ-કચરા અને અસહિષ્ણુ સદ્‌ગુણની ઝનૂની અંધતા-માંથી પણ બચીશું; અને તેને બદલે આપણામાં આવશે દિલની વિશાળતા, સતત નૈતિક વિકાસની શક્યતા, ઉદારતા, ઝગડતા અને આથડતા લોકો તરફ સમજભરી સહાનુભૂતિ કેળવવાની શક્તિ, અને આવી ઉદારતાને જોરે, તેમને આગળ વધવામાં મદદ કરવાનો વધારે સાચો અધિકાર અને વધારે જોરદાર શક્તિ. છેવટે, આગળ જતાં, જ્યાં માનવપ્રદેશ પૂરો થઈ દિવ્ય પ્રદેશ શરૂ થાય છે, જ્યાં માનસિક ચેતના અતિમાનસિક ચેતનામાં લય પામે છે, સાંત ચેતના અનંતતામાં કૂદી પડે છે ત્યાં સર્વ અશુભ એક એવા પરાત્પર દિવ્ય શુભમાં ઓગળી જાય છે કે જે, ચેતનાના જે જે પ્રદેશને પોતે હાથમાં લે છે તે તે દરેક પર પૂરેપૂરું વ્યાપી જાય છે.

એટલે, આટલી વાત તો પાકી થઈ જ જાય છે કે વિશ્વ-વ્યાપી આત્મ-સાક્ષાત્કારને જે રસ્તે પ્રકૃતિ આગળ વધી રહેલી છે તે જ રસ્તે આપણે પણ

ઠોકરો ખાતા પ્રગતિ કરી રહ્યા છીએ; આપણી એ પ્રગતિનું ચિત્ર આપણી પોતાની જ સમક્ષ રજૂ કરવાના કામચલાઉ, અધૂરા, અને સુધારાને પાત્ર પ્રયત્નો એનું જ નામ વ્યવહારનાં ધોરણોની આપણી અજમાયશ. પણ પ્રભુના આવિર્ભાવને આપણા ટચૂકડા નિયમો કે તકલાદી સીલ-સિક્કાનું કોઈ બંધન નથી; કારણકે તેની પાછળની ચેતના આ નિયમો કે સીલ-સિક્કાના કરતાં અતિ અતિ – વિશાળ છે. આપણી બુદ્ધિને અફરતા માટે જે પ્રેમ છે તેનું વિસર્જન કરી આપતી આ હકીકત એક વાર ખ્યાલમાં આવી જાય એટલે વ્યક્તિ અને માનવસમાજના વિકાસના વિવિધ તબક્કાઓનું નિયંત્રણ કરતાં ક્રમિક ધોરણોના પરસ્પર સંબંધનો વિચાર કરી તેમને યોગ્ય સ્થાને ગોઠવવાનું કામ સારી રીતે કરી શકીશું. તેમાંનાં અગત્યનાં ધોરણો પર આપણે ઊડતી નજર નાખીશું. કારણકે ધોરણો વિના કામ કરવાની બીજી, આધ્યાત્મિક અને અતિમાનસિક રીતની સરખામણીમાં તેમનું સ્થાન શું છે તે આપણે તપાસવાનું જ છે. યોગ આ બીજી રીત શોધી રહ્યો છે. વ્યક્તિની ઇચ્છાને પ્રભુ-ઇચ્છાને શરણે લઈ જવી એ તથા વધારે અસરકારક તો, આ શરણાગતિ દ્વારા એ વિશાળ ચેતનાનાં કાર્યમાં વ્યક્તિની સંમતિ મેળવવી એ, તેનો તેને માટેનો માર્ગ છે; આ વિશાળ ચેતનામાં જ સક્રિય સનાતન પુરુષ સાથે એક નિશ્ચિત પ્રકારની તદ્રૂપતા શક્ય બને છે.

* * *

માણસજાતના વ્યવહારમાં મુખ્યત્વે ચાર ધોરણો છે, અને તે ચડતા ક્રમમાં ગોઠવાએલાં છે. પહેલું ધોરણ છે અંગત જરૂરિયાત, ગમા-અણગમા અને ઇચ્છાઓનું; બીજું છે સમૂહનાં હિત અને કાયદાનું; ત્રીજું છે એક આદર્શ નીતિ-શાસ્ત્ર અને છેવટે છે પ્રકૃતિનો સર્વોચ્ચ દિવ્ય ધર્મ.

માણસજાતની ઉત્ક્રાંતિનો લાંબો ઇતિહાસ તપાસીએ તો જણાશે કે શરૂઆતમાં તેને પહેલાં બે ધોરણોથી માર્ગદર્શન અને દોરવણી મળ્યાં હતાં. કારણકે તેના પશુમય અને પ્રાણિક જીવનનો ધર્મ તે ધોરણોનો બનેલો છે, અને માણસજાતે પોતાની પ્રગતિની શરૂઆત પણ એક ભૌતિક અને પ્રાણિક એવા પશુ-માનવ તરીકે જ કરેલી છે. પૃથ્વી પરની માણસજાતનું સાચું કામ છે સતત વિકસતા પ્રભુ-સ્વરૂપને માનવજાતિમાં વ્યક્ત કરવાનું. આંતરિક અને બાહ્ય રીત-રસમોના ગાઢા અંચળા નીચે પ્રકૃતિ આ જ કામ, જાણ્યે-અજાણ્યે, પાર પાડી રહી છે. પણ ભૌતિક કે પાશવી માનવને જીવનના આંતરિક ઉદ્દેશનું ભાન નથી હોતું; તેને તો ભાન હોય છે માત્ર પોતાની જરૂરિયાતો અને ઇચ્છાઓનું; અને, પોતાની એ જરૂરિયાતનો ખ્યાલ અને

પોતાનામાં ઊઠતા ઇચ્છાઓના તરંગો અને ઇશારા એના સિવાય બીજું એવું કાંઈ જ નથી હોતું જે તેને શું કરવું તેની સમજ પાડે. એટલે તેના વ્યવહારનો સૌથી પહેલો, સ્વાભાવિક નિયમ એ જ હોઈ શકે કે બીજું બધું બાજુએ મૂકીને સૌથી પહેલાં તો પોતાની ભૌતિક અને પ્રાણિક જરૂરિયાતો અને, બીજા નંબરે, જે કાંઈ ઊર્મિઓ કે માનસિક ઝંખનાઓ કે કલ્પનાઓ કે સળવળતા ખ્યાલો ઊછળી આવે તેમને સંતોષવાં. આ સ્વાભાવિક માગણીના જોરને સમધારણ કરનારા કે નાથનારા જો કોઈ પણ કાયદાઓ હોય તો તે છે પોતાનાં કુટુંબ, જ્ઞાતિ, જાતિ, સમૂહ કે સમાજના ખ્યાલો, જરૂરિયાતો અને ઇચ્છાઓને લીધે ઊભી થતી માગણીઓ; અને તેને તેનો સ્વીકાર કરવો પડે છે કારણકે તે તેનાં અંગરૂપ હોય છે.

જો માણસ એકલો જ રહી શકે તેમ હોય (અને, પૃથ્વી પર પ્રભુનો જો એકમાત્ર ઉદ્દેશ એ જ હોય કે માત્ર વ્યક્તિગત વિકાસ જ સાધવો તો જ આમ બની શકે) તો આ બીજા, સમૂહગત, કાયદાની કદી ય જરૂર જ ઊભી ના થાત. પણ સમગ્ર સૃષ્ટિ આગળ વધે છે સમગ્ર વસ્તુ અને તેના ભાગનાં પરસ્પર કાર્ય અને પ્રતિકાર્યથી, ઘટ અને ઘટકની પરસ્પરની જરૂરિયાતથી, સમૂહ અને સમૂહની વ્યક્તિઓના પરસ્પર આધારથી. આપણા તત્ત્વજ્ઞાનમાં તો કહેલું જ છે કે પ્રભુ "વ્યષ્ટિ" અને "સમષ્ટિ"નાં, અલગ અલગ વ્યક્તિઓ તેમ જ સમૂહનાં એમ બેવડાં સ્વરૂપે પોતાનો આવિર્ભાવ કરે છે. માણસ પોતાના અલગ વ્યક્તિગત વિકાસનો, પોતાની પૂર્ણતા અને સ્વતંત્રતાનો આગ્રહ તો કરે છે પણ જ્યાં સુધી બીજાઓ સાથે સહયોગ ના કરે ત્યાં સુધી તે ખુદ પોતાની જ અંગત જરૂરિયાતો અને ઇચ્છાઓને પણ સંતોષી નથી શકતો; એ પોતે છે તો એક સ્વતંત્ર એકમ પણ તો ય બીજાઓ વિના અધૂરો. આ અનિવાર્ય પરિસ્થિતિને લીધે પોતાના અંગત વ્યવહારના નિયમોને સમૂહના નિયમો વીંટળાઈ વળે છે, આ સમૂહ-નિયમો ઊભા થાય છે એક કાયમી સમૂહ-એકમની રચનાને લીધે – સમૂહ-એકમ કે જેને પોતાનું સમૂહ-માનસ અને સમૂહ-પ્રાણ હોય છે; અને વ્યક્તિનાં સદેહ મન અને પ્રાણ, એક નાશવંત એકમ તરીકે, તેમની આગળ ગૌણ બનીને રહે છે. આમ હોવા છતાં પણ વ્યક્તિમાં કાંઈક નાશ-વિહીન, બંધન-વિહીન વસ્તુ છે; વ્યક્તિના સદેહ અસ્તિત્વના અંત પછી પણ ટકી રહેનારો સમૂહ-દેહ પોતાના નિયમો વડે તેના આ સનાતન આત્માનો ન તો અંત આણી શકે છે કે ન તો તેને બાંધી લેવાનો દાવો કરી શકે છે.

આ સમૂહ-નિયમો વ્યક્તિ-નિયમો કરતાં વધારે વિશાળ અને તેની પર

આધિપત્ય ધરાવતા લાગે છે તો ખરા પણ એ પોતે તો, વ્યક્તિગત પ્રાથમિક માણસનું નિયંત્રણ કરતાં પેલાં જ પ્રાણ અને પશુતત્ત્વનાં વિસ્તૃત સ્વરૂપો છે – એ ટોળાં કે સમૂહના નિયમો બને છે એટલું જ. વ્યક્તિ જન્મથી, પોતાની પસંદગીથી કે પરિસ્થિતિથી જે બીજી કેટલીક વ્યક્તિઓના સાથમાં રહે છે તેમનાં જીવન સાથે પોતાના જીવનને કેટલેક અંશે એકરૂપ કરે છે. વળી, પોતાનાં જ અસ્તિત્વ અને સંતોષને ખાતર સમૂહનું અસ્તિત્વ જરૂરી છે જ; એટલે એ સમૂહને ટકાવી રાખવો, તેની જરૂરિયાતોને પાર પાડવી અને તેમના સમૂહગત ખ્યાલો, ઇચ્છાઓ, જીવનની રીતભાતોને સંતોષવી એ બધાંને પહેલેથી જ નહિ તો આગળ જતાં, પાયાનું સ્થાન મળવું જ જોઈએ; નહિ તો સમૂહ ટકે જ કેવી રીતે ? વ્યક્તિને પોતાના અંગત ખ્યાલો અને લાગણીઓ, જરૂરિયાતો અને ઇચ્છાઓ, વલણો અને ટેવો એ બધાંને સતત, કોઈ એક જ વ્યક્તિનાં કે વધારે વ્યક્તિઓનાં નહિ પણ આખા જ સમાજનાં ખ્યાલો અને લાગણીઓ, જરૂરિયાતો અને ઇચ્છાઓ, વલણો અને ટેવોની આગળ ગૌણ બનાવવાં જ પડે છે, પણ તે પરિસ્થિતિના દબાણને લીધે, અને નહિ કે કોઈ નૈતિક કે પરોપકારની ભાવનાને લીધે. નીતિનું અને માણસની નૈતિક વૃત્તિનું અંધ ઉગમસ્થાન છે આ જ અનિવાર્ય સામાજિક પરિસ્થિતિ.

આદિ યુગમાં કદી પણ (કેટલાંક પશુઓની માફક) માણસ તદ્દન એકલો જ, કે માત્ર પોતાની સહચારિણીની સાથે જ, રહ્યો હોય એવી કોઈ આધાર-ભૂત માહિતી નથી. પુરાવા તો એમ જ કહે છે કે તે હમેશાં સમૂહ-ગત પ્રાણીરૂપે જ રહેલો છે, – શરીર અને આત્માનાં અટૂલાં એકમ તરીકે કદી ય નહિ. સમાજના નિયમોએ, હમેશાં, તેના અંગત, જાત-વિકાસના નિયમો ઉપર પોતાનું આધિપત્ય રાખેલું છે. તે હમેશાં સમૂહમાં જ જન્મ્યો, જીવ્યો અને એકમ બન્યો હોય એમ લાગે છે. પણ તર્કના તેમ જ માનસશાસ્ત્રના સહજ દૃષ્ટિબિંદુથી જોતાં અંગત જરૂરિયાત અને ઇચ્છાનો નિયમ પ્રાથમિક છે, જ્યારે સમાજનો નિયમ પછીનો અને ચડી બેઠેલો નિયમ છે. માણસમાં, બે જરૂરી અને તદ્દન સ્પષ્ટ વૃત્તિઓ રહેલી છે: વ્યક્તિત્વ પ્રિય વૃત્તિ અને સમૂહવૃત્તિ, અંગત જીવન અને સામાજિક જીવન, અંગત વ્યવહારનો ઉદ્દેશ અને સામાજિક વ્યવહારનો ઉદ્દેશ. તે બેની અથડામણની શક્યતા અને તેમના સમાધાનની શોધ એ માનવ-સંસ્કૃતિની છેક શરૂઆતથી જોવા મળે છે, અને જ્યારે એ પ્રાણમય પશુત્વમાંથી બહાર નીકળી ખૂબ જ વ્યક્તિત્વ-પ્રધાન માનસિક અને આધ્યાત્મિક પ્રગતિ સુધી પહોંચ્યો છે ત્યારે

પણ, એ જુદાં સ્વરૂપોમાં હાજર રહેલાં જ છે.

વ્યક્તિઓની ઉપર બહારથી લદાતાં સામાજિક ધારાધોરણોને લીધે માણસમાં રહેલ ભગવાનનો વિકાસ સાધવામાં કદીક ઠીક ઠીક લાભ થાય છે તો કદીક ગેરલાભ. પહેલાં તો જ્યારે માણસ હજી અણઘડ હોય છે અને આત્મ-સંયમ અને આત્મ-સંશોધનની શક્તિ નથી કેળવી હોતી એવે વખતે એથી લાભ થાય છે, કારણકે તેનાથી, પોતાના અહંકાર સિવાયની બીજી એક એવી શક્તિ રચાય છે કે જે વડે, સમજાવીને કે પરાણે, એ અહંકારના જંગલી આગ્રહો સમધારણ કરી શકાય છે, તેની અવિચારી, અને કદીક તો ઉગ્ર પ્રવૃત્તિઓનું નિયંત્રણ કરી શકાય છે, તો વળી કદીક તો તેને એક વધારે વિશાળ અને ઓછા અંગત અહંકારમાં પલટી શકાય છે તો, બીજી બાજુએ, માનવીય ધોરણોને વટાવી જવા જેટલા પરિપક્વ થએલ આત્માને એથી નુકસાન પણ થાય છે, કારણકે એ એક બાહ્ય ધોરણ હોઈ તેની ઉપર બાહ્ય બોજો બની જાય છે; આત્માની પરિપૂર્ણતાની શરત એ છે કે તેનો વિકાસ અંતરમાંથી અને વધુ અને વધુ સ્વતંત્રતાથી થવો જોઈએ, તેના વિકસિત વ્યક્તિત્વને કચડીને નહિ પણ વટાવીને, તેની ઉપર તેનાં અંગોને ઘડનાર અને પલોટનાર નિયમો લાદીને નહિ પણ, અગાઉનાં સર્વ ચણતરો તોડીને તેનો આત્મા, તેનાં એ અંગોને પોતાના પ્રકાશની પકડમાં લઈ તેમનું રૂપાંતર કરે એ રીતે.

* * *

જ્યારે સમાજના હક્કો વ્યક્તિના હક્કો સાથે અથડામણમાં આવે છે ત્યારે તેના બે ઉકેલો, તદ્દન અલગ છતાં આદર્શ સ્વરૂપે સામસામે આવીને ઊભા રહે છે. સમૂહ આગ્રહ કરે છે કે વ્યક્તિએ લગભગ પૂરેપૂરા સમાજના હાથ નીચે આવી જવું જોઈએ, કે સ્વતંત્ર અસ્તિત્વ સમૂળગું છોડી દેવું જોઈએ, વિશાળ એકમને ખાતર નાના એકમનું બલિદાન દેવું જોઈએ અથવા તેણે જાતે જ આત્મબલિદાન સ્વીકારવું જોઈએ. તેણે સમાજની જરૂરિયાતોને પોતાની જરૂરિયાતો અને સમાજની ઇચ્છાઓને પોતાની ઇચ્છાઓ તરીકે સ્વીકારી લેવી જ જોઈએ; તેણે પોતાને ખાતર નહિ પણ પોતે જેનું એક અંગ છે તેવી જાતિ, સમૂહ, સમાજ કે દેશને ખાતર જીવવું જોઈએ. તો વળી વ્યક્તિની નજરે જુદો જ અને આદર્શ ઉકેલ હોય છે: એક એવો સમાજ કે જે પોતે પોતાને ખાતર કે પોતાના સાર્વભૌમ સામુદાયિક હેતુને ખાતર નહિ પણ વ્યક્તિનાં હિત અને તેની કૃતાર્થતાને ખાતર, સમાજનાં અંગરૂપ સર્વે વ્યક્તિઓનાં વધારે સારાં અને પૂર્ણ જીવનને ખાતર,

અસ્તિત્વ ધરાવતો હોય; વ્યક્તિના, શક્ય તેટલા સારા સ્વરૂપનો પ્રતિનિધિ બનીને તથા તે સ્વરૂપને સાકાર કરવામાં મદદ કરીને તે તેના દરેક સભ્યની સ્વતંત્રતા જાળવે; તે કાયદા અને સત્તાથી નહિ પણ, તેનાં અંગરૂપ વ્યક્તિઓની સહજ અને સ્વતંત્ર સંમતિથી ટકી રહે. આ એમાંથી એક પણ જાતનો આદર્શ-સમાજ ક્યાંય હયાત નથી; તેની રચના કરવી એ અઘરામાં અઘરું કામ છે, અને જ્યાં સુધી વ્યક્તિઓ જીવનના મૂળ પ્રેરક તરીકે પોતાની અહમ્-ભાવનાને જ વળગી રહે ત્યાં સુધી સમાજને એક ખતરનાક હાલતમાં ટકાવી રાખવો એ તો એનાથી ય અઘરું છે. સમાજ વ્યક્તિઓની ઉપર સામાન્ય (પણ પૂરેપૂરો નહિ) કાબૂ રાખે એ વધારે સરળ ઉપાય છે અને પ્રકૃતિએ પહેલેથી જ એ પદ્ધતિને સહજ રીતે અપનાવી છે તથા કડક કાયદા, મક્કમ રૂઢિઓ અને માનવ-પ્રાણીઓની, હજી સ્વ-આધીન અને અપરિપક્વ, બુદ્ધિની યોગ્ય કેળવણી દ્વારા એ પદ્ધતિને ટકાવી રાખી છે.

પ્રાકૃત દશાના સમાજોમાં વ્યક્તિનું જીવન સમૂહની અક્કડ અને અચલ રૂઢિઓ તથા નિયમોના હાથમાં હોય છે; ત્યાં માનવ-ટોળાંઓ ઉપર આ જ પુરાણા અને કાયમી કાયદાનું રાજ્ય "સનાતન ધર્મ"ના નામે ચાલતું હોય છે. અને આ આદર્શ, માણસના ભેજામાંથી હજી સમૂળગો મરી પરવાર્યો નથી .માણસજાતની પ્રગતિ માટેનું છેલ્લામાં છેલ્લું વલણ છે આ જૂના સામુદાયિક જીવનની મોટી અને અતિ·કિંમતી આવૃત્તિરૂપે માનવ-આત્માને ગુલામ બનાવવાની પદ્ધતિને સ્થાપિત કરવાનું. પૃથ્વી ઉપર એક મહાન સત્યના અને વિશાળ જીવનના સર્વાંગી વિકાસને નડતો એક ભયંકર ખતરો એમાં જ છે. કારણકે વ્યક્તિની ઇચ્છાઓ તથા મુક્ત ઝંખનાઓનાં હાલનાં સ્વરૂપ ભલે ગમે તેટલાં અહમ્-પ્રધાન, ગમે તેટલાં ખોટાં અને વિકૃત હોય તોપણ તેમના અંધારિયા અણુઓમાં સમગ્ર માનવજાતના વિકાસ માટે જરૂરી એવું બીજ છુપાએલું છે; તેનાં ગોથાં અને ફાંફાંઓની પાછળ એક એવી શક્તિ પડેલી છે કે જે સાચવવાની છે અને જેનું દિવ્ય આદર્શને અનુરૂપ રૂપાંતર કરવાનું છે. એ શક્તિને પ્રકાશ અને તાલીમની જરૂર છે ખરી, પણ ન તો તેને કચડી નાખવાની છે ન તો સમાજ-ગાડાની એક-માત્ર ભારે ધૂંસરીમાં જોતરવાની છે. અંતિમ પરિપૂર્ણતા માટે સમૂહ-ભાવનાની પાછળ રહેલી શક્તિની જેટલી જરૂર છે તેટલી જ જરૂર છે વ્યક્તિ-વાદની; વ્યક્તિનું ગળું રૂંધવાથી માનવમાં રહેલ પ્રભુનું ય ગળું રૂંધાઈ જવાનો સંભવ છે, જ્યારે, કોઈ અતિ વિશાળ વ્યક્તિવાદ સમાજની એકતાને તોડીફોડી નાખે એવો કોઈ ખરેખરો ભય આજની માનવીય ખેંચાખેંચીમાં

દેખાતો નથી. એક સતત ભય તો એ રહેલો છે કે સામાજિક જન-સમુદાયનું અતિશય વધી પડેલું દબાણ પોતાના અંધ અને યંત્રવત્ ભારે બોજથી વ્યક્તિગત આત્માના મુક્ત વિકાસને કચડી નાખશે કે અયોગ્ય રીતે અટકાવી દેશે. કારણકે માણસને વ્યક્તિગત રીતે સુધારવો, જાગ્રત કરવો અને નિર્મળ પ્રભાવ પ્રત્યે જાગ્રત કરવો એ સહેલું છે જ્યારે સામુદાયિક માણસ હજી અંધ છે, અર્ધ-જાગ્રત છે, અને એવાં વિશ્વ-વ્યાપી બળોના સામ્રાજ્યમાં છે કે જેની ઉપર પૂર્ણ કાબૂ અને જ્ઞાનની ફાવટ નથી.

કચડાઈ જવાના અને બંધાઈ જવાના આ ભયની સામે આજે વ્યક્તિગત પ્રકૃતિ માથું ઊંચકી રહી છે. તે, કોઈ ગુનાહખોરની રીતે સહજ અને પાશવી બંડથી માંડીને કોઈ એકાકી સંન્યાસીના પૂર્ણ વિરોધ સુધીનો કોઈ પણ છૂટોછવાયો સામનો કરે; કે પછી તે, સામુદાયિક વિચારોમાં વ્યક્તિવાદી વલણને રોપવાનો પ્રયત્ન કરે અને વ્યક્તિ અને સમાજના આગ્રહોની વચ્ચે એક સમાધાન સાધવાનો પ્રયત્ન પણ કરે. પણ સમાધાન એટલે નિકાલ નહિ; એ તો મુશ્કેલીઓને માત્ર દૂર ધક્કેલે છે જેના પરિણામે છેવટે તો પ્રશ્ન વધારે ગૂંચવાય છે અને તેના ગૂંચવાડાઓને અનેકગણા વધારી મૂકે છે. ઝગડી રહેલી આ બે સહજ વૃત્તિઓ સિવાયના કોઈ એક નવા અને વધારે ઊંચા તત્ત્વને દાખલ કર્યા સિવાય નિકાલ નહિ થાય; આ તત્ત્વ એવું સમર્થ હોવું જોઈએ કે જેથી તે પેલાં બંનેને આંતરી પણ લે અને જોડી પણ દે. વ્યક્તિવાદનો સહજ નિયમ વ્યવહારના ધોરણ તરીકે વ્યક્તિની જરૂરિયાતો, ગમા-અણગમા અને ઇચ્છાઓને આગળ કરે છે તો સમૂહવાદી સહજ નિયમ વધારે ઊંચા ધોરણ તરીકે સમગ્ર સમૂહની જરૂરિયાતો, ગમા-અણગમા અને ઇચ્છાઓને આગળ કરે છે; એ બંનેની ઉપર એક એવા આદર્શ નૈતિક નિયમનો ખ્યાલ ઊભો થવાની જરૂર હતી કે જે જરૂરિયાતો અને ઇચ્છાઓને સંતોષવાની વાત તો ના જ કરે પણ, ઊલટાની તેમને કાબૂમાં નાખવાની કે ખુદ તેમનો દંડ કરવાની કે ભૂંસી નાખવાની વાત કરે. અને તે પણ એક એવી આદર્શ વ્યવસ્થાને ખાતર કે જે વ્યવસ્થા પશુઓની, પ્રાણલક્ષી અને દેહલક્ષી વ્યવસ્થા નહિ પણ માનસિક વ્યવસ્થા હોય, પ્રકાશ અને જ્ઞાન અને યોગ્ય નિયમન અને યોગ્ય આચાર અને સાચી વ્યવસ્થાને ઝંખતા મનનું સર્જન હોય. જે ઘડીથી આ ખ્યાલ માણસના મનની પકડ લેવા માંડે તે જ ક્ષણથી તે તેના પ્રાણમય અને ભૌતિક જીવનના ઘેરામાંથી છૂટી બૌદ્ધિક જીવનમાં આવી ચડે છે, પ્રકૃતિના આરોહણની ત્રણ ટૂક પૈકી વહેલી વટાવી બીજી ટૂક ચડવા માંડે છે; ખુદ તેની જરૂરિયાતો અને ઇચ્છાઓ

પણ એક વધારે ઉચ્ચ હેતુના પ્રકાશનો સ્પર્શ પામે છે; બૌદ્ધિક જરૂરિયાતો –રસવૃત્તિમાંથી, બુદ્ધિમાંથી, ઊર્મિઓમાંથી ઊઠતી ઇચ્છાઓ–આગળ આવીને ભૌતિક અને પ્રાણિક પ્રકૃતિના આગ્રહોને મોળા પાડે છે.

* * *

વ્યવહારના પ્રાકૃત નિયમો શરૂઆત કરે છે જુદાં જુદાં, પરિબળો, આવેગો અને ઇચ્છાઓની અથડામણથી અને, પછીથી લાવે છે તેમની વચ્ચે સમતુલા; જ્યારે તેમનાથી ઊંચા નૈતિક નિયમો બૌદ્ધિક અને નૈતિક પ્રકૃતિના વિકાસથી શરૂઆત કરીને એક નિશ્ચિત આંતરિક ધોરણ તરફ કે ન્યાય, નીતિપરાયણતા, પ્રેમ, યોગ્ય સમજશક્તિ, યોગ્ય શક્તિ, સૌંદર્ય, પ્રકાશ, એવા નિરપેક્ષ ગુણોના પોતે ઘડેલા આદર્શ તરફ આગળ વધે છે. એટલે એ ધોરણ તત્ત્વતઃ વ્યક્તિ-વાદી છે; એ કાંઈ સમૂહ–માનસે ઘડેલું નથી; તત્ત્વચિંતક તો એક વ્યક્તિ જ હોય છે; માણસની આખી અણઘડ જાતમાં જે વસ્તુ કદાચ કાયમ માટે જ ચેતનાના અંધારા ખૂણામાં પડી રહેત તેને બહાર આણી ઘાટ આપનાર પણ એ તત્ત્વચિંતક જ હોય છે. નીતિ–સંસ્થાપક પણ એક વ્યક્તિ જ હોય છે; કોઈ બાહ્ય નિયમોના દબાણને લીધે નહિ પણ એક આંતરિક સમજના જોરે સ્વીકારેલી આત્મ-શિસ્ત એ પણ તત્ત્વતઃ એક વ્યક્તિગત યત્ન જ છે. પણ પોતાના આ અંગત ધોરણને એક નિરપેક્ષ નૈતિક આદર્શનું પ્રતિરૂપ ગણીને એ એને માત્ર પોતાની ઉપર જ નહિ પણ જે કોઈ વ્યક્તિઓ તેના વિચારોને સાંભળતી અને સ્વીકારતી હોય તે બધાની ઉપર બેસાડે છે. અને વ્યક્તિઓનો સમૂહ જેમ જેમ તેના વિચારોને વધારે સ્વીકારતો જાય–અને આચારમાં તો જેવાતેવા મૂકે અથવા સમૂળગા ય ના મૂકે – તેમ તેમ આ નવા ધોરણનો સ્વીકાર આખા સમાજને ફરજિયાત કરવો પડે છે. એ આદર્શવાદી અસરમાં સમાજ આવતો જાય છે અને આ નવા આદર્શોના પ્રકાશમાં પોતાના જૂના રીતરિવાજોને નવા ઘાટ આપવાનો પ્રયત્ન પણ કરે છે ખરો (જો કે એમાં કાંઈ બહુ સફળ થતો નથી) પણ તેની સહજ વૃત્તિ તો હોય છે હમેશાં તેમને ફરજિયાત કાયદા, નિશ્ચિત પ્રણાલી, જડ રૂઢિ અને બાહ્ય સામાજિક બંધનમાં પલટી, પોતાની જીવંત વ્યક્તિઓ સામે રજૂ કરવાની.

કારણકે, કોઈ કોઈ વ્યક્તિઓ કેટલેક અંશે સ્વતંત્રતા મેળવે અને જાગ્રત રીતે વિકાસ સાધી શકે તેવા નૈતિક જીવો બને, આંતર જીવન પ્રત્યે સજાગ બને અને આધ્યાત્મિક પ્રગતિ માટે આતુર બને, તે પછી પણ ઘણા લાંબા સમય સુધી સમાજ તો રહે છે નીતિ-રીતિમાં બાહ્ય, જીવનમાં ભૌતિક

અને આર્થિક, તેમ જ યંત્રવત્, સ્થગિત અને ટકી રહેવામાં માનનારો, વિકાસ-પ્રિય કે પરિપૂર્ણતા-પરાયણ બનતો નથી. પ્રકૃતિ-પરાયણ અને સ્થગિત સમાજ ઉપર ચિંતન-પ્રિય અને પ્રગતિ-પરાયણ વ્યક્તિઓએ આ યુગમાં જો કોઈ મોટો વિજય મેળવ્યો હોય તો તે એ છે કે તેમના ચિંતન-સંકલ્પના જોરે સમાજને પણ વિચારતા થવાની ફરજ પડી છે; સમાજે સામાજિક ન્યાય અને નીતિપરાયણતાના તથા સમૂહગત સહાનુભૂતિ અને પરસ્પર દયા-ભાવના ખ્યાલો જોવા માંડ્યા છે; તેને એમ લાગવા માંડ્યું છે કે તેના રીત-રિવાજોને અંધ પ્રણાલિથી નહિ પણ બૌદ્ધિક નિયમોનાં માપથી માપવા જોઈએ; તેણે તેના કાયદાઓનું તથ્ય માપવામાં વ્યક્તિઓની બૌદ્ધિક અને નૈતિક સંમતિને પણ અગત્યની ગણવા માંડી છે. લોક-માનસે, વધારે નહિ તો એક આદર્શ તરીકે તો એમ માનવા માંડયું જ છે કે કોઈનો દંડ કરવામાં પણ તેનો હેતુ તેને શિક્ષા કરવાનો નહિ પણ સમજાવવાનો, દાઝ કાઢવાનો કે બાંધી રાખવાનો નહિ પણ નૈતિક વિકાસ કરવાનો હોવો જોઈએ. પણ ચિંતકને ખરેખરો વિજય તો ત્યારે જ મળ્યો ગણાશે કે જ્યારે વ્યક્તિઓને તથા જનગણને ગળે એ વાત એ ઉતરાવી શકશે કે તેમણે પરસ્પરના સંબંધોને અને સમાજની એકતા તથા સ્વસ્થતાને એક રાજીખુશીની અને સંવાદ-ભરી સંમતિના અને છૂટછાટના પાયા પર સ્થાપવાનાં છે; બાહ્ય પ્રણાલી અને ધારા-ધોરણોથી અંતરાત્માને જકડી લેવાને બદલે બાહ્ય જીવનને આંતરિક સત્ય વડે રચવાનું અને નિયંત્રિત કરવાનું છે.

પણ ચિંતકે જે સફળતા મેળવેલી છે તે પણ એક શક્યતારૂપે રહેલી છે; હકીકતરૂપે સ્થપાઈ નથી. વ્યક્તિને એક બાજુએ નૈતિક નિયમો અને બીજી બાજુએ પોતાની જરૂરિયાતો તથા ઇચ્છાઓનાં ધોરણો એ બેની વચ્ચે તેમ જ સમાજને પણ, એક બાજુએ તેની સામે રજૂ થયેલ નૈતિક નિયમો અને બીજી બાજુએ નાત-જાતની, ધાર્મિક લોકોની, સમાજની અને દેશની ભૌતિક અને પ્રાણિક જરૂરિયાતો, ઇચ્છાઓ, રીત-રિવાજો, પૂર્વ-ગ્રહો, સ્વહિતો, અને કામનાઓ એ બેની વચ્ચે વિસંવાદ અને બેસૂરતા હમેશાં જણાયા જ કરે છે. નીતિવાદી ચિંતક પોતાનું એક નિરપેક્ષ નૈતિક ધોરણ ઊભું કરે છે અને બધાને કહે છે કે પરિણામની પરવા કર્યા વિના તેને બરાબર અનુસરો; પણ આ બધું ફોગટ જાય છે. તે કહે છે કે જો વ્યક્તિની જરૂરિયાતો અને ઇચ્છાઓ નૈતિક નિયમથી વિરુદ્ધમાં હોય તો તે ખોટી છે, અને જો સમાજના નિયમો પોતાની સાચી સમજ અને વિવેક-શક્તિ, 'કોન્શીઅન્સ'ના વિરોધમાં હોય તો તે પણ તેને બંધનકર્તા નથી. કોઈએ પ્રેમ, સત્ય

અને ન્યાયની સાથે અસંગત હોય એવી કોઈ પણ ઇચ્છા કે માગણી ના રાખવી એ તેનો વ્યક્તિગત ઉકેલ છે; તે સમાજ અને દેશને કહે છે કે સત્ય, ન્યાય, માનવતા અને જનતાના વધુમાં વધુ ભલાને ખાતર બધું જ તુચ્છ ગણો–ખુદ પોતાનું સંરક્ષણ અને પૂરેપૂરાં જરૂરી હિતો પણ.

કોઈ પણ વ્યક્તિ આટલી ઉચ્ચ કક્ષા એકાદ ઉત્કટ ક્ષણથી વધારે વખત સુધી પ્રાપ્ત કરતી નથી અને અત્યારની નૈતિક, અને માનવ-વિકાસની હાલત જોતાં, કદાચ, કોઈ પણ એમ કરી શકે નહિ અથવા કોઈએ એમ કરવું જોઈએ પણ નહિ. પ્રકૃતિને એ મંજૂર નથી, કારણકે તે જાણે છે કે એમ કરવાનું નથી. તેનું સૌથી પહેલું કારણ એ કે આપણા નૈતિક આદર્શો પોતે જ, મોટે ભાગે, ખોટી રીતે ઘડાએલ, અજ્ઞાન–વશ અને યથેચ્છ માનસિક સર્જનો હોય છે અને નહિ કે આત્મતત્ત્વનાં સનાતન સત્યનાં અનુસરણો–સત્તાશીલ અને મતાગ્રહી રીતે, કેટલાંક નિરપેક્ષ ધોરણોનો તેઓ સિદ્ધાંત તરીકે આગ્રહ કરે છે, પણ હાલની દરેક નૈતિક પદ્ધતિ વ્યવહારમાં અવ્યવહારુ સાબિત થાય છે, અથવા તો, એનો આદર્શ જે નિરપેક્ષ ધોરણનો દાવો કરે છે તેટલી ઊંચે તે પોતે જ પહોંચી શકતી નથી. જો આપણી નૈતિક પદ્ધતિને સમાધાન તરીકે કે વચગાળા તરીકે સ્વીકારીએ તો, તરત જ, વ્યક્તિઓ અને સમાજ, જે તેનાથી પણ હલકાં સમાધાનો કરવા ઇચ્છે છે તેમને વાજબી ઠરાવવાનો સિદ્ધાંત તેમના હાથમાં ટપકી પડે છે. તો વળી, જો એ સમાધાનની વાત બિલકુલ ફેંકી દઈ નિરપેક્ષ પ્રેમ, ન્યાય અને યોગ્યતાનો જ આગ્રહ કરે તો માનવના ભેજા સુધી તે નીચે ઊતરી નથી શકતી અને શાબ્દિક વાહ વાહ મેળવવા છતાં વ્યવહારમાં અવગણના પામે છે. વળી એ પણ જાણીતી વાત છે કે માણસજાતમાં રહેલ એવાં બીજાં કેટલાક તત્ત્વો, કે જે ટકી રહેવા માટે ખૂબ આગ્રહ રાખે છે પણ નૈતિક નિયમોનાં બંધનમાં રહેવાની ના પાડે છે, તેમને તે અવગણે છે. જેવી રીતે ઇચ્છાઓના વ્યક્તિગત ધોરણમાં એવી કેટલીક કિંમતી બાબતો છે કે જે અનંત સમગ્રતા માટે જરૂરી હોઈ તેને ગળી જવા માગતાં સામાજિક ધોરણોના જુલમમાંથી તેમને બચાવી લેવી જ જોઈએ. તે જ પ્રમાણે વ્યક્તિગત અને સામુદાયિક માણસના જન્મજાત આવેગોમાં પણ એવી કેટલીક કિંમતી બાબતો છે કે જે, કોઈ પણ નૈતિક ધોરણોના પ્રદેશની બહાર હોવા છતાં, અસ્તિત્વ ધરાવે જ છે, અને, એક અંતિમ દિવ્ય પરિપૂર્ણતાને પૂર્ણ અને સંવાદી કરવા માટે અનિવાર્ય પણ છે.

વળી, અત્યારની એકામ અને અપૂર્ણ માનવજાત જો નિરપેક્ષ પ્રેમ,

નિરપેક્ષ ન્યાય, નિરપેક્ષ સત્ય-સમજને અમલમાં મૂકવા જાય તો તરત તેઓ પોતે જ પરસ્પર અથડામણમાં આવી જાય. પ્રેમ જેને ધિક્કારતો હોય તેને સ્વીકારવાનો ઘણી વાર, ન્યાય આગ્રહ રાખતો હોય છે. સત્ય-પ્રિય સમજ-શક્તિ, કોઈ સંતોષકારક કસોટી કે સિદ્ધાંતની શોધ માટે જ્યારે તટસ્થતાથી પ્રકૃતિ અને માનવ-સંબંધો અંગેની હકીકતોની વિચારણા કરે છે ત્યારે કોઈ નિરપેક્ષ ન્યાયનું કે નિરપેક્ષ પ્રેમનું સામ્રાજ્ય અકબંધ રીતે સ્વીકારવામાં તે અસમર્થ નીવડે છે. અને માણસનો નિરપેક્ષ ન્યાય જ્યારે અમલમાં મુકાય ત્યારે, સહજ રીતે, એક સત્તાધીશ અન્યાય બની જાય છે એ પણ એક હકીકત છે; કારણકે માણસનું મન જ એવું એકપક્ષી અને અક્કડ અમલ કરનારું છે કે તે ગમે તે એકનો જ પક્ષ લઈ એક જોરદાર યોજના કે બીજું રજૂ કરે છે અને તે સર્વાંગી અને નિરપેક્ષ હોવાનો દાવો કરી તેના એવા અમલ માટે આગ્રહ રાખે છે કે જેમાં વસ્તુસ્થિતિના સૂક્ષ્મ સત્યની અને જીવનમાં રહેલી અનુકૂળ-પ્રિયતાની અવગણના થતી હોય. આપણા કોઈ પણ ધોરણનો અમલ કરવા જતાં તેઓ કાં તો બદલાતાં સમાધાનો પર ડગુમગુ થાય છે કે આ એકાંગી વલણ અને અક્કડ ચોકઠાને લીધે ભૂલ કરી બેસે છે. માણસ-જાત આ કે તે પ્રયોગ વચ્ચે ઝોલાં ખાધા કરે છે; અને પરસ્પરવિરોધી દાવાથી દોરાઈ વાંકાચૂંકા રસ્તે આગળ વધે છે; સમગ્ર રીતે જોતાં તો તે છેવટે કુદરતે ધારેલું કામ જ, અંધ પ્રેરણાને જોરે, પાર પાડે છે પણ બહુ મોટા બગાડ અને યાતનાને અંતે. વળી એ નથી હોતી પોતાની ઇચ્છા કે નથી હોતું પોતાનું ધારેલું સત્ય, કે વળી નથી હોતું પેલા પરમોચ્ચ સત્યે, દેહધારી આત્માને ફરમાવેલી આજ્ઞા.

* * *

સાચી વાત તો એમ છે કે આપણે નૈતિક જાતના નિરપેક્ષ ગુણનો માર્ગ ભલે સ્વીકાર્યો હોય અને એક આદર્શ ધોરણના આધારે આજ્ઞારૂપ વિધાન-સૂત્રો ભલે ઊભાં કર્યાં હોય, છતાં હજી આપણે ન તો શોધ પૂરી કરી છે કે નથી કર્યો મુક્તિદાયક સત્યનો સ્પર્શ. બેશક, આમાં ય એવું કાંઈક તો છે જ કે જે શારીરિક અને પ્રાણિક માનવની મર્યાદા પાર કરવામાં આપણને મદદરૂપ થઈ પડે; માનવજાત કે જે જડ તત્ત્વના કાંપમાંથી ઊગેલી છે તેની વ્યક્તિગત અને સામુદાયિક જરૂરિયાતો અને ઇચ્છાઓને ઓળંગી જવાનો એમાં આગ્રહ પણ છે; આપણી અંદર રહેલ બૌદ્ધિક અને નૈતિક તત્ત્વનો વિકાસ કરવામાં મદદરૂપ એક અભીપ્સા પણ છે. અને તેથી જ ઊર્ધ્વ માર્ગે દોરી જતા આ નવા તત્ત્વની પ્રાપ્તિ બહુ અગત્યની છે; તેનાથી

થએલાં કાર્યો પાર્થિવ પ્રકૃતિની વિકટ ઉત્ક્રાંતિમાં એક અગત્યનું આગે કદમ દેખાડે છે. અને આ નૈતિક ખ્યાલોની અધૂરપ પાછળ એવું પણ કાંઈક છે કે જે પરમ સત્ય સાથે જોડાએલું છે; હજી સુધી અપ્રાપ્ત એવી દિવ્ય પ્રકૃતિના અંશરૂપ એક પ્રકાશ અને શક્તિની એમાં ઝલક છે. પણ આ વસ્તુઓના માનસિક ખ્યાલો એ એ પ્રકાશ નથી અને તેમનાં નૈતિક નિરૂપણો એ એ શક્તિ નથી. એ બધાં તો, તેમના પ્રતિનિધિ શાં, મનનાં સર્જનો છે; એ સર્જનો પોતાનાં નિરૂપણોમાં દિવ્ય આત્મતત્ત્વને બાંધી લેવાનો વ્યર્થ પ્રયત્ન તો કરે છે પણ તેને સાકાર કરવું એ તેમની શક્તિ બહારનું કામ છે. આપણી માનસિક અને નૈતિક જાતની પેલે પાર આપણી એક એવી દિવ્ય જાત પણ છે કે જે આધ્યાત્મિક છે અને અતિમાનસિક છે; કારણકે મનના સિદ્ધાંતો જ્યાં આગળ જઈને આંતરિક પ્રત્યક્ષ અનુભૂતિરૂપ એક શ્વેત જ્યોત બની જાય છે તેવો એક વિશાળ આધ્યાત્મિક સ્તર ઓળંગ્યા પછી જ આપણે મનની પેલે પાર જઈ શકીએ છીએ, અને, તેણે કરેલાં ચણતરો ઓળંગીને અતિમાનસિક સત્યોની વિશાળતા અને સ્વતંત્રતામાં પ્રવેશી શકીએ છીએ. માત્ર ત્યાં જ આપણને એ દિવ્ય શક્તિઓના સુમેળનો સ્પર્શ થાય છે કે જે આપણા મન સમક્ષ આછી-પાતળી, અને અવળી રીતે, રજૂ થતી હોય છે, કે નૈતિક નિયમોનાં ઝગડતાં કે ડગુમગુ-થતાં તત્ત્વો તેમને ખોટાં ચોકઠામાં મઢી લેતાં હોય છે. માત્ર ત્યાં જ રૂપાંતર પામેલા ભૌતિક અને પ્રાણમય માણસની તથા પ્રકાશ પામેલ માનસિક માનવની એકતા શક્ય બને છે—ત્યાં જ અતિમાનસિક આત્મ-તત્ત્વમાં કે જે પોતે જ, એકસાથે આપણાં મન, પ્રાણ અને શરીરનું ગુપ્ત મૂળ, તેમ જ તેનું ધ્યેય પણ છે. આપણે કલ્પ્યાં હોય તેનાં કરતાં તો ક્યાંય જુદી જાતનાં નિરપેક્ષ ન્યાય, પ્રેમ અને સત્ય માત્ર ત્યાં જ સંભવે છે અને ત્યાં જ, એક પરમ, દિવ્ય જ્ઞાનના પ્રકાશમાં, તેઓ પરસ્પરમાં એક થએલાં હોય છે. માત્ર ત્યાં જ આપણાં વિવિધ અંગોની અથડામણ સુલેહમાં પરિણમે છે.

જરા જુદી રીતે કહેતાં, ત્યાં, સમાજના બાહ્ય નિયમો અને માનવ-ઘડ્યા નૈતિક નિયમોથી ઉપર, અને તેમનાથી પર એક વિશાળ નિઃસીમ ચેતનાનું ખૂબ વિસ્તારવાળું સત્ય મોજૂદ છે—અને એ બાહ્ય અને નૈતિક નિયમોમાંની કોઈક વસ્તુ, અજાણ્યે અને નિર્બળતાથી તેને જ ઝંખતી હોય છે—; આ બંને અંધ અને અણઘડ નિયમો પશુતા-ભર્યા પ્રાકૃત નિયમોમાંથી મુક્ત બની એક ઉચ્ચતર પ્રકાશ કે સર્વવ્યાપી નિયમ મેળવવા જેની દિશામાં આગળ વધવા લથડતાં પગલાં માંડતા હોય છે તે દિવ્ય ધર્મ ત્યાં જ છે.

ગુપ્ત રાખેલી પોતાની પરિપૂર્ણતાના માર્ગે આગળ વધી રહેલ આપણો આત્મા એ જ આપણી અંદર વસેલો પ્રભુ છે; એટલે એ દિવ્ય ધર્મ એ જ હોઈ શકે આપણી પ્રકૃતિનો પરમ આધ્યાત્મિક ધર્મ અને સત્ય, આપણા વ્યવહારનું દિવ્ય ધોરણ. વળી, આપણે પૃથ્વી પરના દેહધારી જીવો છીએ અને એક જ સૃષ્ટિ અને પ્રકૃતિના ભાગીદારો છીએ; સાથે સાથે, આપણે અલગ અલગ વ્યક્તિત્વવાળા એવા આત્માઓ છીએ કે જેઓ પરાત્પર સાથે સીધો સંબંધ સ્થાપી શકે છે. આથી, આપણી જાતનું આ પરમ સત્ય બેવડી ખાસિયતવાળું જ હોઈ શકે. એ એક એવું ધર્મ અને સત્ય-રૂપ હોવું જોઈએ કે જે આધ્યાત્મિક બનેલ એક મહાન સમૂહ-જીવનની અણિશુદ્ધ સાચી ગતિ, મેળ અને તાલને પકડી પાડતું હોય અને પ્રકૃતિની વિવિધરંગી એકતામાં દરેક વસ્તુ અને સર્વ વસ્તુ-સમૂહ સાથેનો આપણો અણિશુદ્ધ સાચો સંબંધ નક્કી કરી આપતું હોય; તો વળી, એની સાથે સાથે, એ પરમ સત્ય એવાં ધર્મ અને સત્ય-રૂપ હોવું જોઈએ કે જે દરેક જંતુના આત્મા, મન, પ્રાણ અને શરીરમાં રહેલ પરમાત્માની સીધી જ અભિવ્યક્તિના તાલને અને સ્પષ્ટ સોપાનને દરેક ક્ષણે આપણને દેખાડી દેતું હોય.[1] અને અનુભવ થતાં આપણને જણાય છે કે આ પરમ પ્રકાશ અને કાર્ય-શક્તિની ઊંચામાં ઊંચી અભિવ્યક્તિ, એકસાથે, એક અનુલ્લંઘનીય ધર્મ અને એક સંપૂર્ણ સ્વાતંત્ર્ય, બંને છે. એ એક અનુલ્લંઘનીય ધર્મ એટલા માટે છે કે એ આપણી દરેક, આંતરિક અને બાહ્ય, ક્રિયાનું, એક અફર સત્ય વડે, સંચાલન કરે છે; અને તેમ છતાં, હરેક પળે અને હરેક ક્રિયામાં, એક પ્રભુ-દત્ત નિરપેક્ષ સ્વાતંત્ર્ય આપણી સચેતન અને મુક્ત બનેલ પ્રકૃતિની નખ-શીખ મુલાયમતાનો ઉપયોગ કરે છે.

નૈતિક આદર્શવાદીઓ પોતાની નૈતિક સામગ્રીમાં, તેમ જ બૌદ્ધિક અને નૈતિક સિદ્ધાંતોમાં રહેલાં નીચલી કક્ષાનાં સામર્થ્ય અને તત્ત્વોમાં આ પરમ ધર્મને શોધવા મથે છે; અને તેમને ટકાવી રાખવા કે વ્યવસ્થિત કરવા વ્યવહારનો કોઈ એક એવો મૂળભૂત સિદ્ધાંત એ પસંદ કરે છે કે જે પોતે જ મૂળમાં તકલાદી હોય છે અને જે બુદ્ધિ, ઉપયોગ, ઉપભોગ, તર્ક, નૈતિક-સ્ફુરણાનાં કે બીજાં કોઈ સર્વસામાન્ય ધોરણ વડે ઊભો થએલો હોય છે.

---

૧. આથી જ ભગવદ્ ગીતામાં "ધર્મ" (કે જેનો અર્થ ધાર્મિક કે નૈતિક જાતના અર્થ કરતાં વિશેષ છે) શબ્દની વ્યાખ્યા છે: આપણા આત્મતત્ત્વના સ્વ-ભાવથી નિયંત્રિત કર્મ (action controlled by our essential manner of self-being).

આવા બધા જ યત્નો નિષ્ફળ જવા નિર્માએલા હોય છે. આપણી આંતરિક પ્રકૃતિ એ તો સનાતન આત્મતત્ત્વની વિકસ્યે જતી અભિવ્યક્તિ છે; વળી, કોઈ એક જ બૌદ્ધિક કે નૈતિક, સિદ્ધાંતથી ન બાંધી શકાય તેવી, એક અટપટી શક્તિ છે. અતિમાનસિક ચેતના એ જ એકમાત્ર એવી શક્તિ છે કે જે તેની વિવિધ-માર્ગી અને ઝગડતી શક્તિઓને તેમનું આધ્યાત્મિક સત્ય ખુલ્લું કરી દેખાડવા, અને તેમના ફાંટાઓને મેળમાં મૂકવા સમર્થ છે.

પછીથી શરૂ થએલા ધાર્મિક સંપ્રદાયોએ વ્યવહાર માટેનાં એકાદ ઉચ્ચ સત્યનો કોઈ પ્રકાર સ્થાપિત કરવાનો એકાદ પદ્ધતિ ઊભી કરવાનો અને કોઈ અવતાર કે પયગંબરના મુખે ઈશ્વરી કાયદાને જાહેર કરાવવાનો યત્ન કર્યો છે. આવી પદ્ધતિઓ નીતિના નીરસ ખ્યાલોના કરતાં તો વધારે સમર્થ અને સક્રિય હોય છે જ; પણ તેઓ મોટે ભાગે તો માત્ર નૈતિક સિદ્ધાંતોનાં જ આદર્શવાદી મહિમા પામેલાં સ્વરૂપ હોય છે અને તેમને ધાર્મિક ભાવાવેષથી પવિત્ર બનાવેલાં હોય છે તથા અતિમાનવીય ઉદ્ગમનું લેબલ મારેલું હોય છે. ખ્રિસ્તી જેવાં કેટલાંક ઉગ્ર નૈતિક ધોરણોને પ્રકૃતિએ રદ કરી નાખ્યાં છે કારણકે તેઓ કોઈક અનાચરણીય અબાધિત નિયમો માટે અવ્યવહારુ આગ્રહ રાખતાં હતાં. બીજાં કેટલાંક, છેવટે, સુધર્યે જતાં સમાધાન જેવાં નીવડ્યાં અને તેથી જમાનો આગળ વધતાં જૂનાં પુરાણાં બની ગયાં. આ બધાં તો બુદ્ધિએ છાપેલાં, સાચા દિવ્ય ધર્મનાં ખોટાં નોટ જેવાં છે; પણ એ સાચો દિવ્ય ધર્મ પોતે કાંઈ અક્કડ નૈતિક નિર્ણયોની કોઈ એવી પદ્ધતિ જેવો નથી કે જે પોતાનાં બીબાંઓમાં જીવનનાં બધા જ વ્યાપારોને ઢાળવા માંડે. દિવ્ય ધર્મ તો છે જીવનનું સત્ય, અને આત્માનું ય; એ તો આપણાં કાર્યનાં દરેક અંગને અને આપણાં જીવન-પ્રસંગોની બધી જ આંટીઘૂંટીઓને એક મુક્ત અને જીવંત મુલાયમતાથી હાથમાં લેશે અને તેમને સનાતન પ્રકાશના સીધા જ સ્પર્શથી પ્રેરણા આપશે. તે કોઈ નિયમ કે સિદ્ધાંત તરીકે નહિ પણ એક એવી, ચારે બાજુ ફરી વળતી અને આરપાર ઊતરતી સચેતન સન્નિધિ તરીકે કાર્ય કરશે કે જે પોતાની, અચૂક શક્તિ અને જ્ઞાન વડે આપણા બધા જ વિચારો, પ્રવૃત્તિઓ, લાગણીઓ, સંકલ્પના આવેગો, એમ બધા અંગેના નિર્ણયો લેશે.

જૂના સમયના ધર્મોએ પોતાના ડહાપણભર્યા નિયમો ઘડ્યા, મનુ કે કન્ફ્યુશિયસની ધર્માજ્ઞાઓ રજૂ કરી, જટિલ શાસ્ત્રો દ્વારા સામાજિક સિદ્ધાંતો અને નૈતિક નિયમોને આપણી સર્વોચ્ચ પ્રકૃતિનાં કેટલાંક સનાતન તત્ત્વો સાથે બેસાડી એકાદ સંયોજન રચવાના યત્નો કર્યા; આ ત્રણેયને સનાતન ધર્મનાં

એકસરખાં અંગો ગણી એક જ આસને બેસાડ્યાં. પણ આમાંના બે તો વિકસતાં તત્ત્વો હોઈ તે તે જમાના માટે જ સાચાં છે, બુદ્ધિની રચનાઓ છે, સનાતન પુરુષના સંકલ્પનાં માનવીય અનુમાનો છે; ત્રીજા તત્ત્વને કેટલાક સામાજિક અને નૈતિક સિદ્ધાંતો સાથે જોડેલું અને તેમને આધીન કરેલું, હોવાથી તેમનું નસીબ તે તેનું નસીબ થયું. શાસ્ત્ર કાં તો જુનવાણી થઈ જઈ ચાલુ ફેરફારો માગી લે છે—કે, છેવટે, નકામું થઈ જાય છે—, અથવા તો વ્યક્તિ અને સમાજના આત્મવિકાસમાં એક અક્કડ અંતરાય બની જાય છે. શાસ્ત્રો બધાંને માટેનાં, અને બાહ્ય, ધોરણો રચે છે; તે, વ્યક્તિની આંતરિક પ્રકૃતિને, તેનામાં રહેલ ગુપ્ત આધ્યાત્મિક શક્તિનાં વિશિષ્ટ તત્ત્વને બાજુ પર રાખે છે. પણ વ્યક્તિની પ્રકૃતિ એમ બાજુ પર ના રહી શકે; તેની માગણી પૂરી મક્કમ હોય છે. વ્યક્તિના બાહ્ય સ્વચ્છંદોને બેકાબુ બહેલાવવાથી અરાજકતા અને વિનાશ આવી પડે; પણ તેના આત્માની સ્વતંત્રતાને કોઈ અબાધ્ય અને જડ નિયમ વડે દાબી દેવાથી કે દમન કરવાથી તો નર્યું બંધન કે આંતરિક મૃત્યુ જ નોતરાય. આવું કોઈ દમન કે બાહ્ય મર્યાદા નહિ પણ પોતાનાં સર્વોચ્ચ આત્મતત્ત્વની અને પ્રગતિશીલ એક સનાતન સત્યની મુક્ત ખોજ એ જ છે વ્યક્તિની પરમ શોધ.

કોઈ વ્યક્તિ પોતાની બુદ્ધિ, સંકલ્પશક્તિ અને ચૈત્યસિક સમજના પ્રદેશમાં જઈને નીતિનું ઉચ્ચ ધોરણ શોધી કાઢે છે અને પછી તેને સમાજમાં પ્રસારે છે. સર્વોચ્ચ ધોરણની શોધ પણ વ્યક્તિએ જ કરવાની છે, પણ તે પોતાના આત્મામાં જઈને. તે પછી જ તેનો બીજાઓમાં પ્રસાર કરી શકાય, —અને તે પણ, માનસિક ખ્યાલ વડે નહિ પણ આધ્યાત્મિક પ્રભાવથી. ચેતનાની જે કક્ષા કે બુદ્ધિ, સંકલ્પ અને ચૈત્યસિક સમજની જે સૂક્ષ્મતા પ્રાપ્ત કરવાથી નૈતિક ધોરણ એક સત્ય કે જીવંતશક્તિ બની રહે છે એ કક્ષા કે સૂક્ષ્મતાએ નહિ પહોંચેલા સંખ્યાબંધ માણસો ઉપર નૈતિક ધોરણને નિયમ બનાવીને, કે આદર્શ તરીકે, ઠસાવી શકાય છે. તેનું આચરણ કર્યા વિના પણ એક આદર્શ તરીકે તેને માનભર્યું સ્થાન આપી શકાય છે. તેનો આંતરિક અર્થ જરા પણ પકડ્યા વિના, એક નિયમ તરીકે તેનું બાહ્ય આચરણ કરી શકાય છે. અતિમાનસિક અને આધ્યાત્મિક જીવન આવી કોઈ યંત્રવત્ રીતે કાર્ય ના કરી શકે; કે ના હોઈ શકે એનું નિયંત્રણ કોઈ બૌદ્ધિક ખ્યાલ જેવું કે બાહ્ય નિયમવાળું. કામ કરવાના એના પોતાના વિશાળ રસ્તાઓ છે જ, પણ એ રસ્તાઓને યથાયોગ્ય સ્વરૂપ લેવા દેવું જોઈએ; તે બનવા જોઈએ પોતાની ચેતનામાં અનુભવાતી એક સક્રિય પરમ શક્તિનાં

પોતાનાં કર્મો તથા, મન, પ્રાણ અને શરીરનું રૂપાંતર સાધી શકે એટલાં સમર્થ સનાતન-સત્યનાં નિરૂપણો. અતિમાનસિક ચેતના અને આધ્યાત્મિક ચેતનાએ આવાં જ નક્કર, કાર્યસાધક અને અનિવાર્ય છે; તેથી જ, તેમને સર્વ-સામાન્ય બનાવવાં એ જ માત્ર એક એવો સમર્થ રસ્તો છે કે જેની દ્વારા પૃથ્વી પરની સર્વોચ્ચ જીવન-સૃષ્ટિમાં વ્યક્તિગત અને સામુદાયિક પરિપૂર્ણતા મેળવી શકાશે. આપણે પ્રભુની પરમ-ચેતના અને તેનાં નિરપેક્ષ પરમ-સત્યના સતત સંપર્કમાં રહીએ તો જ, અને માત્ર તો જ, પરમ પ્રભુની ચેતનાનું, સક્રિય નિરપેક્ષ પુરુષનું કોઈ સ્વરૂપ આપણી પાર્થિવ સૃષ્ટિને પકડમાં લઈ શકે અને તેના કલહો, ઠોકરો, યાતનાઓ અને અર્થ-હીનતાઓને પરમ પ્રકાશ, સામર્થ્ય અને આનંદના એક મૂર્ત સ્વરૂપમાં રૂપાંતર આપી શકે.

પરમ પ્રભુ સાથેના, આત્માના સતત સંપર્કની પરમ અવસ્થા એને જ આપણે કહીએ છીએ પ્રભુના દિવ્ય સંકલ્પને આપણી સંપૂર્ણ શરણાગતિ, અને, સર્વ-મય એ "એક"માં, વિખૂટા પડેલા આપણા અહમનો લય. આત્માની એક વિશાળ વિશ્વરૂપતા, સર્વ કોઈ સાથેની એક ઘનિષ્ઠ એકરૂપતા એ જ તે અતિમાનસિક ચેતનાનો અને આધ્યાત્મિક જીવનનો પાયો અને તેને માટેની નિશ્ચિત શરત. એકમાત્ર એ જ વિશ્વરૂપતા અને એકરૂપતામાંથી આપણને મળશે દેહધારી આત્માના જીવનમાં થનારા પ્રભુના આવિર્ભાવનો પરમ ધર્મ; એકમાત્ર એમાંથી જ આપણને દેખા દેશે આપણી વ્યક્તિગત પ્રકૃતિની પરમ ગતિ અને સાચી લીલા. એકમાત્ર એમાં જ આ નિમ્ન અસંગતિઓ પોતે વિસર્જન પામી સર્જન કરશે એક વિજયી સંવાદિતાનું; એક જ પ્રભુના અંશરૂપ અને એક જ જગદંબાના બાળકોરૂપ આવિર્ભાવ પામેલ જીવોની વચ્ચે સાચા સંબંધોની વિજયી સંવાદિતાનું

* * *

બધા જ વ્યવહાર અને કર્મો એ એક મહાશક્તિની, એક પરમ સામર્થ્યની (કે જેનું મૂળ, અને ગુપ્ત અર્થ અને સંકલ્પ, અનંત અને દિવ્ય છે તેની) પ્રવૃત્તિના એક ભાગરૂપ છે; આપણને દેખાતાં એનાં બાહ્ય કાર્યો અસંગત કે અંધ, ભૌતિક, પ્રાણિક, માનસિક અને મર્યાદિત ભલે લાગતાં હોય પણ એ મહાશક્તિ તો વ્યક્તિની અને સમષ્ટિની પ્રકૃતિની અંધતામાંથી પરમ દિવ્યતા અને અનંતતાના કોઈક ભાગને ધીમે ધીમે બહાર લાવવાનાં કામે લાગેલી છે. આ સામર્થ્ય દોરે છે તો પરમ પ્રકાશની તરફ પણ અંધકારના રસ્તેથી. માણસને તે સૌથી પહેલાં તો, તેની જરૂરિયાત અને ઇચ્છાઓમાંથી આગળ દોરે છે; પછીથી તે તેની વિશાળ બનેલી જરૂરિયાતો અને

ઇચ્છાઓને એક બૌદ્ધિક અને નૈતિક આદર્શની મદદથી ઘડીને અને અજવાળીને આગળનો માર્ગ દેખાડે છે. એ તેને એક એવા આધ્યાત્મિક સાક્ષાત્કાર તરફ દોરે છે કે જે પેલી બાબતોને વટાવી જાય છે, અને સાથે સાથે, તેમનાં હાર્દ અને હેતુમાં જે કાંઈ દિવ્ય રીતે સાચું છે ત્યાં તેમનો મેળ મેળવી તેમને કૃતાર્થ પણ કરે છે. તે જ જરૂરિયાતો અને ઇચ્છાઓનું એક દિવ્ય સંકલ્પશક્તિ અને પરમ આનંદમાં રૂપાંતર કરે છે. તે બૌદ્ધિક અને નૈતિક અભીપ્સાઓનું, તેમનાથી પર એવી પરમ સત્ય અને પરમ પૂર્ણતામાં રૂપાંતર કરે છે. તે વ્યક્તિગત પ્રકૃતિનાં વિભક્ત ચળામણની, વ્યક્તિના અલગ અહમ્‌ના આવેગો અને અથડામણની, જગ્યાએ આપણી અંદર વસેલાં, વિશ્વરૂપ પુરુષનો, કેન્દ્રસ્થ જાતનો, પરમાત્માના અંશરૂપ આત્માનો પ્રશાંત, ગહન, સંવાદી અને સુખભર્યો ધર્મ મૂકી આપે છે. આપણી અંદર વસેલો આ સાચો પરમપુરુષ વિશ્વરૂપ હોઈ પોતાનો અલગ આનંદ ઝંખતો નથી, પણ પ્રકૃતિમાં પોતાની બાહ્ય અભિવ્યક્તિ દ્વારા પોતાના સાચા વિસ્તારને વિકસાવવાની, પોતાની આંતરિક દિવ્ય જાતની અભિવ્યક્તિની માગણી કરે છે; તેની આ આંતરિક દિવ્ય જાત એ તો છે પરાત્પર, આધ્યાત્મિક સામર્થ્ય અને સન્નિધિ કે જે સર્વ કોઈ સાથે એકરૂપ છે, અને પ્રત્યેક પદાર્થ, અને પ્રાણી, અને દિવ્ય સત્-તાની સમગ્ર સમૂહ-જાત અને સમૂહ-શક્તિ સાથે સહભાવી છે, અને છતાં તે, તે સર્વેને વટાવી જાય છે; કોઈ પણ પ્રાણી કે સમૂહના અહમ્‌થી નથી તો તે બંધાતી કે નથી તેમની નિમ્ન પ્રકૃતિની અજ્ઞાની અટકાયતથી અટકી પડતી. આ જ છે આપણી સર્વ શોધો અને ઝંખનાઓની સામે રાહ જોતો દિવ્ય સાક્ષાત્કાર; આપણી પ્રકૃતિનાં સર્વ અંગોનું એક પરિપૂર્ણ સમાધાન અને રૂપાંતર એ છે એનું અફર વરદાન. જ્યારે એ વરદાન સાકાર થશે અને આપણે આપણાં અંતરમાં ગુપ્તવાસ કરતા આ પરમાત્માને પહોંચી શકીશું ત્યારે જ એક શુદ્ધ, સર્વગ્રાહી અને ખામી-હીન કાર્ય શક્ય બનશે.

અવિશુદ્ધ અતિમાનસિક કાર્ય કોઈ એક જ સિદ્ધાંત કે મર્યાદિત નિયમને નહિ અનુસરે. કોઈ વ્યક્તિગત અહમ્-વાદી અથવા કોઈ સંયોજિત સમૂહ-માનસ એ બેમાંથી કોઈ પણ એ કે નક્કી કરેલું ધોરણ એ સ્વીકારે એવો સંભવ નથી. એ ન તો દુનિયાદારીના કોઈ વ્યવહારુ માણસની, કે નહિ કોઈ સિદ્ધાંત-પ્રિય નીતિ-વાદીની, કે કોઈ દેશભક્તની, કે કોઈ લાગણી-વશ માનવ-પ્રેમીની, કે કોઈ આદર્શ-નિરૂપક તત્ત્વચિંતકની માગણીઓનો સો ટકા સ્વીકાર કરશે. બૌદ્ધિક તર્ક-શક્તિ કે નૈતિક સંકલ્પ-શક્તિ જે કાંઈ સિદ્ધ કરી શકે

તેમ છે તે તો છે નિશ્ચિત, માપબંધ, ધોરણબદ્ધ કાર્ય; એને અનુસરીને નહિ પણ એક પ્રકાશપૂર્ણ અને ઊર્ધ્વસ્થિત જાત, સંકલ્પ અને જ્ઞાનની સમગ્રતારૂપ શિખરમાંથી સહજ વહી આવતાં વહેણરૂપે એ આગળ વધશે. તેનું એકમાત્ર ધ્યેય રહેશે આપણી અંદર રહેલ પ્રભુની અભિવ્યક્તિ અને જે પરમ-આવિર્ભાવ થવાનો છે તે દિશામાં દુનિયાનું અને તેની પ્રગતિનું જોડાણ અને એક હેતુ કે ધ્યેયનાં કરતાં વધારે તો, આ પણ હશે સ્વ-રૂપનો એક સહજ ધર્મ, અને, દિવ્ય સત્યના પરમ પ્રકાશ અને તેની સ્વયં-ચાલિત અસર નીચે અંતઃસ્ફુરણાથી નક્કી થઈ જતું કર્મ. પ્રકૃતિની પાછળ રહેલ એક સમગ્ર સંકલ્પ અને જ્ઞાનમાંથી બહાર આવી પડતાં કાર્યની માફક એ આગળ વધશે પણ તેની પાછળના સંકલ્પ અને જ્ઞાન, અત્યારની જ્ઞાન-હીન અને અંધકારમય પ્રકૃતિનાં જેવાં નહિ હોય,- એ તો હશે સચેતન પરાપ્રકૃતિથી પ્રકાશિત. એ કાર્ય દ્વંદ્વોથી બંધાએલું નહિ પણ આત્માના નિષ્પક્ષ નિજાનંદમાંથી નીપજેલું પરિપૂર્ણ અને વિશાળ હશે. આપણને દોર્યે જતી એક દિવ્ય શક્તિ અને પ્રજ્ઞા વડે પ્રેરાએલી અને સુખ-સભર એક ગતિ, રિબાતા અને અજ્ઞાની અહમ્‌ની મૂંઝવણો અને ઠોકરોને સ્થાને સ્થપાશે.

જો પ્રભુના કોઈ ચમત્કારને પરિણામે સમગ્ર માનવજાતિને આ કક્ષાએ ચડાવી દેવામાં આવે તો આપણી સમક્ષ ખડો થઈ જાય પુરાણોક્ત સુવર્ણયુગ, સત્યયુગ, સત્ય કે સાચાં અસ્તિત્વનો યુગ; કારણકે સત્યયુગનું લક્ષણ છે પ્રાણીમાત્રમાં સહજ અને સચેતન ધર્મ, અને એ ધર્મ વડે થતું, પૂર્ણ સંવાદ અને સ્વાતંત્ર્ય યુક્ત કર્મ. અલગ અલગ ભાગલા નહિ પણ એકરૂપતા અને વિશ્વરૂપતા એ બની રહે માનવજાતની ચેતનાનો પાયો; પ્રેમ બની રહે નિરપેક્ષ; સમાનતા બની રહે ઊંચ-નીચ કક્ષા સાથે સુસંગત અને ભેદભાવ હોવા છતાં પરિપૂર્ણ; પદાર્થમાત્રમાં, પોતાનામાં અને અન્યમાં રહેલ સત્ય સાથે સુસંગત બનેલ જાતમાંથી સહજ વહેતાં કર્મને પરિણામે નિરપેક્ષ ન્યાય સુરક્ષિત સ્થપાઈ જાય અને તેથી તેનાં સાચાં અને યોગ્ય પરિણામો પણ સલામત બની જાય; માનસિક મટી અતિમાનસિક બનેલી સાચી સમજ-શક્તિ કૃત્રિમ ધોરણોના પાલનથી નહિ પણ સાચા સંબંધો, અને તેમાંથી અનિવાર્ય રીતે થતાં કાર્યોની સહજ અને સ્વતંત્ર સમજથી સંતોષાશે. વ્યક્તિ અને સમાજ વચ્ચેના ઝગડા, અને જાતિ જાતિ વચ્ચેના ભયંકર વિગ્રહો સંભવી જ નહિ શકે. વિશ્વગત ચેતના દેહધારી વ્યક્તિઓમાં અંતર્ગત થઈ એકતામાં પણ સંવાદપૂર્ણ વિવિધતા સ્થાપિત કરી દેશે.

પણ માનવજાતની હાલની હાલત જોતાં, એક આદ્ય સ્થાપક અને

પુરોગામી બનીને કોઈ વ્યક્તિએ જ આટલે ઊંચે ચડવું પડશે. તે વિખૂટો પડીને આ કાર્ય કરવા લાગે તેથી તેની બાહ્ય પ્રવૃત્તિઓ જે જાતની બનશે, અને જેવી રીતે અમલમાં આવશે, તે સચેતન રીતે થતાં દિવ્ય સમૂહ-કાર્યના કરતાં તદ્દન જુદી જ જાતની હશે. તેનાં કર્મોની આંતરિક હાલત અને તેનાં મૂળ તો એ જ જાતનાં રહેશે, પણ અજ્ઞાનમાંથી મુક્ત બનેલી દુનિયામાં જેવાં કર્મો હોય તેના કરતાં એ કર્મો બહુ જુદાં હોઈ શકે છે. તે ગમે તેમ, પણ તેની ચેતના અને તેના વ્યવહારની દિવ્ય યાંત્રિકતા (એવા સ્વાતંત્ર્યભર્યાં વ્યવહાર માટે "યાંત્રિકતા" શબ્દ યોગ્ય હોય તો) તે ઉપર કહ્યા પ્રમાણે જ હશે; આપણે જેને પાપ કહીએ છીએ તે પ્રાણની અશુદ્ધિઓ, વાસનાઓ અને ખોટા આવેગોની ધૂંસરીમાંથી મુક્ત; આપણે જેને પુણ્ય કહીએ છીએ તે નિશ્ચિત, નૈતિક, નિયમોનાં નિયમનોમાંથી વિમુક્ત; માનસિક ચેતનાના કરતાં વધારે મહાન એવી એક ચેતના વડે, સહજ રીતે જ, વિશ્વાસપૂર્ણ, વિશુદ્ધ અને પરિપૂર્ણ; પગલે પગલે પરમાત્માના પ્રકાશ અને સત્યથી સંચાલિત. પણ જો અતિમાનસિક પરિપૂર્ણતા પ્રાપ્ત કરેલ વ્યક્તિઓનો એક સમૂહ કે સંઘ સ્થાપી શકાય તો, જરૂર, ત્યાં એક દિવ્ય સર્જન સાકાર થઈ શકે; એક એવી નવી પૃથ્વી અવતરે જે એક નૂતન સ્વર્ગ બની રહે; આ પાર્થિવ અજ્ઞાનના ઓગળતા અંધકારની વચ્ચે એક અતિમાનસિક પ્રકાશની દુનિયા સર્જન પામી જાય.

પ્રકરણ : ૮

# સર્વોપરિ સંકલ્પશક્તિ

આત્મ-તત્ત્વ ધીમે ધીમે પ્રગટ થઈ રહ્યું છે; શરૂઆતમાં, આદિ અજ્ઞાનનાં દેખીતાં બંધનમાં રહીને, તો પછીથી, પરમ અનંત તત્ત્વનાં સામર્થ્ય અને પ્રજ્ઞામાં મુક્ત બનીને. જો આ વાત બરાબર સમજાઈ જાય તો "સર્વે ધર્મો, સર્વે સિદ્ધાંતો, ફરજો અને નીતિનિયમો ત્યજી દઈને એકમાત્ર મારું શરણ લે"[1] એ, કર્મયોગીને ફરમાવેલ, ગીતાનો મુકુટરૂપ મહાન ઉપદેશ વધારે સારી રીતે સમજી શકાય. વ્યવહારનાં બધાં જ ધોરણો અને નિયમો એ, જડ તત્ત્વમાંથી આત્મતત્ત્વ તરફ આગળ વધી રહેલા અહમ્‌ની જરૂરિયાત ઉપર ઊભાં કરાએલાં કામચલાઉ ચણતરો છે. જ્યાં સુધી આપણે વચગાળાની ભૂમિકાઓમાં સંતોષ લેતા, ભૌતિક અને પ્રાણમય જીવનને પર્યાપ્ત ગણતા, બૌદ્ધિક પ્રવૃત્તિઓને વળગી રહેતા, અથવા આધ્યાત્મિક ઝળકાટનો સ્પર્શ પામેલ માનસિક પ્રદેશમાં સ્થિર થઈને પડી રહ્યા હોઈએ ત્યાં સુધી આ કામચલાઉ આધારો, મર્યાદિત રીતે, અનુલ્લંઘનીય હોય છે. પણ તેમનાથી આગળ તો અતિમનસની અનંત ચેતનાના વાડ વિનાના વિસ્તારો વિસ્તરેલા છે; અને બધાં જ કામચલાઉ ચણતરો ત્યાં અટકી પડે છે. જ્યાં સુધી પદાર્થ-માત્રના પરમ માલિક અને પ્રાણીમાત્રના પરમ મિત્રના હાથમાં આપણી સમસ્ત જાત સોંપી દેવા જેટલી શ્રદ્ધા અને હિંમત આપણામાં ના હોય, અને આપણી માનસિક મર્યાદાઓ અને માપપટ્ટીઓને પૂરેપૂરી પડતી ના મૂકતા હોઈએ ત્યાં સુધી અનંત અને શાશ્વત પ્રભુનાં આધ્યાત્મિક સત્યમાં પૂરેપૂરો પ્રવેશ પામવાનું શક્ય નથી. એક એવી પળ આવે જ છે કે જ્યારે કોઈ પણ જાતની હા-ના કે પકડ કે બીક, કે વિરોધ વિના એ મુક્ત, અનંત, પરમ કૈવલ્યના સાગરમાં ભૂસકો મારવો જ પડે છે. નિયમોનાં સામ્રાજ્ય પછી જ પૂર્ણ મુક્તિ; અંગત ધોરણોની પેલે પાર,– સર્વસામાન્યની પેલે પાર, અને સર્વવ્યાપીની પણ પેલે પાર છે સાચી, મહાન, મુલાયમ બંધન-હીનતા, દિવ્ય સ્વતંત્રતા, પરાત્પર શક્તિ અને પરમોચ્ચ પ્રેરણા; આરોહણની

---

૧. सर्व धर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ॥

આકરી પગથીને અંતે ટોચ પરના વિશાળ વિસ્તારો.

આરોહણની ભૂમિકાઓ ત્રણ છે: સૌથી નીચે છે જરૂરિયાત અને ઇચ્છાઓની પકડમાં બંધાએલું શારીરિક જીવન; વચગાળામાં છે વિસ્તૃત હિતો, અભીપ્સાઓ, અનુભૂતિઓ, અને વિચારોની શોધમાં નીકળેલ બૌદ્ધિક, ઊર્મિ-પ્રધાન અને ચૈત્યસિક નિયમો; ટોચ પરની ત્રીજી ભૂમિકામાં નીચેને ભાગે છે એક ગહન-ગભીર ચૈત્યસિક અને આધ્યાત્મિક ભૂમિકા, અને ઉપરના ભાગે, જ્યાં આપણી સર્વ અભીપ્સાઓ અને ઝંખનાઓ પોતાનો સાચો અર્થ સાક્ષાત કરે છે એવી એક અતિ-માનસિક અનંત ચેતના. શારીરિક જીવનમાં પહેલાં તો ઇચ્છાઓ અને જરૂરિયાતો, અને પછીથી વ્યક્તિ અને સમાજનું વ્યાવહારિક ક્ષેમ એની જ ગણતરીઓ બધું નિયંત્રણ કરતી હોય છે અને એ જ હોય છે તેમનું આગળ પડતું બળ. બૌદ્ધિક જીવનમાં રાજ્ય કરતા હોય છે વિચારો અને આદર્શો: વિચારો. એ હોય છે પૂર્ણ સત્યનાં ઓઠાં નીચે રહેલા ધૂંધળા પ્રકાશો; અને આદર્શો, એ હોય છે વિકસતા, છતાં અપૂર્ણ, અંતઃસ્ફુરણો તથા અનુભૂતિઓનાં પરિણામરૂપ બુદ્ધિની રચનાઓ. જ્યારે બૌદ્ધિક જીવન આગેવાન બને છે અને શારીરિક જીવન પોતાની પાશવી હઠો હળવી કરે છે ત્યારે મનોમય માનવ વ્યક્તિગત જીવનને, વિચારો કે આદર્શોને આધારે ઘડવાની માનસિક પ્રકૃતિની પ્રેરણા મેળવે છે અને, છેવટે, સમાજનાં ધૂંધળાં અને જટિલ જીવનને પણ આ સૂક્ષ્મ પલટો સ્વીકારવાની ફરજ પડે છે. આધ્યાત્મિક જીવનમાં; અથવા તો, જ્યારે મનઃ શક્તિનાં કરતાં વધારે ઊર્ધ્વ શક્તિ પ્રગટ થઈને પ્રકૃતિને પોતાને કબજે લે છે ત્યારે, આ મર્યાદિત પ્રેરક-બળો પાછાં હઠવા માંડે છે. નબળાં પડે છે, વિલય તરફ વળવા માંડે છે. ત્યારે આધ્યાત્મિક કે અતિમાનસિક પરમ-આત્મા, દિવ્ય પુરુષ, સર્વોપરિ અને અન્તર્ગત બ્રહ્મ, એ જ એકમાત્ર આપણો અંતઃસ્થ માલિક બની રહેવો જોઈએ અને તેણે જ, આપણા સ્વધર્મની એટલે કે આપણી પ્રકૃતિના ધર્મની, ઊંચામાં ઊંચી, વિશાળમાં વિશાળ અને વધારેમાં વધારે પૂર્ણ અભિવ્યક્તિ અનુસાર આપણા અંતિમ વિકાસને મુક્ત રીતે ઘડવો જોઈએ. છેવટે, એ પ્રકૃતિ, પરિપૂર્ણ અને પરમ સત્ય વડે તથા તેનાં સહજ સ્વાતંત્ર્ય વડે જ કાર્યશીલ બને છે; કારણકે તે એકમાત્ર સનાતન પ્રભુની પ્રકાશ-પૂર્ણ શક્તિની જ આજ્ઞા માને છે. પછી વ્યક્તિને કોઈ વસ્તુ મેળવવાની, કોઈ ઇચ્છા પાર પાડવાની રહેતી નથી; એ તો બની ગયો હોય છે સનાતન પ્રભુની બીન-અંગતતાનો એક અંશ. દિવ્ય પરમાત્માની જીવન-લીલા અને પ્રગટીકરણ સિવાય અને, દિવ્ય ધ્યેયના માર્ગે આગળ

ધપી રહેલી પૃથ્વીની ધારણા અને ગતિ સિવાય બીજો કોઈ પણ હેતુ તેને કર્મ કરવા પ્રેરી શકશે નહિ. કોઈ પણ માનસિક વિચારો, અભિપ્રાયો, સિદ્ધાંતો હવે તેના પોતાના રહી શકશે નહિ, કારણકે હવે તો તેનું મન નિરવતામાં સ્થિર થઈ ગયું છે; એ તો બની ગયું હોય છે દિવ્ય જ્ઞાનનાં પરમ પ્રકાશ અને સત્યનો એક ખાલી માર્ગ માત્ર. આદર્શો તો હવે તેના આત્માના વિસ્તાર માટે અતિ અતિ સાંકડા બની રહે છે; હવે તો તેની દ્વારા, અને તેનું પોતાનું પણ, સદાય સંચાલન કરશે અનંતતાનો સાગર જ.

* * *

કર્મયોગનો સાચા દિલથી સ્વીકાર કરનાર દરેક જણે, જરૂરિયાત અને ઇચ્છાઓનાં ધોરણે કર્મો કરવાની ભૂમિકાને ઘટાવવી જ પડે. કારણકે, જો તે યોગનાં ઉચ્ચ ધ્યેયનો સ્વીકાર કરતો હોય તો, પોતાને સતાવતી દરેક ઇચ્છાને અળગી કરીને તેણે અંતરમાં બેઠેલ સનાતન સ્વામીના હાથમાં તે સોંપી દેવી જ જોઈએ. સર્વોપરિ શક્તિ તેને હાથમાં લઈને સાધકનાં, તેમ જ સર્વ કોઈનાં, હિતને ખાતર તેનું ઘટતું કરશે. આપણને જણાશે કે એકવાર આ જાતનું સમર્પણ સ્વીકાર્યું (શરત એટલી કે એ ઇચ્છાને સાચા દિલથી અળગી કરવી જોઈએ) એટલે, તેનાં પરિણામે, પડેલા સ્વભાવને કારણે કેટલોક વખત સુધી ભલે, એ ઇચ્છાના અહમ્‌પ્રધાન ઉપભોગનું આવર્તન થયા કરે, પણ તેણે આજ સુધી પકડેલાં જોરને, એ આવર્તન પોતે જ, ખાઈ જશે; અને, ઇચ્છાઓના ઉપભોગને અંતે મળતી ગ્લાનિ તથા ક્ષોભને ઉચ્ચ શાંતિના પ્રશાંત ગાળા અને દિવ્ય આનંદની અદ્‌ભુત ક્ષણોની સરખામણીમાં એવાં તો કડવાં કરી એવી તો અણગમતી દેખાડશે કે જેથી સાધકની દેહધારી જાતના બહેરામાં બહેરા ભાગને, તેની નાડીમય, પ્રાણમય, ઊર્મિલ પ્રકૃતિને પણ પાઠ મળી જશે કે મુક્તિ ઝંખતા, કે પોતાની મૂળ દિવ્ય પ્રકૃતિની અભીપ્સા સેવતા આત્માને માટે અહમ્-પ્રધાન ઇચ્છાઓ એ કોઈ ફાયદો નથી. પછીથી, તેમને સતત રીતે જાકારો દેતી, અને તેમનું રૂપાંતર કરતી એક આગ્રહશીલતા એના આવેગોમાં રહેલ ઇચ્છાનાં તત્ત્વને ફેંકી દેશે કે ખંતપૂર્વક અળગું કરી નાખશે. તે આવેગોમાં એક શુદ્ધ કર્મ-શક્તિ, "પ્રવૃતિ", રહેલી હોય છે; ઊર્ધ્વમાંથી પ્રેરાતાં, કે આજ્ઞારૂપે આવતાં, બધાં જ કર્મો અને તેનાં પરિણામોમાં એ એકસરખો આનંદ લેતી હોવાને લીધે સ્વીકાર્ય હોય છે; તેને સાચવી રાખવામાં આવે છે જેથી, તેમાંથી, અંતિમ પરિપૂર્ણતા માટેની એક સુખપૂર્ણ સંવાદિતા સર્જાવી શકાય. કામ કરવું અને માણવું એ જ છે આપણી નાડીમય જાતનો સાચો ધર્મ અને અધિકાર. પણ

પોતાનું કર્મ અને તેના ઉપભોગની, અહમ્-પ્રધાન ઇચ્છા વડે પસંદગી કરવી એ તો માત્ર તેનો અજ્ઞાનભર્યો સંકલ્પ હોય છે, અધિકાર નહિ. એકમાત્ર સર્વોપરિ અને વિશ્વવ્યાપી સંકલ્પશક્તિ જ પસંદગી કરી શકે; કર્મોએ એ જ સંકલ્પશક્તિની સક્રિય ગતિમાં પલટાઈ જવું જોઈએ; ઉપભોગનું સ્થાન એક શુદ્ધ આધ્યાત્મિક આનંદની લીલાએ લેવું જોઈએ. બધી જ અંગત સંકલ્પ-શક્તિ એ કાં તો ઊર્ધ્વમાંથી આવતો કોઈ કામચલાઉ પ્રતિનિધિ હોય છે અથવા તો અજ્ઞાની અસરોની એક ઘૂસણખોરી હોય છે.

આપણી પ્રગતિનાં બીજાં પગલાં રૂપ સમાજના નિયમો એ, આપણા અહમ્‌ને હાથમાં લઈ, એક વધારે મોટા, સામુદાયિક અહમ્‌ના કબજામાં મૂકી, તેને શિસ્ત શિખવવાનું એક સાધન છે. આ સામાજિક કાયદાઓમાં જરા પણ નૈતિક તત્ત્વ ના હોય પણ, સમાજે પોતે કલ્પેલી સમાજની જરૂરિયાતો અને વ્યાવહારિક હિતો જ માત્ર ભરેલાં હોય એમ પણ બને; અથવા એમ પણ બને કે એ જરૂરિયાતો અને હિતો કોઈ ઊંચા નૈતિક કે આદર્શવાદી નિયમોથી ઘડાએલ, રંગાએલ અને પૂર્તિ પામેલ પણ હોય. જ્યાં સુધી એ, વ્યક્તિની પોતાની, વાજબીપણાની ઊંચી વ્યાખ્યાની વિરુદ્ધ ના જાય ત્યાંસુધી તે, સમાજ પ્રત્યેની ફરજો, કુટુંબ માટેની જવાબદારી, કે સમૂહ કે દેશની જરૂરિયાતોરૂપે, વિકાસ પામતી (પણ હજી સુધી પૂરો વિકાસ નહિ પામેલી) વ્યક્તિઓને માટે બંધનકારક હોય છે જ. પણ, કર્મયોગનો સાધક તો આને પણ કર્મોના સાચા માલિકના હાથમાં છોડી દેશે. આવું સમર્પણ થઈ જતાં, તેની ઇચ્છાઓની માફક, આ સામાજિક પ્રેરક-બળો અને નિર્ણયોને, તેઓ ઘસાઈ જાય તેમ, વાપરી નાખવામાં આવશે અથવા તો, જરૂર પ્રમાણે, કેટલાક સમય સુધી તેને કામમાં લઈ સમગ્ર માનવજાતિનાં કે માનવજાતના કોઈક સમૂહનાં કર્મો, આશાઓ કે અભીપ્સાઓ સાથે સાધકની નિમ્ન પ્રકૃતિને એકરૂપ કરવામાં મદદરૂપ બનવામાં આવશે. પણ એ ટૂંકા ગાળા પછી તેમને હઠાવી દેવામાં આવશે અને એકમાત્ર દિવ્ય નિયંત્રણ જ સત્તાધીશ બની રહેશે; પછી માનસિક પ્રકૃતિ દ્વારા નહિ પણ એકમાત્ર દિવ્ય ચેતના દ્વારા જ તે પરમ પ્રભુની સાથે, અને અન્ય લોકો સાથે, એકરૂપ બની રહેશે.

આમ મુક્ત બન્યા પછી પણ સાધક દુનિયામાં જ રહેશે, અને દુનિયામાં રહેનારે કર્મો પણ સ્વીકારવાનાં હોય જ. પણ, કર્મો તો સ્વીકારવાં પણ ઇચ્છાઓ રાખ્યા વિના, એનો અર્થ એ કે આખી દુનિયાનાં કે માનવજાતનાં કે સહવાસીઓનાં ભલાં માટે કામ કરવું, અથવા પૃથ્વી પર વિકસાવવાનાં કોઈ નવસર્જન માટે કે અંતરમાં જાગતી પ્રભુ-ઇચ્છાના આદેશ પ્રમાણે કામ

કરવું. અને આ જાતનું કામ તો મળેલા સંજોગોની વચ્ચે કે જન્મભૂમિના કે નિવાસ-સ્થાનના જન-સમૂહમાં, અથવા તો, પ્રભુએ ચીંધેલ કે ઊભાં કરેલ કોઈ અન્ય ક્ષેત્રમાં કરવાનું રહે. એટલે, પોતાની પરિપૂર્ણતાને ખાતર સાધકે પોતાના મનમાં એવું કાંઈ પણ સંઘરી નથી રાખવાનું કે જે જનતા કે માનવજાતની સાથે સંઘર્ષમાં આવતું હોય કે તેમને માટેની, અથવા, પ્રભુની જે કોઈ સામુદાયિક અભિવ્યક્તિને દોરવા, મદદ કરવા કે તેની સેવા કરવા તે સર્જાયો હોય, તેમને માટેની તેની સહાનુભૂતિ કે એકરૂપતામાં અંતરાયરૂપ થતું હોય. પણ, છેક છેવટે તો પરમ પ્રભુની સાથે તદ્રૂપતા દ્વારા એ એક મુક્ત એકરૂપતા બની રહેવી જોઈએ,— અને નહિ કે કોઈ માનસિક બંધન કે નૈતિક ઐક્યને પરિણામે કે કોઈ અંગત રાષ્ટ્રીય, સામાજિક, સાંઘિક કે સાંપ્રદાયિક અહંકારના ભાર-વાળા કોઈ પ્રાણમય સંબંધને લીધે. સાધક કોઈ સામાજિક નિયમને માન આપશે તો તે કોઈ ભૌતિક જરૂરિયાત કે અંગત કે સામુદાયિક હિતનાં ભાનથી કે કોઈ કાર્ય-સાધકતાને ખાતર કે સંજોગોનાં દબાણથી કે ફરજનાં ભાનથી નહિ પણ સર્વકર્મના સ્વામીરૂપ એકમાત્ર ભગવાનને ખાતર અને, એટલા માટે કે તેને ચોખ્ખે ચોખ્ખું જાણવા મળ્યું છે, કે પ્રભુની ઇચ્છા એવી છે કે અત્યારના સામાજિક નિયમો, કે કાયદાઓ કે સંબંધો હજી આંતરજીવનના અંગરૂપ સાચવવા જેવા છે અને તેમને તોડીને માણસોના મનમાં ખલેલ પાડવાની નથી. તો વળી, સાધકને જો કોઈ સામાજિક નિયમ, કાયદા કે સંબંધને અવગણશે તો તે પણ કોઈ ઇચ્છા, અંગત નિર્ણય કે અંગત અભિપ્રાયને પોષવા માટે નહિ હોય, પણ એ તો એટલા માટે હશે કે પરમાત્માના કાયદાની વાચારૂપ કોઈ વધારે સારા નિયમની તેને અનુભૂતિ થઈ છે, અથવા તો, તેને ચોખ્ખે ચોખ્ખું જાણવા મળ્યું છે કે પ્રભુનો સર્વશક્તિમાન સંકલ્પ આગળ વધે એટલા માટે અત્યારના કાયદાઓને બદલવાની, વટાવી જવાની કે તોડી પાડવાની પ્રવૃત્તિ અનિવાર્ય બની છે કે જેથી કરીને દુનિયાની પ્રગતિ માટે જરૂરી એવું એક વધારે મુક્ત અને વિશાળ જીવન હયાતીમાં આવે.

હજી નૈતિક નિયમો કે આદર્શ તો બાકી પડ્યા છે; ઘણા લોકો એવા હોય છે કે જેઓ પોતાની જાતને આઝાદ માનતા હોય છે પણ તેઓ ય આ નૈતિક નિયમો કે આદર્શોને તો કાયમ માટે પવિત્ર, અને અનામત, માનતા હોય છે. પણ સાધકની દૃષ્ટિ તો હમેશાં ઊર્ધ્વ પર જ મંડાએલી હોવાથી તે તો તેમને પણ તેને જ સોંપી દેશે કે જેને વ્યક્ત કરવા સર્વ આદર્શો, જેવીતેવી અપૂર્ણતાથી અને આંશિક રીતે, મથી રહ્યા છે; બધા જ નૈતિક

ગુણો પણ તેની જ, સહજ અને અમર્યાદિત, પરિપૂર્ણતાનો એક અકિંચન, અક્કડ અને અરૂપ અંચળો માત્ર જ છે. પ્રાણમય ઇચ્છાઓનો નાશ થતાં જ પાપ અને અનિષ્ટનું બંધન પણ નાશ પામે છે, કારણકે એ બંધન. રજોગુણના દબાણને, પ્રાણના આવેગને આભારી હોય છે; એટલે રજોગુણનું રૂપાંતર થતાં તે અદશ્ય થઈ જાય છે. પણ સાધકે તો રિવાજ કે રૂઢિ-સંચાલિત કે બુદ્ધિ-પ્રધાન કે ખુદ ઉચ્ચ અને શુદ્ધ સાત્ત્વિક સદ્ગુણોનાં, ઓપવાળાં કે સોનેરી, બંધનોથી પણ બંધાએલા નથી રહેવાનું. પાપની માફક પુણ્યને પણ બદલી નાખવાનું છે; માણસો જેને સદ્ગુણ સત્-ગુણ, કે પુણ્ય કહે છે એ તો એક નાનીશી અને અધુરી વસ્તુ છે અને તેની જગ્યાએ એક વધારે મહન અને જરૂરી વસ્તુ મૂકી આપવાની છે; સદ્ગુણ, સત્ત્વ-ગુણનો અસલ અર્થ હતો માણસાઈ, માણસપણું; અને એ વસ્તુ તો નૈતિક બુદ્ધિ કે તેના ઘડેલા સિદ્ધાંતોનાં કરતાં ઘણી વિશાળ અને ઊંડી વસ્તુ છે. પણ કર્મયોગનાં શિખર-રૂપ સ્થિતિ તો તેનાં કરતાંય વધારે ઉચ્ચ અને ગહન છે; કદાચ તેને "આત્માઈ" કે "આત્મ-પણું" કહી શકાય, અને આત્મા એ તો માણસનાં કરતાં વધારે મોટી વસ્તુ છે જ. માનવીય સદ્ગુણની જગ્યાએ સ્થપાશે પરમ સત્યનાં અને પરમ પ્રેમનાં કર્મોમાં સહજ રીતે ઊભરાઈ આવતું એક આત્મ-પણું. પણ આ પરમ સત્યને કાંઈ વ્યવહાર બુદ્ધિએ બાંધેલા તુચ્છ મહેલોમાં નિવાસ કરવાની ફરજ ના પાડી શકાય; તો વળી, જરા વધારે વિશાળ આદર્શવાદી બુદ્ધિ, કે જે પોતાનાં સ્વપ્નોને, માનવની મર્યાદિત સમજ ઉપર શુદ્ધ સત્યનાં નામે ઠસાવ્યા કરે છે તેનાં, વધારે ગૌરવવંતાં ચણતરોમાં પણ કેદ ના કરી શકાય. માનવીય આકર્ષણો, સહાનુભૂતિ અને દયામાંથી જે આંશિક અને શક્તિ-હીન, અજ્ઞાની અને ઊર્મિલ ભાવો ઉછળી આવે છે તેમનું બીજું જ નામ કાંઈ પરમ પ્રેમ નથી; કે, તેમની સાથે બંધ-બેસતો થવા નથી બંધાએલો એ પરમ પ્રેમ. એક નાનોશો નિયમ કોઈ વ્યાપક પ્રવૃત્તિને બાંધી ના શકે; મનને મળેલ એક ટુકડો માત્ર ભેટ, આત્માની સર્વોચ્ચ સિદ્ધિ પાસે પોતાની શરતો કબૂલ ના કરાવી શકે.

ઊર્ધ્વમાં રહેલ આ પરમ પ્રેમ અને પરમ સત્ય શરૂઆતમાં તો સાધકના સ્વ-ભાવ, એટલે કે આત્માની પોતાની પ્રકૃતિને ધ્યાનમાં લઈને તેની અંદર પોતાની પ્રવૃત્તિ પાર પાડશે. આ સ્વભાવ કે સ્વ-ધર્મ એ દિવ્ય પ્રકૃતિનું એક ખાસ સ્વરૂપ છે, સર્વોપરિ શક્તિનું વિશિષ્ટ બળ છે, આ જ સર્વોપરિ શક્તિ-માંથી, આ વિશ્વલીલામાં ભાગ લેવા બહાર આવેલ આત્મા પોતે અનંત હોઈ સ્વભાવની મર્યાદાઓમાં બંધાએલો રહેતો નથી. છતાં તેના સ્વભાવ પર

તો પેલી વિશિષ્ટ મહોર લાગેલી હોવાથી તેના જ માર્ગે તે ઝડપભેર વિકાસ સાધે છે અથવા તેના પ્રબળ પ્રભાવ નીચે ચક્રાકાર ગતિએ ઉપર ચડે છે. સાધક પોતાના સ્વાભાવાનુસાર કોઈ ઋષિ કે સંતની માફક, કે સિંહશા યોદ્ધાની માફક, કે પ્રેમી અને ભોક્તાની માફક, કે કર્મ–પ્રેમી અને સેવકની માફક, અથવા આંતરિક પ્રેરણાના પરિણામે પોતાનાં સ્વરૂપને ઘડતા સ્વ–ગુણોનાં કોઈ પણ સંમિશ્રણને અનુરૂપ રીતે દિવ્ય સત્યની કર્મધારાને વ્યક્ત કરશે. સાધકનાં કાર્યમાં લોકોને જે જોવા મળશે તે હશે તેની આત્મ–પ્રકૃતિની આ મુક્ત લીલા, અને નહિ કે કોઈ નિમ્ન ધોરણ કે કોઈ બાહ્ય નિયમથી નિશ્ચિત થએલ અને કૃત્રિમ રીતે નિયંત્રિત થતી કોઈ વ્યાવહારિક રીત.

પણ હજી આનાથી પણ વધારે ઊંચી સિદ્ધિ છે; એક એવી અનંતતા છે કે જેમાં આ છેલ્લી મર્યાદા પણ ઓળંગી જવાય છે કારણકે પ્રકૃતિ ત્યાં પૂરેપૂરી કૃતાર્થ બની જાય છે અને તેની સીમાઓ અદૃશ્ય થઈ જાય છે. તે અવસ્થાએ આત્મા કોઈ પણ જાતની મર્યાદાઓ વિના જીવવા લાગે છે કારણકે ત્યારે તે પોતાની અંદરની પ્રભુ–ઇચ્છાનુસાર કોઈ પણ રીત અને કોઈ પણ પ્રકારનો આશરો લેવા છતાં, તેમનો ઉપયોગ કરવા છતાં તેમાંનું કાંઈ પણ તેને વારી શકતું નથી, બાંધી શકતું નથી કે પૂરી શકતું નથી. આ જ છે કર્મ–યોગની આખરી સિદ્ધિ અને આ જ છે કર્મોમાં આત્માની પૂર્ણ મુક્તિ. સાચી રીતે તો ત્યારે આત્મા કાંઈ જ કરતો નથી, કારણકે તેનું દરેક કાર્ય બની રહે છે એકમાત્ર પરમાત્માનો કોઈ દિવ્ય તાલ, અને, માત્ર તેનામાંથી જ વહી આવે છે અનંતતાનું એક સહજ સંગીત.

* * *

એટલે કે, એક સર્વોપરિ અને વિશ્વવ્યાપી સંકલ્પ–શક્તિને આપણાં સર્વ કર્મોનું સંપૂર્ણ સમર્પણ, એટલે કે અહમ્–પ્રધાન પ્રકૃતિની સામાન્ય ક્રિયાઓનું સ્થાન લેનાર અંતઃસ્થ સનાતન સત્ત્વનાં સંચાલનને શરણે આપણાં સર્વ કાર્યોને બીન શરતે અને સર્વ ધારા–ધોરણ છોડીને સોંપી દેવાં એ જ છે કર્મયોગનો માર્ગ અને મંઝિલ. પણ તો, આ દિવ્ય સર્વોપરિ સંકલ્પ, પ્રભુ-ઇચ્છા, એ છે શું ? – અને ભ્રમનો ભોગ બનેલાં આ આપણાં કરણો અને અંધ–બંધ બુદ્ધિ તેને કેવી રીતે ઓળખી શકે ?

સામાન્ય રીતે, આપણે આપણી જાતને એક એવો સ્વતંત્ર "હું" માનીએ છીએ કે જે પોતાના એક સ્વતંત્ર શરીર અને એક બૌદ્ધિક અને નૈતિક પ્રકૃતિનું સંચાલન કરે છે, પોતે કરવા ધારેલાં કાર્યો સંપૂર્ણ સ્વતંત્રતા-થી પસંદ કરે છે, પોતે આઝાદ છે અને તેથી પોતાનાં કાર્યો માટે પોતે જ

હક્કદાર અને જવાબદાર છે. સામાન્ય બુદ્ધિ કે જેણે પોતે પોતાનાં જ બંધારણ અને બાંધા વિશે ન તો વિચાર કર્યો છે, ન તો ઊંડું અવલોકન, (અરે, જેણે વિચાર તો કર્યો છે પણ આધ્યાત્મિક દૃષ્ટિ કે અનુભૂતિ મેળવેલી નથી એવી બુદ્ધિ પણ) સહેલાઈથી સમજી નથી શકતી કે આપણી પોતાની જ અંદર આ "હું" અને તેની શહેનશાહતનાં કરતાં વધારે સાચું, વધારે ઊંડું, અને વધારે સમર્થ કાંઈ જરૂર હોઈ શકે છે. પણ પોતાની જાતનાં, તેમ જ દુનિયાનાં, સાચાં જ્ઞાનની પ્રાપ્તિ માટે સૌથી પહેલું પગથિયું એ જ છે કે વસ્તુઓનાં દેખીતાં સત્યની પાછળ પહોંચી જવું અને તેમના બાહ્ય દેખાવની પાછળ ઢંકાએલું, મૂળભૂત અને સક્રિય સત્ય શોધી કાઢવું.

આ અહમ્ કે "હું" એ કોઈ કાયમી સત્ય તો નથી જ પણ આપણો કોઈ મૂળભૂત ભાગ પણ નથી; એ તો છે પ્રકૃતિએ રચેલી એક ગાંઠ માત્ર, સમજશીલ અને વિવેક-પ્રધાન મનમાં વિચારોને એકઠા રાખવા માટે રચેલી માનસિક ગાંઠ, જીવનનાં અંગોમાં લાગણીઓ અને સંવેદનોને એકઠાં રાખવાં રચેલી પ્રાણમય ગાંઠ, આપણાં શરીરમાં જડ તત્ત્વ અને જડ તત્ત્વનાં કાર્યોને એકઠાં રાખવાં રચેલી, સચેતન સ્વીકાર માટેની ભૌતિક ગાંઠ. આંતરિક રીતે આપણે જે કાંઈ છીએ તે આ અહમ્ નહિ પણ ચેતના, જીવાત્મા, આત્મા છીએ; બાહ્ય રીતે અને સપાટી ઉપર આપણે જે કાંઈ છીએ અને કરીએ છીએ તે આ અહમ્ નથી પણ પ્રકૃતિ છે. એક, વિશ્વવ્યાપી કાર્ય-સાધક શક્તિ આપણી રચના કરે છે અને એ પ્રમાણે રચાએલ સ્વભાવ, સંયોગો અને મનોવૃત્તિ દ્વારા, વિશ્વ-શક્તિની એ વ્યક્તિરૂપ રચના દ્વારા, પોતાનાં કાર્યો કરાવે છે અને ધાર્યાં પરિણામો લાવે છે. સાચી રીતે તો, આપણે વિચાર, સંકલ્પ કે કર્મો કરતા નથી પણ આપણી અંદર વિચાર થતા હોય છે, સંકલ્પો થતા હોય છે, આવેગો અને કર્મો થતાં હોય છે. પ્રકૃતિની પ્રવૃત્તિઓના આ બધા પ્રવાહને આપણો "હું" અહમ્‌નું ભાન, પોતાની આજુબાજુ ગોઠવે છે, પોતાનાં ગણે છે. વિચારોને ઊભા કરનાર, સંકલ્પોને ઠસાવનાર, આવેગોને પ્રેરનાર તો હોય છે પેલી વિરાટ વિશ્વ-શક્તિ. આપણું શરીર, મન અને અહમ્ એ તો સક્રિય બનેલા પેલા શક્તિના સમુદ્ર ઉપરનો એક તરંગ જ છે; તેઓ એ સમુદ્રને ચલાવતાં નથી પણ તેના વડે ચલાવાય છે અને ગોઠવાય છે. સત્ય અને આત્મજ્ઞાનના પ્રવાસી સાધકે એક એવી ક્ષણ પકડવાની રહે જ છે કે જ્યારે તેનો આત્મા આ આંતર-દૃષ્ટિ ખોલે અને અહમ્‌નાં અને કર્મોનાં આ સત્યને સ્વીકારે. ત્યારે સાધક, કર્મો કરતા કે કર્મોનું નિયંત્રણ કરતા આ માનસિક, પ્રાણિક કે શારીરિક "હું" નો

ખ્યાલ છોડી દે છે; તે સ્વીકારે છે કે તેનામાં, વસ્તુમાત્રમાં, પ્રાણીમાત્રમાં, કામ કરનાર છે એક, અને એકમાત્ર, પ્રકૃતિ, પોતાના નિશ્ચિત ગુણ–ધર્મને અનુસરતી વિશ્વવ્યાપી કુદરતની વિરાટ શક્તિ.

પણ પ્રકૃતિના આ ગુણધર્મ કેવી રીતે નક્કી થયા? અથવા, આ શક્તિના આ તરંગોને કોણ ઊભા કરે છે કે ચલાવે છે? તેની પાછળ એક ચેતના કે એક સચેતન–તત્ત્વ છે કે જે માલિક છે, સાક્ષી છે, જ્ઞાતા છે, ભોક્તા છે, તેનાં કાર્યોને ટેકો આપનાર, સંમતિ આપનાર છે; આ ચેતના એ જ છે પરમાત્મા કે પુરુષ. પ્રકૃતિ આપણી અંદર કાર્યો ગોઠવે છે; પુરુષ તેની અંદર કે તેની પાછળ રહીને તેમને જુએ છે, સંમતિ આપે છે, સહે છે કે ટેકો આપે છે. પ્રકૃતિ આપણાં મનમાં વિચારો રચે છે; પુરુષ તેની અંદર કે તેની પાછળ રહીને તે વિચારોને અને તેનામાં રહેલ સત્યને જાણે છે. પ્રકૃતિ કાર્યોનાં પરિણામ નક્કી કરે છે; પુરુષ તેની અંદર કે તેની પાછળ રહીને તેનાં પરિણામોને માણે છે કે સહન કરે છે. પ્રકૃતિ શરીર અને મનની રચના કરે છે, તેમને ઘડવા મથે છે, તેમને વિકસાવે છે; પુરુષ તે ઘડતર અને વિકાસને આધાર આપે છે, અને તેનાં કાર્યનાં દરેક પગલાંને સંમતિ આપે છે. પ્રકૃતિ સંકલ્પ–શક્તિનો પદાર્થો અને માનવોમાં ઉપયોગ કરે છે; પુરુષ, શું કરવાનું છે તે પોતાની દૃષ્ટિથી જોઈને, તે સંકલ્પ–શક્તિને કામે લગાડે છે. આ પુરુષ એ ઉપરછલ્લો અહમ્ નથી, પણ અહમ્‌ની પાછળ રહેલ નીરવ જીવાત્મા છે, શક્તિનું ઉગમ સ્થાન છે, જ્ઞાનને શરૂ કરનાર અને પ્રાપ્ત કરનાર છે. આપણો માનસિક "હું" એ તો આ જીવાત્માનું, આ શક્તિનું, આ જ્ઞાનનું માત્ર એક અસત્ય પ્રતિબિંબ છે. એટલે આ પુરુષ એ પ્રકૃતિનાં સર્વ કાર્યોનું કારણ, આશ્રય–સ્થાન અને આધાર છે, પણ એ પોતે કર્તા નથી. આગળના ભાગે પ્રકૃતિ, કુદરત–શક્તિ, અને, પાછળના ભાગે પરમ શક્તિ, સચેતન શક્તિ, આત્મ–શક્તિ (કારણકે આ બંને તે, વિશ્વ–માતાનાં, જગદંબાના, અંદરનાં અને બહારનાં પાસાં છે) એ બેને લીધે જ આ વિશ્વમાં સર્વ કાંઈ બની રહ્યું છે. આ જગદંબા, પ્રકૃતિ–શક્તિ એ, અને માત્ર એ એક જ કર્તા–હર્તા છે.

પુરુષ–પ્રકૃતિ, ચેતન–શક્તિ, પ્રકૃતિને આધાર આપતો આત્મા (અને, આ બે અલગ હોય તો પણ એક અને અવિભાજ્ય છે) એ એક સાથે વિશ્વ–વ્યાપી છે અને પરાત્પર પણ છે. પણ દરેક વ્યક્તિમાં પણ એવું કાંઈક છે જ કે જે માનસિક અહમ્ નથી; અને જે તાત્ત્વિક રીતે પરમ સત્ય સાથે એકરૂપ છે; એ છે પરમપુરુષનું શુદ્ધ પ્રતિબિંબ, કે તેનો અંશ; એ છે આત્મા,

જીવાત્મા, શરીરધારી વ્યક્તિ, વ્યક્તિગત જાત, વ્યક્તિ પોતે; એ છે પરમાત્મા પોતે, પણ, પરાત્પર અને વિશ્વવ્યાપી પ્રકૃતિની વ્યક્તિગત લીલાને આધાર મળે એટલા માટે તેણે પોતાનાં સામર્થ્ય અને જ્ઞાનને મર્યાદિત કરવાનો દેખાવ કરેલો છે. સત્યનાં છેક મૂળમાં, જે અનંત રીતે એક છે તે અનંત રીતે અનેક પણ છે; આપણે એનું એક પ્રતિબિંબ કે અંશ નહિ પણ એ પોતે જ છીએ. અહમ્-રૂપ બનવાથી આપણી વિશ્વરૂપતા કે પરાત્પરતા ઓછી થઈ જાય છે પણ આધ્યાત્મિક રીતે એક વ્યક્તિ બનવાથી તેમ થતું નથી. પણ અત્યારે આત્માની ઇચ્છા પ્રકૃતિમાં એક વ્યક્તિરૂપે રહેવાની હોવાથી તે, અહમ્‌ના ખ્યાલરૂપે એક સંભ્રમ ઊભો થવા દે છે. પણ તેણે આ અજ્ઞાનમાંથી મુક્ત બનવાનું છે, તેણે પોતાની જાતને સર્વોપરિ અને વિશ્વવ્યાપી પરમાત્માનાં જ એક પ્રતિબિંબ કે અંશ કે જાત તરીકે, અને, વિશ્વકાર્યમાં તેની ચેતનાનાં માત્ર એક કેન્દ્ર તરીકે જ પિછાનવાની છે. પણ, જેવી રીતે અહમ્ પોતે એક કર્તા નથી કે સાક્ષી કે જ્ઞાતા તરીકે આધાર આપનાર ચેતન પોતે પણ કર્તા નથી તેમ આ જીવરૂપ પુરુષ પણ કર્મોનો કર્તા નથી. એકમાત્ર કર્તા છે પરાત્પર અને વિશ્વવ્યાપી શક્તિ, સદા અને સર્વદા. પણ તેની પાછળ છે એ જ એક પરમ આત્મા કે જે તેની દ્વારા એક પુરુષ-પ્રકૃતિ, ઈશ્વર-શક્તિનાં બેવડાં રૂપે પોતાની જાતને વ્યક્ત કરે છે.[1] પરમાત્મા શક્તિ સ્વરૂપે સક્રિય બને છે અને, તેના વડે જ તે બની રહે છે વિશ્વનાં સર્વ કર્મોનું એકમાત્ર ઉદ્‌ગમ અને અંતિમ માલિક.

* * *

કર્મો વિશેની સાચી વાત જો આમ જ છે તો સાધકે સૌથી પહેલું કરવાનું કામ તો છે અહમ્‌પ્રધાન પ્રવૃત્તિઓમાંથી પાછા હઠી જવાનું અને "હું કામ કરું છું" એવાં ભાનમાંથી મુક્ત થવાનું. તેને દેખાવું જોઈએ અને લાગવું જોઈએ કે પોતાની અંદર જે કાંઈ થઈ રહ્યું છે તે બધું આધ્યાત્મિક, માનસિક, પ્રાણમય, અને શારીરિક પ્રકૃતિનાં બળથી ચાલતાં

૧. ઈશ્વર-શક્તિ એ સંપૂર્ણ રીતે પુરુષ-પ્રકૃતિ નથી; કારણકે પુરુષ અને પ્રકૃતિ એ અલગ અલગ શક્તિ છે જ્યારે ઈશ્વર અને શક્તિ પરસ્પરને પોતાનામાં ધારણ કરનાર પુરુષ છે અને પોતાની જ અંદર રહેલ શક્તિનાં સામર્થ્ય વડે નિયંત્રણ કરે છે. શક્તિ એ પુરુષ વડે જીવંત બનેલ પ્રકૃતિ છે અને ઈશ્વરનો સંકલ્પ ( કે જે તેનો પોતાનો જ સંકલ્પ છે, અને પોતાનાં જ કાર્યોમાં જેની હાજરી પોતે ધારણ કરેલી હોય છે ) તેના વડે તે કાર્ય કરે છે. કર્મયોગની સાધનામાં પુરુષ-પ્રકૃતિનો સાક્ષાત્કાર એ સાધકને માટે સૌથી પહેલો ઉપયોગી છે; કારણકે આપણાં અજ્ઞાન અને અપૂર્ણતાનાં સદ્ધર કારણરૂપ છે સચેતન

તેનાં માનસિક અને શારીરિક કરણોની સચેતન કે અવચેતન, કે કવચિત્ અતિ–ચેતન એવી મુલાયમ યંત્રવત્તાને લીધે બને છે. તેની સપાટી ઉપર એક એવું વ્યક્તિત્વ છે કે જે પસંદગી અને સંકલ્પ કરે છે, જે ખેંચતાણ કરે છે અને ઢીલ પણ મૂકે છે, જે પ્રકૃતિમાં સુધારા કરવા મથે છે કે તેને નાથવા મથે છે; પણ આ વ્યક્તિત્વ પોતે જ પ્રકૃતિનું એક સર્જન છે અને પ્રકૃતિ તેને એવું તો દબાણ કરે છે, દોરે છે, નિશ્ચિત કરે છે કે તે મુક્ત હોઈ જ ના શકે. તે વ્યક્તિત્વ પ્રકૃતિમાં રહેલ જીવાત્માનું ઘડેલું પૂતળું અને તેનો ખેલ છે,–એ જીવાત્માનો જીવ નહિ પણ પ્રકૃતિનો જીવ છે, તેની આધ્યાત્મિક અને કાયમી નહિ પણ કુદરતી અને કરામતી જાત છે, સાચી, અમર વ્યક્તિ નહિ પણ એક સર્જિત, નાશવંત વ્યક્તિત્વ છે. તેણે પેલી સાચી, અમર વ્યક્તિ બનવાનું છે. તેણે, સફળ રીતે, અંતરમાં પ્રશાંત રહેતાં શીખવાનું જ છે, બાહ્ય સક્રિય વ્યક્તિત્વમાંથી હઠી જઈ સાક્ષીરૂપે અલગ થવાનું જ છે. અને વિશ્વવ્યાપી પરિબળોની પોતાનામાં થતી હલચલમાં અંધ રીતે લેપ ના પામતાં, તેમાંથી પાછા હઠી જઈ તેની એ લીલાને સમજવાની છે. આમ પ્રશાન્ત, અને અલગ થઈ જતાં, પોતાની જાતનો જ અભ્યાસ કરતાં અને પોતાની પ્રકૃતિને અવલોકતાં, તેને સાક્ષાત્કાર થાય છે કે એ પોતે તો એક એવો વ્યક્તિગત આત્મા છે કે જે પ્રકૃતિનાં કાર્યોનો સાક્ષી છે, તેનાં પરિણામોનો શાંતિથી સ્વીકાર કરે છે, અને કર્મો માટેના તેના આવેગને સંમતિ આપે છે કે સંમતિ રોકે પણ છે. અત્યારે તો આ જીવાત્મા, પુરુષ એ એક મૂંગા સાક્ષીના કરતાં વિશેષ કાંઈ નથી; તે, બહુ બહુ તો, પોતાની ઢંકાએલી ચેતનાનાં દબાણથી, જાતનાં કર્મો અને વિકાસ પર થોડીક અસર કરે છે, પણ મોટે ભાગે તો, પોતાની સત્તા કે સત્તાનો અંશ એ સોંપી દે છે બાહ્ય વ્યક્તિત્વને–હકીકતમાં તો પ્રકૃતિને–, કારણકે આ બાહ્ય જાત એ પ્રકૃતિનો માલિક નહિ પણ દાસ છે, "ઈશ" નહિ પણ "અનીશ" છે. પણ જો એક વાર એ છતો થઈ જાય તો પછી એ

જાત અને શક્તિની જુદાઈ, તથા શક્તિની યંત્રવત્તાનું જાત પર બંધન; આ સાક્ષાત્કારથી પ્રકૃતિનાં યંત્રવત્ કાર્યોમાંથી જાત પોતાને છોડાવીને મુક્ત બની શકે છે અને પ્રકૃતિ ઉપર શરૂઆતનો આધ્યાત્મિક કાબૂ મેળવી શકે છે. ઈશ્વર શક્તિનું સ્થાન પુરુષ–પ્રકૃતિના સંબંધ અને તેથી થતાં અજ્ઞાનમય કાર્યોની પાછળ હોય છે અને તે સંબંધનો ઉત્ક્રાંતિને ખાતર તે ઉપયોગ કરે છે. ઈશ્વર-શક્તિના સાક્ષાત્કારને પરિણામે એક વધારે ઉચ્ચ સક્રિયતા અને દિવ્ય સંચાલનમાં ભાગ લઈ શકાય છે અને પોતાની જાત અને આધ્યાત્મિક પ્રકૃતિની વચ્ચે એક પૂર્ણ એકતા અને સંવાદિતા સ્થાપી શકાય છે.

પોતાની મંજૂરી કે ના મંજૂરીને અસરકારક બનાવી શકે છે, પોતે કર્મોનો માલિક બની શકે છે, પ્રકૃતિને બદલી નાખવાની પૂર્ણ સત્તાભરી આજ્ઞા કરી શકે છે. શક્તિને જૂના ચીલામાં અને ભૂતકાળના ભંડારિયામાં ભરાઈ રહેવાની ટેવ હોવાથી ભલે ઘણાં લાંબા સમય સુધી પ્રકૃતિ, પુરુષની મંજૂરીની પરવા કર્યા વિના, ટેવાએલી રીતે કાર્ય કર્યા કરે, અથવા મંજૂર થએલ કાર્યને, હઠ કરીને, હઠાવ્યા કરે, છતાં પણ, જોઈ શકાશે કે છેવટે તો તેની જ મંજૂરી કે ના મંજૂરી પાર પડે છે, તેની આંતરદષ્ટિ કે સંકલ્પમાંથી આવતાં સૂચનોને ધ્યાનમાં લઈ પ્રકૃતિ, કાં તો વિરોધ કરતાં કરતાં લાંબાગાળે, કે પછી પોતાનાં કારણોને તરત જ કામે લગાડીને, પોતાને અને પોતાનાં કાર્યોને સુધારે છે. આમ, માનસિક કાબૂ કે અહમ્‌પ્રધાન સંકલ્પની જગ્યાએ સાધક એક એવું આધ્યાત્મિક નિયંત્રણ શીખે છે કે જેથી તે પોતાની અંદર કામ કરતાં પ્રાકૃત બળોનું અચેતન કરણ, કે યાંત્રિક દાસ નહિ પણ તેમનો માલિક બને છે. તેની ઉપર અને આજુબાજુ પરમશક્તિ, જગદંબા, વ્યાપી રહેલી છે અને સાધક, પોતાના અંતરાત્માને જેની જરૂર હોય કે તેનો જે સંકલ્પ હોય તે બધું જ તેની પાસેથી મેળવી શકે છે; શરત એટલી કે તેને તેની કાર્ય–રીતિનું સાચું જ્ઞાન હોવું જોઈએ અને તેની અંદરના દિવ્ય સંકલ્પને સાચું સમર્પણ કરવું પડે. છેવટે, તેને સર્વોચ્ચ સક્રિય પરમાત્માનું જ્ઞાન થાય છે કે જે તેની પોતાની અંદર તેમ જ પ્રકૃતિની અંદર રહેલો છે અને જે પોતાની સર્વ સમજ અને જ્ઞાનનું મૂળ છે, સર્વ સંમતિનું મૂળ છે, સર્વ સ્વીકારનું મૂળ છે, સર્વ અસ્વીકારનુ મૂળ છે. આ જ છે ભગવાન, પરમ પ્રભુ, સર્વમાં વસેલ "એક" ઈશ્વરશક્તિ: પોતાનો આત્મા એનો જ એક અંશ છે, તે પરમપુરુષમાંથી આવેલ પુરુષ છે, એ મહાશક્તિમાંથી આવેલ શક્તિ છે. તે પછીની આપણી સર્વ પ્રગતિનો આધાર રહે છે. આ સર્વ કર્મનો અધિષ્ઠાતા, દુનિયામાં અને પોતાનામાં, પોતાનો સંકલ્પ કેવી રીતે સાકાર કરે છે તથા પરાત્પર અને વિશ્વરૂપ મહાશક્તિ દ્વારા તેનો કેવી રીતે અમલ કરે છે તેનાં આપણાં જ્ઞાન ઉપર.

પરમ-પ્રભુ, પોતાનાં સર્વજ્ઞ-પણાંથી શું કરવું તે જુએ છે, તેની આ દષ્ટિ એ જ તેનો સંકલ્પ છે, એ સર્જનશીલ મહાશક્તિનું એક સ્વરૂપ છે; અને એ જે જુએ છે તેને, પ્રભુ સાથે એકરૂપ, સર્વજ્ઞ જગદંબા, પોતાની ક્રિયાશીલ જાતમાં ધારણ કરે છે અને તેને આકાર આપે છે; અને પ્રકૃતિશક્તિ, તેમની સર્વ સમર્થ સર્વજ્ઞતાથી સંચાલિત યાંત્રિક રીતે તેમને અમલમાં મૂકે છે. પણ શું સર્જવાનું છે અને તે કેવી રીતે સર્જવાનું છે તેની

દૃષ્ટિ તો પરમ-પ્રભુની પોતાની જાતમાંથી જ ઉદ્‌ભવે છે, તેનાં અસ્તિત્વની ચેતના અને આનંદમાંથી સીધેસીધી અને સહજ રીતે વહી આવે છે, જાણે કે સૂર્યમાંથી પ્રકાશ. તે કાંઈ આપણા, મર્ત્યના, જોવાના પ્રયત્ન જેવું નથી; સાચું કર્મ અને સાચો હેતુ કયો હોય કે પ્રકૃતિની વાજબી માગણી કેવી હોય તેની આપણી કષ્ટ-સાધ્ય શોધ જેવું નથી. જ્યારે આત્મા પોતાનાં સ્વરૂપ અને જ્ઞાનથી પરમાત્મા સાથે સંપૂર્ણ એકરૂપ બની જાય, અને આદ્ય-શક્તિના, પરાત્પર માતાજીના, સીધેસીધા સંપર્કમાં આવી જાય ત્યારે આપણી અંદર પણ, એ સર્વોચ્ચ દિવ્યતાની રીતે તે સર્વોપરિ સંકલ્પ એક અનિવાર્યતા તરીકે આપોઆપ જાગી આવી શકે અને પ્રકૃતિનાં સહજ-કાર્યથી તે પાર પણ પડે જ. ત્યારે ત્યાં કોઈ ઇચ્છા, કોઈ જવાબદારી, કોઈ પ્રતિકાર્યને સ્થાન રહેતું નથી; ત્યારે, આધાર આપતા, ચારેબાજુ વ્યાપી રહેલા અને અંતરમાં નિવાસ કરતા ભગવાનની શાંતિ, નિરવતા, પ્રકાશ અને સામર્થ્યથી સર્વ કાંઈ બની રહે છે.

પણ એવી સર્વોચ્ચ એકરૂપતા સિદ્ધ થાય તે પહેલાં પણ એ સર્વોપરિ સંકલ્પશક્તિમાંથી કાંઈક એક અફર પ્રેરકબળ તરીકે, એક પ્રભુ-સંચાલિત કર્મ તરીકે આપણી અંદર કામ કરતું થઈ શકે છે; ત્યારે, આપણે એક સહજ, સ્વનિર્ણિત શક્તિ દ્વારા કર્મો કરી નાખીએ છીએ, પણ તેના અર્થ અને હેતુનું પૂરું જ્ઞાન તો આપણને પછીથી થાય છે. અથવા કામ કરવાનો આવેગ આપણી અંદર એક પ્રેરણા કે સ્ફુરણા તરીકે આવે એમ પણ બને, પણ એ આવેગ આપણી બુદ્ધિના કરતાં વધારે તો આપણાં હૃદય અને શરીરને મળે છે; આમ થાય ત્યારે આપણને એક અસરકારક દૃષ્ટિ મળે છે ખરી પણ પૂરેપૂરું અને સ્પષ્ટ જ્ઞાન હજી બાકાત રહે છે, અને મળે તો પણ પછીથી મળે છે. અથવા શું કરવાનું છે તેના એક એકાકી, પ્રકાશપૂર્ણ આદેશ તરીકે કે એક પૂર્ણ દૃશ્ય તરીકે, કે દૃશ્યના એક સતત પ્રવાહ તરીકે પણ દિવ્ય સંકલ્પ-શક્તિ આપણી પોતાની સંકલ્પ-શક્તિમાં કે આપણા વિચારમાં ઊતરે, અથવા તો ઊર્ધ્વમાંથી એક એવી સૂચના તરીકે ઊતરે કે જેને આપણાં અંગો સહજ રીતે જ પાર પાડે. જ્યાં સુધી યોગ પરિપૂર્ણ ના થયો હોય ત્યાં સુધી કેટલાંક કર્મો જ આ પ્રમાણે કરી શકાય, અથવા સળંગ કર્મધારા પણ એમ બની આવે ખરી પણ તે પરમ-હર્ષની કે પ્રકાશ-પૂર્ણ પળોમાં જ. યોગ જ્યારે પરિપૂર્ણ બને ત્યારે બધાં જ કર્મો આ પ્રકારનાં થાય છે. અલબત્ત, આપણે પ્રગતિના ત્રણ ગાળા તારવી શકીએ ખરા. પહેલા ગાળામાં આપણી અંગત સંકલ્પ-શક્તિ, એક સર્વોપરિ સંકલ્પ-શક્તિ દ્વારા કે આપણાથી પર એવી એક

સચેતન શક્તિ દ્વારા અવારનવાર, કે ઘણી વાર, પ્રકાશિત થાય છે કે સંચાલિત થાય છે. બીજા ગાળામાં તેઓ તેનું સ્થાન લે છે; અને ત્રીજા ગાળામાં તે પેલાં દિવ્ય શક્તિ-કાર્યમાં એકરૂપ થઈ ભળી જાય છે. પહેલા ગાળામાં આપણે હજી નિયંત્રિત થતા હોઈએ છીએ બુદ્ધિ, લાગણીઓ કે સંવેદનોથી; તેઓએ હજી પ્રભુની પ્રેરણા અને માર્ગદર્શનની શોધમાં રહેવું પડે છે, કે તેની રાહ જોવી પડે છે, અને તેઓને તે હમેશાં જડતાં કે મળી રહેતાં નથી. બીજા ગાળામાં માનવબુદ્ધિનું સ્થાન આધ્યાત્મિક બનેલું એક ઊર્ધ્વ, પ્રકાશમય કે સ્ફુરણાપ્રધાન મન, ધીમે ધીમે, લેતું જાય છે, બાહ્ય માનવહૃદયનું સ્થાન આંતરિક, ચૈત્યસિક હૃદય, તથા ઇન્દ્રિયોનું સ્થાન વિશુદ્ધ અને સ્વાર્થવિહીન બનેલ એક પ્રાણશક્તિ લેતાં જાય છે. ત્રીજા ગાળામાં આપણે આધ્યાત્મિક બનેલ મનને પણ વટાવી જઈને અતિમાનસિક સ્તર પર પહોંચી જઈએ છીએ.

આ ત્રણેય ગાળામાં મુક્ત કર્મની ખાસિયત તો એકસરખી જ રહે છે: પ્રકૃતિ અહમ્‌ની દ્વારા, કે તેને ખાતર, નહિ પણ પરમપુરુષના સંકલ્પથી અને તેના આનંદને ખાતર, સહજ રીતે, કાર્ય કરે છે. તેના વધારે ઊંચા સ્તરોએ પહોંચતાં, કર્મો, નિરપેક્ષ અને વિશ્વરૂપ પરમાત્માનું પરમ સત્ય બની જાય છે, જે વ્યક્તિગત આત્મા દ્વારા વ્યક્ત થતું હોય છે અને પ્રકૃતિ દ્વારા સચેતન રીતે પાર પડતું હોય છે; એ હવે, આપણી નિમ્ન પ્રકૃતિની અથડાતી – કૂટાતી અને બધું જ વિકૃત કરી નાખતી શક્તિ વડે થતો કોઈ અર્ધ – સમજવાળો અને મોળો કે કુરૂપ અમલ નથી હોતો; હવે તો પ્રજ્ઞાપૂર્ણ, પરાત્પર અને વિશ્વવ્યાપી જગદંબા તેને પાર પાડતી હોય છે. પ્રભુએ પોતાની જાતને, અને પોતાની નિરપેક્ષ પ્રજ્ઞાને, તથા સનાતન ચેતનાને, અજ્ઞાનમય કુદરત-શક્તિના પડદા પાછળ છૂપાવી રાખ્યાં છે અને તેની દ્વારા તથા તેના સાથીરૂપ અહમ્ દ્વારા વ્યક્તિઓને હાંક્યે રાખવાનું નભાવી લે છે. માણસ ઉચ્ચ હેતુઓ અને શુદ્ધ આત્મજ્ઞાન માટે અર્ધ પ્રકાશવાળા અપૂર્ણ પ્રયત્નો કરતો હોય છે ત્યારે પણ, મોટે ભાગે, પ્રકૃતિનું આ નિમ્ન કાર્ય જ જોરદાર હોય છે. આ પ્રાકૃત – શક્તિનાં આપણી અંદરનાં જૂનાં કાર્યો, જૂનાં ચણતરો, ઊંડા મૂળવાળા સહયોગોને લીધે પૂર્ણતા માટેના આપણા માનવીય પ્રયત્નો નિષ્ફળ જાય છે કે અધૂરા રહેતા આગળ વધે છે; જ્યારે આપણાં જ્ઞાન કે શક્તિનાં કરતાં ઘણાં મહાન, પરમજ્ઞાન અને પરમશક્તિ આપણાં અજ્ઞાનનાં કોચલાંને તોડીને બહાર નીકળી આવે તથા આપણી અંગત સંકલ્પ-શક્તિને દોરે કે તેનો હવાલો પોતે લઈ લે ત્યારે જ

આપણા પેલા પ્રયત્નો સાચી અને ઊર્ધ્વગામી સફળતાને પંથે વળે છે. કારણકે આપણી માનવીય સંકલ્પશક્તિ છે તો પરમ સામર્થ્યમાંથી પ્રગટેલું એક કિરણ પણ ભૂલું પડેલું અને આથડતું. આ નિમ્ન કાર્યમાંથી એક ઉચ્ચ પ્રકાશ અને શુદ્ધ સામર્થ્યમાં ધીમે ધીમે બહાર પડવાનો ગાળો એ પરિપૂર્ણતાના સાધકને માટે તો મૃત્યુના ઓછાયાવાળી ખીણ છે. એ છે ખતરા, યાતના, અંધકાર, શોક, સ્ખલન અને પતનથી ભરેલો ભયંકર અંતરિયાળ પ્રદેશ. આ અગ્નિપરીક્ષાને ટૂંકાવવા અને હળવી કરવા માટે કે તેને દિવ્ય આનંદથી ભરી દેવા માટે જરૂર પડે છે શ્રદ્ધાની, અંદરથી અને ઊર્ધ્વમાંથી અખત્યાર થતાં જ્ઞાન સમક્ષ બુદ્ધિને શરણે લેતા જવાની, એક સાચી અભીપ્સાની અને એક સાચા અને મક્કમ અને નિખાલસ આચરણની "મક્કમતાથી અને હામ હાર્યા વિના યોગનું આચરણ કર"[૨] એમ ગીતામાં કહ્યું છે. કારણકે સાધનાની શરૂઆતમાં ભલે આંતરિક વિરોધ અને યાતનાનાં કડવાં ઝેરના ઘૂંટડા પીવા પડે પણ આ પાત્રનાં તળિયે તો ભરેલ છે અમૃતનો મધુર આસ્વાદ અને અનંત આનંદનો સોમરસ.

---

૨. स निश्चयेन योक्तव्यो योगोऽनिर्विण्ण चेतसा। ગીતા ૬/૨૩

પ્રકરણ : ૯

# સમતા: અને અહમ્‌નું વિસર્જન

ઈશ્વરેચ્છાને શરણે સમગ્ર જાતની અને પ્રકૃતિની સોંપણી (એટલે કે, એક સાચું, પૂરેપૂરું અને નિઃશેષ આત્મ-સમર્પણ) શરૂ કરવાને, અને સિદ્ધ કરવાને માટેનાં પગથિયાં છે : એક પૂર્ણ સ્વાર્પણ, સંપૂર્ણ સમતા, અહમ્‌નું નિઃશેષ વિસર્જન, કર્મો કરવાની પ્રકૃતિની અજ્ઞાન-ભરી રીતોમાંથી એક રૂપાંતર-સાધક મુક્તિ. સૌથી પહેલી જરૂરિયાત છે આપણાં કર્મોમાં સ્વાર્પણની સંપૂર્ણ ભાવના; તેની શરૂઆત થવી જોઈએ એક સતત સંકલ્પથી; પછીથી જાગવી જોઈએ સમસ્ત જાતમાં વ્યાપી જતી એક ભૂખ; અને છેવટે, થઈ જવી જોઈએ સમસ્ત જાતની એક સહજ, છતાં જીવંત અને સચેતન ટેવ, એક સ્વયંભૂ રાહ; આ સંકલ્પ, ભૂખ, અને ટેવ હશે, આપણી અંદર અને સર્વે જીવોમાં તથા વિશ્વની સમગ્ર લીલામાં વસતા પરમેશ્વર અને ગૂઢ શક્તિને ચરણે આપણાં સર્વ કર્મો યજ્ઞના બલિ તરીકે હોમી દેવા માટેના. આપણું જીવન એ છે આ યજ્ઞની વેદી, કર્મો છે આપણા બલિ, અને એ બલિ જેને હોમાય છે તે દેવતા છે પરાત્પર અને વિશ્વવ્યાપી શક્તિ અને પરમપુરુષ પોતે,– પછી ભલેને આપણને હજી તેમનું જ્ઞાન કે દર્શન ના થયાં હોય પણ માત્ર એક સંવેદન કે અણસારો જ મળ્યાં હોય. આ યજ્ઞની, આ સ્વાર્પણની બે બાજુ છે; એક છે કર્મ પોતે અને બીજી છે તે કર્મ પાછળની ભાવના, આપણે જે કાંઈ જોઈએ, વિચારીએ, કરીએ તે સર્વેને એ કર્મના સ્વામીની પૂજારૂપ બનાવવાની ભાવના.

શરૂઆતમાં તો, આપણી અજ્ઞાની અવસ્થામાં પણ આપણને જે કાંઈ સારામાં સારો પ્રકાશ મળી શકે તે વડે કર્મોને નક્કી કરવાના હોય છે. 'શું કરવું જોઈએ' તેના વિચારથી એ નક્કી થાય છે. અને એ ભલે ફરજનાં ભાનથી થતાં હોય કે આપણા સાથીદારો માટેની લાગણીથી કે બીજાઓનું કે દુનિયાનું હિત શેમાં છે તેના ખ્યાલથી, કે, આપણા કરતાં જે વધારે સમજુ હોય અને જેને આપણે કર્મના સ્વામી પ્રભુ (કે જેને આપણે માનીએ છીએ ખરા પણ હજી સાક્ષાત કર્યા નથી તેના) પ્રતિનિધિ તરીકે સ્વીકાર્યા હોય

તેવા ગુરુની દોરવણીથી થતાં હોય તોપણ તે સર્વેમાં સિદ્ધાંત તો એકસરખો જ રહે છે. તે સર્વેમાં કર્મ–યજ્ઞની સારરૂપ કોઈ એક વસ્તુ હોવી જ જોઈએ; અને એ સારરૂપ વસ્તુ છે : કર્મનાં ફળની સર્વ ઇચ્છાનું સમર્પણ; આપણે જે પરિણામને ખાતર મથી રહ્યા હોઈએ તેને માટેની સર્વ આસક્તિનો ત્યાગ. કારણકે જ્યાં સુધી આપણે પરિણામ સાથે આસક્ત રહીને કામ કરતા હોઈએ ત્યાં સુધી તે બલિ ભગવાનને નહિ પણ આપણા અહમ્‌ને કરતા હોઈએ છીએ. આપણી માન્યતા આનાથી ઊલટી હોઈ શકે છે; પણ એ ઊલટી માન્યતા માત્ર આત્મ–વંચના હોય છે; એથી ભગવાન માટેના આપણા ખ્યાલને; આપણા ફરજના ભાનને, આપણા સાથીદારો માટેની આપણી લાગણીઓને, દુનિયાનાં કે લોકોનાં હિતના આપણા ખ્યાલને, ખુદ ગુરુની આજ્ઞાના પાલનને પણ આપણે એક ઓઠું બનાવીને આપણા અહમ્–પ્રધાન સંતોષોને, તથા ગમા–અણગમાને છુપાવતા હોઈએ છીએ અને આપણી પ્રકૃતિમાંથી સર્વે ઇચ્છાઓને ઊખેડી નાખવાની માગણીને, દંભ કરીને સાચવી રાખતા હોઈએ છીએ.

યોગની આ ભૂમિકાએ, અરે, સમગ્ર યોગ દરમિયાન પણ, ઇચ્છાઓનું આ સ્વરૂપ, અહમ્‌નો આ પ્રકાર એ એક એવો શત્રુ છે કે જેની ઉપર પાકી ચોકી રાખીને આપણે હમેશાં ચેતતા રહેવાનું છે. એને આપણી અંદર ઘૂસી આવેલો તથા અનેકવિધ ઓઠાં ઓઢતો જોઈને નાસીપાસ થવાની જરૂર નથી, પણ દરેકેદરેક ઓઠાંની નીચેથી તેને પકડી પાડવાનો છે અને નિષ્ઠુર બનીને તેની સર્વ અસરને ફેંકી દેવાની છે. ગીતાનો નિશ્ચયાત્મક શ્લોક कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन। – કર્મ કરવાનો તારો અધિકાર ખરો પણ તેનાં ફળ માટે તો કદી જ નહિ – એ આ અંગેનો આંખ ઉઘાડી આપતો ઉપદેશ છે. ફળનો એકમાત્ર માલિક છે કર્મનો સ્વામી પ્રભુ; સાચું અને કાળજીપૂર્વકનું કોઈ એક કર્મ કરીને સફળતા માટેની ભૂમિકા તૈયાર કરવા સાથે જ, અને, પછી, જો એ સફળતા મળે તો તેને તેના સ્વામી પ્રભુને અર્પણ કરવા સાથે જ માત્ર, આપણો સંબંધ છે. પછીથી, આપણે જેમ ફળની આસક્તિનો ત્યાગ કર્યો તે પ્રમાણે કર્મની આસક્તિનો ત્યાગ કરવાનો જ છે; એક કર્મ, એક ક્રમ, એક ક્ષેત્ર છોડીને અન્યને સ્વીકારવાનો કે, કર્મમાત્ર છોડી દેવાનો જો પ્રભુનો સ્પષ્ટ આદેશ થાય તો, ગમે તે ક્ષણે તેમ કરવાની આપણી તૈયારી હોવી જોઈએ; નહિ તો આપણે તેને ખાતર નહિ પણ કર્મ કરવાના આપણા સંતોષ કે મોજને ખાતર કે આપણી ચંચળ પ્રકૃતિથી કર્મ કર્યા વગર નથી રહેવાતું તેથી, કે આપણા

માનસિક વલણને રસ્તો આપવા ખાતર કર્મ કરીએ છીએ; પણ આ બધાં જ છે અહમ્‌નાં થાણાં અને આશ્રયસ્થાનો. આપણા સામાન્ય જીવનના પ્રવાહમાં તે ભલે ગમે તેટલાં જરૂરી હોય પણ આધ્યાત્મિક ચેતનાનો વિકાસ થતાં તેમને છોડી દેવાનાં છે અને તેમને બદલે સ્વીકારવાનાં છે તેમનાં દિવ્ય સ્વરૂપો: એ છે; પ્રાણના અંધ સંતોષ અને મોજને હાંકી કાઢતો એક પરમ-આનંદ, એક બિનઅંગત પ્રભુ-પ્રેરિત આનંદ; ચંચળતાભરી જરૂરિયાતને સ્થાને દિવ્ય શક્તિનું એક આનંદ-સભર સંચાલન. માનસિક વલણો એક હેતુ કે જરૂરિયાત તરીકે હવે ટકી નહિ શકે, કારણકે હવે એક મુક્ત આત્માનાં અને પ્રકાશપૂર્ણ પ્રકૃતિનાં કર્મોમાં સાકાર થતાં સહજ અને સક્રિય સત્ય દ્વારા ભગવાનનો પરમ સંકલ્પ પાર પાડ્યા કરશે. જેવી રીતે કર્મનાં ફળની, તેમ જ કર્મની પોતાની આસક્તિને, હૃદયમાંથી ઉખેડી નાખવામાં આવી છે, તેવી જ રીતે, છેવટે, "આપણે કર્મોના કર્તા છીએ" એવા ભાન અને ખ્યાલની ચોંટી રહેલી છેલ્લી આસક્તિને પણ છોડી દેવાની છે; આપણી ઉપર અને અંદર પણ, નિવાસ કરતી દિવ્ય શક્તિ એ જ સાચી અને એકમાત્ર કર્તા છે એવી અનુભૂતિ અને જ્ઞાન થવાં જ જોઈએ.

* * *

કર્મ અને તેનાં ફળને માટેની આસક્તિનો ત્યાગ એ તો મન અને આત્મામાં એક નિરપેક્ષ સમતા સ્થાપવા માટેની એક વિશાળ ક્રિયાની શરૂઆત માત્ર છે; જો આપણે આત્મતત્ત્વની પરિપૂર્ણતા ઝંખતા હોઈએ તો આ જાતની સમતા સર્વત્ર ફરી વળવી જોઈએ. કારણકે કર્મના સ્વામીરૂપ પ્રભુની આરાધના કરવી જ હોય તો તેને આપણી જાતમાં પિછાનવો અને તેનો સાનંદ સ્વીકાર કરવો એ અનિવાર્ય છે; અને આ આરાધનાની નિશાની છે સમતા; આ સમતા એ તો છે આરાધના માટે આત્માએ નિયત કરેલી, સાચી યજ્ઞ-ભૂમિ અને પૂજા-ભૂમિ. પ્રાણીમાત્રમાં પ્રભુ સમાન રીતે વસેલો છે; આપણી જાતમાં અને અન્યમાં, જ્ઞાની અને મૂર્ખમાં, મિત્ર અને શત્રુમાં, મનુષ્ય અને પશુમાં, સંત અને પાપીમાં આપણે કોઈ જ તાત્ત્વિક ભેદ કરવાનો નથી; કોઈને ધિક્કારવાનો નથી, કોઈની ઘૃણા કરવાની નથી, કોઈથી દૂર ભાગવાનું નથી, કારણકે આપણે સર્વમાં એકમાત્ર પ્રભુને જોવાનો છે, પછી, પોતાના આનંદને ખાતર, તે ભલે છુપાએલો હોય કે છતો હોય. એ કોઈકમાં જરાક જ છતો થયો હોય, તો કોઈકમાં વધારે, તો વળી કોઈકમાં છુપાએલો જ અને પૂરેપૂરો વિરૂપ પણ થએલો હોય, કારણકે તેમના સ્વરૂપમાં જેવા બનીને રહેવાનો, અને તેમની પ્રકૃતિ દ્વારા જેવી રીતે વર્તવાનો, તેનો

ઇરાદો છે તેને માટે શું ઉત્તમ છે તેની તેને ખબર છે અને તેનો તેણે સંકલ્પ કરેલો છે. સર્વ કાંઈ આપણી જ જાત છે, બહુરૂપ ધરેલ એક જ જાત છે. ધિક્કાર અને અણગમો, નિંદા અને ઘૃણા, આકર્ષણ અને આસક્તિ અને પસંદગી એ બધાં વિકાસના અમુક તબક્કામાં સ્વાભાવિક, જરૂરી અને અનિવાર્ય હોય છે; વિરાટ પ્રકૃતિએ આપણે માટે જે પસંદ કર્યું છે તેને તે બધાં અનુસરે છે કે તેને રચવામાં કે સાચવવામાં મદદ કરે છે. પણ કર્મયોગીના માર્ગમાં તો તે બધાં અજ્ઞાનના જ અવશેષ છે, અંતરાય છે, કરતૂત છે, અને સાધના આગળ વધતાં તે બધાં પ્રકૃતિમાંથી ખરી પડે છે. પોતાના વિકાસ ખાતર બાલાત્માને તેની જરૂર રહે છે પણ દિવ્ય પુખ્તતામાં પહોંચતાં તે ખરી પડે છે. આપણે જે દિવ્ય પ્રકૃતિ પ્રાપ્ત કરવાની છે તેમાં કડક મક્કમતાની કે ખુદ ઉચ્છેદક કાપકૂપની પણ જરૂર પડે પણ ધિક્કારની નહિ, એક દિવ્ય વ્યંગ હોઈ શકે પણ નિંદા નહિ, એક શાંત, વિશદ અને મક્કમ અસ્વીકાર હોય પણ ઘૃણા કે અણગમો નહિ. જેનો નાશ કરવાનો હોય તેનો પણ ધિક્કાર કરવાનો નથી, કે, સનાતન પ્રભુની એક છૂપી અને ક્ષણિક પ્રવૃત્તિ તરીકે તેનો સ્વીકાર કરતાં ખચકાવાનું નથી.

અને પદાર્થ–માત્ર માત્ર પરમાત્માનો જ આવિષ્કાર હોવાથી આપણે કુરૂપ અને સુંદર, અપંગ અને પરિપૂર્ણ, ઉમદા અને હલકટ, આનંદદાયક અને દુઃખદાયક, શુભ અને અશુભ, એ સર્વે પ્રત્યે આત્માની સમદૃષ્ટિ રાખવાની છે. અહીં પણ ધિક્કાર, નિંદા કે ઘૃણા નહિ પણ તેને બદલે એક એવી સમદૃષ્ટિ હશે કે જે પદાર્થમાત્રને તેના યથાર્થ સ્વરૂપમાં અને નિયત સ્થાને જોઈ શકે છે. કારણકે આપણે એ જાણી શકીશું કે સમગ્ર વસ્તુ–સમૂહની હાલની પરિસ્થિતિમાં તેમ જ છેવટે આવવાની પરિપૂર્ણતાને ખાતર જે કાંઈ ક્રમિક દિવ્ય આવિર્ભાવ થઈ રહ્યો છે તેમાં, પોતપોતાની હાજરીથી, દિવ્યતાનું કોઈ ને કોઈ જરૂરી સત્ય કે હકીકત, શક્તિ કે શકયતાને તે તે પદાર્થ કાં તો વ્યક્ત કરી રહ્યો છે કે છુપાવી રહ્યો છે, વિકસાવી રહ્યો છે કે વિકૃત કરી રહ્યો છે; તેઓને માટે જે કાંઈ સંજોગો નિયત થએલા છે; તેમની પ્રકૃતિના તાત્કાલિક દરજ્જા, કાર્ય કે ઉત્ક્રાંતિના હિસાબે જે કાંઈ શકય છે તેની મર્યાદામાં રહીને તેઓ ઉત્તમમાં ઉત્તમ રીતે, કે તેમને માટે નક્કી થએલી ખામીભરી રીતે તેઓ આ કામ કરી રહ્યાં છે. આપણે જે શોધવાનું છે અને મેળવવાનું છે તે છે ક્ષણિક આવિર્ભાવોની પાછળનું આ સત્ય; ત્યારે જ, આ આભાસોથી અને આવિર્ભાવોની ખામી કે વિરૂપતાઓથી

છેતરાયા વિના અંચળાઓની ઓથે રહેલ સર્વદા, અને સર્વથા, શુદ્ધ, સૌંદર્ય-સભર અને પરિપૂર્ણ પ્રભુની પૂજા કરી શકીશું. અલબત્ત સર્વ કાંઈ બદલાવું તો જોઈએ જ : કુરૂપતાને નહિ પણ દિવ્ય સૌંદર્યને સ્વીકારવાનું છે; અપૂર્ણતા નહિ બને આપણી મંઝિલ, આપણે તો છીએ પરિપૂર્ણતાના યાત્રી; પરમ શુભને બનાવવાનું છે સાર્વત્રિક ધ્યેય, અશુભને નહિ. પણ આપણે જે કાંઈ કરીએ તે એક આધ્યાત્મિક સમજ અને જ્ઞાન વડે કરવાનું છે, અને જે શોધવાનું છે તે છે એક દિવ્ય શુભ, સૌંદર્ય, પરિપૂર્ણતા, આનંદ,– તેમનાં માનવીય માપ નહિ. જો આપણે સમતા ના પામ્યા હોઈએ તો તે છે આપણા અજ્ઞાન-પિંજરની નિશાની; તો આપણે, ખરેખર તો, કાંઈ જ જાણી શકવાના નથી, અને જો જૂની અપૂર્ણતાને આપણે તોડીશું તો તે માત્ર નવી અપૂર્ણતાના સર્જન માટે, કારણકે દિવ્યતાની દૃષ્ટિની જગ્યાએ આપણે રોપીશું આપણા માનવમનના આદર્શો અને ઇચ્છાઓ.

સમતા એ કોઈ નવું અજ્ઞાન કે અંધતા નથી; તે ન તો દૃષ્ટિને ધૂંધળી બનાવવાનું કે ભેદમાત્રને ભૂંસી નાખવાનું કહે છે, ન તો તેમ કરે છે. ભેદભાવ છે; અભિવ્યક્તિની વિવિધતા ય છે અને આ વિવિધતાને આપણે બરાબર સ્વીકારશું; પ્રેમ અને ધિક્કાર, સ્તુતિ અને નિંદા, સદ્‌ભાવ અને વૈરભાવ, પસંદગી અને ઘૃણાનાં પડળથી પક્ષપાતી અને ભ્રામક બનેલ દૃષ્ટિ વડે દેખાતું હતું તેના કરતાં વધારે સારી રીતે જોઈ શકીશું. પણ આ વિવિધતાની પાછળ, તેમાં વસતા અખંડ અને અક્ષર–પ્રભુને આપણે હંમેશાં જોઈશું; અને, આપણાં માનવીય ધોરણોથી ભલે એ પરિપૂર્ણ અને સંવાદી લાગતું હોય કે અધૂરું અને બેસૂરું, કે ખુદ ખોટું અને ખરાબ, લાગતું હોય તોપણ દરેક અભિવ્યક્તિની પાછળ રહેલ સમજપૂર્વકની સાર્થકતા અને દિવ્ય અનિવાર્ય-તાને જોઈ અને જાણી શકીશું, અને, જો કદાચ એ આપણાથી છુપાઈ રહે તોપણ તેમાં આપણે શ્રદ્ધા રાખીશું.

અને એ જ પ્રમાણે પ્રસંગ–માત્રમાં, એ દુઃખી કરનારા હોય કે સુખી, હાર હોય કે જીત, માન કે અપમાન, સ્તુતિ કે નિંદા, સદ્‌ભાગી કે કમભાગી છતાં પણ આપણે મન અને આત્માની સમતા જાળવીશું. કારણકે આપણે સર્વ બનાવોમાં કર્મ અને તેનાં ફળના સ્વામી પ્રભુની ઇચ્છા તેમ જ તેના વિકસતા આવિર્ભાવની ક્રમિક પ્રગતિ જોઈશું. જેમની આંતર–દૃષ્ટિ ખુલી ગઈ છે તેમની સમક્ષ પદાર્થમાત્ર અને પ્રાણીમાત્રની માફક સર્વે પરિ-બળોમાં, તેમની લીલામાં અને તેમનાં પરિણામમાં પણ તે પોતાની જાત ખુલ્લી કરે છે. સર્વ કાંઈ એક દિવ્ય પ્રસંગ પ્રત્યે ગતિ કરી રહ્યું છે; દરેક

અનુભૂતિ, પછી એ યાતના અને અક્ષત હોય કે આનંદ અને તૃપ્તિ, છતાં એ હોય છે એક વિશ્વવ્યાપી હિલચાલને આગળ વધારતી એક અનિવાર્ય કડી; આપણે એનો જ સ્વીકાર અને સત્કાર કરવાનો છે. તેની સામે બંડ, બખાળા કે બૂમાબૂમ એ છે માત્ર આપણા અશુદ્ધ અને અજ્ઞાની આવેગના ઉછાળા. દરેક બાબતની માફક બંડનો પણ, લીલામાં ઉપયોગ છે, એટલું જ નહિ પણ તેના પોતાના સમય અને સ્થાને, દિવ્ય વિકાસક્રમમાં એ જરૂરી, મદદરૂપ અને નિશ્ચિત થએલ પણ હોય છે; પણ અજ્ઞાનમાંથી ઉદ્‌ભવતું બંડનું સ્થાન છે આત્માના બાલ્યકાળમાં કે તેના અપરિપક્વ તારુણ્યમાં. પુખ્ત આત્મા બખાળા કરતો નથી પણ સમજણ અને પ્રભુત્વ ઝંખે છે, બૂમાબૂમ કરતો નથી પણ સ્વીકાર કરે છે, કે સુધારા કે પરિપૂર્ણતા માટે મથે છે, આંતરિક બંડ ઉઠાવતો નથી પણ પાલન કરવા, પાર પાડવા, પલટો લેવા પ્રયત્ન કરે છે, એટલે બધી જ બાબતોનો આપણે પ્રભુના હાથથી સમભાવે સ્વીકાર કરવાનો છે. જ્યાં સુધી પ્રભુના વિજયની ઘડી ના આવે ત્યાં સુધી, જેવી રીતે જીતનો તેવી જ રીતે પરાજયનો પણ પ્રગતિના પંથ તરીકે આપણે પ્રશાંત ચિત્તે સ્વીકાર કરવાનો છે. પ્રભુની ઉપહાર-માળામાં અતિ તીવ્ર દુ:ખ, દર્દ કે યાતના આવી મળે તોપણ આપણા આત્મા, મન અને શરીર નિશ્ચલ રહેશે અને અતિ ઉત્કટ આનંદ અને સુખ મળતાં પણ આવેશમાં તણાશે નહિ. આમ, જ્યાં સુધી એક ઉચ્ચતર આનંદની સંસ્થિતિ માટે પરિપક્વ ના બનીએ અને, સર્વોપરિ અને વિશ્વવ્યાપી પરમ આનંદમાં પ્રવેશ પામી ના શકીએ ત્યાં સુધી સંપૂર્ણ સમતુલા સાચવી, માર્ગમાં આવતી બધી જ બાબતોને સમભાવી શાંતિથી સ્વીકારી પ્રગતિના પંથે આગળ ધપ્યે જઈ શું.

* * *

આ સમતા લાંબી અગ્નિ-પરીક્ષા અને ધીરજ-ભર્યાં આત્મ-નિયંત્રણ સિવાય મળતી નથી. જ્યાં સુધી ઇચ્છાઓનું તત્ત્વ જોરદાર હોય ત્યાં સુધી, ઇચ્છાઓના આરામ અને થકાવટના ગાળા સિવાય સમતા જરા પણ અનુભવી શકાતી નથી, અને તે પણ સાચી શાંતિ અને સ્પષ્ટ આધ્યાત્મિક એકતા નહિ પણ એક બેપરવાઈ જેવી અને ઇચ્છાના પોતાના જ પ્રત્યાઘાત જેવી હોવાનો વધારે સંભવ હોય છે. વળી, આ નિયંત્રણને કે આત્માની સમતાની કેળવણીને પણ એના પોતાના જરૂરી ગાળા કે ભૂમિકાઓ હોય છે. સામાન્ય રીતે, શરૂઆત કરવાની રહે છે સહનશીલતાથી; કારણકે આપણે સર્વે પરિસ્થિતિનો સામનો કરી તેમને સહન કરતાં અને પચાવી જતાં શીખવું પડે

છે. આપણા દરેક તંતુને, દુઃખદાયક કે અણગમતા પ્રસંગથી ભડકી ભાગવાને બદલે અને આનંદદાયક કે મનગમતા પ્રસંગ ઉપર તૂટી પડવાને બદલે તેમને સ્વીકારવાનું, સામનો કરવાનું, સહન કરવાનું અને મહાત કરવાનું શીખવવું પડે છે. આપણા અંગત અને સ્વાર્થી સંબંધો માત્ર નહિ પણ આપણી આજુબાજુની, ઉપરની અને નીચેની દુનિયા અને તેમાંના લોકો સાથેના આપણા સહાનુભૂતિભર્યા કે સંઘર્ષ-ભર્યા સંબંધોને પણ સહન કરવા જેટલા બળવાન આપણે બનવાનું છે. માનવીઓ, પદાર્થો કે પરિબળો આપણી ઉપર જે કાંઈ કરે તે તથા દેવતાઓનાં દબાણ અને અસુરોનાં આક્રમણ પણ આપણે શાંતિથી સહન કરી લેવાનાં છે, આત્માને મેળવવાના અનંત અનુભવોમાંથી જે કાંઈ આવી પડે તેને આપણે આપણા નિશ્ચલ અધ્યાત્મ-સાગરમાં રહીને સ્વીકારવાના છે અને સમાવી લેવાના છે. આ છે સમતાની કેળવણીમાં બિલકુલ શરૂઆતનો છતાં વીરતાભર્યો, તિતિક્ષા-પ્રધાન ગાળો. પણ શરીર, હૃદય તથા બુદ્ધિની આ મક્કમ સહનશીલતાને, પ્રભુની ઇચ્છાને તાબે થવાની આધ્યાત્મિક સમજ વડે અને ખંતથી, જોરદાર કર્યે જવી જ પડે; આપણો આ જીવંત પિંડ જ્યારે સહન કરી રહ્યો હોય ત્યારે પણ તેણે, પરિપૂર્ણતા માટે પોતાને તૈયાર રહેલ પ્રભુના હસ્ત-સ્પર્શને, માત્ર કઠોર અને હિંમતભરી શાંતિથી જ નહિ પણ જાણીબૂઝીને કે શરણાગત થઈને સ્વીકારતા રહેવાનો છે. ડહાપણભરી, પવિત્ર કે ઈશ્વર-ભક્તના જેવી કોમળ તિતિક્ષાઓ કરવાનું પણ શક્ય છે; જેનાથી પ્રભુનું આ પાત્ર અતિ કઠોર બની પણ જાય તેવી, માત્ર જાતના જ જોરે આગળ વધતી સહનશીલતાના કરતાં આવી તિતિક્ષાઓ વધારે સારી છે; કારણકે એથી ડહાપણ અને પ્રેમનો સ્વીકાર કરી શકાય તેવું બળ મળે છે. તેમાંની નિશ્ચલતા એ ખૂબ ઊંડી લાગણીથી ભરેલી એક એવી શાંતિ હોય છે કે જે સરળતાથી આનંદ-સ્વરૂપ બની શકે છે. નિરાધાર-શીલતા અને સહનશીલતાના આ ગાળા દરમિયાન થતો મોટો લાભ છે : સર્વ આઘાતો અને પ્રસંગોને પૂરું પડે તેવું આત્મ-બળ.

તે પછી ઉચ્ચ સ્થિતિની તટસ્થતા અને બેપરવાઈનો એક એવો ગાળો આવે છે કે જેમાં આત્મા ઊર્મિભર્યા હર્ષ અને શોકમાંથી મુક્ત બને છે અને આનંદ માટેના ઉત્સાહની લાલચમાંથી તેમ જ દુઃખ અને યાતનાની બિહામણીની કાળી જાળમાંથી બહાર નીકળી જાય છે. આત્મા ઉચ્ચ સ્થાને બેસીને, બધા જ મનુષ્યો પદાર્થો અને પરિબળોને તેમ જ પોતાના અને પારકા વિચારોને, લાગણીઓને, સંવેદનોને અને કર્મોને સંપૂર્ણ શાંત અને અચલાયમાન રહીને જુએ છે; તેમનાથી જરા પણ વ્યગ્ર થતો નથી. આ છે સમતાની કેળવણીમાં

તત્ત્વજ્ઞાનીની રીતનો એક વિશાળ અને પ્રભાવપૂર્ણ ગાળો. પણ આ બેપરવાઈએ કર્મો અને અનુભૂતિઓ પ્રત્યેની મૂઢતાનું રૂપ ના લઈ લેવું જોઈએ; એ થાક, અણગમા કે કંટાળામાંથી જન્મેલ કોઈ આડ-રસ્તો કે અસંતુષ્ટ કે અતિ સંતુષ્ટ ઇચ્છાઓનો પ્રત્યાઘાત કે પોતાના ઉઘમાતિયા હેતુઓ પાર ન પડતાં મૂંઝાએલ કે નિરાશ થએલ અહમ્‌ની રીસ ના હોવી જોઈએ. અપરિપકવ આત્માને આવા પ્રત્યાઘાતો જરૂર આવવાના; તેઓ પ્રગતિમાં મદદરૂપ પણ થઈ શકે કારણકે એથી, ઇચ્છાની ચાબુકથી ચાલતી ચંચળ પ્રાણ-પ્રકૃતિના ઉત્સાહ પર લગામ આવે; પણ એ કાંઈ આપણી મહેનતનાં ફળરૂપ પરિપૂર્ણતા નથી. જે બેપરવાઈ કે તટસ્થતા આપણે મેળવવાની છે એ તો છે સર્વ સંબંધો અને પ્રસંગોથી પર થઈ ઊંચે આસને બિરાજતા[1] આત્માની શાંત ઉચ્ચતા; તે એ સર્વ સંબંધોને નાણી જુએ છે, પછી સ્વીકારે છે કે હડસેલી દે છે; પણ હડસેલતાં ચલાયમાન થતો નથી કે સ્વીકાર કરવાથી તેનાં બંધનમાં આવતો નથી. તે પોતાને નીરવ બ્રહ્મ અને સ્વયંભૂ આત્મતત્ત્વની સમીપ, સમાન અને એકરૂપ, તથા પ્રકૃતિની જે ક્રિયાઓને પોતે સંમતિ આપે છે, અને વિશ્વની ગતિ તથા કર્મથી ઉપર રહેલ ગતિહીન નીરવ બ્રહ્મમાં જેમને તે સર્જે છે, પોષે છે કે લય પમાડે છે તેમનાથી પોતાને વિભિન્ન અનુભવવા લાગે છે. ઊર્ધ્વમાં, પેલે પાર પહોંચી જવાના આ ગાળામાં થતો લાભ છે : દુનિયા પ્રવાહોમાં ઊઠતા સુખમય તરંગો કે આંધીમય ઉછાળાઓથી જરા પણ ચલિત નહિ થતી આત્માની શાંતિ.

જો આ બેમાંથી કોઈ પણ ભૂમિકામાં પકડાઈ ગયા વિના કે તેમને વળગી રહ્યા વિના આપણે તેમાંથી પાર નીકળી જઈ શકીએ તો આપણને એક એવી વધારે મહાન અને દિવ્ય સમતામાં પ્રવેશ મળે કે જ્યાં એક આધ્યાત્મિક ઉત્સાહ, અને આનંદના પ્રશાંત આવેગથી, તેમ જ પૂર્ણતા પામેલ આત્માની એક પરમ હર્ષ અને પૂર્ણ સમજથી ભરેલી તથા સર્વગ્રાહી સમતા શક્ય બને છે; આ સમતા એક નક્કરતા અને વિશાળતા અને સભરતાથી પદાર્થમાત્રને પોતાનામાં સમાવી દે છે. આ છે સર્વોચ્ચ ભૂમિકા; અને પ્રભુને તથા જગદંબાને ચરણે સમગ્ર જાત સોંપી દેવાનો આનંદ એ છે તેનો પંથ કારણકે ત્યારે શક્તિને મળે છે સુખ-સભર પ્રભુત્વનો મુકુટ, શાંતિ ઊંડે ઊતરી બની રહે છે પરમ-આનંદ, દિવ્ય અચલતાની પકડ ઊર્ધ્વતા પામી બની જાય છે દિવ્ય પ્રકૃતિના આલિંગન માટેની ભૂમિકા. પણ આ વધારે મોટી પરિપૂર્ણતાને માટે માર્ગ મોકળો કરવા માટે પદાર્થો અને પુરુષો અને પ્રવૃત્તિઓ

---

૧. ઉદાસીન : ઉદ્ = ઊંચે, આસીન = બેઠેલ

અને પરિબળોના પ્રવાહને તટસ્થતાથી નિહાળતા આત્માએ પોતાના ઊર્ધ્વ આસનને બદલવું પડે; અને એક દૃઢ અને અચલ આધીનતા તથા એક સમર્થ અને સઘન સમર્પણની એક નવી સમજ સ્વીકારવી પડે. આ આધીનતા હવે એક સંતોષભરી નિષ્ક્રિયતા નહિ રહે; એ બની જશે એક ખુશાલીભર્યો સ્વીકાર; કારણકે હવે સહ્યે જવાનો કે બોજ કે વધસ્તંભને વહ્યે જવાનો ભાવ નહિ રહે; આ આધીનતાનો તાણોવાણો હશે પ્રેમ, આનંદ, અને, સ્વાર્પણની ખુશાલી, અને આ શરણાગતિ હશે, જેને આપણે અનુભવીએ છીએ, સ્વીકારીએ છીએ અને આધીન થઈએ છીએ એ દિવ્ય સંકલ્પને તો ખરી જ, પણ જેને આપણે માન્ય કરીએ છીએ તેવી, એ સંકલ્પમાં રહેલ દિવ્ય પ્રજ્ઞાને અને તેમાં રહેલ એક દિવ્ય પ્રેમને પણ ખરી કે જેને આપણે અનુભવીએ છીએ અને પરમ હર્ષથી સહીએ છીએ; આ પ્રજ્ઞા અને પ્રેમ હશે પેલા પરમ પ્રભુનાં; આપણે જેની સાથે એક સુખસભર અને સંપૂર્ણ એકરૂપતા સાધી શકવાના તેવા પદાર્થમાત્રનાં, અને આપણા પોતાનાં પણ, પરમ-આત્મતત્ત્વનાં. ઋષિ-મુનિની તત્ત્વજ્ઞાનિક સમતાનું શિખર છે એક એકાકી સામર્થ્ય, શાંતિ, નિશ્ચલતા; પણ પૂરેપૂરી સમગ્રતાની અનુભૂતિ મેળવતાં આત્મા, આ પોતાની જ સર્જેલી અવસ્થામાંથી મુક્ત બની જાય છે અને સનાતન પુરુષના અનાદિ અને અનંત આનંદના એક સર્વોચ્ચ અને સર્વગ્રાહી પરમ-આનંદ-સાગરમાં પ્રવેશ પામે છે. ત્યારે, આખરે, આપણે સર્વ સંબંધોને એક સુખસભર સમતાથી સ્વીકારવા શક્તિમાન થઈએ છીએ, કારણકે ત્યારે આપણે તે સર્વેમાં અમર્ત્ય આનંદ અને પ્રેમના સ્પર્શને, પદાર્થમાત્રના અંતરમાં સંતાએલ નિરપેક્ષ સુખને અનુભવીએ છીએ. વિશ્વવ્યાપી અને સમત્વપૂર્ણ પરમ સુખભરી સમતાની આ પરાકાષ્ઠામાં પ્રાપ્ત થતી સિદ્ધિ છે આત્માનો આનંદ, અને, અંતહીન પરમાનંદનાં, કલ્પનાતીત સુખનાં ઊઘડતાં દ્વાર.

* * *

ઇચ્છાઓનાં વિસર્જન અને આત્માની સમતાની સિદ્ધિ માટેની આપણી આ મથામણ પરિપૂર્ણ બને અને ફળે તે પહેલાં અહમ્‌ના ભાનના નાશ તરફ દોરી જનાર આધ્યાત્મિક વળાંક તરફ પૂરેપૂરા વળવું જ પડે. પણ કર્મ-યોગના સાધકને તો આ નવા વળાંકમાં કર્મના અહમ્‌નો ત્યાગ એ સૌથી અગત્યનો છે. કારણકે કર્મના ફળનો અને એ ફળની ઇચ્છાનો આપણે યજ્ઞના સ્વામીને બલિ ચડાવીને રાજસિક ઇચ્છાઓના અહમ્‌નો ત્યાગ કર્યો હોવા છતાં, હજી, આપણે કર્તા તરીકેના અહમ્‌ને સાચવી પણ રાખ્યો હોય. હજી આપણે એવા ભાનને આધીન હોઈએ છીએ કે કર્મોના કર્તા તો આપણે જ

છીએ, તેના પ્રેરક અને અનુમંતા પણ આપણે જ છીએ. હજી કર્મોને પસંદ કરનાર અને નિશ્ચિત કરનાર પેલો "હું" જ હોય છે, જવાબદારી સ્વીકારનાર અને જશ કે અપજશને પોતાના ગણનાર પણ હજી એ જ "હું" હોય છે. પોતાને અલગ ગણનાર આ હું-પણાનો સંપૂર્ણ ઉચ્છેદ એ આપણા યોગમાં બિલકુલ અનિવાર્ય છે. જો કોઈ પણ હું-પણાનો કામચલાઉ આશરો લેવો જ પડે તો એ હોય એવા પ્રકારનું કે જે પોતાને માત્ર એક આભાસ તરીકે સ્વીકારે અને આપણી અંદર ચેતનાનું સાચું કેન્દ્ર પ્રગટ થાય કે રચાઈ જાય એટલે અદશ્ય થઈ જવા તૈયાર હોય. એ સાચું કેન્દ્ર એ જ છે પેલી "એકમાત્ર" પરમ ચેતનાની એક ઝળહળતી રચના અને "એકમાત્ર" પરમ સત્તાનું એક શુદ્ધ વાહન અને સાધન. એ, વિશ્વવ્યાપી પરમ શક્તિના વ્યક્તિગત આવિર્ભાવ અને કાર્ય માટે આધારરૂપ હોઈ પોતાની પાછળ રહેલ સાચા પુરુષ-તત્ત્વને, કેન્દ્રીય સનાતન સત્તાને, પરમ તત્ત્વના સનાતન આત્માને, પરાત્પર શક્તિના એક સામર્થ્ય અને અંશને ધીમે ધીમે બહાર આણે છે.[૨]

અહીં, ચૈત્ય પુરુષ અહમ્‌ના અંધારિયા અંચળાને ધીમે ધીમે અળગો કરે છે એમાં પણ પ્રગતિ તો સ્પષ્ટ ભૂમિકાઓવાળી જ હોય છે. કર્મનાં ફળ માત્ર જ નહિ પણ આપણાં કર્મો પોતે પણ પ્રભુનાં જ બની રહેવાં જોઈએ; માત્ર પરિણામોનો જ નહિ પણ આપણાં કર્મોનો પણ સાચો સ્વામી એ જ છે. આ આપણે માત્ર બુદ્ધિથી જ સમજવાનું નથી પણ આપણી સમગ્ર ચેતના અને સંકલ્પની સમક્ષ પણ એ એક સંપૂર્ણ સત્ય બની રહેવું જોઈએ. સાધકે માત્ર વિચારવાનું અને સમજવાનું નથી પણ કર્મ કરતી વખતે, તેની શરૂઆતમાં અને સમગ્ર ક્રિયા દરમિયાન તેને નક્કર રીતે પૂરી નિકટતાથી દેખાવું જોઈએ, અનુભવાવું જોઈએ કે તેનાં કર્મો એ તેનાં પોતાનાં નથી જ: એ તો સર્વોચ્ચ સત્તામાંથી તેની (સાધકની) દ્વારા માત્ર બહાર આવી રહ્યાં હોય છે. પોતાની વ્યક્તિગત પ્રકૃતિ દ્વારા કામ કરી રહેલ એક પરમ શક્તિ, સત્તા, સંકલ્પબળનું ભાન તેને સતત રહેવું જોઈએ. પણ આ વલણ અખત્યાર કરવા જતાં એક ભય એ રહેવાનો કે તે પોતાના વેશધારી કે ઉમદા અહમ્‌ને કે કોઈ અધમ શક્તિને પ્રભુરૂપ માની લે, અને તેમની ઇચ્છાઓને પ્રભુના આદેશની જગ્યાએ બેસાડી દે; પોતાની નિમ્ન પ્રકૃતિના છૂપા હુમલાનો પણ એ ભોગ બની જાય અને ઊર્ધ્વ શક્તિને માનેલાં પોતાનાં સમર્પણને પોતાની સ્વેચ્છા કે ખુદ કામનાઓ અને વાસનાઓના સ્વચ્છંદી

---

૨. अंश सनातनः । परा प्रकृति जीवभूता ॥ ગીતા ૫/૭

અને વિપુલ અને યથેચ્છ ઉપભોગ માટેના એક બહાનાનું વિકૃત રૂપ પણ આપી દે. દિલની સચ્ચાઈની, એટલે જ, ખૂબ ખૂબ જરૂર રહેવાની અને તેને માત્ર સજાગ મન ઉપર જ નહિ પણ, વિશેષ તો, છૂપી પ્રવૃત્તિઓથી ભરેલી આપણી પ્રચ્છન્ન ચેતના ઉપર ઠસાવવી જ પડવાની. કારણકે ત્યાં જ, અને ખાસ કરીને તો પ્રચ્છન્ન પ્રાણ-પ્રકૃતિમાં, કદી ના સુધરે તેવો એક દંભી અભિનેતા વસતો હોય છે. સાધક પોતાનાં કર્મોનો સઘળો ભાર ભગવાનને સોંપી દે તે પહેલાં તેણે ઇચ્છાઓના ત્યાગ અને સર્વ ક્રિયાઓ તથા સર્વ પ્રસંગો પ્રત્યે આત્માની સુદૃઢ સમતાની સ્થાપનાના માર્ગે ઘણા આગળ વધવું પડે છે. અહમ્‌ની છેતરપિંડીઓ ઉપર અને, સાધકના આત્માને ફસાવવા, પોતાને પૂર્ણ પ્રકાશ અને સર્વોચ્ચ સત્યના અસલ પ્રતિનિધિ તરીકે ઓળખાવતી અને દિવ્ય અંચળાઓ ઓઢતી નર્યા અંધકારની શક્તિઓના છૂપા અડ્ડાઓ ઉપર ક્ષણે ક્ષણે સજાગ ચોકી રાખવી પડે છે.

તરત જ તેણે એક પગલું આગળ વધીને સાક્ષી તરીકેના પદે પહોંચી જવું જોઈએ. પ્રકૃતિથી અલગ, બિન-અંગત અને અનાસક્ત થઈને તેણે પોતાની અંદર કાર્ય કરી રહેલી કાર્યસાધક પ્રાકૃત શક્તિને અવલોકવી જોઈએ અને તેનાં કાર્યોને સમજવાં જોઈએ; આમ અલગ થઈને તેણે પ્રકૃતિની વિશ્વવ્યાપી લીલાને ઓળખતાં, પ્રકાશ અને રાત્રિ, દિવ્ય અને અદિવ્યની તેણે કરેલી ભેળવણીને છૂટી પાડતાં, અને અજ્ઞાની માનવ-જંતુઓનો ઉપયોગ કરી જતી તેની સમર્થ શક્તિઓ અને અસુરોને શોધી કાઢતાં શીખવું જ જોઈએ. ગીતામાં કહ્યું છે કે પ્રકૃતિ તેના ત્રણ ગુણ દ્વારા,— પ્રકાશ અને શુભના સત્ત્વ-ગુણ દ્વારા, આસક્તિ અને કામનાઓના રજોગુણ દ્વારા, મૂઢતા અને જડતાના તમોગુણ દ્વારા,— આપણી અંદર કાર્ય કરે છે. સાધકે પોતાની અંદરના પ્રકૃતિના આ સામ્રાજ્યના એક તટસ્થ અને વિવેકશીલ સાક્ષી તરીકે આ ત્રણ ગુણનાં વિભક્ત અને સંયુક્ત કાર્યોને છૂટાં પાડતાં શીખવું જોઈએ; પોતાની અંદર રચાએલી ભુલભુલામણીમાં થઈ રહેલાં વિશ્વવ્યાપી પરિબળોનાં અદૃશ્ય સૂક્ષ્મ કાર્યોને અને છૂપાં સ્થાનોને તેણે તપાસવાં જોઈએ અને એમની ઇન્દ્રજાળની દરેક યુક્તિને ઓળખી કાઢવી જોઈએ. આ જ્ઞાનમાં આગળ વધતાં તે પ્રકૃતિનું અંધ હથિયાર મટીને એક અનુમંતા બની શકે છે. પ્રથમ તો તેણે પોતાનાં કરણ પર કામ કરી રહેલ પ્રાકૃત શક્તિને સમજાવીને તેનાં તમોગુણી તથા રજોગુણી કર્મોને કાબૂમાં લેવાં પડે છે અને તેમને સત્ત્વગુણના કબજામાં લાવવાં પડે છે અને, પછીથી, એ સત્ત્વગુણને પણ શરણાગતિ સ્વીકારવાનું સમજાવવું પડે છે કે જેથી ઊર્ધ્વ શક્તિ તેમને તેમના દિવ્ય

સ્વરૂપમાં રૂપાંતર આપી શકે: તમોગુણને પરમ સ્વસ્થતા અને શાંતિમાં, રજોગુણને શાશ્વત દિવ્ય તપ:શક્તિમાં અને સત્ત્વગુણને દિવ્ય પ્રકાશમયતા અને આનંદમાં. આ સાધના અને પલટાના પ્રથમ ભાગને એક સિદ્ધાંત તરીકે તો આપણા માનસિક સંકલ્પ વડે બરાબર સ્થાપિત કરી શકાય; પણ તેનો પૂર્ણ અમલ તથા તેની પછીનું રૂપાંતર તો ત્યારે જ પાર પડે કે જ્યારે ઊંડે વસતો ચૈત્ય પુરુષ પ્રકૃતિ ઉપરનો પોતાનો કબજો વધારે અને માનસિકની જગ્યાએ પોતાનું વર્ચસ્વ સ્થાપે. આમ થાય ત્યારે જ, માત્ર એક અભીપ્સા અને સંકલ્પ તથા વધતા જતા પ્રાથમિક સ્વાર્થ-ત્યાગ વડે જ નહિ પણ સક્રિય સ્વાર્પણના નક્કરમાં નક્કર અમલ વડે સાધક પોતાનાં સર્વ કર્મોને સર્વોપરિ પ્રભુ-ઇચ્છાના હાથમાં સંપૂર્ણપણે સોંપી દેવા માટે તૈયાર થઈ શકે. અપૂર્ણ માનવ-બુદ્ધિવાળા તેના મનની જગાએ, ક્રમે ક્રમે, એક આધ્યાત્મિક અને પ્રકાશપૂર્ણ મન સ્થપાશે અને છેવટે તે અતિમાનસિક સત્યજ્ઞાન, ઋત-ચેતનામાં પ્રવેશ પામી શકશે. આમ થતાં હવે, ત્રણ ગુણોના આશરે, ગૂંચવાએલ અને અપૂર્ણ પ્રવૃત્તિ કરતી અજ્ઞાનમૂલક પ્રકૃતિમાંથી નહિ પણ આધ્યાત્મિક શાંતિ, શક્તિ, પ્રકાશ અને આનંદથી ભરેલી દિવ્ય પ્રકૃતિમાંથી સાધક કર્મો કરશે. હવે તેનાં કર્મો એક અજ્ઞાની મન અને સંકલ્પ તથા તેના કરતાં પણ વધારે અજ્ઞાની એવાં ઊર્મિ અને આસક્તિથી ભરેલા હૃદયવાળા પ્રાણના ધક્કાથી તથા રુધિર-માંસવાળા દેહની જરૂરિયાતથી પ્રેરાઈને નહિ થાય; પણ હવે તો તે થશે, શરૂઆતમાં એક, આધ્યાત્મિક બનેલ પુરુષ અને પ્રકૃતિ વડે અને, છેવટે, એક અતિમાનસિક ઋત-ચેતના અને તેનાં અતિ-પ્રાકૃતિક દિવ્ય સામર્થ્ય વડે.

આ પ્રમાણે થતાં છેવટનાં પગથિયાં ચડી જઈ શકાય છે અને ત્યારે પ્રકૃતિનો પડદો વચમાંથી હટી જતાં સાધક જગન્નાથની સન્મુખ ખડો થઈ જાય છે અને તેનાં સર્વ કર્મો હમેશ માટે શુદ્ધ, સત્ય, સંપૂર્ણ અને આનંદમય સર્વોપરિ શક્તિની કર્મધારામાં એકરૂપ થઈ જાય છે. આમ, તે પોતાનાં કર્મો તેમ જ એ કર્મોનાં પરિણામો અતિમાનસિક પરમ શક્તિને સુપરત કરી દઈ શકે છે અને પોતે તો માત્ર એ સનાતન કર્તાના એક સચેતન કરણ તરીકે સક્રિય રહે છે. હવે એ અનુમંતા તો રહ્યો નથી તેથી, ઊલટાનો, એક દિવ્ય આદેશને પોતાનાં કરણોમાં મેળવતો રહેશે અને તેના હાથથી દોરાતો રહેશે. હવે તે કર્તા તો રહ્યો નથી તેથી, પોતાની દ્વારા, અને તેની સતત જાગ્રત શક્તિ વડે, અમલમાં આવતાં કર્મોનો સ્વીકાર કરશે. હવે તે પોતાનાં માનસિક સ્વપ્નોને સિદ્ધ કરવાનો અને પોતાની ઊર્મિપ્રધાન ઇચ્છાઓને

સંતોષવાનો સંકલ્પ તો કરતો નથી તેથી સર્વશક્તિમાન પરમસંકલ્પ – કે જે પરમ જ્ઞાન પણ છે, અને એક રહસ્યમય, ચમત્કારપૂર્ણ, અગાધ પ્રેમ પણ છે, અને સર્વ સત્-તાના સનાતન પરમ આનંદનો અમર્યાદ, અતલ સાગર પણ છે – તેને આધીન બની રહેશે, તેમાં જ ઓતપ્રોત બની રહેશે.

પ્રકરણ : ૧૦

# પ્રકૃતિના ત્રણ ગુણ

જો આત્માએ પોતે મુક્ત બનવું હોય અને મુક્ત રીતે કર્મો કરવાં હોય તો તેણે નિમ્ન પ્રકૃતિની સ્વાભાવિક ક્રિયાઓને વટાવી ગયા વિના છૂટકો નથી. વિશ્વવ્યાપી પ્રકૃતિ જેવી પણ છે તેની સાથે મેળમાં રહીને આપણાં સ્વાભાવિક કરણો તેને અનુસરે તેથી તેઓ સારું અને સંપૂર્ણ કાર્ય જરૂર કરી શકે; પણ આત્માને માટે કાંઈ એ એક આદર્શ રીત નથી; તેણે અનુસરવાનું તો છે જ પણ તે પ્રભુને અને તેની પરમ શક્તિને; જ્યારે પોતાની પ્રકૃતિના તો તેણે માલિક જ બનવાનું છે, દાસ નહિ. એ તો સર્વોપરિ સંકલ્પશક્તિનો પ્રતિનિધિ છે, વાહક છે; એટલે સ્વાભાવિક કરણરૂપ મન, પ્રાણ અને શરીરને કામ કરવા માટે પ્રકૃતિ એ જે કાંઈ શક્તિનો સંગ્રહ, સંજોગોની મર્યાદા, કે સંયુક્ત પ્રવૃત્તિઓનો સુમેળ તેને આપ્યો હોય તેનો કેવી રીતે ઉપયોગ કરવો તે તેણે તેની પોતાની દૃષ્ટિ, મરજી, કે નામરજી વડે નક્કી કરવાનું છે. પણ આ નિમ્ન પ્રકૃતિ ઉપર પ્રભુત્વ તો માત્ર ત્યારે જ મળે કે જ્યારે તેને ઓળંગી જઈને ઊર્ધ્વમાંથી તેનો ઉપયોગ કરવામાં આવે, અને આમ કરવા માટે તેની શક્તિઓ, ક્રિયાઓ અને ગુણોને વટાવી જવાં પડે, નહિ તો આપણે મુક્તાત્મા નહિ પણ તેનાં બંધનોના દાસ રહેવાના અને અસહાય રહી તેના વડે જ દોરાયા કરવાના.

પ્રકૃતિના મૂળભૂત ત્રણ ગુણો એ પુરાણયુગના ભારતીય તત્ત્વજ્ઞાનીઓની શોધ છે; એમાં રહેલું સત્ય જલદી આંખે નથી ચડતું તેનું કારણ એ છે કે દીર્ઘ ચિત્તશાસ્ત્રીય પ્રયોગો અને ખૂબ ઊંડી આંતરિક અનુભૂતિઓને પરિણામે એ પ્રાપ્ત થએલ છે. એટલે સુદીર્ઘ આંતરિક અનુભૂતિઓ, તલ-સ્પર્શી આત્મ-નિરીક્ષણ અને પ્રાકૃત-બળોનાં સ્ફુરિત દર્શન વિના તેમને બરાબર સમજવાનું અને પાકે પાયે ઉપયોગમાં લેવાનું મુશ્કેલ છે. તોપણ તેની આછી રૂપરેખા જાણવાથી કર્મયોગના સાધકને પોતાની પ્રકૃતિનું પૃથક્કરણ કરવામાં, અને સંમતિ-અસંમતિ દ્વારા તેની પર કાબૂ મેળવવામાં સહાય થશે. ભારતીય ગ્રંથોમાં પ્રકૃતિના આ ગુણોને સત્ત્વ, રજસ અને તમસ એવાં

નામ આપવામાં આવ્યાં છે. સત્ત્વ એ સમતુલા સાચવતી શક્તિ છે અને શુભ અને સંવાદ તથા પ્રસન્નતા અને પ્રકાશના ગુણો દ્વારા વ્યક્ત થાય છે; રજસ એ પ્રવૃત્તિપ્રેરક શક્તિ છે અને સંગ્રામ અને શ્રમ તથા આવેગ અને કાર્યના ગુણો દ્વારા વ્યક્ત થાય છે; તમસ એ અચેતનતા અને જડતાની શક્તિ છે અને અંધતા અને અશક્તિ અને નિષ્ક્રિયતાના ગુણો દ્વારા વ્યક્ત થાય છે. આ ગુણભેદ સામાન્ય રીતે તો વ્યક્તિગત ચિત્તનું પૃથક્કરણ કરવા માટે વપરાય છે પણ તે સામાન્ય ભૌતિક પ્રકૃતિને પણ લાગુ પડે જ છે. નિમ્ન પ્રકૃતિના બધા જ પદાર્થો અને તત્ત્વોમાં તે હાજર હોય છે અને તેમના વ્યાપારો અને ગતિ-સ્વરૂપો એ આ ગુણશક્તિઓનાં પરસ્પર કાર્યનાં પરિણામે જ ઉદ્‌ભવે છે.

પદાર્થોનો દરેક પ્રકાર, જડ કે જીવંત, એ પ્રકૃતિની સક્રિય શક્તિઓની સતત જળવાતી સમતુલા હોય છે અને તેની આજુબાજુના બીજા શક્તિ-સમૂહોની સાથેના સહાયક, ખલેલ-જનક કે વિસર્જક વ્યાપારોના અનંત પ્રવાહની તેની ઉપર અસર થતી હોય છે. આપણાં મન, પ્રાણ અને શરીરની પ્રકૃતિ એ પણ બીજું કાંઈ નહિ પણ આ જ પ્રમાણે રચાએલ એક સમૂહ અને સમતુલા છે. કોઈ પણ મનુષ્ય પોતપોતાના સંજોગોનો સ્વીકાર કરવામાં અને તેમનો પ્રત્યુત્તર વાળવામાં પ્રકૃતિના કયા કયા ગુણનો ઉપયોગ કરે છે તેની ઉપરથી તેની મનોદશા અને તેના વ્યવહારનો પ્રકાર નક્કી થાય છે. જો તે માણસ જડ અને મૂઢ હોઈ કોઈ પણ જાતના સક્રિય પ્રતિકાર વિના, સંરક્ષણના પ્રયત્ન વિના, કે સમાવી લેવાની કે અનુકૂળ થવાની આવડત વિના સંજોગોને સહી લે તો એ થયો તમોગુણ. તમોગુણની નિશાનીઓ છે : અબુધતા અને અચેતનતા, અન-આવડત અને મૂર્ખતા, આળસ અને જડતા, નિષ્ક્રિયતા અને યંત્રવત્ ધરેડ, તથા મનની મૂઢતા, પ્રાણનું ઘેન અને આત્માની ઊંઘ. જો બીજાં કોઈ તત્ત્વો વચ્ચે ના પડે તો આ ગુણનાં પરિણામે, બીજું કોઈ નવસર્જન કે નવી સમતુલા કે સક્રિય પ્રગતિ માટેની નવશક્તિ મળ્યા વિના પ્રકૃતિનાં સ્વરૂપ કે સમતુલાનું માત્ર વિસર્જન જ થાય. આ જડ વંધ્યત્વના કેન્દ્રમાં હોય છે તાત્ત્વિક અજ્ઞાન અને ઉત્તેજક કે વિરોધી સંબંધોને, આજુ-બાજુનાં પરિબળોનાં સૂચનોને અને નવા અનુભવો માટેનાં તેમનાં દબાણને સમજવાની, પકડવાની અને કામે લગાડવાની અન-આવડત કે આળસભરી અનિચ્છા.

તો વળી એમ પણ બને કે કોઈ માણસ બાહ્ય પ્રકૃતિની સાથે સંબંધમાં આવતાંને, તેનાં પરિબળોનો સ્પર્શ, ઉત્તેજન, સહાય કે વિરોધ મળતાં તેમને

સહકાર આપે કે સામનો પણ કરે. સંજોગો સામે ઝૂઝવા, સામનો કરવા, યત્ન કરવા, માથું ઊંચકવા કે બાથમાં લેવા, પોતાના સંકલ્પને બર લાવવા, પાર પાડવા, સર્જવા અને વિજયી બનાવવા પ્રકૃતિ તેને છૂટ આપે, ઉત્તેજન આપે કે ફરજ પણ પાડે. તો આ થયો રજોગુણ, આવેગ અને પ્રવૃત્તિઓનો અને ઇચ્છાઓની ભૂખને સંતોષવાનો ગુણ. સંગ્રામ અને પરિવર્તન અને નવસર્જન, વિજય અને પરાજય, અને સુખ અને યાતના, અને આશા અને નિરાશા એ સહુ છે એનાં સંતાનો, એ સહુ રચે છે એનો અનેકરંગી જીવન-મહેલ, પ્રમોદ–પ્રાસાદ. પણ એનું જ્ઞાન હોય છે અપૂર્ણ કે અસત્ય, અને તેનાં પગલે પગલે આવે છે અજ્ઞાની યત્નો, ભૂલો, ખોટા ફેરફારોના પ્રવાહ, આસક્તિનું દુ:ખ, વણસંતોષાએલી કામના, હાર અને વિનાશની યાતના. રજોગુણની ભેટ હોય છે સક્રિય શક્તિ, બળ, પ્રવૃત્તિ, અને કાર્યનું, સર્જનનું અને સફળતાનું સામર્થ્ય. પણ તે કામ કરે છે અજ્ઞાને સર્જેલા ખોટા કે અડધા પ્રકાશમાં, અને તે વિકૃત બને છે અસુર, રાક્ષસ અને પિશાચના પંજામાં. માનવમનનું ઉદ્ધત અજ્ઞાન અને તેની આત્મસંતોષી વિકૃતિઓ અને બેફામ ભૂલો, અભિમાન, અહંકાર અને આકાંક્ષા, જુલ્મો, બળાત્કારો, પાશવી અત્યાચારો, અને હિંસા, સ્વાર્થ, હલકટતા અને દંભ, અને વિશ્વાસ-ઘાત અને બદમાશી અને વાસના અને લોભ અને લૂંટ, અને ઇર્ષ્યા, અને અદેખાઈ, અને અનંત કૃતઘ્નતા: પાર્થિવ પ્રકૃતિને વિરૂપ કરી નાખતાં આ સર્વે છે પ્રકૃતિના આ અનિવાર્ય છતાં સમર્થ અને ખતરનાક ગુણનાં સ્વાભાવિક સંતાનો.

પણ દેહધારી વ્યક્તિઓ કાંઈ પ્રકૃતિના આ બે જ ગુણની મર્યાદિત નથી; આજુબાજુની અસરો અને વિશ્વનાં પરિબળોના પ્રવાહને પ્રત્યુત્તર આપ-વાની એક બીજી વધારે સારી અને પ્રબુદ્ધ રીત પણ છે; તેમને વધારે સ્પષ્ટ સમજ, સ્થિરતા અને સમતુલાથી સ્વીકારવાનું અને જવાબ આપવાનું શક્ય છે. આ જાતની સ્વાભાવિક રીતમાં સમજણ હોય છે તેથી સહાનુભૂતિ પણ શક્ય બને છે; તે પ્રકૃતિની પ્રેરણાનો અને પ્રથાઓનો તાગ પણ લે છે અને તેમને કાબૂમાં પણ લે છે; પ્રકૃતિની પ્રક્રિયાઓને અને રહસ્યોને ભેદવા જેટલી તેમ જ તેમને અપનાવવા અને ઉપયોગમાં લેવા જેટલી તેનામાં બુદ્ધિ છે; તેના પ્રતિકાર સુસ્પષ્ટ હોવાથી તે હારી નથી જતી પણ પદાર્થમાત્રનાં ઉત્તમ તત્ત્વોને યોગ્ય સ્વરૂપ આપે છે, સુધારે છે, સંવાદમાં મૂકે છે, પ્રકાશમાં આણે છે. આ જ છે સત્ત્વગુણ, શિવ, સત્ય, સૌંદર્ય, સુખ, આનંદ, સાચી સમજ, સાચો સુમેળ અને સાચી સમતુલાની દિશામાં આગળ વધતી પ્રકૃતિની પ્રકાશપૂર્ણ

અને સુસ્થિર કાર્યરીત; જ્ઞાનની ઝળહળતી સ્પષ્ટતાથી અને સહાનુભૂતિ અને સાન્નિધ્યની તેજસ્વી હૂંફથી સમૃદ્ધ હોય છે તેની મનોદશા. લાલિત્ય અને પ્રબોધિતા, સંયત શક્તિ, અને સમગ્ર જાતની સંસ્થાપિત સંવાદિતા અને સમતુલા એ હોય છે સાત્ત્વિક પ્રકૃતિની સમગ્ર સિદ્ધિ.

કોઈ પણ વ્યક્તિને વિશ્વવ્યાપી શક્તિના આ ગુણોમાંથી ગમે તે એકના જ ઢાળામાં ઢાળીને ઘડવામાં આવતી નથી; દરેક વ્યક્તિ અને દરેક જગ્યાએ આ ત્રણે ય ગુણો હાજર હોય છે. એ ત્રણેયના બદલાતા રહેતા સંબંધો અને એકબીજામાં ઘૂસી જતી અસરો સતત ભેગાં થતાં હોય છે કે છૂટાં પડતાં હોય છે; કદીક તો પોતાની સત્તા માટે સંઘર્ષ, અથડામણ કે ઝગડા પણ થતા હોય છે. બધી જ વ્યક્તિઓમાં હોય છે વધારે કે ઓછી, ઊંચી કે નીચી, તો કદીક વળી ભાગ્યે જ દેખાય તેવી સાત્ત્વિક વૃત્તિ; અને પ્રકાશ, સ્પષ્ટતા અને સુખ; સંજોગો પ્રત્યે સાનુકૂળતા અને સહાનુભૂતિ; બુદ્ધિ, સ્વસ્થતા, યોગ્ય સમજ, યોગ્ય સંકલ્પ, યોગ્ય સંવેદન, યોગ્ય આવેગ, સદ્‌ગુણ, વ્યવસ્થા એમની સ્પષ્ટ હયાતી કે આછુંપાતળું વલણ. બધામાં જ હોય છે રાજસિક વૃત્તિ અને આવેગો; અને ઇચ્છાઓ, આસક્તિઓ અને મથામણથી ભરેલાં મલિન અંગો; વિકૃતિઓ અને જૂઠાણાંઓ અને ભૂલો; ડામાડોળ શોક અને હર્ષ; કર્મો અને ઉતાવળાં સર્જનો માટે ઉગ્ર આવેગો; અને સંજોગોના દબાણ કે જીવનની પ્રતિકૂળતા અને અનુકૂળતા પ્રત્યે મક્કમ કે ધીટ કે બળબળતા કે ભયાનક પ્રતિકાર. બધા જ અનુભવે છે તામસિક અવસ્થાઓ અને અંધકારમાં ઊંઘતાં અંગો; અચેતન ખૂણાઓ કે ઘડીઓ; નિર્બળ ના કે મૂઢ હા—ની જુગજૂની ટેવ કે ક્ષણિક વલણ; અંગભૂત અશક્તિ કે થાક, બેદરકારી કે આળસભરી અકડાઈ; અજ્ઞાન અને અનાવડતમાં ડૂબકાં; સંજોગો પ્રત્યે અને લોકો, પ્રસંગો અને પરિબળોના પ્રવાહ પ્રત્યે હતાશા અને બીક અને બાયલા બચાવ કે લાચારી. આપણે દરેક જણ આપણી કુદરતી શક્તિઓની કોઈક દિશામાં, કે આપણા મન કે ચારિત્ર્યના કોઈક ભાગમાં સાત્ત્વિક હોઈએ છીએ, તો વળી અન્ય કોઈમાં રાજસિક કે કોઈમાં તામસિક. આપણી સામાન્ય મનોદશામાં કે મનના ઘડતરમાં કે કર્મના વલણમાં જે કોઈ ગુણ સામાન્ય રીતે આગળ પડતો તરી આવતો હોય તેને ધ્યાનમાં રાખીને આપણે સાત્ત્વિક, રાજસિક કે તામસિક માણસ કહેવાઈએ છીએ; પણ હમેશાં એક જ ગુણવાળો તો ભાગ્યે જ કોઈ માણસ હોય છે અને પૂરેપૂરા એક જ ગુણવાળો તો કોઈ જ નહિ. શાણા પુરુષો કાંઈ હમેશાં કે પૂરેપૂરા શાણા નથી હોતા; બુદ્ધિશાળીઓ અહીંતહીં જ બુદ્ધિશાળી

હોય છે; સંતપુરુષો ઘણી દુષ્ટતાઓને અંતરમાં જ દાબી દેતા હોય છે અને દુષ્ટ માણસો કાંઈ હમેશાં જ ખરાબ નથી હોતા; મૂર્ખમાં મૂર્ખ માણસની અંદર પણ અવ્યક્ત કે અણઘડ અને અવિકસિત આવડત પડેલી હોય છે, બીકણમાં હિંમતભરી ક્ષણ કે રીત, તો વળી નિરાધાર કે નિર્બળની પ્રકૃતિના કોઈક ભાગમાં તાકાત સૂતેલી પડી હોય છે. વ્યક્તિમાં આગળ પડતો ગુણ એ કાંઈ એના આત્માનો મૂળભૂત પ્રકાર નથી હોતો; એ તો હોય છે તેણે આ એક જિંદગીને માટે, કે હાલની હયાતી દરમિયાન અને કાળપ્રવાહમાં ઉત્ક્રાંતિના અમુક સમયે તેણે ઘડેલા પોતાના સ્વરૂપની નિશાની.

* * *

જ્યારે સાધક પોતાની અંદર, કે પોતાની ઉપર, થતાં પ્રકૃતિનાં કાર્યમાંથી પાછો હઠી જાય, તેમાં ડખલ, સુધારા, રુકાવટ, પસંદગી કે નિર્ણય કરવાનું બંધ કરી તેને તેની રીતે વર્તવા દે અને તેનાં કાર્યોનું પૃથક્કરણ અને અવલોકન કરવા માંડે ત્યારે તેને દેખાવા માંડે છે કે એક વાર ચાલુ કરી આપેલા કોઈ યંત્રની માફક પ્રકૃતિના ગુણો પોતાનાં જ બંધારણ અને કાર્યશક્તિના જોરે આપમેળે જ કર્યા કરે છે. તેને કાર્યશક્તિ અને સંચાલન પ્રકૃતિમાંથી મળે છે, વ્યક્તિમાંથી નહિ. ત્યારે તેને સમજાય છે કે બધાં કાર્યો તેનું મન કરતું હતું એવો તેનો ખ્યાલ કેટલો ભૂલ ભરેલો હતો; તેનું મન તો તેનું પોતાનું એક નાનું સરખું અંગ અને પ્રકૃતિનું સર્જન તથા યંત્ર હતું. રમકડાંઓથી રમતી કોઈ છોકરીની માફક પ્રકૃતિ, પહેલેથી જ, પોતાની રીતે, ત્રણે ગુણોને ચલાવી રહી હતી. સાધકનો અહમ્ તો પહેલેથી જ એક સાધન અને રમકડું હતો; તેનું ચારિત્ર્ય અને બુદ્ધિ, તેના નૈતિક ગુણ અને માનસિક શક્તિઓ, તેનાં સર્જનો, કાર્યો અને બહાદુરીઓ, તેનો મિજાજ અને સંયમ, તેની નિર્દયતા અને દયા, તેનો પ્રેમ અને તિરસ્કાર, તેના સદ્ગુણ અને અવગુણ, તેના તડકા અને છાંયા, તેના આનંદના ઉછાળા અને શોકના ઊભરા, એ બધાં તો હતાં માત્ર પ્રકૃતિની લીલા કે જેનાથી તેનો આત્મા આકર્ષાતો, જિતાતો, જોતરાતો અને નિષ્ક્રિય થઈ પોતાને તેમાં તણાવા દેતો. પણ તોય પ્રકૃતિ કે શક્તિનો આ નિયતવાદ કાંઈ અફર નથી; આત્માને પણ એમાં કાંઈક કહેવાનું હોય છે (પણ આત્માને, પુરુષને ગુપ્ત અંતરાત્માને; મનને કે અહમ્ને નહિ, કારણકે તેઓ કોઈ સ્વતંત્ર તત્ત્વો નથી, તેઓ તો પ્રકૃતિનાં જ અંગો છે) કારણકે પ્રકૃતિની લીલાને પુરુષની સંમતિની જરૂર પડે જ છે, અને પુરુષ તેના માલિક અને અનુમંતા તરીકે પોતાના આંતરિક, મૂક સંકલ્પ વડે પ્રકૃતિની રમતની

રીત નક્કી કરી શકે છે અને એ રમતની મિલાવટોમાં વચ્ચે માથું પણ મારી શકે છે; અલબત્ત, યોજના, નિર્ણય, કાર્ય અને આવેગ પર તો પ્રકૃતિનો જ હાથ અને હક્ક રહે છે. પુરુષ પ્રકૃતિને કોઈ સુમેળ પાર પાડવાનું ફરમાવી શકે છે (પણ તેનો અમલ કરાવવામાં વચ્ચે વચ્ચે ડખલ નહિ કર્યા કરતાં તેની ઉપર એક સચેતન દૃષ્ટિ જ રાખે છે); અને પ્રકૃતિ તરત જ, કે અનેક મુશ્કેલીઓ પાર કરીને, યોજના, સક્રિય પ્રેરણા અને અનુરૂપ ઘાટ આપી તેને સાકાર બનાવી આપે છે.

જો આપણે આપણી હાલની પ્રકૃતિને દિવ્ય ચેતનાની શક્તિ અને સ્વરૂપ તરીકે તથા દિવ્ય સામર્થ્યના એક કરણ તરીકે પલટાવી નાખવા માગતા હોઈએ તો પ્રકૃતિના નીચલા બે ગુણ, એટલે કે તમોગુણ અને રજોગુણના કર્મ-પ્રવાહમાંથી બહાર નીકળી જવાનું અનિવાર્ય છે એ વાત તો સ્પષ્ટ જ છે. તમોગુણ દિવ્ય જ્ઞાન પર અંધકાર પાથરીને તેને આપણી પ્રકૃતિના અંધારિયા અને જડ ખૂણાઓ સુધી પહોંચતાં અટકાવે છે. એ આપણને નિર્બળ બનાવે છે અને દિવ્ય પ્રેરણાને અનુસરવાની શક્તિ, અને પલટાવવાની તાકાત, તથા પ્રગતિ કરવાના અને ઊર્ધ્વ શક્તિને અનુરૂપ થવાના આપણા સંકલ્પ-બળને છીનવી લે છે. રજોગુણ જ્ઞાનને વિકૃત કરે છે, આપણી સમજને જૂઠાણાંની શાગરીત અને બધી જ ખોટી પ્રવૃત્તિઓની વકીલ બનાવે છે, આપણી પ્રાણ-શક્તિ અને તેના આવેગોને ડહોળે છે અને ઊલટપાલટ કરે છે, શરીરની સ્વસ્થતા અને આરોગ્યને શિથલાવી નાખે છે. તે બધા જ ઊર્ધ્વ વિચારો અને ઉચ્ચ પ્રવૃત્તિઓને પકડમાં લઈ ખોટા અને અહમ્-પ્રધાન હેતુઓ માટે જોતરે છે; ખુદ દિવ્ય સત્ય અને દિવ્ય પ્રભાવ પણ જ્યારે પૃથ્વીલોક પર ઊતરી આવે છે ત્યારે તેઓ પણ આ પકડ અને કુવ્યયનો ભોગ થઈ પડે છે. જ્યાં સુધી તમોગુણ અણપ્રકાશિત અને રજોગુણ અણપલટાએલ રહે ત્યાં સુધી દિવ્ય રૂપાંતર કે દિવ્ય જીવન અશક્ય છે.

એકમાત્ર સત્ત્વગુણનો જ આશરો લેવો એ પેલા બે ગુણમાંથી મુક્ત થવાનો ઉપાય જણાશે; પણ મુશ્કેલી એ છે કે કોઈ પણ એક ગુણ એવો નથી કે જે તેના સાથીદાર, અને છતાં હરીફ જેવા બીજા બે ગુણોને પૂરો પડી શકે. જો મુશ્કેલી, યાતના, પાપ અને દુઃખનાં મૂળ તરીકે ઇચ્છાઓ અને વાસનાઓને જવાબદાર ગણી તેમને મિટાવવાની કે નાથવાની મહેનત અને મથામણ કરીએ તો રજોગુણ દબાય ખરો, પણ તમોગુણ ચડી બેસવાનો; કારણકે પ્રવૃત્તિનું તત્ત્વ નબળું પડતાં જડતાનું તત્ત્વ તેનું સ્થાન લેવાનું. સત્ત્વગુણનો આશરો લેતાં એક પ્રશાંત શાંતિ, સુખ, જ્ઞાન, પ્રેમ, યોગ્ય

લાગણીઓ મળી રહે ખરાં પણ જો રજોગુણ હોય જ નહિ, અથવા તો સમૂળગો ગૂંગળાવી દેવાયો હોય તો આત્માની શાંતિ એક સક્રિય રૂપાંતરનો દૃઢ પાયો ના બનતાં નિષ્ક્રિયતાભરી એક સ્થિરતા થઈ જવાનો સંભવ છે. પ્રકૃતિ યોગ્ય આચાર–વિચારવાળી, મંગલ, નમ્ર અને સૌમ્ય હોય પણ જો તે કાર્યસાધક ના હોય તો તેનાં ગતિ–શીલ અંગો સત્ત્વ–તામસિક, નપુંસક, ફિક્કાં, વંધ્ય, કે શક્તિ–હીન થઈ જાય. બૌદ્ધિક અને નૈતિક અંધકાર નહિ રહે એ ખરું પણ કર્મો માટેનાં પ્રબળ પ્રેરક બળો પણ નહિ રહે; અને આ તો બહુ મોટી અટકાયત અને એક નવી જાતની નાલાયકી જ છે. કારણકે તમોગુણ એ બેવડો દુશ્મન છે; તે રજોગુણનો વિરોધ કરે છે જડતાથી, તો સત્ત્વગુણનો વિરોધ કરે છે સંકુચિતતાથી, અંધાપાથી, અને અજ્ઞાનથી, અને જો એ બેમાંથી ગમે તે એક ગુણને દબાવીએ તો એ એમની ખાલી જગ્યાએ ચડી બેસવાનો.

એટલે એમાંથી બચવા સત્ત્વગુણની મદદે રજોગુણને બોલાવી શકાય, અને તેમના સંયુક્ત યત્નથી તમોગુણમાંથી મુક્ત બનવાનો પ્રયત્ન કરી શકાય; એથી આપણાં કર્મો વધારે જોરદાર થવાનાં, પણ તેના બદલામાં આપણે રાજસિક ઉત્સાહ, આવેગ, હતાશા, યાતના અને ક્રોધના સકંજામાં સપડાવાના. આ બધી હિલચાલનું ક્ષેત્ર, ભાવના અને કર્મો પહેલાં કરતાં વધારે ઉચ્ચ થાય ખરાં, પણ એ કાંઈ આપણે જોઈતાં શાંતિ, મુક્તિ, શક્તિ, કે પ્રભુત્વ નથી જ. જ્યાં જ્યાં ઇચ્છા અને અહમ્ વસવાનાં ત્યાં ત્યાં તેમની સાથે આસક્તિ અને રમખાણ પણ આવવાનાં જ અને તેમનાં જીવનસાથી બનવાનાં જ. સત્ત્વગુણ આગેવાન બને અને બીજા બે ગુણ તેના મદદનીશ બને એવું સમાધાન શોધી શકાય; પણ એ તો થવાનું પ્રકૃતિની લીલાનું એક વધારે સમધારણ સ્વરૂપ; એથી એક નવી સમતુલા સધાય; પણ આધ્યાત્મિક મુક્તિ અને પ્રભુત્વ એ તો હજી ય દૃષ્ટિ–મર્યાદાની બહાર જ રહેવાનાં, અથવા તો, દૂર દૂરની ક્ષિતિજ પર જ દેખાવાનાં.

એક સમૂળગી જુદી જાતની પ્રક્રિયા જ આપણને ત્રિ–ગુણમાંથી પાછા ખસેડી શકે અને તેમની ઉપર લઈ જઈ શકે. ત્રિ–ગુણ દ્વારા થતાં કર્મોનો સ્વીકાર કરવાની ભૂલ અટકાવવી જ પડે, કારણકે જ્યાં સુધી તે સ્વીકારીએ ત્યાં સુધી આત્મા તેમની ક્રિયાઓમાં અટવાએલો, અને તેમના નિયમોથી બંધાએલો રહેવાનો. તમોગુણ અને રજોગુણને તો ખરા જ પણ સત્ત્વગુણને પણ ઓળંગી જવો પડે; લોખંડી બેડીઓ અને મિશ્ર ધાતુનાં ઘરેણાંનાં બંધનને તો ખરાં જ પણ સોનાની સાંકળને પણ તોડવી જ પડે. આને માટે

ગીતામાંથી સાધનાની એક નવી જ પદ્ધતિ જાણવા મળે છે. એ છે ત્રિગુણનાં કાર્યોમાંથી પોતાની જ અંદર પાછા હઠી જવાની અને પ્રકૃતિનાં મોજાંની ઉપર સાક્ષી સ્વરૂપે આસન જમાવી આ અસ્થિર સ્વરૂપ એ જ છે તટસ્થ અને બે-તમા દ્રષ્ટા, તેમના જ સ્તર પર છતાં તેમનાથી અલગ, અને, પોતાની અસલ અવસ્થામાં, તેમનાથી ય ઊંચે. તે તેમનાં મોજાંઓને ચડતાં અને પડતાં જુએ છે પણ ન તો તેમનો સ્વીકાર કરે છે ન તો, આ ગાળામાં, તેમના પ્રવાહમાં વચ્ચે આવે છે. પહેલાં તો મેળવવું પડે આ ભિન-અંગત સાક્ષી-સ્વરૂપ; તે પછી જ મળી શકે ઇશ્વરપણું, સ્વામીત્વ, શાસન.

* * *

અલગ થઈ જવાની આ પદ્ધતિનો પહેલો લાભ એ છે કે સાધક પોતાની અંગત તેમ જ સર્વવ્યાપી પ્રકૃતિને પારખવા માંડે છે. અલગ થએલ સાક્ષી, અહમના પ્રભાવથી જરા પણ અંધ થયા વિના અજ્ઞાન-પ્રદેશમાં ચાલી રહેલી પ્રકૃતિની લીલાને નખ-શીખ જોઈ શકે છે અને તેના બધા જ ફાંટા-ફણગા, છૂપાં સ્થાન, અને સૂક્ષ્મતાઓને પકડી પાડી શકે છે; અને એ લીલા છૂપાં સ્થાન અને છૂપા વેશથી અને છેતરપિંડી અને છટકિયાં અને છૂપા હુમલાઓથી ભરેલી તો છે જ. લાંબા અનુભવના પાઠ મેળવીને, તેમના સંબંધો અને કાર્યોની નીતિ-રીતિ જાણી લઈને, તેમાંથી ડહાપણ મેળવીને હવે તે તેમના હલ્લાથી હારી નહિ જાય, તેમના છટકિયામાં સપડાઈ નહિ જાય કે તેમની બનાવટથી બની નહિ જાય. તો વળી એને એ પણ સમજાઈ જાય છે કે અહમ્ એ બીજું કાંઈ નહિ પણ તેમના સંબંધોને સાચવવા માટેની એક ગાંઠ અને કરામત માત્ર છે; અને એ જાણીને નિમ્ન, અહમ-પ્રધાન પ્રકૃતિની મોહજાળમાંથી એ મુક્તિ મેળવે છે; લોક-સેવક, સંત, અને ચિંતકના સાત્ત્વિક અહમમાંથી તે છૂટી જાય છે; સ્વાર્થ-પ્રધાન રાજસિક અહમે લીધેલી, પોતાના પ્રાણની પ્રેરણા પરની પકડને તે ફગાવી દે છે અને સ્વાર્થે સાધેલો બોકડો અને વાસના તથા કામનાએ પાળેલો પોપટ કે વૈતરું કૂટનારો કાળો કેદી રહેતો નથી; મૂઢ, મૂર્ખ અને માનવજીવનની ઘરેડમાં બંધાએલા અજ્ઞાન અને નિષ્ક્રિય તમોગુણી અહમને જ્ઞાનના પ્રકાશ વડે તે હણી નાખે છે. આમ, આપણાં સર્વ અંગત કર્મોમાં રહેલ અહમ્-ભાવના મૂળભૂત દૂષણની તેને જાણ અને ખાતરી થવાથી જાતને સુધારવાના અને મુક્ત કરવાના સાધન માટે તે હવે રાજસિક કે સાત્ત્વિક અહમનો આશરો લેતો નથી પણ, પ્રકૃતિનાં કરણો અને કાર્યોને પેલે પાર, અને ઉપર, કર્મોના માલિક પ્રત્યે જ, અને તેની સર્વોપરિ શક્તિ, સર્વોપરિ પ્રકૃતિ પ્રત્યે જ નજર નાખે છે. સમગ્ર જાતનું

શુદ્ધ અને મુક્ત સ્વરૂપ માત્ર ત્યાં જ રહેલું છે અને ત્યાં જ સંભવે છે દિવ્ય સત્યનું પરમ સામ્રાજ્ય.

આ પ્રગતિ-પથ પર પહેલું પગથિયું છે પ્રકૃતિના ત્રણ ગુણથી અલગ થઈ એક જાતની, તેમના કરતાં વધારે ઉચ્ચતાની પ્રાપ્તિ. આત્મા અંદરથી નિમ્ન પ્રકૃતિથી અલગ અને મુક્ત થઈ જાય છે; તેનાં ગૂંચળાંઓમાં અટવાતો નથી; તેમનાથી ઉપર જઈ, બેપરવા અને પ્રસન્ન બની રહે છે. પ્રકૃતિ તો તેની જૂની ટેવ પ્રમાણે ત્રિવિધ રીતે કાર્ય કરવાનું ચાલુ રાખે છે; વાસનાઓ, હર્ષ અને શોક હૃદય પર મારો ચલાવ્યા કરે છે; કરણો નિષ્ક્રિયતા, અંધકાર અને કંટાળામાં સરી પડે છે; પ્રકાશ અને શાંતિ ફરી પાછાં હૃદય, મન અને શરીરમાં પ્રવેશે છે; પણ આત્માને તો આ બધાંથી કંઈ જ ખલેલ કે અસર થતી નથી. તે નિમ્ન અંગોની ઇચ્છાઓ અને શોકને નિહાળે છે છતાં નિશ્ચલ રહે છે; તેમના હર્ષ અને શ્રમ જોઈને સ્મિત કરે છે; વિચારોની અંધતા તથા હૃદય અને ઇન્દ્રિઓના ઉધમાત કે અશક્તિને ધ્યાનમાં લે છે પણ તેમનામાં તણાતો નથી; મનમાં ઊગતા ઉજાસથી અને તેને મળતા પ્રકાશ અને પ્રસન્નતાથી અનુભવાતી શાંતિ અને રાહતથી તે ચલિત કે આસક્ત થતો નથી; તે આમાંથી શેમાં ય ઝંપલાવતો નથી પણ નિશ્ચલ રહીને ઊર્ધ્વ સંકલ્પના સંકેત અને ઉચ્ચ, પ્રકાશપૂર્ણ જ્ઞાનના અંતઃસ્ફુરણના આગમનની રાહ જુએ છે. સતત આ પ્રમાણે કરતાં કરતાં, છેવટે, તેના સક્રિય ભાગો પણ ત્રિગુણની ખેંચ-તાણ, તેમના અધૂરા ઉપયોગ અને બંધન-રૂપ મર્યાદાઓમાંથી મુક્ત બની જાય છે. કારણકે હવે આ નિમ્ન પ્રકૃતિ પણ ધીમે ધીમે ઊર્ધ્વ શક્તિનું દબાણ અનુભવવા લાગે છે. જે જૂની ટેવો તેણે પકડી રાખી હતી તેને હવે સંમતિ મળતી નથી, અને હવે તેમનાં આવર્તન અને ઉછાળાનાં જોર નિયમિત ઘટતાં જાય છે. હવે છેવટે, તેને સમજાતું જાય છે કે એક ઊર્ધ્વ કર્મધારા અને ઉચ્ચતર અવસ્થા તેને સાદ કરી રહી છે; અને ભલે ગમે તેટલી ઢીલ કરે, ગમે તેટલી અનિચ્છા દેખાડે, શરૂઆતમાં કે ક્યાંય સુધી ભલે ગમે તેટલો અશુભ ભાવ, અને ઠોકરો ખવડાવતું અજ્ઞાન રાખ્યા કરે પણ અંતે તો તે ઠેકાણે આવે છે, શરણ સ્વીકારે છે અને પરિવર્તન માટે તત્પર બને છે.

આત્મા કે જે હવે માત્ર એક સાક્ષી કે જ્ઞાતા જ નથી રહેલો તેને તેની નિષ્ક્રિય મુક્તિના મુકુટરૂપે મળે છે પ્રકૃતિનું સક્રિય રૂપાંતર. પરસ્પર કાર્ય કરીને આપણાં ત્રિવિધ કરણોમાં મેળ વિનાનું મિશ્રણ કરી રહેલ ત્રિવિધ ગુણોના સતત ગૂંચવાડા હવે તેમનાં એવાં સામાન્ય, ગોટાળિયાં, ક્ષુબ્ધ

અને અયોગ્ય કાર્ય અને ગતિ કરતા અટકી જાય છે. એક એવું નવું જ કાર્ય શક્ય બને છે, શરૂ થાય છે, વિકસે છે અને પરિપૂર્ણ થાય છે કે જેની કાર્ય-રીત વધારે સાચી, વધારે પ્રકાશપૂર્ણ, તથા પુરુષ અને પ્રકૃતિની ગહેરી અને દિવ્ય આંતરિક લીલાને માટે વધારે સ્વાભાવિક અને સમધારણ હોય છે,– અલબત્ત, આપણી હાલની અપૂર્ણ પ્રકૃતિ માટે તો એ અતિ સ્વાભાવિક અને અસાધારણ જ ગણાય. ભૌતિક મનને મર્યાદિત બનાવતું શરીર જૂની, અજ્ઞાની ઘરેડનાં પુનરાવર્તનો કરાવ્યા કરતી પોતાની તામસિક જડતાને હવે પકડી રાખતું નથી; તે હવે એક વધારે મહાન સામર્થ્ય અને પ્રકાશ માટેનું એક વિરોધ-હીન ક્ષેત્ર અને સાધન બની રહે છે; આધ્યાત્મિક શક્તિના બધા જ હુકમોને તે તાબે થાય છે; નવી દિવ્ય અનુભૂતિઓની બધી જ વિવિધતા અને પ્રખરતાને તે આધાર આપે છે. આપણાં શક્તિ-ભર્યાં અને ગતિ-શીલ પ્રાણિક અંગોની, આપણી પ્રાણમય અને ઊર્મિપ્રધાન અને સંવેદનશીલ અને સંકલ્પ-કારી જાતની, શક્તિ વિસ્તાર પામે છે, અને અ-થાક કાર્ય અને અનુભૂતિઓના આનંદપૂર્ણ ઉપભોગનો સ્વીકાર કરે છે; પણ તેની સાથે, હર્ષથી ઊભરાયા કે ઊછળી પડ્યા વિના તો શોક અને દુ:ખથી રિબાયા વિના, ઇચ્છાઓ અને વ્યથાભરી વાસનાઓથી હેરાન થયા વિના તો અશક્તિ કે આળસથી મૂઢ થયા વિના, તે એક વિશાળ, આત્મ-નિર્ભર અને આત્મ-સ્થિત તો વળી ઉદાત્ત સામર્થ્યથી ભરેલી અચલતાના પાયા પર ઊભા રહેવાનું શીખે છે. બુદ્ધિ, તેમ જ વિચારવંત, સમજશક્તિવાળું, ચિંતનશીલ મન પોતાની સાત્ત્વિક મર્યાદાઓ છોડી દે છે અને એક મૂળભૂત પ્રકાશ, અને શાંતિ તરફ ખુલ્લું થાય છે. એક અનંત જ્ઞાન પોતાના અદ્ભુત પ્રદેશો આપણી સમક્ષ રજૂ કરી દે છે; એક અનંત જ્ઞાન, એક અમર્યાદ આનંદ અને શાંતિ એ આપણા સતત વધ્યે જતા પ્રદેશમાં અને સતત વિશાળ થતી અને વધ્યે જતી નહેરો દ્વારા, આપણી પ્રકૃતિને પોતાની કરી લેવા વહેવા માંડે છે; એ જ્ઞાન, માનસિક સિદ્ધાંતો વડે ઊભું થએલું નહિ, માન્યતા અને ખ્યાલથી મર્યાદિત નહિં કે ભૂલ કરતા શંકાસ્પદ તર્ક ઉપર અને ઇન્દ્રિયોના તકલાદી ટેકા ઉપર નિર્ભર નહિ પણ સ્વનિશ્ચિત, સત્તાવાર, સર્વવ્યાપી અને સર્વગ્રાહી હોય છે; એ આનંદ અને શાંતિ, અટકાયતભર્યા અતિ શ્રમ કે સર્જનશક્તિ અને ઊછળતાં કાર્યોમાંથી મળતી મુક્તિની ઉપર નિર્ભર નહિ, થોડાએક, મર્યાદિત સુખ-અનુભવથી બનેલ નહિ પણ સ્વયંભૂ અને સર્વકાંઈ સમાવતો આનંદ અને શાંતિ હોય છે. મન, પ્રાણ અને શરીરને એક નવા જ દિવ્ય ઘાટમાં ઢાળવા માટે, તેમનાથી પર એવા એક

મૂળમાંથી આવીને એક ઊર્ધ્વ શક્તિ, આનંદ અને જ્ઞાન તેમને પકડમાં લે છે.

આ વખતે નિમ્ન જીવનમાં રહેલ ત્રિગુણના સંઘર્ષનો ગાળો પૂરો થઈ જાય છે અને એક દિવ્ય પ્રકૃતિના ઊર્ધ્વ ત્રિગુણનો પ્રદેશ શરૂ થાય છે. ત્યાં તમસ્ કે જડતાનો અંધકાર નથી. તમસ્‌નું સ્થાન લે છે એક દિવ્ય શાંતિ અને અચલ, શાશ્વત સ્વસ્થતા; અવિચલ એકાગ્રતાના કોઈક સર્વોચ્ચ પ્રભવસ્થાન જેવા એ પ્રદેશમાંથી કર્મ અને જ્ઞાનની એક લીલા લહેરાવા માંડે છે. ત્યાં નથી રાજસિક ચંચળતા, કે નહિ ઇચ્છા, કે નહિ હર્ષ અને શોકથી ભરેલા, કાર્યના, સર્જનના, સંકલ્પના ધમપછાડા, કે નહિ ઉપાધિયા આવેગની સફળ અંધાધૂંધી. રજસ્‌નું સ્થાન લે છે એક આત્મ-નિર્ભર સામર્થ્ય અને શક્તિનું અરૂંધ્ય કાર્ય; અને તે પણ એવું કે તેમાં ભલે ગમે તેટલી ઉગ્ર પ્રખરતા હોય તોપણ આત્માની અચલાયમાન સ્વસ્થતાને ચલિત ના કરે કે તેની શાંતિના વિશાળ અને ગહન સ્વર્ગોને કે પ્રકાશપૂર્ણ ઊંડાણોને સ્પર્શ પણ ના કરે. ત્યાં નથી સત્યને પકડીને પૂરી રાખવા પડાપડી કરતા મનનો બંધારણ–પ્રેમી પ્રકાશ કે નથી ખાતરી વિનાનો નિષ્ક્રિય વિરામ. સત્ત્વનું સ્થાન લે છે એક તેજસ્વિતા અને આધ્યાત્મિક આનંદ; અને તે પણ એવાં કે જે આત્માની અગાધતા અને અનંતતાની સાથે એકરૂપ છે અને ગુપ્ત સર્વજ્ઞતાના પ્રચ્છન્ન મહિમામાંથી- જ સીધેસીધાં નીકળી આવતાં પ્રત્યક્ષ અને પ્રમાણિત જ્ઞાનથી ભરેલાં છે. આ જ છે પેલી મહત્તર ચેતના કે જેમાં આપણી નિમ્ન ચેતનાએ રૂપાંતર પામવાનું છે; અસલ અજ્ઞાનમાંથી ઉદ્દ્ભવેલી, ચંચળ, અસ્થિર પ્રવૃત્તિ કરતા ત્રિગુણવાળી, પ્રકૃતિને આ જ તેજસ્વી અતિ-પ્રકૃતિમાં પલટી નાખવાની છે. પ્રથમ તો આપણે ત્રણ ગુણથી અલગ, અચલિત, એટલે કે નિસ્ત્રૈગુણ્ય, બની જઈએ છીએ; પણ આ જ તો છે અજ્ઞાનમય શક્તિનો આશરો લઈ ચલિત થતી પ્રકૃતિનું અચલિત રહી અવલોકન કરતા મુક્ત પુરુષની, આત્માની અસલ અવસ્થાની પુનઃપ્રાપ્તિ. હવે જો આ જ પાયા પર પ્રકૃતિની ગતિને પણ મુક્ત થવાનું હોય તો તે કર્મ માત્રને એક તેજસ્વી શાંતિ અને નીરવતામાં નિશ્ચલ કરીને જ કરી શકાય : એમાં સર્વ જરૂરી પ્રવૃત્તિ થશે પણ એ મન કે પ્રાણની કોઈ ગતિના સચેતન ઉત્તરરૂપે કે તેના અંગરૂપ કે તેના પ્રારંભથી નહિ હોય, વિચારના તરંગ કે પ્રાણની ભરતીથી નહિ હોય; એ એક વિશ્વવ્યાપી કે પરાત્પર, બિન-અંગત પરમ શક્તિની પ્રેરણાથી, તેના પ્રારંભથી કે તેનાં સંચાલનથી જ થવી જોઈએ. ત્યારે કર્મ કરનાર એક વિશ્વવ્યાપી મન–પ્રાણ-પદાર્થ હોવાં જોઈએ અથવા, જે આપણી અંગત જાત કે તેની પ્રાકૃત–ઇમારત નથી

એવી એક શુદ્ધ પરાત્પર પરમાત્મ-શક્તિ અને આનંદ છે, તે હોવાં જોઈએ. આ મુક્ત દશા કર્મયોગમાં આવે છે અહમ્‌નાં અને ઇચ્છાનાં અને અંગત પ્રારંભનાં વિસર્જનથી, અને વિશ્વ-પુરુષ કે વિશ્વવ્યાપી શક્તિને આપણાં સમર્પણથી; જ્ઞાનયોગમાં એ આવી શકે વિચારોનાં વિસર્જનથી, મનની નીરવતાથી, સમગ્ર જાતને વૈશ્વિક ચેતના પ્રત્યે, વૈશ્વિક આત્મતત્ત્વ પ્રત્યે, વૈશ્વિક તપઃશક્તિ પ્રત્યે કે પરબ્રહ્મ પ્રત્યે ખુલ્લી કરવાથી; ભક્તિયોગમાં એ આવી શકે આપણા સમગ્ર અસ્તિત્વના એકમાત્ર આરાધ્ય સ્વામીરૂપ પરમાનંદ સ્વરૂપ પ્રભુના હાથમાં આપણાં હૃદય અને સમગ્ર પ્રકૃતિ સોંપી દેવાથી. પણ ચરમ અવસ્થા તો આવી મળે છે હજી ય વધારે નક્કર અને સક્રિય એવા સીમા-ઉલ્લંઘનથી : એક ઊર્ધ્વતર આધ્યાત્મિક અવસ્થામાં, ત્રિગુણાતીત દશામાં સ્થળાંતર કે રૂપાંતર પામવાથી; ત્યારે એક મહત્તર આધ્યાત્મિક સક્રિયતામાં આપણે સક્રિય બનીએ છીએ, કારણકે ત્યારે નિમ્ન પ્રકૃતિના ત્રણ અસમાન ગુણ, દિવ્ય પ્રકૃતિની સનાતન પ્રશાન્તિ, પ્રકાશ, સામર્થ્ય, સ્વસ્થતા, પ્રવૃત્તિ અને તેજસ્વિતારૂપ એકમાત્ર અને એકરૂપ એક-ગુણમાં પ્રવેશ પામી જાય છે.

પરમ સુમેળની આ અવસ્થા તો, જ્યારે આપણા અહમ્-પ્રધાન સંકલ્પ, ગમા-અણગમા તથા કર્મો અટકે અને આપણી નાનીશી બુદ્ધિ શાંત બને ત્યારે જ માત્ર પ્રાપ્ત થાય; અંગત અહમે મથામણ છોડી દેવી પડે, મને નીરવ થવું પડે, અને ઇચ્છાભર્યા સંકલ્પોએ કર્મોનો પ્રારંભ કરવાનું છોડવું પડે. આપણી અંગત જાતે તેના મૂળ સ્વરૂપ સાથે જોડાઈ જવું પડે, અને બધા વિચારો અને પ્રેરણા ઊર્ધ્વમાંથી જ આવવાં જોઈએ. આપણાં કર્મોનો ગુપ્ત સ્વામી ધીમે ધીમે કરતાં પ્રકટ થશે અને સર્વોપરિ સંકલ્પશક્તિ અને સર્વોચ્ચ જ્ઞાનમાં સુસ્થાપિત બની દિવ્ય શક્તિને સંમતિ આપશે જેથી તે, વિશુદ્ધ અને ઉચ્ચ બનેલ પ્રકૃતિને પોતાનાં કરણ તરીકે સ્વીકારી, આપણી અંદર સર્વ કર્મો કરશે; આપણી અંગત જાતરૂપી વ્યક્તિ-કેન્દ્ર એ તો બની રહેશે તેનાં અહીંનાં કર્મો માટેનો માત્ર આધાર, ગ્રાહક અને વાહન; તેની શક્તિનું પ્રતિરૂપ; અને તેના પ્રકાશ, આનંદ અને સામર્થ્યનો તેજસ્વી ભાગીદાર. કર્મો કરવા છતાં તે રહેશે કર્મ-હીન અને નિમ્ન પ્રકૃતિનાં આંદોલનોથી અસ્પૃષ્ટ. આપણી અંધારિયા માનવ-પ્રકૃતિના સાંકડા ખાડામાંથી ઊર્ધ્વ સત્ય અને પ્રકાશની નિઃસીમ વિશાળતામાં આપણા કર્મયોગને આરોહણ કરાવી આપતા આ પરિવર્તન માટેની પહેલી શરત છે પ્રકૃતિના ત્રણ ગુણોનું અતિક્રમણ; અને તેમનું રૂપાંતર એ છે નિર્ણયાત્મક પગલું.

## પ્રકરણ : ૧૧

# કર્મનો સ્વામી

આપણાં કર્મોનો સ્વામી અને સંચાલક છે એ જ એ વિશ્વવ્યાપી અને પરમ " એક ", એ જ શાશ્વત અને અનંત. એ જ છે ઊર્ધ્વમાં રહેલ અજ્ઞાત પરાત્પર કે અજ્ઞેય નિરપેક્ષ, અવ્યક્ત અને અ-પ્રગટ અવર્ણનીય; પણ તો ય એ છે ભૂતમાત્રનું અસલ આત્મતત્ત્વ, સમગ્ર સૃષ્ટિનો સ્વામી અને તો ય સૃષ્ટિથી પર એવો પરમ પ્રકાશ અને પરમ માર્ગદર્શક, સૌંદર્ય–સ્વામી, આનંદ–સ્વરૂપ, પ્રિયતમ અને પ્રેમી. એ જ છે બ્રહ્માંડોને ભરતો આત્મા અને આપણને વીંટળાએલ સર્વવ્યાપી સર્જન–શક્તિ; અને એ જ છે આપણી અંદરનો અંતરાત્મા. જે કાંઈ છે તે એ છે, અને જે કાંઈ છે એ બધાનાં કરતાં અધિક પણ એ જ છે; અને ભલે આપણે નથી જાણતા પણ આપણે પોતે પણ એની જાતની જાત છીએ, તેની શક્તિની શક્તિ છીએ, તેની ચેતનામાંથી ફૂટેલી ચેતના છીએ; ખુદ આપણું નાશવંત અસ્તિત્વ પણ તેના જ પદાર્થમાંથી બનેલું છે અને આપણી અંદર વસેલી છે એક એવી અમરતા કે જે તે સનાતન પ્રકાશ અને આનંદનો અંશ છે. ભલે જ્ઞાનથી કે કર્મથી કે પ્રેમથી કે બીજી ગમે તે રીતે; પણ તો ય છેવટે તો આ જ, આપણી જાતના સત્‌ને જોવું, જાણવું, પ્રત્યક્ષ કરવું, અને તેને અહીં કે ગમે ત્યાં કાર્યસાધક બનાવવું એ જ છે સર્વ યોગમાર્ગોનો ઉદ્દેશ.

*　　*　　*

પણ સાચી દૃષ્ટિથી તેને જોઈ શકીએ તે પહેલાં ખૂબ લાંબી મજલ અને સખત પરિશ્રમ કરવો પડે છે, અને જો આપણે તેના સાચા સ્વરૂપમાં આપણી જાતનું નવઘડતર કરવા માગતા હોઈએ તો તો મજલ ઘણી ઘણી લાંબી અને પરિશ્રમ અતિ કઠણ થઈ પડે છે. કર્મનો સ્વામી એમ કાંઈ એકદમ સાધકને દર્શન દઈ દેતો નથી. પડદા પાછળ કામ તો તેની જ શક્તિ કરી રહી હોય છે પણ તો ય જ્યાં સુધી " હું કામ કરું છું " એવા ભાવનું વિસર્જન થાય નહિ ત્યાં સુધી તે દેખા દેતો નથી; અને એ વિસર્જન જેમ જેમ વધારે નક્કર થતું જાય તેમ તેમ તે વધારે ને વધારે સીધી રીતે

સંચાલન સંભાળતો જાય છે. તેની દિવ્ય મહાશક્તિનો આપણે સો ટકા સ્વીકાર કરીશું ત્યારે જ આપણને તેની સો ટકા હાજરીમાં ઊભા રહેવાનો હક્ક મળશે. અને ત્યારે જ આપણે આપણાં કર્મોને સહજ રીતે સમગ્ર રીતે અને સીધેસીધાં દિવ્ય સંકલ્પ-શક્તિના ઢાળામાં વહેતા જોઈ શકીશું.

એટલે, આ પરિપૂર્ણતા પામતાં પહેલાં વિવિધ ભૂમિકા અને પ્રદેશોમાંથી પસાર થવું જ પડવાનું – અને પ્રકૃતિના કોઈ પણ ક્ષેત્રમાં પરિપૂર્ણતા તરફ પ્રગતિ એમ જ થાય છે. એમ બને કે એ પૂર્ણ ઝળહળાટ આપણને અગાઉથી, એકાએક કે ધીમે ધીમે, એકાદ વાર કે અવારનવાર, દેખા દે, પણ જ્યાં સુધી પાયો પૂરો તૈયાર ના થાય ત્યાં સુધી એ અનુભૂતિ ટૂંકી અને કેન્દ્રવર્તી જ રહે છે, સુદીર્ઘ અને સર્વ–ગ્રાહી નહિ, સતત સન્નિધિ નહિ. દિવ્ય આવિર્ભાવની સમૃદ્ધિઓના અનંત ભંડારો તો પછીથી મળે છે, અને પોતાના અર્થ અને સામર્થ્યને ધીમે ધીમે ખોલે છે. અથવા, આપણી પ્રકૃતિનાં શિખરો સ્થિર દૃષ્ટિ પામે પણ ખરાં, પણ આપણાં નિમ્ન અંગોનો પૂરેપૂરો સહકાર તો ક્રમે ક્રમે જ વિકસે છે. બધા જ યોગમાર્ગોમાં શ્રદ્ધા અને ધીરજની સૌથી પહેલી જરૂર પડે છે. સ્વર્ગના રાજ્યને એકી ઝપાટે ઝૂંટવી લેવા મથતી દિલની ધગશ, અને ઉતાવળા સંકલ્પની ઉગ્રતા જો આ નમ્ર અને શાંત સહાયકોના તાબામાં ના રહે તો પરિણામો ભારે ખરાબ પણ આવે. અને પૂર્ણયોગની લાંબી અને કઠણ યાત્રામાં તો પૂર્ણ શ્રદ્ધાની અને પૂરી મક્કમ ધીરજની પાકી જરૂર પડવાની.

આપણાં દિલ અને બુદ્ધિની અધીરપ અને રાજસિક પ્રકૃતિના આતુર પણ અસ્થિર સંકલ્પને લીધે, યોગના આકરા અને સાંકડા માર્ગ માટે જરૂરી એવી આ શ્રદ્ધા અને મક્કમતા મેળવવાનું અને આચરવાનું મુશ્કેલ થઈ જાય છે. માણસની પ્રાણ–પ્રકૃતિ હમેશાં પોતાની મહેનતનાં ફળ ઝંખે છે અને જો આ ફળ ના મળતું કે ઢીલમાં પડતું લાગે તો આદર્શ અને દોરવણીમાંથી તેની શ્રદ્ધા ઊડી જાય છે. માણસને પોતાની બૌદ્ધિક સમજમાં અસાધારણ વિશ્વાસ રાખવાની પાકી ટેવ પડી ગએલી હોવાથી તેનું મન વસ્તુઓના બાહ્ય દેખાવ પરથી તેમની કિંમત આંકે છે. ખૂબ સહન કરવું પડે કે અંધકારમાં અતિશય આથડવું પડે ત્યારે ભગવાનને દોષ દેવાનું કે સ્વીકારેલા આદર્શને મિથ્યા ગણવાનું સાવ સહેલું છે; ત્યારે આપણે પોકારી ઊઠીએ છીએ કે "મેં તો ભગવાન પર ભરોસો રાખ્યો હતો, પણ જુઓ, બદલામાં તો મને મળી માત્ર હેરાનગતિ અને પશ્ચાત્તાપ અને અથડામણ." અથવા "મેં તો કેવી ઊંચી ભાવનાથી આખું જીવન ખુવાર કરી નાખ્યું

પણ છેવટે તો કડવા અને સાચા અનુભવે એ બધાંની પોકળતા દેખાડી આપી; મેં પણ બધા લોકોની માફક મર્યાદામાં રહીને સામાન્ય જીવનનો રાજમાર્ગ સ્વીકાર્યો હોત તો કેવું સારું થાત !" આવા અનુભવો કેટલીક વાર તો લાંબા અને વારંવાર થઈ આવે છે; અને ત્યારે સઘળા ઉચ્ચ અનુભવો ભુલાઈ જાય છે અને હૃદયમાં નરી કડવાશ વસી જાય છે. આવા નિરાશાભર્યા ગાળા દરમિયાન જ કાયમ માટે ભ્રષ્ટ થઈ જવાય છે અને પ્રભુ માટેના પ્રયત્નો તરફ પીઠ ફેરવી દેવાય છે.

સાધનામાં લાંબી અને મક્કમ મજલ કર્યા પછી જ, ભયંકરમાં ભયંકર હુમલા થવા છતાં હૃદયમાં શ્રદ્ધા અચળ થાય છે; કદાચને તે ડૂબી ગએલી કે તણાઈ ગએલી લાગે તોપણ વહેલામાં વહેલી તકે પાછી દેખા દે છે. કારણકે જબ્બર સ્ખલનો છતાં, અને અતિશય લાંબા પરાજય દરમિયાન પણ, હૃદય કે બુદ્ધિ એ બંનેથી ઊપરની કોઈક વસ્તુ તેને પકડી રાખે છે. પણ સ્ખલનો અને અંધકારના આવા ગાળાઓથી, અનુભવી સાધકોની પ્રગતિમાં પણ કેટલીક ઓટ આવી જાય છે; અને નવાસવાને માટે તો એ અતિશય ખતરનાક નીવડે છે. એટલે પહેલેથી જ સાધના-પથની મુશ્કેલ કઠણાઈઓનો સમજપૂર્વક સ્વીકાર કરી લેવાનો છે અને જેને આપણી બુદ્ધિ અંધ કહે-છતાં જેમાં આપણી બૌદ્ધિક સમજના કરતાં વધારે સાચી સમજ હોય છે -તેવી શ્રદ્ધાની પાકી જરૂરિયાત સ્વીકારી લેવાની છે. કારણકે આવી શ્રદ્ધા એ તો ઊર્ધ્વમાંથી આવતો આધાર છે; એ તો જેને બુદ્ધિ અને તેનાં સમર્થનો પહોંચી શકે તેમ નથી એવા કોઈક ગુપ્ત પ્રકાશમાંથી આવતી એક તેજસ્વી છાયા છે; એ તો ટૂંકી નજરિયા આભાસોથી ના બંધાય એવા એક ગોપિત જ્ઞાનનું હૃદય છે. ખંતથી જાળવેલી શ્રદ્ધા લેખે લાગે જ છે અને, છેવટે, ઊંચે ચડી એક દિવ્ય જ્ઞાનના પોતાના આવિર્ભાવ તરીકે રૂપાંતર પામે છે. "હિંમત હાર્યા વિના, મક્કમતાથી યોગનું આચરણ કર્યા જ કરવાનું છે"[૧] એ ગીતા-બોધને સતત વળગી રહેવાનું છે; શંકા-શીલ બુદ્ધિને, પ્રભુએ આપેલું અભય વચન સંભળાવ્યા જ કરવાનું છે કે "હું તને સર્વ પાપમાંથી મુક્ત કરીશ જ; શોક ના કર"[૨] છેવટે, ડગમગતી શ્રદ્ધા અચળ થઈ જશે, કારણકે આપણને પ્રભુનું મુખારવિંદ દેખાશે, તેની દિવ્ય હાજરી કાયમ માટે સ્થાપિત થઈ જશે.

* * *

---

૧. ગીતા : ૬/૨૩

૨. ગીતા : ૧૮/૬૬

કર્મનો સ્વામી જ્યારે પ્રકૃતિનું રૂપાંતર કરતો હોય છે ત્યારે પણ એ પ્રકૃતિ કેવી જાતની છે તે ધ્યાનમાં રાખે છે; તે કોઈ ગમે તેવા તુક્કાથી નહિ પણ, હમેશાં, પ્રકૃતિની પોતાની દ્વારા જ કામ કરે છે. આ આપણી અધૂરી પ્રકૃતિમાં સંપૂર્ણતા માટેનો મસાલો ભરેલો છે જ, પણ તે કાચો છે, વિરૂપ છે, ખોટી જગ્યાએ મુકાએલો કે વગર ગોઠવ્યે ખડકાએલો કે જેવો-તેવો ગોઠવાએલો છે. આ બધા મસાલાને ધીરજથી પરિપૂર્ણ કરવાનો છે, શુદ્ધ કરવાનો છે, ફરી ગોઠવવાનો અને ઢાળવાનો છે, બદલી નાખવાનો છે; છોલવાનો, કાપવાનો, તોડવાનો, ઉડાવી દેવાનો કે દંડ અને દમન કરી મારી નાખવાનો નથી. આ દુનિયા અને તેમાં રહેનારા આપણે બધાં તેનાં જ સર્જનો અને સ્વરૂપો છીએ, અને તે તેને અને આપણને જે રીતે સાચવે છે તે આપણું સાંકડું અને અજ્ઞાની મન સમજી શકે તેમ નથી,– સિવાય કે એ નીરવ બને અને દિવ્ય જ્ઞાન પ્રત્યે ખુલ્લું થાય. આપણી ભૂલોમાં એવા સત્ય માટેનું સત્ત્વ ભરેલું છે કે જે ફાંફાં મારતી આપણી બુદ્ધિની સમક્ષ પોતાનું રહસ્ય ખુલ્લું કરવા મથી રહ્યું છે. આપણી બુદ્ધિ ભૂલને, અને તેની સાથે સત્યને પણ, ઉડાવી નાખે છે અને તેની જગ્યાએ બીજા એક અર્ધ-સત્ય–અર્ધ–ભૂલને બેસાડી દે છે; પણ જ્યાં સુધી સર્વે ભ્રામક આવરણની નીચે છુપાએલા સત્યને પામી શકવા જેટલા આપણે સમર્થ ના થઈએ ત્યાં સુધી પ્રભુની સુજ્ઞ પ્રજ્ઞા આપણી ભૂલોને સહન કરી લે છે. પાપ નહિ પણ પરિપૂર્ણતાને, જેને આપણે “ દિવ્ય સદ્‌ગુણ ” કહી શકીએ તેને, શોધવા નીકળેલી પરમ શક્તિની ખોટી ચાલ તે જ છે આપણાં પાપ–કર્મો. ઘણી વાર તો એ, આ ભદ્દા બુરખામાંથી બહાર કાઢી બદલી નાખવાના સાચા ગુણનાં આવરણ જ હોય છે; નહિ તો વસ્તુમાત્રના નખ–શીખ સાચા નિર્માણમાં તેમને સર્જવાની અને સાચવવાની આવી ભૂલ શા માટે ? આપણાં કર્મોનો સ્વામી એ નથી કોઈ મૂરખ–રાજ કે બેદરકાર પ્રેક્ષક કે બિનજરૂરી પાપના વૈભવમાં રાચતો કોઈ એદી. એ આપણી બુદ્ધિના કરતાં વધારે સમજુ છે, આપણી નીતિના કરતાં વધારે શાણો છે.

આપણી પ્રકૃતિના સંકલ્પો ભૂલથી ભરેલા, અને જ્ઞાન, અજ્ઞાનથી ભરેલું તો છે જ પણ શક્તિ ય નબળાઈથી ભરેલી છે; પણ પ્રભુની પરમ શક્તિ હાજરાહજૂર છે અને, જો આપણે તેની પર ભરોસો રાખીએ તો, એ આપણને આગળ દોર્યે જશે અને આપણી નબળાઈઓ અને શક્તિઓને દિવ્ય હેતુના કામમાં લેશે. આપણી તાત્કાલિક નિષ્ફળતાનો અર્થ એટલો જ કે તેણે એ નિર્મેલી હતી; ઘણી ય વાર તાત્કાલિક અને પૂરી સફળતાથી

આપણને મળી શકે તેના કરતાં ઘણું વધારે સારું પરિણામ મેળવવા માટે નિષ્ફળતા કે કુ-ફળતા એ જ તદ્દન સાચો રસ્તો હોય છે. આપણે સહન કરવાનું એટલા જ માટે છે કે જેથી આનંદની કોઈક દુર્લભ શક્યતા માટે આપણી અંદર કાંઈક પરિપક્વ બને. જો આપણને ઠોકર વાગે તો એ, છેવટે, વધારે પરિપૂર્ણતાથી ચાલવાનું રહસ્ય શીખીએ એટલા જ માટે હોય છે. ખુદ શાંતિ, શુદ્ધિ અને સંપૂર્ણતાની સિદ્ધિ માટે પણ અતિ આંધળી ઉતાવળ નથી કરવાની. શાંતિને તો સ્થાપવાની જ છે, પણ એ શાંતિ કોઈ ખાલી કે ઉજ્જડ પ્રકૃતિની નહિ, કે નહિ કોઈ એવી મુડદાલ કે અપંગ અશક્તિની કે જેમાંથી આપણે ઉગ્રતા, અગ્નિ કે શક્તિની શક્યતા કાઢી નાખીને તેને હાલવા માટે પણ અસમર્થ બનાવી દીધી હોય. શુદ્ધિનું સ્વપ્ન તો ખરું જ પણ કોઈ શૂન્ય કે રંગહીન કે અક્કડ ઠંડીગાર શુદ્ધિ નહિ. પરિપૂર્ણતા માટે પડકાર થએલો જ છે પણ એવી પરિપૂર્ણતા નહિ કે જેનું સ્થાન સાંકડી સીમાઓમાં સમાઈ જતું હોય કે સદાય વિસ્તરતા અનંતતાના ટીપણામાં ઓચિંતાં પૂર્ણ-વિરામથી અટકી પડતી હોય. આપણું ધ્યેય છે દિવ્ય પ્રકૃતિમાં પલટાવાનું, પણ દિવ્ય પ્રકૃતિ એ કોઈ બૌદ્ધિક કે નૈતિક નહિ પણ એવી આધ્યાત્મિક અવસ્થા છે કે જે મન વડે મેળવવાની મુશ્કેલ તો છે જ પણ બુદ્ધિથી સમજવાની પણ મુશ્કેલ છે. શું કરવાનું છે એની આપણાં કર્મોના અને આપણા યોગના સ્વામીને ખબર છે જ અને આપણી અંદર એનો અમલ, તેનાં પોતાનાં સાધનોથી અને તેની પોતાની રીતથી આપણે તેને કરવા દેવાનો છે.

અજ્ઞાનની પોતાની બધી જ પ્રવૃત્તિઓ મૂળમાં અહમપ્રધાન જ હોય છે; અને, એક બાજુ, વ્યક્તિત્વનો સ્વીકાર કરવો તથા આપણી અધૂરી પ્રકૃતિના અધૂરા પ્રકાશ અને અધૂરી શક્તિમાં રહી કર્મો કર્યે જવાં અને બીજી બાજુ અહમ્-ભાવથી મુક્ત થવું એના કરતાં વધારે મુશ્કેલ બીજું કાંઈ નથી. કર્મ માટેના સર્વ આવેગોને છોડી દઈને અહમને સૂકવી નાખવાનું કે વ્યક્તિ તરીકેની સર્વ પ્રવૃત્તિઓને કાપી નાખીને એ અહમને મારી નાખવાનું સહેલું છે. કોઈ શાંત સમાધિમાં કે પ્રભુ-પ્રેમના કોઈ પરમાનંદમાં ડુબાડેલ આત્મ-વિસ્મરણમાં તેને ઉઠાવી જવો એ પણ સહેલું છે, પણ આપણો ખરેખરો અઘરો પ્રશ્ન તો એ છે કે આપણા સાચા સ્વરૂપને કેવી રીતે છૂટું કરી આપવું અને કેવી રીતે એક એવું દિવ્ય વ્યક્તિત્વ મેળવવું કે જે દિવ્ય શક્તિનું શુદ્ધ પાત્ર અને દિવ્ય કર્મનું સંપૂર્ણ સાધન હોય. એક પછી એક મક્કમ પગલાં ભર્યે જવાનાં છે; એક પછી એક મુશ્કેલીઓને પૂરેપૂરી અનુભવતા જવાની

છે અને પૂરેપૂરી મહાત કરતા જવાની છે. એકમાત્ર પ્રભુની જ પ્રજ્ઞા અને શક્તિ આપણું આ કામ પાર પાડી શકે તેમ છે અને જો આપણે સંપૂર્ણ શ્રદ્ધાથી તેને શરણે જઈએ અને અતૂટ હિંમત અને ધૈર્યથી તેની કારવાઈને અનુસરતા અને આવકારતા જઈએ તો તે જરૂર એ પાર પાડશે.

આ લાંબી મજલનું પહેલું પગલું છે: આપણી અને દુનિયાની અંદર વસતા પ્રભુને આપણાં સર્વ કર્મો યજ્ઞરૂપે સમર્પણ કરવાં. મન અને હૃદય દ્વારા આવી નિષ્ઠાની શરૂઆત કરવી એ ખાસ અઘરું નથી; પણ તેને દિલની સચ્ચાઈથી પૂરેપૂરી ભરવી અને સર્વત્ર વિસ્તારવી એ જ ખરેખરું મુશ્કેલ છે. બીજું પગલું છે: આપણાં કર્મોના ફળની ઇચ્છાનો ત્યાગ; કારણકે યજ્ઞનું એકમાત્ર સાચું, અનિવાર્ય અને પૂરેપૂરું ઇચ્છનીય ફળ, એકમાત્ર સાચી જરૂરિયાત છે, આપણી અંદર પ્રભુની સન્નિધિ, પ્રભુની ચેતના અને શક્તિ; અને જો એ મળી જાય તો બાકીનું બધું જ આવી મળશે. આ જ છે આપણી પ્રાણ-પ્રકૃતિના અહમ્‌ભર્યા સંકલ્પોનું, આપણા કામાત્માનું, આપણી વાસનામય પ્રકૃતિનું રૂપાંતર; અને એ જ છે ખરેખરું મુશ્કેલ. ત્રીજું પગલું છે: કેન્દ્રસ્થ અહંકારનું, અને ખુદ કર્તા તરીકેના અહમ્‌ભાવનું પણ વિસર્જન. આ રૂપાંતર મુશ્કેલમાં મુશ્કેલ છે અને જો પહેલાં બે પગલાં ના લીધેલાં હોય તો આ પગલું પરિપૂર્ણ થઈ શકતું નથી; પણ જો આ ત્રીજું શિખર-રૂપ પગલું ના ભરાયું હોય અને અહમ્-ભાવનું વિસર્જન કરીને ઇચ્છાઓના ખુદ મૂળને ઉખેડી નખાયું ના હોય તો પહેલાં બે પગલાં પણ પરિપૂર્ણ થઈ શકતાં નથી. જ્યારે નાનાશા આ અહમ્-ભાવને પ્રકૃતિમાંથી જડ-મૂળથી ઉખેડી નાખવામાં આવે ત્યારે જ સાધક, પ્રભુના અંશ અને સામર્થ્ય-રૂપ, ઊર્ધ્વમાં ઊભેલા પોતાના સાચા આત્મ-સ્વરૂપને જાણી શકે છે અને પ્રભુની પરમ શક્તિના સંકલ્પ સિવાયના સર્વ આવેગોને છોડી શકે છે.

* * *

આ ત્રીજા પગલાની એકતા-સાધક પ્રક્રિયામાં પણ પગથિયાં છે. કારણકે તે એકીસપાટે પાર નથી પડતી; તેને પાર પાડવા માટે ક્રમે ક્રમે આપણને આગળ વધારતા લાંબા ગાળાઓ પસાર કરવા પડે છે. તેમાં સૌથી પહેલી જરૂર પડે છે; આપણે કર્તા છીએ એ ભાનનો ત્યાગ અને આપણે તો વૈશ્વિક શક્તિનું માત્ર એક કરણ જ છીએ એવો મક્કમ સાક્ષાત્કાર. શરૂઆતમાં એમ લાગે છે કે એક જ પરમ શક્તિ નહિ પણ ઘણાં વૈશ્વિક બળો આપણને ચલાવી રહ્યાં છે. આમ લાગે છે ખરું પણ તોય એમને આપણાં અહમ્-પોષક બનાવી શકાય છે; વળી, આ દૃષ્ટિ મળતાં મનને મુક્તિ મળે છે પણ

બાકીની પ્રકૃતિને નથી મળતી. પછીથી, જ્યારે એક જ પરમ-પ્રકૃતિ કર્તા-હર્તા છે તથા ભગવાન તેની પાછળ રહેલો છે તેનું ભાન થાય છે ત્યારે પણ બાકીની પ્રકૃતિ મુક્ત બને છે જ એવું નથી. કર્તા તરીકેનો અહમ્-ભાવ ચાલ્યો જાય તોપણ કરણ તરીકેનો અહમ્-ભાવ તેને બદલે બેસી જાય અથવા કર્તા તરીકેનો અહમ્-ભાવ તેનાં ઓઠાં નીચે આગળ આવ્યે જ જાય એમ પણ બને. આવી જાતના અહમ્-ભાવના દાખલા દુનિયામાં ભરચક પડેલા છે, અને બીજી કોઈ જાત કરતાં તે વધારે જામેલા અને વિશાળ હોવાનો સંભવ છે; યોગમાં પણ એવા જ ભયરૂપ છે. નેતા જેવો, નાના કે મોટા જૂથમાં આગળ પડતો બની ગએલો કોઈ માણસ પોતાની અંદર એવી શક્તિ ભરેલી જુએ કે જે પોતાની અહમ્-શક્તિના કરતાં ઉપરની હોય: તે પોતાની દ્વારા કોઈક નિર્માણને, કે કોઈક ભેદી કે અગાધ સંકલ્પ-શક્તિને, કે કોઈક આંતરિક અતિ તેજસ્વી પ્રકાશને કાર્ય કરતો અનુભવી શકે. તેના વિચારો, કર્મો કે સર્જક પ્રતિભા વડે અસાધારણ પરિણામો પણ આવતાં હોય. તે કોઈક એવો પ્રચંડ સંહાર આણી આપે કે જેથી માનવજાતિનો માર્ગ મોકળો બની જાય અથવા કોઈક એવું મહાન સર્જન આણી આપે કે જેથી તેને તાત્કાલિક આશ્રયસ્થાન મળી જાય. તે કોઈ મહાન દંડદાયક, કે પ્રકાશદૂત કે દુઃખનિવારક કે સૌંદર્યસર્જક કે જ્ઞાન-પ્રચારક પણ હોય. અથવા, તેનું કાર્ય અને પરિણામ નાના પાયા પર કે મર્યાદિત ક્ષેત્રમાં હોય તોપણ તેમાં એ તો સ્પષ્ટ જ હોય કે તે, તેનાં જીવન-કાર્ય માટે એક નિર્મિત કરણ છે જ. જે માણસોમાં આવું નિર્માણ અને શક્તિઓ હોય છે તેઓ સહજ રીતે માની લે છે, અને જાહેર પણ કરે છે, કે તેઓ પ્રભુના કે નિયતિના હાથમાં માત્ર એક કરણ છે; પણ તેમની આવી ઘોષણામાં પણ, સામાન્ય માણસો હિંમત કરીને જણાવે કે જોર કરીને દાખવે તેના કરતાં ઘણો ઉગ્ર અને ઉપસાવેલ અહમ્-ભાવ ઘૂસી જઈ શકે છે કે આસન જમાવી શકે છે તે દેખાઈ આવે છે. અને આવા માણસો ભગવાનની વાત કરે તોપણ મોટે ભાગે તો એ એમની પોતાની જ મૂર્તિ ઊભી કરતા હોય છે; ખરેખર તો એ એમની પોતાની જ જાતની કે પ્રકૃતિની પ્રચંડ છાયા કે પોતાના જ સંકલ્પ, ખ્યાલ, ગુણ અને શક્તિના પ્રકારનું કોઈ ભગવાન બની બેઠેલું આધારક તત્ત્વ હોય છે. તેઓ પોતાના અહમ્ના આ અતિ ફુલાવેલ સ્વરૂપ-રૂપી જ પ્રભુની સેવા કરતા હોય છે. જેમની પ્રાણ-પ્રકૃતિ મજબૂત છતાં અણઘડ હોય છે અથવા જેઓનાં મન, સાધના-માં મહત્ત્વાકાંક્ષા, અહંકાર કે મહાન થવાની ઇચ્છાને દાખલ થવા દઈ

સાધનાના હેતુને કલુષિત થવા દે છે, અને તેમ થતાં ઊંચા આસમાનમાં ચડી જાય છે. તેવા લોકોની યોગ-સાધનામાં આવું તો અનેક વાર બને છે; ખૂબ મોટો [illegible] એક અહમ્ તેમની અને તેમની સાચી જાત વચ્ચે ખડો થઈ [illegible] અને કોઈક દિવ્ય, કે અદિવ્ય, અદૃશ્ય, મહાન શક્તિ જે તેમની દ્વારા [illegible] જેવું તેમને ઝાંખું કે ફસેલું ભાન હોય છે, તેના [illegible] ને ખાતર ઝડપી લે છે. આપણા કરતાં વધારે મહાન શક્તિ વિષેની અને તેના વડે થતી આપણી પ્રવૃત્તિ વિશેની બૌદ્ધિક સમજ કે પ્રાણની સૂઝ, આપણને અહમમાંથી મુક્ત કરવા માટે કાંઈ પૂરતી નથી.

આપણી અંદર કે ઉપર રહેલી અને આપણને ચલાવી રહેલી મહાન શક્તિ વિશેની આ સમજ કે સૂઝ એ કોઈ ભ્રમ નથી, પોતાની મહત્તા વિશેનો કોઈ ખોટો ખ્યાલ નથી. જેઓ તેને જોઈ–અનુભવી શકે છે તેમની દૃષ્ટિ સામાન્ય માણસોના કરતાં વધારે વિશાળ [illegible] હોય છે, તેઓ ભૌતિક બુદ્ધિની મર્યાદાથી એક પગલું આગળ વધેલા હોય છે, પણ તેમની દૃષ્ટિ પૂર્ણ નથી હોતી કે અનુભવ પ્રત્યક્ષ નથી હોતો. કારણકે, તેમના મનમાં વિશુદ્ધિ અને આત્મામાં જાગ્રતિ નહિ હોવાથી, તેમની જાગ્રતિ પરમાત્માના આધ્યાત્મિક તત્ત્વના કરતાં વિશેષ તો પ્રાણમાં હોવાથી તેઓ ભગવાનના સચેતન કરણ નથી બની શકતા કે કર્મોના સ્વામીની સન્મુખ નથી આવી શકતા પણ તેમની ભૂલને પાત્ર અને અપૂર્ણ પ્રકૃતિ દ્વારા તેમનો ઉપયોગ જ થાય છે. તેઓ બહુ બહુ તો ભગવાનનો નિર્માણ-અંશ કે વૈશ્વિક શક્તિ જોઈ શકતા હોય છે કે કોઈ દેવતાને, કે એથીય ખરાબ, તો, ભગવાનને ઢાંકી દેતી કોઈ રાક્ષસી કે શેતાની શક્તિને ભગવાન કહેતા હોય છે, ખુદ કેટલાક ધર્મ-સંસ્થાપકોએ પણ સાંપ્રદાયિક ભગવાન, કે રાષ્ટ્રીય ભગવાન, કે જુલ્મ અને દંડ કરતી કોઈ શક્તિ, તો વળી સાત્ત્વિક પ્રેમ, કરુણા અને સદ્ભાવની કોઈક દિવ્ય શક્તિની પ્રતિમા ઊભી કરી આપી છે; તેઓએ એકમાત્ર અને સનાતન પ્રભુને જોયો ના હોય એમ લાગે છે. ભગવાન્ તો તેમના ઊભા કરેલા [illegible] સ્વરૂપનો સ્વીકાર કરે છે અને તેનો આશરો [illegible] તેમનામાં [illegible] શક્તિ તેમનામાં અન્ય લોકોના કરતાં વધારે [illegible] તેમની પ્રકૃતિ પૂરી લાયક ના હોવાથી, તેમનામાં અહમ્-ભાવનું પ્રેરક બળ પણ અન્ય લોકોના કરતાં વધારે જોરદાર હોઈ શકે છે. એક ઉચ્ચ રાજસિક કે સાત્ત્વિક અહમ્ તેમને હજી યે જકડી રહ્યો હોય છે અને તેમની અને પૂર્ણ સત્યની

વચ્ચે આવી ઊભો હોય છે. આ હજી સાચી અને સંપૂર્ણ અનુભૂતિ નથી હોતી તોપણ એની કિંમત તો છે જ, એ એક શરૂઆત તો છે જ. પણ ખરેખરી કફોડી સ્થિતિ તો એવા લોકોની થઈ શકે કે જેઓ વિશુદ્ધિ અને જ્ઞાન મેળવ્યા વિના માનવ તરીકેનો ખીલડો ક્યાંક તોડી નાખે; તેવા લોકો કરણ બને ખરા પણ પ્રભુનું નહિ; તેઓ પ્રભુનું નામ લે ખરા પણ મોટે ભાગે તો પ્રભુના અંચળાઓનું અને કાળા વિરોધીઓનું, અંધકારની શક્તિઓનું વગર જાણ્યે કરણ બનતા હોય છે.

આપણી પ્રકૃતિએ પોતાનામાં વૈશ્વિક શક્તિને વસાવવાની તો છે જ પણ તે તેના નિમ્ન સ્વરૂપમાં કે રાજસિક કે સાત્ત્વિક પ્રવૃત્તિઓમાં નહિ; તેણે વિશ્વવ્યાપી સંકલ્પ-શક્તિનું કામ કરવાનું તો છે જ પણ એક મહાન મુક્તિદાયક જ્ઞાનના પ્રકાશમાં. કરણની પોતાની નિષ્ઠામાં પણ ક્યાંય કોઈ જાતનો અહમ્‌ભાવ ના રહેવો જોઈએ,– આપણી અંદર કાર્ય કરતી પરમ શક્તિ કેવી તો મહાન છે એ પૂરેપૂરું જાણતા હોઈએ ત્યારે પણ નહિ. દરેકેદરેક માણસ; જાણ્યે કે અજાણ્યે, એક વિશ્વવ્યાપી શક્તિનું કરણ છે; અને અંદર વસતા અંતર્યામીને બાદ કરતાં, કર્મે કર્મે કે કરણે કરણે એવો કોઈ જ તાત્ત્વિક ભેદ નથી કે જેથી અહંકારભર્યું અભિમાન કરવાની મૂર્ખાઈને અવકાશ મળે. અજ્ઞાની રહેવું કે જ્ઞાની થવું એ પરમાત્માની કૃપાની વાત છે; દિવ્ય શક્તિ પોતાની બંસી પોતાની મરજી થાય ત્યાં બજાવે છે; પોતાના સ્વર કે શક્તિથી આજે આને તો કાલે તેને ભરી દે છે. ઘડાનો ઘડનાર એક ઘડાને બીજાના કરતાં વધારે સુંદર ઘડે તો તેમાં ઘડાની નહિ પણ ઘડનારની ખૂબી છે. "આ બળ તો મારું છે," અથવા "જુઓ, મારી અંદર પ્રભુની કેટલી શક્તિ છે!" એમ આપણું મન કહી શકે નહિ; એ તો એમ જ કહી શકે : "પ્રભુની દિવ્ય શક્તિ આ મન અને શરીરમાં કાર્ય કરી રહી છે, અને એ જ કાર્ય કરી રહી છે સર્વે મનુષ્યોમાં અને પ્રાણીઓમાં, વનસ્પતિમાં અને પથ્થરમાં, સચેતન અને સજીવન વસ્તુઓમાં તો અચેતન અને જડ લાગતી વસ્તુઓમાં પણ." સર્વ કાંઈમાં એકમાત્ર પ્રભુ જ કાર્ય કરી રહ્યો છે, અને, સમગ્ર સૃષ્ટિ દિવ્ય કર્મધારાનું અને તેના ક્રમિક આવિર્ભાવનું એકસરખું કરણ છે એવી વિશાળ દૃષ્ટિ એ જ જો આપણી અખંડ અનુભૂતિ થઈ રહે તો આપણી પ્રકૃતિમાંથી સર્વ રાજસિક અહંકાર હાંકી કાઢવામાં મદદ મળે અને ખુદ સાત્ત્વિક અહમ્‌ભાવ પણ ચાલ્યો જવા માંડે.

અહમ્‌ના આ પ્રકારનું પણ વિસર્જન થતાં સીધા જ, પૂરેપૂરા સાચા કર્મયોગના સત્ત્વરૂપ, સાચા, કરણભાવી કર્મને પહોંચી શકાય. કારણકે તે

પહેલાં તો આપણે કરણભાવી અહમ્‌ને પોષતા હોવાથી ખુદ આપણી જ જાતને સમજાવતા હોઈએ છીએ કે આપણે તો, પ્રભુનાં સચેતન કરણ છીએ પણ, ખરેખર તો, આપણે પ્રભુની દિવ્ય શક્તિને જ આપણી ઇચ્છાઓ અને આપણા અહમ્‌ભર્યા હેતુઓને ખાતર કરણ બનાવવાનો પ્રયત્ન કરતા હોઈએ છીએ; અને જો, આપણા અહમ્‌ને કાબૂમાં રાખ્યો હોય પણ કાઢી ના મૂક્યો હોય તો, પ્રભુનાં દિવ્ય કર્મનાં વાહન જરૂર બની શકીએ પણ એ વાહન પરિપૂર્ણ નહિ હોય, અને આપણી માનસિક ભૂલોથી, આપણા પ્રાણની બેડોળતાથી, કે આપણી ભૌતિક પ્રકૃતિની હઠીલી અને અન-આવડતથી દિવ્ય કાર્યને મરડી નાખીશું કે નુકસાન પહોંચાડીશું. જો આ અહમ્ અદૃશ્ય થઈ જાય તો જ, આપણને ચલાવતા પ્રભુના દિવ્ય સંચાલનની દરેક ચાલને સચેતન સંમતિ આપતાં એક વિશુદ્ધ કરણ, ખરેખર, થઈ જઈશું, એટલું જ નહિ પણ સર્વોપરિ શક્તિએ પોતાના કાર્ય માટે, પોતાની જ અંદર વહેતા મૂકેલા, એકમાત્ર, સનાતન અનંત પ્રભુના અંશ તરીકેની આપણી સાચી પ્રકૃતિ વિશે પણ આપણે સચેતન થઈશું.

* * *

દિવ્ય શક્તિને આપણો અહમ્-પ્રધાન કરણભાવ સોંપી દીધા પછી પણ હજી એક વધારે મહાન પગલું ભરવાનું છે. મન, પ્રાણ અને શરીરના સ્તર પરનાં સર્વે પ્રાણીઓને અને આપણને ચલાવી રહેલ એ દિવ્ય શક્તિને સમગ્ર વિશ્વની એકમાત્ર શક્તિ તરીકે ઓળખવી એ પૂરતું નથી. કારણકે આ તો માત્ર નિમ્ન પ્રકૃતિ જ છે; અલબત્ત, અજ્ઞાન-પ્રદેશમાં પણ દિવ્ય જ્ઞાન, પ્રકાશ અને શક્તિ છુપાએલાં છે, અને સક્રિય પણ છે, અને વચ્ચેના પડદાને જરાતરા ફાડી શકે છે અને તેમના સાચા સ્વરૂપના અંશનો આવિર્ભાવ પણ કરી શકે છે કે ઊર્ધ્વમાંથી નીચે આવીને આ નિમ્ન ક્રિયાઓને ઊંચે ઉઠાવી પણ શકે છે; છતાં ય,- ભલેને આપણે આધ્યાત્મિક બનેલા એક મનમાં, તેવા જ જીવનકાર્યમાં તેવી જ શારીરિક ચેતનામાં એકમાત્ર પ્રભુનો સાક્ષાત્કાર કરીએ, છતાં ય – આપણા સક્રિય ભાગોમાં હજી અપૂર્ણતા રહે જ છે. પરમ શક્તિ પ્રત્યેનો પ્રત્યુત્તર હજી પાંગળો છે, પ્રભુના મુખ પર હજી એક આવરણ છે, હજી અજ્ઞાન સાથે તે ભેળસેળ છે. આ નિમ્ન પ્રકૃતિથી પર, પોતાના સાચા સામર્થ્ય-પ્રદેશમાં વસતી દિવ્ય શક્તિ પ્રત્યે જ્યારે આપણે ખુલ્લા થઈએ ત્યારે જ માત્ર, આપણે તેનાં સામર્થ્ય અને જ્ઞાનનાં પરિપૂર્ણ કરણ બની શકીએ.

કર્મયોગનું લક્ષ્ય માત્ર મુક્તિ નહિ પણ પરિપૂર્ણતા જ હોઈ શકે.

પ્રભુ આપણી પ્રકૃતિ દ્વારા, અને પ્રકૃતિને અનુરૂપ રીતે કાર્ય કરે છે; આપણી પ્રકૃતિ અપૂર્ણ હોય તો આપણું કાર્ય પણ અપૂર્ણ, ભેળસેળ અને અધૂરું હોવાનું; સ્થૂળ ભૂલો; જૂઠાણાં, નૈતિક નબળાઈઓ, કે લપસાવતી લાલચોથી તે બગડી પણ જાય. એવે વખતે પણ પ્રભુનું કાર્ય આપણી અંદર થાય તો ખરું જ, પણ તે હશે આપણી નબળાઈને અનુરૂપ,– તેનાં અસલ સામર્થ્ય અને શુદ્ધિને અનુરૂપ નહિ. જો આપણો યોગ પૂર્ણયોગ ના હોત, જો આપણે આપણા અંતરાત્માની મુક્તિને જ, કે પ્રકૃતિથી અલગ થયેલ પુરુષના અચલ અસ્તિત્વને જ ઝંખતા હોત તો સક્રિય ભાગોમાં રહી ગએલ આ અપૂર્ણતાનો વાંધો ના હોત; શાંત, નિશ્ચલ અને હર્ષ–શોકથી પર રહીને, પરિપૂર્ણતા કે અપૂર્ણતા, ગુણ કે અવગુણ, પાપ કે પુણ્ય એ બધાંને આપણાં પોતાનાં ગણ્યા વિના તથા, પ્રકૃતિના ત્રિગુણાત્મક પ્રદેશમાં તેના જ ત્રિગુણ કામ કરી રહ્યા છે તેથી જ આ બધો ગોટાળો થએલ છે એમ જાણીને આપણે પુરુષની નીરવતામાં ચાલ્યા જઈ શક્યા હોત અને ત્યાં શુદ્ધ અને અસ્પૃષ્ટ રહીને પ્રકૃતિની ક્રિયાઓના સાક્ષી રહી શક્યા હોત. પણ પૂર્ણ સાક્ષાત્કારના ધ્યેયમાં આ તો માત્ર એક પગથિયું જ હોઈ શકે, મંઝિલ નહિ. કારણકે આપણે પ્રભુનો સાક્ષાત્કાર માત્ર આત્માની અચલતામાં જ નહિ પણ પ્રકૃતિની પ્રવૃત્તિમાં પણ કરવો છે. અને જ્યાં સુધી આપણે આપણી પ્રવૃત્તિઓના દરેક પગલે, પ્રકારે, ગતિમાં, આપણા સંકલ્પના દરેક ફેરફારમાં, આપણા દરેક વિચાર, લાગણી તથા આવેગમાં પ્રભુની સન્નિધિ અને સામર્થ્ય અનુભવીએ નહિ ત્યાં સુધી આ ધ્યેય પૂરું પાર પડે નહિ. અલબત્ત, આ અનુભવ આપણે અજ્ઞાનમય પ્રકૃતિમાં પણ અમુક રીતે કરી શકીએ પણ એ હશે છૂપા વેશમાં, તથા એક આંશિક અને હલકા સ્વરૂપનો. પણ આપણી માગણી તો મોટી છે; પ્રભુનાં સત્યમાં, પ્રકાશમાં, સનાતન સ્વયં-ચેતનાત્મક સંકલ્પશક્તિના સામર્થ્યમાં, અનંત જ્ઞાનની વિશાળતામાં આપણી પ્રકૃતિ પ્રભુની શક્તિ બની રહે, એ છે આપણી માગણી.

પહેલાં દૂર કરવાનો અહમ્‌નો પડદો; તે પછી દૂર કરવાનો આપણાં મન, પ્રાણ અને શરીરનું સંચાલન કરનાર પ્રકૃતિ અને તેના નિમ્ન ગુણનો પડદો. અહમે ઊભી કરેલી મર્યાદાઓ ઓગળવા માંડે ત્યારે તે પડદાની રચના આપણને સમજાય છે અને આપણી અંદર ચાલતું વૈશ્વિક પ્રકૃતિનું કાર્ય દેખાય છે, અને વૈશ્વિક પ્રકૃતિની અંદર કે તેની પાછળ વિશ્વરૂપ પુરુષની હાજરીનો અને વિશ્વવ્યાપી ઈશ્વરની યંત્રણાનો અણસારો મળવા માંડે છે, આ સર્વ સંચાલનની પાછળ કરણનો સ્વામી ઊભેલો છે અને ખુદ એ

સંચાલનની અંદર પણ એક વિશાળ માર્ગદર્શનનો અને વ્યવસ્થાપક પ્રભાવનો સ્પર્શ અને પ્રેરણા હોય છે. હવે આપણે અહમ્ કે અહમ્‌ની શક્તિના દાસ નથી; હવે આપણે જગત્-નિયંતા અને તેની વિકાસવાદી પ્રેરણાને તાબે થઈએ છીએ. પ્રત્યેક પગલે આપણે કહીશું, "હૃદય-નિવાસી હે પ્રભુ, તું જે કાંઈ નક્કી કરે છે તે જ હું કરું છું." તોપણ આ કર્મો બે તદ્દન જુદી જુદી જાતનાં હોઈ શકે છે; એક તો, માત્ર પ્રકાશિત અને બીજું, રૂપાંતરિત અને પ્રકૃતિથી પરના ઊર્ધ્વ પ્રદેશમાં પહોંચેલું. જ્યારે આપણે આપણી પ્રકૃતિ વડે અને તેના અહમે ઊભા કરેલા ભ્રમ વડે "જાણે કે કોઈ યંત્રના ચકરાવે ચડાવેલા"[3] હતા ત્યારે પ્રકૃતિના પ્રેર્યાં જેવાં કર્મો કરતા હતા તેવાં કરવાનું ચાલુ રાખીએ એમ બને; પણ હવે આપણે તે યંત્રણાને, તથા તેની પાછળ અનુભવાતા કર્મના સ્વામીએ પૃથ્વીની પ્રગતિ માટે નક્કી કરેલા ઉપયોગને પૂરેપૂરા સમજીને કરીશું. અને ઘણા બધા યોગીઓ, આધ્યાત્મિક બનેલા મનના આ પ્રદેશ સુધી આવીને અટકી પણ ગયા છે; પણ અહીં અટકી જવાનું કાંઈ બિલકુલ ફરજિયાત નથી, કારણકે હજી તેનાથી આગળ અતિ–માનસિક શક્યતા પણ છે. આધ્યાત્મિક બનેલા મનથી પર થઈ જવાનું અને સર્વોપરિ માતાજીની પોતાની દિવ્ય ઋત-ચેતનાની જીવંત સન્નિધિમાં સહજ રીતે કાર્ય કરવાનું શક્ય છે. આપણી ગતિ તેની ગતિમાં એક અને એકરૂપ થઈ જતાં, આપણી સંકલ્પ-શક્તિ તેની સંકલ્પ-શક્તિમાં એક બની જતાં, આપણી શક્તિ તેની શક્તિમાં ભળી જતાં, આપણી દ્વારા થતાં તેનાં કાર્યોને આપણે એક સર્વોચ્ચ પ્રજ્ઞા-શક્તિમાં થતા પ્રભુના આવિર્ભાવ તરીકે અનુભવીશું; અને રૂપાંતર પામેલ મન, પ્રાણ અને શરીર તો તેમનાથી પર એવાં સર્વોચ્ચ પ્રકાશ અને શક્તિ કે જેનું પ્રત્યેક પગલું અચૂક હોય છે, (કારણકે તેનું જ્ઞાન પરાત્પરનું અને પૂર્ણ હોય છે) તે સર્વોચ્ચ પ્રકાશ અને શક્તિનાં માત્ર વાહનો જ છે તે જાણી શકીશું. આ પરમ પ્રકાશ અને સર્વોચ્ચ શક્તિના આપણે માત્ર આધાર, વાહન અને કરણ જ નહિ બનતાં એક સર્વોચ્ચ, ઊર્ધ્વ, અને કાયમી અનુભૂતિ દ્વારા તેને પોતાનો ભાગ જ બની જઈશું.

આ છેલ્લી પરિપૂર્ણતા પ્રાપ્ત કરીએ તે પહેલાં પણ આપણે કર્મોમાં પ્રભુની સાથે એક થઈ શકીએ છીએ; આ એકતા તેનાં પૂર્ણ પ્રકાશપૂર્ણ શિખરો પર ના હોય તોપણ તેની પૂરેપૂરી વિશાળતામાં તો શક્ય છે જ, કારણકે હવે આપણે આપણાં ભૌતિક હલનચલનમાં, ઇન્દ્રિયો અને પ્રાણના

૩. ગીતા ૧૮/૬૧

આપણા પ્રત્યુત્તરોમાં, આપણી માનસિક ક્રિયાઓમાં, માત્ર પ્રકૃતિ કે પ્રકૃતિના ગુણોને જ જોતા નથી પણ તે બધામાં, આપણાં શરીર, પ્રાણ અને મનના કરતાં વધારે પ્રબળ એવી પરમ શક્તિ કે જે આપણાં મર્યાદિત કરણોને પોતાની પકડમાં લઈ તેમની ગતિનું સંચાલન કરે છે, તેના વિશે સચેતન બનીએ છીએ; હવે આપણને એમ નથી લાગતું કે આપણે પ્રવૃત્તિઓ કરીએ છીએ, વિચારીએ છીએ કે અનુભવીએ છીએ, પણ એમ લાગે છે કે આપણી અંદર તે પરમ શક્તિ પ્રવૃત્તિ કરી રહી છે, વિચારી રહી છે કે અનુભવી રહી છે. આ જે શક્તિનો આપણને અનુભવ થાય છે તે પ્રભુની વિશ્વવ્યાપી પરમ શક્તિ છે, અને તે જ પડદાની પાછળથી કે આગળ આવીને, તથા સીધેસીધી, કે સૃષ્ટિના જીવોની દ્વારા પોતાની શક્તિઓને વપરાવા દઈને, કાર્ય કરતી એકમાત્ર શક્તિ છે અને એકમાત્ર તેને જ લીધે વ્યક્તિગત કે વિશ્વવ્યાપી કાર્ય શક્ય બને છે. કારણકે આ શક્તિ પોતાના સામર્થ્ય–દેહમાં રહેલ પ્રભુ પોતે જ છે: સર્વ કાંઈ એ જ કાર્યશક્તિ છે, એ જ ચિંતનશક્તિ કે જ્ઞાન-શક્તિ છે, પ્રભુત્વ અને ઉપભોગની શક્તિ છે, પ્રેમની શક્તિ છે. સર્વ કર્મોનો પરમ સ્વામી આ પરમ શક્તિ, કે જે પ્રભુ પોતે જ છે, તેની દ્વારા સર્વ કાંઈને પોતાનામાં સમાવે છે, સર્વમાં પોતે સમાઈ જાય છે, સર્વેનો ઉપભોગ કરે છે; સર્વ કર્મોના આ પરમ સ્વામી વિશે સર્વદા અને સર્વત્ર, આપણામાં અને અન્યમાં સચેતન બનીને તેની દ્વારા બધું જ અસ્તિત્વ અને બધા જ બનાવો બની જઈશું; આ રીતે આપણે, કર્મ દ્વારા, પ્રભુનું મિલન પામ્યા હોઈશું; અને એ કર્મસિદ્ધિ દ્વારા આપણે એ બધું મેળવ્યું હશે કે જે અન્ય સાધકો નિરપેક્ષ ભક્તિ કે શુદ્ધ જ્ઞાન દ્વારા મેળવે છે, પણ હજી ય એક વધારે પગલું આપણને સાદ દઈ રહ્યું છે; એ છે: આ વૈશ્વિક એકરૂપતામાંથી પણ ઉપર ચાલ્યા જઈને સાધવાની પ્રભુનાં પરાત્પર સ્વરૂપ સાથેની એકરૂપતા. આપણાં કર્મોનો સ્વામી અહીં, આપણી અંદર, માત્ર એક દેવ બનીને જ નથી બેઠેલો, કે માત્ર એક વૈશ્વિક આત્મતત્ત્વ કે વિશ્વવ્યાપી શક્તિ નથી બની બેઠેલો. કેટલાક પંથ જગતની બહાર ઈશ્વર નથી એમ જણાવીને ઈશ્વર અને જગતને એકસરખાં મનાવવા પ્રયત્ન કરે છે, પણ એમ નથી. જગત એ ઉત્પન્ન થએલું છે; એ જગતનો જેની ઉપર આધાર છે તે, તેનામાં વ્યક્ત થએલ છે પણ તેનાથી કાંઈ મર્યાદિત થએલ નથી. પ્રભુ કાંઈ માત્ર જગતમાં સમાઈ જતો નથી, જગતથી પર પણ છે; એક સનાતન પરાત્પરતા પણ છે જ. આપણો અહમ્, આપણું મન, આપણો પ્રાણ, આપણો દેહ એ બધાં વિશ્વગત અસ્તિત્વની

રચના છે, પણ આપણી વ્યક્તિગત જાતનો આધ્યાત્મિક અંશ એવો નથી: એ અજર, અમર આત્મા તો પરાત્પરતામાંથી આવેલો છે.

* * *

એક પરાત્પર કે જે સમગ્ર વિશ્વ અને સમગ્ર પ્રકૃતિથી પર છે અને છતાં વિશ્વ અને તેની પ્રકૃતિને પોતાનામાં સમાવે છે, અને પોતાના કંઈક અંશ સાથે તેમાં ઊતરી આવેલ છે અને તેને ઘડીને તે જે નથી તે તેને બનાવી રહ્યો છે, એ જ છે આપણી જાતનું આદિ-કારણ, આપણાં કર્મોનું આદિ-કારણ અને તેનો માલિક. પણ આ પરાત્પર ચેતનાનું પોતાનું સ્થાન તો ઊર્ધ્વમાં, દિવ્ય સત્તાની એક નિરપેક્ષતામાં રહેલું છે, અને ત્યાં જ છે સનાતન પુરુષનાં નિરપેક્ષ અને પરમ સામર્થ્ય, સત્ય, આનંદ; આપણી મનોમયતા આનો કાંઈ જ ખ્યાલ બાંધી શકે તેમ નથી, અને આપણી મોટામાં મોટી આધ્યાત્મિક અનુભૂતિ પણ આધ્યાત્મિક બની ચૂકેલાં મન અને હૃદયમાં પડતું એનું એક નાનુંશું પ્રતિબિંબ, એક આછી છાયા, એક આછું-પાતળું ઝરણુ હોય છે. છતાં, પરમ પ્રકાશ, શક્તિ, આનંદ અને સત્યનું એક જાતનું આભા-મંડળ, જેને વેદકાળના ઋષિઓએ એક દિવ્ય ઋત-ચેતના કહેલી છે તે, એક અતિમનસ, એક વિ-જ્ઞાન તેમાંથી નીસરી આવેલું છે; મૂળ અજ્ઞાનમાંથી ઉદ્‌ભવેલ, આછી ચેતનાવાળી આ દુનિયાનો એની સાથે ગુપ્ત સંબંધ છે અને એ જ માત્ર આ દુનિયાને ધારણ કરી રહેલ છે અને વિસર્જનમાં છિન્નભિન્ન થતાં તેને અટકાવે છે. આપણે જે શક્તિઓને વિજ્ઞાનની, અંતઃસ્ફુરણાની કે પ્રકાશ-પ્રાપ્તિની શક્તિઓ તરીકે ઓળખીને સંતોષ માનીએ છીએ તેઓ બધી તો મૂળ આ જ પરિપૂર્ણ અને પ્રકાશપૂર્ણ વસ્તુના આછા-ઝાંખા પ્રકાશ છે; અને તેની તથા ઊંચામાં ઊંચી માનવ-બુદ્ધિની વચ્ચે તો સર્વોચ્ચ મનની અને અધિમનસની ચડચે જતી ચેતનાના એવા ઘણા બધા સ્તર આવેલા છે કે જે પસાર કર્યા પછી જ આપણે એને (એ ઋત-ચેતનાને, અતિમનસને) પ્રાપ્ત કરી શકીએ કે તેની વિશાળતા અને ભવ્યતાને અહીં નીચે લાવી શકીએ તેમ છીએ. એનું આરોહણ અને વિજય ભલે ગમે તેટલાં મુશ્કેલ હોય તોપણ એ જ છે માનવ-આત્માનું નિર્માણ; અને તેનું પ્રકાશ-પૂર્ણ અવરોહણ, એટલે કે એ દિવ્ય સત્યનું અહીં પૃથ્વી પર આગમન એ જ છે આ પાર્થિવ પ્રકૃતિની વ્યગ્ર ઉત્ક્રાંતિનું અનિવાર્ય પદ; એને પાર પાડવાનું આ ધ્યેય એ જ છે ઉત્ક્રાંતિનું આદિ પ્રયોજન, આપણી સર્વોચ્ચ અવસ્થા, અને આપણા પાર્થિવ અસ્તિત્વના કોયડાનો જવાબ. કારણકે આપણા રહસ્યના ગુપ્ત કેન્દ્રમાં પુરુષોત્તમ તરીકે પરાત્પર પ્રભુ હાજર હોવા છતાં તે

એની વિશ્વવ્યાપી, જાદુગરણી યોગમાયાનાં ઘણાં આવરણો અને છદ્મવેશોથી ઢંકાએલો છે: દેહધારી પરમ–આત્મા જ્યારે આ આરોહણ અને વિજય પ્રાપ્ત કરશે ત્યારે જ આ છદ્મવેશો બધા દૂર થઈ શકશે અને અર્ધ સત્યનો આ ગૂંચવાઈ ગએલો તાણો કે જે એક સર્જનની ભૂલ બની બેઠો છે, આ ઊગ્યે આવતું જ્ઞાન કે જે ડૂબકી મારીને જડ તત્ત્વની અચેતનતા બની બેઠેલું છે અને પોતાના અસલ રૂપમાં આવવાની તેની ધીમી અધૂરી યાત્રા, પરિણામ-રૂપે તો, એક નવું અજ્ઞાન બની બેઠેલી છે તે સર્વની જગ્યાએ સર્વોચ્ચ સત્યની ક્રિયાત્મક શક્તિ આવી બેસશે.

અહીં, આ દુનિયામાં સર્વ અસ્તિત્વની પાછળ વિ–જ્ઞાન છુપાએલું છે એ સાચું, પણ જે કાર્ય કરી રહ્યું છે એ વિ–જ્ઞાન નથી પણ જ્ઞાન–અજ્ઞાનનો એક જાદુ–ખેલ છે, એક અતાગ, છતાં, દેખાવમાં યંત્રવત્ એવી અધિ–મનસ માયા છે. અહીં, એક રીતે જોતાં, પ્રભુ આપણને એક નિષ્પક્ષ, અક્રિય, બિન–અંગત, સાક્ષીભૂત આત્મતત્ત્વરૂપ લાગે છે, ત્રિગુણ, કે સ્થળ કે કાળથી અબાધિત, એક અચલ, અનુમંતા પુરુષ લાગે છે; પરાત્પરની સંકલ્પશક્તિએ એક વાર મંજૂર કરેલ અને વિશ્વમાં પરિપૂર્ણ થવા પોતાની મહોર મારેલ સર્વ કર્મો અને શક્તિઓની લીલાને આ અનુમંતા પુરુષનો આધાર કે સંમતિ કોઈ પણ જાતના પક્ષપાત વિના મળ્યા કરે છે એમ લાગે છે. આ સાક્ષીરૂપ આત્મતત્ત્વ, વસ્તુમાત્રમાં રહેલ આ અચલ આત્મા જાણે કે કાંઈ જ સંકલ્પ કે કાંઈ જ નિર્ણય કરતો લાગતો નથી; છતાં આપણે જોઈ શકીએ છીએ કે માત્ર તેની અક્રિયતા, તેની મૂક હાજરી પણ વસ્તુમાત્રને, તેમની અજ્ઞાન દશામાં પણ, એક દિવ્ય ધ્યેયની દિશામાં આગળ વધવાની ફરજ પાડે છે અને તેમની વિભિન્નતામાં પણ તેમને, હજી સુધી અમૂર્ત રહેલ એક એકતા તરફ આકર્ષે છે. છતાં, તેમાં કોઈ પરમ, અચૂક દિવ્ય સંકલ્પશક્તિ જણાતી નથી; જણાય છે છૂટે હાથે વહેતી મૂકેલી એક વૈશ્વિક શક્તિ કે એક યંત્રવત્ વહીવટ કરતી ક્રિયાશક્તિ, પ્રકૃતિ. વૈશ્વિક પરમ–આત્માનું આ એક પાસું છે; તો વળી, બીજું પાસું રજૂ થએલ છે એક વિશ્વવ્યાપી પ્રભુ તરીકે, પુરુષ તરીકે એકરૂપતાનું, અને વ્યક્તિત્વમાં અને સામર્થ્યમાં અનેક–રૂપતાનું; આપણે જ્યારે તેની વિશ્વવ્યાપી શક્તિઓની ચેતનામાં દાખલ થઈએ ત્યારે એ આપણને અનંત ગુણ અને સંકલ્પ અને કર્મનું અને એક વિશ્વ–વિશાળ જ્ઞાનનું અને, એક છતાં અગણિત એવા આનંદનું ભાન કરાવે છે; કારણકે આપણે તેની જ દ્વારા સર્વ–અસ્તિત્વના માત્ર સત્ત્વમાં જ નહિ પણ તેમની કર્મ-લીલામાં પણ એક થઈ જઈએ છીએ, આપણી જાતને સર્વેમાં અને સર્વેને

આપણી જાતમાં જોઈએ છીએ, સર્વ જ્ઞાન અને વિચારો અને લાગણીઓને એક જ પરમ-મન અને પરમ-હૃદયનાં આંદોલનો તરીકે, સર્વ શક્તિ અને કર્મોને સમર્થ સંકલ્પ-શક્તિની વિવિધ ગતિઓ તરીકે, સર્વ પદાર્થ-તત્ત્વને અને આકૃતિઓને એક જ પરમ દેહના પરમાણુઓ તરીકે, સર્વ વ્યક્તિઓને એક જ પરમ વ્યક્તિના પ્રસારિત કણો તરીકે, સર્વ અહમને એક અને એક-માત્ર સાચા "હું"ના અસ્તિત્વનાં વિરૂપો તરીકે અનુભવીએ છીએ. તેનામાં આપણે અલગ અલગ રહેતા નથી, પણ, જેવી રીતે, ત્રિગુણાતીત, અના-સક્ત, અલિપ્ત પરમ સાક્ષી પુરુષમાં આપણો નિષ્ક્રિય અહમ્ વિશ્વવ્યાપી શાંતિમાં લય પામે છે તેવી જ રીતે તેનામાં આપણો સક્રિય અહમ્ વિશ્વ-વ્યાપી પ્રવૃત્તિમાં લય પામે છે.

તોપણ આ બંને સ્વરૂપોમાં, અલિપ્ત દિવ્ય નીરવતા અને સર્વગ્રાહી દિવ્ય કર્મમયતામાં એક વિરોધ ઊભો રહે છે; આ વિરોધનો આપણે આપણી જાતમાં અમુક રીતે અને અમુક ઊંચા પ્રમાણમાં (કે જે આપણને સંપૂર્ણ જ લાગે) મેળ સાધી શકીએ છીએ; પણ એ મેળ કાંઈ સંપૂર્ણ હોતો નથી કારણકે એ પૂરેપૂરું રૂપાંતર કરી શકતો નથી, પૂરો વિજય સ્થાપી શકતો નથી. આપણને વૈશ્વિક પરમ શાંતિ, પ્રકાશ, શક્તિ, આનંદ મળે છે ખરાં પણ તેમાં જે કાર્ય-સાધક અભિવ્યક્તિ થાય છે તે ઋત-ચેતનાની, દિવ્ય વિ-જ્ઞાનની નથી હોતી; તે અભિવ્યક્તિ નવાઈ પમાડે તેવી મુક્ત, ઊર્ધ્વ અને પ્રકાશિત બનેલી હોય છે ખરી પણ તે પરમાત્માની માત્ર અત્યારની જ વિશ્વવ્યાપી અભિવ્યક્તિને આધાર આપતી હોય છે, પણ પરાત્પરના અવતરણથી જે થાય તે, અજ્ઞાનમય દુનિયાનાં ગૂંચવાડિયાં રૂપો અને ઢંકાએલાં રહસ્યોનું રૂપાંતર તે કરતી નથી. આપણે મુક્ત બનીએ છીએ ખરા પણ પૃથ્વીની ચેતના તો બંધનમાં જ રહે છે; હજી તેનાથી ય ઉપરની ચેતના સુધીનું આરોહણ અને તેનું અવરોહણ એ જ આ વિરોધનો પૂરેપૂરો મેળ સાધી શકે, તેને પલટી શકે, તેને મુક્ત કરી શકે.

કારણકે કર્મના સ્વામીનું હજી પણ એક એવું ત્રીજું સ્વરૂપ છે કે જે ખૂબ જ નિકટનું અને અંગત છે; એ જ છે તેનાં ઊંચામાં ઊંચાં ગુપ્ત રહસ્ય અને પરમાનંદની ચાવી; કારણકે પરાત્પરતાના ગુપ્ત ભેદમાંથી અને વિશ્વ-વ્યાપી પ્રવૃત્તિના ગૂંચવાડિયા પ્રદર્શનમાંથી પ્રભુની એક એવી વ્યક્તિગત શક્તિને એ અલગ કરી મોકલે છે કે જે એ બેની વચ્ચે કડીરૂપ બની શકે અને એકમાંથી બીજા તરફ જવા માટે આપણને એક પુલ પૂરો પાડી શકે. પ્રભુના આ પરાત્પર અને વિશ્વવ્યાપી પુરુષ-સ્વરૂપે આપણી વ્યક્તિરૂપ બનેલ જાત સાથે મેળ સાધેલો છે, એક એવો વ્યક્તિગત સંબંધ સ્વીકારેલો છે કે

જે એક સાથે આપણા પરમ આત્મતત્ત્વ સાથે એકાકાર પણ હોય અને છતાં અલગ અને નિકટ પણ રહીને આપણા સ્વામી, પ્રેમી, ગુરુ, પિતા, માતા, મિત્ર અને આ વિશ્વ-ખેલમાં એક એવા સખા તરીકે પણ હોય કે જે મિત્રના, અને શત્રુના, મદદનીશના કે વિરોધીના સ્વાંગમાં હંમેશાં છૂપો રહેલો છે અને આપણી ઉપર અસર કરતાં બધાં જ સંબંધો અને ક્રિયાઓમાં આપણા કદમોને આપણી પરિપૂર્ણતા અને મુક્તિ તરફ વાળ્યા કર્યાં છે. આ વધારે અંગત અભિવ્યક્તિને પરિણામે જ આપણે માટે પરાત્પરની પૂર્ણ અનુભૂતિની સંભાવના ઊભી થએલી છે; કારણકે તેની અંદર, એક નીરવ અને શાંત મુક્ત દશામાં જ નહિ, આપણાં કર્મોમાં એક નિષ્ક્રિય કે સક્રિય શરણાગતિ વડે જ નહિ, કે આપણને ભરી દેતા અને દોરતા વિશ્વવ્યાપી પરમ જ્ઞાન અને શક્તિ સાથેની એકતાના રહસ્ય દ્વારા જ નહિ, પણ દિવ્ય પ્રેમ અને દિવ્ય આનંદના એક એવા પરમ સુખ વડે કે જે નીરવ સાક્ષી અને સક્રિય વિશ્વશક્તિની પેલે પાર કોઈ એક પરમ આનંદમય રહસ્યના સુસ્પષ્ટ પૂર્વ-દર્શનમાં ફૂટી નીકળે છે તેના વડે પણ, આપણે એ એકમાત્ર "એક"નું મિલન પામીએ છીએ. કારણકે પરાત્પર પરમ દેવતાનાં અને તેની પરિપૂર્ણ જાતની કોઈ એક નિરપેક્ષ હાજરીનાં, તેનાં પૂર્ણ-એકાગ્ર પરમ સુખનાં, તેના રહસ્યપૂર્ણ આનંદનાં ગહન અને પરમ ઉલ્લાસપૂર્ણ રહસ્યને આપણાથી દૂર, પોતાના આવેગપૂર્ણ આવરણમાં છુપાવી રાખનાર ખાસ તો નથી વાચાતીત નિરપેક્ષ પ્રત્યે દોરી જતું જ્ઞાન, કે વિશ્વ-પ્રકૃતિની પેલે પાર આદિ જ્ઞાતા અને સ્વામી પ્રત્યે આપણને ઊંચે ઉઠાવી જતાં કર્મો; પણ એ તો છે આ જ આ અત્યારનું અંધકારમય પણ તો ય અતિ અતિ નિકટનું તત્ત્વ.

પણ પ્રભુ સાથેના આ વ્યક્તિગત સંબંધને પરિણામે કાયમ માટે કે પહેલેથી જ કાંઈ એક પૂરેપૂરી વિશાળતા કે ઊંચામાં ઊંચું જાત-ઉલ્લંઘન આવી મળતું નથી. આપણી જાતની અતિનિકટ કે આપણી અંદર આવી વસેલ આ પરમ દેવતાની અનુભૂતિ શરૂઆતમાં તો આપણી અંગત પ્રકૃતિ અને અનુભવની મર્યાદામાં જ થઈ શકે છે; તે એક પરમ નેતા અને સ્વામી, એક રાહબર અને ગુરુ, એક મિત્ર અને પ્રેમી તરીકે કે એક પરમ આત્મ-તત્ત્વ, સામર્થ્ય કે સન્નિધિ તરીકે હોઈ શકે; હૃદયની અંદર કે આપણી ઉપર -આપણી સર્વોચ્ચ બુદ્ધિની પણ ઉપર-રહીને આપણી પ્રકૃતિ ઉપર વર્ચસ્વ રાખતી પોતાની પ્રગાઢ સત્-તાની શક્તિ વડે તે આપણી ઊર્ધ્વગામી કે વિશાળ થતી જતી ગતિની સાથે અંગભૂત બની જાય છે કે તેને ઉપર ઉઠાવે

છે. તેનું મુખ્ય કામ હોય છે આપણી અંગત ઉત્ક્રાંતિ; આપણા આનંદ અને કૃતાર્થતારૂપ અંગત સંબંધ; આપણી આત્મ-શોધ અને આત્મ-પરિપૂર્ણતારૂપ આપણી પ્રકૃતિનું પ્રભુની પ્રતિકૃતિમાં ઘડતર. બહારની દુનિયા આ વિકાસને માટેના ક્ષેત્ર તરીકે અને તેની ક્રમિક ભૂમિકાઓમાં જરૂરી તત્ત્વો કે મદદરૂપ, યા અવરોધરૂપ, પરિબળો પૂરાં પાડનાર તરીકે હયાતી ધરાવતી હોય એમ લાગે છે. એ દુનિયામાં થતાં આપણાં કર્મો હોય છે તો તેનાં જ કર્મો, પણ જ્યારે તે દુનિયાના કોઈક કામચલાઉ હેતુને ખાતર થતાં લાગે ત્યારે પણ આપણે માટેનો તેનો મુખ્ય હેતુ તો હોય છે આ અંતર્ગત પ્રભુ સાથેના આપણા સંબંધોને બહારની બાજુએ વહેતા કરવાનો કે તેને આંતરિક રીતે સમર્થ કરવાનો. ઘણા સાધકોને આનાથી વધુ કાંઈ જ જોઈતું નથી હોતું; અથવા તો, તેમને એમ લાગે છે કે આ આધ્યાત્મિક વિકાસ ઊર્ધ્વના સ્વર્ગલોકમાં આગળ વધશે અને કૃતાર્થ થશે; જ્યાં પ્રભુની પરિપૂર્ણતા, આનંદ અને સૌંદર્યનો સનાતન નિવાસ છે ત્યાં જ હોય છે તેમના યોગની પરાકાષ્ઠા અને કાયમતા. પણ પૂર્ણયોગના સાધકને માટે આટલું પૂરતું નથી; એક અંગત અલગ સિદ્ધિ – ભલેને એ ગમે તેટલી ઘનિષ્ઠ કે સુંદર હોય તોપણ – એ એનું પૂર્ણ ધ્યેય, કે સમગ્ર અસ્તિત્વ, ના હોઈ શકે. એવો સમય આવવો જ જોઈએ કે જ્યારે અંગતતા વિશ્વમયતામાં ફેરવાઈ જાય, ખુદ આપણું વ્યક્તિપણું –આધ્યાત્મિક, માનસિક, પ્રાણમય અને શારીરિક પણ ખરું જ – વિશ્વરૂપ બની જાય : એ પોતાની વિશ્વવ્યાપી શક્તિ કે વૈશ્વિક આત્મ-તત્ત્વના સામર્થ્ય તરીકે જણાવા લાગે, અથવા તો વ્યક્તિગત ચેતના પોતાના બંધ તોડીને પરાત્પર પ્રત્યે ઊર્ધ્વમાં, અને અનંતતા પ્રત્યે સર્વે દિશામાં, વહેવા માંડે ત્યારે તેને જે વાચાતીત વિશાળતા મળે તે વિશાળતામાં સમગ્ર વિશ્વ પોતાની અંદર સમાઈ જતું લાગે.

* * *

ભગવાનનાં આ ત્રણ મૂળ સ્વરૂપો—વ્યક્તિગત કે અંતર્ગત, વૈશ્વિક અને પરાત્પર—એ આધ્યાત્મિક બનેલા મનના જ પ્રદેશમાં કરાતા યોગની દૃષ્ટિએ ત્રણ સ્વતંત્ર સાક્ષાત્કારો લાગે એ સંભવિત છે, અને સામાન્ય પણ છે. અને ત્યારે, તેમાંનો ગમે તે એક, સાધકની ભૂખ સંતોપવા પૂરતો લાગે છે. આંતરિક હૃદયની પ્રકાશપૂર્ણ ગુપ્ત ગુફામાં અંતર્યામી પ્રભુની પાસે એકલો બેસીને તે પોતાની જાતને પ્રિયતમની પ્રતિકૃતિ જેવું ઘડી શકે છે અને પતિત પ્રકૃતિથી ઊર્ધ્વમાં જઈ આત્માના કોઈક સ્વર્ગમાં એ પ્રિયતમના સાથમાં નિવાસ કરી શકે છે. વિશ્વની વિશાળતામાં વ્યાપી જઈને, અહમ્‌માંથી મુક્ત બનીને,

પોતાની જાતને વિશ્વવ્યાપી શક્તિનાં કાર્ય માટેનો એક કણ બનાવી દઈને, પોતે નીરવ અને મુક્ત બનીને વિશ્વમયતામાં અમર રહીને, અંતહીન સ્થળ-કાળમાં અમર્યાદ રીતે વ્યાપી જવા સાથે સાક્ષીરૂપ આત્મતત્ત્વમાં અચલ બની જઈને દુનિયામાં રહેવા છતાં એ કાલાતીત મુક્તિ માણી શકે છે. કોઈક અવર્ણનીય પરાત્પર પ્રત્યે એકાગ્ર બનીને, વ્યક્તિત્વનો ત્યાગ કરીને, વિશ્વ-વ્યાપી સક્રિય શક્તિની મહેનત અને ઉપાધી ઉતારી નાખીને એ એક વાચાતીત નિર્વાણમાં નાસી જઈ શકે છે; સર્વ વ્યવહારથી પર, દુઃખરહિત પરમાનંદ પ્રદેશમાં ઊડી જઈને વસ્તુમાત્રને શૂન્ય બનાવી દઈ શકે છે.

પણ જેને પૂર્ણયોગની વિશાળ સમગ્રતાની ઝંખના છે તેને માટે આમાંની કોઈ એક સિદ્ધિ પૂરતી નથી. તેને વ્યક્તિગત મોક્ષથી સંતોષ નહિ થાય; કારણકે તે જુએ છે કે પોતાની જાત એક વિશ્વચેતના તરફ ખુલી રહી છે; આ ચેતનાના ક્ષેત્રનો વિસ્તાર એક મર્યાદિત વ્યક્તિગત કૃતાર્થતાના કરતાં તો અતિ અતિ વિશાળ છે; અને તેનો સાદ પાછો ઠેલી શકાતો નથી. એ સાદની પ્રબળ પ્રેરણાને જોરે તેણે બધા જ વાડાઓમાંથી બહાર નીકળવાનું છે, વિશ્વપ્રકૃતિમાં વ્યાપી જવાનું છે, વિશ્વને સમાવી લેવાનું છે. અને ઊર્ધ્વ-માંથી પણ, આ સૃષ્ટિ ઉપર દબાણ કરી રહેલ સર્વોચ્ચ ચેતનાનો વેગવાન સાક્ષાત્કાર તેને ઉતાવળ કરાવી રહ્યો છે; અને વિશ્વ–ચેતનાને આંબી લઈને અને ઓળંગી જઈને જ આ હજી અકબંધ રહેલ ભવ્યતાને સર્જનમાં છૂટી મૂકી શકાય તેમ છે. પણ આ વિશ્વ–ચેતના પણ પૂરતી નથી; કારણકે એ પોતે દિવ્ય ચેતનાની સમગ્રતા નથી; એ પૂર્ણ નથી. વ્યક્તિત્વની પાછળ એક દિવ્ય રહસ્ય છે; સાધકે તેને શોધવાનું જ છે. પરાત્પરને દેહ આપવા માગતું એક રહસ્ય આ કાલ–પ્રદેશમાં વિહાર કરવા ત્યાં રાહ જોતું ખડું છે. વિશ્વ-ચેતનાને છેવાડે હજી એક વણ–પૂરી ખાઈ બાકી પડી છે; ત્યાં સર્વોચ્ચ જ્ઞાનનું હજી એક અસમાન સમીકરણ પડેલું છે; એ સર્વોચ્ચ જ્ઞાન એક એવી પરમ શક્તિ વડે મુક્તિ અપાવે છે (પણ કાર્ય પાર પાડી શકતું નથી) કે જે એક મર્યાદિત જ્ઞાનનો ઉપયોગ કરતી કે અજ્ઞાનમાં એક પડ વડે આચ્છાદિત થઈને સર્જન કરતી લાગે છે; પણ એ સર્જન છે અપૂર્ણતાનું કે એક ક્ષણિક, મર્યા-દિત અને બંદીવાન પૂર્ણતાનું. એક બાજુએ છે એક મુક્ત, નિષ્ક્રિય સાક્ષી તો બીજી બાજુએ છે એક બંધન–ગ્રસ્ત વહીવટદાર કે જેને નથી સોંપાએલી સર્વ સામગ્રી. આ બે સાથીઓ અને વિરોધીઓ વચ્ચેનું સમાધાન આપણાથી પર કોઈ એક અવ્યક્તના હાથમાં હજી અનામત, મુલતવી, સ્થગિત રખાએલું લાગે છે. તો વળી, જો કોઈ એક નિરપેક્ષ પરાત્પરમાં નાસી છૂટીએ તો

જે વ્યક્ત થએલ છે તે કૃતાર્થ થતું નથી, વિશ્વ-કાર્ય પોતાનું ફળ પામતું નથી; અને પૂર્ણયોગના સાધકને તે સંતોષી શકતું નથી. તેને તો એમ લાગે છે કે સત્ય સનાતન છે તે એક સર્જન-શક્તિ પણ છે અને એક સમતોલ અસ્તિત્વ પણ છે; તે માત્ર, માયાવી કે અજ્ઞાનમય આવિર્ભાવની શક્તિ નથી. સનાતન સત્ય પોતાનાં સત્યોને કાલનાં બંધનમાં પણ આવિર્ભાવ આપી જ શકે; તે માત્ર અચેતન અને અજ્ઞાનમાં જ નહિ પણ જ્ઞાનમાં પણ સર્જન કરી શકે. જો દિવ્યતા તરફ આરોહણ શક્ય છે તો દિવ્યતાનું અવરોહણ કાંઈ ઓછું શક્ય નથી; ભાવિ પરિપૂર્ણતાને નીચે ઉતારી લાવવાની અને વર્તમાનને મુક્ત કરવાની સંભાવના છે જ. સાધકનું જ્ઞાન જેમ જેમ વિશાળ થતું જાય છે તેમ તેમ તેને વધારે સ્પષ્ટ થતું જ જાય છે કે આ જ હેતુથી કર્મના સ્વામીએ પોતાના અગ્નિ-પુંજમાંથી તેના એક અંશ તરીકે એક આત્માને તેની અંદર આ અંધકારમાં ઉતારી આપેલો છે કે જેથી તે ત્યાં વિકાસ પામીને સદાકાળ માટેના પ્રકાશનું એક કેન્દ્ર બની રહે.

પરાત્પર, વિશ્વરૂપ, અંતર્ગત એ, સમગ્ર સૃષ્ટિને, તથા તેની ઉપર, પહોંચી વળતી, તેની નીચે રહેલી અને તેનામાં ઓતપ્રોત થઈ ગએલી ત્રણ શક્તિઓ છે; ત્રિમૂર્તિઓમાં સહુથી પ્રથમ એનું સ્થાન છે. ચેતનાના આવિષ્કારમાં પણ આ જ ત્રણ મૂળભૂત પદ છે, અને જો આપણે અસ્તિત્વનું સમગ્ર સત્ય મેળવવા માગતા હોઈએ તો તેમાંનાં એકેયને અવગણી ના શકાય. વ્યક્તિગત ચેતનામાંથી જાગીને આપણે એક વિશાળ, મુક્ત વૈશ્વિક ચેતના મેળવી શકીએ છીએ; પણ અનેકવિધ સ્વરૂપો અને શક્તિઓના મહા-મેળારૂપ આ વૈશ્વિક ચેતનામાંથી પણ, આપણી જાતને હજી વધારે ઉત્તુંગ બનાવીને આપણે, પૂર્ણ નિરપેક્ષતા ઉપર મંડાએલ એક અ-મર્યાદ ચેતનામાં ચડી જવાનું છે. આ આરોહણ કરવા જતાં જે વસ્તુઓ આપણે છોડતા લાગીએ છીએ તે, ખરેખર તો, છોડી દેતા નથી, પણ તેને ઉઠાવી જઈએ છીએ અને તેમનું રૂપાંતર કરી નાખીએ છીએ, કારણકે એક એવો ઊર્ધ્વ પ્રદેશ છે કે જ્યાં તે ત્રણેય સદાકાળ માટે એકબીજામાં ઓતપ્રોત થઈ રહેલ છે; ત્યાં તેમની સંવાદી એકરૂપતામાં તેઓ આનંદથી એકાકાર બની ગએલ છે. આ શિખરનાં પ્રતિબિંબની કાંઈક અનુભૂતિ આધ્યાત્મિક બનેલ મનમાં મેળવી શકાય ખરી, પણ એ શિખર પોતે તો તેના ( આધ્યાત્મિક બનેલ મનના ) ઉચ્ચતમ અને વિશાળતમ ભાગથી પણ ઉપર છે. જો મનને તે શિખરે પહોંચવું હોય, ત્યાં રહેવું હોય તો ખુદ પોતાની જાતને જ વટાવી જઈને તેણે અતિ-મનસનાં વિ-જ્ઞાનમય પ્રકાશ, શક્તિ અને પદાર્થમાં

રૂપાંતર પામવું જોઈએ. આ નાની, નિમ્ન ચેતનામાં પણ એક સુમેળ અજમાવી શકાય, પણ તે હમેશાં અપૂર્ણ જ રહેવાનો; એક મેળ શક્ય છે, પણ, એકીસાથે એકરૂપ થએલ એક પરિપૂર્ણતા નહિ. કોઈ પણ જાતના મોટા સાક્ષાત્કાર માટે મનની પેલે પાર જવાનું અનિવાર્ય છે. અથવા તો, એમ પેલે પાર જતાં, કે ગયા પછી, એક એવા સક્રિય, સ્વયંભૂ સત્યનું અવતરણ થવું જોઈએ કે જે મનથી પર, જીવન અને જડ તત્ત્વના સર્જનની પણ પહેલાં, સદાકાળ માટે પોતાનો ઊર્ધ્વ-નિવાસ કરી રહેલ છે.

કારણકે મન એ માયા છે; સત્-અસત્, એટલે કે સત્ય અને અસત્ય જ્યાં ભળી ગયાં છે તેવો એક પ્રદેશ છે અને આ ભેળ-સેળના પ્રદેશ પર મન રાજા હોય તેમ લાગે છે; પણ ખુદ તેના આ રાજ્યમાં પણ, સાચી રીતે તો તે એક મોળી ચેતના છે; સનાતન ચેતનાની આદિ અને સર્વોચ્ચ સર્જક-શક્તિનો અંશ નથી. આ મન તાત્ત્વિક સત્યના અસલ પદાર્થનું કાંઈક પ્રતિબિંબ પાડી શકે તોપણ તેમાં અસલ સત્યની સક્રિય શક્તિ અને કાર્ય હમેશાં ભાંગ્યાં-તૂટ્યાં જ દેખાય છે. મનની શક્તિ છે ટુકડાઓને ભેગા કરીને ગોઠવવાની કે એકતા વિશેનું અનુમાન કરવાની; મન જે સત્ય શોધી કાઢે છે તે હોય છે અર્ધ-સત્ય, કે કોઈ કોયડાનો એક અંશ. માનસિક જ્ઞાન હમેશાં સાપેક્ષ, આંશિક અને અનિશ્ચિત હોય છે, અને તેનાં કર્મો કે સર્જનો તો વળી તેનાથી ય વધારે અસ્પષ્ટ રીતે ઉદ્‌ભવતાં હોય છે, અથવા બહુ જ મર્યાદિત રીતે સ્પષ્ટ હોય છે અને ટુકડાઓને જેમતેમ જોડીને થતાં હોય છે. પણ તો ય આ મોળી માનસિક ચેતનામાં પ્રભુ મનોમય પુરુષ તરીકે પ્રગટે છે,– કે જેવી રીતે તે પ્રાણમય પુરુષ તરીકે વિલસે છે કે અન્નમય પુરુષ તરીકે, હજી ય વધારે અંધ રીતે, વસેલો છે; પણ આ શેમાં ય તે પૂરેપૂરા સક્રિય સ્વરૂપે પ્રગટતો નથી, આ શેમાં ય સનાતન પ્રભુની પૂર્ણ એકરૂપતા નથી. જ્યારે આપણે આ સર્વ સીમા ઓળંગીને એક વિશાળ, પ્રકાશપૂર્ણ ચેતનાના અને સ્વ-ભાનવાળા પદાર્થના એ પ્રદેશમાં પ્રવેશીએ કે જ્યાં પ્રભુનું પરમ સત્ય કોઈ મહેમાન તરીકે નહિ પણ માલિક તરીકે વસે છે ત્યારે જ આપણા અસ્તિત્વનો એ સ્વામી પોતાની જાત, શક્તિ અને કાર્યનાં અવિનાશી પૂર્ણ સત્ય સાથે આપણી સામે પ્રગટ થશે. અને માત્ર ત્યારે જ આપણી અંદરનાં તેનાં કાર્યો તેના અચૂક અતિમાનસિક ધ્યેયની અક્ષત પ્રવૃત્તિ બની રહેશે.

* * *

પણ એ તો બનશે એક લાંબી અને કપરી યાત્રાને અંતે; અને ત્યાં સુધી કર્મનો સ્વામી કાંઈ વાટ જોતો બેસી નથી રહેતો; એ તો યોગના

યાત્રીને અધવચ્ચે પણ મળવા આવે છે અને તેનો છૂપો, કે અર્ધ-ખુલ્લો હાથ તેના મસ્તકે, તેના આંતરિક જીવનમાં અને તેનાં કર્મોમાં મૂકે છે. તે આ દુનિયામાં, અચેતનતાનાં ગાઢાં આવરણોની નીચે દબાએલો, તો પ્રાણની શક્તિમાં છુપાતો અને મનને પ્રતીકશા દેવતાઓ અને સ્વરૂપો દ્વારા દેખા દેતો, કર્મોનો આરંભ કરનાર અને સ્વીકાર કરનાર તરીકે તો હાજર હતો જ. તો, હવે, પૂર્ણયોગ માટે નિર્મિત આત્માને એ સૌથી પહેલો આ છૂપા વેશોમાં જ દેખા દે એમ પણ બને. અથવા તો, તેના અંચળાઓને હજી ય આછા કરીને કોઈ આદર્શ તરીકે આપણા ખ્યાલમાં આવે કે પરમ પ્રેમ, શુભ, સૌંદર્ય, કે જ્ઞાનની કોઈ અમૂર્ત શક્તિ તરીકે માનસિક સ્વરૂપ સ્વીકારે; અથવા, યોગમાર્ગ પર પગલાં માંડતાં એ આપણને માનવતાના સાદનો, કે દુનિયાને અંધકાર અને અસત્ય અને મૃત્યુ અને યાતનાની એ અજ્ઞાનમય ચો-કડીમાંથી મુક્ત કરવા માટે પ્રેરતી એક સંકલ્પશક્તિનો અચળો ઓઢીને પણ આવી મળે. અને, પછીથી, આપણે યોગમાર્ગ પર ચડી જઈએ ત્યારે એ એની વિશાળ અને સમર્થ મુક્તિદાયક નિરાકારતાથી આપણને ફરી વળે છે કે કોઈ સાકાર દેવનું મુખ અને દેહ ધારણ કરીને આપણી પાસે આવી લાગે છે. આપણી અંદર અને આજુબાજુ એક સહાયક, સંરક્ષક અને પોષક પરમ શક્તિ તરીકે આપણે તેને અનુભવીએ છીએ; આપણને એક માર્ગ-દર્શક સાદ સંભળાય છે; આપણા કરતાં અતિ વિશાળ, સચેતન સંકલ્પશક્તિ આપણું શાસન કરે છે; આપણા વિચારોને, કર્મોને અને ખુદ આપણા દેહને પણ એક અનુલ્લંઘનીય સામર્થ્ય ચલાવે છે; સતત-વિશાળ થયે જતી એક પરમ ચેતના આપણી ચેતનાને પોતાનામાં ભેળવતી જાય છે, પરમ જ્ઞાનનો એક જીવંત પ્રકાશ આપણી અંદર સર્વત્ર પ્રકાશ પાથરે છે, કે એક પરમ સુખ આપણી ઉપર આક્રમણ કરે છે; ઊર્ધ્વમાંથી કોઈ એક પરમ સામર્થ્ય આપણી ઉપર નક્કર અને વિશાળ અને, લાચાર બનાવી દેતું દબાણ કરે છે, અને ખુદ આપણી પ્રકૃતિના પદાર્થમાં પેસારો કરે છે અને તેને ભરી દે છે; એક પરમ શાંતિ – અને એક પરમ પ્રકાશ, એક પરમ આનંદ, પરમ સામર્થ્ય અને એક પરમ ભવ્યતા પણ – ત્યાં આવી બેસે છે. અથવા તો અંગત સંબંધ બંધાય છે – જીવનના જેવો જ ઘનિષ્ટ, પ્રેમ જેવો મધુર, આકાશશો આવરી લેતો, અતાગ સાગરશો અગાધ. એક પરમ સખા આપણો સંગાથ કરે છે, એક પરમ પ્રેમી હૃદયની ગુપ્તતામાં સંગ આપે છે, કર્મો અને કસોટી-ઓનો સ્વામી રાહ દેખાડે છે; સર્જનોનો સર્જક આપણને તેનાં નિમિત્ત બનાવે છે; સનાતન મા આપણને તેની બાથમાં લે છે. જે વાચાતીત છે

તે આ બધાં અનુભવજન્ય સ્વરૂપોથી આપણને આવી મળે; એ બધાં સત્ય છે, માત્ર સહાયકારક સંકેતો કે ઉપયોગી કલ્પનાઓ નથી; પણ આગળ વધતાં આ પ્રાથમિક, અપૂર્ણ અનુભૂત નિરૂપણો હઠતાં જાય છે અને તેમની પાછળ રહેલ એક પરમ સત્ય-સ્વરૂપનું વિશાળ દર્શન ખોલતાં જાય છે. પગલે પગલે પોતાનાં માત્ર માનસિક મહોરાં હઠાવતાં જાય છે અને એક વધારે વિશાળ, ગહન અને ઘનિષ્ટ સૂચકતા ધારણ કરતાં જાય છે. અંતમાં, અતિમાનસિક સીમાએ પહોંચતો આ દેવતા-ગણ પોતાનાં પવિત્ર સ્વરૂપો એક કરતો જાય છે અને લય પામ્યા વિના એકતા ધારણ કરે છે. આ માર્ગ પર દર્શન દેતાં દિવ્ય સ્વરૂપો કાંઈ માત્ર દૂર થઈ જવા જ દેખા દેતાં નથી; તેઓ કોઈ કામચલાઉ આધ્યાત્મિક સગવડો કે કોઈ ભ્રામક ચેતનાવાળાં અર્ધ-સત્યો કે પરમ નિરપેક્ષતાની અવ્યવહાર્ય અતિ-ચેતનાએ આપણી ઉપર અજાયબ રીતે નાખેલી કોઈ સ્વપ્નમૂર્તિઓ હોતાં નથી; ઊલટાનું, તેઓ પોતે જે પરમ સત્યમાંથી પ્રગટ થએલાં છે એ સત્યની વધારે ને વધારે નજદીક જતાં તેમનું સામર્થ્ય વધતું જાય છે અને તેમની નિરપેક્ષતા પ્રગટ થતી જાય છે.

કારણકે આજે જે પરાત્પરતા ચેતનાથી પર લાગે છે તે એક મહાશક્તિ પણ છે અને એક પરમ અસ્તિત્વ પણ છે. અતિ-માનસિક પરાત્પરતા એ કોઈ પોલી અદ્દભુતતા નથી, એ તો છે એક એવી અવર્ણનીયતા કે જે પોતાનામાંથી પ્રગટેલ સર્વ મૂળભૂત વસ્તુઓને તેમનાં પરમ, સનાતન સત્ય સ્વરૂપમાં, અને તેમની વિશિષ્ટ નિરપેક્ષતામાં કાયમ માટે પોતાનામાં સમાવી રાખે છે. જે અધૂરપો, અનેકતાઓ, અધઃપાતો અહીં એક અર્ધ-ઊકલ્યા કોયડાનો આભાસ, એક ભેદભરી માયા, ઊભી કરે છે તે પોતે જ, આપણા આરોહણથી નાની બનવા માંડે છે અને આપણામાંથી સરી પડે છે, અને દિવ્ય શક્તિઓ પોતાનાં અસલ સ્વરૂપો ધારણ કરવા માંડે છે અને અહીં સાક્ષાત્ થઈ રહેલ પરમ સત્યનાં સ્થાનકો તરીકે વધારે ને વધારે પ્રગટ થાય છે. આ ભૌતિક અચેતનતામાં ઊતરી આવેલ અને છુપાઈ બેઠેલ પ્રભુનો આત્મા ધીમે ધીમે તેમાંથી જાગી રહ્યો છે. આપણાં કર્મોનો સ્વામી એ, ભ્રમણાઓનો સ્વામી નથી; એ તો છે એક એવી સર્વોચ્ચ વાસ્તવિકતા કે જે પોતાનો જ આવિર્ભાવ કર્યે જતી પેલી અલ્પ વાસ્તવિકતાઓને, નર્યા અજ્ઞાનના કોચલામાંથી ધીમે ધીમે મુક્ત કરીને વિકસાવી રહ્યો છે; સૃષ્ટિને ઉત્ક્રાંત કરવાના હેતુથી જ આ અલ્પ વાસ્તવિકતાઓને એ કોચલામાં તેણે નિદ્રાધીન થવા દીધી હતી. કારણકે અતિ-માનસિક પરાત્પરતા એ આપણા

હાલના જગતથી કાંઈ પૂરેપૂરી અલગ અને જોડાણ-હીન નથી. એ તો છે એક એવો પરમ પ્રકાશ કે જેમાંથી આ સર્વ કાંઈ ઉદ્‌ભવ્યું છે અને તે એટલા ખાતર કે આત્મતત્ત્વ અચેતનતામાં ડૂબકી મારવાનો અને તેમાંથી બહાર નીકળવાનો પરાક્રમ-પ્રવાસ આદરે; અને એ પ્રવાસ ચાલી રહ્યો છે તે દરમિયાન તે આપણા મનથી ઉપર અતિ-ચેતન બનીને, આપણી અંદર સચેતન બનવાની રાહ જોઈ રહ્યો છે. હવે એ પડદા પાછળથી પ્રગટ થશે, અને પ્રગટ થઈને આપણી પોતાની જાત અને આપણાં કર્મોનો પૂર્ણ અર્થ પ્રગટ કરી દેખાડશે; કારણકે તે પ્રભુને છતો કરી આપશે, તેનું પૂર્ણ પ્રાગટ્ય સૃષ્ટિમાં દેખાઈ આવશે અને તેનો ગુપ્ત અર્થ સિદ્ધ થશે.

જ્યારે, આમ, પ્રભુ છતો થશે ત્યારે પરાત્પર દિવ્યતા સર્વોચ્ચ સત્તા તરીકે અને આપણી સમગ્ર જાતનાં પરિપૂર્ણ મૂળ તરીકે આપણને વધારે ને વધારે જાણવા મળશે; પણ, તેની સાથે, તે આપણને કર્મો અને સર્જનના સ્વામી તરીકે પણ દેખાશે. પોતાના આવિર્ભાવની સૃષ્ટિમાં પોતાની જાતને વધારે ને વધારે વહેતી મૂકવા તૈયાર ઊભેલો દેખાશે. આ વિશ્વવ્યાપી ચેતના અને તેનો કર્મ-પ્રવાહ એ કોઈ એક જબરજસ્ત, નિયંત્રિત દૈવ-યોગ નહિ પણ આવિર્ભાવ માટેનું ક્રીડાંગણ લાગશે; પ્રભુ તેમાં એક એવા સત્તાશીલ અને સર્વવ્યાપી વિશ્વ-આત્મા તરીકે દેખાશે કે જે પરાત્પરમાંથી સર્વ કાંઈ મેળવે છે, અને અત્યારે જે કાંઈ અભેદ્ય અંચળા કે મૂંઝવતા અર્ધ-અંચળા લાગે છે ( પણ જે સ્ફટિક-શુદ્ધ સત્ય-દર્શન થવા નિર્માએલા છે ) તે સ્વરૂપોમાં જે કાંઈ ઊતરી આવે છે તેને વિકસાવે છે. વ્યક્તિગત ચેતના સમક્ષ પોતાનો સાચો અર્થ અને કાર્ય પ્રગટ થશે, કારણકે એ તો પરમ પ્રભુના આત્માનું એક સ્વરૂપ છે અને, મિથ્યા ભાસ ગમે તે હોય તે છતાં, તે એક એવું તો કેન્દ્ર કે નિહારિકા છે કે જેમાં દિવ્ય માતૃ-શક્તિ કાર્ય કરી રહી છે કે જેથી કરીને કાલ અને જડતત્ત્વમાં કાલાતીત અને અમૂર્ત દિવ્યતાને મૂર્ત કરવાનો વિજય સ્થાપિત થાય. આ વસ્તુ ધીમે ધીમે, કર્મોના સ્વામીના સંકલ્પ તરીકે અને તેમની પોતાની અંતિમ સાર્થકતા તરીકે આપણી દૃષ્ટિ અને અનુભૂતિમાં પ્રગટ થશે; માત્ર આ જ સંકલ્પ અને સાર્થકતા સૃષ્ટિના સર્જનને અને સૃષ્ટિમાં આપણાં કર્મોને પ્રકાશ અને અર્થ દઈ રહ્યાં છે. આ બાબત સ્વીકારવી અને તેના અમલ માટે ઝૂઝવું એ જ છે પૂર્ણયોગમાં સ્વીકારવાના દિવ્ય કર્મ-માર્ગની સમગ્ર જહેમત.

પ્રકરણ : ૧૨

# દિવ્ય કર્મ

કર્મયોગની સાધના જ્યારે સ્વાભાવિક પરિપૂર્ણતા પામે, અથવા તો સાધકને એવું લાગે, ત્યારે પણ હજી એક સવાલ ઊભો રહે છે : આત્મા મુક્ત બની ગયો તો હવે કાંઈ કામ બાકી રહ્યું ખરું ? કયું ? અને શેને માટે ? સમતા પ્રકૃતિમાં સ્થિર થઈ ગઈ છે અથવા સમગ્ર પ્રકૃતિનું સંચાલન કરી રહી છે; અહંકારમાંથી, વ્યાપી ગએલા અહમ્-ભાવમાંથી, અહમની બધી લાગણીઓ અને આવેગોમાંથી, અને તેના પોતાના સંકલ્પો અને કામનાઓમાંથી આમૂલ મુક્તિ સિદ્ધ થઈ છે. માત્ર વિચારોમાં અને હૃદયમાં જ નહિ પણ જાતના અટપટા તંત્રમાં બધે જ પૂર્ણ આત્મ-સમર્પણ સ્થપાઈ ગયું છે. એક સંપૂર્ણ શુદ્ધિ અથવા ત્રિ-ગુણાતીતતા સંવાદમય રીતે સ્થપાઈ ચૂકી છે. આત્માએ તેનાં કર્મોના સ્વામીનું દર્શન કરી લીધું છે અને તેની સન્નિધિમાં જ રહે છે, કે તેનામાં સચેતન રીતે સમાઈ ગયો છે, કે તેની સાથે એકરૂપ થઈ ગયો છે, કે તેને હૃદયમાં કે ઊર્ધ્વમાં અનુભવી રહ્યો છે. અને તેની આજ્ઞાને અનુસરી રહ્યો છે. તેણે તેનું સાચું સ્વરૂપ જાણી લીધું છે અને અજ્ઞાનનો અંચળો અળગો કરી નાખ્યો છે. તો હવે એ માનવ કર્મ-યોગીએ કયું કર્મ કરવાનું રહ્યું છે અને હવે કયા હેતુથી, શેને માટે, કઈ ભાવનાથી તે થવાનું છે ?

* * *

આનો એક જવાબ તો, ભારતમાં, તરત મળી શકે તેમ છે : હવે કાંઈ જ કરવાનું રહેતું નથી, હવે તો છે માત્ર શાંતિ. આત્મા પરમાત્માની સનાતન સન્નિધિમાં પહોંચી ગયો કે નિરપેક્ષ ચેતનામાં એકરૂપ થઈ ગયો એટલે આપણા દુન્યવી અસ્તિત્વનું ધ્યેય, – જો ધ્યેય હોય તો બસ, પૂરું થઈ ગયું. આત્મભંજનના, અને અજ્ઞાનના ય શાપમાંથી માનવ મુક્ત થઈ ગયો એટલે આ બીજા દુઃખમાંથી, કર્મના શાપમાંથી પણ છૂટયો જ. પછી તો કર્મમાત્ર એટલે પરમ અવસ્થામાંથી પતન અને અજ્ઞાન-પાશમાં ફરી બંધન. જીવન માટેનાં આવાં વલણને જોર મળવાના કારણરૂપ છે પ્રાણપ્રકૃતિની

ભૂલ પર બંધાએલો એ ખ્યાલ : જરૂરિયાત, ચંચળ આવેગ અને કામના કે વાસના એ ત્રણે ય કે ત્રણમાંથી ગમે તે એક હલકો હેતુ હોય ત્યારે જ કર્મ કરવું પડે છે. વાસના કે આવેગ શાંત થઈ જાય, કામનાઓ શમી જાય પછી વળી કર્મ કેવું ? શરીર-યંત્રની થોડી જરૂરિયાત સિવાય કર્મ માટે બીજું કાંઈ જ કારણ બાકી ના રહે; અને તે પણ, દેહ પડતાં, કાયમ માટે છૂટી જવાનું. પણ, આવા ખ્યાલ પ્રમાણે ય, જ્યાં સુધી જીવન રહે છે ત્યાં સુધી કર્મ અનિવાર્ય છે; વિચાર એ પણ, અને વિચાર ના કરીએ તો જીવવું એ પણ એક કર્મ છે અને તેના પરિણામે કાંઈ કેટલું ય કરવું પડે છે. દુનિયામાં અસ્તિત્વ એટલે જ કામ, શક્તિ, સામર્થ્ય; અને ગમે તેવા પણ અસ્તિત્વથી સર્વત્ર ગતિનો સંચાર થાય છે,–ખુદ જડ ઢેફામાં અને નિર્વાણના ઉંબરે ઊભેલા અવિચલ બુદ્ધમાં, સવાલ રહે છે માત્ર કર્મની રીતનો, તેને માટે ક્યાં સાધનો વાપરીએ છીએ, કે વપરાય છે તેનો, અને કર્મ કરનારની ભાવના અને જ્ઞાનનો – કારણકે, હકીકતમાં તો, મનુષ્ય કામ કરતો નથી પણ તેની દ્વારા પ્રકૃતિ કામ કરે છે,—અંદર રહેલી, અનંતતામાંથી ઊતરી આવેલી શક્તિને વ્યક્ત કરવા. આ વાત જાણવી અને, કામનાઓમાંથી તથા અંગત આવેગની ભ્રમણામાંથી મુક્ત બનીને, પ્રકૃતિના સ્વામીની સન્નિધિમાં અને સત્-તામાં જીવવું એ જ એકમાત્ર જરૂરી વાત છે. સાચી મુક્તિ એ જ છે, કારણકે તેથી કર્મ બંધન-રૂપ રહેતું નથી; શરીરથી કર્મ કરવાનાં બંધ કરવાં એ કાંઈ મુક્તિ નથી. કોઈ માણસ જરા પણ હાલ્યાચાલ્યા વિના કાયમ બેસી રહે છતાં પશુ કે જંતુના જેટલો જ અજ્ઞાનથી બંધાએલો હોઈ શકે. પણ જો આ વિશાળ ચેતનાને પોતાની અંદર સક્રિય થવા દે તો દુનિયા પરનાં સર્વે કર્મો તેની દ્વારા થઈ જવા છતાં તે અચલ, બિલકુલ શાંત અને નીરવ, કર્મનાં સર્વ બંધનમાંથી મુક્ત રહી શકે. દુનિયામાં આપણને કર્મો કરવાનું એટલા માટે સોંપાએલું છે કે, પ્રથમ તો, આપણો વિકાસ થાય, આપણે કૃતાર્થ થઈએ; પણ આપણે દિવ્ય પરિપૂર્ણતાના શિખરે પહોંચી જઈએ તે પછી પણ તેનું સ્થાન રહે જ છે. એ છે : દુનિયામાં દિવ્ય હેતુને અને દરેક વ્યક્તિ જે વિશાળ પરમાત્મ-સ્વરૂપનો અંશ – પરાત્પરમાંથી પોતાની સાથે ઊતરી આવેલ અંશ – છે તેનાં કાર્યને પાર પડવાનું.

જ્યારે કોઈ સાધક યોગના એક ખાસ શિખરે પહોંચી જાય છે ત્યારે, એક રીતે તો, કર્મનું સ્થાન નથી રહેતું; કારણકે ત્યારે તેને અંગત રીતે કોઈ કર્મો કરવાની જરૂર રહેતી નથી, તેનાથી કર્મો થાય એ વાત અર્થ-હીન બની જાય છે; પણ કર્મોમાંથી નાસી છૂટવાની કે આનંદપૂર્ણ કોઈ અચલાયતનમાં

બેસી પડવાની પણ જરૂર પડતી નથી. કારણકે હવે તે, જરૂરિયાતના કોઈ પણ બંધન વિના અને અજ્ઞાનના કોઈ દબાણ વિના દિવ્ય સત્-તા જે કરતી હોય છે તે જ કર્મો કરે છે. કર્મો કરવા છતાં તે કાંઈ જ કર્મો કરતો નથી; તે અંગત રીતે શેનો ય આરંભ કરતો નથી. એકમાત્ર દિવ્ય પરમ-શક્તિ જ તેની પ્રકૃતિ દ્વારા તેનામાં કર્મો કરે છે. તેનાં કર્મો, એ જ સર્વોચ્ચ શક્તિ વડે સાહજિક રીતે આગળ વધે છે કે જેને તેનાં કારણો સોંપાઈ ગએલાં છે, જેનો તે અંગ-રૂપ બની ગએલો છે, જેની સંકલ્પ-શક્તિ સાથે તેની સંકલ્પ-શક્તિ એકરૂપ બની ગઈ છે, જેનું સામર્થ્ય તેનું સામર્થ્ય બની ગયું છે. તેનો અંતરાત્મા આ કર્મોને ધારણ કરે છે, આગળ વધવા દે છે, જુએ છે; તે સમજપૂર્વક તેમનું સંચાલન થવા દે છે ખરો પણ આસક્તિ જે જરૂરિયાત વડે તેમની સાથે વળગેલો કે બંધાએલો નથી હોતો, તેનાં પરિણામોની વાસનાને ચોંટેલો નથી હોતો. કોઈ પણ પ્રવૃત્તિ કે આવેગનો દાસ બનેલો નથી હોતો.

મોટા ભાગના લોકો એમ માને છે કે ઇચ્છા વિના કર્મો કરવાનું અશક્ય છે, અથવા તો, અર્થ-હીન તો ખરું જ. બધા આપણને કહે છે કે જો ઇચ્છા થતી બંધ થઈ જાય તો કર્મો પણ બંધ થઈ જ જાય. પણ, એક સિદ્ધાંત બની જઈને વધુ પડતો દાવો કરવાનો ભોગ બનતી બીજી બાબતોની માફક, આ વાત પણ સાચી છે તેના કરતાં વિશેષ તો કાપકૂપ અને ઘાટઘૂટ કરી રહેલા મનને ગમી જતી વાત છે. આ દુનિયામાંનાં મોટા ભાગનાં કર્મો તો ઇચ્છાની ખટખટ વિના જ પાર પડતાં હોય છે. એ, પ્રકૃતિની શાંત જરૂરિયાત અને સહજ નિયમોથી જ આગળ વધતાં હોય છે; ખુદ માણસ પણ પોતાનાં વિવિધ કર્મો એક સહજ આવેગ, અંતઃસ્ફુરણ અને આંતરિક સમજથી કર્યે જતો હોય છે, અથવા, પ્રકૃતિની જરૂરિયાત કે તેના નિયમોને અનુસાર વર્ત્યે જતો હોય છે; તેમાં નથી હોતી બુદ્ધિની કોઈ યોજના કે પ્રાણના કોઈ સચેતન સંકલ્પની કે ઊર્મિભરી કોઈ ઇચ્છાની પ્રેરણા. ઘણી વાર તો તેનું વર્તન તેના ઇરાદા કે ઇચ્છાની વિરુદ્ધનું પણ હોય છે; તે કોઈ જરૂરિયાત કે દબાણના પરિણામે, કે કોઈ આવેગને તાબે થઈને, કે પોતાનો રસ્તો કરતાં કોઈ પરિબળના ધક્કાથી, કે કોઈ ઊંચા સિદ્ધાંતને વળગી રહેવાના જાગ્રત હેતુથી બહાર નીકળી પડતાં હોય છે. ઇચ્છા એ તો કુદરતે, જીવંત પ્રાણીઓનાં જીવનમાં મૂકેલી એક એવી વધારાની લાલચ છે કે જેને પરિણામે પોતાના વચગાળાના હેતુઓને પાર પાડવા માટેનાં કેટલાંક રાજસિક કર્મો બનતાં રહે. પણ એ કાંઈ એવું એકમાત્ર કે મુખ્ય એન્જિન નથી. એ જોડાએલ હોય ત્યાં સુધી બહુ જ ઉપયોગી છે; તે જડતામાંથી બહાર નીકળી જવામાં

આપણને કામ લાગે છે; આપણાં કર્મોને અટકાવી દે તેવાં ઘણાં તામસિક બળોને તે ઉડાવી દે છે. પણ કર્મયોગના માર્ગે બહુ આગળ વધેલા સાધકે તો ઇચ્છારૂપી ઍન્જિનની એ વચગાળાની ભૂમિકા વટાવી દીધી હોય છે. તેનાં કર્મો માટે તેનો ધક્કો અનિવાર્ય તો નથી જ રહેતો પણ, ઊલટાનો, એક ભયંકર મુશ્કેલીરૂપ અને, ઠોકરો, અટકાયત તથા નિષ્ફળતાનું કારણ બની રહે છે. બીજા લોકોને, અંગત હેતુ કે પસંદગીનો આશરો લેવાની ફરજ ભલે પડતી હોય પણ તેણે તો એક બિન-અંગત, કે વૈશ્વિક, મન વડે અથવા એક અનંત પુરુષનાં અંગ કે કરણ બનીને કર્મો કરતાં શીખવાનું રહે છે, એક શાંત તટસ્થતા, પ્રસન્નતાભર્યું એક અપક્ષપાતી વલણ અથવા દિવ્ય શક્તિનો જે કાંઈ આદેશ હોય તેનો આનંદપૂર્વક અમલ, એ છે કોઈ પણ અસરકારક પ્રવૃત્તિને પાર પાડવાની અથવા કોઈ પણ કિંમતી કાર્ય હાથ ધરવાની શરત. કોઈ પણ ઇચ્છા કે આસક્તિ નહિ પણ દિવ્ય શાંતિમાં રમતી એક સંકલ્પ-શક્તિ, પરાત્પર પ્રકાશમાંથી નીકળી આવતું એક જ્ઞાન, સર્વોચ્ચ આનંદની શક્તિરૂપ એક પ્રસન્ન પ્રેરણા એ જ તેને કર્મ કરવા પ્રેરશે.

* * *

યોગમાં આગળ વધેલો સાધક શું કરવું અને શું ના કરવું એ બાબતમાં ઉદાસીન રહેશે, એટલે કે અંગત રીતે એ કાંઈ પસંદ કરશે નહિ,– તે એટલે સુધી કે એ કર્મો કરશે કે નહિ તે નિર્ણયનો પણ આધાર એની અંગત પસંદગી કે પ્રસન્નતા ઉપર નહિ રહે. જે કાંઈ પરમ સત્ય સાથે મેળમાં હશે અથવા પ્રભુ તેની પ્રકૃતિ દ્વારા જે કાંઈ માગણી કરશે તે જ કરવાને તે પ્રેરાશે. આમાંથી કેટલીક વાર એક ખોટો નિર્ણય તારવવામાં આવે છે. એ છે: આધ્યાત્મિક માણસે તો, વિધિએ કે પ્રભુએ કે તેનાં ગત કર્મોએ તેને જે કાંઈ અવસ્થા આપી હોય તેનો સ્વીકાર કરેલો હોય છે, અને, જન્મ અને સંયોગોને પરિણામે તેને કુટુંબ, નાત-જાત, દેશ કે વ્યવસાયનું જે કાંઈ ક્ષેત્ર કે કક્ષા મળ્યાં હોય તેનાથી તે સંતુષ્ટ હોય છે, તેથી તે તેની બહાર નીકળવાનો કે બીજા કોઈ વધારે મોટા દુન્યવી હેતુ સ્વીકારવાનો પ્રયત્ન કરશે નહિ અને, કદાચ, કરવો જોઈએ પણ નહિ. તેણે, ખરી રીતે તો, કાંઈ કર્મો કરવાનાં રહેતાં જ નથી; વળી, કર્મોનો, અને ગમે તે કર્મોનો પોતાનો દેહ રહે ત્યાં સુધી મુક્તિ મેળવવા માટે, અને મુક્તિ મળી ગયા પછી સર્વોચ્ચ સંકલ્પ-શક્તિને અને તેના ગમે તે પણ આદેશને જ અનુસરવા માટે તેણે ઉપયોગ કરવાનો છે; એટલે તેને જે કાંઈ કાર્યપ્રદેશ મળ્યો હોય તે એના હેતુને ખાતર પૂરતો જ ગણાય. મુક્તિ મળી ગયા પછી, અને

અનંતતામાં લય પામવાની પરમ ઘડી આવી પહોંચે ત્યાં સુધી તેણે વિધિ અને સંજોગોએ આપેલ ક્ષેત્રમાં જ કાર્ય કરવાનું રહે છે. જો તે કોઈ ખાસ હેતુને માટે અથવા કોઈ વધારે મહાન દુન્યવી કાર્યને માટે આગ્રહ કરે તો તે સંસારની માયામાં ફસાઈ ગયો ગણાય; સંસારી જીવનમાં સ્વીકાર્ય હેતુઓ, અને મેળવવા જેવી વસ્તુઓ પણ છે એ ભ્રમભરી ભૂલોનો તે ભોગ બન્યો કહેવાય. આ જાતના નિર્ણયમાં ફરીથી આપણી સામે પેલો જાણીતો માયાવાદ આવીને ઊભો રહે છે કે જે પ્રભુના અસ્તિત્વનો સ્વીકાર કરે છે તોપણ જગતને તો મિથ્યા જ ગણે છે. પણ દુનિયામાંય પ્રભુ છે જ, માત્ર નિષ્ક્રિય હાજરી તરીકે નહિ પણ સક્રિય સ્વરૂપે પણ ખરો જ; માત્ર એક આધ્યાત્મિક પુરુષ અને અસ્તિત્વ તરીકે નહિ પણ એક શક્તિ, સામર્થ્ય, સક્રિયતા તરીકે પણ ખરો જ; અને તેથી દુનિયામાં પણ દિવ્ય કર્મ જરૂર સંભવે છે.

કર્મ-યોગીનાં ધર્મ કે ક્ષેત્ર તરીકે કોઈ સાંકડો સિદ્ધાંત કે કોઈ બાંધેલો કાર્ય-પ્રદેશ તેની ઉપર ઠોકી બેસાડાય નહિ. એ વાત તો સાચી જ છે કે દરેક જાતનાં કર્મો, માણસોની કલ્પના પ્રમાણે તે નાનાં હોય કે મહાન, સાંકડાં ક્ષેત્રનાં હોય કે વિશાળ, છતાં મુક્તિનાં કે સ્વ-નિયંત્રણનાં સાધન તરીકે તેમનો એકસરખો ઉપયોગ કરી શકાય છે. વળી એ વાત પણ સાચી છે જ કે મુક્તિ મેળવ્યા પછી માણસ જીવનના ગમે તે ક્ષેત્રમાં રહી શકે છે કે ગમે તે કાર્ય કરી શકે છે અને તેમ કરીને પોતાનો પ્રભુ-નિવાસ કૃતાર્થ કરી શકે છે. પરમાત્માનો પ્રેર્યો તે પોતાના જન્મ અને સંયોગોએ આપેલા પ્રદેશમાં જ રહે અથવા એ ચોકઠું તોડીને કોઈ એવાં અમર્યાદ કાર્યમાં તે આગળ નીકળી જાય કે જે તેની વિશાળતા પામેલ ચેતના અને ઊર્ધ્વ જ્ઞાનને માટેનું યોગ્ય અંગ બની રહે. બાહ્ય રીતે જ જોતાં મનુષ્યોને, આંતરિક મુક્તિનાં પરિણામે તેનાં બાહ્ય કર્મોમાં કાંઈ જ ફેર પડેલો ના પણ જણાય; અથવા, ઊલટાનું, એમ પણ બને કે અંતરમાં મળેલી મુક્તિ અને અનંતતા બાહ્ય સક્રિય પ્રવૃત્તિઓમાં એવું તો વિશાળ અને નૂતન સ્વરૂપ ધારણ કરે કે આ નવ-શક્તિથી બધા ચકિત પણ થઈ જાય. તેની અંદર ઊતરેલ પરમાત્માની ઇચ્છા હોય તો એ મુક્તાત્મા જૂની માનવ-મર્યાદાઓમાં જ એવી સૂક્ષ્મ અને મર્યાદિત પ્રવૃત્તિ કરે કે જેનો હેતુ તેના બાહ્ય દેખાવમાં કાંઈ જ ફેરફાર કરવાનો ના હોય. પણ એમ પણ બને કે એ મુક્તાત્માને એવી પ્રવૃત્તિ કરવાનો આદેશ મળે કે જેથી તે પોતાનાં બાહ્ય જીવનનાં સ્વરૂપ અને ક્ષેત્રમાં ફેરફાર કરી નાખે, એટલું જ નહિ પણ, પોતાની આજુબાજુ એક પણ વસ્તુ વણ-બદલી કે વણ-સ્પર્શી નહિ રાખતાં એક નવી જ દુનિયા કે નવી જ સમાજ-

રચના પણ ઊભી કરી નાખે.

* * *

આપણે ગળે ઊતરી જાય એવો એક પ્રચલિત ખ્યાલ એ છે કે અંગત આત્માને સંસારના આ ક્ષણભંગુર જીવનમાં જનમોજનમ દેહ ધારણ કરવામાંથી કાયમી મુક્તિ મળી જાય એ જ મોક્ષનો એકમાત્ર હેતુ છે. એક વાર આ મુક્તિ પાકી થઈ ગઈ એટલે પછી આ દુનિયામાં કે અન્ય દુનિયામાં આત્માએ કાંઈ જ કર્મ કરવાનું રહેતું નથી; અથવા તો, મળી ગએલ દેહને નિભાવવા માટે કે ગત જન્મોની અસર ધોઈ નાખવા માટે જે કાંઈ કરવું પડે તે જ કરવાનું રહે છે. યોગ-અગ્નિના પ્રભાવથી આ અસર પણ બળીને ખાખ થઈ જાય, એટલે, આત્મા દેહ છોડે તેની સાથે એ કર્મ પણ પૂરું થઈ જવાનું. ઘણા ધર્મોએ ધાર્મિક લોકોનાં મનમાં સ્વર્ગનાં સુખની દિવ્ય લાલચને આત્માનાં ઉચ્ચતમ ધ્યેય તરીકે બેસાડી દીધી હતી, પણ તેની જગ્યાએ હવે પુનર્જન્મમાંથી છુટકારાનો ખ્યાલ પાકો થઈ ગએલો છે. જ્યારે વેદની ઋચાઓના સ્થૂળ, બાહ્ય અર્થ એક મુખ્ય સંપ્રદાય થઈ પડ્યા હતા ત્યારે હિંદુ ધર્મે પણ આરંભકાળના અને નીચી કોટીના આ આદેશનું સમર્થન કર્યું હતું; અને તે પછીના દ્વૈત-વાદીઓએ પણ તેમનાં સર્વોચ્ચ આધ્યાત્મિક ધ્યેયના ભાગ તરીકે તેનો સ્વીકાર કરેલો છે. અલબત્ત, માનસિક આનંદનાં સ્વર્ગ કે કાયમી ભૌતિક સુખોની લાલચના કરતાં મન અને દેહની મર્યાદાઓમાંથી મુક્ત બની આત્મ-પ્રદેશની શાશ્વત શાંતિ, અને નીરવતામાં નિશ્ચલ થઈ જવાની વાત વધારે ગમી જાય છે; પણ, છેવટ તો, આ પણ એક લાલચ જ છે. તેમાં રહેલ સંસારની અસારતા પ્રત્યેનો માનસિક કંટાળો કે દેહ-ધારણના પરાક્રમમાંથી પાછા પડવાની પ્રાણની વૃત્તિ જે આગ્રહ રાખે છે તેની પાછળ એક બીરુતા ભરાઈ બેઠેલી છે, એટલે તે હેતુ સર્વોચ્ચ ના બની શકે. અંગત મોક્ષ ગમે તેવા ઊંચા સ્વરૂપે રજૂ થાય તોપણ એ અહમ્‌માંથી જ નીપજે છે; તેના મૂળમાં આપણી અંગતતાનો ખ્યાલ અને અંગત લાભ કે હિતની ઇચ્છા, દુઃખોમાંથી છૂટવાની ઝંખના, જન્મ-જન્માંતરની યાતનાઓના અંત માટેનો નાદ એ બધાં પડેલાં છે, અને તેમને જ એ આપણા જીવનનું ઉચ્ચ ધ્યેય બનાવે છે. પાયારૂપ આ અહમ્‌નો સંપૂર્ણ ત્યાગ કરવા માટે તો અંગત મોક્ષની ઇચ્છામાંથી પણ ઉપર ચાલ્યા જવું પડે. જો આપણે પ્રભુ જોઈતો હોય તો તે બીજા શેને ય ખાતર નહિ પણ પ્રભુને પોતાને જ ખાતર; કારણકે એ જ છે આપણી જાતનો ઉચ્ચોચ્ચ આદેશ, આત્માનું ગહનતમ સત્ય, મોક્ષની આત્મ-મુક્તિની,

આપણી સાચી અને ઊર્ધ્વ જાતના સાક્ષાત્કારની, પ્રભુના મિલનની ઝંખના વાજબી એટલા પૂરતી જ છે કે તે આપણી પ્રકૃતિનો સર્વોચ્ચ ધર્મ છે, આપણી નિમ્ન જાતનું, સર્વોચ્ચ જાત માટેનું આકર્ષણ છે, આપણી અંદર રહેલ પ્રભુનો સંકલ્પ છે. એ જ છે એનું મોટું વાજબી-પણું અને તદ્દન સાચું કારણ; અન્ય સર્વ હેતુઓ એવા આડ-ફાંટા છે, ક્ષુલ્લક કે ઉપલક સત્યો છે, કે ઉપયોગી લલચામણો છે કે જેમનો ઉપયોગ થઈ રહે અને પરમ પ્રભુ સાથેની અને અન્ય સર્વે સાથેની એકતા આપણી સમ-ધારણ ચેતના બની રહે અને એ અવસ્થાનો આનંદ આપણું આધ્યાત્મિક વાતાવરણ બની રહે કે તરત જ આપણા આત્માએ તજી દેવાનાં છે.

અંગત મોક્ષની આ ઇચ્છાને પાછળ રાખી દેતું બીજું એક એવું આકર્ષણ ઘણી વાર જોવા મળે છે કે જે આપણી પ્રકૃતિનાં ઉચ્ચ વલણમાંથી આવે છે અને મુક્તાત્માએ કેવી જાતનું કર્મ કરવાનું છે તેની ખાસિયત દેખાડે છે. અમિતાભ બુદ્ધનો આત્મા નિર્વાણના છેક ઉંબર સુધી પહોંચીને પાછો વળ્યો અને જ્યાં સુધી એક પણ પ્રાણી દુઃખ અને અજ્ઞાનમાં રિબાતું હોય ત્યાં સુધી નિર્વાણમાં નહિ પ્રવેશવાની પ્રતિજ્ઞા લીધી એ કથામાં આ વસ્તુ સમાએલી છે. "મારે નથી જોઈતી અષ્ટસિદ્ધિવાળી ઐશ્વર્યથી પણ ઉચ્ચ એવી કોઈ પરમ અવસ્થા, કે નથી જોઈતી પુનર્જન્મમાંથી મુક્તિ; હું તો વાંછું છું પીડિત પ્રાણીઓના અંતરમાં વસીને તેમનો સર્વ દુઃખભાર મારે માથે ઉઠાવી લેવાનું કે જેથી તેઓ દુઃખમાંથી મુક્ત બને." ભાગવત પુરાણના એ મહાન[1] શ્લોકમાં પણ આ જ વસ્તુ પડેલી છે. અને આ જ ભાવનાએ મહાન વેદાન્તી સ્વામી વિવેકાનંદને પ્રેરણા આપેલી છે; એક પત્રમાં તેઓ લખે છે: "મારી પોતાની મુક્તિ માટેની મારી ઇચ્છા સમૂળગી ચાલી ગઈ છે. આ સમસ્ત આત્માની સમષ્ટિરૂપે જે ભગવાન વિલસી રહ્યો છે અને એ જ એકમાત્ર ભગવાનમાં મને શ્રદ્ધા છે – એ જ ભગવાનની પૂજા કરવા હું વારંવાર જન્મ ધારણ કરું અને હજાર હજાર યાતનાઓ ભલે ભોગવું. એ જ છે મારો સર્વોપરી ઉપાસ્ય ભગવાન, મારો પાપી નિવાસી–નારાયણ, દલિત–નારાયણ, સર્વે જાતિઓનો દરિદ્ર–નારાયણ; એ જ છે મારો સ-વિશેષ આરાધ્ય ભગવાન. જે ઉચ્ચ અને નીચ, સાધુ અને પાપી, દેવ અને કીડાનાં સર્વ-રૂપ ધારણ કરે છે એ જ એ પ્રત્યક્ષ, સત્ય અને સર્વવ્યાપીની પૂજા કરો. બીજી સર્વે પ્રતિમાઓને તોડી નાખો. જેમાં નથી પૂર્વજન્મ કે નથી પુનર્જન્મ, નથી મૃત્યુ, નથી ગમન કે નથી આગમન, જેમાં વસીને આપણે

૧. ભાગવત પુરાણ : નવમ સ્કંધ, અધ્યાય ૨૧, શ્લોક ૧૨.

હમેશાં એકતા પામ્યા છીએ અને હજી પણ, પામવાના જ છીએ, તેની ઉપાસના કરો. તોડી નાખો બીજી સર્વે મૂર્તિઓ."

આખી વાતનો સાર છેલ્લાં બે વાક્યમાં સમાએલો છે. પાર્થિવ જીવનનો ત્યાગ કે આધ્યાત્મિક આત્મ-વિસર્જન વડે વ્યક્તિત્વમાંથી છુટકારો એ કાંઈ સાચો મોક્ષ નથી, પુનર્જન્મની ઘટમાળમાંથી સાચી મુક્તિ નથી; અને, એ જ પ્રમાણે, કુટુંબ કે સમાજથી દૂર ચાલ્યા જવું એ કાંઈ સાચો ત્યાગ નથી; જે પ્રભુમાં ભૂતકાળના કે ભવિષ્યના જન્મોની કોઈ મર્યાદા નથી, ઊલટાનું, જેમાં છે અજાત આત્માનું સનાતન અસ્તિત્વ એની સાથે આંતરિક એકરૂપતા સાધવી એ જ છે સાચો મોક્ષ અને ત્યાગ. ગીતામાં કહ્યું છે: જેણે અંતરમાં મુક્તિ મેળવી છે તે કર્મો કરવા છતાં કાંઈ જ કર્મ કરતો નથી, કારણકે તેનામાં, પ્રકૃતિના સ્વામીની આજ્ઞાનુસાર પ્રકૃતિ જ કાર્ય કરે છે. એ સો સો જન્મ ધારણ કરે છતાં એ જન્મ-મરણના ફેરામાંથી કે જીવનની ઘટમાળમાંથી મુક્ત છે, કારણકે એ જન્મ-મરણ-હીન આત્મામાં જીવે છે, શરીરમાં નહિ. તેથી, પુનર્જન્મનાં બંધનમાંથી છૂટવાની આસક્તિ એ એક એવી મૂર્તિ છે કે જે અન્ય કોઈને રાખવી હોય તો ભલે રાખે પણ પૂર્ણયોગના સાધકે તો તોડીને ફેંકી જ દેવાની છે. કારણકે વ્યક્તિગત આત્મા વિશ્વથી પર પરાત્પરનો સાક્ષાત્કાર કરે એટલેથી એનો યોગ અટકી જતો નથી; તે તો વિશ્વમય પુરુષના સર્વ આત્માઓના સમૂહના, સાક્ષાત્કારનો પણ સમાવેશ કરે છે; અને તેથી અંગત મોક્ષ અને છુટકારાની પ્રવૃત્તિમાં તે અટકી પડી ના શકે, એ વિશ્વની મર્યાદાઓને ઓળંગી જાય ત્યારે પણ સર્વેમાં વ્યાપી રહેલ પ્રભુની સાથે એકરૂપ છે; વિશ્વમાં તેણે દિવ્ય કાર્ય કરવાનું રહે છે.

× × ×

એ કાર્ય કોઈ બુદ્ધિ-ઘડ્યા નિયમ કે માનવ-રચ્યાં ધોરણથી નક્કી નહિ કરી શકાય; કારણકે તેની ચેતના તો ચાલી ગએલી છે. માનવ-નિયમો અને મર્યાદાઓથી દૂર દિવ્ય સ્વતંત્રતામાં, બાહ્ય અને ક્ષણિક નિયંત્રણથી દૂર આંતરિક અને સનાતન આત્મ-નિયંત્રણમાં, જે પરિમિત છે તેના બાધક રિવાજમાંથી દૂર અનંતના મુક્ત આત્મ-નિર્ણયમાં. ગીતામાં શ્રીકૃષ્ણ કહે છે: "એ ભલે ગમે તેમ રહે કે વર્તે તે મારામાં જ રહે અને વર્તે છે." માનવ-બુદ્ધિએ ઘડેલા નિયમો મુક્તાત્માને લાગુ ના પડે; માનસિક ચીલાઓ અને બાંધ્યા-નિર્ણયોનાં બાહ્ય ધોરણો અને કસોટીઓથી તેને કસી ના શકાય. ભૂલને પાત્ર આ ન્યાયાધીશોના સાંકડા ન્યાય-પ્રદેશથી તે પર છે.

તે, સંન્યાસીનાં ભગવાં ધારણ કરે કે ગૃહસ્થીનું ગૃહજીવન જીવે; તે કહેવાતાં ધાર્મિક કર્મોમાં દિનરાત વિતાવે કે દુનિયાદારીનાં વ્યાવહારિક કર્મોમાં રચ્યો-પચ્યો રહે; તે બુદ્ધ, ક્રાઇસ્ટ કે શંકરાચાર્યની જેમ જનગણની સેવા કરે કે જનકની જેમ રાજ્ય-સિંહાસન શોભાવે કે શ્રીકૃષ્ણની માફક એક મુત્સદ્દી કે યુદ્ધ-નાયકરૂપે લોકોનો લાડીલો બને; તે શું ખાય-પીએ છે; તેની ટેવો અને શોખ કેવાં છે; તે જય પામે છે કે પરાજય; તે સર્જન કરે છે કે સંહાર; તે જુનવાણી સમાજને સાચવીને તેની પુનઃરચના કરે છે કે તેને તોડીને નવો સમાજ સ્થાપવા મથે છે; તેના સાથીદારો છે સમાજના માનવંતા મોભેદારો કે તેમની ઉચ્ચતાના પવિત્ર ભાનથી ત્યજાતા દલિતો અને દુષ્ટો; તેનાં જીવન અને કાર્યોને સમાજ સન્માનતો હોય કે લોકોના અવળ-નેતા તરીકે અને ધાર્મિક, નૈતિક કે સામાજિક શત્રુતાના સૂત્રધાર તરીકે તેને નીંદતો હોય, તે બધાંની કાંઈ જ કિંમત નથી. લોકોના નિર્ણયો કે અજ્ઞાન-ભર્યા નિયમોથી તે બંધાતો નથી; તે આંતરિક આદેશને માને છે અને એક અદૃષ્ટ શક્તિથી દોરાય છે. તેનું સાચું જીવન અંતરમાં હોય છે અને એ જીવનનું વર્ણન હોય : તે ભગવાનમાં, દિવ્યતામાં, અનંતતામાં જીવે છે, હરે-ફરે છે અને કર્મો કરે છે.

તેનાં કર્મો ભલે કોઈ બાહ્ય નિયમોને સ્વીકારતાં ના હોય, પણ બાહ્ય નહિ એવો એક નિયમ તો સ્વીકારે જ છે; કોઈ અંગત ઇચ્છા કે હેતુને ખાતર તે નહિ થતાં હોય; પણ વિશ્વમાં ચાલી રહેલ દિવ્ય કાર્યનાં અંગરૂપ હશે; આ દિવ્ય કાર્ય સચેતન અને, તેથી, સુવ્યવસ્થિત પણ હોય છે, કારણ કે સ્વયં-વ્યવસ્થિત હોય છે. ગીતામાં પણ કહ્યું જ છે કે મુક્તાત્માનાં કર્મો ઇચ્છામાંથી નહિ થતાં હોય, એ તો થતાં હશે વિશ્વને તેના નિયત માર્ગે એકત્ર રાખવા, નિયંત્રણ કરવા, દોરવા, પ્રેરવા, અને ચલાવવા માટે. કેટલાક લોકો આનો અર્થ એવો કરે છે કે આ દુનિયા એક એવી માયા છે કે જેની ભ્રમણામાં મોટા ભાગના લોકોને રાખવાના જ છે, કારણકે તેઓ મોક્ષને લાયક નથી; તેથી મુક્તાત્માએ એવાં બાહ્ય કર્મો આચરવાનાં છે કે જેથી સામાજિક નિયમોએ રૂઢ કરેલાં કાર્યોનાં બંધનને તેઓ વળગી રહે. જો આ અર્થ સાચો જ હોય તો તે એક નાનો અને કંગાળ નિયમ થઈ પડે છે અને ઉમદા આત્માઓ તો એને છોડીને અમિતાભ બુદ્ધની પેલી પ્રતિજ્ઞાનું, ભાગવતની પેલી ઉદાત્ત પ્રાર્થનાનું, સ્વામી વિવેકાનંદની આવેગપૂર્ણ અભીપ્સાનું અનુસરણ કરવાનું વધારે પસંદ કરશે. દુનિયા એ તો પ્રકૃતિની પ્રભુ-પ્રેરિત એક એવી પ્રવૃત્તિ છે કે જે મનુષ્ય-કક્ષાએ પહોંચતાં પ્રભુમુખી બને છે;

વળી ગીતામાં શ્રીકૃષ્ણ કહે છે તે પ્રમાણે તેને (શ્રીકૃષ્ણને) કાંઈ જ વણમેળવ્યું મેળવવાનું નહિ હોવા છતાં તે પોતે પણ એ જ કાર્ય હમેશાં કરી રહ્યો છે. આ વાત જો આપણે સ્વીકારીએ તો એ ઉત્તમ શ્લોકનો વધારે ઊંડો અને સાચો અર્થ મળી શકશે. કર્મયોગીનો ધર્મ થશે : એ દિવ્ય કાર્યમાં સામેલ થવું, વિશ્વમાં વસેલ પ્રભુને ખાતર જીવવું અને, તેથી, એવું કર્મ કરવું કે જેથી પ્રભુ વધારે ને વધારે પ્રગટ થતો જાય અને દુનિયા પોતાના અંધકાર-યાત્રા-પથમાં ગમે તે રીતે પણ આગળ વધે અને દિવ્ય આદર્શ તરફ વધુ ને વધુ પ્રગતિ કરે.

આ કાર્ય તે કેવી રીતે, કઈ ચોક્કસ રીતથી કરશે તે કોઈ એક નિશ્ચિત નિયમથી નક્કી ના થઈ શકે. એ તો અંતરમાંથી જ ઊગતું આવે અને આકાર લે. તેનો નિર્ણય લેવો એ પ્રભુનું અને આપણી સાચી જાતનું, પરમાત્માનું અને તેનાં કાર્ય માટેનાં કરણરૂપ વ્યક્તિસ્વરૂપ આત્માનું કામ છે; મુક્તિ મળે તે પહેલાં પણ, અને આપણે આપણા અંતરાત્મા પ્રત્યે જાગ્રત થતાંની સાથે જ, કર્મની સંમતિ, આધ્યાત્મિક રીતે નક્કી થતી પસંદગી, ત્યાં અંતરમાંથી જ આવે છે. જે કાર્ય કરવાનું છે તેનું જ્ઞાન સંપૂર્ણપણે અંતરમાંથી જ આવવું જોઈએ. એવું કોઈ કર્મ નથી, નિયમ નથી, કે પ્રકાર કે બાહ્ય રીતે નિશ્ચિત થએલી કે અફર રીત નથી કે જેને "મુક્તાત્માએ આ જ માત્ર અખત્યાર કરવી જોઈએ" એમ કહી શકાય. આવાં કર્મને માટે ગીતાએ "કર્તવ્ય કર્મ" એવું જે નામ આપ્યું છે તેનો અર્થ એવો કરવામાં આવે છે કે પરિણામની પરવા કર્યા વગર આપણે આપણી ફરજ બજાવવાની છે. પણ આ ખ્યાલ તો યુરોપીય સંસ્કૃતિનો છે, અને એ સંસ્કૃતિ આધ્યાત્મિકના કરતાં વિશેષ તો નૈતિક છે, તેના ખ્યાલ ગૂઢ આંતરિકના કરતાં વિશેષ તો બાહ્ય છે. ફરજ એ કદી ય સર્વ-સામાન્ય વસ્તુ છે જ નહિ; જે છે તે તો છે ફરજો, અને તે ય પાછી, ઘણી વાર તો, પરસ્પર સંઘર્ષવાળી; અને તે નક્કી થાય છે આપણા સંયોગો પરથી, સામાજિક સંબંધો પરથી, જિંદગીની બાહ્ય સ્થિતિ પરથી. કાચા નૈતિક સ્વભાવને ઘડવામાં અને સ્વાર્થી ઇચ્છાઓને સંતોષતાં કાર્યોને ઉતારી પાડવામાં તેમનો બહુ જ મોટો ફાળો છે. પહેલાં આપણે જોયું જ છે કે જ્યાં સુધી સાધકને આંતરિક પ્રકાશ ના મળે ત્યાં સુધી જે કાંઈ ઉચ્ચ પ્રકાશ તેની પાસે હોય તેનાથી તેણે દોરાવાનું છે; અને ફરજ, સિદ્ધાંત, આદર્શ એ આવાં કામચલાઉ, ઊભાં કરવા જેવાં અને અનુસરવા જેવાં ધોરણો છે. પણ તે છતાં ય ફરજો એ છે તો બાહ્ય વસ્તુઓ જ, આત્માનાં અંગરૂપ નથી; તે, યોગમાં, કર્મો માટેનું આખરી ધોરણ બની ના શકે.

યોદ્ધાઓની ફરજ છે કે હાકલ પડતાં યુદ્ધે ચડવું અને, ખુદ પોતાનાં જ સ્વજનો સામે હથિયાર પણ ઉઠાવવાં; પણ આ કે આવું બીજું કોઈ ધોરણ મુક્તાત્મા પર ઠોકી બેસાડાય નહિ. તો વળી, પ્રેમાળ અને કરુણાળુ બનવું, ઉચ્ચોચ્ચ આત્મ-સત્યને તાબે થવું, ઈશ્વરના આદેશને અનુસરવું એ કાંઈ ફરજો નથી; એ બધાં તો પ્રભુ પ્રત્યે અભિમુખ થતી પ્રકૃતિનો ધર્મ છે, આત્માવસ્થામાંથી આવતો કર્મ-પ્રવાહ છે, આત્માની ઉચ્ચ સત્યતા છે. મુક્ત-યોગીનાં કર્મો પણ આવો જ આત્મામાંથી વહી આવતો કર્મ-પ્રવાહ જ હોઈ શકે; તે તેની પ્રભુ સાથેની આધ્યાત્મિક એકરૂપતાનાં પરિણામે તેની અંદર કે તેનામાંથી વહી આવતો હશે; તે, માનસિક વિચારો અને સંકલ્પ, વ્યવહારુ બુદ્ધિ, કે સામાજિક સમાજના નીતિ-નિયમોને આધારે નહિ ઘડાતાં હોય. સામાન્ય જીવનને અંગત, સામાજિક કે પરંપરાગત નિયમો, ધોરણો કે આદર્શોને આધારે દોરવાનું હોય; પણ આધ્યાત્મિક યાત્રા શરૂ થતાં તેમની જગ્યાએ સ્થાપવાનો છે આત્મ-નિયંત્રણ, મુક્તિ અને પરિપૂર્ણતાને માટે જરૂરી એવો એક આંતર-બાહ્ય નિયમ કે જીવન-રીત, કે, આપણા માર્ગને અનુરૂપ કે આપણા ગુરુએ ફરમાવેલ કે પછી અંતરમાં બેઠેલ ભોમિયાએ નિર્દેશેલ જીવનમાર્ગ. પણ આત્માની અનંતતા અને મુક્તિની આખરી અવસ્થામાં તો સર્વ બાહ્ય ધોરણો બદલાઈ જાય છે કે છૂટી જાય છે, અને જેની સાથે આપણે એકરૂપ બની ગયા હોઈએ છીએ તે પ્રભુની સહજ અને પૂર્ણ આજ્ઞાધીનતા તથા આપણી જાત અને પ્રકૃતિના પરિપૂર્ણ આધ્યાત્મિક સત્યને સહજ રીતે પાર પાડતાં કર્મો જ બાકી રહે છે.

* * *

ગીતામાં જે એમ કહેલું છે કે "આપણા સ્વ-ભાવથી નક્કી અને સંચાલિત થતું કર્મ કરવું" એ જ છે આપણો ધર્મ, એનો સ્વીકાર આપણે આ ઊંડા અર્થમાં જ કરવાનો છે; ઉપરછલ્લું મન, કે ચારિત્ર્ય, કે રોજિંદા આવેગો એવો અર્થ એમાં ખાતરીબંધ, નથી જ; સંસ્કૃત શબ્દ "સ્વભાવ"નો મૂળ અર્થ છે સ્વ+ભાવ, એટલે કે આપણું પોતાપણું, આપણી મૂળભૂત પ્રકૃતિ, આપણા આત્માનું પોતાનું તત્ત્વ. આ મૂળ સ્થાનમાંથી જે કાંઈ ઊગી આવે છે તે હમેશાં ઊંડાણવાળું, તાત્ત્વિક અને યોગ્ય જ હોય છે; તે સિવાયનું, એટલે કે ખ્યાલો, આવેગો, ટેવો, ઇચ્છાઓ એ બધી માત્ર આપણી જાતની ઉપરછલ્લી પ્રવૃત્તિઓ કે આકસ્મિક તરંગો હોય કે બહારથી થતી બળજબરી પણ હોય. આ બધું આવે, જાય, કે બદલાય પણ "સ્વ-ભાવ"[૨] એ તો

૨. ગુજરાતીમાં સ્વભાવનો જે અર્થ થાય છે તે અર્થમાં નહિ. —અનુવાદક

કાયમી વસ્તુ છે. આપણી અંદર થતી પ્રકૃતિની કાર્યવાહક ગતિઓ એ કાંઈ આપણો સ્વ–ભાવ, આપણું પોતાપણું કે આપણી જાતનું કાયમી વસવાટવાળું અને વ્યક્ત થતું સ્વરૂપ નથી. "સ્વ–ભાવ" એ તો છે આપણી આંતરિક આધ્યાત્મિક જાત, કે જે વિશ્વના અનંત કાળ–પ્રવાહમાં, પણ નિત્ય–સ્વરૂપે ટકી રહે છે; આપણા વિકસતા અંતરાત્માનો પણ તેમાં સમાવેશ થાય છે.

પણ આપણા આ સ્વ–ભાવમાંથી આવતા આપણા સ્વ-ધર્મને સહેલાઈથી તારવી શકાતો નથી; જ્યાં સુધી આપણાં હૃદય અને બુદ્ધિમાં અહમ્‌ભાવ-રૂપી અશુદ્ધિ હોય ત્યાં સુધી એ પડદા પાછળ ઢંકાએલ રહે છે; ત્યાં સુધી આપણે ઉપરછલ્લા અને ક્ષણિક ખ્યાલો, આવેગો, ઇચ્છાઓ, સૂચનો અને આપણી ઉપર થતાં દરેક જાતનાં બાહ્ય દબાણોને અનુસરતા રહીએ છીએ; અથવા આપણી સાચી જાત અને નિમ્ન વૈશ્વિક પ્રકૃતિનું દબાણ એ બેનાં પરસ્પર કાર્યથી આપણે માટે બનેલ એક અખતરારૂપ અને કામચલાઉ ઘાટશું નાશવંત, માનસિક, પ્રાણમય અને શારીરિક વ્યક્તિત્વ જે કાંઈ કહે તે પાર પાડીએ છીએ. આપણી સાચી આંતરિક જાત આપણી વિશુદ્ધિના પ્રમાણમાં આપણને સ્પષ્ટ થતી જાય છે, આપણી સંકલ્પશક્તિ બાહ્ય સૂચનોની ગૂંચો-માંથી કે આપણાં પોતાનાં ઉપરછલ્લાં માનસિક બંધારણનાં બંધનમાંથી વધારે બહાર આવતી જાય છે. અહમ્‌ભાવ ચાલ્યો જતાં, પ્રકૃતિ વિશુદ્ધ થતાં કર્મો અંતરાત્માના આદેશમાંથી, આત્માના ઊંડા કે ઊર્ધ્વ પ્રદેશમાંથી થવા માંડશે, અથવા, આપણાં હૃદયમાં પહેલેથી જ ગુપ્ત–નિવાસ કરી રહેલા પરમ સ્વામીથી સીધેસીધાં જ સંચાલિત થવા માંડશે. યોગીને ગીતાનો સર્વોચ્ચ અને આખરી આદેશ છે સર્વ ધર્મો–એટલે કે રૂઢ માન્યતાઓ અને કાર્યો, વ્યવહારના બાંધેલા અને બાહ્ય નિયમો, બાહ્ય અને ઉપરછલ્લી પ્રકૃતિનાં બંધારણો – ત્યજી દઈને એકમાત્ર પ્રભુનું જ શરણ સ્વીકારવાનો. ઇચ્છાઓ અને આસક્તિઓમાંથી મુક્ત થતાં, પ્રાણીમાત્ર સાથે એકરૂપ થતાં, અંતહીન સત્ય અને શુદ્ધિમાં નિવાસ થતાં અને પોતાનાં શાશ્વત, દિવ્ય અને ઊર્ધ્વતમ આત્મ–સ્વરૂપથી સંચાલિત થઈ પોતાની આંતર–ચેતનાના ગહનતમ ઊંડાણમાંથી કર્મો કરતાં તેનાં અસલ સ્વરૂપ અને સ્વ–ભાવ કે જે ભલે જાણે, ઝૂઝે, લડે, ચાહે, સેવે છતાં હમેશાં દિવ્ય જ રહે છે તેની દ્વારા તેનાં કાર્યો પરમ–શક્તિ વડે, વિશ્વમાં વિભુને સાર્થક કરવા કાલાતીતને કાલમાં વ્યક્ત કરવા સંચાલિત થતાં રહેશે.

આપણું આધ્યાત્મિક સ્વરૂપ પ્રભુ સાથે એકરૂપ થઈ જતાં તેના પ્રકાશ અને શક્તિમાંથી દિવ્ય કર્મ સહજ રીતે, મુક્ત રીતે, અને ભૂલની શક્યતા

વિના બહાર સરવા માંડે એ પૂર્ણયોગના આ કર્મ-માર્ગની આખરી અવસ્થા છે. મુક્તિ મેળવવાનું સાચામાં સાચું કારણ, આપણે, અંગત રીતે, દુનિયાની યાતનાઓમાંથી છુટકારો પામીએ-જો કે એ છુટકારો પણ મળવાનો જ છે,- એ નથી, પણ આપણે પ્રભુ સાથે, પરમપુરુષ સાથે, શાશ્વતતા સાથે એકરૂપ બનીએ એ છે. પરિપૂર્ણતા, ચરમ અવસ્થા, વિશુદ્ધિ, જ્ઞાન, સામર્થ્ય, પ્રેમ, ક્ષમતા મેળવવાનું કારણ, આપણે અંગત રીતે, દિવ્ય પ્રકૃતિને માણીએ કે દેવ બની જઈએ-જો કે એ સુખ પણ મળવાનું જ છે-, એ નથી, પણ આ મુક્તિ અને પરિપૂર્ણતા એ તો આપણે માટેનો પ્રભુનો સંકલ્પ છે, પ્રકૃતિમાં વિલસતા પુરુષનું અંતિમ સત્ય છે, વિશ્વમાં વિકસી રહેલા આવિર્ભાવનું સદાનિશ્ચિત ધ્યેય છે, એ છે. મુક્ત, પરિપૂર્ણ, આનંદપૂર્ણ દિવ્ય પ્રકૃતિને વ્યક્તિમાં વ્યક્ત કરવાની જ છે, અને તે એટલા માટે કે તે વિશ્વમાં પણ વ્યક્ત થાય. અજ્ઞાનમય દશામાં જીવતી વ્યક્તિ પણ, ખરેખર તો, વિશ્વવ્યાપી ધ્યેયમાં અને તેને જ ખાતર જીવતી હોય છે, કારણકે જ્યારે તે પોતાના અહમના હેતુ અને ઇચ્છાઓને સંતોષવા મથતી હોય છે, ખુદ ત્યારે પણ પ્રકૃતિ પોતાનાં વિશ્વકાર્ય અને હેતુને ખાતર તેના એ અહમ્-પ્રધાન પ્રયત્નો દ્વારા તેની પાસે કામ કરાવતી હોય છે; પણ એ થતું હોય છે અજાણતાં, ઇરાદા વિના, અપૂર્ણ રીતે; અને પ્રકૃતિની અર્ધ-ઉત્ક્રાન્ત અને અર્ધ-જાગ્રત, અપૂર્ણ અને અણઘડ પ્રવૃત્તિના ભાગરૂપ. અહમ્‌માંથી મુક્ત થવું અને પ્રભુ સાથે એકરૂપ થવું એ એનાં વ્યક્તિત્વનો એકસાથે મોક્ષ છે અને સાર્થકતા પણ છે; એમ મુક્ત, વિશુદ્ધ, પરિપૂર્ણ થઈ જાય ત્યારે વ્યક્તિ,-એટલે કે પ્રભુનું જ આત્મ-સ્વરૂપ,- વિશ્વવ્યાપી અને પરાત્પર પ્રભુમાં, અને તેને તથા તેના સંકલ્પને ખાતર, જાગ્રત અને સમગ્ર રીતે જીવવા લાગે છે,- અને તે જ તો હતો આદિ ઉદ્દેશ.

જ્ઞાન-માર્ગમાં એક ઘડી એવી પણ આવે કે જ્યારે આપણે વ્યક્તિત્વ અને વિશ્વમાંથી એક છલાંગ મારીને સર્વે વિચારો અને સંકલ્પો અને કર્મો-માંથી અને પ્રકૃતિના સમગ્ર પ્રવાહમાંથી છૂટી જઈ શકીએ, અને અનંતતામાં ભળી જઈ ને, ઉપર ચડી જઈ ને પરાત્પરમાં ઝંપલાવી શકીએ; પ્રભુને જાણી ચૂકેલા યોગીને માટે એમ કરવું કાંઈ ફરજિયાત તો નથી જ છતાં એ આત્માની પસંદગી, અંતરાત્માએ ઝંખેલું પદ હોઈ શકે. ભક્તિમાર્ગમાં આરાધના અને આનંદની પ્રબળતાને પરિણામે આપણે પરમ-પ્રિયતમનું મિલન પામી શકીએ અને માત્ર તેનામાં જ લીન થઈને, પરમાનંદના પ્રદેશમાં તેની સાથે ગાઢ એકતા પામીને, તેના સાન્નિધ્યનું પરમ સુખ માણતાં અનંતકાળ સુધી રહી શકીએ; જો એમ બને તો એ જ હોય આપણી સાચી જાતનો આવેગ, તેની

આધ્યાત્મિક વરણી. પણ કર્મ-માર્ગમાં એક બીજે જ સિદ્ધિ-પ્રદેશ ખુલ્લો થાય છે. કારણકે એ માર્ગે સાધના કરતાં આપણી પ્રકૃતિનો તેમ જ સનાતન પ્રભુનો ધર્મ અને શક્તિ એક બની જતાં આપણને મુક્તિ અને પરિપૂર્ણતા મળે છે; જેવી રીતે આધ્યાત્મિક અવસ્થામાં તેવી જ રીતે આપણા સંકલ્પોમાં અને સક્રિય ભાગોમાં પણ આપણે તેની સાથે એકરૂપ બની જઈએ છીએ; કર્મો કરવાની એક દિવ્ય રીત એ આ એકરૂપતાનું સ્વાભાવિક પરિણામ છે; અને આધ્યાત્મિક સ્વતંત્રતામાં જિવાતું એક દિવ્ય જીવન એ તેની અભિવ્યક્તિનું અંગ છે. પૂર્ણયોગમાં આ ત્રણ માર્ગો અલગ અલગ રહેતા નથી, એકબીજાનો સંગમ પામે છે, એકબીજામાં ભળી જાય છે કે એકબીજામાંથી ઊગી આવે છે; મનનાં આવરણમાંથી આત્મા મુક્ત થતાં આપણે પરાત્પર ચેતનામાં રહેવા લાગીએ છીએ, હૃદયની આરાધનાના પરિણામે આપણે પરમ પ્રેમ અને આનંદની એકતામાં પ્રવેશ પામીએ છીએ, અને આપણી જાતની સર્વ શક્તિઓ એકમાત્ર પરમ શક્તિમાં પહોંચી જતાં, આપણા સંકલ્પો અને કર્મો એકમાત્ર પરમ સંકલ્પ અને શક્તિના શરણે જઈ તેમાં એક થઈ જતાં દિવ્ય પ્રકૃતિની સક્રિય પરિપૂર્ણતા ધારણ કરે છે.

# પ્રકરણ : ૧૩[1]

## અતિમનસ અને કર્મયોગ

જે યોગ પૂર્ણયોગ હોય તેનાં અંતિમ અને પૂરેપૂરાં ધ્યેયની પ્રાણરૂપ અને અનિવાર્ય વસ્તુ તો આ જ હોઈ શકે: આપણી સમગ્ર જાતનો એક ઊર્ધ્વ, આધ્યાત્મિક ચેતનામાં અને એક વિશાળ, દિવ્ય અસ્તિત્વમાં પલટો. આપણામાં સંકલ્પો અને કર્મો કરનારાં અંગો છે, જ્ઞાન ઝંખતાં અને ચિંતન કરતાં અંગો છે, ઊર્મિપ્રધાન અને પ્રાણમય જાત છે; એ સર્વે જાત અને પ્રકૃતિએ પ્રભુને શોધવાનો છે, અનંતતામાં પ્રવેશ કરવાનો છે, સનાતનતા સાથે જોડાઈ જવાનું છે. પણ માણસની હાલની પ્રકૃતિ તો છે મર્યાદિત, વિભાજિત, વિષમ: પોતાનાં માત્ર પ્રબળ અંગોમાં જ એકાગ્ર થવું, અને, પોતાની પ્રકૃતિને જે અનુરૂપ હોય એવા જ એક ચોક્કસ પ્રગતિ-પથને અનુસરવું એ જ તો એને માટે સાવ સહેલું છે; એવા વીર પુરુષો તો વીરલ જ હોય છે કે જે દિવ્યતાના અનંત સમુદ્રમાં સીધેસીધા, પૂરેપૂરા અને તાત્કાલિક કૂદી પડે. એટલે વિચારો અને ચિંતનમાં એકાગ્ર થઈને અથવા પરમાત્માની સનાતન સત્તાને પોતાની અંદર શોધવાના એકમાત્ર ખ્યાલ પર સ્થિર થઈને શરૂઆત કરવાનું કેટલાકોએ નક્કી કરવું પડે છે; તો વળી પ્રભુને, અનંતતાને અંતરમાં પામવા માટે હૃદયમાં ઊંડા ઊતરી જવાનું બીજા કેટલાકને સરળ પડે છે; તો વળી કેટલાકમાં સક્રિયતા અને તરવરાટ આગળ પડતાં હોય છે; એવા લોકો પોતાની સંકલ્પ-શક્તિમાં એકાગ્ર બને અને કર્મો દ્વારા પોતાની જાતને વિશાળ કરે એ જ તેમને માટે ઉત્તમ કહેવાય. એવા લોકો પોતાની સંકલ્પ-શક્તિને સર્વના આત્મા અને ઉગમરૂપ પ્રભુની અનંતતામાં સોંપી દઈને, અંતરમાં રહેલ ગુપ્ત પ્રભુતાનું કર્મો માટે માર્ગ-દર્શન મેળવીને અથવા પોતાના વિચારો, લાગણીઓ અને કર્મોની સર્વ શક્તિના માલિક અને સંચાલકરૂપ વૈશ્વિક કર્મોના પરમ સ્વામીને શરણે જઈને તથા, આમ, પોતાની જાત વિશાળ બનતાં સ્વાર્થ-હીન અને વિશ્વમય બની

[1] આ આખું જ પ્રકરણ એ શ્રી અરવિંદે પછીથી ઉમેરવા ધારેલું પણ પૂરું નહિ કરેલું લખાણ છે.

જઈને તેઓ, કર્મ-માર્ગે આધ્યાત્મિક અવસ્થાની કાંઈક પ્રાથમિક પૂર્ણતા પામી શકે. આમ, રસ્તાની શરૂઆત ભલે ગમે તે સ્થાનેથી થાય પણ આગળ જતાં એક વિશાળ, ખુલ્લા પ્રદેશમાં આવી જ પડવાનું છે; છેવટે તો જ્ઞાન, ઊર્મિઓ, સક્રિય કર્મો માટેની સંકલ્પશક્તિ, જાત અને સમગ્ર પ્રકૃતિ એ બધાનું એક જ એકમ બનાવીને એ સમગ્રતા સાથે આગળ વધવાનું છે. આ સમગ્રતા અતિમાનસિક ચેતનામાં, અતિમાનસિક અસ્તિત્વના સ્તર પર પરિપૂર્ણ બને છે; ત્યાં જ્ઞાન, ઊર્મિ અને સંકલ્પશક્તિ તથા જાત અને સક્રિય પ્રકૃતિની પરિપૂર્ણતા એ દરેક પોતપોતાની નિરપેક્ષતા તો પામે જ છે પણ એ બધાં એક સંપૂર્ણ સંવાદ અને પરસ્પરની એકરૂપતા, એક દિવ્ય સમગ્રતા, એક દિવ્ય પરિપૂર્ણતા પણ પામે છે. કારણકે અતિમનસ એ ઋત-ચેતના છે; તેમાં દિવ્ય અને પરમ અસ્તિત્વ પૂરેપૂરું, પ્રગટરૂપે, હોવાથી તેને હવે અસલ અજ્ઞાનનો સાધન તરીકે ઉપયોગ કરવાનો નથી હોતો. જાતની અસલ અવસ્થાનું સત્ય અહીં નિરપેક્ષ હોય છે; તે, જાતની શક્તિ અને ગતિનાં એવાં સત્યમાં પ્રવૃત્તિશીલ બની જાય છે કે જે સ્વયંભૂ અને પરિપૂર્ણ હોય છે. ત્યાં દરેક ગતિ પરમ દિવ્ય સત્તાનાં સ્વયં-જાગ્રત સત્યની ગતિ હોય છે અને દરેક અંગ સમગ્રતાની સાથે સંપૂર્ણ સંવાદમાં હોય છે. ઋત-ચેતનામાં નાનામાં નાનું અને મર્યાદિત કર્મ પણ સનાતનતા અને અનંતતાની ગતિ હોય છે અને સનાતનતા અને અનંતતાની અંતર્ગત નિરપેક્ષતા અને પરિપૂર્ણતા પામેલ હોય છે. આ અતિમાનસિક સત્યમાં આરોહણ કરવાથી આપણી આધ્યાત્મિક અને તાત્ત્વિક ચેતના પોતે તો એ ઊર્ધ્વ સ્તર પર પહોંચે જ છે પણ તેના પરમ પ્રકાશ અને સત્યનું આપણી સમગ્ર જાતમાં અને આપણી પ્રકૃતિનાં સર્વે અંગોમાં નીચે અવરોહણ પણ કરાવે છે. ત્યારે સર્વ કાંઈ બની જાય છે પરમ દિવ્ય સત્યનાં જ અંગ, પરમ-મિલન અને એકરૂપતા માટેનાં તત્ત્વો અને સાધનો; એટલે, આ આરોહણ અને અવરોહણ એ જ આ યોગનું એક અંતિમ ધ્યેય હોઈ શકે.

યોગમાત્રનો એકમાત્ર અને સારરૂપ ઉદ્દેશ તો એ જ હોય છે કે આપણે આપણી જાતની અને બીજા સર્વ કોઈની પણ, પરમ, દિવ્ય સત્યતા સાથે જોડાઈ જવું. એક વસ્તુ ખ્યાલમાં રાખવાનું ખૂબ જરૂરી છે કે આપણે એ કદી ય નથી ભૂલવાનું કે આપણે યોગ કરવાનો છે તે અતિમનસની પોતાની સિદ્ધિને ખાતર નહિ પણ ભગવાનને ખાતર; આપણે અતિમનસ મેળવવા માગીએ છીએ તે અતિમનસના પોતાના આનંદ અને મહત્તા માણવા માટે નહિ પણ ભગવાનના મિલનને નિરપેક્ષ અને સંપૂર્ણ બનાવવા, તેની સર્વોચ્ચ

ઘનિષ્ઠતા અફાટ વિશાળતાને આપણી પ્રકૃતિના બધા જ પ્રદેશો અને પ્રવાહોમાં ખૂણાઓ અને ખાંચરાઓમાં તથા આપણી સમગ્ર જાતમાં દરેક શક્ય રીતે અનુભવવા, ઓતપ્રોત કરવા, સક્રિય બનાવવા ઘણા લોકો એમ માની બેસે એ શક્ય છે કે અતિમનસ-યોગનો હેતુ તો અતિ માનવતાની એક પ્રબળ પ્રચંડતા, દિવ્ય સત્તા અને મહત્તા તથા અતિ વિશાળ બનાવેલ અંગત વ્યક્તિત્વની પોતાની સાર્થકતા એ બધું પ્રાપ્ત કરવાનો છે; પણ એ ભૂલ છે. આ ખ્યાલ જેટલો ખોટો છે એટલો જ ખતરનાક છે; ખતરનાક એટલા માટે છે કે એથી રાજસિક-પ્રાણવાળા આપણા મનનો અહંકાર, મિથ્યાભિમાન અને મહત્ત્વાકાંક્ષા વધી પડે, અને જો તેને પાર કરવામાં અને જીતી લેવામાં ના આવે તો આધ્યાત્મિક અધઃપતન જરૂર થવાનું; ખોટો એટલા માટે છે કે એ અહમ્-ભાવી છે અને અતિમનસ-પરિવર્તનની પહેલી શરત છે અહમ્નું વિસર્જન. જે લોકો મક્કમ મનોબળવાળા અને કાર્યને પાર પાડનાર છે તેમની ગતિશીલ અને શક્તિ-સભર પ્રકૃતિ માટે તો એ અતિશય ખતરનાક છે, કારણકે તેઓ સત્તાની લાલચમાં સહેલાઈથી ખેંચાઈ જઈ શકે છે. અતિ-માનસિક પરિવર્તનથી સત્તા તો ચોક્કસ આવવાની જ; સો ટકા સાચાં કામ માટે એ અનિવાર્ય છે; પણ, પ્રકૃતિ અને જીવનમાં ઊતરી આવી તેને પકડમાં લેનારી એ સત્તા તો છે દિવ્ય મહાશક્તિ, આધ્યાત્મિક વ્યક્તિ દ્વારા કાર્ય કરતા એકમેવ પ્રભુની સત્તા; એ અંગત સામર્થ્યનું કોઈ અતિ વિશાળ સ્વરૂપ નથી, કે નથી અલગતા-વાદી મનોમય અને પ્રાણમય અહમ્ની કોઈ શિખરરૂપ સાર્થકતા. આત્મ-સાર્થકતા એ યોગનું એક ફળ છે પણ તેનું ધ્યેય વ્યક્તિને પોતાને મહાન બનાવવાનું નથી; તેનું એકમાત્ર ધ્યેય છે આધ્યાત્મિક પરિપૂર્ણતા, સાચી જાતની શોધ, અને, દિવ્ય ચેતના અને દિવ્ય પ્રકૃતિ ધારણ કરીને ભગવાનનું મિલન, સાધર્મ્ય મુક્તિ. બાકીનું બધું જ છે, તેની અંદરની વિગતો કે સાથે જતા સંજોગો. અહમ્-કેન્દ્રિત આવેગો, આકાંક્ષાઓ, સત્તા અને મહત્તા માટેની ઇચ્છાઓ, જાતને આગળ લાવવાના ઉદ્દેશો એ સર્વ આ વિશાળ ચેતના માટે પરાયાં છે; અને, તેમના વડે તો, અતિમાનસિક પરિવર્તનનાં દૂરથી દર્શન કરવાની શક્યતા પણ સજ્જડ બંધ થઈ જાય છે. વિશાળ આત્મ-સ્વરૂપ પામવા માટે પોતાની નાની, નીચી જાત છોડવી જ પડે. ભગવાનનું મિલન એ જ સર્વવ્યાપી ઝંખના બની રહેવી જોઈએ; પોતાની અને પારકાં સર્વેની જાતનાં સત્યની શોધ, એ સત્યથી અને વિશાળ ચેતનાથી ભરેલું જીવન, પ્રકૃતિની પરિપૂર્ણતા, ખુદ એ બધાં પણ આ જ ધક્કાનાં સ્વાભાવિક પરિણામો છે. એ બધાં આ ગતિને પૂરેપૂરી સાર્થક કરવા

માટેની અનિવાર્ય શરતો હોઈ મુખ્ય ધ્યેયના માત્ર અંગરૂપ છે; કારણકે તે બધા જરૂરી તબક્કાઓ છે અને આવી મળતાં અગત્યનાં પરિણામો છે.

વળી એ પણ ધ્યાનમાં રાખવાનું જ છે કે અતિમાનસિક પરિવર્તન અતિ મુશ્કેલ છે, બહુ દૂર છે, યાત્રાને અંતે મળે છે; તેને એક લાંબી લાંબી મજલના છેડા પરની મંઝિલ ગણવાની છે; તે કોઈ તત્કાળ હેતુ કે આંખ સામે દેખાયા કરતું ધ્યેય કે તરત પાર પાડનાર લક્ષ્ય હોવાનો સંભવ પણ નથી અને એમ માની લેવાનું પણ નથી. કારણકે સખત પરિશ્રમથી મળતા આત્મ-વિજય અને આત્મ-ઉલ્લઘંનના અંતે તેમ જ પ્રકૃતિને ઉત્ક્રાંત કરવાના ઘણા ઘણા લાંબા અને મુશ્કેલ ગાળાઓને અંતે એ માત્ર એક સંભાવના તરીકે દેખા દે છે. સૌથી પહેલાં તો યોગ માટેની એક આંતરિક ચેતના મેળવવી પડે છે અને દુનિયાને જોવાની સામાન્ય રીતની, સામાન્ય, સ્વાભાવિક વર્તનોની તથા જિંદગીના સામાન્ય હેતુઓની જગ્યાએ તેને સ્થાપવી પડે છે; આપણી જાતના હાલના સમગ્ર ઘડતરમાં ક્રાંતિ કરવી જ પડે છે. તે પછી, હજી ય, વધારે ઊંડા ઊતરીને ગુપ્ત ચૈત્યસિક તત્ત્વને શોધી કાઢવું પડે છે અને તેના પ્રકાશ અને સંચાલનની મદદથી આપણાં આંતર-બાહ્ય અંગોને ચૈત્યસિક બનાવવાં પડે છે, આપણાં મન, પ્રાણ અને શરીરની પ્રકૃતિને તથા માનસિક, પ્રાણમય અને શારીરિક કર્મો, સ્થિતિઓ અને વર્તનોને અંતરાત્માનાં સચેતન કરણમાં પલટવાં પડે છે. તેની પછી, કે તેની સાથે સાથે, દિવ્ય પ્રકાશ, શક્તિ, શુદ્ધિ, જ્ઞાન, મુક્તિ અને વિશાળતાનાં અવતરણ દ્વારા આપણી નખશીખ જાતનું આધ્યાત્મિકરણ કરવું પડે છે. અંગત મન, પ્રાણ અને ભૌતિકતાની સીમાઓ તોડી પાડવાનું, અહમને ઓગાળી નાખવાનું, વિશ્વમય ચેતનામાં પ્રવેશ કરવાનું, આત્માનો સાક્ષાત્કાર કરવાનું, તથા જે મન, હૃદય, પ્રાણ-શક્તિ અને શારીરિક ચેતના આધ્યાત્મિક અને વિશ્વવ્યાપી બનેલ હોય તેને પ્રાપ્ત કરવાનું બિલકુલ જરૂરી છે. તે પછી જ અતિમાનસિક ચેતનાના માર્ગની સંભાવના શરૂ થાય છે, અને તે પછી પણ જે મુશ્કેલ આરોહણ શરૂ થાય છે તેની દરેક ટૂક પોતપોતે પણ એક એક કષ્ટસાધ્ય વિજય માગી લે છે. યોગ એ આપણી જાતની ઝડપી અને એકલક્ષ્યી, સચેતન ઉત્ક્રાંતિ છે; પણ તેને ગમે તેટલી ઝડપી બનાવીએ, પ્રકૃતિના હાલના માર્ગો સેંકડો કે હજારો વર્ષોને અંતે કે સેંકડો જિંદગીઓને અંતે થનારી ઉત્ક્રાંતિ એક જ જિંદગી દરમિયાન પાર પાડીએ તોપણ એ ઉત્ક્રાંતિના માર્ગનો દરેકે-દરેક ભાગ વટાવવો જ પડે છે; પૂર ઝડપે આગળ વધીએ કે એકાગ્ર થઈને ધપ્યે જઈએ તોપણ કાંઈ માર્ગનો કોઈ ભાગ ઉડાવી દઈ શકાતો નથી કે

તેને ઉલટાવી નાખીને પેલા છેડાને આ બાજુ લાવી શકાતો નથી. ઉતાવળિયું અને અજ્ઞાની મન અને અતિ ઉત્સાહી થનગનાટ આ વાતને એકદમ ભૂલી જાય છે. તેઓ અતિમનસને "આ રહ્યું" માનીને કૂદી પડે છે અને, એક લંગસિયું મારીને તેને અનંતતાના ઊંચા આસમાનમાંથી નીચે તાણી લાવવાની આશા રાખે છે. આ મૂર્ખાઈ હાસ્યાસ્પદ તો છે જ પણ ખતરનાક પણ છે. કારણકે પ્રાણની આવી ઇચ્છાને પરિણામે એવી અંધ અને ઉગ્ર શક્તિઓ કામે લાગી પણ જાય કે જે તેની આ અસંભવિત આશાઓને અબઘડી સિદ્ધ કરી આપવાનો વાયદો કરી દે; અને તેનાં ફળરૂપે મળે અનેકવિધ ભ્રમણાઓની ભુલામણીમાં ભૂસકો, મેલી શક્તિઓનાં જૂઠાણાં અને લાલચોમાં ફસામણી, અસામાન્ય શક્તિઓની ભૂખ, દિવ્યને બદલે આસુરિ શક્તિઓનો પીછો, અતિ વિશાળ અહમ્‌નો અસ્વાભાવિક, અ-માનવી, અ-દિવ્ય મહત્તારૂપ પ્રાણઘાતક પરપોટો. જો સાધકની જાત વામન હોય, પ્રકૃતિ નબળી અને નાની હોય તો આવો વિશાળ સર્વ-નાશ ના થતાં માત્ર અસ્થિરતા આવે કે મગજ ચસકી જઈ બુદ્ધિ ભ્રમિત થાય કે પ્રાણ વિવશ થતાં નૈતિક ભ્રષ્ટતા આવે કે પ્રકૃતિ કોઈ અસ્વાભાવિક રોગિષ્ટ દશામાં જઈ પડે એવાં કોઈક અનિચ્છનીય પરિણામો પણ આવે. પૂર્ણયોગમાં કોઈ પણ જાતની વિષમતાને (એ ઊર્ધ્વ-પંથની હોય તોપણ તેને) આત્મ-કૃતાર્થતા કે આધ્યાત્મિક સાક્ષાત્કારનાં સાધન તરીકે સ્વીકારી શકાતી નથી. જ્યારે અતિ સામાન્ય કે અતિ બૌદ્ધિક અનુભૂતિઓ થાય ત્યારે પણ સ્વસ્થતાનો જરા પણ ભંગ ના થવો જોઈએ; ત્યારે પણ ચેતનાને નખ-શીખ સ્વસ્થ રાખવાની છે; અનુભૂતિ મેળવનાર ચેતનાએ શાંત સમતુલા, દૃઢ સ્પષ્ટતાવાળી અને વ્યવસ્થાભરી અવલોકન-શક્તિ, એક જાતની ઉચ્ચ વ્યવહારુતા, જાત પ્રત્યે દૃઢ અને કડક નિરીક્ષણ, યોગ્ય વિવેકશક્તિ, વસ્તુસ્થિતિને યથાર્થ રીતે જોવાની સ્પષ્ટ દૃષ્ટિ એ સર્વ બરાબર જાળવવાનાં છે; વાસ્તવિક્તા પરની સૂઝભરી પકડ અને આધ્યાત્મિકતા ભરેલો ઉચ્ચ પ્રત્યક્ષવાદ સતત હાજર રહેવાં જોઈએ. કાંઈ બુદ્ધિ-હીન કે હીન-બુદ્ધિ થવાથી સામાન્ય પ્રકૃતિમાંથી અતિ-પ્રકૃતિમાં જઈ શકાતું નથી, એ માટે તો બુદ્ધિ પાર કરીને બુદ્ધિથી પર એવો ઊર્ધ્વ પ્રકાશ મેળવવો પડે. આ બુદ્ધિ-પરતા જ્યારે બુદ્ધિમાં અવતરણ કરે છે અને તેની સીમાઓ તોડી આપે છે ત્યારે પણ તે બુદ્ધિને તે ઊંચે ઉઠાવે છે; ત્યારે કાંઈ બુદ્ધિનો નાશ થતો નથી પણ પલટાઈ જાય છે અને પ્રકૃતિથી પરની વસ્તુઓને યથાસ્થાને ગોઠવતી શક્તિરૂપ પોતાનું અસલ, અમર્યાદ સ્વરૂપ પ્રાપ્ત કરે છે.

આપણું મન સહેલાઈથી કરી નાખે એવી એક બીજી ભૂલ પણ સંભવિત છે; આપણે ખૂબ સાવધાન રહેવાનું છે કે વચગાળાની કોઈ ઊર્ધ્વ ચેતના તો ઠીક પણ બીજી કોઈ પણ અસાધારણ ચેતનાને પણ આપણે અતિમનસ માની ના લઈએ. આપણા માનવ-મનની સામાન્ય ક્રિયાઓથી ઊપર ચાલ્યા જઈએ એટલે કાંઈ અતિમનસ મળી જતું નથી; વળી, વધારે મોટાં પ્રકાશ, શક્તિ કે આનંદ મેળવવાં કે માનવજાતની સામાન્ય મર્યાદાઓને વટાવી જતાં જ્ઞાન, દૃષ્ટિ કે કાર્ય-સાધક સંકલ્પ-શક્તિ માટેની ગ્રહણ-શક્તિ વિકસાવવી એ પણ પૂરતું નથી. પ્રકાશમાત્ર કાંઈ આત્મ-પ્રકાશ નથી હોતા, અને અતિમનસના પ્રકાશ તો નહિ જ નહિ; આપણાં મન, પ્રાણ કે ખુદ શરીરમાં પણ હજી સુધી ગુપ્ત રહેલા પ્રકાશ હોય છે, અને એ બધા ખૂબ જ પ્રેરક આનંદજનક, જ્ઞાનદાયક અને જબ્બર કાર્યસાધક પણ હોઈ શકે છે. વૈશ્વિક ચેતનામાં જઈ ચડીએ ત્યારે પણ ચેતના અને સામર્થ્યની જબરજસ્ત વિશાળતા મળી જઈ શકે છે. આંતરિક મન, આંતરિક પ્રાણ, આંતરિક શારીરિકતા કે પ્રચ્છન્ન ચેતનાના કોઈ પ્રદેશનું દ્વાર ખુલી જતાં જ્ઞાન, કર્મ કે અનુભૂતિની કોઈ નિમ્ન કે ઊર્ધ્વ શક્તિની કોઈક એવી ક્રિયા આવી મળે કે જેને આપણું અબુધ મન આધ્યાત્મિક દર્શન, પ્રેરણા કે સ્વયંસ્ફુરણા માની લેવાની ભૂલ સહેલાઈથી કરી બેસે. ઊર્ધ્વ-મનના વિશાળ વિસ્તારોનું દ્વાર ખુલ્લું થતાં એવો તો પ્રકાશ અને શક્તિ ઊતરી આવે કે જેનાથી અંતઃ-સ્ફુરણાવાળાં મન અને પ્રાણશક્તિની પ્રબળ પ્રવૃત્તિ થવા માંડે; અથવા આ વિસ્તારોમાં આરોહણ કરવાથી એક એવો સાચો છતાં અધૂરો પ્રકાશ મળે કે જે ધૂંધળો પણ બની જાય; આ પ્રકાશ મૂળ તો હોય છે આધ્યાત્મિક જ પણ જ્યારે એ નિમ્ન પ્રકૃતિમાં ઊતરી આવે ત્યારે તેના સક્રિય સ્વરૂપમાં હમેશા આધ્યાત્મિક રહેતો નથી. પણ આમાંની એક પણ વસ્તુ અતિમાનસિક પ્રકાશ કે અતિમાનસિક સામર્થ્ય નથી; એમને જોવાનું કે મેળવવાનું તો માત્ર ત્યારે જ શક્ય છે કે જ્યારે આપણે મનોમય પુરુષનાં શિખરે પહોંચી જઈએ, અધિ-મનસમાં પ્રવેશ કરીએ અને આધ્યાત્મિક અસ્તિત્વના એક વિશાળ, ઊર્ધ્વ ગોળાર્ધની સરહદ પર આવી ચડીએ. અજ્ઞાન, અચેતનતા, અસલ અંધકારમય અચિત કે જે ભૌતિક પ્રકૃતિનો અસલ આધાર છે, જે આપણાં મન અને પ્રાણની સર્વ શક્તિઓને ઘેરી વળેલ છે, તેમાં ઓતપ્રોત થઈ ગએલ છે અને તેમને સાંકડી મર્યાદાઓમાં જકડી રાખે છે, અને જે ધીમે ધીમે અધ-કચરાં જ્ઞાન પ્રત્યે ગતિ કરી રહેલ છે, તેમનો ત્યાં ઓછાયો સરખો પણ નથી; કારણકે ત્યાં તો એક નિર્ભેળ અને યથાતથ ઋત-ચેતના એ જ

છે સર્વ અસ્તિત્વનો મૂળ-પદાર્થ, તેનો શુદ્ધ, આધ્યાત્મિક તાણો-વાણો. હજી તો આપણે અજ્ઞાનનાં – ભલે ને આલોકિત કે ઝળહળતાં અજ્ઞાનનાં-યંત્રચક્રોમાં ફરતા હોઈએ અને છતાં માની લઈએ કે આપણે એ અતિમનસ અવસ્થા મેળવી લીધી છે તો આપણે આપણી જાતને કાં તો ભયંકર જોખમ-વાળા ગેર-રસ્તે દોરી જઈશું કે આપણી ઉત્ક્રાંતિને અટકાવી દઈશું. કારણકે જો આપણે કોઈ નીચલી અવસ્થાને અતિમનસ માની લેવાની ભૂલ કરી હશે તો, સિદ્ધિ માટેની આપણી આંધળી, અહમ-પ્રધાન, ધૃષ્ટતાભરી ઉતાવળના પરિણામે, આવી પડતાં જોખમો, કે જે આપણે જોઈ ગયા છીએ તે વહોરી લઈશું; અને જો કોઈ ઊર્ધ્વ અવસ્થાને સર્વોચ્ચ અતિમાનસિક અવસ્થા માની લીધી હશે તો આપણી સિદ્ધિ હશે તો મોટી જ, છતાં આપણું વિશાળતમ અને પરિપૂર્ણ ધ્યેય પાર નહિ પડે; કારણકે તેથી આપણને લગભગ-સિદ્ધિનો સંતોષ મળશે અને સર્વોચ્ચ રૂપાંતર સરકી જશે. પૂરેપૂરી આંતરિક મુક્તિ અને ઊર્ધ્વ, આધ્યાત્મિક ચેતનાની સિદ્ધિ એ પણ એ સર્વોચ્ચ રૂપાંતર નથી જ; કારણકે તેથી પોતાની રીતે અને તાત્ત્વિક રીતે પરિપૂર્ણ એવી એક અવસ્થા જરૂર સિદ્ધ થશે છતાં આપણા, કરણરૂપ સક્રિય ભાગો તો માત્ર એક આલોકિત, આધ્યાત્મિક મન સુધી જ પહોંચેલા રહેશે, અને વિશાળ શક્તિ અને જ્ઞાન મેળવવા છતાં, મનની માફક જ તેઓ ખામીવાળા રહી જશે, આંશિક કે સ્થાનિક અંધકારના કે ઘેરી વળેલા અસલ અચિતની મર્યાદાઓના ભોગ બનેલા રહેશે.

# ખંડ ૨જો

## પૂર્ણ-જ્ઞાનનો યોગ

પ્રકરણ : ૧

# જ્ઞેય, જ્ઞાનનો ઉદ્દેશ

બધી જ આધ્યાત્મિક સાધનાઓનું જ્ઞેય, ઝંખનાનું લક્ષ્ય હોય છે કોઈક કે કોઈક શાશ્વતતા, અનંતતા, નિરપેક્ષતા કે જેને જાણવા માટે માણસો પોતાની બુદ્ધિ, સામાન્ય રીતે દોડાવતા નથી. જ્ઞાન માટેની સાધનાઓને નાશવંત પદાર્થો કે ક્ષણિક શક્તિ જેવી ઇન્દ્રિય–ગમ્ય વસ્તુઓ જાણવી નથી હોતી,—પછી ભલેને આ નાશવંત પદાર્થો કે શક્તિમાં કે તેમની પાછળ જ પેલી નિરપેક્ષતા છુપાએલી હોય યા તો તેમનું કારણ કે સર્જક પણ હોય. બધી જ સાધનાનું લક્ષ્ય એક એવી જ્ઞાનાવસ્થા હોય છે કે જેમાં આપણે આ શાશ્વતને, અનંતને, નિરપેક્ષને, નામ, રૂપ, પદાર્થ અને ખ્યાલોને જ ઓળખતી આપણી સામાન્ય ચેતના સિવાયની એક બીજી ચેતનાને, આપણે જેને જ્ઞાન કહીએ છીએ તેવાં નહિ પણ એક સ્વયંભૂ, સનાતન, અનંત જ્ઞાનને સ્પર્શી શકીએ, તેમાં પ્રવેશી શકીએ, અથવા તેમાં તદ્રૂપ થઈને તેને જાણી શકીએ. માણસ એક બુદ્ધિશાળી પ્રાણી હોવાથી આપણે જ્ઞાન માટેનાં આપણાં સામાન્ય કરણોથી ભલે શરૂઆત કરીએ, અથવા તો ભલે ફરજિયાત રીતે તેમ કરવું જ પડે, છતાં પણ, એટલી જ ફરજિયાત રીતે આપણે તે કરણોથી પર થવું જ પડે અને ઇન્દ્રિયોથી અગોચર અને મનસાતીત કરણો અને શક્તિઓ આપણે મેળવવાં જ પડે કારણ કે એ જ્ઞેય પોતે જ ઇન્દ્રિયોથી અગમ્ય અને મનથી પર છે, તેમના પ્રદેશની બહાર છે,—અલબત્ત મન અને ઇન્દ્રિય વડે તેની પ્રાથમિક ઝાંખી કે પરોક્ષ પ્રતિબિંબ મળી પણ શકે.

પ્રચલિત યોગ–માર્ગોમાં બીજા ગમે તેટલા મતભેદ હશે પણ તેઓ બધા જ એક એ માન્યતા કે દૃષ્ટિ તો શરૂઆતથી જ સ્વીકારી લે છે કે પેલી સનાતન સત્તા, નિરપેક્ષ અસ્તિત્વ એ વિશ્વથી પરના અસ્તિત્વરૂપ કે અસ્તિત્વમાત્રના અભાવરૂપ એક શુદ્ધ પરાત્પર અવસ્થા જ હોઈ શકે યા તો માત્ર એવી જ અવસ્થામાં તે રહી શકે. આ સમગ્ર વિશ્વવ્યાપી અસ્તિત્વ, અથવા તો આપણે જેને અસ્તિત્વ કહીએ છીએ તે બધું જ અજ્ઞાનની એક અવસ્થા છે. અરે, વ્યક્તિની સર્વોચ્ચ પરિપૂર્ણતા કે વિશ્વની પરમાનંદપૂર્ણ અવસ્થા

એ પણ એક પરમ-અજ્ઞાનના કરતાં વધારે કાંઇ જ નથી. જે કાંઈ વ્યક્તિરૂપ છે, જે કાંઈ વિશ્વરૂપ છે તે સર્વેનો, નિરપેક્ષ સત્યના સાધકે સદંતર ત્યાગ કરવાનો છે. પરમ નિષ્ક્રિય આત્મા યા તો નિરપેક્ષ શૂન્ય એ એક જ સત્ય છે, એ જ માત્ર આધ્યાત્મિક જ્ઞાનનું જ્ઞેય છે. આપણે સિદ્ધ કરવાની છે એ એ જ્ઞાનાવસ્થા ક્ષણિક નહિ એવી એ ચેતના, એ છે નિર્વાણ, અહમ્‌નો લય, મન, પ્રાણ અને શરીરની બધી જ પ્રવૃત્તિઓનો અરે, પ્રવૃત્તિમાત્રનો, અભાવ, એક જ્યોતિર્મય અક્રિયતા, આત્મ-લીન અને અવર્ણનીય એવી, વ્યક્તિત્વ-હીન નિશ્ચલતાનો શુદ્ધ પરમ આનંદ. તેની પ્રાપ્તિનાં સાધન છે ધ્યાન, સર્વ-ત્યાગી એકાગ્રતા, જ્ઞેયમાં મનની વિલીનતા. કર્મની છૂટ ખરી પણ સાધનાની પ્રાથમિક ભૂમિકામાં જ અને સાધકની શુદ્ધિને ખાતર, તેને નૈતિક અને માનસિક રીતે જ્ઞાનને લાયક બનાવવાને ખાતર – વળી, આ કર્મો પણ પૂરેપૂરી શાસ્ત્રોક્ત એવી પૂજા-વિધિનાં કે જીવનની ફરજો અદા કરવાનાં કર્મો જ હોઈ શકે, અથવા તો, બૌદ્ધધર્મમાં જણાવેલ આઠ નિયમોનાં અનુશીલન-રૂપ અનુકમ્પા-ભર્યાં કર્મોનું આચરણ કરી અન્યનાં હિતમાં પોતાનો વિલય સાધી આપનારાં હોવાં જોઈએ. કોઈ પણ ચુસ્ત અને શુદ્ધ જ્ઞાનયોગમાં સંપૂર્ણ નિષ્ક્રિયતાની સિદ્ધિને ખાતર કર્મ-માત્રનો સમૂળગો ત્યાગ અનિવાર્ય છે. કર્મોથી મોક્ષની ભૂમિકા રચાય ખરી, પણ મોક્ષ મળે નહિ. કર્મોને કાયમ વળગી રહેવું એ સર્વોચ્ચ પ્રગતિ સાથે બંધબેસતું નથી; અને આધ્યાત્મિક ધ્યેયની સિદ્ધિમાં તે અનુલ્લંઘનીય અંતરાય પણ થઈ પડે. નિષ્ક્રિયતાની સર્વોચ્ચ અવસ્થા એ તો સક્રિયતાના સમૂળગા વિરોધરૂપ છે. કર્મનો આગ્રહ રાખનારા તે પામી શકે નહિ. અને ભક્તિ, પ્રેમ, પૂજા એ સર્વે પણ અપરિપક્વ આત્માની સાધના છે; એ, ઉત્તમ રીતે અજમાવીએ તોપણ, અજ્ઞાનની જ ઊંચી પદ્ધતિઓ છે. કારણકે જે આપણે પોતે નથી, જે આપણા કરતાં વધારે ઉચ્ચ અને વિશાળ છે તેવા કોઈકને તે સમર્પણ કરવામાં આવે છે; પણ સર્વોચ્ચ જ્ઞાનાવસ્થામાં તો આ અશક્ય જ છે કારણકે ત્યાં તો માત્ર ‘એક’-ની જ હયાતી હોય છે, અથવા તો કોઈની પણ હયાતી જ હોતી નથી, અને તેથી ત્યાં નથી હોતો કોઈ આરાધક, કે નથી હોતો, પ્રેમ કે ભક્તિની કોઈ ભેટ ધરનારો અને નથી હોતો એ સર્વેનો કોઈ સ્વીકારનાર. ખુદ વિચારની ક્રિયા પણ તદ્રૂપતાની સાથે કે શૂન્યતાની એકમાત્ર ચેતનામાં લય પામવી જોઈએ અને એ પોતે નિષ્ક્રિય બની જતાં સમગ્ર પ્રકૃતિમાં પણ નિષ્ક્રિયતા વ્યાપી જવી જોઈએ; રહેવી જોઈએ એકમાત્ર નિરપેક્ષ તદ્રૂપતા કે સનાતન શૂન્યતા.

આવો શુદ્ધ જ્ઞાનયોગ બુદ્ધિ દ્વારા સધાય છે,– જો કે છેવટે તો, બુદ્ધિ અને તેની ક્રિયાઓથી પરના પ્રદેશમાં એ પહોંચી જાય છે. આપણામાં રહેલો ચિંતક આ નામ–રૂપવાળી ઘટનામાંથી પોતાને અલગ કરી નાખે છે, લાગણીઓનો પરિત્યાગ કરે છે, પ્રાણ અને ઇન્દ્રિયોમાંથી પાછો હઠી જાય છે, શરીરથી અલગ બની જાય છે; તે એટલા માટે કે પોતે ખુદ પોતાની જાત અને ક્રિયાઓથી પણ પરની અવસ્થા પામીને પોતાની આગવી કૃતાર્થતા પ્રાપ્ત કરે. આ પદ્ધતિના પાયામાં સત્ય છે જ, કારણકે તેને અનુમોદન આપતી અનુભૂતિ પણ છે જ. એક એવું સારભૂત તત્ત્વ છે કે જેનો સ્વભાવ જ નિષ્ક્રિયતા છે, જે સમગ્ર જાતની નીરવતાનો એક એવો અધિષ્ઠાતા છે કે જે ખુદ પોતાનાં જ ઘાટ–ઘડતરો અને ફેરફારોથી પર છે, જે અવિકારી રહે છે અને તેથી બધી જ પ્રવૃત્તિઓ (કે જેનો તે બહુ બહુ તો સાક્ષી બને છે) તેનાથી તે ઊર્ધ્વમાં રહે છે. અને આપણી માનસિક ક્રિયાઓની સીડીમાં વિચારશક્તિનું સ્થાન આ નિષ્ક્રિય આત્મતત્ત્વની પાસેમાં પાસે છે; સર્વ પ્રવૃત્તિઓને અવલોકવા છતાં તેમનાથી જે અસ્પૃષ્ટ રહી શકે છે એવાં તેનાં પૂર્ણ–સચેતન, જ્ઞાનમય સ્વરૂપની પાસેમાં પાસે તો એ જ છે. આપણામાં રહેલી લાગણી–પ્રધાન, સંકલ્પ–પ્રધાન અને અન્ય શક્તિઓ મૂળમાંથી જ સક્રિય છે, સ્વભાવથી જ પ્રવૃત્તિ–પ્રિય છે, કર્મોમાં જ કૃતાર્થતા અનુભવે છે (જો કે તેઓ પણ પોતાની પ્રવૃત્તિઓથી પૂરો સંતોષ પામી જતાં કે, અવળી રીતે, સતત નિરાશાઓ કે અસંતોષનો ભોગ બનવાથી થાકી જતાં, એક જાતની સ્વાભાવિક નિષ્ક્રિયતામાં સરકી પડે એ શક્ય છે). વિચાર–શક્તિ એ પણ એક સક્રિય શક્તિ છે જ છતાં તે સ્વેચ્છાએ અને આપ–પસંદગીથી નિષ્ક્રિય બની શકવાની શક્તિ સ–વિશેષ ધરાવે છે. આપણી સર્વ પ્રવૃત્તિઓથી પણ ઉપર જેનું સ્થાન છે તેવા, નીરવ સાક્ષી–રૂપ આત્મતત્ત્વનું પ્રકાશપૂર્ણ બૌદ્ધિક દર્શન થતાં આપણી વિચાર–શક્તિ બહુ સરળ રીતે સંતોષ અનુભવે છે અને એ નિષ્ક્રિય આત્માનું એક વાર દર્શન થતાં, પોતાનું સત્યની શોધનું કાર્ય પૂરું થયું માની તે આરામ લેવા અને પોતે પણ નિષ્ક્રિય થઈ જવા તૈયાર થાય છે. કારણકે તેની પોતાની વિશિષ્ટ વૃત્તિ તો કર્મોમાં ઉત્સાહથી ભાગ લેવાના કે ધગશભરી મહેનત કરવાના કરતાં વધારે તો, એક બે-પરવા સાક્ષી બનવાની, વસ્તુઓ અવલોકવાની અને તેમનું મૂલ્યાંકન કરવાની હોય છે; તે શાંત અને અનાસક્ત થઈને એક આધ્યાત્મિક કે ચિંતન–પ્રધાન બેપરવાઈ તરત જ સ્વીકારી લઈ શકે છે. અને માણસ એ મન–પ્રધાન જાતિ હોવાથી વિચાર–શક્તિ એ તેમના અજ્ઞાન–નિવારણનું ખરેખરું, ઉત્તમ અને સર્વોચ્ચ નહિ તો પણ સહજ,

સતત અને સચોટ સાધન તો છે જ. તે શ્રવણ, મનન અને નિદિધ્યાસન, એટલે કે માહિતી મેળવવી, વિચારણા કરવી અને સ્થિર ચિત્તે ગંભીર ચિંતન કરવું વગેરે વ્યાપારોને અજમાવી શકે છે તેથી આપણે જેની સાધના કરીએ છીએ તેના સાક્ષાત્કાર માટેનાં અનિવાર્ય સાધનોમાં તેને સર્વોચ્ચ સ્થાન મળેલું છે; અને જો આપણા પ્રવાસમાં એક નાયક તરીકે કે એકમાત્ર ભોમિયા તરીકે, અથવા તો સિદ્ધિ–મંદિરનાં ગર્ભદ્વાર તરીકે તે પોતાનો હક્ક રજૂ કરે તો એમાં નવાઈ પામવા જેવું કાંઈ નથી.

હકીકતમાં, વિચારશક્તિ એ એક માર્ગ–શોધક છે, પુરોગામી છે; તે આંગળી ચીંધી શકે છે, પણ આપણને ઉઠાવી જઈ શકતી નથી કે સિદ્ધિ આપી શકતી નથી. આપણા પ્રવાસનો નાયક, આપણો સેનાપતિ, આપણા યજ્ઞનો આદ્ય પુરોહિત તો છે તપસ્, સંકલ્પ–શક્તિ. આ પરમ સંકલ્પ–શક્તિ એ નથી હૃદયની કામના કે નથી મનની માગણી કે વરણી કે જેમને આપણે મોટે ભાગે એ પદવી આપી દઈએ છીએ. એ તો છે આપણી પોતાની, અને અન્ય સર્વેની, જાતમાં ખૂબ ઊંડે, છતાં જોરદાર અને બહુધા છુપાઈ રહેલી સચેતન શક્તિ, તપસ્, શક્તિ, શ્રદ્ધા, કે જે આપણી દશા અને દિશાની અંતિમ નિર્ણાયક છે; અને બુદ્ધિ અને હૃદય એ તો વધારે કે ઓછા અંધ અને યંત્રવત્ એવા એના સેવકો અને સાધનો છે. આત્મા કે જે નિષ્ક્રિય છે, નિશ્ચલ છે, પદાર્થ અને પ્રસંગોથી મુક્ત છે એ જ છે અસ્તિત્વનો આધાર અને ભૂમિકા, એ જ છે કોઈક સર્વોપરિતાનું એક નીરવ વાહન કે તેના પ્રતિનિધિરૂપ અંશ. એ પોતે જ એકમાત્ર પૂરેપૂરું સાચું અસ્તિત્વ નથી, પોતે જ સર્વોચ્ચ સત્ય નથી. શાશ્વત, સર્વોચ્ચ સત્ય તો છે ઈશ્વર અને, સર્વનું આદિ કારણ, આત્મતત્ત્વ. સર્વે પ્રવૃત્તિઓથી પર અને અબાધિત એવુ એ આત્મતત્ત્વ તો છે પ્રવૃત્તિમાત્રનું ઉદ્ભવસ્થાન, તેમને માટેની અનુમતિ અને સામગ્રી અને કાર્યસાધક શક્તિ, અને તેમનો સ્વામી. સર્વે પ્રવૃત્તિઓ આ પરમ–આત્મામાંથી જ નીસરે છે અને તેના વડે જ નિશ્ચિત થાય છે; સર્વ કાંઈ તેની જ ક્રિયાઓ છે, તેની પોતાની જ સચેતન–શક્તિની પ્રક્રિયાઓ છે,– અને નહિ કે કોઈ આત્માથી અજાણ્યુ તત્ત્વની, કે આ આત્મતત્ત્વ સિવાયની બીજી કોઈ શક્તિની. આ બધી પ્રવૃત્તિઓમાં તો વ્યક્ત થાય છે, અનંત રીતે પોતાની જાતને પ્રગટ કરતા આત્મતત્ત્વનું સચેતન તપસ્, મહાશક્તિ, એક એવી પરમ સંકલ્પ–શક્તિ કે સામર્થ્ય કે જે જરા પણ અબુધ નથી, પણ પોતાના આત્મજ્ઞાનની સાથે તેમ જ પોતે જેનું સર્જન કરવાની છે તેના પણ જ્ઞાન સાથે એકરૂપ છે. અને આ જ મહાશક્તિમાંથી એક વ્યક્તિ-

ભૂત કરણ પણ સર્જએલું છે; એ છે આપણી જાતમાં રહેલ એક ગુપ્ત આધ્યાત્મિક સંકલ્પ અને આત્મ–શ્રદ્ધા તથા આપણી પ્રકૃતિમાં રહેલ એક સત્તા–શીલ ગુપ્ત સામર્થ્ય; તે સર્વોપરિ સત્તાના વધુ નિકટના સંપર્કમાં હોવાથી, જો એક વાર પણ તેને પામી શકાય અને પકડી રાખી શકાય તો આપણી વિચાર–શક્તિની છીછરી ક્રિયાઓના કરતાં એ વધુ વિશ્વાસ–પાત્ર માર્ગ–દર્શક અને પ્રબોધક બને છે, કારણકે સર્વ–વ્યાપી અને નિરપેક્ષ પરમ સત્યના તે વધારે ઊંડા સંપર્કમાં અને વધારે ઘનિષ્ઠ સામિપ્યમાં છે. આપણી જાતમાં તેમ જ સમગ્ર વિશ્વમાં રહેલ આ સંકલ્પને જાણવો અને તેના અંતિમ દિવ્ય અંજામ સુધી–તે અંજામ ગમે તે હોય છતાં પણ–તેને અનુસર્યે જવું એ જ માત્ર હોઈ શકે (શું જીવનમાં કે શું યોગમાં) કર્મોનો તેમ જ જ્ઞાનનો પણ ઊંચામાં ઊંચો માર્ગ અને સાચામાં સાચું લક્ષ્ય.

વિચાર–શક્તિ એ પ્રકૃતિનું સૌથી ઊંચું કે બળવાન અંગ નથી, કે નથી પરમ સત્યની એકમાત્ર કે ગહનતમ સૂચિ; તેથી તે ન તો પોતાનો એકલપેટો સંતોષ શોધી શકે ન તો એવા સંતોષને સર્વોચ્ચ જ્ઞાન–પ્રાપ્તિની નિશાની ગણી શકે. તેને હૃદય, પ્રાણ અને અન્ય ભાગોના, અમુક હદ સુધીના, નેતા તરીકે સ્થાન મળેલું છે પણ તેથી કાંઈ તે તેમના પોતાના સ્થાને બેસી જઈ ના શકે; પોતાનું અંતિમ સુખ શેમાં છે તે તેણે શોધવાનું છે જ, પણ સાથે સાથે તેણે એ પણ શોધવાનું જ છે કે આ બીજાં અંગોનું પોતાનું પણ કાંઈ અંતિમ સુખ છે કે નહિ. જો સર્વોપરિ તપઃશક્તિ આ વિશ્વમાં કાર્ય કરી રહેલ છે તેનો હેતુ જો માત્ર એટલો જ હોત કે અંધ બનાવતું અને કેદમાં રાખતું મનતત્ત્વ પોતાના ભ્રામક ખ્યાલ અને ઇન્દ્રિય–જ્ઞાન દ્વારા જેનું સંચાલન કરે છે તેવી અજ્ઞાનમય પ્રવૃત્તિઓમાં નીચે ઊતરી આવવું અને પછી પ્રકાશ–દાતા અને ઉદ્ધારક બનેલું એ જ મનતત્ત્વ સાચા વિચારો દ્વારા જેનું સંચાલન કરે છે એવી જ્ઞાનમય નિષ્ક્રિયતામાં આરોહણ કરી જવું તો તો શુદ્ધ વિચાર–શક્તિનો એકાંગી જ્ઞાન–માર્ગ વાજબી લેખાત. પણ એ પૂરેપૂરું શક્ય છે કે: આ દુનિયામાં એના કરતાં વધારે અર્થવાળું અને મોટા ધ્યેયવાળું લક્ષ્ય છે; નિરપેક્ષ સત્ય પ્રત્યેની ઓછી શુષ્ક અને ઓછી હવાઈ પ્રેરણા છે; વધારે વિશાળ અને વધારે સંકુલ સત્ય છે; અનંતતાની વધારે સમૃદ્ધિસભર અનંત ઊર્ધ્વતા છે. હવાઈ તર્ક–શક્તિને પરિણામે તો, જૂનાં દર્શનોથી મળી તેવી જ અનંત પોલી "ના" જ મળે અથવા તો મળે તેવી જ અનંત ખાલી "હા". કારણકે અમૂર્ત બનીને તે એક નિરપેક્ષ અમૂર્તતાની શોધ કરે છે; અને આ બે જ એવી અમૂર્તતાઓ છે કે જે

નિરપેક્ષ રીતે નિરપેક્ષ છે. પણ સંભવ તો એ છે કે દિવ્ય અતિ-માનવ જ્ઞાનની આવીરૂપ તો છે એક નક્કર હર-હંમેશ અગાધ બની રહેલ, પ્રજ્ઞા કે જે અનંત અનુભૂતિની વધુ ને વધુ સમૃદ્ધિની અપેક્ષા કરી રહી છે; સાંકડાં, અસમર્થ માનવ-મનની ધૃષ્ટ, અમૂર્ત તર્ક-શક્તિ એ આવી હોવાનો સંભવ નથી. હૃદય, સંકલ્પશક્તિ, પ્રાણ અને ખુદ શરીર એ પણ વિચાર-શક્તિનાં જેવાં જ દિવ્ય ચિન્મય-પુરુષનાં સ્વરૂપો છે, મહાન અર્થ-સભરતાનાં સૂચકો છે. આ બધાંમાં પણ એવી શક્તિ છે જ કે જેના વડે આત્મા પોતાની પૂર્ણ આત્મ-સચેતનતામાં ફરી પ્રવેશી શકે કે જેના વડે તે તેને માણી શકે. સર્વોપરિ સંકલ્પ-શક્તિનું લક્ષ્ય તો એક એવી ચરમ અવસ્થા પણ હોઈ શકે કે જેમાં સમગ્ર જાતને પોતાનો દિવ્ય સંતોષ મળવાનો હોય, જેમાં સર્વોચ્ચતા, ઊંડાણોને પ્રકાશિત કરવાની હોય, કે જેમાં સર્વોચ્ચ અતિ-ચેતનાના સ્પર્શ વડે ભૌતિક અચેતનતા પોતાને ભગવાન તરીકે પિછાની શકવાની હોય.

પ્રચલિત જ્ઞાનયોગ "નેતિ" "નેતિ"ને માર્ગે આગળ વધે છે અને શરીર, પ્રાણ, ઇન્દ્રિયો, હૃદય અને ખુદ વિચારોનો પણ અસ્વીકાર કરે છે કે જેથી નિષ્ક્રિય બ્રહ્મમાં, કે પરમ શૂન્યતામાં, કે નિરાકાર નિરપેક્ષતામાં લય પામી શકાય. પૂર્ણ-જ્ઞાનના યોગમાં એમ માનવામાં આવે છે કે આપણું નિર્માણ સર્વાંગી આત્મ-કૃતાર્થતા છે અને જે એકમાત્ર વસ્તુ તજવાની છે તે છે આપણી પોતાની અચેતનતા, અસલ અજ્ઞાનમયતા અને તેના ફણગાઓ. અહમ્ સ્વરૂપે ઊઠેલી આપણી જાતની અસત્યતાને તજી દો; તો પ્રગટી ઊઠે આપણામાં આપણી સત્ય જાત. માત્ર પ્રાણની ભૂખ અને શરીરની યંત્રવત્-તાના સ્વરૂપે ઊઠેલી જીવનની અસત્યતાને તજી દો; તો પ્રગટ થશે દેવતાની શક્તિ અને અનંતતાના આનંદમાંનું આપણું સત્ય જીવન. ભૌતિક આભાસોનાં દાસત્વ અને દ્વંદ્વાત્મક સંવેદનો સાથેની ઇન્દ્રિયોની અસત્યતાને તજી દો; અને તૈયાર રહેલી છે જ વસ્તુમાત્રમાં રહેલ દિવ્યતાને તેમની દ્વારા દેખાડી દેતી અને દિવ્ય રીતે તેમનો પ્રત્યુત્તર વાળતી એક સાચી સૂઝ. મલિન કામ-નાઓ અને વાસનાઓ તેમજ દ્વંદ્વાત્મક ભાવો સાથેની હૃદયની અસત્યતાને તજી દો; અને ખૂલી ઊઠશે પ્રાણીમાત્ર માટેના દિવ્ય પ્રેમથી અને અનંત-પ્રભુને પ્રત્યુત્તર દેતા અનંત આવેગ અને ઝંખનાથી ભરેલું આપણું ગહન હૃદય. અપૂર્ણ માનસિક વિધાનો, ઉદ્ધત ઇન્કારો અને સ્વીકારો, સાંકડી અને અટૂલી એક-પ્રિયતાઓ સાથેની વિચારશક્તિની અસત્યતાને તજી દો; અને પાછળ તૈયાર જ ઊભેલું છે પરમ જ્ઞાનનું એક મહાન કરણ કે જે પરમા-ત્માનાં, અને આત્માનાં અને પ્રકૃતિનાં સાચાં સત્યને ખોલી આપશે. એક

સર્વાંગી સાર્થકતા, એ છે: એક નિરપેક્ષતા, હૃદયની અનુભૂતિઓને, પ્રેમ, આનંદ, ભક્તિ અને આરાધના-ભરી તેની સહજ-પ્રેરણાને મળતી એક ચરમ અવસ્થા; એક નિરપેક્ષતા, ઇન્દ્રિયોને, પદાર્થોનાં સ્વરૂપમાં રહેલ દિવ્ય સૌંદર્ય, સ-રસતા અને આનંદ માટેની તેમની શોધને મળતી એક ચરમ અવસ્થા; એક નિરપેક્ષતા, જીવનને, તથા કર્મો માટેની દિવ્ય સામર્થ્ય, પ્રભુત્વ અને પરિપૂર્ણતા માટેની તેની ઝંખનાને મળતી એક ચરમ અવસ્થા; એક નિરપેક્ષતા, વિચાર-શક્તિને, સત્ય અને પ્રકાશ અને દિવ્ય પ્રજ્ઞા અને જ્ઞાન માટેની તેની સર્વ મર્યાદાઓની પણ પેલે પારની તેને મળતી એક ચરમ અવસ્થા. આપણી પ્રકૃતિમાં રહેલી આ સર્વે વસ્તુઓનો અંત કોઈક એવી પરાયી વસ્તુ નથી કે જેમાંથી તેઓ તણાઈ ગએલી હોય; પણ એ તો છે એક સર્વોચ્ચતા કે જેમાં તેઓ, પોતાની જાતને ઓળંગી જઈને આરોહણ કરશે અને, સાથે સાથે, જેમાં પોતાની જ નિરપેક્ષતાઓ અને અનંતતાઓ અને અમાપ સંવાદિતાઓને પ્રાપ્ત કરશે.

પ્રચલિત જ્ઞાન-યોગની તેમ જ તેની "નેતિ" "નેતિ" અને દૂર હઠવાની પદ્ધતિની પાછળ રહેલી છે તેને વાજબી ઠરાવતી એક, અજબ પ્રભુત્વવાળી આધ્યાત્મિક અનુભૂતિ, ચંચળ મનના સ્તરને અમુક હદે વટાવી જઈને ક્ષિતિજ-વિહોણા આંતરિક અવકાશમાં જેમણે પ્રવેશ કર્યો છે તેઓ સર્વેએ અનુભવેલ આ છે એક ગહન, તીવ્ર, એકદમ સાચી લાગી જતી, મુક્તિની મહાન અનુભૂતિ; એ છે: આ વિશ્વ અને તેનાં સર્વ સ્વરૂપો, વૃત્તિઓ, હેતુઓ, પ્રસંગો, અને બનાવોની પેલે પાર અને છતાં તેમની પાછળ આવેલી કોઈ એક શાંત અલિપ્ત બે-તમા, અમર્યાદ, અવિચલિત, મુક્ત એવી વસ્તુની આપણી અંદર સચેતનતા; વળી, જે છે: આપણા વ્યક્તિત્વનો લય કરીને આપણે જેમાં પ્રવેશ કરી શકીએ તેવી, આપણાથી ઉપર રહેલ, અવર્ણનીય, અગ્રાહ્ય એવી કોઈ એક વસ્તુ પ્રત્યેની ઊર્ધ્વ દૃષ્ટિ; એક સર્વ-વ્યાપી સનાતન સાક્ષી-પુરુષની સંનિધિ; આપણા સમગ્ર અસ્તિત્વના એક ભવ્ય ઇન્કારના ઉચ્ચ આસનેથી આપણને નિહાળી રહેલ અને જે પોતે જ એકમાત્ર પરમ સત્ય છે એવી અનંતતા કે કાળ-વિહીનતાનું ભાન. આ અનુભૂતિ છે, ખુદ પોતાના જ અસ્તિત્વની પણ પેલે પાર મક્કમતાથી નિહાળતાં, આધ્યાત્મિક બનેલાં મનનું સર્વોચ્ચ ઊર્ધ્વીકરણ. મુક્તિની આ અવસ્થાની આરપાર જેઓ ના જઈ શકે તેઓ મન અને તેનાં જાળાંઓમાંથી પૂરેપૂરા છટકી ના શકે; પણ આ જ અનુભૂતિમાં કાયમ માટે વિચારવાનું કાંઈ અનિવાર્ય નથી. આ અનુભૂતિ છે તો મહાન જ; તો ય એ છે

મનતત્ત્વની પોતાની જ એક એવી પ્રચંડ અનુભૂતિ કે જેમાં, તે પોતે જે કાંઈ છે અને ધારી શકે છે તે સર્વની પેલે પારની અવસ્થા તે અનુભવે છે એ છે એક પરમ નકારાત્મક અનુભૂતિ; પણ તેની ય પેલે પાર છે એક અનંત પરમ ચેતનાનો એક અમર્યાદ પરમ જ્ઞાનનો, એક અસ્મિતા-સભર નિરપેક્ષ સંનિધિનો પ્રચંડ પ્રકાશ.

આધ્યાત્મિક જ્ઞાનનું લક્ષ્ય છે બ્રહ્મ, ભગવાન અનંત અને નિરપેક્ષ, આ બ્રહ્મનો વ્યક્તિ સાથે સંબંધ છે અને વિશ્વ સાથે પણ છે, અને એ એ બંનેથી, આત્મા અને વિશ્વથી, પર પણ છે. વ્યક્તિ કે વિશ્વ જેવાં દેખાય છે તેવાં નથી, કારણકે આપણને તેના વિશે કહેનાર છે આપણું મન અને ઇન્દ્રિયો; અને જ્યાં સુધી તેઓ પોતે જ ઊર્ધ્વ અતિમાનસિક અને અતિ-ઇન્દ્રિય શક્તિ વડે આલોકિત ના થયાં હોય ત્યાં સુધી તેમનું કહેણ ખોટું, તેમનાં વિધાનો અપૂર્ણ, અને તેમના આંકડા સાંકડા અને ખોટા હોય છે. અને છતાં વ્યક્તિ અને વિશ્વના આ આભાસ છે તો તેમની યથાર્થતાની રજૂઆત જ; એ રજૂઆત, રજૂઆતની પાછળ જે યથાર્થતા છે તેનો જ નિર્દેશ કરે છે. આપણું મન અને ઇન્દ્રિયો જે વાત કહે તેમાં સુધારો કર્યે જવાથી સત્યની શરૂઆત થાય છે; શરૂઆતમાં આ સુધારો થાય છે તેજસ્વી બુદ્ધિનાં કાર્યથી કે જે, શક્ય તેટલે અંશે, અજ્ઞાની ઇન્દ્રિય-પ્રધાન મન અને મર્યાદિત ભૌતિક બુદ્ધિનાં વિધાનો પર પ્રકાશ પાડે છે અને તેમને સુધારે છે; આપણાં માનવ-જ્ઞાન અને શાસ્ત્રો આમ જ રચાય છે. પણ તેનાથી પર પણ એક એવું જ્ઞાન છે, ઋત-ચેતના છે કે જે આપણી બુદ્ધિના કરતાં અતિ વિશાળ છે અને જે, બુદ્ધિ પોતે જેનું એક વક્ર કિરણ છે તે શુદ્ધ પ્રકાશમાં આપણને લઈ જાય છે. ત્યાં કેવલ વિચાર-શક્તિના શુદ્ધ સિદ્ધાંતો અને મનનાં વિધાનો અદૃશ્ય થઈ જાય છે અથવા તો નક્કર આત્મ-દર્શનમાં અને આધ્યાત્મિક અનુભૂતિની પ્રબળ યથાર્થતામાં બદલાઈ જાય છે. આ જ્ઞાન નિરપેક્ષ અનંત બ્રહ્મ તરફ અભિમુખ અને આત્મા તથા વિશ્વથી વિમુખ પણ થઈ શકે; પણ એ, એ અસ્તિત્વને પેલી અનંતતામાં રહીને નિહાળી પણ શકે. અને જ્યારે એ પ્રમાણે બને ત્યારે સમજાય છે કે મન અને ઇન્દ્રિયોનું અજ્ઞાન અને માનવજીવનની દેખીતી સર્વ નિરર્થકતાઓ એ કાંઈ સચેતન પુરુષની નિરર્થક રખડપટ્ટીઓ કે આળસ-ભરી ભૂલો નહોતી. એ તો હતી અનંતમાંથી આવેલ આત્માની અભિવ્યક્તિ માટેની ખરબચડી ભૂમિકા, વિશ્વમાં પોતાની જાત ખોલ્યે જવા માટેનો અને વિશ્વને બાથમાં લેવા માટેનો ભૌતિક પાયો. એ તો સાચું જ છે કે અહીં જે કાંઈ છે તેનો પોતાનો કાંઈ જ સ્વતંત્ર અર્થ નથી; અને

તેમનો સ્વતંત્ર, અલગ અર્થ બેસાડી દેવો એ ભ્રમ છે, માયા છે. પણ પરમાત્મામાં તેમનો પરમ અર્થ છે, નિરપેક્ષ બ્રહ્મમાં તેમની નિરપેક્ષ શક્તિ છે; અને તેથી જ તેમની અત્યારની સાપેક્ષ કિંમત છે અને પરમ સત્ય સાથે તેમનો સંબંધ છે. આ જ છે ગહન રીતે પૂર્ણ અને સંપૂર્ણ રીતે આત્મીય એવાં આત્મ-જ્ઞાન અને વિશ્વ-જ્ઞાનનો પાયો.

વ્યક્તિ અને પરમાત્માનો સંબંધ જોતાં પરમાત્મા એ જ આપણી સાચી અને સર્વોચ્ચ જાત છે; આપણાં સાચાં સ્વરૂપે છેવટે તો આપણે એ જ છીએ; આ પ્રગટ પ્રકૃતિમાં આપણે જે છીએ તે એ જ છે. આપણી સાચી જાતની શોધમાં ઊપડેલાં આધ્યાત્મિક જ્ઞાને, પ્રચલિત જ્ઞાનયોગની રીતે ગેર-રસ્તે દોરતા સર્વે આભાસોનો ઇન્કાર કરવો જ જોઈએ. તેને સમજાઈ જવું જોઈએ કે શરીર એ કાંઈ આપણી અસલ જાત નથી; એ તો છે અનંત-પ્રભુનો ઇન્દ્રિય-ગ્રાહ્ય ઘાટ. ' જડ તત્ત્વ એ દુનિયાનો એકમાત્ર આધાર છે, અને ભૌતિક મગજ, અને જ્ઞાનતંતુઓ અને કોષો અને અણુઓ એ આપણી અંદરની બધી જ વસ્તુઓનું એકમાત્ર સત્ય છે ' એવો અનુભવ ( કે જે ભૌતિકવાદનો ભાર-ભર્યો અને અ-પૂરતો પાયો છે ) તે એક ભ્રમ છે, પૂર્ણ ગણાએલું અડધું દશ્ય છે, પ્રકાશવંતા પદાર્થના ખોટા ખ્યાલવાળું વસ્તુઓનું અંધારું તળિયું કે પડછાયો છે, પૂર્ણાંક ગણાઈ ગએલો શૂન્યનો ઉપયોગી આંકડો છે. ભૌતિકવાદના ખ્યાલમાં ભૂલ એ છે કે એ સર્જનને સર્જક શક્તિ માની લે છે, અભિવ્યક્તિનાં સાધનને અભિવ્યક્ત્ય અને અભિવ્યક્તા માની લે છે. જડ તત્ત્વ અને આપણું મગજ અને જ્ઞાનતંતુઓ અને શરીર એ તો એક પ્રાણ-શક્તિનાં કાર્ય માટેની ભૂમિ અને આધાર છે; અને આ પ્રાણ-શક્તિ તો આત્માને, તેનાં કાર્ય માટેનાં ખોળિયાં સાથે સાંકળી આપે છે અને તેમને પોતાની સીધી જ કાર્ય-શક્તિથી નિભાવ્યે રાખે છે. ભૌતિક ક્રિયાઓ એ, અનંત પ્રભુનાં કેટલાંક સત્યોની અનુભૂતિઓને રજૂ કરતી, અને પદાર્થતત્ત્વમાં તેમને સાકાર કરતી આત્માની બાહ્ય નિશાનીઓ છે; એ સર્વે એક ભાષા છે, નિશાનીઓ છે, ચિત્રલિપિ છે, સંજ્ઞા-પદ્ધતિ છે; તેઓ પોતે, તે વ્યક્ત કરે છે તે વસ્તુઓના ખૂબ ઊંડા, અને તદ્દન સાચા, અર્થ નથી.

તો વળી પ્રાણ, એટલે કે મગજ, નાડીઓ અને શરીરમાં કાર્ય કરી રહેલ જીવન-શક્તિ, પ્રાણ-શક્તિ એ પણ આત્મા નથી; એ એક શક્તિ છે પણ અનંત પ્રભુની સમગ્ર શક્તિ નથી. ' જડ તત્ત્વને કરણ તરીકે કામે લગાડતી પ્રાણ-શક્તિ એ વસ્તુમાત્રનો પાયો, મૂળ અને સાચી સમગ્રતા છે ' એવી

અનુભૂતિ (કે જે પ્રાણવાદનો તરવરતો ચંચળ પાયો છે) એ એક ભ્રમ છે, પૂર્ણ ગણાએલું અર્ધું દશ્ય છે, સમગ્ર સમુદ્ર અને તેનાં અપાર પાણીનો ખોટો ખ્યાલ આપતી કિનારા પરની ભરતી છે. પ્રાણવાદી પકડે છે તો એક પ્રબળ વસ્તુને પણ એ બાહ્ય વસ્તુને અસલ તત્ત્વ માની લે છે. પ્રાણશક્તિ એટલે પ્રાણ-શક્તિથી પર એવી એક ચેતનાનું ક્રિયાત્મક સ્વરૂપ. એ ચેતના અનુભવાય છે અને તે કાર્ય પણ કરે છે, પણ આપણાં અત્યારનાં સર્વોચ્ચ શિખર-રૂપ મનતત્ત્વના સ્તર પર પહોંચીએ નહિ ત્યાં સુધી આપણી સમજને એ એક સત્ય નથી લાગતી. મનતત્ત્વ ભાસે છે તો પ્રાણનું જ સર્જન પણ, હકીકતમાં, પ્રાણતત્ત્વ પોતે જે છે તથા તેની પાછળ જે કાંઈ છે તેની એ એક બાહ્ય સમજ, ઇન્દ્રિય છે (પણ બાહ્ય જ, અંતિમ નહિ), અને તેનાં રહસ્યનું વધારે સચેતન નિરૂપણ છે; મનતત્ત્વ એ એક અભિવ્યક્તિ જરૂર છે, પણ પ્રાણતત્ત્વની નહિ, પણ પ્રાણતત્ત્વ પોતે જેની એક અલ્પ-પ્રકાશિત અભિવ્યક્તિ છે તેવા એક તત્ત્વની.

પણ તો ય મનતત્ત્વ, આપણી માનસિકતા, આપણું ચિંતન-શીલ, સમજશીલ અંગ એ પણ આપણો આત્મા નથી, એ "એ" નથી, આપણો આદિ કે અંત નથી; એ તો અનંતતામાંથી આવેલો અર્ધ-પ્રકાશ છે. 'મન એ વસ્તુઓ અને વસ્તુઓના આકારનું સર્જક છે તથા આ વસ્તુઓ અને આકારો મનતત્ત્વમાં જ વસે છે એવો અનુભવ (કે જે આદર્શવાદનો બારીક અને સૂક્ષ્મ પાયો છે) એ પણ એક ભ્રમ છે, પૂર્ણ ગણાએલું અર્ધ-દશ્ય છે, બળબળતા સૂર્ય અને તેની પ્રભાનું આદર્શ સ્વરૂપ બની બેઠેલું એક ઝાંખું વક્ર કિરણ છે. આ આદર્શવાદી ખ્યાલ પણ અસલ તત્ત્વને પકડી શકતો નથી કે અડકી પણ શકતો નથી; એ અડકે છે પ્રકૃતિના એક નિમ્ન ગુણને. મન એટલે મનોમયતાથી મર્યાદિત નહિ, પણ તેનાથી પર, એવા એક સચેતન અસ્તિત્વનો શંકાસ્પદ, અને બાહ્ય, પ્રકાશ-મિશ્ર પડછાયો. પ્રચલિત જ્ઞાનયોગ આ સર્વનો ઇન્કાર કરીને એક સ્વયં-જાગ્રત, સ્વયં-આનંદપૂર્ણ, મન, પ્રાણ અને શરીરથી મુક્ત એવી શુદ્ધ, સચેતન સત્-તાનો ખ્યાલ અને સાક્ષાત્કાર પામે છે; વળી તે, આત્માની, આપણા અસ્તિત્વના અસલ તત્ત્વની, પોતા-પણાની, આત્મ-પ્રકૃતિની નક્કર અનુભૂતિ કરે છે. આમ, છેક છેવટે, એક એવી વસ્તુ તો જરૂર મળે છે કે જેના કેન્દ્રમાં સત્ય છે; પણ એમ કરવા જતાં જે ઉતાવળ કરવામાં આવે છે તેનાં પરિણામે એ જ્ઞાન એમ સ્વીકારી લે છે કે ચિંતનશીલ મન અને સર્વોચ્ચ સત્-તા, એ બેની વચ્ચે બીજું કાંઈ જ નથી, બુદ્ધિથી ઉપર "એ" જ છે, बुद्धेः परतस्तु सः અને

પછી બંધ આંખે સમાધિસ્થ થઈ, વચ્ચે આવી રહેલા આત્મ–પ્રદેશના વિશાળ અને ઝળહળતા અંતરિયાળ સ્તરો પર નજર સરખી નાખ્યા વિના તેમને ઉતાવળથી પાર કરી જવાનો પ્રયત્ન કરે છે. તેથી તેનું લક્ષ્ય તો કદાચ સિદ્ધ થઈ જતું હશે, પણ મળે છે તો છેવટે અનંતતામાં શાંત નિદ્રા. અથવા તો, જાગ્રત રહે તોપણ, એ તો છે પરમ પ્રભુની એક એવી સર્વોચ્ચ અનુભૂતિ કે જેમાં આત્મ-વિલય પામેલું મન પ્રવેશ કરી શકે, પણ એ નથી હોતી પરમ-પ્રભુથી પરની, પરાત્પર અવસ્થા. મન જેને જાણી શકે છે એ તો હોય છે માત્ર, મનોમય બનેલ આધ્યાત્મિક ઝાંખપમાં દેખાતો આત્મા, મનમાં પ્રતિબિંબિત થતો સચ્ચિદાનંદ. સર્વોચ્ચ સત્ય, પૂર્ણ આત્મ-જ્ઞાન આમ, નિરપેક્ષતામાં સ્વયં–સ્વીકૃત અંધ ભૂસકાથી ના મળે; એ તો મળે મનની પેલે પાર ઋત–ચેતનામાં ધીરજભર્યો પ્રવાસ કરવાથી કે જ્યાં એ નિરપેક્ષ સત્ય, તેની અનંત સમૃદ્ધિની સભરતા સાથે જોઈ, જાણી, અનુભવી શકાય છે. અને ત્યાં આપણને ખબર પડે છે કે આપણે જે છીએ તે આ આત્મા તો એકમાત્ર સ્થિર, તંતુ–રૂપ, શૂન્ય આત્મા નથી પણ એ તો છે એક વિશાળ, શક્તિ–સભર, આત્મતત્ત્વ કે જે વ્યક્તિગત છે, વિશ્વવ્યાપી છે અને પરાત્પર પણ છે, આત્મા અને આત્મતત્ત્વ એ મનના અમૂર્ત સિદ્ધાંતો દ્વારા વ્યક્ત કરી શકાય તેમ નથી; બધા જ ઋષિઓ અને રહસ્ય–વાદીઓનાં પ્રેરણા–જનિત વર્ણનોથી પણ તેની સમૃદ્ધિ, તેના વૈભવનો તાગ લઈ શકાય તેમ નથી.

વિશ્વની નજરે જોતાં પરમતત્ત્વ એ જ છે બ્રહ્મ, એકમાત્ર વાસ્તવિકતા કે જે, વિશ્વમાં રહેલા સર્વ ખ્યાલો, અને શક્તિઓ અને સ્વરૂપોનો આધ્યાત્મિક, ભૌતિક અને સચેતન ઘટક–પદાર્થ માત્ર નહિ પણ તેમનું મૂળ, તેમનો આધાર અને તેમનું માલિક છે; એ જ વિશ્વવ્યાપી અને વિશ્વથી પર આત્મતત્ત્વ છે. આ વિશ્વનો તેનાં જે અંતિમ ઘટકોમાં (એટલે કે પદાર્થતત્ત્વ અને શક્તિ, નામ અને રૂપ, પુરુષ અને પ્રકૃતિ, વગેરે વિભિન્ન ઘટકોમાં) આપણે વિચાર કરી શકીએ તે સર્વને એકત્ર કરવા છતાં, સમગ્ર વિશ્વ પોતે કે તેની સમગ્ર પ્રકૃતિ તેમાં સમાઈ જતી નથી. જે પ્રમાણે આપણે પોતે જે કાંઈ છીએ, તે પરમ આત્માની લીલા અને સ્વરૂપ છીએ, તેની માનસિક, ચૈત્યસિક પ્રાણમય અને શારીરિક અભિવ્યક્તિ છીએ, અને છતાં, મન, પ્રાણ કે શરીરથી અબાધિત છીએ. તે જ પ્રમાણે વિશ્વ પણ એક એવા પરમ અસ્તિત્વની લીલા અને સ્વરૂપ અને વિશ્વવ્યાપી આત્મ–અભિવ્યક્તિ અને પ્રાકૃત–અભિવ્યક્તિ છે કે જે પદાર્થતત્ત્વ અને શક્તિથી અબાધિત છે, ખ્યાલ, નામ અને

રૂપથી અબાધિત છે, પુરુષ અને પ્રકૃતિના મૂળગત ભેદથી અબાધિત છે. આપણો પરમ આત્મા અને આ પરમ અસ્તિત્વ, કે જે વિશ્વ બની બેઠેલું છે, તે બંને એક જ આત્મતત્ત્વ છે, એક જ આત્મા છે, એક જ અસ્તિત્વ છે. વ્યક્તિની પ્રકૃતિ છે વિશ્વમય પરમપુરુષની એક અભિવ્યક્તિ; તેનું આત્મતત્ત્વ છે પરાત્પરનું એક નિઃસરણ. જ્યારે વ્યક્તિને આત્મદર્શન થાય છે ત્યારે એ એ પણ જુએ છે કે તેની સાચી જાત એ કાંઈ આ પ્રાકૃત વ્યક્તિત્વ નથી, આ સર્જિત જાત નથી, પણ એ તો છે અન્ય સર્જન સાથે અને પ્રકૃતિ સાથે સંબંધિત એવો એક વિશ્વવ્યાપી પુરુષ અને તેનું ઊર્ધ્વ પદ છે એક પરમ, પરાત્પર આત્મતત્ત્વનો એક અંશ કે તેનું એક જીવંત મુખ-દ્વાર.

આ પરમ અસ્તિત્વનો આધાર નથી વ્યક્તિ પર, નથી વિશ્વ પર. તેથી આત્મતત્ત્વની આ બે શક્તિઓથી પર થઈને, કે તેમને જતી કરીને પણ, આધ્યાત્મિક જ્ઞાન, કોઈ એક અણિશુદ્ધ પરાત્પરને, કોઈ એક નામથી પર, મનથી અજ્ઞેય, એવી એક સો ટકા નિરપેક્ષતાને પ્રાપ્ત કરી શકે છે. પ્રચલિત જ્ઞાનમાર્ગ વ્યક્તિ અને વિશ્વને જતાં કરે છે; તે જે નિરપેક્ષ તત્ત્વને શોધે છે તેને નથી લક્ષણ, નથી વ્યાખ્યા, નથી સાપેક્ષતા, તે આ નથી, તે તે નથી, ' નેતિ, ' ' નેતિ, ' અને છતાં પણ એમ કહી શકાય કે એ ' એક ' છે, એ અનંત છે, એ અનિર્વચનીય પરમ આનંદ, પરમ ચેતના, પરમ અસ્તિત્વ છે. તે, મનથી અજ્ઞેય તો છે જ, છતાંય આપણી અંગત જાતનો અને વિશ્વ-વ્યાપી નામ અને રૂપનો આશરો લઈને તે બ્રહ્મરૂપ પરમાત્માનો સાક્ષાત્કાર કરી શકાય છે અને એ પરમ-આત્મના સાક્ષાત્કાર વડે આપણે આ અણિશુદ્ધ નિરપેક્ષતા કે જેનું, આપણી ચેતનામાં રહેલું, સાચું સ્વરૂપ, ' સ્વ '-રૂપ એ જ આપણી સાચી જાત છે તેનો પણ અમુક સાક્ષાત્કાર કરી શકીએ છીએ. જો મનને એ પરાત્પર અને અબાધિત નિરપેક્ષતાનો કાંઈ પણ ખ્યાલ પોતાની સમક્ષ ખડો કરવો હોય તો તેણે આવી તરકીબોનો આશરો લેવો જ પડવાનો. પોતે જ બાંધેલી વ્યાખ્યાઓ અને મર્યાદિત અનુભવોમાંથી મુક્ત થવા માટે તેણે ' નેતિ ' ' નેતિ 'નો રસ્તો લીધા વિના છૂટકો નથી; અનંતતામાં પહોંચવા માટે તેણે ધૂંધળી અનિશ્ચિતતામાંથી પસાર થઈ તેને પણ છેવટે છોડવી જ પડશે. કારણકે, પોતાનાં કાર્ય માટે જરૂરી એવાં છતાં, જડ તત્ત્વ કે જીવન કે મન આત્મતત્ત્વનાં પોતાનાં સ્વયંભૂ સત્ય નહિ એવાં વિધાનો અને રજૂઆતોના કેદખાનામાં તે જીવે છે. પણ જો આપણે મનની, અર્ધ-પ્રકાશવાળી સીમાઓ વટાવી જઈને મનથી પરના, અતિ-માનસિક જ્ઞાનના અતિ વિશાળ પ્રદેશમાં પહોંચી જઈએ તો આવી તરકીબો અનિવાર્ય નથી

રહેતી. પરમ અનંતતાની અતિમાનસિક અનુભૂતિ તદ્દન જુદી જાતની, નગદ અને પ્રત્યક્ષ અને જીવંત છે. પરમ નિરપેક્ષતા વ્યક્તિત્વથી પર છે અને બિન-વ્યક્તિત્વથી પણ પર છે, અને છતાં તે અ-પુરુષ અને પરમપુરુષ બંને છે, અને સર્વે પુરુષો પણ એ જ છે. પરમ નિરપેક્ષતા, એકત્વ અને અનેકત્વના ભેદથી પર છે અને છતાં તે અજોડ 'એક' છે અને, વિશ્વોનાં વિશ્વોને ભરનાર અગણિત 'અનેક' પણ એ જ છે. તે ગુણાતીત છે તો વળી નિર્ગુણ શૂન્યતાથી પણ બંધાયા વિના અનંત ગુણ બની બેઠેલો છે. તે વ્યક્તિ-રૂપ આત્મા છે, સર્વાત્મા છે અને તેથી વિશેષ પણ છે, તે નિરાકાર બ્રહ્મ છે અને વિશ્વ-રૂપ પણ છે. તે વિશ્વવ્યાપી આત્મતત્ત્વ છે તોવિશ્વાતીત પણ છે, પરમ ઈશ્વર છે, પરમ આત્મા છે, પરમપુરુષ છે અને પરમ શક્તિ છે; સતત જન્મ ધારણ કરતો સર્વદા જન્મ-હીન છે; અગણિત અંતવાળો અનંત છે; અનેક રૂપધારી એક છે, આંટીઘૂંટીવાળી સરળતા છે; અનેકમુખી એકમુખ છે; શબ્દાતીત શાંતિનો શબ્દ છે; અપૌરુષેય સર્વવ્યાપી પરમપુરુષ છે; પરમ રહસ્ય છે; સર્વોચ્ચ ચેતનામાં સ્વયં પ્રકાશ છે તો વળી નિમ્ન ચેતનામાં પોતાના જ પૂર્ણ પ્રકાશથી આચ્છાદિત સર્વદા અદશ્ય છે. પરિમાણ-પ્રિય મનને માટે આ સર્વ અસાધ્ય વિરોધો છે પણ અતિ-માનસિક ઋત-ચેતનાની સતત દૃષ્ટિ અને અનુભૂતિમાં તો તે સર્વે એકબીજામાં એવાં તો સરળ અને સહજ રીતે અંતર્ગત સ્વાભાવિક છે કે તેઓ પરસ્પર વિરોધી છે એવો વિચાર સરખો પણ અકલ્પનીય પ્રહાર છે. ત્યાં તો માપતી અને કાપતી બુદ્ધિએ ઊભી કરેલી દીવાલોનું નામનિશાન નથી; ત્યાં તો પ્રકાશે છે સરળ અને સુંદર નર્યું સત્ય; અને તે સત્ય સર્વ કાંઈને પોતાની સંવાદિતા અને એકતા અને પ્રકાશની પદવીમાં સજાવી દે છે. ત્યાં ય માપ અને ભેદ રહે તો છે જ પણ ઉપયોગી આંકડા જેવાં; આત્મ-વિસ્તૃત આત્માને બંધ રાખતાં કેદખાનાં જેવાં નહિ.

પરાત્પર નિરપેક્ષ ચેતના અને તેના ફણગા જેવાં વ્યક્તિ અને વિશ્વ એ જ છે અંતિમ અને સનાતન જ્ઞાન. આપણું મન તેને ગમે તેવી વિવિધ રીતે માની-માપી શકે છે, પરસ્પરવિરોધી તત્ત્વ-સિદ્ધાંતો રચી શકે છે, જ્ઞાનને કાતરી-સુધારી શકે છે, આ કે તે પાંસાને ઉપસાવી કે દબાવી શકે છે, તેમાંથી સત્ય તારવી શકે છે કે ભૂલ પણ. વિચાર-શક્તિ અને અનુભવને, જો અંત સુધી આગળ વધારીએ તો, છેવટે તો એ આ જ્ઞાને જ આવીને અટકવાનાં છે તે આખરી હકીકત છે; અને આપણી બુદ્ધિના વિવિધ ફેરફારો કે અપૂર્ણ વિધાનોથી આ આખરી હકીકતમાં કાંઈ જ ફેર પડવાનો નથી.

આધ્યાત્મિક જ્ઞાન ઝંખતા યોગ-માર્ગનું લક્ષ્ય હોઈ શકે બીજું કાંઈ જ નહિ પણ આ જ સનાતન વાસ્તવિકતા, આ પરમ આત્મા, આ બ્રહ્મ, આ પરાત્પર કે જે સર્વની ઉપર અને સર્વની અંદર નિવાસ કરે છે અને જે વ્યક્તિમાં પ્રગટ થતો હોવા છતાં ગુપ્ત રહેલો છે, વિશ્વમાં પ્રગટ થતો હોવા છતાં વિ-રૂપ રહેલો છે.

જ્ઞાન-યોગની આ ચરમ અવસ્થા પ્રાપ્ત થતાં આપણાં દુન્યવી અસ્તિત્વ-નો અંત લાવવાનું કાંઈ ફરજિયાત નથી. કારણકે જે પરમ અસ્તિત્વમાં આપણે ભળી જઈએ છીએ, જે નિરપેક્ષ અને પરાત્પરમાં આપણે પ્રવેશ કરીએ છીએ, તેમાં, આપણે જેને શોધી રહ્યા હતા તે ચેતના સમગ્ર અને અંતિમ-રૂપે રહેલી છે તે સાચું; પણ તે જ પરમ અસ્તિત્વ તે જ ચેતના વડે આ વિશ્વ-લીલાને પણ ધારણ કરી રહેલ છે. વળી. 'આપણને અંતિમ જ્ઞાન પ્રાપ્ત થતાં આપણાં લક્ષ્યરૂપ ચરમ અવસ્થા સિદ્ધ થઈ ગઈ અને તેથી હવે આપણે માટે અહીં કાંઈ જ બાકી નહિ રહ્યું હોવાથી આપણા દુન્યવી જીવનનો અંત આવી ગયો' એમ માનવાની પણ આપણને ફરજ પડતી નથી. કારણકે આપણને મુક્તિ અને અમાપ શાંતિ અને નિશ્ચલતાની સાથે સાથે શરૂઆતમાં જે મળે છે તે તો હોય છે આપણી સચેતન જાતનાં સત્ત્વમાં જઈ વ્યક્તિરૂપે મેળવેલ સનાતન આત્મ-સાક્ષાત્કાર જ; પણ હજી ય, તેના જ પાયા ઉપર રચાએલી, શાંતિમાં શૂન્ય થયા વિનાની, મુક્તિની સાથે એકરૂપ રહેલી અને અનંત આગેકૂચ કરતી બ્રહ્મની આત્મ-પરિપૂર્ણતાને માટેનો અવકાશ રહે જ છે; તેમ જ પોતાની જાતમાં બ્રહ્મની સક્રિય દિવ્યતાને પ્રગટ કરી, પોતે એક ઉદાહરણ બની, પોતાની હાજરી અને આચરણ વડે અન્યમાં અને સમગ્ર વિશ્વમાં પણ તેને પ્રગટ કરવાનાં કાર્યને માટેનો અવકાશ પણ રહે છે; અને તે જ કાર્ય માટે મહાન આત્માઓ પૃથ્વી પરનો નિવાસ ચાલુ રાખે છે. જ્યાં સુધી આપણે અહમ્‌મય ચેતનામાં, મનના કોડિયાશા પ્રકાશમાં, બંધનમાં, જકડાએલા રહીએ ત્યાં સુધી આપણી સક્રિય આત્મ-પરિપૂર્ણતાને આગળ વધારી શકાય નહિ. આપણી અત્યારની મર્યાદિત ચેતના, તૈયારી માટેની ભૂમિકા માત્ર બની શકે; તે શેની ય ચરમ અવસ્થા ના બની શકે; કારણકે તેમાં જે કાંઈ પ્રગટ થાય છે તે, એક અહમ્-સંચાલિત અજ્ઞાન અને ભૂલ-પરંપરાથી નખ-શિખ કલુષિત થઈ જાય છે. જગતમાં બ્રહ્મની સાચી અને દિવ્ય આત્મ-પરિપૂર્ણતા તો બ્રહ્મ-ચેતનાના પાયા ઉપર જ, અને તેથી, જીવન-મુક્ત આત્માઓના જીવન-સ્વીકાર દ્વારા જ સંભવે.

આ જ છે પૂર્ણજ્ઞાન, કારણકે આપણને જ્ઞાન થાય છે કે : જેની આંખ

ખૂલી ગઈ છે તેની દૃષ્ટિમાં તો સર્વત્ર અને સર્વથા, સર્વ કાંઈ એક જ "એક" છે; દિવ્ય અનુભૂતિમાં સર્વ કાંઈ ભગવાનની જ એકમાત્ર અખંડિતતા છે. સનાતન અખંડિતતાની એક બાજુ અને બીજી બાજુના મક્કમ ભાગલા પાડતો એક કૃત્રિમ કાપ, કાયમી અસંબંધ દેખાડતી એક નરી કલ્પના, ઊભી કરનાર તો છે મન; પોતાના વિચારો અને અભીપ્સાઓની કામચલાઉ સગવડ સાચવવા તે એમ કરે છે. બંધન-ગ્રસ્ત આત્મા અને અજ્ઞાની મન દુનિયામાં જીવે છે અને કર્મો કરે છે. તેના કરતાં મુક્ત જ્ઞાની કાંઈ ઓછાં નથી કરતો, -વધારે કરે છે, તે હોય છે 'સર્વ-કૃત્' તે સર્વ કર્મો કરતો હોય છે, પણ સાચાં જ્ઞાનથી અને વધારે વિશાળ, સચેતન શક્તિ વડે. અને એમ કરવા જતાં એ ન તો પરમ એકતા ખોઈ બેસે છે, ન તો પરમ ચેતના અને સર્વોચ્ચ જ્ઞાનમાંથી પતન પામે છે. કારણકે એ પરમ પ્રભુ ભલેને અત્યારે આપણાથી ગુપ્ત રહેતો હોય છતાં, નર્યાં અનિવર્ચનીય આત્મ-વિલોપન કે સંપૂર્ણ અસહિષ્ણુ નિર્વાણમાં જેટલો વસેલો છે તેના કરતાં અહીં આ દુનિયામાં કાંઈ ઓછો વસેલો નથી.

## પ્રકરણ : ૨

# જ્ઞાનાવસ્થા

પરમાત્મા, ભગવાન, પર-બ્રહ્મ, સર્વ-વ્યાપી, પરાત્પર – આ સર્વે સ્વરૂપોમાં રહેલ એ 'એકમાત્ર' એ જ બની રહે છે યૌગિક જ્ઞાનનું લક્ષ્ય. બીજાં સામાન્ય લક્ષ્યો એટલે કે જીવન અને જડ તત્ત્વનાં બાહ્ય સ્વરૂપો, આપણા વિચારો અને કર્મોની પાછળનું ચિત્તશાસ્ત્ર, બાહ્ય દુનિયાનાં પરિબળોનો ખ્યાલ વગેરેનો પણ આ જ્ઞાનમાં સમાવેશ કરી શકાય,– પણ જેટલે અંશે તેઓ આ 'એકમાત્ર'ને પ્રગટ કરતાં હોય તેટલે જ અંશે. સામાન્ય રીતે આપણે 'જ્ઞાન'નો જે અર્થ કરીએ છીએ તેના કરતાં યોગ જેને ઝંખે છે તે જ્ઞાન તદ્દન જુદી જ જાતનું હોય તે સહજ સમજાય તેવું છે. કારણકે સામાન્ય રીતે આપણે જ્ઞાનનો અર્થ કરીએ છીએ જીવન, ચિત્ત, પદાર્થ વગેરે અંગેની હકીકતોનો તેમ જ તેમને સંચાલિત કરતા નિયમોનો બૌદ્ધિક ખ્યાલ. આવા જ્ઞાનના પાયારૂપ હોય છે ઇન્દ્રિયો વડે થતા અનુભવો અને તેની ઉપર રચાએલા તાર્કિક સિદ્ધાંતો, અને તેનો હેતુ હોય છે કાં તો માત્ર બૌદ્ધિક સંતોષ અથવા તો એવી કાર્ય-ક્ષમતા અને જ્ઞાન-શક્તિમાં એવો વધારો કે જેના વડે આપણે આપણાં અને બીજાઓનાં જીવન વ્યવસ્થિત કરી શકીએ, પ્રકૃતિની પ્રગટ કે છૂપી શક્તિને માનવીય હેતુઓ ખાતર કામે લગાડી શકીએ અને આપણા માનવ-બંધુઓને મદદ, કે નુકસાન પણ, કરી શકીએ. તેમની રક્ષા કરી તેમને આબાદ કરી શકીએ કે તેમને દબાવી તેમનો નાશ પણ કરી શકીએ. યોગ પણ સમગ્ર જીવન સાથે સમાન વ્યાપી હોઈ આ જ વિષયો અને લક્ષ્યો તેમાં પણ સંભવે છે. એક એવો પણ યોગમાર્ગ[1] છે કે જે યથેચ્છ વિહાર માટે તો વળી આત્મ-સંયમ માટે, તેમ જ બીજા-

---

૧. યોગથી સામર્થ્ય વધે છે; આપણી ઇચ્છા ના હોય કે તેવો હેતુ ના હોય તોપણ એ વધે છે. અને સામર્થ્ય એ તો હમેશાં બેધારી તલવાર છે; તે નુકસાન કે નાશ માટે વાપરી શકાય, તો વળી સહાય અને સંરક્ષણ માટે પણ વાપરી શકાય. એ પણ નોંધવું ઘટે કે બધા જ વિનાશ કાંઈ અશુભ નથી હોતા.

એનાં દમન માટે તો વળી તેમના મોક્ષ માટે પણ ગ્રહણ કરી શકાય છે. પણ 'સમગ્ર જીવન'માં માત્ર અત્યારના જ માનવ-જીવનનો, કે મુખ્યત્વે તેનો, સમાવેશ થતો નથી. ઊલટાનું એ તો એક એવા ઊર્ધ્વ અને ખરેખરા સચેતન અસ્તિત્વનું સ્વપ્ન સેવે છે અને તેને પોતાનું સાચું લક્ષ્ય ગણે છે કે જે આપણી અત્યારની અર્ધ-સચેતન માનવજાતને હાથ લાગ્યું નથી અને જે તેને પોતાની જાતને ઓળંગી આધ્યાત્મિકતામાં આરોહણ કરવાથી જ મળી શકે તેમ છે. આ મહત્તર ચેતના અને ઊર્ધ્વ અસ્તિત્વ એ જ તો છે યોગસાધનાનું વિશિષ્ટ અને યોગ્ય લક્ષ્ય.

આ મહત્તર ચેતના અને ઊર્ધ્વ અસ્તિત્વ એ એવી કોઈ જાગેલી કે ઝળહળતી માનસિકતા નથી કે જેને કોઈ મહાન સક્રિય શક્તિ ટેકો આપતી હોય કે જે પોતે વધારે શુદ્ધ નૈતિક જીવન કે ચારિત્ર્યને ટેકો આપતી હોય. તેઓ તો આ સામાન્ય માનવ-ચેતનાના કરતાં વધારે ઊંચી જાતનાં છે; એટલે કે તેઓ તેના કરતાં માત્ર વધારે મોટાં છે એમ નહિ પણ તેમનો પ્રકાર અને મૂળ-તત્ત્વ જ જુદાં છે. તેમાં આપણી જાતની માત્ર સપાટી કે તેની કાર્ય-રીત જ નહિ પણ ખુદ તેનો પાયો અને તેમાં કામ કરતું તત્ત્વ જ બદલાઈ જાય છે. યોગિક જ્ઞાન તો મનથી પરની એક એવી ગુપ્ત ચેતનામાં દાખલ થવા માગે છે કે જે અહીંયાં ગુહ્ય છે, સર્વ અસ્તિત્વનાં મૂળમાં છુપાઈ બેઠેલી છે. કારણકે માત્ર એ જ ચેતનામાં સાચું જ્ઞાન રહેલું છે અને તેને જ મેળવવાથી ભગવાન મળે છે તથા આ દુનિયાને, તેની સાચી પ્રકૃતિને અને તેની છૂપી શક્તિઓને આપણે જાણી શકીએ છીએ. આપણને દેખાતું કે અનુભવાતું આ સમગ્ર વિશ્વ તથા તેમાં જે કાંઈ અદૃશ્ય છે તે પણ છેવટે તો ઇન્દ્રિયો અને મનથી પર એવી કોઈક વસ્તુનાં માત્ર નામ-રૂપાત્મક આવિષ્કરણો છે. ઇન્દ્રિયો દ્વારા મળેલું તથા ઇન્દ્રિયોએ આપેલી માહિતી પરથી બૌદ્ધિક તર્ક-શક્તિએ શોધેલું જ્ઞાન એ સાચું જ્ઞાન નથી. એ તો થયા બાહ્ય દેખાવોનાં શાસ્ત્ર, 'સાયન્સ' અને આ દેખાવો જેનાં પ્રતિબિંબો છે તે મૂળ વાસ્તવિકતાને જ્યાં સુધી ના જાણી લઈએ ત્યાં સુધી ખુદ તેમને પણ બરાબર જાણી ના શકાય. આ મૂળ વાસ્તવિકતા એ જ તેમની અસલ જાત છે; અને સર્વેની અસલ જાત એક જ છે; એક વાર એને પકડી પાડીએ એટલે બધી જ વસ્તુઓને, હાલની જેમ તેમના બાહ્ય દેખાવ પૂરતી જ નહિ પણ તેમના સત્ય સ્વરૂપમાં જાણી શકાય.

એ તો સ્પષ્ટ જ છે કે ભૌતિક અને ઇન્દ્રિય-ગમ્ય વસ્તુઓનું ગમે તેટલું પૃથક્કરણ કરીએ છતાં પણ એ રીતે પરમ-આત્માનું કે આપણી

જાતનું કે આપણે જેને ભગવાન કહીએ છીએ તેનું જ્ઞાન ના મળે. દૂરદર્શક યંત્ર ને સૂક્ષ્મદર્શક યંત્ર ને વાદકાપ ને બાષ્પીભવન એ બધાં વડે ભૌતિકતાના કરતાં આગળ ના વધાય; હા, એટલું ખરું કે તેમના વડે ભૌતિકતાનાં વધારે ને વધારે સૂક્ષ્મ સત્યો જરૂર જડે. એટલે ઇન્દ્રિયો અને તેમનાં સહાયક સાધનો વડે જે કાંઈ જાણી શકાય તેના જ આશરે આપણે રહીએ અને તેના સિવાયની બીજી કોઈ વાસ્તવિકતાને કે જ્ઞાનનાં સાધનને માનવાનો પહેલેથી જ ઇન્કાર કરી દઈએ તો 'ભૌતિક તત્ત્વ સિવાય બીજું કાંઈ વાસ્તવિક નથી, આપણી અંદર કે વિશ્વમાં આત્મા જેવી કોઈ ચીજ નથી, અંદર કે બહાર ક્યાંય ભગવાન નથી, મગજ, નાડીઓ અને શારીરિક અંગોના સમૂહ સિવાય આપણી બીજી કાંઈ જાત નથી' એવા જ નિર્ણય પર આવવું પડે. પણ આવા નિર્ણય પર આવવાની ફરજ પડવાનું કારણ તો માત્ર એ જ છે કે પહેલેથી જ આપણે એ પાકે પાયે સ્વીકારી લીધું હોય છે; એટલે ફરી ફરીને આપણે આપણી માની લીધેલી વાતને જ અંતિમ નિર્ણય તરીકે રજૂ કરવી પડે છે.

એટલે ઇન્દ્રિયોથી અગોચર કોઈક આત્મા, કોઈ સાચી વાસ્તવિકતા હોય જ તો તે ભૌતિકશાસ્ત્રો સિવાયનાં બીજાં જ કરણો વડે શોધી અને જાણી શકાય. અને બુદ્ધિ એ પણ એ કરણ નથી. બેશક, એવાં અતિ-ઇન્દ્રિય સત્યો છે જ કે જેને બુદ્ધિ પોતે પોતાની રીતે મેળવી શકે છે અને જેમને એ શુદ્ધ બૌદ્ધિક ખ્યાલ તરીકે જાણી અને જણાવી શકે છે. દાખલા તરીકે ભૌતિકશાસ્ત્ર જેને ખૂબ આગ્રહપૂર્વક સ્વીકારે છે એ શક્તિનો ખ્યાલ એક શુદ્ધ બૌદ્ધિક ખ્યાલ જ છે; એ એક એવું સત્ય છે કે જે માત્ર બુદ્ધિ જ મેળવી શકે અને તે પણ ઇન્દ્રિયોએ આપેલી માહિતીને વટાવી જઈને; કારણકે આપણે ઇન્દ્રિયોથી જે જાણી શકીએ છીએ તે આ વિશ્વવ્યાપી શક્તિ પોતે નહિ પણ તેનાં પરિણામો જ હોય છે; શક્તિ પોતે તો આ પરિણામોના અનિવાર્ય કારણરૂપે આપણે નિરૂપેલો ખ્યાલ છે. એ જ પ્રમાણે સુસ્પષ્ટ પૃથક્કરણની એક ચોક્કસ રીત અખત્યાર કરીને આત્મા વિશે એક શુદ્ધ બૌદ્ધિક ખ્યાલ અને બૌદ્ધિક પ્રતીતિ મેળવી શકાય છે; આ પ્રતીતિ બીજી વધારે મોટી વાસ્તવિકતાઓ મેળવવાની શરૂઆત તરીકે બહુ જ વાસ્તવિક, પ્રબોધક અને સમર્થ નીવડે છે. છતાં, બૌદ્ધિક પૃથક્કરણ પોતે તો સ્પષ્ટ ખ્યાલોની યોગ્ય વ્યવસ્થા કરવાનું, – કદાચ, સાચા ખ્યાલોની વ્યવસ્થા કરવાનું– કામ જ કરી શકે. પણ યોગ જેને ઝંખે છે એ જ્ઞાન આ નથી. બૌદ્ધિક જ્ઞાન પોતે કોઈ કાર્યસાધક જ્ઞાન નથી; એવું નખ-શિખ શુદ્ધ જ્ઞાન મેળવે

છતાં માણસ, માણસ તરીકે તો પહેલાંના જેવો ને જેવો પણ રહે; ફેર એટલો જ પડે કે તેનામાં બૌદ્ધિક તેજસ્વિતા ખૂબ વધેલી હોય; યોગથી જાતને જે પલટી નાખવાની છે તે કામ તો વણસ્પર્શ્યું જ રહ્યું હોય.

એ વાત તો સાચી જ છે કે 'વિચાર' એટલે કે બૌદ્ધિક ચિંતન અને 'વિવેક' એટલે કે સારાસારનો ભેદ એ જ્ઞાનયોગનાં અગત્યનાં અંગો છે. પણ તેમનો સાચો હેતુ આખરી અને ચોખ્ખેચોખ્ખા પરિણામને પામવાના કરતાં, વધારે તો, માર્ગમાં આવતી અટકાયતને દૂર કરવાનો છે. જ્ઞાનમાર્ગમાં મોટી ઠોકર તો છે આપણા સામાન્ય બૌદ્ધિક ખ્યાલો; કારણકે ઇન્દ્રિયોની ભૂલ ભરેલી માહિતીથી તે દોરવાતા હોય છે; વળી, તેમનો પાયારૂપ ખ્યાલ એ હોય છે કે જડ તત્ત્વ અને શરીર, જીવન અને શક્તિ, વાસના અને ઊર્મિઓ, વિચારો અને ઇન્દ્રિયો એ સત્ય છે, વાસ્તવિકતા છે; તેનાથી વધારે તો આપણે આપણી જાતને તેમની સાથે જ એકરૂપ ગણતા હોઈએ છીએ; આવી એકરૂપતાને પરિણામે આપણે આપણી સાચી વાસ્તવિકતા, આપણી સાચી જાત પામી શકતા નથી. એટલે જ્ઞાનના ઉપાસકે ઠોકર ખવડાવતા આ પથરાને હઠાવવો જ પડે અને પોતાની જાત અને દુનિયાનો સાચો ખ્યાલ મેળવવો જ પડે; કારણકે જ્યાં સુધી આપણી સાચી જાત કેવી છે તેનો ખ્યાલ આપણને ના હોય, એટલું જ નહિ પણ તેની વિરુદ્ધના અને ખોટા ખ્યાલનો ભાર ઉઠાવેલો હોય ત્યાં સુધી જ્ઞાનના માર્ગે આગળ કેવી રીતે વધી શકાય ? એટલે સાચા વિચાર એ જરૂરી ભૂમિકા છે; અને એક વાર સાચા વિચારની ટેવ પાકી થઈ જાય એટલે ઇન્દ્રિયોની ભૂલો અને ઇચ્છાઓ અને જૂના સંસ્કારો તથા બૌદ્ધિક પક્ષપાતોમાંથી મુક્ત બની આપણી બુદ્ધિ વિશુદ્ધ બને છે અને જ્ઞાનપ્રાપ્તિમાં કોઈ ખાસ બાધા નાખતી નથી. પણ વિશુદ્ધ બુદ્ધિમાંના સમ્યક્ વિચારોની પાછળ જ્યારે દૃષ્ટિ, અનુભૂતિ અને સાક્ષાત્કારની ત્રણ ક્રિયાઓ જોડાય ત્યારે જ તે અસરકારક બને છે.

પણ આ ત્રણ ક્રિયાઓ છે શું ? માનસશાસ્ત્રમાં જેને સ્વ–નિરીક્ષણ અને પૃથક્કરણ કહે છે તે જ બસ આ ક્રિયાઓ નથી. આ પૃથક્કરણ અને નિરીક્ષણ પણ સમ્યક્ વિચારોની માફક ખૂબ ખૂબ લાભદાયી અને લગભગ અનિવાર્ય જ છે. વળી જો તેમનું યોગ્ય અનુસરણ કરવામાં આવે તો ખૂબ સમર્થ અને કાર્ય-સાધક વિચાર–શક્તિ પ્રાપ્ત થાય. ચિંતન–શીલ વિચાર–શક્તિનો સાથ લેવામાં આવે તો, વિવેકશક્તિની માફક આ ક્રિયાઓથી પણ વિશુદ્ધિ પ્રાપ્ત થઈ શકે; તેમનાથી એક જાતનું સ્વ–જ્ઞાન મળે છે અને અંતર–આત્માની અને હૃદયની અને ખુદ સમજ–શક્તિની ગેર-વ્યવસ્થાઓ પણ

ઠેકાણે લાવી શકાય છે. દરેક જાતનું સ્વ-જ્ઞાન સીધું જ આત્મજ્ઞાનને માર્ગે લઈ જાય છે. ઉપનિષદમાં કહ્યું છે કે સ્વયંભૂએ અંતર-આત્માનાં બારણાં બહારની બાજુએ ઊઘડે તેવાં બનાવ્યાં છે અને મોટા ભાગના લોકો તેમાંથી બાહ્ય દુનિયાના દેખાવો જ જુએ છે; શાંત વિચાર અને સ્થિર પ્રજ્ઞાને માટે અધિકારી એવા કોઈ વિરલ આત્મા જ પોતાની દૃષ્ટિ અંતરમાં વાળે છે, આત્મ-દર્શન પામે છે અને અમરપદ પ્રાપ્ત કરે છે. આ આંતરદૃષ્ટિને માટે સ્વ-નિરીક્ષણ અને પૃથક્કરણ એક મહાન અને અસરકારક ભૂમિકા બની રહે છે. બાહ્ય પદાર્થોની અંદર દૃષ્ટિ કરવી તેના કરતાં આપણી પોતાની અંદર દૃષ્ટિ કરવી એ વધારે સહેલું છે કારણકે બાહ્ય પદાર્થોની અંદર ઊતરવા જતાં, સૌથી પહેલાં તો તેમના બાહ્ય ઘાટ આપણને નડે છે અને બીજું, તેમના ભૌતિક પદાર્થ સિવાયનું જે કાંઈ તેમનામાં છે તેનો આપણને કોઈ સ્વાભાવિક પૂર્વ-અનુભવ નથી હોતો. આત્મ-સાક્ષાત્કાર પામતાં પહેલાં પણ દુનિયામાં રહેલા ભગવાનનું પ્રકૃતિમાં રહેલા પુરુષનું વિશુદ્ધ કે પ્રશાંત થએલા મન વડે પ્રતિબિંબ ઝીલી શકાય છે કે અતિ-સમર્થ એકાગ્રતા વડે તેને જોઈ પણ શકાય છે, પણ આ જવલ્લે જ અને મુશ્કેલીથી બને છે.[૨] આત્મા કેવી રીતે આવિર્ભાવ પામે છે તે જોવા-જાણવાનું તથા તે પોતાની અસલ આત્મ-સ્થિતિમાં કેવી રીતે પાછો ચાલ્યો જાય છે તે નિહાળવાનું માત્ર આપણી જાતમાં જ શક્ય છે. અને તેથી જ પ્રાચીન જ્ઞાનીઓએ જે કહ્યું છે કે "તારી જાતને ઓળખ" એ સૂત્રનું સ્થાન સાચા જ્ઞાનને માર્ગે આપણને વાળવામાં હમેશાં મોખરે રહેશે. છતાં આપણી જાતનું માનસ-શાસ્ત્રીય જ્ઞાન એ તો આત્માના માત્ર ગુણોની જ અનુભૂતિ છે, તે આત્માના પોતાના શુદ્ધ સ્વરૂપનો સાક્ષાત્કાર નથી.

એટલે યોગને જે જોઈએ છે તે સાચી જ્ઞાનાવસ્થા એ બુદ્ધિનો કોઈ શુદ્ધ ખ્યાલ જ કે સત્યનો કોઈ સ્પષ્ટ વિવેક માત્ર નથી; કે નથી તે આપણી ત્રિગુણાત્મક જાતનો કોઈ પ્રબોધિત માનસશાસ્ત્રીય અનુભવ. એ તો બિલકુલ સાચા અર્થમાં "સાક્ષાત્-કાર" જ છે, એવું પ્રત્યક્ષ દર્શન છે કે જેમાં આપણે આત્માને, પરાત્પર અને વિશ્વવ્યાપી ભગવાનને, આપણી જાતમાં અને આપણી જાત સમક્ષ સાક્ષાત્ કરીએ છીએ, અને, તેમ કર્યા પછી,

---

૨. એક રીતે તો એ સહેલું પણ છે કારણકે આપણી જાતમાં અંદર ઊતરતાં સાંકડા અહમ્નો અંતરાય આપણને જેટલો નડે છે તેટલો બાહ્ય પદાર્થોમાં જતાં નડતો નથી; આથી ભગવાનના સાક્ષાત્કારમાં આવતી એક મુશ્કેલી ઓછી થઈ જાય છે.

આપણી ત્રિગુણાત્મક જાતને, એ આત્માના પ્રકાશ સિવાય બીજી કોઈ રીતે, કે, આપણા આ દુન્યવી અસ્તિત્વમ ચેતનાત્મક તથા ભૌતિક પરિસ્થિતિના આધારે વહ્યે જતા સતત પરિવર્તનશીલ પ્રવાહના રૂપ સિવાય બીજી કોઈ રીતે પણ તેને જોઈ નથી શકતા. આ સાક્ષાત્કાર ત્રણ ક્રમિક ક્રિયાઓનો બનેલો છે: આંતરદૃષ્ટિ, આંતરિક પૂર્ણ અનુભૂતિ અને તાદાત્મ્ય.

આંતર–દૃષ્ટિ એ એક એવી શક્તિ છે કે જેના વડે માણસમાત્ર ચિંતક મટી ઋષિ એટલે કે દ્રષ્ટા કે કવિનું પદ પ્રાપ્ત કરે છે; તેથી જ પ્રાચીન સમયમાં તેનું મૂલ્ય બહુ અંકાતું. આ ' દૃષ્ટિ ' એ એક જાતનો આત્મ–પ્રકાશ છે; નહિ દેખાતી વસ્તુઓની માફક ( માત્ર બુદ્ધિ સમક્ષ નહિ પણ આત્માની સમક્ષ ) તદ્દન સ્પષ્ટ અને પ્રત્યક્ષ બની રહે છે. ભૌતિક દુનિયાનું આપણું જ્ઞાન બે જાતનું હોય છે: પ્રત્યક્ષ, એટલે કે આપણી આંખ સામેની વસ્તુઓનું અને બીજું પરોક્ષ, એટલે કે આપણી દૃષ્ટિ બહારનું. વસ્તુ જ્યારે આપણી દૃષ્ટિ બહાર હોય ત્યારે આપણે અનુમાન, કલ્પના કે સાદૃશ્ય વડે, અથવા કોઈ જાણકાર પાસેથી વર્ણન સાંભળીને કે તેનાં ચિત્ર કે બીજી કોઈ જાતની શક્ય રજૂઆત વડે તે વસ્તુનો ખ્યાલ મેળવવો પડે છે. આ બધાંની સહાયથી, અલબત્ત, આપણે એ વસ્તુનો સારો એવો ખ્યાલ કે તેનું માનસિક ચિત્ર ઊભું કરી શકીએ છીએ, પણ તેથી કાંઈ એ વસ્તુ પોતે પ્રત્યક્ષ થતી નથી. પ્રત્યક્ષ વાસ્તવિકતા બનતી નથી; પણ વાસ્તવિકતાની માત્ર માનસિક રજૂઆત બની રહે છે. પણ જ્યારે આપણે એને આંખ વડે જોઈએ ( કારણકે બીજી કોઈ ઇન્દ્રિય એટલો સ્પષ્ટ ખ્યાલ નથી આપી શકતી ) ત્યારે એ ' પ્રત્યક્ષ ' બને છે, એક વાસ્તવિકતા બની જાય છે, તેને જાણ્યાની આપણને તૃપ્તિ થાય છે, જ્ઞાનમાં તે આપણાં અંગરૂપ બની જાય છે. ચૈત્યસિક વસ્તુઓ અને આત્માની બાબતમાં પણ બરાબર આમ જ બને છે. આપણે તત્ત્વજ્ઞાનીઓ, કે ઉપદેશકોને મુખેથી કે પ્રાચીન પુસ્તકોમાંથી આત્મા વિશે સ્પષ્ટ અને સુરેખ વર્ણનો મેળવી શકીએ; ચિંતન, અનુમાનો, કલ્પના, સાદૃશ્ય કે બીજાં શક્ય સાધનો વડે તેનું માનસિક ચિત્ર કે ખ્યાલ મેળવવાનો યત્ન કરી શકીએ; માત્ર તેની જ ઉપર પૂરેપૂરું ધ્યાન આપીને તે ખ્યાલને આપણા મનમાં પાકો બેસાડી દઈ પણ શકીએ[3]; પણ તેથી કાંઈ તે પ્રત્યક્ષ થયો કે તેનો સાક્ષાત્કાર થયો કે ' ભગવાનનાં દર્શન થયાં ' ના કહેવાય. એ તો જ્યારે લાંબી અને ખંતપૂર્વકની એકાગ્રતા કે બીજી કોઈ સાધનાથી મનરૂપી આવરણ

---

૩. જ્ઞાનયોગમાં જણાવેલ શ્રવણ, મનન અને નિદિધ્યાસનની ત્રણ ક્રિયાઓની પાછળ પણ આ જ ખ્યાલ છે.

ચિરાઈ જાય કે હકી જાય, જ્યારે પ્રબુદ્ધ મનોમયતામાં પ્રકાશનું, 'જ્યોતિર્મય બ્રહ્મ'નું પૂર ધસી આવે અને ખ્યાલની જગ્યાએ એવું જ્ઞાન-ચક્ષુ ખૂલી આવે કે જેમાં આત્મા, ભૌતિક આંખની સામે ભૌતિક પદાર્થ જેવો પ્રત્યક્ષ, વાસ્તવિક અને નક્કર બની જાય ત્યારે જ આપણને જ્ઞાન-પ્રાપ્તિ થઇ કહેવાય; કારણકે ત્યારે જ આપણને ભગવાનનાં દર્શન થયાં હોય છે. એ દર્શન પછી ભલે પ્રકાશ ગમે તેટલો ઝાંખો થાય, અંતરાત્મા પર ભલે અંધકારના ગમે તેટલા હુમલા થાય, પણ તેને જે એક વાર મળી ગયું છે તે કદીય કાયમ માટે ઝૂંટવાઈ જશે નહિ. એ અનુભૂતિનું, ખાતરીબંધ પુનરાવર્તન થયા જ કરશે, અને કાયમ માટે સ્થપાય નહિ ત્યાં સુધી તે વધ્યે જ જશે; તે ક્યારે અને કેટલું જલદી સ્થપાઈ જશે તેનો આધાર રહેશે આપણે કેટલી ભક્તિ અને ખંતથી મંડયા રહીએ છીએ તેની ઉપર તથા આપણે કેટલા સંકલ્પ અને પ્રેમથી, સંતાએલા ભગવાનને ઘેરી વળીએ છીએ તેની ઉપર.

આ આંતર-દૃષ્ટિ છે તો ચૈત્યસિક અનુભૂતિનો જ એક પ્રકાર; પણ આંતર-અનુભૂતિ દૃષ્ટિ આગળ અટકી જતી નથી; દૃષ્ટિથી દર્શન મળે આલિંગન નહિ. પ્રત્યક્ષ જ્ઞાનની પ્રથમ ખાતરી માટે દૃષ્ટિ એકલી પૂરતી તો છે જ છતાં સ્પર્શ અને બીજી જ્ઞાનેન્દ્રિયોના પણ સંયુક્ત અનુભવથી જ જેમ જ્ઞાન પરિપૂર્ણ બને છે તેમ આત્મ-દર્શનની અનુભૂતિ પણ અન્ય અંગોની સંયુક્ત અનુભૂતિથી પરિપૂર્ણ થવી જોઈએ. જ્ઞાનની જ્યોર્તિમય દૃષ્ટિમાં જ નહિ પણ સમગ્ર જાતમાં ભગવાનની ઝંખના જાગવી જોઈએ. કારણકે આપણા દરેકેદરેક અંગ આત્માનાં માત્ર આવિષ્કરણો જ હોઈ એ દરેક એમની મૂળ વાસ્તવિકતા તરફ જઈ શકે. આપણને આત્માની માનસિક અનુભૂતિ થઈ શકે; અને ચેતના, શક્તિ, આનંદ અને તેમનાં બહુવિધ સ્વરૂપો અને ગતિઓ કે જે આપણા મનના હિસાબે 'અસ્તિત્વ' છે અને જે અમૂર્ત ભાસે છે તે સર્વે પણ નક્કર વાસ્તવિકતાઓ તરીકે આપણે ઝડપી શકીએ; આમ મનને પ્રભુપ્રાપ્તિની તૃપ્તિ મળે. આપણને પરમ પ્રેમ દ્વારા આત્માની ભાવાવેશભરી અનુભૂતિ થઈ શકે અને ઊર્મિમય આનંદ, પ્રેમ અને પ્રસન્નતા દ્વારા આપણી અંદર રહેલ આત્માનો, વિશ્વવ્યાપી આત્માનો તથા આપણો જેમની સાથે સંબંધ હોય તે સર્વેના આત્માનો પણ અનુભવ થઈ શકે; આમ હૃદયને પ્રભુપ્રાપ્તિની તૃપ્તિ મળે. આપણને સૌંદર્યમાં રહેલ આત્માની રસાત્મક અનુભૂતિ થઈ શકે; આપણે સર્જેલી કે કુદરતે સર્જેલી એવી દરેક વસ્તુ આપણા સૌંદર્યપ્રેમી મન કે ઇન્દ્રિયોને જે આકર્ષણ કરે તેની દ્વારા સર્વ-સૌંદર્યમયી નિરપેક્ષ વાસ્તવિકતાનું સૌંદર્ય-દર્શન અને આસ્વાદ માણી શકીએ; આમ

ઇન્દ્રિયોને પ્રભુપ્રાપ્તિની તૃપ્તિ મળે. સમગ્ર જીવન અને તેની સૃષ્ટિમાં રહેલાં, આપણી દ્વારા કે, બીજાઓની દ્વારા કે વિશ્વમાં કાર્ય કરતાં બળો, પરિબળો અને શક્તિની ક્રિયાઓમાં રહેલા આત્માની, ખુદ પ્રાણમાં અને નાડીઓમાં અનુભૂતિ કરી શકીએ, અરે, તેને શરીરથી અનુભવી શકીએ : આમ પ્રાણ અને શરીરને પ્રભુપ્રાપ્તિની તૃપ્તિ મળે.

આ પ્રમાણે મળેલું સર્વ જ્ઞાન અને અનુભૂતિ છેવટે તો તદ્રૂપતા મેળવવાનાં, અને તદ્રૂપ થઈ જવાનાં પ્રાથમિક સાધનો જ છે. આપણે જે જોઈએ અને અનુભવીએ છીએ એ તો આપણી પોતાની જ જાત હોય છે એટલે જો આ દર્શન અને અનુભૂતિ તદ્રૂપતામાં ના પરિણમે, જો વેદાન્તમાં જણાવેલ સોઽહમ્, 'હું તે છું'નું જ્ઞાન આપણી સમગ્ર જાતમાં જીવી ના શકીએ તો એ દર્શન અને અનુભૂતિ અધૂરાં જ ગણાય. આપણે પ્રભુનાં માત્ર દર્શન કે આલિંગન જ પામવાનાં નથી પણ તે પોતે જ બની જવાનું છે. એક મક્કમ નિશ્ચય દ્વારા, ઊર્ધ્વીકરણ દ્વારા, અહમ્ અને તેની સર્વ સત્તાઓને તેમના પોતાનામાંથી મુક્ત કરીને તેમના અસલ મૂળમાં પહોંચાડી દઈને આપણે, સર્વ નામ અને રૂપ અને સર્જનથી પર એવી આત્માની પરાત્પરતામાં એકરૂપ થઈ જવાનું છે, તેમ જ સર્વ પ્રગટ અસ્તિત્વમાં અને સૃષ્ટિમાં પણ આત્મ-સ્વરૂપ થઈ જવાનું છે; અનંત અસ્તિત્વ, ચેતના, શાંતિ, આનંદ કે જેની દ્વારા તે પોતાની જાતને આપણામાં છતી કરે છે તેની સાથે, તેમ જ, દુનિયામાં તે જેના વડે પોતાની જાતને સંતાડી રાખે છે તે રચના, સક્રિયતા તથા સ્વ-સર્જનની લીલાની સાથે પણ એકાકાર થઈ જવાનું છે.

આત્મા કે પરમાત્માનો બૌદ્ધિક ખ્યાલ મેળવવા સિવાય વધારે કાંઈ થઈ જ કેવી રીતે થઈ શકે એ છે આધુનિક બુદ્ધિવાદની મૂંઝવણ. પણ આ દૃષ્ટિ, અનુભૂતિ અને એકાકારતાનો કાંઈક ઝાંખો ઓછાયો તેને, એક મહાન અંગ્રેજ કવિએ કુદરત સાથે જે આંતરિક સ-જાગતા અનુભવી (અને જેને તેણે યુરોપના કલ્પના-પ્રદેશમાં એક વાસ્તવિકતા તરીકે સ્થાપી આપી) તેમાંથી મળી શકે તેમ છે. કવિ વર્ડ્ઝવર્થે પોતાની જે કવિતાઓમાં કુદરત સાથેની પોતાની આત્મ-સાતતા વ્યક્ત કરી છે તે વાંચવાથી આત્મ-સાક્ષાત્કારનો દૂરનો, આછો ખ્યાલ આવવા સંભવ છે. કારણકે એમાં, સહુથી પહેલાં તો, એ વસ્તુ જાણવા મળે છે કે તેને આ દુનિયામાં કોઈક એવી વસ્તુનું દર્શન થયું હતું કે જે તેમાંની દરેક વસ્તુનો આત્મા છે, જે એક એવી સચેતન શક્તિ અને સન્નિધિ છે, કે જે તેમનાં બાહ્ય સ્વરૂપો પોતે નહિ પણ એ સ્વરૂપોનું કારણ છે, અને તેમની દ્વારા પ્રગટ થાય છે. વળી તેને આ વસ્તુનું

માત્ર દર્શન અને એ વસ્તુ વડે મળતી પ્રસન્નતા, શાંતિ અને વિશ્વવ્યાપી વિશાળતા જ મળી નહોતી પણ તે વસ્તુનો મનોમય, રસમય, પ્રાણમય અને શારીરિક અનુભવ પણ થયો હતો; આ વસ્તુનું પોતાનું શુદ્ધ સ્વરૂપ માત્ર જ નહિ પણ પાસેનાં ફૂલમાં, સીધા-સાદા માણસમાં અને પત્થા-પાથર્યા ખડકમાં પણ તેને તેનું દર્શન અને અનુભવ થયાં હતાં, અને, એથી ય આગળ તો તેને તન્મયતા પ્રાપ્ત થઈ હતી, એ પોતે જ એ વસ્તુઓ-મય બની ગયો હતો. "આત્મા મારો થયો લીન......"[૪] નામની તેની કવિતામાં આ જ બાબતનું એક પાસું ખૂબ જ જોરદાર અને ગહન રીતે રજૂ થયું છે; તેમાં એ જણાવે છે કે એ, પૃથ્વી સાથે એકાકાર થઈ "ભમ્યો દૈનિક ગતિએ હું, પહાડ, પથ્થર, તરુસંગે..."[૫]. આ સાક્ષાત્કારને પાર્થિવ પ્રકૃતિથી ઘણે ઊંચે આત્માની ગહનતા સુધી ઊંચે ઉઠાવી જુઓ; એથી યૌગિક જ્ઞાનનાં મૂળતત્ત્વો મળી રહેશે. પણ આ અનુભૂતિ ય, જે પોતાનાં જ સર્વ સ્વરૂપોથી પર છે એવા પરાત્પરના અતીન્દ્રિય, અતિ-માનસિક સાક્ષાત્કારનો માત્ર ઉંબર છે; અને જ્ઞાનના સર્વોચ્ચ શિખરે પહોંચવા માટે તો ચેતનાતીત અવસ્થામાં પહોંચવું પડે અને ત્યાં પરમ અનિર્વચનીયતાની સાથેની તદ્રૂપતામાં સર્વ અનુભૂતિઓને ભેળવી દેવી પડે. એ જ છે દિવ્ય જ્ઞાનની ચરમ અવસ્થા; અને એ જ છે સર્વ દિવ્ય આનંદનું અને દિવ્ય જીવનનું આદિ મૂળ.

આવી જ્ઞાનાવસ્થા એ જ છે જ્ઞાનયોગનું લક્ષ્ય; અને અન્ય સર્વ યોગ-માર્ગોનું પણ છેવટનું ધ્યેય તો એ જ છે. વિવેક અને વિચાર અને સમગ્ર એકાગ્રતા અને સમગ્ર માનસિક સ્વ-જ્ઞાન એ બધાં આપણી બધી ઝંખનાઓ-પ્રેમ દ્વારા થતી હૃદયની, સૌંદર્ય દ્વારા થતી ઇન્દ્રિયોની, શક્તિ અને કર્મો દ્વારા થતી સંકલ્પ-શક્તિની તથા શાંતિ અને આનંદ દ્વારા થતી અંતરાત્માની ઝંખનાઓ – એ બધાં પણ છે આ જ લક્ષ્ય માટેની ચાવીઓ, ઉકેલો, આરંભ-સ્થાનો પ્રવેશ-દ્વારો, માર્ગો કે રાજમાર્ગો; અને જ્યાં સુધી વિશાળ, અનંત ઊર્ધ્વ પ્રદેશે ના પહોંચીએ અને અનંત પ્રકાશનાં દિવ્ય દ્વાર ખૂલી ના જાય ત્યાં સુધી કરવાનો છે તેમનો ઉપયોગ અને તેમનું અનુસરણ.

---

૪. "A slumber did my spirit seal."

૫. "Rolled round in its diurnal course with stocks and stones and trees."

## પ્રકરણ : ૩

# વિશુદ્ધ બુદ્ધિ

**જ્ઞા**ન-પ્રાપ્તિ માટે કયાં સાધન વાપરવાં તેનો આધાર આપણે કેવી જ્ઞાનાવસ્થા ઝંખીએ છીએ તેની ઉપર છે. જ્ઞાનાવસ્થાનું તદ્દન ટૂંકું વર્ણન એમ કરી શકાય કે એ એક એવો મનસાતીત, સાક્ષાત્કાર છે કે જેની તૈયારી આપણાં વિવિધ માનસિક તત્ત્વો વડે રચેલી તેની માનસિક રજૂઆતો વડે કરી શકાય છે અને જે એક વાર પ્રાપ્ત થયા પછી આપણાં સર્વે તત્ત્વોમાં પોતાની પ્રતિકૃતિ વધારે સારી રીતે રજૂ કરે છે. એ આપણા સમગ્ર અસ્તિત્વનું, એકમાત્ર અને સનાતન પ્રભુના પ્રકાશમાં એક એવું પુનર્દર્શન અને પુનર્રચના છે કે જેમાં પદાર્થોના બાહ્ય આભાસોનું કે આપણી ઉપરછલ્લી જાતની બહિર્મુખતાઓનું બંધન રહેતું નથી.

માનવીયમાંથી દિવ્ય, વિભક્ત અને વિસંવાદીમાંથી અદ્વૈત, નામ-રૂપાત્મકમાંથી સનાતન સત્ય પ્રત્યે લઈ જતો આવો માર્ગ, આત્માનો આવો પુનર્જન્મ, નવજન્મ એ અનિવાર્ય ભૂમિકાઓવાળો છે : પહેલી ભૂમિકા છે આત્મા અને તેનાં કરણોને અધિકારી બનાવતી પૂર્વ–તૈયારીની, અને બીજી છે અધિકારી બનેલા આત્મામાં, અધિકારી બનેલાં કરણો વડે ખરેખરી, પ્રકાશ–પ્રાપ્તિની અને સાક્ષાત્કારની. આ બે ભૂમિકાઓની વચ્ચે, 'આ એક ગાળો પૂરો થઈ હવે આ બીજો શરૂ થયો' એમ દર્શાવતી અતિ–સ્પષ્ટ સીમા દોરી શકાતી નથી; ઊલટાની એ બે તો એકબીજાને સહાયક હોઈ, સાથે સાથે આગળ વધે છે. કારણકે આત્મા જેમ જેમ તૈયાર થતો જાય તેમ તેમ તે વધારે પ્રકાશમય બનતો જાય છે અને તે વધારે ને વધારે ઊંચા તથા વધારે ને વધારે વિશાળ સાક્ષાત્કારો તરફ ઊંચે ચઢતો જાય છે અને આ પ્રકાશમયતા તથા સાક્ષાત્કાર જેમ જેમ વધતા જાય તેમ તેમ તે પોતે વધારે અધિકારી અને તેનાં કરણો વધારે યોગ્ય અને કાર્ય–ક્ષમ બનતાં જાય છે. આ ગાળામાં જો તૈયારી માટેની પ્રકાશ–હીન આત્મ–ઋતુઓ આવે છે, તો પ્રકાશ–ભર્યા વિકાસની પણ આત્મ–ઋતુઓ આવે છે, પ્રકાશ–પ્રાપ્તિની ઉચ્ચ અવસ્થાઓવાળી લાંબી, તો વળી ટૂંકી, પણ આત્મ–ઘડીઓ આવે

છે, વીજળીના ઝબકારા જેવી ક્ષણિક છતાં સમગ્ર આધ્યાત્મિક ભાવિને બદલી નાખતી પળો આવે છે તો વળી સત્ય-સૂર્યના સતત પ્રકાશ કે પ્રખર તાપના કલાકો, દિવસો કે સપ્તાહો સુધી લંબાતા લાંબા ગાળાઓ પણ આવે છે, અને ઈશ્વરાભિમુખ થએલો આત્મા આ સર્વમાંથી પસાર થતો પોતાના નવ-જન્મ અને અસલ અસ્તિત્વને કાયમી અને પરિપૂર્ણ બનાવવાના પંથે આગળ વધતો જ રહે છે.

આવી તૈયારી માટે પહેલી જરૂરિયાત છે આપણાં સર્વે અંગોની વિશુદ્ધિ અને તેમાં પણ, ખાસ કરીને તો જ્ઞાનયોગમાં, બુદ્ધિની વિશુદ્ધિ એ જ છે સત્યનું દ્વાર ખોલવાની ચાવી; અને અન્ય અંગોની વિશુદ્ધિ વિના એની વિશુદ્ધિ ભાગ્યે જ શક્ય બને છે. અશુદ્ધ હૃદય, અશુદ્ધ ઇન્દ્રિયો, અશુદ્ધ જીવનથી બુદ્ધિ ગૂંચવાઈ જાય, મળતી માહિતીમાં વિક્ષેપ પડે, નિર્ણય કઢંગા બને, અવલોકન અસ્પષ્ટ રહે, જ્ઞાનનો દુરુપયોગ થાય; અશુદ્ધ શારીરિક તંત્રોથી બુદ્ધિ બહેર મારી જાય, જડ થઈ જાય. વિશુદ્ધિ સર્વાંગી જ હોવી જોઈએ. આ પણ પરસ્પર આધાર રાખતી બાબત છે; એક અંગની વિશુદ્ધિથી બીજાં અંગોની વિશુદ્ધિમાં ઉમેરો થાય છે; દાખલા તરીકે ઊર્મિશીલ હૃદય જેમ શાંત થતું જાય તેમ બુદ્ધિની વિશુદ્ધિમાં સહાય મળતી જાય છે, તો વળી, બુદ્ધિની વિશુદ્ધિ ઊર્મિઓના મલિન અને આંધળા ઉછાળા પર શાંતિ અને પ્રકાશ પથરાય છે. એમ જરૂર કહી શકાય કે વિશુદ્ધિ માટે દરેક અંગને પોતપોતાની વિશિષ્ટ રીત હોવા છતાં પણ વિશુદ્ધ બુદ્ધિ એ માણસની આખી જ અસ્વચ્છ અને અસ્તવ્યસ્ત જાતને સ્વચ્છ કરવા માટે સહુથી વધારે સમર્થ સાધન છે. ગીતામાં કહ્યું છે[1]: જ્ઞાન જેવી બીજી પવિત્રતા નથી; જો અજ્ઞાનનો અંધકાર આપણાં સર્વ પતનનું કારણ છે, તો પ્રકાશ એ સર્વ સ્પષ્ટતા અને સુમેળનું મૂળ છે. દાખલા તરીકે પ્રેમથી હૃદય વિશુદ્ધ થાય છે અને સર્વે ભાવોને ભગવાન-પ્રેમમાં પલટી નાખવાથી હૃદય પરિપૂર્ણ અને કૃતકૃત્ય થાય છે, તે છતાં પ્રેમને પણ દિવ્ય જ્ઞાન વડે નિર્મળ કરવો પડે. હૃદયનો પ્રભુ-પ્રેમ અંધ, અજ્ઞાન-પૂર્ણ કે સંકુચિત પણ હોય, અને ધર્માંધ કે અસહિષ્ણુ પણ બની જાય; અને, બીજી રીતે શુદ્ધ હોવા છતાં, ભગવાનના કોઈ એક સ્વરૂપ સિવાય અન્ય સર્વનો ઇન્કાર કરીને કે વાસ્તવિક અને અનંત સ્વરૂપે તેનાં દર્શન કરવાની ના પાડીને આપણી પરિપૂર્ણતાને અધૂરી પણ રાખી દે. વળી, હૃદયમાં રહેલો માનવ માટેનો પ્રેમ પણ લાગણીઓને, કર્મોને અને જ્ઞાનને કઢંગી કે અતિશયતા ભરેલાં બનાવી દઈ શકે છે; આ સર્વેને વિશુદ્ધ બુદ્ધિથી

---

૧. અધ્યાય ૪ : શ્લોક ૩૮.

સમાલી અને સુધારી લેવાં પડે છે.

પણ બુદ્ધિ એટલે શું તથા તેની વિશુદ્ધિ એટલે શું એ આપણે પૂરેપૂરું અને સ્પષ્ટતાથી વિચારી લેવું પડશે. બુદ્ધિ એટલે અંગ્રેજીમાં જેને સમજ-શક્તિ ('અન્ડરસ્ટેન્ડિંગ') કહે છે તે જ માત્ર નથી; એટલે મન, ઇન્દ્રિયોથી દોરાતું મન કે જે દરેક જાતના ઇન્દ્રિય–બોધને, તે સાચા છે કે ખોટા, વાસ્તવિક છે કે માત્ર આભાસરૂપ, ઊંડા મૂળવાળા છે કે સપાટી પરના, એવા કોઈ પણ જાતના ભેદ પાડયા વિના ભંડાર્યાં જ કરે છે તેનો તેમાં સમાવેશ નહિ કરીએ. આ ઇન્દ્રિય–બોધ પરથી બંધાતા ગોટાળિયા ખ્યાલોનો સમૂહ કે જેમાં પણ તુલના કે વિવેકનું ઉચ્ચ તત્ત્વ ગેરહાજર હોય છે તેને પણ બાકાત જ રાખીશું. સતત ઊભરાયા કરતા યંત્રવત્ વિચાર કે જે ચિંતન-હીન સામાન્ય માણસમાં સમજ–શક્તિનું સ્થાન લે છે પણ જે રૂઢ સંસ્કારો, ઇચ્છાઓ, પૂર્વગ્રહો, પૂર્વ–મતો, વારસાગત કે ઊભી કરેલી પસંદગીઓ વગેરેનું સતત પુનરાવર્તન માત્ર હોય છે (જો કે તેમાં પણ આજુબાજુથી દોડચે આવતા અને વિવેકશીલ, ઉચ્ચ, તર્ક–શક્તિની મ્હોર વાગ્યા વિનાના ખ્યાલોનો સતત ઉમેરો તો થતો જ હોય છે) તેનો પણ સમાવેશ કરી શકાય તેમ નથી. અલબત્ત પશુમાંથી માનવ–પદ પર આવતા માણસના વિકાસમાં આ જાતની સમજ–શક્તિએ ઘણો ફાળો આપેલો છે; પણ એ એ પશુના કરતાં એક જ પગલું આગળ વધેલી શક્તિ છે; ટેવો, ઇચ્છાઓ અને ઇન્દ્રિયોને આધીન એવી એ અર્ધ–પશુની તર્કશક્તિ છે, અને શાસ્ત્રીય ચિંતન–શીલ કે આધ્યાત્મિક જ્ઞાનની શોધમાં તે કામ લાગી શકે તેમ નથી. આપણે તેનાથી પણ ઉપર જવું જ પડશે; કાં તો તેને સમૂળગી રદ કરીને કે શાંત પાડી દઈને કે તેનું સાચી સમજ–શક્તિમાં રૂપાંતર કરી નાખીને જ તેને વિશુદ્ધ કરી શકાય.

સમજ–શક્તિ એટલે જે એક સાથે ઇન્દ્રિય–બોધ, તુલના અને વિવેક (સારાસાર–ભેદ)નું કામ કરે છે તથા ઇન્દ્રિયોથી, ઇચ્છાઓથી કે આદતના યંત્રવત્ જોરથી બંધાઈ ગએલી નથી પણ જ્ઞાન અને પ્રભુત્વ માટેના પોતાના હક્કના જોરે કામ કરે છે તે, મનુષ્યોની સાચી તર્ક–શક્તિ. અલબત્ત, અત્યારે માણસની જે હાલત છે તેની ઉત્તમ કક્ષાએ પણ તેની તર્ક–શક્તિ, આ પૂર્ણ સ્વાતંત્ર્ય અને અધિકારભરી રીતે કાર્ય કરતી નથી; પણ તે તેમાં જે કેટલેક અંશે નિષ્ફળ નીવડે છે તેનું કારણ એ છે કે હજી તે અર્ધ–પશુ દશાવાળી નિમ્ન ક્રિયાઓમાં ભરાઈ રહેલી છે, હજી તે અશુદ્ધ છે અને પોતાનાં વિશિષ્ટ કાર્યમાંથી તેને સતત રીતે નીચે ખેંચી રાખવામાં આવે છે. તે તેની વિશુદ્ધ

દશામાં આ નિમ્ન ક્રિયાઓમાં ફસાએલી નહિ રહે, પણ પરિસ્થિતિથી અલગ રહી તટસ્થ રીતે અવલોકન કરશે; સરખામણી, વિરોધ, સાદૃશ્ય વગેરેનો ઉપયોગ કરી દરેક વસ્તુને સમગ્રતામાં સાચું સ્થાન આપશે; યોગ્ય રીતે ભેગી કરેલી માહિતીમાંથી તારવણી, અનુમાન, અનુસરણ વગેરે દ્વારા તર્ક કરશે; અને એ પ્રમાણે મેળવેલ સર્વ બાબતોને સ્મૃતિમાં સંઘરીને, તથા, શુદ્ધ અને યોગ્ય રીતે વાપરેલી કલ્પના-શક્તિનો તેમાં ઉમેરો કરીને સર્વ બાબતોને પીઢ અને નિયંત્રિત નિર્ણય-શક્તિના પ્રકાશમાં મૂકી આપશે. શુદ્ધ, બૌદ્ધિક સમજ-શક્તિ આવી હોય છે; તટસ્થ અવલોકન, નિર્ણય અને તર્ક એ તેના ધર્મ અને વિશિષ્ટ કાર્ય છે.

પણ 'બુદ્ધિ'નો એક બીજો વધારે ઊંડો અર્થ પણ છે. બૌદ્ધિક સમજ-શક્તિ એ તો માત્ર નિમ્ન બુદ્ધિ છે; બીજી એક એવી ઊર્ધ્વ બુદ્ધિ પણ છે કે જે ચિંતન-શક્તિ નહિ પણ 'દૃષ્ટિ' છે, જે નીચે રહેલી સમજ-શક્તિ[૨] નથી પણ જે, ઊલટાની, જ્ઞાનપ્રદેશમાં ઊંચે બિરાજતી શક્તિ છે;[૩] તે જ્ઞાનની શોધમાં પડી, મળતી માહિતીને વશ-વર્તીને જ્ઞાન-પ્રાપ્તિ કરતી નથી પણ સત્ય તો તેને સ્વયંસિદ્ધ હોઈ તેને તે સત્યપ્રકાશ અને અંતર્જ્ઞાન-વાળા વિચારો દ્વારા પ્રગટ કરે છે. જ્યારે ખૂબ વિકટ વિચાર-મંથન ચાલતું હોય, અને, પડદા પાછળથી સતત વીજળીનો પ્રવાહ ઊતર્યે આવવાથી અને કોઈ ઊર્ધ્વ ઉત્સાહને વશ થવાથી જ્યારે બુદ્ધિ, જ્ઞાનની સ્ફુરણાત્મક અને પ્રેરણાભરી શક્તિનાં વહ્યે આવતાં પૂરને પોતાનામાં દાખલ થવા દે છે ત્યારે પ્રકાશ-પૂર્ણ સમજની જે કાચીપાકી ક્રિયા બની આવે છે તેની ઉપરથી આ સત્ય-પ્રતિષ્ઠિત જ્ઞાનનો આછો ખ્યાલ માનવ-મનને મળી શકે તેમ છે. કારણકે માનવમાં પણ એક એવું અંતર્જ્ઞાન પ્રેરિત-મન છે જ કે જે મનસાતીત શક્તિમાંથી આવતાં પૂરનો આધાર અને વાહન છે. પણ આ અંતર્જ્ઞાન અને પ્રેરણા આપણી અંદર જે કાર્ય કરે છે તેનો પ્રકાર નબળો અને પ્રવાહ તૂટક તૂટક હોય છે. તેમનું આ કાર્ય, સામાન્ય રીતે, મથામણ અને મંથન અનુભવતાં હૃદય કે બુદ્ધિના પોકારના પ્રત્યુત્તરરૂપે થાય છે. એ કાર્યની ભેટ આપણા મનની સચેતનતામાં પહોંચે તેની ય પહેલાં આપણા વિચારો કે અભીપ્સાઓ તેમને જઈ મળે છે અને તેમાં ભળવા માંડે છે; પરિણામે,

---

૨. અંગ્રેજી : 'અન્ડરસ્ટેન્ડિંગ'

૩. અંગ્રેજી : 'ઓવરસ્ટેન્ડિંગ'; દિવ્ય-પુરુષને 'અધ્યક્ષ', કહેલો છે; જે આકાશમાં, બધાથી ઊર્ધ્વમાં પ્રતિષ્ઠિત થઈ સર્વ કાંઈ પર નજર નાખે છે, તેમને નિહાળે છે અને નિયંત્રિત કરે છે, તેનું નામ અધ્યક્ષ.

ત્યારે તે વિશુદ્ધ ના રહેતાં હૃદય અને બુદ્ધિને અનુકૂળ બની જાય છે. અને જ્યારે તે સચેતન મનમાં પ્રવેશે ત્યારે આપણી બૌદ્ધિક સમજ–શક્તિ તેને એકદમ ઝડપી લે છે જેથી તે આપણાં અપૂર્ણ બૌદ્ધિક જ્ઞાનને કામ લાગે તેવું મોળું કે વેરવિખેર સ્વરૂપ ધારણ કરે છે; અથવા તો હૃદય વડે ઝડપાઈ જઈ તે આપણી અંધ કે અર્ધ–અંધ ઊમિલ કામના કે રાગને અનુકૂળ ઘાટમાં ઘડાઈ જાય છે; અથવા તો તેથી ય નીચલી વાસનાઓ વડે ઝડપાઈ જઈ આપણી પાશવી વાસના કે ભૂખના ઉગ્ર ઉપભોગમાં વિકૃત બની જાય છે.

જો આ ઊર્ધ્વ બુદ્ધિ નીચેનાં આ અંગોની અશુદ્ધિઓમાં ભેળવાયા વિનાની રહી શકે તો સત્યને તે શુદ્ધ સ્વરૂપે રજૂ કરી શકે; તો અવલોકનમાં એવી દૃષ્ટિ આગળ પડતી બને (અથવા તો તેનું સ્થાન પણ લઈ લે) કે જે ઇન્દ્રિયો કે ઇન્દ્રિયવશ મનની માહિતીને વશ રહ્યા વિના સત્ય-દર્શન કરી શકે; તો કલ્પનાનું સ્થાન સત્યની આત્મશ્રદ્ધા-ભરી પ્રેરણા લે; તર્કનું સ્થાન પરસ્પરના સંબંધોની સહજ સ્પષ્ટતા લે; તર્કશક્તિના નિર્ણયોનું સ્થાન એક એવી અંતઃસ્ફુરણા લે કે જે માથાકૂટ કરીને પેલા સંબંધો સ્થાપવાને બદલે તેમને પોતાનામાં પહેલેથી જ સમાવતી હોય; તુલનાનું સ્થાન એક એવી વિચાર–દૃષ્ટિ લે કે જેના પ્રકાશને લીધે, અત્યારની આપણી બૌદ્ધિક તુલનાને જે અંચળાઓ ભેદવા પડે છે તે અંચળાઓથી સમૂળગું મુક્ત એવું સત્ય, સન્મુખ બને; વળી, ત્યારે, આપણી હાલની સ્મરણ–શક્તિ કે જે આપણી વર્તમાન જિંદગીના ભંડોળમાંથી રડીખડી બાબતો યાદ કરી શકે છે તે, જૂના તત્ત્વજ્ઞાનીઓએ જણાવેલી એક એવી સર્વ–સંગ્રહ–જ્ઞાનશક્તિ બની જઈ શકે કે જે, હાલમાં આપણે મહામહેનતે જે શોધીને યાદ કરી શકીએ છીએ તે સર્વે બાબતોને ગુપ્ત રીતે સંઘરે અને તરત જ રજૂ કરી શકે–અને તે પણ એટલે સુધી કે તેમાં માત્ર ભૂતકાળના નહિ પણ ભવિષ્યના જ્ઞાનનો પણ સમાવેશ કરે.[૪] બેશક, આવી સત્ય–પ્રતિષ્ઠિત ઊર્ધ્વ જ્ઞાનશક્તિને ગ્રહણ કરવાની આપણી પાત્રતા વધ્યે જ જવાની છે, પણ હાલ પૂરતો તો તેનો પૂરો અને ખુલ્લેખુલ્લો ઉપયોગ કરવાનો અધિકાર માત્ર દેવ–લોકોનો જ છે; આપણું માનવ–બંધારણ હજી તેને લાયક થયું નથી.

આમ, સામાન્ય સમજ–શક્તિ, (એટલે કે નિમ્ન બુદ્ધિ) અને આ ઊર્ધ્વ બુદ્ધિ (કે જેને, સગવડને ખાતર, 'આદર્શ બુદ્ધિ' કહી શકાય) એ બંનેના સ્પષ્ટ ખ્યાલ આપણને મળી જાય છે; અવિકસિત માણસની અર્ધ–

---

૪. આ રીતે જોતાં ભવિષ્ય-વાણીને ભાવિ-સ્મૃતિ તરીકે વર્ણવવામાં આવે છે તે યથાર્થ જ છે.

પાશવી સમજણ અને વિકસિત માણસની બુદ્ધિ એ બેમાં જેટલો ફેર છે એ બુદ્ધિ અને આ 'આદર્શ શુદ્ધિ'માં વળી નિમ્ન બુદ્ધિએ સત્ય-જ્ઞાનની પ્રાપ્તિનું પોતાનું કાર્ય બરાબર કરવું હોય તો કેવી જાતની વિશુદ્ધિ તેણે મેળવવી જોઈએ તે પણ સ્પષ્ટ થઈ જાય છે. અશુદ્ધિ માત્ર એટલે પોતાના કાર્યમાં ગૂંચવાડો, સ્વધર્મનો ત્યાગ; સ્વધર્મ એટલે પદાર્થમાત્રમાં રહેલ સ્પષ્ટ અને મૂળગત, સાચું કર્મ; દરેક પદાર્થ જ્યાં સુધી પોતાનાં આ સ્વ-કર્મને વશ રહે ત્યાં સુધી એ વિશુદ્ધ રહે છે અને આપણી પરિપૂર્ણતામાં સહાયરૂપ બને છે. અને, સ્વ-ધર્મના ત્યાગનું કારણ હોય છે સ્વ-ધર્મોનો અજ્ઞાનભર્યો ગૂંચવાડો, સંકરતા,[5] કે જેમાં કોઈ પણ પદાર્થ પોતાના ગુણ-ધર્મ છોડી બીજા ગુણ-ધર્મ પ્રમાણે કાર્ય કરે છે.

બુદ્ધિની અશુદ્ધિનું પહેલું કારણ છે વિચારોમાં ઇચ્છાઓનો પગપેસારો અને ઇચ્છા પોતે પણ આપણાં પ્રાણ-મય અને ઊર્મિ-મય અંગોમાં રહેલી સાચી સંકલ્પ-શક્તિનું એક અશુદ્ધ સ્વરૂપ છે. જ્યારે પ્રાણમય અને ઊર્મિ-ભરી ઇચ્છાઓ આપણા જ્ઞાન-પ્રાપ્તિના સંકલ્પમાં ઘૂસી જાય છે ત્યારે વિચારની ક્રિયાઓ તેમને વશ વર્તે છે, તેના પોતાના જ હેતુઓને છોડી બીજે રસ્તે ચડી જાય છે અને તેની દૃષ્ટિ ડહોળી અને અસ્ત-વ્યસ્ત થઈ જાય છે. બુદ્ધિએ ઇચ્છાઓ અને ઊર્મિઓના ઘેરામાંથી છૂટી ઊંચે ચડી જવું જોઈએ અને તેમનાથી સંપૂર્ણ અસ્પૃષ્ટ થઈ જવા માટે ખુદ પ્રાણ અને હૃદયને પણ શુદ્ધ કરી નાખવાં જોઈએ. ઉપભોગ એ પ્રાણનો ધર્મ છે, પણ ભોગ્યને પસંદ કરવો કે તેની પાછળ પડવું એ તેનું કાર્ય નથી. ભોગ્યની પસંદગી અને સોંપણી એ બીજી ઉચ્ચ શક્તિઓનું કાર્ય છે. એટલે પ્રાણને તો એ શીખવવાનું છે કે દિવ્ય સંકલ્પ-શક્તિનાં કાર્યને અનુસાર જીવનના સાચા ધર્મ બજાવતાં જે કાંઈ લાભ કે ઉપભોગ આવી મળે તેનો તેણે સ્વીકાર કરવાનો છે અને વાસનાઓ અને આસક્તિથી મુક્ત થવાનું છે. એ જ પ્રમાણે હૃદયને પ્રાણ અને ઇન્દ્રિયોની તૃષ્ણાઓની પકડમાંથી છોડાવવાનું છે કે જેથી ભય, ક્રોધ, ધિક્કાર, વગેરે જે હૃદયની આગળ પડતી અશુદ્ધિઓ છે તેના ઊભરાઓમાંથી તે મુક્ત બને. પ્રેમનો સંકલ્પ એ હૃદયનો ધર્મ છે પણ, અહીં પણ, પ્રેમપાત્રની પસંદગી કે પ્રયત્નને છોડવાના કે શાંત કરવાના છે; અને હૃદયને ગાઢ અને તીવ્ર પ્રેમ કરતાં તો શીખવવાનું જ છે. પણ એ ગાઢતા પ્રશાંત હશે અને તીવ્રતા ઠરેલ અને સમભાવી હશે, – વ્યગ્ર અને વ્યસ્ત નહિ. બુદ્ધિને ભૂલ, અજ્ઞાન અને વિકૃતિઓથી અસ્પૃષ્ટ રાખવા માટે આ નિમ્ન અંગોને

---

૫. सम + कर

શાંત કરવાં અને નિયંત્રિત કરવાં, એટલે કે તેમનું 'શમન' અને 'દમન' કરવું એ સહુથી પહેલી શરત છે. આ વિશુદ્ધિ એટલે પ્રાણ અને હૃદયની સંપૂર્ણ સમતા; એટલે કર્મયોગના પહેલા સૂત્રની માફક જ્ઞાનયોગનું પણ પહેલું સૂત્ર બની રહે છે સમતા.

બુદ્ધિની અશુદ્ધિનું બીજું કારણ છે વિચારોમાં ઇન્દ્રિયોના ભ્રામક અનુભવોની તથા ઇન્દ્રિય–વશ મનની દખલગીરી જે જ્ઞાન ઇન્દ્રિયોને વશ હોય અથવા ઇન્દ્રિયોએ આપેલી પ્રાથમિક માહિતી (કે જેને સતત સુધારવાની કે પડતી મૂકવાની હોય છે) તેનો અન્યથા ઉપયોગ કરતું હોય તે સાચું જ્ઞાન હોઈ જ ના શકે. વિશ્વમાં કાર્ય કરતી પ્રકૃતિની પ્રવૃત્તિઓનો આપણી ઇન્દ્રિયો જે ખ્યાલ આપે છે તેની નીચે રહેલાં સત્યોને પકડવાના પ્રયત્નમાંથી જ ભૌતિકશાસ્ત્રો, 'સાયન્સ'ની શરૂઆત થાય છે; ઇન્દ્રિયો દ્વારા આપણને પદાર્થોના જે ખોટા ખ્યાલ મળે છે તેની પાછળનાં તત્ત્વોને પકડવાના પ્રયત્નમાંથી તત્ત્વજ્ઞાનની શરૂઆત થાય છે; ઇન્દ્રિય–વશ જીવનના સાંકડાપણાનો અસ્વીકાર કરવાથી તથા દૃશ્ય અને ઇન્દ્રિયગમ્ય પદાર્થોને અંતિમ વાસ્તવિકતાની માત્ર બાહ્ય ઘટનાઓ તરીકે સ્વીકારવાથી આધ્યાત્મિક જ્ઞાનની શરૂઆત થાય છે.

એટલે ઇન્દ્રિય–વશ મનને પણ શાંત કરવું જોઈએ, તથા તેને એવું ઘડવું જોઇએ કે જેથી વિચાર કરવાનું કાર્ય, નિર્ણય અને સમજને માટે જવાબદાર બુદ્ધિને તે કરવા દે. જ્યારે આપણી બુદ્ધિ ઇન્દ્રિય–વશ મનમાંથી પાછી હઠી જાય અને તેની દખલગીરીને દૂર રાખ્યા કરે ત્યારે એ મન બુદ્ધિથી અલગ થઈ જાય છે અને તેનાં કાર્યને અલગ કાર્ય તરીકે અવલોકી શકાય છે. ત્યારે આપણને દેખાય છે કે એ મન એના એ જ ખ્યાલો, સંસ્કારો, અનુભવો અને ઇચ્છાઓનો સતત ઘૂમરાતો અને વમળાતો સપાટી નીચેનો એક પ્રવાહ માત્ર છે; તેમાં નથી દેખાતો કોઈ સાચો ક્રમ કે વ્યવસ્થા કે નહિ કોઈ પ્રકાશનું તત્ત્વ; એ હોય છે બુદ્ધિ–હીન, લાભ–હીન સતત ચકરાતું પુનરાવર્તન. સામાન્ય માનવ–બુદ્ધિ આ અંધ–પ્રવાહને અપનાવી લે છે અને તેને થોડાઘણા વ્યવસ્થિત ક્રમવાળું સ્વરૂપ આપવા યત્ન કરે છે. પણ આમ કરવા જતાં એ પોતે જ તેને વશ થઈ જાય છે અને એના ગૂંચવાડા, એની ચંચળતા, યંત્રવતતા તથા અંધ, હેતુ–હીન પુનરાવર્તનોનું બુદ્ધિ–હીન દાસ બની જાય છે કે જેનાં પરિણામે માનવની સમજ–શક્તિ ભ્રામક, મર્યાદિત અને ખુદ બેહૂદી અને અર્થ–હીન સાધન બની જાય છે. આ અસ્થિર, અશાંત, ઉગ્ર અને દખલગીર તત્ત્વનો ઉપાય એ જ છે કે

તેનાથી મુક્ત થઈ જવું; અને તે માટે કાં તો તેને અલગ કરી નાખ્યા પછી તેને સુવાડી દેવું અથવા તો આપણા વિચારોને એવા એકાગ્ર અને એક-ધ્યેયી બનાવી દેવા કે જેથી તે પોતે જ આ પરાયા અને ગૂંચવતા તત્ત્વને ફેંકી દે.

અશુદ્ધિનું એક ત્રીજું કારણ બુદ્ધિના પોતાનામાં જ રહેલું છે; એ છે: જ્ઞાન માટેના સંકલ્પનો અયોગ્ય ઉપયોગ. જ્ઞાનેચ્છા એ છે તો બુદ્ધિનો સ્વ-ધર્મ; પણ અહીં પણ જ્ઞાનના વિષયની પસંદગી અને અયોગ્ય ઉપયોગથી અવરોધ અને વિકૃતિ ઉત્પન્ન થાય છે. એનાથી એક એવો પક્ષપાત અને આસક્તિ ઊભી થાય છે કે જેને લીધે બુદ્ધિ અમુક ખ્યાલ અને મતને વધારે કે ઓછી હદથી વળગી રહે છે તો બીજા ખ્યાલ અને મતમાં રહેલાં સત્યને અવગણે છે; કોઈ એક સત્યના અમુક ભાગને વળગી રહે છે તો તે સત્યની પૂર્ણતા માટે અનિવાર્ય એવા બીજા કેટલાક ભાગને સ્વીકારતાં ખચકાય છે; જ્ઞાનની અમુક પૂર્વ-પસંદગીને વળગી રહે છે તો વળી ચિંતકના ચિંતન-શીલ માનસિક બંધારણમાં બંધ ના બેસે તે સર્વ જ્ઞાનને વર્જ્ય ગણે છે. આનો ઉકેલ છે: મનમાં સંપૂર્ણ સમતાનું સ્થાપન, બુદ્ધિમાં અણિશુદ્ધ સત્ય-પ્રિયતાનો વિકાસ અને માનસિક અનાસક્તિની પરિપૂર્ણતા. વિશુદ્ધ બુદ્ધિ જેમ કોઈ વાસના કે કામનામાં ઢસડાશે નહિ તેમ કોઈ અમુક ખ્યાલ કે સત્ય માટેના ગમા કે અણગમાથી પણ દોરાશે નહિ, પોતાને જેની પૂરી ખાતરી હોય તેવા ખ્યાલને પણ ચોંટી રહેવાની ના પાડશે અને તેમની ઉપર એવો વધારે પડતો ભાર નહિ મૂકે કે જેથી કરીને સત્યની સમતુલા જોખ-માય કે સમગ્ર અને પરિપૂર્ણ જ્ઞાનનાં બીજાં અંગોનું મૂલ્ય ઓછું થાય.

આવી વિશુદ્ધ બુદ્ધિ બૌદ્ધિક વિચારો માટેનું એક પૂરેપૂરું મુલાયમ, સમગ્ર અને દોષરહિત સાધન બની રહેશે અને, નીચેથી આવતા અવરોધો અને વિકૃતિઓમાંથી તે મુક્ત બનેલ હોવાથી પરમ આત્માનાં અને વિશ્વનાં સત્યોને જેટલી સાચી અને સંપૂર્ણ રીતે બુદ્ધિ જોઈ શકે તેટલી તે જોઈ શકશે. પણ જ્ઞાન, સાચું જ્ઞાન મેળવવા માટે તો હજી કાંઈક વધારે વસ્તુ જરૂરની છે, કારણકે સાચાં જ્ઞાનની આપણી મૂળ વ્યાખ્યા એવી છે કે તે બુદ્ધિથી પર છે, મનસાતીત છે. સાચાં જ્ઞાનની પ્રાપ્તિમાં આપણી બુદ્ધિ વચ્ચે ના આવે એટલા માટે આપણે એ 'હજી કાંઈક વધારે' મેળવવાનું છે અને એક એવી શક્તિ વિકસાવવાની છે કે જે બુદ્ધિને દોડાવ્યા કરતા ચિંતન-શીલ માણસો માટે અતિ-અતિ મુશ્કેલ છે અને તેની વૃત્તિ માટે અણગમતું છે; એ છે: બુદ્ધિને નિષ્ક્રિય કરવાની આવડત. એનાથી હેતુ

બેવડો સધાય છે, અને તેથી નિષ્ક્રિયતા પણ બે જુદી જુદી જાતની કેળવવી પડે છે.

આપણે સૌથી પહેલાં જોયું કે બૌદ્ધિક વિચાર-શક્તિ એકલી પૂરતી નથી; વળી તે ઊંચામાં ઊંચી વિચારશક્તિ પણ નથી; ઊંચામાં ઊંચી શક્તિ તો આવે છે અંતર્જ્ઞાનાત્મક મન (intentive mind) દ્વારા, અને અતિમાનસિક શક્તિમાંથી. આપણામાં જ્યાં સુધી બૌદ્ધિક ટેવ અને નિમ્ન ક્રિયાઓ આગળ પડતી હોય ત્યાં સુધી આ અંતર્જ્ઞાનાત્મક મન તેના સંદેશાઓ માત્ર અવચેતના દ્વારા જ મોકલી શકે અને તે સચેતન મન સુધી પહોંચે ત્યાં સુધીમાં તેમાં લગભગ સંપૂર્ણ વિરૂપતા પણ થઈ જવાની; અથવા સચેતન રીતે તે આ કાર્ય કરે તોપણ તે અતિ વિરલ પ્રસંગે જ અને અતિ અધકચરી રીતે. ઊર્ધ્વ જ્ઞાન-શક્તિ આપણામાં જોરદાર બને એટલા માટે, આપણે જેવી રીતે બુદ્ધિને ઇન્દ્રિયવશ મનમાંથી અલગ કરી તેવી જ રીતે અંતર્જ્ઞાનાત્મક તત્ત્વને બૌદ્ધિક તત્ત્વમાંથી અલગ કરવું પડે. અને આ કાંઈ સહેલું નથી; કારણકે અંતર્જ્ઞાનનાં સ્ફુરણો આપણામાં આવવાનાં તે બૌદ્ધિક ક્રિયાઓમાં ઢંકાઈને આવવાનાં એટલું જ નહિ પણ ઘણી બધી માનસિક ક્રિયાઓ આ ઊર્ધ્વ-શક્તિનાં મહોરાં પહેરીને અને તેના જેવા જ ચેનચાળા કરીને આવવાની. તેનો ઉપાય એ છે કે બુદ્ધિને, પહેલાં તો, સાચાં અંતર્જ્ઞાનને પારખતાં તથા ખોટામાંથી તેને તારવી નાખતાં શીખવવું અને તે પછી, બુદ્ધિને જ્યારે તેને પોતાની રીતે જુએ કે તેના વિષે નિર્ણય કરે ત્યારે, તે તેનો આખરી સ્વીકાર ના કરી નાખે પણ ઊલટાની ઊંચે નજર નાખે, દિવ્ય-શક્તિ સમક્ષ બધી વસ્તુ રજૂ કરે અને શક્ય તેટલું મૌન ધારણ કરી ઊર્ધ્વ પ્રકાશની પ્રતીક્ષા કરે તેવી તેને ટેવ પાડવી. આમ બૌદ્ધિક વિચારોના ઘણા મોટા ભાગને પ્રકાશ-પૂર્ણ સત્ય-દર્શનમાં પલટી નાખવાનું શક્ય બનશે (અલબત્ત, પૂરેપૂરા એ પ્રદેશમાં પહોંચી જવું એ જ આદર્શ બાબત છે); અથવા બુદ્ધિની પાછળ રહી કાર્ય કરતાં આદર્શ જ્ઞાનનાં આવર્તનોને, વિશુદ્ધિને તથા સચેતન શક્તિને ખૂબ જ વધારવાનું તો શક્ય બનશે જ. બુદ્ધિ એ આદર્શ શક્તિને વશ બને અને તેના હાથમાં નિષ્ક્રિય બને એ તેણે શીખવું જ પડશે.

પણ શુદ્ધ આત્મ-જ્ઞાનને માટે તો જરૂરી છે: બુદ્ધિને સંપૂર્ણ રીતે નિષ્ક્રિય બનાવવાની શક્તિ, વિચારમાત્રનું વિસર્જન કરવાની શક્તિ, ગીતામાં એક જગ્યાએ જણાવ્યા પ્રમાણે,[૬] મનની વિચાર નહિ કરવાની શક્તિ.

૬. न किंचिदपि चिन्तयेत् ।

પશ્ચિમી માનસ, કે જે વિચારને ઊંચામાં ઊંચી શક્તિ માને છે તેને માટે આ વાત બહુ ભારે છે; તે, મનની આ વાત 'વિચાર નહિ કરવાની શક્તિ,' તેનું સંપૂર્ણ મૌન એને મનની વિચારશક્તિનો અભાવ માની લેવાની ભૂલ કરી બેસે તે શક્ય છે. પણ આ મૌન રાખવાની શક્તિ એ એક આવડત છે, અન-આવડત નહિ, શક્તિ છે, અશક્તિ નહિ. એ છે એક ગહન અને સભર અવિચલતા. જ્યારે, કોઈ શાંત, સ્વચ્છ, સ્થિર સરોવરની માફક મન સમગ્ર જાતની શુદ્ધ અને શાંત અવસ્થામાં બિલકુલ નિષ્પંદ, સુસ્થિર બની જાય, અને અંતરાત્મા વિચારોથી પર થઈ જાય, માત્ર ત્યારે જ એ પરમ આત્મા કે સર્વ પ્રવૃત્તિઓ અને આવિર્ભાવોનો કર્તા છે અને તેમનાથી પર છે, એ પરમ મૌન કે જેમાંથી સર્વ શબ્દ ઉદ્ભવે છે, એ પરમ નિરપેક્ષ કે જેનાં આંશિક પ્રતિબિંબરૂપ બધી સાપેક્ષતાઓ છે, તે આપણી જાતના શુદ્ધ સ્વરૂપની અંદર પ્રગટ થઈ શકે. સંપૂર્ણ મૌનમાં જ પરમ મૌનને સાંભળી શકાય, શુદ્ધ શાંતિમાં જ તેનું સાચું સ્વરૂપ જોઈ શકાય, તેથી જ એ 'એ'નું નામ છે પરમ મૌન, પરમ શાંતિ.

## પ્રકરણ : ૪

# એકાગ્રતા

વિશુદ્ધિની સાથે સાથે જતી અને તેને સ્થાપિત કરતી ક્રિયા, એ છે એકાગ્રતા. ખરી રીતે તો, એક જ અવસ્થાનાં બે પાસાં, એક શાંત સહચારી, બીજું સક્રિય સહકારી, એક નારી જેવું બીજું નર જેવું, એ છે વિશુદ્ધિ અને એકાગ્રતા. વિશુદ્ધિ એટલે એવી અવસ્થા કે જેમાં એકાગ્રતા પૂર્ણતા પામે અને પાકી અસરકારક તથા સર્વ-સમર્થ બને; એકાગ્રતાની શક્તિથી વિશુદ્ધિ પોતાનાં કાર્ય પાર પાડે છે, તેના વિના તે આપી શકે માત્ર નિશ્ચલ પ્રશાંતિ, સનાતન વિશ્રાંતિ. અને તેમનાં વિરોધી તત્ત્વો પણ એવી જ રીતે સંકળાએલાં છે; આપણે જોયું છે કે અશુદ્ધિ એ છે આપણી જાતનાં વિવિધ તત્ત્વોએ કરેલો સ્વ-ધર્મનો ગૂંચવાડો, એક જાતની શિથિલતા, સેળભેળ અને ગૂંચવાએલું કાર્ય; અને દેહી પોતાના જ્ઞાનને પોતાની શક્તિ ઉપર યોગ્ય રીતે એકાગ્ર નથી કરતો તેથી જન્મે છે આ ગૂંચવાડો. આપણી પ્રકૃતિની ખામી એ છે કે પહેલાં તો એ, મન ઉપર આવી પડતા સેળ-ભેળ, અ-વ્યવસ્થિત, કાબૂ બહારના બાહ્ય સ્પર્શોને બંધ આપે, તાબે થાય છે અને, પછી, એક, આડીઅવળી, જેવીતેવી એકાગ્રતા સાધે તો છે પણ એ હોય છે ધૂની, ઢંગધડા વગરની અને આકસ્મિક; વળી એ એકાગ્રતા, ઉચ્ચ આત્મા કે તુલનાત્મક અને વિવેકશીલ બુદ્ધિએ પસંદ કરેલી વસ્તુ પર નહિ પણ ચંચળ, ચટપટિયું કૂદંકૂદી કરતું, તરત થાકતું, તરત તણાઈ જતું નિમ્ન મન કે જે આપણી પ્રગતિનું મુખ્ય દુશ્મન છે તેને જ ગમી જતી વસ્તુ પર થએલી હોય છે. આવી દશામાં વિશુદ્ધિ એટલે કે સ્વ-ધર્મોનું યથાર્થ પાલન, જાતની સ્પષ્ટ, શુદ્ધ, તેજસ્વી રચના અસંભવિત છે; બાહ્ય પરિસ્થિતિ, અને પરિબળોને પરિણામે બની આવતી આકસ્મિક ક્રિયાઓ એકબીજીને અથડાઈ પડે, અટવાઈ જાય, તણાઈ જાય, ઊંધે માર્ગે ચડી જાય અને વિકૃત થઈ જાય એ જ હોય અનિવાર્ય અંત. એ જ પ્રમાણે વિશુદ્ધિ વિના યોગ્ય વિચાર, યોગ્ય સંકલ્પ, યોગ્ય ભાવ ઉપર સમસ્ત જાતની સર્વાંગી, સમતોલ, સાનુકૂળ એકાગ્રતા શક્ય નથી કે નથી શક્ય આધ્યાત્મિક અનુભૂતિની સુસ્થિર અવસ્થા.

એટલે, જ્યાં સુધી આપણને એવી સનાતન નિશ્ચલતા ના મળે (કે જેમાંથી સનાતન, સર્વ-સમર્થ, સર્વજ્ઞ સક્રિયતાનું કોઈ આંશિક સ્વરૂપ માણસમાં ખૂલવા માંડે) ત્યાં સુધી વિશુદ્ધિ અને એકાગ્રતા એ બંને, એકબીજાના વિજયમાં સહાય કરતાં, સાથે સાથે જ આગળ વધવાં જોઈએ.

પણ આપણા દેશમાંના પ્રચલિત જ્ઞાનયોગમાં એકાગ્રતાનો અર્થ વધારે વિશિષ્ટ અને મર્યાદિત રીતે કરવામાં આવે છે; મનની અસ્તવ્યસ્ત પ્રવૃત્તિઓમાંથી વિચારોને જુદા પાડીને તેમને એકમાત્ર બ્રહ્મ ઉપર એકાગ્ર કરવા કે જેથી કરીને આત્મા આ ઘટનાત્મક વિશ્વમાંથી એક પરમ વાસ્તવિકતામાં આરોહણ પામે તેવો તેનો અર્થ કરવામાં આવે છે. આપણે આપણી જાતને વિચારો દ્વારા ઘટનાત્મક વિશ્વમાં વેરણછેરણ કરી નાખીએ છીએ; એટલે વિચારોને ફરી પાછા એકઠા કરીને આપણે આપણી જાતને પરમ વાસ્તવિકતામાં ફરી પાછી લઈ જવાની છે. આ હેતુ સિદ્ધ કરવા માટે એકાગ્રતામાં ત્રિવિધ શક્તિ છે. કોઈ પણ બાબત પર એકાગ્ર થવાથી આપણે તેને જાણી શકીએ છીએ, તેનાં ગુપ્ત રહસ્ય પ્રગટ થઈ જાય છે; આપણે આ શક્તિ વડે વિવિધ વસ્તુઓને નહિ પણ વસ્તુઓની પણ વસ્તુને પોતાને જાણવાની છે. વળી એકાગ્રતાથી સમગ્ર સંકલ્પ-શક્તિને ભેગી કરીને જે કાંઈ હજી સુધી પ્રાપ્ત નથી થએલું, જે હજી આપણાથી દૂર રહેલું છે તેને પોતાનું કરી શકાય છે; જો આ શક્તિને પૂરતી કેળવવામાં આવે, પૂરતી એકલક્ષી, પૂરતી સચ્ચાઈ ભરેલી શંકાના પડછાયા વિનાની, પોતાને પૂરેપૂરી વફાદાર, અચળ શ્રદ્ધા-પૂર્ણ કરવામાં આવે તો તેને વાપરીને કોઈ પણ બાબત સિદ્ધ કરી શકાય છે; પણ આપણે વિશ્વની વિવિધ વસ્તુઓ મેળવવા માટે નહિ પણ એકમાત્ર એ જ વસ્તુ કે જે મેળવવા યોગ્ય છે (અને જે એક જ જાણવા યોગ્ય પણ છે) તેને જ આધ્યાત્મિક રીતે સિદ્ધ કરવા માટે જ એ વાપરવી જોઈએ. આપણી જાતની જ કોઈ એક અવસ્થા પર આપણી સમગ્ર જાતને એકાગ્ર કરવાથી આપણે જેવા થવું હોય તેવા થઈ શકીએ છીએ; દાખલા તરીકે, જો આપણે નિર્બળતા અને ભયના ભારામાંથી શક્તિ અને હિંમતના પહાડ બની શકીએ છીએ, કે આપણે એક પરમ પવિત્રતા, શુદ્ધિ અને શાંતિ કે પરમ પ્રેમના એક વિશ્વવ્યાપી વિશાળ આત્મા બની શકીએ છીએ. આપણે હાલમાં જેવા છીએ તેની સરખામણીમાં આ બધી અવસ્થાઓ, ખરેખર, ઘણી મહાન છે; તોપણ, એકાગ્રતાની શક્તિ વડે એમાંથી કાંઈ બનવાનું નથી; પણ પદાર્થમાત્રથી જે પર છે, જે કર્મમાત્ર અને ગુણ-માત્રથી મુક્ત છે, એ જ શુદ્ધ નિરપેક્ષ બ્રહ્મ બનવાનું છે. આ સિવાયની

બીજી સર્વ એકાગ્રતા માત્ર પૂર્વ–તૈયારી તરીકે, શરૂઆતની ભૂમિકા તરીકે, અસ્તવ્યસ્ત અને વેરણછેરણ થઈ જતા વિચારોને, સંકલ્પોને અને સમગ્ર જાતને તેમના મહાન અને એકમાત્ર લક્ષ્ય પર એકાગ્ર થવાની તાલીમ તરીકે કામની છે.

બીજી એકાગ્રતાઓની માફક આવી એકાગ્રતામાં પણ પહેલાં વિશુદ્ધિ આવી જ જાય છે; વળી છેવટના ભાગમાં ત્યાગ, વૈરાગ્ય અને, છેક છેવટે, સમાધિની નિરપેક્ષ અને પરાત્પર અવસ્થામાં આરોહણ એ પણ આવી જ જાય છે. જો એકાગ્રતા સમાધિની ચરમ કક્ષાએ પહોંચી જાય અને ત્યાં સ્થિર થઈ જાય તો પછી ત્યાંથી, હજારોમાંથી એકાદ સિવાય કોઈ આત્મા પાછો ફરતો નથી, કારણકે ત્યાં આપણે એવી સનાતન અવસ્થા પામીએ છીએ કે જ્યાંથી આત્મા પ્રકૃતિની ઘટમાળમાં પાછો ફરતો નથી;[1] અને સંસારમાંથી મુક્તિ ઝંખતા યોગી દેહત્યાગ વખતે આવી જ સમાધિ પસંદ કરે છે. એકાગ્રતાનો આવો ક્રમ રાજયોગમાં પણ છે જ. રાજયોગમાં સૌથી પહેલાં નૈતિક અને આધ્યાત્મિક વિશુદ્ધિ કરવી પડે છે,[2] મનની નિમ્ન અને અધોમુખી વૃત્તિઓમાંથી મુક્ત થવું પડે છે,[3] પણ પછીથી સર્વે વૃત્તિઓનો નિરોધ કરીને એક એવા ખ્યાલ પર એકાગ્ર થવું પડે છે કે જેના વડે પ્રવૃત્તિઓમાંથી બિલકુલ નિવૃત્ત અવસ્થામાં જઈ શકાય. રાજયોગમાં એકાગ્રતાની ક્રમિક અવસ્થાઓ છે : પહેલાં તો, મન એકાગ્રતા માટેના વિષયને પકડમાં લે તે,[4] પછી તે વિષય પર સ્થિર થાય તે[5] અને છેવટે એ વિષય જેને રજૂ કરતો હોય તે, અથવા એકાગ્રતા જ્યાં દોરી જાય તે અવસ્થામાં મન ડૂબી જાય તે. રાજયોગમાં જો કે માત્ર આ અંતિમ અવસ્થાને જ સમાધિ કહેવામાં આવી છે પણ, ગીતામાં પણ કહ્યું છે તેમ, સમાધિનો તેનાથી પણ વધારે વિશાળ અર્થ કરી શકાય છે. પણ રાજયોગમાં સમાધિ–અવસ્થાની જુદી જુદી કક્ષા છે : મન બાહ્ય વિષયોથી પર થઈ જવા છતાં વિચારોના સૂક્ષ્મ પ્રદેશમાં હજી અભ્યાસ કરે, વિચારે, અવલોકે તે; મનમાં હજી વિચારોનાં બીજ હયાત હોય તે; અને ખુદ મનના પ્રદેશમાં પણ બાહ્ય આંદોલન બંધ થઈ જતાં આત્મા, વ્યવહારથી અને, વર્ણનથી પર એવા મૌનમાં પહોંચી જાય તે. બધા જ યોગ–માર્ગોમાં વિચારોની એકાગ્રતા સાધવા શરૂઆતમાં કોઈ દેવ–દેવીની આકૃતિ, મંત્ર કે નામનો આધાર એટલે કે અવલંબન લેવામાં

---

૧. यतो नैव निवर्तन्ते तद्धामं परमं मम ।

૨. યમ અને નિયમ; ૩. પ્રત્યાહાર; ૪. ધારણા; ૫. ધ્યાન.

–અનુવાદક

આવે છે; તેમનો ઉપયોગ કરી તેમનાથી પર થઈ જવાનું હોય છે. ઉપનિષદના મત પ્રમાણે સર્વોચ્ચ અવલંબન છે ૐ, કે જેના ત્રણ અક્ષરો અ, ઉ અને મ્ એ પરમાત્માના, બ્રહ્મના પ્રતિનિધિરૂપ હોઈ જાગ્રત સ્વપ્ન અને સુષુપ્ત એવી આત્માની ત્રણ અવસ્થાઓના પ્રતીક છે અને એ ત્રણે અક્ષરોનો સંયુક્ત, સમર્થ નાદ ઊર્ધ્વમાં આરોહણ કરી સર્વ પ્રવૃત્તિઓ તેમ જ અવસ્થાઓથી પણ પરના પ્રદેશમાં પહોંચી જાય છે.[૬] સર્વે જ્ઞાન-માર્ગોનું અંતિમ લક્ષ્ય તો એ જ છે, પરાત્પર.

પણ પૂર્ણયોગે લક્ષ્ય તરીકે ખ્યાલમાં રાખેલી વસ્તુ આના કરતાં વધારે જટિલ અને ઓછી સંકુચિત છે; આત્માની સર્વોચ્ચ સ્થિતિ જેવી ભાવાત્મક બાબતમાં જો એ ઓછી સંકુચિત છે તો આત્મા દ્વારા થતાં દિવ્ય પ્રસારણ જેવી અભાવાત્મક બાબતમાં પણ ઓછી સંકુચિત જ છે. આપણે સર્વોચ્ચ સત્યને, સર્વનાં આદિમૂળને, પરાત્પરને, બેશક, આપણું લક્ષ્ય બનાવવાનું જ છે; પણ તે જેનાથી પર છે તેને તેમાંથી બકાત રાખવાનું નથી; ઊલટાનું, આત્માની એક એવી સુસ્થાપિત અનુભૂતિ અને પરમ અવસ્થાનાં મૂળ તરીકે તેને સ્વીકારવાનું છે કે જે બીજી સર્વે અવસ્થાઓનું રૂપાંતર કરી નાખીને, આપણી ઐહિક ચેતનાનું નવ-સર્જન કરી નાખીને, તેમને તેમનાં ગુપ્ત અને પરમ સત્યનું બાહ્ય સ્વરૂપ બનાવે.

આપણે આપણામાંથી દુનિયાની સર્વ ચેતનાને ઉખેડી નાખવા માગતા નથી પણ દુનિયામાં અને પરાત્પરતામાં એમ બંને જગ્યાએ ભગવાનનો, સત્યનો, પરમાત્માનો સાક્ષાત્કાર કરવા માગીએ છીએ. એટલે, આપણે માત્ર એ અનિર્વચનીયને જ નહિ પણ વિશ્વમાં ઓતપ્રોત અને તેમાં રમી રહેલા, અનંત સત્, ચિત્, અને આનંદ સ્વરૂપ તેના પ્રાગટ્યને પણ ઝંખીશું જ, કારણકે એ અનંત ત્રિ-મૂર્તિ એ પ્રભુનું જ ઊર્ધ્વ પ્રાગટ્ય છે; અને તેને જ જાણવાની, તેમાં ભળવાની, અને તે જ બની જવાની આપણે અભીપ્સા રાખીશું; અને આ ત્રિમૂર્તિનો માત્ર તેના એ ઊર્ધ્વ સ્વરૂપમાં જ નહિ પણ તેની આ વિશ્વલીલામાં પણ આપણે સાક્ષાત્કાર કરવાનો હોવાથી વિશ્વ-વ્યાપી દિવ્ય સત્ય, જ્ઞાન, તપસ્, પ્રેમ, કે જે તેનાં જ ગૌણ પ્રાગટ્ય છે, તેનું જ દિવ્ય જગત-સ્વરૂપ છે તેનું જ્ઞાન મેળવવાની અને તેમાં સહભાગી બનવાની પણ અભીપ્સા રાખીશું જ; એ સ્વરૂપની સાથે પણ આપણી જાતને આત્મસાત કરવાની અભીપ્સા રાખીશું, એ કક્ષાએ પહોંચવાનો પુરુષાર્થ કરીશું અને સ્વ-પ્રયત્નનો ગાળો પૂરો થતાં, આપણા સર્વ અહમ્-ભાવનો ત્યાગ

૬. માણ્ડૂક્ય ઉપનિષદ

કરીને આપણે તેને, આપણી જાત તેનામાં ઊંચે લઈ જવાની અને તેની જાતને આપણામાં નીચે આવવાની અને આપણામાંનાં સર્વત્ર વ્યાપી જવાની, ગાઢ આલિંગન આપવાની, અનુમતિ આપીશું. અને આ બધાંનો, તેની પરમ પરાત્પરતાને પ્રાપ્ત કરવાના એક સાધન તરીકે કે માર્ગ તરીકે જ નહિ પણ એ પરાત્પરતાને પકડ્યા પછી અને તેનાથી પકડાઈ ગયા પછી પણ આ વિશ્વના આવિર્ભાવમાં દિવ્ય જીવન સ્થાપવાની એક શરત તરીકે તેનો સ્વીકાર કરીશું.

આ લક્ષ્યને પાર પાડવા માટે એકાગ્રતા અને સમાધિનો વધારે સમૃદ્ધ અને વધારે ગહન અર્થ આપણે લેવો જોઈએ. આપણી બધી જ એકાગ્રતા એ પ્રભુના સંકલ્પનું,– ના, તપસનું એક સ્વરૂપ છે; તપસ્ વડે પરમાત્મા પોતે પોતાનામાં સંચિત રહે છે; તેના વડે પોતાને પોતાનામાં પ્રગટ કરે છે, તેના વડે પોતાના એ આવિર્ભાવને સંભાળે છે, જાળવે છે; તેના વડે સર્વ આવિર્ભાવમાંથી પાછો હઠી પોતાના પરમ અદ્વૈતમાં નિવૃત્ત પણ થઈ શકે છે. સત્, ચિદ્ વડે, આનંદને ખાતર, પોતે પોતાના પર એકાગ્ર થાય તેનું નામ દિવ્ય તપસ્; અને જ્ઞાનયુક્ત તપસ્ પોતાની ચિદ્–શક્તિ વડે પોતાની જ ઉપર તેમ જ પોતાના આવિર્ભાવ ઉપર સ્થિર થાય તે જ છે પ્રભુની દિવ્ય એકાગ્રતાનો, યોગેશ્વરના યોગનો, સાર. આપણે જેમાં જીવીએ છીએ તે, પ્રભુની વિવિધતા જો પ્રગટેલી જ છે તો એકાગ્રતા એક એવું સાધન છે કે જે વડે વ્યક્તિગત આત્મા પરમાત્માનાં કોઈ પણ સ્વરૂપમાં, અવસ્થામાં કે ભાવમાં પ્રવેશી શકે છે, એકરૂપ થઈ શકે છે. પ્રભુ સાથે અદ્વૈત સાધવા આ સાધનનો ઉપયોગ કરવો એ દિવ્ય જ્ઞાનપ્રાપ્તિની શરત છે, સર્વે જ્ઞાન–માર્ગોનો સિદ્ધાંત છે.

આ એકાગ્રતા સર્વ વિચારોનાં આદિ સ્વરૂપ "પરમ વિચાર"ને સહારે આગળ વધે છે, અને કોઈ એક એવા વિચાર, સ્વરૂપ કે નામને ચાવી તરીકે વાપરે છે કે જે, સર્વ વિચારો, સ્વરૂપો અને નામોની પાછળ છુપાએલાં પરમ સત્યને, એકાગ્ર થએલા મનની સમક્ષ ખોલી આપે છે; કારણકે એ પરમ વિચાર દ્વારા જ મન સર્વે અભિવ્યક્તિઓને પાર કરી શકે છે અને એ પરમ વિચાર પોતે પણ જેનું માત્ર એક સાધન છે અને સર્વે અભિ-વ્યક્તિઓ દ્વારા જે વ્યક્ત થઈ રહેલ છે તેના પ્રદેશમાં પહોંચી શકે છે. આપણે હાલમાં એક માનસિક અસ્તિત્વ જ છીએ અને માનસિકતાની આડથી રોકાઈ પડેલા છીએ; પરમ વિચાર ઉપર એકાગ્ર થવાથી જ આ માનસિક અસ્તિત્વ, માનસિકતાની આડને તોડી શકે છે, અને સત્‌ની, ચિદ્‌ની, સચ્ચિદ્‌ની શક્તિની, સચ્ચિદ્‌ના આનંદની અવસ્થામાં પહોંચી શકે છે; પરમ વિચાર આ અવસ્થાને

અનુરૂપ હોય છે અને તેનું એક પ્રતીક, ગતિ અને છંદ હોય છે. એટલે, પરમ વિચાર દ્વારા એકાગ્રતા કરવી એ એક એવું સાધન, એક એવી ચાવી છે કે જેના વડે આપણા અસ્તિત્વના અતિ-ચૈતન્ય પ્રદેશને ખોલી શકાય છે; અને લક્ષ્ય અને અંતિમ અવસ્થા તો છે : આપણી સમગ્ર જાતની એક એવી સંચિત અવસ્થા કે જે સ્વયં-જાગ્રત, સ્વયં આનંદમય અસ્તિત્વનાં પેલાં ચેતનાતીત સત્ય, અદ્વૈત અને અનંતતામાં પહોંચેલી હોય; અને એ જ રહેશે આપણે માટે સમાધિનો અર્થ. સમાધિ એટલે માત્ર એક એવી અવસ્થા નહિ કે જે સર્વે બહિર્મુખ ચેતનામાંથી અંદર ચાલી ગઈ હોય કે ખુદ અંતર-મુખ ચેતનામાંથી પણ અંદર હટી જઈ, એ બંનેથી પર, પણ તેમનાં એક બીજરૂપ કે તેમની ખુદ બીજ-અવસ્થાથી પણ પરના પ્રદેશમાં ચાલી ગએલી હોય; પણ સમાધિ એટલે એ 'એકમાત્ર' અને અનંત અસ્તિત્વમાં સ્થિર થએલું, તેને પામેલું અને તેની સાથે તદ્રૂપ થઈ ગએલું અસ્તિત્વ; અને અસ્તિત્વની આ અવસ્થા આપણે જ્યારે જાગ્રત હોઈએ અને પદાર્થોનાં બાહ્ય રૂપનું આપણને ભાન હોય ત્યારે પણ, કે જ્યારે પદાર્થોની પાછળનાં તત્ત્વોની લીલા પર, તેમનાં નામ અને સ્થિર ગુણ-ધર્મની લીલા પર આપણે એકાગ્ર થએલ હોઈએ ત્યારે પણ, કે તેનાથી પણ ઊંચે એક એવી સ્થિર આંતરિકતાની અવસ્થામાં કે જ્યાં આપણે તત્ત્વોને પોતાને, અને તત્ત્વોનાં પણ તત્ત્વને, નામ અને રૂપનાં આદિ ઉદ્‌ભવને પહોંચી ગએલા હોઈએ ત્યારે પણ એટલે કે આત્માની જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્ત એ ત્રણેય દશામાં પણ, ટકી રહેવી જોઈએ. કારણકે, ગીતામાં જેને સમાધિસ્થ (એટલે કે સમાધિની ખરેખરી અવસ્થાને પામેલ અને તેમાં સ્થિર થએલ) આત્મા કહ્યો છે તેણે સર્વ અનુભૂતિઓના પાયારૂપ અવસ્થા પ્રાપ્ત કરેલી હોય છે; અને, જેમણે હજી એ ચરમ અવસ્થા પ્રાપ્ત નથી કરેલી તેવા મનુષ્યોને લલચાવી જતા અનુભવો પણ આવા આત્માનું અધઃપતન કરી શકતા નથી. એવો આત્મા કોઈ પણ બાબતનાં બંધનમાં, મોહમાં કે મર્યાદામાં ફસાયા વિના સર્વ કાંઈ ને પોતાની બાથમાં લઈ શકે છે.

આવી અવસ્થા પ્રાપ્ત થતાં આપણી સમગ્ર જાત અને ચેતના એકાગ્ર બની જતી હોવાથી પેલા પરમ વિચાર પર એકાગ્રતા કરવાની જરૂર રહેતી નથી. કારણકે એ મનસાતીત અવસ્થામાં બધી જ પરિસ્થિતિ ઊલટી બની જાય છે. મન એ એક એવી વસ્તુ છે કે જે હમેશાં પ્રસરેલી જ રહે છે અને વારાફરતી જ વસ્તુઓ સંભાળી શકે છે; એ એક સાથે એક જ વસ્તુ પર એકાગ્ર થઈ શકે છે અને જ્યારે એકાગ્ર ના હોય ત્યારે કામ-ઠેકાણા વિના

દોડદોડી કરતું હોય છે. એટલે કોઈ પણ વસ્તુ મેળવવા કે તેની પર પ્રભુત્વ સ્થાપવા તેણે કોઈ એક જ વિચાર કે વિષયના ધ્યાન પર, એક જ પદાર્થના અભ્યાસ પર, એક જ સંકલ્પ પર એકાગ્ર થવું પડે છે, અને એ વખતે, ભલેને થોડા વખત માટે પણ, તેણે અન્ય બાબતોને જતી કરવી પડે છે. પણ એ મનસાતીત છે, અને જ્યાં આપણે પહોંચવાનું છે, તે પ્રદેશ વિચારોની દોડદોડીથી પર છે, વિભક્ત ખ્યાલોથી પર છે. ભગવાન હમેશાં કેન્દ્રસ્થ રહે છે અને જ્યારે તે વિચારો કે પ્રવૃત્તિઓને વેરવા માંડે છે ત્યારે તે કાંઈ પોતાની જાતના ટુકડા કરતો નથી કે પોતાને તે દરેકના બંધનમાં બીડતો નથી, પણ પોતાની અનંતતામાં રહીને તેમને અને તેમની ગતિઓને ધારણ કરે છે; દરેક વિચાર અને દરેક ક્રિયાની પાછળ, અને, એ બધાના સમગ્ર સમૂહની પણ પાછળ એની અવિભક્ત અને આખેઆખી જ જાત મોજૂદ રહે છે. દરેક વિચાર અને ક્રિયા તેનાથી કરાએલ હોઈ તે સહજ રીતે પોતાનું કાર્ય કર્યે જાય છે, અલગ અલગ સંકલ્પથી નહિ પણ તેમની પાછળ રહેલ સર્વ-વ્યાપી એક જ ચેતન-શક્તિને લીધે. દરેક પદાર્થમાં દિવ્ય સંકલ્પ અને જ્ઞાનની આપણને અલગ અલગ એકાગ્રતા થએલી લાગે તોપણ એ એકાગ્રતા અનેકમુખી છતાં એકસરખી હોય છે, અને નહિ કે એકબીજાથી સ્વતંત્ર; અને એ સર્વમાં રહેલી વાસ્તવિકતા તો એક સ્વ-કેન્દ્રિત એકતા અને અનંતતામાંથી મુક્ત અને સહજ રીતે કાર્ય કરતી હોય છે. જે આત્મ દિવ્ય સમાધિ-અવસ્થા પ્રાપ્ત કરે છે તે પોતાની સિદ્ધિના પ્રમાણમાં આ ' અવળી ' એટલે કે સાચી ( કારણકે આપણી મનોમયતાથી જે અવળી તે બધી સાચી ) રીતના કાર્યમાં સામેલ થાય છે. જૂના ગ્રંથોમાં કહ્યું છે કે જે માણસ આત્મ-પ્રતિષ્ઠિત થાય છે તેને કોઈ પણ વસ્તુ જાણવા માટે કે કોઈ પણ પરિણામ લાવવા માટે વિચારની કે પ્રયત્નની એકાગ્રતા નથી કરવી પડતી કારણકે જે પરમ વિચાર કે તપસ્ પોતે સાકાર થવા તેની દ્વારા બહાર પડે છે તેનાથી તેને, સહજ રીતે જ, તે જ્ઞાન કે પરિણામ પ્રાપ્ત થઈ જાય છે. આમ કહેવા પાછળનું કારણ પણ ઉપર જણાવ્યું તે જ છે.

એટલે આવી સુસ્થિર દિવ્ય અવસ્થા પ્રાપ્ત કરવી એ જ હોય આપણી એકાગ્રતાનું લક્ષ્ય. ભટકતા મનને કોઈ એક જ વિષયના કડીબદ્ધ વિચાર પર, એક જ રસ્તે, અડગ અને સ્થિર રીતે આગળ વધવાની ટેવ પાડવી અને તેમ કરવામાં તેના ધ્યાનને કોઈ પ્રલોભનો કે પરાયા અવાજ આડે રસ્તે દોરી ના જાય એ જોવું એ જ હોય છે બધી એકાગ્રતાનું પહેલું પગથિયું. આવી એકાગ્રતા આપણા સામાન્ય જીવનમાં ઠીક ઠીક સુલભ ગણાય પણ જ્યારે

આપણા મનને સ્થિર કરવા માટેના કોઈ બાહ્ય પદાર્થ કે કાર્યની મદદ વિના તેને આંતરિક રીતે એકાગ્ર કરવાનું હોય ત્યારે એ જરા મુશ્કેલ પડે છે. પણ જ્ઞાનયોગના સાધકે તો આ જ આંતરિક એકાગ્રતા સાધવી પડે છે.[૭] બુદ્ધિ-પ્રધાન ચિંતકો (કે જેમનું ધ્યેય માત્ર, ખ્યાલ મેળવવાનું અને મેળવેલા ખ્યાલોને બુદ્ધિપૂર્વક બંધ બેસતા કરવાનું હોય છે) તેવા ચિંતકોની માફક ક્રમ-સર વિચાર કરતા થવાથી આ કામ નહિ પતે; કોઈ તાર્કિક પદ્ધતિ પણ કામ નહિ લાગે (કદાચ શરૂઆતમાં એ કામ લાગે ખરી); પણ ખરી જરૂરી વસ્તુ તો છે કોઈ પણ ખ્યાલની અંદર રહેલા રહસ્યની ઉપર શક્ય તેટલી કાર્યસાધક એકચિત્તતા કે જેથી, આત્માના સંકલ્પભર્યા આગ્રહના જોરે, તેની અંદર રહેલ સત્યના બધા જ અંશ ખુલ્લા થઈ જાય. આમ, જો આપણે દિવ્ય પ્રેમને આપણી એકાગ્રતાનો વિષય બનાવીએ તો આપણે આપણા મનને, 'પ્રભુનું પ્રેમસ્વરૂપ' એ ખ્યાલના રહસ્ય ઉપર એવી રીતે એકાગ્ર કરવું જોઈએ કે જેથી દિવ્ય પ્રેમના વિવિધ આવિર્ભાવો, માત્ર બુદ્ધિ સમક્ષ નહિ પણ સાધકના હૃદયમાં, જાતમાં અને દૃષ્ટિ સમક્ષ પણ પ્રકાશ-પૂર્ણ સ્વરૂપે પ્રગટ થઈ જાય. આવી અનુભૂતિ પછીથી થાય અને શરૂઆતમાં તેના માત્ર વિચાર જ આવે એમ પણ બને; પણ એવું પણ જરૂર બને કે પહેલાં પ્રત્યક્ષ અનુભૂતિ થાય અને જ્ઞાન, એ અનુભૂતિમાંથી પછીથી પ્રગટ થવા માંડે. પછીથી આમ પ્રગટ થએલ વસ્તુ પર સ્થિર થવાનું અને તેને વધારે ને વધારે ધારણ કરવાનું હોય છે કે જેથી એ એક સતત અનુભૂતિ બની રહેવા માંડે અને છેવટે આપણો સ્વ-ધર્મ બની રહે.

આ થઈ એકાગ્ર મનનની પદ્ધતિ; પણ તેના કરતાં વધારે શ્રમ ભરેલી પદ્ધતિ તો છે, સમગ્ર મનને એકાગ્ર કરીને માત્ર ખ્યાલનાં જ રહસ્ય ઉપર સ્થિર કરવાની કે જેથી કરીને નિયત વિષયનું વિચારમય જ્ઞાન કે માનસિક અનુભૂતિ નહિ પણ ખ્યાલની પાછળ રહેલ વસ્તુનું મૂળ-તત્ત્વ પોતે જ પ્રાપ્ત થાય. આ પદ્ધતિમાં વિચારની ક્રિયા બંધ પડી જઈ ને લક્ષ્યનાં તલ્લીનતા-ભર્યાં કે આનંદ-સભર ધ્યાનમાં પહોંચી જાય છે અથવા તેમાં ભળી જઈને આંતરિક સમાધિ પ્રાપ્ત કરે છે. જો આ પદ્ધતિનો આશરો લેવામાં આવે તો તેના પરિણામે પ્રાપ્ત થતી અવસ્થાને નિમ્ન જાતનો કબજો લેવા માટે નીચે અવતરણ કરવાનું, આપણી સામાન્ય ચેતનામાં તેના પ્રકાશ, શક્તિ અને આનંદને વહેવડાવવાનું કહેવું જ જોઈએ. નહિતર, ઘણા યોગીઓ કરે

૭. આંતરિક ચર્ચા ('વિતર્ક') અને નિર્ણય ('વિચાર') એમની પ્રાથમિક ભૂમિકામાં, ખોટા ખ્યાલને સુધારવા માટે તથા બૌદ્ધિક સત્ય મેળવવા માટે.

છે તેમ, ઊર્ધ્વમાં કે આંતરિક સમાધિમાં તો તે વસ્તુ આપણે મેળવી શકીએ પણ આપણે વધારે જાગ્રત અવસ્થામાં પાછા આવીએ કે નીચે, દુન્યવી સંપર્કમાં આવીએ ત્યારે એ વસ્તુ ગુમાવી બેસીશું; અને એવી પાંગળી પ્રાપ્તિ એ કાંઈ પૂર્ણયોગનું લક્ષ્ય નથી.

એક ત્રીજી પદ્ધતિ પણ છે. તેમાં શરૂઆતથી જ કોઈ વિષય ઉપર સખત મનન કરતાં કરતાં એકાગ્ર થવાનું નથી હોતું, કે નથી હોતું શ્રમપૂર્વક બૌદ્ધિક દર્શનના કોઈ લક્ષ્યનું એકાગ્ર ધ્યાન ધરવાનું; પણ તેમાં તો પહેલેથી જ મનને તદ્દન નિષ્પંદ કરવાનું હોય છે. આ જુદી જુદી રીતે શક્ય છે. એક રીત એ છે કે મનની ક્રિયાઓમાં જરા પણ ભાગ લીધા વિના તેમાંથી બિલકુલ અલગ થઈ જઈને તેમને જોયા કરવી કે જેથી જરા પણ સંમતિ વિનાની દોડદોડી કરતાં કરતાં થાકીને, તે વધારે ને વધારે શાંત થવા માંડશે અને અંતે બિલકુલ શાંત થઈ જશે. બીજી રીત છે વિચારોનાં સૂચનો જ્યારે જ્યારે આવે ત્યારે ત્યારે તેમનો ઇન્કાર કરવાની, મનમાંથી તેમને બહાર ફેંકી દેવાની, અને, મનના ઉત્પાતો અને રમખાણોની પાછળ આપણી જાતમાં જે શાંતિ હમેશાં અને ખરેખર મોજૂદ હોય છે તેને મક્કમતાથી વળગી રહેવાની. છુપાઈ રહેલી આ શાંતિ જ્યારે પ્રગટ થાય છે ત્યારે સમસ્ત જાતમાં એક અચળ શાંતિ સ્થિર થાય છે અને તેની સાથે, સામાન્ય રીતે, સર્વવ્યાપી નીરવ બ્રહ્મનું દર્શન અને અનુભૂતિ થાય છે, અને તેના સિવાયનું સર્વ, શરૂઆતમાં, સિનેમા જેવું મિથ્યા દેખાય છે. આ અચળ શાંતિના પાયા પર પહેલાંની માફક પદાર્થોની બાહ્ય ઘટનાના નહિ પણ દિવ્ય આવિર્ભાવનાં ઊંડાં સત્યોના જ્ઞાન અને અનુભૂતિ વડે આગળની સર્વ નવરચનાઓ શક્ય બને છે.

એક વાર આ અવસ્થા પ્રાપ્ત થયા પછી, સામાન્ય રીતે, બળપૂર્વકની એકાગ્રતા બિનજરૂરી બની જાય છે. અને તેનું સ્થાન લે છે વિચારોનો માત્ર સૂચન તરીકે ઉપયોગ કરતી, સંકલ્પ-શક્તિની એક મુક્ત એકાગ્રતા[૮] અને નિમ્ન અંગો ઉપર પથરાતો પ્રકાશ. તે પછી આ પરમ સંકલ્પ-શક્તિ જ ભૌતિક જાત, પ્રાણમય અસ્તિત્વ, હૃદય અને મનને પકડમાં લેશે અને નીરવ બ્રહ્મમાંથી પ્રગટ થતાં દિવ્ય સ્વરૂપોના ઘાટમાં તેમની પુનર્ઘટના કરશે. આપણાં વિવિધ અંગોને આપણે પહેલેથી જેટલાં તૈયાર કર્યાં હોય અને વિશુદ્ધ બનાવ્યાં હોય તેને અનુસાર, ધીમે ધીમે કે ઝડપથી આ અંગોને, વત્તી-ઓછી મથામણ સાથે, આ સંકલ્પ-શક્તિ અને તેનાં વિચારમય સૂચનોનો સ્વીકાર

૮. "આત્મ-પરિપૂર્ણતાનો યોગ" એ નામના ચોથા ખંડમાં આ બાબત વિગતભરી રીતે જાણવા મળશે.

કરવો પડશે, કે જેથી કરીને છેવટે આપણી ચેતનાના સર્વ સ્તર પર દિવ્ય જ્ઞાનનું પ્રભુત્વ સ્થપાઈ જશે અને વેદ-કાળના સાધકોની જેમ આપણું માનવજીવન પણ દિવ્ય ઘાટ ધારણ કરશે. પૂર્ણયોગ માટે તો આ જ છે સીધામાં સીધી અને સચોટ સાધના.

## પ્રકરણ : ૫

# ત્યાગ

વિશુદ્ધિ અને એકાગ્રતા વડે આપણાં સર્વ અંગોને તૈયાર કરવાની સાધનાને જો રોગરૂપી શરીરનો જમણો હાથ કહીએ તો ત્યાગ એ ડાબો હાથ છે. સાધના વડે, એટલે કે કાંઈક મેળવવાના પ્રયત્નો વડે, આપણે પદાર્થોનાં સત્યને, અસ્તિત્વનાં સત્યને, જ્ઞાનનાં, પ્રેમનાં કર્મોનાં સત્યને આપણી જાતમાં પાકાં બેસાડીએ છીએ, અને જે જૂઠાણાંઓથી આપણી પ્રકૃતિ ભરચક અને વિકૃત થઈ ગઈ હોય તેમની જગ્યાએ તેમને મૂકતા જઈએ છીએ; તો ત્યાગ વડે આપણે આ જૂઠાણાંઓને પોતાને પકડીને, મૂળમાંથી ઉખેડીને, આપણા માર્ગમાંથી તેમને ફેંકી દઈએ છીએ કે જેથી તેઓ જીદ, જોર કે ઉથલાઓ વડે આપણા દિવ્ય જીવનના સુખી અને સંવાદી વિકાસની આડે આવતાં અટકે. ત્યાગ એ આપણી પરિપૂર્ણતા માટે એક અનિવાર્ય સાધન છે.

પણ ત્યાગ કેટલો કરવો ? કેવો કરવો ? કેવી રીતે કરવો ? મહાન ધર્મ-શાસ્ત્રો અને સમર્થ આધ્યાત્મિક અનુભૂતિવાળા પુરુષો પ્રાચીન કાળથી જેનું સમર્થન કરતા રહ્યા છે તે રૂઢ મત એવો છે કે, એક સાધન તરીકે, ત્યાગ સંપૂર્ણ હોવો જોઈએ એટલું જ નહિ પણ એક ધ્યેય તરીકે પણ એ ચોક્કસ અને આખરી હોવો જોઈએ; અને આપણે ભૌતિક જીવન અને સંસારનો સર્વથા ત્યાગ કરવો જ જોઈએ. આ શુદ્ધ, ઉચ્ચ અને ભવ્ય રૂઢીના વિકાસ-ની પાછળ ઘણાં કારણો પડેલાં છે. સૌથી પહેલું અને પ્રબળ કારણ તો એ છે કે માનવ-ઉત્ક્રાંતિની અત્યારની અવસ્થામાં આપણું સાંસારિક જીવન એવું તો મલિન અને અપૂર્ણ છે કે આધ્યાત્મિક જીવનનું તે કટ્ટર વિરોધી રહ્યું છે. આ વિરોધને પરિણામે દુન્યવી જીવન ગણાયું છે એક જૂઠાણું, આત્માનો એક ઉન્માદ અશાંતિ અને અસુખમય એક સ્વપ્ન, અથવા, બહુ બહુ તો કહું શું, માયાવી અને લગભગ નકામું શુભ, અને તેથી સર્વથા ત્યાજ્ય; અથવા તો, તેની વિશિષ્ટતા એ ગણાઈ કે એ છે સાંસારિક, શારીરિક ભોગોનું અને શેતાનનું સામ્રાજ્ય, અને તેથી, પ્રભુ-પ્રેમી અને પ્રભુ-પ્રેર્યા

આત્માઓ માટે એક અગ્નિ-પરીક્ષા અને ઘડતર-શાળા, કે બહુ બહુ તો, સર્વવ્યાપી વિભુની એક લીલા, સંઘર્ષ-ભરી એક એવી રમત કે જેનાથી કંટાળી એ પોતે જ એને ત્યજી દે છે. એક બીજું કારણ છે આત્માની ભૂખ કે જે ઝંખે છે એક અંગત મોક્ષ, એક એવા ઉચ્ચ કે સર્વોચ્ચ સ્વર્ગમાં છુટકારો કે જ્યાં હોય નિર્ભેળ આનંદ, નિર્ભેળ શાંતિ, જ્યાં ના હોય શ્રમ કે સંગ્રામની ઉપાધિ; અથવા તો, પ્રભુના આલિંગનનું પરમ સુખ છોડીને અહીં, આ કર્મની અને સેવાની ભૂમિમાં નીચે આવવાની તેની ના-મરજી. આ સિવાય બીજાં, આધ્યાત્મિક અનુભૂતિ સાથે સંકળાએલાં ગૌણ કારણો પણ છે; જેવાં કે : કર્મ-મય જીવનને આધ્યાત્મિક શાંતિ અને સાક્ષાત્કારના જીવન સાથે મેળમાં મૂકવા જતાં જણાતી, અને નક્કર અનુભવાતી મુશ્કેલી (કે જેને આપણે જાણીજોઈને એક અસંભવિતતાનું અતિશયોક્તિ ભરેલું નામ આપેલું છે); અથવા તો ત્યાગની ક્રિયા કે અવસ્થામાં પોતાનામાં જ મન જે એક જાતનો આનંદ લેવા માંડે છે તે (અને, મનને જે કાંઈ વસ્તુ પ્રાપ્ત થઈ જાય છે કે જેનાથી તે રીઢું થઈ જાય છે તેમાં તે હમેશાં આનંદ લે છે જ); અને દુનિયા પ્રત્યે તથા ઉપભોગ માટેની વસ્તુઓ પ્રત્યે ઉદાસીન થવાની જે એક જાતની શાંતિ કે હાશ અનુભવાય છે તે. અને, છેલ્લે, છેક નીચલી જાતનાં કારણો પણ છે; જેવાં કે : સંગ્રામથી દૂર રહેવાની કાયરતા; વિશ્વવ્યાપી મહાન પરિશ્રમથી મૂંઝાએલા આત્માની ઘૃણા અને હતાશા; 'જન્મ-મરણની આ રાક્ષસી ઘટમાળમાંથી જો આપણે અંગત મુક્તિ પામીએ તો પછી પાછળનાંઓની ગમે તે દશા ભલેને થાય' તેવી સ્વાર્થ-વૃત્તિ; શ્રમ-પીડિત માનવજાતના આર્તનાદ પ્રત્યે બેપરવાઈ.

પૂર્ણયોગની સાધના માટે આમાંનું એક પણ કારણ વાજબી નથી. કાયરતા અને સ્વાર્થ, દેખાવમાં કે વલણમાં ભલે ગમે તેટલાં આધ્યાત્મિક હોય પણ તે તો કદી સ્વીકારી શકાય જ નહિ. દિવ્ય સામર્થ્ય અને હિંમત તથા કરુણા અને સહાય-શીલતા એ તો સાધકના સાધ્યનો જાણે કે મૂળ પદાર્થ છે; એ તો, એ પોતે જે ઓઢવા માગે છે તે, આધ્યાત્મિક પ્રકાશ અને સૌંદર્યની ચાદર-રૂપ પ્રભુની પોતાની પ્રકૃતિ છે. પેલી રાક્ષસી ઘટમાળના ચકરાવાથી તેને લાગશે નહિ ભય કે આવશે નહિ ચક્કર, એ તો એના આત્માના સહારે એ ઘાટમાળથી ય ઊંચે ચડી જશે અને ત્યાંથી તેના દિવ્ય ધર્મ અને દિવ્ય હેતુનો જાણભેદુ બનશે. દિવ્ય જીવન અને માનવીય જીવતર વચ્ચે મેળવવાની મુશ્કેલી, એટલે કે પ્રભુમાં રહેવું અને માનવમાં જીવવું, એ ઉકેલવા તો એ આવ્યો છે.– નહિ કે ઉવેખવા. તેને ખબર પડી જ ગઈ છે

કે સુખ, શાંતિ અને મુક્તિને જો તે પોતાની કાયમી અવસ્થા ના બનાવી શકે, આત્માનાં અંગભૂત ના બનાવી શકે, એકલ અને અક્રિય થયા વિના ઊભાં રાખી ના શકે, આંધી, સ્પર્ધા કે યુદ્ધમાં પણ સલામત સાચવી ના શકે, દુન્યવી આનંદ કે યાતનાથી અસ્પૃશ્ય રાખી ના શકે તો એ બધાં રહેશે તેની કરમાએલી વિજયમાળા,– કાયમી સંપત્તિ નહિ. પ્રભુના આલિંગનનો જે પરમાનંદ તેને મળ્યો છે તે, માનવમાં રહેલ પ્રભુ પરના પ્રેમના આવેગને વશ થતાં ચાલ્યો જશે નહિ; જો તે થોડી ક્ષણ માટે પણ ઓસરતો લાગશે તોપણ, તેણે અનુભવથી જાણેલું જ હોય છે કે એ તો છે તેને ચકાસવા માટે અને હજી વધારે કસવા માટે, કે જેથી કરીને, પ્રેમ–પ્રાપ્તિના તેના માર્ગમાં રહી ગએલી કોઈ અપૂર્ણતા ઓગળી જાય. અંગત મોક્ષ તો તે માગતો જ નથી, અને માગે જ છે તો એટલા માટે કે માનવજીવનની સાર્થકતા માટે તે જરૂરી છે, વળી એટલા માટે પણ ખરો કે જે પોતે બંધનમાં છે તે બીજાઓને સહેલાઈથી છોડવી કેવી રીતે શકે? (જો કે પ્રભુ માટે તો કાંઈ જ અશક્ય નથી). અંગત સુખનાં સ્વર્ગ માટે તે તલસતો નથી; પણ તો ક્યાં છે તેને જરા ય ભય અંગત યાતનાના નર્કનો? જો આધ્યાત્મિક જીવન વચ્ચે વિરોધ છે જ તો વિરોધની એ ખીણ ઉપર પુલ બાંધવા, એ વિરોધને પોતાને જ સુમેળમાં પલટી નાખવા એ અહીં આવેલો છે. જો આ દુનિયા પર પશુતાનું અને શયતાનનું સામ્રાજ્ય હોય જ તો તો પ્રભુનો અને આધ્યાત્મિકતાનો વિજય સ્થાપવા અમર ધામનાં સંતાનોને અહીં ઊતરી પડવાનું ઊલટાનું વધારે જરૂરી છે. જો દુનિયામાં એક ઉન્માદ જ હોય તો કરોડો આત્માઓને દિવ્ય ડહાપણનો પ્રકાશ આપવાનું ફરજિયાત બને છે; જો એ એક સ્વપ્ન જ હોય તો તેની વાસ્તવિકતામાં વસનારા ઘણા ય એવા સ્વપ્ન–સેવીઓ છે કે જેમને કાં તો વધારે સાચાં સ્વપ્ન જોતાં કે જાગ્રત થતાં શીખવવાનું છે; જો એ જૂઠાણું જ હોય તો ભ્રમમાં ભમનારાઓને સત્ય દેખાડવાનું છે. 'દુનિયામાંથી નાસી છૂટવાનાં જ્વલંત દૃષ્ટાંત બનીએ તો જ દુનિયાને મદદરૂપ થઈ શકાય' એવી દલીલ પણ સ્વીકારી નહિ શકાય કારણકે અવતારોએ પોતાનાં દૃષ્ટાંતોથી દેખાડી જ આપ્યું છે કે દુનિયાનું જીવન જેમ છે તેમ જ તેને છોડી જવાથી નહિ પણ તેને સ્વીકારવાથી અને ઉચ્ચ બનાવવાથી પણ તેને સહાય કરી જ શકાય છે, અને તે પણ વધારે. અને જો સર્વવ્યાપી વિભુની એ માત્ર લીલા જ હોય તો વધારે સારું તો એ જ છે કે તેમાં આપણે આપણો ભાગ ઉમળકાથી અને બહાદુરીથી ભજવવાનું કબૂલ રાખીએ અને આપણા દિવ્ય સાથીદાર સાથે

બરાબર રમત રમીએ અને માણીએ.

પણ સૌથી મોટી વાત એ કે આપણે દુનિયા અંગે જે જાતનો વિચાર બાંધ્યો છે તે તો, (આપણે જ્યાં સુધી પ્રભુ અને માનવને, તેનો એ હેતુ પાર પાડવામાં જરા પણ કામના હોઈએ ત્યાં સુધી) દુન્યવી જીવનનો ત્યાગ કરવાની મનાઈ જ કરે છે. આપણે મન દુનિયા એ નથી કોઈ શયતાનનું સર્જન, આત્માની આત્મ-વંચના; એ તો છે પ્રભુની પ્રાગટ્યભૂમિ, – ભલેને હજી સુધી અધૂરી; અને અધૂરી છે કારણકે એ તો છે ક્રમે ક્રમે ઉત્ક્રાંત થતું પ્રાગટ્ય. એટલે આપણે માટે તો જીવનનો ત્યાગ એ ના હોઈ શકે જીવનનું ધ્યેય, કે સંસારનો ત્યાગ એ ના હોઈ શકે તેનાં સર્જનનો હેતુ. એ સાચું, કે આપણે સાક્ષાત કરવું છે પ્રભુ સાથેનું આપણું તાદાત્મ્ય, પણ આપણા એ સાક્ષાત્કારમાં તો માનવ સાથેના તાદાત્મ્યનો પણ પૂર્ણ અને નિરપેક્ષ સ્વીકાર આવી જ જાય છે; અને એ બેને કાપીને અલગ કરી શકાતાં નથી. ક્રિશ્ચિયન રીતે કહેતાં : પ્રભુનો પુત્ર ક્રાઇસ્ટ તે માનવ-પુત્ર પણ છે જ અને ખ્રિસ્તપણાને પૂર્ણ કરવા માટે તે બંને બાબતો અનિવાર્ય છે. અને ભારતીય વિચાર-સરણીની રીતે કહેતાં : આ વિશ્વ જેનું એક કિરણ માત્ર છે તે દિવ્ય નારાયણ નરમાં જ પ્રગટે છે અને પૂર્ણ થાય છે; પૂર્ણ-માનવ એટલે જ નર-નારાયણ, અને એ જોડાણ એ જ છે આ વિશ્વના પરમ રહસ્યનું પ્રતીક.

એટલે ત્યાગ એ આપણે માટે તો માત્ર એક સાધન જ હોઈ શકે, સાધ્ય નહિ; વળી, તે એકમાત્ર કે મુખ્ય સાધન પણ ના બની શકે. કારણકે આપણું સાધ્ય છે : પ્રભુનું માનવમાં પૂર્ણ પ્રાગટ્ય; આ ભાવાત્મક સાધ્ય અભાવાત્મક સાધનથી સિદ્ધ ન જ થાય. અભાવાત્મક સાધનથી તો માત્ર ભાવાત્મક પરિપૂર્ણતાના માર્ગમાં આવતા અંતરાયો જ દૂર કરી શકાય. ત્યાગ તો ખરો જ પણ પૂર્ણત્યાગ; દિવ્ય આત્મ-પરિપૂર્ણતા સિવાયની અને તેના વિરોધની દરેકેદરેક બાબતનો ત્યાગ; ઓછી અને આંશિક પરિપૂર્ણતા-ઓમાંથી હમેશાં આગળ વધ્યે જતો વધારે ને વધારે ત્યાગ. આપણને ના જ હોય આ સાંસારિક જીવનની આસક્તિ; જો એ હોય તો તે છોડવાની જ, અને પૂરેપૂરી છોડવાની. તો વળી, આપણે ના જ હોય સંસારને છોડવાની, મોક્ષને પામવાની, મહાન આત્મ-વિસર્જનની પણ આસક્તિ; જો એ હોય તો તે પણ છોડવાની જ, અને પૂરેપૂરી છોડવાની.

વળી, એ તો સ્પષ્ટ જ છે કે આપણો ત્યાગ હશે આંતરિક ત્યાગ, ખાસ કરીને તો, પ્રાણ અને હૃદયમાં રહેલી, ઇચ્છાઓ અને વાસનાઓ

માટેની આસક્તિનો ત્યાગ, વિચારો અને કર્મોમાં રહેલા સ્વ-સંકલ્પોનો ત્યાગ, ચેતનાના મધ્ય ભાગે રહેલ અહમ્‌ભાવનો ત્યાગ. કારણકે આ જ છે આપણી નિમ્ન પ્રકૃતિ સાથે આપણને બાંધી રાખતી ત્રણ ગાંઠ; અને જો આપણે તેમનો નિઃશેષ ત્યાગ કરી શકીએ તો આપણને બાંધી રાખનારું બીજું કાંઈ જ નથી. એટલે આસક્તિ અને ઇચ્છાઓને નિઃશેષપણે ત્યજવાની જ છે; આપણે આસક્ત રહેવું પડે એવું આ દુનિયામાં કાંઈ જ નથી, નહિ સંપત્તિ કે નહિ ગરીબી, નહિ સુખ કે નહિ દુઃખ, નહિ જીવન નહિ મૃત્યુ, નહિ મહાનતા નહિ પામરતા, નહિ સદ્‌ગુણ નહિ અવગુણ, નહિ મિત્ર, નહિ પુત્ર, નહિ પત્ની, નહિ દેશ, નહિ કાર્ય, નહિ જીવન-કાર્ય, નહિ સ્વર્ગ નહિ પૃથ્વી, નહિ આમાંનું કાંઈ, નહિ આ સિવાયનું કાંઈ. પણ આનો અર્થ એ નહિ કે આપણને શેનો ય પ્રેમ નહિ હોય, શેમાં ય આનંદ નહિ હોય; કારણકે આસક્તિ એ છે પ્રેમમાં રહેલો અહમ્‌ભાવ, પણ પ્રેમ પોતે નહિ, અને ઇચ્છા એ છે મોજ અને સંતોષ માટેની કામનામાં રહેલ સાંકડાપણું અને અસ્થિરતા, અને નહિ કે પદાર્થમાત્રમાં રહેલ દિવ્ય આનંદની શોધ. આપણે પામવાનો જ છે વિશ્વવ્યાપી પ્રેમ, શાંત. અને છતાં કાયમ માટે સભર, વળી, ઉગ્રમાં ઉગ્ર વાસનાના ક્ષણિક ઊભરાઓથી પર; અને પદાર્થમાત્રમાં આનંદ, પ્રભુના આનંદમાંથી ઊગેલો આનંદ કે જે પોતાનાં બાહ્ય સ્વરૂપોથી બંધાતો નથી પણ જોડાએલો હોય છે પોતાના ગુપ્ત અંતર સાથે, અને જે વિશ્વની આંટીઘૂંટીમાં ફસાયા વિના[1] સમગ્ર વિશ્વને પોતાનામાં સમાવતો હોય છે.

આપણે જોયું છે કે આપણે પૂરેપૂરાં દિવ્ય કર્મો કરવાં હોય તો વિચારો અને કર્મોમાં અંગત સંકલ્પોનો પૂરેપૂરો ત્યાગ કરવો જ જોઈએ;[2] પૂરેપૂરું દિવ્ય જ્ઞાન મેળવવા માટે પણ એ જ કરવું પડે. આ સ્વ-સંકલ્પ એટલે મનમાં રહેલો એવો અહમ્‌ભાવ કે જે આસક્ત હોય છે તેની પસંદગીઓને, ટેવોને પોતાના વિચારો, મતો અને સંકલ્પોના ભૂત કે વર્તમાન સંસ્કારોને; કારણકે તે તેમને પોતાની જાત માને છે, પોતાની માલિકીના માને છે, કરોળિયાની માફક તેમની આજુબાજુ પોતાના હું-પણાનું, મારાપણાનું સુંવાળું જાળું રચે છે, અને તેમાં રહે છે, અને જો તેને ઉઠાવી નવાં દૃષ્ટિ-બિંદુ કે નવા વિચારોમાં મૂકીએ તો કરોળિયાની જ માફક, તેને એ પરાયું લાગે છે

---

૧. નિર્લિપ્ત રહીને. પદાર્થોમાં રહેલ દિવ્ય આનંદ નિષ્કામ અને નિર્લિપ્ત એટલે કે કામનાઓથી મુક્ત અને, તેથી તેમાં લપટાયા વિનાનો હોય છે.

૨. ખંડ ૧ લો : પ્રકરણ ૮.

—અનુવાદક

અને હેરાન થાય છે. મનમાંથી આ આસક્તિને ઉખેડીને ફેંકી દેવાની છે. અબુધ મન જેને તદ્દન સ્વાભાવિક ગણે છે તેવા તેના આ દુનિયા અને જિંદગી માટેના સામાન્ય મત તો ફેંકી જ દેવાના છે, પણ આપણાં પોતાનાં કોઈ પણ માનસિક ચોકઠાં, કે બૌદ્ધિક મીમાંસા, કે ધાર્મિક મત કે તાર્કિક સિદ્ધાંતોથી બંધાએલા રહેવાનું નથી. આપણે ઇન્દ્રિયો અને મનનાં જાળાં તો તોડી જ નાખવાનાં છે પણ ફિલસૂફ, ધર્મવેત્તા, કે ધર્મ-ગુરુઓની જાળમાંથી પણ, અને શબ્દની આંટીઘૂંટી કે વિચારોનાં બંધનમાંથી પણ છૂટી જવાનું છે. વસ્તુના આત્માને તેના બાહ્ય સ્વરૂપમાં ચણી લેવા આ બધાં આપણી અંદર તૈયાર જ બેઠેલાં છે; પણ આપણે તો હમેશાં તેમને ઓળંગતા જ જવાનું છે, સાંકડાને છોડતા જઈ વિશાળને, ટુકડાઓને છોડતા જઈ અનંતને પહોંચતા જ જવાનું છે: પ્રકાશ-પ્રદેશમાંથી પ્રકાશ-પ્રદેશમાં, અનુભૂતિમાંથી અનુભૂતિમાં, આત્માવસ્થામાંથી આત્માવસ્થામાં આગળ વધતા રહેવાની આપણે તૈયારી રાખવાની જ છે કે જેથી પ્રભુની સર્વોચ્ચ પરાત્પરતા અને વિશાળતમ વિશ્વવ્યાપકતા આપણે પ્રાપ્ત કરી શકીએ. વળી, જે સત્યો આપણને પાકાં સમજાઈ ગયાં હોય તેમને પણ આસક્ત થવાનું નથી, કારણકે તે તો પેલી પરમ અવર્ણનીયતા કે જે કોઈ પણ વર્ણનમાં કે રજૂઆતમાં સમાવાની ના પાડે છે તેનાં જ વર્ણન અને રજૂઆત છે; આપણે તો આપણી જાતને હમેશાં ખુલ્લી રાખવાની છે પેલા, ઊર્ધ્વમાંથી ઊતરી આવતા શબ્દ પ્રત્યે કે જે તેના પોતાના અર્થથી પણ બંધાતો નથી; અને પેલા પરમ વિચારના પ્રકાશ પ્રત્યે કે જે પોતાનામાં પોતાના વિરોધને પણ સંઘરે છે.

પણ સર્વે વિરોધનું કેન્દ્ર તો છે અહમ્‌ભાવ; તેને તો દરેક ઓથ અને અંચળામાંથી પકડી પાડી, ખેંચી કાઢી, ખતમ કરી નાખવાનો છે. તેના અંચળાઓ અનંત છે અને સંતાવા જેવી એક નાની સરખી ઓથના તંતુને પણ એ ચોંટી રહ્યો છે. પરોપકારવૃત્તિ અને નિસ્પૃહાના ભારે ઉપયોગી અંચળાઓનો તો એ ઘણી વાર આશરો લે છે. એ અંચળાઓ તેણે ઓઢેલા હોય ત્યારે તો, તેને પકડી પાડવા આવેલા પ્રભુના જાસૂસોની હાજરીમાં પણ એ હિંમતથી મેદાનમાં પડે છે. અહીં આપણને સહાયરૂપ બને છે પરમ જ્ઞાનનું સૂત્ર; આપણા પોતાના આત્મ-સ્થાનેથી જોતાં વિવિધ ભેદો સાથે આપણે કાંઈ જ લેવાદેવા નથી, કારણકે ત્યાં કોઈ હું નથી, કોઈ તું નથી, છે એકમાત્ર દિવ્ય પરમપુરુષ, સર્વેમાં સમાન વ્યક્તિ અને સમૂહમાં પણ સમાન; અને સાક્ષાત કરવો તો તેને, વ્યક્ત કરવો તો તેને; સેવવો તો તેને,

સાર્થક કરવો તો તેને; એ જ માત્ર અગત્યનું છે. સ્વાર્થ કે પરમાર્થ, ઉપભોગ કે નિસ્પૃહા એ કાંઈ અગત્યનાં નથી. એકમાત્ર પરમાત્માના સાક્ષાત્કાર, સાર્થકતા કે સેવાને અર્થે આપણે જે કામ કરવાનું આવી પડે તે બીજાઓને અહમ્ભાવી આત્મ-સેવા કે સ્વાર્થ-પરાયણતા ભલે લાગે કે સ્વાર્થી ઉપભોગ કે સ્વચ્છંદ પણ ભલે લાગે, પણ આપણે તો તે કરવાનું જ છે; આપણે તો દોરાવાનું છે અંતરમાં બેઠેલા દોરનારાથી, લોકોના અભિપ્રાયથી નહિ. આજુ-બાજુની અસરો ઘણી વાર બહુ જ સૂક્ષ્મ રીતે કામ કરી જાય છે; આજુ-બાજુથી આપણને જોતી આંખોને ઉત્તમ લાગે તેવો હોય તે ઝભ્ભો આપણે, લગભગ અજાણતાં, પસંદ પણ કરી લઈએ છીએ અને ઓઢી પણ લઈએ છીએ, અને અંતરની આંખ આડે પડદો પડવા દઈએ છીએ; ગરીબીનો સ્વાંગ સજવાની કે સેવાની કફની પહેરવાની કે નિસ્પૃહાની અને ત્યાગની અને નિષ્કલંક સતપણાની બાહ્ય પ્રતીતિઓ ધારણ કરવાની આપણને ફરજ પડે છે, કારણકે રૂઢી અને લોકમત તેની જ આશા રાખે છે અને તેમ કરવાથી જ આપણે બીજાઓ પર સારામાં સારી છાપ પાડી શકીએ છીએ. પણ આ બધુ છે માત્ર મિથ્યાભિમાન અને ભ્રમ. આ સર્વે ધારણ કરવાનો આપણને આદેશ મળે પણ ખરો કારણકે આપણે કરવાની સેવા માટેનો તે વેશ હોય; પણ કદાચ તેમ ના પણ હોય. લોકોની બાહ્ય દૃષ્ટિની કંઈ જ કિંમત નથી; અંતરમાં બેઠેલની આંખ એ જ છે સર્વસ્વ.

આપણે અહમ્ભાવમાંથી મુક્ત થવાનું છે એ વાત કેટલી તો સૂક્ષ્મ છે એ ગીતામાં જણાવેલું જ છે. અર્જુન યુદ્ધ કરવા પ્રેરાય છે તે પોતાનાં બળના અહમ્ભાવથી, ક્ષત્રિયના અહમ્ભાવથી; તે યુદ્ધ કરવાની ના પાડે છે તે પણ અહમ્ભાવથી, પેલાના કરતાં ઊલટા અહમ્ભાવથી; મન, પ્રાણ અને ઇન્દ્રિયોને ઘેરી લેતી નિર્બળતા, પીછેહઠ, ઘૃણા, ખોટી દયાના અહમ્ભાવથી; એ નહોતી બાહુબળ પ્રેરતી અને જ્ઞાનને સતેજ કરતી દિવ્ય કરુણા. પણ આ નિર્બળતા ત્યાગના, સદ્ગુણના વાઘા સજીને આવે છે: "લોહી-ભીના, ભોગ ભોગવવા કરતાં તો બહેતર છે કે ભીખ માગતા ફરવું; મારે નથી જોઈતું પૃથ્વીનું રાજ્ય, કે નહિ સ્વર્ગનું." અને જુઓ તો, પેલા પાર્થ-સારથી શ્રીકૃષ્ણે કેવી તો ભૂલ કરી નાખી! અર્જુનના મનોભાવને તેણે વધાવી ના લીધા! સંન્યા-સીઓના સંઘમાં એક મહાન આત્માનો ઉમેરો કરવાની સોનેરી તક તેણે જવા દીધી! પવિત્ર ત્યાગનું એક જ્વલંત દૃષ્ટાંત જગત આગળથી તેણે ખૂંચવી લીધું! પણ શબ્દોથી નહિ છેતરાતા એ જગત્-ગુરુની દૃષ્ટિ જુદી જ હતી. તેણે કહ્યું: "તારી પાસે આ શબ્દો બોલાવનાર છે નિર્બળતા, ભ્રમ

અને અહંતા. આત્માને જો, જ્ઞાન-દૃષ્ટિ રાખ, અંતરાત્માને અહમ્‌માંથી મુક્ત કર." અને પછી? "યુદ્ધ કર, વિજયી થા, સમૃદ્ધ રાજ્ય ભોગવ." વળી, રામાયણમાંથી પણ ઉદાહરણ મળી શકે તેમ છે. એમ લાગવા સંભવ છે કે, એક પત્નીને પાછી મેળવવા, ભગવાનના અવતાર શ્રી રામે લશ્કર ઊભું કર્યું અને લંકા રોળી, તે અહમ્‌ના જ પ્રતાપે. પણ શું નિસ્પૃહાભરી મુખમુદ્રા ધારણ કરીને અને વેદાંતીશા શબ્દો આગળ કરીને તેમણે કહ્યું હોત: "નથી મારે કોઈ સ્ત્રી, કે નથી શત્રુ, કે નથી કોઈ કામના; એ સર્વે છે ઇન્દ્રિયોની ભ્રમણા; મારે માટે તો છે માત્ર બ્રહ્મજ્ઞાન; રાવણને જનક-તનયાનું કરવું હોય તે કરે," – તો, શું આ કાંઈ ઓછી અહંતા થાત?

ગીતા જેનો આગ્રહ કરે છે એ વાત સાચી જ છે કે આ અંગેનું ધોરણ અંતરમાં છે. એ ધોરણ છે: તૃષ્ણા અને આસક્તિમાંથી આત્માની મુક્તિ; પણ અકર્મની આસક્તિમાંથી મુક્તિ તો કર્મ માટેના અહંતામય આવેગમાંથી પણ મુક્તિ, પુણ્ય-કર્મોની આસક્તિમાંથી તેમ જ પાપના આકર્ષણમાંથી પણ મુક્તિ. એ મુક્તિ છે "હું-પણા"માંથી અને "મારા-પણા"માંથી મુક્તિ, કે જેથી પરમ-આત્મ-સ્વરૂપમાં જીવી શકાય અને એ જ પરમ-આત્મ-સ્વરૂપમાંથી કર્મો કરી શકાય; એ છે:– વિશ્વમય પુરુષનાં વ્યક્તિગત કેન્દ્રરૂપે કર્મો કરવાની ના પાડવાની અહંતામાંથી પણ મુક્તિ તો અન્ય સર્વેને છોડી આપણાં વ્યક્તિગત મન, પ્રાણ અને શરીરની સેવા કરવાની અહંતામાંથી પણ મુક્તિ. આત્મામાં જીવવું એનો અર્થ એવો નથી કે, આ અનંતતામાં માત્ર પોતાને જ, ખાતર બીજું બધું જ ભૂલી જઈને નિરાકાર આત્માનંદના સમુદ્રમાં લીન થઈ જવું; પણ એનો અર્થ તો છે: આ દેહમાં અને સર્વે દેહમાં અને સર્વ દેહથી પરની અવસ્થામાં પણ સમાન ભાવે વિલસતા આત્મતત્ત્વમાં આત્મ-સ્વરૂપે જીવવું. આ જ છે "પૂર્ણ" જ્ઞાન.

આમ સમજી શકાશે કે ત્યાગના ખ્યાલમાં આપણે જે બાબતો સમાવીએ છીએ તેમાં અને સામાન્ય રીતે તેનો જે અર્થ લેવામાં આવે છે તેમાં ફેર છે. તેનો પ્રચલિત અર્થ છે સ્વાર્થ-ત્યાગ, ઉપભોગનો નિરોધ, ઉપભોગના પદાર્થોનો ઇન્કાર. સ્વાર્થ-ત્યાગ એ માનવ-આત્મા માટે જરૂરી સાધના છે, કારણકે તેના હૃદયમાં અજ્ઞાનભરી આસક્તિ હોય છે; ઉપભોગનો નિરોધ જરૂરી છે કારણકે તેની ઇન્દ્રિયો ઇન્દ્રિયગમ્ય સુખરૂપી કાદવિયા મધમાં ચોંટી પડેલી અને ફસાઈ ગએલી હોય છે; ઉપભોગના પદાર્થોનો ઇન્કાર કરવો જ પડે છે કારણકે મન, પદાર્થોથી બંધાઈ જાય છે અને પોતાનાથી પર થવા માટે કે પોતાના અંદર જવા માટે પણ તેમને છોડતું નથી. માણસનું મન

જો આવું અજ્ઞાની, આસક્ત, ચંચળ અસંગતિમાં બંધાએલું અને પદાર્થોની બાહ્યતાથી છેતરાતું ના હોત તો ત્યાગની જરૂર ના પડત; તો આત્મા સુખમાંથી વધારે સુખના અને આનંદમાંથી દિવ્ય આનંદના માર્ગે આસાનીથી આગળ વધી શકત. હાલના તબક્કે એ શક્ય નથી. અત્યારે તો, તે જેને જેને આસક્ત હોય તે સર્વેનો તેણે અંતરમાંથી ઇન્કાર કરવાનો છે કે જેથી તેમને તેમના વાસ્તવિક સ્વરૂપે તે પ્રાપ્ત કરે. બાહ્ય ત્યાગ સાચો તો નથી જ છતાં પણ તે કેટલાક સમય માટે જરૂરી છે, ઘણી બાબતોમાં અનિવાર્ય છે, અને બધી જ બાબતોમાં અવારનવાર ઉપયોગી થઈ પડે છે; એમ પણ કહી શકાય કે પૂરેપૂરો બાહ્ય ત્યાગ એ પ્રગતિનો એક એવો તબક્કો છે કે જેમાંથી આત્માએ ગમે ત્યારે પણ એક વાર પસાર થવું જ પડે છે,—પણ તેમાં કદી પણ જાતે સ્વીકારેલી ક્રૂરતાઓ કે ભયંકર આત્મ-યાતનાઓ તો ના જ હોવી જોઈએ, કારણકે એ તો, આપણી અંદર બેઠેલા ભગવાનની સામે કરેલા અપરાધ છે. પણ આવો ત્યાગ એટલે કે સ્વાર્થ-ત્યાગ એ છેવટે તો માત્ર એક સાધન જ છે; અને તેનો ઉપયોગ અમુક સમયે પૂરો થઈ જાય છે. પદાર્થો આપણને ફસાવી ના શકે ત્યારે ઇન્કાર કરવાની જરૂર નથી રહેતી કારણકે ત્યારે આત્મા પદાર્થોનો, પદાર્થો તરીકે ઉપભોગ નથી કરતો, પણ તેમની દ્વારા વ્યક્ત થતા પ્રભુનો ઉપભોગ કરે છે; આત્મા જ્યારે ઉપભોગની પાછળ પડતો નથી પણ પદાર્થ-માત્રમાં સમાન રીતે વિલસતા પ્રભુના દિવ્ય આનંદને મેળવી ચૂકેલો હોય છે અને એ પદાર્થને પોતાને અંગત રીતે કે ભૌતિક રીતે મેળવવાની જરૂર રહી નથી હોતી ત્યારે ઉપભોગનો નિરોધ પણ બિનજરૂરી બની જાય છે; અને, આત્મા જ્યારે શેનો ય હક્ક કરતો નથી પણ ભૂત-માત્રમાં રહેલ એકમાત્ર પરમાત્માની ઇચ્છાને સ્વેચ્છાએ તાબે થાય તે ત્યારે સ્વાર્થ-ત્યાગનો પ્રદેશ પૂરો થઈ જાય છે. ત્યારે જ આપણે કર્મના અચલ નિયમમાંથી છૂટીએ છીએ અને મુક્તાત્માની અવસ્થા પામીએ છીએ.

આપણે જેને 'ખરાબ'નું લેબલ મારીએ છીએ તે તો ખરું જ પણ, જે 'સારું' ગણવા છતાં ખરેખરું અને એકમાત્ર મંગલ-સ્વરૂપ નથી તેને પણ છોડતા જવાની આપણે તૈયારી રાખવાની જ છે. એવી વસ્તુઓ છે જ કે જે લાભદાયી હતી, સહાય-રૂપ હતી, જે એક વાર એકમાત્ર ઇચ્છવા યોગ્ય ચીજ હતી, અને છતાં, એક વાર તે કામમાં આવી ગઈ, એક વાર તે સિદ્ધ થઈ ગઈ એટલે પછી, જ્યારે તેમનાથી પણ આગળ વધવાનો વખત આવે ત્યારે તે અંતરાયરૂપ અને ખુદ વિરોધી પણ થઈ પડવાની. આત્માની એવી ઇચ્છવા યોગ્ય અવસ્થાઓ છે કે જે એક વાર સિદ્ધ થઈ

ગયા પછી તેમાં પડી રહેવું એ ખતરનાક છે, કારણકે, તો પછી આપણે, તેની પેલે પારના પ્રભુના અન્ય પ્રદેશોમાં પહોંચી શકતા નથી. ખુદ એવા દિવ્ય સાક્ષાત્કારો, કે જે ખરેખરા અને પૂરેપૂરા દિવ્ય ના હોય, તેમને પણ વળગી રહેવાનું નથી. જે 'સર્વ-કાંઈ' હોય તેના કરતાં જરા પણ ઓછાથી, જે સાચામાં સાચી પરાત્પરતા હોય તેના કરતાં જરા પણ નાનાથી આપણે ચલાવી લેવાનું નથી. અને જો આપણે આવા મુક્તાત્મા બની જઈએ તો પ્રભુનાં કાર્યોના સર્વે ચમત્કાર આપણને મળી રહેશે, આપણે જોઈ શું કે આંતરિક રીતે સર્વસ્વનો ત્યાગ કર્યાથી આપણે કાંઈ જ ગુમાવ્યું નથી. "સર્વસ્વનો ત્યાગ કરવાથી તું સર્વ કાંઈનો ભોક્તા બનીશ"[3]. કારણકે દરેકેદરેક વસ્તુ આપણે માટે અકબંધ સચવાએલી હોય છે અને આપણને પાછી પણ મળે છે, પણ એક ચમત્કારિક પલટા પછી, એને જે નિત્ય-શુદ્ધ અને અનંત છે, જેનું રહસ્ય અને અદ્ભુતતા યુગે યુગે પણ નિત્ય-નવીન રહે છે તે પ્રભુની નરી મંગલ-મયતામાં, નર્યા સૌંદર્યમાં, નર્યા પ્રકાશમાં, નર્યા આનંદમાં એ સર્વે રૂપાંતર પામીને આપણને પાછી મળે છે.

---

૩. तेन त्यक्तेन भुञ्जीथाः (ઈશોપનિષદ્)

-અનુવાદક

પ્રકરણ : ૬

# જ્ઞાન માટેની સાધનાઓનો સમન્વય

એકાગ્રતા માટેની બધી જ શક્યતાઓની માફક, આપણે ગયા પ્રકરણમાં ત્યાગની પણ બહુ જ વ્યાપક રીતે વાત કરી. એટલે એ બધી બાબતો જ્ઞાન–માર્ગને માટે કામની છે તો કર્મ–માર્ગ તથા ભક્તિ–માર્ગને માટે પણ કામની છે જ, કારણકે એ ત્રણેમાં એકાગ્રતા તથા ત્યાગની જરૂર પડે જ છે,– અલબત્ત, તેમને લાગુ પાડવાની રીત તથા ભાવના જુદી જાતનાં હોય પણ ખરાં. પણ હવે, જે જ્ઞાન–માર્ગ પર આગળ વધવામાં એકાગ્રતા તથા ત્યાગની આ બેવડી શક્તિ આપણને મદદરૂપ થવાની છે તેનાં રીતસરનાં પગલાંનો ખાસ વિચાર આપણે કરવો જોઈએ. સક્રિય અભ્યાસની દૃષ્ટિએ જોતાં આ માર્ગ એ એક એવી સીડીની ઉપર ચડવા જેવું છે કે જેના વડે આત્મા આ ભૌતિક જગતમાં નીચે ઊતરી આવ્યો છે.

જ્ઞાનમાર્ગનો ઉદ્દેશ છે ખોવાએલા આત્માની ખોજ, આપણા સાચા અસ્તિત્વની શોધ; અને આ ઉદ્દેશનો અર્થ એ થયો કે આપણે એમ સ્વીકારી લીધું છે કે આપણી આજની અવસ્થા એ આપણું સાચું અસ્તિત્વ નથી. બેશક, આ વિશ્વના કોયડાની ગૂંચને ઉકેલવા માટે તેને કાપી નાખવી એ કાંઈ સ્વીકારવા જેવો ઉકેલ નથી; આપણે એમ નથી સ્વીકારતા કે આ વિશ્વ એક જડ શક્તિએ ઊભો કરેલો ભૌતિક આભાસ માત્ર જ છે; કે મન નામના તત્ત્વે સર્જેલી એક અવાસ્તવિકતા છે; કે ઇન્દ્રિયબોધ અને વિચારો તથા વિચારોનાં અને ઇન્દ્રિય–બોધનાં પરિણામો, એ બધાંનો એ એક એવો ભારો છે કે જેની પાછળ એક મહાન 'કાંઈ જ નહિ' કે આનંદમય વિશાળ શૂન્ય વ્યાપી રહેલ છે અને જેને એક સનાતન અસતના સાચા સત્ય તરીકે આપણે શોધવાનું છે. આપણે તો આત્માને એક વાસ્તવિકતા તરીકે સ્વીકારીએ છીએ અને વિશ્વને સ્વીકારીએ છીએ એ આત્માની એક વાસ્તવિકતા તરીકે, તેના ચૈતન્યની એક વાસ્તવિકતા તરીકે,– અને નહિ કે માત્ર જડ શક્તિ અને જડ જગતની એક વાસ્તવિકતા તરીકે; પણ તેથી કાંઈ તેની વાસ્તવિકતા ઓછી નથી ઠરતી, ઊલટાની વધારે નક્કર બને છે. આ વિશ્વ

છે તો એક હકીકત જ, કલ્પના નહિ, દિવ્ય અને વિશ્વવ્યાપી આત્માની હકીકત, કોઈ વ્યક્તિની કલ્પના નહિ; તોપણ આપણા અસ્તિત્વની હાલની દશા એ એક અજ્ઞાનમય અવસ્થા છે, આપણી જાતનું સાચું સત્ય નથી. આપણને આપણી જાતનો ખોટો ખ્યાલ છે, આપણે જેવા નથી તેવા આપણે આપણને જોઈએ છીએ. આજુબાજુની દુનિયા સાથેના ખોટા સંબંધમાં આપણે જીવીએ છીએ; કારણકે વિશ્વ કે આપણી જાતને તેના સાચા સ્વરૂપે આપણે જાણતા નથી; પણ પુરુષ અને પ્રકૃતિ, આત્મ-તત્ત્વ અને કુદરત, એ બે એ ભેગાં મળીને, વિકસ્યે જતા અહમ્‌ની સગવડને ખાતર જે એક કામચલાઉ અવાસ્તવિકતા ઊભી કરી છે તેની ઉપર ઊભા રહીને આપણે બધું જોઈએ છીએ. અને આ ખોટા જ્ઞાનને લીધે એક વ્યાપક વિકૃતિ, અવ્યવસ્થા અને હેરાનગતિ ડગલે ને પગલે આપણા આંતરિક જીવનને તેમ જ આપણી આજુબાજુના આપણા સંબંધોને ઘેરી વળે છે. આપણું અંગત તેમ જ સામાજિક જીવન, આપણા આપણી પોતાની સાથેના તેમ જ અન્યોની સાથેના વ્યવહારો એક ખોટા જ્ઞાન પર રચાએલા છે, અને તેથી તેમણે સ્વીકારેલા સિદ્ધાંતો તેમ જ પદ્ધતિ પણ ખોટાં છે,– અલબત્ત, આ બધી ભૂલોની વચ્ચે પણ એક વિકસ્યે જતું સત્ય પોતાને વ્યક્ત કરવાનો સતત યત્ન કરી રહ્યું હોય છે. આથી જ પરમ જ્ઞાન, સાચું જ્ઞાન, આ કહેવાતા જીવનનું વ્યાવહારિક જ્ઞાન નહિ પણ પુરુષ અને પ્રકૃતિનું ઊંડામાં ઊંડુ જ્ઞાન, એટલે કે આત્મજ્ઞાન અને તત્ત્વજ્ઞાન માણસજાત માટે એકદમ અગત્યનું છે; માત્ર તેની જ ઉપર જીવનનો સાચો વ્યવહાર સ્થાપી શકાય તેમ છે.

આ બધી ભૂલનું મૂળ છે ખોટી તદ્રૂપતા. પ્રકૃતિએ પોતાના અખંડ જડ તત્ત્વમાં અલગ અલગ ભાસતાં શરીરો સર્જ્યાં; ભૌતિક પ્રકૃતિમાં પ્રગટ થએલ આત્મા અને આવરણ બનાવી તેમાં નિવાસ કરે છે, તેનો કબજો લે છે, તેનો ઉપયોગ કરે છે. એ આત્મા પોતાનું અસલ સ્વરૂપ ભૂલી, સળંગ જડ તત્ત્વમાંની એક ગાંઠમાત્ર પોતે હોય એવો અનુભવ કરે છે, અને કહે છે, "હું આ શરીર છું;" તે પોતાને એક શરીર જ માને છે; શરીરને પડતાં દુઃખ સહન કરે છે, તો સુખ માણે છે; શરીરની સાથે જન્મે છે, તો શરીર જતાં મરણ પામે છે; અથવા તો, પોતાના અસ્તિત્વને આ રીતે જુએ છે. વળી પ્રકૃતિએ પોતાના વિશ્વવ્યાપી અખંડ પ્રાણતત્ત્વમાં અલગ અલગ ભાસતા જીવન-પ્રવાહો સર્જ્યા કે જે, દરેક શરીરની આજુબાજુ અને તેની અંદર પ્રાણ-શક્તિનું એક એક કુંડ બની બેઠા; પ્રાણમય પ્રકૃતિમાં પ્રગટ થએલ આત્મા આ પ્રવાહને પકડમાં લે છે અને પોતે તેની પકડમાં આવે છે અને

પ્રાણના એ નાનાશા ઘૂમરાતા વમળનો કામચલાઉ કેદી બને છે. અહીં પણ એ પોતાનું અસલ સ્વરૂપ ભૂલી, કહે છે, "હું આ જીવન છું;" એ પોતાને માત્ર એક જિંદગી જ માને છે, તેમાંની વાસનાઓ અને કામનાઓ પોતે જ ઝંખે છે, તેના ભોગરૂપી કાદવમાં આળોટે છે, તેના ઘાથી લોહી-લુહાણ બને છે, તેની પછડાટોથી ઊછળે છે કે પછડાય છે. જો હજી સુધી તેનું મુખ્ય નિયંત્રણ દેહભાનથી જ થતું હોય તો તે પોતાના અસ્તિત્વને પ્રાણનાં એ ઝુંડ સાથે એકરૂપ ગણે છે, અને "દેહને વીંટાએલું આ ઝુંડ, દેહનો નાશ થતાં નાશ પામશે અને હું "હું નહિ રહું" એમ માને છે; પણ જો વમળ બનેલ પ્રાણ-પ્રવાહનું તેને ભાન થયું હોય તો પોતાને એ પ્રવાહ-રૂપ માની લે છે અને કહે છે, "હું આ જીવન-પ્રવાહ છું; આ દેહને ધારણ કરવા હું આવેલ છું, એનો ત્યાગ કરીને, ફરીથી હું બીજા દેહ ધારણ કરતો જઈશ; હું તો એક અંતહીન પ્રાણ-પ્રવાહ છું; પુનર્જન્મની ઘટમાળમાં સતત ફર્યા કરું છું."

પણ પ્રકૃતિએ પાછી પોતાના વિશ્વવ્યાપી મનતત્ત્વની અખંડતામાં અલગ અલગ ભાસતા, એક જાતના જાણે કે માનસિક 'ડાયનેમો' એટલે કે વિદ્યુત-ઉત્પાદક યંત્રો, ઊભાં કર્યાં છે; એ છે : માનસિક શક્તિ અને માનસિક પ્રવૃત્તિઓ ઉત્પન્ન કરતાં, પ્રસારતાં અને પાછી અંદર લઈ લેતાં કાયમી કેન્દ્રો, જાણે કે માનસિક તાર-સંદેશાઓના એક તંત્રની મોટી ઓફિસ, કે જેમાં તાર-સંદેશાઓ તૈયાર થાય છે; લખાય છે, મોકલાય છે, મેળવાય છે, ઉકેલાય છે; આ સંદેશાઓ પણ અનેક જાતના હોય છે : સંવેદનના, ઊર્મિઓના, ઇન્દ્રિય-બોધના, સમજણના, અંતર્જ્ઞાનના; મનોમય પ્રકૃતિમાં પ્રગટ થએલ આત્મા આ બધા સંદેશાઓને સ્વીકારે છે, દુનિયાને જોવા માટે કામમાં લે છે, અને તેના આઘાતો પોતે ઝીલે છે કે પાછા ફેંકે છે કે તેનાં પરિણામોને સહન કરે છે કે નાથે છે તેમ માની લે છે. પ્રકૃતિ આ બધા 'ડાયનેમો'ના પાયાને, પોતે ઘડેલા ભૌતિક દેહોમાં બેસાડે છે, આ દેહોને પોતાની ઓફિસ માટેની ભૂમિકા બનાવે છે, અને મનને પ્રાણ-પ્રવાહની ક્રિયાઓથી ભરપૂર એક એવા નાડી-તંત્ર વડે દેહની સાથે જોડી આપે છે કે જેની દ્વારા મન જડ સૃષ્ટિનું, અને ધારેલા પ્રમાણમાં પ્રાણસૃષ્ટિનું પણ જ્ઞાન મેળવે છે. જો આમ ના હોત તો મન પહેલેથી જ અને મુખ્યત્વે મન-સૃષ્ટિનું જ જ્ઞાન મેળવત અને જડ સૃષ્ટિની ઝાંખી તો પરોક્ષ રીતે જ મેળવત. અત્યારની રચના એવી છે કે જેનાથી મનનું ધ્યાન, પોતે જેની પર બેઠેલું છે તે દેહ અને જડ સૃષ્ટિમાં રોકાએલું રહે છે, અને બીજાં અસ્તિત્વોની ખબર તેને

બહુ જ આછી, પરોક્ષ કે અવચેતન દ્વારા જ થાય છે; જો કે આ બીજાં અસ્તિત્વો એ પોતાનો જ એક વિશાળ, અવશેષ રહેલો ભાગ છે કે જેના વિશે ઉપર ઉપરથી તો એ અભાન અને અજ્ઞાન રહેલું છે.

આત્મા આ મનરૂપી 'ડાયનેમો' અને તંત્ર સાથે તદ્રૂપ થઈ જાય છે અને કહે છે "હું આ મન છું." અને મન દૈહિક જીવનમાં લીન થઈ ગએલું હોવાથી એ એમ માને છે કે "હું એક જીવંત દેહમાં રહેતું મન છું," અથવા, મોટે ભાગે "હું એક જીવંત અને વિચારવંત દેહ છું," દેહ-નિવાસી મનના વિચારો, લાગણીઓ, સંવેદનો વગેરેની સાથે આત્મા પોતાને એકરૂપ માનતો હોઈ એ એમ કલ્પે છે કે આ દેહનો વિલય થતાં સર્વ કાંઈ વિસર્જન થતું હોવાથી એ પોતે પણ નાશ પામશે. પણ જો માનસિક વ્યક્તિતત્ત્વ એ તો એક સળંગ વહ્યે રહેતો પ્રવાહ છે એવું એને ભાન થઈ ગયું હોય તો એ એમ માને છે કે એ પોતે એક એવો મનોમય પુરુષ છે કે જે એક અથવા વારાફરતી અનેક દેહ ધારણ કરે છે અને પાર્થિવ જીવન પૂરું થતાં મનોમય પરલોકમાં પાછો ચાલ્યો જાય છે; કદીક શરીરમાં તો કદીક પ્રકૃતિના માનસિક કે પ્રાણમય પ્રદેશમાં સુખ-દુઃખનો માનસિક અનુભવ કરનાર આ મનોમય પુરુષના સાતત્યને જ એ પોતાનું અમર અસ્તિત્વ માને છે. પણ મન એ તો પ્રકાશ અને જ્ઞાનનું, ભલેને ખામીભર્યું, તત્ત્વ હોવાથી અને પોતાનાથી પણ જે પર છે તેનો આછો આછો પણ ખ્યાલ મેળવી શકતું હોવાથી પોતાનાથી પર એવી એક શૂન્ય-તામાં એક સનાતન અસ્તિત્વમાં મનોમય પુરુષ ભળી જઈ શકે છે એમ સ્વીકારે છે, અને કહે છે, "મારો, આ મનોમય પુરુષનો, ત્યાં વિલય થાય છે." મન-પ્રાણ-દેહના ચાલુ નિવાસની લીલાના પરિણામે તેને જેટલી આસક્તિ કે તિરસ્કાર જન્મ્યાં હોય તેના પ્રમાણમાં તે આ વિલયથી ડરે છે કે તેને ઝંખે છે, તેનો ઇન્કાર કે સ્વીકાર કરે છે.

પણ આમાં તો સાચું અને જૂઠું સેળભેળ થઈ ગએલું છે. મનતત્ત્વ, પ્રાણતત્ત્વ અને જડ તત્ત્વ તેમ જ મનોમય, પ્રાણમય અને ભૌતિક વ્યક્તિ-કરણ પણ પ્રકૃતિમાં હયાત છે એ હકીકત છે; પણ આત્મા પોતાને તેમની સાથે એકરૂપ માને છે તે ખોટી એકરૂપતા છે. મનતત્ત્વ, પ્રાણતત્ત્વ અને જડ તત્ત્વ એ આપણી જાત છે એનો અર્થ માત્ર એ જ કે તે અસ્તિત્વનાં એવાં તત્ત્વો છે કે જે આપણાં સાચાં સ્વરૂપે, પુરુષ અને પ્રકૃતિનાં મિલન અને આંતરકાર્ય વડે, પોતાનાં એકમેવ અસ્તિત્વને એક આકાર આપવા માટે વિશ્વ તરીકે વિકસાવ્યાં છે. વ્યક્તિ-સ્વરૂપ પામેલાં મન, પ્રાણ અને શરીર

એ આ તત્ત્વોની એવી લીલા છે કે જે પેલા એકમેવ અસ્તિત્વે પોતાની અનેકવિધતાને વ્યક્ત કરવા પુરુષ અને પ્રકૃતિના વ્યાપારોમાં ઊભી કરી છે; આ અનેકવિધતા ઊભી કરવાની શક્યતા પેલા એકમેવ અસ્તિત્વમાં સનાતન કાળથી હાજર હતી, અને પોતાની મૂળ એકતામાં પણ એ અનેકવિધતા અપ્રગટ સ્વરૂપે કાયમની મોજૂદ હતી જ. વ્યક્તિગત મન, પ્રાણ અને શરીર એ એટલાં પૂરતાં જ આપણાં સ્વરૂપ છે કે આપણે એ એકમેવની અનેકવિધતાનાં એક એક કેન્દ્ર છીએ; વિશ્વમય મનતત્ત્વ, પ્રાણતત્ત્વ તથા જડ તત્ત્વ એ પણ આપણાં સ્વરૂપ છે કારણકે આપણી પોતાની અસલ જાત પણ એ એકમેવ અસ્તિત્વ જ છે. પણ આપણી અસલ જાત પેલાં વિશ્વમય કે વ્યક્તિગત મન, પ્રાણ કે શરીરના કરતાં કાંઈક વિશેષ છે; તેથી આપણે જ્યારે આપણી જાતને આ બધી વસ્તુઓ સાથે એકરૂપ ગણીને તેને મર્યાદિત બનાવી દઈએ છીએ ત્યારે આપણું જ્ઞાન એક જૂઠાણાના પાયા પર પ્રતિષ્ઠિત થઈ જાય છે, આપણું નિર્ણાયક દૃષ્ટિબિંદુ જૂઠું થઈ જાય છે અને આપણી અંગત જાતના જ નહિ પણ આપણા વિશ્વવ્યાપી અસ્તિત્વના અને આપણી વ્યક્તિગત પ્રવૃત્તિઓના વ્યાવહારિક અનુભવો પણ જૂઠા થઈ જાય છે.

આત્મા એક સનાતન અને શુદ્ધ અસ્તિત્વ છે, નરી સત્તા છે અને આ બીજું બધું એ તેના આવિર્ભાવો છે. આપણે આ જ્ઞાનથી શરૂઆત કરવાની છે, તેને જ સાક્ષાત કરવાનું છે અને તેને જ વ્યક્તિનાં આંતરિક અને બાહ્ય જીવનનો પાયો બનાવવાનું છે. આ મૂળભૂત સત્યથી શરૂઆત કરીને જ્ઞાનયોગ અભાવાત્મક અને ભાવાત્મક જાતની એવી બે સાધના-પદ્ધતિઓ બતાવે છે કે જે વડે આપણે આ ખોટી એકરૂપતામાંથી મુક્ત બનીએ અને તેમાંથી પાછા હઠી સાચું આત્મજ્ઞાન પ્રાપ્ત કરીએ. અભાવાત્મક પદ્ધતિમાં "હું આ શરીર નથી" એમ હમેશાં કહેતા રહેવાનું હોય છે કે જેથી કરીને "હું આ શરીર છું" એવા ખોટા ખ્યાલનો વિરોધ થાય અને તે સમૂળગો જતો રહે; વળી, તેમાં આ જ જ્ઞાન ઉપર એકાગ્ર થઈને તથા શરીર સાથેના આત્માના ચોંટાણનો ત્યાગ કરીને દેહભાનમાંથી મુક્ત થવાનું હોય છે. વળી, "હું આ પ્રાણ નથી" એમ કહીને તથા એ જ્ઞાન ઉપર એકાગ્ર થઈને તથા પ્રાણની વૃત્તિઓ તથા વાસનાઓની આસક્તિનો ત્યાગ કરીને પ્રાણ–ભાનમાંથી મુક્ત થવાનું હોય છે. છેવટે, "હું આ મન નથી, તરંગો નથી, સંવેદનો નથી, વિચારો નથી" એમ કહીને તથા એ જ્ઞાન ઉપર એકાગ્ર થઈને અને માનસિક વ્યાપારોનો ત્યાગ કરીને મનના ભાન-માંથી મુક્ત થવાનું હોય છે. આમ આપણી જાત તથા આપણે જેમની સાથે

એકરૂપ બન્યા હતા તે સર્વેની વચ્ચે સતત અંતર પડતા જવાથી ધીમે ધીમે કરતાં તે આવરણો હઠી જાય છે અને આત્માનાં પ્રત્યક્ષ દર્શનની અનુભૂતિ થવા માંડે છે. ત્યારે આપણે કહીએ છીએ "હું તે છું; હું શુદ્ધ, સનાતન, આનંદ-સ્વરૂપ છું" અને તેની ઉપર આપણા વિચારો તથા આપણી જાતને એકાગ્ર કરવાથી આપણે તે "તે" બની જઈએ છીએ અને, છેવટે, વ્યક્તિગત અસ્તિત્વ અને વિશ્વને ત્યજી દેવા શક્તિમાન થઈએ છીએ. તો વળી બીજી ભાવાત્મક જાતની પદ્ધતિ, ખાસ કરીને રાજયોગમાં એવી છે કે બ્રહ્મના વિચાર પર એકાગ્ર થવું અને બીજા સર્વ વિચારોને બાજુએ હઠાવી દેવા કે જેથી કરીને મનરૂપી 'ડાયનેમો' આપણા બાહ્ય કે આંતરિક અને અનેકવિધ અસ્તિત્વમાં પ્રવૃત્ત થવાનું બંધ કરે; મન નિષ્પંદ થઈ જતાં પ્રાણ અને શરીર પણ શાંત થઈ એક એવી સનાતન સમાધિમાં, સમસ્ત જાતની એક ગહન, અવર્ણનીય સુષુપ્તિમાં સ્થિર થઈ શકે કે જેથી આપણે પરમ, નિરપેક્ષ સત્‌માં લય પામીશું.

આ સાધના-પદ્ધતિ ચોખ્ખી રીતે સ્વ-કેન્દ્રિત છે અને એ એવી એકાકી આંતર-ક્રિયા છે કે જે વિચારોમાંથી જગતને જાકારો દઈને અને આત્માની નજર તેની ઉપરથી ઉઠાવી લઈને તેનાથી છુટકારો મેળવે છે. પણ વ્યક્તિગત આત્મા ભલે તેના પ્રત્યે નજર ના નાખે છતાં ભગવાનનાં અંગરૂપ વિશ્વ એક સત્ય તરીકે ઊભું જ રહે છે, પરમ-આત્મા, એક ભ્રમ તરીકે નહિ પણ ખરેખર જ, વિશ્વમાં હયાતી ધરાવે છે; આપણે ભલે સર્વસ્વ ત્યજી દીધું હોય છતાં તે સર્વને તે ટકાવી રાખે છે, વસ્તુમાત્રની અંદર સાથેસાથ વાસ કરે છે; તથા વિશ્વમાં રહેલ વ્યક્તિને જો પોતાનામાં સાથેસાથ સમાવે છે તો વિશ્વને પણ પરાત્પરમાં સમાવે જ છે. આપણે જ્યારે જ્યારે સમાધિની આંતરિક અવસ્થામાંથી બહાર આવીએ ત્યારે ત્યારે ચારે બાજુ નજરે પડતાં અને હમેશ મોજૂદ રહેતા આ વિશ્વમાં સનાતન પરમાત્મા વસી રહેલો છે તેનું શું કરવું? વિશ્વને દૃષ્ટિમાં રાખતા આત્માને ઊઠતા આ પ્રશ્નનો ઉકેલ ત્યાગ-પ્રધાન જ્ઞાનમાર્ગે પોતાની રીતે મેળવ્યો છે અને તે અંગેની સાધના પણ નિશ્ચિત કરી છે. તે એ છે કે પરમાત્મા કે જે વિશ્વમાં આવી વસેલો છે, તેને વ્યાપી વળેલો છે અને તેનાં ઘટક-રૂપ છે તેને એવા આકાશ-તત્ત્વ-રૂપે જોવો કે જેમાં સર્વ રૂપો વસે છે, જે સર્વે રૂપોમાં વસે છે અને જેનાથી સર્વે રૂપો બનેલાં છે. એ આકાશ-તત્ત્વમાં જ આ વિશ્વ-વ્યાપી પ્રાણ અને મન, પદાર્થોનાં જીવન તરીકે ફરી રહ્યાં છે, અને તેમાંથી જ આ સર્વે રૂપો ઘડી રહ્યાં છે; પણ તે જે ઘડે છે, એ તો માત્ર નામ અને રૂપ જ હોય છે,

એ કોઈ વાસ્તવિકતા નથી હોતાં; આપણને દેખાતા ઘડાનો આકાર એ તો માત્ર પૃથ્વીની માટીનો જ આકાર હોય છે અને છેવટે પૃથ્વીની માટીમાં જ ભળી જાય છે; પૃથ્વી એ વિશ્વ-જીવનમાં ભળી જઈ શકે છે; તો વળી વિશ્વ-જીવન એ, પેલા નીરવ, અક્ષર, આકાશ-તત્ત્વમાં વિલીન થઈ જતી એક ગતિ છે. આ જાતના જ્ઞાન પર એકાગ્ર થવાથી અને નામ-રૂપાત્મક સર્વ જગતનો ઇન્કાર કરવાથી એ બધું જ, આકાશ-તત્ત્વમાં જ કે જે પોતે બ્રહ્મ છે તેમાં નામ અને રૂપની માયા જેવું દેખાવા માંડે છે; આપણી સમક્ષ એ બધું અ-વાસ્તવિક થઈ જાય છે. અને, આમ વિશ્વ મિથ્યા થઈ જવાથી તેમાં આત્માના વસવાટનો પ્રશ્ન પણ મિથ્યા થઈ જાય છે; બાકી રહે છે માત્ર પરમાત્મા કે જેની ઉપર આપણા મને ખોટી રીતે વિશ્વનાં નામ અને રૂપ ઠોકી બેસાડયાં છે. આમ, આપણો વ્યક્તિભૂત આત્મા નિરપેક્ષ બ્રહ્મમાં લીન બની જાય એ વાજબી જ ઠરે છે.

અને તે છતાં પણ પરમાત્મા તો પોતાનાં અવિનાશી સર્વ-વ્યાપક સ્વરૂપે, પોતાનાં અક્ષર, દિવ્ય-આવરણ સ્વરૂપે, કામ કર્યે જ જાય છે, એક એક વસ્તુરૂપ અને સર્વે વસ્તુરૂપ બનવાની પોતાની ચાલાકી બતાવ્યે જ જાય છે; આપણે તેની ચાલાકી પકડી પાડીએ કે તેમાંથી પાછા હઠી જઈએ તો તેથી પરમાત્મામાં કે વિશ્વમાં રજમાત્ર પણ ફરક પડતો નથી. તો પછી જે એવું તો મહાન છે, એવું સનાતન છે કે આપણા સ્વીકાર-અસ્વીકારથી લવલેશ પણ ચલિત થયા વિના અને તેની પરવા કર્યા વિના આગળ વધ્યે જ જાય છે. તેને પણ શું આપણે ના જાણવું જોઈએ ? અહીં પણ એક અજેય વાસ્તવિક્તા કામ કરતી હોવી જ જોઈએ; અને પૂર્ણ-જ્ઞાનની તૃષા તો આપણને એમ કહે છે કે આપણે તે જાણવું જ જોઈએ, સાક્ષાત કરવું જ જોઈએ; નહિ તો છેવટે એમ જ સાબિત થાય કે આપણને છેતરનાર અને ભ્રમમાં ભૂલા પાડનાર જગતનો નાથ નહિ, પણ આપણું પોતાનું જ્ઞાન જ હતું ! એટલે આપણે ફરીથી એકાગ્ર થવું પડશે અને જે આમ સર્વ-સત્તાશીલ બની સતત ધપ્યે જ જાય છે. તેનું પણ દર્શન કરવું જ પડશે, તેને સાક્ષાત કરવું જ પડશે; અને જાણવું પડશે કે પરમાત્મા એ બીજું કાંઈ નહિ પણ પરમ-આત્મા પોતે જ છે જે પ્રકૃતિનો નાથ છે, જે સમગ્ર વિશ્વનો ધારક છે, જેની અનુમતિથી જ એ આગળ વધે છે, જેની સંકલ્પ-શક્તિ જ એની પાસે કરોડ-વિધ કાર્યો કરાવે છે અને એનાં સનાતન યુગ-ચક્રોનું નિર્માણ કરે છે. અને હજી પણ એક વાર વધારે એકાગ્ર થઈને આપણે એ જોવું પડશે, સાક્ષાત કરવું પડશે અને જાણવું પડશે કે પરમાત્મા

એ જ એકમાત્ર એ પરમ અસ્તિત્વ છે કે જે એક સાથે સર્વ કોઈનો આત્મા એટલે કે પુરુષ છે અને પ્રકૃતિ પણ છે અને તેથી જ આ સર્વ પદાર્થોનાં રૂપ દ્વારા પોતાની જાતને વ્યક્ત કરી શકે છે અને સાથે સાથે આ સર્વ સ્વરૂપો પણ પોતે જ બની શકે છે. જો આપણે આ બધું પણ ના જાણીએ તો પરમાત્માએ જે નથી છોડ્યું તે આપણે છોડી દીધું ગણાશે અને આપણા જ્ઞાનમાં જાણીબૂજીને કાપકૂપ કરી ગણાશે.

જૂના, ત્યાગ-પ્રધાન જ્ઞાન-માર્ગમાં વસ્તુમાત્રના અદ્વૈતનો અને પરમ-અસ્તિત્વનાં આ બધાં સ્વરૂપો ઉપર એકાગ્ર થવાનો સ્વીકાર છે જ, પણ એ સ્વરૂપોમાં એ ભિન્નતા જુએ છે અને તેમને ચઢ-ઊતર શ્રેણીમાં ગોઠવે છે. જે પરમાત્મા આ સર્વે સ્વરૂપો ધારણ કરે છે તેને તે વિરાટ એટલે કે વિશ્વવ્યાપી આત્મા કહે છે; જે પરમાત્મા આ સર્વે સ્વરૂપોનું સર્જન કરે છે તેને હિરણ્યગર્ભ, એટલે કે પ્રકાશ-પૂર્ણ અથવા સર્જક-દૃષ્ટિવાળો આત્મા કહે છે; જે પરમાત્મા સર્વ-સ્વરૂપો અપ્રગટ હોય ત્યારે તેમને પોતાનામાં સમાવે છે તેને પ્રજ્ઞા, એટલે કે સચેતન કારણરૂપ અથવા આદ્ય-નિર્માણક આત્મા કહે છે; આ બધાથી પર તેનું જે સ્વરૂપ કે જે આ સર્વે અ-વાસ્તવિકતાને અનુમતિ આપે છે પણ તેની સાથે વ્યવહાર રાખતો નથી તેને નિરપેક્ષ બ્રહ્મ કહે છે. તે માર્ગ એમ કહે છે કે આપણે આ નિરપેક્ષ બ્રહ્મમાં ભળી જવાનું છે અને પછી વિશ્વ સાથે કંઈ જ વ્યવહાર રાખવાનો નથી કારણકે જ્ઞાન એટલે તો અંતિમ જ્ઞાન, અને તેથી તેનાથી ઊતરતા સાક્ષાત્કારો કાં તો ચાલ્યા જવા જોઈએ અથવા તો એ નિરપેક્ષ-બ્રહ્મમાં લય પામવા જોઈએ. પણ આપણા દૃષ્ટિબિંદુથી જોતાં આ બધા તો એવા વ્યવહારુ ભેદ છે કે જે આપણા મને અમુક હેતુસર ઊભા કરેલા છે; એ હેતુસર એ જરૂર કામના છે, પણ તેમની અંતિમ કિંમત કાંઈ નથી. આપણું દૃષ્ટિબિંદુ વિશ્વના અદ્વૈત પર ભાર મૂકે છે; વિરાટ એ હિરણ્યગર્ભથી ભિન્ન નથી કે નથી હિરણ્યગર્ભ પ્રજ્ઞાથી ભિન્ન, કે પ્રજ્ઞા નિરપેક્ષ બ્રહ્મથી ભિન્ન; પણ "એક જ આત્મતત્ત્વ સર્વે ભૂત-માત્ર બનેલ છે,"[1] અને તેનામાં અને વ્યક્તિરૂપો દ્વારા પ્રગટ થતા પરમ પ્રભુમાં કાંઈ જ ભેદ નથી; વળી, એ પરમ પ્રભુમાં અને દૃષ્ટિ-ગોચર, ઇન્દ્રિય-ગોચર, પ્રાણ-ગોચર કે મનો-ગોચર બની બેઠેલ નિરપેક્ષ બ્રહ્મમાં પણ, ખરેખર જ, કાંઈ ભેદ નથી. એ જ પરમાત્માને, એ જ પ્રભુને, એ જ બ્રહ્મને આપણે જાણવો છે જેથી તેની

---

૧. सर्वाणि भूतानि आत्मैवाभूत्

—અનુવાદક

સાથેની, અને તે જે કાંઈ પ્રગટ કરે છે તેની સાથેની પણ, આપણી તદ્રૂપતા આપણને સાક્ષાત થાય; અને એ જ તદ્રૂપતામાં આપણે જીવવું છે. કારણકે જ્ઞાનને તો આપણો એવો આગ્રહ છે કે એ આપણને એકતા સાધી આપે: જે જ્ઞાનમાં ભેદભાવ હોય તે તો ગણાય આંશિક જ્ઞાન, અમુક વ્યવહારુ હેતુઓ માટેનું ઉપયોગી જ્ઞાન; એકતા સાધી આપે એ જ સાચું જ્ઞાન.

એટલે આપણા પૂર્ણયોગમાં આ બધી વિવિધ સાધનાઓ અને એકાગ્રતાઓનો સ્વીકાર તો થશે જ પણ તે ઉપરાંત તેમનામાં સુમેળ સાધવામાં આવશે, અને, જો શકય હશે તો, તેમનો સમન્વય કરી એક એવી એકરૂપતા સાધવામાં આવશે કે જેમાં તેમની, એકબીજા વચ્ચેની આડો અદશ્ય થઈ જશે. શુદ્ધ પરાત્પરવાદી જેમ પ્રભુનો અને વિશ્વનો ઇન્કાર કરીને માત્ર નીરવ બ્રહ્મ કે અજ્ઞેય નિરપેક્ષનો જ સ્વીકાર કરે છે કે શુદ્ધ ઇશ્વરવાદી કે શુદ્ધ વિશ્વ–ઇશ્વરવાદી માત્ર ઇશ્વર કે માત્ર વિશ્વને માટે જ જીવવાનું પસંદ કરે છે તેમ પૂર્ણજ્ઞાનનો સાધક પોતાના સિદ્ધાંતમાં કે વ્યવહારમાં કે સાક્ષાત્કારમાં કોઈ પણ ધાર્મિક સંપ્રદાય કે તાત્ત્વિક સિદ્ધાંતથી બંધાઈ નહિ જાય. એ તો ઝંખશે નખ–શિખ અસ્તિત્વમાં છુપાએલા પરમ સત્યને. જૂના સાધના–માર્ગોનો તે અસ્વીકાર નહિ કરે, કારણકે તેમના પાયામાં સનાતન સત્ય હોય છે જ; પણ એ તેમને પોતાના ધ્યેયમાં બંધ બેસતી રીતે સામેલ કરશે.

આપણે એ તો સ્વીકારવું જ પડશે કે જ્ઞાનની પાછળનું આપણું પ્રાથમિક લક્ષ્ય તો બીજાઓમાં વસતા આત્મા તરીકે કે પ્રકૃતિના સ્વામી તરીકે કે વિશ્વવ્યાપી તરીકે રહેલા પરમાત્માને નહિ પણ આપણા પોતાનામાં જ રહેલા એ પરમાત્માને સાક્ષાત કરવાનું છે; કારણકે એ જ છે એક વ્યક્તિ તરીકેની આપણી અદમ્ય ઝંખના : પોતાની જ અંદર રહેલ સર્વોચ્ચ સત્યને શોધવું, પોતાના જ ગૂંચવાડા, અંધાધૂંધી, અને ખોટી તદ્રૂપતાને સાચી રીતે ગોઠવવાં, તેમને યોગ્ય રીતે એકાગ્ર કરવાં, વિશુદ્ધ કરવાં, અને તેમના મૂળને શોધી કાઢવું અને ત્યાં પહોંચી જવું; પણ આ બધું જે કરવાનું છે તે તેના એ મૂળમાં લય પામી જવા માટે નહિ; પણ એટલા માટે કે આપણું સર્વ અસ્તિત્વ અને આપણા આંતર–રાજ્યના સર્વ પ્રદેશો પોતાના સાચા પાયા પર સ્થાપિત થાય, તેઓ આપણી ઊંચામાં ઊંચી જાતમાં અને તેને જ ખાતર જીવવા માંડે અને આ ઊંચામાં ઊંચી જાતમાંથી ઉદ્ભવતા ધર્મ સિવાય બીજા કોઈ ધર્મનું અનુસરણ ના કરે, અને વિશુદ્ધ થએલી આપણી જાતને આ ધર્મ, અંતરિયાળ મનથી વિકૃત થયા વિના મળી રહે. અને જો આ બાબત બરાબર રીતે પાર પાડીએ તો આપણને જણાશે કે : આ

સર્વોચ્ચ આત્માને પામતાં આપણે અન્યમાં રહેલ આત્માને પણ પામ્યા છીએ; આપણી પ્રકૃતિના સ્વામીને તેમ જ સર્વ પ્રકૃતિના સ્વામીને પામ્યા છીએ; આપણી જાતના જે સર્વસ્વને પામ્યા છીએ તે જ છે સમગ્ર વિશ્વનો પણ સર્વસ્વ. કારણકે આપણી જાતમાં જે દેખાય છે તે આપણને સર્વત્ર દેખાયા વિના રહેવાનો જ નથી; કારણકે એ જ છે એની એકરૂપતાનું સાચું રહસ્ય. આપણી જાતના પરમ સત્યને શોધતાં અને તેનો સાચો ઉપયોગ કરતાં આપણા અલગ વ્યક્તિત્વ અને વિશ્વ વચ્ચેની આડ ફરજિયાત ખૂલી જ પડે અને તૂટી જ પડે; અને આપણી પોતાની જાતમાં જે પરમ સત્યને આપણે સાક્ષાત કર્યું તે જ સત્ય આ વિશ્વના પરમ સત્ય તરીકે આપણી સમક્ષ સાક્ષાત થયા વિના ના જ રહે કારણકે ત્યારે વિશ્વ–વ્યાપકતા એ જ બની રહેવાની આપણી પોતાની જાત. વેદાન્તે કહેલ "सोऽहम्", "તે હું છું,"નો જ્યારે આપણી અંદર સાક્ષાત્કાર થાય ત્યારે, આપણી આજુબાજુ જેવાં "तत्त्वमसि", "તે તું છે"ના અદ્વૈત જ્ઞાનનો સાક્ષાત્કાર પણ આપણને થવાનો જ. હવે બાકી રહે છે માત્ર એ જ શોધી કાઢવાનું કે આ મહાન તદ્રૂપતાને સફળ રીતે સિદ્ધ કરવા સાધનાને વ્યવહારમાં કેવી રીતે પાર પાડવી.

પ્રકરણ : ૭

# શરીરના બંધનમાંથી મુક્તિ

આપણને જે કાંઈ ભાસે છે તે અંતિમ સત્ય નથી, આપણી સાચી જાત એ કાંઈ શરીર કે પ્રાણ કે મન નથી, કારણકે એ તો માત્ર તેનાં ખોળિયાં જ છે; એક વાર આ વાત આપણી બુદ્ધિમાં પાકી બેસી ગઈ એટલે પછી જ્ઞાન-માર્ગનું પહેલું પગથિયું એ થવાનું કે પ્રાણ અને શરીર સાથેનો આપણા મનનો વ્યાવહારિક સંબંધ આપણે સાચી રીતે ગોઠવી દેવો, કે જેથી કરીને આત્મા સાથેનો તેનો સંબંધ પણ સાચો થઈ જાય. આમ કરવાની એક સહેલામાં સહેલી રીત છે; અને આપણે તે જાણીએ પણ છીએ કારણકે કર્મ-યોગની વિચારણા વખતે આપણને તે ખૂબ કામમાં લાગી હતી; એ છે : પુરુષને પ્રકૃતિથી અલગ પાડવાની રીત. પુરુષ એટલે કે આત્મા, કે જે જ્ઞાતા અને નેતારૂપ છે, એ એની પોતાની સચેતન વહીવટી શક્તિના વહીવટમાં લપટાઈ ગયો છે; અને તેથી તેની આ સ્થૂળ ક્રિયા (કે જેને આપણે શરીર તરીકે ઓળખીએ છીએ) તેને જ પોતાની જાત માની લેવાની તેણે ભૂલ કરેલી છે; તે ભૂલી ગયો છે કે આત્મા તરીકેનું એનું પોતાનું અસલ સ્વરૂપ તો એક જ્ઞાતા અને નેતા તરીકેનું છે; તે એમ માનતો થઈ ગયો છે કે તેનું મન અને આત્મા એ શરીરનાં કર્મ અને ધર્મને આધીન છે; તે ભૂલી ગયો છે કે એ પોતે તો આ શરીરરૂપી ખોળિયાના કરતાં ઘણું મહાન એવું બીજું ઘણું બધું છે; એ ભૂલી ગયો છે કે મન એ ખરેખર તો આ જડ તત્ત્વના કરતાં ઘણી મહાન વસ્તુ છે અને તેના અંધાપા, પ્રત્યાઘાત, તામસિક ટેવો કે અશક્તિમય આદતોને તેણે વશ થવાનું નથી; તે એ પણ ભૂલી ગયો છે કે એ તો ખુદ મનના કરતાં પણ વિશેષ છે, એ તો એક એવી સમર્થ શક્તિ છે કે જે મનને પણ મનથી ઊંચા પ્રદેશમાં ઉઠાવી જઈ શકે છે; એ તો માલિક પોતે છે, પરાત્પર છે, અને તેથી માલિક એના પોતાના જ વહીવટનો ગુલામ બની જાય, પરાત્પર એની પોતાની જ જાતમાં આવેલા એક ક્ષુદ્ર ખોળિયામાં કેદી બની જાય એ યોગ્ય નથી. આ બધી વિસ્મૃતિમાંથી બહાર નીકળી જવા માટે પુરુષે પોતાની અસલ પ્રકૃતિ યાદ

કરવાની છે, અને સહુથી પહેલાં તો એ યાદ કરવાનું છે કે શરીર એ તો પ્રકૃતિની એક ક્રિયા અને માત્ર એક જ ક્રિયા છે.

તે પછી આપણે મનને કહેવાનું છે: "આ દેહ તો પ્રકૃતિની એક કૃતિ છે; એ તું નથી, અને એ હું પણ નથી; તેમાંથી પાછું હઠી જા." પ્રયત્ન કરવાથી આપણને જણાશે કે આમ અલગ થઈ જવાની શક્તિ મનમાં છે જ; અને શરીરમાંથી પાછા હઠવાનું માત્ર એક વિચારની રીતે નહિ પણ સક્રિય રીતે અને જાણે કે શારીરિક રીતે અથવા તો કહો કે પ્રાણ વડે એ કરી શકે છે. શરીરમાંથી મનની આવી અલગતા પાકી બનાવવી જોઈએ. તે માટે શારીરિક બાબતોમાં એક જાતની ઉદાસીનતા ધારણ કરવી જોઈએ; ઊંઘ કે ઉજાગરો, કામ કે આરામ, સુખ કે અસુખ, બિમારી કે આરોગ્ય, સ્ફૂર્તિ કે થાક, એશ કે અડચણ, ખાવાનું કે પીવાનું એ બધી શારીરિક બાબતો માટે ઊંચાનીચા થવાનું નથી. આનો અર્થ એ નહિ કે આપણે શરીરને શક્ય તેટલું સાચવવાનું નથી; આપણે આ ભૌતિક ખોળિયાની નરી બેદરકારી કે ઉગ્ર દમનમાં સપડાવાનું નથી. તો વળી સાથે સાથે, ભૂખ કે તરસ કે બેચેની કે બિમારીની મન પર અસર થવા દેવાની પણ નથી, કે દેહ કે પ્રાણમાં જ રાચનારા મનુષ્યો શારીરિક બાબતોને જેટલી અગત્ય આપે છે તેટલી અગત્ય આપવાની નથી; તેમને બહુ જ ગૌણ અને તે પણ એક સાધનની સાચવણીના જેટલી જ અગત્ય આપવાની છે. વળી સાધનની આ સાચવણીને ખૂબ મહત્ત્વની ગણી એક "જરૂરિયાત" પણ બનાવી દેવાની નથી; દાખલા તરીકે સાધનામાં એવા એક ગાળા પણ આવે કે જ્યારે આપણી આંતરિક પ્રગતિને ખાતર ખાવા-પીવામાં અમુક મર્યાદાઓ આપણે સ્વીકારવી પડે, છતાં પણ આપણે એમ માનતા થઈ જવાનું નથી કે અમુક વસ્તુઓ ખાવા-પીવાથી મનની પવિત્રતા પર અસર થઈ જાય છે; વળી જૂની માન્યતા પ્રમાણે એમ પણ માન્યા કરવાનું નથી કે મનનો અને ખાસ કરીને તો જીવવાનો આધાર ખાવા-પીવા ઉપર જ છે કારણકે એ તો માત્ર એક ટેવ જ છે, કુદરતે જાળવેલો, તેમની વચ્ચેના સંબંધનો એક રિવાજ માત્ર જ છે. હકીકત તો એમ છે કે જો એનાથી ઊલટી ટેવ પાડી શકાય અને નવા સંબંધો સ્થાપી શકાય તો ખોરાકનું પ્રમાણ શક્ય તેટલું ઓછું કરવા છતાં મનની અને પ્રાણની સ્ફૂર્તિ જાળવી શકાય છે; અને એનાથી પણ વધારે તો, જો પદ્ધતિસરનો વિકાસ કરવામાં આવે, જો, આજે મન અને પ્રાણ શારીરિક પોષણની જે મામૂલી મદદ ઉપર આધાર રાખે છે તેના કરતાં પણ વધારે ગાઢ સંબંધ તેમને જેની સાથે છે તે માનસિક અને પ્રાણમય શક્તિના

છૂપા ભંડારની ઉપર તેમને આધાર રાખવાનું શીખવવામાં આવે તો અજબ સ્ફૂર્તિ માટેની શક્યતા તેમને મળી રહે. પણ આ જાતની સાધના જ્ઞાન-માર્ગના કરતાં તો આત્મ-પરિપૂર્ણતાના યોગમાં વધારે અગત્યની છે. હાલ પૂરતો અગત્યનો મુદ્દો એટલો જ કે મન શારીરિક બાબતો પર જે આધાર રાખે છે કે તેમને જે રીતે વળગી રહેલું છે તેનો તેણે ત્યાગ કરવાનો છે.

મનને આ પ્રમાણે તૈયાર કરવાથી ધીમે ધીમે તે દેહ પ્રત્યે પુરુષનું સાચું વલણ ધારણ કરતાં શીખશે. સૌથી પહેલાં તો એને એ ખબર પડશે કે મનોમય પુરુષ દેહને ધારણ કરનાર છે, – તે પોતે તો એ દેહ નથી જ. કારણકે એ મનોમય પુરુષ એ તો આ ભૌતિક અસ્તિત્વના કરતાં તદ્દન જુદી જ વસ્તુ છે અને તે તેને મન વડે અને પ્રાણશક્તિ દ્વારા ધારણ કરી રાખે છે. પછી આ વલણ સમગ્ર જાતમાં એટલું તો સ્થાપિત થઈ જશે કે શરીર જાણે કે પહેરેલાં કપડાં જેવી કે હાથમાં ધારણ કરેલા કોઈ હથિયાર જેવી બાહ્ય અને છોડી દઈ શકાય તેવી વસ્તુ હોય એમ આપણને લાગવા માંડશે. આપણને એમ પણ લાગે કે શરીરનું જાણે કે અમુક રીતે અસ્તિત્વ જ નથી, જાણે કે એ તો માત્ર આપણી પ્રાણ-શક્તિનો કે માનસિકતાનો એક જાતનો આંશિક આવિર્ભાવ છે. જ્યારે આવી અનુભૂતિઓ થાય ત્યારે સમજવું કે મનમાં શરીર અંગેની સાચી સંસ્થિતિ સ્થપાવા માંડી છે, શારીરિક લાગણીઓમાં ફસાએલું અને દબાએલું મન ખોટું દૃષ્ટિબિંદુ છોડી વસ્તુઓના સાચા સત્યનું દૃષ્ટિબિંદુ ગ્રહણ કરવા મંડયું છે.

બીજી વાત એ બનવાની કે શરીરની હિલચાલો અને અનુભવોની બાબતમાં મનને ખબર પડી જશે કે તેની અંદર રહેલ પુરુષ એક તો એની બધી હિલચાલોને નિહાળતા સાક્ષીરૂપે અને બીજું, એના બધા અનુભવોને ગ્રહણ કરનાર જ્ઞાતા અને દ્રષ્ટારૂપે બેઠેલો છે. આ બધી હિલચાલો અને અનુભવો વિચારો કે ખુદ લાગણીની દૃષ્ટિએ પણ તેને તેના પોતાના નહિ લાગે, પણ ઊલટાનું એમ લાગશે કે તે તેના પોતાના નથી પણ પ્રકૃતિના ગુણોની મદદથી અને તેમનાં કાર્ય-પ્રતિકાર્ય વડે થતી પ્રકૃતિની ક્રિયાઓ માત્ર છે. આ અલગતા એટલી તો સ્થાપિત કરી શકાય અને વિકસાવી શકાય કે જેથી મન અને શરીર વચ્ચે એક જાતનું અંતર પડી જાય અને શરીરને થતાં ભૂખ, તરસ, દુઃખ, થાક, નિરુત્સાહ વગેરે બધાં જાણે કે બીજી કોઈ વ્યક્તિને થતાં હોય અને આપણે તો તેની સાથે નિકટના સંબંધમાં હોવાથી તેને શું થાય તેની આપણને ખબર પડતી હોય એ પ્રમાણે આપણું મન તેમને જોશે અને અનુભવશે. આ જાતની અલગતા આત્મ-સ્વામીત્વ મેળવવા માટેનું એક મોટું

સાધન છે, અને તે દિશામાં એક મોટું પગલું છે; કારણકે એથી શરૂઆતમાં તેમાં તણાયા વિના અને પછીથી તેની કાંઈ જ અસર પામ્યા વિના મન તેમને ઠંડા પેટે, અને સ્પષ્ટ સમજપૂર્વક, છતાં પૂરેપૂરી અનાસક્તિથી જોવા માંડે છે. આ છે શરીરના દાસત્વમાંથી મનની પ્રાથમિક મુક્તિ; કારણકે સાચા જ્ઞાનનો સ્થિર પગલે અમલ કર્યે જવામાં આવે તો મુક્તિ મળે જ મળે.

છેવટે મન જાણી શકશે કે મનોમય પુરુષ એ પ્રકૃતિનો સ્વામી છે અને બધી ક્રિયાઓ માટે તેને એ સ્વામીની અનુમતિ મેળવવી જરૂરી છે. તેને જણાશે કે પોતે એક અનુમંતા હોવાથી પ્રકૃતિને તેની ટેવો માટે મળેલ અસલ અનુમતિ પાછી ખેંચી લઈ શકે છે, જેથી એ ટેવ છેવટે છૂટી જશે અથવા તો પુરુષના સંકલ્પ અનુસારની દિશામાં એ ફંટાશે; પણ એકદમ નહિ, કારણકે પ્રકૃતિનાં ભૂતકાળનાં કર્મોનાં હઠીલાં પરિણામરૂપ જૂની અનુમતિ જ્યાં સુધી એ કર્મોનો ક્ષય ના થઈ જાય ત્યાં સુધી વળગી રહે છે; વળી એ ટેવની પોતાની તાકાત ઉપર તથા તેનો એક પાયાની જરૂરિયાત તરીકે મનમાં કેટલો ખ્યાલ બંધાયો હતો તેની ઉપર પણ ઘણો આધાર રહે છે. પણ જો પ્રકૃતિએ તેને મન, પ્રાણ અને શરીરના સંબંધ માટેની એક પાયારૂપ ટેવ તરીકે સ્થાપી ના હોય અને જો મન જૂની અનુમતિને નવી સંમતિ ના આપે કે એ ટેવમાં સ્વેચ્છાએ ભાગ ના લે તો છેવટે એ ટેવ બદલાશે જ. ખુદ ભૂખ-તરસ જેવી ટેવો પણ એકદમ ઓછી કરી શકાય છે, રોકી શકાય છે કે દૂર પણ કરી શકાય છે. એ જ પ્રમાણે રોગની ટેવ પણ એકદમ ઓછી કરી શકાય છે અને ધીમે ધીમે દૂર પણ કરી શકાય છે. તે દરમિયાન રોગમાંથી મૂળ સ્થિતિ પાછી મેળવવાની મનની તાકાત કાં તો પ્રાણશક્તિને જાણીબૂજીને કામે લગાડીને કે માત્ર મનના આદેશથી, એકદમ વધી જશે. એ જ પ્રમાણે, અમુક જાતનાં અને અમુક હદ સુધીનાં કામનું દબાણ, થાક કે અસમર્થતા સાથે સંબંધ બાંધી દેવાની શારીરિક પ્રકૃતિએ જે ટેવ પાડી દીધી છે તેને પણ સુધારી શકાય છે અને શરીરરૂપી સાધન દ્વારા કરી શકાતાં શારીરિક કે માનસિક કામનાં સામર્થ્ય, આસાની, ઝડપ અને અસરકારકતા પણ, ચમત્કાર લાગે એટલાં, વધારી શકાય છે, બમણાં, ત્રણગણાં કે દશગણાં, કરી શકાય છે,

ખરેખર તો સાધનાના આ ભાગનો સમાવેશ આત્મ-પરિપૂર્ણતાના યોગમાં થાય છે, છતાં અહીં એનું ટૂંકું વર્ણન એટલા પૂરતું જરૂરનું છે કે, એક તો, એથી આપણે આગળ ઉપર આત્મ-પરિપૂર્ણતા કે જે પૂર્ણયોગના અંગરૂપ છે તેની જે વાત કરવાના છીએ તેનો પાયો તૈયાર થશે અને બીજું, હાલમાં ભૌતિકશાસ્ત્રે જે ખોટા ખ્યાલ પ્રચલિત કર્યા છે તેને આપણે સુધાર-

વાના પણ છે. હાલના ભૌતિકશાસ્ત્રના મત પ્રમાણે આજ સુધીની ઉત્ક્રાંતિને પરિણામે હાલમાં આપણી જે માનસિક અને શારીરિક અવસ્થાઓ છે અને શરીર તથા મન વચ્ચે જે સંબંધો પાકા થઈ ગએલા છે એ જ સાચા, સ્વાભાવિક અને વાજબી છે, અને તેમના સિવાયનું બીજું બધું અને તેમની વિરુદ્ધનું સર્વ કાંઈ રોગિષ્ટ અને ખોટું છે અથવા તો માત્ર ભ્રમ, આત્મ–વંચના અને ઘેલછા છે. પણ એ કહેવાની ભાગ્યે જ જરૂર છે કે આ રૂઢિચુસ્ત સિદ્ધાંતને ભૌતિકશાસ્ત્ર પોતે જ પૂરેપૂરો અવગણી કાઢે છે, કારણકે કુદરત પર માનવીનું પ્રભુત્વ વધારવા માટે ભૌતિક પ્રકૃતિની સહજ ક્રિયાઓને પૂરી દક્ષતાથી અને સફળતાથી એ પોતે જ બદલી રહ્યું છે. અહીં તો પાકે પાયે એકમાત્ર એ જ વાત કહેવી પૂરતી છે કે માનસિક અને શારીરિક અવસ્થામાં, તથા મન અને શરીર વચ્ચેના સંબંધમાં કરવાનું પરિવર્તન ( કે જેનાથી જાત વિશુદ્ધ અને મુક્ત બને છે જેનાથી એક ચોખ્ખો આનંદ અને શાંતિ મળે છે તથા મનનો પોતાની ઉપરનો તથા શારીરિક ક્રિયાઓની ઉપરનો કાબૂ વધે છે, અને, એક જ શબ્દમાં કહીએ તો, માણસ પોતાની પ્રકૃતિની ઉપર ખૂબ જ પ્રભુત્વ મેળવે છે ) તે કોઈ રોગિષ્ટ દશા નથી એ વાત બિલકુલ સ્પષ્ટ છે; અને તેને ભ્રમ કે આત્મ–વંચના પણ કહી શકાય તેમ નથી કારણકે તેનાં પરિણામો ખુલ્લેખુલ્લાં અને ખાતરીબંધનાં છે. સાચી વાત તો એમ છે કે પ્રકૃતિ જે વ્યક્તિગત ઉત્ક્રાંતિ કરી રહી છે તેમાં તેનું એ એક નિર્ધારિત આગેકદમ છે; તે તેને કોઈ પણ હિસાબે પાર તો પાડવાની જ છે પણ, સાથે સાથે, તેણે તેમાં માનવ–સંકલ્પને પોતાના મુખ્ય સાધન તરીકે જોડવાનું નક્કી કર્યું છે, કારણકે તેનો સારભૂત હેતુ છે પુરુષને પ્રકૃતિના સચેતન સ્વામી બનાવવાના માર્ગે દોરી જવાનો.

તો આની સાથે એ પણ ઉમેરવું જ જોઈએ કે જ્ઞાનમાર્ગની સાધનામાં મન અને શરીરની પૂર્ણતાને સ્થાન જ નથી; અથવા તો માત્ર ગૌણ સ્થાન છે. તેમાં એકમાત્ર જરૂરી વસ્તુ છે ઝડપીમાં ઝડપી કે શક્ય તેટલી વ્યાપક અને કાર્યસાધક પદ્ધતિ વડે પ્રકૃતિને પાર કરી પુરુષમાં પહોંચી જવું; અને આપણે જે પદ્ધતિની વાત કરીએ છીએ તે જો કે ઝડપીમાં ઝડપી તો નથી પણ તેની કાર્યસાધકતા તો સૌથી વધારે વ્યાપક છે. ભૌતિક કાર્યો કરવાં કે ના કરવાં એ પ્રશ્ન પણ અહીં ઊભો થાય છે. સામાન્ય માન્યતા એવી છે કે યોગીઓએ શક્ય તેટલે અંશે કર્મોથી દૂર રહેવું જોઈએ અને, ખાસ તો, અતિશય કર્મો કરવાં એ બાધારૂપ છે કારણકે એથી શક્તિ, બહારની બાજુએ ખર્ચાઈ જાય છે. આ વાત કેટલેક અંશે તો સાચી છે જ. વધારામાં એ

પણ નોંધવું જોઈએ કે જ્યારે મનોમય પુરુષ માત્ર દ્રષ્ટા કે સાક્ષી જ બની રહે છે ત્યારે શાંતિ, એકાંત, ભૌતિક નિશ્ચલતા અને શારીરિક નિષ્ક્રિયતાનું વલણ આપણી જાતમાં વિકાસ પામે છે. જ્યાં સુધી આમાં જડતા, અશક્તિ કે કામ કરવાની અનિચ્છા એટલે કે, ટૂંકમાં, તમોગુણ ભળી ના જાય ત્યાં સુધી તો એ વલણથી લાભ જ છે. કાંઈ પણ નહિ કરવાની શક્તિ, એ આળસ, અનાવડત કે કર્મોનો અણગમો નથી, કે નથી નિષ્ક્રિયતાની આસક્તિ; પણ એ તો એક સમર્થ શક્તિ અને મહાન પ્રભુતા છે. વિચારમાત્રથી સંપૂર્ણ મુક્ત થઈ જવું, નરી એકલતા અને શાંતિમાં ગમે તેટલો વખત રહી શકવું અને નિશ્ચલતામાં અચલ થઈ જવું એ શક્તિઓની પેઠે કર્મમાત્રથી સંપૂર્ણ-પણે દૂર રહી શકવું એ શક્તિ પણ જ્ઞાનયોગીને માટે અનિવાર્ય છે. જે કોઈ સાધક આ સર્વ અવસ્થાઓ સિદ્ધ કરવા તૈયાર ના હોય તે સર્વોચ્ચ જ્ઞાનના માર્ગ માટે હજી લાયક નથી. એ અવસ્થાઓ પ્રત્યે આગળ વધવા જે અશક્ત હોય તે, તે સિદ્ધિઓ માટે હજી લાયક નથી.

તો સાથે સાથે એ પણ કહેવું જોઈએ કે એ શક્તિ મેળવવી એટલું જ પૂરતું છે; શારીરિક કર્મ માત્ર તજી દેવાનું અનિવાર્ય નથી, માનસિક કે શારીરિક કર્મ પ્રત્યે અણગમો રાખવો ઇચ્છવા યોગ્ય નથી. જ્ઞાનની પૂર્ણા-વસ્થા ઝંખનારે કર્મ કરવાની આસક્તિમાંથી મુક્ત થવું જ જોઈએ, અને એ જ પ્રમાણે કર્મ નહિ કરવાની આસક્તિમાંથી પણ મુક્ત થવું જ જોઈએ. ખાસ કરીને તો મન, પ્રાણ કે શરીરની તામસિક વૃત્તિને જીતી લેવી જ જોઈએ; જો એ વૃત્તિ પ્રકૃતિમાં વધતી લાગે તો તેને ફેંકી દેવા માટે પુરુષની સંકલ્પ-શક્તિને કામે લગાડવી જોઈએ, છેવટે એવી અવસ્થા આવે જ છે કે જ્યારે શરીર અને પ્રાણ મનોમય પુરુષના સંકલ્પના માત્ર કરણ તરીકે વર્તે છે, અને તે પણ કોઈ પણ જાતના ભાર કે બંધન વિના, પોતાની નિમ્ન ઉતાવળી અને ઘણી વાર તો ઉત્પાતિયા શક્તિને વચ્ચે લાવ્યા વિના (તેમનાં સામાન્ય કર્મોમાં છો, જો કે, એને જ વચ્ચે લાવતાં હોય છે); શરીરમાં રહેતા પ્રાણે જ્યાં સુધી શરીર ઉપર પ્રભુત્વ પાકું ના બેસાડ્યું હોય ત્યાં સુધી તેની વિષ્ટિતારૂપ તેમાં જે ઉત્પાત, શ્રમ અને પ્રતિકાર હોય છે તેનાથી દૂર રહી તેઓ પ્રકૃતિનાં બળો તરીકે કાર્ય કરવા લાગે છે. જ્યારે આવી પરિપૂર્ણ અવસ્થા પ્રાપ્ત થાય ત્યારે સક્રિયતા કે નિષ્ક્રિયતા અગત્યનાં નથી રહેતાં કારણકે ત્યારે તેઓ આત્માની સ્વતંત્રતામાં આડે નથી આવતાં કે પરમાત્મા પ્રત્યેના તેના માર્ગમાંથી કે પરમાત્મામાં તેની સંસ્થિતિમાંથી તેને દૂર ખેંચી નથી જતાં. પણ આવી પરિપૂર્ણ અવસ્થા યોગમાં બહુ

આગળ વધ્યા પછી જ આવે છે; અને ત્યાં સુધી તો ગીતામાં જણાવેલ મિતાચારનો નિયમ જ ઉત્તમ ગણાય; એવે વખતે વધુ પડતાં માનસિક કે શારીરિક કર્મો યોગ્ય ના ગણાય કારણકે તેની અતિશયતાથી શક્તિનો અતિ દુર્વ્યય થાય છે અને આધ્યાત્મિક સ્થિતિ પર તેની બૂરી અસર થાય છે; તો વળી એકદમ ઓછાં કર્મો પણ યોગ્ય ના ગણાય કારણકે તેવી ખામીથી નિષ્ક્રિયતાનું અને ખુદ કર્મ કરવાની અશક્તિનું વલણ આવી જાય છે અને પછીથી તેને દૂર કરતાં ઘણી મુશ્કેલી પડે છે. છતાં સંપૂર્ણ શાંતિ, એકાંત અને નિષ્ક્રિયતાના ગાળાઓ ખૂબ જ ઇચ્છવા યોગ્ય છે અને તે જેમ બને તેમ વધારે પ્રાપ્ત કરવા જોઈએ કારણકે, એથી આત્માને પોતાની જ અંદર પાછા હઠી જવાની તક મળે છે જે જ્ઞાનપ્રાપ્તિ માટે અનિવાર્ય છે.

શરીર સાથે આ પ્રમાણે કામ પાડતાં આપણે પ્રાણ સાથે કામ પાડવું જ પડે છે. ક્રિયાત્મક અભ્યાસને ખાતર આપણે શારીરિક પ્રાણ એટલે કે શરીરમાં કાર્ય કરતી પ્રાણ-શક્તિ અને માનસિક ક્રિયાઓને સાથ આપતી પ્રાણ-શક્તિ એમ બે ભાગ પાડવા પડે છે. કારણકે આપણે હમેશાં શારીરિક અને માનસિક એમ બે જાતનું જીવન જીવીએ છીએ અને એક જ પ્રાણશક્તિ એ બેમાંથી જેનું કામ કરે તેને અનુકૂળ સ્વરૂપ ધારણ કરે છે. શરીરમાં એ ભૂખ, તરસ, થાક, રોગ, આરોગ્ય, સ્ફૂર્તિ વગેરે પ્રતિક્રિયાઓ ઊભી કરે છે; આ બધા આપણા દેહના પ્રાણમય અનુભવો છે; કારણકે માણસનો સ્થૂળ દેહ એ જડ માટી કે પથ્થર નથી. એ તો પ્રાણમય અને અન્નમય એમ બે કોશના સંયુક્ત બનાવટ છે; અને શારીરિક જીવન એ આ બે કોશની ચાલુ આંતર-ક્રિયા છે. તો ય પ્રાણશક્તિ અને ભૌતિક માળખું એ બે અલગ અલગ વસ્તુઓ છે અને પોતાને પકડી રાખતાં દેહભાનમાંથી મન પાછું હઠી જતાં આપણે પ્રાણના, તેમ જ શરીરરૂપ કરણમાં થતા તેના કાર્યના, વધારે ને વધારે સભાન થતા જઈએ છીએ અને તેની ક્રિયાઓને વધારે ને વધારે અવલોકવા તથા કાબૂમાં રાખવા શક્તિમાન થઈએ છીએ. આપણે જો કે શરીર અને પ્રાણ-શક્તિ વચ્ચે ભેદ કરી શકીએ છીએ અને પ્રાણ-શક્તિને શરીર કરતાં વધારે નજદીક અનુભવી શકીએ છીએ તે છતાં પણ, વ્યવહાર-માં તો, આપણે જ્યારે શરીરમાંથી પાછા હઠી જઈએ છીએ ત્યારે શારીરિક પ્રાણ-શક્તિમાંથી પણ પાછા હઠી જ જઈએ છીએ. હકીકતમાં તો શારીરિક પ્રાણશક્તિ પર વિજય મેળવવાથી જ શરીર પર સંપૂર્ણ વિજય મેળવી શકાય છે.

શરીર અને શારીરિક કર્મોની આસક્તિને જીતવાથી શરીરમાં રહેલ પ્રાણ પણ જિતાય છે. કારણકે જ્યારે શારીરિક જાત એ આપણે પોતે નથી પણ

આપણું એક વસ્ત્ર કે સાધન જ છે એમ આપણને લાગે ત્યારે દેહના અવસાનનો ભય કે જે પ્રાણમય જીવન જીવતા મનુષ્યોમાં એક પ્રબળ અને ઉગ્ર અંધ-પ્રેરણારૂપે રહેલો છે તે નબળો પડવો જ જોઈએ; અને તેને દૂર પણ કરી જ શકાય. તેને દૂર કરવાનો છે, અને કરવાનો જ છે; અને તે પણ નિઃશેષ. મૃત્યુનો ભય અને દેહના વિલય પ્રત્યેનો અણગમો એ માનવના પશુ પુરોગામી તરફથી આપણને મળેલું લાંછન છે. એ લાંછનને પૂરેપૂરું સાફ કરી જ નાખવાનું છે.

## પ્રકરણ : ૮

# હૃદય અને મનમાંથી મુક્તિ

પણ ઊર્ધ્વ-માર્ગી આત્માએ માત્ર શરીરમાં કામ કરતી પ્રાણ-શક્તિમાંથી જ નહિ પણ મનમાં કામ કરતી પ્રાણશક્તિની ક્રિયાઓમાંથી પણ અલગ થઈ જવાનું છે; તેણે મનને પુરુષના પ્રતિનિધિ બનાવીને તેની પાસે એમ કહેવડાવવાનું છે કે, " હું પ્રાણ નથી: પ્રાણ એ કાંઈ પુરુષ પોતે નથી, એ પ્રકૃતિની એક ક્રિયા, અને માત્ર એક જ ક્રિયા છે." પ્રાણની વિશિષ્ટતા છે ક્રિયા અને ગતિ, જે કાંઈ વ્યક્તિનું નથી તેને વ્યક્તિમાં ખેંચી લેવા અને મેળવી દેવા માટેની પ્રવૃત્તિ, તે જે મેળવે કે તેને જે મળે તેથી ખુશ કે નાખુશ થનારું તત્ત્વ, અને એ જ છે આકર્ષણ અને પ્રત્યાકર્ષણની સર્વ-વ્યાપી ઘટનાનું સહચારી તત્ત્વ. આ ત્રણ બાબતો પ્રકૃતિમાં બધે જ દેખાય છે કારણકે પ્રકૃતિમાં સર્વત્ર પ્રાણતત્ત્વ વ્યાપી ગએલું છે. પણ આપણે તો મન-પ્રધાન છીએ તેથી એ ત્રણે બાબતોને જોતાં અને સ્વીકારતાં મનની અવસ્થા પ્રમાણે તેમનું સ્વરૂપ બદલાય છે; તે બની જાય છે કર્મ, ઇચ્છા અને ગમા-અણગમા કે સુખદુઃખ. પ્રાણ આપણામાં સર્વત્ર વ્યાપી રહેલો છે અને માત્ર શરીરનાં જ નહિ પણ ઇન્દ્રિય-પ્રધાન મનનાં, ઊર્મિ-પ્રધાન મનનાં તથા ચિંતન-પ્રધાન મનનાં કર્મોને પણ ટેકો આપે છે. આ બધાયમાં તે તેના પોતાના સ્વ-ધર્મને લાગુ પાડે છે અને તેમનાં સ્વ-કર્મોમાં ગૂંચ ઊભી કરે છે, તેમને મર્યાદિત બનાવે છે, તેમને અસંગત બનાવે છે; અને તેણે તેમનામાં વિ-ધર્મની એવી અશુદ્ધિ તથા ગોટાળા-ભર્યું એવું કોકડું ઊભું કર્યું છે કે જે પોતે જ આપણા માનસિક જીવનનું સમગ્ર દૂષણ બની બેઠું છે. એ આખી ગૂંચનો જાણે કે એક જ સ્વ-ધર્મ હોય તેવું લાગે છે: ઇચ્છા, કામના, વાસના. સર્વ-ગ્રાહી અને સર્વ-વ્યાપી વિશ્વ-મય દિવ્ય પુરુષ જે પ્રમાણે માત્ર દિવ્ય આનંદને જ સંતોષવા કર્મો કરે છે, પ્રવૃત્ત થાય છે અને ઉપભોગ કરે છે તે પ્રમાણે વ્યક્તિગત જીવન મુખ્યત્વે ઇચ્છાઓને જ સંતોષવા કર્મો કરે છે, પ્રવૃત્ત થાય છે, ઉપભોગ કરે છે અને હેરાન પણ થાય છે. એટલે આપણા અનુભવ પ્રમાણે તો માનસિક પ્રાણ-શક્તિ એ જાણે કે

એક જાતનું ઇચ્છા-મય મન બની બેઠી છે; જો આપણે આપણું સાચું સ્વરૂપ પ્રાપ્ત કરવું હોય તો એને જીતવાનું જ છે.

ઇચ્છા એ આપણાં કર્મોની પ્રેરણા છે, આપણી સિદ્ધિઓનું ઉચ્ચાલન છે તો સાથે સાથે આપણા જીવનનાં દુઃખોનું મૂળ પણ છે. જો આપણું ઇન્દ્રિય-પ્રધાન મન, ઊર્મિ-પ્રધાન મન, અને ચિંતન-પ્રધાન મન પ્રાણ-શક્તિના પગપેસારા અને શિરજોરીમાંથી મુક્ત બનીને કાર્ય કરી શકે, જો તેની ધૂંસરી નીચે ખેંચાવાને બદલે તેઓ તેને પોતાનાં સ્વ-કર્મો માટે આજ્ઞાંકિત સેવક બનાવી શકે તો માનવ-જીવનના બધા જ પ્રશ્નો સંવાદી બનીને સાચા ઉકેલની દિશામાં આગળ વધી શકે. પ્રાણશક્તિનું સાચું કામ છે આપણી અંદર રહેલ દિવ્ય તત્ત્વના આદેશને અનુસરવાનું, એ અંતઃસ્થ ભગવાન જે કાંઈ આપે તે મેળવવાનું અને માણવાનું, અને કોઈ પણ કામના નહિ કરવાનું. ઇન્દ્રિય-પ્રધાન મનનું સાચું કામ છે જીવનમાં થતા સર્વ સંબંધો પ્રત્યે અક્રિય રીતે અને તેજસ્વિતાથી ખુલ્લા થવાનું અને તેમાંથી મળતાં સંવેદનો અને રસને, સાચા આસ્વાદને તથા આનંદના તત્ત્વને ઊર્ધ્વ ક્રિયા-શક્તિ સમક્ષ પહોંચાડી દેવાનું. પણ શરીરમાં રહેલ પ્રાણ-શક્તિના રાગ અને દ્વેષ, સ્વીકાર અને ઇન્કાર, સંતોષ અને અસંતોષ, આવડત અને અનાવડતના પગપેસારાને લીધે, પહેલાં તો, એ સાંકડા વાડામાં બંધાઈ જાય છે અને પછી, એ વાડામાં જ રહીને જડ તત્ત્વની જિંદગીમાં રહેલ સર્વ બેસૂરતા સાથે બંધાઈ જાય છે. જીવનના આનંદનું સાધન થવાને બદલે સુખ અને દુઃખનું સાધન બની જાય છે.

એ જ પ્રમાણે ઊર્મિ-પ્રધાન મનને આ બધી અસંગતતા સાથે જોડાવું પડતું હોવાથી અને તેમના ઊર્મિમય પ્રતિકારને વશ થવું પડતું હોવાથી એ હર્ષ અને શોક, રાગ અને દ્વેષ, ક્રોધ, ભય, મથામણ, મહેચ્છા, ઘૃણા, ગમા, અણગમા, બેપરવાઈ. સંતોષ, અસંતોષ, આશા, નિરાશા, ઉપકાર, વેર અને બીજા સર્વે આવેગોની અદ્ભુત લીલા, કે જે દુન્યવી જીવનનાં નાટકરૂપ છે તેનું સમરાંગણ બની જાય છે. અને આ અંધાધૂંધીને આપણે આપણો અંતરાત્મા કહીએ છીએ. પણ સાચો અંતરાત્મા, સાચો ચૈત્ય પુરુષ કે જેને મોટે ભાગે તો આપણે જોતા જ નથી અને જેનો જૂજ માનવો એ જ પોતાની અંદર વિકાસ સાધ્યો હોય છે તે તો શુદ્ધ પ્રેમ અને આનંદનું, તેમ જ ભગવાન તથા માનવ-બંધુઓ સાથેની એકરૂપતા અને તાદાત્મ્ય માટે પ્રકાશપૂર્ણ હાથ લંબાવવા માટેનું સાધન છે. આ ચૈત્ય પુરુષ, મનોભૂત પ્રાણ અથવા કામનામય મન કે જેને આપણે ભૂલથી અંતરાત્મા માનીએ

છીએ તેની રંગલીલાની નીચે ઢંકાઈ ગએલો હોય છે. આપણું ચિત્ત, એટલે કે ઊર્મિ-પ્રધાન મન આપણા સાચા અંતરાત્માનુ, હૃદય-નિવાસી ભગવાનનું પ્રતિબિંબ નથી પાડી શકાતું, પણ ઊલટાનું તેણે તેમાં કામનામય મનનું પ્રતિબિંબ પાડવું પડે છે.

એ જ પ્રમાણે ચિંતન-પ્રધાન મનનું પોતાનું સાચું કામ છે જ્ઞાન-પ્રાપ્તિમાં સમતોલ આનંદ લઈ સર્વ કાંઈ અવલોકવું, સમજવું, તુલના કરવી, વળી પોતે જે કાંઈ જોઈ શકે છે તેની ઉપર તથા જે કાંઈ હાલમાં તેનાથી છૂપું રહેલું છે (પણ ધીમે ધીમે જે પ્રગટ થવાનું છે) તેમની ઉપર જે સંદેશાઓ અને જે ઝળહળાટ કામ કરી રહેલા છે તેમના પ્રત્યે ખુલ્લા થવું; (આ સંદેશાઓ અને ઝળહળાટ ભલે સ્ફુરણાત્મક મનમાંથી નીચે ઊતરી આવતા લાગે અથવા જ્ઞાન-દૃષ્ટિવાળા હૃદયમાંથી ઊગી આવતા લાગે પણ તેઓ ખરે-ખર તો આપણા સામાન્ય મનોપ્રદેશની ઉપર આવેલ પ્રકાશ-ગોપિત દિવ્ય વાચામાંથી આપણી સમક્ષ ઝબકી જતા હોય છે.) ચિંતન-પ્રધાન મન પોતાનું આ સાચું કાર્ય યોગ્ય રીતે નથી કરી શકતું કારણકે ઇન્દ્રિયોમાં કામ કરતી પ્રાણ-શક્તિની મર્યાદાઓમાં, સંવેદનો અને ઊર્મિઓની અસંગતતામાં, તેમ જ બૌદ્ધિક પસંદગીઓ, જડતા, હઠાગ્રહ, સ્વ-સંકલ્પ (કે જે બધાં કામના-મય પુરુષની, સૂક્ષ્મ પ્રાણની દખલગીરીનાં જ વિવિધ સ્વરૂપો છે) તે બધાંથી ઊભી થતી ખુદ પોતાની જ મર્યાદાઓમાં પણ એ જકડાઈ ગએલ છે. ઉપનિષદમાં સાચું જ કહ્યું છે કે આપણી સમગ્ર માનસિક ચેતનાની રગેરગમાં ધમપછાડા કરતી અને બાંધી દેતી, પકડી રાખતી અને ચૂકી જતી, કામના કરતી અને હેરાન થતી પ્રાણશક્તિના તાણાવાણા અને પ્રવાહો વ્યાપી ગએલા છે. અને તેમને વિશુદ્ધ કરવાથી જ આપણે આપણી સાચી અને સનાતન જાતને જાણી અને પામી શકવાના છીએ.

એ તો સાચું જ છે કે આ બધાં જ દૂષણનું મૂળ અહમ્‌ભાવ છે અને સચેતન અહમ્‌ભાવનું આસન તો મન પોતે જ છે પણ હકીકતમાં, સચેતન મન તો અવચેતન મનમાં ઊભા થએલ અહમ્‌ભાવનું માત્ર પ્રતિબિંબ જ પાડે છે; પથ્થર કે વનસ્પતિમાં રહેલો મૂંગો આત્મા સમગ્ર શરીર અને જીવનમાં પણ છે જ અને એ જ જ્યારે મનમાં પ્રવેશે છે ત્યારે બોલતો અને જાગતો થાય છે પણ મન એ એનું મૂળ ઉદ્‌ભવ-સ્થાન નથી. અને આ આખા પ્રવાસમાં પ્રાણશક્તિનો પ્રદેશ જ એવો છે કે જ્યાં અહમ્‌ભાવ એક હઠીલી ગાંઠ જેવો બની બેઠો છે; બુદ્ધિ અને હૃદયને તેમના રોગનું મૂળ હાથ લાગ્યું હોય અને એ છૂટે એમાં જ ખુશ હોય છતાં કામનામય

મન જ અહમ્‌ની ગાંઠને ઢીલી કરવાની ના પાડ્યા કરે છે. કારણકે તેમનામાં રહેલો પ્રાણ જ ખરેખરો પશુ છે, એ જ બળવો કરે છે, એ જ તેમનાં જ્ઞાન પર પડળ ચડાવે છે, તેમને છેતરે છે, અને પોતાના ઇન્કાર વડે તેમના સંકલ્પને દાબી દે છે.

એટલે મનોમય પુરુષે આ કામનામય પુરુષની સંગત અને એકરૂપતામાંથી અલગ થઈ જવાનું છે. તેણે કહેવાનું છે, "જે આ યત્નો કરે છે અને યાતના મેળવે છે, હેરાન થાય છે, અને ખુશ પણ થાય છે ચાહે છે, અને ધિક્કારે છે, આશા રાખે છે અને મૂંઝાય પણ છે, ગુસ્સે થાય છે અને ડરે પણ છે, મસ્ત બને છે અને હતાશ થાય છે તે હું નથી; ધૂની પ્રાણ અને ઊર્મિલ આવેગથી પરવશ થતું પ્રાણી હું નથી. આ સર્વે તો છે સંવેદનશીલ અને ઊર્મિભર્યાં મનમાં થતી પ્રકૃતિની માત્ર પ્રક્રિયાઓ અને આદતો." તે પછી મન, જેવી રીતે શારીરિક ક્રિયાઓ અને અનુભવોની બાબતમાં તેણે કર્યું હતું તેમ, ઊર્મિ અને ભાવોમાંથી પણ પાછું હઠી સાક્ષીરૂપ બની રહે છે. અને ફરી એક આંતર-ભેદ ઊભો થાય છે; એક બાજુ રહે છે ઊર્મિ-પ્રધાન મન કે જેમાં આ બધી ધૂનો અને આવેગો પ્રકૃતિના ગુણોની આદત અનુસાર ચાલ્યા કરે છે, અને બીજી બાજુએ છે સાક્ષીરૂપ મન કે જે તેમને જુએ છે, અવલોકે છે, સમજે છે, છતાં તેમનાથી અસ્પૃષ્ટ રહે છે. જાણે કે મનની રંગભૂમિ પર પોતાના સિવાયનું નટમંડળ નાટ્યલીલા કરી રહ્યું હોય તેમ એ તેમને, પહેલાં તો, રસપૂર્વક અને, જૂની ટેવના જોરે તેમની સાથે એકરૂપ થઈને જુએ છે; પછીથી સંપૂર્ણ નિશ્ચલતાથી અને અલગ રહીને, અને છેવટે માત્ર નિશ્ચલતામાં નહિ પણ પોતાના શાંત અસ્તિત્વના આનંદમાં સ્થિર થઈને તેમની અવાસ્તવિકતાને સસ્મિત જોયા કરે છે,– જાણે કે રમત રમતાં અને રમતમાં લીન થઈ ગએલા કોઈ બાળકના કાલ્પનિક આનંદ અને શોકને જોતું ના હોય! તે પછી તે પોતાને, અનુમતિ આપતા એવા સ્વામી તરીકે ઓળખે છે કે જે પોતાની અનુમતિને પાછી ખેંચી લઈને આ રમતને અટકાવી શકે છે. જ્યારે અનુમતિ પાછી ખેંચી લેવામાં આવે ત્યારે એક બીજી ઘટના બને છે; ઊર્મિ-પ્રધાન મન સમધારણ, શાંત અને શુદ્ધ, અને, આ બધા પ્રતિકારમાંથી મુક્ત બને છે; અને જો એવા પ્રતિકાર આવે તોપણ તે અંદરથી ઊઠતા નથી પણ બહારથી આવી પડતા એવા સંસ્કારરૂપ લાગે છે કે જેને તેના પોતાના તંતુઓ હજી પ્રત્યુત્તર આપી દે છે. પણ પ્રત્યુત્તર આપવાની આ આદત પણ ઓસરી જાય છે અને યથા સમયે ઊર્મિ-પ્રધાન મન, પોતે તજી દીધેલા આવેગોમાંથી સંપૂર્ણ મુક્ત બની જાય છે. આશા અને નિરાશા,

હર્ષ અને શોક, રાગ અને દ્વેષ, આકર્ષણ અને તિરસ્કાર, સંતોષ અને અસંતોષ, ઉત્સાહ અને નિરુત્સાહ, ક્રોધ અને બીક અને ઘૃણા તથા પ્રેમ અને ધિક્કારના આવેગો એ સર્વે મુક્ત અંતરાત્મામાંથી સરી પડે છે.

પછી તેને સ્થાને શું આવે છે? જો આપણી ઇચ્છા હોય તો તેને સ્થાને આવે એક સંપૂર્ણ નિશ્ચલતા, નીરવતા, ઉદાસીનતા. અલબત્ત, આ ગાળામાંથી સામાન્ય રીતે તો દરેક આત્માએ પસાર થવું જ પડે છે પણ એ કાંઈ સ્વીકારેલું અંતિમ લક્ષ્ય નથી. એટલે પુરુષ એક સંકલ્પશીલ સ્વામી બની રહે છે; અને તેનો સંકલ્પ હોય છે ખોટા ઉપભોગની જગ્યાએ ચૈત્યસિક જીવનનો સાચો ઉપભોગ. સંકલ્પ તેનો; પાર પાડે પ્રકૃતિ. એક વાર કામના અને આવેગોનો મસાલો ભરેલો હતો; હવે તે શુદ્ધ, સમભાવી અને નિશ્ચલ છતાં નક્કર પ્રેમ અને આનંદ અને એકરૂપતાની વાસ્તવિકતા બની જાય છે. ખરો અંતરાત્મા બહાર આવે છે અને કામનામય મનના ખાલી સ્થાને આવી બિરાજે છે. સ્વચ્છ અને ખાલી પાત્રમાં દિવ્ય પ્રેમ અને આનંદનો સોમરસ ભરાય છે; હવે ત્યાં વાસનાનું કડવું-મીઠું વિષ નથી રહ્યું. કામનાઓ, ભલેને એ કલ્યાણકારી હોય છતાં પણ એ દિવ્ય પ્રકૃતિની ગેર-રજૂઆત છે. દયાની લાગણીમાં ભૌતિક પરિસ્થિતિ પ્રત્યેની ઘૃણારૂપ તેમ જ બીજાઓની યાતના-ઓ સહન નહિ કરી શકવાના આવેશરૂપ અશુદ્ધિઓ હોય છે; તેનો ત્યાગ કરીને તેની જગ્યાએ એવી ઉચ્ચ, દિવ્ય કરુણા સ્થાપવાની છે કે જે બીજા-ઓના બોજને જુએ છે, સમજે છે, સ્વીકારે અને જે એવી તો સમર્થ હોય છે કે વ્યક્તિની મર્યાદિત સંકલ્પ-શક્તિ વડે કે દુનિયાની યાતનાઓ સામે બંડ પોકારીને અને વિશ્વની વ્યવસ્થા કે તેનાં આદિ કારણ સામે અજ્ઞાન-ભર્યા આક્ષેપો કરીને નહિ પણ પ્રકાશ અને જ્ઞાનથી સભર બનીને તથા પ્રભુના પ્રાગટ્યનાં કરણ બનીને બીજાઓને સહાય કરી શકે છે, દુઃખો દૂર કરી શકે છે. એ જ પ્રમાણે કામનાભર્યો અને માલિકી વાંછતો અને હર્ષથી કૂદી પડતો અને શોકથી બેસી જતો અને પ્રેમ પણ ત્યજી દઈને તેની જગ્યાએ એવો સમભાવી, સર્વગ્રાહી પ્રેમ સ્થાપવાનો છે કે જેમાં પેલી ત્રુટીઓ ના હોય, જે સંજોગો પર આધાર રાખતો ના હોય અને જેમાં પ્રત્યુત્તર કે પ્રત્યુત્તરના અભાવથી ફેરફાર ના થતો હોય. આત્માની અન્ય વૃત્તિઓમાં પણ આવા જ ફેરફાર કરવાના છે. પણ એની વાત પછીથી, આત્મ-પરિપૂર્ણતાના યોગની વિચારણા વખતે.

સક્રિયતા અને નિષ્ક્રિયતાના પ્રશ્નના જેવો જ પ્રશ્ન છે એક બાજુ ઉદાસીનતા અને નિશ્ચલતા તો બીજી બાજુ સક્રિય આનંદ અને પ્રેમ, એવી

એટલી સંભવિતતાનો. પાયાની બાબત છે સમતા, ઉદાસીનતા નહિ. સમતાપૂર્વક ટકી રહેવું, તટસ્થ રીતે બે-પરવા રહેવું, હર્ષ કે શોકથી ચલિત ના થતાં તેનાં કારણને નિશ્ચલતાથી તાબે થવું એ સમતાની પૂર્વતૈયારી અને અભાવાત્મક પાયો છે. પણ જ્યાં સુધી સમતા, પ્રેમ અને આનંદનું ભાવાત્મક સ્વરૂપ ના પકડે ત્યાં સુધી એ કૃતાર્થ નથી થતી. ઇન્દ્રિય-વશ મને પૂર્ણ-સૌંદર્ય-સ્વરૂપ પ્રભુનો રસ ચાખવો જોઈએ, હૃદયે સર્વત્ર સમભાવી પ્રેમ અને આનંદ જાણવો જોઈએ, ચૈત્યસિક પ્રાણે આ રસ, પ્રેમ અને આનંદ માણવો જોઈએ. પણ આ તો થઈ ભાવાત્મક પરિપૂર્ણતા, અને એ મળે મુક્તિ વડે, જ્યારે જ્ઞાનયોગમાં તો આપણું પ્રથમ લક્ષ્ય છે મુક્તિ પોતે કે જે મળે છે ઇન્દ્રિયવશ મનમાંથી અલગ થવાથી અને તેના આવેશોનો ત્યાગ કરવાથી.

કામનામય મનને ચિંતનના કરણમાંથી પણ દૂર કરવાનું છે. આ માટે સારામાં સારો ઉપાય છે: પુરુષને ચિંતન, વિચાર, અભિપ્રાય એ સર્વેમાંથી પણ અલગ કરી નાખવો. સમસ્ત જાતની સર્વાંગી શુદ્ધિની વિચારણા વખતે આપણે આ અંગે વાત કરેલી જ છે. કારણકે આપણે જેની વાત કરીએ છીએ તે જ્ઞાન-પ્રાપ્તિ એ તો વિશુદ્ધિ અને મુક્તિની એક એવી પદ્ધતિ છે કે જેના વડે સંપૂર્ણ અને અંતિમ આત્મ-જ્ઞાન શક્ય બને છે; તો વળી, ક્રમે ક્રમે મળતું આત્મજ્ઞાન એ પોતે વિશુદ્ધિ અને મુક્તિ માટેનું સાધન છે. જે પદ્ધતિથી બીજાં કરણોમાંથી મુક્તિ મેળવી એ જ છે ચિંતન-પ્રધાન મનમાંથી મુક્ત થવા માટેની પદ્ધતિ. પુરુષે શરીર અને પ્રાણ સાથેની તેમ જ ઇન્દ્રિય, સંવેદન અને ઊર્મિ-પ્રધાન મન સાથેની તદ્રૂપતામાંથી મુક્ત થવા માટે ચિંતન-પ્રધાન મનનો જે રીતે ઉપયોગ કર્યો તે જ રીતે હવે તે ચિંતન-પ્રધાન મન અંગે કહેશે: "હું આ પણ નથી; હું કાંઈ ચિંતન કે ચિંતક પણ નથી; આ બધા ખ્યાલ, અભિપ્રાય, અનુમાનો, બુદ્ધિના યત્નો, તેની પૂર્વ-માન્યતાઓ, પસંદગીઓ, સિદ્ધાંતો, સંદેહો, સ્વ-સુધારણાઓ એ પણ કાંઈ હું પોતે નથી; આ બધું તો ચિંતન-પ્રધાન મનમાં થતું પ્રકૃતિનું કાર્ય છે." આ રીતે વિચારો અને સંકલ્પો કરનાર મનની તથા અવલોકન કરનાર મનની વચ્ચે ભેદ ઊભો થાય છે અને પુરુષ માત્ર સાક્ષીરૂપ બની રહે છે; તે તેના વિચારોની ક્રિયા અને નિયમોને જુએ છે અને સમજે છે ખરો પણ તેમનાથી અલગ બની જાય છે. પછી, અનુમતિ આપનાર સ્વામી-સ્વરૂપે એ, માનસિક આંતર-પ્રવાહો અને તર્કયુક્ત બુદ્ધિના કોકડામાંથી પોતાની ભૂતકાળની અનુમતિ પાછી ખેંચી લે છે અને એ બંનેની પાસે તેમની હેરાન-

ગતિઓ બંધ કરાવે છે. એ ચિંતનશીલ મનના દાસત્વમાંથી પણ મુક્ત બને છે અને નરી નીરવતા ભોગવવા શક્તિમાન બને છે.

પરિપૂર્ણતાને ખાતર એ જરૂરી છે કે પુરુષ પોતાનું, પ્રકૃતિના સ્વામી તરીકેનું પદ પુનઃસ્થાપિત કરે અને માત્ર માનસિક આંતરપ્રવાહ અને બુદ્ધિની જગ્યાએ ઊર્ધ્વમાંથી પ્રકાશ આપતી, સત્ય વિશે સચેતન થએલી મનિષાને સ્થાપવાનો સંકલ્પ હાથ ધરે. પણ નીરવતા અનિવાર્ય છે; વિચારોમાં નહિ પણ નીરવતામાં જ આપણને પરમાત્મા મળશે, માત્ર તેનો ખ્યાલ નહિ પણ તેના વિશે સચેતન થઈશું; અને માત્ર ત્યાં જ મનોમય પુરુષમાંથી પાછા હઠી મનનાં મૂળમાં પહોંચીશું. પણ એમ પાછા હઠવા માટે એક અંતિમ મુક્તિ મેળવવી જ પડે છે; એ છે મનમાં રહેલ અહમ્‌ભાવમાંથી મુક્તિ.

પ્રકરણ : ૯

# અહમ્‌માંથી મુક્તિ

દેહ-ભાનની સાથે જોડાએલ મનોમય અને પ્રાણમય અહંતાનું સર્જન વિશ્વવ્યાપી પ્રાણે પોતાની ક્રમિક ઉત્ક્રાંતિમાં કરેલો સૌથી પહેલો મહાન પરિશ્રમ છે; કારણકે જડ તત્ત્વમાંથી સચેતન વ્યક્તિને સર્જવા માટે તેને એ જ જરૂરી સાધન જણાયું. સીમાસર્જક આ અહંતાનું વિસર્જન એ વિશ્વવ્યાપી પ્રાણની પોતાની દિવ્ય સાર્થકતા માટેની એકમાત્ર શરત અને અનિવાર્ય સાધન છે; કારણકે એથી જ સચેતન વ્યક્તિ પોતાની પરાત્પર જાત કે પોતાનું સાચું વ્યક્તિત્વ પ્રાપ્ત કરી શકશે. આ બેવડી ક્રિયાને જ સામાન્ય રીતે પતન અને પુનરુદ્ધાર, સર્જન અને વિસર્જન, જ્યોતિ પ્રગટાવવી અને તેને બુઝાવવી, અથવા પહેલાં આપણી નાનીશી, નાશવંત, અવાસ્તવિક જાતને રચવી અને પછી તેમાંથી આપણી વાસ્તવિક જાતની સનાતન વિશાળતામાં છુટકારો મેળવવો એમ કહેવામાં આવે છે. કારણકે માણસની બુદ્ધિ પરસ્પરવિરોધી બે વાદ સામસામે ઊભા કરે છે : એક બાજુ, ઐહિક કે લાભવાદી વિચારકો વ્યક્તિના કે સમાજના માનસિક, પ્રાણમય કે શારીરિક અહમ્‌ભાવને સંતોષવો અને સાર્થક કરવો એને જ જીવનનું લક્ષ્ય ગણે છે અને તેનાથી ઉપર કાંઈ છે એમ સ્વીકારતા નથી તો બીજી બાજુએ આધ્યાત્મિક, તત્ત્વજ્ઞાની કે ધાર્મિક વિચારકો જીવ, આત્મા કે જે કાંઈ અંતિમ તત્ત્વ હોય તેને ખાતર અહમ્‌ને જીતવો એને જ એકમાત્ર પરમ કર્તવ્ય ગણે છે. અહમ્‌ના પક્ષકારોમાં પણ એવા બે અલગ મત જોવા મળે છે કે જે વિશ્વના પાર્થિવ કે ભૌતિકવાદને જુદી જુદી રીતે જુએ છે. એક મત એમ કહે છે કે માનસિક અહમ્ એ આપણી માનસિકતાનું એવું સર્જન છે કે જે શરીરના નાશની સાથે મનનો પણ નાશ થતાં આપોઆપ નાશ પામશે, અને સાચી વાસ્તવિકતા તો છે સનાતન પ્રકૃતિ કે જે આ કે પેલી જાત, માનવ-જાત કે બીજી કોઈ જાતને ખાતર બધો પરિશ્રમ કરી રહી છે; અને આપણે તો તેના જ લક્ષ્યને (આપણા અંગત લક્ષ્યને નહિ) આપણું લક્ષ્ય ગણવાનું છે. વ્યક્તિની નહિ પણ જાતિની, સામુદાયિક અહમ્‌ની સાર્થકતા

એ જ હોવો જોઈએ જીવનનો કાયદો. તો વળી બીજા મતનું વલણ વધારે પ્રાણવાદી છે. તે જાગ્રત અહમ્‌ને પ્રકૃતિની પરમ સિદ્ધિ માને છે, તે ભલેને નાશવંત હોય પણ તેને અસ્તિત્વના સાચા સંકલ્પનો માનવ–પ્રતિનિધિ ગણી તેને ઉમદા સ્વરૂપ આપવામાં માને છે તથા તેની મહત્તા અને સંતોષને માનવ–જીવનનું સર્વોચ્ચ લક્ષ્ય ગણે છે. કોઈક ધાર્મિક ચિંતન કે આધ્યાત્મિક સાધનાના પાયા પર ઊભા થએલા અનેકવિધ વાદોમાં પણ એવા જ મતભેદો રહેલા છે. બૌદ્ધ મત કોઈ વાસ્તવિક આત્મા કે અહંતાના અસ્તિત્વને કે કોઈ વિશ્વવ્યાપી કે પરાત્પર પુરુષને સ્વીકારતો નથી. અદ્વૈતવાદ કહે છે કે જે વ્યક્તિરૂપ આત્મા ભાસે છે તે જ છે પરમાત્મા અને બ્રહ્મ; વ્યક્તિરૂપ એ માયા છે; વૈયક્તિક જીવનનો અંત એ જ એકમાત્ર સાચો મોક્ષ છે. તો વળી બીજા મતો આનો કટ્ટર વિરોધ કરીને કહે છે કે માનવ–આત્માનું અસ્તિત્વ સનાતન છે, એ અદ્વિતીય પુરુષની અનેકવિધ ચેતનાનો પાયો છે અથવા તો તેના પર આધારિત હોવા છતાં અલગ અસ્તિત્વ ધરાવે છે, તે શાશ્વત છે, સત્ય છે, અમર છે.

આ બધા વિવિધ અને વિરોધી વાદોમાંથી કોનો જ્ઞાન તરીકે સ્વીકાર કરવો એ સત્યનો શોધક પોતે જ નક્કી કરી શકે છે. પણ જો આપણું લક્ષ્ય આધ્યાત્મિક મોક્ષ અથવા તો આધ્યાત્મિક સાર્થકતા હોય તો અહમ્‌ના આ સાંકડા ચોકઠામાંથી બહાર નીકળી ગયા વિના છૂટકો નથી. માનવીય અહંકારને સાચવવાથી અને પોષવાથી દિવ્ય કૃતાર્થતા અને મુક્તિ મળી શકે તેમ છે જ નહિ, માત્ર નૈતિક પ્રગતિ અને ઉચ્ચતા પ્રાપ્ત કરવી હોય તોપણ અહંકારમાંથી અમુક અંશે મુક્ત થવું જ પડે છે; આંતરિક શાંતિ, પવિત્રતા અને આનંદ માટે તો એથી પણ વધારેની જરૂર પડે છે. પણ જો આપણી માનવ–પ્રકૃતિને દિવ્ય બનાવવી હોય તો તો માત્ર અહંકારમાંથી જ નહિ પણ અહં–બુદ્ધિ અને અહંભાવમાંથી મુક્તિની જરૂર પડે છે અને તે પણ પાકી અને મૂળથી. અનુભવ તો એમ કહે છે કે આપણને સાંકડા રાખતા માનસિક અને પ્રાણના અહંમાંથી આપણે જેટલે અંશે મુક્ત થઈએ તેટલે અંશે આપણને વધારે વિશાળ જીવન, વધારે મોટી જાત, વધારે ઉચ્ચ ચેતના, વધારે સુખ–સભર આત્માવસ્થા અને ખુદ વધારે જ્ઞાન, સામર્થ્ય અને શક્યતા પ્રાપ્ત થાય છે. પૂરેપૂરાં ઐહિક તત્ત્વજ્ઞાનનાં લક્ષ્યરૂપ માત્ર વ્યક્તિગત સફળતા, સંપૂર્ણતા અને સંતોષ મેળવવાં હોય તો તે પણ આ સાંકડા અહમ્‌ને સંતોષવાથી નહિ પણ જાતને વધારે ઉચ્ચતા અને વિશાળતામાં મુક્ત કરવાથી જ પાકે પાયે મળી શકે છે. પ્રાચીન શાસ્ત્રો કહે છે કે સાંકડો જીવ રાખવાથી

સુખ નથી મળતું; સુખ મળે છે દિલને વિશાળ કરવાથી. અહંતાનો સ્વભાવ જ છે સંકુચિતતા; એ ચેતનાને સંકોડે છે અને ચેતનાની સંકુચિતતાની સાથે સાથે જ આવે છે જ્ઞાનની મર્યાદા, અપંગતા આણતું અજ્ઞાન, શક્તિની અટકાયત અને ખોટ, અને એ ખોટ, અનાવડત અને અશક્તિને પરિણામે એકતાની ખોટ; એકતાની ખોટથી વિસંવાદ તેમજ, સહાનુભૂતિ. પ્રેમ અને સમજનો અભાવ તથા આનંદ પર દાબ કે કાપ; આનંદની કાપકૂપથી દુઃખ અને શોક અહમથી થતાં આ નુકસાન ભરપાઈ કરવાં હોય તો અહમની દુનિયામાંથી ભાગ્યે જ છૂટકો; અહમનો બિન-અંગતતામાં લય થવો જોઈએ અથવા તો તે ભળી જવો જોઈએ એક વિશાળ "હું"માં, વિશ્વ જેટલા વિરાટ "હું"માં કે જ્યાં આ બધાજ નાના નાના "હું" સમાઈ જાય છે, અથવા તો એક પરાત્પરતામાં કે જેનું એક નાનુંશું પ્રતિબિંબ એ જ છે આ વિશ્વવ્યાપી "હું".

પણ આ વિશ્વવ્યાપી "હું"નું તત્ત્વ છે આત્મતત્ત્વ, તેની અનુભૂતિ છે આધ્યાત્મિક; "તે છે સામુદાયિક જીવન કે કોઈ સામુદાયિક જાત કે કોઈ માનવ-સમાજનો કે ખુદ સમગ્ર માનવજાતનો પ્રાણ કે દેહ" એવી ભૂલ કરી બેસવાની નથી. હાલમાં દુનિયાના ચિંતકો અને નીતિજ્ઞો એવા ખ્યાલથી દોરાઈ રહ્યા છે કે માનવજાતની પ્રગતિ અને સુખની આગળ વ્યક્તિએ પોતાની જાતને ગૌણ ગણવાની છે. પણ આ ખ્યાલ બૌદ્ધિક અને નૈતિક છે, આધ્યાત્મિક નહિ, કારણકે એવી પ્રગતિમાં માનસિક, પ્રાણમય અને ભૌતિક ફેરફારો સતત થયા જ કરે છે; એમાં કોઈ સ્થાયી આધ્યાત્મિક વસ્તુ નથી હોતી અને તેથી માનવ-આત્માને એમાં કોઈ સ્થિર અને સલામત પાયો મળતો નથી. સામુદાયિક માનવ-ચેતના વ્યક્તિઓના અહમનો જાણે કે સરવાળો અથવા તો સર્વવ્યાપી અને મોટી આવૃત્તિ માત્ર છે; તેમાં વસ્તુ તો એની એ જ હોય છે અને ઢાળો પણ એ જ. એમાં કોઈ વધારે ઉચ્ચ જાતનો પ્રકાશ નથી હોતો કે નથી હોતો પોતાનો જ કોઈ સનાતન અર્થ, કોઈ શાંતિ, આનંદ કે મુક્તિનું વધારે વિશુદ્ધ ઝરણ. ઊલટાની એવી ચેતના તો વધારે યાતનાભરી, અશાંત અને આંધળી હોય છે, અસ્પષ્ટ, અવ્યવસ્થિત અને અને ઓછી પ્રગતિ-શીલ તો ખરી જ. વ્યક્તિ આમ જનતાના કરતાં, આ બાબતમાં તો વધારે આગળ નીકળી ગએલી હોય છે જ; તેથી તેનામાં રહેલ વધારે ઉજ્જ્વલ શક્યતાઓને આ ઓછા ઉજ્જ્વલ તત્ત્વના હાથ નીચે રાખવાનું કહેવું યોગ્ય નથી. એ વાત તો સાચી જ છે કે પ્રકાશ, શાંતિ, મુક્તિ વધારે સારી અવસ્થા એ બધાં માનવ-આત્મામાં આવવાનાં જ હોય તો વ્યક્તિના અહમના કરતાં કોઈક વધારે વિશાળ

પ્રદેશમાંથી જ આવશે, પણ એ પ્રદેશ, સાથે સાથે, સામુદાયિક અહમ્‌ના કરતાં પણ વધારે ઉચ્ચ જ હશે. પરોપકાર, માનવ-હિત, માનવ-સેવા એ બધાં પોતે તો માનસિક કે નૈતિક ખ્યાલ જ છે, આધ્યાત્મિક જીવનના નિજી ધર્મ નથી. જો આધ્યાત્મિક ધ્યેયમાં અંગત- જીવનનો ઇન્કાર કરવાની કે માનવ-સમાજની કે સમસ્ત દુનિયાની સેવા કરવાની વૃત્તિ જાગતી જ હોય તો તે અહમ્‌માંથી પણ નહિ અને માનવજાતના સામુદાયિક ભાનમાંથી પણ નહિ, પણ કાંઈક વધારે ગુહ્ય, વધારે ગહન, વ્યક્તિ અને માનવ-જાત બંનેથી પર એવા કોઈક મૂળમાંથી આવે છે. કારણકે એ વૃત્તિના પાયામાં હોય છે બધામાં બેઠેલા ભગવાનનું ભાન અને એ સક્રિય થાય છે અહમ્ કે માનવજાતને ખાતર નહિ પણ ભગવાનને ખાતર; અને વ્યક્તિ, સમાજ કે માણસજાતની સમગ્રતા એ તેનો હેતુ હોય છે. એટલે આપણે જે શોધવાનું અને સેવવાનું છે તે છે આ આદિ કારણકે જે વ્યક્તિ અને સમાજ બંનેથી પર છે, જેની અવસ્થા અને ચેતના બંનેના કરતાં વિશાળ છે, જેનાં પોતાનાં જ એ બંને ગૌણ અંગ છે.

ઐહિકવાદીઓ જે વાત કરે છે તેની પાછળ પણ કાંઈક વજૂદ તો છે જ; જે અધ્યાત્મવાદ એકાંગી અને એકપક્ષી બની જાય છે તેનામાં તેમની એ સાચી વાતને અવગણવાનું, તેનો ઇન્કાર કરવાનું કે તેની અગત્ય ઓછી આંકવાનું વલણ રહે છે. એ સાચી વાત છે કે જો વ્યક્તિ અને વિશ્વ એ બંને પેલા ઉચ્ચ અને વિશાળ સત્યનાં જ અંગ છે તો અંતિમ અસ્તિત્વમાં જ જોઈએ; તેમની પાછળ પરમ પ્રજ્ઞા અને જ્ઞાનનો કાંઈક હેતુ, પરમ આનંદનો કોઈક સનાતન સૂર હોવો જ જોઈએ; તેમનું સર્જન નિરર્થક હોય જ નહિ, અને નથી જ. પણ વ્યક્તિની પરિપૂર્ણતા અને સંતોષની માફક માનવજાતની પરિપૂર્ણતા અને સંતોષને પણ, વસ્તુઓની પાછળ રહેલાં અને તેમના કરતાં વધારે સનાતન (જો કે હજી સુધી અણ-પ્રીછ્યાં) એવાં સત્ય અને વાસ્તવિકતાના પાયા ઉપર જ પાકાં પકડી અને સ્થાપી શકાય. તે બંને એક વધારે મોટા અસ્તિત્વનાં અંગરૂપ હોવાથી તેઓ જેનાં અંગ છે તે જ્યારે જાણી અને પકડી શકાય ત્યારે જ તેઓ પોતાની કૃતાર્થતા પામી શકે. માનવજાતની મોટામાં મોટી સેવા, તેની પ્રગતિ, પરિપૂર્ણતા અને સુખનો પૂરો સલામત પાયો એ જ છે કે એવો માર્ગ શોધી અને કોરી કાઢવો કે જે વાટે માણસ એક વ્યક્તિ અને જાતિ તરીકે પોતાના અહમ્‌ને પાર કરી જાય અને તેના સાચા સ્વરૂપમાં જીવન ધારણ કરે, તથા અજ્ઞાન, અશક્તિ, અસંગતતા અને અસુખનાં બંધનમાંથી મુક્ત બને. આધુનિક

વિચારો અને આદર્શવાદે આપણી સમક્ષ જે વિકાસલક્ષી, સમૂહગત, પરહિતવાદી ધ્યેય ઊભું કર્યું છે ખુદ તેને પણ જો બરાબર પાર પાડવું હોય તો પ્રકૃતિની મંદ સામુદાયિક ઉત્ક્રાંતિમાં બંધાએલા રહેવાથી નહિ પણ સનાતન તત્ત્વની શોધથી જ એ બની શકશે. પણ એ પોતે ય એક ગૌણ લક્ષ્ય છે; આપણું સાચું લક્ષ્ય તો છે દિવ્ય સતતા, ચેતના અને પ્રકૃતિને શોધવી, જાણવી, મેળવવી અને ભગવાનને ખાતર તેમાં જીવન ધારણ કરવું; અને જો કોઈ એકમાત્ર પરિપૂર્ણતા માટેની અભીપ્સા આપણે રાખવાની હોય તો તે પણ એ જ છે.

એટલે સર્વોચ્ચ જ્ઞાનના સાધકે જે માર્ગ સ્વીકારવાનો છે તે કોઈ ઐહિક, ભૌતિકવાદી સિદ્ધાંત પર રચાએલો નહિ પણ આધ્યાત્મિક તત્ત્વજ્ઞાન અને ધર્મ પર રચાએલો હશે તથા તેનું ધ્યેય વધારે સમૃદ્ધ અને હેતુ વધારે સર્વગ્રાહી હશે, પણ એ માર્ગે અહમ્‌નું વિસર્જન કેટલુંક કરવાનું છે? પ્રચલિત જ્ઞાનયોગમાં શરીર, પ્રાણ તથા મનને વળગેલી અહંતા કે જે તે તદ્રૂપ સમજે છે તેને છોડવાની હોય છે. કર્મયોગમાં આપણે કર્તા તરીકેના અહમ્‌ને છોડયો હતો અને પ્રભુને જ સર્વ કર્મનાં કારણ તરીકે અને અનુમંતા તરીકે તથા તેની કારોબારી પ્રકૃતિ–શક્તિને યા તો તેની પરા–શક્તિને તેની એકમાત્ર પ્રતિનિધિ અને કર્તા તરીકે જોઈ હતી. અહીં પણ, આપણે એમ જ કરવાનું છે તથા, આપણાં પોતાનાં કરણો તથા અભિવ્યક્તિઓને આપણી સાચી જાત અને આત્મા માની લેવાની ભૂલ કરનાર અહમ્–ભાવને પણ છોડવાનો જ છે. આ બધું પાર પડે તોપણ હજી કાંઈક કરવાનું બાકી રહે છે, હજી આ બધાયની નીચેનું એક પાયાનું પડ બાકી રહે છે; તે છે: અલગ હું–પણાનું એક સર્વવ્યાપી આછું ભાન. અહમ્‌નું આ અસ્તર ઝાંખું, ન પકડાય તેવું, ભારે છેતરનારું હોય છે; એ આપણી જાત હોય એમ કોઈ પણ એકાદ ખાસ અંગને વળગેલું હોતું નથી, એને એમ કરવાની જરૂર પણ હોતી નથી; એ શૈનાક જથ્થા સાથે પોતાને એકરૂપ બનાવી દેતું નથી; એ મનનું એક એવું મૂળગત સ્વરૂપ કે શક્તિ છે કે જે મનને પોતાને એમ ઠસાવી બેસાડે છે કે એ મન પોતે કદાચ સમજાવી ના શકાય તેવું છતાં પણ એક મર્યાદિત તત્ત્વ છે; છતાં જાણે કે એ નથી મન, પ્રાણ કે શરીર અને તો ય તેમની સર્વે પ્રવૃત્તિઓ તેના હાથ નીચે જ પ્રકાશમાં બહાર આવે છે. અહમ્–બુદ્ધિ અને અહમ્–ભાવ જેવાં અહમ્‌નાં બીજાં સ્વરૂપો તો સ્પષ્ટ હતાં અને પ્રકૃતિની લીલામાં બરાબર દેખાઈ આવતાં હતાં; પણ આ તો શુદ્ધ અહંતાનું એક એવું પાયાનું પડ છે કે જે મનોમય પુરુષની પોતાની

ચેતના ઉપર નભી રહ્યું છે. એ પ્રકૃતિની લીલામાં સામેલ થએલું નહિ પણ તેની ઉપર કે પાછળ હોવાનો ભાસ આપતું હોવાથી, તથા એ "હું મન છું, પ્રાણ છું કે શરીર છું" એમ કહેવાને બદલે "હું એક એવું તત્ત્વ છું કે જેની ઉપર મન, પ્રાણ અને શરીરનાં કર્મો આધાર રાખે છે" એમ કહેતું હોવાથી ઘણા સાધકો પોતાને અહમ્‌માંથી મુક્ત થએલા માને છે અને આ ઠગ અહમ્ એ જ ભગવાન, પરમાત્મા પોતે (અથવા છેવટે અંતરાત્મા તો ખરો જ) છે એમ માની લેવાની ભૂલ કરે છે; એ સમજી-પકડી શકાતો નથી એટલે જ અનંત-પ્રભુ છે એમ માની લેવાય છે. પણ જ્યાં સુધી અહમ્-ભાવનું આ મૂળ અસ્તર ટકી રહ્યું હોય ત્યાં સુધી અહમ્‌માંથી સો ટકા છુટકારો થતો નથી; એનો ટેકો હોય ત્યાં સુધી, અહમ્-પ્રધાન જીવનનાં બળ અને તીવ્રતા ઓછાં થઈ ગયા છતાં એ ચાલુ તો રહે જ છે. આ અહમ્‌ને પોતાની સાચી જાત માની લેવાની ભૂલ થાય તો એના ઓઠા નીચે અહમ્-પ્રધાન જીવન ઊલટાનું અતિશય જોરદાર અને તીવ્ર થઈ જવાનું; અને એવી ભૂલ ના થાય તો સંભવ છે કે અહમ્-પ્રધાન જીવન વધારે વ્યાપક, શુદ્ધ અને મૃદુ થાય અને મુક્તિ મેળવવાનું વધારે સરળ થાય, કે તેની પાસે પણ પહોંચી જવાય; પણ તો ય હજી મુક્તિ પોતે તો મળી ના જ હોય. તેથી હજી ય આગળ વધવાનું રહે જ છે, અને નજરે ના ચડતાં છતાં પાયામાં પડી રહેલા અને અંતરાત્માના ઓછાયે ઊભા રહેલા તેના જ આ પડછાયામાંથી મુક્ત બની એ અંતરાત્માને પોતાને પામવાનો જ છે; એ પડછાયાએ એ પ્રકાશમાં પીગળી જઈ ઓછાયા વિનાનાં આત્માનાં ઓજસ્-તત્ત્વને પ્રગટ થવા દેવાનું છે.

એ ઓજસ-તત્ત્વ, એ આત્માનો પદાર્થ એ જ છે જીવ કે જીવાત્મા, જીવંત પ્રાણીઓમાંનું સાચું જીવંત તત્ત્વ, સાચી જાત; એને જ યુરોપના ચિંતકો 'મોનાડ' (monad) કહે છે. આ જીવ એ પ્રકૃતિએ પોતાના કામચલાઉ હેતુ માટે ઊભો કરેલો માનસિક અહમ્-ભાવ નથી. એ, મન, પ્રાણ કે શરીરની માફક પ્રકૃતિની ટેવો, નિયમો કે ક્રિયાઓથી બંધાએલ નથી. જીવ એ આત્મતત્ત્વ છે, આત્મા છે, જાત છે, પુરુષ છે, પ્રકૃતિથી પર અને ઉપર છે. એ તો સાચું જ છે કે એ જીવ પ્રકૃતિનાં કર્મોને અનુમતિ આપે છે, તેના તરંગોનો પડઘો પાડે છે, અને મન, પ્રાણ, શરીરનાં ત્રિ-વિધ કરણને ધારણ કરે છે, કે જેની દ્વારા પ્રકૃતિ પોતાના ગુણધર્મને આત્માની ચેતના પર આરોપે છે; પણ તો ય એ આત્મા પોતે તો વિશ્વવ્યાપી અને પરાત્પર પરમાત્મા-પરમ-આત્મા-નું એક જીવંત પ્રતિબિંબ કે સાકાર બનેલ આત્મ-

તત્ત્વ કે સ્વ-સર્જન છે. પોતાના કેટલાક ગુણધર્મનું દુનિયામાં અને આત્મામાં પ્રતિબિંબ પાડતા એકરૂપ આત્મ-તત્ત્વનાં અનેક રૂપ તે જ જીવ. એ આત્મ-તત્ત્વ એ જ છે આપણા આત્માનો અસલ આત્મા, એક અને અદ્વિતીય, સર્વોચ્ચ અને પરમ, પરમાત્મા કે જેને સાક્ષાત્ કરવાનો છે, એ જ છે અનંત અસ્તિત્વ કે જેમાં આપણે પ્રવેશ કરવાનો છે. અને આ બાબતમાં બધા જ ગુરુઓ એકમત છે; બધા જ કહે છે કે આ જ છે જ્ઞાન, કર્મ અને ભક્તિનું લક્ષ્ય; બધા જ કહે છે કે જો એ લક્ષ્ય પ્રાપ્ત કરવું જ હોય તો જીવે નિમ્ન-પ્રકૃતિ કે માયાના સર્જનરૂપ અહમ્-ભાવમાંથી મુક્ત થવું જ પડે. પણ બસ, આટલેથી જ એ ગુરુઓની એકમતતા અટકી પડે છે, અહીંથી તેઓ જુદા જુદા રસ્તા પકડે છે. અદ્વૈતવાદીઓ શુદ્ધ જ્ઞાનના, માત્ર જ્ઞાનના માર્ગને જ પકડે છે અને જીવાત્મા પરમાત્મામાં પૂરેપૂરો પાછો ચાલ્યો જાય, ડૂબી જાય, ગુમ થઈ જાય કે લય પામે તેને જ એકમાત્ર લક્ષ્ય તરીકે રજૂ કરે છે. દ્વૈતવાદીઓ કે વિશિષ્ટાદ્વૈતવાદીઓ ભક્તિમાર્ગનો સ્વીકાર કરે છે અને નિમ્ન અહમ્ તથા ભૌતિક જીવનનો ત્યાગ કરવાનું તો કહે જ છે, પણ માનવ-આત્માના સર્વોચ્ચ નિર્માણ તરીકે બૌદ્ધવાદીઓના નિર્વાણને કે અદ્વૈતવાદીઓના કેવલાદ્વૈતને કે એકરૂપમાં અનેક રૂપના વિલયને નહિ પણ પરમાત્માનાં અદ્વિતીય પરમ-પ્રેમીમાં, વિચારપૂર્વક, પ્રેમપૂર્વક અને આનંદપૂર્વક મગ્ન થએલ સનાતન અસ્તિત્વને સ્વીકારવાનું કહે છે.

પણ આવા વિવિધ મતથી પૂર્ણયોગના સાધકને દ્વિધા ઊભી થઈ શકે તેમ નથી. જ્ઞાન તો તે ઝંખે જ છે પણ પૂર્ણજ્ઞાન ઝંખે છે; કોઈ અડધું-પડધું પણ આકર્ષક જ્ઞાન તેને નહિ ખપે, કે નહિ ખપે ઊંચા શિખરશું પણ એકલું બેઠેલું જ્ઞાન. તેણે ઊંચામાં ઊંચા શિખર સર કરવાનાં છે જ; તો તેણે સર્વઆહી વિશાળતાને પણ ઘેરવાની અને સમાવી લેવાની છે, અને કોઈ તાત્ત્વિક મિમાંસાના અક્કડ માળખામાં બંધાઈ જવાનું નથી પણ આત્માની ઊંચામાં ઊંચી, મહાનમાં મહાન, પૂર્ણમાં પૂર્ણ અને સર્વ-વિધ અને દરેકેદરેક અનુભૂતિઓનો સ્વીકાર કરવા જેટલા આઝાદ રહેવાનું છે. જો વ્યક્તિ અને વિશ્વથી પર એવા પરાત્પર સાથે આત્માનું નિરપેક્ષ મિલન એ આધ્યાત્મિક અનુભૂતિનું ઊંચામાં ઊંચું બિંદુ, સર્વે સાક્ષાત્કારોનું શિખર-મણિ હોય તો એ જ મિલન માટે વિશાળમાં વિશાળ અવકાશ પણ છે; એ છે એ જ પરાત્પરને અહીં સર્વત્ર પકડી પાડવાનો, – અહીં કે જ્યાં દિવ્ય તત્ત્વ અને દિવ્ય પ્રકૃતિની બેવડી શક્તિ પ્રગટ થઈ રહેલી છે ત્યાં તે બંને શક્તિઓનાં મૂળ તરીકે તેમજ આધારરૂપ તથા નિયામક, આદેશક, અને

ઘટકરૂપ તેમનાં સત્ત્વ અને પદાર્થરૂપે એ જ પરાત્પરને સર્વત્ર પકડી પાડવાનો. રસ્તો ગમે તે, લક્ષ્ય તો આ જ. અને જ્યાં સુધી સાધક પરમાત્મા સાથેની મૂળભૂત અને સર્વાંગી એકતા અનુભવે નહિ અને તેમાં જીવે નહિ ત્યાં સુધી કર્મયોગ પણ સાર્થક થાય નહિ, નિરપેક્ષ બને નહિ, વિજય-યાત્રા પરિપૂર્ણ બને નહિ. તેણે દિવ્ય સંકલ્પ સાથે એકાકાર થવાનું જ છે; પોતાની ઉચ્ચતમ અને અંતરતમ અને વિશાળતમ જાત અને ચેતનામાં, પોતાનાં કર્મોમાં સંકલ્પમાં, કાર્યશક્તિમાં, મનમાં, શરીરમાં, સમસ્ત જીવનમાં તેની સાથે એકાકાર થવાનું છે, થવાનું જ છે. નહિ તો એ માત્ર અંગત કર્મના ભ્રમમાંથી જ મુક્ત થશે. પણ પોતે અલગ જાત છે, અલગ કરણ છે એ ભ્રમમાંથી મુક્ત નહિ થાય; તે પ્રભુના સેવક અને સાધન તરીકે ભલે કાર્ય કરે પણ તેના શ્રમની પરમ સિદ્ધિ તથા પરિપૂર્ણ પાયો કે પ્રેરણા તો છે, પોતે જેની સેવા કરે છે અને જેને સાર્થક કરે છે તેની સાથેની તદ્રૂપતા, ભક્તિયોગ પણ પૂર્ણ ત્યારે જ બનવાનો કે જ્યારે પ્રેમી અને તેનો પરમ પ્રિયતમ એક બની જાય, દિવ્ય એકતાની મસ્તીમાં તેમના ભેદભાવ ભાંગી પડે, અને છતાં આ એકરૂપતા એવી તો રહસ્યપૂર્ણ રહે કે જેમાં માત્ર પરમ પ્રિયતમ જ સર્વ-વ્યાપી હોવા છતાં પ્રેમી ન તો શૂન્ય થઈ જાય, ન તો લય પામે. જ્ઞાનયોગની સ્પષ્ટ દિશા છે સર્વોચ્ચ એકતા; નિરપેક્ષ તદ્રૂપતાનો સાદ એ છે તેની પ્રેરણા; તેની અનુભૂતિ એ છે તેનું ચુંબક બળ; પણ આ સર્વોચ્ચ એકતા પોતે જ આ વિશ્વની વિશાળતમ વિશાળતાનો પોતાના આવિર્ભાવ માટેના ક્ષેત્ર તરીકે, પોતાનામાં સમાવેશ કરે છે. આપણી ત્રિ-વિધ પ્રકૃતિના વ્યવહારુ અહમ્‌ને તથા તેના મૂળભૂત અહં-ભાવને ક્રમે ક્રમે છોડતા જવાની જરૂરિયાત પાર પાડવાથી આપણને આપણી સાચી જાતનો આત્માનો, આ વ્યક્તિગત આવિર્ભાવના સ્વામીનો સાક્ષાત્કાર તો થવાનો જ, પણ જો આપણે આ વ્યક્તિભૂત આત્માને વિશ્વવ્યાપી આત્મતત્ત્વ સાથે એકરૂપ બનાવીએ નહિ અને ઊર્ધ્વમાં આવેલ એક અવર્ણનીય (પણ અજ્ઞેય નહિ) પરાત્પરમાં તેમની હજી પણ વધારે ઉચ્ચ વાસ્તવિકતા પામીએ નહિ તો આપણું જ્ઞાન પૂર્ણ-જ્ઞાન નહિ બને. જીવે પોતે પોતાને પ્રાપ્ત કરીને જાતને, પ્રભુની જાતમાં અર્પણ કરી દેવાની છે, માણસે પોતાના આત્માને સર્વાત્મા સાથે એકરૂપ કરી દેવાનો છે; પરિમિત વ્યક્તિગત આત્માએ બે-હદ અપરિ-મિતતામાં પોતાની જાતને વહાવી દેવાની છે, અને એ વિશ્વવ્યાપી આત્મતત્ત્વે પરાત્પર અનંતતામાં ફેલાઈ જવાનું છે.

અને જો અહમ્-ભાવનો તેના પાયામાંથી તેના મૂળ સાથે, જરા પણ

સમાધાન વિના નિઃશેષ નાશ કરીએ નહિ તો આ કામ પાર પડે તેમ નથી. જ્ઞાનયોગમાં આ અહમ્‌નો આ નાશ કરવા માટે અહમ્‌ની વાસ્તવિકતાનો ઇન્કાર કરવાની અભાવાત્મક રીત, તથા વિચારોને એકમાત્ર અનંત પુરુષના પોતાના અથવા તેના સર્વવ્યાપીપણાના ખ્યાલમાં નિશ્ચલ કરવાની ભાવાત્મક રીત અજમાવવામાં આવે છે. જો ખંતપૂર્વક આ પદ્ધતિનો અભ્યાસ કરવામાં આવે તો છેવટે સાધકના પોતાની જાત વિશેના અને દુનિયા વિશેના માનસિક ખ્યાલ બદલાઈ જાય છે અને એક જાતનો માનસિક સાક્ષાત્કાર થઈ જાય છે; પણ પછીથી, ધીમે ધીમે અથવા તો, એકદમ અને જોસપૂર્વક અને લગભગ શરૂઆતમાં જ આ માનસિક સાક્ષાત્કાર ઊંડો ઊતરીને આધ્યાત્મિક અનુભૂતિનું સ્વરૂપ પકડી લે છે, આપણી જાતના અસલ તત્ત્વમાં સાક્ષાત બની જાય છે. કોઈક અવર્ણનીય, અબાધિત અવસ્થાની, કોઈક વર્ણનાતીત શાંતિ, નીરવતા, આનંદ કે પરમાનંદની, કોઈક સંપૂર્ણ રીતે બિન-અંગત સામર્થ્યના અનુભવની, એક શુદ્ધ અસ્તિત્વની, એક નરી ચેતનાની, એક સર્વવ્યાપી સંનિધિની અવસ્થા વધારે ને વધારે વાર આવી મળવા લાગે છે. અહંતા પોતે કે તેની ટેવાએલી ક્રિયાઓ વળગી રહે ખરી પણ શાંત રહેવાની આદત વધારે ને વધારે પાકી થતી જાય છે, અન્ય આદતો તૂટી પડે છે, ભીંસાઈ જાય છે, વધારે ને વધારે હઠતી જાય છે, તેમની તીવ્રતા મોળી પડતી જાય છે, અને ક્રિયાઓ પાંગળી કે માત્ર યંત્રવત્ બનતી જાય છે. છેવટે પરમાત્માના હાથમાં સમગ્ર ચેતના સોંપાઈ જાય છે. શરૂઆતમાં જ્યારે આપણી બાહ્ય પ્રકૃતિમાં વણ-રોકી અવ્યવસ્થા અને અંધાર-પટશી અશુદ્ધિ સક્રિય હોય છે, જ્યારે માનસિક, પ્રાણમય અને શારીરિક અહંતા હજી પ્રબળ હોય છે ત્યારે આ નવીન માનસિક દૃષ્ટિ, આ નવી અનુભૂતિઓ અતિશય મુશ્કેલ જણાય પણ ખરી; પણ એક વાર આ ત્રિવિધ અહંતાને જાકારો દેવામાં આવે અને તેની છેલ્લી ઘડીઓ ગણાવા માંડે અને આત્મિક કરણો વ્યવસ્થિત અને વિશુદ્ધ થાય એટલે પૂરેપૂરી વિશુદ્ધ, શાંત, સ્વચ્છ અને વિસ્તૃત થએલી ચેતનામાં એકમાત્ર ભગવાનની પવિત્રતા, અનંતતા, નિશ્ચલતા ઝિલાવા માંડે છે,—જાણે નિર્મળ સરોવરમાં આકાશનું પ્રતિબિંબ. પ્રતિબિંબિત થતી પરમ ચેતના અને તેની ઝીલતી ચેતના એ બેનાં મિલનની, તેમની એકાકારની શક્યતા વધતી જાય છે, અનિવાર્ય બનતી જાય છે; પેલી અક્ષર, આકાશી, નિર્ગુણ વિશાળતા અને અંગત અસ્તિત્વનું આ એક વારનું ચંચળ વમળ કે સાંકડું ઝરણુ એ બેની વચ્ચેની ખાલી ખાઈ ઉપરનો પુલ, તેમની સળંગતા, એ હવે કોઈ કષ્ટસાધ્ય શક્યતા નથી રહેતી, પણ,

એક સળંગ, સતત અવસ્થા નહિ તોપણ ઉપરાઉપરી આવતી અનુભૂતિ તો થઈ જ જાય છે. કારણકે સંપૂર્ણ વિશુદ્ધિ સિદ્ધ થાય તે પહેલાં પણ જો અહમ્‌–ભર્યાં હૃદય અને મનના તાર ઠીક ઠીક ઢીલા થયા હોય કે ઘસાઈ ગયા હોય તો મુખ્ય તારને એકદમ તોડીને, મુક્ત બનેલ કોઈ પક્ષીની માફક ઊંચે ચડીને કે નિર્બંધ બનેલ કોઈ પૂરની માફક ફેલાઈ જઈને જીવ, એક અને અનંત ચેતનામાં મુક્તિ મેળવી શકે છે. ત્યારે પ્રથમ તો એક વિશ્વવ્યાપી ચેતનાનો, અંગતતા વિશ્વમયતામાં ફેલાઈ જવાનો ઓચિંતો અનુભવ થાય છે; એ વિશ્વમયતામાં પરાત્પરતા માટેની અભીપ્સા સરળ થઈ પડે છે. આપણી સચેતન જાતને પૂરી રાખતી દીવાલો દૂર હટીને ખૂલી જાય છે કે ભોંય ભેગી થઈ જાય છે; વ્યક્તિગત અને અંગત જાતનું, સ્થળ અને કાળમાં ક્યાંક અસ્તિત્વ હોવાનું, કે કર્મનું અને પ્રકૃતિના ધર્મનું ભાન સમૂળગું ચાલ્યું જાય છે; ત્યારે કોઈ "હું"ની કે કોઈ વ્યક્તિની જણાઈ આવતી કે જણાવી શકાય તેવી હયાતી રહેતી નથી; રહે છે માત્ર ચેતના, માત્ર અસ્તિત્વ, માત્ર શાંતિ અને આનંદ; બની જવાય છે અમરતા, શાશ્વતતા, અનંતતા. અંગત આત્માના અવશેષરૂપે રહે છે શાશ્વતમાં ક્યાંક ગુંજતું શાંતિનું અને મુક્તિનું અને આનંદનું કોઈક સ્તોત્ર.

જ્યાં સુધી મન પૂરતું વિશુદ્ધ થએલું ના હોય ત્યાં સુધી મુક્તિ અધૂરી અને કામચલાઉ થઈ હોય એમ શરૂઆતમાં લાગે છે; જીવ પાછો અહંતા-ભર્યાં જીવનમાં આવી પડચો હોય અને ઊર્ધ્વ ચેતના પાછી ઉપર ચાલી ગઈ હોય એમ લાગે છે. હકીકતમાં તો નિમ્ન પ્રકૃતિ અને ઊર્ધ્વ ચેતનાની વચ્ચે એક વાદળ કે પડળ આવી ગયું હોય છે અને પ્રકૃતિએ ફરી પાછું તેની જૂની ટેવ પ્રમાણે, ઘસડાવાનું શરૂ કરી દીધું હોય છે અને તેમાં પેલી ઊર્ધ્વ અનુભૂતિ વિશેનું ભાન કે તેનું સ્મરણ પણ હમેશાં હાજર નથી હોતું. એવે વખતે, આપણા તંત્રમાં રહી ગએલ અશુદ્ધિઓ અને ગૂંચોના અવશેષનો આધાર લઈને જૂના અહમ્‌નું ભૂત જૂની ટેવોનું યંત્રવત્ પુનરાવર્તન કર્યા કરતું હોય છે. અશુદ્ધિ સાફ ના થઈ જાય ત્યાં સુધી એ વાદળ ચડી આવે છે અને ચાલ્યું જાય છે, ઊંચે જવાની અને નીચે આવવાની એક છંદ-ગતિ ચાલ્યા કરે છે. પૂર્ણયોગમાં આ દ્વિવિધ ગતિ ઠીક ઠીક લંબાયા કરે એ સહજ છે, કારણકે તેમાં આપણા તંત્રને પૂરેપૂરું પરિપૂર્ણ કરવાનું હોય છે; પ્રવૃત્તિ કે નિવૃત્તિના ગમે તેવા ગાળામાં, ગમે તેવી અવસ્થામાં કે ગમે તેવા-સંજોગોમાં આપણું તંત્ર પરમ સત્યને સ્વીકારી શકે અને તેની ચેતનામાં જીવન ધારણ કરી શકે તેવું દૃઢ તે થવું જ જોઈએ. સાધક માત્ર

સમાધિમાં કે નિશ્ચલ શાંતિમાં ડૂબેલો હોય ત્યારે જ તેને સર્વોચ્ચ સાક્ષાત્કાર થાય એ પૂરતું નથી; પણ તે નિમગ્ન હોય કે જાગ્રત, નિષ્ક્રિય ધ્યાનમાં હોય કે શક્તિ-સભર પ્રવૃત્તિમાં છતાં પણ, ગીતામાં જણાવ્યા પ્રમાણે, બ્રાહ્મિક ચેતના પર સુસ્થાપિત, સતત સમાધિમાં રહેવા તે શક્તિમાન થવો જ જોઈએ. પણ આપણી સચેતન જાત પૂરતી વિશુદ્ધ અને સ્વચ્છ થઈ હોય તો જ, અને માત્ર ત્યારે જ, ઊર્ધ્વ ચેતનામાં સ્થિર રીતે નિવાસ કરી શકાય છે. ત્યારે જ બિન-અંગત બની ગએલ જીવ વિશ્વમય બની જઈને કે પરાત્પરમાં પ્રવેશીને, ઊર્ધ્વ આસને બેસીને[1] જીવવા માંડે છે અને પ્રકૃતિની જૂની પ્રવૃત્તિઓના જે કાંઈ અવશેષ તંત્રમાં આવ-જા કરે તેને, જરા ય ચલિત થયા વિના જોયા કરે છે, તેની નિમ્ન જાતમાં પ્રકૃતિના ત્રિ-ગુણ કાર્ય કરતા હોય તેથી તે ચલિત થતો નથી કે ખુદ શોક કે યાતનાના હુલ્લા થાય તોપણ તે તેના આસનેથી જરા ય ડગતો નથી. અને છેવટે, વચ્ચે કોઈ જાતનાં પટ કે પટળ નહિ રહેવાથી ઊર્ધ્વ શાંતિ નિમ્ન વ્યગ્રતા અને ચંચળતાને મહાત કરે છે; એક એવી શાંત અવસ્થા સુસ્થિર થાય છે કે જેથી આત્મા ઉપર, નીચે અને સર્વત્ર ફેલાએલી પોતાની જાત પર સંપૂર્ણ આધિપત્ય સ્થાપી શકે છે.

પણ પ્રચલિત જ્ઞાનયોગનું લક્ષ્ય આવું આધિપત્ય નથી હોતું; તેનો હેતુ તો હોય છે ઉપર, નીચે અને સર્વત્રમાંથી દૂર, પેલી અવર્ણનીય નિર-પેક્ષતામાં ચાલ્યા જવાનું. પણ જ્ઞાનમાર્ગોનું લક્ષ્ય ભલે ગમે તે હોય, છતાં તેનાં પરિણામે સૌથી પહેલાં તો એક વસ્તુ મળવી જ જોઈએ : એક નિરપેક્ષ નિશ્ચલતા. કારણકે જ્યાં સુધી આપણી અંદર પ્રકૃતિની રૂઢ ક્રિયાઓ બિલકુલ શાંત ના થાય ત્યાં સુધી શું કોઈ સાચી આત્માવસ્થાને કે શું કોઈ દિવ્ય પ્રવૃત્તિને સ્થિર કરવાનું અશક્ય નહિ તોપણ મુશ્કેલ તો રહે જ છે. આપણી પ્રકૃતિને અવ્યવસ્થા અને વ્યગ્રતાનો ધક્કો ના વાગે ત્યાં સુધી તે કાર્ય નથી કરી શકતી પણ ભગવાન તો એક અગાધ શાંતિમાંથી, મુક્ત રીતે કાર્ય કરે છે. પ્રશાંતિની એ અગાધતામાં આપણે ડૂબકી મારવાની જ છે અને તેના-મય બની જવાનું છે; તો જ આત્મા પરની નિમ્ન પ્રકૃતિની પકડ છોડાવી શકાય. એટલે જ વિશ્વરૂપ બનેલ જીવ સૌથી પહેલાં તો પરમ નીરવતાના પ્રદેશમાં આરોહણ કરે છે; તે વિશાળ, નિશ્ચલ, નિષ્ક્રિય થઈ જાય છે.

---

૧. સંસ્કૃતમાં "ઉદાસીન" એટલે કે ઊર્ધ્વમાં બેઠેલ; તેનો અર્થ થાય છે આધ્યાત્મિક બે-તમા, એટલે કે પરમ જ્ઞાનનો સ્પર્શ પામેલ આત્માની નિર્લિપ્ત સ્વતંત્રતા.

શરીરની અને તેનાં આંતરિક અંગોની કે બીજી ગમે તે ક્રિયાઓ થયા કરે તેને તે જુએ છે ખરો પણ તેમાં નથી રહેતો તેનો કાંઈ હિસ્સો, ન કાંઈ સમ્મતિ, કે નહિ કાંઈ લેવાદેવા. કાર્ય થાય છે પણ ન તો કોઈ તેનો અંગત કરનાર હોય છે, ન કાંઈ બંધન, નહિ જવાબદારી. જો કોઈ અંગત કાર્ય કરવાનું આવે જ તો જીવને કહેવાતા અહમ્‌ના આભાસનો, એક જાતના "હું"પણાના માનસિક ખ્યાલનો (કે જે જ્ઞાતા, ભક્ત, સેવકરૂપ ભાસે છે તેને) ટકાવવો પડે છે કે ધારણ કરવો પડે છે; પણ એ હોય છે માત્ર આભાસ, કોઈ વાસ્તવિકતા નહિ, અને એ આભાસ પણ ના હોય તે છતાં, પ્રકૃતિએ સંચાલિત કરી દીધેલ શક્તિમાત્રથી, અને કોઈ અંગત કર્તા વિના (અને કર્તાપણાના જરા પણ ભાન વિના) કાર્ય ચાલુ રહી શકે છે; કારણકે આત્માએ જે પરમાત્મામાં ડૂબકી મારી દીધી છે તે છે અગાધ અને નિષ્ક્રિય નિશ્ચલતા. કર્મમાર્ગમાં સ્વામીરૂપ પ્રભુનો સાક્ષાત્કાર થાય છે, પણ અહીં તો એ સ્વામી પણ જાણવા મળેલો નથી; છે માત્ર નીરવ પરમાત્મા, અને પોતાનાં કાર્ય કરી રહેલી પ્રકૃતિ; અને તે પણ શરૂઆતમાં તો લાગે છે કોઈ પણ જાતની સાચી જીવંત વાસ્તવિકતા વિનાનાં, પરમાત્મામાં નભી રહેલાં ખાલી નામ અને રૂપનાં ઓઠાં કે જેમનો પરમાત્માએ વાસ્તવિકતા તરીકે સ્વીકાર કરેલો નથી હોતો. આત્મા આનાથી પણ આગળના સાક્ષાત્કાર મેળવી શકે છે. તે પરમાત્મા વિશેના બધા જ ખ્યાલની પેલી બાજુએ બ્રહ્મને એક શૂન્ય તરીકે, વસ્તુમાત્રના અભાવ તરીકે, નામથી પર એવી શાંતિવાળી અને સર્વસ્વના લયવાળી પરમ શૂન્યતા તરીકે પામી શકે છે, અને તે પણ એટલે સુધી કે એમાં પરમ સત્, પરમ અસ્તિત્વ કે જે વ્યક્તિગત અને વિશ્વરૂપ પુરુષમયતાનો અપૌરુષેય પાયો છે તેનો પણ અભાવ હોય. અથવા તો તે અવર્ણનીય "તત્" એટલે કે "તે" કે જેના વિશે કાંઈ જ કહી શકાતું નથી તેને પણ પામી શકે છે; આ "તત્" વિશે કાંઈ જ કહી શકાતું નથી કારણકે આ વિશ્વ અને બીજું જે કાંઈ હયાત છે તેની હયાતી સરખી પણ ત્યાં નથી હોતી; ત્યાં તો તે બધું જોએલા કે કલ્પેલા કોઈ સ્વપ્નના કરતાં પણ વધારે સ્વપ્નવત્ લાગે છે,–તેથી તેની અવાસ્તવિકતાના વર્ણન માટે સ્વપ્ન શબ્દ પણ વધારે પડતો વાસ્તવિક થઈ પડે છે. માનવમન પોતે પોતાને જ ઓળંગીને ઊર્ધ્વ ફાળ ભરતું ભરતું આવી આ જે સર્વોચ્ચ અનુભૂતિઓ મેળવે છે તેના જ પાયા પર તો પેલો ભવ્ય માયાવાદ સ્થાપિત થએલો છે.

જીવ નવી અવસ્થા પ્રાપ્ત કરે તે છતાં પણ એક જાતની માનસિકતા

હજી હયાત હોય છે અને જીવન અને અસ્તિત્વ વિશેના તેના જૂના માનસિક સંસ્કારો અને વિચારોને લીધે તે તેની પાસે થતી નવી માગણીઓનો ઇન્કાર કરતી હોય છે; "સ્વપ્ન" અને "માયા" જેવા આ ખ્યાલો તેનાં જ પરિણામ છે. હકીકતમાં તો પ્રકૃતિ પોતે પોતાની મેળે કે પોતાની ગતિથી નહિ પરંતુ પરમાત્માને સ્વામી તરીકે સ્થાપીને કાર્ય કરે છે. કારણકે પેલી પરમ નીરવતામાંથી સર્વે કર્મ-ધારા વહી આવે છે, પેલી આભાસાત્મક પરમ શૂન્યતા જ અનુભૂતિઓની આ અનંત સમૃદ્ધિરૂપે જાણે કે ગતિશીલ બની ફેલાઈ રહી છે. પૂર્ણયોગના સાધકે આ સાક્ષાત્કાર પણ પામવાનો છે (તેની રીત આપણે હવે પછી જોઈશું). તો જ્યારે સાધક ફરીથી આ પ્રમાણે વિશ્વ તરફ વળે અને પોતાને આ દુનિયામાં નહિ પણ વિશ્વને પોતાનામાં સમાએલું જુએ ત્યારે જીવનું સ્થાન શું રહેશે, અથવા તો અહમ્-ભાવના સ્થાને તેની નવી ચેતનામાં શું આવી વસશે? વિશ્વવ્યાપી ચેતનાને વ્યક્તિભૂત મન અને માળખામાં પોતાની લીલા ચાલુ રાખવા વ્યક્તિ-સ્વરૂપની જરૂર રહેશે તોપણ અહમ્-ભાવ તો નહિ જ રહે. આથી જ તો તેને "સર્વકાંઈ"માં, જરા ય વિસ્મૃતિ વિના, "એકમાત્ર" દેખાશે, દરેક વ્યક્તિ કે પુરુષ તેને માટે બની રહેશે અનેકરૂપધારી, અથવા તો, અનેક પાસાં અને અવસ્થામાં રજૂ થએલ એકમાત્ર ભગવાન, બ્રહ્મ ઉપર વિલસતો બ્રહ્મ, સર્વવ્યાપી નર-નારાયણ, નર બનેલ નારાયણ અને નારાયણ બનતો નર. ભગવાનની એ ભવ્ય લીલામાં દિવ્ય પ્રેમ-સંબંધોથી મળતો આનંદ પણ અહમ્-ભાવનો આશરો લીધા વિના મળી શકે છે (અને માનવ-પ્રેમની પરમ અવસ્થાને પણ શું "બે દેહમાં એક જ આત્મા" તરીકે આપણે નથી વર્ણવતા?) વિશ્વ-લીલામાં અહમ્-ભાવ આટલો બધો ભાગ ભજવે છે—અને સત્યને પણ એટલું જ અસત્ય બનાવે છે—, તે છતાં ત્યાં પણ તેનું સ્થાન અનિવાર્ય નથી. સાચી વાત તો એમ છે કે કાયમ બ્રહ્મ પોતે જ પોતાની સાથે રમી રહ્યો છે, પોતાની સાથે જ લીલા કરી રહ્યો છે, એક રૂપે તે અનંત છે, અનેક રૂપે પણ અનંત તે જ છે. જ્યારે વ્યક્તિભૂત ચેતના વિશ્વ-લીલાના આ સત્યમાં પહોંચી જાય છે અને ત્યાં જ નિવાસ કરવા લાગે છે ત્યારે ક્રિયામાં પૂરેપૂરા મગ્ન રહેવા છતાં, નિમ્ન જાતના પ્રદેશમાં રહેવા છતાં, આત્મા પરમાત્મા સાથે એકરૂપ રહે છે, એને નથી રહેતું બંધન, નથી રહેતી માયા; તે બની રહે છે પરમાત્મામય, અને અહમમાંથી મુક્ત.

પ્રકરણ : ૧૦

# વિરાટનો સાક્ષાત્કાર

જ્યારે આપણે આપણાં મન, પ્રાણ, શરીર અને બીજું સર્વે કે જે આપણું સનાતન અસ્તિત્વ નથી તેમાંથી અલગ થવા માગીએ છીએ ત્યારે સૌથી પહેલાં તો આપણે આપણી જાત વિષેના એ ખોટા ખ્યાલમાંથી મુક્ત થવાનું અનિવાર્ય થઈ પડે છે કે જેના વડે આપણે આપણને આપણી નિમ્ન જાત સાથે એકરૂપ ગણીએ છીએ અને જેના વડે આપણે આ નાશવંત કે સતત બદલાયે જતા જગતમાં એવા જ નાશવંત કે બદલાયે જતાં પ્રાણી તરીકેના આપણા માત્ર બાહ્ય સ્વરૂપને જાણતા હોઈએ છીએ. તેથી જ્ઞાન-યોગમાં આપણો પહેલામાં પહેલો નહિ તોપણ પ્રાથમિક અને ખૂબ ધ્યાન માગી લેતો ખ્યાલ અને પ્રયત્ન પણ એ જ રહેવાનો. પણ એક વાર આપણી સાચી અને સનાતન જાતનો આપણને સાક્ષાત્કાર થઈ જાય, આપણે તેની સાથે પૂરેપૂરા એકરૂપ થઈ જઈએ તે પછી પણ આપણું એક બીજું, આગળનું લક્ષ્ય રહે છે; એ છે: આપણી આ અસલ સનાતન જાત અને આજ સુધી આપણે જેને આપણી ખરેખરી જાત અને એક જ શક્ય અવસ્થા માનતા હતા તે આ ક્ષર અસ્તિત્વ અને ક્ષર જગત એ બેની વચ્ચેનો વાસ્તવિક સંબંધ પાકે પાયે શોધી કાઢવાનું.

પણ સાચો સંબંધ તો સાચી વાસ્તવિકતાઓ વચ્ચે જ સંભવે. પહેલાં આપણે એમ માનતા હતા કે "સનાતન જાત" એ કોઈ અવાસ્તવિકતા અને ભ્રમ ના હોય તોપણ આપણા દુન્યવી અસ્તિત્વથી દૂરની કોઈ કલ્પના માત્ર જ હોઈ શકે, કારણકે વસ્તુસ્થિતિ જેવી લાગતી હતી તેના પરિણામે, કાળ–પ્રવાહમાં ક્રમે ક્રમે બદલાતાં અને આગળ વધતાં આ મન, પ્રાણ અને શરીર સિવાય બીજું કાંઈ આપણે હોઈ શકીએ એ વાત આપણે ગળે જ નહોતી ઊતરતી. એક વાર આ નીચલી અવસ્થાનાં બંધનમાંથી આપણે મુક્ત થઈ જતાં વ્યક્તિ અને વિશ્વ વચ્ચેના એ ભૂલ ભરેલા સંબંધની જ બીજી બાજુને વળગી પડવાનો સંભવ રહે છે. ત્યારે આપણે જે સનાતનતા છીએ અથવા જેમાં આપણે જીવી રહ્યા છીએ તેને જ એકમાત્ર વાસ્તવિકતા

માની લેવાનું વલણ ઊભું થાય છે અને ત્યાં ઊભા રહીને માનવ અને જગતને એક દૂર દૂરની અવાસ્તવિકતા અને ભ્રમણા માનવા માંડીએ છીએ; કારણકે આપણી આ નવી માંડણીથી તદ્દન વિરુદ્ધની એ અવસ્થા છે, આપણી ચેતનાનાં મૂળ હવે એમાં રહ્યાં નથી, આપણે તેમાંથી ઊંચે ચડી ગયા છીએ, તદ્દન બદલાઈ ગયા છીએ, હવે કોઈ કડી આપણને તેની સાથે બાંધી રાખતી નથી. તેમાં પણ જો આ નીચેનાં ત્રેવડાં બંધનમાંથી છૂટતી વખતે સનાતન જાતની શોધને આપણે માત્ર પ્રાથમિક જ નહિ પણ આપણું એકમાત્ર અને એકાગ્ર લક્ષ્ય બનાવ્યું હોય તો તો આમ બનવાનો ખાસ સંભવ રહે છે. કારણકે ત્યારે આપણે શુદ્ધ મનમાંથી સીધા જ નર્યા આત્મતત્ત્વમાં કૂદી પડવાનો અને આ મધ્ય-પ્રદેશ અને શિખર વચ્ચેનાં અંતરિયાળ સોપાનોને કોરાણે રાખી દેવાનો સંભવ રહે છે તથા આપણી ચેતનામાં એમ પણ ઠસી જવાનો સંભવ રહે છે કે એ બે વચ્ચે એક એવી મોટી ખાઈ છે કે જેની ઉપર ન તો પુલ બાંધવાનું, ન તો, યાતનાભર્યાં પતન સિવાય, પાછા ફરવાનું શક્ય છે.

પણ આત્મા અને જગત વચ્ચે એક નિકટનો અને કાયમનો સંબંધ છે, તેમની વચ્ચે કૂદી જવી પડે તેવી કોઈ ખાઈ નહિ પણ એક જોડાણ પણ છે. આત્મતત્ત્વ અને ભૌતિક અસ્તિત્વ એ બે તો, એક રીતસરની, ઊંચે ચડચે જતી સીડીનાં સૌથી ઉપરનાં અને સૌથી નીચેનાં બે પગથિયાં છે. એટલે એ બે પગથિયાંની વચ્ચે એવો કોઈક સાચો સંબંધ, જોડાણનું કોઈક એવું તત્ત્વ હોવું જ જોઈએ કે જેના વડે સનાતન બ્રહ્મ, એક બાજુએ એક શુદ્ધ આત્મતત્ત્વ તરીકે, પરમાત્મા તરીકે રહી શકે તો બીજી બાજુએ, અને તેની સાથે સાથે, તે પોતાના વિશ્વને પોતાનામાં સમાવી પણ શકે એવો સમર્થ તે હોવો જોઈએ. વળી આત્મા કે જે સનાતન બ્રહ્મ સાથે એકરૂપ છે યા તો જોડાએલ છે તેનામાં પણ, અત્યારની તેની આ આંધળી વિશ્વ-ડૂબકીની જગ્યાએ એ જ સનાતન દિવ્ય સંબંધ રાખવાની શક્યતા હોવી જ જોઈએ. જોડાણનું આ તત્ત્વ એ જ છે પરમાત્મા અને વિશ્વની સનાતન એકતા; જો સદામુક્ત ભગવાન આ સનાતન એકતા સાચવી શકે છે તો મુક્તાત્મા પણ જરૂર એ સાચવી જ શકે. અને આપણા પહેલા લક્ષ્ય તરીકે જો આપણે શુદ્ધ આત્મ-અસ્તિત્વ પ્રાપ્ત કરવાનું છે તો તેની સાથે સાથે આ એકતા પણ સાક્ષાત કરવાની જ છે. જો આત્મ-પ્રાપ્તિને આપણે સર્વાંગી કરવી હોય તો માત્ર પરમાત્મા સાથે જ નહિ પણ સર્વ જગત સાથે પણ એકરૂપ થવું જ જોઈએ. પ્રાગટ્ય પામેલા આપણા આ જગત

સાથે આપણે જોડાએલા હતા વિરોધો, વિસંગતતા અને દ્વંદ્વોથી ભરેલી, ભાગલા-પ્રિય ચેતનાએ કાળના આશરે ઊભી કરેલી, અસત્યમય અવસ્થામાં, અને જૂઠા સંબંધોથી; જેમાં આપણા સાથીઓ અને બાંધવો વસે છે એ એ જ જગતનો હવે ફરીથી આપણે સાચા સંબંધથી અને સનાતન સત્યની અવસ્થામાં સ્વીકાર કરવાનો છે. આપણે આપણી નવી ચેતનામાં પ્રાણીમાત્ર અને પદાર્થમાત્રનો ફરી સ્વીકાર કરવાનો જ છે; પણ તે તેમની સાથે એકરૂપ બનીને,– તેમનાથી અલગ રહેલી એક અહમ્‌ભાવી વ્યક્તિ તરીકે નહિ.

બીજી રીતે કહેતાં આપણે શુદ્ધ, સ્વયંભૂ, સ્થળ-કાળથી પર, પરાત્પર પરમાત્માની ચેતના સાથે એકરૂપ થવા ઉપરાંત આપણે વિશ્વવ્યાપી ચેતનાનો પણ સ્વીકાર કરવાનો છે, તે જ બની જવાનું છે; વિશ્વોના આધાર અને ધારક બનેલા, પદાર્થમાત્રમાં નિવાસ કરતા અનંત પ્રભુની સાથે પણ એકરૂપ બની જવાનું છે. પ્રાચીન વેદાન્તીઓ પણ આ જ સાક્ષાત્કારનું વર્ણન કરે છે : 'સર્વભૂતોને પોતાનામાં જોવાં' અને 'પોતાને સર્વભૂતોમાં જોવો.'[1] વળી તેઓ સાક્ષાત્કારોના શિખર-મણિનું વર્ણન કરતાં કહે છે : અસ્તિત્વનો આદિ ચમત્કાર તો એ માણસમાં પુનરાવર્તન પામે છે કે જે 'પોતાનો જ આત્મા આ સર્જિત જગતનાં ભૂતમાત્ર બની બેઠેલો છે, એમ જુએ છે.'[2] નાનાશા અહમ્‌ના પરિણામે વ્યક્તિ અને વિશ્વની વચ્ચે ઊભા થએલા જૂઠા સંબંધની જગ્યાએ આપણે જે સાચો સંબંધ સ્થાપવાનો છે તેના પૂરેપૂરા વર્ણનનો સાર આ ત્રણ પદમાં આવી જાય છે. આપણે અનંત પ્રભુનું જે નવું દર્શન અને અર્થ મેળવવાનો છે તે આ જ છે; સર્વત્ર આપણે જે એકરૂપતા સ્થાપવાની છે તેનો પાયો આ જ છે.

કારણકે આપણી સાચી જાત એ કાંઈ વ્યક્તિગત મનોમય પુરુષ નથી; એ તો તેનું એક અંગ છે, બાહ્ય સ્વરૂપ છે. આપણી સાચી જાત તો વિશ્વવ્યાપી છે, અનંત છે, જગત સાથે એકરૂપ છે, અને ભૂતમાત્રમાં નિવાસ કરે છે. આપણાં મન, પ્રાણ અને શરીરની પાછળ સાચી જાત, આત્મા તો એ જ છે કે જે આપણા સર્વે માનવ-બંધુઓનાં મન, પ્રાણ અને શરીરની પાછળ પણ રહેલ સાચી જાત છે. તેથી જ એક વાર આપણે તેને મેળવીએ એટલે, ફરીથી પાછા આપણે તેમને જોવા માંડતાં, સહજ રીતે જ, ચેતનાની એક સર્વ-સામાન્ય ભૂમિકા ઉપર તેમની સાથે એકરૂપ થવા માંડવાના. એ તો સાચું જ છે કે આપણું મન આવી કોઈ એકરૂપતાનો વિરોધ કરવાનું, અને જો તેની જૂની રીત-રસમો ચાલુ રાખવા દેવામાં આવે તો આ સાચી

૧, ૨. ઇશોપનિષદ, ૬ અને ૭

અને સનાતન દૃષ્ટિની રીતે પોતાની નવ-રચના કરવાને બદલે અને તેને અનુસરવાને બદલે તે, ઊલટાનું, પોતાના વિસંગતતાનાં જૂનાં પડળો આપણા નવા સાક્ષાત્કાર અને આત્મ-પ્રાપ્તિની ઉપર પાથરવાના પ્રયત્નો કરવાનું. પણ જો આપણે યોગ-સાધનાની શરૂઆત સાચી રીતે કરી હશે તો, સૌથી પહેલાં તો આપણે મન અને હૃદયની વિશુદ્ધિ દ્વારા જ આત્મ-પ્રાપ્તિ કરી હશે, અને વિશુદ્ધ મન તો જ્ઞાન પ્રત્યે ખાતરીબંધ ખુલ્લું અને તેને આધીન રહેવાનું. બીજી વાત એ કે મનનું વલણ સાંકડા અને અલગ રહેવાનું હોવા છતાં સાંકડા આભાસોનાં આંશિક સ્વરૂપોને બદલે એકતા-સાધક પરમ સત્યની સાથે એકસૂર બનીને વિચારવાનું તેને શીખવી શકાય છે. એટલે મનન અને એકાગ્રતાનો આશરો લઈને 'વસ્તુઓ અને પ્રાણીઓ પોતે તો સ્વતંત્ર અને અલગ અલગ હયાતી ધરાવે છે' એમ માનવાની તેની જૂની રીત છોડાવી શકાય છે અને, ઊલટાનું, એકમાત્ર પ્રભુ જ સર્વત્ર વ્યાપી રહેલો છે અને વસ્તુમાત્ર એક અનંત પ્રભુ જ છે એમ હમેશાં વિચારતું તેને કરી શકાય છે. 'જીવને જગતમાંથી પાછો હઠાવી લેવો એ જ્ઞાનમાર્ગમાં સહુથી પહેલી જરૂરિયાત છે, અને એ જ એકમાત્ર રીતથી આગળ વધવાનું છે,' એમ આપણે અત્યાર સુધી કહ્યું છે ખરું પણ પૂર્ણયોગના સાધકને માટે વધારે સારું એ છે કે એ એક સાથે બેવડી રીત અપનાવે. એક બાજુ એ પોતાની અંદર આત્માની ખોજ કરશે તો બીજી બાજુએ આપણને બાહ્ય અસ્તિત્વ લાગે છે તેમાં પણ એ જ આત્માને શોધશે. અલબત્ત, આ બીજી રીત એટલે કે 'આ દેખાતા અને અનુભવાતા જગતમાંની વસ્તુમાત્ર ભગવાન છે, બ્રહ્મ છે, વિરાટ પુરુષ છે' એવો સાક્ષાત્કાર પહેલાં કરવો અને તે પછી એ વિરાટ પાછળ રહેલ પરાત્પરને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવો એ પણ શક્ય તો છે જ, પણ એ ય કાંઈ ઓછું મુશ્કેલ નથી. વધારે સારું તો એ જ છે કે, બની શકે તો, આ બંને રીતો સાથે સાથે જ અજમાવવી.

આપણે જોયું કે સર્વ કાંઈ ભગવાન છે, બ્રહ્મ છે એ એક ત્રણ પદનો સાક્ષાત્કાર છે; એ ત્રણને અનુભૂતિની ત્રણ ક્રમિક ભૂમિકાઓ બનાવવાનું અનુકૂળ થઈ પડે તેમ છે. પહેલી ભૂમિકામાં આવશે જેમાં ભૂતમાત્ર નિવાસ કરે છે તેવું પરમાત્માનું સ્વરૂપ. એ પરમ-આત્મ-તત્ત્વે, ભગવાને, દિવ્યતાએ પોતાને સ્વયંભૂ, શુદ્ધ, દિગ્-કાલથી પર (છતાં એ દિગ્-કાલને પોતાની ચેતનાનાં સ્વરૂપો તરીકે ધારણ કરીને) અનંત, સ્વ-વિસ્તૃત પુરુષ તરીકે પ્રગટ કર્યો છે. તે સર્વે સૃષ્ટિના કરતાં પણ વિશાળ છે; સ્વ-વિસ્તૃત પુરુષ અને ચેતનામાં સર્વસ્વને તે સમાવે છે; પોતે જે કાંઈ સર્જે છે, ધારણ

કરે છે કે બની બેસે છે તેનાથી તે બંધાતો નથી, ઊલટાનો તે આઝાદ, અનંત અને આનંદપૂર્ણ વિલસતો રહે છે. જો પ્રાચીન શબ્દોમાં કહીએ તો તે અનંત આકાશ બનીને સર્વે પદાર્થોને પોતાનામાં ધારણ કરે છે. આ તેનું આકાશ-બ્રહ્મ તરીકેનું વર્ણન સાધકને ખૂબ જ ઉપયોગી થઈ પડે તેમ છે, કારણકે કેટલાક સાધકોને શરૂઆતમાં બ્રહ્મનો ખ્યાલ તદ્દન અમૂર્ત અને અગ્રાહ્ય લાગતો હોવાથી તેનું ધ્યાન ધરવાનું તેમને મુશ્કેલ લાગે છે. એ બ્રહ્મને આકાશ તરીકે (કોઈ ભૌતિક આકાશ નહિ પણ એક વિશાળ સત્ ચિદ્ અને આનંદનાં સર્વ-ગ્રાહી આકાશ તરીકે) કલ્પીને, આ પરમ અસ્તિત્વને તે પોતાના મનથી જોવાનો અને પોતાના મનોમય પુરુષથી તેનો અનુભવ કરવાનો તથા પોતાના અંતરાત્મા સાથે તેને એકરૂપ અનુભવવાનો પ્રયત્ન કરી શકે છે. આ જાતના ધ્યાનની સહાયથી મનને એક એવી અનુકૂળ અવસ્થામાં લાવી શકાય છે કે જેમાં, અંતરિયાળ આડ-અટકાયતો તૂટી પડતાં કે હઠી જતાં, અતિ-માનસિક દૃષ્ટિ આપણા મનતત્ત્વમાં પૂરની માફક વહી પણ આવે અને આપણી સમગ્ર દૃષ્ટિને પૂરેપૂરી પલટી પણ નાખે. અને દૃષ્ટિના આ પરિવર્તનને પરિણામે તથા તે વધારે ને વધારે કાર્યશીલ અને આગ્રહ-શીલ બને તથા આપણી સમગ્ર ચેતનાને આવરી લે તેથી છેવટે સમગ્ર જાતમાં એક એવો પલટો ઊતરી આવશે કે જેથી જેને આપણે જોઈશું તે જ આપણે બની જઈશું. આપણી આત્મ-જાગ્રતિમાં આપણે વિરાટ જેટલા વિરાટ નહિ પણ વિરાટથી પણ વિરાટ, અનંત થઈ જઈશું. ત્યારે મન, પ્રાણ અને શરીર એ તો આપણાં આ નૂતન, અનંત-સ્વરૂપમાં એક ગતિ માત્ર બની જશે અને આપણે જોઈશું કે જેનું અસ્તિત્વ છે તે કોઈ દુનિયા નથી; એ તો છે આત્મ-તત્ત્વની આ અનંતતા કે જેમાં વિચરી રહી છે, પ્રગટયે જતા સચેતન આવિર્ભાવોનાં પોતાનાં જ પ્રતિબિંબોની અતિ પ્રબળ વિશ્વવ્યાપી સૂર-લીલાઓ.

પણ તો પછી આ વિશ્વવ્યાપી સૂર-લીલાઓ રચતા આ બધા પદાર્થો અને ઘટનાઓનું શું ? શું એ બધાં માત્ર પ્રતિબિંબ છે ! ખાલી નામરૂપ છે ? શું તેઓ પોતે તો, વાસ્તવિક આધાર વિનાની તુચ્છતાઓ જ છે ? અને એક વાર આપણું મન તેમને સમર્થ, સુંદર અને અદ્ભુત વસ્તુઓ ગણતું હતું તે છતાં શું હવે તેમને ધૂળ જેવી ગણી આપણે ફેંકી જ દેવાની છે ? ના, એમ નથી. અલબત્ત, આપણે જ્યારે પેલી સર્વ-ગ્રાહી આત્મ-તત્ત્વની અનંતતામાં જ, ઊંડે ઊતરીને લીન થઈ જઈએ, અને તેમાં સમાઈ જતી અનંતતાઓથી અલગ થઈ જઈએ ત્યારે પહેલાં અને સ્વાભાવિક રીતે તો

એમ જ લાગવાનું. પણ આ બધા પદાર્થો માત્ર ખાલી ખોખાં નથી, અ-વાસ્તવિક નામ-રૂપ નથી, વિશ્વવ્યાપી મનતત્ત્વની કલ્પના માત્ર નથી. આપણે અગાઉ કહ્યું તેમ એ બધાં વાસ્તવિક રીતે તો પરમાત્માના પોતાના સચેતન આવિર્ભાવો છે. એટલે કે, જેમ આપણી અંદર તેમ તે બધાંની અંદર પણ પરમાત્મા વસેલો છે, તે તેમના વિશે સચેતન છે, તેમની ગતિનું સંચાલન કરે છે; તે પોતે જે કાંઈ બને છે તેને બાથમાં લઈને તથા તેમાં નિવાસ કરીને તેનો આનંદ માણે છે. જેમ આકાશ ઘડાને પોતાનામાં ધારણ કરે છે અને પોતે ઘડામાં વ્યાપે છે પણ ખરું તેમ પરમાત્મા પણ પદાર્થ-માત્રને, ભૌતિક રીતે નહિ પણ આધ્યાત્મિક રીતે પોતાનામાં ધારણ કરે છે, અને પોતે તેમનામાં વસે છે પણ ખરો; અને તેમની વાસ્તવિકતા પણ એ પોતે જ છે. પરમાત્માની, આંતર-નિવાસ કરતી આ અવસ્થા પણ આપણે સાક્ષાત કરવાની છે. પદાર્થમાત્રમાં આપણે આ પરમાત્માને જોવાનો છે તથા સચેતન રીતે આપણે તે પોતે બની જવાનું છે. આપણે બુદ્ધિના બધા વ્યર્થ વિરોધો અને માનસિક સંસ્કારોને હઠાવી દઈને જાણી લેવાનું છે કે આ બધા આવિર્ભાવોમાં ભગવાન વસેલો છે, તેમનો સાચો આત્મા અને સચેતન આત્મતત્ત્વ પણ એ જ છે; અને આ બધું માત્ર બુદ્ધિ જ નહિ પણ એવી આત્માનુભૂતિથી જાણવાનું છે કે જે માનસિક ચેતનાની સર્વ ટેવોને પોતાના દિવ્ય ધાટનો સ્વીકાર કરવાની ફરજ પાડે.

અને છેવટે તો આપણે આ પરમ આત્મસ્વરૂપે, આપણી આત્મ-ચેતનામાં, બની રહેવાનું છે સમગ્ર અને દરેક અસ્તિત્વ,- જો કે એ પરમ આત્મ-સ્વરૂપ તેમનાથી અધિક તો રહેવાનું જ છે. આપણે, તેમને પોતાનામાં સમાવનાર અને તેમનામાં પોતે સમાઈ જનાર તરીકે જ નહિ પણ ખુદ એ ' બધાં-મય ' તરીકે તેને જોવાનો છે અને તે પણ તેમની અંદર રહેલ માત્ર એક આત્મ-તત્ત્વ તરીકે નહિ પણ તેમનાં નામ અને રૂપ તરીકે પણ ખરો જ, તેમની ગતિ તરીકે અને એ ગતિના સ્વામી તરીકે પણ ખરો જ, ખુદ મન, પ્રાણ અને શરીર તરીકે પણ ખરો જ. આ છે આખરી સાક્ષાત્કાર અને એ પ્રાપ્ત થતાં, આપણે શરૂઆતમાં જેમાંથી પાછા હઠી ગયા હતા, જેનો ઇન્કાર કર્યો હતો તે બધાંયનો અને સમગ્ર રીતે, પરમ સત્યની સાચી અવ-સ્થામાં અને તેનાં યથાર્થ દર્શનમાં ફરી પાછો સ્વીકાર કરીશું. આપણાં વ્યક્તિગત મન, પ્રાણ અને શરીર એ આપણાં સાચાં અસ્તિત્વ નથી એમ કહી એક વાર આપણે તેને તરછોડયાં હતાં તેમનો હવે આપણે ફરીથી પરમાત્માના આવિર્ભાવ તરીકે ( પણ નાનીશી વ્યક્તિગત મર્યાદામાં બંધાઈને

નહિ) સ્વીકાર કરીશું. આપણે મનનો એક તુચ્છ તરંગમાં મર્યાદિત રહેલી અલગ માનસિકતા તરીકે નહિ પણ વિશ્વવ્યાપી મનની વિરાટ પ્રવૃત્તિ તરીકે સ્વીકાર કરીશું; જીવનનો, પ્રાણમય, સંવેદનશીલ, અને કામનાયુક્ત એક અહમ્પ્રધાન ચંચળતા તરીકે નહિ પણ વિશ્વવ્યાપી પ્રાણની મુક્ત પ્રવૃત્તિ તરીકે સ્વીકાર કરીશું; શરીરનો આત્માના એક ભૌતિક કેદખાના તરીકે નહિ પણ એક ગૌણ સાધન અને ઉપરછલ્લા વસ્ત્ર તરીકે તથા તેને પણ વિશ્વ-વ્યાપી પદાર્થ-તત્ત્વની એક પ્રવૃત્તિ તરીકે, વિરાટ દેહના એક કોષ તરીકે સાક્ષાત કરીને સ્વીકાર કરીશું. ભૌતિક જગતની સમગ્ર ચેતના આપણી ભૌતિક ચેતના સાથે એકરૂપ છે એમ આપણે અનુભવવા લાગીશું; ચારે બાજુના વિશ્વવ્યાપી પ્રાણની સર્વ શક્તિને આપણી પોતાની જ શક્તિ તરીકે અનુભવવા લાગીશું; વિશ્વવ્યાપી મહાન આવેગ અને ઝંખનાના સર્વે હૃદય-ધબકારને આપણે દિવ્ય પરમાનંદના તાલમાં આંદોલિત થતા આપણા હૃદય-ધબકાર તરીકે અનુભવવા લાગીશું; વિશ્વવ્યાપી મનની સમગ્ર કર્મધારાને આપણે આપણા મનમાં વહી આવતી તથા આપણાં વિચાર-આંદોલનોને, તેના એ વિશાળ સમુદ્ર પર ઊછળી પડતા તરંગ તરીકે અનુભવવા લાગીશું. સમગ્ર મન, પ્રાણ અને જડ તત્ત્વને અતિમાનસિક પરમ સત્યના પ્રકાશમાં એકાકાર કરી દેતી આ એકતા તથા એક આધ્યાત્મિક આનંદનો ધબકાર એ જ આપણે માટે થઈ રહેશે એક પૂર્ણ અને વિરાટ ચેતનામાં, ભગવાનની આપણી અંદર કૃતાર્થતા.

પણ આપણે તો આ બધાંને અસ્તિત્વ અને આર્વિભાવ એમ બેવડાં સ્વરૂપે પામવાનાં હોવાથી આપણે મેળવેલું જ્ઞાન સંપૂર્ણ અને સર્વાંગી હોવું જ જોઈએ. એ પરમાત્માનાં શુદ્ધ સ્વરૂપના, પરમ-આત્મ-તત્ત્વના, સાક્ષાત્કારે પહોંચી અટકી જવું ના જોઈએ પણ જેમના વડે તે પોતાના વિશ્વ-વ્યાપી આવિર્ભાવને ધારણ કરે છે, વિકસાવે છે તથા તેમાં પોતાની જાતને છૂટી મૂકે છે તે તેના અભિવ્યક્તિના સઘળા પ્રકારોનો પણ તેમાં સમાવેશ થવો જ જોઈએ. બ્રહ્મનાં પૂર્ણ અને સર્વગ્રાહી જ્ઞાનમાં પરમાત્માનું તથા જગતનું એ બંને જ્ઞાન એક બની રહેવાં જોઈએ.

## પ્રકરણ : ૧૧

# પરમાત્માનાં વિવિધ પાસાંઓ

જ્ઞાનમાર્ગ દ્વારા આપણે જે પરમાત્માને સાક્ષાત કરવાના છીએ તે માત્ર આપણી ચૈત્યસિક અવસ્થાઓ અને ગતિઓની પાછળ રહેલી અને તેમને ધારણ કરતી જ કોઈ વાસ્તવિકતા નથી પણ એ તો પેલી પરાત્પર અને વિશ્વવ્યાપી સત્તા પણ છે જ કે જે વિશ્વની સર્વે પ્રવૃત્તિઓમાં પણ પ્રગટ થએલી છે. આથી પરમાત્માના જ્ઞાનમાં આ સર્વે હયાતીની પાછળનાં તત્ત્વોનો, તેના મૂળભુત પ્રકારોનો અને ઘટનાત્મક વિશ્વનાં તત્ત્વો સાથેના તેના સંબંધોનો પણ સમાવેશ થઈ જ જાય છે. ઉપનિષદમાં કહ્યું છે કે બ્રહ્મને જાણવાથી બધું જ જાણી લઈ શકાય છે.[1] તેનો અર્થ પણ આ જ છે. ઉપનિષદમાં કહ્યું છે કે પરમ સત્તાના શુદ્ધ તત્ત્વ તરીકે તેનો સાક્ષાત્કાર સહુથી પહેલાં કરવાનો છે; તેની અભિવ્યક્તિના તાત્ત્વિક પ્રકારો તો તેને સાક્ષાત કરેલા આત્મા સમક્ષ આપોઆપ જ સ્પષ્ટ થઈ જાય છે. અલબત્ત, આમ સાક્ષાત્કાર કરતાં પહેલાં આપણે તત્ત્વ-શોધક બુદ્ધિ વડે આ પરમ સત્તા શું છે તથા આ વિશ્વ શું છે એ તપાસી શકીએ છીએ તથા તેની બૌદ્ધિક સમજ પણ મેળવી શકીએ છીએ. પણ આવી તાત્ત્વિક સમજ એ કાંઈ 'જ્ઞાન' ના કહેવાય. વળી, જ્ઞાન વડે અને એક દર્શન તરીકે આપણને સાક્ષાત્કાર થયો હોય તોપણ જ્યાં સુધી એ એક પૂર્ણ આત્માનુભૂતિ તરીકે ના થયો હોય અને સાક્ષાત થયેલ એ વસ્તુ સાથે જ્યાં સુધી આપણી સમગ્ર જાત એકરૂપ ના થઈ હોય ત્યાં સુધી એ સાક્ષાત્કાર અધૂરો જ ગણાય.[2] જો સર્વોચ્ચ પ્રભુને જાણવો એ યોગનું શાસ્ત્ર છે તો તેની કલા એ છે કે તેની સાથે એકરૂપ થવું કે જેથી આપણે પરમાત્મામાં જીવન ધારણ કરી શકીએ અને એ પરમ-અવસ્થામાંથી કર્મો કરી શકીએ; માત્ર આપણા સચેતન સ્વ-ત્વમાં જ નહિ પણ સચેતન સ્વ-ધર્મમાં પણ આપણે પરાત્પર ભગવાન સાથે એક-

---

૧ यस्मिन् विज्ञाते सर्वं विज्ञातम् ॥ પ્રશ્નોપનિષદ

૨. ગીતામાં સાંખ્ય અને યોગ વચ્ચે જે ભેદ બતાવ્યો છે તે આ જ છે; પણ પૂર્ણજ્ઞાનમાં તો એ બંને જરૂરી છે.

રૂપ થઈ જઈએ,– પ્રાણીમાત્ર અને પદાર્થમાત્ર, અજાણતાં કે અર્ધ-જ્ઞાનથી અને અર્ધ-અનુભવથી, પોતાનાં અંગોના નિમ્ન કર્મ વડે જે વ્યક્ત કરવાનો યત્ન કરે છે તેની સાથે એકરૂપ થઈ જઈએ. સર્વોચ્ચ સત્યને જાણવું અને તેની સાથે સુમેળ સાધવો એ જ છે સાચા અસ્તિત્વની શરત; અને તેને આપણા સમગ્ર અસ્તિત્વ દ્વારા, સર્વ અનુભૂતિઓ દ્વારા, સઘળાં કર્મો દ્વારા પ્રગટ કરવી એ જ છે સાચા જીવનની શરત.

પણ માનવી હજી એક મનોમય પ્રાણી છે; તેને માટે એ પરમ પ્રભુને જાણવો અને પ્રગટ કરવો એ કાંઈ સહેલું નથી, કારણકે સર્વોચ્ચ સત્ય, અને તેથી, એ અસ્તિત્વના સર્વોચ્ચ પ્રકારો અતિ–માનસિક એટલે કે મનથી પર છે. એ અતિમનસમાં જે એક જ સત્યનાં બે પૂરક પાસાં તરીકે અનુભવાય છે ને આપણી બુદ્ધિ અને મનને અસ્તિત્વના અને વિચારોના સામસામી બાજુના છેડા, અને તેથી એકસાથે ટકી ના શકે એવા વિરોધો અને વ્યાઘાત લાગે છે અને આપણું મન તેમને તેવા જ અનુભવે છે; પણ સર્વોચ્ચ સત્ય અને તેનાં સર્વોચ્ચ પાસાંઓ તો તેમની તાત્ત્વિક એકરૂપતા ઉપર નિર્ભર છે. પરમાત્માને 'એક' તરીકે અને 'અનેક' તરીકે એકસાથે સાક્ષાત કરવાની જરૂરિયાતના સંબંધમાં આપણે આ બાબત અગાઉ જોઈ ગયા છીએ. કારણકે આપણે દરેક પદાર્થ અને દરેક પ્રાણીને 'તે' તરીકે 'તત્' તરીકે સાક્ષાત કરવાનો છે; સર્વકાંઈ એ 'તત્'માં એક જ બની ગએલું છે, એક સમૂહ તરીકે તેમ જ તાત્ત્વિક રીતે પણ સાક્ષાત કરવાનું છે; તો વળી આપણે એ પણ સાક્ષાત કરવાનું છે કે એ 'તત્' એ જ પરાત્પર છે કે જે બધી એકતાથી પર છે, અને અનેકતાથી (પરસ્પરવિરોધી દ્વંદ્વો તરીકે સર્વત્ર દેખાતી છતાં એક જ અસ્તિત્વના સાથીદાર છેડા તરીકે રહેલી અનેકતાથી, પણ પર છે. કારણકે દરેક વ્યક્તિ પરમાત્મા છે, ભગવાન છે, પછી ભલેને માનસિક અને શારીરિક ઘાટની દૃષ્ટિએ તેમને બાહ્ય મર્યાદાઓ હોય કે જેમની દ્વારા અમુક સમયે, અમુક સ્થળે, અમુક ક્રમિક સંજોગોમાં, તે રજૂ થતી હોય (આ બધાંથી જ આંતરિક અવસ્થા તથા બાહ્ય ક્રિયાઓ અને ઘટનાઓનું એક જાળું રચાય છે, અને તેના વડે જ આપણે પ્રત્યેક વ્યક્તિને ઓળખીએ છીએ). એ જ પ્રમાણે નાનો કે મોટો દરેક વ્યક્તિ–સમૂહ એ પણ પરમાત્મા છે, ભગવાન છે; અને એ જ રીતે તે આ જગતના અવિર્ભાવની પરિસ્થિતિમાં તેને પ્રગટ કરે છે. દરેક વ્યક્તિ કે સમૂહ પોતે પોતાને આંતરિક રીતે જેવો લાગે છે અથવા તો આપણને બાહ્ય રીતે તે જેવો લાગે છે તેવો જ માત્ર જ્યાં સુધી આપણે તેને જાણીએ ત્યાં સુધી

આપણું એ જ્ઞાન યથાર્થ નથી જ; એ જ્ઞાન યથાર્થ તો ત્યારે જ બને જ્યારે આપણે તેને, પોતાની વિવિધ તાત્ત્વિક રીતોનો તથા પોતાના પ્રાગટ્ય માટેના પ્રાસંગિક સંજોગોનો આશરો લઈ રહેલા એકમાત્ર 'એક' તરીકે, ભગવાન તરીકે, આપણા પોતાના આત્મા તરીકે જાણી શકીએ. જ્યાં સુધી આપણે આપણા મનની ટેવોનું એવું તો રૂપાંતર કરી ના નાખીએ કે જેથી તે બધા જ ભેદોને એક એકતામાં સામેલ કરી નાખતાં જ્ઞાનમાં જીવી શકે, ત્યાં સુધી આપણે સાચાં સત્યમાં જીવતા નથી કારણકે આપણે સાચી એકતામાં જીવતા નથી. જેમાં બધી જ વસ્તુએ એક આખી વસ્તુનાં અંગ લાગે, એક સમુદ્રના તરંગ લાગે, એ એકતાની સાચી, સંપૂર્ણ અનુભૂતિ નથી; એકતાની સાચી સંપૂર્ણ અનુભૂતિ તો એ છે કે જેમાં દરેક તેમ જ સર્વસ્વ, એક પરમ એકરૂપતામાં સંપૂર્ણ રીતે ભગવાન લાગે, સંપૂર્ણ રીતે આપણો આત્મા લાગે.

પણ અનંત પ્રભુની માયા ભારે અટપટી છે; એટલે બધી જ વસ્તુ-ઓને એક આખી વસ્તુના અંગ તરીકે, એક સમુદ્રના અનેક તરંગો તરીકે અથવા તો, અમુક રીતે, ખુદ સ્વતંત્ર વસ્તુએ તરીકે જોતું દૃષ્ટિબિંદુ પણ એક રીતે તો પૂર્ણસત્ય અને પૂર્ણજ્ઞાનનો એક જરૂરી ભાગ બની જાય છે. કારણકે, સર્વસ્વમાં પરમાત્મા તો હમેશાં એનો એ જ હોય છે છતાં આપણે જોઈ એ છીએ કે યુગચક્રમાં ચાલતી પ્રાગટ્ય-લીલાને ખાતર તો તે એવાં સનાતન જીવ-સ્વરૂપ ધારણ કરે છે કે જે યુગોના યુગો સુધી, અને એક લોકમાંથી બીજા લોકમાં, આપણા બાહ્ય વ્યક્તિત્વની ગતિ પર અધિપતિનું સ્થાન ધરાવે છે. જીવનું આ સનાતન અસ્તિત્વ એ જ છે આપણે જેને વ્યક્તિત્વ કહીએ છીએ તે સતત બદલાતી આપણી બાહ્યતાની પાછળ કાયમ ટકી રહેતું આપણું સાચું વ્યક્તિત્વ. એ કોઈ સાંકડો અહમ્ નથી, એ તો છે એક અનંત, અંતહીન તત્ત્વ; સાચી વાત તો એ છે કે એ જ અનંત પ્રભુ પોતે જાતે છે કે જે પોતાના જ એક નિજી પ્રદેશમાં રહી આત્માનુ-ભવોમાં પોતાનું સતત પ્રતિબિંબ પાડવાનું સ્વીકારે છે. આ જ સત્ય સાંખ્ય-મતની પાછળ રહેલું છે (સાંખ્ય મત પ્રમાણે પુરુષો એટલે કે તાત્ત્વિક, અનંત, મુક્ત અને નિગુર્ણ આત્માઓ કે જે એક જ વિશ્વવ્યાપી શક્તિની ગતિઓને તરંગિત કરે છે તે અનેક છે). તો વળી, તદ્દન જુદી જ જાતનો વિશિષ્ટાદ્વૈતનો સિદ્ધાંત કે જે બૌદ્ધમતના શૂન્યવાદે તથા કેવલાદ્વૈતના માયા-વાદે ઊભી કરેલ આધિ-ભૌતિક અતિશયતાની સામે ઊભો થયો હતો તેની પાછળ પણ આ જ સત્ય એક જુદી રીતે રહેલું છે. જૂના, અર્ધ-બૌદ્ધવાદી અને અર્ધ-સાંખ્યવાદી મત પ્રમાણે આ દુનિયામાં માત્ર એક શાંત, નિષ્ક્રિય

પરમ પુરુષ જ હયાત છે; આ શાંત પુરુષની ચેતનામાં એક નરી અચિત્-શક્તિ પ્રતિબિંબિત થઈ રહી છે કે જેને પોતાના પંચમહાભૂત અને ત્રિગુણ છે અને જેનાં સતત મિશ્રણો થઈ રહ્યાં છે; આ મિશ્રણોની અસત્ય ક્રિયાઓને તે અચિત્-શક્તિ, શાંત પુરુષની ચેતના વડે પ્રકાશિત કરી રહી છે; પણ, આ પણ કાંઈ બ્રહ્મનું સમગ્ર સત્ય નથી. આપણે કાંઈ સતત પરિવર્તન પામી રહેલ મન, પ્રાણ અને શરીર નામના પદાર્થોનો માત્ર એક એવો પિંડ નથી કે જે જન્મે જન્મે મન, પ્રાણ અને શરીરનો જુદો જુદો આકાર લેતો હોય અને બદલાયે જતા જથ્થાની પાછળ કોઈ સાચો આત્મા કે અસ્તિત્વનું કોઈ સચેતન કારણ હાજર જ ના હોય – સિવાય કે આ શેની ય પરવા ન કરનાર એક શાંત, નિષ્ક્રિય પુરુષ–સતત બદલાયે જતા માનસિક, પ્રાણમય અને શારીરિક વ્યક્તિત્વની પાછળ આપણા અસ્તિત્વની એક સાચી અને સ્થિર શક્તિ છે જ; આપણે એને જાણવાની છે અને સાચવવાની છે કે જેથી કરીને તેની દ્વારા અનંત પ્રભુ પોતાના સંકલ્પ પ્રમાણે, ગમે તે સ્તર પર અને પોતાના સનાતન, વિશ્વવ્યાપી વ્યાપારના ગમે તે હેતુને ખાતર પોતાને પ્રગટ કરી શકે.

અને જો આપણે સમગ્ર અસ્તિત્વને આ "એક" (કે જેમાંથી સર્વસ્વનો ઉદ્‌ભવ થાય છે), અને આ બધાં "અનેક" (કે જેનાં સારભૂત તત્ત્વ તરીકે તથા ઉગમરૂપે "એક" રહેલું છે) તથા આ "એક" અને "અનેક"ના સબંધો જેની દ્વારા સચવાય છે તે શક્તિ કે પ્રકૃતિ એ ત્રણેયની વચ્ચે કેવા સનાતન અને અનંત સંબંધો સંભવી શકે તેનો વિચાર કરીએ તો જણાશે કે દ્વૈતવાદી તત્ત્વજ્ઞાનો અને ધર્મો કે જે સર્વ ભૂતોમાં રહેલી એકતાનો જોરશોરથી વિરોધ કરતા તથા પ્રભુ અને તેના જીવોની વચ્ચે એક અસાધ્ય ભેદ ઊભો કરતા લાગે છે તેમની પાછળ પણ કાંઈક વજૂદ છે. આવા ધર્મોમાં કેટલાક એવા સ્થૂળ સંપ્રદાયો પણ છે કે જેમનું લક્ષ્ય નીચલાં, સ્વર્ગીય સુખોનો અજ્ઞાનભર્યો આનંદ માણવાનું હોય છે; પણ એક ભક્ત–કવિ પરમાત્માના આલિંગનની મસ્તી કાયમ માટે માણવાના આત્માના અધિકારનું સમર્થન કરતાં, એક ઘરગથ્થુ છતાં જોરદાર રૂપક વાપરીને જ્યારે પોકારે છે : "મારે સાકર બનવું નથી; મારે તો એને ખાવી છે," ત્યારે એની પાછળ રહેલ ઉચ્ચ અને ગહન ભાવનાની કદર કર્યા વિના નહિ ચાલે. સર્વે ભૂતો એકમાત્ર પરમાત્મામાં તાત્ત્વિક રીતે એક-રૂપ બની રહેલાં છે એમ આપણે ભલે ગમે તેટલા જોરથી સ્થાપિત કર્યું હોય છતાં આપણે એમ નહિ કહી શકીએ કે એ પોકાર એ તો કોઈક

આધ્યાત્મિક વિલાસ માટેની અભિલાષા માત્ર છે, અથવા તો કોઈ આસક્ત અને અજ્ઞાની આત્માએ કરેલી, પરમ સત્ય માટેની શુદ્ધ અને ઉચ્ચ તપશ્ચર્યાનો અસ્વીકાર છે. ઊલટાનું, તેના રચનાત્મક ભાગને ખ્યાલમાં લેતાં જણાશે કે તેનું લક્ષ્ય તો અસ્તિત્વનું એક એવું ગહન અને રહસ્યભર્યું સત્ય છે કે જેને માનવીય વાચાથી વ્યક્ત કરી શકાય એમ નથી, જેને માનવબુદ્ધિ બરાબર સમજાવી શકે તેમ નથી, જેનો ઉકેલ માત્ર હૃદયમાં જ છુપાએલો છે અને જેને, ઉગ્ર તપશ્ચર્યાનો આગ્રહ રાખતા જ્ઞાની આત્માનો પડકાર તોડી શકે તેમ નથી. પણ આ તો ભક્તિયોગની બહુ ઉચ્ચ ભૂમિકા અંગેની વાત થઈ; ભક્તિયોગના ખંડમાં આપણે ફરીથી આ વાત હાથ ધરીશું.

પૂર્ણયોગનો સાધક તો પોતાનાં ધ્યેયનો પૂર્ણપણે ખ્યાલ કરશે અને તેનો પૂર્ણ સાક્ષાત્કાર ઝંખશે. ભગવાનનાં સનાતન પ્રાગટ્યના મૂળ પ્રકારો અનેક છે; અને પોતાની જ અનેક ભૂમિકા પર અને અનેક છેડાઓથી શરૂ કરીને તે પોતે પોતાને પકડે છે અને પામે છે; દરેક પ્રકારનો ખાસ હેતુ છે; દરેક ભૂમિકા કે દરેક શરૂઆત, સનાતન અદ્વૈતના કોઈક ઉચ્ચ શિખર કે કોઈક અફાટ વિશાળતામાં સાર્થક બને છે. એ અદ્વૈતને આપણે આપણા વ્યક્તિગત આત્મા દ્વારા જ પહોંચવું પડે છે, કારણકે આપણી અનુભૂતિનો પાયો એ જ છે, જ્ઞાન-માર્ગે આપણે એ "એક" સાથે એકરૂપતા સાધીએ છીએ; કારણકે દ્વૈતવાદીઓ ભલે ગમે તે કહે છતાં એક એવી તાત્વિક એકરૂપતા છે જ કે જેના વડે આપણે આપણા મૂળ સ્વરૂપમાં ડૂબકી લગાવી શકીએ છીએ, અને વ્યક્તિગત તો ઠીક પણ ખુદ વિશ્વરૂપનાં બંધનમાંથી પણ મુક્ત બની શકીએ છીએ. આ એકરૂપતાની અનુભૂતિ માત્ર જ્ઞાન-માર્ગથી કે એક શુદ્ધ, અમૂર્ત અસ્તિત્વની અવસ્થા પ્રાપ્ત કરવાથી જ થાય છે એવું નથી; આપણે જોઈ ગયા છીએ કે કર્મમાર્ગમાં પણ ઈશ્વરેચ્છા કે ચિદ્-શક્તિની સાથે એકતા સાધવાને પરિણામે આપણાં સર્વ કર્મોની સર્વોચ્ચ સિદ્ધિરૂપ આપણને મળે છે પ્રભુમાં આપણી તદ્રૂપતા; અને પ્રેમનું પણ સર્વોચ્ચ શિખર છે આપણા પ્રિયતમ અને આરાધ્ય પ્રભુ સાથે એક પરમાનંદ-ભરી એકતામાં મસ્ત તન્મયતા. પણ, તે પછી, દુનિયામાં દિવ્ય કર્મો કરવા માટે વ્યક્તિભૂત પરમાત્મા એક એવું સચેતન કેન્દ્ર બની જાય છે કે જેની દ્વારા, દિવ્યપ્રેમ અને પ્રકાશ સાથે એકરૂપ એવી દિવ્ય સંકલ્પશક્તિ, આ વિશ્વની અનેકવિધતામાં પોતાને વહાવે છે. એ જ પ્રમાણે આપણે પરમાત્મા સાથે અને સર્વ ભૂતોના આત્મા સાથે આપણા આત્માની એકરૂપતા સાધીને આપણા સહુ સહ-બાંધવો સાથે પણ એકરૂપ બની જઈએ છીએ. વળી

એમ થતાં પ્રકૃતિના કાર્ય-પ્રદેશમાં, પરમાત્માના એક એવા આત્મ-સ્વરૂપ તરીકે આપણું અસ્તિત્વ ચાલુ રહે છે કે જેથી આપણે અન્ય ભૂત-માત્ર તથા, ખુદ પરમાત્મા સાથે એકતામાં અલગતાના સંબંધો જાળવી રાખી શકીએ છીએ. આપણે જ્યારે નર્યું અજ્ઞાનભર્યું જીવન જીવતા હતા અને જ્યારે પરમ-એકતા એ આપણે માટે એક શબ્દ જ હતો કે એક જેવાતેવા પ્રેમ, સહાનુભૂતિ કે ઝંખના માટેની ગડમથલ-ભરી અભીપ્સા માત્ર જ હતી ત્યારે અન્ય ભૂત-માત્ર સાથે આપણો જે સંબંધ હતો તેના કરતાં આ સંબંધનું તત્ત્વ અને ભાવના તદ્દન જુદી જ જાતનાં રહેવાનાં. હવે એકતા એ જ સહજ-ધર્મ બની રહેશે અને અલગતાનું સ્થાન રહેશે એ એકતાના અનેકવિધ ઉપભોગને ખાતર. અહમ્-ભાવવાળી અલગતા સાથે વળગી રહેતા પેલા, જૂના ભાગલાભર્યા પ્રદેશમાં હવે આપને પાછા ફરવાનું નહિ રહે; તો વળી આ ભાગલાની લીલા સાથે કાંઈ પણ લેવાદેવા વિનાની નરી એકરૂપતાની એકલ ઝંખના માટેની કાંઈ આસક્તિ પણ આપણને નહિ રહે; એટલે અસ્તિત્વના બે સામસામેના છેડાનું આપણામાં એવી જાતનું સમાધાન અને જોડાણ થશે કે જ્યાં સર્વોચ્ચ સત્યની અનંતતામાં તેઓ જોડાઈ જશે.

આત્મા તો ઠીક પણ જીવાત્મા એ પણ કાંઈ આપણો માનસિક અહમ્-ભાવ નથી; કે એ આપણું બાહ્ય વ્યક્તિત્વ પણ નથી. આપણું બાહ્ય વ્યક્તિત્વ એ કોઈ કાયમી, સ્થિર વસ્તુ નથી; એ છે એક સતત પરિવર્તન અને વિવિધ સંમિશ્રણ. એ કોઈ મૂળભૂત ચેતના નહિ પણ ચેતનાનાં વિકસતાં સ્વરૂપો છે,- સતની શક્તિ નથી પણ સતની આંશિક શક્તિની લીલા છે,- અસ્તિત્વના નિજી આનંદનો ભોક્તા નથી પણ એ આનંદને સંબંધોનો વધારે-ઓછો ભોગ બનાવતા અનુભવોના વિવિધ ઘૂંટડાઓ માટેની તૃષ્ણા છે. આ પણ છે તો પુરુષ જ, બ્રહ્મ જ, પણ પરિવર્તન-શીલ; ક્ષર પુરુષ છે, સનાતન પ્રભુનું ઘટનાત્મક સ્વરૂપ છે, તેની સ્થિર વાસ્તવિકતાં નથી. ગીતામાં, દિવ્ય પુરુષની સમગ્ર અવસ્થા અને કાર્યના ભાગરૂપ ક્ષર, અક્ષર અને ઉત્તમ એવા ત્રણ ભેદ જણાવેલા છે; ઉત્તમ પુરુષ ક્ષર અને અક્ષર એ બંનેથી પર છે અને તેમને પોતાનામાં સમાવે છે. એ ઉત્તમ પુરુષ એ જ છે આપણામાં અને સર્વેમાં રહેલ પુરુષોત્તમ, પરમાત્મા; અને આપણે તેનામાં જ નિવાસ કરવાનો છે. અક્ષર પુરુષ એ છે શાંત, સમ, નિશ્ચલ, નિર્વિકારી આત્મા; આપણે જ્યારે પ્રવૃત્તિમાંથી નિવૃત્તિમાં હટી જઈએ, જ્યારે સત્ અને ચિદ્‌ની લીલામાંથી તથા આનંદની ઝંખનામાંથી સત્, ચિત્ અને આનંદનાં એવાં કાયમી આસનમાં બેસી જઈએ કે જેની દ્વારા ભગવાન પોતે એ લીલાને

ધારણ કરે છે અને ભોગવે છે ત્યારે આપણે આ અક્ષર પુરુષને પ્રાપ્ત કરીએ છીએ. ક્ષર પુરુષ એ અક્ષર વ્યક્તિત્વની નદીનું પાણી અને પ્રવાહ-શક્તિ છે; તેને જ લીધે આપણા વૈશ્વિક જીવનના સંબંધો શક્ય બને છે, મનોમય પુરુષ આ ક્ષર પુરુષમાં બંધાઈને તેના પ્રવાહમાં ઢસડાય છે; તેને નથી મળતાં સનાતન શાંતિ અને શક્તિ અને નિજાનંદ; જીવાત્મા અક્ષર પુરુષમાં અચળ રહી આ સર્વને ધારણ કરે છે પણ તે દુનિયામાં સક્રિય થઈ શકતો નથી; પણ જે જીવાત્મા પુરુષોત્તમમાં જીવન ધારણ કરે છે તે સનાતન શાંતિ અને શક્તિ અને આનંદ અને વિશાળતા માણે છે; વળી, તે પોતાની ખાસિયતો અને વ્યક્તિત્વથી કે શક્તિનાં સ્વરૂપોથી કે ચેતનાની ટેવોથી આત્મ-જ્ઞાનમાં અને આત્મ-શક્તિમાં બંધાઈ ગયા વિના ખૂબ છૂટથી તથા પ્રભુત્વથી, પૃથ્વી પર પ્રભુના પ્રાગટ્ય માટે ઉપયોગ પણ કરે છે. પણ આ પરિવર્તન એ પ્રભુના આવિર્ભાવની અસલ રીતમાં કોઈ ક્ષતિ નથી પણ એ તો છે પુરુષોત્તમના મુક્ત પ્રદેશમાં છુટકારો, અને, સાથે સાથે, આપણા દિવ્ય સ્વ-ધર્મનો યથાર્થ ઉપયોગ.

પરમાત્માનાં જે ત્રણ પાસાંઓની ઉપર વાત કરી તેની સાથે સંબંધ ધરાવતો એક બીજો ભેદ પણ છે; ભારતીય તત્ત્વજ્ઞાનમાં તેને સગુણ બ્રહ્મ અને નિર્ગુણ બ્રહ્મ તરીકે વર્ણવ્યો છે અને યુરોપના ચિંતકોએ તેને વ્યક્તિરૂપ ( **Personal** ) અને વ્યક્તિત્વહીન ( **Impersonal** ) ભગવાન કહ્યો છે. આ ભેદ સાપેક્ષ છે એ વાત ઉપનિષદે પરમાત્માને " નિર્ગુણો ગુણી " એટલે કે " ગુણ વગરનો ગુણવાન " કહીને બહુ જ સ્પષ્ટ કરી છે. એટલે અહીં પણ આપણને સનાતન પુરુષનાં બે તાત્ત્વિક પાસાં, મૂળભૂત સ્વરૂપ, બે સામસામી છેડા જોવા મળે છે; અને પરાત્પર દિવ્ય સત્ય તો એ બંનેને પોતાનામાં સમાવીને તેમનાથી પર રહે છે. એ બે પાસાં શાંત બ્રહ્મ અને સક્રિય બ્રહ્મને લગભગ મળતાં છે. કારણકે સમગ્ર વિશ્વની લીલાને અમુક રીતે જોતાં તેને બ્રહ્મના અગણિત અને અનંત ગુણોની અભિવ્યક્તિ અને ઘટના ગણી શકાય. તેની સત્-તા એક સચેતન સંકલ્પ-શક્તિની દ્વારા દરેક જાતના ગુણ, સચેતન અસ્તિત્વરૂપ પદાર્થમાંથી ઉપજાવેલાં ઘાટ-ઘડતર, પોતાની સક્રિય ચેતના-માંથી વિશ્વવ્યાપી શક્તિ અને ખાસિયતવાળી જાણે કે ટેવો ધારણ કરે છે કે જેમાં સમગ્ર વિશ્વલીલાને ફેલાવી શકાય. પણ તે પોતે તો આમાંના કોઈ થી પણ કે તે બધાના સમૂહથી પણ, અરે, તેમની અનંત શક્યતાઓની મોટામાં મોટી વ્યાપકતાથી પણ બંધાતો નથી. તે તેના સર્વ ગુણોથી પર છે અને તેના અસ્તિત્વનો એક એવો પણ સ્તર છે કે જ્યાં તે તેમનાથી

સંપૂર્ણ મુક્ત છે. નિર્ગુણ એટલે "સગુણ થવા અસમર્થ" એમ નહિ; ઊલટાનો આ નિર્ગુણ એટલે કે ગુણ-હીન પોતે જ પોતાને સગુણ તરીકે, અનંત-ગુણ તરીકે પ્રગટ કરે છે, કારણકે ગણી ગણાય નહિ તેટલી વિવિધ રીતે પોતાની જાતને પ્રગટ કરવાની પોતાની સમર્થતામાં સર્વ કાંઈ તેણે સમાવી રાખેલું છે. તે તેમનાથી મુક્ત છે એનો અર્થ એટલો જ કે તે તેમને સમાવે પણ છે અને તેમનાથી અધિક પણ છે; જો તે તેમનાથી મુક્ત ના હોત તો તે બધાં અનંત પણ ના હોત; તો ભગવાન પોતાના જ ગુણ પર આધાર રાખત, પોતાની જ પ્રકૃતિથી બંધાઈ જાત; પ્રકૃતિ જ સર્વોપરિ બની જાત અને પુરુષ તેનું સર્જન કે રમકડું બની જાત. સનાતન સત્ય ન તો ગુણથી બંધાએલ છે ન તો ગુણના અભાવથી; ન તો વ્યક્તિ-રૂપતાથી ન તો વ્યક્તિત્વ-હીનતાથી; એ તો એ જ છે, પોતે પોતે જ છે; આપણી બધી જ હકારાત્મક કે નકારાત્મક વ્યાખ્યાઓથી પર છે.

એ સનાતન સત્યની આપણે ભલે કોઈ વ્યાખ્યા ના આપી શકીએ પણ આપણે તેની સાથે એકરૂપ તો જરૂર થઈ શકીએ છીએ. એમ કહેવાય છે કે આપણે એક વ્યક્તિત્વ-હીન બ્રહ્મ બની શકીએ છીએ પણ વ્યક્તિરૂપ નહિ; પણ આ એટલા પૂરતું જ સાચું છે કે આપણે એક વ્યક્તિ તરીકે વિશ્વોના સ્વામી બની શકતા નથી. આપણે સક્રિય બ્રહ્મના તેમ જ શાંત બ્રહ્મના અસ્તિત્વમાં પણ આપણી જાતને મુક્ત કરી શકીએ છીએ, એ બંનેમાં આપણે જીવી શકીએ છીએ, એ બંનેમાં રહેલા આપણા અસલ અસ્તિત્વમાં પાછા હઠી જઈ શકીએ છીએ; પણ તે દરેકની પોતપોતાની રીત છે; નિર્ગુણ બ્રહ્મમાં એકરૂપ થઈ શકાય છે આપણા અસલ તત્ત્વ-રૂપમાં; જ્યારે સગુણ બ્રહ્મમાં આપણા સક્રિય અસ્તિત્વની, આપણી પ્રકૃતિની મુક્તિ દ્વારા.[3] પરમ પ્રભુ પોતાના અસ્તિત્વને એક સનાતન શાંતિ, સમતા અને નીરવતા-માંથી એક સનાતન સક્રિયતામાં, મુક્ત અને અંત-હીન ક્રિયાશીલતામાં રેલી રહ્યો છે, અને તેમાં તે પોતાના સ્વતંત્ર નિર્ણયે મુક્ત રીતે કરે છે, તથા ગુણોની અનેકવિધ ભાતો ઉપજાવવા માટે અનંત ગુણોને કામમાં લે છે. આપણે એ શાંતિ, સમતા અને નીરવતામાં પહોંચવાનું છે અને ત્યાં, ગુણોનાં બંધનમાંથી દિવ્ય મુક્તિ પ્રાપ્ત કરીને સક્રિય થવાનું છે; અને ત્યારે, પૃથ્વી પર દિવ્ય કર્મો કરવા માટે ગુણોનો – ખુદ પરસ્પરવિરોધી ગુણોનો – પણ વિશાળતાથી અને જરૂરી છૂટછાટથી ઉપયોગ કરવાનો જ છે. હા, પ્રભુ પદાર્થમાત્રમાં કેન્દ્રસ્થાને રહીને કાર્ય કરે છે, જ્યારે આપણે વ્યક્તિભૂત

૩. સાધર્મ્ય-મુક્તિ

કેન્દ્રો તરીકે, તેનાં જ આત્મ-સ્વરૂપો તરીકે (આપણે ખરેખર તો તે જ છીએ) તેના જ સંકલ્પોને, તેની શક્તિ અને આત્મજ્ઞાનને પાર પાડવાનાં છે. પ્રભુ કોઈને ય આધીન નથી જ્યારે વ્યક્તિભૂત આત્મસ્વરૂપો તેમનાં પોતાનાં જ પરમ સ્વરૂપ, પરમાત્માને આધીન છે. અને આ આધીનતા જેટલી વધારે વિશાળ અને વધારે નિરપેક્ષ તેટલી જ વધારે, નિરપેક્ષ શક્તિ અને મુક્તિની તેની અનુભૂતિ.

વ્યક્તિરૂપ અને વ્યક્તિત્વહીન બ્રહ્મ વચ્ચેનો ભેદ ભારતમાં તેમ જ યુરોપમાં છે તો એકસરખો જ. પણ અંગ્રેજીમાં Personal શબ્દનો જે મર્યાદિત અર્થ છે તે ભારતીય વિચારની દૃષ્ટિએ તદ્દન પરાયો થઈ જાય છે. યુરોપના ધર્મોમાં વ્યક્તિરૂપ ભગવાન (Personal God) એટલે માનવ-વ્યક્તિ બનેલ ભગવાન, અન્ય રીતે સર્વ-સમર્થ અને સર્વજ્ઞ છતાં ય પોતાના જ ગુણોથી મર્યાદિત ભગવાન. શિવ, વિષ્ણુ, બ્રહ્મા કે જગજ્જનની દુર્ગા કે કાલીનાં જે વિશિષ્ટ ભારતીય સ્વરૂપો છે તેને મળતો તે ખ્યાલ છે. દરેક ધર્મ પોતાની બુદ્ધિ અને હૃદયને અનુરૂપ કોઈક આરાધ્ય ઇષ્ટદેવતા સ્થાપે છે. પ્રેમપૂર્ણ અને મંગલમૂર્તિ કાલી કે જે સંહારમાં પણ દયાળુ રહે છે અને વિનાશ દ્વારા પણ રક્ષા કરે છે તેનું સ્વરૂપ વરદાતા વિષ્ણુ કરતાં જેમ જુદું જ છે, તે જ પ્રમાણે ભયંકર અને કઠોર કેલ્વીનનું ભગવાન-સ્વરૂપ તે મધુર અને પ્રેમાળ સંત ફ્રાન્સિસના સ્વરૂપ કરતાં જુદું જ છે. સર્વ-સંહારક, અવધૂત મહાદેવનું સ્વરૂપ કૃપાળુ, પ્રેમપૂર્ણ, જીવન અને સૃષ્ટિના ધારક વિષ્ણુ અને બ્રહ્મ કરતા જુદું જ લાગે છે. એ તો સ્પષ્ટ જ છે કે અનંત અને સર્વવ્યાપી પ્રભુના, આ વિશ્વના સર્જક અને પાલક તરીકેના આવા ખ્યાલો બહુ જ મર્યાદિત અને સાપેક્ષ રીતે સાચા છે. હિંદુ ધર્મશાસ્ત્રો પણ તેમને કાંઈ તેમના યથાતથ વર્ણન તરીકે રજૂ કરતા નથી. વ્યક્તિરૂપ એટલે કે સગુણ ભગવાન એ કાંઈ પોતાના ગુણોથી મર્યાદિત નથી; એ તો અનંત-ગુણ છે; તો અનંત ગુણોનો ધારક છે, તેમનાથી પર છે, તેમનો સ્વામી છે, તેમનો યથેચ્છ ઉપયોગ કરે છે; અને દરેક વ્યક્તિભૂત આત્માની પ્રકૃતિ અને અંગત ઇચ્છા તથા જરૂરિયાતને ધ્યાનમાં રાખી તે તેના ભગવાન-સ્વરૂપને અનેકવિધ નામ અને સ્વરૂપમાં પ્રગટ કરે છે. આથી જ વેદાન્ત કે સાંખ્ય-દર્શનથી તદ્દન જુદો જ એવો હિન્દુ ધર્મ સમજવામાં સામાન્ય યુરોપીય માનસને બહુ મુશ્કેલી પડે છે; કારણકે વ્યક્તિરૂપ ભગવાન અનંતગુણવાળો હોઈ શકે, વ્યક્તિરૂપ ભગવાન એક વ્યક્તિ ના હોય પણ બધાં જ વ્યક્તિત્વનાં આદિ-સ્વરૂપ શું એક સાચું વ્યક્તિરૂપ હોઈ શકે તે તેને જલદી સમજાતું નથી.

છતાં પણ પ્રભુનાં દિવ્ય વ્યક્તિત્વનું એકમાત્ર સાચું અને સંપૂર્ણ સત્ય એ જ છે.

યોગમાર્ગોનો સમન્વય કરવામાં ભગવાનનાં વ્યક્તિ-સ્વરૂપનું સ્થાન શું એ અંગેની વાત આપણે ભક્તિયોગમાં કરીશું. અત્યારે તો એટલું જ કહેવું પૂરતું છે કે યોગમાં તેનું સ્થાન છે જ અને પૂર્ણયોગમાં પણ (અને તે ય મુક્તિ મેળવ્યા પછી પણ) તેનું સ્થાન રહેશે જ. ભગવાનનાં વ્યક્તિ-સ્વરૂપ પ્રત્યેના વલણની ત્રણ કક્ષાઓ છે; પહેલી છે ઇષ્ટ-દેવતાની કે જેમાં આપણી પ્રકૃતિ અને વ્યક્તિગત બંધારણને અનુકૂળ એવા નામ-રૂપવાળા ભગવાનના કોઈ ખાસ સ્વરૂપ કે ગુણોનો ખ્યાલ હોય છે. બીજી કક્ષામાં આવે છે ભગવાનનું એકમાત્ર સાચી વ્યક્તિ તરીકેનું સર્વ-વ્યક્તિત્વપૂર્ણ, અનંત ગુણવાળું સ્વરૂપ. ત્રીજીમાં આવે છે, વ્યક્તિત્વ વિષેના સર્વે ખ્યાલો અને હકીકતોના આદિ મૂળ તરીકેનું એ સ્વરૂપ કે જેને ઉપનિષદ કોઈ પણ વિશેષણ વિના માત્ર "તે", સઃ તરીકે રજૂ કરે છે. ત્યારે જ વ્યક્તિ-સ્વરૂપ અને વ્યક્તિત્વ-હીન ભગવાનના સાક્ષાત્કારો ભેગા થાય છે અને એકમાત્ર ભગવાન-સ્વરૂપમાં ભળી જાય છે. કારણકે, જો આપણે પોતે પણ, ખરેખર તો, એક અમૂર્તતા નથી, તો તેના કરતાં પણ વધારે સાચી રીતે આ વ્યક્તિત્વ-હીન ભગવાન એ પણ કાંઈ કોઈ અમૂર્ત અ-ભાવ નથી, કે કોઈ સિદ્ધાંત કે કોઈ ખાલી અવસ્થા કે, શક્તિ કે અસ્તિત્વની કોઈ કક્ષા નથી. આવા ખ્યાલનો આશરો લઈ ને બુદ્ધિ ભગવાનની શોધ શરૂ કરે છે એ સાચું, પણ છેવટે સાક્ષાત્કાર થતાં તે ખ્યાલોને વટાવી જવાય છે. વધારે ને વધારે ઉચ્ચ તત્ત્વોનો અને સચેતન અસ્તિત્વની અવસ્થાઓનો સાક્ષાત્કાર થતાં સર્વે વસ્તુઓનો નાશ થઈ આપણને કાંઈ કોઈ ચોખ્ખી શૂન્યતા કે અસ્તિત્વની કોઈ અવર્ણનીય અવસ્થા પણ મળતી નથી; મળે છે એક એવું પરમ પરાત્પર અસ્તિત્વ કે જે વ્યક્તિ-સ્વરૂપની સર્વે વ્યાખ્યાઓથી પર હોવા છતાં સર્વે વ્યક્તિત્વોના સાચા તત્ત્વ તરીકે હમેશાં મોજૂદ રહેલ "સર્વ-હયાતી" છે.

એ "તે"માં જ્યારે આપણે જીવન અને અસ્તિત્વ ધારણ કરીએ ત્યારે તેનાં બંને પાસાંઓ પ્રાપ્ત કરી શકીએ છીએ. એક તો, અસ્તિત્વ અને ચેતનાની પરમ અવસ્થાનું, સ્વાયત્ત શક્તિ અને આનંદની એક અનંત વ્યક્તિહીનતાનું પાસું પ્રાપ્ત કરી શકીએ છીએ. અને બીજું વ્યક્તિ-સ્વરૂપ પાસું કે જે આપણે, વ્યક્તિભૂત જીવ દ્વારા કાર્ય કરતી દિવ્ય પ્રકૃતિ વડે અને એ વ્યક્તિભૂત જીવની તથા તેના પરાત્પર અને વિશ્વવ્યાપી પરમ-આત્માની વચ્ચે રહેલા સંબંધ વડે પ્રાપ્ત કરી શકીએ છીએ. વળી, નામ અને રૂપ ધારણ કરતા આપણા ઇષ્ટ-દેવતાની સાથે પણ આપણે સંબંધ

રાખી શકીએ છીએ; દાખલા તરીકે, આપણું કાર્ય જો મુખ્યત્વે પ્રેમ-કાર્ય હશે તો આપણે તેને પ્રેમના સ્વામી તરીકે શોધવાનું, સેવવાનું અને વ્યક્ત કરવાનું કાર્ય કરીશું; પણ તે સાથે, તેનાં સર્વે નામ અને રૂપ અને ગુણોમાં પણ આપણને તેનો સર્વાંગી સાક્ષાત્કાર થએલો હશે જ; તેથી તેનું જે પાસું દુનિયા પ્રત્યેની આપણી નિષ્ઠામાં આગળ પડતું હશે તે જ એકમાત્ર અનંત પ્રભુ છે એમ માની લેવાની ભૂલ નહિ કરીએ.

## પ્રકરણ : ૧૨

# સચ્ચિદાનંદનો સાક્ષાત્કાર

ગયા પ્રકરણમાં આપણે પરમાત્માનાં પાસાંઓની જે વાત કરી તે પહેલી નજરે તો કોઈ ઊંચી જાતની આધિભૌતિક વિચારણા કે તત્ત્વ–મિમાંસામાં શોભે તેવા બૌદ્ધિક ખ્યાલો હોય પણ સાક્ષાત્કાર માટે ખાસ ઉપયોગી ના હોય તેમ લાગવાનો સંભવ છે. પણ આપણી સમજશક્તિએ ઊભા કરેલા ભેદને લીધે જ આવા ખોટા ખ્યાલ ઊભા થાય છે. આપણે પાયા તરીકે જેનો સ્વીકાર કરેલો છે તે, આ દેશની પ્રાચીન જ્ઞાન–પદ્ધતિનો, પૂર્વ–દિશામાંથી આવતાં પ્રકાશ–ભર્યા ડહાપણનો, એ એક મૂળભૂત સિદ્ધાંત છે કે તત્ત્વ–મિમાંસા એ માત્ર એક ઉચ્ચ, બૌદ્ધિક શોખ કે સૂક્ષ્મ, વિવાદાત્મક વિલાસ કે કોઈ એક નરી જિજ્ઞાસાને ખાતર જ થતી આધિભૌતિક સત્યની શોધ નહિ પણ સઘળા યથાર્થ ઉપાયો દ્વારા થતી સારા અસ્તિત્વના મૂળભૂત સત્યની એક એવી શોધ નહિ પણ સઘળા યથાર્થ ઉપાયો દ્વારા થતી સારા અસ્તિત્વના મૂળભૂત સત્યની એક એવી શોધ હોવી જોઈએ કે જે આપણા જીવનને દોરતા સિદ્ધાંતો બની રહે. સાંખ્ય–દર્શન એટલે કે સત્યનો અમૂર્ત અને પૃથકતાભર્યો સાક્ષાત્કાર, એ પરમ જ્ઞાનની એક બાજુ છે; અને યોગ એટલે કે એ જ જ્ઞાનનો આપણી અનુભૂતિમાં, આંતર–અવસ્થામાં અને બાહ્ય જીવનમાં નક્કર અને સમગ્રતાભર્યો સાક્ષાત્કાર કરવો એ એની બીજી બાજુ છે. એ બંને, માણસને અજ્ઞાન અને અસત્યમાંથી મુક્ત કરવાનાં અને સત્યમય અને સત્ય–પ્રેરિત જીવન આપવાનાં સાધનો છે. અને તે જાણી શકે અને મેળવી શકે એવાં ઊંચામાં ઊંચા સત્યને જ વિચાર–શીલ માણસે પોતાનું લક્ષ્ય રાખવાનું હોવાથી, આત્માએ સર્વોચ્ચ સત્યને જ પોતાની બુદ્ધિ વડે શોધી કાઢવાનું છે અને જીવનમાં સિદ્ધ કરવાનું છે.

એટલે જ આપણે જ્ઞાન–યોગના અંગરૂપ તત્ત્વજ્ઞાનની, સત્તાનાં અસલ તત્ત્વોનાં જ્ઞાનની, ભગવાને પોતાના પ્રાગટ્યના પાયારૂપ જે મૂળભૂત પ્રકારો અસ્તિત્વમાં આણેલા છે તેના જ્ઞાનની જે વાત કરી રહ્યા છીએ તેની ખરેખરી અગત્ય આમાં જ રહેલી છે. જો આપણા અસ્તિત્વનું સત્ય એ એક એવી

અંત-હીન એકતા હોય કે જે એકમાં જ પરિપૂર્ણ વિશાળતા, પ્રકાશ, જ્ઞાન, શક્તિ અને આનંદ સમાએલાં હોય, અને જો અંધકાર, અજ્ઞાન, અશક્તિ, શોક અને મર્યાદાનાં આપણાં સઘળાં બંધનોનું કારણ એ હોય કે આપણે અસ્તિત્વને, અનંતનાં ય અનંત એટલાં અલગ અસ્તિત્વોની અથડામણ તરીકે જોઈએ છીએ, તો પૂરેપૂરું વ્યવહારુ અને નગદ અને લાભકારક તેમ જ તેટલું જ ઉચ્ચ અને તાત્ત્વિક ડહાપણ તો એ જ ગણાય કે આપણે અસત્ય-માંથી મુક્ત થવાનો અને સત્યમાં જીવતાં શીખવાનો ઉપાય શોધી કાઢીએ. એ જ પ્રમાણે આ આપણાં ચિત્તતંત્રનાં બંધારણરૂપ ત્રિ-ગુણાત્મક લીલાનાં બંધનમાંથી મુક્ત રહેવું એ જ જો પેલા પરમ અદ્વૈતનો મૂળ-ગત ધર્મ હોય, અને જો એ લીલાનાં બંધનના પરિણામે જ સારાં અને નરસાનાં, પાપ અને પુણ્યનાં, જય અને પરાજયનાં, હર્ષ અને શોકનાં, સુખ અને દુઃખનાં પરસ્પર-વિરોધી દ્વંદ્વોમાં કાયમ અથડાતાં-કુટાતાં આપણાં આજનાં જીવનની યાતનાઓ અને બેસૂરતાઓ જન્મતી હોય તો વ્યવહારુ ડહાપણ તો માત્ર એ જ ગણાય કે આપણે એ ત્રિગુણથી અતીત થઈ જઈએ અને જે હમેશાં એ ત્રિગુણથી અતીત છે તેની પરમ શાંતિમાં સ્થિર થઈએ. જો ક્ષર વ્યક્તિત્વની આસક્તિ એ જ આપણી જાત વિશેના આપણા અજ્ઞાનનું, આપણી પોતાની જાત અને જીવન સાથેની તેમ જ બીજાઓની સાથેની બેસૂરતા અને ઝગડા-ઓનું મૂળ હોય અને જો કોઈ એવું વ્યક્તિત્વહીન અદ્વૈત હોય કે જે પોતે પોતાની જ જાત સાથે કાયમ એકરૂપ અને એકસૂર હોવાથી જેમાં પેલી બેસૂરતા અને અજ્ઞાન અને નિરર્થક અને ધાંધાટિયા ધમપછાડા હોય જ નહિ તો આપણે આપણા આત્મામાં એ વ્યક્તિત્વહીનતા અને અચલ એકરૂપતાને પ્રાપ્ત કરવી એ જ માનવ-પ્રયત્નનો એકમાત્ર એવો માર્ગ અને લક્ષ્ય ગણાય કે જેને આપણી બુદ્ધિ "સાચી વ્યવહારુતા"નું નામ આપી શકે.

આવું એક અદ્વૈત, વ્યક્તિત્વહીનતા, ગુણોની લીલામાંથી મુક્તિ હયાત છે જ કે જે આપણને આ પ્રકૃતિના – આ પ્રકૃતિ કે જે મન, પ્રાણ અને શરીરની દ્વારા પોતાના સાચા સંબંધોનું રહસ્ય અને ઉકેલ સનાતન કાળથી શોધી રહી છે – તેના ઉત્પાત અને ઉછાળામાંથી ઊંચે ઉઠાવી શકે તેમ છે. અને માનવજાતનો પ્રાચીન અને પરમ અનુભવ તો એવો છે કે માત્ર તેની પ્રાપ્તિથી જ, માત્ર વ્યક્તિત્વહીન, અદ્વૈત, નિશ્ચલ, આત્મસ્થિત થવાથી જ, આ મન અને પ્રાણના સ્તરમાંથી ઉપર જઈ જે સદાકાળ તેમનાથી પર છે એવા સ્તરમાં પહોંચવાથી જ કાયમી (કારણકે સ્વયંભૂ) શાંતિ અને આંતરિક મુક્તિ મેળવી શકાય છે. એટલે જ્ઞાનયોગનું સૌથી પહેલું લક્ષ્ય પણ

એ જ છે; અને એક રીતે તો તેનું વિશિષ્ટ અને સારરૂપ લક્ષ્ય પણ એ જ છે. પણ આપણે તો વારંવાર કહ્યું જ છે કે આ લક્ષ્ય ભલે સહુથી પહેલું હોય પણ પૂર્ણ તો નથી જ; સારરૂપ ભલે હોય, સંપૂર્ણ તો નથી જ. જે જ્ઞાન આપણને માત્ર એ જ શીખવે કે સાપેક્ષતામાંથી બહાર નીકળી નિરપેક્ષતામાં કેમ ચાલ્યા જવું, વ્યક્તિ–સ્વરૂપમાંથી વ્યક્તિત્વ–હીન કેવી રીતે બનવું, અનેકવિધતામાંથી એકાકાર એકરૂપતા કેમ મેળવવી, એ જ્ઞાન પૂર્ણ ના હોઈ શકે. એ જ્ઞાને આપણને આ સાપેક્ષ લીલાનો, આ અનેકવિધતાની સમગ્ર વિભન્નતાનો, આ વ્યક્તિસ્વરૂપોની અથડામણ અને આંતરકાર્યનો પણ ઉકેલ અને રહસ્ય (કે જે આ સમગ્ર વિશ્વ–વ્યાપી અસ્તિત્વ શોધી રહ્યું છે) તે પણ મેળવી આપવા જોઈએ. વળી, જ્ઞાન જો આપણને માત્ર કોઈ ખ્યાલ જ આપે પણ તેને અનુભવ–સિદ્ધ બનાવી ના શકે તોપણ એ પૂર્ણ ના કહેવાય; આપણે ઉકેલ અને રહસ્ય એટલા માટે શોધીએ છીએ કે આ ઘટનાઓ જેને રજૂ કરે છે તે વાસ્તવિકતા વડે એ ઘટનાઓને આપણે નાથી શકીએ, તેના બેસૂરતાઓને તેમની પાછળ રહેલ એકસૂરતા અને એકરૂપતાના તત્ત્વ વડે એકરાગ કરી શકીએ, અને આ દુનિયાના ચડતા–પડતા ઉછાળાઓમાંથી તેની સાર્થકતા–રૂપ સંવાદમાં પહોંચી શકીએ. દુનિયાના દિલની ઝંખના માત્ર શાંતિ નથી પણ સાર્થકતા પણ છે; અને પરિપૂર્ણ અને કાર્ય–સાધક આત્મ–જ્ઞાને તેને એ જ મેળવી આપવાની છે; શાંતિ એ તો સાર્થકતાનો માત્ર કાયમી આધાર, અંતહીન અવસ્થા, કુદરતી વાતાવરણ જ હોઈ શકે.

વળી જે જ્ઞાન અનેકવિધતા, વ્યક્તિત્વ, ગુણો, સંબંધોની લીલા, એ બધાંનું રહસ્ય શોધી કાઢે તેણે વ્યક્તિત્વહીન અને વ્યક્તિ-સ્વરૂપનું મૂળ એ બેની વચ્ચે, નિર્ગુણ અને ગુણો દ્વારા પ્રગટ થનાર સગુણ એ બેની વચ્ચે તથા અસ્તિત્વની એકતા અને તેની જ અનેક-મુખી વિવિધતા એ બેની વચ્ચે પણ સાચી તાત્ત્વિક એકરૂપતા તથા શક્તિની ઘનિષ્ઠ એકતા છે એમ દેખાડી આપવું પડશે. એમની વચ્ચે વિશાળ ખાઈ વણપૂરી રાખનાર જ્ઞાન તર્કબુદ્ધિને ભલે ગમે તેટલું સતર્ક લાગે કે જાતના ભાગલા પાડી અનુભવાતી અનુભૂતિને ભલે ગમે તેટલું સંતોષકારક લાગે પણ તે અંતિમ જ્ઞાન હોઈ જ ના શકે. સાચાં જ્ઞાને શોધવાનું છે તે અદ્વૈત એવું હોવું જોઈએ કે જે ભલે વિવિધતાની સમગ્રતાથી અધિક હોય છતાં એ સઘળી વિવિધતાને પોતાનામાં સમાવતું હોય,—અને નહિ કે એવું અદ્વૈત કે જે એમ કરવા અસમર્થ હોય અને તેને હડસેલી દેતું હોય. કારણ કે સર્વવ્યાપી અસ્તિત્વમાં

પોતાનામાં અથવા તો એ સર્વવ્યાપી અસ્તિત્વ અને કોઈ પરાત્પર અદ્વૈત એ બેની વચ્ચે દ્વૈતની અસલ, ન પુરાય તેવી કોઈ ખાઈ હોઈ શકે નહિ. અને જેવું જ્ઞાનનું તેવું જ અનુભૂતિનું અને સાર્થકતાનું. જે અનુભૂતિમાં એ વિરોધી તત્ત્વોની વચ્ચે આખરે આવી કોઈ અસલ, ન પુરાય તેવી ખાઈ આવી પડે અને, બહુ બહુ તો, એકમાંથી કૂદીને બીજામાં ચાલ્યા જવામાં જ જે સફળ નીવડે પણ જે એ બંનેને આવરી ના લે અને એક ના બનાવી દે એ આખરી અનુભૂતિ ના કહેવાય. આપણે વિચારો વડે, કે વિચારથી પર જ્ઞાન-દૃષ્ટિ વડે, કે સાક્ષાત્કારનાં શિખર અને સાર્થકતા જેવી, આપણી જ જાતમાં થતી પૂર્ણ આત્માનુભૂતિ વડે અદ્વૈતને જાણવા માગતા હોઈએ તો ભલે આપણે તેમ કરીએ પણ એ રીતે જાણેલું એ "પૂર્ણ-સંતોષદાયક" અદ્વૈત, વિચારી શકાય, જોઈ શકાય, અનુભવી શકાય અને જીવી શકાય તેવું હોવું જ જોઈએ. અનેકરૂપતામાં વ્યક્ત થવાથી જે અદ્વૈતની એકરૂપતા અટકી જતી નથી કે અદૃશ્ય થતી નથી, ગુણોના બંધનમાંથી મુક્ત હોવા છતાં જે અનેક ગુણધારી છે, સર્વ સંબંધોને સમાવવા અને જોડવા છતાં જે હમેશાં નિરપેક્ષ રહે છે, કોઈ એક વ્યક્તિ ના હોવા છતાં જે સર્વ વ્યક્તિઓ છે (કારણકે તે સર્વ-અસ્તિત્વ છે અને એકમાત્ર, અદ્વિતીય, સચેતન, પરમ અસ્તિત્વ પણ છે) તે જ અદ્વૈત એવું છે કે જેના ખ્યાલ, દર્શન અને અનુભૂતિમાં એ બધું શક્ય છે. આપણે જેને આપણી જાત કહીએ છીએ તે વ્યક્તિભૂત કેન્દ્રોની સમક્ષ ઉચ્ચ અને અદ્ભુત, છતાં પૂરેપૂરું બુદ્ધિગમ્ય અને ઊંચામાં ઊંચી રીતે વ્યવહારુ અને લાભદાયક લક્ષ્ય તો એ જ છે કે પોતાની ચેતના દ્વારા આ દિવ્યતામાં દાખલ થઈ જવું અને તેની જ પ્રકૃતિને પોતાનામાં પુનઃપ્રગટ કરવી. આ જ છે આપણા પોતાના અસ્તિત્વની સાર્થકતા અને સાથે સાથે આપણા વૈશ્વિક અસ્તિત્વની પણ સાર્થકતા; વ્યક્તિની વ્યક્તિગત સાર્થકતા અને વ્યક્તિની, વિશ્વગત અનેકરૂપતા સાથે સંબંધિત સાર્થકતા. આ બે પાસાંઓ વચ્ચે કોઈ અપરિહાર્ય વિરોધ નથી; ઊલટાનું, આપણી પોતાની જાત અને વિશ્વની જાત એ બંને એક જ છે એ જાણ્યા પછી તેમની વચ્ચે એક ગાઢ એકતા પણ આવવી જ જોઈએ.

હકીકતમાં તો આ બધાં વિરોધી પાસાંઓ એ તો પરાત્પરતામાં રહેલ સચેતન પુરુષના પ્રાગટ્ય માટેના સંજોગો છે; અને આ સંજોગો ભલે ગમે તેટલા વિરોધી ભાસતા હોય છતાં એ પુરુષ તો, માત્ર તેમની પાછળ જ નહિ, પણ તેમની અંદર પણ એકસરખો જ રહેલો છે. અને એ સર્વને એકત્ર રાખતો જે અસલ આત્મ-પદાર્થ છે તથા જે તેમનો એક જ સારરૂપ

દાળો છે તેને, આપણા વિચારની સુગમતા ખાતર સચ્ચિદાનંદનું નામ આપવામાં આવેલું છે. સત્ એટલે કે અસ્તિત્વ, ચિદ્ એટલે કે ચેતના અને આનંદ એ જ છે સર્વવ્યાપી અવિભાજ્ય, દિવ્ય ત્રિ–સ્વરૂપ. ખરેખર તો તેમને છૂટાં પાડી શકાતાં જ નથી; પણ આપણું મન અને મન વડે થતી અનુભૂતિઓ તેમાં ભેદભાવ જુએ છે એટલું જ નહિ પણ તેમને છૂટાં પણ પાડે છે. મન વિચારી અને કહી શકે છે કે "અરે, હું તો બે–ભાન હતું," (કારણકે કોઈ એમ તો ના જ કહી શકે કે "જુઓ, હું તો કેવું બેભાન છું"), અને તે વિચારી શકે– અને તેને એમ લાગે પણ ખરું– કે "અરે, હું તો દુઃખી છું, મારા આ જીવતરમાં જરાય સુખ નથી." પણ સાચી રીતે તો આમ બનવું અશક્ય છે. આપણું જે સાચું અસ્તિત્વ છે, "હું છું" એ જ જેનું સનાતન સ્વરૂપ છે અને જેના વિશે "તે હતું" એમ સાચી રીતે તો કહી શકાય જ નહિ તે કદી ય અને ક્યાં ય બે–ભાન, ભાન–હીન હોઈ શકે જ નહિ. "બે–ભાન" એટલે, સાચી રીતે તો, માત્ર "અન્ય–ભાન" જ; બાહ્ય પદાર્થોનું ભાન રાખતું, માનસિક ચેતનાનું મોજું, આપણી પ્રચ્છન્ન સ્વ–ચેતનામાં અને અસ્તિત્વના અન્ય પ્રદેશની આપણી સભાનતામાં ચાલ્યું જાય એ જ છે એ "બે–ભાન" અવસ્થા. આપણે આપણું દેહ–ભાન અને પરિસ્થિતિનું ભાન ભૂલીને અંતરમાં ડૂબી જઈએ છીએ એ વખતે, આપણે જ્યારે સૂતા હોઈએ કે આઘાત પામ્યા હોઈએ કે દવાના ઘેનમાં પડ્યા હોઈએ કે "મરી" ગયા હોઈએ ત્યારે જેટલા બે–ભાન હોઈએ છીએ તેના કરતાં કાંઈ વધારે બે–ભાન નથી હોતા. યોગમાં જે લોકોએ થોડીઘણી પણ પ્રગતિ કરી હોય તેમને માટે તો આ બહુ જ પ્રાથમિક વાત છે. અને તેમને આ વાત સમજવામાં જરા ય મુશ્કેલી નહિ પડે કારણકે પગલે પગલે અનુભૂતિથી એ સાબિત થતી હોય છે પણ અસ્તિત્વ અને અસ્તિત્વની આનંદ–રહિતતા એ બે કદી ય ભેગાં રહી ના શકે એ વાત સમજવાનું અને પ્રત્યક્ષ કરવાનું મુશ્કેલ છે. આપણે જેને અસુખ, શોક, દુઃખ, આનંદનો અભાવ વગેરે કહીએ છીએ તે બીજું કાંઈ નહિ પણ અસ્તિત્વના આનંદનું જ સપાટી પરનું એવું મોજું છે કે જે આપણા માનસિક અનુભવ–પ્રદેશ પર આવા, તદ્દન વિરોધી લાગે તેવા રંગ ધારણ કરે છે કારણકે આપણી આ ભેદભાવ પામેલી જાતમાં ખોટી રજૂઆતનું એક તરકટ બનવા પામે છે; પણ આપણી દીવાલ–બાંધી જાત એ તો આપણું અસ્તિત્વ જ નથી; એ તો છે આપણાં આત્મ–અસ્તિત્વના અનંત સમુદ્રે ઉછાળેલ સચેતન શક્તિની રંગહીન છાલક કે નાનોશો તરંગ. આ બાબત

સાક્ષાત કરવા માટે આ ઉપરછલ્લી ટેવોનાં જાળાંમાંથી, આપણા મનના બાલિશ તરકટમાંથી બહાર નીકળવું પડે (અને જ્યારે એમાંથી આપણે પાછળ કે બહાર ચાલ્યા જઈએ ત્યારે ખરેખર તો તે કેવી ઉપરછલ્લી છે, કેવી તો હાસ્યાસ્પદ રીતે નિર્બળ અને રજ-પૂર જ ઊંડી ઊતરેલી છે તે પ્રત્યક્ષ થાય છે અને ખૂબ નવાઈ પણ લાગે છે;) અને સાક્ષાત કરવું પડે સાચું અસ્તિત્વ, સાચી ચેતના અને અસ્તિત્વ તથા ચેતનાની સાચી અનુભૂતિ, સત્, ચિત્, અને આનંદ.

ચિત્ એટલે દિવ્ય ચેતના; એ આપણું માનસિક સ્વ-ભાવ નથી; આ માનસિક સ્વ-ભાન એ તો તેણે લીધેલો એક આકાર, તેનો એક ઊતરતો અને મર્યાદિત પ્રકાર કે ગતિ છે. આગળ જતાં અને આપણી તથા પદાર્થોની અંદર રહેલ આત્મા વિશે જાગ્રત થતાં આપણે જોઈ શકીશું કે વનસ્પતિમાં, ધાતુઓમાં, અણુમાં, વીજળીમાં, દરેક ભૌતિક વસ્તુમાં પણ એક જાતની ચેતના રહેલી છે; વળી આપણને એ પણ જણાશે કે એ ચેતના કંઈ આપણી માનસિક ચેતનાના કરતાં, બધી રીતે ઊતરતી અને મર્યાદિત જ નથી હોતી, ઊલટાની કેટલાંક જડ, "જીવન-હીન" સ્વરૂપોમાં તો તે વધારે ગાઢ, વેગીલી અને તીવ્ર પણ હોય છે,—હા, તે સપાટી પર ઓછી વિકસેલી હોય ખરી, તોપણ આ, આ પ્રાણમય અને ભૌતિક પ્રકૃતિની ચેતના એ પણ ચિત્ની સરખામણીમાં તો ચેતનાનું એક ઊતરતું અને તેથી મર્યાદિત સ્વરૂપ, પ્રકાર અને ગતિ છે. ચેતનાના આ ઊતરતા પ્રકારો એ એક સળંગ અસ્તિત્વમાં આવેલા નિમ્ન સ્તરો પરના ચેતન-દ્રવ્યમાંથી બનેલા છે. આપણી અંદર પણ આપણી અવ-ચેતન જાતમાં પણ એક એવો ક્રિયા-પ્રદેશમાં રહેલો છે કે જે પેલી જડ, "જીવન-હીન" ભૌતિક પ્રકૃતિની જ ચેતના છે અને તેમાંથી જ આપણી ભૌતિક જાતનો પાયો રચાએલો છે; વળી આપણી આજુબાજુની સૃષ્ટિમાં રહેલ વનસ્પતિ-જીવનનો તેમ જ પ્રાણીઓની ચેતનાનો પણ એક એક ક્રિયા-પ્રદેશ આપણી અંદર રહેલો છે. આ બધા પર આપણી વિચાર-પ્રધાન અને તર્ક-પ્રધાન સચેતન જાતનું એવું તો વર્ચસ્વ અને દાબ છે કે આ નિમ્ન-પ્રદેશોનું આપણને ખરેખરું ભાન નથી; આપણા એ ભાગો શું કરી રહ્યા છે તે આપણે તેમની પોતાની રીતે જાણી શકતા નથી, અને તેમની એ ક્રિયાઓ આપણે આપણાં વિચાર-પ્રધાન અને તર્ક-પ્રધાન મનની રીત અને તુલનાથી, અને તે પણ જેવીતેવી, અનુભવીએ છીએ. છતાં આપણે એટલું તો બરાબર જાણીએ છીએ કે આપણી અંદર એક પશુ રહેલું છે, અને તે જ પ્રમાણે પાકી છાપવાળો માનવ પણ રહેલો છે;—કાંઈક એવું રહેલું

છે કે જે જાગ્રત અંતઃપ્રેરણા અને આવેગોનું ગુલામ છે અને જે નથી વિચારવંત, નથી તર્ક-બદ્ધ; તો વળી એવું પણ રહેલું છે કે જે પોતાના અનુભવો પર વિચાર અને સંકલ્પને અજમાવે છે, તેમને એક ઉપરના સ્તરનાં અજવાળાં અને તાકાતથી તપાસે છે, અને કેટલેક અંશે તેમને પકડે છે, વાપરે છે અને બદલે પણ છે. પણ માનવમાં રહેલ આ પશુ એ તો આપણી અધો-માનવ જાતનો જાણે કે ઉપરી છે; તેના હાથ નીચે એવું તો ઘણું છે કે જે અધઃપશુ અને નર્યું પ્રાણિક છે, જે એવી અંધ-પ્રેરણા અને આવેગોથી કાર્ય કરે છે કે જેને રચતી સચેતનતા સપાટી પરથી નીચે ઊતરી ગએલી હોય છે. આ અધઃપશુ જાતની નીચે, જરા વધારે ઊંડે, અધઃપ્રાણી રહેલું છે. યોગથી આપણી જાતનું અસાધારણ જ્ઞાન અને અનુભૂતિ જ્યારે પ્રાપ્ત થાય છે ત્યારે આપણને ભાન થાય છે કે શરીરને પોતાને પણ તેની એક આગવી ચેતના છે, તેને પોતાની આદતો, આવેગો, અંધ-પ્રેરણાઓ છે, એક એવું જડ છતાં અસરકારક સંકલ્પબળ છે કે જે આપણી અન્ય જાતનાં સંકલ્પ-બળ કરતાં જુદી જાતનું હોઈ તેનો સામનો પણ કરી શકે છે અને તેનાં પરિણામો પર અસર પણ કરી શકે છે. આપણી આંતરિક મથામણોનો મોટો ભાગ આપણાં આ સંયુક્ત ઘડતરને લીધે તથા આ વિવિધ અને વિષમ-મુખી સ્તરોનાં આંતર-કાર્યને લીધે ઊભો થાય છે. માણસમાં આવું ઉત્ક્રાંત થએલું ઘડતર પડેલું છે, અને તેમાં છેક નીચેના, નર્યા ભૌતિક અને અધઃપ્રાણિક સ્તરથી માંડી, આજે તે જે મનોમય પ્રાણી છે ત્યાં સુધીના સર્વે સ્તરો સચવાએલા છે.

પણ આ ઉત્ક્રાંતિ એ ખરેખર તો આવિર્ભાવ છે, પ્રાગટ્ય છે; અને આપણામાં જેમ આ અધઃસામાન્ય જાત અને અધોમાનવ સ્તરો પડેલા છે તેમ આપણા મનોમય અસ્તિત્વની ઉપરના, અતિ-સામાન્ય અને અતિ-માનવ સ્તરો પણ રહેલા જ છે. એ સ્તરોમાં, અસ્તિત્વના વિશ્વમય ચેતન–પદાર્થરૂપ ચિત્ જુદી જાતની અવસ્થાઓ ધારણ કરે છે, જુદા પ્રકારો દ્વારા, જુદા નિયમોના આધારે, અને જુદી જાતની કાર્ય–શક્તિઓ વડે પ્રવૃત્ત થાય છે. વેદના ઋષિઓની શોધ મુજબ મનથી ઉપર શુદ્ધ સત્યનો, ઋતમ્‌નો સ્વયં–પ્રકાશિત. સ્વતઃ સિદ્ધ સંકલ્પનો સ્તર આવેલો છે કે જેના પ્રકાશ અને શક્તિને આપણાં મન, બુદ્ધિ, લાગણીઓ, આવેગો, સંવેદનો વગેરે પર અજમાવી શકાય છે; તથા આપણી ઇન્દ્રિયો અને પાશવી પ્રકૃતિ ઉપર આપણી બુદ્ધિ અને માનસિક સંકલ્પને અજમાવી આપણે જેમ તેમને આપણી બૌદ્ધિક અને નૈતિક રીતે ઉપયોગમાં લઈએ છીએ કે નિયંત્રિત કરીએ છીએ તે જ

પ્રમાણે આપણાં સર્વે અસ્તિત્વને પણ આ અસલ સત્યની પોતાની રીતે ઉપયોગમાં લઈ શકીએ છીએ કે નિયંત્રિત કરી શકીએ છીએ. ત્યાં કોઈ બાબતો શોધવા-મેળવવાની નથી હોતી, – સર્વે, સહજ રીતે હયાત જ હોય છે; ત્યાં સંકલ્પ અને સમજ, અંધ-પ્રેરણા અને આવેગ, ઇચ્છા અને અનુભવ, વિચાર અને વાસ્તવિકતા એમની વચ્ચે અથડામણ કે અલગતા નથી હોતી, પણ બધું જ હોય છે સંવાદ-મય, સહગામી, પરસ્પર સહાયક તથા મૂળમાં, વિકાસમાં અને પરિણામમાં સંયુક્ત. પણ આ સ્તરની પણ પેલે પાર અને તેની દ્વારા પહોંચી શકાય તેવા બીજા સ્તરો છે કે જેમાં ચિત્-અહીં આ અનેકવિધ સર્જન અને અનુભૂતિઓ માટે જેનો ઉપયોગ કરવામાં આવેલો છે એ વિવિધ ચેતનાનાં તાત્ત્વિક ઉગમ અને આદિ સંપૂર્ણતારૂપ ચિત્ પોતે પ્રગટ સ્વરૂપે દેખાય છે. ત્યાં સંકલ્પ-શક્તિ અને જ્ઞાન અને સંવેદન અને આપણી બીજી કાર્ય-શક્તિઓ, સામર્થ્યો, અનુભૂતિના પ્રકારો માત્ર સંવાદમય, સહગામી અને સંયુક્ત જ નહિ પણ ચેતનાની એક જ અવસ્થારૂપ અને એક જ શક્તિ-મય હોય છે. આ જ ચિત્ સ્વ-ભેદ સ્વીકારીને સત્યના સ્તર પર અતિમનસ બની રહે છે, મનના સ્તર પર બુદ્ધિ, સંકલ્પ, ઊર્મિ, સંવેદન વગેરે સ્વરૂપો સ્વીકારે છે અને નીચેના સ્તરો પર પ્રાણ કે શરીરની અંધ-પ્રેરણાઓ, આવેગો, અંધ-શક્તિની આદતો વગેરે એવા વેશ ધારણ કરે છે કે સપાટી પર તો એમ જ લાગે કે જાણે એ પોતે પોતાના કબજામાં જ નથી રહી. સર્વ કાંઈ ચિત્ છે; કારણકે સર્વ કાંઈ સત્ છે, સર્વ કાંઈ અસલ ચેતનાની વિવિધ ગતિઓ છે કારણકે સર્વ કાંઈ અસલ સત્-તાની વિવિધ ગતિઓ છે.

આપણે જ્યારે એ અસલ ચિત્તને શોધીને જોઈએ અને જાણીએ ત્યારે એ પણ ખબર પડે છે કે તેનું મૂળતત્ત્વ છે આનંદ, અસ્તિત્વનો નિજી આનંદ. આત્મ-પ્રાપ્તિ એટલે જ આત્માનંદ-પ્રાપ્તિ; આત્માની અપ્રાપ્તિ એટલે જ અસ્તિત્વના નિજાનંદની, વધારે કે ઓછી આંધળી શોધ. ચિતમાં સદાકાળ રહેલો છે પોતાનો નિજાનંદ; અને ચિત્ એ તો છે અસ્તિત્વનો વિશ્વવ્યાપી ચેતન-પદાર્થ; એટલે અચેતન વિશ્વવ્યાપી અસ્તિત્વ એ છે સચેતન નિજાનંદનો ધારક, વિશ્વવ્યાપી અસ્તિત્વના આનંદનો સ્વામી. ભગવાન ભલે સગુણ તરીકે કે નિર્ગુણ તરીકે, વ્યક્તિસ્વરૂપે કે વ્યક્તિત્વહીન સ્વરૂપે અનેકને સમાવતા એક તરીકે કે પોતાની તાત્ત્વિક અનેકતાને પ્રગટ કરતા એક તરીકે પ્રગટ થાય પણ તે હમેશાં પોતાના નિજાનંદ અને સર્વાનંદને ધારણ કરતો જ હોય છે કારણકે તે સદાકાળ સચ્ચિદાનંદ છે. આપણે પણ આપણું અસલ આત્મ-સ્વરૂપને તત્ત્વરૂપે અને વિશ્વરૂપે જાણવું અને ધારણ કરવું એ જ છે તાત્ત્વિક

અને વિશ્વવ્યાપી અસ્તિત્વના આનંદની, આત્માનંદની અને સર્વ-આનંદની પ્રાપ્તિ. કારણકે વિશ્વવ્યાપી અસ્તિત્વ એ જ છે સાત્ત્વિક સત્, ચિત્ અને આનંદનો અફાટ વિસ્તાર; અને એ વિસ્તાર જ્યાં જ્યાં અને જે કોઈ રીતે અસ્તિત્વ તરીકે પ્રગટ થાય ત્યાં ત્યાં ચેતના-તત્ત્વ હોવાનું જ, અને તેથી, આનંદ-તત્ત્વ પણ હોવાનું જ.

વ્યક્તિ તરીકે પ્રગટ થયેલ આત્મા પોતાની આ સાચી પ્રકૃતિ ધારણ કરતો નથી કે પોતાની અનુભૂતિનો આ સાચો પ્રકાર સાક્ષાત કરતો નથી તેનું કારણ એ જ છે કે તે પોતાની જાતને અસલ, તાત્ત્વિક અને વિશ્વરૂપ જાતમાંથી અલગ કરી નાખે છે અને અલગ આકસ્મિકતાઓ સાથે, નકલી રૂપ અને કરણ સાથે એકરૂપ બનાવી દે છે. આમ તે પોતાનાં મન, શરીર અને જીવન-પ્રવાહને પોતાની અસલ જાત માની લે છે; અને પછી ખુદ તેમને જ, તેમને પોતાને ખાતર વિશ્વસ્વરૂપની વિરુદ્ધ અને વિશ્વ પોતે પણ જેનું પ્રાગટ્ય છે તેની પણ વિરુદ્ધ, મેદાને પાડે છે. આ વિશ્વમાં તે મેદાનમાં પડે અને કોઈક મહાન અને ઊર્ધ્વ સાર્થકતાને ખાતર પ્રયત્ન કરે તે વાજબી જ છે; પણ ગેરવાજબી તો એટલું જ છે કે તે વિશ્વની વિરુદ્ધમાં અને વિશ્વરૂપનાં ખંડિત-અંગને આધીન થઈને મેદાને પડે છે. આ ખંડને,-સાચી રીતે તો ખંડિત અનુભૂતિઓના સમૂહને-, તે માનસિક અનુભૂતિઓના એક કૃત્રિમ કેન્દ્રની, માનસિક અહમ્‌ની આજુબાજુ ગૂંથી લે છે, તેને જ પોતાની જાત કહે છે; અને, આ બધાં બાહ્ય સ્વરૂપો ખુદ મોટામાં મોટાં અને સર્વ-સ્પર્શી સ્વરૂપો પણ જેના આંશિક આવિર્ભાવો જ છે તેવા પેલા મહાન અને ઊર્ધ્વ અસ્તિત્વને ખાતર જીવવાને બદલે તે આ અહમ્‌ને સેવવા માંડે છે અને તેને જ ખાતર જીવે છે. આ જ છે ખોટી જાતમાં બંધાએલું જીવન, અસલ આત્મ-જીવન નહિ; આ જ છે અહમ્‌ને ખાતર અને અહમ્‌ને આધીન જીવન, ભગવાનને ખાતર કે ભગવાનને આધીન જીવન નહિ. આવું પતન કેવી રીતે થયું, શા માટે થયું એ સવાલો વધારે તો સાંખ્ય-શાસ્ત્રના છે, યોગના નહિ. આપણે માટે તો એ જ વ્યવહારુ વાત કામની છે કે આવી અલગતાને લીધે જ આપણી જાત એટલી તો મર્યાદાવાળી બની ગઈ છે કે આપણે આપણાં અસ્તિત્વ અને અનુભૂતિના સાચા પ્રકારને ધારણ કરી શકતા નથી, અને તેથી જ આપણાં મન, પ્રાણ અને શરીરમાં બંધાઈ અજ્ઞાન, અશક્તિ અને યાતનાઓને આધીન બન્યા છીએ. અદ્વૈતની અપ્રાપ્તિ એ જ છે આદિ-કરણ. અદ્વૈતની પુનઃપ્રાપ્તિ, વિશ્વ-સ્વરૂપ સાથે અને વિશ્વ-સ્વરૂપે અહીં જે વ્યક્ત કરવાનું છે તેની સાથે અદ્વૈતની પુનઃપ્રાપ્તિ એ જ છે સર્વોચ્ચ સાધન.

આપણે આપણી પોતાની તેમ જ અન્ય સર્વની સાચી જાતને સાક્ષાત કરવાની જ છે; અને સાચી જાતનો સાક્ષાત્કાર એ જ છે સચ્ચિદાનંદનો સાક્ષાત્કાર.

પ્રકરણ : ૧૩

# મનોમય માનવની મુશ્કેલીઓ

જ્ઞાનયોગની ચર્ચામાં આપણે કેટલા આગળ વધ્યા તે તપાસતાં જણાય છે કે આપણે શરૂઆતમાં કહેતા હતા કે મન, પ્રાણ અને શરીરથી અતીત એવા આપણા અસલ અસ્તિત્વનો, આત્માના શુદ્ધ સ્વરૂપનો સાક્ષાત્કાર કરવો એ યોગ-માર્ગનું પહેલું લક્ષ્ય છે; પણ હવે આપણે એમ કહેતા થયા છીએ કે એ પૂરતું નથી, અને તેથી, પરમાત્માને, બ્રહ્મને તેનાં મૂળ તાત્ત્વિક સ્વરૂપોમાં, તથા ખાસ કરીને તો સચ્ચિદાનંદ તરીકેની તેની ત્રિ-મુખી વાસ્તવિકતામાં પણ સાક્ષાત કરવાનો જ છે. માત્ર શુદ્ધ અસ્તિત્વ જ નહિ પણ શુદ્ધ ચેતના તથા અસ્તિત્વ અને ચેતનાનો શુદ્ધ આનંદ એ પણ પરમાત્માની વાસ્તવિકતા અને બ્રહ્મનું મૂળ-તત્ત્વ છે.

વળી, પરમાત્મા કે સચ્ચિદાનંદના બે જાતના સાક્ષાત્કાર થઈ શકે છે. એક છે : નીરવ, નિષ્ક્રિય, શાંત, આત્મ-મગ્ન, આત્મ-પર્યાપ્ત સત્, ચિત્ અને આનંદ તરીકેનો; વ્યક્તિત્વહીન, નિર્ગુણ, વિશ્વની અનંત લીલાથી વિમુખ કે તેને ઉદાસીનતા અને નિર્લેપતાથી નિહાળતા દ્રષ્ટા તરીકેનો. બીજો છે તો એ જ સત્, ચિત્ અને આનંદનો સાક્ષાત્કાર પણ એક સર્વોપરિ અધિષ્ઠાતા, મુક્ત, વિશ્વના સ્વામી તરીકેનો; અવિચલિત શાંતિમાંથી સક્રિય થઈ, પોતાની સનાતન આત્મ-એકાગ્રતામાંથી પોતાની જાતને અનંત ગુણ અને કર્મોમાં રેલાવી રહેલ કર્તા તરીકેનો; વ્યક્તિ-સ્વરૂપોની આ લીલાને એક વિશાળ, સમતા-પૂર્ણ વ્યક્તિત્વહીનતામાં ધારણ કરી રહેલ પુરુષોત્તમ તરીકેનો; આસક્તિ વિના (છતાં પૂરેપૂરા અલગ અને અતડા થઈ ગયા વિના) એક દિવ્ય પ્રભુતા-પૂર્વક અને પોતાના સનાતન પ્રકાશ-પૂર્ણ આત્માનંદના અગણિત પ્રસારણ-પૂર્વક, વિશ્વની લીલાને પોતાના જ એક આવિર્ભાવ તરીકે,– એવો આવિર્ભાવ કે જેને તે પકડી રાખે છે ખરો પણ પોતે જેનાથી પકડાતો નથી, જેનું તે યથેચ્છ નિયંત્રણ કરતો હોવાથી પોતે તેનાથી બંધાએલો નથી એવા આવિર્ભાવને ધારણ કરનાર તરીકેનો. ધાર્મિક લોકો જેને વ્યક્તિરૂપ ભગવાન કે તત્ત્વચિંતકો જેને સગુણ બ્રહ્મ કહે છે તે જ આ નથી; આ તો એ છે કે

જેમાં વ્યક્તિ-સ્વરૂપ અને વ્યક્તિત્વ-હીન સગુણ અને નિર્ગુણ એ એક બનેલા છે; આ તો છે એ પરાત્પર કે જે એ બંને પોતાના અસ્તિત્વમાં ધારણ કરે છે અને પોતાના પ્રાગટ્યના પ્રકારો તરીકે એ બંનેને ઉપયોગમાં લે છે. એટલે, પૂર્ણયોગના સાધકના સાક્ષાત્કારનું લક્ષ્ય પણ આ જ છે.

આ રીતે જોતાં તરત જ સમજાઈ જાય છે કે મન, પ્રાણ અને શરીરમાંથી પાછા હઠી જતાં આપણને જે શુદ્ધ, શાંત આત્મ-પ્રાપ્તિ થાય છે તે, આપણે માટે તો આ વધારે વિશાળ સાક્ષાત્કારની માત્ર પાયારૂપ જ સિદ્ધિ છે. એટલે પાછા હઠી જવાની એ રીત આપણા યોગ માટે અધૂરી છે; કોઈક એવી રીતની જરૂર છે કે જે વધારે વ્યાપક અને નક્કર હોય. જે કાંઈ આપણી ભ્રામક જાત લાગતી હતી તથા એ ભ્રામક જાત જે ઘટનાત્મક વિશ્વનાં અંગરૂપ હતી તે સર્વેમાંથી પાછા હઠીને આપણે જે સ્વયં-ભૂ, સ્વયં-જાગ્રત બ્રહ્મ તરફ વળ્યા હતા તો હવે ફરીથી આપણે બ્રહ્મની એ સર્વ-ગ્રાહી સ્વયં-સત્તા, આત્મ-ચેતના અને નિજાનંદમાં આપણાં મન, પ્રાણ અને શરીરને ધારણ કરવાનાં છે આપણે વિશ્વ-લીલાથી સ્વતંત્ર એવાં કોઈ શુદ્ધ અસ્તિત્વની પ્રાપ્તિ કરીને અટકવાનું નથી પણ સર્વ અસ્તિત્વને આપણા પોતાના અસ્તિત્વ તરીકે ધારણ કરવાનું છે; આપણે આપણી જાતને સ્થળ અને કાળના પલટાથી પર એવી એક અનંત, અહમ્-રહિત ચેતના તરીકે જાણીને અટકવાનું નથી પણ સ્થળ અને કાળમાં વહી આવતી ચેતના અને તેની સર્જક-શક્તિની સાથે એક બની જવાનું છે; આપણે અગાધ શાંતિ અને નીરવતા ધારણ કરવાની શક્તિ મેળવીને અટકી જવાનું નથી પણ સમગ્ર વિશ્વના પદાર્થમાત્રમાં મુક્ત અને અનંત આનંદ મેળવાની શક્તિ પણ મેળવવાની છે, કારણકે નરી શાંતિ જ નહિ પણ આ પણ સચ્ચિદાનંદ છે, બ્રહ્મ છે.

જો અતિ-માનસિક સ્તર પર ઊંચે ચડી જવાનું અને ત્યાં સ્થિર થઈને વિશ્વને અને જાતને, ચેતનાને અને કર્મોને, સચેતન અનુભૂતિઓના આંતર-પ્રવેશને અને બાહ્ય-અભિસરણને દિવ્ય અતિમાનસિક શક્તિઓનાં બળથી અને તેમની જ રીતે સાક્ષાત કરવાનું સહેલાઈથી થઈ શકતું હોત તો તો ઉપર જણાવેલ સાક્ષાત્કાર મેળવવામાં ખાસ મુશ્કેલી ના નડત. પણ માણસ તો માનસિક પ્રાણી છે અને હજી સુધી અતિમાનસિક થએલ નથી. એટલે જ્ઞાન મેળવવા માટે અને આત્માને સાક્ષાત કરવા માટે તેણે મનથી જ શરૂઆત કરવી પડે અને તેમાં અતિમાનસિક સ્તર પરથી જે કાંઈ મદદ મળે તેનાથી સંતોષ લેવો પડે. આપણી હાલની ખરેખરી અવસ્થા આવી

હોવાથી આપણી યોગ-સાધનામાં અમુક બાધાઓ તથા પાયાની મુશ્કેલીઓ એવી રહેવાની કે જે ભગવાનની મદદથી કે કઠણ તપસ્યાથી જ દૂર કરી શકાય; હકીકતમાં તો, એ બંનેની સંયુક્ત સહાયથી જ એ દૂર થાય છે. આપણે આગળ વાત કરીએ તે પહેલાં પૂર્ણજ્ઞાનમાં, પૂર્ણસાક્ષાત્કારમાં, પૂર્ણ-પરિપૂર્ણતામાં આવતી આ મુશ્કેલીઓની વાત સંક્ષિપ્તમાં કરતી જ જોઈએ.

અસ્તિત્વની રચના જ એવી છે કે જેમાં સિદ્ધ માનસિક વ્યક્તિની અને સિદ્ધ આધ્યાત્મિક વ્યક્તિની ભૂમિકાના સ્તર તદ્દન જુદા જ રહ્યા છે. જો બીજી મહાન અને દિવ્ય છે તો પહેલી પણ મહાન તો છે જ પણ માનુષી છે. દિવ્ય સ્તરમાં રહેલાં છે ચાર દિવ્ય તત્ત્વો : અનંત અસ્તિત્વ, અનંત ચેતના અને સંકલ્પ, અનંત આનંદ અને અતિમનસનું અનંત, સર્વગ્રાહી અને સ્વયંસિદ્ધ જ્ઞાન; તો માનુષી સ્તરમાં રહેલાં છે ત્રણ માનુષી તત્ત્વો : મનોમય પુરુષ, પ્રાણમય પુરુષ અને અન્નમય પુરુષ. દેખાય છે એ પ્રમાણે તો આ બંને વિરોધીઓ છે, એકબીજાથી તદ્દન ઊલટાં છે. દિવ્યતા એ છે અનંત અને અમર અસ્તિત્વ; માનવ-જીવનને છે મર્યાદા કાળની, અવકાશની અને દેહની, એ જિંદગી એ જીવન બનવા ચાહતું મૃત્યુ છે અને એ મૃત્યુને એવું જીવન બનવું છે કે જે અમરતા છે. દિવ્યતા એ એવી અનંત ચેતના છે, જે, પોતે પોતાનામાં જે પ્રગટ કરે છે તેનાથી પર પણ રહે છે અને તેને પોતાનામાં સમાવે પણ છે; માનવચેતના એવી છે જેને અચિત્‌ની નિદ્રામાંથી ઉગારવામાં આવેલી છે, જે પોતાનાં જ સાધનોથી બંધાએલી છે, દેહ અને અહમ્‌થી મર્યાદિત છે અને જે બીજા દેહો અને અહમોની સાથે પોતાનો સંબંધ શોધવા આકર્ષણ અને સહાનુભૂતિ જેવી ભાવાત્મક તો વિરોધ અને દુશ્મનાવટ જેવી અભાવાત્મક રીતો અજમાવ્યા કરે છે. દિવ્યતા એ છે અવિચ્છેદ્ય નિજાનંદ અને અનુલ્લંઘનીય સર્વાનંદ; માનવતા એ છે આનંદ ઝંખતી, પણ માત્ર મઝા, બેપરવાઈ કે યાતના પામતી, મન અને દેહની સંવેદના. દિવ્યતા એ છે સર્વ કાંઈ સાધતું અતિમાનસિક સંકલ્પ-બળ; માનવતા એ છે ટુકડાઓ અને કકડાઓની સમજણ મેળવીને, તેમને જેમતેમ, આડાઅવળા સાંધીને, જ્ઞાન માટે ફાંફાં મારતું અજ્ઞાન; અને એ છે ધીમે પગલે વિસ્તરતા જ્ઞાનનાં પગલે પગલે, એવાં જ ધીમે પગલે વિસ્તરતા જોરનો આશરો લઈને શક્તિ અને સંકલ્પ સાધવા ઇચ્છતી કમજોરી; અને આ વિસ્તાર તે પામે છે જ્ઞાનની કકડા-ટુકડા-પદ્ધતિની માફક સંકલ્પની પણ કકડા-ટુકડા-પદ્ધતિ અજમાવી અજમાવીને. દિવ્યતા ઊભી છે અદ્વૈતના પાયા

પર, અને બધી જ પરાત્પરતાઓ અને સમગ્રતાઓની એ સ્વામી છે; માનવતા ટકી છે અલગ અલગ અનેકવિધતાના ઢગલા પર; અને તેમના ભાગલાઓ તથા ટુકડાઓ (તથા એ ભાગલાઓ અને ટુકડાઓનાં મુશ્કેલ જોડાણો અને સાંધાઓ) પર માલિકી દાખવવા છતાં હોય છે તેમની દાસ. આવાં આ બેની વચ્ચે માનવ સમક્ષ, પડેલાં છે એક પડદો અને એક ઢાંકણું; અને દિવ્યતાની પ્રાપ્તિ તો ઠીક પણ તેનાં જ્ઞાનની પણ પાસે જતાં માનવને રોકનાર પણ એ જ છે.

એટલે મનોમય પ્રાણી જ્યારે દિવ્યતાને જાણવા, સાક્ષાત કરવા, તેનામય બની જવા ઝંખે ત્યારે તેણે પ્રથમ તો આ ઢાંકણુ ઊંચકવું પડે છે, પડદો હઠાવવો પડે છે. પણ એ મુશ્કેલ કામ જ્યારે એ પાર પાડે છે ત્યારે જુએ છે કે દિવ્યતા એ તો પોતાના કરતાં ઘણી મહાન વસ્તુ છે, દૂર છે, ઊંચે છે, તેની બુદ્ધિ, પ્રાણ અને ખુદ શરીરથી પણ પર છે; અને પોતાના તુચ્છ સ્થાન પરથી તે તેને એવી ઊંચાઈએ જુએ છે કે જ્યાં, શકય હોય તો, તેણે ઊંચે ચડવાનું છે, અને જો એ શકય ના હોય તો તેણે તેને નીચે બોલાવવાનું છે કે જેથી પોતે તેને આધીન બને, અને આરાધે. તે, દિવ્યતાને એક ઊર્ધ્વ ભૂમિકા પર જુએ છે, અને પોતાના ખ્યાલ કે સાક્ષાત્કારને અનુલક્ષીને તેને એ અસ્તિત્વની એક પરમ અવસ્થા, એક સ્વર્ગ કે સત્ કે નિર્વાણ લાગે છે. અથવા તો તેને એક એવો પુરુષોત્તમ લાગે છે કે જે એ પોતે નથી,– અત્યારે તો નહિ જ–; પછી તે તેને ભગવાન કહી વિવિધ નામ આપે છે તથા તેને વ્યક્તિરૂપ કે વ્યક્તિત્વથી પર, સગુણ કે નિર્ગુણ, શાંત અને સ્થિર સામર્થ્ય કે સક્રિય સ્વામી અને મદદગાર ગણે છે,– અલબત્ત, આ પણ તેના પોતાના ખ્યાલ કે સાક્ષાત્કારને અનુલક્ષીને, કે પોતે જોએલ કે સમજેલ એ પરમપુરુષના કોઈ એક પાસા કે સ્વરૂપને આધારે. અથવા તો તે તેને એક એવી સર્વોચ્ચ વાસ્તવિકતા લાગે છે કે જેમાંથી તે પોતે અલગ પડી ગએલ છે કે જેનું પોતે એક જેવુંતેવું પ્રતિબિંબ છે; પછી, તે તેને પરમાત્મા કે બ્રહ્મ કહે છે અને તેને, પોતાના ખ્યાલ કે સાક્ષાત્કાર અનુસાર વિવિધ વિશેષણો આપે છે,–સત્, અસત્, તાઓ,[1] શૂન્ય, શક્તિ, અજ્ઞેય.

એટલે સચ્ચિદાનંદનો મન વડે સાક્ષાત્કાર કરવા જતાં સહુથી પહેલાં તો એ મુશ્કેલી આવવા સંભવ છે કે આપણે તેને ઉપર, પર (કે અમુક રીતે તો આજુબાજુ પણ) જોઈએ ખરા, છતાં તેની અને આપણી વચ્ચે એક

૧. તાઓ = સત્ય (ચીની શબ્દ)

–અનુવાદક

વણપુરાએલી, કે ખુદ ન પુરાય તેવી એક ખાઈ પણ દેખાવાની. ત્યાં આ અનંત અસ્તિત્વ તો છે જ પણ તેને જોનાર આ મનોમય પ્રાણીના કરતાં તે એક જુદી જ વસ્તુ છે; વળી આપણે ન તો આપણી જાતને એટલે ઊંચે ચઢાવીને તન્મય બની જઈ શકીએ છીએ ન તો તેને આપણા સુધી નીચે લાવી શકીએ છીએ કે જેથી આપણી અંગત કે વિશ્વરૂપ જાતમાં થતી અનુભૂતિ તેની આનંદપૂર્ણ અનંતતા બની જાય. આ મહાન, અમર્યાદ, સ્વાયત્ત ચેતના અને શક્તિ પણ છે જ; પણ આપણી ચેતના અને શક્તિ તેનાથી અલગ ઊભાં છે, તેની અંદર હોય તોપણ મર્યાદિત, તુચ્છ, નિરુત્સાહ છે, દુનિયાથી અને પોતાનાથી પણ ત્રાસી ગએલ છે, છતાં નજર સમક્ષની ઉચ્ચ વસ્તુમાં જોડાઈ શકાતું નથી. આ અમાપ અને અ-ડાઘ પરમાનંદ પણ છે જ; પણ આપણી જાત તો નિમ્ન પ્રકૃતિનાં સુખ દુઃખનું રમકડું છે, પોતાના જ દિવ્ય આનંદને નહિ માણી શકતું એક બાધું, જડશું સંવેદન છે. આ પરિપૂર્ણ જ્ઞાન અને તપસ્ પણ છે જ; પણ આપણી પાસે તો, દિવ્ય પ્રકૃતિમાં હિસ્સેદાર તો ઠીક પણ એકરાગ પણ નહિ બની શકનાર છે આ માનસિક લૂલું જ્ઞાન અને લંગડો સંકલ્પ. અને જો કદાચિત્ આપણે એનાં દર્શનનાં નર્યાં મસ્તીભર્યાં ધ્યાનમાં ચકચૂર રહીએ તો એટલો વખત તો આપણે આપણામાંથી મુક્ત બની જઈએ છીએ, પણ જેવા આપણી પોતાની ચેતનામાં ફરી પ્રવેશ્યા કે તરત જ પેલી ચકચૂરતામાંથી નીચે આવી પડવાના અને એ કાં તો થઈ જાય છે અદૃશ્ય કે ચાલી જાય છે દૂર અને બની જાય અસ્પૃશ્ય; ભગવાન ચાલ્યો જાય છે, દર્શન બંધ થાય છે; આપણે આવી પડીએ છીએ પાછા આપણી ક્ષણભંગુર જાતની તુચ્છતામાં.

ગમે તે હિસાબે આ ખાઈ પૂરવી જ રહી. અને મનોમય પ્રાણી માટે તેના બે સંભવિત રસ્તા છે. એક રસ્તો એ છે કે તેણે જબરજસ્ત, અતિ-દીર્ઘ, એકાગ્ર, આંધળિયો યત્ન કરીને, પોતાનામાંથી જ બહાર નીકળી, ઊંચે, પરમપદ પ્રાપ્ત કરવું. પણ આમ કરવા જતાં મને તેની પોતાની ચેતના છોડવી પડે, અને એક બીજી ચેતનામાં ઓગળી જવું પડે અને પોતાનો અંત ના આણે તોપણ કામચલાઉ કે કાયમી વિલીનતા તો સ્વીકારવી જ પડે, તેણે સમાધિમાં લીન થવું જ પડે. આથી જ રાજયોગ જેવી પદ્ધતિઓ જેને સર્વોચ્ચ સ્થાન આપે છે તે છે સમાધિ-અવસ્થા કે જેમાં મન પોતાની માત્ર સામાન્ય વૃત્તિઓ અને પ્રવૃત્તિઓમાંથી જ નહિ પણ બધા જ બહિર્મુખ કર્મો અને વૃત્તિઓ અને અસ્તિત્વમાંથી, અને તે પછી બધી જ આંતર-પ્રવૃત્તિમાંથી પણ ચેતનાને પાછી ખેંચી લે છે. આંતર-એકાગ્ર અવસ્થાને પરિણામે મનોમય

પુરુષને પરમ-ચેતનાના પોતાના કે તેનાં વિવિધ પાસાંઓના કે તેના વિવિધ સ્તરોના જુદી જુદી જાતના સાક્ષાત્કારો થાય પણ ખરા, પણ આદર્શ વાત તો એ જ છે કે મનમાંથી સંપૂર્ણ રીતે મુક્ત થઈ જવું અને માનસિક સાક્ષાત્કારોને પણ પાર કરીને નિરપેક્ષ સમાધિ પ્રાપ્ત કરવી કે જેમાં મન કે નીચેના અસ્તિત્વનું નામ-નિશાન ના રહે. પણ આવી અવસ્થા તો કોઈ વિરલા જ પ્રાપ્ત કરી શકે, અને તે પછી તેમાંથી બધા જ પાછા ફરી શકતા નથી.

એ તો સ્પષ્ટ જ છે કે માનસિક સચેતનતા એ જ મનોમય પ્રાણીઓની એકમાત્ર જાગ્રત અવસ્થા હોવાથી જ્યાં સુધી એ પોતાનું સર્વ જાગ્રત અસ્તિત્વ તથા બધું જ આંતર-મન છોડે નહિ ત્યાં સુધી એ બીજી અવસ્થામાં પ્રવેશી શકે નહિ. સમાધિ માટે આ જ કરવું પડે છે. પણ આ અવસ્થામાં કાયમ રહી શકાતું નથી; અથવા તો એ અવસ્થાને અ-ચોક્કસ લાંબી મુદત સુધી કોઈ વળગી રહે તોપણ ભૌતિક જીવન પરનાં કોઈ સખત કે સતત દબાણને પરિણામે વિક્ષેપ પડવાનો સંભવ રહે છે. અને માનસિક ચેતનામાં પાછા આવીએ એટલે નિમ્ન જાતમાં જ ફરીથી પાછા આવી પડવાના. એટલે જ એમ કહેલું છે કે જ્યાં સુધી દેહ અને દૈહિક જીવનને કાયમ માટે ત્યજી ના દઈએ ત્યાં સુધી માનવજીવનમાંથી સંપૂર્ણ મુક્તિ અને મનોમય અસ્તિત્વમાંથી પૂરેપૂરું આરોહણ અસંભવિત છે. આવા યોગનું અનુસરણ કરનાર યોગીની સમક્ષ રજૂ થએલો આદર્શ એ જ છે કે તેણે માનવજીવન અને માનસિક અસ્તિત્વ માટેની બધી જ ઇચ્છા અને નાનામાં નાની ચાહના પણ છોડી દેવી, દુનિયાથી પૂરેપૂરા અલગ થઈ જવું અને સમાધિની અતિ-એકાગ્ર અવસ્થામાં વધારેમાં વધારે ઉપરા ઉપરી તથા વધારે ને વધારે ઊંડા ઊતરતાં જઈને છેવટે, જ્યારે એ નરી-આંતરમુખ અવસ્થા પ્રાપ્ત થઈ હોય ત્યારે દેહનો ત્યાગ કરી દેવો કે જેથી કરીને ચેતના પરમ અસ્તિત્વમાં ભળી જાય. મન અને આત્મ-તત્ત્વ વચ્ચે રહેલા આ દેખીતા વિરોધને લીધે જ ઘણા ધર્મો અને યોગ-માર્ગોને આ દુનિયા વર્જ્ય ગણવી પડી છે અને કોઈ દૂરના સ્વર્ગ કે કોઈ ખાલી નિર્વાણ કે પરમપદના નિરંજન, નિરાકાર આત્મ-અસ્તિત્વ તરફ નજર નાખવી પડી છે.

પણ આ સંજોગોમાં દિવ્યતાને ઝંખતાં મને, પોતાની જાગ્રત અવસ્થાનું શું કરવું? કારણકે જો એ નાશવંત મનોમયતાને આધીન હોય, જો, શોક, ભય, ક્રોધ, વાસના, ભૂખ, લોભ, કામના વગેરે તેની ઉપર આક્રમણ કરી શકવાનાં જ હોય તો, દેહત્યાગ વખતે મનોમય પુરુષને સમાધિમાં લીન કરી દેવાથી આત્મા સદાને માટે પરમપદમાં સ્થિર થઈ શકશે એમ માનવું એ

બુદ્ધિ-પુરઃસર નથી. કારણકે માણુસની સામાન્ય ચેતના તો હજી, બૌદ્ધ ધર્મમાં જેને કર્મની સાંકળ કે કર્મનો પ્રવાહ કહે છે તેને જ વશ છે; હજી ય તે એવા શક્તિ-તરંગ ઉત્પન્ન કર્યા કરે છે કે જે ચાલ્યા જ કરવાના અને, તેમને ઉત્પન્ન, કરનાર મનોમય પુરુષના હજી ય હયાત જીવન પર જે, અસર કરવાના જ. અથવા, બીજી રીતે જોતાં, ચેતના એ જ નિર્ણાયક બાબત છે, અને નહિ કે શારીરિક અસ્તિત્વ (કારણકે એ તો માત્ર એક પરિણામ જ છે), તેથી માણુસની સામાન્ય અવસ્થા તો હજી પણ માનવીય જ રહે છે, અથવા, માનસિક પ્રવૃત્તિઓને આધીન તો રહે જ છે; તેથી ભૌતિક દેહનો ત્યાગ કરવાથી એનું કાંઈ નિરાકરણ થતું નથી; નાશવંત દેહમાંથી મુક્ત થવાથી કાંઈ નાશવંત મનમાંથી મુક્ત થવાતું નથી. વળી દુનિયા પ્રત્યેનો વૈરાગ્ય કે પ્રાણ-વિરોધી ઉદાસીનતા કે માનસિક અસ્તિત્વ પ્રત્યેનો તિરસ્કાર જોરદાર હોય એ પણ પૂરતું નથી; કારણકે એ પણ મનની જ નિમ્ન અવસ્થા કે પ્રવૃત્તિ છે. પરમ બોધ તો એ જ છે કે આત્મા પૂરેપૂરો મુક્ત થાય એ માટે મુક્તિની ઇચ્છા અને તેને આનુષંગિક સર્વે માનસિક વલણોથી પણ પર થવું જ પડે. એટલે મનને પોતાનામાંથી જ મુક્ત કરીને અસાધારણ અવસ્થાઓવાળી ઊર્ધ્વ ચેતનામાં લઈ જવા ઉપરાંત તેની જાગ્રત માનસિકતાનું પણ પૂરેપૂરું આધ્યાત્મિકરણ થવું જ જોઈએ.

એટલે અહીંયાં જ મનોમય પ્રાણી સમક્ષ એક બીજા માર્ગની શક્યતા ઊભી થાય છે. કારણકે જો મનમાંથી બહાર નીકળી અસ્તિત્વના દિવ્ય અતિમાનસિક સ્તર પર ઊંચે ચાલ્યા જવું એ એક શક્ય માર્ગ છે, તો બીજો શક્ય માર્ગ એ છે કે દિવ્યતાને પોતાનામાં નીચે બોલાવવી કે જેથી તેની મનોમયતા દિવ્યતાના રૂપમાં પલટાઈ જાય, દિવ્ય બની જાય, આધ્યાત્મિક બની જાય. આમ કરવા માટે, મનની એ શક્તિનો (કે જે વડે, તે જે જાણતું હોય, જેનો તેની ચેતના સાથે સંબંધ હોય, તેને જેની ધારણા હોય તેનું પ્રતિબિંબ તે ઊભું કરી શકે છે એ શક્તિનો) ઉપયોગ થઈ શકે, અને શરૂઆતમાં તો એમ જ કરવું પડે. કારણકે મન એ ખરેખર તો એક પ્રતિબિંબ ઝીલનાર અને વાહન બનનાર તત્ત્વ છે; તેની એક પણ પ્રવૃત્તિ આપમેળે ઊભી થતી નથી, એકેય એની પોતાની હોતી નથી. સામાન્ય રીતે મન મર્ત્ય પ્રકૃતિની અવસ્થાનું અને ભૌતિક વિશ્વના નિયમાનુસાર કાર્ય કરતી શક્તિની પ્રવૃત્તિઓનું પ્રતિબિંબ પાડે છે. પણ જો આ પ્રવૃત્તિઓનો અને માનસિક પ્રકૃતિના વિશિષ્ટ ખ્યાલ અને દૃષ્ટિનો ત્યાગ કરીને તે સ્વચ્છ, શાંત અને શુદ્ધ થાય તો કોઈ સ્વચ્છ દર્પણ અથવા તરંગ-હીન

અને અક્ષુબ્ધ પાણીમાં જેમ આકાશનું પ્રતિબિંબ પડે તેમ તેમાં ભગવાનનું પ્રતિબિંબ પડે. હજી સુધી જો કે તે ભગવાનને પૂરેપૂરું પામી શકતું નથી કે ભગવાનમય બનતું નથી તોપણ જ્યાં સુધી તેની આ શુદ્ધ નિષ્ક્રિયતા તે જાળવી રાખે ત્યાં સુધી તે ભગવાનના કે ભગવાનનાં જ્યોતિર્મય પ્રતિબિંબના કબજામાં રહે છે જ. જો તે સક્રિય બને તો ફરી પાછું મર્ત્ય પ્રકૃતિની ક્ષુબ્ધતામાં આવી પડે છે અને ભગવાનને બદલે તેનું પ્રતિબિંબ પાડવા માંડે છે. આથી જ મનની સો ટકા શાંતિ તથા શરૂઆતમાં સર્વે બાહ્ય કર્મો તથા પછીથી સર્વે આંતરિક ગતિઓમાંથી સંપૂર્ણ મુક્તિ એને આદર્શ તરીકે સામાન્ય રીતે રજૂ કરવામાં આવે છે; આમાં પણ જ્ઞાન–યોગના સાધકે એક જાતની જાગ્રત સમાધિ મેળવવી પડે. અનિવાર્ય ક્રિયાઓ તરીકે બાકી રહેશે ઇન્દ્રિયોની માત્ર સપાટી ઉપરનાં કર્મો અને યાંત્રિક ક્રિયાઓ કે જેમાં અંતે તો પ્રશાંત મન કાંઈ જ ભાગ લેતું નથી કે જેમાંથી તે કોઈ લાભ કે પરિણામ ઝંખતું નથી.

પણ પૂર્ણયોગ માટે આટલું પૂરતું નથી. જાગ્રત મનોમયતાની માત્ર અભાવાત્મક શાંતિ જ નહિ પણ તેનું ભાવાત્મક રૂપાંતર પણ કરવું જ પડે. અને રૂપાંતર શક્ય પણ છે જ; જો કે દિવ્યતાના સ્તરો છે તો માનસિક ચેતનાથી ઊર્ધ્વમાં જ અને ત્યાં પહોંચવા માટે, સામાન્ય રીતે આપણે મનને છોડીને સમાધિ અવસ્થામાં જવું પડે છે; પણ મનોમય સત્તામાં પણ સામાન્ય મનોમયતાના કરતાં ઉપરના એવા દિવ્ય સ્તરો આવેલા છે કે જે દિવ્ય સ્તરની પોતાની જ અવસ્થાઓ પર અહીંની મનોમયતાની આગળ પડતી અવસ્થાઓની અસર થાય છે. દિવ્યતાના સ્તર પર જે કાંઈ અનુભૂતિઓ થઈ શકે તે બધી જ આ સ્તરો પર પણ મેળવી શકાય છે પણ તે હોવાની માનસિક રીતની અને માનસિક જાતની. આગળ વધેલા માનવો જાગ્રત અવસ્થામાં પણ આ દિવ્ય મનોમયતાના સ્તરો પર પહોંચી શકે છે; અથવા એ પણ શક્ય છે કે તેઓ એ સ્તરોમાંથી અનુભૂતિઓનો અને અસરોનો એક એવો પ્રવાહ મેળવી શકે છે કે જે છેવટે તેમની સમગ્ર જાતને પણ ખુલ્લી કરી આપશે અને તેનું રૂપાંતર પણ કરી નાખશે. આ ઊર્ધ્વ માનસિક સ્તરો એ જ છે માનવની પરિપૂર્ણતા માટેનાં હાથવગાં સાધનો, મોજૂદ વિશાળ પ્રવાહો, આંતરિક નિવાસ–સ્થાનો.[2]

પણ આ સ્તરોમાં પહોંચવા જતાં કે તેમાંથી કાંઈક મેળવવા જતાં

---

૨. વેદમાં એમને જ માટે सदस्, गृह, क्षय, धाम, पद, भूमि, क्षिति, વગેરે શબ્દો વાપરેલા છે.

આપણી માનસિક મર્યાદાઓ વચ્ચે આવે છે. સહુથી પહેલાં તો, મનની પાકી કુટેવ છે અવિભાજ્યના ભાગલા પાડવાની; વળી તેનો નર્યો સ્વભાવ જ એવો છે કે એ એક વખતે એક જ બાબત સ્વીકારવાનું અને બીજી બાબતોને અળગી કરી નાખવાનું કે તેમને પેલી ભારપૂર્વક સ્વીકારેલી બાબતના કરતાં ગૌણ ગણવાનું. એટલે સચ્ચિદાનંદનો સ્વીકાર કરવા જતા એ તેના શુદ્ધ સત્ સ્વરૂપને પકડવાનું; અને તેથી ચિત્ અને આનંદ વિસરાઈ જવાનાં કે શુદ્ધ અનંત સત્‌ની અનુભૂતિ આગળ સુષુપ્ત પડ્યા રહેવાનાં; અને સાક્ષાત્કાર થવાનો કેવલાદ્વૈતનો, નિશ્ચલ–અદ્વૈતનો, અથવા તે ચિત્‌નો સ્વીકાર કરશે અને સત્ તથા આનંદ એ બે અનંત, પરાત્પર સામર્થ્ય અને ચિદ્–શક્તિ ઉપર આધાર રાખતાં બની જશે; અને સાક્ષાત્કાર થવાનો તંત્ર–માર્ગીય શક્તિનો. અથવા તો એ સ્વીકાર કરશે આનંદનો, જેથી સત્ અને ચિત્ આનંદમાં લય પામી જતાં લાગશે; તેમને કોઈ સ્વ–સચેતનતાનો કે સ્વ–સત્‌તાનો પાયો રહેશે નહિ; અને સાક્ષાત્કાર થવાનો બૌદ્ધ–માર્ગીય નિર્વાણનો. અથવા, અતિ-માનસિક જ્ઞાન, સંકલ્પ કે પ્રેમમાંથી તેની સમક્ષ રજૂ થતાં, સચ્ચિદાનંદના કોઈ એક પાસાનો સ્વીકાર કરશે, જેથી સચ્ચિદાનંદની અનંત વ્યક્તિત્વ–હીનતા લગભગ કે પૂરેપૂરી ભૂંસાઈ જઈ કોઈ એક દેવતાની અનુભૂતિ થશે; અને સાક્ષાત્કાર થશે વિવિધ ધર્મોનો; અને પ્રાપ્તિ થશે કોઈ એક પરમ–લોકની કે ભગવાન સાથે સંબંધિત, માનવ–આત્માની કોઈ દિવ્ય અવસ્થાનો. જેમને આ વિશ્વમાંથી છૂટી બીજે ક્યાંક ચાલ્યા જવું હોય તેમને માટે તો આ પૂરતું છે. કારણકે આ પૈકી ગમે તે એક સ્વરૂપ કે પાસામાં મન મુક્ત થતાં તેઓ પોતાની મનોમયતાના કોઈ દિવ્ય સ્તરની અવસ્થા મેળવીને કે તેના કબજામાં પોતાની જાગ્રત અવસ્થાને મૂકી દઈને તેઓ પોતાનો મનગમતો છુટકારો મેળવી લેશે.

પણ પૂર્ણયોગના સાધકે તો સર્વે પાસાંઓનો એવો મેળ કરવાનો છે કે જેથી તે સર્વે એક સર્વાંગી અને સમતોલ એકતા પામી સચ્ચિદાનંદનો સંપૂર્ણ સાક્ષાત્કાર બની રહે. અહીંયાં જ તેને મનની મોટામાં મોટી મુશ્કેલીનો સામનો કરવો પડે છે; એ છે : એકતા અને અનેક–વિધતાને એક સાથે જોડવાની તેની અશક્તિ. પણ, સત્ કે જે પોતે જ ચિત્ છે અને તે જ જે આનંદ છે એનો એક નર્યો અનંત, અને સાથે સાથે, સંપૂર્ણ અને સર્વાંગી સાક્ષાત્કાર કરવો અને સાચવવો એ કાંઈ સમૂળગું મુશ્કેલ નથી. વળી આ પરમ એકતાની અનુભૂતિમાં મન અનેકવિધતાને પણ આવરી શકે છે કે જેથી તે આ વિશ્વમાં વિશ્વના દરેક પદાર્થ, શક્તિ અને ગતિમાં પણ તે એકતાને

અંતર્ભૂત થએલી જોઈ શકે, અથવા તો તેની સાથે સાથે એ પણ અનુભવી શકે કે એ સચ્ચિદાનંદ આ સમગ્ર વિશ્વને પોતાનામાં ધારણ કરે છે અને તેના સર્વે પદાર્થોને ફરી વળેલ છે તથા તેની સર્વે ગતિઓને ઉત્પન્ન કરે છે. ખરેખર, આ સર્વે અનુભૂતિઓને એક કરવી અને તેમને સાચા મેળમાં મૂકવી એ મનને માટે મુશ્કેલ છે; તે છતાં, તે પોતાનામાં રહેલ અને સર્વત્ર અંતર્ભૂત બનેલ તથા સર્વ કોઈને પોતાનામાં સમાવતા સચ્ચિદાનંદને એક સાથે પ્રાપ્ત કરી શકે છે. પણ આની સાથે આ સર્વકાંઈ સચ્ચિદાનંદ જ છે એ આખરી અનુભૂતિને એક કરવી અને સર્વે પદાર્થો, ગતિઓ, ક્રિયાઓ, શક્તિઓ, સ્વરૂપો એ બધાંને પણ " તે " તરીકે જ ધારણ કરવાં એ મનને માટે મુશ્કેલમાં મુશ્કેલ છે. આમાંની કોઈ પણ બાબત અલગ અલગ સિદ્ધ કરી શકાય છે; એક પ્રાપ્ત કરી, તેને છોડી બીજી, એમ વારાફરતી બધી જ પ્રાપ્ત કરી શકાય છે અને આ નિમ્ન અને આ ઊર્ધ્વ છે એમ પણ કહી શકાય છે, પણ એક પણ છોડ્યા વિના બધાંને એકત્ર કરવાં, કોઈનો અસ્વીકાર કર્યા વિના બધાંને એકરૂપ કરવાં એ જ છે મોટામાં મોટી મુશ્કેલી.

## પ્રકરણ : ૧૪

# નિષ્ક્રિય અને સક્રિય બ્રહ્મ

પોતાના અને વિશ્વના અસલ અસ્તિત્વનો પૂર્ણ સાક્ષાત્કાર કરવામાં મનોમય પ્રાણીને જે મુશ્કેલી નડે છે તેના નિરાકરણ માટે આત્મ-વિકાસની બે જુદી જુદી રીત છે. એક તો, પોતાની જ જાતના એક સ્તર પરથી બીજા સ્તર પર એ વિકાસ પામતો જાય, અને તે દરેક સ્તર પર વિશ્વ અને સચ્ચિદાનંદ સાથે, તે સ્તર પરના પુરુષ અને પ્રકૃતિ, એટલે કે સચેતન-આત્મા અને પ્રાકૃતિક-આત્મા તરીકેની પોતાની એકરૂપતા સિદ્ધ કરતો જાય, અને પોતાના એ ઊર્ધ્વારોહણમાં પોતાના નિમ્ન ભાગોની ક્રિયાઓને પણ સાથે લેતો જાય એમ કરી શકાય; એટલે કે પોતાની જાતનો વિસ્તાર અને રૂપાંતર કરવાની એક જાતની સર્વ-ગ્રાહી પદ્ધતિ વડે ભૌતિક માનવમાંથી દિવ્ય કે આધ્યાત્મિક માનવ બનવાનો ઉત્ક્રાંતિ-માર્ગ એ સ્વીકારી શકે. એમ લાગે છે કે અતિ-પ્રાચીન કાળના ઋષિઓએ આ પદ્ધતિ સ્વીકારી હશે; ઋગ્વેદ અને કેટલાંક ઉપનિષદોમાં[1] આ બાબત નજરે ચડે છે. અથવા, બીજી રીતે, એ પોતાની મનોમય જાતના ઉચ્ચતમ સ્તર પર પહોંચીને શુદ્ધ આત્મ-અસ્તિત્વના સાક્ષાત્કારને પોતાનું સીધેસીધું લક્ષ્ય બનાવે અને ત્યાં પાકે પાયે સ્થિર થઈને તથા પોતાની મનોમયતાની પરિસ્થિતિ અનુસાર સ્વયં-ભૂ આત્મ-તત્ત્વ કેવી રીતે સર્વ-અસ્તિત્વરૂપ બને છે તે આધ્યાત્મિક રીતે સાક્ષાત કરે; પણ તેમ કરવા જતાં, અજ્ઞાનમય ઉત્ક્રાંતિની કાર્ય-ભૂમિરૂપે જે દ્વૈતભાવી, અહમ્-પ્રધાન ચેતના છે તેમાં તેણે નીચે ઊતરી પડવાનું નથી. આ પ્રમાણે, આધ્યાત્મિક બનેલ એક મનોમય જીવ તરીકે એ પોતાને વિશ્વવ્યાપી આત્મ-અસ્તિત્વમાં સચ્ચિદાનંદ સાથે એકરૂપ કર્યા પછી, તેનીય ઉપરના શુદ્ધ આધ્યાત્મિક અસ્તિત્વના અતિ-માનસિક સ્તર પર આરોહણ કરી શકે. જ્ઞાન-માર્ગના સાધકને ખાતર આપણે આ બીજી પદ્ધતિનાં સોપાન પર નજર નાખીશું.

અહમ્, મન, પ્રાણ અને શરીર સાથે કરેલી પોતાની એકરૂપતાનો

---

૧. ખાસ કરીને તૈત્તિરીય ઉપનિષદમાં

ઇન્કાર કરવાની પદ્ધતિનો જ્યારે સાધક આશરો લે છે ત્યારે તે જ્ઞાનમાર્ગ દ્વારા એક એવા શુદ્ધ, શાંત, સચેતન અસ્તિત્વને સાક્ષાત કરે છે કે જે એક-રૂપ, અખંડ, પ્રશાંત, નિષ્ક્રિય અને વિશ્વલીલાથી અવિચલિત હોય છે. આ પરમ આત્મતત્ત્વ આ વિશ્વ સાથે માત્ર એક નિર્લેપ સાક્ષી તરીકેનો જ સંબંધ રાખતો લાગે છે; તે નથી હોતો તેની પ્રવૃત્તિઓમાં જરા પણ અટવાએલો કે તેની અસર નીચે આવતો,– અરે તેનો સ્પર્શ સરખો તે પામતો નથી. ચેતનાની આ અવસ્થાને જો હજી પણ વધારે આગળ લઈ જવામાં આવે તો સાધકને એક એવા આત્મ-તત્ત્વનું ભાન થાય છે કે જે વિશ્વના અસ્તિ-ત્વથી હજી પણ વધારે દૂર વસેલ હોય; વિશ્વમાં જે કાંઈ છે તે એક રીતે એ આત્મ-તત્ત્વમાં હોવા છતાં તેની ચેતનાને માટે તે પરાયું હોય છે, તેનુ અસ્તિત્વ હોય છે; કોઈક અવાસ્તવિક મનમાં તેનું અસ્તિત્વ હોય, એક સ્વપ્ન હોય, અને તેથી એક ભ્રમ હોય એમ લાગે છે. આ નિર્લેપ અને પરાત્પર, પરમ વાસ્તવિક અસ્તિત્વનો, પોતાની જ જાતના શુદ્ધ પરમ-આત્મ તરીકે પણ સાધકને સાક્ષાત્કાર થાય; અથવા, જાત વિશેનો પોતાનો ક્ષુદ્ર ખ્યાલ અને પોતાનું અસલ અસ્તિત્વ પણ તેમાં લુપ્ત થઈ ગએલું લાગે કે જેથી કરીને મનને તો તે માત્ર એક અજ્ઞેય તત્ લાગે, માનસિક ચેતનાને તે જાણી ના શકાય તેવું તથા વિશ્વ સાથે કોઈ પણ જાતના ખરેખરા સંબંધ કે વ્યવ-હારની શકયતા પણ ના હોય તેવું લાગે. મનોમય પુરુષને તે એક શૂન્ય તરીકે, એક અ-ભાવ તરીકે (પણ વિશ્વમાં જે કાંઈ છે તેના જ અ-ભાવ તરીકે, વિશ્વમાં જે કાંઈ છે તેની જ શૂન્યતા તરીકે) અને છતાં એકમાત્ર પરમ વાસ્તવિકતા તરીકે સાક્ષાત થાય. આ પરમ પરાત્પર પર એકાગ્ર થઈ ને હજી પણ આગળ વધવું એટલે પોતાનાં માનસિક-અસ્તિત્વ અને વિશ્વ-અસ્તિત્વને સમૂળગાં ગુમ કરી દેવાં, અને પરમ અજ્ઞેયમાં પોતાની જાતને ડુબાડી દેવી.

પણ પૂર્ણ-જ્ઞાનનો યોગ તો ઊલટાનો, વિશ્વના અસ્તિત્વમાં દિવ્યતા-પૂર્ણ પુનઃપ્રવેશ કરવાનું કહે છે; અને તેનું પહેલું પગથિયું છે પરમાત્માનો સર્વસ્વ તરીકેનો, સર્વમ્ બ્રહ્મનો સાક્ષાત્કાર. પ્રથમ, સ્વયંભૂ પર એકાગ્ર થઈ ને એવો સાક્ષાત્કાર કરવાનો છે કે આપણું મન તથા ઇન્દ્રિયો જેને અનુભવે છે તે સઘળું તો આપણી ચેતના સમક્ષ રજૂ થતું, શુદ્ધ પરમાત્મામાં– આપણે પોતે જ જે બની ગયા છીએ તે શુદ્ધ પરમાત્મામાં–હયાતી ધરાવતા પદાર્થોનું એક નિરૂપણ છે. શુદ્ધ પરમાત્માનું આ દર્શન માનસિક સમજ અને સંકલનાની સમક્ષ એક એવી અનંત વાસ્તવિકતા તરીકે આકાર લે છે

કે જેમાં બધું જ હયાતી ધરાવે છે માત્ર નામરૂપ તરીકે; કાંઈ તદ્દન અ-વાસ્તવિકતા તરીકે કે ભ્રમ કે સ્વપ્ન તરીકે નહિ તોપણ ચેતનાના એક સર્જન તરીકે; અનુભવી શકાય અને સૂક્ષ્મ રીતે સંવેદન પામી શકાય તેવું, પણ નિજી પદાર્થ-તત્ત્વ વિનાનું. ચેતનાની આ અવસ્થામાં બધું ભલે સ્વપ્ન જેવું ના લાગે તોપણ સ્થગિત, ગતિ-હીન, શાંત, નિર્લેપ પરમાત્માની એક જાતની રજૂઆત જેવું, કઠ-પૂતળીના ખેલ જેવું લાગે છે. આપણું પોતાનું બાહ્ય અસ્તિત્વ પણ આ કાલ્પનિક પ્રવૃત્તિના એક અંગ તરીકે, અન્ય આકારો વચ્ચે મન અને શરીરના એક યાંત્રિક આકાર તરીકે અને આપણી જાત અન્ય નામો વચ્ચે, જાતના એક નામ તરીકે બની રહે છે, અને, સર્વગ્રાહી, નિશ્ચલ આત્મ-સચેતનતાવાળા આ પરમાત્મામાં આપમેળે ગતિ કરે છે. આ અવસ્થામાં દુનિયાની સક્રિય ચેતનાનું આપણા સાક્ષાત્કારમાં સ્થાન રહેતું નથી કારણકે આપણી અંદર વિચાર-શક્તિ સ્થિર થઈ ગઈ હોવાથી આપણી ચેતના સંપૂર્ણપણે નિશ્ચલ અને નિષ્ક્રિય થઈ ગઈ હોય છે,- આપણે જે કાંઈ તે યંત્રવત્ થતું લાગે છે, આપણી સક્રિય સંકલ્પ-શક્તિ કે જ્ઞાનમાંથી તે શરૂ થતું લાગતું નથી; જો વિચારો આવે તોપણ તે બીજા બધાંની માફક, આપણી શારીરિક હિલચાલની માફક, વનસ્પતિ અને ભૌતિક તત્ત્વોમાં પ્રકૃતિનાં અદૃશ્ય બળો વડે થતી ક્રિયાઓની માફક, યંત્રવત્ થાય છે; તે આપણી પોતાની જાતની કોઈ ક્રિયાશીલ ઇચ્છાથી થતા નથી. કારણકે પરમાત્માનું આ સ્વરૂપ ગતિ-હીન છે અને જે ક્રિયાઓને તે સંમતિ આપે છે તેની તે ન તો શરૂઆત કરે છે ન તો તેમાં ભાગ લે છે. તેનું આ સ્વરૂપ "સર્વ કાંઈ" છે તેનો અર્થ એટલો જ કે તે અનંત "એકમાત્ર" છે, તે અક્ષર છે અને સર્વે નામરૂપોને પોતાનામાં સમાવે છે.

ચેતનાની આ અવસ્થાના મૂળમાં રહેલો છે શુદ્ધ આત્મ-અસ્તિત્વનો મન વડે થતો એકદેશીય સાક્ષાત્કાર કે જેમાં ચેતના નિશ્ચલ અને નિષ્ક્રિય હોય છે; તે "હોવું"ની શુદ્ધ સ્વ-જાગ્રતિમાં વિશાળ રીતે ડૂબેલી હોય છે; તે નથી હોતી સક્રિય કે નથી હોતી તેનામાં કાંઈક "થવાની" વૃત્તિનો ઉદ્ભવ. હજી વિશિષ્ટ રૂપ નહિ પામેલ તદ્રૂપતાના સ્વ-ભાનમાં તેનું જ્ઞાન-સ્વરૂપ શાંત પડ્યું હોય છે; અને શાંત પડ્યું હોય છે તેનું શક્તિ અને સંકલ્પનું સ્વરૂપ, ન બદલી શકાય તેવી અક્ષરતાના સ્વ-ભાનમાં. અને છતાં તેને ભાન હોય છે નામ અને રૂપનું, પ્રવૃત્તિ-માત્રનું; પણ આ પ્રવૃત્તિ પરમાત્મામાંથી ઉદ્ભવતી નથી લાગતી, પણ જાણે તેના પોતાનામાં જ રહેલ કોઈ અંતર્ગત બળને પરિણામે થતી હોય અને પરમાત્મામાં તો માત્ર તેનું પ્રતિબિંબ જ પડતું હોય તેમ લાગે છે.

બીજી રીતે કહેતાં મનોમય પુરુષે, એકદેશીય એકાગ્રતા સ્વીકારીને ચેતનાના સક્રિય સ્વરૂપને પોતાથી દૂર રાખ્યું હોય છે, નિશ્ચલ સ્થિતિ સ્વીકારી હોય છે અને એ બેની વચ્ચે અવ્યવહારની એક દીવાલ બાંધી હોય છે; નિષ્ક્રિય અને સક્રિય બ્રહ્મની વચ્ચે એક ખાઈ હોય છે અને તેની બે બાજુએ તે બે ખડાં હોય છે; તેઓ એકબીજાને જોઈ શકે છે ખરાં પણ વચ્ચે નથી રહેતો કાંઈ સંપર્ક, કાંઈ સહાનુભૂતિનો સ્પર્શ કે એક એકતાનો કોઈ અનુભવ. એટલે નિષ્ક્રિય પરમાત્માને સર્વ સચેતન સત્તા નિષ્ક્રિય જાતની લાગે છે; તેને સર્વ સક્રિયતા પોતે ચેતન–હીન, અને તેની ગતિ જડ લાગે છે. આ અવસ્થાનો સાક્ષાત્કાર જ જૂના સાંખ્ય–મતના મૂળમાં રહેલો છે. તે મત પ્રમાણે પુરુષ એટલે કે સચેતન આત્મા એ એક નિષ્ક્રિય, સ્થિર, અક્ષરતત્ત્વ છે; પ્રકૃતિ એટલે કે કુદરતનું આત્મતત્ત્વ (કે જેમાં મન અને બુદ્ધિનો પણ સમાવેશ થાય છે) એ સક્રિય, ક્ષર અને યંત્ર જેવી જડ છે પણ તેનું પ્રતિબિંબ પુરુષમાં પડે છે કે જે તેનાં એ પ્રતિબિંબ સાથે પોતાને તદ્રૂપ માને છે અને તેને પોતાની ચેતના વડે પ્રકાશિત કરે છે. પુરુષ જ્યારે આમ તદ્રૂપ થવાનું બંધ કરે છે ત્યારે પ્રકૃતિમાંથી પ્રવૃત્તિનો આવેગ ખરી પડવા માંડે છે અને તે સુસ્થિર અને સમતોલ થવા માંડે છે. આ જ અવસ્થાનાં વેદાંતિક દર્શનને પરિણામે એવો મત ઊભો થયો કે નિષ્ક્રિય આત્મતત્ત્વ કે બ્રહ્મ એ જ એકમાત્ર વાસ્તવિકતા છે અને બીજું બધું, માનસિક માયાની અસત્ય પ્રવૃત્તિએ તેની ઉપર આરોપેલાં નામ–રૂપ છે; અક્ષર બ્રહ્મનાં સત્ય જ્ઞાન વડે તથા આ અધ્યારોપનો ઇન્કાર કરીને આ માયામાંથી મુક્ત થવાનું છે. આ બે મતમાં જો કાંઈ ભેદ હોય તો તે માત્ર ભાષાનો અને દૃષ્ટિબિંદુ-નો છે; તાત્ત્વિક રીતે તો એક જ આધ્યાત્મિક અનુભૂતિમાંથી તારવેલો એ એક જ બૌદ્ધિક સિદ્ધાંત છે.

આપણે જો આ અવસ્થામાં જ અટકી જઈએ તો જગત પ્રત્યે માત્ર બે જ જાતનાં વલણ શક્ય બને છે. આપણે કાં તો જગતની લીલાના માત્ર નિષ્ક્રિય દ્રષ્ટા બની રહેવાનુ રહે છે અથવા તો તેમાં સચેતન આત્માને ભાગીદાર બનાવ્યા વગર માત્ર યાંત્રિક રીતે અને કેવળ ઇન્દ્રિયોના જડ વ્યાપારો દ્વારા કર્મો કરવાનાં રહે છે. જો પહેલું વલણ લઈએ તો નિષ્ક્રિય અને નીરવ બ્રહ્મની નિષ્ક્રિય સ્થિતિ જેમ બને તેમ વધારે પ્રાપ્ત કરવાની રહે છે. મનને સ્થિર કર્યું અને વિચારના તરંગોને તથા હૃદયના ઉત્પાતને શાંત કરી દીધા એટલે આંતરિક શાંતિ અને ઉદાસીનતા પૂરેપૂરી પ્રાપ્ત થઈ ગઈ. પછી પ્રાણ અને શરીરનાં યંત્રવત્ કર્મોને શાંત કરવાનો યત્ન કરવાનો છે અને તેમને એટલી

હદ સુધી ઓછાં કરવાનાં છે કે જેથી તે અંતે સંપૂર્ણ અને સદાને માટે શાંત થઈ જાય. સંન્યાસ-માર્ગી યોગનું લક્ષ્ય આ છે, પણ આપણું નહિ. હવે જો બીજું વલણ અખત્યાર કરીએ તો આપણે એવાં કર્મો કરી શકીએ કે જે બાહ્ય દૃષ્ટિએ સંપૂર્ણ હોય અને એક પૂરેપૂરી આંતરિક નિષ્ક્રિયતા, શાંતિ માનસિક નીરવતા, ઊર્મિઓની તટસ્થતા અને અંત અને સંકલ્પોની પસંદગીના અભાવની સાથે સાથે થઈ શકતાં હોય.

સામાન્ય બુદ્ધિથી જોતાં આ વાત અશક્ય જ લાગે. કારણકે કામનાઓ અને ભાવનાભરી પસંદગી વિના લાગણી-પ્રધાન કર્મો કરવાનું તે કલ્પી શકતી નથી તેમ જ બૌદ્ધિક ખ્યાલ, જાગ્રત હેતુ અને સંકલ્પોને કામે લગાડ્યા વિના બૌદ્ધિક કર્મો કરવાનું પણ તે કલ્પી શકતી નથી. પણ હકીકત તો એમ છે કે આપણાં પોતાનાં કર્મોનો મોટો ભાગ તેમ જ અચેતન અને સચેતન જીવનની સમગ્ર પ્રવૃત્તિ એવાં યંત્રવત્ આવેગ અને ગતિને લીધે થતાં હોય છે કે જેમાં ઉપર જણાવેલ તત્ત્વોનો હાથ નથી હોતો,– ઉઘાડી રીતે તો નહિ જ. એમ કહી શકાય કે "આ વાત માત્ર શારીરિક અને પ્રાણમય ક્રિયાઓ માટે ભલે સાચી હોય પણ સમજ અને સંકલ્પપૂર્વક કામ કરી રહેલાં મન વડે થતાં કર્મો (જેવાં કે વક્તૃત્વ, સાહિત્ય અને માનવજીવનનાં બીજાં બધાં જ બૌદ્ધિક કર્મો) તેને માટે આ વાત સાચી નથી." પણ આપણે જ્યારે આપણી મનોમય પ્રકૃતિની રોજિંદી અને સામાન્ય ક્રિયાઓની પાછળના પ્રદેશમાં જઈ શકીએ છીએ ત્યારે ખબર પડે છે કે આ દલીલ સાચી નથી. આધુનિક માનસશાસ્ત્રીય પ્રયોગોથી એમ જાણવા મળ્યું છે કે આવાં બધાં કર્મોના દેખીતા કર્તાએ સમજ અને સંકલ્પથી જાગ્રત રીતે તે શરૂ ના કર્યાં હોય છતાં પણ એ બધાં બની આવી શકે છે. કર્તાની જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો, ખુદ તેની વાચા પણ, કોઈક એવા વિચાર કે સંકલ્પનાં વાહન બની જાય છે કે જે તેનાં પોતાનાં નથી હોતાં.

અલબત્ત, બુદ્ધિભર્યાં કર્મોની પાછળ બૌદ્ધિક સંકલ્પ હોવો જ જોઈએ પણ એ બૌદ્ધિક કે સંકલ્પ એના કર્તાના મનનાં જ હોવાં જોઈએ એવું નથી. હમણાં જ જે માનસશાસ્ત્રીય ઘટનાઓની વાત કરી એમાંથી કેટલીકમાં તો બહુ જ સ્પષ્ટ રીતે બીજી કોઈ માનવ-વ્યક્તિની બુદ્ધિ અને સંકલ્પ, કર્તાની ઇન્દ્રિયો દ્વારા કામ કરી જાય છે; તો વળી બીજી કેટલીકમાં હજી સુધી એ નિશ્ચિત નથી થયું કે બીજા કોઈ જીવોનાં પ્રભાવ અને પ્રેરકતાથી એ બને છે કે કોઈ અવચેતન કે પ્રચ્છન્ન મન કે એ બંનેની સંયુક્ત અસર કામ કરી

જાય છે. પણ કેવળ ઇન્દ્રિયો[2] વડે જ થતાં કર્મોની યોગિક અવસ્થામાં તો પ્રકૃતિની પોતાની જ વિશ્વવ્યાપી બુદ્ધિ અને સંકલ્પ કે જે વનસ્પતિ અથવા અચેતન ભૌતિક પદાર્થોમાં યાંત્રિક રીતે પોતાના હેતુ પાર પાડવા મનથી પરની ચેતનાનાં કે અવચેતનાનાં કેન્દ્રોમાંથી કાર્ય કરે છે તે જ વિશ્વવ્યાપી બુદ્ધિ અને સંકલ્પ કાર્ય કરે છે; પણ અહીં તે એક એવા જીવંત કરણની દ્વારા કાર્ય કરે છે કે જે પોતે એ કર્મ અને કરણનો સચેતન દ્રષ્ટા હોય છે. ખાસ નોંધપાત્ર બાબત તો એ છે કે આવી રીતે થએલાં વ્યાખ્યાન, લેખ કે અન્ય બૌદ્ધિક કર્મોમાં પ્રકાશપૂર્ણ, સ્ખલનહીન, તર્કબદ્ધ, પ્રેરણાપૂર્ણ વિચારની સંપૂર્ણ શક્તિ એવી તો વહી આવતી હોય છે અને સાધનોને સાધ્યની સાથે એવા તો મેળમાં મૂકતી હોય કે જે એ માણસે પોતાની સમજ, શક્તિ અને સંકલ્પની સામાન્ય અવસ્થામાં કરેલાં કર્મોના કરતાં અનેકગણાં ચડિયાતાં હોય છે; વળી એ બધો જ સમય એ માણસ, આવતા એ વિચારને જોતો તો હોય છે પણ વિચારતો નથી હોતો; કાર્ય કરતા એ સંકલ્પને અવલોકતો તો હોય છે પણ તેને પોતાનો ગણતો નથી હોતો કે પોતે વાપરતો પણ નથી હોતો; પોતાને એક વાહન તરીકે વાપરીને વિશ્વમાં કાર્ય કરતી શક્તિઓને તે નિહાળે છે ખરો પણ તેની પર પોતાનો હક્ક કરતો નથી હોતો. પણ આવી ઘટના ખરી રીતે તો નથી કોઈ અતિ-સામાન્ય બિના કે નથી વિશ્વના નિયમોનું ઉલ્લંઘન. શું આપણે નથી જોતા કે ભૌતિક પ્રકૃતિની દેખીતી જડ ક્રિયાઓની દ્વારા પણ એક ગુપ્ત, વિશ્વ-વ્યાપી પરમ સંકલ્પ અને પ્રજ્ઞાનું અણિશુદ્ધ કાર્ય થઈ રહ્યું છે ? અને જ્યારે યોગી શાંત, સમ અને અંતરમાં નીરવ થાય છે તથા પોતાના મર્યાદિત અને અજ્ઞાનભર્યા અંગત સંકલ્પ કે બુદ્ધિને અંતરાયરૂપ બનાવતો નથી ત્યારે બરાબર આ જ વિશ્વવ્યાપી સંકલ્પ અને પ્રજ્ઞા તેની દ્વારા કાર્ય કરે છે. ત્યારે તે રહે છે નીરવ પરમ-આત્મતત્ત્વમાં; અને સક્રિય બ્રહ્મની વિશ્વવ્યાપી શક્તિ અને જ્ઞાનનાં નિર્માણોનો સમતાપૂર્વક સ્વીકાર કરે છે તથા તેમાં સક્રિય રસ લીધા વિના પોતાનાં પ્રાકૃતિક કરણો દ્વારા તેનો અમલ થવા દે છે.

આ એકબીજાથી સ્વતંત્ર એવી, આંતરિક અકર્મતા અને બાહ્ય સક્રિયતાવાળી અવસ્થા એ છે આધ્યાત્મિક મુક્તાવસ્થા. ગીતામાં કહ્યું છે કે 'યોગી કર્મો કરવા છતાં કર્મો નથી કરતો,' કારણકે કર્મ કરનાર એ નથી પણ પ્રકૃતિના સ્વામીના આદેશને અનુસરતી પ્રકૃતિ છે. એ ન તો એનાં કર્મોથી બંધાય છે, ન તો તેના મનમાં તેની કાંઈ અસર કે પરિણામ રહી

---

૨. केवलैरिन्द्रियैः --ગીતા

જાય છે; તે ન તો તેને વળગી રહે છે કે તેના આત્મા પર કાંઈ લાંછન મૂકી જાય છે;[૩] કર્મો થતાંની સાથે જ ચાલ્યાં જાય છે, વિલય પામે છે,[૪] અને અક્ષર આત્માને નિર્લિપ્ત તથા અંતરાત્માને અવિકારી રાખી જાય છે. એટલે ઊર્ધ્વ-સ્થિત આત્માએ આ જગતનાં માનવીય કર્મો સાથે જે કાંઈ પણ સંબંધ હજી ય રાખવાનો જ હોય તો તેણે ધારણ કરવા યોગ્ય આ જ અવસ્થા લાગે છે : અંતરમાં એક અપરિહાર્ય નીરવતા, સ્થિરતા, અક્રિયતા; અને બાહ્ય રીતે, વિશ્વવ્યાપી તપસ્ અને પ્રજ્ઞા (કે જે પોતાનાં કર્મોમાં અટવાયા વિના, તેમનાથી બંધાયા વિના કે અજ્ઞાન-ભરી રીતે તેમની સાથે આસક્ત થયા વિના કાર્ય કરે છે) તેનાથી નિયંત્રિત સક્રિયતા. અને આપણે કર્મયોગની વાત કરતાં કહ્યું હતું તેમ આંતરિક સંપૂર્ણ અ-ક્રિયતાના પાયા પર રચાએલ સંપૂર્ણ સક્રિયતાની આ અવસ્થા યોગીએ, બેશક, પ્રાપ્ત કરવાની જ છે. પણ એ તો સ્પષ્ટ જ છે કે આપણે આત્મ-જ્ઞાનની જે અવસ્થાની અત્યારે વાત કરી રહ્યા છીએ તે હજી સુધી પૂર્ણ નથી બની; કારણકે નિષ્ક્રિય બ્રહ્મ અને સક્રિય બ્રહ્મની વચ્ચે એક જાતની ખાઈ, એક એકતાનો અભાવ, ચેતનાની એક ચિરાડ હજી સુધી ઊભી રહી છે. હજી આપણે નીરવ પરમાત્માની પ્રાપ્તિ સરકી ના જાય એમ સક્રિય બ્રહ્મની પ્રાપ્તિ જાગ્રત રીતે મેળવવાની છે. આપણે આંતરિક શાંતિ, સ્થિરતા, અક્રિયતાને પાયા તરીકે સાચવવાની છે; પણ સક્રિય બ્રહ્મની સક્રિયતા પ્રત્યેની અતડી ઉદાસીનતાને બદલે તેમાં સમતાભર્યો અને અ-પક્ષી આનંદ મેળવવાનો છે; રખેને આપણી મુક્તિ અને શાંતિ ચાલી જાય એવી ધાસ્તીથી બ્રહ્મની સક્રિયતાનો અસ્વીકાર કરવાને બદલે એ જ સક્રિય બ્રહ્મ કે જેને અસ્તિત્વનો આનંદ માણવા જતાં પોતાની શાંતિ ગુમાવવી પડતી નથી અને સર્વે કર્મો પર પોતાનું સ્વામિત્વ સ્થાપવા છતાં, સંપૂર્ણ સક્રિયતામાં પણ જેની શાંત મુક્તિ અખંડિત રહે છે, તે સક્રિય બ્રહ્મનો આપણે સ્વીકાર કરવાનો જ છે.

મન જ્યારે પોતાના, શુદ્ધ અસ્તિત્વના જ એકમાત્ર એવા સ્તર પર એકાગ્ર થાય (કે જ્યાં ચેતના નિષ્ક્રિયતામાં અને અસ્તિત્વનો આનંદ અસ્તિત્વની શાંતિમાં જ સચવાઈ રહી શકે) ત્યારે મુશ્કેલી ઊભી થાય છે. એણે અસ્તિત્વની સચેતન શક્તિના સ્તરનો પણ પોતાની એકાગ્રતામાં સમાવેશ કરવાનો છે કે જ્યાં, શક્તિ અને સંકલ્પ તરીકે ચેતના સક્રિય બને છે અને અસ્તિત્વના આનંદ તરીકે આનંદ સક્રિય બને છે. પણ આમ કરવામાં મુશ્કેલી એ છે કે

---

૩. ના कर्म लिप्यते नरे। ઇશોપનિષદ્

૪. प्रविलयन्ते कर्माणि। -ગીતા

મન પરમ શક્તિની ચેતનાને પ્રાપ્ત કરવાને બદલે તેમાં કૂદી પડવાનો સંભવ છે. સામાન્ય માણસ પ્રકૃતિમાં કૂદી પડવાની એકતરફી માનસિક અવસ્થા ધારણ કરતો હોય છે; તે પોતાનાં શરીર અને પ્રાણની પ્રવૃત્તિઓને તથા તેમની ઉપર આધાર રાખતી માનસિક ક્રિયાઓને જ પોતાનું સમગ્ર અને સાચું અસ્તિત્વ માને છે અને આત્માની સર્વ અ-ક્રિયતાને અસ્તિત્વનો ત્યાગ અને શૂન્યતાનો માર્ગ ગણે છે. તે સક્રિય બ્રહ્મની છેક ઉપરની સપાટી ઉપર જ જીવે છે; અને જેમ નીરવ અંતરાત્મા માત્ર અક્રિય આત્મામાં જ મગ્ન રહેતો હોવાથી સર્વે પ્રવૃત્તિઓ માત્ર નામ-રૂપ માને છે તેમ તેને મન સર્વે પ્રવૃત્તિઓ એ જ માત્ર સાચું અસ્તિત્વ હોય છે અને પરમાત્મા એ તેને હિસાબે એક ખાલી નામ હોય છે. જો એક બાજુએ નિષ્ક્રિય બ્રહ્મ સક્રિયથી અળગો થઈ ઊભો રહે છે અને તેની ચેતનામાં સામેલ થતો નથી તો બીજી બાજુએ સક્રિય બ્રહ્મ નિષ્ક્રિયથી અળગો ઊભો રહે છે અને તેની ચેતનામાં સામેલ થતો નથી અને, નથી મેળવી શકતો પોતાની પણ સમગ્ર ચેતના. આવા અતડાપણાને લીધે દરેકને પોતાનો સામો પક્ષ બિલકુલ અવાસ્તવિક ના લાગે તોપણ જડ તો જરૂર લાગે છે; એ જડતા આત્માની એક અડગ જડતા લાગે અથવા તો એ જ આત્માની યંત્રવત્ ચાલતી, પકડ વિનાની જડતા લાગે. પણ જે સાધકને એક વાર સારરૂપ વસ્તુ પાકી પ્રત્યક્ષ થઈ જાય અને નીરવ પરમાત્માની શાંતિને જે પૂરેપૂરી માણી લે તે સાધક જેમાં આત્મજ્ઞાનનો લોપ થતો હોય કે આત્માની શાંતિનો ભોગ આપવો પડતો હોય એવી કોઈ પણ અવસ્થાથી સંતોષ પામે એ શક્ય નથી; તે મન, પ્રાણ અને શરીરની, અજ્ઞાન અને શ્રમ અને ખલેલભરી, નરી વ્યક્તિગત પ્રવૃત્તિમાં ધસી નહિ જાય. સાચાં આત્મજ્ઞાન, આત્માનંદ અને આત્મપ્રાપ્તિને માટે જે અવસ્થા તેને અનિવાર્ય તરીકે પ્રત્યક્ષ થઈ ગએલી છે તેની જ ઉપર રચાએલી અને તેનો સમાવેશ કરતી અવસ્થાની પ્રાપ્તિથી જ તેને સંતોષ થશે.

છતાં પણ સાધક જ્યારે દુન્યવી પ્રવૃત્તિઓની સાથે મેળ મેળવવાનો પ્રયત્ન કરે ત્યારે તે જૂની માનસિક ક્રિયાઓમાં કેટલાક અંશે, કેટલાક સમય માટે અને ઉપરછલ્લી રીતે ઢસડાઈ જાય એ શક્ય છે, આમાંથી બચવા અથવા બહાર નીકળવા તેણે સચ્ચિદાનંદરૂપ સત્યને બરાબર વળગી રહેવાનું છે અને અનંત ઐક્ય-સ્વરૂપના સાક્ષાત્કારને અનંત અનેક-સ્વરૂપની લીલામાં આગળ વધારવાનો છે. તેણે પદાર્થ-માત્રમાં રહેલ એક બ્રહ્મ ઉપર એકાગ્ર થવાનું છે અને તેને સત્ તરીકે તો ખરો જ પણ ચિત્ તરીકે પણ સાક્ષાત કરવાનો છે. પરમાત્માને સર્વસ્વ-રૂપે સાક્ષાત કરવો, પદાર્થમાં રહેલ એક-

માત્ર સાચા તત્ત્વ તરીકે જ નહિ પણ પદાર્થોનાં અનેકવિધરૂપ તરીકે પણ જોવો, એક પરાત્પર ચેતનામાં સર્વસ્વને સમાવનાર તરીકે જ નહિ પણ એક ઘટકરૂપ ચેતના બની, સર્વ કાંઈ બનનાર તરીકે જોવો એ છે અસ્તિત્વના સાચા સ્વીકારનું બીજું સોપાન. આ સાક્ષાત્કાર જેમ જેમ સિદ્ધ થતો જશે તેમ તેમ તેને અંગેના માનસિક દૃષ્ટિબિંદુની સાથે સાથે ચેતનાની અવસ્થા પણ બદલાતી જશે. જે, નામ–રૂપને પોતાનામાં સમાવે છે, જે પ્રકૃતિની ક્ષરતાઓમાં ભાગ લેતો નથી છતાં તેને પોતાનામાં સમાવે છે તેવા અક્ષર પરમાત્માનો જ આજ સુધી સાક્ષાત્કાર થતો હતો તેની જગ્યાએ હવે એવા પરમાત્માનો પણ સાક્ષાત્કાર થશે કે જે તાત્ત્વિક રીતે અક્ષર અને તેની મૂળ અવસ્થામાં અવિકારી રહેવા છતાં, આપણું મન જેને નામ–રૂપ તરીકે જુદાં અનુભવે છે તે આ સર્વ–અસ્તિત્વ બની બેઠેલો છે. મન અને શરીરની બનેલી બધી રચનાઓ હવે પરમપુરુષમાં પ્રતિબિંબિત થતાં માત્ર રૂપો જ નહિ પણ એવાં સાચાં સ્વરૂપો બની રહેશે કે જેનાં ઘટક તરીકે અને જાણે કે, તેની રચનાના પદાર્થ તરીકે બ્રહ્મ, પરમાત્મા, સચેતન પુરુષ પોતે જ છે. રૂપ સાથે જોડાતું નામ મનનો માત્ર ખ્યાલ, જેને એ નામ સાથે જોડાએલ કોઈ સાચું અસ્તિત્વ જ નથી એવો કોઈ માત્ર ખ્યાલ જ નહિ રહે પણ હવે તેની પાછળ સચેતન સત્તાનું એક સાચું બળ (પોતે જેને એક શક્યતા તરીકે સમાવતું હતું પણ પોતાની નીરવતામાં અપ્રગટ રાખતું હતું) તેના પ્રત્યુત્તરરૂપ બ્રહ્મની એક સાચી અનુભૂતિ આવી રહેશે. અને છતાં, તેની સર્વે ક્ષરતાઓમાં પણ તે એક અદ્વૈત તરીકે, મુક્ત રૂપે અને તેમનાથી પર રહેલ તરીકે સાક્ષાત બની રહેશે. નામ અને રૂપના અધ્યારોપનો ભોગ બનેલ એક અજોડ, પરમ વાસ્તવિકતાના સાક્ષાત્કારની જગ્યાએ હવે અનંત–ભૂતરૂપે પોતાને વહાવી રહેલ સનાતન પુરુષનો સાક્ષાત્કાર થશે, હવે યોગીની ચેતના સમક્ષ સર્વે અસ્તિત્વો માત્ર માનસિક સ્વરૂપો નહિ પણ આત્મ–સ્વરૂપો બની રહેશે. પરમાત્માનાં આત્મ–સ્વરૂપો, ખુદ પોતાનાં જ અને પોતાની સાથે એકરૂપ એવાં, તથા પોતાના વિશ્વ-વ્યાપી અસ્તિત્વમાં આવી વસેલાં આત્મ–સ્વરૂપો બની રહેશે, સર્વ આત્મ–જીવન, જે કાંઈ હયાતી ધરાવે છે તે સર્વેનું મનોમય, પ્રાણમય અને દેહમય અસ્તિત્વ એ સર્વે હવે તેની સમક્ષ, જે સનાતન છે, જે સદાકાળ અક્ષર રહેલ એ જ પરમપુરુષની એક અખંડ ગતિ અને પ્રવૃત્તિ બની રહેશે. પરમાત્માનો સાક્ષાત્કાર થશે સર્વસ્વ તરીકે, તેનાં બેવડાં સ્વરૂપે : તેની અક્ષર સ્થિતિ તરીકે અને ક્ષર ગતિ તરીકે; અને, આપણાં અસ્તિત્વનાં સર્વગ્રાહી સત્ય તરીકે માત્ર એ જ પ્રત્યક્ષ બની રહેશે.

## પ્રકરણ : ૧૫

# વિશ્વવ્યાપી ચૈતન્ય

સક્રિય બ્રહ્મને સાક્ષાત કરવો અને તેની સાથે એક થવું એટલે જ વ્યક્તિગતના બદલામાં વિશ્વવ્યાપી ચૈતન્ય મેળવવું; અને એ એકતા જેટલી અધૂરી હોય કે પૂરેપૂરી તેટલો જ આ બદલો પણ અધૂરો કે પૂરેપૂરો હોવાનો. માણસનું સામાન્ય અસ્તિત્વ માત્ર વ્યક્તિગત જ ચેતના નથી, એ અહમ્-ભરી ચેતના પણ છે; એટલે કે એ એક એવો વ્યક્તિરૂપ આત્મા, જીવાત્મા છે કે જે વિશ્વવ્યાપી પ્રકૃતિની સળંગ ગતિમાં રચાએલ પોતાની માનસિક, પ્રાણમય અને ભૌતિક ગ્રંથિની સાથે, મન-સર્જિત અહમ્ સાથે તથા, તેનાથી જરા ઓછી ઘનિષ્ઠતાથી, અનુભવો ઝીલનાર મન, પ્રાણ તથા શરીરની સાથે તદ્રૂપ બની ગએલ છે; ઓછી ઘનિષ્ઠતાથી એટલા માટે કે તેમને તે પોતાની જાત ગણીને, "આ મારું મન, મારો પ્રાણ, મારું શરીર" એમ કહે તો છે પણ, સાથે સાથે, કેટલેક અંશે તે પોતાની જાત નથી એમ પણ ગણીને પોતે તેનો માલિક છે અને તેમને વાપરે છે એમ પણ માને છે; જ્યારે, અહમ્‌ની વાત આવતાં તો તે એમ જ કહી દે છે: "એ જ હું છું." મન, પ્રાણ અને શરીર સાથેની બધી જ તદ્રૂપતા છોડી દેવાથી તે પોતાના અહમ્-માંથી પાછો હઠી જઈને સાચા, અસલ વ્યક્તિત્વની, જીવાત્માની ચેતના-માં પહોંચી શકે છે,– અને એ જ છે મન, પ્રાણ અને શરીરનો સાચો માલિક. જો આ અસલ વ્યક્તિત્વની પણ પાછળ નજર નાખીને પોતે જેનો પ્રતિનિધિ અને સચેતન નિરૂપણ છે તેને જુએ તો તે, શુદ્ધ પરમ-આત્મ-તત્ત્વ, નિરપેક્ષ સત્ કે નિરપેક્ષ અ-સત્, તથા એમની પરાત્પર ચેતના, (કે જે એક જ સનાતન સત્યની ત્રણ અવસ્થાઓ છે) તેમને પ્રાપ્ત કરી શકે છે. પણ વિશ્વવ્યાપી પ્રકૃતિના પ્રવાહ અને આ પરાત્પર સત્ (કે જે પ્રકૃતિનો માલિક અને પરાત્પરનો વિશ્વાત્મા છે) એ બેની વચ્ચે આવી રહેલ છે વિશ્વવ્યાપી ચૈતન્ય, વિશ્વ-ચૈતન્ય, વિરાટ પુરુષ; સમગ્ર કુદરત તેની જ પ્રકૃતિ એટલે કે તેની સક્રિય સચેતન શક્તિ છે. તેને મેળવવા માટે તેના મય બની જવા માટે આપણે કાં તો ચારે બાજુની અહમ્‌ની દીવાલો તોડી પાડીને

અનંત અદ્વૈતમાંનાં સર્વ અસ્તિત્વ સાથે એકરૂપ થઈ જવાનું છે, અથવા તો ઉપરની છત તોડી નાખીને પોતાના, વિસ્તર્યે જતા, અંતરમાં વસતા, સર્વ-ગ્રાહી, સર્વ-ભૂત આત્મજ્ઞાન અને આત્મસર્જક શક્તિવાળા પરમાત્માને શુદ્ધ સ્વરૂપે કે નિરપેક્ષ સત્ તરીકે સાક્ષાત કરવાને છે.

આ વિશ્વવ્યાપી ચૈતન્યની પ્રાપ્તિ માટે નીરવ પરમાત્માના. સર્વ કોઈના અંતરમાં વસતા સ્વરૂપને પાયા તરીકે સ્વીકાર કરવો એ મનોમય પુરુષને સહેલું પડે છે. પરમાત્માનું આ શુદ્ધ અને સર્વવ્યાપી સાક્ષી સ્વરૂપ જ વિશ્વના ચેતનવંતા આત્મા તરીકે, સચ્ચિદાનંદ તરીકે, વિશ્વની સમગ્ર લીલા નિહાળે છે; અને તેના જ આનંદને ખાતર વિશ્વવ્યાપી પ્રકૃતિ પોતાના કર્મ-પ્રવાહની સનાતન હારમાળા પ્રદર્શિત કરી રહી છે. એ સાક્ષાત થતાં આપણે એક એવા અક્ષત આનંદ, શુદ્ધ અને સંપૂર્ણ સન્નિધિ, અનંત અને આત્મ-નિર્ભર શક્તિ વિશે જાગ્રત થઈએ છીએ કે જે આપણામાં તેમ જ પદાર્થ-માત્રમાં હમેશ હાજર હોય છે, જેને તેમની અનેકતા અલગ કરી શકતી નથી. જે વૈશ્વિક આવિર્ભાવોમાં થતી ખેંચતાણ અને મથામણોથી અલિપ્ત રહે છે, અને જે એ સર્વે આવિર્ભાવોમાં વસવા છતાં તેમનાથી પર હોય છે. આ સર્વ કાંઈ તેને લીધે જ હયાતી ધરાવે છે પણ તેની હયાતી આ સર્વેને લીધે નથી; તેની વિશાળતા એવી તો અમાપ છે કે તે જેમાં વસે છે તે દિક્ અને કાળના કર્મ-પ્રવાહ તેને બાંધી શકતા નથી. આવો પાયો તૈયાર થતાં આપણે દિવ્ય અસ્તિત્વ વડે સંરક્ષિત થઈને સમગ્ર વિશ્વને આપણી જાતમાં ધારણ કરી શકીએ છીએ. આપણે જેમાં વસીએ છીએ તેનાથી હવે સીમિત થઈને બંધાઈ જતા નથી પણ, ભગવાનની માફક આપણે પણ, જેમાં રહેવાનું આપણે મંજૂર રાખીએ છીએ તે સર્વેને પ્રકૃતિના કર્મ-પ્રવાહને ખાતર, આપણી જાતમાં ધારણ કરીએ છીએ. આપણે મન, પ્રાણ કે શરીર માત્ર રહેતા નથી પણ સૂચક અને ધારક એવા નીરવ, શાંત, સનાતન આત્મા કે જે તેમને માલિક છે તે બની રહીએ છીએ; અને આ જ આત્મા આપણને સર્વત્ર, સર્વેનાં જીવનને, મનને અને શરીરને ટકાવી રાખતો, તેમને સૂચન કરતો અને ધારણ કરતો જેવા મળે છે; હવે આપણે તેને આપણી અંદર વસતા એક અલગ અને વ્યક્તિગત આત્મા તરીકે ગણતા નથી. સર્વ કાંઈ હવે તેની જ અંદર ગતિ અને કર્મો કરે છે; આ બધામાં અચલ અને અક્ષર તો તે જ છે. તેની પ્રાપ્તિથી આપણને મળે છે, તેનાં સનાતન ચૈતન્ય અને આનંદમાં સુસ્થિત થએલું આપણું સનાતન આત્મ-અસ્તિત્વ.

તે પછી આપણે આ નીરવ પરમાત્માને વિશ્વવ્યાપી પ્રકૃતિના સમગ્ર

કાર્ય-પ્રવાહના સ્વામી તરીકે, પોતાની સનાતન ચેતનાની સર્જક શક્તિમાં દેખા દેતા એ જ કાયમી સ્વયંભૂ તરીકે સાક્ષાત કરવાનો છે. આ સમગ્ર કાર્ય-પ્રવાહ એ માત્ર તેની જ શક્તિ અને જ્ઞાન અને નિજાનંદનો, પોતાની જ સનાતન પ્રજ્ઞા અને સંકલ્પનાં કાર્યોને પાર પાડતો, પોતાનાં જ અનંત અસ્તિત્વમાં સર્વત્ર વહી રહેલો પ્રવાહ છે. ભગવાનનો, સર્વ-કોઈના સનાતન, પરમ આત્માનો, પહેલાં તો, આપણને સર્વ કર્મો અને અકર્મોનાં, સર્વ જ્ઞાન અને અજ્ઞાનનાં, સર્વ આનંદ અને યાતનાનાં, સર્વ શુભ અને અશુભનાં, પૂર્ણતા અને અપૂર્ણતાનાં, સર્વ સામર્થ્ય અને સ્વરૂપનાં, સનાતન દિવ્ય તત્ત્વમાંથી વહી આવતી સર્વ પ્રકૃતિનાં અને ભગવાન પ્રત્યે પાછી ફરતી સર્વ પ્રકૃતિના મૂળ તરીકે સાક્ષાત્કાર થાય છે કે પોતાની પરમ શક્તિ અને જ્ઞાનરૂપે તે પોતે જ ફેલાઈ રહ્યો છે,– કારણકે પરમ શક્તિ અને જ્ઞાન એ એ પોતે જ છે–; તેમનાં કર્મોનું માત્ર મૂળ નહિ પણ તેમનો સર્જક અને કર્તા પણ તે જ છે; સર્વ અસ્તિત્વોમાં એકમાત્ર એ જ રહેલો છે; કારણકે વિશ્વવ્યાપી આવિર્ભાવમાંના અનેક આત્માઓ એકમાત્ર ભગવાનનાં જ મુખારવિંદ છે; અનેક જીવન, મન અને શરીરો માત્ર એનાં જ મહોરાં અને છૂપા વેશો છે. આપણને દેખાય છે કે ભૂતમાત્ર, અનેક મુખે ડોકાતો એકમાત્ર વિશ્વવ્યાપી નારાયણ છે; ખુદ આપણી જાત પણ એમાં ડૂલ થઈ જાય છે અને દેખાય છે કે આપણું મન, પ્રાણ અને શરીર એ પણ પરમાત્માની જ એક રજૂઆત છે, અને પહેલાં આપણે જેમને "બીજાઓ" માનતા હતા તે પણ હવે આપણી ચેતનામાં રહેલ, અન્ય મન, પ્રાણ અને શરીરવાળો આપણો જ આત્મા છે. વિશ્વમાંની સર્વ શક્તિ અને ખ્યાલો અને પ્રસંગો અને પદાર્થોનાં સ્વરૂપો એ આ પરમાત્માના આવિર્ભાવની વિવિધ કક્ષાઓ છે, ભગવાનનાં પોતાનાં સનાતન આત્મ-પ્રાગટ્યનાં વિવિધ મૂલ્યો છે. પદાર્થો અને પ્રાણીઓને આમ જોવા જતાં શરૂઆતમાં તેઓ જાણે કે ભગવાનની વિભક્ત જાતનાં વિવિધ અંગો અને ભાગો હોય એમ લાગે ય ખરું, પણ આવો સાક્ષાત્કાર અને જ્ઞાન સંપૂર્ણ ના ગણાય; જ્યાં સુધી આપણે મૂલ્યો, અંશો અને વિભક્તિના આવા ખ્યાલથી પર થઈને સર્વત્ર અનંત પ્રભુને પોતાને ના જોઈએ, આ વિશ્વ અને વિશ્વમાંના પદાર્થમાત્રનું પોતાનું અસ્તિત્વ અને ગુપ્ત ચેતના અને શક્તિ અને આનંદ એ અવિભાજ્ય ભગવાનનું સંપૂર્ણ સ્વરૂપ છે (ભલેને ભગવાન આપણાં મન સમક્ષ તેમને ગમે તેવા આંશિક આવિર્ભાવો તરીકે જ રજૂ કરે તે છતાં પણ તેઓ સંપૂર્ણ સ્વરૂપ જ છે) એમ ના જોઈએ ત્યાં સુધી એ સાક્ષાત્કાર અને જ્ઞાન સંપૂર્ણ

ના ગણાય. આપણે જ્યારે, આ પ્રમાણે ભગવાનને એક અને ઊર્ધ્વ-સ્થિત સાક્ષી તરીકે અને સક્રિય સ્વામી તથા સર્વના ધારકરૂપ પરમપુરુષ તરીકે પ્રાપ્ત કરીએ તથા આ સ્વરૂપોમાં કોઈ જાતના ભેદ ના પાડીએ ત્યારે જ આપણને સમગ્ર, વિશ્વવ્યાપી ભગવાનની પ્રાપ્તિ થાય છે, ત્યારે જ વિરાટ પરમાત્મા અને વાસ્તવિકતાને પામીએ છીએ અને વિશ્વવ્યાપી ચૈતન્ય પ્રત્યે જાગ્રત થઈએ છીએ.

આપણે આ વિશ્વ-ચૈતન્ય પ્રાપ્ત કર્યું તો પછી આપણા વ્યક્તિગત અસ્તિત્વનો તેની સાથે કેવો સંબંધ રહેશે? કારણકે આપણે ભલે આપણી અલગ, અંગત ચેતનાથી પર થઈ ગયા પણ, હજી ય આપણી પાસે એક મન, અને શરીર અને માનવ-જીવન હોવાથી આપણું વ્યક્તિગત અસ્તિત્વ ઊભું જ રહ્યું છે. આપણે પોતે જ વિશ્વ-ચૈતન્ય બની ગયા વિના તેને સાક્ષાત કરી શકીએ છીએ; એટલે કે તેને અંતરાત્મા વડે જોવાનું, તેને અનુભવવાનું, તેમાં રહેવાનું, અને તેની સાથે એકાકાર થઈ ગયા વિના તેની સાથે જોડાવાનું, ટૂંકમાં, વિશ્વવ્યાપી પરમાત્માના વિશ્વવ્યાપી ચૈતન્યની અંદર જ જીવાત્માની અંગત ચેતનાને જાળવી રાખવાનું શક્ય છે. એ બેની વચ્ચે અમુક ભેદ જાળવી રાખીને પણ તેમના સંબંધને માણી શકાય છે; વિશ્વ-વ્યાપી પરમાત્માના આનંદ અને અનંતતાને માણવા છતાં વ્યક્તિગત આત્મા તરીકે રહી શકાય છે; અથવા તો એકને વિશાળ આત્મા અને બીજાને નાનો આત્મા ગણીને બંનેને એકસાથે પણ જાળવી શકાય છે અને તે એવી રીતે કે એક, પોતાને દિવ્ય ચેતના અને શક્તિને વિશ્વવ્યાપી લીલામાં વહાવ્યે રાખે તો બીજો આપણાં વ્યક્તિગત આત્મકેન્દ્ર કે આત્મ-સ્વરૂપ દ્વારા અને મન, પ્રાણ તથા શરીરની વ્યક્તિગત લીલાને ખાતર, એ જ વિશ્વવ્યાપી પુરુષ-નાં કર્મોને વહાવ્યે રાખે. પણ હમેશાં જ્ઞાન-માર્ગના સાક્ષાત્કારનાં શિખર-રૂપ તો એવી શક્તિ જ રહેલી છે કે જે વડે અંગતતાને વિશ્વવ્યાપી સત્તા-માં ભેળવી દઈ શકાય, અંગત ચેતનાને વિશ્વવ્યાપી ચૈતન્યમાં એકાકાર કરી દઈ શકાય, ખુદ આત્મ-સ્વરૂપને પણ આત્મતત્ત્વના અદ્વૈતમાં અને વિશ્વ-વ્યાપકતામાં મુક્ત કરી દઈ શકાય. આ જ છે જ્ઞાનયોગનાં લક્ષ્યરૂપ લય, મોક્ષ, મુક્તિ. વળી પ્રચલિત યોગમાર્ગોને અનુસરીને હજી એક પગલું આગળ જઈ શકાય છે; નીરવ પરમાત્મામાં કે નિરપેક્ષ અસ્તિત્વમાં મન, પ્રાણ અને ખુદ શરીરનો પણ લય કરી શકાય છે. પણ મુક્તિનો સાર તો છે વ્યક્તિનો અનંતતામાં લય. યોગીને જ્યારે પોતાની જાત, દેહમાં વસતી કે મનથી મર્યાદિત ચેતના ના લાગે અને અનંત ચેતનાની સીમાવિહીનતામાં ભેદભાવનું સર્વ

ભાન ભુલાઈ જાય ત્યારે સાધના સિદ્ધ થઈ ગણાય. તે પછી માનવજીવન ટકે કે ટળે એ બિન-અગત્યની બિના બની જાય છે; કારણકે હમેશાં કર્તા-હર્તા તો છે એકમાત્ર નિરાકાર પ્રભુ કે જે મન, પ્રાણ અને શરીરના, પોતાના જ અનેક આકાર દ્વારા કાર્યો કરે છે અને દરેક આત્મા એ બીજું કાંઈ નહિ પણ એક એક એવું થાણું છે કે જેને તેણે પોતાની જ લીલાને નિહાળવા, માણુસા અને વહાવવા પસંદ કરેલ છે.

વિશ્વ-ચૈતન્યમાં પહોંચી આપણી જાત જેમાં ભળી જાય છે એ છે સચ્ચિદાનંદ. ત્યારે આપણે બની રહીએ છીએ એક સનાતન અસ્તિત્વ, એક એવી સનાતન, પરમ ચેતના કે જે આપણામાં અને અન્યમાં પોતાનાં જ કાર્યો પાર પડતાં જુએ છે, એ જ ચેતનાનો એક એવો સંકલ્પ કે શક્તિ કે જે અનંત કાર્ય-પ્રવાહ દ્વારા પોતાને જ પ્રદર્શિત કરે છે, એક એવો સનાતન પરમાનંદ કે જે નિજાનંદ અને નિજ-પ્રવૃત્તિઓ માણે છે; છતાં પોતે તો અચલ, અક્ષર, દિશાતીત, કાલાતીત, સર્વોપરિ, તથા. પોતાની અનંત ક્રીડાઓમાં ગતિ-હીન, તેમની વિવિધતાઓ વચ્ચે એક-વિધ, તેમની અગણિતતા વચ્ચે અખંડ, સ્થળ-કાળના સમુદ્રમાંની તેમની ભરતી-ઓટથી નહિ વધતો, નહિ ઘટતો, તેમના વિરોધાભાસો છતાં અતિ સ્પષ્ટ, અને તેમની પ્રભુ-પ્રેરિત મર્યાદાઓ છતાં અમર્યાદિત રહે છે. સચ્ચિદાનંદ તો છે આવિર્ભાવની અગણિતતામાંનું અદ્વૈત, તેમની વિવિધતા અને વિરોધોની સનાતન સંગતતા, અને એવી અનંત પૂર્ણતા કે જે છે તેમની અધૂરપોની સાર્થકતા અને અપૂર્ણતાઓનું લક્ષ્ય.

એ તો સ્પષ્ટ જ છે કે આવાં વિશ્વ-ચૈતન્યમાં રહેવાથી વિશ્વમાંની બધી જ વસ્તુઓનો આપણો સમગ્ર અનુભવ અને તેમનું મૂલ્ય ધરમૂળથી બદલાઈ જશે. વ્યક્તિગત અહમ્ તરીકે આપણે મૂળ અજ્ઞાનમાં જ રહેતા હોઈએ છીએ અને વસ્તુમાત્રને જ્ઞાનનાં તૂટક, આંશિક અને અંગત ધોરણથી જ તોળાતા હોઈએ છીએ; ત્યારે આપણે ચેતના અને શક્તિની મર્યાદિત માત્રા વડે બધી વસ્તુઓ અનુભવીએ છીએ અને તેથી વૈશ્વિક અનુભૂતિઓના કોઈ પણ ભાગને ન તો દિવ્ય પ્રત્યુત્તર આપી શકીએ છીએ ન તો તેનું સાચું મૂલ્ય આંકી શકીએ છીએ. આપણે અનુભવીએ છીએ માત્ર મર્યાદા, નિર્બળતા, અશક્તિ, શોક, દુઃખ, સંગ્રામ અને તેમનાથી ઊલટા આવેગો કે તેમની વિરોધી વસ્તુઓ,– અને તે પણ સનાતન દ્વંદ્વમાં આ સામસામે મેદાને પડેલાં અને નહિ કે નિરપેક્ષ શુભ અને સુખની સનાતનતામાં સમાએલાં. આપણે અનુભવોના ટુકડાઓ ઉપર જીવીએ છીએ અને બધી જ વસ્તુઓ તેમ જ

સમગ્રતાને પણ ટુકડા–માપથી માપીએ છીએ. જ્યારે આપણે શુદ્ધ, નિરપેક્ષ મૂલ્યાંકન માટે મથીએ છીએ ત્યારે ખંડ–દૃષ્ટિને દિવ્ય કાર્ય–પ્રવાહની અખંડતાનું પદ સોંપી તેની પાસે ન્યાય તોળાવીએ છીએ; આપણે આપણા અધૂરા આંકડાને પૂર્ણાંક માની લઈએ છીએ અને આપણા એકપક્ષી દૃષ્ટિ–બિંદુને ભગવાનનાં સર્વ–ગ્રાહી દર્શનની પૂર્ણ–વ્યાપકતા ઉપર ઠોકી બેસાડીએ.

વિશ્વ–ચૈતન્યમાં પ્રવેશવાથી આપણે પણ એ સર્વ–ગ્રાહી દર્શન પામીએ છીએ અને દરેક વસ્તુને અનંતતા અને અદ્વૈતની દૃષ્ટિથી જોઈએ છીએ. ખુદ મર્યાદાનો, અજ્ઞાનનો અર્થ જ બદલાઈ જાય છે. અજ્ઞાન એ દિવ્ય જ્ઞાનની ખાસ ક્રિયામાં પલટાઈ જાય છે; શક્તિ, અશક્તિ અને અનાવડત એ દિવ્ય શક્તિની વિવિધ માત્રાઓનાં વહન અને સ્થંભન બની જાય છે; હર્ષ અને શોક, સુખ અને દુઃખ એ દિવ્ય આનંદનાં સ્વામિત્વ અને સ્ખલન બની જાય છે; સંગ્રામ એ દિવ્ય સંવાદનાં સામર્થ્ય અને મૂલ્યોની સમતુલા બની જાય છે. આપણને આપણાં મન, પ્રાણ અને શરીરની મર્યાદાઓ ચાલતી નથી; કારણકે હવે આપણે તેમની મર્યાદામાં નહિ પણ આત્મતત્ત્વની અનંતતામાં જીવીએ છીએ; હવે આપણને વિશ્વના આવિર્ભાવમાં તેમની સાચી કિંમત, સાચું સ્થાન અને સાચો હેતુ દેખાય છે; વિશ્વલીલામાં છુપાતા અને પ્રગટતા સચ્ચિદાનંદની પરમ સત્તા, ચૈતન્ય અને આનંદના અંશરૂપ તેઓ દેખાય છે. હવે મનુષ્યો અને પદાર્થોને તેમના બાહ્ય દેખાવ પરથી તોળવાનું આપણે છોડી દઈએ છીએ અને અવરોધક અને વિરોધી ખ્યાલો અને આવેગોમાંથી મુક્ત બનીએ છીએ; કારણકે હવે આપણને દેખાય છે આત્મા, અને પદાર્થ-માત્ર અને ભૂતમાત્રમાં આપણે ભગવાનને શોધીએ છીએ અને શોધી કાઢીએ છીએ; અને અન્ય બાબતો ગૌણ બની જાય છે કારણકે તેમની કિંમત તેમની પોતાની જ ઉપર સ્વતંત્ર રીતે નિર્ભર ના રહેતાં ભગવાનના પોતાના પ્રાગટ્યને ખાતર તેમના પરસ્પરના સંબંધ પર આધાર રાખતી દેખાય છે. એ જ પ્રમાણે કોઈ પણ બનાવ આપણને ક્ષુબ્ધ કરી શકતો નથી કારણકે સુખકારક અને દુઃખકારક, શુભ અને અશુભ, એમની વચ્ચેના ભેદ સત્ત્વહીન બની જાય છે અને દિવ્યતાની દૃષ્ટિએ તેમની કિંમત અને દિવ્યતામાં તેમનો હેતુ એ જ આપણી નજરે ચડે છે. આમ આપણને સંપૂર્ણ મુક્તિ અને અનંત સમતા પ્રાપ્ત થાય છે. ઉપનિષદમાં કહ્યું છે કે: "જેનામાં આત્મા જ સર્વ અસ્તિત્વ બની ગયો છે તેને વળી મોહ કેવો? શોક કેવો? તે તો જાણે છે[1] સમગ્રને,

1. विजानतः; वि + ज्ञान = વિજ્ઞાન, એટલે એકત્વ અને અનેકત્વનું એવું જ્ઞાન કે જેમાં "અનેક" એ "એક"નાં જ સ્વરૂપો તરીકે, દિવ્ય અસ્તિત્વનાં અનંત, એકતાસાધક सत्, ऋत्, સમગ્રતા તરીકે દેખાય છે.

અને જુએ છે અદ્વૈતને[૨]; તેમાં આ જ ચરમ અવસ્થાની વાત કરેલી છે.

પણ આ તો થઈ વિશ્વ-ચૈતન્યમાં રહેલી પરિપૂર્ણતાની વાત; મન-નિવાસીઓ માટે એવા થવું મુશ્કેલ છે. મન જ્યારે આત્મતત્ત્વનો, ભગવાનનો ખ્યાલ કે સાક્ષાત્કાર કરે છે ત્યારે એનું વલણ સમગ્ર અસ્તિત્વને બે વિરોધી ભાગોમાં, નિમ્ન અને ઊર્ધ્વ અસ્તિત્વમાં વહેંચી નાખવાનું રહે છે, અને એક બાજુએ અનંત, નિરાકાર, અદ્વૈત, પરમ શાંતિ, પરમાનંદ, અચલતા, નીરવતા, નિરપેક્ષતા, વિશાળતા, પવિત્રતા દેખાય છે, તો બીજી બાજુએ એ જુએ છે સાંત, સાકાર જગત, ડામાડોળ અનેકતા, કંકાશ, કલેશ અને અપૂર્ણ અવાસ્તવિક કલ્યાણ, યાતનાભરી ધમાલ, અને મામૂલી, મર્યાદિત, ક્ષણિક, ક્ષુલ્લક અને નિષ્ફળ સફળતા. જે લોકો આવા ભાગલા, આવો વિરોધ જુએ છે તેમને સંપૂર્ણ મુક્તિ દેખાય છે અદ્વૈતની શાંતિમાં, અનંતની નિરાકારતામાં, નિરપેક્ષતાની અ-ભૂતતામાં; એ જ છે તેમને મન એકમાત્ર સાચી સત્તા; તેમના હિસાબે મુક્તિ માટે બધાં મૂલ્યાંકનોને બાળી નાખવાનાં છે, બધી પરિમિતતાઓનો માત્ર ત્યાગ જ નહિ, નાશ કરવાનો છે. તેમને દિવ્ય નિષ્કર્મતાની મુક્તિ તો મળે છે, પણ દિવ્ય કર્મોની આઝાદી મળતી નથી; તેઓ પરાત્પરની શાંતિ તો અનુભવે છે પણ પરાત્પરનો વિશ્વ-વ્યાપી આનંદ માણતા નથી. તેમની મુક્તિ વિશ્વ-વ્યાપારની અલગતા પર આધાર રાખે છે, પણ તેઓ એ વિશ્વ અસ્તિત્વને પોતાને ન તો ધારણ કરી શકે છે, ન તો દોરી શકે છે. તેઓ વિશ્વથી પરની શાંતિની સાથે, વધારામાં, વિશ્વમાં વ્યાપેલી શાંતિને પણ જાણી અને માણી શકે છે. પણ તેથી ય કાંઈ પેલા ભાગલા દૂર થતા નથી; તેઓ માણે છે તે મુક્તિ તો છે નીરવ, નિષ્ક્રિય સાક્ષીની,—પેલી, દિવ્ય, સ્વામિત્વભરી, ચેતનાની મુક્તિ, નહિ કે જે પદાર્થ-માત્રને ધારણ કરે છે, જે સર્વસ્વનો ઉપભોગ કરે છે, જે પતનની, ગુમાવવાની, બંધનની, કલંકની ધાસ્તી વિના અસ્તિત્વના સર્વ ઢાળાઓમાં પોતાને ઢળવા દે છે. આત્માના સર્વે હક્કો હજી તેમને હાંસલ થતા નથી; તેમનામાં હજી અસ્તિત્વની સાથેની પૂર્ણ તદ્રૂપતાનો ઇન્કાર છે, આનાકાની છે, અર્ધ-સ્વીકાર છે. મન આધ્યાત્મિકતાના સ્તર પરની શાંતિ અને નિશ્ચલતામાં જઈ મનતત્ત્વ, પ્રાણતત્ત્વ અને જડ તત્ત્વના કાર્ય-પ્રવાહને જુએ છે અને એ શાંતિ અને નિશ્ચલતાથી તર-બતર થઈ જાય છે; પણ એ કાર્ય-પ્રવાહ આત્મતત્ત્વના પ્રભુતાપૂર્ણ નિયમને આધીન થતો નથી, તેનાં નિયંત્રણ નીચે આવતો નથી.

---

૨. यस्मिन् सर्वाणि भूतान्यात्मैवाभूद्विजानतः ।
तत्र को मोहः कः शोकः एकत्वमनुपश्यतः ॥ ઇશોપનિષદ

મન જ્યારે ઊંચે જઈને પોતાના જ આધ્યાત્મિક પ્રદેશોમાં, સત્, ચિત્ અને આનંદના માનસિક સ્તરોમાં સ્થિર થાય અને ત્યાંના પ્રકાશ અને આનંદને નિમ્ન જાતમાં નીચે ફેલાવે ત્યારે ઉપર જણાવેલ વિશ્વ–ચૈતન્ય પ્રાપ્ત થાય. પણ નિમ્ન પ્રદેશોમાં રહેવા છતાં પણ એક જાતનું વિશ્વ–ચૈતન્ય મેળવવાનો પ્રયત્ન કરી શકાય છે; એ છે, અગાઉ જેની વાત કરી હતી તે આજુબાજુની દીવાલો તોડીને ઉચ્ચ સ્તરોના પ્રકાશ અને વિશાળતાને ત્યાં, નીચે, બોલાવી લાવવાની રીત. સમગ્ર આત્મતત્ત્વ તો એક અખંડ તત્ત્વ છે જ, પણ મન, પ્રાણ, અને જડ એ તત્ત્વો પણ અખંડ જ છે. સમગ્ર વિશ્વવ્યાપી, એક, અખંડ મનતત્ત્વ છે; એ જ પ્રમાણે એક વિશ્વવ્યાપી અખંડ પ્રાણ અને અખંડ દેહ પણ છે. માણસ સાર્વત્રિક સહાનુભૂતિ, સર્વવ્યાપી પ્રેમ, તેમ જ અન્યોના અંતરાત્માની સમજ અને જ્ઞાન માટે જે પ્રયત્ન કરે છે તે બીજું કાંઈ નહિ પણ વિકસતાં મન અને હૃદયનાં બળનો આશરો લઈ અહમ્‌ની દીવાલો પર પ્રહારો કરી; તોડી, તેમને જમીનદોસ્ત કરવાનો અને સમગ્ર વિશ્વ સાથે એકરૂપ થવાનો યત્ન છે. અને જો આપણે મન અને હૃદય વડે આત્મતત્ત્વનો સ્પર્શ પામી શકીએ, દિવ્યતાના સમર્થ પ્રવાહને નિમ્ન માનવતામાં મેળવી શકીએ અને જો પ્રેમ વડે, સાર્વત્રિક આનંદ વડે, મનને સમગ્ર પ્રકૃતિને અને અન્ય જીવો સાથે એકરૂપ કરીને આપણી પ્રકૃતિને દિવ્ય પ્રકૃતિમાં પલટી શકીએ તો એ દીવાલોને જમીનદોસ્ત કરી પણ શકાય. આપણાં શરીર પણ ખરેખર તો કાંઈ સાવ અલગ અલગ નથી હોતાં અને તેથી આપણી ખુદ શારીરિક ચેતના પણ અન્યોથી અને સમગ્ર વિશ્વની શારીરિક ચેતના સાથે એકરૂપ કરી શકાય છે. યોગી પોતાના દેહને સર્વે દેહો સાથે એકરૂપ અનુભવી શકે છે, તેમનાં સુખદુઃખ અનુભવી શકે છે અને તેમાં સહ–ભાગી પણ થઈ શકે છે; તે સમગ્ર જડ તત્ત્વની એકતાનો સતત અનુભવ કરી શકે છે અને પોતાની ભૌતિક જાત એ સમગ્ર જડ–જગતના પ્રવાહમાં એક વહેણ છે[3] એમ જાગ્રત રીતે અનુભવી શકે છે. એનાથી વધારે તો, અનંત પ્રાણતત્ત્વનો સમગ્ર સમુદ્ર એ જ પોતાનું સાચું પ્રાણ–અસ્તિત્વ છે અને પોતાનું અંગત જીવન એ, એ સમુદ્રના માત્ર એક તરંગરૂપ જ છે એમ સતત અને સમધારણ રીતે અનુભવી શકે છે. અને તેનાથી પણ વધારે સરળ રીતે તો એ શક્ય છે કે એ સમગ્ર અસ્તિત્વ સાથે પોતાનાં મન અને હૃદયને એક કરી દઈ શકે છે, તેમની ઇચ્છાઓ, મથામણો, આનંદો, યાતનાઓ, વિચારો, આવેગો એ બધાં એક રીતે તો જાણે એનાં પોતાનાં જ

---

૩. जगत्यां जगत् । ઈશોપનિષદ

હોય, પોતાનાં જ મન અને હૃદયમાં થતી ક્રિયાઓના જેટલી જ ઘનિષ્ટતાથી, પોતાની જ વિશાળ જાતમાં અનુભવાતી હોય એમ જાગ્રત રીતે અનુભવી શકે છે. આ પણ વિશ્વ-ચૈતન્યની જ અનુભૂતિ છે.

આ અનુભૂતિ જ મોટામાં મોટી એકરૂપતા છે એમ લાગી જવા સંભવ છે; કારણકે મનોસર્જિત જગતમાં જે કાંઈ અનુભવી શકાય છે તે સર્વેનો તેમાં, આપણાં પોતાનાં જ તરીકે સમાવેશ થાય છે. કેટલીક વાર આને જ સર્વોચ્ચ સિદ્ધિ પણ કહેવામાં આવે છે. બેશક, એ એક મહાન સાક્ષાત્કાર છે; અને હજી ય વધારે મહાન સાક્ષાત્કારો પ્રત્યે એ દોરી જાય છે. હર્ષમાં અને શોકમાં પ્રાણીમાત્રને પોતાની જ જાત તરીકે સ્વીકારવાની જે વાત ગીતામાં કહી છે તે આ જ છે; અને બૌદ્ધ સંપ્રદાયમાં સહાનુભૂતિભરી એકતા અને અનંત અનુકંપા વડે નિર્વાણ પ્રાપ્ત કરવાનો માર્ગ દેખાડ્યો છે તે પણ આ જ છે છતાં આમાં ચડ-ઊતર ભૂમિકાઓ અને માત્રાઓ રહેલાં છે. પહેલી ભૂમિકામાં આત્મા દ્વંદ્વોથી, અને તેથી, નિમ્ન પ્રકૃતિથી બંધાએલો રહે છે; તે વૈશ્વિક દુઃખોથી દુઃખી થાય છે અને વૈશ્વિક આનંદથી હર્ષ પામે છે. આપણે બીજાનાં સુખે સુખી અને દુઃખે દુઃખી થઈએ છીએ, અને આ એકતા ખુદ શરીર સુધી આણી શકાય છે; દાખલા તરીકે, સંત જ્ઞાનેશ્વરની વાતમાં આવે છે કે કોઈ ક્રૂર ખેડૂતના મારથી પીડાતા બળદને જોઈ તેમનાથી બળદની જ માફક બરાડી જવાયું હતું એટલું જ નહિ પણ તેમના પોતાના દેહ પર સોળ ઊપસી આવ્યા હતા. પણ આપણાં નિમ્ન અંગો પ્રકૃતિની ક્રિયાઓને વશ રહે એવી આ એકરૂપતાની સાથે આપણે સચ્ચિદાનંદમાં મુક્ત રહીએ એવી એકરૂપતા પણ સાધવાની જ છે. જ્યારે આત્મા મુક્ત બને, વૈશ્વિક ક્રિયાઓથી પર થઈ જાય ત્યારે આવી એકરૂપતા સિદ્ધ થાય છે; અને ત્યારે એ વૈશ્વિક ક્રિયાઓ મન, પ્રાણ અને શરીરમાં થતી નિમ્ન ક્રિયાઓ તરીકે અનુભવાય છે; ત્યારે આત્મા બધું સમજે છે, સ્વીકારે છે અને સહાનુભૂતિ પણ દેખાડે છે પણ ન તો તેમને વશ થાય છે, ન તો ચલિત; તેથી તેમને વશ થયા વિના કે તેમાં તણાયા વિના માત્ર સપાટી પર જ તેમની અસર સ્વીકારવાનું ખુદ મન તથા શરીર પણ શીખે છે. અને જ્યારે આપણી નિમ્ન અને ઊર્ધ્વ જાત વચ્ચેના ભેદ ચાલ્યા જાય તથા મન, પ્રાણ અને શરીર વૈશ્વિક તરંગોને નિમ્ન અને અજ્ઞાનભર્યા પ્રત્યુત્તર આપવાનું છોડીને તથા દ્વંદ્વોને વશ રહેવાનું બંધ કરીને આત્માની સ્વતંત્રતા પ્રાપ્ત કરે ત્યારે આ સિદ્ધિની ચરમ અવસ્થા પ્રાપ્ત થાય છે. આમાં બીજાઓનાં દુઃખ અને યાતનાઓ પ્રત્યે જડ થવાની વાત નથી પણ એવાં આધ્યાત્મિક ઐશ્વર્ય

અને આઝાદી મેળવવાની વાત છે કે જેના વડે સંપૂર્ણ સાચી સમજ આવે છે, વસ્તુઓની યથાર્થ કિંમત સમજાય છે, અને નીચે રહી દુઃખો સહન કરવાને બદલે ઊર્ધ્વમાં જઈ દુઃખો દૂર કરતાં આવડે છે. આથી દિવ્ય અનુકંપા અને સહાય અટકતાં નથી; અટકે છે માત્ર માનુષી અને પાશવી દુઃખો અને યાતનાઓ.

શુદ્ધ આધ્યાત્મિકતાનો પ્રદેશ અને મનના નિવાસ-રૂપ નિમ્ન સ્તરો એ બેને જોડતી એક કડી છે; એને વેદાંતમાં "વિજ્ઞાન" નામ આપેલું છે; આપણે તેને સત્યલોક, અતિમનસ કે મનથી પરનો પ્રદેશ કહી શકીએ; ત્યાં "એક" અને "અનેક" એક બની રહે છે, અને આપણી જાત દિવ્ય સત્યના સર્વ-વેધક પ્રકાશ પ્રત્યે તથા દિવ્ય સંકલ્પ અને જ્ઞાનની પ્રેરણા પ્રત્યે પૂરેપૂરી ખુલ્લી બની જાય છે. આપણીસામાન્ય જાતે આપણી અને ભગવાનની વચ્ચે બૌદ્ધિક, ઊર્મિલ અને સંવેદનભર્યા મનનો જે પડદો ઊભો કરેલો છે તેને જો આપણે તોડી ફાડી શકીએ તો આપણે આપણા મન, પ્રાણ અને શરીરના સર્વે અનુભવોને એ સત્યમય મન, એ અતિમનસ સુધી ઉઠાવી આધ્યાત્મિકતાને ચરણે સોંપી શકીએ (અને વેદમાં જે પ્રાચીન "યજ્ઞ" શબ્દ છે તેનો અસલ, ગુપ્ત અને ગુહ્ય અર્થ પણ આ જ છે) કે જેથી તેઓ સચ્ચિદાનંદનાં અનંત સત્યનાં સ્વરૂપોમાં પલટાઈ જાય; તથા આપણને દિવ્ય જ્ઞાન, સંકલ્પ અને આનંદ-સ્વરૂપે અનંત, પરમ અસ્તિત્વનાં એવાં સામર્થ્ય અને પ્રકાશ મળે કે જેનું આપણે આપણી મનોમયતા, પ્રાણમયતા તથા ભૌતિક અસ્તિત્વ પર આરોપણ કર્યા કરીએ કે જેથી અંતે એ નિમ્ન આધારનું ઊર્ધ્વનાં પરિપૂર્ણ પાત્રમાં રૂપાંતર થઈ જાય. માનવોમાં દેવોનાં અવતરણની અને અવતારની, તથા દિવ્ય જ્ઞાન, શક્તિ અને આનંદ માટે મથી રહેલ માનવશક્તિઓનાં, દેવત્વમાં આરોહણની જે બેવડી ગતિની વાત વેદમાં કરેલી છે તે આ જ છે; એ બેવડી ગતિનું પરિણામ એટલે અદ્વૈતની, અનંતની, આનંદમય અસ્તિત્વની, ભગવાન સાથે એકરૂપતાની, અમરતાની પ્રાપ્તિ. આ અતિમનસ પ્રદેશની, વિજ્ઞાનમય લોકની પ્રાપ્તિથી આપણે નિમ્ન અને ઊર્ધ્વ પ્રદેશ વચ્ચેના વિરોધને, પૂરેપૂરા ભૂંસી નાખીશું; સાંત અને અનંત વચ્ચે, ભગવાન અને જગત વચ્ચે, એક અને અનેક વચ્ચે પેલાં અસલ અજ્ઞાને ઊભી કરેલી ખોટી ખાઈને પૂરેપૂરી પૂરી નાખીશું; દિવ્યતાના દ્વાર પૂરેપૂરાં ખોલી નાખીશું; વ્યક્તિને વિશ્વ-ચૈતન્યની પૂર્ણ સંવાદિતામાં દોરી જઈ કૃતાર્થ કરીશું; સમસ્ત વિશ્વમાં પરાત્પર સચ્ચિદાનંદના પ્રાગટ્યને સાક્ષાત કરીશું.

## પ્રકરણ : ૧૬

# એકતા

એટલે જ્યારે સાધક પોતાની ચેતનાના કેન્દ્રને મન, પ્રાણ અને શરીર સાથેની તદ્રૂપતામાંથી હઠાવી લઈ પોતાની સાચી જાતને પ્રાપ્ત કરે, એ જાત શુદ્ધ, શાંત, અક્ષર બ્રહ્મ સાથે એકરૂપ છે એ જાણી લે અને એ અક્ષર બ્રહ્મમાંથી તેને એ વસ્તુ મળી રહે કે જેના વડે તે પોતાના વ્યક્તિ-સ્વરૂપમાંથી વ્યક્તિ–વિહીનતામાં પહોંચી શકે ત્યારે જ્ઞાન–યોગની પ્રથમ ભૂમિકા પૂર્ણ થઈ ગણાય. અને જ્ઞાનયોગના પ્રચલિત લક્ષને ખાતર, એટલે કે વિશ્વ–અસ્તિત્વમાંથી બહાર નીકળવા અને તેને છોડી દેવા માટે, સર્વ વિશ્વ–સતતા-થી જે પર છે તેવા નિરપેક્ષ અને અવર્ણનીય પરબ્રહ્મમાં મુક્તિ મેળવવા માટે તો આટલું જ પૂરતું છે. આવી મુક્તિને અંતિમ લક્ષ્ય ગણનાર સાધકને પોતાની સાધના દરમિયાન બીજા સાક્ષાત્કારો, જેવા કે પ્રાણીમાત્રમાં પ્રગટ થતા, વિશ્વના સ્વામીરૂપ પરમપુરુષનો સાક્ષાત્કાર થાય કે વિશ્વ–ચૈતન્ય પ્રાપ્ત થાય કે ભૂતમાત્ર સાથેની એકરૂપતાની અનુભૂતિ પણ થાય એ શક્ય છે; પણ આ બધાં તો તેના સાધના–પથની માત્ર ભૂમિકાઓ કે પ્રસંગોપાત્ત અનુભૂતિઓ હોય છે અથવા, તેનો, આત્મા તેના અવર્ણનીય લક્ષની પાસે પહોંચતાં જે વિકાસ પામે તેનાં પરિણામો જ હોય છે; તેનું પરમ લક્ષ્ય તો એ સર્વેને વટાવી જવાનું જ હોય છે. તેનાથી ઊલટું, આપણે જ્યારે મોક્ષ અને શાંતિ અને નીરવતા પ્રાપ્ત કર્યા પછી, વિશ્વ–ચૈતન્ય દ્વારા સક્રિય તેમ જ નિષ્ક્રિય બ્રહ્મને ફરી ધારણ કરીએ તથા દિવ્ય મુક્તાવસ્થામાં સલામત જીવી પણ શકીએ અને આરામ પણ કરી શકીએ ત્યારે સાધના–પથની બીજી એ ભૂમિકા પૂર્ણ થઈ ગણાય કે જે વડે આત્મજ્ઞાનની પરિપૂર્ણતા એ, મુક્તાત્માનું કાયમી થાણું બની રહે.

અને આમ થવાથી આત્મા પોતાના આવિર્ભાવના બધા જ સ્તરો પર સચ્ચિદાનંદ સાથે એકતા સાધે છે. પૂર્ણજ્ઞાનની વિશિષ્ટતા જ એ છે કે એમાં બધું જ સચ્ચિદાનંદ સાથે એકતા સાધે છે, કારણકે પરમપુરુષ, સમગ્ર અસ્તિત્વ પોતે એક અખંડ સ્વરૂપ છે એટલું જ નહિ પણ તે સર્વત્ર

પોતાની સર્વ અવસ્થાઓમાં અને સર્વે સ્વરૂપોમાં, પોતાની દેખાતી નરી અનેકતામાં તેમ જ પોતાની નરી એકતામાં પણ એક અને અખંડ જ છે. પ્રચલિત જ્ઞાનમાં આ વાતનો એક સિદ્ધાંત તરીકે તો સ્વીકાર છે જ પણ તેનો અમલ કરવામાં જાણે કે, એ એકતા બધે જ એકસરખી ના હોય અથવા એકસરખી સાક્ષાત ના થઈ શકતી હોય એવી દલીલ થતી જણાય છે. એ એકતા અવ્યક્ત નિરપેક્ષતામાં તો તેમને બરાબર દેખાય છે, પણ વ્યક્ત જગતમાં એટલી બધી નહિ; વ્યક્તિત્વ–હીનતામાં જેટલી શુદ્ધ દેખાય છે તેટલી વ્યક્તિ–સ્વરૂપમાં નહિ, નિર્ગુણમાં પરિપૂર્ણ ખરી, પણ સગુણમાં નહિ; નીરવ અને નિષ્ક્રિય બ્રહ્મમાં તેની હાજરી સંતોષકારક ખરી પણ સક્રિયમાં નહિ. એટલે નિરપેક્ષતાની આ બધી બીજી બાજુઓને તેઓ જરા નીચી ગણે છે; અને તેથી શુદ્ધ સાક્ષાત્કારમાં કેમ જાણે તેમનો ત્યાગ અનિવાર્ય હોય તેમ તેમને, છેક છેવટે તો વર્જ્ય જ ગણે છે. પૂર્ણજ્ઞાનમાં આવો ભેદ સ્વીકારાતો નથી; તેમાં એકતાને એવી રીતે જોવામાં આવે છે કે જેથી એક જુદી જ જાતની નિરપેક્ષતા મળી રહે; અવ્યક્ત અને વ્યક્તમાં, વ્યક્તિત્વહીનમાં તેમ જ વ્યક્તિસ્વરૂપમાં, નિર્ગુણ અને સગુણમાં, વિશ્વવ્યાપી શાંતિનાં અનંત ઊંડાણમાં તેમ જ વિશ્વવ્યાપી કર્મ–પ્રવાહની અનંત વિશાળતામાં પૂર્ણજ્ઞાન એકસરખી જ એકતા પામે છે. તે એકસરખી નિરપેક્ષ એકતા નિહાળે છે પુરુષમાં અને પ્રકૃતિમાં; દિવ્ય સંસ્થિતિમાં તેમ જ દિવ્ય શક્તિ અને જ્ઞાનની સક્રિયતામાં; પુરુષોત્તમના સનાતન વ્યક્ત સ્વરૂપમાં તેમ જ અનેક આત્માઓનાં સતત આવિર્ભાવોમાં; પોતાની અનેકવિધ એકતાને સતત વાસ્તવિકતા તરીકે જાળવી રાખતા સચ્ચિદાનંદના અવિચ્છિન્ન અદ્વૈતમાં તેમ જ મન, પ્રાણ અને શરીર (કે જેમાં એકતા તો સતત, છતાં છૂપી રીતે, મોજૂદ છે જ અને સાક્ષાત થવા માટે સતત મથ્યા જ કરે છે) તેમના આભાસભર્યા ભાગલાઓમાં. તેના હિસાબે બધી જ એકતા એ એક તીવ્ર, શુદ્ધ અને અનંત સાક્ષાત્કાર છે તો બધા જ ભેદો એ પણ સાક્ષાત્કાર જ છે, એ જ દિવ્ય અને સનાતન પરમપુરુષનો વિપુલ, સમૃદ્ધ અને સીમા–વિહીન સાક્ષાત્કાર છે.

એટલે એકતાનો સંપૂર્ણ સાક્ષાત્કાર એ જ છે પૂર્ણજ્ઞાનનો અને પૂર્ણયોગનો સાર. સચ્ચિદાનંદને સ્વ–સ્વરૂપમાં અખંડ જાણવો તેમ જ તેના સર્વે આવિર્ભાવોમાં પણ તેને અખંડ જાણવો એ છે જ્ઞાનનો પાયો; અને અખંડતાનાં આ દર્શનને ચેતનાની સંસ્થિતિ અને સક્રિયતા સમક્ષ વાસ્તવિક બનાવવું તથા અલગ વ્યક્તિ તરીકેના ભાનનો પરમ સત્તા સાથેની અને

સર્વે સત્તાઓ સાથેની એકતાનાં ભાનમાં લય કરી દઈએ અખંડતા બની જવું એ જ છે જ્ઞાનયોગની સાધના; એ અખંડતાનાં ભાનમાં જ રહી જીવવું, વિચારવું, અનુભવો કરવા, સંકલ્પ અને કર્મો કરવાં એ જ છે વ્યક્તિભૂત જાતમાં અને વ્યક્તિગત જીવનમાં તેની સાકારતા; અદ્વૈતનો આ સાક્ષાત્કાર અને દ્વૈતમાં અદ્વૈતનો આ વ્યવહાર એ જ છે પૂરેપૂરો યોગ.

ગમે તે અવસ્થામાં હોય કે ગમે તે ભૂમિકા પર હોય પણ સચ્ચિદાનંદ પોતે તો હમેશાં એક અને અખંડ જ રહે છે. એટલે આપણે સર્વે સિદ્ધિનાં મંડાણ તેની જ પર કરવાનાં છે, પછી ભલેને એ સિદ્ધિ ચેતના માટે હોય કે શક્તિ માટે કે સત્તા માટે કે પછી જ્ઞાન કે સંકલ્પ કે આનંદ માટેની હોય. આપણે જોયું જ છે કે આપણે જીવન નિરપેક્ષ પરાત્પરતાની ચેતનામાં ધારણ કરવાનું છે તો નિરપેક્ષનાં સાપેક્ષ પ્રાગટ્યની ચેતનામાં પણ ધારણ કરવાનું છે જ; તેની વ્યક્તિ-હીનતામાં તેમ જ તેનાં સર્વે પ્રગટ વ્યક્તિસ્વરૂપોમાં, તેની ગુણાતીતતામાં તેમ જ તેનાં અનંત ગુણોથી સમૃદ્ધ સ્વરૂપોમાં, તેની એવી નીરવતામાં કે જેમાંથી સનાતન શબ્દ સર્જાય છે, તેની એવી દિવ્ય શાંતિ અને અચળતામાં કે જે પોતાના અનંત આનંદ અને પ્રવૃત્તિમાં પણ સ્થિર રહે છે, તે સર્વેમાં જીવન ધારણ કરવાનું છે. આપણે તેને સર્વસ્વના જ્ઞાતા, અનુમંતા, નિયંતા તેમ જ વ્યાપક ધારક અને શાસક-રૂપ પુરુષ તરીકે પ્રાપ્ત કરવાનો છે તો તેની સાથે સાથે સર્વે જ્ઞાન, સંકલ્પ અને સર્જનને અમલમાં મૂકનાર પ્રકૃતિ તરીકે પણ પ્રાપ્ત કરવાનો છે. આપણે એ પ્રાગટ્ય-પુરુષ સચ્ચિદાનંદનાં સાતેય સ્વરૂપોને પ્રત્યક્ષ કરવાનાં છે; એ સાત સ્વરૂપો છે: એક અખંડ સત્, પોતાનામાં જ સ્થિત સત્ તેમ જ સર્વે જગતમાં પ્રગટ થએલ સત્; એક અખંડ ચિત્, પોતાના અસ્તિત્વના કેન્દ્રમાં એકાગ્ર થએલ ચિત્ વિશ્વવ્યાપી પ્રકૃતિમાં ફેલાઈ ગએલ અને અગણિત અસ્તિત્વોમાં અનેક-કેન્દ્રીય બનેલ ચિત્; એક અખંડ આનંદ, પોતાની લક્ષણાતીત અનંતતા પ્રત્યે આનંદ સજાગ આનંદ તેમ જ સર્વે લક્ષણો અને શક્તિઓ અને સ્વરૂપો પ્રત્યે પણ સાનંદ સજાગ આનંદ; એક અખંડ સર્જક જ્ઞાન અને શાસક સંકલ્પ કે જે સમસ્ત મન, જીવન અને દેહોનો અતિમાનસિક પ્રારંભક અને નિયંત્રક છે; એક અખંડ મન-તત્ત્વ કે જે સર્વે મનોમય પ્રાણીઓનું ધારક અને તેમના મનોમય વ્યાપારોનું ઘટક છે; એક અખંડ પ્રાણ-તત્ત્વ કે જે સર્વે જીવંત પ્રાણીઓની ગતિ અને તેમની પ્રાણ-સભર પ્રવૃત્તિઓનો સંચાર છે; એક અખંડ પદાર્થ-તત્ત્વ કે જેમાંથી સર્વે પદાર્થો અને તેમના આકારોનાં એવાં દૃશ્ય અને ઇંદ્રિયગોચર બીબાં બને છે કે જેમાં મન અને પ્રાણ પ્રગટ

અને પ્રવૃત્ત થાય છે (એ જ પ્રમાણે શુદ્ધ સત્ એ પણ એક એવું આકાશ-તત્ત્વ છે કે જેમાં ચિત્ અને આનંદ એકાકાર થઈને વસે છે અને વિવિધ રૂપે વિચરે છે).

જ્ઞાન માટેના પૂર્ણયોગમાં પ્રાગટ્યની આ બેવડી પ્રકૃતિનો સ્વીકાર કરવાનો છે (કારણકે જો સચ્ચિદાનંદની એવી ઊર્ધ્વ પ્રકૃતિ છે કે જેમાં પ્રભુ પ્રગટ સ્વરૂપે પ્રત્યક્ષ છે તો મન, પ્રાણ અને શરીરની એવી નિમ્ન પ્રકૃતિ પણ છે કે જેમાં તે છુપાઈ રહેલો છે) અને પછી એ બંને વચ્ચે સમાધાન સાધી એક પ્રકાશ-પૂર્ણ સાક્ષાત્કારની એકતામાં તેમને એકરૂપ બનાવવાની છે. તેમને અલગ અલગ જ રાખી, અંતરમાં કે ઊર્ધ્વમાં આધ્યાત્મિક, અને પ્રવૃત્તિભરી પાર્થિવ-તામાં માનસિક અને ભૌતિક એવું બેવડું જીવન આપણે ગાળવાનું નથી; આપણે ઊર્ધ્વ સત્યના પ્રકાશ, શક્તિ અને આનંદની નજરે નિમ્ન જીવનનું પુનઃદર્શન અને પુનઃનિર્માણ કરવાનું છે. આપણે જડ તત્ત્વના ઇન્દ્રિય–સર્જિત ઢાળા તરીકે તેમ જ, પાર્થિવ અસ્તિત્વ અને પ્રવૃત્તિઓની ઉત્તમોત્તમ અવ-સ્થામાં સચ્ચિદાનંદના પ્રકાશ, શક્તિ અને આનંદ પ્રગટ થઈ શકે તે માટેના એક પાત્ર તરીકે સાક્ષાત કરવાનું છે. આપણે જીવનને દિવ્ય અનંત શક્તિના એક વાહક તરીકે જોવાનું છે તથા ઇન્દ્રિય અને મને તેમાં સર્જેલી અલગતા અને ભેદને ભૂંસી નાખવાના છે જેથી દિવ્ય શક્તિ આપણી સર્વે પ્રાણ-પ્રવૃત્તિઓને પકડમાં લે તથા તેમનું નિયંત્રણ અને રૂપાંતર કરી નાખે કે જેથી કરીને આપણી પ્રાણશક્તિ કે જે હાલમાં માત્ર મન અને દેહને જ પોષી રહી છે તે તેનું એ મર્યાદિત સ્વરૂપ તજી રૂપાંતર પામે અને છેવટે સચ્ચિદા-નંદની આનંદમયી ચૈતન્ય–શક્તિનું પદ પામે. એ જ પ્રમાણે સંવેદનશીલ અને ઊર્મિપ્રધાન ચિત્તને પણ દિવ્ય પ્રેમ અને વિશ્વવ્યાપી આનંદની લીલામાં પલટી નાખવાનું છે; તથા આપણી જ્ઞાન–ભૂખી અને સંકલ્પ–સેવી બુદ્ધિમાં પણ દિવ્ય જ્ઞાન–સંકલ્પનો એવો તો વિદ્યુત–સંચાર કરવાનો છે કે જેથી તે છેવટે એ ઊર્ધ્વ અને ઉમદા પ્રવૃત્તિનું એક સ્વરૂપ બની રહે.

પણ જો સત્ય–મય મન જાગ્રત ના થાય તો આવા રૂપાંતરને ન તો પૂર્ણ કરી શકાય ન તો ખરેખર પાર પાડી શકાય; આ સત્ય–મય મન એ મનોમય પ્રાણીમાં વિજ્ઞાનનું, અતિમનસનું પ્રતિનિધિ છે અને તેથી એ અતિ-મનસની પ્રકાશમયતા ગ્રહણ કરી શકે છે. આ કડીરૂપ શક્તિ પ્રત્યે પૂરેપૂરા ખુલ્લા ન થવાય ત્યાં સુધી આત્મા અને મન–તત્ત્વ વચ્ચે વિરોધ રહે છે અને ઊર્ધ્વ અને નિમ્ન પ્રકૃતિ અલગ અલગ રહે છે; અને એ બે વચ્ચે કદાચ સંબંધ બંધાય અથવા ઊર્ધ્વ પ્રકૃતિ નિમ્ન પર પોતાનો પ્રભાવ પાડે

અથવા તેને પકડમાં લઈ એક જાતના પ્રકાશ કે આનંદમાં તેને લીન પણ કરી દે, તેમ છતાં નિમ્ન પ્રકૃતિનું સંપૂર્ણ અને પરિપૂર્ણ પરિવર્તન થઈ શકતું નથી. જડ તત્ત્વ અને તેનાં બધાં સ્વરૂપોમાં વસતા આત્મતત્ત્વનો, ઊર્મિઓ અને સંવેદનોમાં રહેલા દિવ્ય આનંદનો, જીવનની બધી પ્રવૃત્તિમાં રહેલ દિવ્ય શક્તિનો આપણને ચિત્ત વડે અનુભવ થાય, અથવા મન વડે ભાન થાય અથવા બુદ્ધિ વડે તેનો ખ્યાલ આવે એમ પણ બને; તેમ છતાં નિમ્ન પ્રકૃતિ હજી ય તેવી જ રહેશે, અને ઊર્ધ્વ પ્રકૃતિના પ્રભાવથી થતાં કર્મોને મર્યાદિત અને ખંડિત બનાવી દેશે તથા તેની વિશિષ્ટતાને મોળી પાડી દેશે. એ પ્રભાવ પોતાની સર્વોચ્ચ, વિશાળતમ અને પ્રબળતમ શક્તિ ધારણ કરે ત્યારે પણ સક્રિયતામાં તો અનિયમિત અને અસ્તવ્યસ્ત થઈ જવાની અને માત્ર શાંતિ અને નિષ્ક્રિયતામાં જ પૂરેપૂરી પ્રત્યક્ષ થવાની. તે પાછી હઠી જાય ત્યારે આપણે પ્રત્યાઘાતના અને તમસ્-ભર્યા ગાળાઓમાં સપડાઈ જવાના; સામાન્ય જીવનનાં દબાણમાં, તેની બાહ્ય અસરમાં, તથા તેનાં દ્વંદ્વો-માં ઘેરાઈ જતાં આપણે એ ઊર્ધ્વ પ્રભાવને ભૂલી જઈએ એમ પણ બને; અને જ્યારે આપણા આત્મા સાથે કે પ્રભુ સાથે એકાંતમાં રહીએ અથવા જ્યારે ઉચ્ચ આનંદ કે દિવ્ય મસ્તી અનુભવતા હોઈએ ત્યારે જ એ ઊર્ધ્વ પ્રકૃતિ-માં ટકી શકીએ એમ પણ બને. કારણકે એક નાનાશા કરણરૂપ, સાંકડા પ્રદેશમાં જ ફરતી અને વસ્તુઓના ટુકડાઓને જ પકડતી આપણી મનોમયતા હજી વ્યગ્ર, બહાવરી અને બદલાતી હોય છે; હજી, તે જ્યારે મર્યાદિત કાર્ય-પ્રદેશમાં હોય ત્યારે જ સ્થિર, અને જ્યારે નિવૃત્ત અને વિરામાવસ્થામાં હોય ત્યારે જ નિશ્ચલ રહી શકે છે.

એથી ઊલટું, પ્રત્યક્ષ અને શુદ્ધ સત્યદર્શન તો અતિમનસ વડે જ શક્ય છે; એ અતિમનસ એ જ એવું સંકલ્પ-બળ છે કે જેમાં શુદ્ધ જ્ઞાન છે અને એવું જ્ઞાન છે કે જેમાં સંપૂર્ણ કાર્ય-સાધકતા છે; એ જ, અનંતતામાંથી વિશ્વ-વ્યવસ્થાનું સર્જન કરે છે. વેદમાં જણાવ્યા પ્રમાણે એ વિજ્ઞાન જ્યારે સક્રિય સ્વરૂપે જાગ્રત થાય છે ત્યારે સ્વર્ગની વર્ષા બારે મેઘથી ઊતરી આવે છે, પ્રકાશ અને શક્તિ અને આનંદના મહાસાગરોમાંથી સાત સાત નદીઓનાં પૂર ઊતરી આવે છે. દૃષ્ટિ સમક્ષ તે સચ્ચિદાનંદને પ્રત્યક્ષ કરી દે છે. તે આપણી મનોમયતાનાં અસ્તવ્યસ્ત, અને ખોટાં જોડાએલાં સૂચનોની પાછળ રહેલ પરમ સત્યને પ્રગટ કરી દે છે અને એ સત્યની એકતાના પ્રદેશમાં દરેકને યથાસ્થાને બેસાડી દે છે; આમ તે આપણા મનના અર્ધ-પ્રકાશોનું પ્રકાશની એક નિશ્ચિત સમગ્રતામાં રૂપાંતર કરી શકે છે; તે આપણા મનના

સંકલ્પો અને ચિત્તની ઇચ્છાઓ અને પ્રાણના પ્રયત્નોની આડ-રસ્તે વળેલી અને જેમતેમ દોરાતી ઝંખનાઓની પાછળ રહેલ પરમ સંકલ્પ-શક્તિને પ્રત્યક્ષ કરી દે છે અને એ પ્રકાશોજ્જ્વલ સંકલ્પની એકતાના પ્રદેશમાં તે દરેકને તેમના સાચા સ્થાને બેસાડી દે છે; આમ તે આપણાં મન અને જીવનની અર્ધ-આંધળી મથામણોનું સુવ્યવસ્થિત શક્તિની એક નિશ્ચિત સમગ્રતામાં રૂપાંતર કરી શકે છે. આપણું દરેક સંવેદન અને ઊર્મિ જેને માટે ફાંફાં મારે છે અને જેનો જેવોતેવો સંતોષ કે અસંતોષ, યાતના, દુઃખ કે ઉદાસી મેળવીને પાછું પડે છે તે આનંદને તે પ્રત્યક્ષ કરી દે છે અને તેમની પાછળ રહેલ વિશ્વ-વ્યાપી આનંદની એકતામાં તે દરેકને યથાસ્થાને મૂકી આપે છે; આમ, દ્વંદ્વના ભોગરૂપ આપણી ઊર્મિઓ અને સંવેદનોના આપણા સંઘર્ષોનું તે એક ગંભીર છતાં ગહન અને સમર્થ, પ્રેમ અને આનંદની એક નિશ્ચિત સમગ્રતામાં રૂપાંતર કરી શકે છે. વળી, સમગ્ર વિશ્વ-પ્રવૃત્તિને પ્રત્યક્ષ કરી દઈને તેની દરેક ક્રિયા જેમાંથી ઉદ્‌ભવે છે અને જેની તરફ આગળ વધે છે તે તેમનાં અસલ સત્યને, તે દરેક ક્રિયામાં રહેલી કાર્યસાધક શક્તિને તથા તે દરેક જેમાંથી અને જેને માટે ઉદ્‌ભવે છે તે નિજાનંદને તે ખુલ્લાં કરી આપે છે તથા તે સર્વેને સચ્ચિદાનંદની વિશ્વવ્યાપી સતતા, ચેતના, શક્તિ તથા આનંદ સાથે તે સાચા સંબંધમાં જોડી આપે છે. આમ તે સર્વે ભેદ, ભાગલાઓ અને વિરોધોને આપણી સમક્ષ મેળમાં મૂકી આપે છે અને તેમાં રહેલ એક અને અનંત પ્રભુને પ્રત્યક્ષ કરી આપે છે. આ અતિમાનસિક પ્રકાશના ઊર્ધ્વ પ્રદેશમાં પહોંચતાં સુખ અને દુઃખ અને તટસ્થતા એક, અખંડ, સ્વયંભૂ પરમાનંદના આનંદમાં પલટાવા માંડે છે; શક્તિ અને અશક્તિ, જય અને પરાજય એક અખંડ સ્વયં-સિદ્ધ પરમ શક્તિ અને પરમ સંકલ્પનાં સામર્થ્યોમાં પલટાવા માંડે છે; સત્ય અને અસત્ય, જ્ઞાન અને અજ્ઞાન એક, અખંડ, અનંત સ્વ-સચેતનતા અને વિશ્વ-જ્ઞાનમાં પલટાવા માંડે છે; આત્મ-વિકાસ અને આત્મહ્રાસ, મર્યાદા અને મર્યાદાઓનું ઉલ્લંઘન એક, અખંડ સ્વયં-સાધક સચેતન અસ્તિત્વનાં તરંગોમાં પલટાવા માંડે છે. આપણું સમગ્ર જીવન તેમ જ આપણું અસલ અસ્તિત્વ સચ્ચિદાનંદની એકતામાં પલટાઈ જાય છે.

આવાં પૂર્ણજ્ઞાનનો માર્ગ લેવાથી, જ્ઞાનયોગ, કર્મયોગ તથા ભક્તિયોગ જે જે લક્ષ્ય રાખે છે તે લક્ષ્યોની પણ એકતા સિદ્ધ થાય છે. જ્ઞાનનું લક્ષ્ય છે સાચા આત્મ-અસ્તિત્વનો સાક્ષાત્કાર; કર્મનું લક્ષ્ય છે એવી દિવ્ય સચેતન-સંકલ્પ-શક્તિનો સાક્ષાત્કાર કે જે સર્વે કર્મોનું ગુપ્ત રીતે નિયંત્રણ કરી રહેલ

છે; ભક્તિનું લક્ષ્ય છે એવા પરમાનંદનો સાક્ષાત્કાર કે જે પરમ પ્રેમી તરીકે ભુત-માત્ર તથા અસ્તિત્વ-માત્રનો ઉપભોગ કરી રહેલ છે; આ ત્રણ લક્ષ્યો તે સત્, ચિત્-તપસ્ અને આનંદ; એટલે, દરેકનું લક્ષ્ય તો છે સચ્ચિદાનંદ જ, અને દરેકનો માર્ગ છે એની જ ત્રિવિધ પ્રકૃતિ પૈકીનું એક એક પાસું. જ્ઞાન વડે આપણને પ્રાપ્ત થાય છે આપણું સાચું, સનાતન, અક્ષર સત્; એ જ છે સ્વયંભૂ; વિશ્વમાંનો દરેક "હું" અંધ રીતે તેનો જ પ્રતિનિધિ છે; સોઽહમ્, "હું તે જ છું" એ મહાન સાક્ષાત્કારથી સર્વે ભેદભાવ ચાલ્યા જાય છે; અને આપણે અન્ય સહુ જીવો સાથે પણ એકરૂપતા પ્રાપ્ત કરીએ છીએ.

પણ પૂર્ણજ્ઞાન તો આપણને સાથે સાથે એ પણ દેખાડી આપે છે કે એ અનંત સત્ એ સચેતન-શક્તિ એટલે કે ચિત્ પણ છે જ કે જે સર્વે જગતોનું સર્જન અને નિયંત્રણ કરે છે અને તેમની પ્રવૃત્તિઓમાં પોતાને પ્રગટ કરે છે; તે પોતાની વિશ્વવ્યાપી સચેતન શક્તિમાં રહેલ સ્વયંભૂને ઈશ્વર તરીકે, સ્વામી તરીકે પ્રત્યક્ષ કરે છે. તે આપણી સંકલ્પ-શક્તિની તેની પોતાની સંકલ્પ-શક્તિ સાથે એકતા કરાવી આપે છે; તે સર્વે અસ્તિત્વોમાં રહેલ શક્તિઓમાં પોતાની જ સંકલ્પ-શક્તિનો સાક્ષાત્કાર કરાવે છે; અને બીજાઓમાં રહેલ આ શક્તિઓની સાર્થકતા એ આપણી પોતાની વિશ્વવ્યાપી સાર્થકતાનો જ ભાગ છે એમ પણ આપણને દેખાડી આપે છે. આમ, સંઘર્ષો અને ભેદભાવ અને વિરોધોમાં દેખાતી વાસ્તવિકતાને દૂર કરી તેમને માત્ર આભાસો તરીકે જ દેખાડી આપે છે. એટલે, એવા જ્ઞાનથી આપણને એવાં દિવ્ય કર્મોની શક્યતા પ્રાપ્ત થાય છે કે જે આપણી પ્રકૃતિ માટે અંગત હોવા છતાં આપણા અસ્તિત્વમાં તો બિન-અંગત જ હોય છે; કારણકે જે આપણા અહમ્‌થી પર છે તેવા "તે"માંથી જ તે ઉદ્ભવતાં હોય છે અને માત્ર તે "તે"ની વિશ્વવ્યાપી અનુમતિને પરિણામે જ થતાં હોય છે. આપણે આપણાં કર્મો સમતાપૂર્વક, કર્મ અને કર્મના ફળથી બંધાયા વિના, પરમ પ્રભુ સાથે એકરૂપ રહીને, વિશ્વમય પુરુષ સાથે એકરૂપ રહીને તથા કર્મ માટેની અંગત જવાબદારીમાંથી (અને તેથી તેનાં પરિણામોમાંથી પણ) મુક્ત રહીને પાર પાડીએ છીએ. આપણે અગાઉ જોયું જ છે કે આ તો કર્મયોગની સિદ્ધિ છે; અહીં તે આપણને જ્ઞાનયોગના પરિણામે અને તેના સહયોગ તરીકે આવી મળે છે.

વળી પૂર્ણજ્ઞાન સ્વયંભૂને આપણી સમક્ષ પૂર્ણ-આનંદ-સ્વરૂપે પણ પ્રગટ કરે છે; અને એ જ છે સચ્ચિદાનંદ કે જે જગતને તથા ભૂતમાત્રને

સર્જે છે અને, જે પ્રમાણે તે તેમનાં અભીપ્સાભર્યાં કર્મોનો અને જ્ઞાનની ઝંખનાનો સ્વીકાર કરે છે તે જ પ્રમાણે તેમની આરાધનાનો પણ સ્વીકાર કરે છે, તેમની સામે હાથ લંબાવે છે અને તેમને પોતાના પ્રત્યે ઉઠાવી પોતાના દિવ્ય આનંદમાં સર્વકાંઈને અપનાવી લે છે. તેને જ આપણા દિવ્ય, પરમ, આત્મા-રૂપે ઓળખી આપણે તેની સાથે, પ્રેમી અને પ્રિયતમાની માફક, આલિંગનના આનંદમાં એકરૂપ બની જઈએ છીએ. વળી ભૂતમાત્રમાં પણ તેને જ ઓળખીને; એ જ પરમ પ્રેમીની ભવ્યતા અને સૌંદર્ય અને આનંદને સર્વત્ર પકડી પાડીને આપણે આપણા આત્માનું એક વિશ્વવ્યાપી આનંદ અને વિશ્વ-વ્યાપી પ્રેમની વિશાળતા અને મસ્તીમાં રૂપાંતર કરી નાખીએ છીએ. અને આ બધું કે જે ભક્તિમાર્ગની પરાકાષ્ઠા છે તે પણ આપણને જ્ઞાનયોગના પરિણામે અને તેના સહયોગ તરીકે આવી મળે છે.

આ પ્રમાણે પૂર્ણજ્ઞાન વડે આપણે સર્વકાંઈને એક અને અખંડ પરમાત્મા માં એકરૂપ બનાવી દઈએ છીએ. આ વિશ્વ–સંગીતના બધા જ તારને, તેની મધુર કે અમધુર સ્વરાવલિઓને, તેના પ્રકાશપૂર્ણ કે અંધારભર્યા ધ્વનિને, કોમળ કે તીવ્ર, બુલંદ કે દબાએલા સ્વરોને સાંભળવા લાગીએ છીએ અને જોઈએ છીએ કે તે સર્વે પલટાઈ જઈને સચ્ચિદાનંદની અખંડ અવિભાજ્ય સંવાદિતા બની ગયાં છે. જ્ઞાન પોતાની સાથે શક્તિ અને આનંદને પણ રજૂ કરી દે છે તો પછી को मोहः कः शोकः एकत्वमनुपश्यतः, — સર્વત્ર એકતા જ જોનારને વળી મોહ કેવો, શોક કેવો ?

## પ્રકરણ : ૧૭

# પુરુષ અને પ્રકૃતિ

પૂર્ણજ્ઞાનથી મળતી સિદ્ધિનો સમગ્ર ખ્યાલ આપણે મેળવ્યો. એ જ્ઞાનનું કાર્ય છે આપણી જાતનાં વિવિધ અંગોનું વિશ્વવ્યાપી એકતામાં મિલન. ભગવાન પોતે સમગ્ર જગતને પોતાનામાં જેવી રીતે ધારણ કરે છે તેવી જ સંપૂર્ણ રીતે જો આપણે પણ તેને આપણી, દિવ્ય બનેલ ચેતનામાં ધારણ કરવું હોય તો આપણે પદાર્થમાત્રને પણ, પ્રથમ તો, નિરપેક્ષ રીતે જાણવાનો છે અને તે પછી, અન્ય પૂરક પદાર્થો સાથેની તેની એકતામાં પણ તેને જાણવાનો છે; કારણકે ભગવાને પણ આ જગતમાં પોતાને એ જ પ્રમાણે આકાર આપ્યો છે અને એ જ પ્રમાણે જુએ છે. વસ્તુઓને અલગ અલગ ભાગ તરીકે, અપૂર્ણ તત્ત્વો તરીકે જોવી એ નિમ્ન અને પૃથક્કરણ–પ્રધાન જ્ઞાન છે. નિરપેક્ષતા તો સર્વત્ર છે; આપણે તેને શોધવાની અને પામવાની પણ સર્વત્ર છે. પ્રત્યેક સાંત પદાર્થ એક એક અનંતતા જ છે; તેની એ અંતરગત અનંતતા જાણવાની અને અનુભવવાની છે, તો સાથે સાથે તેનો બાહ્ય, સાંત દેખાવ પણ જાણવાનો અને અનુભવવાનો છે. પણ જગતને એ પ્રમાણે જાણવા, જોવા અને અનુભવવા માટે, એ જગત એવું જ છે એમ કલ્પવું કે બુદ્ધિથી માનવું એ કાંઈ પૂરતું નથી; તેને માટે તો જરૂર પડે છે એક જાતની દિવ્ય દૃષ્ટિની, દિવ્ય સમજની, દિવ્ય આનંદની, આપણે જેને જાણવા માગીએ છીએ તેની સાથે આપણી જાતને એકરૂપ અનુભવવાની. અને એ અનુભવમાં માત્ર પરલોક નહિ પણ આ લોક પણ, માત્ર સમગ્રતા અને સર્વસ્વનો સમૂહ જ નહિ પણ એ સર્વસ્વમાં રહેલો પ્રત્યેક પદાર્થ પણ બની જાય છે આપણી પોતાની જાત, ભગવાન, નિરપેક્ષ અને અનંત પ્રભુ, સચ્ચિદાનંદ. આ જ છે પ્રભુના જગતનો પૂર્ણ આનંદ માણવાનું, મન અને હૃદય અને સંકલ્પોને સંપૂર્ણ સંતોષવાનું, ચેતનાની પૂર્ણ મુક્તિ મેળવવાનું રહસ્ય. અને એ જ છે એ પરમ અનુભૂતિ કે જેને પામવા માટે કવિતા અને કળા અને, સ્વલક્ષી અને પરલક્ષી જ્ઞાન માટેના અનેકવિધ યત્નો, અને પદાર્થોને પામવા અને માણવા માટેની સર્વે ઇચ્છાઓ અને યત્નો, આંધળી કે દેખીતી રીતે મથી રહ્યા છે.

પદાર્થોની રચના અને ગુણ અને ધર્મ પકડી પાડવા માટેના તેમના યત્નો એ તો માત્ર શરૂઆત જ છે; અને જ્યાં સુધી તે બધાંને પૂરેપૂરાં અને નિરપેક્ષ રીતે પકડી પાડીને, તે બધાં બાહ્ય પ્રતીકોની પાછળ રહેલ અનંત વાસ્તવિકતાનો તેઓ અનુભવ નહિ કરે ત્યાં સુધી તેમને સંતોષ થશે પણ નહિ. તર્ક-પ્રધાન બુદ્ધિ અને ઇન્દ્રિય-ગ્રાહ્ય અનુભૂતિની દૃષ્ટિએ આ બધું નરી કવિ-કલ્પના કે રહસ્ય-વાદીની આત્મ-ભ્રમણા લાગવાનો સંભવ છે. પણ તેમાંથી, અને માત્ર તેમાંથી જ, જે નિરપેક્ષ સંતોષ અને પ્રકાશ-મયતાનો અનુભવ થાય છે એ જ છે એની વધારે સાચી વાસ્તવિકતાની ખરેખરી સાબિતી; એમાંથી જ આપણને ઊર્ધ્વ ચેતના અને દિવ્ય અનુભવનું એક કિરણ મળી રહે છે; અને છેવટે તો એ જ ઊર્ધ્વ ચેતના અને દિવ્યતામાં રૂપાંતર પામવા આપણી જાત સર્જાએલી છે,– અપેક્ષા રહે છે માત્ર આપણી સંમતિની.

ઉપર નિરપેક્ષતાની જે વાત કરી તે દિવ્ય અસ્તિત્વનાં ઉચ્ચતમ તત્ત્વોને લાગુ પડે છે એ આપણે જોઈ ગયા છીએ. ભેદભાવ નિહાળતું મન સામાન્ય રીતે આપણને એમ કહે છે કે બધા જ આવિર્ભાવોથી જે પર છે તે જ માત્ર નિરપેક્ષ છે, માત્ર નિરાકાર આત્મતત્ત્વ જ અનંત છે, માત્ર કાલાતીત, દિશાતીત, અક્ષર, અચલ પરમાત્મા, તેની નિષ્ક્રિય અવસ્થામાં જ નિરપેક્ષ સત્ય રહે છે; અને જો આપણે આ ખ્યાલને અનુસરીએ અને તેનાથી જ દોરાઈએ તો આપણને એ જ સ્વ-લક્ષી અનુભૂતિ થવાની અને તે સિવાયનું બધું જ અસત્ય કે સાપેક્ષ રીતે સાચું લાગવાનું. પણ જો આપણે વધારે વિશાળ ખ્યાલથી શરૂઆત કરીએ તો આપણી સમક્ષ વધારે પૂર્ણ સત્ય અને વધારે વિશાળ અનુભૂતિ ખુલ્લી થઈ જાય છે. આપણને દેખાય છે કે કાલાતીત, દિશાતીત અસ્તિત્વના અક્ષરતા એ તો એક નિરપેક્ષતા અને અનંતતા છે જ, પણ પોતાનાં શક્તિ-સ્વરૂપો, ગુણ-ધર્મો, સ્વ-સર્જનોને તે પૂર્ણ આનંદપૂર્વક ધારણ કરી રહેલા દિવ્ય પુરુષની સચેતન શક્તિ અને સક્રિય આનંદ એ પણ એક નિરપેક્ષતા અને અનંતતા છે,– અને તે પણ એટલે સુધીની એ જ અચલ નિરપેક્ષતા અને અનંતતા છે કે પેલી કાલાતીત શાંતિ અને અચલતાને ભોગવવાની સાથે સાથે જ, અને, પૂર્ણ મુક્ત રીતે, અનંત રીતે, તથા, ક્ષુબ્ધતામાં અને યાતનાઓમાં પતન પામ્યા વિના કે તેમાં બંધાયા વિના સક્રિયતાનો આ કાલ-ધારક દિવ્ય આનંદ પણ માણી શકીએ છીએ. વળી, એ જ પ્રમાણે, આ સક્રિયતાનાં સઘળાં તત્ત્વો કે જે અક્ષર-બ્રહ્મમાં અંતર્ગત છે અને એક રીતે તો અંતર્મુખ અને ગુપ્ત છે તથા જે વિશ્વમાં વ્યક્ત

છે તેમનો પણ એવો જ અનુભવ કરી શકીએ છીએ તથા તેમના અનંત ગુણ અને શક્યતા સાક્ષાત કરી શકીએ છીએ.

સક્રિયાતાનાં આ તત્ત્વોમાં સૌથી વધારે અગત્યનું તત્ત્વ છે: પુરુષ અને પ્રકૃતિનું દ્વૈત. એ છે તો દ્વૈત પણ છેવટે બની રહે છે અદ્વૈત (આપણે કર્મ-યોગમાં તો તેની વાત કરી જ હતી પણ અહીં જ્ઞાનયોગમાં પણ એ એટલી જ અગત્યની છે). જૂની ભારતીય તત્ત્વ-મીમાંસાઓમાં આ દ્વૈતભાવ બહુ જ સ્પષ્ટ કરેલો છે; પણ તેનાં મૂળમાં તો રહેલ છે સામાન્ય વ્યવહારમાં જણાતી, અદ્વૈતમાં રહેલ દ્વૈતની સનાતન હકીકત, કે જેની ઉપર વિશ્વનો આવિર્ભાવ સ્થપાએલો છે. જગત પ્રત્યેની વિવિધ દૃષ્ટિ અનુસાર તેમને વિવિધ નામ આપવામાં આવેલાં છે. વેદાંતમાં તેમને પરમાત્મા અને માયા કહ્યાં છે અને પરમાત્મા એટલે અક્ષર-બ્રહ્મ, તથા માયા એટલે વિશ્વ-ભ્રમનો પોતાના ઉપર અધ્યારોપ કરવાની પરમાત્માની શક્તિ, એવો અર્થ તેમણે કર્યો છે; અથવા એવો પણ અર્થ કર્યો છે કે પરમાત્મા એટલે દિવ્ય પુરુષ અને માયા એટલે સત્ અને ચિત્‌ની પ્રકૃતિ કે જેના વડે ભગવાન આત્મ-સ્વરૂપે અને પ્રદાર્થ-રૂપે, સ-દેહી બને છે. બીજાઓએ તેને ઈશ્વર અને શક્તિ એટલે કે પ્રભુ અને તેની વિશ્વ–શક્તિ એવાં નામ આપ્યાં છે. સાંખ્યની પૃથક્કરણવાદી મીમાંસા કહે છે કે એ સનાતન દ્વૈતમાં અદ્વૈતનો જરા પણ સંભવ જ નથી, પણ તેમની વચ્ચે યોગ અને વિયોગનો સંબંધ છે જેને પરિણામે પુરુષ માટે થતું પ્રકૃતિનું વિશ્વકાર્ય શરૂ થાય છે, ચાલુ રહે છે કે પૂરું થાય છે; કારણકે પુરુષ એ એક નિષ્ક્રિય સચેત અસ્તિત્વ છે, સદાય અક્ષર, અવિકારી રહેતો આત્મા છે, અને પ્રકૃતિ એ એક સક્રિય શક્તિ છે કે જેની પ્રવૃત્તિને પરિણામે જગત સર્જાય છે અને ટકી રહે છે તથા જેની નિવૃત્તિને પરિણામે તે લય પામે છે. મીમાંસા-જનિત આ બધા ભેદોને બાજુ પર રાખીએ તોપણ, આપણને આ બધા ભેદોના ખરેખરા પાયારૂપ એક એવી અનુભૂતિ તો થાય જ છે કે સર્વે પ્રાણીઓમાં અને, સમગ્ર વિશ્વમાં નહિ તોપણ માનવોમાં તો અવશ્ય બે તત્ત્વોની, એક દ્વિમુખી સત્ત્વની હયાતી છે જ; એ છે પ્રકૃતિ અને પુરુષ

આ દ્વૈત તદ્દન સ્પષ્ટ છે. કોઈ પણ જાતની તત્ત્વ–મીમાંસામાં પડ્યા વિના અને તેમની વ્યાખ્યા કરવાની માથાકૂટમાં પણ પડ્યા વિના માત્ર આપણા અનુભવના જોરે પણ આપણે તે જાણી શકીએ છીએ. ચુસ્ત ભૌતિકવાદ ભલે આત્માનો ઇન્કાર કરે અથવા એમ કહે કે આત્મા એ તો ભૌતિક મગજમાં થતી કોઈક પૂરી ન સમજાતી ક્રિયા (કે જેને આપણે ચેતના

અથવા મન કહીએ છીએ પણ જે ખરી રીતે તો જ્ઞાનતંતુની અટપટી હિલચાલો જ હોય છે) તેની સ્વાભાવિક ઘટનાનું એક, વધારે કે ઓછું ભ્રામક પરિણામ છે; છતાં પણ આ દ્વૈત વ્યવહારમાં તો એક હકીકત તરીકે ઊભું રહે છે જ. તે કેવી રીતે ઊભું થયું એ અગત્યનું નથી; એ છે એટલું જ નહિ પણ એ આપણા સમગ્ર અસ્તિત્વ પર અસર પણ કરે જ છે એ આપણે માટે અગત્યનું છે; કારણકે આપણાં સમગ્ર સુખ અને દુ:ખને માટે જવાબદાર એવી બુદ્ધિ, સંકલ્પ-શક્તિ અને સ્વ-લક્ષી જીવન આપણે ધારણ કરેલું છે. જીવનનો આખો જ કોયડો છેવટે તો આમ જ થઈ ઊભો રહે છે : "આ પુરુષ અને પ્રકૃતિ સામસામે આવી ઊભેલાં છે; એક બાજુ આ પ્રકૃતિ, આ અંગત અને વિશ્વવ્યાપી પ્રવૃત્તિ કે જે આત્માની ઉપર વર્ચસ્વ જમાવવા, તેને પકડમાં લેવા, કાબૂમાં લેવા, નિયંત્રણ કરવા મથી રહી છે, તો બીજી બાજુ, આ આત્માને એમ લાગે છે કે, કોઈક અગમ્ય કારણથી પણ, એ મુક્ત છે, સ્વ-નિયંત્રિત છે, પોતે જે કાંઈ છે કે કરે છે તેને માટે પોતે જ જવાબદાર છે, અને તેથી એ પોતાની તેમ જ દુનિયાની પ્રકૃતિ ઉપર હાથ અજમાવવાનો, તેને કાબૂમાં લેવાનો, ધારણ કરવાનો, માણવાનો કે, કદાચ તેનો ત્યાગ કરીને તેમાંથી નાસી છૂટવાનો પણ યત્ન કરે છે; તો આ બંનેનું કરવું શું ?" આ પ્રશ્નના જવાબ માટે કાંઈક જાણવાની જરૂર છે; આ આત્મા શું કરી શકે તેમ છે, એની પોતાની બાબતમાં એ શું કરી શકે તેમ છે એ જાણવાની જરૂર છે. અને હકીકતમાં તો બધાં જ તત્ત્વજ્ઞાનો, ધર્મો, ભૌતિક શાસ્ત્રો એ બીજું કાંઈ નહિ પણ એવી પાકી માહિતી ભેગી કરવાના પ્રયત્નો છે કે જેના વડે આ પ્રશ્નનો જવાબ મળે અને, એ જ્ઞાન ઉકેલી શકે તેટલો, આપણા અસ્તિત્વનો પ્રશ્ન ઊકલી જાય.

આપણી નિમ્ન અને ઉપાધિ–ભરી પ્રકૃતિમાંથી પૂરેપૂરા બહાર નીકળી જવાની આશા આપણે જરૂર રાખી શકીએ. ધર્મો અને તત્ત્વજ્ઞાનોએ એમ કહ્યું છે (પણ આધુનિક ચિંતકો તેનો ઇન્કાર કરવા મથી રહ્યા છે) કે આપણો આત્મા બેવડી અવસ્થામાં નિવાસ કરી રહ્યો છે: એક છે નિમ્ન, અસ્વસ્થ અને પરવશ; બીજી છે ઊર્ધ્વ, પરમ, સ્વસ્થ અને સ્વરાટ; એક છે મનતત્ત્વમાં ઘૂમરાતી; બીજી છે આત્મતત્ત્વમાં અચલ. માત્ર એક છુટકારાની જ નહિ પણ સંપૂર્ણ સંતોષકારક અને સફળ ઉકેલની આશા બંધાવાનું કારણ એ છે કે કેટલાક ધર્મો અને તત્ત્વજ્ઞાનો એમ કહે છે (જો કે બીજા કેટલાક તેનો ઇન્કાર કરતા પણ જણાય છે) કે પુરુષ અને પ્રકૃતિનાં બેવડાં અદ્વૈતમાં જેમ નિમ્ન અને સામાન્ય માનવીય અવસ્થા છે તેમ એક એવી

ઉચ્ચ અને દિવ્ય અવસ્થા પણ છે જ કે જેમાં દ્વૈત અવળું થઈ જાય છે અને તેથી આત્મા અત્યારે જેને માટે અભીપ્સા રાખે છે અને મથી રહ્યો છે તે, પ્રકૃતિ પરનું પ્રભુત્વ મેળવે છે, મુક્ત બને છે અને ભગવાન સાથે એક બની વિશ્વ-પ્રકૃતિને પણ ધારણ કરી શકે છે. આવી શકયતાઓ અંગે આપણે જેવા ખ્યાલ બાંધીએ તેની જ સાથે બંધ બેસતા ઉકેલ મેળવવાની આશા રાખી શકાય.

પુરુષ જ્યારે મનમાં અટવાએલો હોય, માનસિક વિચારો, સંવેદનો, ઊર્મિઓની સામાન્ય ઘટનાઓમાં તથા દુનિયાના પ્રાણમય અને ભૌતિક સંપર્કો સાધવામાં અને તેમનો યંત્રવત્ જવાબ આપવામાં રોકાએલો હોય ત્યારે તે પ્રકૃતિને વશ હોય છે. ખુદ તેની સમજ અને સંકલ્પ-શક્તિ પણ તેની માનસિક પ્રકૃતિ ઉપર આધાર રાખતી હોય છે એટલું જ નહિ પણ તેની આજુબાજુની માનસિક પ્રકૃતિ કે જે સૂક્ષ્મ રીતે કે ખુલ્લેખુલ્લી તેની પોતાની વ્યક્તિગત માનસિકતાની ઉપર અસર કરતી હોય છે અને તેને વશ પણ કરી દેતી હોય છે તેની ઉપર પણ આધાર રાખતી હોય છે; આમ તે ખુદ પોતાના જ અનુભવો અને કાર્યોને કાબૂમાં લઈ તેમનું નિયંત્રણ કરવાનો જ્યારે પ્રયત્ન કરતો હોય છે ત્યારે પણ તે કેટલેક અંશે ભ્રમમાં રહેતો હોય છે કારણકે જ્યારે તે એમ માનતો હોય છે કે તે પોતે જ કાર્ય કરી રહ્યો છે ત્યારે પણ હકીકતમાં તો પ્રકૃતિ જ કાર્ય કરતી હોય છે, તેના વિચારો, સંકલ્પો અને કર્મો પણ તે જ નક્કી કરતી હોય છે. જો તેને પોતાની હયાતી-ની, તેના સ્વતંત્ર અસ્તિત્વની સતત ખબર ના હોત, તે પોતે એક શરીર કે પ્રાણ નહિ પણ કાંઇક એવું બીજું છે કે જે ભલે આ વિશ્વના અનુ-ભવોને નિયંત્રિત ના કરતું હોય તોપણ છેવટે તેમને સ્વીકારે તો છે જ, એવી ખબર ના હોત તો છેવટે તો એમ જ માનવું પડત કે જે કાંઈ છે તે પ્રકૃતિ જ છે અને પુરુષ તો એક ભ્રમમાત્ર છે. આધુનિક ભૌતિકવાદનો નિર્ણય આ જ છે અને શૂન્યવાદી બૌદ્ધમતનો પણ એ જ હતો; સાંખ્યમતને પણ આ જ ધર્મસંકટ નડ્યું હતું અને તેણે ઉકેલ આપ્યો કે હકીકતમાં આત્મા તો પ્રકૃતિના નિર્ણયોને માત્ર પ્રતિબિંબિત કરે છે, પોતે કાંઈ જ નિર્ણય કરતો નથી, તે સ્વામી નથી પણ તેમનું પ્રતિબિંબ પાડવાની ના પાડીને સનાતન શાંતિ અને અચલતામાં પુનઃપ્રવેશ કરી શકે છે. બીજા પણ કેટલાક એવા ઉકેલ છે કે જે બીજે છેડેથી શરૂઆત કરીને વ્યવહારમાં તો આ જ નિર્ણય પર આવે છે. તેઓ કહે છે કે આધ્યાત્મિકતા સત્ય છે, પ્રકૃતિ ભ્રમ છે; અથવા તો પુરુષ અને પ્રકૃતિ બંનેને અનિત્ય ગણે છે અને

કોઈક શાશ્વત અક્ષરતામાં તે બંનેનો લય કરી દઈને અથવા તો, છેવટે, સક્રિયતાનો સમૂળગો ત્યાગ કરી દઈને, તેમનાથી પર, દ્વૈતમાત્રના અભાવવાળી અવસ્થામાં ચાલ્યા જવાનું કહે છે. આવા ઉકેલથી માનવમાં રહેલી ઊંચી આશાઓ અને ઊંડી તૃષા અને અભીપ્સાને સંતોષ થતો નથી એ સાચું છતાં ઉકેલ તરીકે તો તેઓ વાજબી જ છે; કારણકે તેથી એક શુદ્ધ નિરપેક્ષતા અથવા તો પુરુષની પોતાની સ્વતંત્ર નિરપેક્ષતા તો પ્રાપ્ત થાય જ છે,– હા, પુરુષ પોતાના દિવ્ય અસ્તિત્વને પ્રાપ્ત કરીને પ્રકૃતિનો સાચો સ્વામી બનવાથી માનવીની સનાતન શોધને નિરપેક્ષતાની જે આનંદપૂર્ણ અનંતતાઓ મળી શકે તેમ છે તે, તેથી બકાત રહી જાય છે.

પુરુષ આત્મતત્ત્વમાં પહોંચી જતાં પ્રકૃતિને વશ રહેતો નથી; તે સર્વે મનોવ્યાપારથી પર થઈ જાય છે. તે તેનાથી અલગ થઈને તેની ઉપરના એક તટસ્થ આસને બેસી જાય, ઉદ્ + આસીન થઈ જાય એમ પણ બને અથવા પોતાની જ, નિજી આધ્યાત્મિકતાની એકાકાર અને એકાગ્ર અનુભૂતિની વ્યાપક શાંતિ અને આનંદમાં ખેંચાઈ જાય કે તેમાં મગ્ન થઈ જાય એમ પણ બને. એમ કરવું હોય તો પ્રકૃતિનો અને જગતનો સંપૂર્ણ ત્યાગ કરીને તેનાથી પર થઈ જવું પડે, તેમને એક દિવ્ય અને સ્વાયત્ત પ્રભુત્વથી જીતવાનું ના રહે. પણ આત્મતત્ત્વ, દિવ્યતા એ કાંઈ પ્રકૃતિથી માત્ર ઊર્ધ્વમાં જ નથી, એ તો પ્રકૃતિ અને વિશ્વના માલિકરૂપે પણ છે. આત્માવસ્થા પામેલ પુરુષે બીજું કાંઈ નહિ તો, પ્રભુ સાથે એકરૂપ થઈને આ પ્રભુત્વ હાથ તો કરવાનું છે જ. તે પોતે શાંત રહી શકે અથવા પ્રકૃતિને પરાણે સ્થિર કરી શકે એટલો જ કાબૂ મેળવે તે પૂરતું નથી; તેણે પ્રકૃતિની વૃત્તિઓ અને પ્રવૃત્તિઓને પૂર્ણ પ્રભુત્વથી કાબૂમાં રાખવાની શક્તિ મેળવવી તો જોઈએ જ. નિમ્ન અવસ્થામાં આ શક્ય નથી કારણકે પુરુષને મન દ્વારા કાર્ય કરવાનું હોય છે અને મન તો જે કાંઈ કરી શકે તે, વિશ્વમાં દિવ્ય જ્ઞાન અને દિવ્ય સંકલ્પનો અમલ કરનાર વિશ્વવ્યાપી પ્રકૃતિના ચુસ્ત નિયમાનુસાર અથવા તેને પરાણે વશ રહીને જ, અને તે પણ વ્યક્તિગત રીતે અને મર્યાદિત ક્ષેત્રમાં જ કરવાનું હોય છે. જ્યારે આત્મતત્ત્વ તો પોતે જ જ્ઞાન અને સંકલ્પને ધારણ કરતું હોય છે, પોતે જ તેનું મૂળ અને કારણ હોય છે; તે કાંઈ તેમને વશ નથી હોતું, એટલે પુરુષ જેટલે અંશે પોતાની દિવ્ય અને આધ્યાત્મિક અવસ્થા પ્રાપ્ત કરે તેટલે અંશે તે પ્રકૃતિની ક્રિયાઓ પર પણ કાબૂ મેળવે જ છે; પ્રાચીન ભાષામાં કહીએ તો તે સ્વરાટ બને છે એટલે કે પોતાની જાત અને જીવનના રાજ્યનો મુક્ત અને સ્વાયત્ત શાસક બને છે. એટલું જ નહિ પણ

પોતાના સંજોગો પર અને દુનિયા પર પણ તેનો કાબૂ વધતો જાય છે. પણ આ તો પોતાની જાતને વિશ્વ-વ્યાપક કરીને જ એ કરી શકે; કારણકે દુનિયા પરનાં પોતાનાં કાર્યમાં તેણે પ્રભુની વિશ્વવ્યાપી સંકલ્પશક્તિને વ્યક્ત કરવાની છે. તેણે મનની માફક નાની સરખી, અલગ અંગતતાનાં ભૌતિક, પ્રાણમય, સંવેદનભર્યાં, ઊર્મિવશ અને બૌદ્ધિક દૃષ્ટિબિંદુથી મર્યાદિત રહેવાને બદલે પોતાની ચેતનાને સહુથી પહેલાં વ્યાપક કરવાની જ છે અને સમગ્ર વિશ્વમાં પોતાને જોવાનું છે; તેણે વિશ્વ-સત્યો, વિશ્વ-શક્તિઓ, વિશ્વ-વૃત્તિઓ અને વિશ્વ-હેતુઓને પોતાનાં જ બનાવી દેવાનાં છે,- પોતાના જ બૌદ્ધિક ખ્યાલો ઇચ્છાઓ અને યત્નો, પસંદગીઓ, લક્ષ્યો, હેતુઓ અને આવેગોને વળગી રહેવાનું નથી; આ બધી વસ્તુઓ પોતાનામાં હોય ત્યાં સુધી તેણે તેમને પેલી વૈશ્વિક વસ્તુઓ સાથે મેળમાં મૂકવાની છે. પછી તેણે પોતાના જ્ઞાન અને સંકલ્પને છેક મૂળમાંથી પકડીને દિવ્ય જ્ઞાન અને દિવ્ય સંકલ્પને શરણે મૂકી દેવાનાં છે તથા એ શરણાગતિને પરિણામે એવી ડૂબકી મારવાની છે કે જેથી પોતાના અંગત પ્રકાશનો દિવ્ય પ્રકાશમાં તથા અંગત કાર્યારંભનો દિવ્ય કાર્યારંભમાં લય થાય. પ્રથમ અનંતતાના મેળમાં આવવું, ભગવાન સાથે સંવાદ સાધવો અને તે પછી અનંત સાથે એક થઈ જવું, પ્રભુમાં પ્રવેશ પામવો એ જ છે સંપૂર્ણ શક્તિ અને પૂર્ણ પ્રભુત્વની શરત; અને બરાબર આ જ છે આધ્યાત્મિક જીવન અને આધ્યાત્મિક અસ્તિત્વની ખાસિયત.

ગીતામાં પુરુષ અને પ્રકૃતિનો જે ભેદ દેખાડ્યો છે તે જોતાં, પુરુષ પૂર્ણ મુક્તિ અને પ્રભુત્વ પામવા પ્રકૃતિ પ્રત્યે કેવાં વિવિધ વલણો ધારણ કરી શકે તેમ છે તે જાણી શકાય છે. ગીતામાં કહ્યું છે કે પુરુષ સાક્ષી, ભર્તા, અનુમંતા, જ્ઞાતા, ઈશ્વર, ભોક્તા છે; પ્રકૃતિ વહીવટી શક્તિ છે, ક્રિયાશીલ તત્ત્વ છે, તેણે પુરુષની ઇચ્છાનુસાર વહીવટ કરવાનો છે. પુરુષ શુદ્ધ સાક્ષી-સ્વરૂપ ધારણ કરી શકે છે, તે પ્રકૃતિનાં કાર્યોને, અલગ રહીને તથા તેમાં ભાગ લીધા વિના, અવલોકી શકે છે. આમ નિષ્ક્રિય રહી શકવાની અગત્ય આપણે જોઈ ગયા છીએ; તે પાછા હઠી જવાની ક્રિયા માટેનો પાયો છે; તેના વડે આપણે શરીર, પ્રાણ, તથા સંવેદન, ઊર્મિ, વિચારો વગેરે મનોવ્યાપાર એ સર્વેની બાબતમાં કહી શકીએ છીએ: "આ તો શરીર, પ્રાણ અને મનમાં કાર્ય કરતી પ્રકૃતિ છે, તે હું પોતે નથી, અરે, તે મારાં પણ નથી;" અને આમ આપણે પુરુષને તેમનાથી અલગ કરી શકીએ છીએ અને તેમને શાંત કરી દઈ શકીએ છીએ. એટલે આ એક જાતની ત્યાગવૃત્તિ અથવા તટસ્થ વૃત્તિ છે; તે તામસિક, એટલે કે

પ્રકૃતિનાં કાર્યો ચાલ્યા કરે ત્યાં સુધી તેમને જડ અને લાચારીના ભાવથી સહન કર્યે જવાની હોઈ શકે; અથવા રાજસિક એટલે કે તેમના પ્રત્યે ઘૃણા, વિરોધ અને પ્રતિકારની હોઈ શકે; અથવા સાત્ત્વિક એટલે કે આત્માની અલગતા-ભરી અને પ્રકાશપૂર્ણ બુદ્ધિવાળી તથા તટસ્થતા અને અચલતાથી ભરેલી શાંતિ અને પ્રસન્નતાવાળી હોઈ શકે. પણ તેથી ય આગળ તે, નાટક જોતા કોઈ પ્રેક્ષકના સમતાભર્યા અને બિન-અંગત આનંદવાળી, પ્રસન્નતાભરી છતાં અનાસક્ત તથા ગમે ત્યારે તેને પડતું મૂકીને એટલી જ પ્રસન્નતાથી ચાલ્યા જવાની પણ હોઈ શકે. સાક્ષી તરીકેના વલણની પરાકાષ્ઠા એટલે અના-સક્તિની નિરપેક્ષતા અને વિશ્વમાં થતી ઘટનાઓની અસરથી મુક્તિ.

સાક્ષીરૂપ રહેલ પુરુષ પ્રકૃતિના પોષક તરીકે, ભર્તા તરીકે કામ કરવાનું સ્વીકારતો નથી. ભર્તા કોઈક બીજું છે, ભગવાન, શક્તિ કે માયા પણ હોય, પણ એ પોતે તો નહિ જ; એ તો પોતાની સાક્ષીરૂપ ચેતના ઉપર પ્રકૃતિનાં કર્મોનું માત્ર પ્રતિબિંબ જ પડવા દે છે, પણ તેમને પોષવાની કે ચાલુ રાખવાની કોઈ જ જવાબદારી સ્વીકારતો નથી. "આ બધું મારી અંદર થાય છે અને હું તેને પોષું છું, એ મારી જ પ્રવૃત્તિ છે," એમ એ કહેતો નથી; બહુ બહુ તો એ એમ કહે છે કે, "આ બધું મારી ઉપર ઠોકી બેસાડવામાં આવ્યું છે ખરું પણ એ ખરેખર તો પરાયું છે." પણ જો અસ્તિત્વની અંદર એક ચોખ્ખું અને ખરેખરું દ્વૈત હોય તો જ આ વાત પૂરેપૂરી સાચી હોઈ શકે; પુરુષ ભર્તા પણ છે જ; આ વિશ્વલીલાને છૂટી મૂકતી અને તેનામાં પ્રાણ પૂરતી શક્તિને એ આધાર આપે છે જ. પુરુષ જ્યારે આમ આધાર આપવાનું સ્વીકારે છે ત્યારે પણ એ માત્ર નિષ્ક્રિયતા-થી અને અનાસક્તિથી જ તેમ કરે, અને પોતે તેનામાં શક્તિનો સંચાર કરે છે ખરો પણ તેના પર કાબૂ રાખતો નથી, તેનું નિયંત્રણ કરતો નથી એમ તેને લાગે એમ પણ બને. એ કાબૂ રાખનાર કોઈક બીજું, ભગવાન, શક્તિ કે ખુદ માયાની પ્રકૃતિ પોતે જ છે; પુરુષ તો તેને ઉદાસીન ભાવે માત્ર નિભાવ્યે રાખે છે, પોતે લીધેલા રસનો અને આપેલી અનુમતિનો શક્તિ-પ્રવાહ ચાલ્યા કરે અને ખતમ થવાની ના પાડે ત્યાં સુધી તે નાછૂટકે તેને ટકાવી રાખે છે. પણ જો ભર્તા તરીકેનું વલણ તે પૂરેપૂરું સ્વીકારે તો સક્રિય બ્રહ્મ સાથેની અને તેના વિશ્વ-અસ્તિત્વના આનંદની સાથેની પોતાની એક-રૂપતાની દિશામાં એક પગલું આગળ લેવાઈ ગયું જ જાણવું; કારણકે પુરુષ સક્રિય અનુમંતા બની ગયો છે.

સાક્ષીરૂપ વલણમાં એક જાતની અનુમતિ પણ હોય છે જ, પણ તે

નિષ્ક્રિય અને જડ હોય છે અને તેમાં કોઈ નિરપેક્ષતા નથી હોતી; પણ જો એ તેને ટેકો આપવામાં પૂરેપૂરો સંમત થાય તો એની અનુમતિ સક્રિય બની જાય છે,-જો કે એમ બને કે એ વખતે પણ પુરુષ હજી પ્રકૃતિનું પ્રતિબિંબ જ પાડે, તેને માત્ર ટેકો આપે અને એમ કરીને તેની શક્તિને સક્રિય રાખ્યા કરે, પણ તેનું નિયંત્રણ ના કરે અથવા તેમની પસંદગી પણ ના કરે; કારણકે હજી તે એમ માન્યા કરતો હોય કે પસંદગી અને નિયંત્રણ કરવાનું કામ ભગવાન, શક્તિ પોતે, અથવા કોઈ જ્ઞાનમય સંકલ્પ કરી રહ્યો છે અને પોતે તો માત્ર સાક્ષી અને ભર્તા અને તેથી અનુમંતા જ છે, પણ જ્ઞાતા કે ઈશ્વર નથી. પણ જો તેની સમક્ષ રજૂ થતી વસ્તુઓને તે સતત પસંદ કે ના-પસંદ કરવા માંડે તો એ નિયંતા પણ બને છે; જે હજી મોટે ભાગે નિષ્ક્રિય અનુમતિ જ હતી તે હવે પૂરેપૂરી સક્રિય બની જાય છે અને સક્રિય નિયંત્રણની શરૂઆત થઈ જાય છે.

અને પુરુષ એવો પૂરેપૂરો નિયંતા તો ત્યારે જ બને છે જ્યારે પ્રકૃતિના જ્ઞાતા, ઈશ્વર અને ભોક્તા તરીકેનો પોતાના ધર્મ એ પૂરેપૂરો સ્વીકારે છે. જ્ઞાતા તરીકે પુરુષ કર્મો અને નિયંત્રણ કરનાર શક્તિનું જ્ઞાન ધારણ કરે છે, વિશ્વમાં સાકાર થઈ રહેલ તત્ત્વોનું મૂલ્ય તે પિછાને છે, નિયતિના ગુપ્ત પ્રદેશમાં તે પહોંચી જાય છે. પણ એ નિયંત્રક શક્તિ પોતે જ જ્ઞાનથી નિયંત્રિત થતી હોય છે, એ જ્ઞાન જ તેનું મૂળ અને તેનું પ્રેરક હોય છે, તથા વસ્તુઓની તે જે અગત્ય નક્કી કરે છે અને એ અગત્ય પ્રમાણે તેમને જે આકાર આપે છે તેનું નિયંત્રક હોય છે. એટલે પુરુષ જેટલે અંશે જ્ઞાતા બને તેટલે અંશે નિયંતા પણ બનતો જ જાય છે; અને ભોક્તા બન્યા વિના નિયંતા રહેવાનું શક્ય નથી. નિમ્ન જાતમાં ઉપભોગ બે જાતનો હોય છે: નિશ્ચયાત્મક અને અભાવાત્મક, કે જે સંવેદનોના વિદ્યુત-તરંગોમાં હર્ષ અને શોકનું રૂપ ધારણ કરે છે; પણ ઊર્ધ્વ જાતમાં એ, પ્રભુના પોતાના પ્રાગટ્યના આનંદનો સક્રિય અને સમતાભર્યો ઉપભોગ બની જાય છે. તેમાં મુક્તિનો લોપ થતો નથી, અજ્ઞાનભરી આસક્તિમાં પતન થતું નથી. માનવ, મુક્તાત્મા બની, બરાબર જાણે છે કે પ્રકૃતિનાં કાર્યોનો સ્વામી ભગવાન જ છે, માયા એ સર્વસ્વને નિયંત્રિત અને સાકાર કરતી ભગવાનની જ જ્ઞાનમય સંકલ્પ-શક્તિ છે, શક્તિ એ આ સામર્થ્ય-દ્વયનું એવું સંકલ્પ-પાસું છે કે જેમાં જ્ઞાન હમેશાં મોજૂદ અને કાર્ય-સાધક હોય છે. વળી તે એ પણ બરાબર જાણે છે કે એ પોતે, એક વ્યક્તિ તરીકે પણ, દિવ્ય અસ્તિત્વનું એક કેન્દ્ર,-ગીતાની ભાષામાં "પ્રભુનો એક અંશ" હોઈ, જેટલે અંશે તે પ્રકૃતિનાં

કર્મોને જુએ છે, પોષે છે, અનુમતિ આપે છે, ભોગવે છે, જાણે છે અને જ્ઞાનની નિયંત્રક-શક્તિ વડે નિયંત્રણ કરે છે તેટલે અંશે તેનો સ્વામી છે; અને જ્યારે તે પોતે વિશ્વમય બની જાય છે ત્યારે તેનું જ્ઞાન માત્ર દિવ્ય જ્ઞાનનો જ પ્રકાશ ઝીલે છે, તેના સંકલ્પો માત્ર દિવ્ય સંકલ્પોને જ સાકાર કરે છે, તે માત્ર દિવ્ય આનંદને જ ભોગવે છે, અને નહિ કે અજ્ઞાનભર્યો અંગત સંતોષ. આમ પોતાનું નાનુંશું વ્યક્તિત્વ જાળવી રાખી કે જવા દે છતાં, અને વિશ્વરૂપ આનંદનો, તેના જ પ્રતિનિધિ તરીકે ઉપભોગ કરે તે છતાં પુરુષ મુક્ત જ રહે છે. ઊર્ધ્વાવસ્થા પ્રાપ્ત કર્યા પછી પુરુષ અને પ્રકૃતિ વચ્ચેના સાચા સંબંધ તે ધારણ કરી લે છે.

પુરુષ અને પ્રકૃતિ, તેમનું અદ્વૈત તેમ જ દ્વૈત સચ્ચિદાનંદમાંથી ઉદ્ભવે છે. પરમપુરુષની મૂળભૂત પ્રકૃતિ છે આત્મ-જાગ્રત અસ્તિત્વ; એ જ છે સત્ કે પુરુષ : આત્મ-જાગ્રત અસ્તિત્વનું સામર્થ્ય – પછી ભલેને એ પોતાનામાં જ સમાએલું હોય અથવા પોતાની ચેતના અને શક્તિ વડે થતાં કર્મોમાં સક્રિય હોય,– તેનું જ્ઞાન અને સંકલ્પ-શક્તિ, ચિત્ અને તપસ્, ચિત્ અને શક્તિ, એ જ છે પ્રકૃતિ. આનંદ, અસ્તિત્વનો આનંદ એ છે આ સચેતન સત્ અને સચેતન ચિત્નાં મિલનનું, અદ્વૈતનું સનાતન સત્ય,– પછી ભલેને એ અદ્વૈત પોતાનામાં જ સમાએલું હોય અથવા પોતાનાં જ બે પાસાંનાં અવિભાજ્ય દ્વૈતમાં વહેતું હોય, વિશ્વોને વહેતાં મૂકતું હોય અને અવલોકતું હોય, તેમાં કાર્ય કરતું હોય અને કાર્યોને ધારણ કરતું હોય, કર્મોને સાકાર કરતું હોય અને, જેના વિના પ્રકૃતિની શક્તિ કર્મો ના કરી શકે તે અનુમતિ આપતું હોય, જ્ઞાન અને સંકલ્પનો અમલ અને નિયંત્રણ કરતું હોય અને જ્ઞાન-શક્તિ અને સંકલ્પ-શક્તિના નિર્ણયોને જાણતું હોય અને વાળતું હોય, ઉપભોગ અને આનંદ પૂરા પાડતું હોય,– પુરુષ પ્રકૃતિનો ભર્તા, સાક્ષી, જ્ઞાતા અને ઈશ્વર હોય અને પ્રકૃતિ પુરુષને વ્યક્ત કરતી હોય, તેના સંકલ્પને સિદ્ધ કરતી હોય, આત્મજ્ઞાનને પરિપૂર્ણ કરતી હોય, પુરુષના નિજાનંદને પૂરા પાડતી હોય; ત્યારે જ, અસ્તિત્વનાં અસલ મંડાણ ઉપર આપણે પુરુષનો પ્રકૃતિ સાથેનો સર્વોચ્ચ અને સર્વવ્યાપી સંબંધ સ્થાપી દીધો જાણવો. પુરુષનો નિજી નિરપેક્ષ આનંદ અને, તેની જ ઉપર મંડાએલો, પુરુષનો પ્રકૃતિમય, નિરપેક્ષ આનંદ એ જ છે તેમના સંબંધની દિવ્ય સાર્થકતા.

प्रकरण : १८

# પુરુષ અને તેની મુક્તિ

પુરુષ અને પ્રકૃતિના આ જે સંબંધનો આપણે સ્વીકાર કર્યો તે આપણને ક્યાં દોરી જશે એનો હવે આપણે જરા વિચાર કરી લેવો પડશે; કારણકે આપણે જે યોગ-સાધના કરીએ છીએ તેમાં સામાન્ય માનવીય હેતુઓમાંથી કોઈનો સ્વીકાર નથી. આપણું આ પાર્થિવ જીવન જેવું છે તેવું ને તેવું તેમાં સ્વીકારવામાં નથી આવતું; તો વળી કોઈ નૈતિક પરિપૂર્ણતાથી કે ધાર્મિક પરમાનંદથી કે કોઈ પારલૌકિક સ્વર્ગથી કે આપણા અસ્તિત્વના એવા કોઈ લયથી (કે જેને લીધે આ જંજાળ જેવા જીવનનો સંતોષભર્યો નિકાલ થઈ જાય) તેમાંના કોઈથી તેને સંતોષ થતો નથી. આપણો હેતુ તો તદ્દન જુદો જ થઈ જાય છે; એ છે : દિવ્યતામાં, અનંતતામાં, ભગવાનમાં જીવન ધારણ કરવું અને નહિ કે કોઈ માત્ર અહંતામાં કે ક્ષણિકતામાં, અને છતાં પ્રકૃતિથી, આપણા માનવ-બંધુઓથી, દુનિયા અને દુન્યવી જીવનથી દૂર નહિ; અને ભગવાન પણ ક્યાં આપણાથી અને દુનિયાથી દૂર જઈ વસેલો છે ? એ આ દુનિયા અને પ્રકૃતિ અને આ સર્વ જીવો સાથે પણ સંબંધ સાચવી બેઠેલો છે; પણ એ સંબંધની પાછળ છે એક નિરપેક્ષ અને અવિભાજ્ય શક્તિ, મુક્તિ અને આત્મ-જ્ઞાન. અને આપણી મુક્તિ અને પરિપૂર્ણતા તો રહેલી છે અજ્ઞાનથી, બંધનથી, નિર્બળતાથી પર થઈ જવામાં અને દિવ્ય શક્તિ, મુક્તિ અને આત્મજ્ઞાન વડે વિશ્વ અને પ્રકૃતિ સાથે સંબંધ રાખી પ્રભુમાં જીવન ધારણ કરવામાં. કારણકે પરમાત્માનો સમગ્ર અસ્તિત્વ સાથે સર્વોચ્ચ સંબંધ એટલે પુરુષે ધારણ કરેલી પ્રકૃતિ, કે જ્યારે પુરુષ અજ્ઞાન અને પ્રકૃતિને વશ નથી રહેતો, પણ પોતાનાં આ સર્વ પ્રગટ સ્વરૂપને જાણે છે, તેનાથી પર થઈ જાય છે, તેનો ઉપભોગ, તથા નિયંત્રણ કરે છે અને પોતાના આત્મ-આવિર્ભાવની પૂર્ણ અને મુક્ત પસંદગી કરે છે.

એક અદ્વૈત પોતાના જ દ્વૈતની અનેકવિધ વિવિધતામાં પોતાને જ શોધી કાઢે એ જ છે પુરુષે વિશ્વમાં અવતરી અને આવિર્ભાવ પામી પ્રકૃતિ સાથે જે ખેલ માંડ્યો છે તેનું પૂર્ણ રહસ્ય સર્વત્ર એકમાત્ર સચ્ચિદાનંદ,

સ્વયંભૂ અને સીમા–વિહીન તથા એક એવું અદ્વૈત કે જેનો પોતાની જ અનંત વિવિધતાઓથી ભંગ થતો નથી એ જ છે અસ્તિત્વનું અસલ સત્ય અને એ જ છે આપણા જ્ઞાનનું લક્ષ્ય, અને એ જ છે આપણા આત્મ–લક્ષી અસ્તિત્વની આખરી મંઝિલ આ અસલ સત્યમાંથી જ અન્ય સર્વ સત્યો ઉદ્‌ભવે છે, એ જ છે તેમનો પાયો, એનાથી જ એ પ્રત્યેક પળે ટકી શકે છે; અને અંતે એમાં પ્રવેશવાથી જ તેઓ પોતાને અને પરસ્પરને જાણી શકશે, સમાધાન પામશે, સુમેળ પામશે અને સાર્થક થશે. વિશ્વમાંના સઘળા સંબંધો, ખુદ તેનાં જબરજસ્ત અને મહાભયંકર ભાસતાં ઘર્ષણો, એ બધાં વાસ્તવમાં તો છે પોતાનાં જ વિશ્વ–વ્યાપી અસ્તિત્વમાં વસતી એક સ્વયં-સનાતનતાના સંબંધો. તે, વિશ્વમાંની કોઈ જડ જરૂરિયાત કે અકસ્માતને લીધે ભેગા થતા અસંબંધિત જીવોની અથડામણો નથી, કદી પણ નહિ, ક્યાંય નહિ. એટલે અદ્વૈતની આ સનાતન હકીકતને પુનઃ પ્રાપ્ત કરવી એ જ છે આત્મ–જ્ઞાનની આપણી ખરેખરી ખોજ; તેમાં જીવન ધારણ કરવું એ જ હોવો જોઈએ આપણી જાતની આંતરિક પ્રાપ્તિનો તથા દુનિયા સાથેના આપણા સાચા અને આદર્શ સંબંધનો કાર્ય–સાધક સિદ્ધાંત. એટલા માટે આપણે પહેલેથી જ અને પૂરેપૂરો આગ્રહ રાખવો પડ્યો હતો કે અદ્વૈત એ જ જ્ઞાનયોગનું લક્ષ્ય, અને એક રીતે તો તેનું સંપૂર્ણ લક્ષ્ય હોવું જોઈએ.

પણ આ અદ્વૈત દરેક જગ્યાએ અને દરેક સ્તર પર દ્વૈતના એક વહીવટી અને વ્યવહારુ સત્ય દ્વારા વ્યક્ત થતું જાય છે. પરમ સનાતન સત્ય એ એક અનંત સચેતન સત્‌ છે, પુરુષ છે; એ અચેતન કે યંત્રવત્‌ નથી; એ, અદ્વૈતના સુસ્થિર પાયા પર મંડાએલા પોતાના જ સત્‌ની શક્તિના આનંદમાં સદાય વસે છે; પણ, સાથે સાથે, વિશ્વમાંના સર્જકશીલ વિવિધ આત્માનુભવો સાથેની લીલામાં રહેલા પોતાના સત્‌ની શક્તિના આનંદમાં પણ એટલો જ વસે છે. આપણે પોતે એક એવું સનાતન તત્ત્વ છીએ કે જે કાલાતીત છે, નામરૂપથી પર છે, જેને આપણે આપણી જાત કહીએ છીએ અને જે, આપણે જે કાંઈ છીએ તેની સાચી એકતા છીએ એ બધું જાણવા છતાં, અથવા તો જાણી શકવા છતાં જેમ આપણે આપણાં કર્મો, વિચારો, સંકલ્પો, સર્જનો, અવસ્થાઓ, એ બધું પણ સાથે સાથે જ અનુભવીએ છીએ બરાબર તે જ જાતની હોય છે પુરુષની આ વિશ્વમાંની સ્વ–જાગ્રતિ. ફેર એટલો કે આપણે હાલમાં મર્યાદિત અને અહમ્‌–વશ મનોમય વ્યક્તિ હોવાથી આ બધા અનુભવો અજ્ઞાનાવસ્થામાં કરીએ છીએ તથા આત્માવસ્થામાં કાયમ ના રહેતાં અવારનવાર જ તેના તરફ નજર

નાખીએ છીએ કે ત્યાં જઈ આવીએ છીએ; જ્યારે સનાતન પુરુષ સદાકાળ પોતાના અનંત આત્મજ્ઞાન દ્વારા આત્માવસ્થામાં જ રહે છે, સદાય આત્મ-સ્વરૂપ જ હોય છે અને એ સ્વ-પૂર્ણતામાંથી આ બધા આત્માનુભવોને નિહાળે છે. મનની જેલમાં પુરાએલા આપણા માનવીઓની માફક એ પોતાને આત્માનુભાવોના કોઈ એક અનિશ્ચિત પરિણામ કે સમૂહ કે સમૂળગા વિરોધરૂપ ગણતો નથી. અસ્તિત્વ અને આવિર્ભાવ વચ્ચે તત્ત્વચિંતકોને જે ઝગડો પુરાતન કાળથી દેખાયા કરે છે તે સનાતન આત્મજ્ઞાનમાં શક્ય જ નથી.

સતની સક્રિય શક્તિ પોતાની આત્માનુભૂતિની શક્તિઓ દ્વારા, પોતાની જ્ઞાન, સંકલ્પ, આનંદ અને સ્વ-રચનાની શક્તિઓ દ્વારા પોતાને સાક્ષાત કરી રહી છે અને તેમની અદ્દભુત વિવિધતાઓ, પલટાઓ, સાચવણીઓ અને પરિવર્તનો તથા ખુદ વિકૃતિઓ પણ પ્રગટ કરી રહી છે; આપણે જેને પ્રકૃતિ કહીએ છીએ તે જ છે આ,—વ્યક્તિગત તેમ જ વિશ્વવ્યાપી. પણ વિવિધતા-સર્જક આ શક્તિની પાછળ એ જ શક્તિની સમતોલ એકતા-વાળી એક એવી સનાતન સ્થિરતા રહેલી છે કે જે આ બધી વિવિધતા-ઓને તેણે જેમ શરૂ કરી છે તેમ તેને તટસ્થતાથી ટેકો પણ આપે છે, કાબૂમાં પણ રાખે છે અને પુરુષે પોતાના નિજાનંદને ખાતર પોતાની ચેતનામાં જે લક્ષ્ય ઊભું કર્યું હોય અને પોતાના સંકલ્પ કે ચિત્-શક્તિ દ્વારા નિશ્ચિત કર્યું હોય તે લક્ષ્ય પ્રત્યે તે વિવિધતાઓનું નિયંત્રણ પણ કરે છે. એ જ દિવ્ય પ્રકૃતિ: અને આપણે આપણા જ્ઞાનયોગ દ્વારા, પાછા હઠી જઈ, એની જ સાથે અદ્વૈત સાધવાનું છે. આપણે અહમ્-પ્રધાન પ્રકૃતિને વશ એવા એક મનોમય પ્રાણી ના રહેતાં પોતાની પ્રકૃતિને દિવ્ય વ્યક્તિત્વથી ધારણ કરવાનો આનંદ માણતા પુરુષ, સચ્ચિદાનંદ બની જવાનું છે. કારણકે એ જ છે સાચી જાત, વ્યક્તિમાં રહેલો પરમ અને પૂર્ણ આત્મા; અને અહમ્ એ તો આપણી જાતનું એક એવું નિમ્ન અને અપૂર્ણ આવિષ્કરણ છે કે જેની દ્વારા કેટલીક મર્યાદિત અને પૂર્વ-તૈયારી-રૂપ અનુભૂતિ શક્ય બને છે અને જેને, થોડા સમય માટે સ્વીકારવાની હોય છે. પણ આ નિમ્ન જાતમાં પડયા રહેવામાં જ કાંઈ આપણી સર્વ શક્યતાઓ સમાઈ જતી નથી; ખુદ આ ભૌતિક જગતમાં પણ એક માણસ તરીકે આપણે જે આવ્યા છીએ તેની કાંઈ આ એકમાત્ર કે સર્વોચ્ચ અનુભૂતિ નથી.

પોતાને જાણતાં મનમાં અજ્ઞાન આવી વસી શકયું છે તે આ વ્યક્તિગત જાતને લીધે જ; પણ એ જ જાતને લીધે આધ્યાત્મિક અસ્તિત્વમાં મુક્ત બનવાનું અને દિવ્ય અમરતા માણવાનું પણ શક્ય બને છે. આ અમરતા

મેળવનાર પેલો સનાતન પુરુષ નથી કે જે પરાત્પરતામાં વસે છે કે વિશ્વમાં વ્યાપી રહેલો છે; એ તો છે આ એક વ્યક્તિ કે જે આત્મજ્ઞાનમાં આરોહણ કરે છે; તેનામાં જ એ આધાર લે છે અને તેની દ્વારા જ એ કાર્ય સાધે છે. સમગ્ર જીવન, પછી એ આધ્યાત્મિક હોય, માનસિક કે ભૌતિક હોય છતાં; એ પ્રકૃતિમાં રહેલી શક્યતાઓને રમાડી રહેલા પુરુષની એક રમત છે; કારણકે આ રમત વિના આત્મ–અભિવ્યક્તિની અને સાપેક્ષ આત્મ-અનુભૂતિની શક્યતા નથી. વળી, આપણે ભૂતમાત્રને આપણી જ વિશાળ જાત તરીકે સાક્ષાત કરીએ અને ભગવાન સાથે અદ્વૈત સાધીએ તે પછી પણ આ રમત ચાલુ રહી શકે છે, અને રહેવી જ જોઈએ,– સિવાય કે આપણી ઇચ્છા સર્વ આત્મ–અભિવ્યક્તિને અટકાવી દેવાની અને આત્મ–અનુભૂતિ તરીકે માત્ર સમાધિ અને આત્મ–લીનતા જ પામવાની હોય. પણ આ સમાધિ કે આ લીલા એ એક વ્યક્તિ તરીકે જ સાક્ષાત કરી શકાય છે; સમાધિ એટલે મનોમય પુરુષની માત્ર અદ્વૈતની જ અનુભૂતિમાં ડૂબકી; અને મુક્ત લીલા એટલે અદ્વૈતનો મુક્તિભર્યો સાક્ષાત્કાર અને તેનો આનંદ માણવા માટે મનોમય પુરુષે કરેલો પોતાના મનનો આધ્યાત્મિક જાતમાં સ્વીકાર. કારણકે દિવ્ય અસ્તિત્વની અસલિયત જ છે પોતાનાં અદ્વૈત પર કાયમી કબજો; પણ એ કબજો અનંત અનુભૂતિઓમાં પણ ખરો જ, અનેક સ્થાનેથી, અનેક સ્તર પર, પોતાની જાતનાં અનેક સામર્થ્યો કે જાતો દ્વારા (આપની મર્યાદિત બૌદ્ધિક ભાષામાં કહીએ તો એક જ સચેતન પુરુષનાં અનેક "વ્યક્તિત્વો" દ્વારા) પણ ખરો જ. ભગવાનથી દૂર જઈ નાનકડા અહમ્‌માં મર્યાદિત મનમાં વસવું, એટલે પોતાનાથી જ દૂર વસવું, પોતાના સાચા વ્યક્તિત્વ વિનાના બની જવું, અસલ મટી નકલ વ્યક્તિ બની જવું, એ છે આપણા અજ્ઞાનની શક્તિ. દિવ્ય પુરુષમાં આરોહણ કરવું અને, આપણા અત્યારના જીવનની જેમ, આપણી અનંત અને વિશ્વવ્યાપી આધ્યાત્મિક ચેતના વિશે જાગ્રત થવું એટલે જ આપણી પરમ અને પૂર્ણ જાતને, આપણા સાચા વ્યક્તિત્વને ધારણ કરવું; આ છે આપણા આત્મજ્ઞાનની શક્તિ.

સનાતન આવિર્ભાવની આ ત્રણ સનાતન શક્તિઓ, ભગવાન, પ્રકૃતિ અને વ્યક્તિને તથા તેમના પરસ્પરના અનિવાર્ય આધારને જાણવાથી આપણે સમગ્ર અસ્તિત્વને તેમ જ આ જગતના આભાસો કે જે આપણાં અજ્ઞાનને કોયડારૂપ લાગે છે તે સર્વને પણ આપણે સમજી શકીએ છીએ. આપણા આત્મજ્ઞાનથી આમાંનું કાંઈ જ દૂર થતું નથી; દૂર થાય છે માત્ર આપણું અજ્ઞાન તથા, આપણી પ્રકૃતિના અહમ્‌પ્રધાન નિયંત્રણ સાથે આપણને

બાંધી રાખનાર અને તેમને વશ રાખનાર અજ્ઞાનમય સંજોગો. આપણને આપણી સાચી જાત પ્રાપ્ત થતાં આપણો અહમ્ ખરી પડે છે અને તેની જગ્યાએ આપણી પરમ અને પૂર્ણ જાત, સાચું વ્યક્તિત્વ આવી બેસે છે. આ પરમ જાત તરીકે તે ભૂતમાત્ર સાથે એકરૂપ બની જાય છે અને સમગ્ર વિશ્વ અને પ્રકૃતિને પોતાની અનંતતામાં સમાએલાં જુએ છે. આનો અર્થ માત્ર એટલો જ કે હવે આપણા અલગ અસ્તિત્વનું ભાન જતું રહી તેને બદલે હવે એક સીમાવિહીન, અવિભક્ત, અનંત જાતની ચેતના જાગ્રત થાય છે; તેમાં આપણે હવે આ નામ અને રૂપની સાથે તથા આપણા આ જન્મના અને ભવના માનસિક અને ભૌતિક નિયંત્રણ સાથે બંધાએલ નથી તથા આ વિશ્વમાંની કોઈ પણ વસ્તુ કે વ્યક્તિથી હવે આપણે અલગ નથી એમ લાગે છે. આને જ પ્રાચીન તત્ત્વચિંતકોએ જન્મ–મરણમાંથી કે લખચોર્યાશીમાંથી મુક્તિ અથવા નિર્વાણ કહેલ છે. તે છતાં પણ આપણે અંગત જન્મ અને ભવનો આશરો લઈને જીવવાનું અને કર્મો કરવાનું ચાલુ તો રાખીએ જ છીએ પણ એ જુદી જાતનાં જ્ઞાન વડે અને તદ્દન જુદી જાતની અનુભૂતિથી; અને દુનિયા પણ ચાલુ રહે છે પણ હવે આપણે તેને આપણી પોતાની જાતની બહાર અને આપણાથી અલગ નહિ પણ આપણી પોતાની અંદર જ જોઈએ છીએ. આપણી સાચી સંપૂર્ણ જાતની આવી નવી ચેતનાને સતત ધારણ કરી રાખીને જીવવું એ જ છે મોક્ષની પ્રાપ્તિ અને અમરતાનો ઉપભોગ.

"અમરતા તો મૃત્યુ પછી, પરલોકમાં જ, અસ્તિત્વના ઊર્ધ્વ સ્તરોમાં જ શક્ય છે" અથવા "મોક્ષ પછી માનસિક કે શારીરિક જીવનની શક્યતા સરખી ના રહેવી જોઈએ અને વ્યક્તિગત અસ્તિત્વનો કાયમ માટે વ્યક્તિત્વ-હીન અનંતતામાં લય થઈ જવો જોઈએ" વગેરે ખ્યાલને લીધે અમરતા વિશેની વાતમાં ગૂંચવાડા ઊભા થાય છે, આવા ખ્યાલ ટકી રહેવાના વાજબી કારણરૂપ એક અનુભૂતિ પણ છે જ; એ છે : આત્મા જ્યારે મન અને શરીર સાથેનાં, આવી પડેલા બંધનને હઠાવી દે છે ત્યારે તેને ઊર્ધ્વ લોકમાં જવાની જરૂર જણાય છે, અને આકર્ષણ પણ થાય છે; તેને એમ થાય છે કે આ બંધનો પાર્થિવ જીવન કે માનસિક અસ્તિત્વમાંથી કદી અલગ થઈ શકવાનાં જ નથી; ભૌતિક જગતનો સ્વામી તો મૃત્યુ જ છે, કારણકે મૃત્યુને વશ થઈએ, એક પછી એક મરણ ભોગવ્યા કરીએ તો જ જીવન ધારણ કરવાનું શક્ય લાગે છે; આ જ લોકમાં અમરતા પ્રાપ્ત કરવી અતિ મુશ્કેલ છે અને એમ લાગે છે કે ભૌતિક જગતમાં મરણનો, અને તેથી

જન્મનો પણ ત્યાગ કરી દેવો એ જ અમરતા માટેની અનિવાર્યતા છે; અમરતાનું રાજ્ય તો કોઈક એવા અતિ ભૌતિક લોકમાં. કોઈક એવા સ્વર્ગમાં જ હોઈ શકે કે જ્યાં શરીર નામની વસ્તુ જ ના હોય અથવા તદ્દન જુદી જ જાતનું હોય, આત્માનું જ સ્વરૂપ હોય અથવા તેનો એક ગૌણ સંયોગ માત્ર હોય. તો વળી બીજી બાજુએ, જે લોકો ખુદ અમરતાને પણ પાર કરી ગયા છે તેમને એમ લાગે છે કે બધા જ સ્તરો અને સ્વર્ગો એ તો સાંત અસ્તિત્વની જ ઘટનાઓ છે અને અનંત પુરુષમાં આમાંનું કાંઈ જ નથી. વ્યક્તિત્વહીનતા અને અનંતતામાં ભળી જવાની એક જોરદાર જરૂરિયાત તેમનો કબજો લે છે અને તેઓ વ્યક્તિત્વહીન અસ્તિત્વના પરમાનંદની સરખામણીમાં આત્માના આવિર્ભાવના આનંદને કાંઈ વિસાતમાં ગણતા નથી. એવા અસ્તિત્વમાં ડૂબકી મારવાની અને ભળી જવાની જરૂરિયાતને બૌદ્ધિક રીતે વાજબી ઠરાવતાં તત્ત્વજ્ઞાન પણ ઊભાં કરવામાં આવ્યાં છે. પણ ખરેખરી અગત્યની અને નિર્ણયાત્મક વાત તો છે પરાત્પરતાનો સાદ, આત્માને જણાતી જરૂરિયાત અને, આ બાબતમાં, એક જાતના વ્યક્તિત્વહીન અસ્તિત્વમાં કે અસ્તિત્વના અભાવમાં તેને પડતો આનંદ. કારણકે શું કરવું તેનો આધાર છે પુરુષના નિર્ણયાત્મક આનંદ પર, પ્રકૃતિ સાથે કેવો સંબંધ રાખવું તેણે નક્કી કર્યું છે તેની ઉપર, પ્રકૃતિમાં રહેલી શક્યતાઓ પૈકી, પોતાના વ્યક્તિગત આત્માનુભવને ખાતર તેણે પસંદ કરેલ પ્રગતિપંથને પરિણામે પ્રાપ્ત થતી અનુભૂતિ પર. આપણા બૌદ્ધિક બચાવો એ તો છે આપણા તર્ક–પ્રેમી મન સમક્ષ રજૂ થતો એ અનુભૂતિનો અહેવાલ અને આત્માના વિકાસની દિશામાં મનની સંમતિ મેળવવામાં મદદરૂપ તરકીબો.

આજ સુધીના આપણા અનુભવ પરથી એમ માનવાનું મન થઈ જાય છે કે અહંતા એ આ જગતનું કારણ છે. પણ એ સાચું નથી, કારણકે અહંતા એ તો આ જગતની રચનાનું એક પરિણામ અને સંયોગ માત્ર જ છે. અનેક આત્મ–ધારી પુરુષે વ્યક્તિભૂત મન–દેહોની વચ્ચે ઊભો કરેલ એ એક જાતનો સંબંધ છે, જગતના સર્વ પદાર્થો પરસ્પર જે આધાર રાખતા હતા તેમાં પોતપોતાના સ્વતંત્ર માનસિક અને શારીરિક અનુભવોની શક્યતા ઊભી થાય એટલા માટે ઊભો કરાએલો સ્વ–રક્ષણ, અલગતા અને આક્રમણનો એ સંબંધ છે. પણ આ માનસિક અને ભૌતિક લોકમાં પરસ્પરમાંથી સંપૂર્ણ સ્વતંત્રતા શક્ય નથી; એટલે આ અલગતાવાદી ગતિની એકમાત્ર પરાકાષ્ઠારૂપ એવી વ્યક્તિત્વ–હીનતા બાકી રહે છે કે જે સર્વે માનસિક અને શારીરિક અસ્તિત્વનો ઇન્કાર કરે; માત્ર એમ કરવાથી જ સંપૂર્ણ સ્વતંત્ર સ્વાનુભૂતિ મળી

શકે. ત્યારે આત્મા નિરપેક્ષ, સ્વતંત્ર અસ્તિત્વ ધારણ કરતો લાગે છે; ત્યારે તે સ્વાધીન, સ્વ-આધીન થતો લાગે છે, ભગવાનને કે બીજા કોઈને આધીન નહિ. એટલે આ અનુભૂતિમાં ભગવાન, વ્યક્તિ અને અન્ય વસ્તુઓનો ઇન્કાર કરવામાં આવે છે. આમાં અહંતા પોતાની અધૂરપનો સ્વીકાર કરે છે તથા પોતાનો તથા પોતે જે નથી તેમનો પણ નાશ કરે છે કે જેથી પોતાનામાં રહેલ, સ્વતંત્ર સ્વાનુભાવ માટેનો મૂળભૂત આવેગ પાર પડે કારણકે, એ જુએ છે કે ભગવાન અને બીજાઓ સાથે સંબંધ રાખીને તેને પાર પાડવા જતાં ભ્રમણા, મિથ્યાત્વ અને શૂન્યતાની શિક્ષા સતત સહન કરવી પડે તેમ છે, તે તેમને સ્વીકારવાનું એટલા માટે છોડી દે છે કે તેમનો સ્વીકાર કરવાથી પોતે તેમને આધીન બની જાય છે; તે પોતાને માટેનો આગ્રહ એટલા માટે છોડી દે છે કે એ આગ્રહ એટલે પોતે જેને પોતાની જાત નથી ગણી તેનો, જગતનો અને બીજાઓનો સ્વીકાર. બૌદ્ધવાદનો આત્મત્યાગ એ એનાં અસલ સ્વરૂપમાં છે : મનોમય પુરુષ જે કાંઈ જાણે છે તે સર્વેનો સંપૂર્ણ બહિષ્કાર, અદ્વૈતવાદીઓના, નિરપેક્ષ બ્રહ્મમાં આત્મ-વિલયની પાછળ, બીજી રીતે સ્વીકારાએલો, આ જ હેતુ છે; બંનેમાં પ્રકૃતિથી પોતાની આગવી સ્વતંત્રતાનું પુરુષે કરેલું પોતાનું પરમ પ્રતિપાદન છે.

પાછા હઠી જવાની જે રીતની આપણે વાત કરી ગયા તે મોક્ષ માટેનો એક જાતનો ટૂંકો રસ્તો છે; તેમ કરવાથી જે પ્રથમ અનુભૂતિ થાય છે તે ઉપર જણાવેલા વલણને પોષે છે; કારણકે એ રીતથી અહંતા તૂટે છે અને આપણી હાલની મનોમય ટેવો છૂટે છે. આ મનોમયતા જડ પદાર્થને અને ઇન્દ્રિયોને વશ હોય છે અને વસ્તુઓને માત્ર આકાર, પદાર્થ અને બાહ્ય ઘટનારૂપે તથા તેમને આપેલાં નામરૂપે સ્વીકારે છે બીજાઓનાં પોતાનાં આંતરજીવનની આપણને સીધેસીધી કાંઈ જ ખબર નથી પડતી; આપણા જીવન સાથેના સામ્ય પરથી અને અનુમાન કરીને કે વાચા કે વર્તન જેવાં જોવા મળતાં તેમનાં બાહ્ય લક્ષણોને આપણા મન દ્વારા અને આપણા અનુભવના પ્રકાશમાં ઘટાવીને ખ્યાલ બાંધીએ છીએ. અહમ્‌ને અને ઇન્દ્રિય-પ્રધાન મનને તોડીને આપણે જ્યારે આત્મતત્ત્વની અનંતતામાં પ્રવેશીએ છીએ ત્યારે પણ આપણા મનની જૂની રીત પ્રમાણે, નામ અને રૂપ તરીકે આપણે તેમને જોઈએ છીએ. ફેર એટલો કે આત્મતત્ત્વની પ્રત્યક્ષ અને સાચી વાસ્તવિકતાના નવા અનુભવને પરિણામે, આપણા મનને તેમની પોતાની જે પેલી પ્રત્યક્ષ વસ્તુલક્ષી વાસ્તવિકતા તથા પેલી પરોક્ષ સ્વલક્ષી વાસ્તવિકતા જણાતી હતી તે હવે નથી જણાતી. હવે આપણે જે વધારે સાચી વાસ્તવિકતા અનુભવીએ

છીએ તેના કરતાં તે તદ્દન ઊલટી લાગે છે; હવે આપણી અંદરનું મન-તત્ત્વ શાંત અને તટસ્થ થયું હોવાથી પદાર્થોમાં તેમ જ આપણામાં – પેલી જે અંતરિયાળ વસ્તુઓ હતી તથા આપણને તેમનું જે જ્ઞાન હતું (અને જે જ્ઞાનનો ઉપયોગ એ હતો કે તેનાથી આધ્યાત્મિક "સ્વ"-તા તથા બાહ્ય જગતની "પર"-તાની વચ્ચે સંબંધ બંધાતો હતો) તેને જાણવાને માટે કે વાસ્તવિકતા તરીકે તેને સ્વીકારવા માટે હવે તેને પ્રયત્ન કરવાનો નથી રહેતો. હવે આપણને એક શુદ્ધ આધ્યાત્મિક અસ્તિત્વની આનંદપૂર્ણ અનંત વ્યક્તિત્વ-હીનતા મળ્યાનો સંતોષ છે; હવે આપણને શેની ય કે કોઈની ય પરવા નથી. ઇન્દ્રિયોના અનુભવો તથા તેની પરથી બંધાતા મનના ખ્યાલો અને અનુમાનો, તથા તેમાં તેને પડતી જેવીતેવી અને બે-ઘડીની મઝા તે બધાં હવે આપણને ક્ષુલ્લક અને અવાસ્તવિક લાગે છે. અસ્તિત્વનાં આ બધાં વચગાળાનાં સત્યો કે જેની દ્વારા એ એકમેવ પ્રભુ આ અનેક વસ્તુઓનો ઉપભોગ કરે છે અને જે તેને માટે, તેનાં જ અંગરૂપ અને આનંદભરી અગત્ય ધારણ કરી રાખે છે (કે જેને લીધે, આપણને એમ કહેવાનું મન થઈ જાય કે, આ વિશ્વ એ પ્રભુને સુંદર અને પ્રવેશપાત્ર લાગે છે) તે બધાં વચગાળાનાં સત્યો આપણને મળ્યાં નથી અને આપણને તેની પરવા પણ શી છે? આપણે કાંઈ હવે વિશ્વમાંના દિવ્યાનંદના ભાગીદાર નથી; ઊલટાનું, આપણને તો એમ લાગે છે કે એ અનંત પ્રભુએ જડ પદાર્થના આ ભૌતિક ભારને ધારણ કરીને પોતાના શુદ્ધ સ્વરૂપની અધોગતિ કરી છે અથવા તો નકામાં નામો અને અવાસ્તવિક આકારો ઊભા કરીને પોતાના અસલ સત્યને અસત્ય બનાવી દીધું છે અને કદાચિત્ જો એમાંનો આનંદ આપણને નજરે ચડી જાય તોપણ તેને પાકો પકડમાં લીધા વિના કે તેમાં પડ્યા વિના, અસ્પૃષ્ટ અને અળગા રહેવાના; અથવા નરી અને નિમગ્નતાભરી આત્માનુભૂતિના એવા ઊર્ધ્વ આનંદમાં મગ્ન થઈને તેને જોવાના કે જેથી આપણે આ નિમ્ન લોકમાં ભૌતિક જીવન અને દેહને ખાતર રહેવું જ પડે તેના કરતાં એક ક્ષણ પણ વધારે રોકાવું ના પડે.

પણ જો સાધના દરમિયાન અથવા તો તે પછી જ્યારે સાક્ષાત્કાર પામીને આત્મા ફરીથી પાછો મુક્ત રીતે દુનિયા પર પાછો આવે અને આપણો પુરુષ પોતાની પ્રકૃતિને ફરીથી મુક્ત રીતે ધારણ કરે તે વખતે જો આપણે બીજાઓનાં માત્ર શરીર અને બાહ્ય વર્તન વિશે જ નહિ પણ તેમનાં અંતર, તેમનાં મન, અને તેમના આત્મા વિશે તથા તેમનાં પોતાનાં ઉપરછલ્લાં મન પણ જેનાથી અજાણ છે તેના વિશે પણ જો આપણે ગાઢ રીતે સચેતન બનીએ તો આપણે તેમનામાં પણ પરમપુરુષને વસેલો જોઈ શકીશું

અને તેમને માત્ર નામ-રૂપ તરીકે નહિ પણ આપણા જ પરમ આત્માનાં આત્મ-સ્વરૂપો તરીકે જોઈ શકીશું. તેઓ અનંત પુરુષનાં જ સત્ય-સ્વરૂપો બની રહેશે. પછી આપણાં મન ક્ષુલ્લક નિરર્થકતાની ભ્રમણા કે અસત્ય માયાને વશ નહિ રહે. અલબત્ત, પહેલાં ભૌતિક જીવન જ જે રીતે એકમાત્ર અગત્યનું લાગતું હતું તે હવે દિવ્ય પુરુષને જે રીતે લાગે છે તે રીતે, વધારે અગત્યનું બની જાય છે; તે હવે આપણી જાતનું એકમાત્ર સ્વરૂપ નથી રહેતું પણ મન અને આત્મા જેવાં ઉચ્ચ અંગોની સરખામણીમાં તેમના હાથ નીચેનું અંગ બની જાય છે; અને તેથી જ, આ નીચલી કક્ષાને પરિણામે, તેની અગત્ય ઘટવાને બદલે વધી જાય છે. આપણે જોઈએ છીએ કે આપણી ભૌતિક જાત, જીવન અને પ્રકૃતિ એ તો પુરુષના પ્રકૃતિ સાથેના સંબંધની એક અવસ્થા છે અને તેમના સાચા હેતુ અને સ્થાનની કિંમત તો માત્ર ત્યારે જ સમજાય છે કે જ્યારે તે એક સ્વતંત્ર વસ્તુ નથી પણ તેમને ટકાવી રાખતી ઉચ્ચ અવસ્થાઓ ઉપર આધાર-રાખનારી એ જોઈ શકીએ છીએ. આ ઊંચા સંબંધને લીધે જ તેઓ સહેતુક બને છે, અને તેથી, તેમની સાથે સચેતન રીતે જોડાવાથી જ તેઓ તેમની સર્વે વાજબી વૃત્તિઓ અને હેતુઓને સાર્થક કરી શકશે. ત્યારે જીવન સહેતુક બની રહે છે; અને, મુક્ત આત્મ-જ્ઞાનની પ્રાપ્તિથી એ બેવકૂફ બની જતું નથી.

આ વિશાળ અને પૂર્ણજ્ઞાન તથા મુક્તિ છેવટે આપણા સમગ્ર અસ્તિત્વને મુક્ત અને કૃતાર્થ કરે છે. એ પ્રાપ્ત થતાં આપણને સમજાય છે કે ભગવાન, આપણી જાત તથા દુનિયા એ ત્રણની વચ્ચે આપણું અસ્તિત્વ કેમ ગતિ કરી રહ્યું છે; હવે આપણને એ ત્રણે ય કે તેમાંનું કોઈ પણ એક બીજાનું વિરોધી, વિસંવાદી કે દુશ્મન લાગતું નથી; તો વળી ઊલટાનું એમ પણ નથી લાગતું કે તેઓ છેક છેવટે એક શુદ્ધ વ્યક્તિત્વહીન એકતામાં ઓગળી જનારાં, આપણાં અજ્ઞાનનાં સ્વરૂપો છે. ઊલટાનાં તેઓ આપણી આત્મ-સાર્થકતા માટેનાં આવશ્યક અંગો લાગે છે અને મુક્તિ મેળવ્યા પછી પણ તેમની કિંમત તો રહે જ છે, એટલું જ નહિ પણ ત્યારે જ તેમની સાચી કિંમત જણાય છે. હવે આપણે આપણી જાત બીજાઓથી એવી અલગ અનુભવતા નથી કે જે, તેમની સાથે સંબંધમાં આવવાથી આપણને દુનિયાનો અનુભવ કરાવતી હોય; આ નવી ચેતનામાં તો તેમનો આપણામાં અને આપણો તેમનામાં સમાવેશ થતો હોય છે. હવે આપણે બધા એવા, એક-બીજાથી તદ્દન અલગ, અહમ્ નથી રહેતા કે જે દરેક પોતપોતાની સ્વતંત્ર સાર્થકતા કે પરાત્પરતા ઝંખતા હોય અને જેમને છેક છેવટે તો બીજો કાંઈ

પણ હેતુ જ ના હોય; હવે તો એમ લાગે છે કે તે બધા જ પરમ સનાતનતા છે, અને દરેકમાં રહેલ આત્મા ગુપ્ત રીતે પોતાનામાં સર્વેને સમાવે છે તથા એ એકતાના ઊર્ધ્વ સત્યને પોતાનાં પાર્થિવ અસ્તિત્વમાં વિવિધ રીતે પ્રગટ અને પરિણામસાધક કરવા મથે છે. આપણે વ્યક્તિરૂપ બન્યા છીએ તેની પાછળનું દિવ્ય સત્ય છે: એકબીજાથી અલગતા નહિ પણ એકબીજામાં સમાવેશ; અને ઊર્ધ્વ ધર્મ છે: સ્વતંત્ર સાર્થકતા નહિ પણ સ્નેહ.

આપણી સાચી જાત છે પુરુષ: એ હમેશાં પ્રકૃતિથી સ્વતંત્ર છે અને તેનો સ્વામી છે તેથી એ સ્વતંત્રતા મેળવવાની આપણી ઝંખના વાજબી જ છે. એ જ છે અહંતાભરી પ્રવૃત્તિની અને પોતાનાથી પર થઈ જવાના પ્રયત્નની યથાર્થતા. પણ તેની સાચી સાર્થકતા અલગ અસ્તિત્વ મેળવવાના અહંતાના નિયમને અવિચળ બનાવી દેવામાં નથી; એ તો છે પોતાની પ્રકૃતિના સંબંધમાં પુરુષની પેલી બીજી અને સર્વોચ્ચ અવસ્થા,–સ્વામિત્વ. એમાં પ્રકૃતિથી પર થઈ જવાનું તો છે જ પણ પ્રકૃતિને ધારણ કરવાની પણ છે જ; વ્યક્તિત્વને સંપૂર્ણ સાર્થક કરવાનું તો છે જ પણ દુનિયા સાથેના અને બીજાઓ સાથેના સંબંધને પણ સંપૂર્ણ સાર્થક કરવાનો છે જ. એટલે દુનિયા પ્રત્યે બેપરવા બની પરલોકના કોઈ સ્વર્ગમાં અંગત મોક્ષ મેળવવો એ આપણું સર્વોચ્ચ લક્ષ્ય નથી; બીજાઓના મોક્ષ અને સાર્થકતા સાથે આપણને આપણા જ મોક્ષ જેટલી નિસ્બત છે,– કહોને કે એમાં આપણો એટલો જ દિવ્ય સ્વાર્થ છે. નહિ તો બીજાઓ સાથેની આપણી એકતાનો વ્યવહારમાં અર્થ પણ શો ? દુનિયામાં, અહંતાભર્યા અસ્તિત્વનાં પ્રલોભનોને જીતવાં એ છે આપણી જાત પરનો આપણો પહેલો વિજય; પરલોકના સ્વર્ગમાં રહેલા અંગત સુખના પ્રલોભનને જીતવું એ છે આપણો બીજો વિજય; જીવનમાંથી છુટકારાના અને વ્યક્તિત્વહીન અનંતતામાં રહેલા આત્મ–લીન આનંદના સર્વોચ્ચ પ્રલોભનને જીતવું એ છે આખરી અને સર્વોચ્ચ વિજય. ત્યારે જ આપણને મળે છે અંગત અલગતામાંથી સંપૂર્ણ છુટકારો અને આપણી સંપૂર્ણ, આધ્યાત્મિક મુક્તિની પ્રાપ્તિ.

આત્માની મુક્ત અવસ્થા, એટલે જ પુરુષમય અવસ્થા. પુરુષ તો છે નિત્ય–મુક્ત; તેની ચેતના એટલે પરાત્પરતા અને સર્વગ્રાહી એકતા; તેનું આત્મજ્ઞાન આત્મજ્ઞાનના અન્ય પ્રકારોને ફેંકી દેતું નથી, પણ સર્વે બાબતોને ભગવાનમાં અને ભાગવત પ્રકૃતિમાં જોડી દે છે અને મેળમાં મૂકે છે. ધાર્મિક પ્રકારની પ્રબળ પ્રેમમસ્તી કે જેમાં માત્ર ભગવાન અને આપણી જાત એ બેને જ સ્થાન છે, બીજા શેને ય નહિ, તે, પુરુષની નજરે

માત્ર એક એવી ગાઢ અનુભૂતિ છે કે જેને લીધે પોતે, દિવ્ય પ્રેમ અને આનંદના આલિંગનમાં સર્વ પ્રાણીઓને પણ સામેલ કરવા તૈયાર થાય. જે સ્વર્ગીય પ્રેમ ભગવાન સાથે આપણું અને ભાગ્યવાન લોકોનું મિલન સાધી આપે છે પણ અન્ય કમભાગી લોકો અને તેમની યાતના પ્રત્યે દુર્લક્ષભરી દૃષ્ટિ રખાવી શકે છે તે પૂર્ણાત્મા માટે અશક્ય છે; કારણકે એ લોકો પણ એનાં પોતાનાં જ સ્વરૂપ છે; તે પોતે યાતના અને અજ્ઞાનમાંથી મુક્ત થતાં તેમને પણ મુક્ત થવા પ્રેરે એ જ સ્વાભાવિક છે. તો વળી, બીજી બાજુએ, બીજાઓની અને દુનિયાની સાથે જ પોતાનો સંબંધ રાખવો અને ભગવાન અને પરાત્પરતાને બકાત રાખવાં એ તો એને એથીય વધારે અશક્ય છે; અને તેથી તે દુનિયામાં જ, અથવા માણસ માણસ વચ્ચેના ખુદ ઉચ્ચ અને પરોપકારભર્યા સંબંધોમાં જ બંધાઈ રહી ના શકે. તેની પ્રવૃત્તિ કે તેનું લક્ષ્ય બીજાઓને ખાતર પોતાનો લોપ કે સમૂળગો ત્યાગ કરવાનું નહિ પણ પ્રભુ-પ્રાપ્તિ, મુક્તિ અને દિવ્યાનંદમાં કૃતાર્થ થવાનું છે કે જેથી પોતાની એ કૃતાર્થતામાં અને એ કૃતાર્થતા વડે બીજાઓ પણ કૃતાર્થ થાય. કારણકે જીવનના સર્વ સંઘર્ષોનો એકમાત્ર ઇલાજ છે ભગવાન, પ્રભુ-પ્રાપ્તિ. તેથી માનવોને પ્રભુ પ્રત્યે ઊર્ધ્વગામી કરવા એ જ છેવટે તો માનવજાતને સહાય કરવાનો એકમાત્ર અસરકારક ઇલાજ છે, આત્માનુભૂતિની બીજી બધી જ પ્રવૃત્તિઓ અને સાક્ષાત્કારો ઉપયોગી છે અને સમર્થ પણ હોય છે, પણ આ બધી અટપટી ગલીકૂંચીઓએ કે એકાકી પગથીઓએ છેવટે તો ફરી ફરીને પૂર્ણતાના એ વિશાળ માર્ગ પર આવી જવું જોઈએ કે જેનાથી મુક્તાત્મા બધાથી પર પણ થઈ જાય અને સર્વનો સમાવેશ પણ કરી દે તથા સર્વ કોઈને, પ્રભુની પ્રગટ જાત તરીકે કૃતાર્થ થવાનું અભયદાન દે અને શક્તિ પણ આપે.

## પ્રકરણ : ૧૯

# આપણા અસ્તિત્વના સ્તર

જો આ પ્રમાણે આપણી અંદર રહેલા પુરુષે પોતાની સર્વોચ્ચ જાત સાથે અદ્વૈત સાધી દિવ્ય પુરુષ બનવાનું હોય, પોતાની પ્રકૃતિના જ્ઞાતા, સ્વામી તથા મુક્ત ભોક્તા બનવાનું હોય તો આપણા અત્યારના સ્તર પર રહીને જ તે એમ ના કરી શકે તે સ્પષ્ટ જ છે; કારણકે એ પ્રકૃતિના પૂરા સામ્રાજ્ય નીચેનો ભૌતિક સ્તર છે. ત્યાં પ્રકૃતિની પ્રવૃત્તિઓનાં ગૂંગળાવતાં પૂરથી, તેનાં કર્મોના ભારેખમ ભભકાથી, દિવ્ય પુરુષ પૂરેપૂરો છવાઈ ગએલો છે; ત્યાં પ્રકૃતિએ આત્મતત્ત્વને જડ તત્ત્વમાં જે ડુબાડી દીધું હતું તેમાંથી જાગતા વ્યક્તિભૂત આત્માને હજી પ્રકૃતિનાં ભૌતિક અને પ્રાણમય કરણોમાં ગૂંચવાએલા રહીને જ બધી પ્રવૃત્તિઓ કરવાની હોય છે; તેથી તે પોતાની દિવ્ય મુક્તિ અનુભવી શકતો નથી. ત્યાં કહેવાતી મુક્તિ અને સ્વામિત્વ એટલે પ્રકૃતિનાં સૂક્ષ્મ બંધનમાં મનની માત્ર પરવશતા. અલબત્ત પશુ, વનસ્પતિ કે ખનીજ વસ્તુઓ જે સ્થૂળ બંધનમાં ફસાએલાં છે તેના કરતાં આ બંધન હળવું છે, અને તેમાં મુક્તિ અને સ્વ-રાજ્યની સંભવિતતા વધારે છે; પણ તો ય હજી ત્યાં સાચી સ્વતંત્રતા અને સ્વામિત્વ તો નથી જ. તેથી જ આપણી ચેતનાની વિવિધ ભૂમિકાઓ અને મનોમય પુરુષના વિવિધ આધ્યાત્મિક સ્તરોનો અગાઉ ઉલ્લેખ કરવો પડ્યો હતો. જો આ બધા સ્તરોનું અસ્તિત્વ ના હોત તો દેહધારી વ્યક્તિને આ દુનિયામાં મુક્તિ મળવાની શક્યતા જ ના રહેત; તેણે હાથ જોડીને બેસી રહેવું પડત અથવા, બહુ બહુ તો, એવી તૈયારી કરવી પડત કે જેથી કરીને પરલોકમાં અને જુદી જ જાતના ભૌતિક અને આધ્યાત્મિક દેહમાં (કે જ્યાં તે ભૌતિકતાના અંધારિયા કોચલામાં આટલો બધો સખત બિડાઈ ગએલો ના હોય) તે મુક્તિ માટે મથી શકે.

પ્રચલિત જ્ઞાનયોગમાં ચેતનાના માત્ર બે જ સ્તરનો સ્વીકાર જરૂરી હોય છે : આધ્યાત્મિક અને જડતાભર્યો માનસિક; શુદ્ધ બુદ્ધિ આ બે સ્તરની વચમાં રહીને બંનેને જુએ છે, નામ-રૂપવાળી દુનિયાની ભ્રમણા ભાંગે છે,

જડતા-પ્રધાન માનસિક સ્તરને વટાવી જાય છે અને આધ્યાત્મિક સ્તરની વાસ્તવિકતા સ્વીકારે છે; તે પછી વ્યક્તિભૂત પુરુષની સંકલ્પ-શક્તિ આ જ્ઞાનાવસ્થામાં જોડાય છે અને નિમ્ન સ્તરનો ત્યાગ કરી ઊર્ધ્વ સ્તરમાં પુનઃપ્રવેશ કરે છે, ત્યાં રહે છે, મન અને દેહને જતાં કરે છે, જીવનનો ત્યાગ કરે છે અને પરમપુરુષમાં લય પામી વ્યક્તિગત અસ્તિત્વમાંથી મોક્ષ મેળવે છે. આવા જ્ઞાનયોગીઓ જાણતા હોય છે કે આપણા અસ્તિત્વ અંગેનું સંપૂર્ણ સત્ય આટલું જ નથી, તે આના કરતાં અનેકગણું અટપટું છે અને તેના સ્તર પણ અનેક છે; પણ તેઓ તેમની ઉપેક્ષા કરે છે અથવા તો ધ્યાન બહાર રાખે છે કારણકે તેમના ઇચ્છિત મોક્ષમાં તેમની જરૂર નથી. ઊલટાનું તેનાથી અટકાયત થાય છે કારણકે એ સ્તરોમાં જીવવાથી નથી ચૈત્યસિક અનુભૂતિઓ, ચૈત્યસિક ઉપભોગો, ચૈત્યસિક શક્તિઓ અને ઘટનાત્મક જ્ઞાનની એક નવી જ દુનિયા આવી મળે છે; અને તેમાં પ્રવેશ કરવાથી મોક્ષ-માર્ગમાં, બ્રહ્મમાં લય પામવામાં ઠોકરો ખાવી પડે છે અને પ્રભુ પ્રત્યેના રાજમાર્ગમાં, આડ-રસ્તે લઈ જતી જાળની અનંત પરંપરા ઊભી થાય છે. પણ આપણે તો પાર્થિવ અસ્તિત્વનો સ્વીકાર કરેલો છે, આપણે માટે તો સમગ્ર પાર્થિવ અસ્તિત્વ બ્રહ્મરૂપ છે, પ્રભુની હાજરીથી ભરેલું છે, તેથી આ બધામાં આપણે માટે તો કાંઈ ભય ભરેલો નથી. તેમાં જે કાંઈ ભય કે લાલચ ભરેલાં હોય તેનો આપણે સામનો કરવાનો છે, તેમને જીતવાનાં છે. જો દુનિયા અને આપણું અસ્તિત્વ પણ આવાં જટિલ હોય તો તેમની જટિલતા પણ આપણે જાણવાની અને ઉકેલવાની છે કે જેથી આપણું આત્મજ્ઞાન, અને પુરુષના પોતાની પ્રકૃતિ સાથેના સંબંધનું જ્ઞાન પૂર્ણ બને. અસ્તિત્વના અનેક સ્તર હોય તો પ્રભુને ખાતર આપણે તે બધા જ ધારણ કરવાના છે, અને તેવી જ રીતે આપણે આપણી મન, પ્રાણ અને શરીરની સામાન્ય અવસ્થાઓને પણ આધ્યાત્મિક રીતે ધારણ કરીને તેમનું રૂપાંતર કરવાનું સ્વીકારેલું જ છે ને?

બધા દેશોના પ્રાચીન જ્ઞાનમાં, આપણા અસ્તિત્વનાં છૂપાં સત્યોની શોધ ભારોભાર જણાય છે; તેના પરિણામે ક્રિયાઓ અને જિજ્ઞાસાનું જે વિશાળ ક્ષેત્ર ઊભું થયું તેને યુરોપમાં "ઓકલ્ટિઝમ"[૧] કહેવામાં આવે છે. પૂર્વના દેશોમાં એને માટે કોઈ ખાસ શબ્દ નથી કારણકે પશ્ચિમી માનસને લાગે છે તેમ આપણને તે કોઈ ખૂબ અજાણી, ભેદભરી અને

૧. આપણે તેને "ગુહ્યવિદ્યા", કે એવું કાંઈક નામ આપી શકીએ.

—અનુવાદક

અસાધારણ વસ્તુ લાગતી નથી. આપણે માટે તે વધારે જાણીતી છે અને આપણા સામાન્ય ભૌતિક જીવન અને આ વિશાળ જીવન વચ્ચે અંતર બહુ ઓછું છે. ભારતમાં[૨] તેમ જ ઇજિપ્ત, ખાલ્દિયા, ચીન, ગ્રીસ, કેલ્ટ વગેરે દેશોમાં તે, યોગપદ્ધતિઓ અને સાધનામાર્ગના ભાગ તરીકે રહેલી છે અને એક વાર તો તેનો વ્યાપક સ્વીકાર પણ થએલો હતો; પણ અત્યારનાં માનસને તે માત્ર વહેમ અને અગમ્યવાદ જ લાગે છે; તેમ છતાં તેમના પાયારૂપ જે હકીકતો અને અનુભૂતિઓ છે તે તો તેમના પોતાના પ્રદેશમાં, ભૌતિક દુનિયાની હકીકતો અને અનુભવોના જેટલી જ સાચી અને, બુદ્ધિગમ્ય નિયમોથી નિયંત્રિત છે. ચૈત્યસિક જ્ઞાનના આ વિશાળ અને કઠિન પ્રદેશમાં ઊંડે ઊતરવાનો અહીં આપણો ઇરાદો નથી.[૩] પણ અહીં તેના પાયારૂપ મુખ્ય સિદ્ધાંતો અને સત્યો વિશે વાત કરવી જરૂરી છે કારણકે તે વિના જ્ઞાનયોગ પરિપૂર્ણ ના થઈ શકે. તે અંગેની વિવિધ પદ્ધતિઓમાં રજૂ થતી હકીકતો તો હમેશાં એકસરખી જ રહેલી છે પણ આ વિષય એવો તો વિશાળ અને કઠણ છે કે તેમાં સિદ્ધાંત અને વ્યવહારની દૃષ્ટિએ સારા એવા રજૂઆત–ભેદ જોવા મળે છે; અને તે સ્વાભાવિક તેમ જ અનિવાર્ય પણ છે. કોઈએ એક વાત રજૂ જ ના કરી હોય તો બીજાએ તેને જ નરી અગત્ય આપી હોય, કોઈએ એક વાત હલકી ગણી હોય તો બીજાએ તેની ઉપર અતિ ભાર મૂક્યો હોય, કોઈએ અમુક જાતની અનુભૂતિઓને ગૌણ ગણી હોય તો બીજાએ તેને જ સ્વતંત્ર સિદ્ધિઓ કહી હોય એવું બનેલું છે. ઉપનિષદમાં જેનું સળંગ સૂત્ર જોવા મળે છે તે વેદ અને વેદાંતની પદ્ધતિને સુસંગત રીતે અહીં હું અનુસરીશ કારણકે, પહેલાં તો, મને એ એકસાથે સાદામાં સાદી તેમ જ વધારેમાં વધારે તત્ત્વજ્ઞાનવાળી લાગે છે અને, ખાસ કરીને તો એટલા માટે કે મુક્તિના પરમ લક્ષ્યને ધ્યાનમાં લેતાં, અસ્તિત્વના વિવિધ સ્તરોનો ઉપયોગ કેટલો છે, તેનો પહેલેથી જ વિચાર કરીને તેમાં બધી રજૂઆત થએલી છે. તેણે જેનો પાયા તરીકે સ્વીકાર કરેલો છે તે છે: આપણી જાતનાં ત્રણ સામાન્ય તત્ત્વો, મન, પ્રાણ અને જડ તત્ત્વ; તે પછી ત્રિમૂર્તિ શું સચ્ચિદાનંદનું આધ્યાત્મિક તત્ત્વ, તથા

---

૨. દાખલા તરીકે તંત્રમાર્ગ. —લેખક

૩. આ આખો ગ્રંથ મૂળ તો "આર્ય" માસિકમાં છપાએલો. તેમાં મુખ્યત્વે તો આધ્યાત્મિક અને તત્વજ્ઞાનની બાબતોનો સમાવેશ થતો હોઈ તે પૂરી સમજાવ્યા પછી અહીં જણાવેલી બાબતો વિશે લખવાથી તે વધારે સ્પષ્ટ થશે અને સલામત પણ ગણાશે એમ શ્રી અરવિંદે પછીથી જણાવેલું છે. —અનુવાદક

તેમની વચ્ચે કડીરૂપ વિજ્ઞાન કે અતિમનસ કે મુક્ત અને આધ્યાત્મિક બુદ્ધિનું તત્ત્વ; આમ તેણે આપણા અસ્તિત્વની મુખ્ય મુખ્ય અને શક્ય અવસ્થાઓને સાત સ્તર, સપ્તલોકમાં ગોઠવી છે કે જેમાંથી પસાર થતાં થતાં, વિકાસ સાધી આપણી જાત પરિપૂર્ણતા સુધી પહોંચી શકે; કેટલીક વાર પાંચ જ સ્તર તરીકે તેમની વાત કરી છે કારણકે આપણે પૂરેપૂરા તો માત્ર નીચેના પાંચ જ સ્તર પામી શકીએ તેમ છીએ.

પણ સૌથી પહેલાં તો એ સમજી લેવાનું છે કે ચેતનાના સ્તર, અસ્તિત્વના સ્તર તેનો અર્થ શો? તેનો અર્થ આપણે કરીશું: પુરુષ અને પ્રકૃતિ, આત્મા અને કુદરત એ બેની વચ્ચેના સંબંધની એક સામાન્ય અને સુસ્થિર અવસ્થા કે દુનિયા. કારણકે આપણે જેને દુનિયા એવું નામ આપીએ તે બીજું કાંઈ નહિ પણ એક વિશ્વવ્યાપી અસ્તિત્વે પોતાથી જાત (અથવા તો, કહોને કે પોતાની સનાતન સત્ય-બિના કે શક્યતા) અને એ જાતના આવિર્ભાવ માટેની પોતાની સમર્થતા એ બેની વચ્ચે ઊભા કરેલા કે સ્થાપી દીધેલા એક સામાન્ય સંબંધનો એક વહીવટ છે; અને એમ જ હોઈ શકે. પોતાના આવિર્ભાવની અનુભૂતિ સાથે સંબંધ રાખતું અસ્તિત્વ પોતે, એનું જ નામ પુરુષ અથવા આત્મા,—વ્યક્તિમાં વ્યક્તિગત આત્મા અને વિશ્વમાં વિશ્વાત્મા; આવિર્ભાવનું તત્ત્વ અને શક્તિ તેનું જ નામ પ્રકૃતિ કે કુદરત. પણ અસ્તિત્વ (સત્), સચેતન શક્તિ (ચિત્) અને આનંદ એ ત્રણ અસ્તિત્વનાં પોતાનાં ત્રણ કાયમી પાસાંઓ હોવાથી કોઈ પણ દુનિયાના પ્રકારનો ખરેખરો આધાર રહેવાનો આ ત્રણ મૂળભૂત પાસાંઓને પ્રકૃતિ એ કેવી રીતે કામમાં લેવા-નાં છે તેની ઉપર તથા તેમને કેવાં સ્વરૂપે રજૂ કરવાની તેને છૂટ આપવામાં આવી છે તેની ઉપર. કોઈ પણ અસ્તિત્વના પોતાના આવિર્ભાવ માટેનો મૂળ પદાર્થ, મસાલો તો અસ્તિત્વ પોતે જ છે અને એ જ હોવો જોઈએ; શક્તિએ જેને કામમાં લેવાની છે તે વસ્તુઓ તેમાંથી જ ઘડાવી જોઈએ. વળી શક્તિ એટલે એ જ સામર્થ્ય કે જે મૂળ મસાલાને તૈયાર કરે છે અને નિયત હેતુ માટે કામમાં લે છે. આપણે સામાન્ય રીતે જેને પ્રકૃતિ કહીએ છીએ એ જ છે આ શક્તિ. વળી, દુનિયાનું સર્જન જે હેતુથી, જે લક્ષ્યથી કરવામાં આવ્યું હોય તેને સમગ્ર અસ્તિત્વમાં અને સમગ્ર શક્તિમાં અને તેમના સમગ્ર વહીવટમાં અંતર્ગત રહેલ ચેતના વડે જ પાર પાડવું જોઈએ; તથા એ લક્ષ્ય, અસ્તિત્વને પોતાને અને તેના આનંદને દુનિયામાં પુનઃપ્રાપ્ત કરવાનું જ હોવું જોઈએ. કોઈ પણ વિશ્વ-અસ્તિત્વના બધા જ સંજોગો અને હેતુઓ જે લક્ષ્ય પર આવી અટકવા જોઈએ તે છે: પોતાનાં જ

સતરૂપે પોતાની જ સચેતન શક્તિ એટલે કે ચિતરૂપે અને પોતાના જ સચેતન આનંદરૂપે અસ્તિત્વનો પોતાનો વિકાસ; જો એ ત્રણ તત્ત્વો સૂતેલાં હોય, અવક્રાંત હોય તો તેમને ઉત્ક્રાંત કરવાનાં, જો એ ઢંકાએલાં હોય, છુપાએલાં હોય તો તેમને છતાં થવા દેવાનાં.

આ દુનિયામાં પુરુષ ભૌતિક જગતમાં આવી વસેલો છે; એટલે એ ભૌતિક જગતમાં પોતાની શક્યતાઓને કેવી રીતે સાક્ષાત કરવી એ એણે શોધી કાઢવાનું છે. પણ, અસ્તિત્વનો સચેતન આનંદ, પોતાને જ ભૂલી ગએલી શક્તિમાં અને પોતાના જ ભાગલા પાડતા, અણુ અણુમાં વહેંચાઈ જતા એક પદાર્થરૂપે અવક્રાંત થાય એનું જ નામ જડ તત્ત્વ. એટલે ભૌતિક જગતનો સમગ્ર સિદ્ધાંત એ જ હોઈ શકે કે જે અવક્રાંત થએલું છે તેને ઉત્ક્રાંત કરવું અને જે અણવિકસિત હોય તેને વિકસિત કરવું, અને એ જ હોઈ શકે તેનો એકમાત્ર યત્ન. આ દુનિયામાં પહેલેથી જ બધું ભૌતિક શક્તિની ઉગ્ર રીતે કામે લાગેલી, અચિત ઊંઘમાં બિડાઈ બેઠેલું છે. ભૌતિક આવિર્ભાવની એકમાત્ર પરાકાષ્ઠા એ જ હોઈ શકે કે જડ તત્ત્વની આડમાં ઢંકાઈ પડેલા, સંપૂર્ણ સચેતન પુરુષનું, આવિર્ભાવ માટે બંધાઈ પડેલા પોતાના જ આત્મ-સ્વરૂપની સમક્ષ પ્રકાશપૂર્ણ દર્શન થવા દેવું. માણસ એ બંધાઈ પડેલ આવો એક આત્મા જ છે, અને તેથી આ પ્રકાશપૂર્ણ મુક્તિ અને આત્મજ્ઞાનની પ્રાપ્તિ એ જ હોઈ શકે એનું સર્વોચ્ચ લક્ષ્ય અને તેની પરિપૂર્ણતાની શરત.

પણ ભૌતિક જગતની મર્યાદાઓ આ લક્ષ્યને બરાબર પાર પડવા દેવામાં વિરોધપક્ષે જણાય છે; તેમ છતાં ભૌતિક દેહમાં જન્મેલ મનોમય પુરુષ માટે એ જ સર્વોચ્ચ અને સાથે સાથે અનિવાર્ય લક્ષ્ય છે. સૌથી પહેલાં તો, અસ્તિત્વ અહીં મૂળભૂત જડ તત્ત્વ બની બેઠું; તે પદાર્થ-રૂપ બન્યું અને સ્વાનુભવ કરતી સચેતન શક્તિની સમક્ષ, પોતાના જ ભાગલા પાડતા ભૌતિક પદાર્થરૂપે તે ઇન્દ્રિય-ગ્રાહ્ય અને નક્કર બન્યું; અને આ જ જડ તત્ત્વના સંયોજનથી માણસનો ભૌતિક દેહ રચાયો; અને એ દેહ બન્યો આગવો, બીજાઓથી અલગ તથા આપણે જેને કુદરતના અંધ-નિયમો કહીએ છીએ તે, નિશ્ચિત ટેવોશી ક્રિયાઓને આધીન. એની પોતાની શક્તિ એ પણ જડ તત્ત્વમાં કામ કરતી કુદરતી શક્તિ છે કે જે અચેતનતામાંથી ધીમે ધીમે જાગીને જીવનરૂપે પ્રગટી છે અને જે હમેશાં દેહમાં મર્યાદિત રહી છે, શરીરને આધીન રહી છે, જે એ દેહને લીધે જ પ્રાણતત્ત્વમાંથી અને અન્ય જીવોમાંથી હમેશાં અલગ રહી છે, અને જેનો વિકાસ, સાતત્ય અને પરિપૂર્ણતા પેલા અસલ અચિતને લીધે તથા ભૌતિક જીવનની મર્યાદા-

એને લીધે હમેશાં ગૂંગળાતો રહ્યો છે. એ જ પ્રમાણે એની ચેતના પણ દેહમાંથી અને તદ્દન અંગત જીવનમાંથી પ્રગટ થતી મનોમયતારૂપે રહેલી તેથી તેની ક્રિયાઓ અને શકયતાઓ પણ મર્યાદિત, તથા બહુ સામર્થ્ય છે; વિનાનાં શારીરિક તંત્રો ઉપર અને સાંકડી સીમાવાળી જીવન-શક્તિ ઉપર આધાર રાખે છે; તે સમગ્ર વિશ્વની મનોમયતામાંથી અને બીજા મનોમય જીવોના વિચારોમાંથી અલગ પડી જાય છે અને તેમની આંતરિક ક્રિયાઓ પોતાના ભૌતિક મન સમક્ષ એક સીલબંધ પુસ્તક જેવી બની જાય છે,- બહુ બહુ તો પોતાની મનોમયતા સાથેના સામ્ય પરથી અથવા તો તેમનાં શારીરિક લક્ષણો કે વર્તનોના અ-પૂરતા આધાર પરથી તે તેમાંથી થોડુંક વાચન કરી લે છે. તેની ચેતના હમેશાં અચેતનતા તરફ ઢળતી રહે છે, તેમાં જ તેનો મોટો ભાગ અટવાએલો પડ્યો છે; તેનું જીવન મૃત્યુ તરફ અને શારીરિકતા વિસર્જન તરફ ઢળતાં રહે છે. તેનાં જીવનના, અસ્તિત્વના આનંદનો આધાર રહે છે તેની આ અપૂર્ણ ચેતના આજુબાજુની દુનિયા સાથે, શારીરિક સંવેદનો અને ઇન્દ્રિય-પ્રધાન મન વડે જે સંબંધ રાખે છે તેની ઉપર,- બીજી રીતે કહીએ તો, એક નાનું સરખું મન, એક નાના સરખા શરીર વડે, નાનકડી જીવન-શક્તિ વડે તથા નાનકડી ઇન્દ્રિયો વડે એક બાહ્ય અને પરાયા જગતને પકડવાનો જે પ્રયત્ન કરે છે તેની ઉપર. એટલે તેની પકડી રાખવાની શક્તિ પણ નાનકડી જ. એટલે જગતના જે કોઈ સંપર્ક તેની આ શક્તિના કરતાં વધારે હોય, જેને તે સહી ના શકે, પકડી ના શકે, પચાવી અને સાચવી ના શકે તેવા હોય તે બધા તેને માટે આનંદ નહિ પણ આનંદથી ઊલટું બની જશે: દુ:ખ, બેચેની, કે શોક બની જશે. અથવા તો તે આપણને પહોંચે જ નહિ; આપણે તેના પ્રત્યે સંવેદન-રહિત રહીએ તેમ જ કરવું પડે, અથવા, પહોંચે તોપણ આપણે તેમને બેપરવાઈથી બાજુ પર મૂકવા પડે. વધારામાં, આ પ્રમાણે મળતો અસ્તિત્વનો આવો આનંદ સચ્ચિદાનંદના નિજાનંદની માફક સ્વાભાવિક રીતે અને સદાય માટે સાચવી શકાતો નથી, પણ કાળને આધીન અનુભવ અને પકડ વડે જ પામી શકાય છે; અને તેથી અનુભવના પુનરાવર્તનથી જ સાચવી અને લંબાવી શકાય છે, તથા તેઓ પોતે તો તકલાદી અને તાત્કાલિક જ રહે છે.

આનો અર્થ એ કે ભૌતિક જગતમાં પુરુષનો પ્રકૃતિ સાથેનો સ્વાભાવિક સંબંધ એટલે સચેતન પુરુષની, પોતાની જ કાર્ય-શક્તિમાં સંપૂર્ણ વિલીનતા, એટલે જ પુરુષની સંપૂર્ણ આત્મ-વિસ્મૃતિ અને આત્મ-અજ્ઞાન, પ્રકૃતિનું સંપૂર્ણ સામ્રાજ્ય અને પુરુષની, પ્રકૃતિને પરવશતા, આત્માની,

કુદરતને આધીનતા. જીવાત્મા પોતાને તો જરા ય જાણતો જ નથી; જો તે કાંઈ પણ જાણતો જ હોય તો તે હોય છે માત્ર પ્રકૃતિની કાર્યવાહી. માણસમાં રહેલ વ્યક્તિગત સચેતન જીવાત્મા કદાચ બહાર દેખા દે તોપણ માત્ર તેટલાથી જ આ અજ્ઞાન અને આધીનતાનો સંબંધ ટળી જતો નથી કારણકે તે હજી જડ તત્ત્વના જ સ્તરમાં અને પ્રકૃતિની એવી અવસ્થામાં જીવતો હોય છે કે જ્યાં પ્રકૃતિ સાથેના તેના સંબંધના મુખ્ય નિર્ણાયક તરીકે તો ભૌતિકતા જ હોય છે અને તેની ચેતના જડ તત્ત્વથી જ સીમિત હોવાથી તેનાથી એક સંપૂર્ણ સ્વાયત્ત ચેતના થઈ શકાતું નથી. ખુદ વિશ્વાત્મા પણ જો ભૌતિક સિદ્ધાંતમાં સીમિત રહે તો તે પણ સંપૂર્ણ સ્વાયત્ત નથી થઈ શકતો; તો પછી જીવાત્મા કે જેને શરીર, પ્રાણ અને મનની મર્યાદાઓ તથા દીવાલો હોવાને લીધે અન્ય સર્વ અસ્તિત્વ બાહ્ય બની જાય છે અને જેને પોતાનાં જીવન, આનંદ અને જ્ઞાન માટે તેની જ ઉપર આધાર રાખવો પડે છે તેને માટે તો તે તેથી ય ઓછું શક્ય રહે છે. જીવાત્માની પોતાની શક્તિ, જ્ઞાન, જીવન અને અસ્તિત્વના આનંદની સીમાઓ એ જ છે માણસના, પોતાની જાત અને જગત માટેના અસંતોષનું સમગ્ર કારણ. અને જો ભૌતિક જગત એ જ સર્વસ્વ હોત અને ભૌતિક સ્તર એ જ એના અસ્તિત્વનો એકમાત્ર સ્તર હોત તો માણસ એટલે કે વ્યક્તિભૂત પુરુષ કદી ય પોતાની પરિપૂર્ણતા કે સાર્થકતા તો ઠીક પણ પશુજીવન સિવાયનું બીજું કોઈ જીવન પણ પ્રાપ્ત ના કરી શકત. એવાં અન્ય જગતો હોવાં જ જોઈએ કે જ્યાં પુરુષ અને પ્રકૃતિના આ અધૂરા અને અસંતોષભર્યા સંબંધોમાંથી તે મુક્તિ મેળવી શકે; અથવા ખુદ પોતાના અસ્તિત્વના એવા સ્તર હોવા જ જોઈએ કે જ્યાં પહોંચીને તે, તે સંબંધોથી પર થઈ જાય; અથવા, ઓછામાં ઓછું એવા સ્તર, જગત અને ઊર્ધ્વ સત્તાઓ હોવાં જ જોઈએ કે જેમાંથી તેને, અન્યથા અશક્ય એવાં જ્ઞાન, સામર્થ્ય, આનંદ, સ્વ-વિકાસ મળી શકે અથવા તે મેળવવામાં જે મદદરૂપ થાય. પ્રાચીન જ્ઞાનીઓ જણાવે છે કે આ સર્વે, આ અન્ય જગતો, ઊર્ધ્વ સ્તરો હયાત છે; માણસે આજે સિદ્ધ કરેલ અવસ્થાથી જે ઉપર છે તેની સાથે સંપર્ક સાધીને તેમની સાથે વ્યવહાર કરવાની, તેમાં આરોહણ કરવાની તથા વિકાસ પામવાની શક્યતા જરૂર ઊભી છે.

જેમાં જડ તત્ત્વ એ પ્રથમ નિર્ણાયક હોય એવી, પુરુષ અને પ્રકૃતિના સંબંધની, એક અવસ્થા, એટલે કે ભૌતિક અસ્તિત્વવાળું એક જગત છે તેવી જ રીતે, તેનાથી ઉપર અને અડોઅડ એક બીજું એવું જગત છે કે જેમાં

જડ તત્ત્વનું સર્વોચ્ચ સ્થાન નથી, જેમાં પ્રથમ નિર્ણાયક તરીકેનું તેનું સ્થાન પ્રાણશક્તિ ધારણ કરે છે. એ જગતમાં પદાર્થોનાં સ્વરૂપ, જીવનની પરિસ્થિતિ નક્કી નથી કરતાં પણ પદાર્થોના સ્વરૂપને નિર્ણય કરવાનું જીવનના હાથમાં હોય છે. અને તેથી ત્યાંનાં સ્વરૂપો ભૌતિક જગતના કરતાં વધારે મુક્ત, મુલાયમ અને મોટે ભાગે (આપણને તો વિચિત્ર લાગે તેટલે અંશે) બહુરૂપી હોય છે. આ પ્રાણશક્તિ એ અચિત્ ભૌતિક શક્તિ નથી, કે, તેની સૌથી નીચલી અવસ્થા સિવાય, તે ખુદ પ્રાથમિક, અવચેતન શક્તિ પણ નથી; પણ અસ્તિત્વની એક એવી સચેતન શક્તિ છે કે જે રચનાઓનું કામ તો કરે જ છે પણ મૂળમાં તો ઉપભોગનું, પ્રાપ્તિનું, પોતાના તરવરતા આવેગોને સંતોષવાનું કામ કરે છે. એટલે કામના અને આવેગોનો સંતોષ એ જ હોય છે આ નર્યા, પ્રાણ-ભર્યા અસ્તિત્વની દુનિયાનો, પુરુષ અને પ્રકૃતિના સંબંધની આ અવસ્થાનો પ્રથમ ધર્મ; આ દુનિયામાં, આ અવસ્થામાં આપણાં ભૌતિક જીવનના કરતાં ઘણી જ વધારે આઝાદીથી અને આવડતથી પ્રાણશક્તિ ઘૂમતી હોય છે. એ જગતને કામનામય જગત કહી શકાય, કારણકે એ જ છે એની મુખ્ય ખાસિયત. વળી, ભૌતિક જીવનની ઘાટી તો લગભગ અચલાયતન જેવી લાગે છે, પણ અહીં એવું તથી; અહીં તો તેની અવસ્થાઓમાં ઘણી વિવિધતાને અવકાશ છે અને તેમાં એવા પેટા-સ્તરો છે કે જે નીચે, છેક ભૌતિક અસ્તિત્વને સ્પર્શતા, અને જાણે કે તેમાં ભળી જવાથી માંડીને છેક ઉપર, શુદ્ધ માનસિક અને ચૈત્યસિક અસ્તિત્વને સ્પર્શતા અને તેમાં પણ ભળી જવા સુધીના હોય છે. કારણકે પ્રકૃતિની અનંત અસ્તિત્વની સીડીમાં ટપી જવી અશક્ય હોય એવી કોઈ વિશાળ ખાડીઓ કે ઊંડી ખાઈઓ આવતી નથી; ત્યાં તો એક સ્તર બીજામાં ભળી જતો હોય છે, એક સૂક્ષ્મ સાતત્ય હોય છે; પ્રકૃતિની, અનુભવના સ્પષ્ટ ભેદ કરતી શક્તિ એવી શ્રેણીઓ, સ્પષ્ટ પ્રદેશો, ચોક્કસ પાયરીઓ ઊભી કરે છે કે જેના વડે જીવાત્મા પાર્થિવ અસ્તિત્વની વિવિધ શક્યતાઓને પારખે છે અને પકડે છે. વળી કામનાઓનું સમગ્ર લક્ષ્ય એક યા બીજી જાતનો ઉપયોગ કરવાનું હોવાથી કામનામય જગતનું વલણ પણ એ જ હોઈ શકે. પણ જીવાત્મા જ્યારે જ્યારે સ્વતંત્ર નથી હોતો (અને કામનાઓને વશ હોય ત્યારે સ્વતંત્ર ના જ હોઈ શકે) ત્યારે ત્યારે તેના સર્વ અનુભવોની, સવળીની માફક અવળી બાજુ પણ હોય છે જ; આથી, આ કામનામય જગતમાં, ભૌતિક મગજ કદાચ કલ્પી પણ ના શકે તેવા માત્ર વિશાળ, તીવ્ર કે સતત ઉપભોગની શક્યતા જ નહિ પણ એવી જ જબરજસ્ત યાતનાઓની શક્યતા પણ પડેલી છે. તેથી અહીં સૌથી

નીચલી કક્ષાનાં સ્વર્ગો પણ છે અને બધે બધાં નર્કો પણ છે : આની જ કથાઓ અને કલ્પનાઓથી માનવ-મન, આદિ કાળથી લલચાતું રહ્યું છે તો ભયથી ધ્રૂજતું પણ રહ્યું છે. સઘળી માનવ-કલ્પનાઓ ખરેખર તો કોઈક વાસ્તવિકતા યા તો વાસ્તવિક શક્યતા સાથે જોડાએલી હોય છે જ પણ તે છતાં તેની રજૂઆત તદ્દન ખોટી કે વધારે પડતું ભૌતિક સ્વરૂપ પામેલી હોઈ શકે છે; આથી તે અતિ-ભૌતિક વાસ્તવિકતાઓના સત્યને વ્યક્ત કરવા અસમર્થ નીવડે છે.

પ્રકૃતિ એ સંબંધ વિનાની ઘટનાઓનો એક જથ્થો નહિ પણ એક અટપટી એકતા છે; તેથી ભૌતિક જગત અને આ પ્રાણમય કે કામનામય જગત વચ્ચે કોઈ પુરાઈ ના શકે એવી ખાઈ ના હોઈ શકે. ઊલટાનું એક રીતે તો એમ કહી શકાય કે તે બંને એકબીજાની અંદર આવી રહેલાં છે અને, ઓછામાં ઓછું, અમુક અંશે એકબીજાની ઉપર આધાર રાખે છે. હકીકતમાં, ભૌતિક જગત એ ખરેખર તો પ્રાણમય જગતનો એક જાતનો ફાંટો છે, પ્રાણમય જગતે પોતાનામાંથી છોડીને છૂટી કરેલી એક વસ્તુ છે કે જેથી તેની કેટલીક ઇચ્છાઓ, પોતાનાં જગતમાં ના થઈ શકે તે રીતે, અને છતાં પોતાની ખૂબ જ ભૌતિક ઝંખનાઓનાં સુસંગત પરિણામરૂપે, સાકાર અને સાર્થક થાય. એમ કહી શકાય કે પૃથ્વી પરનું જીવન એ આ પ્રાણમય જગતે ભૌતિક જગતનાં જડ, અચિત્ અસ્તિત્વ પર કરેલાં દબાણનું પરિણામ છે. આપણી પોતાની પ્રગટ પ્રાણ-સતતા એ પણ એક એવી વિશાળ અને ઊંડી પ્રાણ-સતતાનું સપાટી ઉપરનું પરિણામ છે કે જે પોતે પ્રાણ-પ્રદેશમાં બેઠેલું છે અને જેની દ્વારા આપણે પ્રાણમય જગત સાથે જોડાએલા છીએ. વળી પ્રાણમય જગત સતત રીતે આપણી ઉપર કાર્ય કર્યા કરે છે અને ભૌતિક અસ્તિત્વની દરેક બાબત પાછળ પ્રાણમય જગતની તદ્દન જરૂરી શક્તિઓ મોજૂદ હોય છે; ખુદ; તદ્દન કાચી અને પ્રાથમિક બાબતોની પાછળ પણ પ્રાથમિક પ્રાણ-શક્તિઓ, અને પ્રાથમિક સત્તાઓ હોય છે કે જે તેમને ટકાવી રાખે છે. પ્રાણમય જગતના પ્રભાવો હમેશાં ભૌતિક અસ્તિત્વ પર વહી આવતા હોય છે અને ત્યાં તેમની શક્તિઓ અને એ શક્તિનાં પરિણામો ઊભાં કરતા હોય છે, જે, ફરી પાછા પ્રાણમય જગતમાં જઈ તેમાં ફેરફાર કરતા હોય છે. આપણી જાતના પ્રાણમય ભાગને, કામનામય અંગને તેનો સ્પર્શ અને અસર હમેશાં થતાં હોય છે; ત્યાં પણ સારી ઇચ્છાઓ અને બૂરી ઇચ્છાઓની કલ્યાણકારી અને અશુભકારી શક્તિઓ હોય છે જે, આપણે તેનાથી અજ્ઞાન અને બેપરવા હોવા છતાં, આપણને અસર કરતી હોય છે.

વળી, આ શક્તિઓ ન તો માત્ર વલણો જ કે અચેત શક્તિઓ હોય છે કે ન તો, જડ તત્ત્વની સરહદ સિવાય, અવચેતન હોય છે; પણ તેઓ સચેત શક્તિઓ, સત્તાઓ, જીવંત અસરો હોય છે. આપણે અસ્તિત્વના ઊર્ધ્વ સ્તરો પ્રત્યે જાગ્રત થતા જઈએ છીએ તેમ તેમ આપણે તેમને મિત્રો કે શત્રુ તરીકે ઓળખતા જઈએ છીએ, આપણને પકડમાં રાખવા ઇચ્છતી શક્તિઓ તરીકે કે આપણે જેને પકડી શકીએ, જીતી શકીએ, ઓળંગી જઈ શકીએ, અને છોડી દઈ શકીએ તેવી શક્તિઓ તરીકે ઓળખી શકીએ છીએ. માણસોનો, પ્રાણમય જગતની શક્તિઓ સાથેનો આ સંભવિત સંબંધ જ યુરોપની ગુહ્યવિદ્યામાં એક વાર, ખાસ કરીને મધ્યયુગમાં, બહુ જ પ્રચલિત થઈ ગયો હતો અને પૂર્વના દેશોની જાદુવિદ્યા તથા પ્રેતવિદ્યાના કેટલાક પ્રકારોમાં પણ પ્રચલિત થયો હતો એક વાર ઘણા જ "વહેમો" (એટલે કે પરલોક અંગેના નિયમોની અજ્ઞાનભરી તથા બેડોળ માન્યતાઓ, ખોટા ખુલાસાઓ અને આંધળી અને કઢંગી રીતો) પ્રચલિત હતા, પણ તેમની પાછળ એવાં સત્યો હતાં જ કે જે આવતી કાલનાં "સાયન્સો"—આજના તેના માત્ર ભૌતિક જગતના જ સ્વીકારમાંથી આગળ વધીને – શોધી કાઢી શકે તેમ છે. કારણકે આધિ-ભૌતિક બાબતો પણ, જગતમાં હયાતી ધરાવતી મનોમય સત્તાઓના જેટલી જ વાસ્તવિક છે.

પણ તો પછી, જે આ આટલું બધું આપણી પાછળ મોજૂદ પડ્યું છે અને હમેશાં આપણી ઉપર દબાણ કરી રહ્યું છે તેના વિશે આપણને કેમ કાંઈ સ્વાભાવિક ખબર નથી? આપણી આજુબાજુના માણસોનું આંતર-જીવન આપણે જોઈ શકતા નથી (જો કે તેમનામાં એ આપણા જેટલું જ હયાત તો હોય છે જ; વળી આપણા વિચારો અને લાગણીઓનો ઘણો મોટો ભાગ આપણી અંદર બહારથી, અન્ય વ્યક્તિઓમાંથી અને માણસ-જાતના સામુદાયિક માનસમાંથી, આવતો હોય છે); કે નથી જોઈ શકતા આપણે ખુદ આપણી જ જાતના એવા ઘણા મોટા ભાગને કે જે આપણા જાગ્રત મનથી નીચે અવચેતનમાં કે પાછળ પ્રચ્છન્ન ચેતનામાં પડેલો હોય છે અને જે આપણા સામાન્ય જીવન પર પ્રભાવ-કર્તા અને ગુહ્ય રીતે નિર્ણય કર્તા પણ હોય છે. આવાં જ કારણોસર આપણને પેલી વસ્તુઓની પણ ખબર પડતી નથી. અને એ કારણ છે: આપણે સામાન્ય રીતે આપણી શારીરિક ઇન્દ્રિયોનો જ ઉપયોગ કરીએ છીએ, અને આપણું લગભગ આખું જ જીવન શરીરમાં, શારીરિક પ્રાણમાં અને શારીરિક મનમાં જ સમાઈ જાય છે; અને પ્રાણમય જગત કાંઈ આમની દ્વારા આપણી સાથે સીધો સંબંધ

રાખતું નથી. તે સંબંધ રાખે છે, ઉપનિષદની ભાષામાં, અન્ય કોષો દ્વારા; અને તે પછીનાં શાસ્ત્રોની ભાષામાં, અન્ય દેહો દ્વારા; તે છે: મનોમય કોષ કે સૂક્ષ્મ દેહ (કે જેમાં આપણો સાચો મનોમય પુરુષ નિવાસ કરે છે), અને પ્રાણમય કોષ કે પ્રાણમય દેહ કે જે આપણા ભૌતિક કે અન્નમય કોષ સાથે વધારે સંકળાએલો છે અને જે તેમના સાથમાં રહીને આપણા અટપટા અસ્તિત્વના અંગરૂપ સ્થૂળ દેહની રચના કરે છે. આ બધામાં એવી શક્તિઓ, સમજો, શક્યતાઓ ભરેલી છે કે જે આપણાં શારીરિક તંત્રો ઉપર અને ભૌતિક જીવનની તથા માનસની ગ્રંથિઓ ઉપર ગુપ્ત રીતે કાર્ય કરે છે, તેમની સાથે જોડાએલી હોય છે અને તેમના પર પ્રહાર પણ કરે છે. આપણે સ્વ-વિકાસ સાધીને તેમને જાણી શકીએ છીએ, તેમાં આપણું જીવન ધારણ કરી શકીએ છીએ, તેમની દ્વારા પ્રાણમય અને અન્ય જગતો સાથે સજાગ સંબંધ બાંધી શકીએ છીએ અને ખુદ ભૌતિક જગતનાં સત્યો, હકીકતો અને ઘટના-ઓની વધારે સૂક્ષ્મ અનુભૂતિઓ અને વધારે ઘનિષ્ઠ જ્ઞાન મેળવવા માટે પણ તેમને કામમાં લઈ શકીએ છીએ. અને આવા સ્વ-વિકાસ દ્વારા આપણે આપણાં અસ્તિત્વના ભૌતિક સ્તર (કે જે અત્યારે તો આપણું સર્વસ્વ છે) તેના સિવા-યના અન્ય સ્તર પર લગભગ પૂરેપૂરું જીવન ધારણ કરી શકીએ છીએ.

પ્રાણમય જગત વિશે જે આ વાત કરી તે, જરૂરી ફેરફાર સાથે, વિશ્વ-અસ્તિત્વના હજી વધારે ઊંચા સ્તરોને પણ લાગુ પડે છે. કારણકે એ જગતની ઉપર એક મનોમય સ્તર, મનોમય અસ્તિત્વનું એક જગત હયાત છે કે જેમાં પ્રાણ કે જડ તત્ત્વ નહિ પણ મન એ પ્રથમ નિર્ણાયક છે. ત્યાં મનનો આધાર ભૌતિક પરિસ્થિતિ ઉપર કે પ્રાણશક્તિ પર નથી હોતો પણ એ પોતે જ નિર્ણાયક હોય છે અને પોતાના સંતોષને ખાતર તેમનો ઉપયોગ કરતું હોય છે. ત્યાં મન, એટલે કે ચૈત્યસિક અને બૌદ્ધિક પુરુષ અમુક દૃષ્ટિથી સ્વતંત્ર હોય છે; તેને એવી તો સ્વતંત્રતા હોય છે (પોતાના સંતોષ અને કૃતાર્થતા ખાતર તો ખરી જ) કે જેની આપણા દેહ-બાંધ્યા અને પ્રાણ-બાંધ્યા મનને તો કલ્પના પણ ભાગ્યે જ આવે. કારણકે ત્યાં પુરુષ એ શુદ્ધ મનોમય પુરુષ હોય છે અને પ્રકૃતિ સાથેના તેના સંબંધો એ શુદ્ધ મનોમયતા વડે જ નક્કી થતા હોય છે; ત્યાં પ્રકૃતિ પ્રાણમય કે ભૌતિકના કરતાં વધારે તો મનોમય હોય છે. પ્રાણમય અને, પરોક્ષ રીતે ભૌતિક એ બંને જગત તેમાંથી જ પ્રસારિત થએલાં હોય છે, મનોમય પુરુષની અમુક વૃત્તિઓ કે જે પોતાના વિશિષ્ટ સુમેળને ખાતર ખાસ પ્રદેશ, પરિસ્થિતિ, વ્યવસ્થા ઝંખતી હોય છે તેમનાં એ પરિણામ હોય છે. આ જગતમાંની માનસિક ઘટના એ આ

સ્તર પરથી પહેલાં તો પ્રાણમય જગત પર અને પછીથી ભૌતિક અસ્તિત્વ પરના જીવન પર થતા દબાણનું પરિણામ છે એમ કહી શકાય. પ્રાણમય જગતમાં આવતાં તેમાં જે ફેરફાર થાય તેને પરિણામે આપણામાં કામનામય મન સર્જાય છે; પણ જો તે તેનાં શુદ્ધ સ્વરૂપમાં જ રહે તો આપણી અંદર ચૈત્યસિક અને બૌદ્ધિક અસ્તિત્વની વિશુદ્ધ શક્તિઓ જાગ્રત કરે છે. પણ આપણું સપાટી પરનું મન એ તો, જેનું પોતાનું સ્થાન મનોમય સ્તરમાં છે તેવી એક વિશાળ, પ્રચ્છન્ન મનોમયતાનું ગૌણ પરિણામ છે. મનોમય અસ્તિત્વ પરનું આ જગત પણ આપણી ઉપર અને આપણા જગત ઉપર સતત કાર્ય કરતું હોય છે, તેને પોતાની આગવી શક્તિઓ અને સત્તાઓ હોય છે, અને આપણા મનોમય દેહ દ્વારા આપણી સાથે સંબંધ રાખતું હોય છે. ત્યાં એવાં ચૈત્યસિક અને મનોમય સ્વર્ગ હોય છે કે જ્યાં પુરુષ, ભૌતિક દેહનો ત્યાગ કર્યા પછી આરોહણ કરી શકે છે અને પાર્થિવ જીવન માટેનો આવેગ તેને ફરીથી નીચે ના બોલાવે ત્યાં સુધી તે ત્યાં નિવાસ કરી શકે છે. અહીં પણ અનેક પેટા સ્તરો હોય છે; તેમાંનો સૌથી નીચેનો સ્તર નીચેનાં જગતોને આવી મળે છે અને તેમાં ભળી જાય છે, તો સૌથી ઉપરનો સ્તર મનોમય-શક્તિનાં શિખરો પર પહોંચી આધ્યાત્મિક અસ્તિત્વનાં જગતોમાં ભળી જાય છે.

એટલે આ ઊંચામાં ઊંચાં જગતો મનથી પર, મનસાતીત છે; તેમનું તત્ત્વ છે અતિમનસ, મુક્ત, આધ્યાત્મિક કે દિવ્ય "બુદ્ધિ", "વિજ્ઞાન"[1] અને તેમનું સ્થાન સચ્ચિદાનંદના આધ્યાત્મિક ત્રિમુખી તત્ત્વમાં છે. પરમ-પુરુષ જ્યારે આ લોકમાંથી પુરુષ અને પ્રકૃતિની લીલારૂપ વિશિષ્ટ અને મર્યાદિત પરિસ્થિતિમાં એક જાતનું પતન પામે છે ત્યારે નિમ્ન જગતો અસ્તિત્વમાં આવે છે. પણ આ મનસાતીત જગતો પણ કાંઈ કોઈ અશક્ય ખાઈ વડે આપણાથી અલગ થઈ ગએલાં નથી; જેને જ્ઞાનમય કોશ અને આનંદમય કોશ કહેવામાં આવે છે તેમની દ્વારા, કારણ-દેહ કે આધ્યાત્મિક દેહ દ્વારા તેઓ આપણી ઉપર અસર કરે છે; તેઓ મનોમય કોશ દ્વારા પણ અસર તો કરે જ છે પણ વધારે પરોક્ષ રીતે; વળી પ્રાણમય અને ભૌતિક અસ્તિત્વમાં પણ તેમની કરણી કાંઈ સમૂળગી ગેરહાજર નથી હોતી. આ સર્વોચ્ચ જગતો પ્રાણ અને દેહમાં આવી વસેલા મનોમય પુરુષ ઉપર

---

૧. "વિજ્ઞાન" કે "બુદ્ધિ" એ નામ તેમને આપવામાં આવેલાં તો છે, પણ તેમનાથી ગેરસમજૂતી થવાનો સંભવ છે કારણકે હાલમાં બૌદ્ધિક જ્ઞાન કે માનસિક સમજશક્તિ જેવા તેમના જે અર્થ થાય છે તે તો આ દિવ્ય વિ-જ્ઞાનમાંથી ઊતરી આવેલી નિમ્ન બાબતો છે.

દબાણ કરે તેને પરિણામે આપણામાં સચેતન આધ્યાત્મિક પુરુષ અને સ્ફુરણાત્મક બુદ્ધિ જાગી ઊઠે છે. પણ જેને કારણ–દેહ કહેવામાં આવે છે તે, મોટા ભાગના માણસોમાં જવલ્લે જ વિકાસ પામેલો હોય છે; અને મનોમય જગતના વિવિધ સ્તરોમાં રહેવાને બદલે આ અતિમાનસિક જગતમાં રહેવું કે તેમાં આરોહણ કરવું, અથવા, તેથી ય વધારે તો તેમાં જાગ્રત રીતે કાયમી સ્થાન લેવું એ માનવજાતિ માટે અઘરામાં અઘરું કામ છે. સમાધિમાં લીન થઈને એમ કરી શકાય છે, બાકી તો એ માટે વ્યક્તિગત પુરુષમાં એવી નવીન શક્તિઓ ઉત્ક્રાંત કરવી પડે તેમ છે કે જેનો ખ્યાલ મેળવવા માટે પણ ભાગ્યે જ કોઈ તૈયાર થાય છે. પણ પ્રકૃતિ પર સંપૂર્ણ અને સજાગ નિયંત્રણ સ્થાપવા માટેના, પુરુષના એકમાત્ર ઉપાય શી, પરિપૂર્ણ આત્મ–સચેતનતાની એ જ એક શરત છે. કારણકે ત્યાં નિર્ણાયક તરીકે મનતત્ત્વ નથી; ત્યાં તો પરમ આત્મતત્ત્વ પોતે જ ભાગલાભર્યાં નિમ્ન તત્ત્વોને હાથમાં લે છે; અને ઊર્ધ્વ અસ્તિત્વથી સંચાલિત, પોતાનાં જ નિમ્ન કરણો તરીકે તેમનો મુક્ત રીતે ઉપયોગ કરી ખુદ તેમની જ શક્તિઓને પરિપૂર્ણતા સુધી પહોંચાડે છે. જાણે કે પોતાની જાતને જ જુગારની હોડમાં મૂકી હોય તેમ ભૌતિક જગતના આ અતિ અતિ મુશ્કેલ સંજોગોમાં પુરુષે જેને ખાતર ઝંપલાવ્યું છે તે છે આ જ માત્ર : અવક્રાંતની પરિપૂર્ણ ઉત્ક્રાંતિ, અણુવિકસિતનો સંપૂર્ણ વિકાસ.

પ્રકરણ : ૨૦

# નિમ્ન ત્રિવિધ પુરુષ

તો, વિશ્વવ્યાપી અસ્તિત્વમાં આવેલાં વિવિધ જગતોનાં અને આપણી સત્તાના વિવિધ સ્તરોના બંધારણનો સિદ્ધાંત આ પ્રમાણે છે. જાણે કે એક સીડીને નીચે જડ તત્ત્વ સુધી અને કદાચ તેથી ય નીચે ઉતારી દીધી હોય અને તે આત્મતત્ત્વનાં શિખરો સુધી અને કદાચ તેથી ય ઊંચે, જ્યાં અસ્તિત્વ વિશ્વમય સત્તામાંથી વિશ્વાતીત નિરપેક્ષતામાં અલોપ થઈ જાય છે (બૌદ્ધમતની વિશ્વરચનામાં તો એમ જ જણાવેલું છે), ત્યાં સુધી પહોંચી જતી હોય એના જેવું એ છે. પણ જડ બની ગએલી આપણી ચેતનાના હિસાબે તેનું અસ્તિત્વ નથી કારણકે ભૌતિક જગતના એક નાના-શા ખૂણામાં આવેલા આપણા અસ્તિત્વના જ તથા, આ પૃથ્વી પર એક જ દેહમાં ધારણ કરેલા જીવનરૂપી એક નાનકડી ઘડીમાં આપણને થતા અનુભવો-ના જ વિચારમાં આપણે ડૂબેલા હોવાથી એ આપણાથી છૂપું રહેલું છે. આવી ચેતનાને માટે તો દુનિયા એટલે ભૌતિક પદાર્થો અને શક્તિનો એક એવો જથ્થો કે જેને કેટલાક નિશ્ચિત અને સ્વયંભૂ નિયમો દ્વારા એક આકાર અપાઈ ગએલો છે અને તેના જ વડે નિયંત્રિત ગતિઓવાળા સુમેળમાં તંત્રિત કરવામાં આવ્યું છે; આપણે આ જ નિયમોને આધીન છીએ, તેનાથી જ સંચાલિત થઈએ છીએ, તેનાથી જ વીંટળાએલા છીએ; તેમનું આપણે મેળવાય તેટલું જ્ઞાન મેળવવાનું છે કે જેથી, જન્મથી શરૂ થતા, મૃત્યુથી અટકી જતા અને પુનરાવર્તન નહિ પામતા આપણા આ ટૂંકા જીવનનો વધારેમાં વધારે લાભ લઈ શકાય. આપણું પોતાનું અસ્તિત્વ એ એક અકસ્માત છે અથવા જડ તત્ત્વના આ વિશ્વવ્યાપી જીવનમાં એક અતિ નાની અને ગૌણ ઘટના માત્ર જ અથવા ભૌતિક શક્તિના ક્રિયાભર્યા પ્રવાહમાં એક સનાતન સાતત્ય જ એક આત્મા કે મન ગમે તે કારણથી એક શરીરમાં આવી ગયું છે અને પોતાને પૂરા નહિ સમજાતા પદાર્થો અને શક્તિ–પ્રવાહો-માં તે અટવાયા કરે છે; તે, શરૂઆતમાં, એક ખતરા ભરેલી અને મોટે ભાગે તો શત્રુશી દુનિયામાં, કેવી રીતે જીવન ટકાવી રાખવું તેની ગડમથલમાં

રોકાએલું હતું અને, પછીથી, તેના નિયમોને શોધી કાઢવામાં અને કામમાં લેવામાં રોકાએલું છે કે જેથી જિવાય ત્યાં સુધી મુશ્કેલીઓ ઓછી કરીને, અને જો બને તો સુખી થઈ ને જીવી શકાય. આપણે જો ખરેખર માત્ર આવી, જડ પદાર્થમાં આવી વસેલી વ્યક્તિભૂત મનરૂપી, એક ગૌણ ગતિ જ હોઈએ તો તો જીવનમાંથી આના કરતાં વિશેષ મળવાનું પણ શું હોય ? બહુ બહુ તો, અલ્પજીવી બુદ્ધિ અને મનોબળ વડે આ શાશ્વત જડ તત્ત્વ અને જીવનના સંઘર્ષો સામે જૂઝવાનું રહ્યું; અને, પુરવણીરૂપે, કલ્પનાને રમતી મૂકીને, ધર્મો અને કળાઓની કાલ્પનિક સાંત્વનાઓ સ્વીકારીને તથા માણસના ફળદ્રૂપ, ચંચળ અને તુક્કાભર્યા ભેજાએ સેવેલાં અજાયબ સ્વપ્નોને માણીને તેને જરા હળવું કરવું રહ્યું.

પણ માણસ એ માત્ર એ એક જીવતું શરીર નહિ પણ એક આત્મા છે; તેથી પોતાના અસ્તિત્વ વિશેનો આવો પ્રાથમિક ખ્યાલ, જીવનની બાહ્ય અને પરલક્ષી બિનાઓને જ બળે જે પોતાને એકમાત્ર વાજબી ખ્યાલ ગણે છે તેવો આ ખ્યાલ એ જ સાચી વાસ્તવિકતા કે સંપૂર્ણ જ્ઞાન છે એમ માનીને તે કાયમ માટે સંતોષમાં પડી રહી શકે તેમ નથી. તેના સ્વ-લક્ષી અસ્તિત્વમાં પરલોકનાં સત્યોનાં સૂચનો અને છાંટણાં ભરચક પડેલાં છે; અનંતતા અને અમરતાના ભાન પ્રત્યે તે ખૂલી જાય છે; અન્ય જગતો ઊર્ધ્વ અસ્તિત્વોની શકયતાઓ, આત્માને અનુભવના વિશાળ પ્રદેશો એ બધાંમાં તેને શ્રદ્ધા બેસી જાય છે. ભૌતિકશાસ્ત્રો આપણને અસ્તિત્વનાં-પદાર્થલક્ષી સત્યો તથા આપણી શારીરિક અને પ્રાણમય જાતનું બાહ્ય જ્ઞાન મેળવી આપે છે; પણ આપણને એમ લાગ્યા કરે છે કે તેમનાથી પર બીજાં એવાં સત્યો છે કે જે, જો આપણે આપણી પોતાની જાતને કેળવીએ અને તેની શક્તિઓનો વિકાસ કરીએ તો આપણને વધારે ને વધારે પ્રત્યક્ષ થવાં જોઈએ. આપણી દુનિયાનું જ્ઞાન મળી જાય એટલે પરલોકો અને ત્યાંની પરિસ્થિતિ માટેની અદમ્ય જિજ્ઞાસા આપણામાં જાગે છે. એ જ કારણથી ચુસ્ત ભૌતિકવાદ અને સંશયવાદના જમાનાઓની પાછળ પાછળ ગુહ્યવાદો, આધ્યાત્મિક સંપ્રદાયો, નવા ધર્મો અને અનંતતા તથા ભગવાનની તીવ્ર ઝંખનાના યુગો હમેશાં આવતા જ રહ્યા છે; સપાટી પરની આપણી મનોમયતાનું જ્ઞાન તથા શારીરિક જીવનના નિયમો અધૂરા લાગે છે; તે હમેશાં આપણને, આપણી નીચે અને પાછળ છૂપા પડેલા અને ભેદભર્યા એવા આંતરિક અસ્તિત્વ પ્રત્યે દોરી જાય છે કે જેની સરહદ કે આંગણા-રૂપ આપણી ઉપરછલ્લી ચેતના પડેલી છે. અને આપણને દેખાવા માંડે છે કે આપણી ઇન્દ્રિયો જેને અનુ-

ભવે છે તે તો વિશ્વવ્યાપી અસ્તિત્વનું માત્ર ભૌતિક કોચલું જ છે અને આપણા બાહ્ય મનને જે સ્પષ્ટ લાગે છે તે તો હજી વણશોધ્યા વિશાળ પ્રદેશોની માત્ર સરહદ-પટ્ટી છે. તેમને શોધવા અને માપવા એ ભૌતિકશાસ્ત્રો અને ઉપરછલ્લા માનસશાસ્ત્ર સિવાયની વિદ્યાઓનું કામ છે.

ધર્મ એ પોતાની જ જાતને પેલે પાર અને પોતાના અસ્તિત્વ અંગેની દેખીતી અને ભૌતિક હકીકતોને પણ પેલે પાર જવાનો માનવનો પ્રથમ પ્રયત્ન છે; એનું પહેલું અને સારરૂપ પ્રયોજન છે: પોતાનું શારીરિક અને માનસિક અસ્તિત્વ જેની ઉપર આધાર રાખે છે એવી અનંતતાની આંતરિક સૂઝ સાચી છે તેવી ખાતરી કરાવવી, તેને સાક્ષાત કરવી, તથા, એ અનંતતાની હાજરીમાં પહોંચી જવાની તથા તેના સંપર્કમાં રહી જીવવાની, આત્મામાં ઊઠતી અભીપ્સાને પાર પાડવી. તેનું કાર્ય છે: માણસ જે એક સ્વપ્ન હમેશાં સેવી રહ્યો છે (પણ જેના વિશે સામાન્ય જીવનમાં તેને કાંઈ જ ખાતરી મળતી નથી. એવી, પોતાની જાતને જ ઓળંગી જવાની અને શારીરિક જીવનમાંથી અને મૃત્યુ-વશતામાંથી બહાર નીકળી શાશ્વત જીવન અને આધ્યાત્મિક અસ્તિત્વના આનંદને પામવાની શક્યતા છે જ એવી ખાતરી આપવી. વળી માણસને જે એમ લાગ્યા કરે છે કે જે દુનિયામાં તે ભાગ્યવશાત્ આવી પડ્યો છે તેના સિવાય બીજાં જગતો અને અસ્તિત્વના બીજા સ્તરો પણ છે જ કે જેમાં આ મૃત્યુવશતા તથા અશુભ અને યાતનાઓને આધીનતા એ એક સ્વાભાવિક સ્થિતિ ના હોય પણ અમરતાનો આનંદ એ જ સનાતન અવસ્થા હોય એવાં જગતો પણ છે જ એની પણ, ધર્મ ખાતરી કરાવી આપે છે. તો સાથે સાથે આ મર્ત્ય જીવન કેવી રીતે ગાળવું કે જેથી તે અમરતા માટે લાયક બને તે પણ એ બતાવે છે. માણસ એ એક આત્મા છે, દેહ નહિ, અને તેનું પાર્થિવ જીવન એ એક એવું સાધન છે કે જેના વડે તે તેના ભાવિ આધ્યાત્મિક અસ્તિત્વનું ભાથું બાંધી શકે છે. બધા જ ધર્મોમાં આટલી બાબતો સર્વ-સામાન્ય રહેલી છે; પણ તેથી વિશેષ તેમનામાંથી કાંઈ ખાતરીબંધ મળતું નથી; તેમના મત વિવિધ બની જાય છે. કેટલાક એમ કહે છે કે પરલોકનું જીવન નક્કી કરવા માટે આપણને માત્ર આ એક જ જીવન મળેલું છે: ભૂતકાળમાં આત્મા અમર નહોતો, માત્ર ભવિષ્યમાં જ તેને અમરતા મળવાની છે; જેઓ આ જીવનમાં સાચો માર્ગ નહિ સ્વીકારે તેમને નસીબે અનંત યાતનાભર્યું જ ભાવિ લખાએલું છે એવી, વિશ્વાસ ના બેસે તેવી બીક પણ દેખાડે છે. તો વળી બીજા કેટલાક વધારે વિશાળ અને સમજભર્યા ધર્મો, આત્માને અનંતતાનાં જ્ઞાન માટે એક પછી એક ઘણા જન્મ મળવાના

છે તેવી વાત કરે છે અને સંપૂર્ણ ખાતરી આપે છે કે સર્વ કોઈ છેવટે તો પરિપૂર્ણતાના લક્ષ્યને પામવાના જ છે. કેટલાક એમ કહે છે કે અનંત પ્રભુ એ આપણાથી અલગ પરમપુરુષ છે અને તેની સાથે આપણે અંગત સંબંધ બાંધી શકીએ છીએ; તો વળી બીજા કેટલાક એમ પણ કહે છે કે એ તો એક અપૌરુષેય અસ્તિત્વ છે અને તેમાં આપણા અલગ અસ્તિત્વનો લય કરવાનો છે તેથી, કેટલાક એમ કહે છે કે પરલોકમાં જઈ પ્રભુના સાન્નિધ્યમાં રહેવું એ જ આપણું લક્ષ્ય છે; તો વળી, અનંતતામાં ભળી જઈ પાર્થિવ જીવનનો અંત આણવાની કેટલાક વાત કરે છે. મોટા ભાગના એમ કહે છે કે જીવનને એક અગ્નિપરીક્ષા કે કામચલાઉ શિક્ષા કે એક મિથ્યારોપ ગણી તેને સહી લેવું યા તો તજી દેવું અને પરલોકની આશામાં નિશ્ચલ રહેવું. કોઈક એવા પણ છે કે જે આપણને આત્માના ભાવિ વિજયનું, પૃથ્વી પર અને માનવજાતના જીવનમાં પ્રભુના સદેહ આગમનનું આછું સૂચન કરી દે છે અને વ્યક્તિઓની અલગ આશા અને અભીપ્સાને જ નહિ પણ સમગ્ર માનવજાતની સંયુક્ત આશા અને અભીપ્સાને વાજબી ગણે છે. સાચી વાત એમ છે કે ધર્મ એ જ્ઞાન નથી, શ્રદ્ધા છે, અભીપ્સા છે. અલબત્ત વિશાળ, આધ્યાત્મિક સત્યોના આછા-પાતળા અંત-ર્જ્ઞાન વડે તેમ જ સામાન્ય જીવનને પાર કરી જતા આત્માઓના અંગત અનુભવ વડે તેમની વાત સાચી તો ઠરે જ છે પણ તેઓ પોતે તો આપણને માત્ર એવી આશા આપે છે, એવી શ્રદ્ધા પ્રેરે છે કે જેના વડે આત્મ-પ્રદેશના ગુપ્ત માર્ગો અને વિશાળ વાસ્ત-વિકતાઓની ગાઢ પ્રાપ્તિ માટે અભીપ્સા રાખવાનું આપણને બળ મળે. ધર્મો આપણને જે કેટલાંક સ્પષ્ટ સત્યો અને વિધિ કે વિશિષ્ટ સાધના બતાવે છે તેને આપણે ચુસ્ત અને અચલ સિદ્ધાંતો બનાવી મૂકીએ છીએ તે એમ દેખાડે છે કે હજી આધ્યાત્મિક જ્ઞાન-માર્ગ પર આપણે બાળક જેવા છીએ અને અનંતતાના શાસ્ત્રથી હજી દૂર દૂર છીએ.

છતાં બધા જ ધર્મોની પાછળ, એટલે કે તેમાંની શ્રદ્ધા, આશા, વિધિઓ, છૂટાંછવાયાં સત્યો, મર્યાદા બાંધતા મતો વગેરે બાહ્ય અને લોકભોગ્ય બાબતો-ની પાછળ આધ્યાત્મિક સાધના અને પ્રકાશ-પ્રાપ્તિની એક એવી આંતરિક અને રહસ્યભરી બાજુ પણ હોય છે કે જેના વડે ગુપ્ત સત્યો જાણી શકાય છે, ઉપયોગમાં લઈ શકાય છે અને સિદ્ધ કરી શકાય છે. કોઈ પણ ધર્મ, ભલે તે બાહ્ય જ હોય છતાં તેની પાછળ એક આંતરિક યોગતત્ત્વ હોય જ છે, એક એવું સ્ફુરણાત્મક જ્ઞાન હોય જ છે કે જેને માટે તેમાંની શ્રદ્ધા એ પ્રથમ પગલું હોય છે, એવી વાચાતીત વાસ્તવિકતાઓ હોય છે કે જેની

સાકાર વાચારૂપ તેની વિધિઓ હોય છે, તેનાં છૂટાંછવાયાં સત્યોમાં ઊંડા અર્થ હોય છે, ઊર્ધ્વ લોકનાં એવાં રહસ્યો હોય છે કે જેનાં જેવાંતેવાં સૂચનો અને સંકેતરૂપ તેના મતો અને વહેમો હોય છે. ભૌતિકશાસ્ત્રો આપણા જ્ઞાનને ખાતર શું કરે છે? વસ્તુઓનાં બાહ્ય સ્વરૂપો અને ઉપયોગોની જગ્યાએ તે તેમની પાછળ છૂપાં પડેલાં સત્યો અને હજી સુધી ગુહ્ય રહેલી, વિશાળ પ્રકૃતિની શક્તિઓને સ્થાપી આપે છે અને આપણાં મગજમાં રહેલી માન્યતાઓ અને મતોની જગ્યાએ, સાબિત થએલ અખતરાઓના નિર્ણયો અને ઊંડી સમજણને સ્થાન આપે છે. તે જ પ્રમાણે, ધર્મની દૃષ્ટિ જેની ઉપર છે તે ઊર્ધ્વ જગતોની અને આપણામાં રહેલી છૂપી શક્યતાઓની બાબતમાં યોગ પણ એવું જ કરે છે. એટલે, બંધ બારણાની પાછળ પડેલી અનુભવોની આ વિશાળ હારમાળા (કે જેને ખોલી નાખવાની ચાવી, માણસ ધારે તો મેળવી શકે તેમ છે) તે આખી જ હારમાળા સર્વ-ગ્રાહી જ્ઞાનયોગના ક્ષેત્રમાં આવી જાય છે; અને તેનું આ ક્ષેત્ર માત્ર નિરપેક્ષ બ્રહ્મની ખોજ, કે પ્રભુના શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ કે સાધક સાથે સંબંધ રાખતા પ્રભુના મિલન પૂરતું જ મર્યાદિત રાખવાની જરૂર નથી. એ તો સાચું જ છે કે નિરપેક્ષ બ્રહ્મ સુધી ચેતનાને લઈ જવી એ જ્ઞાનયોગનું શિખર છે અને પ્રભુપ્રાપ્તિ એ તેનું પ્રથમ, મોટામાં મોટું અને ઉમળકાભર્યું લક્ષ્ય છે; વળી ઊતરતા જ્ઞાનને ખાતર આ લક્ષ્યને જતું કરવું એનો અર્થ એટલો જ કે યોગને હલકું અને મામૂલી સ્વરૂપ આપી દેવું અને તેના વિશિષ્ટ લક્ષને ચૂકી જવું કે તેમાંથી પાછા પડવું; પણ પ્રભુનું શુદ્ધ સ્વરૂપ જાણ્યા પછી જ્ઞાનયોગી એ જ પ્રભુના, આપણી સાથેના અને દુનિયા સાથેના અને અસ્તિત્વના વિવિધ સ્તર સાથેના સંબંધવાળાં સ્વરૂપોનાં જ્ઞાનને જરૂર સ્વીકારી શકે છે. આપણા આત્મ-લક્ષી આરોહણના સર્વોચ્ચ શિખર તરીકે શુદ્ધ પરમ-આત્માની પાકી પ્રાપ્તિ કર્યા પછી આપણે એ શિખર પરથી આપણાં નિમ્ન અંગોને, ખુદ ભૌતિકતાને અને તેમાંની પ્રકૃતિની કરણીઓને પણ જરૂર સ્વીકારી શકીએ છીએ.

આ જ્ઞાન પુરુષ અને પ્રકૃતિ એ બે અલગ અલગ બાજુનાં જ્ઞાન તરીકે મેળવી શકાય અને એ બેને ભેગાં પણ કરી શકાય કે જેથી પુરુષના પ્રકૃતિ સાથેના વિવિધ સંબંધોનું સંપૂર્ણ જ્ઞાન પ્રભુના પ્રકાશમાં પ્રાપ્ત થાય. ઉપનિષદમાં જણાવ્યું છે કે પિંડમાં તેમ જ બ્રહ્માંડમાં પંચવિધ પુરુષ રહેલો છે. અન્નમય પુરુષ, એટલે કે શરીરમય આત્મા એ તો આપણને પ્રથમથી જ પરિચિત હોય છે; શરીર સિવાય તેનું કાંઈ પણ અસ્તિત્વ હોય તેમ લાગતું નથી; તેનાથી સ્વતંત્ર, પ્રાણ કે મનની કાંઈ જ ક્રિયા જણાતી નથી. આ

અન્નમય પુરુષ ભૌતિક પ્રકૃતિમાં સર્વત્ર આવી વસેલો છે; તે શરીરમાં વ્યાપી રહેલો છે, તેની પાસે તામસિક રીતે કાર્યો કરાવે છે અને તેના સર્વે અનુભવોના પાયારૂપ બની રહે છે. માનસિક ચેતના વિનાના પદાર્થને પણ તે સચેત રાખે છે. પણ માનવમાં તો તે પ્રાણમય અને મનોમય બની રહેલો છે; તેને પ્રાણમય અને મનોમય પુરુષ અને પ્રકૃતિના ગુણ-ધર્મોનો પાસ લાગેલો છે. પણ તે ગૌણ હોય છે, જાણે કે તેની મૂળ પ્રકૃતિ પર લાદેલો હોય છે અને, ભૌતિક અસ્તિત્વ અને તેનાં કરણોના ગુણધર્મને વશ રહીને તેનો અમલ થતો હોય છે. આપણી મનોમય અને પ્રાણમય જાત પરના, શરીર અને ભૌતિક પ્રકૃતિના આ વર્ચસ્વને લીધે જ ભૌતિકવાદનો પેલો સિદ્ધાંત કે જે મન અને પ્રાણને શારીરિકતાના પરિણામરૂપે અને ઘટના તરીકે ગણે છે અને તેમની સઘળી ક્રિયાઓની સમજૂતી, આ જીવંત શરીરમાં રહેલી શક્તિ વડે થતી પ્રવૃત્તિઓ તરીકે આપે છે. તે પહેલી નજરે તો વાજબી જ લાગી જાય છે. હકીકતમાં તો મન અને પ્રાણની, શરીરને આવી સંપૂર્ણ આધીનતા એ અપરિપક્વ માનવજાતિની (અને તેથી ય વિશેષ તો, માનવથી પણ ઊતરતી પંક્તિનાં પશુઓની) ખાસિયત છે. પુનર્જન્મના સિદ્ધાંત પ્રમાણે તો પાર્થિવ જીવન દરમિયાન જેઓ આ ભૂમિકા પસાર કરી જતા નથી તેઓ મૃત્યુ પછી મન કે ઊર્ધ્વ પ્રાણના પ્રદેશ સુધી પહોંચી શકતા નથી; તેમણે ભૌતિક સ્તરના વિવિધ પ્રદેશોમાં જ ફરતા રહી વધુ વિકાસને સાધવા ફરીથી પૃથ્વી પર આવવાનું રહે છે. કારણકે અપક્વ અન્નમય પુરુષ ભૌતિક પ્રકૃતિ અને તેના સંસ્કારોને સંપૂર્ણ રીતે આધીન હોય છે અને વધારે ઊંચા પ્રદેશો સુધી પહોંચતાં પહેલાં તેણે તેમને ખતમ કરી નાખવા પડે છે.

પણ એ માનવજાતના વધારે વિકાસને પરિણામે આપણે હવે, અસ્તિત્વના પ્રાણમય અને મનોમય પ્રદેશમાંથી મળતા અનુભવો અને શક્તિઓનો વધારે સારો અને વધારે મુક્ત ઉપયોગ કરી શકીએ છીએ, સહાય અર્થે આ ગુપ્ત પ્રદેશો પ્રત્યે વધારે આધાર રાખી શકીએ છીએ, ભૌતિક પ્રદેશમાં જ ઓછા ગૂંચવાએલા રહીએ છીએ તથા કામનામય જગતમાંથી વધારે સામર્થ્ય અને શક્તિઓ મેળવીને તથા ચૈત્યસિક અને બૌદ્ધિક પ્રદેશોમાંથી વધારે વિશાળ અને વધારે સૂક્ષ્મ સામર્થ્ય અને શક્તિઓ મેળવીને અન્નમય પુરુષની મૂળ પ્રકૃતિને નિયંત્રિત તથા અનુકૂળ બનાવી શકીએ છીએ. આવા વિકાસને પરિણામે મૃત્યુ અને પુનર્જન્મ વચ્ચેના વચગાળામાં વધારે ઊંચે જઈ શકીએ છીએ અને વધારે માનસિક અને આધ્યાત્મિક વિકાસ સાધવામાં ખુદ પુનર્જન્મનો પણ વધારે સારો અને ઝડપી ઉપયોગ કરી શકીએ છીએ. તે

છતાં હજી આપણે અન્નમય પુરુષમાં જ હોઈએ છીએ અને આપણી જાગ્રત જાતમાં તો હજી એ જ મુખ્ય નિર્ણાયક હોવાથી આપણાં કર્મો જે પ્રદેશોમાંથી આવતાં હોય છે તેનું ચોક્કસ ભાન મેળવ્યા વિના જ આપણે બધાં કર્મો કરતાં હોઈએ છીએ. અલબત્ત, આ અન્નમય પુરુષમાં આવેલા પ્રાણમય અને મનોમય પ્રદેશનું આપણને ભાન હોય છે, પણ આપણે ન તો એ પ્રાણમય અને મનોમય પ્રદેશના પોતાના વિશે કે ન તો, આપણી સામાન્ય ચેતનાના પડદા પાછળ આવેલ ઉચ્ચતર અને વિશાળતર પ્રાણમય પુરુષ અને મનોમય પુરુષરૂપે રહેલી આપણી સાચી જાતના વિશે જાગ્રત હોઈએ છીએ. આપણે એનાથી પણ વધારે વિકાસ સાધીએ ત્યારે જ એમના વિશે સચેતન થઈએ છીએ, અને તે પણ, સામાન્ય રીતે તો, માનસિક બનેલી આપણી ભૌતિક પ્રકૃતિનાં કાર્યોની પાછળ જઈને જ; પણ આપણે એ પ્રદેશોમાં પોતાનામાં રહેતા હોતા નથી. જો આપણે ખરેખર ત્યાં રહેતા જ હોત તો આપણે શરીર ઉપર પ્રાણ-શક્તિનો, અને શરીર તથા પ્રાણ ઉપર મનનો જાગ્રત અને સત્તાભર્યો કાબૂ તરત જ મેળવી શક્યા હોત; તો આપણે આપણાં શારીરિક અને માનસિક જીવનના ઘણા મોટા ભાગ પર આપણાં સંકલ્પ-બળ તથા જ્ઞાનને સત્તાધીશ તરીકે સ્થાપી શક્યા હોત અને પ્રાણ તથા શરીર ઉપર મનનું સીધેસીધું કાર્ય કરી શક્યા હોત. યોગ દ્વારા ચેતનાને ઉચ્ચતર અને વિશાળતર બનાવીને તથા જાતના માલિક બનીને અન્નમય પુરુષને ઓળંગી જવાની તથા ઉચ્ચતર પુરુષો પર પ્રસ્થાપિત થવાની શક્તિ વધારે કે ઓછે અંશે પ્રાપ્ત કરી શકાય છે.

જો આ બાબત પુરુષની બાજુએથી પાર પાડવી હોય તો તે, અન્નમય પુરુષમાંથી અને ભૌતિક પ્રકૃતિ સાથેની તેની કાર્યવાહીમાંથી પાછા હઠી જઈને, તથા વિચારો અને સંકલ્પોની એકાગ્રતા વડે પહેલાં પ્રાણમય સત્તામાં અને પછી મનોમય સત્તામાં આરોહણ કરીને કરી શકાય છે. આમ કરવાથી આપણે પ્રાણમય પુરુષ બની શકીએ છીએ અને અન્નમય પુરુષને એ નવી ચેતનામાં ખેંચી શકીએ છીએ, કે જેથી આપણે જાગ્રત રીતે અનુભવી શકીએ કે શરીર, તેની પ્રકૃતિ તથા તેનાં કર્મો એ તો, આપણે હવે જે પ્રાણમય પુરુષ બની ગયા છીએ તેની માત્ર ગૌણ ઘટનાઓ જ છે, અને ભૌતિક જગતની સાથેના તેના સંબંધોને ખાતર તે તેને કામમાં લે છે. યોગ વડે આ જે નવી ચેતના પ્રાપ્ત થાય છે તેનાં કેટલાંક લક્ષણો નીચે પ્રમાણે છે : શારીરિક હયાતીથી એક જાતની અલગતાનો, અને પછીથી તેના કરતાં ઉચ્ચ અવસ્થાનો અનુભવ; શરીર એ માત્ર એક કરણ છે કે એક કોચલું

છે અને સહેલાઈથી છોડી દઈ શકાય છે એવી સ્પષ્ટ લાગણી; આપણાં ભૌતિક અસ્તિત્વ અને પ્રાણમય પરિસ્થિતિ પર આપણી ઇચ્છાઓની અસાધારણ અસરકારકતા, પ્રાણશક્તિ (કે જેની સચેતના હવે તો અતિ સ્પષ્ટ થઈ ગઈ હોય છે) તેને પકડમાં લેવામાં તથા વાપરવામાં અનુભવાતી એક પ્રચંડ પ્રભુતા અને આસાની (કારણકે તેનું કાર્ય નક્કર રીતે અનુભવી શકાય છે, શરીરના સંબંધમાં તે સૂક્ષ્મ રીતે ભૌતિક લાગે છે અને મન વડે વપરાતી શક્તિ તરીકે તેનામાં એક જાતની સૂક્ષ્મ ઘનતા પારખી શકાય છે); આપણી અંદર, તથા ભૌતિક સ્તરની ઉપર એક પ્રાણમય સ્તરનું ભાન અને કામનામય જગતની સાકાર સત્તાઓનું જ્ઞાન અને તેમની સાથે સંપર્ક; નૂતન શક્તિઓ (કે જેમને સામાન્ય રીતે ગુહ્ય શક્તિઓ કે સિદ્ધિઓ કહેવામાં આવે છે) તેમની સક્રિયતાનો આરંભ; સમગ્ર દુનિયાના પ્રાણમય-આત્માનો નિકટનો અનુભવ તથા તેની સાથે સહાનુભૂતિ અને અન્ય લોકોની ઊર્મિઓ, ઇચ્છાઓ, પ્રાણમય આવેગોનું જ્ઞાન કે સંવેદન.

પણ આ બધું આધ્યાત્મિક અનુભૂતિઓની ઊતરતી કક્ષામાં આવેલું છે; અને ભૌતિક અસ્તિત્વના કરતાં તે ખાસ વધારે આધ્યાત્મિક તો નથી જ. આપણે તો, એ જ રીતે હજી વધારે ઊંચે ચડીને મનોમય સત્તામાં આપણી જાતને લઈ જવાની છે. એમ કરવાથી આપણે મનોમય પુરુષ બની જઈશું અને અન્નમય તથા પ્રાણમય પુરુષને તેમાં લઈ જઈ શકીશું કે જેથી પ્રાણ, શરીર અને તેમની ક્રિયાઓ એ આપણી સત્તાની ગૌણ ઘટનાઓ-રૂપ બની જશે અને આપણે હવે જે મનોમય પુરુષ થઈ ગયા છીએ તેના વડે પોતાના ભૌતિક અસ્તિત્વ અંગેના નિમ્ન હેતુઓ ખાતર તેમનો ઉપયોગ થતો હશે. અહીંયાં પણ શરૂઆતમાં આપણને પ્રાણ અને શરીરમાંથી એક જાતની અલગતા પ્રાપ્ત થાય છે અને એમ લાગે છે કે આપણું સાચું જીવન ભૌતિક માનવના કરતાં તદ્દન જુદા જ સ્તર પર અને એક સૂક્ષ્મ અસ્તિત્વના સંપર્ક-વાળું થઈ ગએલું છે, પાર્થિવ જ્ઞાનના કરતાં વધારે મહાન જ્ઞાનના પ્રકાશથી તથા એક અતિ વિરલ, છતાં અતિ સત્તાશીલ શક્તિથી ભરેલું થઈ ગયું છે; હકીકતમાં તો, આપણે મનોમય સ્તરના સંપર્કમાં તથા મનોમય જગતોની સચેતનતામાં આવી ગએલા છીએ અને ત્યાંની સત્તાઓ તથા શક્તિઓ સાથે વ્યવહાર કરી શકતા હોઈએ છીએ. એ સ્તર પરથી આપણે કામનામય જગત અને ભૌતિક અસ્તિત્વને જાણે કે આપણાથી નીચે જોઈએ છીએ તથા ઇચ્છામાં આવે તો તેમને ફેંકી દઈ શકીએ એમ છીએ એમ લાગે છે; અને, હકીકતમાં, જ્યારે આપણે દેહત્યાગ કરીએ ત્યારે, મનોમય અને

ચૈત્યસિક સ્વર્ગ-લોકમાં નિવાસ કરવા માટે અતિ સરળતાથી તેમને છોડી દઈ શકીએ છીએ. પણ આમ અલગ અને દૂર થઈ જવાને બદલે આપણે પ્રાણ અને દેહ તેમ જ પ્રાણમય અને ભૌતિક સ્તર પર સત્તાધીશ પણ બની શકીએ છીએ અને આપણા નૂતન અસ્તિત્વના ઉચ્ચાસન પરથી તેમની ઉપર પ્રભુત્વ-પૂર્ણ કાર્ય પણ કરી શકીએ છીએ. વિકાસ પામેલા માણસો જેનો ઉપયોગ તો કરતા જ હોય છે પણ માત્ર આડકતરો અને અધૂરો તેવી એક નવી જ જાતની કાર્ય-શક્તિ ( કે જે શારીરિક શક્તિ કે પ્રાણશક્તિના કરતાં તદ્દન જુદી જ હોય છે અને જેને શુદ્ધ મનોબળ કે આત્મશક્તિ એવું નામ આપી શકાય ) તે હવે આપણાં કર્મોની સામાન્ય ક્રિયા-શક્તિ બની રહે છે અને કામનામય શક્તિ તથા ભૌતિક કર્મો ગૌણ સ્થાન ધારણ કરે છે અને આ નવી શક્તિથી સંચાલિત અને તેના પ્રાસંગિક વાહનરૂપ બની જાય છે. આપણે સમગ્ર વિશ્વમાં વ્યાપી રહેલા એકમાત્ર મન સાથે સંપર્ક અને સહાનુભૂતિ સાધીએ છીએ, તેના વિશે સચેતન બનીએ છીએ અને સર્વ ઘટનાઓની પાછળ રહેલ હેતુઓ, સંચાલનો, વિચાર-શક્તિઓ તથા સૂક્ષ્મ શક્તિઓના સંઘર્ષોનું આપણને ભાન થાય છે; સામાન્ય માનવ આ બધાંથી સાવ અજ્ઞાન હોય છે અથવા તો ભૌતિક બનાવો ઉપરથી તેમના વિશે આંધળિયું અનુમાન બાંધતા હોય છે પણ આપણે તો કોઈ પણ જાતની ભૌતિક નિશાની કે પ્રાણમય સૂચન મળે તે પહેલાં પણ તેમને પ્રત્યક્ષ રીતે જોઈ અને અનુભવી શકીએ છીએ. વળી અન્ય લોકોમાં, ભૌતિક કે તેની ઉપરના સ્તરમાં થતાં માનસિક કાર્યોની પણ આપણને સૂઝ તથા જ્ઞાન પ્રાપ્ત થાય છે; અને મનોમય પુરુષની ઉચ્ચ શક્તિઓ ( કે જેને પણ ગુહ્ય-શક્તિઓ કે સિદ્ધિઓ કહી શકાય, પણ જે પ્રાણલોકની પોતાની સિદ્ધિઓના કરતાં વધારે વિરલ કે સૂક્ષ્મ હોય છે ) તે પણ હવે સહજ રીતે આપણી ચેતનામાં જાગ્રત થાય છે.

છતાં, આ બધું, છેવટે તો આપણી જાતની ત્રિવિધ, નિમ્ન દુનિયાની ઘટનાઓ છે; પ્રાચીન ઋષિઓ તેને "ત્રૈલોક્ય" કહેતા. જ્યાં સુધી આપણે તેમાં નિવાસ કરીએ ત્યાં સુધી આપણાં સામર્થ્ય અને ચેતનામાં ભલે ગમે તેટલી વિશાળતા આવે તે છતાં આપણે વિશ્વમાં રહેતા દેવોની દુનિયામાં જ મર્યાદિત રહીએ છીએ; તથા પુરુષની ઉપર સામ્રાજ્ય ભોગવતી પ્રકૃતિના પ્રદેશમાં જ બંધાએલા રહીએ છીએ ( જો કે હવે એ બંધન ખૂબ સૂક્ષ્મ, સહ્ય અને સરળ બની ગએલ હોય છે ). જો સાચી સ્વતંત્રતા અને સ્વામિત્વ મેળવવાં જ હોય તો હજી પણ ઊંચે આરોહણ કરીને એવા પ્રદેશમાં

પહોંચી જવાનું છે કે જ્યાં આપણી જાત-રૂપ હિમાલયના અનેક ઉચ્ચ પ્રદેશો પથરાએલા પડ્યા છે.

પ્રકરણ : ૨૧

# આત્મ-અતિક્રમણનાં સોપાન

**આ** ત્રિવિધ નિમ્ન પુરુષ અને ત્રિવિધ નિમ્ન જગત કે જેના વડે આપણી ચેતના અને તેની શક્તિઓ અને તેનાં પરિણામો સામાન્ય રીતે મર્યાદિત રહેલાં છે તેમને વટાવી જવાથી (અને વેદના ઋષિઓએ પૃથ્વી અને સ્વર્ગરૂપે બંને આકાશોને ઓળંગી કે તોડીને આગળ નીકળી જવાની જે વાત કરી છે તે એ જ છે) અનંતતાઓની એક એવી સીડી ખુલ્લી થઈ જાય છે કે જેનાથી, સામાન્ય માનવીય અસ્તિત્વનાં ઉચ્ચતમ અને વિશાળ ઉડ્ડયનો પણ તદ્દન અબૂધ રહેલાં છે. એટલી ઊંચાઈએ, અરે, એના છેક નીચેના પગથિયા સુધી પહોંચવું એ પણ તેને માટે અતિ મુશ્કેલ છે. એક એવી અલગતા કે જે વ્યવહારમાં તો તદ્દન સ્પષ્ટ છે પણ તાત્ત્વિક રીતે અવાસ્તવિક છે તે, પિંડની તેમ જ બ્રહ્માંડની – માનવની તેમ જ વિશ્વના અસ્તિત્વની – સળંગતાના બબ્બે ભાગ કરી નાખે છે. પિંડમાં તેમ જ બ્રહ્માંડમાં નિમ્ન અને ઊર્ધ્વ એવા બે ગોળાર્ધ આવેલા છે; પ્રાચીન જ્ઞાનીઓએ તેને 'અપરાર્ધ' અને 'પરાર્ધ' એવાં નામ આપેલાં છે. ઊર્ધ્વ ગોળાર્ધ એટલે કે પરાર્ધમાં છે આત્મતત્ત્વનું સંપૂર્ણ અને સનાતન સામ્રાજ્ય; કારણકે ત્યાં તે કોઈ પણ જાતની રોકટોક વિના પોતાની અનંતતાઓને પ્રગટ સ્વરૂપે ખુલ્લી રાખે છે, પોતાના અમર્યાદ અસ્તિત્વના, પોતાની અમર્યાદ ચેતના અને જ્ઞાનના, પોતાનાં અમર્યાદ સામર્થ્ય અને શક્તિના, પોતાના અમર્યાદ પરમાનંદના મહિમાને વણઢાંક્યા વહાવ્યે રાખે છે. નિમ્ન ગોળાર્ધ એટલે કે અપરાર્ધ એ પણ છે તો એ જ આત્મતત્ત્વનો પ્રદેશ, પણ અહીં મર્યાદાઓ બાંધતા મનની, બંધાઈ બેઠેલા પ્રાણની અને અલગતા ઓઢતા દેહની, ઊતરતી કક્ષાની અભિવ્યક્તિના ગાઢા અને ઊંડા અંચળાઓ વડે એ ઢંકાઈ બેઠેલો છે. અપરાર્ધમાં એ પરમ આત્મા, નામ અને રૂપમાં વીંટાઈ ગએલો છે; તેની ચેતના, આંતર અને બાહ્ય, વ્યક્તિગત અને વિશ્વરૂપ એવા ભાગલા વડે અલગ થઈ ગએલી છે; તેની દૃષ્ટિ અને ઇન્દ્રિયો બહિર્મુખ બની ગએલ છે; તેની ચેતનાના ભાગલાને પરિણામે મર્યાદિત થએલી તેની શક્તિ બંધનમાં પડી કાર્ય કરે

છે; તેનું જ્ઞાન, સંકલ્પ-શક્તિ, સામર્થ્ય, આનંદ એ બધાં તેના આ ભાગલાથી વિભાજિત અને આ મર્યાદાઓથી મર્યાદિત થઈ જતાં તેમનાં વિરોધી કે વિકૃત સ્વરૂપોમાં અજ્ઞાન, અશક્તિ અને યાતનાના અનુભવો પ્રત્યે ખુલ્લાં થઈ જાય છે. અલબત્ત આપણી ઇન્દ્રિયો અને દૃષ્ટિને અંદરની બાજુએ વાળીને આપણી અંદર પરમાત્મા કે આત્મતત્ત્વને આપણે જાણી શકીએ છીએ; વળી બાહ્ય જગત અને તેની ઘટનાઓમાં પણ એ જ ઇન્દ્રિયો અને દૃષ્ટિને તેમના નામ-રૂપના અંચળાની આરપાર અંદર ઉતારીને, જે તેમની અંદર રહે છે કે તેમની પાછળ હાજર હોય છે એ એ જ પરમાત્મા કે આત્મતત્ત્વને જાણી શકાય છે. આપણી સામાન્ય ચેતના આ આંતરદૃષ્ટિ વડે પ્રતિબિંબ ઝીલીને પરમાત્માનાં અનંત સત્, ચિત્ અને આનંદને જાણી શકે છે અને તે દરેકમાં રહેલ નિષ્ક્રિય કે સક્રિય અનંતતામાં ભાગીદાર બની શકે છે. પણ જ્ઞાન, શક્તિ અને આનંદના પ્રાગટ્યની જે સક્રિયતા કે પ્રગતિ તેમાં થઈ રહી હોય છે તેમાં તો આપણે બહુ જ થોડે અંશે ભાગીદાર થઈ શકીએ છીએ. પ્રતિબિંબ ઝીલીને કરાતી ખુદ પેલી નિષ્ક્રિય એકરૂપતા પણ દીર્ઘ અને કઠિન યત્નો પછી જ તથા ક્રમિક આત્મ-વિકાસભરી અનેક જિંદગીઓને અંતે જ પ્રાપ્ત કરી શકાય છે. કારણકે આપણી સામાન્ય ચેતના અસ્તિત્વના નિમ્ન ગોળાર્ધના ગુણ-ધર્મ સાથે સજ્જડ બંધાઈ ગએલી છે. એમાંથી માત્ર અલગ થઈ તેની ઉપર ચાલ્યા જવાની શક્યતા સરખી પણ સમજવાને માટે આપણે એ બે ગોળાર્ધના ભાગરૂપ જગતોની વચ્ચેના સંબંધોને ઉપયોગી થઈ પડે એ રીતે ફરીથી રજૂ કરવા જરૂરી છે.

સર્વ કાંઈ આત્મતત્ત્વથી નિર્મિત થએલું છે, કારણકે સૂક્ષ્મતમ અસ્તિત્વથી માંડીને સ્થૂળતમ જડ તત્ત્વ સુધીનું બધું જ આત્મતત્ત્વનો આવિર્ભાવ છે. પણ આ આત્મતત્ત્વ, પરમાત્મા કે પરમપુરુષ પોતાના નિવાસ માટેના જગતનું અને એ જગતમાં તેને કરવાના, પોતાની ચેતના, શક્તિ અને આનંદના અનુભવોનું જે નિર્માણ કરે છે તે, પુરુષ અને પ્રકૃતિના સંબંધોની અનેક સંભવિત અવસ્થાઓમાંથી એકની પસંદગી કરીને, પોતાનાં વૈશ્વિક તત્ત્વોમાંથી એક યા બીજા ઉપર પાયારૂપ એક આસન લઈને કરે છે. જ્યારે તે જડ તત્ત્વ પર આસન લે છે ત્યારે તે ભૌતિક પ્રકૃતિમાં ભૌતિક જગતનો ભૌતિક આત્મા બની રહે છે; ત્યારે આત્મતત્ત્વ જડ તત્ત્વના પોતાના અનુભવોમાં લીન થઈ જાય છે; ભૌતિક અસ્તિત્વની આગવી તામસિક શક્તિનાં અજ્ઞાન અને જડતાથી તે દબાઈ જાય છે. વ્યક્તિમાં તે એક એવો ભૌતિક આત્મા, અન્નમય પુરુષ બની રહે છે કે જેનું જીવન અને મન

ભૌતિક તત્ત્વનાં અજ્ઞાન અને જડતામાંથી વિકાસ પામેલાં હોય છે અને તેમની મૂળગત મર્યાદાઓને વશ હોય છે. કારણકે જડ તત્ત્વમાં રહેલ પ્રાણ શરીરને આધીન થઈને કાર્ય કરે છે; જડ તત્ત્વમાં વસેલું મન શરીરને અને પ્રાણ કે નાડીમય અસ્તિત્વને આધીન થઈને કાર્ય કરે છે; જડ તત્ત્વમાંનું ખુદ આત્મતત્ત્વ પણ, પોતાના આત્મ-સંબંધો અને શક્તિઓમાં, આ જડ તત્ત્વને આધીન, અને પ્રાણતત્ત્વ વડે હંકારાતાં મનની મર્યાદાઓ અને ભાગલાઓથી મર્યાદિત અને વિભાજિત હોય છે. આ અન્નમય પુરુષ ભૌતિક દેહમાં અને તેની સાંકડી, ઉપરછલ્લી, બાહ્ય ચેતનામાં બંધાઈને જીવે છે અને તેનાં ભૌતિક અંગો, તેની ઇન્દ્રિયો તથા તેના દેહ-બાંધ્યા પ્રાણ અને મનના અનુભવોને અસ્તિત્વના અંતિમ સત્ય તરીકે માની લે છે,—બહુ બહુ તો, તેમાં જરાતરા, મર્યાદિત આધ્યાત્મિક ઝાંખીને ભેળવે છે.

માણસ છે તો એક આત્મા જ, પણ એક મનોમય પ્રાણી તરીકે તે ભૌતિક પ્રકૃતિમાં જીવ્યા કરે છે; તે પોતે પોતાને ભૌતિક દેહમાં વસતા એક મન તરીકે ઓળખે છે. પણ આ મનોમય પુરુષ શરૂઆતમાં તો ભૌતિક બની ગએલ હોય છે અને તે અન્નમય પુરુષને પોતાને સાચી જાત માની લે છે. ઉપનિષદના શબ્દોમાં કહીએ તો 'જડ તત્ત્વ એ જ બ્રહ્મ છે' એમ તેણે સ્વીકારી લેવું છે કારણકે તેની નજરે અહીં જ જડ તત્ત્વમાંથી જ સર્વ કાંઈ ઉદ્ભવે છે, તેના વડે જ સર્વ કાંઈ જીવે છે અને સર્વ કાંઈ છેવટે તેમાં જ ભળી જાય છે. આત્મતત્ત્વ વિશેનો તેનો સ્વાભાવિક અને ઊંચામાં ઊંચો ખ્યાલ હોય છે: એક અનંતતા (અને તે પણ એક ચેતનહીન અનંતતા) કે જે ભૌતિક વિશ્વમાં વસેલી અને વ્યાપેલી છે (અને ખરેખર તો એકમાત્ર આ ભૌતિક વિશ્વને જ એ ભૌતિક મનોમય પુરુષ ઓળખે છે) અને જે પોતાની હાજરીના સામર્થ્ય વડે તેની આજુબાજુના આ સર્વ રૂપધારી પદાર્થો પ્રગટ કરે છે. અને પોતાની જાત વિશેનો તેનો સ્વાભાવિક અને ઊંચામાં ઊંચો ખ્યાલ હોય છે એક એવા ઝાંખા ઝાંખા કલ્પેલા આત્માનો, પુરુષનો કે જે માત્ર ભૌતિક જીવનના અનુભવો વડે જ પ્રગટ થાય છે, કે જે ભૌતિક ઘટનાઓથી બંધાએલો હોય છે અને જેને, તેના વિલય સમયે એક સહજ જરૂરિયાતનાં પરિણામે, અનંતતાની એક અતિ વિશાળ અનિશ્ચિતતામાં ભળી જવાની ફરજ પડે છે. પણ માણસ પોતાનો આત્મ-વિકાસ કરી શકે છે; અને તેથી અન્નમય પુરુષના આવા આવા સહજ ખ્યાલોથી પણ ઊંચે તે જઈ શકે છે, ભૌતિક સ્તર અને ભૌતિક જગતથી ઉપરના પ્રદેશોમાંથી મેળવેલ અમુક અનુગામી અનુભૂતિઓને તે તેમાં ઉમેરી શકે છે; તે મનમાં

એકાગ્રતા કેળવી શકે છે અને પોતાનાં માનસિક અંગોનો વિકાસ સાધી શકે છે (મોટે ભાગે તે પોતાના પ્રાણ અને ભૌતિક જીવનની સભરતાને ભોગે આમ કરે છે) અને છેવટે મન અગ્ર સ્થાને આવીને અતીત પ્રત્યે ખુલ્લું થઈ શકે છે. તે આ આત્મ-વિમોચક મનને આત્મ-તત્ત્વ ઉપર એકાગ્ર કરી શકે છે. આમ કરવા જતાં, અહીં પણ, મોટે ભાગે તે પોતાના માનસિક અને ભૌતિક જીવનની પૂર્ણતાથી વધારે ને વધારે વિમુખ થતો જાય છે; તે તેમનામાં પડેલી શક્યતાઓને મર્યાદિત કરી નાખે છે કે મોળી પાડી દે છે (અલબત્ત, તેણે પ્રકૃતિમાં સ્વીકારેલ ભૌતિક પાયો જેટલે અંશે છૂટ આપે તેટલે જ અંશે તે તેમ કરી શકે છે). છેવટે તેનું આધ્યાત્મિક જીવન અગ્ર સ્થાને આવે છે, પાર્થિવતા ઝંખતાં વલણનો નાશ કરે છે અને તેનાં બંધનો અને મર્યાદાઓને તોડી નાખે છે. આમ, આધ્યાત્મિક બનેલ માનવ પોતાના સાચા અસ્તિત્વને ઊર્ધ્વ જગતોમાં, પ્રાણમય કે મનોમય સ્તર પરના સ્વર્ગીય પ્રદેશોમાં, પહોંચાડી દે છે; તે પૃથ્વી પરનાં જીવનને એક એવી દુઃખદાયક કે ઉપાધિભરી ઘટના કે માર્ગ ગણવા માંડે છે કે જેમાં એ પોતાની અસલ આદર્શ જાતનો, પોતાના આધ્યાત્મિક સારતત્ત્વનો પૂર્ણ ઉપભોગ કદી પણ પામી શકે તેમ નથી. વળી પરમપુરુષ કે પરમાત્મા વિશેનો તેનો સૌથી ઊંચો ખ્યાલ પણ વત્તેઓછે અંશે નિષ્ક્રિયતા-ભર્યો થઈ જવાનું વલણ રહે છે; કારણકે આપણે જોયું જ છે કે તે જે પૂરેપૂરી અનુભવી શકે તેમ છે તે તો હોય છે પરમાત્માની નિષ્ક્રિય અનંતતા, પ્રકૃતિથી નહિ બંધાએલ પુરુષની શાંત મુક્તિ, પ્રકૃતિમાંથી પાછો હઠી ગએલ આત્મા. અલબત્ત, કોઈક, દિવ્ય, સક્રિય આવિર્ભાવ તેને મળે પણ ખરો, પણ તે આવિર્ભાવ ભૌતિક પ્રકૃતિની ભારે મર્યાદાઓને પૂરેપૂરી પાર કરી શકતો નથી. નીરવ અને નિષ્ક્રિય પરમ પુરુષની શાંત-અવસ્થા વધારે સરળતાથી પ્રાપ્ત થઈ શકે છે અને માનવ તેને વધારે સરળતાથી અને સમગ્રતાથી સાચવી પણ શકે છે; તેને અતિ મુશ્કેલ તો પડે છે અનંત પ્રવૃત્તિનો, અતાગ-અમાપ શક્તિની સક્રિયતાનો આનંદ.

પણ આત્મતત્ત્વ જડ તત્ત્વમાં નહિ પણ પ્રાણતત્ત્વ પર પણ આસન લઈ શકે છે. આમ સ્થાપિત થએલ આત્મતત્ત્વ એક પ્રાણમય જગતનો પ્રાણમય આત્મા, એક સચેતન, સક્રિય પ્રકૃતિના પ્રદેશમાં પ્રાણશક્તિનો પ્રાણ-પુરુષ બની રહે છે. ત્યાં એક સચેતન પ્રાણનાં સામર્થ્ય અને લીલાના અનુભવોમાં લીન થતાં તે પ્રાણમય અસ્તિત્વના આગવા તમોગુણની કામના-ઓ, પ્રવૃત્તિઓ અને આવેગોથી લદાઈ જાય છે. વ્યક્તિમાં આ આત્મ-તત્ત્વ એક એવો પ્રાણમય આત્મા, પ્રાણમય પુરુષ બની રહે છે કે જેની

પ્રકૃતિમાં પ્રાણ-શક્તિઓ મન-તત્ત્વ અને ભૌતિક તત્ત્વ પર અત્યાચાર આદરે છે. પ્રાણમય જગતમાં ભૌતિક તત્ત્વ કામનાઓ અને તેની કલ્પનાઓની મરજી મુજબ પોતાની પ્રવૃત્તિઓ અને રચનાઓ તરત જ ખડી કરી દે છે; તે પ્રાણના આવેગ અને સામર્થ્ય તથા તેમનાં ફરજંદોનું સેવક અને આજ્ઞાધારક બની રહે છે; અને, અહીં આ પૃથ્વી પર (કે જ્યાં જીવન એ પ્રાણ-હીન જડ તત્ત્વમાં એક તકલાદી ઘટનારૂપ જ છે ત્યાં) ભૌતિક તત્ત્વ જેમ અંતરાય કે મર્યાદાઓ ઊભાં કરે છે તેમ ત્યાં તે કરતું નથી. ત્યાં મન-તત્ત્વ પણ પ્રાણ-શક્તિનાં બીબાંમાં બંધ બેસી જાય છે, તેનાથી મર્યાદિત થઈ જાય છે, તેને તાબે થાય છે અને તેની કામનાઓની ભૂખને અને આવેગોના વહેણને માત્ર વધારે સમૃદ્ધ અને સાર્થક કરવામાં સહાયરૂપ બને છે. આ પ્રાણમય પુરુષ ભૌતિક પદાર્થના કરતાં અતિ સૂક્ષ્મ એવા પદાર્થથી બનેલા પ્રાણમય દેહમાં વસે છે; એ પદાર્થ સચેતન શક્તિથી અતિ ભરપૂર હોય છે, અને પાર્થિવ-પદાર્થનાં સ્થૂળ અણુ-તત્ત્વોમાં અશક્ય એવી અતિ પ્રબળ બોધનાઓ, સંવેદન-વ્યાપારો અને કાર્યશક્તિઓની શક્યતા ધરાવે છે. ખુદ માણસમાં પણ, તેના ભૌતિક દેહની પાછળ, પ્રચ્છન્ન પ્રદેશમાં, અદીઠ અને અજ્ઞાત, છતાં તેની ખૂબ જ નજદીક અને તેના સાથમાં રહીને તેના અસ્તિત્વના સૌથી વધારે સક્રિય ભાગની રચના કરતા આ પ્રાણમય પુરુષ, પ્રાણમય પ્રકૃતિ અને પ્રાણમય દેહ મોજૂદ હોય છે; આપણામાં ગુપ્ત પડેલ છે પ્રાણમય જગત કે કામનામય જગતની સાથે જોડાએલ એક આખો પ્રાણ-પ્રદેશ, પ્રાણમય સ્તર, એક એવી ગુપ્ત ચેતના કે જેમાં પ્રાણ અને કામના પોતાની લીલા યથેચ્છ રીતે અને પોતાની અભિવ્યક્તિ સહજ રીતે પ્રગટ કરી શકે છે; અને ત્યાંથી આપણા બાહ્ય જીવન પર તેઓ પોતાનો પ્રભાવ અને રચનાઓ વહાવતાં હોય છે.

જેમ જેમ આ પ્રાણમય પ્રદેશની શક્તિ તેનામાં પ્રગટ થતી જાય છે અને ભૌતિક અસ્તિત્વ પર પકડ લેતી જાય છે, તેમ તેમ આ પૃથ્વી-જાયો પ્રાણ-શક્તિનું વાહન થતો જાય છે, કામનાઓમાં પ્રબળ, આવેગો અને ઊર્મિઓમાં ઉગ્ર, કર્મોમાં અતિશય વેગવાન, એટલે કે, રાજસિક માનવ થતો જાય છે. હવે તે પ્રાણમય પ્રદેશ વિશે પોતાની ચેતનામાં જાગ્રત થઈ શકે છે અને પ્રાણમય પુરુષ બની શકે છે, પ્રાણ-પ્રકૃતિનો અંગીકાર કરી શકે છે અને ગુપ્ત પ્રાણ-શરીરમાં તેમ જ દૃશ્ય ભૌતિક દેહમાં જીવન ધારણ કરી શકે છે. જો એ આ પરિવર્તન અમુક અંશે પૂર્ણ કે એકાગ્રપણે પ્રાપ્ત કરે (સામાન્ય રીતે તો તે પૂરતી અને તંદુરસ્ત મર્યાદાઓમાં જ

પ્રાપ્ત થાય છે અથવા તેની સાથે રક્ષણદાયક જટિલતાઓ પણ આવી જ મળે છે) પણ જો, સાથે સાથે, તે આ વસ્તુઓથી પર ના થઈ જાય, પ્રાણથી પરના એવા સ્તર પર પહોંચી ના જાય કે જ્યાંથી તેને વિશુદ્ધ અને ઉચ્ચ બનાવીને ઉપયોગમાં લઈ શકાય તો તેની પ્રકૃતિ હલકા વર્ગના અસુરની કે રાક્ષસી થઈ જાય છે, તે એક એવો નર્યા સામર્થ્ય અને પ્રાણ-શક્તિથી ભરેલો જીવ બની જાય છે કે જે અમર્યાદ કામનાઓ અને વાસનાઓની શક્તિથી ઠાંસેલો કે ફૂલ્યો-ફાલેલો, વેગવાન કાર્ય-શક્તિ અને પ્રચંડ રાજસિક અહંકારનો ભોગ અને વાહન બની ગયો હોય; છતાં પણ સામાન્ય, જડ પાર્થિવ પ્રકૃતિમાં રહેતા ભૌતિક માનવના કરતાં તો ઘણી ઘણી મહાન અને વિવિધ શક્તિઓ તેણે પ્રાપ્ત કરેલી હોય છે જ. આ પ્રાણ-પ્રદેશમાં રહીને તે મનનો પણ ખૂબ વિકાસ કરે અને તેની વેગવાન શક્તિઓનો આત્મ-સંયમ તેમ જ આત્મ-સંતોષને ખાતર ઉપયોગ કરે તોપણ તેમાં આસુરિક તપશ્ચર્યા હોવાની,– અલબત્ત તે તપશ્ચર્યા જરા ઊંચી જાતની હોવાની અને રાજસિક અહંકારના જરા વધારે સંયમિત સંતોષને ખાતર વપરાવાની—.

જેમ ભૌતિક પ્રદેશ પર અમુક આધ્યાત્મિક મહત્તા મેળવી શકાય છે તેમ આ પ્રાણ-પ્રદેશ પર પણ અમુક અંશે તેમાં ઊંચે ચઢી શકાય છે. કામનામય પુરુષ માટે અને કામનામય પ્રદેશ પર જે ખ્યાલ અને શક્તિ સહજ છે તેમાંથી પ્રાણમય માનવ પોતાની જાતને ઊંચે ઉઠાવી શકે તેમ છે. તે જરા ઊંચી જાતની માનસિકતા વિકસાવી શકે છે અને, પ્રાણમય પુરુષની મર્યાદામાં રહીને પોતાનાં જ સ્વરૂપો અને શક્તિઓની પાછળના કે તેમનાથી પર એવા કોઈક આધ્યાત્મિક સાક્ષાત્કાર પર એકાગ્ર થઈ શકે છે. આવી જાતના આધ્યાત્મિક સાક્ષાત્કારમાં શાંતિમયતાની એટલી જોરદાર જરૂર નથી રહેતી; કારણકે તેમાં સનાતન શક્તિ અને આનંદની સક્રિય કાર્ય-સાધકતાની, સક્રિય અનંતતાની પ્રબળ અને આત્મ-સંતોષી શક્તિઓની, તેની સમૃદ્ધ પલ્લવિતતાની સંભાવિતતા ઘણી વધારે રહેવાની. તેમ છતાં પણ એ કાર્યસાધકતા સાચી અને સર્વાંગી પરિપૂર્ણતાને તો જરા પણ પહોંચી શકતી નથી; કારણકે ભૌતિક જગતની જેમ આ કામનામય જગતની પણ પરિસ્થિતિ પૂર્ણ-આધ્યાત્મિક જીવનના વિકાસને માટે સર્જાએલી નથી. આધ્યાત્મિક વિકાસને ખાતર પ્રાણમય પુરુષે પણ પોતાના નિમ્ન ગોળાર્ધના જીવનની સમગ્રતા, સક્રિયતા અને શક્તિમાં કાપકૂપ કરવી જ પડે અને છેવટે તો પ્રાણનાં ધારાધોરણોમાંથી, જીવનમાંથી ફંટાઈ જઈ પોતાનાથી પરની પરમ નીરવતા પ્રત્યે કે પછી અક્ષર પરમ-શક્તિ પ્રત્યે વળવું જ પડે. જો

તે જીવનમાંથી પાછો ના હઠી જાય તો કામનામય જગતનાં સ્વાયત્ત ગુરુત્વાકર્ષણને લીધે તથા તેની જોરદાર રાજસિકતાને લીધે તેણે જીવનમાં તથા તેની મર્યાદિત સાર્થકતામાં જ જકડાએલા રહેવું પડે. પૂર્ણ પરિપૂર્ણતા તો પ્રાણ-પ્રદેશમાં પણ અસંભવિત છે; જે જીવમાત્ર ત્યાં સુધી જ ઊંચે ચડે તેણે, હજી ય મોટી અનુભૂતિઓને ખાતર, વધારે ઉચ્ચ આત્મ-વિકાસને ખાતર, આત્મ-તત્ત્વ પ્રત્યેના વધારે પ્રત્યક્ષ આરોહણને ખાતર ભૌતિક જીવનનો ફરીથી સ્વીકાર કરવો જ પડે.

જડ તત્ત્વ અને પ્રાણતત્ત્વની ઉપર મનોતત્ત્વ આવેલું છે; તે પદાર્થમાત્રના છૂપા અને અસલ ઉદ્ભવ-સ્થાનની વધારે નજદીક છે. આત્મતત્ત્વ જ્યારે મનોતત્ત્વમાં આસન લે છે ત્યારે તે એક મનોમય જગતનો મનોમય આત્મા બની રહે છે અને ત્યાં પોતાની નિજી, શુદ્ધ અને પ્રકાશપૂર્ણ મનોમય પ્રકૃતિના રાજ્યમાં વસે છે. ત્યાં તે એક ચૈત્યસિક-માનસિક તથા એક ઉચ્ચ ઊર્મિમય મનો-શક્તિની સંયુક્ત કાર્યવાહીનો આધાર પામીને તથા મનોમય અસ્તિત્વના આગવા સત્ત્વગુણની સ્વચ્છતા તથા સુખમયતા વડે સૂક્ષ્મ અને ઉજ્જ્વળ બનીને વિશ્વવ્યાપી બુદ્ધિની પ્રખર સ્વતંત્રતાથી કાર્ય કરે છે. આ પ્રમાણે સ્થાપિત થએલ આત્મતત્ત્વ વ્યક્તિમાં એક એવો મનોમય પુરુષ બની રહે છે કે જેની પ્રકૃતિમાં મનતત્ત્વની પારદર્શકતા અને પ્રકાશોજ્જ્વળ શક્તિ પોતાની સ્વાયત્તતાથી તથા પ્રાણમય કે શારીરિક કરણોની કોઈ પણ જાતની મર્યાદા કે બળજબરીનો ભોગ બન્યા વિના કાર્ય કરે છે; ઊલટાનું તે પોતાના શરીરના સ્વરૂપનું અને પોતાના પ્રાણની કાર્ય-શક્તિઓનું નિર્માણ અને નિયંત્રણ કરે છે. કારણકે અહીં પાર્થિવ કાર્યવાહીઓમાં બને છે તેમ આ મનોતત્ત્વના પોતાના નિજી પ્રદેશમાં મન પ્રાણથી મર્યાદિત નથી થતું, અને જડ તત્ત્વથી અવરોધ નથી પામતું. આ મનોમય પુરુષ એક એવા મનોમય કે સૂક્ષ્મ દેહમાં વસે છે કે જે જ્ઞાન, બોધના અને અન્ય જીવો સાથે સહાનુભૂતિ તથા અંતર-પ્રવેશની એવી શક્તિઓ ભોગવે છે કે જેની આપણને ભાગ્યે જ કલ્પના પણ આવે; વળી તે પ્રાણ-પ્રકૃતિ તથા ભૌતિક પ્રકૃતિની સ્થૂળ પરિસ્થિતિથી મર્યાદિત ના થતી હોય એવી એક મુક્ત, મુલાયમ અને વ્યાપક મનોભૂત સંવેદન-શક્તિ પણ ભોગવે છે.

માણસના પોતાનામાં પણ પ્રચ્છન્ન, અજ્ઞાત અને અદીઠાં, પોતાની જાગ્રત ચેતના અને દૃશ્ય જીવ-યંત્રની પાછળ છુપાએલાં, આ મનોમય પુરુષ, મનોમય પ્રકૃતિ, મનોમય દેહ અને મનોમય પ્રદેશ ભૌતિક રૂપ પામ્યા વિનાનાં હયાત છે જ; ત્યાં મન સ્વાયત્ત છે અને અહીંની જેમ ત્યાં તેને એક પરાયી

સ્વાતંત્ર્ય-બાધક અને શુદ્ધિ અને પારદર્શકતાને મલિન કરતી દુનિયા સાથે ઝગડવું પડતું નથી. આ મનોમય પ્રદેશનું, માણસ ઉપર જેમ જેમ દબાણ વધતું જાય તેમ તેમ તેનામાં તેની બધી જ ઉચ્ચ કાર્ય-શક્તિઓ, તેની બૌદ્ધિક અને ચૈત્યસિક-માનસિક સત્તાઓ અને શક્તિઓ તથા તેનું ઉચ્ચ ઊર્મિમય જીવન જાગ્રત થતાં જાય છે. કારણકે જેમ જેમ તેનું પ્રાગટ્ય વધતું જાય તેમ તેમ તે ભૌતિક અંગો પર વધારે ને વધારે અસર કરતું જાય છે અને દેહધારી પ્રકૃતિમાં આવેલ મનોમય પ્રદેશને વધારે ને વધારે સમૃદ્ધ કરતું જાય છે અને ઊંચે ચડાવતું જાય છે. તેની વચ્ચે જતી સત્તાશીલતામાં એક એવી અવસ્થા આવે છે કે જ્યારે તે માણસને સાચો માણસ બનાવે છે, - માત્ર એક તર્કપ્રધાન પશુ નહિ;—કારણકે ત્યારે તે આપણી અંદરની મનોમય સત્તાને પોતાની એવી વિશિષ્ટ શક્તિ આપે છે કે જે આપણી માનવતાના ચૈત્યસિક બંધારણમાં અંદરથી નિયંત્રણ કરતા સારતત્ત્વ-રૂપે હોવા છતાં હજી ખૂબ અવરોધાતી પડી છે.

માણસ આ ઊર્ધ્વ મનોમય ચેતના પ્રત્યે જાગ્રત થઈ શકે, આ મનોમય પુરુષ[1] બની શકે, આ મનોમય પ્રકૃતિનો અંગીકાર કરી શકે અને માત્ર પ્રાણમય અને અન્નમય કોશમાં જ નહિ પણ આ મનોમય દેહમાં પણ રહી શકે એ સંભવિત છે. જો આ પરિવર્તનને પૂરતા પ્રમાણમાં તે પૂર્ણ કરી શકે તો તે, ઓછામાં ઓછું, અર્ધ-દિવ્ય જીવન અને અસ્તિત્વ તો જરૂર ભોગવી શકે, કારણકે એને એવી શક્તિઓ અને દૃષ્ટિ અને બોધનાઓ આવી મળે કે જે આ સામાન્ય જીવન અને દેહની મર્યાદા બહારની હોય; તે સર્વે બાબતોનું શુદ્ધ જ્ઞાનની પારદર્શકતા વડે નિયમન કરી શકે; તે બીજાઓ સાથે સહાનુ-

---

૧. માણસ સામાન્ય રીતે જે મનને જાણે છે તેની જ સર્વોચ્ચ શ્રેણીઓનો નહિ પણ હજી તેનાથી પણ ઉપરની, એવી શ્રેણીઓનો મેં અહીં મનોમયતામાં સમાવેશ કરેલો છે. એ શ્રેણીઓમાં પ્રવેશ પામવાની હાલમાં તેની પાસે કોઈ જ ફાવટ નથી; અથવા તો, તે ઉચ્ચતર શ્રેણીઓની શક્તિઓના આછા-પાતળા અંશનો સેળભેળ અને જરાતરા જ સ્વીકાર તેનાથી થઈ જાય છે. એ શ્રેણીઓ છે : આલોકિત (illumined) મન, સ્ફુરણાત્મક મન (intuition), અને છેવટે સર્જનશીલ અધિમનસ (overmind) અથવા માયા. આ અધિમનસ કે માયા અતિ ઊર્ધ્વમાં આવેલ છે અને હાલનાં સર્વ અસ્તિત્વનું સર્જનસ્થાન છે. જો મનનો અર્થ માત્ર તર્ક-શક્તિ કે બુદ્ધિ એટલો જ કરવામાં આવે તો આ મુક્ત, મનોમય પુરુષ અને તેની અવસ્થા એ, અહીં જે વર્ણન કરવામાં આવ્યું છે તેનાં કરતાં ઘણી ઘણી નાની અને નીચલી કક્ષાની બની જાય.

ભૂતિભર્યાં પ્રેમ અને સુખ વડે એકતા સાધી શકે; તેની ઊર્મિઓ ચૈત્યસિક-માનસિક કક્ષા સુધીની પરિપૂર્ણતા પામી શકે, તેનાં સંવેદનો સ્થૂળતાનો ભોગ બનેલાં ના રહે; તેની બુદ્ધિ સૂક્ષ્મ, શુદ્ધ, સાનુકૂળ તથા, અશુદ્ધ પ્રાણ-શક્તિની ગેર-દોરવણી તથા જડ તત્ત્વના અવરોધોમાંથી મુક્ત, બની રહે. વળી માનસિક આનંદ અને જ્ઞાનના કરતાં ઉચ્ચ એવા પરમાનંદ અને પ્રજ્ઞાનું પ્રતિબિંબ પણ તે વિકસાવી શકે; કારણકે તે આપણાં અપંગશાં મનની, વિકૃત કરી નાખતી અને અસત્ય બનાવી દેતી ભેળસેળનો ભોગ બન્યા વિનાની વિશુદ્ધ પ્રેરણા અને સ્ફુરણા (કે જે અતિમાનસિક પરમ પ્રકાશનાં કિરણો છે) તેને વધારે પૂર્ણતાથી પામી શકવાનો અને પરિપૂર્ણ બનેલાં પોતાનાં માનસિક અસ્તિત્વની, તે વિશાળ પ્રભાપૂર્ણ શક્તિના ઢાળામાં નવરચના કરી શકવાનો. અને ત્યારે તે આત્માનો કે આત્મતત્ત્વનો જે સાક્ષાત્કાર કરવાનો તે પણ અત્યારે શક્ય છે તેના કરતાં વધારે વિશાળ, પ્રકાશપૂર્ણ અને ઘનિષ્ઠ તીવ્રતાવાળો હોવાનો અને તેની સક્રિય શક્તિ અને આનંદ પણ તેના અસ્તિત્વની સંતોષાએલી સંવાદિતામાં વધારે રમતાં બનવાનાં.

અને આપણા સામાન્ય ખ્યાલ પ્રમાણે તો આપણને આ સંપૂર્ણ પરિપૂર્ણતા લાગે, એક એવી વસ્તુ લાગે કે જેની અભીપ્સા માણસને તેના આદર્શવાદનાં સર્વોચ્ચ ઉડ્ડયનોમાં જ થાય. અલબત્ત, શુદ્ધ મનોમય માનવના આગવા ક્ષેત્રમાં તો આ એક પૂરતી પરિપૂર્ણતા ગણાય, પણ આધ્યાત્મિક પ્રકૃતિની ઊંચામાં ઊંચી શક્યતાના કરતાં તો એ ઘણી ઘણી નીચે છે. કારણકે અહીં થતો આધ્યાત્મિક સાક્ષાત્કાર પણ મનને વશ હોવાનો, તેનો પ્રકાર એક પ્રતિબિંબિત, ઝંખવાએલા અને વીખરાઈ ગએલા કે જરાક જ એકાગ્ર થએલા પ્રકાશનો હોવાનો,- આત્માની વિશાળ, સર્વગ્રાહી, સ્વયં-ભૂ પ્રકાશ-મયતા અને આનંદ નહિ - એ અતિ-વિશાળ પ્રકાશ, અતિ-અગાધ આનંદ મનની મર્યાદાથી બહારના છે. ખરેખર જ, મન કદી પણ આત્મતત્ત્વનું સર્વાંગ સુંદર કરણ બની શકે તેમ નથી; તેની સહાય વડે એક સર્વોચ્ચ અભિવ્યક્તિ અસંભવિત છે કારણકે અલગતા, ભાગલા, મર્યાદા એ જ છે તેની અસલ વિશિષ્ટતા. મનને કદાચ ચોખ્ખે-ચોખ્ખાં અસત્ય અને ભૂલો-માંથી મુક્ત કરી શકાય, તોપણ, અને તેને નર્યું સ્ફુરણાત્મક અને અચૂક સ્ફુરણાત્મક બનાવી શકાય તોપણ તે અર્ધ-સત્યો અને અલગ અલગ સત્યોની જ રજૂઆત અને સંકલન કરી શકવાનું, અને તે પણ તેમના પોતાના જ સ્વરૂપમાં નહિ પણ પ્રકાશિત પ્રતિનિધિ જેવાં રૂપકોને ભેગાં કરીને કરેલા એક સરવાળા જેવું કે ખડકેલી ઇમારત જેવું. એટલે આત્મ-પરિપૂર્ણતા

સાધતા મનોમય પુરુષે આટલે આવી પોતાના નિમ્ન અસ્તિત્વને ઉતારી નાખીને શુદ્ધ આત્મતત્ત્વમાં ચાલ્યા જવું જોઈએ અથવા હજી સુધી માનસિક અને ચૈતસિક પ્રકૃતિમાં અપ્રાપ્ત રહેલ એક કાર્યસાધકતાને ભૌતિક જીવનમાં વિકસાવવા તેણે એ ભૌતિક જીવનમાં પુનઃપ્રવેશ કરવો જોઈએ. આ જ વસ્તુને વ્યક્ત કરવા ઉપનિષદમાં કહેલું છે કે સૂર્યનાં કિરણો માનવને ઉઠાવીને મનોમય પુરુષે મેળવેલાં જે સ્વર્ગોમાં લઈ જાય છે, તે જો કે હોય છે તો અતિ માનસિક ઋત-ચેતનાનાં પ્રખર પ્રકાશ-બિંબો જ, છતાં તે હોય છે અકેન્દ્રિત અને અલગ અલગ; આ સ્વર્ગો છોડીને તેને પૃથ્વી પર પાછા આવવું પડે છે. પણ જે પ્રકાશ-પુરુષો આ પાર્થિવ જીવનનો અસ્વીકાર કરીને સૂર્યનાં પ્રકાશ-દ્વાર દ્વારા ઉપર ચાલ્યા જાય છે તેઓ અહીં પાછા ફરતા નથી. પોતાના પ્રદેશને ઓળંગી જનાર મનોમય પુરુષ પાછો ફરતો નથી કારણકે એ અતિક્રમણ દ્વારા એ પરાર્ધમાં આવેલ અસ્તિત્વના વિશિષ્ટ ઊર્ધ્વ પ્રદેશોમાં પ્રવેશ કરે છે. તે ત્યાંની મહાન આધ્યાત્મિક પ્રકૃતિને અહીંના નિમ્ન ત્રિલોકમાં ઉતારી શકતો નથી, કારણકે અહીં આત્માની ઉચ્ચતમ અભિવ્યક્તિ તો મનોમય પુરુષ પોતે જ છે. અહીંના મનોમય, પ્રાણમય અને ભૌતિક દેહ આપણી સમાવેશ-શક્તિનો લગભગ બધો જ ભાગ ભરી દે છે અને પેલી મહાન ચેતના માટે તેમાં સ્થાન રહેતું નથી; આ પાત્રને એ મહાન દેવ-સ્વરૂપનો સમાવેશ કરવા માટે કે આ અતિમાનસિક શક્તિ અને જ્ઞાનની ભવ્યતાને ધારણ કરવા માટે ઘડવામાં આવેલું નથી.

માણસ જ્યાં સુધી મનોમય માયાની હદમાં પુરાએલો રહે ત્યાં સુધી જ આ મર્યાદા વાસ્તવિક રહે છે. જો માનસિક બંધારણની ટોચને પણ વટાવીને એ જ્ઞાન-આત્મામાં પ્રવેશ કરે, જો એ વિજ્ઞાનમય પુરુષ, વિ-જ્ઞાનમાં વસેલ આત્મ-તત્ત્વ, બની જાય અને તેનાં અનંત સત્ય અને સામર્થ્યવાળી પ્રકૃતિને ધારણ કરે, જો એ જ્ઞાનમય કોશમાં, કારણ-દેહમાં, અને સાથે સાથે પ્રાણમય તથા સ્થૂળ ભૌતિક કોશો કે દેહોને જોડી આપતા સૂક્ષ્મ મનોમય કોશમાં પણ જીવન ધારણ કરે તો (અને એમ કરે ત્યારે જ માત્ર) એ અનંત આધ્યાત્મિક ચેતનાના પૂર્ણ-વૈભવને નીચે પોતાનાં પાર્થિવ અસ્તિત્વમાં પૂરેપૂરા ઉતારી લાવી શકે. અને માત્ર ત્યારે જ પોતાની સમગ્ર સત્તાને અને ખુદ તેની આખી, આવિર્ભૂત, દેહધારી, અભિવ્યક્તિ-શીલ પ્રકૃતિને આધ્યાત્મિકતાના રાજ્યમાં ઉઠાવી શકવા સમર્થ થશે. પણ આમાં તો મુશ્કેલીની પરાકાષ્ટા છે; કારણકે, કારણ-દેહ પોતે તો આધ્યાત્મિક પ્રદેશોની ચેતના અને કાર્ય-શક્તિઓ પ્રત્યે તરત જ ખૂલી જાય છે અને પોતાની પ્રકૃતિથી જ તે પરાર્ધ-મય હોય છે, પણ

માનવમાં તો તે હજી સુધી કાં તો જરા પણ વિકસી જ નથી અથવા તો તદ્દન અપરિપક્વ રીતે વિકસેલી અને યોજાએલી તથા આપણી અંદરના છૂપા પ્રદેશના અનેક અંતરિયાળ દ્વારો પાછળ પુરાઈ રહેલી છે. તે પોતાનું સત્ત્વ સત્ય-જ્ઞાનના પ્રદેશમાંથી અને અનંત આનંદના પ્રદેશમાંથી મેળવે છે અને આ પ્રદેશો તો આવેલા છે હજી સુધી અપ્રાપ્ય રહેલ પરાર્ધમાં. નિમ્ન અસ્તિત્વમાં પોતાનાં સત્ય અને પ્રકાશ અને આનંદને પાથરનારા તેઓ જ છે: આપણે જેને આધ્યાત્મિકતા કહીએ છીએ, જેને પરિપૂર્ણતા કહીએ છીએ તે સર્વેનું અસલ ઉદ્ભવ-સ્થાન. પણ તેનાં ઝરણ એવાં તો નક્કર આવરણો-માંથી એવાં તો ચુસાઈને અને ચૂંથાઈ ને અહીં ઝમે છે કે આપણી શારીરિક બોધ-શક્તિની ભૌતિકતામાં બિલકુલ ગુમ થઈ જાય છે, આપણા પ્રાણના આવેગોમાં સ્થૂળ રીતે કઢંગાં અને વિકૃત થઈ જાય છે, ખ્યાલ મેળવવા મથતી ઝંખનાઓમાં જરા ઓછી સ્થૂળ રીતે વિકૃત થઈ જાય છે, અને આપણી માન-સિક પ્રકૃતિના સર્વોચ્ચ, સ્ફુરણાવાળા પ્રદેશોની જરાતરા શુદ્ધતા અને તીવ્રતામાં બહુ જ ઓછાં છતાં ય વિકૃત તો થઈ જ જાય છે. અતિમનસ-તત્ત્વ સર્વ અસ્તિત્વમાં છુપાઈ બેઠેલું છે; સ્થૂળમાં સ્થૂળ ભૌતિકતામાં પણ ખરું જ; તે પોતાનાં ગુપ્ત સામર્થ્ય અને ધર્મ દ્વારા નિમ્ન જગતોને ધારણ કરે છે અને ચલાવે છે. પણ એ સામર્થ્ય પોતાને છુપાવી રાખે છે અને એ ધર્મ અદીઠ રહીને આપણી ભૌતિક પ્રાણમય અને માનસિક પ્રકૃતિના નિમ્ન નિયમોની બેડીશી મર્યાદાઓ અને અપંગ બેડોળતાઓ દ્વારા કાર્ય કરે છે. છેક નીચેના અસ્તિત્વમાં પણ રહેલી તેની હાજરી (અને સર્વ અસ્તિત્વ છે તો સળંગ જ) આપણને ખાતરી કરાવી આપે છે કે તેમની જાગ્રતિ શક્ય છે, ખુદ તેમનું પૂર્ણ પ્રાગટ્ય પણ શક્ય છે, – ભલેને વચ્ચે અનેક આવરણો હોય, ભલેને આપણી અશક્યતાઓ ઢગલાબંધ દેખાતી હોય, ભલેને આપણું મન, પ્રાણ અને શરીર અશક્તિઓ અને અનિચ્છાઓથી ભરેલું હોય. અને જે કાંઈ સંભવિત હોય તે એક દિવસ બનવું જ જોઈએ કારણકે સર્વશક્તિમાન આત્મતત્ત્વનો એ અફર નિયમ છે.

આત્માની આ ઊર્ધ્વ અવસ્થાઓ તથા તેમનાં આધ્યાત્મિક પ્રકૃતિમય જગતોને સમજવાં એ ખચીત મુશ્કેલ છે જ. ખુદ ઉપનિષદ અને વેદોએ પણ રૂપક, સૂચન અને સંજ્ઞાઓ દ્વારા માત્ર તેમનાં છાયાચિત્રો જ રજૂ કરેલાં છે. છતાં પણ, એ ગોળાર્ધની સીમા પર ઊભેલા આપણા મનની મર્યાદામાં રહીને પણ, તેમના સિદ્ધાંતો અને વ્યવહારમાં થતી તેમની અસરનો જરા ક્યાસ મેળવવાનો પ્રયત્ન જરૂરી તો છે જ. આ સીમાને પેલે પારનો માર્ગ બની

રહેશે આત્મજ્ઞાન દ્વારા આત્મ-અતિક્રમણના યોગની ચરમ અવસ્થા અને પૂર્ણતા. ઉપનિષદમાં કહ્યું છે : પરિપૂર્ણતાની અભીપ્સા રાખતો આત્મા અન્નમય પુરુષમાંથી પાછળ હઠતો અને ઉપર ચડતો જઈને પ્રાણમય પુરુષમાં અને પ્રાણમયમાંથી મનોમય પુરુષમાં પહોંચે છે; અને મનોમયમાંથી વિજ્ઞાનમય પુરુષમાં અને વિજ્ઞાનમયમાંથી આનંદમય પુરુષમાં પહોંચે છે. આ આનંદમય-પુરુષ એ જ છે પરિપૂર્ણ સચ્ચિદાનંદનું સચેતન આસન, અને તેમાં પહોંચી જવું એ જ છે આત્માના આરોહણ-માર્ગની અવધિ. તેથી મન વડે મનને દેહધારી ચેતનાના આ નિર્ણયાત્મક રૂપાંતરનો, આપણી નિત્ય-અભીપ્સુ પ્રકૃતિની આ પ્રકાશોજ્જ્વલ કાયા-પલટનો અને આત્મ-અતિક્રમણનો કાંઇક ખ્યાલ આપવાનો યત્ન કરવો જ જોઈએ. મન વડે મેળવેલું વર્ણન વસ્તુના પોતાના જેટલું પૂર્ણ તો કદી પણ ના હોઈ શકે; પણ છેવટે એ તેનાં સૂચક છાયાચિત્ર કે, કદાચ, અર્ધ-પ્રકાશિત ચિત્ર તરફ આંગળી તો જરૂર ચીંધી શકે.

પ્રકરણ : ૨૨

# વિ-જ્ઞાન

આત્મ-અતિક્રમણને પરિપૂર્ણતાથી પાર પાડીને આપણે અજ્ઞાનમાંથી કે આપણી મનોમય સચેતન સત્તાનાં અર્ધજ્ઞાનમાંથી બહાર નીકળીને તથા ઉપર ચાલ્યા જઈને તેની ઉપરના એક મહાન પ્રજ્ઞામય પુરુષમાં અને સત્યમય શક્તિમાં ચાલ્યા જઈએ છીએ, અને ત્યાં દિવ્ય જ્ઞાનના સીમાવિહીન પ્રકાશમાં નિવાસ મેળવીએ છીએ. આપણે હાલના મનોમય માણસ મટી વિજ્ઞાનમય પુરુષ, સત્ય-દ્રષ્ટા દેવ બની જઈએ છીએ. આરોહણનાં, અદ્રિશાં એ ઊર્ધ્વાસને આરૂઢ થતાં આપણે વિશ્વવ્યાપી આત્માની આ ભૌતિક, પ્રાણમય અને મનોમય અવસ્થાના કરતાં તદ્દન જુદા જ સ્તર પર ચાલ્યા જઈએ છીએ અને એ પરિવર્તનની સાથે આપણા આત્મજીવન પ્રત્યેની અને આસપાસની દુનિયા પ્રત્યેની આપણી દૃષ્ટિ અને અનુભૂતિ પણ બદલાઈ જાય છે. એક નવીન આત્માવસ્થામાં આપણે જન્મ પામીએ છીએ; તે સાથે એક નવીન પ્રકૃતિને પણ અંગીકાર કરીએ છીએ. કારણકે જડમાંથી જીવન, જીવનમાંથી મન, બંધનયુક્ત મનમાંથી મુક્ત બુદ્ધિ એમ એક જગતમાંથી બીજા જગતમાંના દરેક આરોહણ વખતે, અપ્રગટ, અર્ધ-પ્રગટ કે પૂર્ણ-પ્રગટ પુરુષ અસ્તિત્વના ઊંચા અને તેથી ય ઊંચા સ્તરો પર જેમ જેમ ચડતો જાય છે તેમ તેમ પ્રકૃતિ પણ ઉચ્ચતર કાર્ય-વાહી, વિશાળતર ચેતના, વધારે વ્યાપક શક્તિ અને અસ્તિત્વના વધારે તીવ્ર કે વિશાળ વિસ્તારવાળા આનંદમાં ઊંચે ચડતી જાય છે. પણ મનોમય પુરુષમાંથી વિજ્ઞાનમય પુરુષમાનું પરિવર્તન એ યોગમાં એક મહાન અને નિર્ણયાત્મક પરિવર્તન છે; વિશ્વવ્યાપી અજ્ઞાને આપણી ઉપર લીધેલી પકડમાંથી એ આખરી મુક્તિ છે અને પદાર્થોનાં પરમ સત્ય પર, અને એક ચેતના પર,– અનંત અને શાશ્વત, તથા અંધકાર, અસત્ય, યાતના અને ભૂલ-ભ્રમથી અભેદ્ય ચેતના પર આપણું એ અડગ આસન છે.

અને દિવ્ય પરિપૂર્ણતાના આરોહણમાં આવતું સૌથી પહેલું શિખર પણ આ જ છે; એ છે : સાધર્મ્ય, સાદૃશ્ય. અગાઉ મેળવેલું સહુ કાંઈ આને જ

અનુલક્ષીને થતું હતું કે આમાંથી જ પોતાની કાંઈક સાર્થકતા મેળવતું હતું. મનની કે અધિમનસની ઊંચામાં ઊંચી ઊંચાઈ પણ આછાપાતળા અજ્ઞાનના જ પ્રદેશમાં આવેલી છે; ત્યાં દિવ્યતાનો શુદ્ધ પ્રકાશ આવે છે ખરો પણ વંકાઈ જઈને; અને તેમાંથી આપણાં નીચેનાં અંગોમાં ચળાઈ આવતી તેની શક્તિ પણ જેવી ને તેવી નથી રહેતી. કારણકે આપણે જ્યાં સુધી મન, પ્રાણ અને શરીરના ત્રેવડા સ્તરમાં હોઈએ છીએ ત્યાં સુધી, શુદ્ધ મન-પ્રદેશમાં સ્થિર થએલ પુરુષ થોડીઘણી પણ જ્ઞાન-પ્રાપ્તિ કરે તે છતાં, આપણી સક્રિય પ્રકૃતિ તો અજ્ઞાનની શક્તિ વડે જ કાર્ય કરવાનું ચાલુ રાખતી હોય છે. અને પુરુષ જ્ઞાનની પૂર્ણ વિશાળતાને મનોમય ચેતનામાં પ્રતિબિંબિત કરે કે તેનું પ્રતિનિધિત્વ કરે તોપણ તે તેને કાર્ય-શક્તિમાં યોગ્ય રીતે વહાવી શકતો નથી. પોતાનાં કાર્યમાં સત્યનો અતિ વધારો થાય ખરો, છતાંય તે મર્યાદિત તો રહેવાનું જ, તે એક એવી વિભાજકતાનો ભોગ રહેવાનું કે જે તેને અનંતની શક્તિમાં પૂર્ણ એકમ તરીકે કાર્ય કરતાં અટકાવશે. સામાન્ય શક્તિઓની સરખામણીમાં, દિવ્યતાથી આલોકિત થએલ મનનું સામર્થ્ય અતિ પ્રબળ બને તે છતાં તેને અશક્તિનું બંધન રહેવાનું; અને કાર્ય-સાધક સંકલ્પની શક્તિમાં અને તેને પ્રેરતા સર્જક ભાવના પ્રકાશમાં પૂરેપૂરો મેળ રહી શકતો નથી. સંસ્થિતિમાં અનંતની હાજરી રહેવા છતાંય પ્રકૃતિની કાર્યવાહીમાં સક્રિય શક્તિ તો નિમ્ન પ્રકૃતિના જ રહે છે તેની કારોબારી ત્રિગુણાત્મક જ રહે છે અને પોતાનામાં રહેલ મહત્તાને તે પૂરતી સાકાર કરી શકતી નથી. આ જ છે તેનો બિન-અસરકારકતા-ભર્યો કરુણ અંત, આદર્શ અને સંકલ્પ-શક્તિ વચ્ચેની ખાઈ; આ જ છે : મન અને પ્રાણ પોતાની પાછળ રહેલ દિવ્યતાની પ્રાપ્તિ માટે જે અભીપ્સા સેવે છે તેને અનુસરતી આપણી આંતર-ચેતનામાં અનુભવાતા સત્યને જીવંતરૂપે અને કાર્યમાં સાકાર કરવાની આપણી કાયમી અશક્તિ. જ્યારે, વિ-જ્ઞાન એટલે કે અતિમનસ એ માત્ર સત્ય જ નહિ પણ સત્ય-ભર્યો શક્તિ પણ છે જ; એ પોતે જ છે અનંત અને દિવ્ય પ્રકૃતિની પોતાની કાર્યવાહી; એ છે, એક સાથે, દિવ્ય જ્ઞાન અને દિવ્ય સંકલ્પ-શક્તિ, —એવી સંકલ્પ-શક્તિ કે જે સહજ, આલોકિત અને અફર આત્મ-સાર્થકતાના સામર્થ્ય અને આનંદથી ભરેલી છે.

પણ તો આ વિ-જ્ઞાન એ છે શું? તેને કેવી રીતે વર્ણવી શકાય? અહીં આપણે સામસામી બાજુની બે ભૂલોથી, વિજ્ઞાનનાં સત્યની બે સામસામી બાજુની ખોટી રજૂઆત કરતા બે ખોટા ખ્યાલથી સાચવવાનું છે. એક ભૂલ છે બુદ્ધિ-બાંધ્યા ચિંતકોની; તેઓ વિજ્ઞાન અને બુદ્ધિનો એક જ

અર્થ કરે છે, અને બુદ્ધિનો અર્થ કરે છે તર્ક-પ્રધાન બુદ્ધિ, ભેદ પારખતી બુદ્ધિ. આવો અર્થ સ્વીકારનારા એમ માને છે કે આ બુદ્ધિના પ્રદેશથી ઉપર સીધો જ શુદ્ધ આત્મ-પ્રદેશ છે. વચ્ચેના કોઈ અંતરિયાળ પ્રદેશમાં તેઓ માનતા નથી; આ તર્ક-પ્રધાન બુદ્ધિના સિવાયની, જ્ઞાન માટેની કોઈ દિવ્ય કાર્યવાહીને તેઓ સ્વીકારતા નથી; સત્યને જોવાના માનવના મર્યાદિત કરણને ચેતનાની સર્વોચ્ચ શક્તિ, તેની ઊંચામાં ઊંચી સક્રિયતા અને અસલ પ્રવૃત્તિ ગણવામાં આવે છે. તો વળી આની સામી બાજુની ભૂલ, ખોટો ખ્યાલ, એવા ગૂઢવાદીઓ કરે છે કે જેઓ વિજ્ઞાનને મનની ખ્યાલ-શક્તિથી મુક્ત એવી અનંતની ચેતના સાથે અથવા તો એક એવી ખ્યાલ-શક્તિ સાથે એકરૂપ ગણે છે કે જે વિચારોના એક સત્ત્વરૂપે નક્કર બની હોય, અન્ય સર્વ સક્રિયતા છોડી એકમાત્ર "એક"ના જ, એક અને અવિકારી ખ્યાલમાં લીન થઈ ગઈ હોય. ઉપનિષદમાં જણાવેલ "ચૈતન્યઘન" આ જ છે અને વિજ્ઞાનની અનેક-મુખી ગતિની એક ગતિ અથવા તો એક પ્રવાહ, એક રેખા છે. પણ વિજ્ઞાન એ અનંતતાના સાર-તત્ત્વની આ ઘનીભૂત ચેતના માત્ર જ નથી; એ તો એની સાથે સાથે, અને એક સાથે, અનંતની લખ-વિધ લીલાનું એક અનંત જ્ઞાન પણ છે. તે સર્વે ખ્યાલ-શક્તિનો (માત્ર માનસિક નહિ પણ અતિમાનસિક પણ ખરી જ) પોતાનામાં સમાવેશ કરે છે, પણ તે ખ્યાલ-શક્તિથી સીમિત નથી કારણકે સર્વે ખ્યાલ-શક્તિના કરતાં તો તે અતિ અતિ વિશાળ છે. વળી આ વિજ્ઞાનમય ખ્યાલ-શક્તિની ખાસિયત બૌદ્ધિક ચિંતન નથી; આપણે જેને તર્ક-પ્રધાન શક્તિ કહીએ છીએ તે તે નથી; કે નથી એકાગ્ર બૌદ્ધિકતા, કારણકે તર્ક-શક્તિની પદ્ધતિ માનસિક હોય છે, જ્ઞાન-પ્રાપ્તિ માનસિક હોય છે, તેનો પાયો પણ માનસિક હોય છે; જ્યારે વિજ્ઞાનની ખ્યાલ-શક્તિની પદ્ધતિ સ્વયં પ્રકાશ-પૂર્ણ, અતિ-માનસિક હોય છે, તેના ચિંતન-પ્રકાશની ભેટ સ્વતઃ પ્રેરિત હોય છે, પ્રયત્ન-ભરી પ્રાપ્તિ નથી હોતી, તેનો ચિંતન-પાયો સચેતન એકરૂપતાની રજૂઆત હોય છે, આડકતરા સંપર્ક દ્વારા પડતી છાપનું અન્ય રૂપાંતર નહિ. વિચાર-શક્તિનાં આ માનસિક અને અતિ-માનસિક સ્વરૂપો વચ્ચે સંબંધ છે, એક જાતની ભાંગીતૂટી એકરૂપતા પણ છે; કારણકે એક એ બીજામાંથી ગુપ્તપણે ઉદ્દ્ભવે છે. જે મનથી પર છે, મનસાતીત છે તેમાંથી મન ઉદ્દ્ભવે છે. પણ તેઓ ભિન્ન ભિન્ન ક્ષેત્રમાં કાર્ય કરે છે અને એકબીજાથી ઊલટી રીત અજમાવે છે.

ખુદ શુદ્ધમાં શુદ્ધ બુદ્ધિ, ખૂબ તેજસ્વી તર્ક-પ્રધાન બુદ્ધિ-મયતા એ પણ વિજ્ઞાન નથી. તાર્કિકતા કે તેજસ્વિતા એ માત્ર નિમ્ન બુદ્ધિ છે; એને

ઇન્દ્રિય-પ્રધાન મનની બોધનાઓ અને માનસિક સમજના ખ્યાલો ઉપર આધાર રાખવો પડે છે. તે વિજ્ઞાનની માફક સ્વયં-પ્રકાશિત, સ્વયં-પ્રમાણિત નથી, જ્ઞાતાને જ્ઞેય સાથે એકરૂપ કરતી નથી. અલબત્ત, બુદ્ધિનો એક એવો ઊર્ધ્વ પ્રકાર પણ છે કે જેને સ્ફુરણાત્મક મન કે સ્ફુરણાત્મક સમજ-શક્તિ કહી શકાય; એ એની સ્ફુરણા, પ્રેરણા, ત્વરિત સત્ય-દૃષ્ટિ, પ્રકાશપૂર્ણ આંતર-દૃષ્ટિ અને આંતર-પરખ વડે તાર્કિક સમજ-શક્તિનું કાર્ય ઉચ્ચ સામર્થ્યથી, ઝડપી કાર્યથી, તથા ખૂબ અને સહજ નિશ્ચિતતાથી કરી શકે છે, તે સત્યની પોતાની એવી પ્રકાશમયતામાં કાર્ય કરે છે કે જે ઇન્દ્રિયપ્રધાન મનના મશાલ શા ઝબકારા ઉપર કે તેની મર્યાદિત, અનિશ્ચિત બોધનાઓ ઉપર આધાર નથી રાખતી; તે બૌદ્ધિક નહિ પણ દર્શનમય ખ્યાલ વડે આગળ વધે છે; તે એક જાતની સત્ય-દૃષ્ટિ, સત્ય-શ્રવણ, સત્ય-સ્મરણ, સીધી જ સત્ય-પરખ છે. આ સાચી અને સત્તાવાહી સ્ફુરણાને સામાન્ય માનસિક સમજ-શક્તિના એક વિશિષ્ટ પ્રકારમાંથી ભિન્ન રીતે સમજવાની જરૂર છે (કારણકે બહુ જ સહેલાઈથી તેની સાથે તેનો ગોટાળો કરી નખાય છે); તે તાર્કિકતાને સમાવી લઈને, જાણે કે એક કૂદકો મારીને નિર્ણય લઈ લે છે, તેને સામાન્ય તાર્કિક સમજની માફક એક પછી એક પગલાં ભરવાં પડતાં નથી. ખતરનાક રસ્તા ઉપર ચાલતો માણસ જેમ રસ્તે આવતા દરેક ઢેફા કે પથ્થરને જુએ છે, પગથી તપાસી જુએ છે, ખાતરી કરે છે અને પછી આગળ વધે છે તે રીતે તાર્કિક સમજ કાર્ય કરે છે. પણ સમજ-શક્તિની આ અતિ-તાર્કિક પદ્ધતિ એ તો ઉતાવળી આંતર-સમજ કે ઝડપી પારખ-શક્તિવાળી પ્રવૃત્તિ છે; એક સલામત જગ્યાએથી બીજી સલામત જગ્યાની ખાતરી સાથે, કે તેને સલામત માની લઈને ફલાંગ ભરીને કે કૂદી કૂદીને ચાલતા માણસની માફક તે આગળ વધે છે. તે વચગાળાની જગ્યાને એક ત્વરિત નજરથી આખી જ જોઈ નાખે છે પણ તેની બધી જ લંબાઈ, ઊંચાઈ, નીચાઈ અને વિસ્તારને આંખ કે પગ વડે જોતી-તપાસતી ચાલતી નથી. આ રીતમાં સ્ફુરણા-શક્તિનો કાંઈક સ્પર્શ, તેની જરાક ઝડપ, તેની દૃષ્ટિ અને નિશ્ચિતતાનો કાંઈક ભાસ જરૂર હોય છે અને કદાચ આપણે તેને જ સ્ફુરણા-શક્તિ એકદમ માની પણ લઈએ; પણ આમ માની લઈએ તે ભૂલ જ અને જો તેનો વિશ્વાસ કરી બેસીએ તો ખેદજનક થાપનો ખતરો રહેવાનો.

બુદ્ધિવાદીઓ તો એમ પણ માને છે કે સ્ફુરણા પોતે બીજું કાંઈ નહિ પણ આ ઝડપી પ્રક્રિયા જ છે કે જેમાં તર્ક-પ્રધાન મનની આખી જ ક્રિયા, પોતાની તાર્કિક અને જાગ્રત રીતે નહિ પણ વીજળી-વેગે અથવા, કદાચ,

અર્ધ-જાગ્રત રીતે કે અવચેતન રીતે થઈ જાય છે. પણ આ તર્ક-ક્રિયાનો મૂળ પ્રકાર જ સ્ફુરણા-શક્તિના કરતાં તદ્દન જુદો છે અને તે કાંઈ હમેશાં સત્યની જ એક ક્રિયા નથી હોતી. કૂદકો મારવાની તેની શક્તિને પરિણામે તે કદાચ ગુલાંટ પણ ખાઈ બેસે, ઝડપ લેવા જતાં ફસકી પણ પડે, તેની નિશ્ચિતતા ઘણી ય વાર મક્કમ ભૂલ પણ થઈ પડે. તેના નિર્ણયોની સત્યતાનો આધાર, હમેશાં, પછીથી કરાતી ચકાસણી ઉપર રહે છે, અથવા તો પોતાની જ નિશ્ચિતતાને સ્પષ્ટ કરવા માટે ઇન્દ્રિય-બોધની જુબાની કે બૌદ્ધિક વિચારણાઓની તર્ક-બદ્ધ કડીઓને વચ્ચે લાવવી પડે છે. અલબત્ત આવા નિમ્ન અજવાળામાં સ્ફુરણાની પોતાની ભેળવણી સહેલાઈથી ભળી જઈ શકે છે, અને તેમ થતાં સ્ફુરણાના ભ્રમવાળું કે અર્ધ-સ્ફુરણાવાળું એક મન ઊભું થાય છે, કે જે જોરશોરથી માની લીધેલી ખોટી ખાતરીઓના વંટોળ ચડાવી તેના ઓઠા નીચે ઝળહળતી સફળતાનો દેખાવ કરી ખોટે રસ્તે દોરી જઈ શકે છે. સાચી સ્ફુરણા તો, ઊલટાની, સત્યની ખાતરીથી સ્વયં ભરેલી જ હોય છે; તે પોતાના પ્રદેશમાં નિશ્ચયાત્મક અને અચૂક હોય છે. અને જ્યાં સુધી એ શુદ્ધ સ્વરૂપમાં હોય, જ્યાં સુધી તેણે ઇન્દ્રિયોની ભૂલ-ભ્રમ કે બુદ્ધિની ખ્યાલ-શક્તિને ભળવા દીધી ના હોય ત્યાં સુધી કોઈ પણ અનુભવ તેને કદી ય ખોટી ઠેરવતો નથી. તર્ક-શક્તિ કે ઇન્દ્રિય-બોધનાઓ તેને પછીથી ચકાસે અને સાચી ઠેરવે એમ બને પણ તેની પોતાની સત્યતા એ ચકાસણી પર આધારિત નથી હોતી; તેની નિશ્ચિતતા તો સહજ અને સ્વયં-સિદ્ધ હોય છે. તર્ક-શક્તિ પોતાનાં અનુમાનોના આધારે આ ઊર્ધ્વ પ્રકાશને ખોટો ઠેરવે તોપણ છેવટે તો, પૂરતું જ્ઞાન મળતાં, જણાઈ આવે છે કે સ્ફુરણા-ભર્યો નિર્ણય સાચો જ હતો અને વધારે સાચો જણાતો તાર્કિક અને અનુમાન-બદ્ધ નિર્ણય ખોટો હતો. કારણકે સાચી સ્ફુરણા વસ્તુમાત્રના સ્વયંભૂ સત્યમાંથી ઉદ્દ્ભવે છે અને, જ્ઞાનપ્રાપ્તિની કોઈ પરોક્ષ, અનુગામી કે આધાર માગતી પદ્ધતિ વડે નહિ પણ આ સ્વયંભૂ સત્ય વડે જ અડગ ઊભી રહે છે,

પણ સ્ફુરણાત્મક વિચાર-શક્તિ એ પણ વિજ્ઞાન નથી; એ તો હોય છે : મનના પ્રદેશોમાં પોતાના પ્રકાશ-ઝબકારાથી રસ્તો શોધતા અતિમનસના પ્રકાશની કિનારી,- જાણે કે અંધારા, વાદળઘેર્યા આકાશમાં વીજળીના ચમકારા. તેની પ્રેરણાઓ[1], દર્શનો[2], સ્ફુરણાઓ[3], સ્વયંપ્રકાશિત વિવેક[4], એ બધાં ઊર્ધ્વજ્ઞાન-પ્રદેશમાંથી આપણી ચેતનાના નીચલા સ્તરોમાં, યોગ્ય સમયે ઊતરી આવતા સંદેશા હોય છે. સ્ફુરણાત્મક મનની ખાસિયત જ એવી છે

---

૧. Inspirations ૨. Revelations ૩. Intuitions ૪. Discernings.

કે તે તેનાં અને સ્વ-પર્યાપ્ત વિજ્ઞાનનાં કાર્યની વચમાં એક મોટી ખાઈ, તફાવત સર્જી દે છે. સૌથી પહેલાં તો, તે અલગ અલગ અને મર્યાદિત ઝળહળાટથી કાર્ય કરે છે અને તેમાંનું સત્ય મોટે ભાગે એવી નીચી ઊંચાઈ પરનું કે જ્ઞાનના એવા નાના ટુકડા પરનું હોય છે કે જે તેના વીજ-ચમકારાથી ઝબકી ઊઠયું હોય છે અને ત્યાં જ તેનું ચમત્કાર-કાર્ય શરૂ તેમ જ પૂરું થઈ ગયું હોય છે. પશુઓમાં અંધપ્રેરણા[5] વડે થતાં કાર્ય જાણીતાં છે; પશુઓને જેની પર આધાર રાખવાનો હોય છે તે તેમનું સર્વોચ્ચ અને સચોટ કરણ છે: પ્રાણ કે ઇન્દ્રિય-પ્રધાન મન; તેમનામાં માનવ-સહજ બુદ્ધિની તેજસ્વિતા તો હોતી નથી, હોય છે માત્ર કથીરી અને અતિ કાચી બુદ્ધિ; તેથી તેમના પ્રાણ કે ઇન્દ્રિય-પ્રધાન મનમાં જ યંત્રવત્, સહજ, સ્ફુરણા ઊઠતી હોય છે અને તે જ છે એ અંધ-પ્રેરણા. અવલોકનથી જાણી શકાય છે કે બુદ્ધિના કરતાં ખૂબ વધારે સચોટ એવી આ અંધ-પ્રેરણા તે પશુ, પક્ષી અને જીવજંતુઓમાં કોઈક એવા ચોક્કસ ઉપયોગ પૂરતી જ મર્યાદિત રહેલી હોય છે કે જેને ખાતર જ તે મુકાએલી હોય છે. જો પશુઓનું આ પ્રાણમય મન આ મર્યાદાની બહાર કાર્ય કરવા જાય તો માણસની તર્કશક્તિના કરતાં ઘણી જ વધારે અંધ ભૂલો કરી બેસે છે અને ઇન્દ્રિયોના આધારે અનેક અનુભવોની હારમાળાને અંતે, મહામુશ્કેલીથી જ સાચું કાર્ય શીખે છે. માણસમાં થતી મનોમય સ્ફુરણા એ પ્રાણમય નહિ પણ આંતર-દૃષ્ટિવાળી સ્ફુરણા હોય છે, કારણકે તે ઇન્દ્રિય-પ્રધાન મનને નહિ પણ બુદ્ધિને આલોકિત કરે છે; તે અર્ધ-અવચેતનામય અંધારિયો પ્રકાશ નહિ પણ સચેતન અને સ્વયં-પ્રકાશિત હોય છે; તે યાંત્રિક સહજ-કાર્ય નહિ પણ મુક્ત, સ્વયં-સંચાલિત કાર્ય હોય છે. તે છતાં,- વેશધારી ભ્રામક સ્ફુરણાથી તે દૂષિત ના થઈ હોય તોપણ-પ્રાણીઓમાં જેમ જીવનની અમુક જરૂરિયાત માટેની કે પ્રકૃતિના કોઈક હેતુ માટેની અંધપ્રેરણા-રૂપે મર્યાદિત રહે છે તેમ માનવમાં પણ સંકલ્પના કે જ્ઞાનના કોઈક હેતુ માટે જ મર્યાદિત રહે છે. અને જ્યારે બુદ્ધિ તેનો લાભ લેવા માટે, કે તેને અજમાવવા માટે કે તેમાં સુધારો કરવા માટે પ્રયત્ન કરે છે (અને એને એવી લગભગ પાકી ટેવ જ હોય છે) ત્યારે તે સ્ફુરણાના કેન્દ્રની આજુબાજુ પોતાની આગવી રીતે સાચા-જૂઠાના ભેળનો ઢગલો ઊભો કરી દે છે. વળી, અનેક વાર, સ્ફુરણાની ખુદ અસલ વસ્તુમાં પણ ઇન્દ્રિય-પ્રધાન કે ખ્યાલ-પ્રધાન ભૂલોને ઘુસાડી દઈને કે તેની ઉપર માનસિક સરવાળા-બાદબાકીનો ઓપ ચડાવી

૫. Instinct

દઈને તેના સત્યને અવળમાર્ગી કે બેડોળ જ નહિ પણ પાકું અસત્ય જ બનાવી દે છે. એટલે, સારામાં સારી સ્થિતિમાં સ્ફુરણા આપણને મર્યાદિત જ – જો કે તીવ્ર–પ્રકાશ આપે છે અને ખરાબમાં ખરાબ સ્થિતિમાં, આપણા દુરુપયોગ કે ખોટાં અનુકરણને પરિણામે તે આપણને મૂંઝવણમાં કે ગોટાળામાં મૂકી દે છે. બુદ્ધિ બહુ કૂદી પડનારી ના હોય તો પોતાની સલામત અને રગશિયા ગતિમાં સંતોષ માનવાને લીધે આમાંથી બચી જાય છે,— બુદ્ધિનાં સામાન્ય કાર્યો માટે તો આ વસ્તુ સલામત છે પણ આંતર–સત્યોનાં રહસ્ય ઉકેલવા માટે તેમાંથી પૂરતું માર્ગદર્શન નથી મળી શકતું.

તાર્કિક બુદ્ધિ પર અતિ આધાર રાખવાનું ઓછું કરતા જઈને ધીમે ધીમે સ્ફુરણાત્મક મનને વિકસાવવાનું અને તેનો ઉપયોગ વધારતા જવાનું શક્ય છે. મનને અત્યારે જે હોય છે કે સ્ફુરણાના જે પ્રકાશમય તૂટક ઝબકારા મળતા જાય તેને ઝડપીને પોતાના નિમ્ન હેતુ માટે તેનો લાભ ઉઠાવવો, અને તેની આજુબાજુ બૌદ્ધિક કાર્યનાં ખડકશાં કોચલાં ચણી લેવા વિચારોને દોડાવી દેવા તે ટેવ છોડવાનું તેને શીખવાડી શકાય; સતત અને કટીબદ્ધ સ્ફુરણાઓના પ્રવાહ–ભર્યા વિચારો કરવાનું, તેજસ્વી અને સદા–વિજયી હારમાળારૂપે પ્રકાશ ઉપર પ્રકાશ પાથર્યે જવાનું આપણે તેને શીખવી શકીએ. આપણે વચ્ચે કૂદી પડતી બુદ્ધિને જેટલે અંશે શુદ્ધ કરી શકીએ ( એટલે કે તેનામાં રહેલા પદાર્થોના બાહ્ય દેખાવના ગુલામ બનેલા આપણા જડ વિચારોના તત્ત્વને, નિમ્ન પ્રકૃતિની ઇચ્છાઓ, કામનાઓ, આવેગો વગેરેના ગુલામ બનેલા પ્રાણમય વિચારોના તત્ત્વને અને આપણા મનગમતા અને સ્થાપિત અથવા મનમેળવાળા વિચારો, ખ્યાલો, અભિપ્રાયો તથા બુદ્ધિની નિશ્ચિત ક્રિયાઓ એ સર્વના ગુલામ બનેલા બૌદ્ધિક વિચારોના તત્ત્વને નીચામાં નીચી સપાટીએ લઈ જઈ શકીએ ) તો તેમની જગ્યાએ આપણે પદાર્થો માટેની એક સ્ફુરણાત્મક દૃષ્ટિ અને સંવેદન, બાહ્ય દેખાવોની અંદર એક સ્ફુરણાભરી આંતરદૃષ્ટિ, એક સ્ફુરણાત્મક સંકલ્પ–શક્તિ અને સ્ફુરણાત્મક ખ્યાલ–શક્તિ સ્થાપી શકીએ. પોતાની અપૂર્ણતા અને અજ્ઞાન સાથે, મનોમયતા, પ્રાણમયતા અને ભૌતિકતાના ત્રિવિધ બંધથી સ્વભાવથી જ બંધાએલી આપણી ચેતનાને માટે આ એક કપરું કાર્ય છે. ઉપલાં, મધ્યમ અને નીચલાં દોરડાં–રૂપી, મિથ્યાભાસભર્યાં સત્ય–અસત્યનાં બંધનથી બંધાએલા આત્માની આ વાત યજ્ઞના થાંભલે બંધાએલા શુનઃશેપની કથારૂપે વેદમાં રજૂ થએલ છે.

પણ, આ કપરા કાર્યને સંપૂર્ણ સિદ્ધ કરી શકીએ તોપણ સ્ફુરણા એ વિજ્ઞાન નહિ બને; એ, બહુ બહુ તો, મનમાં વિજ્ઞાનનું એક આછું-

પાતળું પ્રસારણ અથવા તેના પ્રથમ પ્રવેશની ધારદાર કિનાર જ બનશે. પ્રતીકોનો આશરો લીધા વિના આ ભેદ સમજાવવો સહેલો નથી; એટલે જ વેદમાં સૂર્યને[૬] વિજ્ઞાનના પ્રતીક તરીકે તથા આકાશ, અંતરિક્ષ અને પૃથ્વીને માનવની અને વિશ્વની મનોમયતા, પ્રાણમયતા તથા ભૌતિકતાનાં પ્રતીક તરીકે રજૂ કરેલાં છે. પૃથ્વી પર રહેતો મનોમય પુરુષ અંતરિક્ષમાં આરોહણ કરે કે ખુદ આકાશમાં ઉડ્ડયન કરે છતાં તે હજી સૂર્યના કિરણ-પ્રદેશમાં જ રહે છે, તેના પ્રકાશ-દેહમાં નહિ. અને એ કિરણ-પ્રદેશમાં રહી તે જોશે તે પદાર્થ પોતે નહિ પણ તેના દૃષ્ટિ-તંત્રમાં ઝિલાતું તેનું પ્રતિબિંબ હશે, દૃષ્ટિ-તંત્રની ખામીઓ વડે વિકાર પામેલું અને તેની મર્યાદાઓથી મર્યાદિત થએલું સત્યનું પ્રતિબિંબ હશે. પણ વિજ્ઞાનમય પુરુષ તો ખુદ સૂર્યમાં જ, સત્ય-પ્રકાશનાં બિંબ અને જ્યોતિની પોતાની જ અંદર વસે છે; એ જાણે છે કે આ પ્રકાશ એ છે પોતાની જ સ્વયં-જ્યોતિ-પૂર્ણ જાત; અને નિમ્ન ત્રિ-વિધ અસ્તિત્વ અને તેમાંના દરેક પદાર્થના પૂર્ણ સત્યને પોતાને જ એ જોતો હોય છે. એ તેમને કોઈ માનસિક દૃષ્ટિ-તંત્રમાં ઝિલાતાં પ્રતિબિંબ દ્વારા નહિ પણ વિજ્ઞાન-સૂર્યને પોતાને જ પોતાની આંખ બનાવીને જુએ છે,- તેથી જ વેદમાં કહ્યું છે કે સૂર્ય એ જ છે દેવોની આંખ. મનોમય પુરુષ સ્ફુરણાત્મક મનમાં જાય તોપણ સત્યનું ઝળહળતું પ્રતિબિંબ જ કે મર્યાદિત ધ્વનિ જ પામી શકે છે અને તે પણ મનોમય દૃષ્ટિની મર્યાદાઓ અને મામૂલી શક્તિને આધીન રહીને જ પણ મનસાતીત પુરુષ તો વિજ્ઞાનના પોતાના જ વડે સત્યને જુએ છે, સત્યને કેન્દ્રમાંથી, તેના ઊભરાતા જુવાળમાંથી જુએ છે, તેનાં અસલ યથાર્થ સ્વરૂપમાં, અને તેના પોતાના સહજ અને સ્વયં-પ્રકાશિત ક્રિયા-પ્રવાહમાં જુએ છે. કારણકે વિજ્ઞાન એ પરોક્ષ અને માનવીય જ્ઞાનના કરતાં ઊલટું પ્રત્યક્ષ અને દિવ્ય જ્ઞાન છે.

વિજ્ઞાનનું સ્વરૂપ બુદ્ધિને સમજાવવું હોય તો બુદ્ધિનાં સ્વરૂપ સાથે તેનો તફાવત જણાવીને જ સમજાવી શકાય; અને તેમ કરવામાં પણ જે ભાષા વાપરવી પડે તેના વડે તો (જો વિજ્ઞાનનો થોડોઘણો પણ અનુભવ ના હોય તો) કાંઈ જ સમજાવી ના શકાય. કારણકે બુદ્ધિએ સર્જેલી કઈ ભાષા બુદ્ધિથી પરની વસ્તુને વ્યક્ત કરી શકે? બુદ્ધિ અને વિજ્ઞાન એ બેની વચ્ચે મૂળમાં ભેદ એ છે કે માનસિક, તર્કપ્રધાન બુદ્ધિ મહેનત કરી કરીને અજ્ઞાનમાંથી સત્ય તરફ આગળ વધે છે, જ્યારે વિજ્ઞાનમાં પોતાનામાં જ સત્યનો સીધો સંપર્ક, પ્રત્યક્ષ દર્શન, સહજ અને સતત મિલાપ હોય છે, અને તેને

૬. એટલા જ માટે વેદમાં સૂર્યને ऋतं ज्योतिः કહેલો છે.

કોઈ શોધ કે પ્રયાસ કરવાનો હોતો જ નથી, બુદ્ધિ શરૂઆત કરે છે બાહ્ય દેખાવો પરથી; અને એ દેખાવો સાથેનો પૂરેપૂરો સંબંધ તો કદી પણ છોડયા વિના કે ભાગ્યે જ છોડીને તેમની પાછળ રહેલા સત્યને પામવા મથામણ કરે છે; તે સત્યને બાહ્ય દેખાવોના પ્રકાશથી અજવાળે છે. વિજ્ઞાન શરૂઆત કરે છે સત્યમાંથી અને બાહ્ય દેખાવોને સત્યના પ્રકાશમાં ખુલ્લા કરે છે; વિજ્ઞાન એ પોતે જ છે સત્યનો દેહ અને સત્યનો આત્મા. બુદ્ધિ અનુમાનો દ્વારા આગળ વધે છે અને નિર્ણય આગળ અટકે છે; પણ વિજ્ઞાન તો એકરૂપતાથી જ, પ્રત્યક્ષ દર્શનથી જ આગળ વધે છે,– તે પોતે જ સત્ય છે, સત્ય જુએ છે, સત્ય જાણે છે. ભૌતિક દૃષ્ટિ પદાર્થોનાં બાહ્ય સ્વરૂપો જેટલી પ્રત્યક્ષતાથી જુએ છે તેટલી, અને તેનાં કરતાં તો ક્યાંય વધારે પ્રત્યક્ષતાથી વિજ્ઞાન પદાર્થોનાં પોતાનાં સત્યને જુએ છે, ઝીલે છે. પણ ભૌતિક ઇન્દ્રિયો પડદામાં પુરાઈને પદાર્થો સાથે સંપર્ક સાધે છે, જ્યારે વિજ્ઞાન આડ વિનાની એકતા દ્વારા પદાર્થો સાથે એકરૂપતા સાધે છે. આમ, માણસ જેવી રીતે પોતાના અસ્તિત્વને અનાયાસે ખાતરીથી અને પ્રત્યક્ષ રીતે જાણે છે તે જ પ્રમાણે વિજ્ઞાન પદાર્થમાત્રને જાણી શકે છે. બુદ્ધિને માટે તો ઇન્દ્રિયો દ્વારા જે મળે તે જ પ્રત્યક્ષ જ્ઞાન હોય છે, બીજું સર્વ સત્ય તો પરોક્ષ રીતે તે પામે છે; વિજ્ઞાનમાં તો સત્ય-માત્ર પ્રત્યક્ષ જ્ઞાન હોય છે. એટલે બુદ્ધિની સત્ય-પ્રાપ્તિ એ એક મેળવેલી વસ્તુ હોય છે; તેની ઉપર શંકાનો, અધૂરપનો ઓછાયો, અંધકાર અને અજ્ઞાન કે અર્ધજ્ઞાનના પડછાયાનો પાસ, અને ભાવિ જ્ઞાન દ્વારા થનારા કોઈ ફેરફાર કે ફોગટતાની શક્યતા હમેશાં લટકતી જ રહે છે. વિજ્ઞાનનું સત્ય હોય છે નિઃસંદેહ, સ્વયં-સિદ્ધ, અચૂક અને નિરપેક્ષ.

બુદ્ધિનું પ્રથમ સાધન તે અવલોકન; તે સામાન્ય જાતનું હોય કે પૃથક-કારક કે સમન્વય-કારક પણ હોય; તે વસ્તુઓમાં સરખામણી, તફાવત કે સમાન-રૂપતા શોધવાનો સહારો લે છે; તે અનુભવો પરથી પરોક્ષ જ્ઞાન મેળવવા તારવણી, પુરવણી, અનુમાન વગેરે તાર્કિક રીતો અજમાવે છે; સ્મરણ-શક્તિનો આધાર લે છે; પોતાનાથી દૂરની વસ્તુઓ પકડવા કલ્પના કરે છે; નિર્ણયો બાંધીને સ્થિરતા મેળવે છે. આ બધી તો છે શોધ અને મથામણ. વિજ્ઞાન કાંઈ જ શોધતું નથી; તેને સર્વ કાંઈ સિદ્ધ હોય છે; તેને પ્રકાશ પાડવો હોય તોપણ તે શોધતું નથી; છૂપાને છતું કરે છે, પ્રકાશિત કરે છે. ચેતના જ્યારે બુદ્ધિમાંથી વિજ્ઞાનમાં પલટાઈ જાય ત્યારે કલ્પનાને સ્થાને સત્ય-પ્રેરણા આવી બેસે છે, માનસિક નિર્ણયશક્તિ, સ્વયં-ઉજ્જ્વળ ભેદક-દૃષ્ટિને માર્ગ કરી આપે છે. તર્ક કરીને નિર્ણય પર આવવાની ધીમી

અને ભૂલના ભયવાળી તાર્કિક પદ્ધતિને ત્વરિત સ્ફુરણાત્મક પ્રવાહ ફગાવી દે છે; આખરી નિર્ણય કે હકીકત એકદમ અને આપમેળે જ, સ્વયં પર્યાપ્ત અને સ્વયંસાક્ષી બનીને દેખાઈ આવે છે અને જેને આધારે આપણે તે મેળવી-એ તે સઘળું પણ એકદમ જ, તેની સાથે સાથે જ, તેની સમગ્રતાની અંદર જ, અને તેના આધાર તરીકે નહિ પણ તેની અંતર્ભૂત અવસ્થા તરીકે, કડી અને જોડાણ તરીકે, તેના અંગ તરીકે કે તેની પરિસ્થિતિના પ્રસારણ તરીકે દેખાઈ આવે છે. મનનાં અને ઇન્દ્રિયોનાં અવલોકન એક એવી આંતર-દૃષ્ટિ તરીકે પલટાઈ જાય છે કે જેમાં કરણો રહેશે ખરાં પણ વાહનો તરીકે; અને ઇન્દ્રિયો વિના આપણું મન જેમ આંખકાન વિનાનું થઈ જાય છે તેમ તે નહિ થઈ જાય અને એ દૃષ્ટિ માત્ર વસ્તુને નહિ પણ તેનાં સમગ્ર સત્યને, તેની શક્તિ અને સામર્થ્યને, તેમાંની અનંતતાને પણ જોઈ લેશે. આપણી સંદેહાસ્પદ સ્મરણ-શક્તિ ખરી પડશે અને તેની જગ્યાએ આવી રહેશે જ્ઞાનની એક પ્રકાશપૂર્ણ રિદ્ધિ, એક દિવ્ય યાદદાસ્ત કે જે ભેગો કરેલો કોઈ ભંડાર નહિ હોય પણ જેમાં ચેતનામાં સમાતી દરેક વસ્તુ ભરેલી જ હશે,-ભૂત, વર્તમાન અને, સાથે સાથે ભવિષ્યથી પણ ભરેલી એ યાદદાસ્ત હશે.

કારણકે જો બુદ્ધિ કાળના ક્ષેત્રમાં એક ક્ષણમાંથી બીજી ક્ષણમાં ગતિ કરે છે અને મેળવેલી વસ્તુ ગુમાવે છે અને મેળવે છે, ફરી ગુમાવે છે અને ફરી મેળવે છે તો વિજ્ઞાન કાળને એક જ દૃશ્યમાં અને કાયમી સત્તામાં પકડેલો રાખે છે અને ભૂત, વર્તમાન તથા ભાવિને તેમના અવિભાજ્ય સંબંધમાં તથા, જ્ઞાનના એક સળંગ સતત નકશામાં, એકબીજાની જોડાજોડ સાંકળેલા રાખે છે. વિજ્ઞાનની, સમગ્રતા ઉપર પ્રત્યક્ષ પકડ હોય છે અને ત્યાંથી જ શરૂઆત કરીને તે તેનાં અંગો, વિભાગો અને વિગતોને એ સમગ્ર-તાના સંબંધમાં અને તેની સાથેના સળંગ દૃશ્યમાં જ જુએ છે; જ્યારે બુદ્ધિ ખરી રીતે તો સમગ્રતાને જરા પણ જોઈ શકતી જ નથી અને અંગો, જથ્થાઓ અને વિગતોનાં પૃથક્કરણ અને એકીકરણથી શરૂઆત કર્યા વિના કોઈ પણ સમગ્રતાને પૂરેપૂરી જાણી શકતી નથી; અન્યથા તેને માટે સમગ્ર દૃશ્ય એટલે ઝાંખો ખ્યાલ, અધૂરી સમજ અને અસ્પષ્ટ અંગોનો ગૂંચભર્યો ટૂંક સાર જ રહે છે. બુદ્ધિ ઘટક-તત્ત્વોની, ક્રિયાઓની અને ગુણ-ધર્મોની ચકાસણી કરે છે, અને તેમના સહારે વસ્તુનો પોતાનો, તેની વાસ્તવિકતાનો, તેના સારતત્ત્વનો ખ્યાલ મેળવવા નિષ્ફળ યત્ન કરે છે. પણ વિજ્ઞાન, વસ્તુને પોતાને જ પ્રથમ જુએ છે. તેની અસલ અને સનાતન પ્રકૃતિ સુધી પહોંચી જાય છે અને તેની ક્રિયાઓ અને ગુણધર્મોને તો તેની પ્રકૃતિની અભિવ્યક્તિ

તરીકે જ તેમાં જોડે છે. બુદ્ધિ દ્વૈતમાં, અનેકતામાં જ વસે છે અને તેમાં જ બંધાઈ રહે છે; જેવી રીતે તે કાળના ગાળાઓ અને સ્થળના ટુકડાઓ જ જુએ છે તેવી જ રીતે તે વસ્તુઓને પણ અલગ અલગ જુએ છે અને તેમનાં અસ્તિત્વોને અલગ અલગ ગણે છે; તેને હિસાબે અદ્વૈત, એકતા એટલે અનેકતાઓનો સરવાળો કે અનેકતામાંથી એકની અલગતા કે એક સર્વ-સામાન્ય ખ્યાલ અને ખાલી સ્વરૂપ. પણ વિજ્ઞાન તો અદ્વૈતમાં, એકતામાં જ વસે છે અને તેના જ વડે અનેકતાની સમગ્ર પ્રકૃતિને જાણે છે; તે એકતાથી જ શરૂઆત કરે છે, અનેકતાને એકતાની જ અનેકતા તરીકે જુએ છે. – અનેકતાથી રચાતી એકતા નહિ પણ પોતાની જ અનેકતાને રચતી એકતાને જુએ છે. વિજ્ઞાનનાં જ્ઞાનમાં, વિજ્ઞાનની બોધનામાં કોઈ વાસ્તવિક દ્વૈતનો સ્વીકાર જ નથી; તે વસ્તુઓને, તેઓ પોતાની સાચી અને મૂળ એકતાથી સ્વતંત્ર હોય તેમ અલગ રીતે જોતું જ નથી. બુદ્ધિ સાંત ટુકડાઓને જ ઓળખી શકે છે; અનંતતા આગળ તે મૂઢ થઈ જાય છે; તે અનંતતાનો એક એવા અચોક્કસ વિસ્તાર તરીકે ખ્યાલ કરે છે કે જેમાં સાંતતાઓ સમાએલી છે; અનંતતાનો પોતાનો ખ્યાલ કરવો એ તેને માટે અતિ મુશ્કેલ છે અને એ અનંતતાને પકડવી કે ભેદવી એ તો તેને માટે અશક્ય જ છે. પણ વિજ્ઞાન તો એ અનંતતા પોતે જ છે. તેને જ જુએ છે અને તેમાં જ વસે છે; તે હમેશાં અનંતતાથી જ શરૂઆત કરે છે અને સાંત વસ્તુઓને તે એ અનંતતાના સંબંધમાં અને તેના જ અર્થરૂપે ઓળખે છે.

પણ આ રીતે આપણી પોતાની બુદ્ધિની સાથે સરખામણી કરવાની અપૂર્ણ રીતે નહિ પણ તે પોતાની જ સચેતનતામાં જેવું છે તેવું જ વિજ્ઞાનને વર્ણવવા જઈએ તો ભાગ્યે જ યથાર્થ શબ્દો મળે,– રૂપકો અને પ્રતીકોનો જ આશરો લેવો પડે. વળી, આપણે એ પણ યાદ રાખવું જ પડશે કે વિજ્ઞાન-લોક, મહત્ લોક, એ કાંઈ આપણી ચેતનાનો સર્વોચ્ચ પ્રદેશ નથી, એ મધ્યમાં રહેલો, કડીરૂપ સ્તર છે. શુદ્ધ આત્મતત્ત્વના સનાતન, અનંત સત્, ચિત્ આનંદના ઊર્ધ્વ ત્રિ-એકમ મહિમા-પૂર્ણ પ્રદેશ અને આપણા નિમ્ન ત્રિવિધ પુરુષ અને પ્રકૃતિની વચ્ચે એ જાણે કે સનાતન સતતાની સાંકળ-રૂપ સાકાર બનેલ, નિયંત્રક અને સર્જક પ્રજ્ઞા, શક્તિ અને આનંદ તરીકે આવી રહેલ છે. વિજ્ઞાન-લોકમાં સચ્ચિદાનંદ પોતાના અગ્રાહ્ય અસ્તિત્વના પ્રકાશને એકત્ર કરીને દિવ્ય જ્ઞાન, દિવ્ય સંકલ્પશક્તિ અને અસ્તિત્વના દિવ્ય આનંદરૂપે અને સામર્થ્ય તરીકે આત્મા ઉપર રેલાવે છે,–જાણે કે અનંત પ્રકાશ એક સૂર્યરૂપે ઘન પ્રકાશ-પુંજ બનીને, સૂર્ય પર નભતા સર્વ કોઈની ઉપર

સદાકાળ પોતાનો કિરણોત્સર્ગ લૂંટાવી રહ્યો છે. પણ વિજ્ઞાન એ માત્ર પ્રકાશ નથી, એ શક્તિ પણ છે; તે સર્જક-જ્ઞાન છે, તે દિવ્ય, સર્વોચ્ચ મહત્-જ્ઞાનનું સ્વયં-સાધક સત્ય છે. આ મહત્-જ્ઞાન, વિ-જ્ઞાન એ કોઈ સર્જન-શીલ કલ્પના નથી, તે શૂન્યમાં રચનાઓ કરતું નથી, પણ તે તો છે સનાતન પદાર્થ-તત્ત્વનો પ્રકાશ અને શક્તિ, ઋત-શક્તિથી પૂર્ણ ઋત-જ્યોતિ; અસ્તિત્વમાં ભરેલી શકયતાને બહાર લાવે છે, જેની હયાતી જ ના હોય તેવી કલ્પના-કથા સર્જતું નથી. સનાતન અસ્તિત્વની ચેતનાનો ઉત્સર્ગ પામતો પ્રકાશ-પદાર્થ એ જ વિજ્ઞાનનો સર્જન-ભાવ; તેનું કિરણમાત્ર એટલે જ સત્ય. વિજ્ઞાનમાં રહેલ સંકલ્પ એ છે સનાતન જ્ઞાનની સચેતન શક્તિ; તે અસ્તિત્વની ચેતના અને ઋત-શક્તિનાં અચૂક સ્વરૂપોમાં,- સર્જન-ભાવને સાકાર કરતાં અને તેને નખશિખ પાર પાડતાં સ્વરૂપોમાં - વહાવે છે અને તે દરેક ઋત-શક્તિને અને ઋત-સ્વરૂપને તેના ગુણ-ધર્માનુસાર સહજ અને યથાર્થ રીતે પાર પાડે છે. તેનામાં આ દિવ્ય સર્જન-ભાવની સર્જન-શક્તિ ભરેલી છે તેથી જ વિજ્ઞાનના આ સ્વામીરૂપ અને પ્રતીકરૂપ સૂર્યને વેદમાં વસ્તુ માત્રની જનેતારૂપ, સવિતારૂપ પરમ પ્રકાશ કહેલો છે, આ પ્રગટ સૃષ્ટિનો પ્રજ્ઞામય પ્રકાશ પિતા, સવિતૃ કહેલો છે. તેનું સર્જન સનાતન આનંદથી, દિવ્ય પરમાનંદથી પ્રેરિત છે; તેનાં પોતાનાં જ સત્ય અને શક્તિના આનંદથી સભર છે; તેણે આનંદમાં રહીને, આનંદમાંથી આનંદ-પૂર્ણનું સર્જન કરેલું છે. તેથી વિજ્ઞાન-લોક, મનસાતીત-અતિમાનસિક - જગત તે સત્યપૂર્ણ અને સુખ-સભર, ઋતમ્ ભદ્રમ્ સર્જન છે; કારણકે તેમાંનું સર્વ કાંઈ તેના સર્જકના પરિપૂર્ણ આનંદનું સહભાગી છે. અચળ જ્ઞાનનો દિવ્ય ઉત્સર્ગ, અફર સંકલ્પનું દિવ્ય સામર્થ્ય અને અડગ આનંદની દિવ્ય સહજતા એ જ છે વિજ્ઞાનમય પુરુષ-ની, અતિમાનસિક આત્માની પ્રકૃતિ. અતિમાનસિક કે વિજ્ઞાનમય જગતનું વસ્તુ-તત્ત્વ એવા પરિપૂર્ણ નિરપેક્ષ પદાર્થનું બનેલું છે કે જે અહીં અપૂર્ણ અને સાપેક્ષ રૂપે સર્વત્ર પથરાએલું છે અને ત્યાં જે સુમેળથી એકમેકમાં સંમિલિત અને આનંદથી એકરૂપ પ્રવૃત્તિ કરી રહ્યું છે તે અહીં વિરોધી દ્વંદ્વો બની રહેલું છે. કારણકે અહીં દેખાતાં વિરોધી દ્વંદ્વોની પાછળ તેમનાં સત્યો મોજૂદ રહેલાં છે અને એ સનાતન સત્યોને એકબીજાની સાથે સંઘર્ષ હોતો નથી; આપણાં મન અને પ્રાણનાં દ્વૈતો જ્યારે વિજ્ઞાનમાનાં તેમનાં સત્ય સ્વરૂપોમાં રૂપાંતર પામે છે ત્યારે તેઓ મેળમાં આવી જાય છે અને એક સનાતન બ્રહ્મ અને અંતહીન આનંદના વિવિધ વર્ણ અને પટરૂપે પ્રગટ

થાય છે. અતિમનસ કે વિજ્ઞાન એ સર્વોચ્ચ સત્ય છે, પરમ સંકલ્પ-પરમ ધી, પરમ શબ્દ, પરમ પ્રકાશ, પરમ સર્જન - સંકલ્પ છે; જે સ્થળથી પર છે એવા અનંતનું તે આંતરિક અને બાહ્ય પ્રસારણ છે; જે કાળથી પર છે તેવા સનાતનનો તે અબાધ કાલ છે; પરમ નિરપેક્ષની સર્વે નિરપેક્ષતાનો એ સર્વોચ્ચ સંવાદ છે.

વિજ્ઞાન પ્રત્યે નિહાળતા મન સમક્ષ વિજ્ઞાનની ત્રણ શક્તિઓ રજૂ થાય છે. તેની સર્વોચ્ચ શક્તિ ઈશ્વરના અનંત સત્, ચિત્ અને આનંદને સંપૂર્ણપણે અને ઊર્ધ્વમાંથી તેને પોતાનામાં સમાવે છે; તેનું સર્વોચ્ચ શિખર છે અનંત સચ્ચિદાનંદનું નિરપેક્ષ જ્ઞાન અને શક્તિ. તેની બીજી શક્તિ અનંતને ચૈતન્ય ઘનમાં કે ચિદ્‌ઘનમાં, એક ઘન અને પ્રકાશપૂર્ણ ચેતનામાં એકત્રિત કરે છે; તે દિવ્ય ચેતનાની એવી બીજ-અવસ્થા હોય છે કે જેમાં દિવ્ય સત્તાનાં બધાં જ અવર્ણનીય તત્ત્વો અને દિવ્ય સચેતન સર્જન-ભાવ અને પ્રકૃતિનાં અનુલ્લંઘનીય સત્યો જીવંત અને નક્કર સ્વરૂપે સમાએલાં હોય છે. તેની ત્રીજી શક્તિ આ વસ્તુઓને પરિણામ-સાધક સર્જન-ભાવ, દૃષ્ટિ, દિવ્ય જ્ઞાનની સત્તાવાર એકરૂપતાઓ, દિવ્ય સંકલ્પ-શક્તિના પ્રવાહો અને દિવ્ય આનંદનાં પ્રખર આંદોલનો વડે એક વિશ્વવ્યાપી સંવાદ, એક અસીમ્ય વિવિધતા, અને જીવંત પરિણામોની તેમની શક્તિઓ, સ્વરૂપો અને પરસ્પર કાર્યના એક અનેકમુખી છંદમાં બહાર લાવે છે કે વહેતી મૂકે છે. મનોમય-માંથી વિજ્ઞાનમય થતા પુરુષે આ ત્રણ શક્તિઓમાં આરોહણ કરવું જ પડશે. તેણે પોતાની ગતિઓને વિજ્ઞાનની ગતિઓમાં ફેરવી નાખીને પોતાની મનોમય દૃષ્ટિ, ખ્યાલ, સંકલ્પ, અને સુખને દિવ્ય જ્ઞાનની કિરણાવલીમાં, દિવ્ય સંકલ્પ-શક્તિના ધબકારમાં, દિવ્ય આનંદ-સાગરના તરંગ અને પૂરમાં બદલી નાખવા જ જોઈશે. તેણે પોતાની મનોમય પ્રકૃતિના સચેતન પદાર્થને ચિદ્‌-ઘનમાં, ઘન સ્વરૂપની સ્વયં-જ્યોતિર્મય ચેતનામાં પલટી નાખવી જ પડશે. તેણે પોતાના સચેતન પદાર્થ-તત્ત્વનું એક વિજ્ઞાનમય પુરુષમાં કે અનંત સચ્ચિદાનંદના સત્ય-સ્વરૂપમાં રૂપાંતર કરવું જ પડશે. ઈશોપનિષદમાં આ ત્રિવિધ ગતિનું વર્ણન છે : પ્રથમ છે " વ્યૂહ " એટલે કે વિજ્ઞાન-સૂર્યનાં કિરણોની ઋત-ચેતનાનુસાર ગોઠવણી; બીજી તે " સમૂહ ", એટલે કે વિજ્ઞાન-સૂર્યના પ્રકાશ-દેહમાં કિરણોની એકત્રિતતા; અને ત્રીજી તે એ સૂર્યના એવા સુંદરતમ શરીરનું દર્શન કે જેમાં આત્મા અનંત પુરુષની સાથે પોતાની ઘનિષ્ટતમ એકરૂપતા પ્રાપ્ત કરે છે[૭]. પરમપુરુષ ઊર્ધ્વમાં, અંતરમાં આજુ-

૭. सूर्य व्यूह रश्मीन समूह तेजोयत्ते रूपं कल्याणतमं तत्ते पश्यामि योऽसा-

બાજુ અને સર્વત્ર હોય, આત્મા પરમપુરુષમાં નિવાસ કરતો હોય અને તેની સાથે એકરૂપ હોય, દિવ્ય પુરુષની અનંત શક્તિ અને સત્ય, આત્માની પોતાની એકાગ્ર, પ્રકાશપૂર્ણ આત્મ-પ્રકૃતિમાં એકાગ્ર થએલી હોય, દિવ્ય જ્ઞાન, સંકલ્પ અને આનંદની પ્રકાશોજ્જ્વળ પ્રવૃત્તિ પ્રકૃતિના સહજ કાર્યમાં પરિપૂર્ણ બનેલી હોય : આ છે મૂળભૂત અનુભૂતિ, મનોમય પુરુષ વિજ્ઞાનની પરિ-પૂર્ણતામાં રૂપાંતર પામે, સાર્થક બને અને ઊર્ધ્વ બને તે વખતની તેની પાયારૂપ અનુભૂતિ.

---

વસૌ પુરુષઃ સોऽહમસ્મિ ॥

વેદમાં વિજ્ઞાન-લોકનું ऋतम्, सत्यम्, અને बृहत् એટલે કે યથાર્થ, સત્ય અને વિશાળ એ પ્રમાણે ત્રિવિધ રીતે રજૂ કરેલા એક જ ખ્યાલવાળું વર્ણન છે. **ऋतम्** એટલે દિવ્ય જ્ઞાન, સંકલ્પ અને આનંદનું, સત્યને અનુસરીને, સત્ય-ચેતનાની લીલા અનુસાર થતું કાર્ય. **सत्यम्** એટલે એ પ્રમાણે કાર્ય કરતું અસ્તિત્વનું સત્ય, સત્ય-ચેતનાનું સક્રિય સારરૂપ તત્ત્વ. **बृहत्** એટલે સચ્ચિદાનંદની અનંતતા કે જેમાંથી **ऋतम्** અને **सत्यम्** પ્રારંભ કરે છે અને જેના પર તે પ્રતિષ્ઠિત થએલાં છે.

## પ્રકરણ : ૨૩

# વિજ્ઞાનને પહોંચવાની શરતો

વિજ્ઞાનનું અસલ તત્ત્વ તો જ્ઞાન જ છે; પણ એ કાંઈ તેની એકમાત્ર શક્તિ નથી. બીજા સર્વે સ્તરની માફક સ્ફુટ–ચેતના પણ એક એવા તત્ત્વ પર પોતાનો પાયો રચે છે કે જે તેની સર્વે ક્રિયાઓની ચાવીરૂપ હોય. પણ તે એ તત્ત્વ વડે મર્યાદિત ના થઈ જતાં અસ્તિત્વની અન્ય સર્વ શક્તિઓને પણ આવરી લે છે; પણ તે એ અન્ય સર્વ શક્તિઓના પ્રકાર અને કાર્યને પોતાના અસલ અને આગળ પડતા ધર્મ અનુસાર અનુકૂળ બનાવે છે અને આકાર આપે છે; આમ બુદ્ધિ, પ્રાણ, શરીર, સંકલ્પ, ચેતના, આનંદ એ સર્વેમાં પણ દિવ્ય જ્ઞાન અંતર્ગત હોઈ તે બધાં પણ પ્રકાશપૂર્ણ, સજાગ હોય છે. અલબત્ત, પુરુષ–પ્રકૃતિની આ રીત સર્વવ્યાપી છે; પ્રગટ થયેલા અસ્તિત્વનાં સર્વે સોપાન અને ચડ–ઊતર સંવાદમાં આ રીત ચાવીરૂપ છે.

મનોમય પુરુષમાં માનસિક સમજ કે બુદ્ધિ એ જ અસલ અને આગળ પડતું તત્ત્વ છે. પોતાના અસલ વતન–રૂપ મનોમય જગતમાં રહેતો મનોમય પુરુષ પોતાની મુખ્ય અને નિયામક પ્રકૃતિરૂપ બુદ્ધિમાં જ વિચરે છે; બુદ્ધિનું એ કેન્દ્ર છે, બુદ્ધિની સમૂહગત પ્રવૃત્તિ છે, તેનો સ્વીકાર અને પ્રસાર કરતું કર્મ–કેન્દ્ર છે. પોતાના અસ્તિત્વ અંગેની એને બૌદ્ધિક સમજ છે તો પોતાના સિવાયના અસ્તિત્વની પણ બૌદ્ધિક સમજ છે; પોતાની પ્રકૃતિ અને પ્રવૃત્તિઓ તેમ જ બીજાઓની પ્રવૃત્તિઓની એને બૌદ્ધિક સમજ છે તો વસ્તુઓ અને વ્યક્તિઓની પ્રકૃતિની તેમ જ તેમના પોતાની સાથેના અને અન્યની સાથેના સંબંધોની પણ બૌદ્ધિક સમજ છે. એટલો જ છે તેનો અસ્તિવનો અનુભવ. અસ્તિત્વ, જીવન, જગત એ બધાં તે જેટલાં અનુભવે છે, અને તેની બુદ્ધિની બાથમાં આવી શકે તેમ હોય છે તેના સિવાય તેને બીજા કોઈ અસ્તિત્વનું, બીજા કોઈ જીવનનું અને જગતનું જ્ઞાન નથી. તે જેને સમજી શકતું નથી, જેનો ખ્યાલ કરી શકતું નથી તે તેને લગભગ અસ્તિત્વ–હીન લાગે છે અથવા તો, છેવટે, પોતાના જગત અને પ્રકૃતિની બહારનું લાગે છે.

માણસ તાત્ત્વિક રીતે મનોમય પુરુષ છે ખરો પણ તે મનોમય જગતમાં

નહિ પણ ભૌતિકતા-પ્રધાન અસ્તિત્વમાં જીવનારો છે. તે જડ તત્ત્વથી જકડાએલું, જડ તત્ત્વમાં જકડાએલું એક મન છે. એટલે તેણે શરૂઆત કરવાની રહે છે ભૌતિક ઇન્દ્રિયોના વ્યાપારથી (અને એ તો છે ભૌતિક સંપર્કનાં જ સાધનો); તે મનોવ્યાપારથી જ સીધી શરૂઆત કરતો નથી. પણ તે છતાં આ ભૌતિક ઇન્દ્રિયોના અનુભવોને તે જ્યાં સુધી પોતાના મનોવ્યાપારની પકડમાં ના લે અને પોતાની બુદ્ધિના ઢાળા અને ઉપયોગને લાયક ના બનાવે ત્યાં સુધી તેમનો અકબંધ ઉપયોગ કરતો નથી, કરી શકતો નથી. માનવથી નીચેના અવ-માનસિક જગતમાં મનની હકૂમતની કે માનસિક પલટાની જરૂરિયાત વિના જે કાંઈ, પ્રાણના, ઇન્દ્રિયોના અને સક્રિયતાના આવેગો અને પ્રત્યાવેગો-રૂપે ઊપડી આવે છે તે સર્વેને ઉઠાવીને માનસિક જગતમાં બુદ્ધિની સમક્ષ રજૂ કરવું જ પડે છે. માનવની વિશિષ્ટ મહોર મેળવવા માટે સહુથી પહેલાં તો તેમણે કોઈક શક્તિ તરીકે, ઇચ્છા તરીકે, સંકલ્પ તરીકે, સંકલ્પ-ભર્યા બૌદ્ધિક કાર્ય તરીકે કે મનની સજાગતા નીચે થતા કોઈ કર્મ તરીકે સમજમાં ઊતરવું જ પડે છે. અસ્તિત્વનો નિમ્ન આનંદ જ્યારે માણસ સમક્ષ આવે ત્યારે તે એક મનોમય, કે મનોભુત-પ્રાણમય, કે ભૌતિક સુખ તરીકેની કે તેની વિકૃતિરૂપ દુઃખ તરીકેની સમજણમાં પલટાઈ જાય છે. અથવા ગમા કે અણગમાની મનોમય કે મનોભૂત લાગણી – સંવેદન તરીકેની સમજણમાં પલટાઈ જાય છે; અથવા આનંદ કે આનંદના અભાવરૂપ બૌદ્ધિક સમજણમાં પલટાઈ જાય છે. અને આ બધી તો છે બૌદ્ધિક સમજની માનસિક રીતો. એ જ પ્રમાણે જે કાંઈ તેનાથી ઊર્ધ્વમાં છે અને જે કાંઈ તેની આજુબાજુ છે અને જેમાં તે વસેલો છે (એટલે કે ભગવાન, વિશ્વવ્યાપી અસ્તિત્વ, વિશ્વમય શક્તિઓ) એ બધાં પ્રત્યે જ્યાં સુધી તેનું મન જાગ્રત ના થાય અને તેમનું સાચું સત્ય તો નહિ પણ ઇન્દ્રિયોથી અગોચર વસ્તુઓનો થોડોએક ખ્યાલ, અવલોકન, અનુમાન, કલ્પના, અનંતતાની થોડીએક માનસિક સમજ, પોતાની ઉપર અને આજુબાજુ આવેલ અતીતની શક્તિઓની થોડીએક બૌદ્ધિક અર્થ તારવતી ચેતના મેળવે ત્યાં સુધી તે બધું પણ તેને મન અસ્તિત્વહીન અને અવાસ્તવિક જ રહે છે.

પણ મનમાંથી બહાર નીકળી વિજ્ઞાનમાં પહોંચી જતાં બધું જ બદલાઈ જાય છે; કારણકે ત્યાંનું કેન્દ્રવર્તી તત્ત્વ છે પ્રત્યક્ષ, અંતર્ગત જ્ઞાન. વિજ્ઞાનમય અસ્તિત્વની વિશિષ્ટતા જ છે ઋત-ચેતના, સત્ય-સચેતનતા, પદાર્થમાત્રનાં સત્ય-દર્શનનું કેન્દ્ર અને સમગ્રતા, વિજ્ઞાનની એકત્રિત પ્રવૃત્તિ કે તેનો સૂક્ષ્મદેહ. તેનું કાર્ય એ પદાર્થમાત્રમાં રહેલ ઋત-શક્તિનું, તેમની ઊંડામાં

ઊંડી અને સાચામાં સાચી જાત અને સ્વભાવ અનુસાર થતું, સ્વયંસાર્થક થતું અને પ્રસર્યે જતું કાર્ય હોય છે. વિજ્ઞાનના પોતાનામાં પ્રવેશ પામતાં પહેલાં આપણે આ જે સત્યને, પદાર્થમાત્રના સત્યને પ્રાપ્ત કરવું જ પડે છે (કારણકે સર્વ કાંઈ વિજ્ઞાન-લોકમાં જ વસેલું છે અને ત્યાંથી જ ઉદ્ભવ પામે છે) તે સત્ય, મૂળમાં તો અદ્વૈતનું, એકતાનું સત્ય છે; પણ એ એકતાનું સત્ય અનેકતાનો ઉદ્ભવ છે, અનેકવિધતા-ભરી એકતા છે અને છતાં હમેશાં એકતા જ છે, એક તોડી ના તૂટે એવી એકતા છે. સમગ્ર અસ્તિત્વ અને દરેક અસ્તિત્વની સાથે પ્રચૂર અને ઘનિષ્ઠ એકરૂપતા સાધ્યા વિના, એક વિશ્વવ્યાપી વ્યાપકતા, વિશ્વવ્યાપી સમગ્રતા કે સમાવેશતા, એક જાતની, સર્વ-માં સર્વ-મયતા પામ્યા વિના વિજ્ઞાનાવસ્થા, વિજ્ઞાનમય પુરુષની અવસ્થા અસંભવિત છે. પોતે અનંત છે એવી ચેતના વિજ્ઞાનમય પુરુષને માટે સહજ છે, અને તેની એવી જ સહજ ચેતના છે વિશ્વને પોતાનામાં સમાવવાની અને તેનાથી અધિક હોવાની; દ્વૈતભાવી મનોમય પુરુષની સહજ ચેતનાની માફક તે પોતાને દુનિયામાં સમાએલ અને તેના એક ભાગરૂપ ભાસતો નથી. તેનો અર્થ એ જ કે મર્યાદા આરોપતા, અને બાંધી લેતા અહમ્‌માંથી મુક્ત થવું એ વિજ્ઞાનમય પુરુષ થવા માટેનું પહેલું અને પ્રાથમિક પગલું છે; કારણકે જ્યાં સુધી આપણે અહમ્‌માં વસતા હોઈએ ત્યાં સુધી આ ઊર્ધ્વતર વાસ્તવિકતા, આ વિશાળ આત્મ-ચેતના, આ સાચા આત્મ-જ્ઞાનની આશા રાખવી વ્યર્થ છે. અહમ્-વિચાર, અહમ્-આચાર, અહમ્-સંકલ્પમાં જરાક પણ પાછા હઠ્યા કે તરત જ આ વિજ્ઞાનમય સત્યમાંથી આપણી ચેતના નીચે પટકાઈ પડવાની, કારણકે દ્વૈત-ભાવી મનોમય પ્રકૃતિ-ના અસત્યમાં તે આવી પડે છે. એક પાકી વિશ્વમયતા એ જ તો છે આ પ્રકાશપૂર્ણ ઊર્ધ્વ ચેતનાનો મૂળ પાયો. સર્વે જડ અલગતા-ભાવને છોડીને, ઊલટાનું તેનાથી પર થઈ ગએલું એક ઊર્ધ્વ-સ્થાન કે મુક્તિ મેળવીને આપણે પદાર્થમાત્ર અને પ્રાણીમાત્ર સાથે આપણી જાતને એકરૂપ અનુભવ-વાની છે, તેમની સાથે તાદાત્મ્ય સાધવાનું છે, આપણે એ તેઓ જ છે એવું ભાન જગાવવાનું છે, તેમના અસ્તિત્વને આપણા અસ્તિત્વ તરીકે અનુભવવાનું છે, તેમની ચેતનાને આપણી ચેતનાના અંગરૂપ બનાવવાની છે, તેમની શક્તિનો આપણી શક્તિ સાથે ગાઢ સંપર્ક મેળવવાનો છે, સર્વ કાંઈ સાથે એકાત્મ થઈ જતાં શીખવવાનું છે. આવી એકરૂપતા એ કાંઈ એકમાત્ર જરૂરિયાત નથી, પણ એ તો છે પ્રથમ શરત; અને જો એ નહિ તો વિજ્ઞાન નહિ.

અત્યારે આપણને લાગે છે તેમ જ્યાં સુધી આપણને આપણી જાત

એટલે એક વ્યક્તિગત મન, પ્રાણ અને શરીરમાં રહેતી એક ચેતના એવું લાગ્યા કરે ત્યાં સુધી આ વિશ્વમયતાને સંપૂર્ણપણે પ્રાપ્ત કરવી અસંભવિત છે. પુરુષને ભૌતિક, અને ખુદ મનોમય દેહમાંથી વિજ્ઞાનમય દેહમાં અમુક અંશે તો ઊંચે લઈ જવો જ પડે છે. મગજ કે તેને આનુષંગિક "કમળ" એ આપણા વિચારતંત્રનું કેન્દ્ર ના રહેવું જોઈએ કે હૃદય કે તેને આનુષંગિક "કમળ" એ આપણી ઊર્મિમયતા કે સંવેદનશીલતાનું કેન્દ્ર ના રહેવું જોઈએ. આપણા અસ્તિત્વનું, આપણા વિચારો, સંકલ્પો, કર્મો અને ખુદ આપણાં સંવેદનો અને ઊર્મિઓની મૂળ શક્તિઓનાં કેન્દ્રે શરીર અને મનમાંથી બહાર નીકળી તેમની ઉપર એક મુક્ત નિવાસ મેળવવો જોઈએ. આપણે શરીરમાં જીવી રહ્યા છીએ એ અનુભવ છોડી આપણે તેના સ્વામી, માલિક કે ઈશ્વર બની રહેવાનું છે અને, સાથે સાથે, બંધનયુક્ત ભૌતિક સમજના કરતાં ઘણી વિશાળ એવી એક ચેતના વડે તેને વીંટળાઈ વળવાનું છે. ત્યારે, ઋષિઓએ "દેહને વહી જતા આત્માની" કે "દેહમાં આત્મા નથી પણ આત્મામાં દેહ છે" એવી જે વાત કરી છે તેનો બહુ જ વાસ્તવિક, જીવંત, સમર્થ, સહજ અને સતત સાક્ષાત્કાર પામીશું. આપણા ખ્યાલો અને સંકલ્પો આપણા મગજમાંથી નહિ પણ શરીરની ઉપરથી આપણે કરીશું; મગજ કામ કરશે ખરું, પણ તે, ઊર્ધ્વમાંથી આવતા, વિચાર–શક્તિ અને સંકલ્પ–શક્તિના ધક્કાઓને મળતા શરીર–યંત્રના માત્ર પ્રત્યુત્તર અને પ્રવાહરૂપે. સર્વ કાંઈનું ઉગમ–સ્થાન ઊર્ધ્વમાં જ રહેશે; આપણી હાલની મનોમય પ્રવૃત્તિઓની આનુષંગિક સર્વ વિજ્ઞાનમય પ્રવૃત્તિઓ ઊર્ધ્વમાંથી જ થતી રહેશે. આ શરતો પૈકીની બધી જ નહિ તોપણ મોટા ભાગની શરતોને તો, આપણે વિજ્ઞાનને પહોંચીએ તે પહેલાં ઘણા વખતે પાર પાડી શકાય છે (અને, અલબત્ત, પાર પાડવાની જ છે); શરૂઆતમાં જાણે કે એક પ્રતિબિંબ તરીકે અને અપૂર્ણ રીતે, ઊર્ધ્વ મનમાં રહીને, અને પછીથી મનોમયતા અને વિજ્ઞાનની વચ્ચેની ચેતના (કે જેને અધિમનસ કહી શકાય) તેમાં રહીને જરા વધારે પૂર્ણતાથી પાર પાડી શકાય છે.

પણ આ જે કેન્દ્ર રચાય છે અને કાર્ય થાય છે તે મુક્ત હોય છે; તે શરીર–યંત્રથી બંધાએલ કે તેની ઉપર નિર્ભર નથી હોતું, એક સાંકડા અહમ્–ભાવ સાથે જકડાએલું નથી હોતું, તે દેહમાં ભરાઈ પડેલું નથી હોતું; તે એક અલગ વ્યક્તિત્વમાં પુરાઈ જઈને દુનિયા સાથેના કઢંગા સંપર્ક માટે બાહ્ય યત્નો કરતું કે પોતાના જ ઊંડા આંતરિક તત્ત્વ માટે ફાંફાં મારતું નથી હોતું. કારણકે આ મહાન રૂપાંતર થતાં આપણે એક એવી ચેતના પ્રાપ્ત

કરવાની શરૂઆત કરીએ છીએ કે જે ઉત્પાદન-કાર્ય કરતી કોઈ એક પેટીમાં પુરાએલ નથી હોતી પણ મુક્તપણે ફેલાએલી અને આત્મ-અસ્તિત્વથી સર્વત્ર વ્યાપેલી હોય છે. ત્યારે પણ એક "કેન્દ્ર" તો હોય છે, અથવા હોય પણ ખરું પણ એ માત્ર એક વૈયક્તિક કાર્ય માટેની એવી અનુકૂળતા જ હોય છે, જે નથી હોતી અક્કડ, બંધારણીય કે વિભાજક. હવે તો આપણી બધી જ સચેતન પ્રવૃત્તિઓની ખાસિયત હોય છે વિશ્વમયતા; વિશ્વમય પુરુષની પ્રવૃત્તિઓ સાથે એકરૂપ હોઈ તે વિશ્વમયતામાંથી શરૂ થઈ, મુલાયમ અને સાનુકૂળ વ્યક્તિમયતામાં આવે છે. એ એક એવા અનંત પુરુષ વિશે સચેતન બની ગએલી છે કે જે હમેશાં વિશ્વ-વ્યાપક રીતે કાર્ય કરે છે; જો કે તે પોતાની શક્તિઓની વ્યક્તિમય રચના ઉપર ભાર તો મૂકે જ છે પણ આ ભાર માત્ર ભેદ દેખાડવા પૂરતો જ હોય છે, અલગ પાડવા માટેનો નહિ. અને એ વ્યક્તિમય રચના પણ આપણે જેને વ્યક્તિત્વ તરીકે ઓળખીએ છીએ તેવી નથી રહેતી; હવે એવી કોઈ મામૂલી, મર્યાદિત અને બાંધકામ જેવી વ્યક્તિ-રચના નથી હોતી કે જે પોતાની જ યંત્ર-રચનાઓમાં બંધાઈ પડેલી હોય. આપણી હાલની રચનાના ગુણધર્મની સરખામણીમાં આ ચેતન-અવસ્થા એવી તો અસાધારણ છે કે બૌદ્ધિક માણસ (કે જેને આ અવસ્થા મળેલી નથી) તેને તો એ અસંભવિત જ કે ખુદ અવળ-માર્ગી પણ લાગે. પણ જો એક વાર એ પ્રાપ્ત થઈ જાય તો પછી એની વિશાળ પ્રશાંતતા, પ્રકાશ, મુક્તિ, શક્તિ, સંકલ્પ-સાધકતા, સર્જકતા અને અનુભૂતિની પ્રમાણ-સિદ્ધ સત્યતા એ બધાં વડે મનોમય બુદ્ધિ સમક્ષ પણ એ પોતાને પુરવાર કરી દે છે. કારણકે આ અવસ્થા મુક્ત-મનના ઊર્ધ્વતર સ્તર પર જ શરૂ થઈ ગઈ હોય છે અને તેથી મનોમય બુદ્ધિ મનના સ્તરથી આગળ વધે ત્યારથી જ તેને એનું થોડુંઘણું ભાન અને જ્ઞાન મળી શકે છે; પણ તેને તેની પૂર્ણ પ્રાપ્તિ તો મનસાતીત વિજ્ઞાનમાં જ થાય છે.

ચેતનાની આ અવસ્થામાં અનંતતા એ જ આપણે માટે આદિ, અસલ, સત્ય વાસ્તવિકતા, એકમાત્ર પ્રત્યક્ષ અને અનુભવાતી સત્ય વસ્તુ બની રહે છે; જે એકમાત્ર અનંતતામાં સાંતતા રહી શકે છે, સાકાર થઈ શકે છે, કાંઈ પણ વાસ્તવિકતા કે હયાતી પામી શકે છે. તે અનંતતાથી અલગ રીતે એ સાંતતાનો વિચાર કરવો કે અનુભવ કરવો એ અસંભવિત થઈ જાય છે. જ્યાં સુધી આ સાંત મન અને શરીર આપણી ચેતનામાં આપણા અસ્તિત્વની પ્રથમ હકીકતરૂપે અને આપણી સર્વ વિચારણા, સંકલ્પ અને લાગણીઓના પાયારૂપ હોય, જ્યાં સુધી સાંત પદાર્થો એવી સર્વ-સાધારણ વાસ્તવિકતા

હોય કે જેમાંથી અવારનવાર કે ખુદ વારંવાર ઊંચે જઈને આપણે અનંતતાનો ખ્યાલ અને સ્પર્શ મેળવતા હોઈએ ત્યાં સુધી આપણે વિજ્ઞાનથી દૂર, દૂર છીએ. વિજ્ઞાન-લોકમાં અનંતતા એ જ હોય છે આપણી જાતની સીધી જ અને સર્વસાધારણ ચેતના, તેની પ્રત્યક્ષ હકીકત, આપણું અનુભવ-સિદ્ધ પદાર્થ-તત્ત્વ. આપણી સમક્ષ તદ્દન નક્કર રીતે તે એક એવું આદિ મંડાણ હોય છે કે જેમાંથી સર્વે સાંત પદાર્થો ઊભા થાય છે; અને તેની સીમાવિહીન, અગણિત શક્તિઓ આપણા વિચારો, સંકલ્પો અને આનંદનું ઉદ્‌ભવ-સ્થાન હોય છે. પણ આ અનંતતા માત્ર એક એવી, વ્યાપકતાની કે વિસ્તારભરી જ અનંતતા નથી હોતી કે જેમાં સર્વે વસ્તુઓ જન્મતી અને રચાતી હોય. એ અમાપ વિસ્તારની પાછળ વિજ્ઞાનમય ચેતના એક સ્થળ-હીન આંતરિક અનંતતા વિશે હમેશાં સભાન હોય છે. આ દ્વિ-વિધ અનંતતા વડે જ આપણે સચ્ચિદાનંદની એક પુરુષ તરીકે, આપણી જાતના પરમપુરુષ તરીકે અને આપણી વિશ્વમય જાતની સમગ્રતા તરીકે, પ્રાપ્તિ કરીશું. આપણે માટે એક અસીમ્ય અસ્તિત્વ ઊઘડી જાય છે; અને આપણને એમ લાગે છે કે એ, જાણે કે, આપણી ઉપરની એક એવી અનંતતા છે કે જેમાં ચડી જવાનો આપણે યત્ન કરીએ છીએ અને આપણી ચોપાસની એવી અનંતતા છે કે જેમાં આપણે આપણા અલગ અસ્તિત્વને મિટાવી દેવા મથી રહ્યા છીએ. તે પછી આપણે તેમાં વ્યાપી જઈએ છીએ અને તેમાં આરોહણ કરીએ છીએ; આપણા અહમ્‌ને તોડી, બહાર નીકળી આપણે એ વ્યાપકતામાં વ્યાપી જઈએ છીએ અને સદાય તે-મય બની રહીએ છીએ. જો આ મુક્તિ મળી જાય તો, આપણો સંકલ્પ થતાં, તે આપણી નિમ્ન જાતનો પણ વધુ ને વધુ કબજો લઈ શકે છે કે જેથી આપણી છેક નીચેની, અને પૂરી વિકૃત પ્રવૃત્તિઓ પણ, અંતે વિજ્ઞાનના સત્યાનુસાર નવરચના પામી જાય.

અનંતતાનો આ અનુભવ અને અનંતતાએ લીધેલો આ કબજો એ જ પાયો છે અને એ સિદ્ધ થાય તે પછી જ આપણે અતિમાનસિક સર્જન-ભાવ, દૃષ્ટિ, અનુભવ, એકરૂપતા, સચેતનતા એમને એક સમધારણ અવસ્થા બનાવવામાં આગળ વધી શકીએ. કારણકે અનંતતાનો આ અનુભવ એ માત્ર એક પ્રાથમિક પાયો જ છે; અને ચેતના વિજ્ઞાનમય રીતે સક્રિય થાય તે અગાઉ હજી ઘણું કરવાનું બાકી રહે છે. કારણકે વિજ્ઞાનમય જ્ઞાન એ તો પરમ પ્રકાશની લીલા છે અને તેની નીચે, માનવ-મનની ઉપર એવા બીજા ઘણા પ્રકાશ છે, જ્ઞાન-લોક છે કે જે, આપણે વિજ્ઞાન-લોકમાં આરોહણ કરીએ તે પહેલાં આપણી અંદર પ્રવેશી શકે છે અને પેલી પરમ

તેજસ્વિતાનો કાંઈક અંશ કે પ્રતિબિંબ આપણને આપી શકે છે. પણ તેની પર પ્રભુત્વ કે પૂરો કબજો મેળવવા માટે તો સૌથી પહેલાં આપણે પરમ પ્રકાશમય પુરુષમાં પ્રવેશી, તેના મય થવું પડે; આપણી ચેતનાનું એ ચેતનામાં રૂપાંતર થવું જોઈએ; તેની સ્વ-સચેતનતા અને સર્વ-સચેતનતાનું તત્ત્વ અને સામર્થ્ય એ, એકરૂપતા વડે આપણા અસ્તિત્વનું પોતાનું દ્રવ્ય બની જવું જોઈએ. કારણકે જ્ઞાન અને કર્મ માટેની આપણી રીત અને સાધનો ફરજિયાત રીતે આપણી ચેતનાના પ્રકાર ઉપર જ આધાર રાખવાનાં; અને જ્ઞાનની ઊર્ધ્વ શક્તિના અવારનવાર સ્પર્શ નહિ પણ તેની પર જો પ્રભુત્વ મેળવવું હોય તો આ ચેતનાનું જ આમૂલ પરિવર્તન સાધવું પડે. પણ તે પરિવર્તન એક જાતની દિવ્ય બુદ્ધિની, ઉચ્ચ જાતની વિચાર-શક્તિ કે કર્મ પૂરતું જ મર્યાદિત નહિ રહે. તે તો, હાલનાં અવરુદ્ધ, અંધ, અ-ફળ એવાં આપણાં સર્વે જ્ઞાન-કરણોને પકડમાં લઈ અતિ વ્યાપક, સક્રિય અને કાર્ય-સાધક બનાવી તેમને વિજ્ઞાનની એક ઉચ્ચ અને પ્રબળ દૃષ્ટિ-ભરી પ્રવૃત્તિ બનાવી દેશે. તે આપણી બોધ-ક્રિયાને હાથમાં લઈ તેને તેનાં સામાન્ય કર્મોમાં પણ એવી પ્રકાશપૂર્ણ કરે છે કે જેથી આપણને વસ્તુઓનો યથાર્થ બોધ મળી રહે. પણ તે તો આપણી મનોમય સમજને પણ ઘટનાઓનો બાહ્ય, તેમ જ આંતરિક, બોધ પ્રત્યક્ષ રીતે મેળવવાની શક્તિ આપે છે; દાખલા તરીકે, જે કોઈનો તે વિચાર કરે તેના વિચારો, લાગણીઓ, સંવેદનો, પ્રાણમય પ્રત્યાઘાતો વગેરે સર્વેને ઝીલવાની, જાણવાની, જોવાની શક્તિ આપે છે.[1] તે તો સ્થૂળ ઇન્દ્રિયોની સાથે સૂક્ષ્મ ઇન્દ્રિયોને પણ કામમાં લે છે અને તેમને તેમની ભૂલનો ભોગ થવા દેતું નથી. આપણી સામાન્ય મનોમયતા અજ્ઞાનપૂર્વક જેને વળગી રહેલી છે તે ભૌતિક જગત સિવાયનાં અન્ય જગતોનું આપણને જ્ઞાન અને અનુભૂતિ આપે છે; આપણી સમક્ષ જગતને તે અતિ વિશાળ કરી દે છે. એ જ રીતે તે આપણાં સંવેદનોનું પણ રૂપાંતર કરી નાખે છે અને તેમને તેમની પૂર્ણ પ્રબળતા તેમ જ પૂર્ણ ધારણ-શક્તિ આપે છે (કારણકે આપણી મનોમયતામાં અમુક હદથી વધારે આંદોલનો ઝીલવા અને ધારણ કરવાનો અવકાશ જ ના હોવાથી સતત દબાણ કે આઘાતના પરિણામે મન અને શરીર બંને ભાંગી જ પડે છે; આથી આપણી સામાન્ય માનસિક મર્યાદામાં પૂર્ણ પ્રબળતા અસંભવિત છે). તે આપણી

૧. પતંજલિના મત પ્રમાણે આ શક્તિ પદાર્થ પર "સંયમ" કરવાથી આવે છે. મનોમયતામાં એ સાચું છે, પણ વિજ્ઞાનમાં એ સંયમની જરૂર નથી રહેતી; કારણકે આવી જાતનું જ્ઞાન મેળવવું એ વિજ્ઞાનનું તો સહજ કાર્ય છે.

લાગણીઓ અને ઊર્મિઓમાં રહેલું જ્ઞાનતત્ત્વ હાથમાં લે છે (આપણી લાગણીઓમાં પણ એક એવી જ્ઞાન-શક્તિ અને પરિણામ-સાધક-શક્તિ રહેલી છે કે જે આપણે ન તો જાણીએ છીએ, ન તો વિકસાવીએ છીએ) અને તેમને એકીસાથે તેમની મર્યાદાઓમાંથી અને ભૂલોમાંથી તેમ જ વિકૃતિઓ-માંથી મુક્ત કરે છે. કારણકે પદાર્થમાત્રમાં વિજ્ઞાન સત્ય, ઋત, સર્વોચ્ચ ધર્મ તરીકે રહેલું છે; देवानाम् अदब्धानि व्रतानि ॥

જ્ઞાન અને શક્તિ અથવા સંકલ્પ (કારણકે બધી જ સચેતન શક્તિ સંકલ્પ પણ હોય છે જ) એ બે, ચેતનાનાં કાર્યની બે સંયુક્ત બાજુઓ છે. આપણા માનસિક સ્તર પર એ બે અલગ થઈ ગએલી છે. આપણને પહેલાં વિચાર આવે છે; પછી તેની પાછળ સંકલ્પ દસડાતો આવે છે, કે બંડ પોકારે છે કે વિચારનાં કાચાં કરણ તરીકે કામે લાગી અપૂર્ણ પરિણામ સાધે છે. અથવા તો આપણે કોઈ અંધ કે અર્ધ-અંધ ખ્યાલ સાથેના સંકલ્પથી શરૂઆત કરીને કોઈક આડીઅવળી વસ્તુ કરી નાખીએ છીએ, અને તેની પાકી સમજ તો પછીથી પામીએ છીએ. આપણી આ બે શક્તિ-ઓમાં કાંઈ એકતા કે કોઈ પૂરી સમજૂતી નથી હોતી; અથવા તો પ્રેરણા અને તેની કાર્યવાહી વચ્ચે સંપૂર્ણ મેળ નથી હોતો. તો વળી વ્યક્તિનો સંકલ્પ વિશ્વના સંકલ્પ સાથે મેળ નથી કરતો; તે તેને આંબી જાય છે કે તેની પાછળ રહી જાય છે, અથવા તેનાથી અલગ પડી તેની સામે થાય છે. તે નથી ઓળખતો સત્યનાં ઋતુ-કાળને કે તેનાં માપ-માત્રાને. પણ વિજ્ઞાન તો સંકલ્પને પકડમાં લઈ તેને વિજ્ઞાનમય જ્ઞાન સાથે પહેલાં મેળમાં મૂકે છે, પછી એકરૂપ કરે છે. આ જ્ઞાનમાં વ્યક્તિનો ખ્યાલ વિશ્વ-વ્યાપક ખ્યાલ સાથે એકરૂપ જ હોય છે, કારણકે એ બંનેને સર્વોચ્ચ જ્ઞાન અને પરાત્પર સંકલ્પના સત્યમાં પાછા લઈ જવામાં આવ્યા હોય છે; વિજ્ઞાન માત્ર આપણી બૌદ્ધિક સંકલ્પ-શક્તિને જ નહિ પણ આપણી ઇચ્છાઓ, કામનાઓ, આપણે જેને ખુદ હલકી કામનાઓ, અંધ-પ્રેરણાઓ, આવેગો અને ઇન્દ્રિયો અને સંવેદનોની ઝંખનાઓ કહીએ છીએ તેમને પણ હાથમાં લે છે અને તેમનું રૂપાંતર કરી નાખે છે. તે બધાં ઇચ્છાઓ અને કામનાઓ નથી રહેતાં, કારણકે, પહેલાં તો, તેઓ અંગત નથી રહેતાં, અને બીજું, તેઓ આપણે જેને ઝંખનાઓ અને કામનાઓ કહીએ તેવી જાતની, અપ્રાપ્ય પાછળની દોડધામ નથી રહેતાં. હવે તેઓ અંધ-પ્રેરણા કે બૌદ્ધિક મનોમયતાના અંધ કે અર્ધઅંધ હવાતિયાં ના રહેતાં ઋત-સંકલ્પનાં અનેકવિધ કાર્યમાં પલટાઈ જાય છે, અને તે સંકલ્પ તો પોતાને સોંપાએલાં નિયત કાર્યનાં યથાર્થ માપનાં અંતર્ગત જ્ઞાન વડે એવું કાર્ય

કરે છે કે જે આપણી માનસિક ઇચ્છા-શક્તિ જાણતી નથી એટલું અસરકારક હોય છે. અને તેથી જ વિજ્ઞાનમય સંકલ્પના કાર્યમાં પાપને સ્થાન નથી; કારણકે પાપ એટલે સંકલ્પશક્તિની ભૂલ, અસલ અજ્ઞાને પ્રેરેલી ઇચ્છા અને કાર્ય.

ઇચ્છાઓ સદંતર અટકી જતાં શોક અને સર્વે આંતરિક યાતનાઓ પણ અટકી જાય છે. વિજ્ઞાનમાત્ર જ્ઞાન અને સંકલ્પનાં અંગોને જ નહિ પણ સ્નેહ અને સુખ માટેનાં આપણાં અંગોને પણ હાથમાં લે છે અને તેને દિવ્ય આનંદના કાર્ય તરીકે પલટી નાખે છે. કારણકે જો જ્ઞાન અને શક્તિ એ ચેતનાનાં કાર્યની બે બાજુ કે બેવડી શક્તિ છે તો આનંદ – આનંદ કે જે "સુખ" કે "મઝા"ના કરતાં ઊંચી વસ્તુ છે તે – તો ચેતનાનું અસલ દ્રવ્ય, મૂળ પદાર્થ છે, અને જ્ઞાન અને સંકલ્પનાં, શક્તિ અને સચેતનતાનાં સહ-કાર્યનું સહજ પરિણામ છે. સુખ અને દુઃખ કે હર્ષ અને શોક એ બંને, આપણી ચેતના અને તેની અમલી શક્તિ, આપણાં જ્ઞાન અને સંકલ્પ એ બેમાં રહેલા સુમેળનો ભંગ છે. એ બે નીચેના સ્તરમાં ઊતરી આવવાથી જ્યારે પોતાની એકતા ગુમાવે છે, મર્યાદિત અને વિખૂટાં થઈ જાય છે, પોતાનાં પૂર્ણ અને યથાર્થ કાર્યમાં અટકાયત અનુભવે છે, અન્ય શક્તિ, અન્ય-ચેતના, અન્ય-જ્ઞાન, અન્ય-સંકલ્પ સાથે અથડામણમાં આવે છે ત્યારે એ હર્ષ અને શોક બની જાય છે. વિજ્ઞાન પોતાની સત્યમય શક્તિ વડે અને એકરૂપતા તથા મેળની સર્વવ્યાપી પુનઃસ્થાપના વડે એમને સર્વોચ્ચ ઋત-ધર્મમાં યથાર્થ સ્થાને સ્થાપે છે. તે આપણી સર્વે ઊર્મિઓને, યાતનાનાં કારણરૂપ ખુદ આપણા ધિક્કાર અને ઘૃણાઓને પણ હાથ લે છે. અને તેમને પ્રેમ અને પરમાનંદનાં વિવિધ સ્વરૂપમાં બદલી નાખે છે. પોતાના જે મૂળ અર્થને તેઓ ગુમાવી બેઠાં છે અને જેને ગુ વવાથી હાલની વિકૃતિ બની ગયાં છે તે અર્થને તે શોધી આપે છે કે છતો કરી આપે છે; તે આપણી સમગ્ર પ્રકૃતિની સનાતન કલ્યાણમાં પુનઃસ્થાપના કરે છે. એ જ પ્રમાણે તે આપણી બોધનાઓ અને સંવેદનોને પણ પોતાનો પ્રભાવ દેખાડે છે અને તેઓ જે આનંદ ઝંખે છે તે તેમની સમક્ષ ખુલ્લો કરી આપે છે. –પણ તે તેનાં સત્ય સ્વરૂપમાં; કોઈ વિકૃત સ્વરૂપમાં કે ખોટા માર્ગે કે ખોટા ઉપભોગમાં નહિ; તે ખુદ આપણા નિમ્ન આવેગોને ય, તેઓ જે આભાસોની પાછળ દોડી રહ્યા છે તે આભાસોમાં પણ ભગવાન અને અનંતતાને પકડતાં શીખવાડે છે. આ બધું જ નિમ્ન જાતનાં ધોરણોસર નહિ પણ મનોમય, પ્રાણમય, અન્નમય જાતને દિવ્ય પરમાનંદની અવિચ્છેદ્ય વિશુદ્ધિમાં, સહજ ઘનિષ્ઠતામાં, એક છતાં અનેકમુખી, અણથંભી આનંદમયતામાં.

આમ વિજ્ઞાનમય સત્તા પોતાની સર્વ પ્રવૃત્તિઓ સાથે એક એવી પરિપૂર્ણ બનેલી જ્ઞાન-શક્તિ, સંકલ્પ-શક્તિ, આનંદ-શક્તિની લીલા છે કે જે મનોમય, પ્રાણમય અને અન્નમય લોકના કરતાં વધારે ઊર્ધ્વ લોકમાં થઈ રહેલી છે. તે સર્વવ્યાપી, વિશ્વમય બનેલી, અહમ્‌પ્રધાન અંગતતા અને વ્યક્તિમતતામાંથી મુક્તિ પામેલી હોવાથી એક ઊર્ધ્વ પુરુષની, એક ઊર્ધ્વ ચેતનાની અને તેથી એક ઊર્ધ્વ શક્તિ અને અસ્તિત્વના એક ઊર્ધ્વ આનંદની લીલા છે. એ બધું ત્યાં, વિજ્ઞાનમાં ઊર્ધ્વ એટલે કે દિવ્ય પ્રકૃતિની વિશુદ્ધ, યથાર્થ અને સત્ય અવસ્થામાં કાર્ય કરે છે. ત્યાંની શક્તિઓ ઘણી વાર એવી લાગે કે જેને સામાન્ય યોગિક ભાષામાં "સિદ્ધિઓ",—અને યુરોપીય ભાષામાં "ગુહ્ય ( occult ) શક્તિઓ" કહેવામાં આવે છે, અને તેને માયા-જાળ, પતન-સ્થાન, આડ-માર્ગ ગણીને ભક્ત લોકો અને ઘણા યોગીઓ તેનાથી ડરીને દૂર રહે છે. પણ અહીંની તેની આવી ખાસિયત અને ભયંકરતાનું કારણ એ છે કે તેની સાધના નિમ્ન સત્તામાં રહીને, અવ-સામાન્ય રીતે, અહમ્ વડે અને અહમ્-પ્રધાન ઇચ્છાઓના સંતોષ ખાતર કરવામાં આવે છે. વિજ્ઞાન-લોકમાં એ ન તો "સિદ્ધિઓ" છે ન તો "ગુહ્ય"; ત્યાં તો ત્યાંની પ્રકૃતિની છડે ચોક થતી એ મુક્ત અને સહજ લીલા છે. વિજ્ઞાન એ તો દિવ્ય પુરુષની, પોતાની અભેદતાઓમાં રહેલી, ઋત-શક્તિ અને ઋત-કર્મ છે અને જ્યારે વિજ્ઞાન-લોકમાં આરોહણ પામેલી વ્યક્તિ દ્વારા તે કાર્ય કરે છે ત્યારે તે વિકૃત થયા વિના, ભૂલનો કે અહમ્‌ના ઉછાળાનો ભોગ બન્યા વિના, પ્રભુ-મિલનમાંથી પતન પામ્યા વિના પાર પડે છે. ત્યાં વ્યક્તિ એટલે અહમ્ નહિ પણ ઊર્ધ્વ અને દિવ્ય પ્રકૃતિમાં રહેતો અને તેના જ અંગરૂપ બનેલો મુક્તાત્મા, परा प्रकृतिर्जीवभूता; ત્યાંની પ્રકૃતિ એટલે વિશ્વમય અને પરમપુરુષની, અનેક પાસાંવાળી એક વ્યક્તિની લીલામાં પ્રગટ થતી, અજ્ઞાનના આચ્છાદન વિનાની, આત્મજ્ઞાનવાળી, અનેકવિધ એકતામાં રહેલી, દિવ્ય શક્તિનાં સત્યમાં રહેલી પ્રકૃતિ.

વિજ્ઞાન-લોકમાં પ્રાપ્ત થાય છે પુરુષ અને પ્રકૃતિનો સાચો સંબંધ અને સાચું કાર્ય, કારણકે ત્યાં તેઓ એકરૂપ થઈ જાય છે અને ભગવાન તેની માયા વડે ઢંકાઈ જતા નથી. સર્વ કાંઈ તેની જ કાર્યવાહી બની રહે છે, ત્યાં, "હું વિચારું છું, કર્મ કરું છું, હું ઇચ્છું છું, હું અનુભવું છું" એમ જીવ કહેતો નથી; કે, અદ્વૈત ઝંખતા પણ હજી તે નહિ પામેલા સાધકની માફક પણ તે કહેતો નથી કે त्वया हृषीकेश हृदिस्थितेन यथा नियुक्तोस्मि तथा करोमि, "ઓ હૃદયે વસતા હૃદયસ્વામી, ભગવાન, તું જે સોંપે છે તે જ હું કરું છું"; કારણકે

હૃદય કે મનોમય ચેતનાનું કેન્દ્ર એ હવે પ્રેરક સ્થાન નહિ પણ આનંદપૂર્ણ સાધનમાત્ર બની રહે છે; હવે તો તે સર્વના સ્વામી, અધિષ્ઠાતા એવા ઊર્ધ્વમાં બિરાજતા તેમ જ પોતાનામાં કાર્ય કરી રહેલા, ભગવાન વિશે સંપૂર્ણ સચેતન હોય છે. અને હવે તો એ ઊર્ધ્વ સત્તામાં આસન જમાવી ( परार्धे परमस्याम् परावति ) હિંમતપૂર્વક અને સાચી રીતે કરી શકે છે; "ભગવાન પોતે જ મારા વ્યક્તિત્વ અને તેનાં સ્વરૂપો દ્વારા, પોતાની પરાપ્રકૃતિ વડે જાણે છે, કાર્ય કરે છે, પ્રેમ વહાવે છે, આનંદ માણે છે અને ત્યાં, અનંત પ્રભુની, પોતાના જ સ્વરૂપ-રૂપ વિશ્વમાં રમાઈ રહેલી, સનાતન લીલાને પોતાની ઊર્ધ્વ અને દિવ્ય માત્રામાં સિદ્ધ કરી રહ્યો છે."

## પ્રકરણ : ૨૪

# વિજ્ઞાન અને આનંદ

વિજ્ઞાનમાં આરોહણ કરવાથી, વિજ્ઞાનમય ચેતનાને થોડીઘણી પણ પામવાથી માનવ-આત્મા પ્રકાશ અને શક્તિ અને આનંદ અને અનંતતાની જે ભવ્યતામાં ઊંચે ચડવાનો અને તેનું દુન્યવી જીવન જે ઉચ્ચતા પામવાનું તે આપણા આ હાલના મનોમય અને ભૌતિક અસ્તિત્વનાં પાંગળાં કર્મો અને સાંકડા સાક્ષાત્કારોની સરખામણીમાં પરિપૂર્ણતાની, અંતિમ અને નિરપેક્ષ પરિપૂર્ણતાની, જાણે કે અસલ અવસ્થા અને શક્તિ-સભર સક્રિયતા હોય એમ લાગી જાય તે શક્ય છે,- અને એક રીતે તો એ એક એવી પરિપૂર્ણતા, સાચી પરિપૂર્ણતા છે જ કે જે આત્માની ઊર્ધ્વ યાત્રામાં પહેલાં કદી પણ મળી નહોતી-. (આમ લાગી જવાનું કારણ એ છે કે મનોમયતાના પ્રદેશમાં થતા સર્વોચ્ચ આધ્યાત્મિક સાક્ષાત્કારમાં પણ માથાભારે, એકદેશીય અને અલગ જ રહેતી કાંઈક વસ્તુ તો રહેવાની જ; મનોમય આધ્યાત્મિકતા, ગમે તેટલી વિશાળ હોય તે છતાં, પૂરતી વિશાળ નથી હોતી અને જીવનમાં વ્યક્ત થવાની તેની શક્તિની કચાશને લીધે તે કલુષિત પણ રહે જ છે). તેમ છતાં આ પણ, વિજ્ઞાનની આ ભવ્યતા પણ, તેનાથી પરની વસ્તુની સરખામણીમાં એક વધુ પરિપૂર્ણ પરિપૂર્ણતા માટેનો એક ઝળહળતો વચગાળો માત્ર જ છે, એ એક એવું સલામત અને પ્રકાશમય પગથિયું છે કે જેના પરથી આપણે હજી ય વધારે ઊંચે આસાનીથી ચડી જઈને એવી નિરપેક્ષ અનંતતાઓમાં પહોંચી શકીએ કે જે જન્મધારી આત્માનું ઉદ્‌ભવસ્થાન અને લક્ષ્ય છે. આ ઊર્ધ્વતર આરોહણમાં વિજ્ઞાનનો લોપ થતો નથી પણ ઊલટાનું તે પોતાના એવા નિજી પરમ પ્રકાશને પહોંચી જાય છે કે જેમાંથી તે, મન અને પરમ અનંતતા વચ્ચે કડીરૂપ બનવા નીચે ઊતરી આવેલ છે.

ઉપનિષદમાં કહ્યું છે કે મનોમયની ઉપરના વિજ્ઞાનમય પુરુષને પ્રાપ્ત કર્યા પછી અને સર્વ નિમ્ન પુરુષોને ત્યાં લઈ ગયા પછી પણ એક આગળનું અને આખરી (આખરી ?- શું તે સદાકાળ માટે આખરી છે ?- કે માત્ર વ્યવહારુ ખ્યાલની દૃષ્ટિએ આખરી છે ?- કે હાલની સર્વે જરૂરિયાત

પૂરતું આખરી છે ? : આવા સવાલ પણ ઉઠાવી શકાય ) પગલું લેવાનું બાકી રહે છે; એ છે : આપણા વિજ્ઞાનમય અસ્તિત્વને આનંદમય પુરુષમાં લઈ જવાનું અને દિવ્ય અનંતતાની આધ્યાત્મિક આત્મ-શોધને ત્યાં પૂર્ણ કરવાનું. આનંદ, સનાતન પરમાનંદ, માનવીના સર્વોચ્ચ હર્ષ અને સુખના કરતાં તો ઘણો જ જુદો અને પ્રકારમાં તો તેનાથી ઘણો જ ઉચ્ચ એવો આનંદ, એ જ છે આત્માનું અસલ અને આદિ તત્ત્વ. આનંદમાં જ આપણો આત્મા પામશે તેનું સાચું સ્વ-ત્વ, આનંદમાં પામશે તેની તાત્ત્વિક ચેતના અને આનંદમાં જ પામશે પોતાના અસ્તિત્વની નિરપેક્ષ શક્તિ. આત્મ-તત્ત્વના આ સર્વોચ્ચ, નિરપેક્ષ, અમાપ, અબાધ પરમાનંદમાં દેહધારી આત્માનો પ્રવેશ એ જ છે અનંત મોક્ષ અને અનંત પરિપૂર્ણતા. એ સાચું છે કે આ આનંદનો મર્યાદિત ઉપભોગ ચિંતન વડે કરી શકાય છે, અને પુરુષ પોતાની વિકારાત્મક અને ગુણપ્રધાન પ્રકૃતિ સાથે જે નિમ્ન પ્રદેશમાં લીલા કરી રહેલો છે ત્યાંના ત્રિ-ગુણી અવરોહણમાં પણ કરી શકાય છે. આધ્યાત્મિક અને અ-સીમ આનંદની અનુભૂતિ અન્નમય, પ્રાણમય અને મનોમય લોકમાં, તેમ જ જ્ઞાનના વિજ્ઞાનમય સત્યલોકમાં તથા તેનાથી પણ ઊર્ધ્વમાં થઈ શકે છે. અને આ હળવા સાક્ષાત્કારો પામનાર યોગીને એ એવા તો પૂર્ણ અને આકર્ષક લાગે કે તેનાથી વધારે મહાન, તેનાથી ઉપર બીજું કાંઈ જ નથી એમ તે માની બેસે. કારણકે દરેકેદરેક દિવ્ય તત્ત્વ પોતાનામાં આપણી સત્તાનાં બીજાં છએ છ તત્ત્વોને બીજરૂપે પૂરેપૂરાં ધારણ કરે છે; આ તત્ત્વોની પૂર્ણતા, પોતાના સ્તરની મર્યાદામાં રહીને પ્રકૃતિના દરેક સ્તર પર મેળવી શકે છે. પણ પૂર્ણ પરિપૂર્ણતા તો માત્ર ત્યારે જ સિદ્ધ થાય કે જ્યારે નીચામાં નીચું તત્ત્વ ઉચ્ચમાં ઉચ્ચ તત્ત્વમાં આરોહણ પામે અને ઉચ્ચમાં ઉચ્ચ તત્ત્વ નીચામાં નીચા તત્ત્વમાં એવું તો અણુ-અટકયું અવરોહણ કરે કે જેથી આખરે સર્વ કાંઈ અનંત અને સનાતન સત્યનું, એકસાથે એક નક્કર એકમ અને મુલાયમ, સમુદ્રશું ઘટક પણ બની રહે.

માનવની ખુદ ભૌતિક ચેતના, એટલે કે અન્નમય પુરુષ, આ પરમ આરોહણ અને પૂર્ણ અવરોહણ પામ્યા વિના પણ સચ્ચિદાનંદને ઝીલી શકે છે અને તેમાં પ્રવેશી શકે છે; ભૌતિક પ્રકૃતિમાં પરમપુરુષનું, અહીં છુપાએલાં છતાં મોજૂદ રહેલાં તેનાં આનંદ, શક્તિ અને અનંતતાનું પ્રતિબિંબ ઝીલીને, અથવા તો, અંદર રહેલા કે બહાર વ્યાપેલા પરમાત્મામાં પોતાના અલગ અસ્તિત્વ અને ઘટકનો લોપ કરી દઈ ને તે એમ કરી શકે છે. તેનું પરિણામ એટલે ભૌતિક મનની એક એવી મહિમાવંતી નિદ્રા કે જેમાં

અન્નમય પુરુષ એક સચેતન નિર્વાણમાં પોતાની જાતને ભૂલી જાય છે, અથવા તો, પવનમાં ઊડતા કોઈક પાંદડાની માફક જડવત્ બનીને, પ્રકૃતિને હલાવે તેમ હાલે છે, અથવા તો, દિવ્ય બાળપણ અનુભવતો, બાલવત્ રહીને, કર્મો માટેની જવાબદારી વિનાની મુક્ત અને સુખી અવસ્થા માણે છે. પણ, વધારે ઉચ્ચ સ્તર પરની એવી જ અવસ્થામાં રહેલો જ્ઞાન અને આનંદનો ઊર્ધ્વ મહિમા આ અવસ્થામાં નથી હોતો. તે સચ્ચિદાનંદનો એક એવો જડતાભર્યો સાક્ષાત્કાર હોય છે કે જેમાં નથી હોતી પ્રકૃતિ પરની પુરુષની કાંઈ જ પ્રભુતા કે નથી હોતું પ્રકૃતિનું, પોતાની જ સર્વોચ્ચ શક્તિમાં, પરા-શક્તિની અનંત ભવ્યતામાં ઊર્ધ્વીકરણ. જ્યારે આ પ્રભુતા અને આ ઊર્ધ્વીકરણ એ જ છે પરિપૂર્ણતાનાં બે પ્રવેશદ્વાર, સર્વોચ્ચ સનાતનતાનાં ભવ્ય મુખદ્વાર.

એ જ પ્રમાણે માણસમાં રહેલ પ્રાણમય ચેતના, પ્રાણમય પુરુષ પણ વિશ્વવ્યાપી પ્રાણ-પ્રકૃતિમાં પરમપુરુષનું ભવ્ય અને આનંદપૂર્ણ પ્રતિબિંબ ઝીલીને, અથવા તો, અંદર વસતા કે બહાર વ્યાપેલા પરમાત્મામાં પોતાના અલગ જીવન અને અસ્તિત્વનું ભાન ગુમાવીને સચ્ચિદાનંદને સીધેસીધો ઝીલી શકે છે અને તેમાં પ્રવેશી શકે છે. તેનું પરિણામ એટલે નરી આત્મ-વિસ્મૃતિની એક ગહન અવસ્થા અથવા તો પ્રાણ-પ્રકૃતિથી વિના-જવાબદારીએ સંચાલિત કર્મ, પ્રાણભર્યા નૃત્યમાં મસ્ત મહાવિશ્વ-શક્તિમાં આત્મ-વિલીનતાનો આનંદપૂર્ણ ઉછાળો. બાહ્ય જાત પોતાને અને જગતને વિશે બેપરવા બની ભગવાન-વશ આવેશમાં, ઉન્મત્તવત્ જીવન જીવે છે, અથવા તો, માનવીય કર્મોને ઉચિત એવી પ્રણાલિઓ અને બંધનોને કે ઉચ્ચતર સત્યના રાગ અને છંદને પૂરેપૂરા અવગણવા માંડે છે. તે બંધન-મુક્ત-પ્રાણ-પુરુષ બની કોઈ દિવ્ય પાગલ કે વળી દિવ્ય પિશાચની માફક, વર્તે છે. અહીં પણ પ્રકૃતિ પર પ્રભુત્વ કે તેના પરમ ઊર્ધ્વીકરણનો અભાવ હોય છે. હોય છે માત્ર અંતરમાં વસતા પરમાત્માએ જમાવેલો એક હર્ષપૂર્ણ ક્રિયાહીન કબજો અને બહાર વ્યાપેલી ભૌતિક અને પ્રાણમય પ્રકૃતિએ લીધેલો નિયંત્રણ-હીન પ્રવૃત્તિ-પૂર્ણ કબજો.

એ જ પ્રમાણે માનવની માનસિક ચેતના, મનોમય પુરુષ પણ, પ્રકાશમય, અબાધ, અસીમ્ય, સુખ-સભર, સાનુકૂળ, શુદ્ધ વિશ્વમય મનની પ્રકૃતિમાં પ્રતિબિંબિત થતા પરમપુરુષને ઝીલીને, અથવા તો અંતરમાં વસતા કે બહાર વ્યાપેલા વિશાળ, મુક્ત, અબાધ, સર્વવ્યાપી પરમાત્મામાં લીન થઈને, એવી જ સીધી રીતે સચ્ચિદાનંદને ઝીલી શકે છે અને તેમાં પ્રવેશી શકે છે. તેનું

પરિણામ એટલે સમગ્ર મન અને કર્મોની ગતિ-હીન સ્થગિતતા, અથવા તો, અલિપ્ત રહેતા અંતઃસ્થ સાક્ષીથી અવલોકાતું, કામનામુક્ત, અબાધિત કર્મ. મનોમય પુરુષ સર્વે માનવીય સંબંધોથી બે-પરવા બની સંસારમાં રહેતો એક એકાકી વિરક્ત આત્મા બની જાય છે, અથવા તો પ્રભુના સાન્નિધ્યમાં આનંદમગ્ન રહેતો કે તેની સાથે સુખ-પૂર્ણ અદ્વૈત અનુભવતો અને સર્વે જીવો સાથે શુદ્ધ પ્રેમ અને પરમાનંદ-ભર્યા સુખી સબંધો રાખતો એક મુક્ત-આત્મા બની રહે છે. મનોમય પુરુષ ત્રણેય સ્તર પર પરમાત્માનો સાક્ષાત્કાર કરે પણ ખરો; ત્યારે, એકબીજામાં આવતોજતો, અથવા એક પછી એક જતો કે એકસાથે જ વ્યાપી જતો આ સર્વમય તે બની રહે છે. અથવા તો તે નિમ્ન સ્વરૂપોનું ઊર્ધ્વ દશાના આવિર્ભાવોમાં રૂપાંતર પણ કરી નાખે; તે મુક્ત બનેલ ભૌતિક મનની બાલચેષ્ટાને કે જડતાભરી બે-જવાબદારીને, તથા, મુક્ત બનેલ પ્રાણમય મનના દિવ્ય ઉન્માદને અને સર્વે નિયમો, ઉચિતતાઓ અને સુમેળો પ્રત્યેની તેની બે-પરવાઈને, ઊર્ધ્વમાં લઈ જાય અને તેમને સંતના જેવા આનંદનો કે ભટકતા વેરાગીની એકાકી મુક્તિનો રંગ કે ઓપ લગાડી દે એમ પણ બને. પણ, અહીં પણ પૃથ્વી પર આવેલો પુરુષ પ્રકૃતિ પર ન તો પ્રભુત્વ મેળવે છે, ન તો તેનું ઊર્ધ્વી-કરણ કરે છે; પણ મનોમય પ્રકૃતિની સુખ-પૂર્ણ, સહજ અને અનિયંત્રિત લીલા વડે, તથા આંતર-બાહ્ય રહેલી મનોમય આધ્યાત્મિક અનંતતાની મુક્તિ અને આનંદ દ્વારા તેમની પર બેવડી પકડ લે છે. પણ અન્નમય પુરુષ અને પ્રાણમય પુરુષ વિજ્ઞાનનો જે રીતે સ્વીકાર નથી કરી શકતા તે રીતે મનોમય પુરુષ તો કરી શકે છે; જ્ઞાનપૂર્વક – અલબત્ત માનસિક પ્રત્યુત્તર-વાળા મર્યાદિત જ્ઞાનપૂર્વક – તે વિજ્ઞાનનો સ્વીકાર કરી શકે છે; આથી તે, એ વિજ્ઞાનના પ્રકાશમાં પોતાનાં બાહ્ય કર્મોને અમુક અંશે નિયંત્રિત કરી શકે છે; અને તેમ ના કરી શકે તોપણ પોતાના સંકલ્પો અને વિચારણા-ઓને તેમાં સ્નાન કરાવીને શુદ્ધ તો કરી જ શકે છે. પણ મન તો આંતર અનંતતા અને બાહ્ય, સાંત, પ્રકૃતિ એ બેની વચ્ચે માત્ર સમાધાન જ સાધી શકે છે; બાહ્ય કર્મોની પાત્રતા હમેશાં અપૂરતી જ હોવાથી તે તેમાં અંતઃસ્થ પુરુષનાં જ્ઞાન અને શક્તિ અને આનંદની અનંતતાને વહાવી શકતું નથી. છતાં તે સંતોષ અને મુક્તિ તો અનુભવે જ છે કારણકે કર્મોની પાત્રતા પૂરતી હોય કે અપૂરતી છતાં પણ તેમની જવાબદારી ઉઠાવનાર, તેમને દોરનાર અને તેમનાં પરિણામો નક્કી કરનાર તો હવે અંતર-નિવાસી પ્રભુ પોતે જ હોય છે.

પણ વિજ્ઞાનમય પુરુષ તો માત્ર સનાતન મુક્તિમાં જ નહિ પણ સનાતન પ્રભુની શક્તિ અને પ્રભુતામાં પણ સામેલ થવામાં પ્રથમ હોય છે. કારણકે એ સમગ્રતાને સ્વીકારનાર છે; ભગવાનની સક્રિયતાની સંપૂર્ણતાને એ સમજે છે; એ અનંત પ્રભુની મુક્ત, ભવ્ય અને સમ્રાટશી યાત્રાનો સહયાત્રી છે; આદિ જ્ઞાન, વિશુદ્ધ શક્તિ, અભેદ્ય આનંદનું એ પાત્ર છે; એ સમગ્ર જીવનને સનાતન સૂર્ય અને સનાતન અગ્નિ, અને અમૃતમય સનાતન સોમરસમાં પલટી નાખે છે. તે પરમપુરુષની અનંતતાને ધારણ કરે છે તો પ્રકૃતિની પણ અનંતતાને ધારણ કરે છે. તે પોતાના, અનંત પ્રભુમય સ્વરૂપમાં પ્રવેશતાં, પોતાના પ્રકૃતિમય સ્વરૂપને ગુમાવવાને બદલે પ્રાપ્ત કરે છે. બીજા જે સ્તરો મનોમય પુરુષ સરળતાથી પ્રાપ્ત કરી શકે છે ત્યાં માનવ પોતાનામાં પ્રભુને અને પ્રભુમાં પોતાને પામે છે, પોતે પ્રભુમય બની જાય છે, – પણ તાત્ત્વિક રીતે, વ્યક્તિ તરીકે કે પ્રકૃતિમાં નહિ–. જ્યારે વિજ્ઞાનમાં ખુદ મનોભૂત વિજ્ઞાનમાં પણ, સનાતન પ્રભુ પ્રતીકરૂપ માનવનો કબજો લે છે, તેને પલટી નાખે છે, તેની પર પોતાની મહોર મારે છે, તથા તેનાં વ્યક્તિ-સ્વરૂપ અને પ્રકૃતિને વીંટળાઈ વળી તેમાં પોતાને આંશિક રીતે પ્રાપ્ત કરે છે. મનોમય પુરુષ, બહુ બહુ તો, જે કાંઈ સત્ય છે, દિવ્ય છે, સનાતન છે તેને ઝીલે છે; જ્યારે વિજ્ઞાનમય પુરુષ તો સાચું અદ્વૈત સિદ્ધ કરે છે, ઋત–પ્રકૃતિના આત્મા અને શક્તિને પ્રાપ્ત કરે છે. વિજ્ઞાનમાં, એકબીજાનાં પૂરક છતાં અલગ અલગ ગણાતાં પુરુષ અને પ્રકૃતિ એ બે તત્ત્વો ( કે જેને, આપણા હાલના સ્વાભાવિક અસ્તિત્વના વ્યવહારુ સત્યના પાયા પર સાંખ્યવાદે એક મહાન સિદ્ધાંતરૂપે સ્વીકાર્યાં છે ) તેમનું દ્વૈત અલોપ થઈ, ખડું થાય છે તેમનું એકરૂપ દ્વય, ગૂઢ પરમ તત્ત્વનું શક્તિમય રહસ્ય. ઋત–પુરુષ એ જ છે હર–ગૌરી, ભારતીય મૂર્તિમાં પ્રતીકરૂપે રજૂ થએલ અર્ધ–નારીશ્વર[1]; એ જ છે પરમેશ્વરની પરમ શક્તિમાંથી ઉદ્ભવેલ અને તેનાથી ધારણ થએલ નર–નારીરૂપ દ્વિવિધ શક્તિ.

એટલે સત્યમય બનતાં આત્મા અનંતતામાં આત્મ–વિલીનતા પામતો નથી; એ અનંતતામાં સનાતન આત્મ–પ્રાપ્તિ પામે છે. તેનાં કર્મો નિયંત્રણ–હીન હોતાં નથી; તેમાં હોય છે એક અનંત મુક્તિ–ભર્યું સંપૂર્ણ નિયંત્રણ. નિમ્ન સ્તરોમાં પુરુષ સ્વાભાવિક રીતે જ પ્રકૃતિને વશ હોય છે અને તેનું નિયામક તત્ત્વ નિમ્ન પ્રકૃતિમાંથી આવે છે; ત્યાં જે નિયંત્રણ હોય છે તેનાં કારણરૂપ છે પરિમિતતાના નિયમોની તાબેદારીનો પૂરેપૂરો

---

૧. ઈશ્વર અને શક્તિનું સંયુક્ત દેહ–સ્વરૂપ; તેનું જમણું અંગ પુરુષનું અને ડાબું અંગ સ્ત્રીનું હોય છે.

સ્વીકાર. તે સ્તરો પર જો આત્મા પરિમિતતાના ધર્મને છોડી અનંતતાની મુક્તિમાં ચાલ્યો જાય તો તે પોતાનું પ્રકૃતિ-નિર્ભર કેન્દ્ર ગુમાવી બેસે અને વિશ્વવ્યાપી અસીમતામાં કેન્દ્ર-હીન બની રહે; તેના બાહ્ય સ્વરૂપનું નિયમન કરનાર સંવાદ-મય, જીવંત તત્ત્વ તે ગુમાવી બેસે, અને નવું તો હજી મળ્યું જ ના હોય. ત્યારે તેની અંગત પ્રકૃતિ અથવા તો તેનો જે કાંઈ અંશ બચ્યો હોય તે પોતાની જૂની ચાલને થોડોઘણો સમય માત્ર યાંત્રિક રીતે ચલાવ્યે રાખશે; અથવા તો, વ્યક્તિગત તંત્ર ઉપર દોર ચલાવતી વિશ્વમય પ્રકૃતિ (જે હવે વ્યક્તિગત તંત્રની અંદર કાર્ય નહિ કરતી હોય તેના) ઉછાળ અને પછાડનું તે રમકડું બની જશે; અથવા તો, બેજવાબદાર હર્ષાવેશથી ઉન્મત્ત બની ગમે તેમ ભટક્યા કરશે; અથવા તો, અંદરથી આવતો આત્માનો ઉચ્છ્વાસ ગુમાવી જડ બની જશે. પણ જો આત્મા, ઊલટાનો, મુક્તિના આવેગને જોરે બીજા એક એવા દિવ્ય નિયંત્રણ-કેન્દ્રની શોધ આદરે કે જેની દ્વારા અનંત પ્રભુ પોતે જ વ્યક્તિની અંદર પોતાનાં કર્મોનું સચેતન નિયંત્રણ કરી શકે, તો વિજ્ઞાનનો એવો માર્ગ તેને મળી રહે કે જ્યાં તે કેન્દ્ર, અનંત સંવાદ અને સુમેળનું કેન્દ્ર પહેલેથી જ હયાત હોય છે. જ્યારે મન-પ્રાણથી ઉપર જઈ પુરુષ વિજ્ઞાનમાં આરોહણ કરે ત્યારે તે પોતાની પ્રકૃતિનો સ્વામી બને છે કારણકે હવે તે માત્ર પરા પ્રકૃતિને જ વશ રહે છે. કારણકે ત્યાં સંકલ્પ કે શક્તિ એ તો દિવ્ય જ્ઞાનનો બિલકુલ સાચો, જોડિયો ભાગ, તેની પરિપૂર્ણ ક્રિયાશક્તિ હોય છે. અને એ જ્ઞાન એટલે માત્ર સાક્ષી-પુરુષની દૃષ્ટિ જ નહિ, પણ શાસક ઈશ્વરનું અંતર્ગત અને અવિરોધ્ય ત્રાટક. તેની પ્રકાશ-પૂર્ણ, શાસક શક્તિ, ન છટકાય ન સામે થવાય એવી શક્તિ, પોતાના આત્મ-અભિવ્યક્તિભર્યા સામર્થ્યનો બધાં જ કર્મો પર દોર ચલાવે છે અને દરેક ચાલને, દરેક આવેગને સત્યમય અને પ્રકાશમય અને સત્તાશીલ અને અનિવાર્ય બનાવી દે છે.

વિજ્ઞાનમાં નિમ્ન સ્તરો પરના સાક્ષાત્કારોનો ઇન્કાર થતો નથી; કારણકે વિજ્ઞાન એ કોઈ વિલોપતા, શૂન્યતા કે નિર્વાણ નથી; એ તો છે આપણી આ પ્રગટ પ્રકૃતિની ઉન્નત કૃતાર્થતા. તે અગાઉના સાક્ષાત્કારોનું રૂપાંતર કરી તથા તેમને દિવ્ય સુમેળના ભાગરૂપ બનાવી, પોતાના નિયમાનુસાર પોતાના બનાવી દે છે. વિજ્ઞાનમય પુરુષ જરૂર બાળવત હોય છે, પણ એક રાજવી બાળક[2] જેવો; એની સમ્રાટશી અને સનાતન બાલ્યાવસ્થાનાં રમકડાં

૨. તેથી જ હિરાક્લિટસે કહ્યું છે: "સામ્રાજ્ય આ, બાળક તણું."
(નોંધ: હિરાક્લિટસ એક ગ્રીક રહસ્ય-વાદી, રહસ્યસ્વભાવી હતો. -અનુવાદક)

હોય છે વિશ્વો; અને, અનંત, રસભરી રમતનું ચમત્કારભર્યું બાલોદ્યાન છે વિશ્વવ્યાપી પ્રકૃતિ. વિજ્ઞાન દિવ્ય જડતાભરી અવસ્થા પણ અંગીકાર કરે છે; પણ એ જડતા એટલે, પ્રભુની ફૂંકથી ઊડતા કોઈ પાંદડા જેવી, પ્રકૃતિ-હાંક્યા પરવશ આત્માની જડતા નથી. એ તો છે પ્રકૃતિ-પુરુષનાં કર્મ અને આનંદની, અકલ્પ્ય તીવ્રતાથી ભરેલી સુખપૂર્ણ વિરામ-મયતા,- એમાં એકસાથે હોય છે બે તત્ત્વો : પ્રભુત્વપૂર્ણ પુરુષના આનંદનું સંચાલન અને, પુરુષની ઉપર અને આજુબાજુ વ્યાપી રહેલી તથા તેને પોતાનાં વક્ષ:સ્થળ પર આનંદથી સદાકાય ઉઠાવ્યે જતી, વહાવે જતી પરા-શક્તિની સચેતનતા. પુરુષ-પ્રકૃતિનું આ બેવડું એકમ એટલે, જાણે કે, ( સમગ્ર વિશ્વ સાથે એકરૂપ તેમ જ પરમ પરાત્પરતા સાથે પણ એકરૂપ એવી પોતાની આંતરિક ચેતના અને શક્તિ વડે સ્વયં-સંચાલિત બની, પોતાની કક્ષામાં ભમતા દિવ્ય પ્રકાશનો, અગ્નિ-શિખામંડિત સૂર્ય અને તેનો દેહ. અને તેનો ઉન્માદ એટલે આનંદ-તત્ત્વનો પ્રજ્ઞાપૂર્ણ ઉન્માદ, પોતાના દિવ્ય જીવન-છંદમાં, મુક્તિ તથા તીવ્રતાનાં અનંત ભાનથી પ્રકાશતી, પરમ ચેતના અને શક્તિનો અમાપ્ય હર્ષાવેશ. તેનાં કર્મો એટલે અતિ-બૌદ્ધિક કર્મો; એટલે જ, બુદ્ધિ-દોર્યા છતાં ઉકેલ-હીણા મનને એ લાગે છે એક આભ-ઊંચી ઘેલછા. અને છતાં, આ જે એક ઘેલછા લાગે છે એ છે કામે લાગેલું એક એવું ડહાપણ, પ્રજ્ઞા કે જે, પોતાની મુક્તિ અને સમૃદ્ધિ-ભંડારને લીધે તેમ જ, પોતાની ગતિની મૂળભૂત સાદાઈ પર રચાએલી અનંત જટિલતાને પરિણામે, માનવ-મતિને મૂંઝવી નાખે છે; એ છે અનુમાન બાંધી બુદ્ધિ જેને માપી શકે નહિ એવી જગન્નાથની લીલા, એ છે પ્રચંડ શક્તિઓની રાસ-લીલા જેમાં રસેશ્વર ભગવાન તેની શક્તિઓ સાથે હાથ મિલાવી, આત્મ-નિર્ણિત ચકરાવામાં તેમને પોતાના છંદમાં ઘુમાવી રહ્યો છે. સામાન્ય માનવ-જીવનની ક્ષુદ્ર પ્રણાલિઓ અને ઉચિતતાઓ અને સાંકડા નીતિ-નિયમોનો અનાદર આદરતી દિવ્ય પિશાચ-લીલા; નિમ્ન પ્રકૃતિમાં રહેલાં મૂંઝવતાં દ્વંદ્વોમાં પોતાની મોકળાશ મેળવવા મથતી, દુનિયાના વિરોધાભાસોમાંથી પોતાનો રસ્તો શોધતી, દગલા-બંધ અથડામણોથી બચવા મથતી અને ભયસ્થાનો અને પતન-સ્થાનોમાંથી બચી બચીને પગલાં ભરતી નિમ્ન પિશાચ-લીલા આદરનાર જે મુક્તિ માણે છે તો વિજ્ઞાનમય પુરુષ કાંઈ ઓછી મુક્તિ માણતો નથી. વિજ્ઞાનનું અતિ-માનસિક જીવન આપણને અવસામાન્ય એટલા માટે લાગે છે કે એમાં પ્રકૃતિની સામે નીડરતાથી અને ખુદ ઉગ્રતાથી કામ લેતા આત્માને ખડતલતા અને ધૃષ્ટતા-ભર્યા આનંદની છૂટ હોય છે; પણ અનંતતામાં અને પોતાની

ચોક્કસ અને અચૂક કાર્યપદ્ધતિવાળા ઋત-ધર્મના સર્વ નિયંત્રણમાં તો એ એક સહજતા જ છે. એક અગણિત અદ્વૈતમાં રહેલા સ્વયંસિદ્ધ જ્ઞાન-પ્રેમ-આનંદના ધર્મને તે અનુસરે છે. તે અવસામાન્ય લાગે છે કારણકે તેનો તાલ મનની બે-તાલ તાળીઓ વડે પકડી શકાતો નથી; પણ તેની ગતિ તો એક અદ્દભુત અને પરાત્પર છંદાનુસાર જ થઈ રહી હોય છે.

તો પછી, હજી તેનાથી પણ ઊંચે જવાની શી જરૂર છે?– અને વિજ્ઞાનમય પુરુષ અને આનંદમય પુરુષમાં ભેદ શો છે? તાત્ત્વિક તફાવત તો કાંઈ જ નથી; છતાં તફાવત છે પણ ખરો; કારણકે એ આરોહણમાં એક બીજી ચેતનામાં સ્થળાંતર થાય છે અને અવસ્થામાં એક જાતનો દિશાપલટો પણ થાય છે; (જડ તત્ત્વમાંથી સર્વોચ્ચ અસ્તિત્વે પહોંચતાં દરેક નવું આરોહણ એક એક નવો દિશા-પલટો જ હોય છે). હવે પુરુષ પોતાનાથી પરની કોઈ વસ્તુ માટે મીટ માંડતો નથી, પણ તેમાં જ તે આવી ગયો હોય છે અને ત્યાંથી પોતાની બધી પૂર્વ-અવસ્થાઓ નિહાળતો હોય છે. અલબત્ત, અસ્તિત્વના બધા જ સ્તર પર આનંદને શોધી શકાય છે કારણકે બધે જ તે વ્યાપેલો છે અને એકસરખો રહેલો છે. ચેતનાના દરેક નિમ્ન સ્તર પર આનંદ-લોકની ખુદ પુનરાવૃત્તિ પણ થએલી હોય છે. પણ એ નિમ્ન સ્તરોમાં, શુદ્ધ મન કે પ્રાણમય સમજ કે ભૌતિક સભાનતાને તેમાં ભેળવીને જ તે પામી શકાય છે; એટલું જ નહિ પણ એ મન-પ્રાણ-અન્નની ભેળવણીને લીધે એ પોતે પણ, જાણે કે મોળો અને એવો પાણી જેવો પાતળો થઈ જાય છે કે જે, ભલે નિમ્ન ચેતનાને અદ્દભુત લાગે છતાં તેની અસલ ઘનતાની સરખામણીમાં તો કાંઈ જ નથી હોતો. જ્યારે વિજ્ઞાનમાં તો એ, અસલ ચેતનાના એવા ઘન-પ્રકાશ-સ્વરૂપે, ચિદ્-ઘન સ્વરૂપે હોય છે કે જેમાં આનંદ પોતાના અસલ નક્કર સ્વરૂપે રહી શકે છે. એ આનંદમાં જ્યારે વિજ્ઞાન ભળે છે ત્યારે વિજ્ઞાનનો લોપ નથી થઈ જતો; પણ તે એક એવો સહજ પલટો પામે છે જેથી પુરુષ પોતાની અંતિમ અને નિરપેક્ષ મુક્તિમાં જઈ પહોંચે છે. કારણકે ત્યાં તે આત્મતત્ત્વના નિરપેક્ષ અસ્તિત્વમાં સાકાર બને છે અને પોતાના અસલ, સ્વયંભૂ, આનંદમય અનંતતાઓની સંપૂર્ણ વિશાળતા ધારણ કરે છે. વિજ્ઞાનને માટે તો અનંત અને નિરપેક્ષ બ્રહ્મ એ જ છે તેની સર્વ પ્રવૃત્તિઓનું સચેતન મૂળ, માર્ગ, અવસ્થા, ધોરણ, પ્રદેશ અને હવા; તે તેને પોતાના ધારક, પ્રેરક, ઘટક તરીકે, અંતરમાં વસતી અને ગતિમાં મૂકતી પરમ સન્નિધિ તરીકે ધારણ કરે છે. પણ સક્રિય થતાં તે તેની ક્રિયા તરીકે, તેની પ્રવૃત્તિ-

એના છંદમય રાગ તરીકે, એક દિવ્ય માયા[2] કે સનાતન પ્રભુના પ્રજ્ઞાપૂર્ણ સર્જન તરીકે બહાર નીકળી આવતું લાગે છે. વિજ્ઞાન તો છે દિવ્ય ચિત્-શક્તિનો દિવ્ય જ્ઞાન-સંકલ્પ; એ છે પુરુષ-પ્રકૃતિની છંદબદ્ધ ચેતના અને કાર્ય, — દિવ્ય અસ્તિત્વના આનંદથી છલોછલ. આનંદમાં, જ્ઞાન આ સંકલ્પ-નિર્મિત છંદોમાંથી શુદ્ધ આત્મ-સચેતનતામાં પાછું આવી જાય છે, સંકલ્પ શુદ્ધ પરાત્પર શક્તિમાં ભળી જાય છે અને એ બંનેને, જ્ઞાન અને સંકલ્પને,— અનંત બ્રહ્મના શુદ્ધ આનંદમાં ઉઠાવી લેવામાં આવે છે. વિજ્ઞાનમય અસ્તિત્વનો પાયો એટલે આનંદનો આત્મ-પદાર્થ અને આત્મરૂપ.

આરોહણમાં આ પ્રમાણે બની આવે છે, કારણકે નિરપેક્ષ અદ્વૈતને પહોંચવાની યાત્રા ત્યાં સમાપ્ત થાય છે; વિજ્ઞાન એ ત્યાં પહોંચવાનું નિશ્ચયાત્મક પગલું છે,— આખરી મંઝિલ નહિ. વિજ્ઞાનમાં આત્મા પોતાની અનંતતાને જાણે છે અને તેમાં જ રહે છે; પણ, અનંતની વ્યક્તિગત લીલાને ખાતર એ એક કામચલાઉ કેન્દ્રમાં પણ રહે છે. તે સર્વે અસ્તિત્વ સાથે એકરૂપ થઈ જવા છતાં એક ભેદ-હીન છતાં એવી આગવી હયાતી જાળવી રાખે છે કે જેના વડે તે બધાં જ અસ્તિત્વો સાથે અમુક વિવિધતાભર્યો સંપર્ક પણ સાચવી શકે. સંપર્કના આનંદને ખાતર જાળવેલી આ જ આગવી હયાતી, મનોમય ભૂમિકા પર આવતાં, માત્ર ભેદ જ નહિ પણ, આપણાં જ અન્ય સ્વરૂપોથી આપણી વિભિન્નતાની અનુભૂતિ થઈ પડે છે; આધ્યાત્મિક સત્તામાં તે, બીજાઓના આત્મા સાથેની આપણા આત્માની એકતાની વિસ્મૃતિ અને ગુમાવેલી સુખમયતા માટેની મથામણ બની રહે છે; અને જીવનમાં, અહમ્-પ્રધાન આત્મ-નિમગ્નતા અને ગુમાવેલી એકતા માટેની અંધ ઝંખના એ બેની વચ્ચે એક મધ્યમ-માર્ગ બની રહે છે. વિજ્ઞાનમય પુરુષ પોતાના પ્રજ્ઞાપૂર્ણ હેતુઓને ખાતર પોતાની અનંત ચેતનામાં એક જાતની મરજિયાત મર્યાદા ઊભી કરે છે; તેને પોતાનું એક એવું આગવું પ્રકાશ-મય આભા-મંડળ પણ હોય છે કે જેની અંદર તે હરેફરે છે,— અલબત્ત તેની બહાર જઈને પણ તે સર્વ પદાર્થોમાં પ્રવેશ કરે છે અને સર્વે સત્તા અને સર્વે અસ્તિત્વો સાથે એકરૂપતા સાધે છે. આનંદલોકમાં વસ્તુસ્થિતિ અવળી જ

---

૨. "માયા"નો સામાન્ય અર્થ થાય છે "ભ્રમ", પણ અહીં તો તેને અસલ વૈદિક અર્થમાં વાપરેલ છે. વિજ્ઞાનમય અસ્તિત્વમાં તો સર્વ કાંઈ સત્ય, આધ્યાત્મિક રીતે નક્કર, અને સદાકાળ પ્રમાણ-પૂર્ણ હોય છે.
(નોંધ : સંસ્કૃતમાં મા ક્રિયાપદનો અર્થ થાય છે : માપવું; તેના પરથી "માયા".
—અનુવાદક)

થઈ જાય છે, કેન્દ્રનો લોપ થઈ જાય છે. આનંદમય પ્રકૃતિમાં ન તો કોઈ કેન્દ્ર છે, ન તો કોઈ મરજિયાત કે ફરજિયાત વર્તુળ છે; પણ બધું જ અને બધા જ એકસરખી સતતા છે, એક એકરૂપ આત્મતત્ત્વ છે. આનંદમય પુરુષ પોતાને સર્વત્ર જુએ છે અને જાણે છે, તેને કોઈ નિવાસ-સ્થાન નથી, તે 'અ-નિકેતન' છે; અથવા તો સર્વ કાંઈ એ જ તેનું નિવાસ-સ્થાન છે, અથવા તો, જો એ ઇચ્છે તો, સર્વે પદાર્થો તેનાં અનેક નિવાસ-સ્થાનો છે – જે પરસ્પર માટે સદાય ખુલ્લાં છે. બીજાં સર્વે સ્વરૂપો, સક્રિયતામાં તેમ જ સત્ત્વરૂપે, સંપૂર્ણપણે સ્વ-સ્વરૂપો છે. અનેકવિધ એકતા સાથેના સંપર્કનો આનંદ હવે, સંપૂર્ણપણે, અગણિત એકતામાં રહેલ નિરપેક્ષ અદ્વૈતનો આનંદ બની રહે છે. હવે અસ્તિત્વ જ્ઞાનરૂપે રજૂ કરાતું નથી, કારણકે અહીં તો જ્ઞાત, જ્ઞાન અને જ્ઞાતા સંપૂર્ણપણે એકરૂપ હોય છે અને, સર્વ કાંઈ સર્વ કાંઈને એક એવા ઘનિષ્ટ અદ્વૈતમાં સમાવતું હોય છે કે જે અતિ નિકટની નિકટતાથી પણ પર હોય; તેથી આપણે જેને જ્ઞાન કહીએ છીએ તે બિનજરૂરી થઈ પડે છે. સર્વ ચેતના અનંત બ્રહ્મના આનંદની ચેતના હોય છે, સર્વ સામર્થ્ય અનંત બ્રહ્મના આનંદનું સામર્થ્ય હોય છે, સર્વે સ્વરૂપો અને ગતિઓ અનંત બ્રહ્મના આનંદનાં સ્વરૂપો અને ગતિઓ હોય છે. આનંદનો સનાતન આત્મા પોતાનાં આ અસલ નિરપેક્ષ સત્યમાં વિલસે છે; આપણા આ નિમ્ન લોકમાં વિરોધભરી ઘટનાઓથી તે વિરૂપ થએલ છે, તો ત્યાં, તે તેની અસલ વાસ્તવિકતામાં પહોંચેલ છે, પલટાઈ ગએલ છે.

છતાં પણ આત્માનું અસ્તિત્વ રહે જ છે; તેનો અંત આવતો નથી, તે કોઈ નિરંજન, નિરાકાર બ્રહ્મમાં લોપ પામતો નથી. કારણકે આપણા અસ્તિત્વના દરેક સ્તર પર એ પોતાની હયાતી જાળવે જ છે; એમ બને કે તે આત્મ-તલ્લીનતા ભરી સમાધિ-નિદ્રા સ્વીકારે, કે પ્રભુ-પ્રાપ્તિની કોઈ વાચાતીત ગાઢ અવસ્થામાં જ રહે, કે પોતાના નિજી પ્રદેશની ( કે જેને વિવિધ ભારતીય દર્શનોએ આનંદલોક, બ્રહ્મલોક, વૈકુંઠ કે ગોલોક જેવાં નામ આપેલાં છે તેની ) પરમ ભવ્યતામાં વિલસે, કે પછી નિમ્ન લોકોમાં પોતાના આગવા પ્રકાશ અને સામર્થ્ય અને પરમાનંદને ભરી દેવાના કામે પણ લાગે. સનાતન લોકોમાં ( અને મનોમય જગતથી ઉપર જઈએ તેમ તો વધારે ને વધારે ) આ બધી અવસ્થાઓ એકબીજામાં ભળી રહેલી હોય છે. કારણકે અલગ અલગ અવસ્થાઓ નથી; તેઓ નિરપેક્ષ ચેતનાની, સહગામી અને ખુદ સહોદરી શક્તિઓ છે. આનંદલોકનો ભગવાન કાંઈ વિશ્વ-લીલા માટે અસમર્થ નથી કે નથી પોતાની ભવ્યતાઓને વ્યક્ત કરવામાંથી

પોતાની મેળે પોતે બનાઈ પામેલો. ઊલટાનું આનંદ એ જ છે સાચું સર્જન-સભર તત્ત્વ (ઉપનિષદોએ ભાર દઈને આ વાત કરેલી છે). કારણકે બધું જ દિવ્ય આનંદમાંથી જન્મે છે[૪] સર્વ કાંઈ તેમાં, અસ્તિત્વના નિરપેક્ષ સત્ય તરીકે પહેલેથી જ હયાત હોય છે અને વિજ્ઞાન તેમને બહાર લાવે છે તથા, પોતાના સર્જક-ભાવ તથા સર્જક-ભાવના ધર્મ વડે, મરજિયાત મર્યાદાઓને આધીન કરે છે. આનંદમાં ધર્મમાત્રનો અભાવ હોય છે, હોય છે માત્ર શરતહીન, સીમાહીન, નિરપેક્ષ મુક્તિ. તે સર્વ તત્ત્વોથી પર છે, તો બરાબર એ જ સાથે, સર્વે તત્ત્વોનો ભોક્તા છે; તે ગુણ-માત્રથી પર છે, તો પોતાના જ અનંત ગુણોનો ભોક્તા પણ છે; તે સર્વે સ્વરૂપોથી પર છે, તો પોતાનાં સર્વે સ્વ-સ્વરૂપો અને સ્વ-આકૃતિઓનો સ્રષ્ટા અને ભોક્તા પણ છે. આવી અકલ્પ્ય સમગ્રતા એ જ છે આત્મતત્ત્વ,- આત્મતત્ત્વ, પરાત્પર અને વિશ્વમય; અને એ પરાત્પર અને વિશ્વમય આત્મતત્ત્વની સાથે આનંદમાં એક બની જવું એ જ, - અને બરાબર એ જ,- છે આત્માએ પાર પાડવાનું. આ લોકમાં નિરપેક્ષતા છે, અને નિરપેક્ષતાઓની લીલા છે; તેથી, અફસોસ, તેનું વર્ણન કદી પણ ના થઈ શકે આપણા મનના કોઈ પણ ખ્યાલ વડે કે કોઈ પણ ઘટનારૂપ કે આદર્શરૂપ વાસ્તવિકતાઓ વડે; કારણકે આપણા માનસિક ખ્યાલો એ આ વાસ્તવિકતાઓના જ, આપણી બુદ્ધિમાં ઊભા થતા, આકારો છે અને આ વાસ્તવિકતાઓ પોતે પણ, ખરેખર તો પેલી વર્ણનાતીત નિરપેક્ષતાઓનાં સાપેક્ષ પ્રતીકો છે. આવાં પ્રતીકો, આવી અભિવ્યક્તિભરી વાસ્તવિકતાઓ, આપણને પેલી નિરપેક્ષતાનો કાંઈક ખ્યાલ, બોધના, સંવેદન, દર્શન કે ખુદ સંપર્ક પણ આપી શકે, તોપણ છેવટે તો આપણે તેનાથી પર થઈ, ખ્યાલ, દર્શન અને સંપર્કને ઓળંગી જઈ, આદર્શ સ્વરૂપોની આરપાર જઈ, તે સર્વે જેનાં પ્રતીક છે તે પેલી વસ્તુને પોતાને, વાસ્તવિક વાસ્તવિકતાને, એકરૂપતાને, પરમતાને, કાલાતીત સનાતનને, અનંતતાપૂર્ણ અનંતને પહોંચવાનું છે.

એવું કાંઈક કે જે, આપણે અત્યારે જે છીએ અને જાણીએ છીએ તેનાથી પર હોય, તેના વિશે આપણે જ્યારે અંતરમાં જાગ્રત થઈએ અને તેના માટે આપણને સજ્જડ આકર્ષણ થાય ત્યારે આપણામાં સૌથી પહેલાં જે જબરજસ્ત આવેગ ઊઠે છે તે હોય છે આપણી હાલની હયાત સ્થિતિનો ત્યાગ કરવાનો અને એ ઊર્ધ્વ વાસ્તવિકતામાં કાયમી નિવાસ કરવાનો. આપણે

૪. તેથી જ આનંદલોકને જનલોક પણ કહ્યો છે, જેથી આનંદલોકનો જન્મદાતા તરીકેનો બીજો અર્થ પણ ધ્યાનમાં આવી જાય.

જ્યારે પરમ અસ્તિત્વ અને અનંત આનંદ પ્રત્યે ખેંચાઈ આવીએ છીએ ત્યારે આમ જે આકર્ષણ જાગે છે તેનો ઉદ્દામ પ્રકાર છે આ નિમ્ન અને સાંત અસ્તિત્વને એક માયાવી ભ્રમ ગણી કાઢવાનો અને પારલૌકિક નિર્વાણ માટે અભીપ્સા, કરવાનો, —એ છે: આત્મતત્ત્વમાં ડૂબકી દેવાની, ભળી જવાની, ભૂંસાઈ જવાની તીવ્ર ઝંખના. પણ ખરેખરો લોપ, સાચું નિર્વાણ તો છે: નિમ્ન પુરુષને જાણે જેમ ચોટેલી ખાસિયતોને છોડી ઊર્ધ્વ ખાસિયતોવાળા વિશાળ પુરુષમાં છુટકારો, પ્રતીકરૂપ જીવન પર જીવંત સત્યનો કબજો. અને છેવટે આપણને ખબર પડે છે કે ઊર્ધ્વ સત્ય એ આ સર્વે નિમ્નતાનું માત્ર કારણ જ નથી, એણે આ સર્વે નિમ્નતાને માત્ર બાથમાં જ લીધેલી અને તેમાં આવી વસેલી જ નથી પણ, આપણે જેમ જેમ એને વધુ ને વધુ પ્રાપ્ત કરતા જઈએ તેમ તેમ તે સર્વે નિમ્નતા, આપણી આત્મ-અનુભૂતિમાં ઊર્ધ્વ મૂલ્યો ધારણ કરી રૂપાંતર પામતી જાય છે અને પરમ સત્યની વધારે સમૃદ્ધ અભિવ્યક્તિ માટેનું, પરમ અનંતતા સાથેના અનેકાંગી આલિંગનનું, પરમ અસ્તિત્વ પ્રત્યેના વધારે વિશાળ આરોહણનું કરણ બની જાય છે. અને આખરે આપણે નિરપેક્ષતાને અને તેનાં એવાં પરમ મૂલ્યોને પામીએ છીએ કે જે સર્વે પદાર્થોની પણ નિરપેક્ષતાઓ હોય છે. અને ત્યારે, આજ સુધી આપણામાં પડેલી મુમુક્ષા, મુક્તિની ઝંખના ચાલી જાય છે, કારણકે જે સદાય મુક્ત છે, અને જેને,. આપણને આજ સુધી બંધનમાં રાખનારની આસક્તિ ન તો આકર્ષી શકે છે કે આપણને બંધનરૂપ લાગનારથી જે ન તો બીએ છે, તેનું ગાઢ સામીપ્ય હવે આપણને લાધે છે. બંધન-યુક્ત આત્મા જ્યારે અંગત મુક્તિ માટેની પોતાની અલાયદી ઝંખનાને પડતી મૂકે, માત્ર ત્યારે જ આપણી પ્રકૃતિની નિરપેક્ષ મુક્તિ સંભવે છે. ભગવાન મનુષ્યોના આત્માને વિવિધ લાલચોથી આકર્ષે છે; એ બધી લાલચોનો ઉદ્ભવ આનંદ અંગેના આત્માના સાપેક્ષ અને અધૂરા ખ્યાલમાંથી થાય છે; એ બધા જ છે તો તેના આનંદ-શોધના માર્ગો, પણ જો છેવટ સુધી તે તેને વળગી જ રહે તો પેલી અતિ-ઊર્ધ્વ સુખમયતામાં રહેલાં અવર્ણનીય સત્યને તે ગુમાવી બેસે છે. તેમાં સહુથી પહેલી આવતી લાલચ છે કોઈક દુન્યવી લાભની, પાર્થિવ મન-દેહમાં મળતા કોઈક ભૌતિક, બૌદ્ધિક, નૈતિક કે અન્ય કોઈ આનંદની. બીજી આવી જ, આવી જ ફળદાયક છતાં ભૂલ ભરેલી, લાલચની વધારે દૂરગામી અને વધારે વિશાળ આવૃત્તિ છે. દુન્યવી લાભના કરતાં ઘણી ઘણી ઊંચી એવી, સ્વર્ગના સુખની; સ્વર્ગની કલ્પના વધતી વધતી અને શુદ્ધ થતી થતી છેવટે બની રહે છે:

પ્રભુની સનાતન સન્નિધિ કે સનાતન પ્રભુનું અંતહીન મિલન. અને છેવટે આવે છે એક અતિ-સૂક્ષ્મ લાલચ, એ છે: આ દુન્યવી કે સ્વર્ગીય સુખોમાંથી અને સર્વે શોક અને દુઃખમાંથી, યત્નો અને ઉપાધિઓમાંથી અને બધી જ ઘટનાત્મક બાબતોમાંથી છુટકારો, નિર્વાણ, નિરપેક્ષતામાં આત્મ-વિલોપન, મુક્તિનો આનંદ અને અવર્ણનીય શાંતિ. પણ છેવટે તો, મન-રીઝવતાં આ સર્વે રમકડાંઓથી પર થઈ જ જવાનું છે. પુનર્જન્મની બીક અને પુનર્જન્મ-માંથી છુટકારાની ઇચ્છા આપણામાંથી પૂરેપૂરી ચાલી જ જવી જોઈએ. પ્રાચીન ઋષિઓની વાણીને ફરીથી ઉચ્ચારીને કહી શકાય કે : અદ્વૈતનો સાક્ષાત્કાર પામેલા આત્માને ના હોય શોક, ના બીક; આત્માનંદમાં પ્રવેશેલા આત્માને કોઈનો ય કે શેનો ય જરા પણ ડર કેવો ? ડર, કામના, શોક એ તો મનના રોગ છે; અલગતા અને અપૂર્ણતાના ખ્યાલમાંથી તેઓ ઊગેલાં હોઈ, તેમને ઉગાડનાર અસત્યનો નાશ થતાં તેઓ પોતે પણ નાશ પામે છે. આનંદલોકમાં આ રોગોને સ્થાન શેનું ? આનંદ એ કાંઈ ત્યાગીઓનો ઇજારો નથી; આનંદ કાંઈ અસ્તિત્વ માટેની ધૃણામાંથી ઉદ્‌ભવતો નથી.

આનંદમય પુરુષ ન તો જન્મથી બંધાએલો છે, ન તો અ-જન્મથી; જ્ઞાનની ઝંખના તેને દોડાવતી નથી, તો અજ્ઞાનનો ડર તેને ડરાવતો નથી. પરમ આનંદમય આત્માને પરમ જ્ઞાન તો પોતાનું જ છે, તો પછી તેને જ્ઞાનની જરૂર કેવી ? કર્મો કે વિધિઓથી તેની ચેતના બંધાઈ જતી નથી, તેથી તે અજ્ઞાનનો પાશ પામ્યા વિના વિશ્વલીલામાં રમી શકે છે. ઊર્ધ્વમાંની પેલી રહસ્યમય, સનાતન લીલામાં જો તે પોતાનો ભાગ ભજવે જ છે, તો જરૂર પડતાં અજ્ઞાનનો દાસ બન્યા વિના, પ્રકૃતિની ઘટમાળમાં બંધાયા વિના, તે જન્મ-ધારણ જરૂર કરશે. કારણકે તે જાણે છે કે લખ-ચોર્યાશીનો હેતુ અને ધર્મ છે : દેહધારી આત્માને એક લોકમાંથી બીજા લોકમાં ઊંચે લઈ જવાનો અને છેક નીચેની પાર્થિવ લીલાથી શરૂ કરી ઊર્ધ્વ અને વધારે ઊર્ધ્વ લીલાના ધર્મને સ્થાપતા જવાનો. આનંદમય પુરુષને ન તો સૂગ છે ઊર્ધ્વનાં આરોહણની, ન તો ડર છે પ્રભુનાં સોપાન પરથી નીચે ઊતરી ભૌતિક જન્મ ધારણ કરવાનો અને તેમ કરી, ઊર્ધ્વમાં ખેંચાણ કરતી દિવ્ય શક્તિ-ઓનાં કાર્યમાં પોતાની આનંદમય પ્રકૃતિનાં સામર્થ્યની ભેટ ધરવાનો. પણ ઉત્ક્રાંત થતા કાળ-પુરુષનું એ અદ્‌ભુત ચોઘડિયું હજી આવ્યું નથી. હજી સામાન્ય માનવજાત એ આનંદમય પ્રકૃતિ સુધી ઊંચે ચઢી શકતી નથી; પહેલાં તો તેણે ઊર્ધ્વ-મનમાં સ્તર પર સ્થિર થઈ ત્યાંથી વિજ્ઞાનનું આરોહણ શરૂ કરવાનું છે; અને આનંદમયી શક્તિના પૂર્ણ પ્રવાહને પાર્થિવ પ્રકૃતિમાં

વહાવી લાવવાનું તો, તેનાથી ય દૂર છે; હજી તો તેણે મનોમય માનવ મટી અતિ-માનવ બનવાનું છે. હાલ પૂરતું તો તેનું કાર્ય છે : એ ઊર્ધ્વ શક્તિને નિમ્ન ચેતના દ્વારા રોળાઈ જતી અટકાવી, પોતાના આત્મામાં વધારે કે ઓછી ધારણ કરવી; અને તેટલું ય કરતામાં તો તેને કોઈ પરમહર્ષનો, કોઈ અનુપમ પરમાનંદનો અનુભવ થઈ આવે છે.

અને જ્યારે એક નવી જ અતિમાનસિક જાતિમાં આ આનંદમયી પ્રકૃતિ પ્રગટ થશે ત્યારે એ કેવી હશે ? ત્યારે પૂર્ણ-વિકસિત આત્મા પ્રાણી-માત્ર સાથે એકરૂપ હશે; એ એકરૂપતા થએલી હશે : એક પ્રબળ અને અસીમ્ય આનંદપૂર્ણ ચેતનાની અનુભૂતિથી ભરેલી અવસ્થામાં તેમ જ સક્રિય-તામાં, પરિણામસાધક સક્રિયતામાં. અને આનંદપૂર્ણ એકતાની પરિણામસાધક શક્તિ અને તેનું આત્મ-પ્રતીક તો છે પ્રેમ; તેથી એ એકતા માટેનું તેનું પ્રવેશદ્વાર હશે વિશ્વવ્યાપી પ્રેમ; શરૂઆતમાં એ હશે માનવપ્રેમનું જ ઊર્ધ્વ સ્વરૂપ, અને પછીથી એક દિવ્ય પ્રેમ કે જે પોતાનાં શિખર પર એવું સૌંદર્ય, મધુરતા અને ભવ્યતા બની રહ્યો હશે જે હાલમાં આપણી કલ્પનાથી પણ પર છે. આત્મા એ આનંદપૂર્ણ ચેતનાથી સમગ્ર વિશ્વ-લીલા સાથે અને તેમાંની શક્તિઓ અને ઘટનાઓ સાથે એકરૂપ થઈ જશે અને આપણાં બિચારાં વાદળ-છાયાં મનોમય, પ્રાણમય અને ભૌતિક અસ્તિત્વનાં શોક અને બીક, ભૂખ અને દુઃખ સદાય માટે વિદાય થઈ જશે. તેને આનંદપૂર્ણ મુક્તિનું એ સામર્થ્ય મળશે કે જેમાં આપણી જાતનાં અથડામણ-ભર્યાં સર્વે તત્ત્વો પોતાનું નિરપેક્ષ મૂલ્ય પામી એકતા સાધી લેશે. સર્વે અશુભને શુભમાં પલટાઈ જવાની ફરજ પડશે; સૌંદર્ય-સ્વામીનું વિશ્વવ્યાપી સૌંદર્ય પોતાના પતિત પ્રદેશો પર પુનઃરાજ્યારોહણ કરશે; દરેક અંધકાર પ્રકાશના ગર્ભિત મહિમામાં પલટાઈ જશે અને સત્ય, સામર્થ્ય, સૌંદર્ય, પ્રેમ, શુભ, જ્ઞાન એ બધાંની વચ્ચેની મન-સર્જિત બેસૂરતા એક એવા સનાતન શિખર પર એક એવી અનંત વિશાળતામાં અદૃશ્ય થઈ જશે કે જ્યાં તેઓ સદાકાળ છે એકરૂપ.

મન, પ્રાણ અને શરીરમાં વસતો પુરુષ પ્રકૃતિથી અલગ છે અને અથડામણમાં પણ છે. પ્રકૃતિમાંથી જે કાંઈ તે પકડી શકે તેને તે પોતાનાં પુરુષ-સહજ સામર્થ્યથી નાથવા અને દમવા મથે છે ખરો છતાં ય પોતે તો રહે છે તેનાં દુઃખદાયક દ્વૈતનો દાસ અને, હકીકતમાં તો, તેનું નખ-શિખ, આદ્યંત રમકડું. જ્યારે વિજ્ઞાનમાં એ છે તેની સાથે એક બેવડું એકરૂપ; ત્યાં તે, પોતાની સામ્રાજ્ઞીશી દિવ્ય પ્રકૃતિમાં વસતા પરમ પ્રભુનું અનંત,

આનંદ-પૂર્ણ દાસત્વ સ્વીકારે ( કે જે પોતાની પ્રભુતા-પૂર્ણ અને મુક્તિ-ભરી અવસ્થા જ છે) તે છતાં પોતાની પ્રકૃતિનો સ્વામી જ રહી, બંનેમાં રહેલી તાત્ત્વિક એકતા વડે બંનેની સંગતિ અને સંવાદ સ્થાપે છે. વિજ્ઞાનના શિખર-પ્રદેશમાં અને આનંદલોકમાં તે અને પ્રકૃતિ એક જ બની જાય છે, એ રૂપે એક નહિ. ત્યાં પ્રકૃતિની, અજ્ઞાન-નિવાસી આત્મા સાથેની મૂંઝવતી રમત નથી રમાતી; ત્યાં તો સર્વે રમત એટલે પુરુષની, પોતાની જ જાત સાથેની અને પોતાનાં જ સર્વે સ્વરૂપો સાથેની અને પરમ પ્રભુ સાથેની અને, પોતાની અનંત, આનંદપૂર્ણ પ્રકૃતિમાં વસતી દિવ્ય શક્તિ સાથેની સચેતન લીલા. આ જ છે પરમ રહસ્ય, સર્વોચ્ચ મર્મ અને એક સહજ, સરળ અનુભૂતિ,-પછી ભલેને, આપણા ખ્યાલ-પ્રેમી મનને અને, પોતાનાથી પરની વસ્તુઓને પામવા મથામણ કરતી આપણી સાંકડીશી બુદ્ધિને તે ગમે તેટલી મુશ્કેલ અને અટપતી લાગતી હોય. સચ્ચિદાનંદની આત્માનંદ-ભરી મુક્ત અનંતતામાં તો થઈ રહી છે દિવ્ય બાળ-લીલા, અનંત પ્રેમીની રાસલીલા; અને એ રાસ-લીલાના ગૂઢ આત્મબોલ સૌંદર્યના સૂરમાં અને આનંદના નાચે અને તાલે, કાલથી અતીત રહી સદાય ઘૂંટાયે જ જાય છે.

પ્રકરણ : ૨૫

# ઊર્ધ્વ જ્ઞાન અને નિમ્ન જ્ઞાન

**આ**પણે જ્ઞાનમાર્ગ ઉપર નજર નાખી લીધી અને એ પણ જોઈ લીધું કે છેવટે એ ક્યાં લઈ જશે. સૌથી પહેલી વાત તો એ કે જ્ઞાન–યોગને અંતે થાય છે પ્રભુ–પ્રાપ્તિ,– પ્રભુ પ્રાપ્તિ એટલે દિવ્ય વાસ્તવિકતા વિશે સચેતન થઈને તેની સાથે એકરૂપ થઈને, તેને ઝીલીને, પ્રભુને પામવો અને તેને કબજે તો થઈ જ જવું, પણ, સાથે સાથે, આપણા હાલના અસ્તિત્વ-માંથી દૂર જઈ કોઈક અમૂર્ત પ્રદેશમાં જ માત્ર નહિ પણ આ લોકમાં પણ તે પ્રાપ્તિ ખરી; તેથી, પોતાના શુદ્ધ સ્વરૂપમાં ભગવાનને, તો દુનિયામાં રહેલ ભગવાનને, અંતરમાં વસતા ભગવાનને તેમ જ પદાર્થમાત્રમાં અને પ્રાણીમાત્રમાં વસતા ભગવાનને પણ પામવાનો જ છે. અને એ જ છે ભગવાન સાથેની એકરૂપતા, અને તેની દ્વારા દુનિયા સાથે, વિશ્વ સાથે અને સમગ્ર અસ્તિત્વ સાથે પણ એકરૂપતા; એટલે કે એ એકરૂપતામાં અનંત અનેકરૂપતાને પણ સમાવવાની છે, – પણ એ અનેકરૂપતાનો પાયો હશે એક-રૂપતા, અલગતા નહિ. વ્યક્તિ–સ્વરૂપ ભગવાનને મેળવવાનો છે તો વ્યક્તિત્વ-હીન ભગવાનને પણ ખરો જ; ગુણાતીત શુદ્ધ સ્વરૂપે ખરો તો, અનંત ગુણ–ધારી પણ ખરો જ; કાલમાં ખરો તો કાલાતીત પણ ખરો જ; સક્રિય ખરો અને શાંત પણ ખરો જ; સીમાઓમાં ખરો તો અનંતતામાં પણ ખરો જ. માત્ર એક શુદ્ધ આત્મ–સ્વરૂપે જ નહિ પણ સર્વાત્મા સ્વરૂપે પણ ખરો; માત્ર પુરુષ તરીકે જ નહિ પણ પ્રકૃતિમય પણ ખરો જ; માત્ર આત્મ-તત્ત્વ તરીકે નહિ પણ અતિમનસમાં, મનમાં, પ્રાણમાં અને દેહમાં પણ ખરો; તેને મેળવવાનો છે આત્મા વડે, મન વડે, પ્રાણ વડે અને ખુદ શારીરિક ચેતના વડે; તો વળી આ બધાંને પણ તેનાં જ બનાવી દેવાનાં છે જેથી આપણી સમગ્ર જાત તેની સાથે એક થઈ જાય, તેના મય થઈ જાય, તેનાથી સંચાલિત થઈ જાય, તેનાથી ચાલતી થઈ જાય. ઈશ્વર, એટલે જ એકરૂપતા; તેથી આપણી શારીરિક ચેતનાએ ભૌતિક જગતના પુરુષ અને પ્રકૃતિ સાથે એકરૂપ થવાનું છે, આપણા પ્રાણે પ્રાણ–સમગ્ર સાથે એક-

રૂપ થવાનું છે, મને વિશ્વમય મન સાથે એકરૂપ થવાનું છે, તો આત્માએ વિશ્વાત્મા સાથે એકરૂપ થઈ જવાનું છે. એનો અર્થ : નિરપેક્ષતામાં ભગવાનની સાથે ભળી જવું અને સર્વે સાપેક્ષતાઓમાં તેને પકડી પાડવો.

અને બીજી વાત એ કે જ્ઞાન-યોગના અંતે આપણે દિવ્ય પુરુષ અને દિવ્ય પ્રકૃતિને ધારણ કરવાનાં છે. અને ભગવાન તો છે સચ્ચિદાનંદ; તેથી તેમને ધારણ કરવા માટે આપણે આપણી સત્તાને દિવ્ય સત્તામાં, આપણી ચેતનાને દિવ્ય ચેતનામાં, શક્તિને દિવ્ય શક્તિમાં, અસ્તિત્વના આનંદને દિવ્ય સત્તાના આનંદમાં ઊંચે ઉઠાવવાનાં છે. અને તે પણ, આપણી જાતને આ ઊર્ધ્વ ચેતના સુધી માત્ર ઊંચે ઉઠાવવાની જ નહિ પણ તેમાં વ્યાપી જઈ આપણી સમગ્ર જાતમાં તેને ફેલાવી દેવાની છે; કારણકે તેને આપણા અસ્તિત્વના દરેક સ્તર પર અને આપણા બધા જ ભાગમાં શોધી કાઢવાની છે કે જેથી આપણું મનોમય, પ્રાણમય, અને શારીરિક અસ્તિત્વ દિવ્ય પ્રકૃતિથી છલોછલ ભરાઈ જાય. આપણી બુદ્ધિ-પ્રધાન મનોમયતાએ દિવ્ય જ્ઞાન-સંકલ્પની લીલા બની જવાનું છે, આપણા મન-પ્રધાન આત્મ-જીવને દિવ્ય પ્રેમ અને આનંદ, આપણી પ્રાણશક્તિએ દિવ્ય-પ્રાણની લીલા, અને આપણી ભૌતિક જાતે દિવ્ય દ્રવ્યનું બીબું બની જવાનું છે. પ્રભુના આ કાર્યને આપણી અંદર સિદ્ધ કરવા માટે આપણી જાતને દિવ્ય વિજ્ઞાન અને દિવ્ય આનંદ પ્રત્યે ખોલી નાખવાની છે અને એ સિદ્ધિને પરિપૂર્ણ કરવા એ વિજ્ઞાન અને આનંદમાં આરોહણ કરી ત્યાં સ્થાયી નિવાસ કરવાનો છે. કારણકે આપણે ભલે ભૌતિક જગતમાં અને સામાન્ય, બહિર્મુખ જીવનમાં શારીરિક રીતે જીવતા હોઈએ અને મન તથા આત્મા ભૌતિક અસ્તિત્વમાં જ રચ્યાંપચ્યાં હોય છતાં આ બાહ્યતા એ કોઈ કાયમી કેદખાનું નથી. આપણે આપણી આંતર-ચેતનાને પુરુષ-પ્રકૃતિના ઊંચા અને વધારે ઊંચા સ્તરો પર ચઢાવ્યે જઈ શકીએ છીએ અને અન્નમય પુરુષ-પ્રકૃતિથી દોરાતા મનોમય પુરુષ મટી વિજ્ઞાનમય કે ખુદ આનંદમય પુરુષ બની આનંદમય કે વિજ્ઞાનમય પ્રકૃતિ ધારણ પણ કરી શકીએ છીએ. અને આંતર-જીવનને આમ ઊંચે ચઢાવી આપણા સમગ્ર બહિર્મુખ અસ્તિત્વનું રૂપાંતર પણ કરી શકીએ છીએ. અને ત્યારે, જડ તત્ત્વથી દોરાતા જીવનની જગ્યાએ આપણે, પોતાના સમગ્ર સાજથી સજ્જિત આત્મતત્ત્વના આધિપત્યવાળું એક એવું જીવન પામીશું કે જે સત્‌ની શુદ્ધતાથી, સાંતમાં વસવા છતાં અનંત રહેતી ચિત્-શક્તિથી અને, આત્મતત્ત્વના દિવ્ય પરમાનંદથી ઘડાતું અને દોરાતું હશે.

આ થયું ધ્યેય; અને તેને પામવાની પદ્ધતિનાં સાર-તત્ત્વો પણ

આપણે જોઈ જ ગયા છીએ. પણ હવે આપણે એ પદ્ધતિના બીજા એક એવા પાસાનો ઉલ્લેખ કરવાનો છે કે જેના વિશે હજી આપણે ઇશારો સરખો કર્યો નથી. પૂર્ણયોગની પદ્ધતિમાં સિદ્ધાંત તો એ જ હોય કે સમગ્ર જીવન યોગનું અંગ હોવું જોઈએ; પણ અત્યાર સુધી આપણે જે જ્ઞાનની વાત કરી છે તે, આપણે સામાન્ય રીતે જેને જીવન કહીએ છીએ તેના જ્ઞાનની નહિ પણ તે જીવનની પાછળ રહેલી વસ્તુઓની વાત છે. જ્ઞાનના બે પ્રકાર છે: એક તો, અસ્તિત્વની દેખા દેતી ઘટનાઓને બાહ્ય રીતે, બહારથી શરૂ કરીને, બુદ્ધિ દ્વારા સમજવા મથતું જ્ઞાન; આ છે અપરાવિદ્યા, નિમ્ન જ્ઞાન, દશ્ય જગતનું જ્ઞાન. અને બીજું છે: અસ્તિત્વના સત્યને તેની અંદરથી, તેનાં મૂળમાંથી, તેની વાસ્તવિકતામાંથી આધ્યાત્મિક સાક્ષાત્કાર દ્વારા જાણવા મથતું જ્ઞાન. સામાન્ય રીતે આ બે જ્ઞાનને બિલકુલ અલગ ગણી કાઢવામાં આવે છે; અને એમ માનવામાં આવે છે કે આ પરાવિદ્યા, ઊર્ધ્વ જ્ઞાન, એટલે કે ભગવાનનું જ્ઞાન મળી ગયું એટલે બીજું બધું જ્ઞાન, દુન્યવી જ્ઞાન આપણે માટે નકામું થઈ જાય છે. પણ હકીકતમાં તો આ બંને જ્ઞાન એક જ શોધનાં બે પાસાં છે. સમગ્ર જ્ઞાન છેવટે તો પ્રભુ-જ્ઞાન જ છે: એ એની પોતાની ખોજ દ્વારા હોઈ શકે, પ્રકૃતિ દ્વારા હોઈ શકે કે તેની ઘટનાઓ દ્વારા પણ હોઈ શકે. માણસજાતે આ જ્ઞાન-શોધની શરૂઆત કરવી પડે છે બાહ્ય જીવનથી; કારણકે જ્યાં સુધી તેની માનસિકતા પૂરતો વિકાસ ના પામે ત્યાં સુધી આધ્યાત્મિક જ્ઞાન ખરી રીતે તો સંભવતું જ નથી, અને એ જેમ જેમ વિકાસ પામે તેમ તેમ આધ્યાત્મિક જ્ઞાનની સંભવિતતા વધારે સમૃદ્ધ અને સંપૂર્ણ થતી જાય છે.

ભૌતિકશાસ્ત્રો, કળાઓ, તત્ત્વ-ચિંતન, નીતિશાસ્ત્ર, માનસશાસ્ત્ર, માનવ અને તેના ભૂતકાળનું જ્ઞાન, અરે ખુદ કર્મો પણ એવાં સાધનો છે કે જેની દ્વારા આપણે પ્રભુનાં, પ્રકૃતિ દ્વારા અને જીવન દ્વારા થતાં કાર્યોનું જ્ઞાન પામીએ છીએ. શરૂઆતમાં આપણે જીવનની ઘટનાઓ અને પ્રકૃતિનાં વિવિધ સ્વરૂપો જાણવામાં જ રોકાઈ રહીએ છીએ; પણ વધારે ને વધારે ઊંડે ઊતરતાં અને વધારે ને વધારે સમગ્ર ખ્યાલ અને અનુભવ મેળવતાં ઉપરનો પ્રત્યેક પ્રકાર છેવટે તો આપણને પ્રભુની સમક્ષ જ ખડા કરી દે છે. શાસ્ત્રોમાં, ખુદ ભૌતિકશાસ્ત્રમાં પણ છેવટે એક એવી હદ આવી જાય છે કે જ્યારે આપણે ભૌતિક જગતમાં પણ અનંતતા, વિશ્વમયતા, આત્મતત્ત્વ, દિવ્ય સમજશક્તિ અને સંકલ્પ જેવાં તત્ત્વોની સામે જોવું પડે છે. આવું ખાસ કરીને તો ચેતના વિશેનાં શાસ્ત્રોમાં બને છે કે જેમાં

આપણી જાતના ઊંચા અને સૂક્ષ્મ સ્તરો તેમ જ શક્તિઓમાં ચાલતી ઘટનાઓ તપાસવી પડે છે, અને એવા જગતની સત્તાઓ અને ઘટનાઓના સંપર્કમાં આવવું પડે છે કે જે દેખાતી નથી, આપણી ભૌતિક ઇન્દ્રિયોથી તપાસી શકાતી નથી, પણ મનની સૂક્ષ્મતા અને સૂક્ષ્મ સૂઝ દ્વારા જ પકડી શકાય છે. કળાઓ પણ આપણને એ જ રસ્તે લઈ જાય છે. રસ–પ્રધાન ઊર્મિઓ દ્વારા પ્રકૃતિમાં રસ લેતો રસિક માનવ પણ છેવટે તો આધ્યાત્મિક ઊર્મિ–પ્રદેશમાં જ આવી પહોંચે છે અને માત્ર અનંત જીવનને જ નહિ પણ તેમાં રહેલા અનંતતાના સાન્નિધ્યને પણ જુએ જ છે; મનુષ્યોના જીવનમાં રહેલી સુંદરતામાં મસ્ત રહેતો માનવ છેવટે તો માણસજાતમાં રહેલી દિવ્યતા, વિશ્વમયતા, આધ્યાત્મિકતા જોવા માંડવાનો જ. સર્વ બાબતોની પાછળ રહેલા સિદ્ધાંતોને તપાસતાં તત્ત્વચિંતને છેવટે તો એ સર્વ સિદ્ધાંતોના પણ એક પરમ સિદ્ધાંતને જોવો જ પડશે અને તેના ગુણ–ધર્મ, લક્ષણ અને મૂળભૂત ક્રિયાઓને શોધવાં જ પડશે. એ જ પ્રમાણે નીતિશાસ્ત્રની નજરે પણ છેવટે એ વાત ચડવી જ જોઈએ કે શુભનો, સારા–નરસાનો જે નિયમ તે શોધે છે એ પ્રભુ-નિર્મિત નિયમ છે અને ધર્મના પરમ અધિષ્ઠાતાની જાત અને પ્રકૃતિ પર તેનો આધાર રહેલો છે. માનસ–શાસ્ત્ર આપણને જીવંત પ્રાણીઓનાં માનસ અને આત્માના અભ્યાસમાંથી આગળ લઈ જઈ પદાર્થમાત્ર અને પ્રાણી-માત્રમાં એક જ આત્મા અને એક જ મન રહેલું છે તે દેખાડી દે છે. પ્રકૃતિ અને તેના ઇતિહાસની માફક માનવ તથા તેના ઇતિહાસનો અભ્યાસ પણ આગળ જતાં આપણી દૃષ્ટિ સમક્ષ એક એવી સનાતન શક્તિ અને સત્તાને લાવી મૂકે છે કે જેના ખ્યાલ અને સંકલ્પ વિશ્વની અને માનવની ઉત્ક્રાંતિ દ્વારા સાકાર થઈ રહ્યાં છે. ખુદ કર્મો પણ આપણને એવી દિવ્ય શક્તિના સંપર્ક તરફ ધકેલે છે કે જે આપણાં કર્મોની દ્વારા કાર્ય કરી રહી છે, તેમને કામમાં લઈ રહી છે અને તેની ઉપર–વટ જઈને પણ કાર્ય કરે છે. આપણી બુદ્ધિ એ જ ભગવાનને જોવા–જાણવા લાગે છે, ઊર્મિઓ તેને જ અનુભવવા; ઝંખવા, ભજવા લાગે છે અને સંકલ્પો તેની જ સેવા કરવા લાગે છે કે જેના વિના શું પ્રકૃતિની કે શું માનવની ન તો હયાતી ન તો હિલચાલ શકય છે અને જે એકમાત્રના જ સજાગ જ્ઞાન વડે આપણી શકયતાનાં સર્વોચ્ચ શિખરો સર થવાનાં છે.

બરાબર અહીં જ યોગ આપણી સમક્ષ આવીને ઊભો રહે છે. તે જ્ઞાન, લાગણીઓ અને કર્મોને પ્રભુ–પ્રાપ્તિનાં કરણ બનાવી આરંભ કરે છે. આજ સુધી બધું જ અચેતન અને અપૂર્ણ રીતે જેને ઝંખતું હતું અને શોધતું

હતું તે ભગવાનના મિલનને તે સચેતન અને સંપૂર્ણ રીતે શોધવા લાગે છે. એટલે, પહેલાં તો, નિમ્ન જ્ઞાનની નીતિરીતિથી જુદી જ નીતિરીતિ યોગ અપનાવે છે. કારણકે નિમ્ન જ્ઞાન જો પરોક્ષ અને બાહ્ય રીતે ભગવાનને રસ્તે વળે છે, – અને તેના છૂપા નિવાસ-સ્થાનમાં તો તે કદી પણ પ્રવેશતું જ નથી –, તો યોગ આપણને અંદરની બાજુએ બોલાવી લે છે અને પ્રત્યક્ષ માર્ગ દેખાડે છે. જો નિમ્ન જ્ઞાન તેને બુદ્ધિ વડે શોધે છે અને પડદા પાછળથી પિછાને છે, તો યોગ તેને સાક્ષાત્કાર દ્વારા શોધી કાઢી પડદો હઠાવી દે છે અને તેનું પૂર્ણ દર્શન પામે છે. જો નિમ્ન જ્ઞાન તેની હાજરી અને પ્રભાવને માત્ર સ્પર્શે જ છે તો, યોગ તો તેની સન્નિધિમાં જ ઊતરી પડે છે અને તેના પ્રભાવને પોતાનામાં ઉતારી દે છે. જો નિમ્ન જ્ઞાન અંતિમ સત્યની માત્ર કાર્યવાહી જુએ છે અને તેની દ્વારા તેની જરાતરા ઝાંખી કરે છે તો યોગ આપણી આંતર-જાતને પરમ સત્ય સાથે એકરૂપ કરી દે છે અને ત્યાંથી તેની કાર્યવાહીને અનુસરે છે. આથી જ યોગની પદ્ધતિ નિમ્ન જ્ઞાનની પદ્ધતિ કરતાં જુદી છે.

જ્ઞાનમાર્ગી યોગની પદ્ધતિ હમેશાં દૃષ્ટિને અંદરની બાજુએ વાળવાની જ હોઈ શકે અને જો તેને બાહ્ય વસ્તુઓ પર નજર નાખવી જ પડે તો તે, તેના બાહ્ય દેખાવને ભેદી તેમાં રહેલા સનાતન સત્યને પહોંચવા ખાતર જ. નિમ્ન જ્ઞાન બાહ્ય દેખાવ અને ક્રિયાઓમાં જ રોકાએલું રહે છે; જ્યારે ઊર્ધ્વ જ્ઞાનની પ્રથમ જરૂરિયાત જ હોય છે તેમાંથી હઠી જઈ એવા સનાતન સત્યને પામવાની કે જેના તેઓ માત્ર બાહ્ય દેખાવ છે અને એવા સચેતન અસ્તિત્વની સત્તા અને શક્તિને પામવાની કે જેમની તેઓ બાહ્ય ક્રિયાઓ છે. આ હેતુ તે એવી ત્રણ ક્રિયાઓ દ્વારા પાર પાડે છે કે જે અન્યોન્યને જરૂરી છે, જે દરેક વડે બીજી બે સંપૂર્ણ બને છે; એ ત્રણ છે: વિશુદ્ધિ, એકાગ્રતા, એકરૂપતા. વિશુદ્ધિનો હેતુ સમગ્ર મનને એક એવા શુદ્ધ અરીસા જેવું કરવાનો છે કે જેમાં દિવ્ય વાસ્તવિકતાનું પ્રતિબિંબ ઝીલી શકાય, એક એવા શુદ્ધ પાત્ર જેવું અને એક એવા અંતરાયહીન વાહન જેવું કે જેમાં અને જેની દ્વારા દિવ્ય સન્નિધિ સાચવી તથા વહાવી શકાય, તેને એક એવા સૂક્ષ્મ પદાર્થમાં પલટી નાખવાનું કે જેને દિવ્ય પ્રકૃતિ હાથમાં લઈ શકે, જેને નવો ઘાટ આપી શકે અને દિવ્ય કાર્યોમાં વાપરી શકે. કારણકે હાલનાં મનમાં તો મનોમય અને ભૌતિક જગતે ઊભા કરેલા એવા ગૂંચવાડા માત્ર જ ઝિલાય છે, અજ્ઞાન-ભરી નિમ્ન પ્રકૃતિની એવી ગેરવ્યવસ્થા માત્ર જ વહે છે અને એવા અંતરાય અશુદ્ધિઓ ઠાંસેલાં છે કે જે ઊર્ધ્વ તત્ત્વોને કાર્ય કરવા નથી દેતાં;

તેથી આપણી સત્તાનું સમગ્ર સ્વરૂપ બેડોળ અને અપૂર્ણ તથા ઊર્ધ્વ પ્રભાવ પ્રત્યે અબુધ રહેલું છે, અને નિમ્ન અને અજ્ઞાનમય ઉપયોગોમાં વપરાતું રહ્યું છે. તે ખુદ દુનિયાનું પ્રતિબિંબ પણ ખોટું દેખાડે છે; અને ભગવાનનું પ્રતિબિંબ તો દેખાડી શકે તેમ છે જ નહિ.

એકાગ્રતાની સૌથી પહેલી જરૂર તો એટલા માટે છે કે આપણા સંકલ્પો અને મન કે જે વિચારોની ઇધર–ઉધર ગતિ કર્યા કરે છે, અનેકમુખી ઇચ્છાઓ પાછળ દોડ્યા કરે છે, ઇન્દ્રિયોના ચીલામાં અને ઘટનાઓ પ્રત્યેના બાહ્ય પ્રતિકારોમાં તણાઈ જાય છે, તેમને તેમની સ્વાભાવિક રખડુ દલીલ–બાજી-માંથી સમગ્ર રીતે વાળી લેવાનાં છે; આપણે આપણા વિચારો અને સંકલ્પને સર્વે બાબતોની પાછળ રહેલ સનાતન વાસ્તવિકતા ઉપર સ્થિર કરવાનાં છે. અને આમાં તો જબરજસ્ત યત્નની, માત્ર એક જ બિંદુ પરની એકાગ્રતાની જરૂર પડે છે. તેની બીજી જરૂર પડે છે, આપણી મનોમયતાએ આપણી અને સત્યની વચ્ચે ઊભો કરેલો પડદો તોડી પાડવા માટે. કારણકે બાહ્ય જ્ઞાન તો હરતાંફરતાં અને જેવુંતેવું ધ્યાન આપીને તથા સમજીને પણ મેળવી શકાય છે પણ આંતરિક, ગુપ્ત અને ઊર્ધ્વ સત્ય તો મનને તેના લક્ષ્ય પર સો ટકા એકાગ્ર કરીને, સંકલ્પને તે સત્યની પ્રાપ્તિ ઉપર, અને પ્રાપ્તિ પછી તેની સતત ધારણા ઉપર તથા તેની સાથે આપણી જાતને જોરથી જોડવા ઉપર સો ટકા એકાગ્ર કરીને જ પામી શકાય. અને એકરૂપતા એ જ તો છે પૂરા જ્ઞાનની, પાકી જ્ઞાન–પ્રાપ્તિની શરત; એકાગ્રતા એ તો છે સત્યનું વિશુદ્ધ ચિંતન કરવાના સતત અભ્યાસનું, અને તેની ઉપર પૂરેપૂરી એકા-ગ્રતા કરવાનું નક્કર પરિણામ. અને, આપણી જાત તથા દિવ્ય સત્તા અને સનાતન વાસ્તવિકતા એ બે વચ્ચે, અશુદ્ધ અને અજ્ઞાની મનોમયતાની સામાન્ય અવસ્થારૂપ જે ભેદ અને અલગતા ઊભાં થએલાં છે તેને પૂરેપૂરાં તોડી પાડવા માટે એકાગ્રતાની જરૂર અનિવાર્ય છે.

આમાંની એક પણ બાબત નિમ્ન જ્ઞાન–પદ્ધતિથી પાર પડી શકે તેમ નથી. એટલું ખરું કે અહીં પણ તેનાથી કેટલુંક પૂર્વ–તૈયારીરૂપ કાર્ય થઈ શકે છે પણ તે માત્ર અમુક હદ સુધી જ અને એકાગ્રતાને અમુક પ્રમાણમાં જ પાર પાડવા માટે. અને જ્યાં તેનું કાર્ય અટકી પડે છે બરાબર ત્યાં જ યોગ આગળ આવે છે, દિવ્યતામાં આપણને વિકસાવવાનું કાર્ય ઉપાડી લે છે અને તેને પૂર્ણ કરવાનાં સાધનો શોધી આપે છે. આમ તો ગમે તે જ્ઞાન માટેનો યત્ન, પાર્થિવતા પ્રત્યેનાં વધારે પડતાં વલણથી જો તે દૂષિત થએલ ના હોય તો, આપણી જાતને સંસ્કારી, સૂક્ષ્મ અને શુદ્ધ કરવાનું વલણ

ધરાવે જ છે; આપણે મનથી જેમ જેમ વધારે દોરાતા જઈએ તેમ તેમ આપણી સમગ્ર પ્રકૃતિ વધારે ને વધારે સૂક્ષ્મ રીતે કાર્ય કરતી થાય છે અને તેથી તે ઊર્ધ્વતર વિચારો, શુદ્ધતર સંકલ્પ અને ઓછાં સ્થૂળ સત્યો તથા વધારે આંતરિક પ્રભાવો ઝીલતી અને ધારણ કરતી થાય છે. નૈતિક જ્ઞાન તથા નૈતિક જાતના વિચારો અને સંકલ્પો કરવાની ટેવમાં રહેલી વિશુદ્ધકારી શક્તિ તો ખૂબ જાણીતી છે. તત્ત્વચિંતન સમજ-શક્તિને શુદ્ધ કરે છે તથા વિશ્વવ્યાપકતા અને અનંતતાના સંપર્કને માટે તૈયાર કરે છે એટલું જ નહિ પણ પ્રકૃતિને સુ-સ્થિર કરવાનું તથા તેમાં ડહાપણ-ભરી સ્વસ્થતા સ્થાપવાનું પણ વલણ ધરાવે છે; અને સ્વસ્થતા એ જાત પરના વિકસતા પ્રભુત્વનું અને વિશુદ્ધિનું લક્ષણ છે. વિશ્વમાં વ્યાપેલા સૌંદર્યને માટેની રસદૃષ્ટિમાં પણ પ્રકૃતિને સંસ્કારી અને સૂક્ષ્મ કરવાની ખૂબ જ શક્તિ રહેલી છે અને તેની ઉચ્ચ અવસ્થામાં તો તે અજબની વિશુદ્ધિ આણે છે. ભૌતિકશાસ્ત્રોમાં જેની જરૂર પડે છે તેવા, ખુદ બૌદ્ધિક અભ્યાસો વડે વિશ્વના નિયમો અને સિદ્ધાંતોમાં રોકાએલા રહેવાથી સમજ-શક્તિ અને અવલોકન-શક્તિ શુદ્ધ થાય છે એટલું જ નહિ પણ,-જો બીજાં અવળ-માર્ગી વલણથી તે બચી ગએલ હોય તો-, તેનાથી માનસિક અને ખુદ નૈતિક પ્રકૃતિ પણ એકધારી, ઊર્ધ્વ-માર્ગી અને વિશુદ્ધ થાય છે. પણ આ બાબત હજી આપણા ખ્યાલમાં બરાબર આવી નથી.

સત્યને મેળવવા માટે તથા સત્યમય જીવન જીવવા માટે જરૂરી એવી મનની એકાગ્રતા તથા સંકલ્પની શિસ્ત-બદ્ધતા એ ઉપર જણાવેલ પ્રવૃત્તિઓનું એક સ્પષ્ટ પરિણામ છે અને તેને માટેની એક સતત જરૂરિયાત પણ છે; અને, છેવટે, અથવા તો તેમની સર્વોચ્ચ અને પ્રખર અવસ્થાની શરૂઆતમાં તેઓ દિવ્ય સત્યની એક એવી બૌદ્ધિક સમજ, અને આગળ જતાં એક એવું પ્રતિબિંબ પણ આપે છે કે જે આખરે, દિવ્ય સત્ય સાથેની એક જાતની પ્રાથમિક એકરૂપતા પણ બની જાય. પણ આ બધું અમુક હદથી આગળ વધી શકે તેમ નથી હોતું. દિવ્ય સત્યનું પૂર્ણ પ્રતિબિંબ ઝીલવાને માટે તથા તેને એકસાત્ કરવા માટે સમગ્ર જાતનું પદ્ધતિસરનું જે વિશુદ્ધિકરણ જરૂરી છે તે તો માત્ર યોગની જ વિશિષ્ટ પદ્ધતિથી થઈ શકે તેમ છે. પેલી નિમ્ન પ્રવૃત્તિઓની વેરવિખેર એકાગ્રતાની જગ્યાએ યોગની સો ટકા એકાગ્રતા સ્થાપવી જ પડે છે; નિમ્ન જ્ઞાન વડે બહુ બહુ તો અસ્પષ્ટ અને નબળી એવી જે એકરૂપતા પામી શકાય છે તેના સ્થાને યોગ દ્વારા મળતું પરિપૂર્ણ, ઘનિષ્ઠ, અવિરોધ્ય, અને જીવંત અદ્વૈત સાધવાનું જ છે.

તેમ છતાં યોગમાં, સાધના દરમિયાન કે સિદ્ધિ મળ્યા પછી નિમ્ન

જ્ઞાનની રીતોને ફેંકી દેવામાં આવતી નથી,– સિવાય કે યોગ જ્યારે એકદમ એવો ચુસ્ત સંન્યાસ–માર્ગી કે રહસ્ય–વાદી બની જાય કે જે આ વિશ્વ–આવિર્ભાવમાં પણ રહેલા દિવ્ય રહસ્ય પ્રત્યે અસહિષ્ણુ હોય –. યોગ નિમ્ન જ્ઞાનથી જુદો એટલા પૂરતો જ પડે છે કે તેનું લક્ષ્ય વધારે પ્રખર, વિશાળ અને ઉચ્ચ હોય છે અને તેની પદ્ધતિ તેના હેતુને અનુરૂપ વિશિષ્ટતાવાળી હોય છે. પણ તે શરૂઆત નિમ્ન જ્ઞાનથી કરે છે એટલું જ નહિ પણ સાધના દરમિયાન પણ ઠીક ઠીક સમય સુધી તેને ચાલુ રાખે છે અને સહાયક–પદ્ધતિ તરીકે તેનો ઉપયોગ કરે છે. આમ, બહુ સ્પષ્ટ રીતે જોઈ શકાશે કે નૈતિક આચાર–વિચાર — ખાસ કરીને તો આંતરિક વ્યવહાર અંગેના—તેની પ્રાથમિક ક્રિયાઓમાં એક વિશુદ્ધકારક સાધન તરીકે સારું એવું સ્થાન ધરાવે છે. વળી તેની સમગ્ર પદ્ધતિ એટલી બધી માનસ–શાસ્ત્રીય છે કે તેને, માનસશાસ્ત્રના સંપૂર્ણ જ્ઞાનનો પૂરેપૂરો ઉપયોગ કરતી ક્રિયાઓ એવું નામ આપી શકાય. તો વળી તત્ત્વચિંતનથી મળતી માહિતીને પાયા તરીકે સ્વીકારી તે ઈશ્વરને તેનાં તત્ત્વો દ્વારા સાક્ષાત કરવાની શરૂઆત કરે છે; ફેર એટલો કે તત્ત્વચિંતન બૌદ્ધિક સમજથી સંતોષ પામી જાય છે જ્યારે યોગ તે સમજને એવી પ્રખર બનાવે છે કે જેથી તે વિચારથી પર દર્શનમાં અને સમજથી પર સાક્ષાત્કારમાં અને પ્રાપ્તિમાં પરિણમે છે; તત્ત્વચિંતન જેને અમૂર્તતા અને અતિ–દૂરતામાં રાખી દે છે તેને યોગ આધ્યાત્મિક નક્કરતામાં અને જીવંત સામીપ્યમાં લાવી દે છે. રસ–પ્રેમી અને ઊર્મિમય મનનો તથા રસ–પ્રધાન પદ્ધતિઓના પણ યોગમાં આધાર લેવામાં આવે છે; તેમનું ઊર્ધ્વીકરણ કરીને એકમાત્ર સાધન–માર્ગ તરીકે ભક્તિયોગ તો તેમને સ્વીકારે જ છે (જીવન અને કર્મોનું ઊર્ધ્વીકરણ કરીને, કર્મયોગ તેમને પોતાના એકમાત્ર સાધનમાર્ગ તરીકે વાપરે છે તેમ); પણ જ્ઞાનયોગ પણ એકાગ્રતા ખાતર તેમનો ઉપયોગ કરે છે. પદાર્થ-માત્રમાં રહેલા પ્રભુના સાક્ષાત્કારને પરિપૂર્ણ કરવા માટે પ્રકૃતિમાં રહેલા પ્રભુ પરનું ચિંતન, માનવમાં અને માનવ–જીવનમાં રહેલા પ્રભુ પરનું ચિંતન તેમ જ તેની સેવા, તથા, પૃથ્વીનાં ભૂત, વર્તમાન અને ભાવિ પર પણ ચિંતન એ બધાંનો ઉપયોગ પણ જ્ઞાન–યોગમાં કરી શકાય છે. એ ખરું કે આ બધાંનો ઉપયોગ એક જ લક્ષ્યને ખાતર, પ્રભુ–પ્રાપ્તિને ખાતર તેમ જ ભગવાનના, અનંતતાના, વિશ્વવ્યાપી અસ્તિત્વના ખ્યાલથી તેમને ભરી દઈને કરવાનો છે કે જેથી ઘટનાઓ અને ઘાટ–રૂપમાં જ રચ્યાંપચ્યાં રહેતાં બહિર્મુખ, ઇન્દ્રિય–પ્રધાન અને વ્યવહારુ નિમ્ન જ્ઞાનના

સ્થાને પ્રભુ-પ્રાપ્તિ જ ધ્યેય બની રહે. સિદ્ધિ મળ્યા પછી પણ આ જ રીત ચાલુ રહે છે. સાંત જગતમાં રહેલા પ્રભુને જાણવાનું અને અનુભવવાનું તથા ભગવાનની ચેતના અને કાર્યને જગતમાં વહાવી લાવવાનું કામ પણ સિદ્ધયોગી ચાલુ રાખે છે; આથી જગત-સંબંધી જ્ઞાનનો, તથા જીવન-સંબંધી સર્વે બાબતોને વિશાળ તથા ઊર્ધ્વ કરવાનો તેનાં કાર્ય-ક્ષેત્રમાં સમાવેશ થાય છે. ફેર એટલો કે તે સર્વત્ર ભગવાનને જ જુએ છે, પરબ્રહ્મ-ને જ પરખે છે; અને તેનાં કાર્ય પાછળનો હેતુ હોય છે માનવજાતને ભગવાનનાં જ્ઞાન પ્રત્યે અને પરબ્રહ્મની પ્રાપ્તિ પ્રત્યે આગળ વધવામાં સહાય કરવાનો. તે સર્વત્ર ભગવાનને જ જુએ છે,– શાસ્ત્રોનાં અવલોકનો દ્વારા ભગવાનને, તત્ત્વચિંતનના નિર્ણયો દ્વારા ભગવાનને, સૌંદર્ય-ભર્યાં રૂપો દ્વારા અને કલ્યાણમય કાર્યો દ્વારા ભગવાનને, જીવનની સર્વે પ્રવૃત્તિ-ઓમાં ભગવાનને, જગતના ભૂતકાળમાં અને તેની અસરોમાં, તેનાં વર્તમાન-માં અને વલણોમાં, તેનાં ભાવિમાં અને તેની મહાન ઉત્ક્રાંતિમાં તે ભગ-વાનને જ જુએ છે. આમાંના કોઈમાં અથવા તો બધાંયમાં તે પોતાના આત્માની પ્રકાશોજ્જ્વળ દૃષ્ટિ અને નિત્ય-મુક્ત શક્તિને વહાવી શકે છે. નિમ્ન જ્ઞાન એ યોગીને માટે એક વાર હતું ઊર્ધ્વ જ્ઞાનને પહોંચવાનું એક પગથિયું; અને હવે, ઊર્ધ્વ જ્ઞાન, નિમ્ન જ્ઞાન પર પોતાનો પ્રકાશ પાથરી તેને પોતાનું જ અંગ બનાવી દે છે,– પછી ભલેને એ હોય તેની છેક નીચેની સરહદ કે પૂરેપૂરું બાહ્ય પ્રસરણ.

## પ્રકરણ : ૨૬

# સમાધિ

આપણે માટે જે હજી સુધી એક સામાન્ય બિના નથી બની એવી એક ઊર્ધ્વ અથવા દિવ્ય ચેતનાનો વિકાસ કરવો, તેમાં આરોહણ કરવું અથવા તેમાં જઈ વસવું એ જ હોઈ શકે, હમેશાં, જ્ઞાનયોગનું લક્ષ્ય; આ લક્ષ્ય સાથે ગાઢ સંબંધ હોવાને લીધે જ સમાધિને ખૂબ અગત્ય આપવામાં આવે છે. એમ માનવામાં આવે છે કે કેટલીક એવી અવસ્થાઓ આવે છે કે જે માત્ર સમાધિ દ્વારા જ પામી શકાય; ખરેખરી ઇચ્છવા યોગ્ય અવસ્થા તો એ છે કે જેમાં જાગ્રતિ-ભરી બધી જ હિલચાલ બંધ થઈ જાય અને અચલ, કાલાતીત તથા અનંત બ્રહ્મમાં લીન થઈ ગએલી એક શુદ્ધ મન-સાતીત ચેતના સિવાય બીજી કાંઈ જ ચેતના બાકી ના રહે. આવી સમાધિમાં ચાલ્યા જવાથી આત્મા પરમ નિર્વાણમાં શાંતિ પામે છે અને પછી તેને કોઈ પણ ભ્રામક કે નિમ્ન અવસ્થામાં પુનઃપ્રવેશ કરવાનો રહેતો નથી. ભક્તિ-યોગમાં સમાધિની આટલી બધી અગત્ય ન હોવા છતાં એક એવી ચેતન-હીન અવસ્થાને તો સ્થાને છે જ કે જેમાં પ્રભુ-પ્રેમનો પરમાનંદ માનવ-આત્માને લીન કરી દે છે. આવી અવસ્થા પામવી એ રાજયોગ અને હઠ-યોગની ક્રિયાઓનું સર્વોચ્ચ સોપાન છે. તો પછી, પૂર્ણયોગમાં સમાધિ કેવી જાતની હોય અને તેનો ઉપયોગ કેટલો ? એક વાત તો સ્પષ્ટ જ છે કે જે યોગનાં લક્ષ્યમાં, 'જીવનમાં પણ પ્રભુપ્રાપ્તિ'ને સ્થાન હોય એવા યોગમાં જીવન-ત્યાગની કોઈ અવસ્થા એ ના હોઈ શકે કોઈ આખરી પૂર્ણાહુતિ કે કોઈ સર્વોચ્ચ, અભિ-ઇષ્ટ અવસ્થા. ઘણા યોગમાર્ગોની જેમ, પૂર્ણયોગમાં તે સાધ્ય નહિ પણ માત્ર એક સાધન જ હોઈ શકે, અને તે પણ, જાગ્રત અસ્તિત્વમાંથી નાસી છૂટવાનું નહિ પણ સમગ્ર દર્શન, જીવન અને સક્રિય ચેતનાને વિશાળ અને ઊર્ધ્વ-ગામી કરવાનું જ સાધન હોઈ શકે.

સમાધિની અગત્ય જે સત્ય પર સ્થપાએલી છે તે સત્યનું હાલના જ્ઞાન-ઉપાસકો પુનઃસંશોધન કરી રહ્યા છે, પણ ભારતી ચિત્ત-શાસ્ત્રમાં તો તે આજ સુધી સચવાઈ રહ્યું છે. એ સત્ય છે : શું વિશ્વના અસ્તિત્વનો કે શું

આપણા અસ્તિત્વનો એક બહુ નાનો ભાગ જ આપણા જ્ઞાનની હદમાં અને આપણાં કર્મોમાં બહાર આવે છે; બાકીનો ભાગ અસ્તિત્વના એવા પ્રચ્છન્ન પ્રદેશમાં છુપાએલો પડેલો છે કે જેનો વિસ્તાર નીચે છેક ઊંડામાં ઊંડી અવચેતનાથી માંડી ઉપર અતિચેતનાનાં ઊંચામાં ઊંચાં શિખરો સુધી પથરાએલો પડ્યો છે; અથવા તો, આપણી જાગ્રત જાતના નાનાશા ટુકડાને તે એક એવા વિશાળ ચેતના-વર્તુળ દ્વારા વીંટળાઈ વળેલો છે કે જેના માત્ર થોડાએક ઇશારા જ આપણું મન અને ઇન્દ્રિયો પકડી શકે છે. ભારતનાં પ્રાચીન ચિત્તશાસ્ત્રોમાં આ વાતની રજૂઆત ચેતનાની ત્રણ અવસ્થા દર્શાવીને કરવામાં આવી છે : જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ; વળી માનવમાં જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્ત એવા ત્રિ-વિધ પુરુષનો પણ સ્વીકાર કરેલો છે; વળી તેનાથી પર પુરુષની એક ચોથી અને સર્વોચ્ચ કે નિરપેક્ષ, તુરીય અવસ્થા પણ કહેલી છે કે જેમાંથી પેલી ત્રણ, પુરુષને જગતના સાપેક્ષ અનુભવો માણવા દેવા માટે ઊતરી આવેલી છે.

પ્રાચીન ગ્રંથોમાંનાં વર્ણનોને જો આપણે બરાબર તપાસીએ તો જણાશે કે જાગ્રત અવસ્થા એ ભૌતિક જગત વિશેની આપણી એવી સચેતનતા છે કે જે, ભૌતિક મનના આધિપત્યવાળા આપણા આ દૈહિક અસ્તિત્વમાં આપણે સામાન્ય રીતે અનુભવીએ છીએ. સ્વપ્નાવસ્થા એ પાછળ રહેલા સૂક્ષ્મ પ્રાણ-પ્રદેશ અને મન-પ્રદેશ સાથે સંબંધિત એવી ચેતના છે કે જેમાંથી આપણને કાંઈક ઇશારા મળવા છતાં આપણે જેને, ભૌતિક જગતના સ્થૂળ પદાર્થોની જેમ નક્કર વાસ્તવિકતા તરીકે અનુભવી શકતા નથી. સુષુપ્તિ એ વિજ્ઞાનના પોતાના અતિમાનસિક પ્રદેશ સાથે સંબંધિત એક એવી ચેતના છે કે જે આપણી અનુભૂતિથી પર છે કારણકે હજી સુધી આપણા કારણ-દેહનો એટલે કે વિજ્ઞાન-મય કોશનો આપણામાં વિકાસ નથી થયો, તેની કાર્યશક્તિઓ સક્રિય નથી થઈ, અને તેથી તે પ્રદેશ બાબતમાં તો આપણી અવસ્થા સ્વપ્ન વિનાની ઊંઘ જેવી જ છે. તેમનાથી પરની તુરીય-અવસ્થા એ આપણા શુદ્ધ આત્મ-અસ્તિત્વની કે આપણી નિરપેક્ષ સત્-તાની એવી ચેતના છે કે જેનાં આપણે આપણી સ્વપ્ન કે જાગ્રત અવસ્થામાં કે ખુદ આપણી સુષુપ્ત અવસ્થામાં (કે જ્યારે આપણને તેની સ્મૃતિ નથી રહેતી) ગમે તેટલાં માનસિક પ્રતિબિંબ મેળવી શકીએ તે છતાં જેની સાથે આપણો સીધો સંબંધ જરા પણ નથી. આ ચાર અવસ્થાની ઊતરડ એ આપણા અસ્તિત્વની સીડીનાં એવાં ચાર પગથિયાં છે કે જેની દ્વારા આપણે નિરપેક્ષ બ્રહ્મની પુનઃપ્રાપ્તિ પામીએ છીએ. એટલે જ્યાં સુધી આપણે જાગ્રત અવસ્થામાંથી પાછા હટી

તેની પાછળ અને તેનાથી દૂર ચાલ્યા ના જઈએ અને ભૌતિક જગત સાથેનો સંપર્ક છોડી ના દઈએ ત્યાં સુધી, સામાન્ય રીતે, આપણે ભૌતિક મનમાંથી ઊર્ધ્વ પ્રદેશોમાં જઈ શકતા નથી. આથી, જે લોકો આ ઊર્ધ્વ પ્રદેશોની અનુભૂતિ મેળવવા માગતા હોય તેમને માટે તો સમાધિ એ એક ઇચ્છનીય વસ્તુ, ભૌતિક મન અને પ્રકૃતિની મર્યાદાઓમાંથી છુટકારો મેળવવાનું એક સાધન, થઈ પડે છે.

એટલે સામાન્ય જાગ્રત અવસ્થામાંથી જેમ જેમ વધારે દૂર જતા જઈએ તેમ તેમ સમાધિ–દશા વધારે ને વધારે ઊંડી ઊતરતી જાય છે અને ચેતનાની એવી એવી અવસ્થા પામતી જાય છે કે જે જાગ્રત મનને માટે વધારે ને વધારે દુર્બોધ થતી જાય છે અને જે જાગ્રત જગતના સાદ ઓછા ને ઓછા સાંભળતી જાય છે. છેવટે એક એવી હદ આવે છે કે જ્યારે સમાધિ સંપૂર્ણ થાય છે અને જેમાં જઈ ચૂકેલા આત્માને જાગ્રતિમાં પાછો લાવવાનું લગભગ કે પૂરેપૂરું અશક્ય બની જાય છે; તે માત્ર સ્વેચ્છાએ જ પાછો આવી શકે, અથવા તો ઉગ્ર ભૌતિક આઘાત આપીને તેને પાછો બોલાવી શકાય છે. પણ એમ ઓચિંતા ઉછાળાથી પાછા આવવું એ અતિ જોખમ-ભર્યું છે. સમાધિની એવી પરમ અવસ્થાઓની પણ વાત સાંભળવા મળે છે કે જેમાં વધારે પડતો સમય રહેવાથી આત્મા પાછો આવી શકતો નથી; કારણકે જીવન સાથે તેને જોડી રાખનાર તંતુ તૂટી જાય છે અને દેહ–ત્યાગ થઈ જાય છે,— અલબત્ત ત્યારે મૃત્યુ વડે દેહનો વિલય ના થયો હોવાથી તે તેનાં પૂર્વવત્ સ્થિર આસનમાં તો રહે છે પણ તેમાં વસતા જીવનધારી આત્માને તે ફરી ધારણ કરી શકતો નથી. યોગમાં આગળ વધતાં યોગી છેવટે એવી શક્તિ પ્રાપ્ત કરી શકે છે કે જ્યારે તે સામાન્ય મૃત્યુને વશ થયા વિના, ઇચ્છા–મૃત્યુ વડે, અથવા તો પ્રાણને ઉદાન દ્વારા, એટલે કે પ્રાણ–પ્રવાહને ઊર્ધ્વ માર્ગે વાળીને મસ્તકમાં આવેલાં ગૂઢ બ્રહ્મરંધ્ર દ્વારા, દેહનો કાયમ માટે ત્યાગ કરી શકે છે. સમાધિ–અવસ્થા દરમિયાન દેહનો ત્યાગ કરવાથી તેને જે ઊર્ધ્વ અવસ્થાની અભીપ્સા હોય તે, તે તરત જ પ્રાપ્ત કરે છે.

સ્વપ્નાવસ્થાની પોતાની અંદર પણ ઊંડાઈની અનંત હારમાળા હોય છે; જો તે જરાક જ ઊંડે ઊતરેલી હોય તો ચેતનાને સહેલાઈથી બહાર બોલાવી શકાય છે અને, વચ્ચેનું બારણું કામચલાઉ બંધ હોવા છતાં ભૌતિક ઇન્દ્રિયોનો પ્રદેશ ઘર–આંગણે જ હોય છે. પણ વધારે ઊંડા ઊતરતાં એ પ્રદેશ દૂર રહી જાય છે અને આંતરિક તલ્લીનતામાં જલદી વિક્ષેપ કરી શકતો નથી,– મન સમાધિ માટે પૂરતું ઊંડું ઊતરી ગએલું હોય છે. સમાધિ અને

સામાન્ય ઊંઘ, યોગની સ્વપ્નાવસ્થા અને સ્વપ્નાં–ભરી ભૌતિક ઊંઘ એ બે તદ્દન અલગ વસ્તુઓ છે. ઊંઘ એ ભૌતિક મનની એક સ્થિતિ છે જ્યારે સમાધિમાં ભૌતિક મનોમયતાના અશુદ્ધ મિશ્રણમાંથી મુક્ત બનેલું સૂક્ષ્મ મન પોતે જ કામે લાગેલું હોય છે. ભૌતિક મનનાં સ્વપ્નાઓ એ એક ઢંગધડા વગરનો એવો ખીચડો હોય છે કે જેમાં થોડો ભાગ હોય છે ભૌતિક જગતના વિક્ષેપોથી જાગતાં આછાં સંવેદનોનો (કે જે સંવેદનોની આજુબાજુ, બુદ્ધિ, તેના વિચારો તથા સંકલ્પોના કાબૂ બહાર થઈ ગએલી નિમ્ન મનોમય કાર્ય–શક્તિઓ હવાઈ કલ્પનાના તુક્કા ઉડાડતી હોય છે); અને થોડો ભાગ હોય છે મગજના સ્મરણ–ભંડકમાંથી ટપકી પડેલા આડાઅવળા સંસ્કારોનો; તો વળી થોડો ભાગ મનોમય જગતમાં ફરતા આત્માનાં પ્રતિબિંબોનો પણ હોય છે; પણ આ પ્રતિબિંબો, સામાન્ય રીતે, સમજણ અને વ્યવસ્થા વિના સ્વીકારાએલાં હોય છે તથા સ્વીકારવા જતાં અતિશય બેહૂદાં બનાવીને સ્વપ્નાનાં અગાઉ જણાવેલાં અન્ય તત્ત્વો (ભૌતિક સંવેદનોથી જાગેલા તુક્કા અને મગજ–ભંડકના સંસ્કારો) સાથે ગૂંચવી નાખેલાં હોય છે. તેનાથી ઊલટું, યોગની સ્વપ્નાવસ્થામાં તો મન સ્પષ્ટ, સ્વસ્થ અને સજાગ હોય છે (જો કે ભૌતિક જગત પ્રત્યે સજાગ નહિ), કડીબંધ કાર્ય કરતું હોય છે અને પોતાની આગવી બુદ્ધિ અને સંકલ્પનો અથવા તો ઉચ્ચ ભૂમિકાની ઊર્ધ્વ બુદ્ધિ અને સંકલ્પનો એકાગ્રતાપૂર્વક ઉપયોગ કરી શકતું હોય છે. બાહ્ય જગતના અનુભવોમાંથી તે પાછું હઠી જાય છે, અને ભૌતિક ઇન્દ્રિયો પર તથા ભૌતિક જગત સાથેની તેમની આપ–લેનાં બારણાં પર પોતાનાં સીલ લગાવી દે છે; પણ તેનાં પોતાનાં જ અંગરૂપ સમજ, ચિંતન, મનન, દર્શન વગેરે સર્વે બાબતોને તે કામે લગાડેલાં રાખી શકે છે અને તે પણ જાગ્રત મનની કૂદંકૂદી અને રખડપટ્ટીમાંથી મુક્ત એવી, એક સમ્રાટશી એકાગ્રતાનાં પરિણામે શુદ્ધિ અને સામર્થ્યથી વધારે સમૃદ્ધ થઈને, તે પોતાના સંકલ્પનો પણ ઉપયોગ કરી શકે છે અને પોતાની જ ઉપર કે પોતાની આજુબાજુ એવાં માનસિક, નૈતિક કે ખુદ ભૌતિક પરિણામો પણ સાધી શકે છે કે જે સમાધિ પૂરી થયા પછી જાગ્રત અવસ્થામાં પણ ચાલુ રહી શકે અને તેનાં ભાવિ પરિણામો પાર પાડી શકે.

સ્વપ્નાવસ્થાથી મળતી બધી જ શક્તિઓને જો બરાબર પ્રાપ્ત કરવી હોય તો સૌથી પહેલાં તો એ જરૂરી છે કે ભૌતિક ઇન્દ્રિયો પર અથડાતા બાહ્ય જગતના અવાજ, દૃશ્ય વગેરેને બહાર રાખી દેવાં. અલબત્ત, સ્વપ્નાવસ્થા દરમિયાન સૂક્ષ્મ દેહની સૂક્ષ્મ ઇન્દ્રિયો દ્વારા બાહ્ય જગત વિશે સચેતન

રહેવું હોય બરાબર તેટલે અંશે સચેતન રહી શકાય છે અને તે પણ જાગ્રત અવસ્થાના કરતાં ઘણી વિશાળ રીતે; કારણકે સ્થૂળ ભૌતિક ઇન્દ્રિયોના કરતાં સૂક્ષ્મ ઇન્દ્રિયો ઘણો વિશાળ પ્રદેશ આવરી શકે છે; એ પ્રદેશને લગભગ સીમા-વિહીન વિસ્તારી શકાય છે. પણ સૂક્ષ્મ ઇન્દ્રિયો દ્વારા મેળવેલી ભૌતિક જગત વિશેની આ સચેતનતા એ સ્થૂળ ઇન્દ્રિયો દ્વારા મળતી તેની સચેતનતા કરતાં તદ્દન જુદી જ જાતની હોય છે; સ્થૂળ જાતની આ સચેતનતા અને મનની સ્થિર સમાધિ–અવસ્થા એ બે એકસાથે નથી જાળવી શકાતાં કારણકે ભૌતિક ઇન્દ્રિયો દબાણ કરીને સમાધિનો ભંગ કરે છે અને પોતે જે જાગ્રત અવસ્થા-માં જ કાર્ય કરી શકે છે તેમાં મનને તાણી લાવે છે. જ્યારે, સૂક્ષ્મ ઇન્દ્રિયોને માટે આ ભૌતિક જગત એ પોતાના નિજી જગતના કરતાં વધારે દૂરનું જગત હોવા છતાં તેઓ તે બંને જગતમાં કાર્ય કરી શકે છે. સ્થૂળ ઇન્દ્રિયોનાં બારણાં બંધ કરી દેવા માટે યોગમાં એવી વિવિધ તરકીબોનો આશરો લેવામાં આવે છે કે જેમાંની કેટલીક રીતો ભૌતિક છે; પણ તે બધામાં પૂરી પર્યાપ્ત રીત તો માત્ર એ જ છે કે એકાગ્રતાની શક્તિ એવી કેળવવી કે જેથી મનને એટલું ઊંડું ઉતારી દઈ શકાય કે જ્યાં ભૌતિક બાબતોના વિક્ષેપ સહેલાઈથી પહોંચી ના શકે. બીજી જરૂરિયાત છે ઊંઘમાં સરી પડતાં અટકી જવાની. મનની સામાન્ય ટેવ એવી છે કે એ જેવું ભૌતિક બાબતોમાંથી પાછું હઠી જાય છે કે તરત જ ઊંઘના ઘેનમાં કે સ્વપ્નામાં સરી પડે છે; એટલે સમાધિ માટે જેવું એને અંદર લઈ જવામાં આવે કે તરત જ, એ સમાધિ તરફ વળવાને બદલે, માત્ર આદતના જોરે, વહેલામાં વહેલી તકે ભૌતિક ઊંઘમાં જ પડવા માંડે છે. મનને આ ટેવમાંથી મુક્ત કરવાનું છે; તેણે સ્વપ્ના-વસ્થામાં જાગ્રત રહેતાં શીખવાનું છે, બહિર્મુખી નહિ પણ આંતરમુખી એક એવી જાગ્રતિમાં સ્વસ્થ રહેવાનું છે કે જેથી તે પોતે પોતાનામાં જ ડૂબી ગયું હોવા છતાં પોતાની બધી જ કાર્યશક્તિઓને સક્રિય રાખી શકે.

સ્વપ્નાવસ્થાની અનુભૂતિઓ અનંત–વિધ હોય છે. કારણકે, સમજ, પરખ, સંકલ્પ અને કલ્પના જેવી મનની સામાન્ય શક્તિઓ ઉપર તેની સત્તાશીલ પકડ હોય છે અને તેમને પોતાની મરજી મુજબ ગમે તે રીતે, ગમે તે વિષય અંગે અને ગમે તે હેતુને ખાતર તે વાપરી શકે છે; એટલું જ નહિ પણ સ્વાભાવિક રીતે તે જેને પહોંચી શકતું હોય તે, અથવા જેને પહોંચવાનું તે નક્કી કરે તે સર્વે જગતો, ભૌતિકથી માંડી ઊર્ધ્વ–માનસિક સુધીનાં જગતો સાથે તે વ્યવહાર ચાલુ કરી શકે છે. તે આમ કરી શકે છે તેનું કારણ એ કે બહિર્મુખ ભૌતિક ઇન્દ્રિયોની મર્યાદામાંથી મુક્ત બની

અંતર્મુખ બનેલા મનની સૂક્ષ્મ, સાનુકૂળ અને સર્વગ્રાહી ગતિઓને હવે નવાં, વિવિધ કરણો હાથ લાગ્યાં હોય છે. ભૌતિક કે બીજાં જગતો પરની, બધી જ વસ્તુઓની જાણકારી તે એવાં દશ્ય પ્રતિબિંબો દ્વારા કરે છે કે જે માત્ર દશ્ય પદાર્થોનાં જ નહિ પણ જે કોઈ અવાજ, સ્પર્શ, ગંધ, સ્વાદ, ગતિ કે કાર્ય મન અને તેનાં અંગોના અનુભવ-પ્રદેશમાં આવી શકે તેમ હોય તેમને અંગેનાં પણ હોય છે. કારણકે સમાધિમાં ગએલું મન ચિદાકાશ, એટલે કે આંતરિક અવકાશને પણ પહોંચી શકે છે, વધારે ને વધારે સૂક્ષ્મ થતા જતા એવા અવકાશની ઊંડાઈઓમાં પણ જઈ શકે છે કે જેમને ભૌતિક જગતના સ્થૂળ અવકાશરૂપી ગાઢા પડદાઓ વડે ભૌતિક ઇન્દ્રિયોથી અળગા રાખવામાં આવેલા છે; અને ભૌતિક કે બીજા ગમે તે જગતની, સંવેદન પામી શકાય તેવી બધી જ વસ્તુઓ પોતાનાં, એક જાતનાં, પુનર્ઘાટ પામતાં આંદોલનો, પકડાય તેવા પડઘાઓ, પુનરાવૃત્તિઓ, ઊભા થયે જતા આકારો સર્જતી જાય છે કે જે પેલું સૂક્ષ્મ અવકાશ પોતાનામાં સમાવે છે અને સાચવે છે.

અતીન્દ્રિય-દર્શન અને અતીન્દ્રિય-શ્રવણ જેવી અનેક ઘટનાઓની સમજૂતી પણ આમાંથી જ મળી રહે છે; કારણકે આવી ઘટનાઓ તે બીજું કાંઈ નહિ પણ, જેને સૂક્ષ્મ અવકાશની બિંબ-સ્મૃતિ કહી શકાય તેમાં થતું, મર્યાદિત સંવેદન-શક્તિવાળા જાગ્રત મનનું એવું અપવાદરૂપ ડોકિયું હોય છે કે જેના વડે માત્ર ભૂત અને વર્તમાનની જ બધી બાબતો નહિ પણ ભાવિ બાબતના પણ ઇશારા પકડી શકાય છે. કારણકે ભાવિ બાબતો પણ મનના ઊર્ધ્વ પ્રદેશો પરનાં જ્ઞાન અને દર્શનમાં ક્યારની ય સિદ્ધ થઈ ચૂકી હોય છે, અને તેનાં પ્રતિબિંબો વર્તમાન મન પર ઝીલી શકાય છે. પણ આ બધી બાબતો કે જે જાગ્રત મનોમયતાને માટે તો અસામાન્ય અને મુશ્કેલ હોય છે અને વિશિષ્ટ શક્તિઓનો આશરો લઈને જ કે કઠિન અભ્યાસ પછી જ પામી શકાય છે તે બધી, સ્વપ્નાવસ્થામાં લીન થએલી ચેતના, કે જેમાં પ્રચ્છન્ન મન મુક્ત બનેલું હોય છે, તેને માટે તો સહજ હોય છે. અને એ મન જુદા જુદા સ્તર પર જઈને, માત્ર આવા ઇન્દ્રિયગોચર આકારો પકડીને જ નહિ પણ એક જાતનાં વિચાર-સંવેદનો અને વિચાર-પ્રાપ્તિ વડે પણ અનેક બાબતોની જાણકારી મેળવી શકે છે; ચેતનાની આવી ઘટનાઓને આધુનિક માનસશાસ્ત્રીઓએ વિચાર-વિનિમય (અં. 'ટેલીપથી') એવું નામ આપેલું છે. પણ સ્વપ્નાવસ્થાની શક્તિઓ આટલેથી પૂરી થતી નથી. સ્વપ્નાવસ્થા તો આપણા મનોમય કે પ્રાણમય દેહનું એક જાતનું પ્રસારણ કરીને અન્ય સ્તરો અને જગતોમાં, અથવા તો આ જ જગતની દૂરની

જગ્યાઓ અને પ્રદેશોમાં પ્રવેશ કરી શકે છે, ત્યાં એક જાતની શારીરિક હાજરી વડે હરીફરી શકે છે અને ત્યાંની વાસ્તવિકતાઓ, પ્રદેશો અને પ્રસંગોના પ્રત્યક્ષ અનુભવોને પોતાનામાં પાછા લાવી શકે છે. તે ખુદ મનોમય અને પ્રાણમય દેહને પોતાને પણ, એ જ હેતુઓ ખાતર, ત્યાં પ્રસારી શકે છે અને તેમાં પ્રવાસ કરી શકે છે; અને એટલા સમય માટે ભૌતિક દેહને નિશ્ચેષ્ટ બનાવીને ગાઢ નિદ્રામાં રાખી મૂકી શકે છે.

પણ સ્વપ્નાવસ્થાની ખરેખરી કિંમત આવી બાહ્ય બાબતોમાં નહિ પણ તેનામાં રહેલી એવી શક્તિમાં છે કે જેના વડે તે વિચારો, ઊર્મિઓ, અને સંકલ્પોની એવી ઊર્ધ્વ હારમાળાઓ અને સામર્થ્યો ખોલી આપે છે કે જેનાથી આત્મામાં ઊર્ધ્વતા, વિશાળતા અને પ્રભુતાનો વિકાસ થાય છે. ખાસ કરીને તો, ઇન્દ્રિય–ગોચર બાબતોમાં તણાઈ જવાનું બંધ કરી, આત્માના એકાંતમાં સંપૂર્ણપણે એકાગ્ર થવાની શક્તિ કેળવીને તે મુક્ત મનન, ચિંતન અને વિવેક દ્વારા, અને, તેનાથી પણ વધારે ઊંડા ઊતરીને અને વધારે આગળ વધીને, વધારે ને વધારે ગહન દૃષ્ટિ અને એકરૂપતા કેળવીને, ભગવાનને, પરમ–આત્માને, પરાત્પર સત્યને, તેનાં તત્ત્વરૂપ તેમ જ સક્રિય અને આવિર્ભાવ સ્વરૂપને, તથા તેનાં સર્વોચ્ચ, આદિ અસ્તિત્વને પહોંચવા માટેની તૈયારી કરી શકે છે. અથવા તો, જાણે કે આત્માની કોઈ એકાંત અને સીલબંધ ઓરડીમાં જઈ, આંતરિક આનંદ અને ભાવાવેશમાં મગ્ન થઈ, તે દિવ્ય પ્રિયતમનાં, નિખિલ–આનંદ–સ્વરૂપ, ઉત્કટ પરમાનંદના સ્વામી–સ્વરૂપ પ્રભુના મિલન માટે તૈયાર થઈ શકે છે.

પૂર્ણયોગની દૃષ્ટિથી જોતાં સમાધિની આવી પદ્ધતિમાં એ ખામી દેખાવાનો સંભવ છે કે સમાધિ પૂરી થતાં, તે તંતુ તૂટી જતાં, આત્મા જ્યારે પાછો ફરે છે ત્યારે બાહ્ય જીવનની અધૂરપ અને આડાઈમાં તે પાછો આવી પડે છે,– અને એ બાહ્ય જીવનને ઉચ્ચતાનો પાસ તો માત્ર એટલો જ લગાડી શકાય કે જે પેલી ગહન અનુભૂતિઓનાં આછાં સ્મરણથી શક્ય બને. પણ આવો વિચ્છેદ, આવું અંતર કાંઈ અનિવાર્ય નથી. પહેલી વાત એ કે ચૈત્યપુરુષ જ્યાં સુધી ટેવાએલો ના હોય ત્યાં સુધી જ સમાધિની અનુભૂતિ જાગ્રત મનને માટે શૂન્યવત્ રહે છે; તે જેમ જેમ સમાધિ પર પ્રભુત્વ મેળવતો જાય તેમ તેમ તે કોઈ પણ જાતના વિસ્મરણના અંધાર–પટ વિના આંતર ચેતનામાંથી બાહ્ય જાગ્રતિમાં આવી શકે છે. બીજી વાત એ કે એકવાર આવો અભ્યાસ થયા પછી આંતર–અવસ્થામાં જે કાંઈ સિદ્ધ થયું હોય તે બધું જાગ્રત ચેતનામાં મેળવવાનું અને જાગ્રત જીવનના સહજ અનુભવ, સહજ શક્તિ અને એક માનસિક અવસ્થા તરીકે પલટી નાખવાનું સહેલું થાય છે.

સૂક્ષ્મ મન જે સામાન્ય રીતે ભૌતિક સત્તાની જીદથી ઘેરાએલું હોય છે તે ખુદ જાગ્રત અવસ્થામાં પણ વધારે શક્તિશાળી થાય છે, અને તે પણ એટલે સુધી કે વિસ્તર્યે જતો માનવ છેવટે ભૌતિક દેહમાં તેમ જ બીજા કેટલાક સૂક્ષ્મ દેહોમાં રહી શકે છે. તેમના વિશે તથા તેમની અંદર સજાગ થઈ શકે છે, તેમની ઇન્દ્રિયો કાર્યશક્તિઓ અને સામર્થ્યોને કામમાં લઈ શકે છે તથા અતિ-ભૌતિક સત્ય, ચેતના અને અનુભૂતિને ધારણ પણ કરી રાખી શકે છે.

સ્વપ્નાવસ્થા સત્તાની વધારે ઉચ્ચ શક્તિઓ સુધી પણ જાય છે; વિચારોથી ઉપર શુદ્ધ ચેતનામાં, ઊર્મિઓથી પર શુદ્ધ આનંદમાં, સંકલ્પોથી પર શુદ્ધ પ્રભુતામાં જાય છે; તે સચ્ચિદાનંદની એવી પરમ અવસ્થાનું પ્રવેશદ્વાર છે કે જેમાંથી જગતની સર્વ પ્રવૃત્તિઓનો ઉદ્ભવ થાય છે. અહીં હવે, પ્રતીકરૂપે વાપરેલા આ બધા શબ્દોમાં આપણે ફસાઈ ના જઈએ તે જોવાનું છે. આ ઊર્ધ્વ અવસ્થાઓ માટે 'સ્વપ્ન' અને 'સુષુપ્તિ' એવા જે શબ્દો વાપરેલા છે તે માત્ર પ્રતીકરૂપ છે અને સામાન્ય ભૌતિક મન જે પ્રદેશોને જાણતું નથી તેના તેને જે જાતના અનુભવ થાય છે તે દર્શાવવા તે વાપરેલા છે. સુષુપ્તિની ત્રીજી અવસ્થામાં પહોંચતાં આત્મા કાંઈ ઊંઘી જતો નથી. ઊલટાનું, સુષુપ્ત-આત્માને તો પ્રાજ્ઞ એટલે કે જ્ઞાન અને ડહાપણનો સ્વામી, વિજ્ઞાનમય પુરુષ, અને ઈશ્વર એટલે કે સત્તાનો શાસક કહેવામાં આવેલો છે. ભૌતિક મનને જે એક ઊંઘ લાગે છે તે આપણી વિશાળ અને સૂક્ષ્મ ચેતના માટે તો વધારે મોટી જાગ્રતિ છે. પોતાના સામાન્ય અનુભવથી પરનું હોવા છતાં જે કાંઈ સામાન્ય મનના પ્રદેશમાં આવી ચડે છે તે તેને તો એક સ્વપ્ન જ લાગે છે; પણ પોતાના પ્રદેશની પેલે પારની વસ્તુઓની સરહદ સુધી તે જો જઈ ચડે તો સત્યને સ્વપ્નાના જેવું પણ તે જોઈ શકતું નથી, અને નિદ્રાની પાકી અબૂધતામાં અને અગ્રહણ-શીલતામાં જઈ પડે છે. આ સરહદ દરેક વ્યક્તિની ચેતના-શક્તિ અનુસાર તથા તેની સમજ અને સજાગતાની વ્યાપકતા અને ઉચ્ચતા અનુસાર બદલાતી રહે છે. આ સરહદો વધારે ને વધારે ઊંચે ધકેલતા જઈ ખુદ મનની પેલે પાર પણ લઈ જઈ શકાય છે. એ સાચું છે કે આંતરિક જાગ્રતિવાળી સમાધિ-અવસ્થામાં પણ માનવ-મનને અતિમાનસિક સ્તરો પ્રત્યે, સામાન્ય રીતે, જાગતું રાખી શકાતું નથી; તે છતાં, તે સાધ્ય તો છે જ. આ સ્તરો પર જાગ્રત રહેવાથી આત્મા વિજ્ઞાનમય વિચારો, વિજ્ઞાનમય સંકલ્પ અને વિજ્ઞાન-મય આનંદ પર પ્રભુત્વ મેળવે છે; અને જો સમાધિ-અવસ્થામાં તે આ સિદ્ધ કરી શકે તો ત્યાંની અનુભૂતિઓનાં અને એ અનુભૂતિઓનાં સામર્થ્ય-

નાં સ્મરણોને તે જાગ્રત અવસ્થા સુધી પણ બહાર આણી શકે છે. એ જ પ્રમાણે ખુદ તેનાથી પણ ઊંચેના અને પ્રાપ્ય, આનંદમય લોકમાં જાગ્રત થએલ આત્મા ત્યાંના આનંદમય પુરુષની પ્રાપ્તિ, એકાગ્રતામાં રહીને તેમ જ વિશ્વમાં વ્યાપી જઈને, કરી શકે છે. તેમ છતાં તેનાથી પણ વધારે ઊંચે એવી હારમાળાઓ બાકી રહી શકે છે કે જેનું કાંઈ પણ સ્મરણ પોતાની સાથે તે પાછું લાવી ના શકે, સિવાય કે તેના વિશે તે માત્ર એટલું જ કહી શકે કે 'ગમે તેમ કરીને હું આનંદમાં મગ્ન તો થઈ ગયો હતો, પણ એ વર્ણવી શકતો નથી,' કારણકે એ આનંદ એક એવા સ્વયંભૂ અસ્તિત્વનો હોય છે કે જેની રજૂઆત, કોઈ પણ જાતના વિચાર, વર્ણન, રૂપક કે લક્ષણો દ્વારા કરવાની, શક્યતા સરખી નથી હોતી. ત્યાં ખુદ અસ્તિત્વનું ભાન પણ એક એવી અનુભૂતિમાં લય પામી જાય કે જેમાં જગતનું અસ્તિત્વ પણ અર્થહીન બની જાય અને બૌદ્ધમાર્ગી નિર્વાણ એ જ એકમાત્ર અને સર્વોત્તમ સાર્થકતા લાગી જાય. જાગ્રત અવસ્થાની સરહદ ભલે ગમે તેટલે ઊંચે સુધી ધકેલી જઈ શકાય છતાં તેનાથી પર કાંઈક તો એવું રહી જતું લાગે જ છે કે જ્યાં સુષુપ્તિને માટે અવકાશ બાકી રહે.

તો, સમાધિનું તત્ત્વજ્ઞાન આવું છે; તેની અટપટી ઘટનાઓમાં ઊતરવાની અહીં જરૂર નથી. અહીં તો, પૂર્ણયોગમાં તેનો જે એવડો ઉપયોગ છે તેનો ઉલ્લેખ કરી લેવો પૂરતો છે. એ વાત સાચી છે કે સમાધિ દ્વારા જે કાંઈ મળી શકે છે તેમાંથી લગભગ બધું જ અમુક હદ સુધી – એ હદ જણાવવી કે આકારવી અઘરી છે – સમાધિ વિના પણ પ્રાપ્ત કરી શકાય છે. તેમ છતાં, આધ્યાત્મિક અને ચૈત્યસિક અનુભૂતિઓના એવા કેટલાક ઉચ્ચ પ્રદેશો છે કે જેની પ્રત્યક્ષ અનુભૂતિ – ઝીલવાની નહિ પણ અનુભવવાની અનુભૂતિ – ગાઢ રીતે અને સંપૂર્ણ રીતે તો માત્ર સમાધિ વડે જ શક્ય છે. અને જે કાંઈ સમાધિ વિના પ્રાપ્ત કરી શકાય છે તેને માટે પણ સમાધિ એ એક હાથવગું સાધન છે,– એક એવું સાધન છે કે જે આધ્યાત્મિક અનુભૂતિઓના વધારે ઉચ્ચ અને વધારે કષ્ટસાધ્ય પ્રદેશોને પહોંચવા માટે અનિવાર્ય નહિ તોપણ વધારે સહાયકારક, સગવડરૂપ તો છે જ. એકવાર ત્યાં પહોંચી ગયા એટલે ત્યાંથી શક્ય તેટલું બધું જ જાગ્રત ચેતનામાં લઈ આવવાનું છે. કારણકે જે યોગ સમગ્ર જીવનનો સંપૂર્ણ, નિઃશેષ સ્વીકાર કરતો હોય તેમાં સમાધિનો પૂરેપૂરો લાભ તો માત્ર ત્યારે જ મળ્યો ગણાય કે જ્યારે તેનાં ફળ, માનવના દેહધારી આત્માની પૂર્ણ જાગ્રત અવસ્થાની એક સહજ સિદ્ધિ અને અનુભૂતિ તરીકે સ્થાપી શકાય.

## પ્રકરણ : ૨૭

# હઠયોગ

સમાધિ પ્રાપ્ત કરવાના ઘણા માર્ગ છે; જેટલા યોગ-માર્ગ, લગભગ તેટલા જ સમાધિ-માર્ગ. સમાધિને પરમ ચેતના પ્રાપ્ત કરવાના માત્ર એક સાધન તરીકે જ નહિ પણ તેને માટેની અનિવાર્ય શરત કે તેની જ એક અવસ્થા ગણી લઈને તેને એટલી બધી અગત્ય આપવામાં આવે છે કે કેટલીક યોગ-સાધનાઓ પોતાને માત્ર સમાધિ પ્રાપ્ત કરવાનો જ એક માર્ગ ગણી લે છે. બધા જ યોગ-માર્ગો મૂળમાં તો પરમ પ્રભુ સાથેની, પરમ પ્રભુની સત્-તા સાથેની, તેની ચેતના સાથેની, તેના આનંદ સાથેની એક-રૂપતા પામવા માટેનો યત્ન અને તેની પ્રાપ્તિ છે; આ સંપૂર્ણ એકતાને અશક્ય ગણી કાઢવામાં આવે તોપણ, ઓછામાં ઓછું, આત્માને પ્રભુપદમાં, કે તેની એકાદ કિનારી પર પણ રહેવાનું, એટલે કે સાલોક્ય મિલન, અથવા તેના અતૂટ સાન્નિધ્યથું સામિપ્ય-મિલન તો મળવું જ જોઈએ. અને આને માટે તો ચેતનાના એક એવા સ્તર અને ઘનિષ્ઠતા સુધી ઊંચે ચડવું પડે કે જે આપણા સામાન્ય માનસ માટે શક્ય નથી. આપણે જોઈ જ ગયા કે આવા ઊંચા સ્તર અને ઘનિષ્ઠતા માટેની સ્વાભાવિક અવસ્થા આપણને સમાધિમાં મળી શકે છે. જ્ઞાનયોગમાં સમાધિનું સ્થાન સ્વાભાવિક રીતે જ ખૂબ અગત્યનું બની જાય છે કારણકે માનસિક ચેતનાને એક એવી સ્પષ્ટતા અને એકાગ્રતા સુધી ઊંચે ચડાવવી ( કે જેથી તે આપણા અસલ સ્વરૂપને પૂરેપૂરું જાણી શકે, તેમાં લય પામી શકે, અને તેની સાથે તદ્રૂપ થઈ શકે ) એ જ તો તેની પદ્ધતિ અને હેતુનો સિદ્ધાંત છે. પણ એવા બે સાધના-માર્ગ છે કે જેમાં સમાધિનું સ્થાન હજી પણ વધારે અગત્યનું બની જાય છે. રાજયોગ અને હઠયોગ નામની આ બે સાધના-પદ્ધતિને આપણે જરા જોઈ લઈએ, કારણકે પદ્ધતિની બીજી બાબતોમાં તેઓ જ્ઞાનયોગના કરતાં ભલે ગમે તેટલી જુદી પડતી હોય છતાં, પોતાને પૂરતા વાજબી ઠરાવતા સમાધિના આ સિદ્ધાંતને તો તેમણે પણ સ્વીકારેલો જ છે. પણ તેમના સાધના-ક્રમ પાછળની ભાવના પર ઊડતી નજર નાખવા સિવાય તેમનું વધારે અવલોકન

કરવાની આપણને જરૂર નહિ પડે, કારણકે સમન્વય સાધતા પૂર્ણયોગમાં એવું અવલોકન એટલું અગત્યનું નથી. અલબત્ત, તેમના ધ્યેયનો તો આપણે સમાવેશ કરીશું જ, પણ તેમની પદ્ધતિને કાં તો સમૂળગી વેગળી મૂકી શકાય તેમ છે, અથવા તો, શરૂઆતની કે પ્રાસંગિક સહાય તરીકે તેમનો સ્વીકાર કરી શકાય તેમ પણ છે.

હઠયોગ છે તો એક સમર્થ માર્ગ પણ એ મુશ્કેલ અને જહેમત-ભર્યો પણ છે; શરીર અને આત્માના ગાઢ સંબંધના સિદ્ધાંત પર તેની ક્રિયાઓ રચાએલી છે. જે શરીર બંધન તેમ જ મોક્ષનું, પાશવિક નિર્બળતા તેમ જ દિવ્ય સામર્થ્યનું, મન અને આત્મા પરના અંધારપટનું તેમ જ તેમના પ્રકાશ-પુંજનું, યાતના અને મર્યાદાના દાસત્વનું તેમ જ જાત પરના પ્રભુત્વનું, તથા મૃત્યુનું તેમ જ અમરતાનું રહસ્ય છે તે શરીર એ જ હઠયોગની ચાવી છે; તેને મન તે માત્ર એક પ્રાણ-પૂરેલ જડ તત્ત્વનો પિંડ નથી પણ આધ્યાત્મિક અને ભૌતિક જાત વચ્ચેનો ગૂઢ પુલ છે; કોઈક મૌલિક શાસ્ત્ર-કાર તો એમ પણ કહે છે કે આ ગૂઢ માનવદેહ એ ૐનું જ સ્વરૂપ છે. એ તો સાચું જ છે કે હઠયોગે ભૌતિક દેહની જ વાત કરી છે અને તેની જ ઉપર પોતાની ક્રિયાઓ રચી છે પણ તે આધુનિક શરીર-શાસ્ત્રીઓની રીતે નહિ; શરીરનાં તંત્રોની પાછળ રહેલ સૂક્ષ્મ દેહને અનુલક્ષીને જ તેણે બધી વાત સમજાવેલી છે. જો આપણા દષ્ટિ-બિંદુથી હઠયોગનું સમગ્ર ધ્યેય સ્પષ્ટ કરીએ (હઠયોગના પોતાના શબ્દોમાં નહિ) તો ટૂંકમાં એમ કહી શકાય કે એ, દેહ-નિવાસી આત્માને, નિશ્ચિત શાસ્ત્રીય ક્રિયાઓ દ્વારા, આધ્યાત્મિક અનુભૂતિઓનાં સામર્થ્ય, પ્રકાશ, શુદ્ધિ, મુક્તિ અને ઊર્ધ્વ-ગામી સોપાન મેળવી આપવાનો યત્ન છે,– અને જો એ અહીં, આ સૂક્ષ્મ અને વિકસિત કારણ-દેહમાં વસતો હોય તો તેને માટે એ સર્વે, સ્વાભાવિક રીતે જ, પ્રાપ્ય હોવાં જોઈએ.

કેટલાક લોકો શાસ્ત્ર (એટલે કે "સાયન્સ")નો અર્થ કરે છે: આ ભૌતિક જગતની પાછળ જે કાંઈ રહેલું હોય તે બધું જ બાજુ પર રાખીને થતો તેની બાહ્ય ઘટનાઓનો અભ્યાસ; એટલે હઠયોગની ક્રિયાઓને શાસ્ત્રીય કહેવામાં આવે તો તેમને એ વાત વિચિત્ર લાગવાનો સંભવ છે; પણ એ ક્રિયાઓ પણ કુદરતના નિયમો અને તેમનાં કાર્યોના સ્પષ્ટ અનુભવ પર રચાએલી છે અને જો યોગ્ય રીતે તેમને અજમાવવામાં આવે તો તેમનાં અનુભવ-સિદ્ધ પરિણામો પણ મળે જ. ખરી રીતે તો હઠયોગ પણ, એની પોતાની રીતે, એક જ્ઞાન-પદ્ધતિ છે; જો જ્ઞાનયોગ પોતે એક ચિત્ત-શાસ્ત્રીય

પદ્ધતિ છે, આધ્યાત્મિક અભ્યાસાર્થે અમલમાં મુકાતું આપણી જાત વિષેનું તત્ત્વજ્ઞાન છે, તો હઠયોગ એ આપણી જાત વિષેનું એક શાસ્ત્ર છે, એક ચિત્ત-શરીર-શાસ્ત્રીય પદ્ધતિ છે. બંનેથી શારીરિક, માનસિક અને આધ્યાત્મિક પરિણામો પ્રાપ્ત થાય છે; પણ એક જ સત્યના સામ-સામેના છેડા પર તેઓ ઊભેલાં છે; તેથી, જ્ઞાનયોગીને ચિત્ત-શરીર સંબંધી પરિણામો ઓછાં અગત્યનાં લાગે છે, શુદ્ધ માનસિક અને આધ્યાત્મિક પરિણામો જ પૂરાં અગત્યનાં લાગે છે, અને આધ્યાત્મિક પરિણામો પર એકાગ્ર થએલ હોવાથી માનસિક પરિણામો પણ માત્ર આનુષંગિક જ લાગે છે; તો હઠયોગીને શારીરિક પરિણામો ખૂબ જ અગત્યનાં લાગે છે, માનસિક એ કિંમતી ફળરૂપ લાગે છે અને આધ્યાત્મિક એ સર્વોચ્ચ અને આખરી સિદ્ધિ-રૂપ લાગે છે; પણ તેમાં શારીરિક બાબતોમાં એટલા બધા તો ગૂંથાઈ રહેવું પડે છે કે એ સિદ્ધિ ક્યાંય સુધી દૂર ને દૂર રહ્યા કરતી અને ધકેલાયા કરતી લાગ્યા કરે છે. પણ તો ય એ વાત ભુલાવી ના જોઈએ કે બંને માર્ગો છેવટે એક જ ધ્યેય પર જરૂર પહોંચાડે છે. હઠયોગ એ પણ પરમ પ્રભુને જ પહોંચવાનો એક માર્ગ છે; પણ તેની રીત લાંબી, મુશ્કેલ અને અતિ ચીવટભરી ખરી.

દરેક યોગાભ્યાસ પોતાની પદ્ધિતમાં ત્રણ સિદ્ધાંતો સાચવીને આગળ વધે છે; પહેલાં તો શુદ્ધિ, એટલે કે આપણાં શારીરિક, નૈતિક અને માનસિક તંત્રોમાં રહેલી, આપણી શક્તિનાં અશુદ્ધ અને અનિયંત્રિત કાર્યને પરિણામે થતી અથડામણ, અવ્યવસ્થા અને અટકાયતોની સફાઈ; બીજી એકાગ્રતા : એટલે કે, આપણી જાતની એ શક્તિને પૂરેપૂરી ભેગી કરીને, ઘનિષ્ઠ બનાવીને, તેનો કાબૂપૂર્વકનો અને મરજી મુજબનો, ધારેલા હેતુને માટે ઉપયોગ; ત્રીજી, મુક્તિ : એટલે કે, અસત્ય અને મર્યાદિત લીલામાં રમતી એક વ્યક્તિગત શક્તિની, આજે પોતાની પ્રકૃતિના ધર્મરૂપ લાગતી, નાનીશી અને યાતના-ભરી, ગ્રંથિઓમાંથી આપણી જાતનો છુટકારો. આપણી જાત આમ મુક્ત થતાં પરમ પ્રભુનું જે મિલન કે તદ્રૂપતા મળે તેનો ઉપભોગ કરવો એ છે આખરી સિદ્ધિ; તેને જ માટે તો યોગાભ્યાસ કરવામાં આવે છે. આ છે યોગાભ્યાસનાં ત્રણ અનિવાર્ય સોપાન અને તેનાં અંતિમ શિખરરૂપ, ઉચ્ચ, અફાટ, અનંત પ્રદેશ. હઠયોગની સાધનામાં પણ આ બધી બાબતો બરાબર સચવાય જ છે.

હઠયોગની સાધનાનાં મુખ્ય અંગ બે છે (બીજાં અંગો માત્ર તેમને સહાયક છે); આસન અને પ્રાણાયામ. આસન એટલે શરીરને કેટલીક સ્થિર

સ્થિતિઓની ટેવ પાડવી તે; અને પ્રાણાયામ એટલે શ્વાસોચ્છ્‌વાસની કસરતો વડે શરીરમાં રહેલ પ્રાણશક્તિના પ્રવાહોનું નિશ્ચિત સંચાલન અને નિયમન. આપણી શારીરિક જાત એક કરણ છે અને તે બે તત્ત્વોની બનેલી છે: જડ તત્ત્વ અને પ્રાણ-તત્ત્વ, શરીર કે જે બાહ્ય રીતે દેખાતું કરણ અને પાયો છે તથા પ્રાણ એટલે કે જીવનશક્તિ કે જે તેમાંનું બળ અને સાચું કરણ છે. આ બે કરણો એ જ, અત્યાર પૂરતાં તો, આપણાં માલિક છે; આપણે શરીરના દાસ છીએ અને પ્રાણના પણ. આપણે છીએ તો મનોમય પુરુષ અને આત્મા; પણ દેહ અને પ્રાણના માલિક હોવાનો આપણો દાવો કાંઈ જરા ય જોરદાર નથી નીવડતો. આપણે એક પાંગળી અને નાનીશી જડ પ્રકૃતિથી મર્યાદિત છીએ અને તેનાં જ પરિણામે, આપણો દેહ જેટલી પાંગળી અને નાનીશી પ્રાણશક્તિ સહી શકે છે અને સમાવી શકે છે તેનાથી પણ મર્યાદિત છીએ. વળી આ દેહ અને પ્રાણ એ દરેકનાં, અને બંનેનાં કાર્યો પણ અતિ સાંકડી મર્યાદામાં અકડાએલાં છે એટલું જ નહિ પણ સતત અશુદ્ધિઓનો ભોગ બનેલાં છે; જેટલી વાર શુદ્ધ કરીએ તેટલી જ વાર અશુદ્ધ બને છે; વળી, તે દરેક જાતની અવ્યવસ્થાનાં, આપણાં સમધારણ જીવનમાં રહેલ ઉગ્ર અવસ્થા જેવી અવ્યવસ્થાનાં, તો પાછાં, આપણી માંદગી અને વ્યગ્રતાઓ-રૂપ વિષમ અવ્યવસ્થાઓના, પણ ભોગ બનેલાં છે. હઠયોગને આ બધી બાબતો સંભાળવાની છે અને તેમને જીતવાની પણ છે. એમ કરવાનાં તેનાં બે મુખ્ય સાધનો છે આસન અને પ્રાણાયમ. તેમનો અમલ અટપટો અને ભારે છે પણ તેમનો સિદ્ધાંત તો સરળ છે; અને તેઓ અસરકારક પણ છે.

હઠયોગની આસન-પદ્ધતિના પાયામાં એવા બે સદ્ધર સિદ્ધાંતો છે કે જેના પરિણામે ઘણી અસરકારક બાબતો મળી આવે છે; પહેલો સિદ્ધાંત: શારીરિક નિશ્ચલતા દ્વારા કાબૂ, અને બીજો: નિશ્ચલતા દ્વારા શક્તિ. જ્ઞાન-યોગમાં માનસિક નિશ્ચલતાનું જે કારણથી જેટલી અગત્યનું સ્થાન છે તેવા જ કારણથી અને તેવું જ સ્થાન હઠયોગમાં શારીરિક નિશ્ચલતાનું છે. જ્યાં સુધી આપણી જાતનાં અને પ્રકૃતિનાં ગહન સત્યોની પાકી સમજ બેઠી ના હોય ત્યાં સુધી તે બંને એક જાતની તામસિક, આળસભરી નિષ્ક્રિયતામાં તણાઈ જવા જેવાં લાગે પણ ખરાં. પણ સાચી વાત તો તદ્દન ઊલટી જ છે, કારણકે યૌગિક નિષ્ક્રિયતા – શરીરની કે મનની – એ તો શક્તિને વધારવાની, પકડવાની અને સાચવવાની એક શરત છે. આપણા મનની સામાન્ય સક્રિયતા એ મોટે ભાગે તો એક અસ્ત-વ્યસ્ત ચંચળતા જ હોય છે; તેમાં શક્તિનો

ભારોભાર દુર્વ્યય હોય છે, તે અખતરાઓમાં એકદમ વપરાઈ જતી હોય છે, અને આત્મ-નિર્ણયવાળી સંકલ્પ-શક્તિને તો તેમાંથી બહુ જ ઓછી કામ લાગતી હોય છે. એ સમજી રાખવાનું છે કે આ દુર્વ્યય આપણા દૃષ્ટિબિંદુથી છે, વિશ્વવ્યાપી પ્રકૃતિનાં દૃષ્ટિબિંદુથી નહિ; કારણકે આપણે કરેલો દુર્વ્યય એ તેની આપ-લે પ્રવૃત્તિનું અંગ જ બની રહે છે. આપણી શારીરિક ક્રિયાઓ એ પણ આવી જાતની ચંચળતા જ હોય છે.

એ ચંચળતા એ શરીરમાં આવતી, કે ઉત્પન્ન થતી, મર્યાદિત શક્તિને પોતાનામાં ધારણ કરી રાખવાની અશક્તિની, અને તેથી આ પ્રાણ-શક્તિને ગમે તેમ વેડફી નાખવાની નિશાની છે; તેના વડે વ્યવસ્થિત અને કાર્ય-ક્ષમ પ્રવૃત્તિ તો બહુ જ ઓછી થતી હોય છે. વળી, તેનાં પરિણામે આપણા શરીરમાં સામાન્ય રીતે કાર્યો કરી રહેલ વિવિધ જીવન-શક્તિઓની ગતિ અને તેમનાં પરસ્પરનાં કાર્ય તેમ જ અન્ય લોકોમાં વ્યક્તિગત રીતે કાર્ય કરી રહેલ જીવન-શક્તિ ( કે આપણી આજુબાજુ અનેકવિધ કાર્ય કરી રહેલ સામાન્ય પ્રાણ-શક્તિ ) એ એની વચ્ચે જે જાતનો સંબંધ અને સમતુલા ગોઠવાય છે તેમાં સતત રીતે એક મેળ અને સમતોલપણું સાચવવું પડે છે; એ અતિશય નાજુક અને ગમે ત્યારે તૂટી પડે એવું હોય છે. કોઈ પણ જાતની ભૂલ, અટકાયત, અતિશયતા કે આઘાત થતાંની સાથે જ અશુદ્ધિ અને અવ્યવસ્થા ઊભી થઈ જાય છે. પણ જો પ્રકૃતિને પોતાને પોતાની રીતે જ આ પ્રશ્ન ઉકેલવાનો હોય તો તે પોતાની ટેવ, પ્રાણની પ્રેરણા કે અંતઃસ્ફુરણા વડે તેને પાર પાડી દે છે પણ જ્યારે માણસ પોતાની, ભૂલને પાત્ર બુદ્ધિ અને સંકલ્પોથી, અને તેમાં ય ખોટી અને કૃત્રિમ ટેવોથી, એમાં માથું મારે છે ત્યારે તો અતિ નાજુક અવસ્થા અને, મોટા ભાગે તો, અવ્યવસ્થા એ જાણે કે નિયમરૂપ બની જાય છે. પણ માણસને એમાં માથું મારતો રોકી શકાય તેમ છે જ નહિ કારણકે માણસ પોતાની અંદરની માત્ર પ્રાણ-પ્રકૃતિને ખાતર જ જીવતો નથી; તે તો, પ્રકૃતિએ પોતાની પ્રાથમિક સમતુલા વખતે કલ્પેલા પણ નહિ તેવા તથા પોતાનાં કાર્યોનો જેમાં મુશ્કેલીથી મેળ મળે તેવા હેતુઓ ખાતર જીવે છે. એટલે તેણે જો વધારે ઉચ્ચ અવસ્થા પ્રાપ્ત કરવી હોય કે વધારે ઉચ્ચ કાર્યો કરવાં હોય તો અવ્યવસ્થા-ભરી આ ચંચળતામાંથી મુક્ત થવાની, ક્રિયા-શીલતાને શાંત કરવાની અને તેનું નિયમન કરવાની તેને સૌથી પહેલી જરૂર પડવાની. હઠયોગીએ શરીર અને પ્રાણની સ્થિતિ અને કાર્યોને અસાધારણ અવસ્થામાં લાવવાં જ પડે; આ અસાધારણતામાં ગેરવ્યવસ્થા નહિ પણ મહત્તા અને પ્રભુતા જ સ્થપાવાનાં.

આસનોને સ્થિર રાખવા પાછળનો સૌથી પહેલો હેતુ તો એ છે કે એથી, શરીર જે ચંચળતાનો ભોગ બનેલું છે તેમાંથી એ મુક્ત બને અને આજે તે જે પ્રાણ-શક્તિને વેરી-વેડફી નાખે છે તેને ધારણ કરવાની તેને ફરજ પડે. આસનોથી શક્તિ ઘટી જવાનો કે ચાલી જવાનો નહિ પણ ખૂબ વધી જવાનો, અંદર ઊતરી આવવાનો અને વહેતી મુકાવાનો અનુભવ થાય છે. શરીરને વધારાની શક્તિ, પ્રવૃત્તિ દ્વારા વાપરી નાખવાની ટેવ પડી ગએલી હોવાથી તે શરૂઆતમાં તો શક્તિનો આ અતિશય વધારો અને તેનું અંદર સ્થિર થતું કાર્ય સહન નથી કરી શકતું અને ખૂબ અસ્થિર થઈ જઈને તેનો સાથ છોડવા મથે છે; પણ પછીથી તે ટેવાઈ જાય છે અને જ્યારે આસન સિદ્ધ થઈ જાય છે ત્યારે, શરૂઆતમાં મુશ્કેલ કે કૃત્રિમ લાગતી એ સ્થિતિ તેને સહેલામાં સહેલી, બેઠાડુ કે આરામભરી સ્થિતિના જેટલી જ આરામભરી, લાગે છે. ગમે તેટલી શક્તિ તેનામાં નાખવામાં આવે તોપણ તેને ઊભરાઈ જવા દીધા વિના ધારણ કરવાની તેની શક્તિ વધતી જ જાય છે; સિદ્ધ હઠયોગીનું શરીર, સામાન્ય માણસના ઉત્તમ શરીરના ગજા બહારની સહનશીલતા, તાકાત, તથા અ-થાક કામનાં અસાધારણ કાર્યો પાર પાડી શકે એવી અ-મર્યાદ તે બની જાય છે; કારણકે તે, શક્તિનાં પૂરને સમાવી અને ધારણ કરી શકે છે એટલું જ નહિ પણ તે શક્તિ તેનાં શારીરિક તંત્રોને પકડમાં લે અને તેમની દ્વારા જે વધારે પરિપૂર્ણ કાર્યો કરે તેને પણ તે સહન કરી શકે છે. આ પ્રમાણે શાંત અને નિશ્ચલ થએલ શરીરમાં વસવાટ કરી શકવાથી, તેમાં સમર્થ અને એકાગ્ર રીતે સક્રિય બની શકવાથી, તથા ધારણ કરનાર શક્તિ અને આધાર એ બેની વચ્ચે અસ્થિર રહેતી સમતુલાની ઉપાધી હવે તેને નહિ રહેવાથી પ્રાણ-શક્તિ ખૂબ જ વિશાળ અને કાર્ય-સાધક તત્ત્વ બની જાય છે. હકીકતમાં તો, હવે શરીર તેને ધારણ કરતું, પકડતું કે કામમાં લેતું નથી પણ તે શરીરને ધારણ કરે છે, પકડમાં લે છે અને કામે લગાડે છે. (અને જ્ઞાનયોગમાં પણ આવું જ બને છે ને ?- મન જ્યાં સુધી ચંચળ અને સક્રિય હોય ત્યાં સુધી તેને મળતી આધ્યાત્મિક શક્તિને પકડતું અને અવ્યવસ્થિત તથા કઢંગી રીતે વાપરતું લાગે છે પણ જ્યારે તે નિશ્ચલ બને છે ત્યારે આધ્યાત્મિક શક્તિ તેને ધારણ કરે છે, પકડમાં લે છે અને કામમાં લે છે.)

શરીર આ પ્રમાણે પોતાનાં જ બંધનમાંથી મુક્ત થતાં, ઘણી બધી ગેરવ્યવસ્થા અને કઢંગાપણામાંથી તે શુદ્ધ થતાં, આસનોથી કેટલેક અંશે અને આસન-પ્રાણાયામનાં સંયુક્ત કાર્યથી સંપૂર્ણ રીતે એક સર્વાંગસુંદર

સાધન બની જાય છે. તે થાકનું ખડે પગે ગુલામ રહેતું નથી; તેને અજબ-ની આરોગ્ય-શક્તિ મળે છે; જરા, વ્યાધિ અને મૃત્યુ કાબૂમાં રહે છે. સામાન્ય માણસના કરતાં પણ વધારે આયુષ્ય ભોગવવા છતાં હઠયોગી પોતાના શરીરમાં અકબંધ શક્તિ, આરોગ્ય, અને યૌવન જાળવી શકે છે; શરીરનો જુવાનીભર્યો દેખાવ પણ મોટી ઉંમર સુધી ટકી રહે છે; આયુ-મર્યાદા પણ ખૂબ લાંબી બની જાય છે. શરીર અને મન અગત્યનું સાધન હોવાથી તેને આમ ઘણાં વર્ષો સુધી ટકાવી રાખવું અને ઘટતી જતી ક્ષમતા-ઓમાંથી મુક્ત રાખવું એ કાંઈ જેવીતેવી અગત્યની વાત નથી. વળી એ પણ ખ્યાલમાં રાખવું ઘટે કે એંશી ઉપરાંતનાં આસનોમાં ખૂબ જ વિવિધતા છે અને તેમાંનાં કેટલાંક તો અતિશય અટપટાં અને અઘરાં છે. આ વિવિધ-તાને લીધે ઉપરોક્ત પરિણામોમાં ઘણો ઉમેરો તો થાય છે જ, તેમ જ શરીરનાં કાર્યોમાં ખૂબ સ્વતંત્રતા તથા નમનીયતા પણ આવે છે; પણ, વધારામાં, શરીરની ભૌતિક શક્તિ તથા તેને જેની સાથે સંબંધ છે એવી ભૌતિક જગતની શક્તિ એ બેની વચ્ચેનો સંબંધ પણ બદલાઈ જાય છે; તેનું એક પરિણામ એ છે કે ભૌતિક જગતની શક્તિની તેના પર જે ભારે પકડ હોય છે તે હળવી બને છે; થાક ઉપરનો વિજય એ તેની પહેલી નિશાની છે અને ઉત્થાપન, એટલે કે શરીર કેટલેક અંશે અદ્ધર ચડે તે તેની આખરી નિશાની છે. સ્થૂળ શરીરમાં સૂક્ષ્મ શરીરના કેટલાક ગુણ આવવા માંડે છે અને એ સૂક્ષ્મ શરીરનો પ્રાણ-શક્તિ સાથે જે સંબંધ છે તેમાંથી પણ કાંઈક તે ધારણ કરવા માંડે છે; આ વસ્તુઓ એક એવી વધારે મહાન શક્તિ બની જાય છે કે જેનો અનુભવ ખૂબ જોરદાર હોવા છતાં જેના વડે ખૂબ આસાનીથી અને મુક્ત રીતે અદ્ભુત ભૌતિક કાર્યો કરી શકાય છે; આ એવી શક્તિઓ છે કે જે ગરિમા, મહિમા, અણિમા અને લઘિમા જેવી હઠયોગની સિદ્ધિઓમાં પરિણમે છે. વળી, શારીરિક તંત્રો અને શ્વાસો-ચ્છ્વાસ તથા હૃદયના ધબકાર જેવાં તેમનાં કાર્યો પર હવે જીવન પૂરેપૂરું નિર્ભર રહેતું નથી; અને જીવનનો અંત, કે તેને આંચ ના આવે તેમ તેમને અટકાવી પણ શકાય છે.

આસન અને પ્રાણાયામના સંયુક્ત અભ્યાસથી આવતું આ ઉત્તમ પરિણામ એ, છેવટે તો, માત્ર પાયારૂપ શારીરિક સામર્થ્ય અને સ્વતંત્રતા છે. પણ હઠયોગનાં વધારે ઉચ્ચ પરિણામનો ખરો આધાર તો પ્રાણાયામ ઉપર છે. આસનોનું ખરું કામ સમગ્ર શારીરિકતાના વધારે સ્થૂળ ભાગો પર થાય છે, અને તેમાં ય તેને પ્રાણાયામનો આધાર લેવો જ પડે છે. તો, પ્રાણા-

યામ શરૂઆત ભલે આસનો દ્વારા મળેલ શારીરિક નિશ્ચલતા અને આંતરિક પકડથી કરે પણ તે ખરું કામ તો સૂક્ષ્મ પ્રાણમય ભાગો એટલે કે જ્ઞાનતંતુના તંત્ર ઉપર કરે છે. આને માટે તે શ્વાસોચ્છ્વાસનાં વિવિધ નિયમનનો આશરો લે છે; શરૂઆત રેચક અને પૂરકની સમાનતાથી કરીને પછીથી, એ બંનેનાં, સુમેળવાળાં, અનેકવિધ નિયમનોનો તથા તેમની વચ્ચે કુંભકના ઉમેરાનો તે આશરો લે છે. છેવટે શ્વાસને રૂંધવાનું (એટલે કે કુંભક કે જેને માટે શરૂઆતમાં જરા પ્રયત્ન કરવો પડે છે.-તે) તથા ખુદ તેને અટકાવી દેવાનું તદ્દન સરળ થઈ જાય છે અને પૂરક તથા રેચકની સામાન્ય ક્રિયાના જેટલું જ સ્વાભાવિક લાગવા માંડે છે. પણ પ્રાણાયામના પ્રાથમિક હેતુઓ તો છે : નાડી–તંત્રની શુદ્ધિ; કોઈ પણ જાતના અંતરાય, અવ્યવસ્થા કે અનિયમિતતા વિના પ્રાણ–શક્તિનું સર્વ નાડીઓમાં વહન; અને તેની ક્રિયાઓ ઉપર સંપૂર્ણ કાબૂ કે જેથી શરીરમાં વસતા આત્માના વિચારો અને સંકલ્પો, શરીરની કે પ્રાણની કે તેમની સંયુક્ત મર્યાદાઓથી બંધાઈ ના રહે. પ્રાણાયામથી નાડી–તંત્રને વિશુદ્ધ અને અંતરાય–હીન કરી શકાય છે એ તો આપણા શરીરશાસ્ત્રમાં સ્વીકારાઈ ગએલી વાત છે. બીજાં શારીરિક તંત્રોને પણ શુદ્ધ કરવામાં તેની સહાય લેવામાં આવે છે પણ શરૂઆતમાં તેના બધા જ અવયવોમાં તે પૂરેપૂરા અસરકારક નથી થઈ શકતા; તેથી હઠયોગી નેતિ, ધૌતિ વગેરે અન્ય પૂરક ક્રિયાઓનો પણ, ઉપયોગ કરે છે. આસનો (કે જેમાંનાં અમુક અમુકથી તો અમુક રોગો પણ દૂર કરી શકાય છે), પ્રાણાયામ તથા આ પૂરક ક્રિયાઓ એ ત્રણેયના સંયુક્ત પ્રયોગથી શરીરની તંદુરસ્તી સંપૂર્ણપણે જાળવી શકાય છે. પણ મુખ્ય લાભ તો એ થાય છે કે આ વિશુદ્ધિને પરિણામે પ્રાણ–શક્તિને ગમે ત્યાં, શરીરના ગમે તે ભાગમાં અને ગમે તે રીતે કે તેમની ગતિના ગમે તે છંદમાં કામે લગાડી શકાય છે.

શ્વાસ દ્વારા ફેફસાંમાં હવા ભરવાની અને કાઢવાની ક્રિયા એ તો આપણા શારીરિક બંધારણમાં થતી પ્રાણની તદ્દન બાહ્ય, ચોખ્ખી અનુભવાતી અને કાબૂમાં લઈ શકાતી ગતિ છે. પણ યોગશાસ્ત્ર પ્રમાણે તો બધાં જ નાડીતંત્રમાં તથા સમગ્ર સ્થૂળ દેહમાં વ્યાપી ગએલી અને તેની ક્રિયાઓનું નિયંત્રણ કરતી, પ્રાણની પાંચ પ્રકારની ગતિ છે. હઠયોગી શ્વાસોચ્છ્વાસની બાહ્ય ક્રિયાનું નિયમન કરે છે એ તો પ્રાણની આ પાંચે ય ગતિઓનું નિયમન કરવાનાં બારણાં ખોલવા માટે; તેનાથી તેને તેમનાં આંતરિક કાર્યો અનુભવગમ્ય બને છે અને પોતાનાં સમગ્ર ભૌતિક જીવન અને કર્મો વિશે તે માનસિક રીતે સજાગ બને છે. પ્રાણને પોતાની બધી જ નાડીઓમાં, જ્ઞાન-

તંતુઓના પ્રવાહમાં, તે પોતાની ઇચ્છાનુસાર વહાવી શકે છે. તે મૂલાધાર વગેરે પોતાનાં છ ચક્રોમાં, એટલે કે નાડીતંત્રનાં છ વિશિષ્ટ કેન્દ્રો કે ગ્રંથિમાં થતા પ્રાણના કાર્ય વિશે જાગ્રત બને છે, અને તે દરેકનાં અત્યારનાં મર્યાદિત, સામાન્ય અને યંત્રવત્ કાર્યની જગ્યાએ, તે, પ્રાણ-શક્તિને તેમાં ખોલી આપી શકે છે. ટૂંકમાં, પોતાના શરીરના સૂક્ષ્મમાં સૂક્ષ્મ ભાગોમાં તેમ જ તેના સ્થૂળમાં સ્થૂળ ભૌતિક અવયવોમાં રહેલ પ્રાણ-શક્તિ ઉપર તો એ સંપૂર્ણ કાબૂ મેળવે જ છે પણ અત્યારે જે આપણે અનુભવી શકતા નથી કે જેની ઉપર આપણી ઇચ્છા-શક્તિ અજમાવી શકતા નથી એવા ભાગોમાં રહેલ પ્રાણ-શક્તિ ઉપર પણ તે કાબૂ મેળવે છે. આમ, હઠયોગના હજી ય વધારે ઉચ્ચ હેતુઓને પાર પાડવા માટે, શરીર અને પ્રાણની વિશુદ્ધિના પાયા પર મેળવેલ તેમની ઉપરનું પૂર્ણ પ્રભુત્વ અને તેમનો યથેચ્છ અને અસરકારક ઉપયોગ કરવાની શક્તિ તેનામાં પ્રસ્થાપિત થઈ જાય છે.

છતાં, હજી તો આ બધું માત્ર પાયારૂપ જ, છે; શરીર અને પ્રાણ-રૂપી બે કરણોને ભૌતિક રીતે, અંદરથી અને બહારથી તૈયાર કરવારૂપ પાયો જ છે. તે બે કરણોને ભૌતિક અને આધ્યાત્મિક સિદ્ધિઓને ખાતર કામે લગાડવાની ખરેખરી અગત્યની બાબત તો હજી બાકી જ છે. આ બાબતનો આધાર શરીર, મન અને આત્માની વચ્ચેના, તેમ જ, હઠયોગની પદ્ધતિના પાયારૂપ, સ્થૂળ અને સૂક્ષ્મ દેહની વચ્ચેના સંબંધ પર રહેલો છે. અહીં હઠયોગ રાજયોગની સાથે જોડાઈ શકે છે અને તેથી હઠયોગમાંથી રાજ-યોગમાં પસાર થઈ જઈ શકાય છે.

પ્રકરણ : ૨૮

# રાજયોગ

**યો**ગનાં બંધ બારણાં ખોલી નાખવા માટેની હઠયોગની ચાવી છે શરીર અને પ્રાણ, તો રાજયોગની છે મન. બંનેમાં મનને શરીર તથા પ્રાણ પર આધાર રાખતું માનવામાં આવેલું છે,– હઠયોગમાં પૂરેપૂરું, તો રાજયોગની માન્ય પદ્ધતિમાં કેટલેક અંશે. તેથી તે બંનેયમાં આસન અને પ્રાણાયામને સ્થાન મળેલું છે; હઠયોગમાં તેમનું સ્થાન પૂરેપૂરું છે તો રાજયોગમાં એક સરળ ક્રિયા તરીકે, અને તે બંનેનાં સંયુક્ત કાર્ય દ્વારા એક મર્યાદિત અને વચગાળાનું કામ પાર પાડવા માટે. એ તો સહેલાઈથી સમજી શકાય તેવું છે કે માણસ દેહધારી આત્મા હોવા છતાં તેની ભૌતિક પ્રકૃતિમાં તો તે શારીરિક અને પ્રાણમય વ્યક્તિ જ રહેલો છે અને, પહેલી નજરે તો, તેની માનસિક પ્રવૃત્તિઓ તેનાં શરીર અને જ્ઞાનતંતુઓથી લગભગ પૂરેપૂરી બંધાએલી લાગે છે. આધુનિક ભૌતિકશાસ્ત્ર તથા માનસશાસ્ત્રે તો, એકવાર, આ બંધનથી પણ આગળ વધીને શરીર–પ્રાણ એ જ મન એમ પણ કહેલું છે; તેમણે એમ સાબિત કરવા યત્ન કરેલો છે કે મન કે આત્મા જેવી કોઈ અલગ વસ્તુ જ નથી, અને, બધા જ માનસિક વ્યાપારો, હકીકતમાં તો, માત્ર ભૌતિક ક્રિયાઓ જ છે. આવા, સંપૂર્ણ વજૂદ વિનાના સિદ્ધાંતને બાજુ પર મૂક્યો હોય તેમણે પણ મનના આ બંધનને એક વજ્રલેપ તરીકે સ્વીકારી લીધું છે અને મન વડે શરીર અને પ્રાણની ક્રિયાઓનું નિયંત્રણ કરવાની કે તેને તેમનાથી મુક્ત કરી શકવાની વાતને એક ભૂલ, ભ્રમ કે મનની રોગિષ્ટ દશા ગણી કાઢી છે. એટલે એ બંધન અતૂટ મનાયું છે અને તેથી એવાં ભૌતિકશાસ્ત્રોને એ બંધનનું અસલ કારણ ન તો જડ્યું છે, ન તો તે તે શોધે છે; અને તેથી એ બંધનમાંથી મુક્ત બની માલિક બનવાનું રહસ્ય તે આપણને શોધી આપી શકે તેમ નથી.

યોગનું મનોભૌતિક શાસ્ત્ર આ ભૂલ નથી કરતું. તેણે તો આ ઉકેલ શોધ્યો છે, મેળવ્યો છે અને બંધનમાંથી મુક્તિ મેળવી પણ શકે છે; કારણકે તે ભૌતિક દેહની પાછળ રહેલ માનસિક કે ચૈત્યસિક સૂક્ષ્મ શરીરનો સ્વીકાર

કરે છે અને ભૌતિક શરીરને તેની સ્થૂળ આવૃત્તિ તરીકે જુએ છે; આથી ભૌતિક શરીરનાં એવાં રહસ્યો હાથ કરી શક્યું છે કે જે પૂરેપૂરી ભૌતિક જાતની શોધખોળને નથી જડતાં. આ સૂક્ષ્મ, એટલે કે માનસિક કે ચૈત્યસિક શરીર કે જેને આત્મા અવસાન પછી પણ ધારણ કરી રાખે છે, તેમાં તેની સૂક્ષ્મ પ્રકૃતિ અને સૂક્ષ્મ પદાર્થને અનુરૂપ એક સૂક્ષ્મ પ્રાણ-શક્તિ રહેલી છે, કારણકે જ્યાં જ્યાં કોઈ પણ જાતનું જીવન હોય ત્યાં ત્યાં પ્રાણ-શક્તિ, અને તે જેમાં કાર્ય કરી શકે તેવો પદાર્થ પણ, હોવો જ જોઈએ. આ સૂક્ષ્મ પ્રાણ-શક્તિ એક જાતના વહન-તંત્ર દ્વારા વહ્યા કરે છે; આ તંત્ર કે જેને નાડીતંત્ર (એટલે કે ચૈત્યસિક દેહનું સૂક્ષ્મ ચેતન-વહન-તંત્ર) કહેવામાં આવે છે તેને છ (ખરી રીતે સાત) કેન્દ્રોમાં એકત્ર કરવામાં આવેલું છે કે જેને યોગની પરિભાષામાં કમળો કે ચક્રો કહેવામાં આવે છે. આ ચક્રો ચઢતા ક્રમમાં ગોઠવાએલાં છે; તેમાં સૌથી ઉપરનું ચક્ર સહસ્રાર (હજાર પાંખડીવાળું કમળ) છે કે જેમાંથી સર્વ માનસિક અને પ્રાણમય શક્તિ વહી આવે છે. આમાંનું દરેક ચક્ર એ ચૈત્યસિક શક્તિઓ, શક્તિ-પ્રવાહો અને ક્રિયાઓનાં પોતપોતાનાં વિશિષ્ટ તંત્રનું કેન્દ્ર અને ભંડાર હોય છે; અને તે દરેક આપણા ચૈત્યસિક અસ્તિત્વના સ્તર સાથે બંધ બેસતું હોય છે. તેમાંની ચૈત્યસિક શક્તિઓ અને ક્રિયાઓ નાડીઓ દ્વારા પ્રાણ-શક્તિમાં બહાર વહી આવે છે અને પાછી અંદર ચાલી જાય છે.

આ સૂક્ષ્મ, ચૈત્યસિક દેહના બંધારણની ભૌતિક આવૃત્તિ-રૂપ આપણી કરોડ-રજ્જુ એ તેનો આધાર-સ્તંભ છે અને તેમાંની જ્ઞાનતંતુઓની ગ્રંથિઓ એ જ છે પેલાં ચક્રો કે જે કરોડ-રજ્જુના છેક નીચેના છેડાથી શરૂ થઈ, ઉપર ચડતાં જઈ મગજ સુધી પહોંચે છે અને ખોપરીના સૌથી ઉપરના ભાગે બ્રહ્મરંધ્ર-રૂપ ટોચ બની રહે છે. આ ચક્રો સામાન્ય માનવમાં બંધ જ હોય છે અથવા તો જરાતરા જ ઊઘડેલાં હોય છે કે જેથી તેના સામાન્ય ભૌતિક જીવન માટે જરૂરી હોય તે જ અને તેટલી જ શક્તિઓ તેમાંથી સક્રિય બની રહે અને એ જરૂરને બંધ બેસતાં પ્રમાણમાં જ મન અને આત્મા કામે લાગે. શરીરયંત્રના દૃષ્ટિબિંદુથી જોતાં, દેહમાં વસતો આત્મા શારીરિક અને પ્રાણમય જીવનથી જે બંધાએલો લાગે છે તેનું સાચું કારણ પણ આ જ છે (જો કે એ બંધન આપણને લાગે છે એટલું બધું મજબૂત, કે સાચું પણ, નથી હોતું). સ્થૂળ શરીર અને જીવનમાં આત્માની સમગ્ર શક્તિ સક્રિય નથી હોતી અને મનની બધી જ છૂપી શક્તિઓ જાગ્રત થએલી નથી હોતી; શરીર અને પ્રાણની શક્તિઓ જ આગળ પડતી રહે

છે. પણ, સર્વોચ્ચ શક્તિ કાયમ હાજર તો હોય જ છે, પણ સુષુપ્ત. તે સહુથી નીચેના મૂલાધાર ચક્રમાં ગૂંચળું વળીને ઊંઘતી પડી હોય છે (તેથી જ તેને કુણ્ડલિની શક્તિ કહે છે). પ્રાણાયામના અભ્યાસથી જ્યારે શરીરમાંના નિમ્ન અને ઊર્ધ્વ પ્રાણ–પ્રવાહ વચ્ચેનો ભેદ લુપ્ત થાય છે ત્યારે આ કુણ્ડલિની પર પ્રહાર થાય છે અને તે જાગ્રત અને સીધી થઈ એક અગ્નિમય સર્પની માફક ઉપર ચડવા માંડે છે અને દરેક ચક્રને ભેદતી છેક બ્રહ્મરંધ્ર સુધી પહોંચી જાય છે કે જ્યાં શક્તિ અને પુરુષનું મિલન થતાં ગાઢ સમાધિ પ્રાપ્ત થાય છે.

આ જ વાતને જરા ઓછી સાંકેતિક રીતે અને વધારે તત્ત્વજ્ઞાનીની (અને તેથી, કદાચ, ઓછી અર્થ–સભર) ભાષામાં કહેવી હોય તો એમ કહી શકાય કે આપણી જાતની સાચી શક્તિ આપણી જીવન–રચનાના ઊંડાણમાં સુષુપ્ત અને અચેતન અવસ્થામાં પડેલી છે અને તે પ્રાણાયામના અભ્યાસથી જાગ્રત થાય છે. એના વિકાસની સાથે સાથે, આપણે જેને આપણું પ્રચ્છન્ન કે ઢંકાએલું અસ્તિત્વ કહી શકીએ તેની શક્તિ અને ચેતનાની અંદર આવેલાં આપણી ચેતનામય જાતનાં સર્વ કેન્દ્રો તે ખુલ્લાં કરતી જાય છે; તેથી, શક્તિ અને ચેતનાનું કેન્દ્ર એક પછી એક જેમ જેમ ખૂલતું જાય છે તેમ તેમ આપણે એક પછી એક ચેતનામય સ્તરોને પહોંચી શકીએ છીએ અને તે દરેક સ્તર સાથે સંકળાએલી દુનિયાની (એટલે કે અસ્તિત્વની વિશ્વવ્યાપી અવસ્થાઓની) સાથે વ્યવહાર સ્થાપી શકીએ છીએ; સામાન્ય માનવને જે અસ્વાભાવિક લાગે તેવી, પણ આત્માને માટે જે સ્વાભાવિક છે તેવી સર્વ ચૈત્યસિક શક્તિઓ આપણી અંદર વિકસતી જાય છે. આ ઊંચે ચઢયે જતી અને વિશાળ થયે જતી શક્તિ છેવટે પ્રગતિના શિખર પર પહોંચે છે અને આપણાં શારીરિક અને માનસિક અસ્તિત્વની પાછળ, અને ઉપર, છુપાઈ રહેલ અતિ–ચેતનતત્ત્વને જઈ મળે છે; આને પરિણામે, આપણી જાગ્રત ચેતના અતિ–ચેતનાનું મિલન પામતાં એક ગાઢ સમાધિ પ્રાપ્ત થાય છે. આમ પ્રાણાયામના પૂર્ણ અને મક્કમ અભ્યાસના પરિણામે હઠયોગી, તેના પોતાના યોગ–માર્ગથી એ જ ચૈત્યસિક અને આધ્યાત્મિક પરિણામ પ્રાપ્ત કરે છે કે જે બીજા યોગ–માર્ગો પોતાની, ચૈત્યસિક અને આધ્યાત્મિક સાધનોનો વધારે પ્રત્યક્ષ પ્રયોગ કરતી પદ્ધતિ દ્વારા મેળવે છે. હઠયોગી પોતાની સાધનામાં જે એક માનસિક સાધનનો ઉપયોગ કરે છે એ છે મંત્ર, એટલે કે કોઈક પવિત્ર શબ્દ, નામ કે ગૂઢ ઉચ્ચારણ; બધા જ ભારતીય યોગ–માર્ગોએ મંત્રનો સ્વીકાર કરેલો છે અને તેની ઉપર ખૂબ

ભાર મૂકેલો છે. મંત્રની આ ગૂઢ શક્તિ, ષટ્ચક્રો, અને કુણ્ડલિની શક્તિ એ યોગનાં અટપટાં મનોભૌતિક શાસ્ત્ર અને અભ્યાસની સમગ્ર રચનાનો એક મુખ્ય સિદ્ધાંત છે. તંત્ર-સાધનાનો દાવો છે કે તેના તત્ત્વજ્ઞાનમાં આ સમગ્ર શાસ્ત્ર અને અભ્યાસનું વિવરણ તથા સંપૂર્ણ સાર આવી જાય છે. મોટે ભાગે મનોભૌતિક પદ્ધતિનો ઉપયોગ કરતા ભારતના સર્વ ધર્મો અને સાધનાઓ પણ પોતાના અભ્યાસમાં આ જ સિદ્ધાંતનો વધારે-ઓછો આશરો લે છે.

રાજયોગ પણ પ્રાણાયામનો આશરો લે છે (અને તે પણ હઠયોગના જેવા જ હેતુઓને ખાતર) પણ તેનો સિદ્ધાંત સમગ્ર રીતે ચૈત્યસિક હોવાથી તે પોતાના અભ્યાસના એક અંગ તરીકે જ અને તે પણ બહુ જ મર્યાદિત રીતે,– ત્રણ કે ચાર મુખ્ય પ્રકારોનો જ – ઉપયોગ કરે છે. તે આસન અને પ્રાણાયામથી નહિ પણ ચિત્તની શુદ્ધિથી શરૂઆત કરવાનો આગ્રહ રાખે છે. આ રીતે શરૂઆત કરવાની તેની રીત ખૂબ અગત્યની છે; તેના વિના આગળ વધવા જતાં ખૂબ મુશ્કેલીઓ, વિકૃતિઓ અને નહિ કલ્પેલાં માનસિક, નૈતિક કે શારીરિક જોખમો આવી પડવાનો સંભવ છે.[1] રાજયોગની માન્ય પદ્ધતિમાં આ વિશુદ્ધિ માટે પાંચ યમ અને પાંચ નિયમનો આશરો લેવાય છે. યમ એ નૈતિક સંયમના નિયમો છે (એ છે : અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ); પણ સાચી રીતે તો, નૈતિક સંયમ અને વિશુદ્ધિ માટેની સામાન્ય જરૂરિયાતને અંગેનાં કેટલાંક વ્રત તરીકે જ તેમને ગણવાં જોઈએ; યમનો વિશાળ અર્થ તો રાજસિક અહંકાર અને માનવમાં ઊઠતા તેના આવેગો અને ઇચ્છાઓને કાબૂમાં લેવાના અને સંપૂર્ણ શાંત કરવાના અભ્યાસ તરીકેનો છે. તેનો હેતુ નૈતિક નિશ્ચલતા અને વાસના-વિહીનતા પ્રાપ્ત કરવાનો છે કે જેથી આપણી જાત રાજસિક અહંકારમાંથી મુક્ત થવાને લાયક બને. નિયમિત અભ્યાસ વડે મનને નિયંત્રિત કરવા માટે પાંચ "નિયમો" સ્વીકારવામાં આવ્યા છે (એ છે : શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય, ઈશ્વર પ્રણિધાન). આ નિયમોનો હેતુ સાત્ત્વિક શાંતિ અને વિશુદ્ધિ સ્થાપવાનો તથા એકાગ્રતા માટે તૈયારી કરવાનો છે કે જેથી તેની આગળની

૧. આજકાલ ઘણા લોકોને યોગ કરવાનું મન થાય છે અને પુસ્તકોમાંથી કે અધકચરા અનુભવીઓ તરફથી માર્ગદર્શન મેળવી યોગાભ્યાસ શરૂ કરે છે; તેમાંથી કેટલાક સીધા જ રાજયોગના પ્રાણાયામમાં ઝંપલાવે છે અને તેથી, અવારનવાર, ભયંકર મુશ્કેલીમાં મુકાઈ જાય છે. ખૂબ સમર્થ જીવો જ આવી ભયંકર ભૂલોમાંથી પાર ઊતરી શકે.

સાધનાનો પાયો સુસ્થિર સ્થપાઈ જાય.

આમ પાયો તૈયાર થાય તે પછી જ, રાજયોગમાં આસન અને પ્રાણાયામનો અભ્યાસ આવે છે, અને તો જ તેનો પૂરો લાભ મળે છે. એકલા માનસિક અને નૈતિક સંયમ વડે તો આપણી સામાન્ય ચેતનાની માત્ર સાચી પૂર્વ–તૈયારી થાય છે; યોગના વધારે સાચા હેતુઓને માટે જેની જરૂર પડે છે તે, ચૈત્યસિક તત્ત્વનો વિકાસ કે આવિર્ભાવ તેમનાથી પાર પડતો નથી. તે પાર પાડવા માટે, શરીર અને પ્રાણે મન સાથે બાંધેલી ગાંઠ ઢીલી કરવી પડે અને ચેતનાની ઉપર વસતા પુરુષને મળવા માટે, ચૈત્ય પુરુષમાંથી પસાર થતો માર્ગ મોકળો કરવો પડે. પ્રાણાયામ વડે આ થઈ શકે. રાજયોગ માત્ર એવાં સરળ અને સ્વાભાવિક આસનોનો ઉપયોગ કરે છે કે જે આપણું શરીર બેઠી અને સુસ્વસ્થ સ્થિતિમાં સહજ રીતે કરી શકે; પણ તે પીઠ અને મસ્તકને તદ્દન ટટ્ટાર અને ઊભાં રાખવાનું કહે છે કે જેથી કરોડરજ્જુ જરા પણ વિભંગ ના પામે. આમ કહેવા પાછળના સ્વાભાવિક કારણરૂપ છે ષડ–ચક્રનો," અને મૂલાધારથી બ્રહ્મરંધ્ર સુધીના પ્રાણ–પ્રવાહનો સિદ્ધાંત. રાજયોગમાં પ્રાણાયામનો ઉપયોગ કરાય છે નાડી–તંત્રને શુદ્ધ અને અંતરાય–હીન કરવા માટે. તેનાથી શરીરમાં પ્રાણ–શક્તિની સમ–ગતિ કરી શકાય છે, અને જ્યાં જ્યાં જરૂર પડે ત્યાં ત્યાં તેને વાળી શકાય છે; આથી શરીર અને પ્રાણનાં તંદુરસ્તી અને તાકાત પૂરેપૂરાં જાળવી શકાય છે; વળી આપણી અંદરની, પ્રાણની પાંચેય સામાન્ય ગતિઓ પર કાબૂ આવે છે, અને, સાથે સાથે, સામાન્ય જીવનમાં પ્રાણને તેનાં સામાન્ય યંત્રવત્ કાર્યોમાં જ બાંધી રાખનાર આડ પણ તૂટી જાય છે. તેનાથી છયે ચક્રો પૂરાં ખૂલી જાય છે અને જાગ્રત બનેલી કુણ્ડલિનીની શક્તિ તથા પ્રત્યક્ષ બનેલા પુરુષના, દરેક સ્તર પરનો પ્રકાશ જાગ્રત ચેતનામાં વહી આવે છે. આની (પ્રાણાયામની) સાથે મંત્રનો પણ આશરો લેવાથી દિવ્ય શક્તિ શરીરમાં પ્રવેશ કરે છે અને, રાજયોગનાં શિખરરૂપ સમાધિ માટેની એકાગ્રતાનો પાયો અને માર્ગ તૈયાર થાય છે.

રાજયોગમાં એકાગ્રતાની ચાર ભૂમિકા છે; તેની શરૂઆત પ્રત્યાહારથી, એટલે કે મન અને ઇન્દ્રિયોને બાહ્ય વસ્તુઓમાંથી અંદર પાછી ખેંચી લેવાથી થાય છે; પછી આવે છે ધારણા, એટલે કે અન્ય સર્વ ખ્યાલ અને માનસિક પ્રવૃત્તિઓ છોડી દઈને ચેતનાને એક જ વસ્તુ પર એકાગ્ર કરવી તે; પછીથી ધ્યાન, એટલે કે આ એક જ વસ્તુ પર મનને લાંબા વખત સુધી સ્થિર રાખવું તે; અને છેવટે આવે છે સમાધિ, એટલે કે સર્વ બાહ્ય પ્રવૃત્તિ-

એમાંથી નિવૃત્ત બનેલી ચેતનાને સંપૂર્ણ રીતે અંતરમાં લીન કરી દેવી તે. માનસિક સાધનાના આ ભાગનો ખરેખરો હેતુ મનને બાહ્ય અને માનસિક જગતમાંથી પાછું ખેંચી દિવ્ય ચેતનામાં એકરૂપ બનાવી દેવાનો છે. એટલે શરૂઆતની ત્રણ ભૂમિકાઓમાં કોઈક એવાં માનસિક સાધન કે આધારનો ઉપયોગ કરવામાં આવે છે કે જેથી એક વસ્તુ પરથી બીજી વસ્તુ પર ભટકવાની ટેવવાળું મન એક જ વસ્તુ પર સ્થિર બને; અને આ વસ્તુ ભગવનનો ખ્યાલ રજૂ કરતી જ કોઈ એક વસ્તુ હોવી જોઈએ. સામાન્ય રીતે, આ વસ્તુ કોઈ એક નામ, સ્વરૂપ કે મંત્ર હોય છે કે જેના વડે વિચારોને માત્ર ભગવાનના જ જ્ઞાન કે આરાધના પર સ્થિર કરી શકાય. આવા કોઈ એક ખ્યાલ પરની એકાગ્રતાને લીધે મન એ ખ્યાલની પાછળના સત્યમાં પ્રવેશ પામે છે, અને તેમાં તલ્લીન અને એકરૂપ બની નીરવતાથી લય પામે છે. રૂઢ પદ્ધતિ તો આ જ છે પણ એવી બીજી પદ્ધતિઓ પણ છે કે જે રાજયોગના પ્રકારની જ કહી શકાય, કારણકે તેમાં પણ આપણો માનસિક અને ચૈત્યસિક ભાગ જ ચાવીરૂપ હોય છે. તેમાંની કેટલીકમાં મનને જાણે કે ધારણા અને ધ્યાન તરફ વાળવાને બદલે પહેલાં તો શાંત કરવામાં આવે છે, દાખલા તરીકે, મનનું માત્ર અવલોકન કરવું અને અર્થહીન દોડદોડીવાળા આડાઅવળા વિચારો કરવાની તેની જે ટેવ છે તેને થકવીને ખતમ કરવી અને તેમાંથી તેની સર્વ સંમતિ, સ્વાર્થ અને રસ હઠી જતાં અનુભવવાં; અથવા, જરા વધારે શ્રમ-સાધ્ય અને વધારે અસરકારક પદ્ધતિ એ પણ છે કે જેમાં બધા જ બહિર્મુખ વિચારોને છોડી દેવામાં આવે છે અને તેને પોતાની જ અંદર પરાણે ડૂબકી મરાવવામાં આવે છે કે જ્યાં ગહન શાંતિમાં માત્ર શુદ્ધ આત્મતત્ત્વનું પ્રતિબિંબ તે ઝીલે અથવા તો અતિ-ચેતન અસ્તિત્વમાં લીન થઈ જાય. પદ્ધતિઓમાં ફેર ખરો, પણ હેતુ અને પરિણામ તો સરખાં જ.

રાજયોગનું કાર્ય અને હેતુ અહીં પૂરાં થઈ જાય છે એમ, કદાચ લાગે પણ ખરું. કારણકે તેનું કાર્ય છે ચિત્તની વૃત્તિઓનો નિરોધ, ચેતનાનાં અનેકવિધ આંદોલનોનું શાસન; તે બને, શરૂઆતમાં, રૂઢ, મલિન રાજસિક વૃત્તિઓને સ્થાને શાંત, શુદ્ધ સાત્વિક વૃત્તિઓને સ્થાપીને અને, પછીથી, વૃત્તિ માત્રને શાંત કરીને. અને તેનો હેતુ છે આત્મા સાથે એક શાંત સંબંધ અને ભગવાનનું મિલન. પણ, હકીકતમાં તો, રાજયોગમાં બીજા હેતુઓ પણ છે (દા. ત. ગુહ્ય શક્તિઓનો અભ્યાસ અને ઉપયોગ); અને આમાંના કેટલાક તો તેના મુખ્ય હેતુ સાથે સંબંધ વિનાના, અને, ખુદ વિરોધવાળા પણ

લાગે તેવા છે. અને, ખરેખર, આ શક્તિઓ અને સિદ્ધિઓને, ઘણી વાર, પ્રભુ-પ્રાપ્તિના એકમાત્ર અને સાચા ધ્યેયમાંથી ચ્યૂત કરનાર ભયસ્થાનો અને આડ-રસ્તાઓ તરીકે ઉતારી પાડવામાં આવ્યાં છે. એટલે, સ્વાભાવિક રીતે જ, એમ લાગે કે સાધના દરમિયાન તેમનાથી દૂર જ રહેવું, અને સાધ્ય પાર પડે પછી તો તે નિરર્થક, અને તુચ્છ પણ લાગે. પણ રાજયોગ એક ચૈત્યસિક શાસ્ત્ર છે અને ચેતના અને શક્તિની એવી સઘળી અવસ્થાઓ કે જેના વડે મનોમય પુરુષ અતિ-ચેતના તરફ તેમ જ સર્વોચ્ચ-ચેતનાના મિલનની તેની અંતિમ અને પરમ શક્યતા તરફ ઊંચે ચડી શકે તેની પ્રાપ્તિનો પણ તેમાં સમાવેશ થાય છે. વળી, યોગી જ્યાં સુધી સ-દેહ રહે છે ત્યાં સુધી કાંઈ કાયમ માનસિક નિષ્ક્રિયતામાં કે સમાધિમાં ડૂબેલા નથી રહેતા; અને પોતાની જાતના ઊર્ધ્વ સ્તરો પર જે જે સિદ્ધિઓ અને અવસ્થાઓ શક્ય હોય તે સર્વેનો તાગ મેળવવો એ પણ તેનાં શાસ્ત્રને પૂર્ણ કરવા માટે જરૂરી છે.

આ સિદ્ધિઓ અને અનુભૂતિઓ, શરૂઆતમાં, આપણે જે ભૌતિક લોક પર જીવીએ છીએ તેની ઉપરના પ્રાણ અને મનના લોકની હોય છે, અને સૂક્ષ્મ દેહમાં વસતા આત્મા માટે તે સહજ હોય છે; સ્થૂળ દેહનું બંધન જેમ જેમ ઘટતું જાય તેમ તેમ આ અસાધારણ સિદ્ધિઓ શક્ય બનતી જાય છે અને વગર માગ્યે પણ આવી મળે છે. શાસ્ત્રોક્ત ક્રિયાઓ વડે તે મેળવી શકાય અને કાયમી પણ બનાવી શકાય અને ત્યારે તેમનો ધાર્યો ઉપયોગ પણ કરી શકાય; અથવા તેમને તેમની રીતે વિકસવા દઈ શકાય અને જ્યારે તે આવી મળે ત્યારે, કે અંતર-નિવાસી પ્રભુ પ્રેરે ત્યારે તેમનો ઉપયોગ કરી શકાય; અથવા તો, એ ભલે આમ સ્વાભાવિક રીતે જ આવી મળે અને સક્રિય બને છતાં, યોગના એકમાત્ર ધ્યેય-રૂપ પરમેશ્વર પ્રત્યેની એકનિષ્ઠ ભક્તિના જોરે તેમને દૂર હડસેલી દઈ શકાય. વળી, અતિમાનસિક લોક પર એવી પરિપૂર્ણ અને મહાન સિદ્ધિઓ છે કે જે ભગવાનનાં પોતાનાં શુદ્ધ આધ્યાત્મિક અને અતિમાનસિક સ્વરૂપની સિદ્ધિઓ છે. આ સિદ્ધિઓ આપણા અંગત પ્રયત્નથી પાકી કે પૂરેપૂરી મેળવવાનું જરા પણ શક્ય નથી; એ તો સ્વયં ઊર્ધ્વમાંથી ઊતરી આવે તો જ મળી શકે, અથવા તો, માણસ જો, અને જ્યારે, મનનો પ્રદેશ છોડી ઊર્ધ્વમાં ચાલ્યો જાય અને આધ્યાત્મિક અસ્તિત્વ, શક્તિ, ચેતના અને અમૂર્તતામાં જીવવા માંડે તો, અને ત્યારે જ, તેને માટે એ સ્વાભાવિક બને. ત્યારે તેઓ અ-સ્વાભાવિક અને કષ્ટ-સાધ્ય સિદ્ધિઓ નહિ પણ,- જો પોતે આ જગતમાં સક્રિય રહેવાનું

ચાલુ રાખે તો,– તેનાં કર્મોની સીધીસાદી પ્રકૃતિ અને પદ્ધતિ બની જાય છે.

સમગ્ર રીતે તપાસી જોતાં, રાજયોગ અને હઠયોગની વિશિષ્ટ પદ્ધતિઓ પૂર્ણયોગમાં પણ, પ્રગતિના અમુક ગાળાઓ દરમિયાન અને કેટલાક વખત માટે કામ લાગી શકે; પણ તે કાંઈ અનિવાર્ય નથી. એ વાત તો સાચી જ કે તેમના મુખ્ય હેતુઓનો યોગની પરિપૂર્ણતામાં સમાવેશ થવો જ જોઈએ; પણ તેમને સિદ્ધ કરવાનાં સાધનો બીજાં પણ હોઈ શકે. કારણકે પૂર્ણયોગની પદ્ધતિ મુખ્યત્વે તો આધ્યાત્મિક જ હોવી જોઈએ અને નિશ્ચિત ભૌતિક કે માનસિક કે મનોભૌતિક ક્રિયાઓનો વધારે આધાર લેવો એ તો ઉચ્ચ પદ્ધતિની જગ્યાએ નિમ્ન પદ્ધતિનો આશરો લેવા જેવું થાય. યોગના વિવિધ માર્ગોનું અવલોકન કરવાના પરિણામે આપણે, આગળ જતાં, યોગ-માર્ગોની પદ્ધતિના સમન્વયનો અંતિમ સિદ્ધાંત શોધવો પડશે; એ વખતે આપણે આ અંગે વધારે વિચાર કરીશું.

---